

દુઃખી દાદીબા

—અથવા—

પરીનનો પસ્તાવો.

[એક ખરા બનેલા બનાવ ઉપરથી ખાસ રચાયલી
પારસી સંસારી વાર્તા.]

રચનાર અને છપાવી પ્રસિદ્ધ કરનાર

મી૦ દાદી એદલજી તારાપોરવાળા

તે

"માસિક મજાહ"ના માજી અધિપતિ

તથા

"પતિવ્રતા બાયડી"—"મારે ઘરના મેહરબાઇ"—"કીર્તી સંગ્રહ" "શરાબ, નારૂ ખાનુ ખરાબ!"—"દાદી દોહરા સંગ્રહ"—"નરગેશનુ ફુલ" "કોલેરા વિષે નિબંધ" 'પાકદામન પીરોજા"—"ગુલ ચેહર" - "દિલજાની મુનાજાત"—"પીરોજા કેમ પરણી"—"કાવ્ય-સંવાદ"—"તારાપોરવાળા વિકાજી મેહરજીના ખાનદાનની તવારીખ" દિલખુશ વાર્તાઓ" - "મરહુમ ડાકટર બહાદુરજીનું ગુણકિર્તન" "કોલ્હાપુરના માજી પારસી દિવાન સાહેબનુ જીવન ચરિત્ર"—"પશુ હક રક્ષક"—"દિલજાના રમુજ' - "દિલજાન રમુજ ભંડાર" "દાદી શતસાઈ" - "શીરીનની કહાણી અથવા—અંજીર બાગની કતલ" "ગુલ બદન ગુલ યાને—ઓરતની ભુલ તજી દગીની ધુલ"—"સમરકંદનો શાહજાદો—અથવા—હરાત શહરની હુસ્નબાનુ"—"નેક ખસલત નરગીસ-અથવા—બહાદુર બાગનુ બુલબુલ"--"અમીરી અરનવાજ—અથવા—પસ્તાયલી પારસણ" "ગુલવાડીનુ ગુલાબ" "સરજતની સુંદરી - અથવા શીરીન લાડજની સાદ્વા"—"મેરી અને મબલ"--"રતન લાડજનુ રમખાણ અથવા —વોરલમાયનુ વીલ" - "દુનિયા કે દોજખ?"—"તાલવતની તેહમી અથવા કયા અમીરી કયા ફકીરી'

ઈત્યાદિ-ઈત્યાદિના કર્તા.

(બયત)

એકીન છે ઓરતનુ ખરૂ ગોહર,
દામન છે નારીનાં દોલત ને જર

[દિલજાન]

પ્રત ૨૦૦૦

સં૦ ૧૯૧૩. ———— સ૦ ૧૯૫૯.

કિમ્મત રૂપિયા ત્રણ.

આ પુસ્તક, તેના રચનારને માટે, “ ધી અમદાવાદ યુનિયન પ્રીન્ટીંગ પ્રેસ કુંપની, લીમીટેડ, ” નાં છાપાખાનામાં શ્રી અમદાવાદ ખાતે જુની ટંકશાળવાળાં મકાનમાં મો૦ મોતીલાલ સામળદાસે છાપ્યું છે. અને મુબઈ ઈલાકાનાં થાણા જીલ્લામાં આવેલા માહીમ તાલુકે તારાપોરમાં તેના રચનારે પ્રસિદ્ધ કર્યું છે.

Late Mr. Jamshedji Edulji Chinoy

Of Secunderabad



[ફલૅાક—જી૦ ન૦ ખરેઘાર

જન્નતનશીન
શેઠ જમશેદજી એદલજી ચીનાઈ.

[સીકંદરાબાદવાળા]

જન્મ ઈ૦ સ૦ ૧૮૩૮ મરણ ઈ૦ સ૦ ૧૯૧૩

(ઉમર વર્ષ ૭૫

અર્પણ પત્ર.

નિઝામ હૈદરાબાદનાં નામીચાં "ચીનાઇ
ખાનદાન"નાં આનવંત વડીલ
મરહુંમ શેઠ જમશેદજી એદલજી ચીનાઈ,
જેઓની,
ગરીબો તરફની દિલસોજ કદરદાની
બીજા સાહેબે–દોલત શેઠીયાઓને
એક નકલ કરવા જોગ દાખલો પૂરો પાડતી હતી,
અને
જેમની છુપી સખાવતોથી સેકડો અનાથ ગરીબો
નોકરી-ચાકરીના સાધનો મેળવવા ઉપરાંત
ચાલુ નીભાવ પામતાં હતાં,
તે પરગજુ હાતમ દિલ સખી શેઠ,
જેઓ
નવાબ **સોહરાબ નવાઝજંગ** જેવા
નામદાર **નિઝામની** રિયાસતનાં
એક રેયત–રક્ષક લોકપ્રીય અમલદાર
તથા એવા એક કીર્તિવંત સદગુણી
સપુતનાં પિતા હોવાનું મોતેબર
માન મેળવવાને નસીબવંત
નીવડ્યા હતા,
તે
જશવંતા જીન્નતનશીન ગ્રહસ્થનાં
ખેદકારક મરણની એક ગમખાર યાદમાં
"**દુઃખી દાદીબા**"ની વાર્તાનું આ નીતિદર્શક પુસ્તક
—તેમના વારેસોની પરવાનગીથી—
મોટાં માન સહિત
અર્પણ કરૂં છું.

ગ્રંથ કર્તા.

ચીનાઈ ખાનદાંન.

(મુલ્તાની પદ.)

ગાય ગુણો નરનાર–તમારા–ગાય ગુણો નરનાર–(ટેક.)
દખ્ખણનાં જરથોસ્તીઓમાં, ચિનાઇનો ચમકાર !
નિઝામની રયાસતમાં આજે, થયા દરજ્જાદાર. તમારા૦ ૧
નેકબખ્તની એજ નિશાની, રાખે સૌ પર પ્યાર;
કુળ–કીર્તિ કદિ વ્યર્થ જાય નહિ, એજ કરે ઉદ્ધાર. તમારા૦ ૨
સરકારી સેવામાં શરૂ, તન–મન–ધન દેનાર;
પ્રમાણીક ને સત્ય પ્રયત્ને, થયુ કુટુંબ જરદાર. તમારા૦ ૩
નસરવાનજી[1] નેક ગયા થઈ, સદા ધરી સુવિચાર;
સદગુણવતા, સતોષી ને, ગરીબના ચાહનાર તમારા૦ ૪
હતા સિકદ્રાબાદ શ્હેરમા, **એદલજી**[2] સરદાર;
'ખાન બહાદુર' પદ્વિ પામી, થયા પ્રાય–સરકાર. તમારા૦ ૫
એદલજી નર અશો ગયા થઈ, દિલના બહુ દિલદાર;
સુધી, ધીરા ધર્મ ચુસ્ત ને, પરદુખ ભજનહાર. તમારા૦ ૬
સાહસિક બેટા ખાનદાનના, અકેકના ત્રણ–ચાર;
ભળી વધારી કીર્તિ એવી, કર્યું કુટુબ ગુલજાર. તમારા૦ ૭
શાપુરજી[3]–**બાપુજી**[4] જોડે, **જમશેદજી**[5] જશકાર,
ખાનદાનમા નામી નીવડી, થયા અમલ્લ કરનાર. તમારા૦ ૮
નશરવાનજીનાં વશજમા, **ડોસાભાઇ**[6] ઉદાર;
બહેમનજી[7] ને **પિરોજશાહ**[8] પણ ગરીબના ચાહનાર. તમારા૦૯
નવાઝજંગ સોહરાબ[9] નવાબે, હર્યો પ્રજાનો પ્યાર;
કીર્તિથી કહેવાયા સૌમા, "ભલો અમલ કરનાર." તમારા૦ ૧૦
વધો હજી કુળ–કીર્તિ એથી, બની દરજ્જાદાર!
એજ દુવા **દાદી**નાં દિલની, હોજો જયજયકાર ' તમારા૦ ૧૧

---

૧. મરહુંમ શેઠ નશરવાનજી સોહરાબજી ચીનાઈ.
૨. મરહુંમ ખા બા. એદલજી સોહરાબજી ચીનાઈ.
૩. ખા. બા. શાપૂરજી એદલજી ચીનાઈ.
૪. શેઠ બાપુજી એદલજી ચીનાઈ.
૫. મરહુંમ શેઠ જમશેદજી એદલજી ચીનાઈ.
૬. શેઠ ડોસાભાઈ નશરવાનજી ચીનાઈ.
૭. મરહુંમ શેઠ બહમનજી નશરવાનજી ચીનાઈ.
૮. શેઠ પીરોજશાહ નશરવાનજી ચીનાઈ.
૯. નવાબસાહેબ સોહરાબનવાઝજંગ (શેઠસોહરાબજી જમશેદજી ચીનાઈ)

એક મિનાઈ મિત્રની ગંભીર યાદમાં !

જો પહોંચતો હોય મિનોઆમાં ખાકી પેગામ
તો પહોંચજે તે પ્યારાને સો સો સલામ!
હું 'માસિક'માં લખતો આ વાર્તા જ્યારે,
હતો એક દોસ્ત મને ઉલટ ત્યારે!
તે ઉલટથી મેળવીઓ મેં કસોટ ભારી,
તે કુમકથી કીર્તિ મેં જીતીઓ ન્યારી
તે હિશાનની ખુશીઓ આ હું કદર!
તે ઉપકારની જાગૃત છે હજી અસર!
ઓ **પાલમકોટ** પ્યારા!—ઓ મોહબતના માહ!
ચાલ્યો ગયો તું તો તે મિનાઈની ગાહ!
સદા તારી યાદમાં આ જલશે જીગર!
આ સમારંભ સુનો છે તારા વગર!
"દોસ્તી" આ શબ્દની વ્યાખ્યા કરું—
તો તુજમાં તે દીઠીઓ—એ સાબુત ખરું!
નથી દીઠી તુજ જેવી કોઈમાં વફાઈ!
એટલું નહિ, પણ સીનાની સાચી સફાઈ—
નથી દીઠી—દોસ્તો છે માહરા હજાર!
પણ **પાલમકોટ** એકલો છે તેનો સરદાર!
તે સત્તાવીસ વરસની સાચી મિત્રાઈ,
જે આજે એક બની છે જાલેમ જુદાઈ!
તે દોસ્તી—તે વ્હાલા—ની યાદને કાજે!
લખીઓ આટલી લીટી મેં દિલની દાઝે!
રહો તારા રૂહ પર તે રબની નજર!
બસ ઇચ્છે છે એટલું આ જલતું જિગર!

[દા૦ એ૦ તા૦]

"દુ:ખી દાદીબા"નો પ્રસ્તાવના.

લખનારઃ—**ભીખાઈજી લી. પાલમકોટ.**

[૧]

સુખ તેને, જે પરને કાજે પ્રયત્ન પાક કરે છે,
સુખ તેને, જે પરહિત નિજના હિત્તથી વધૂ ધરે છે;
સુખ તેને, જે અધર્મ કાજે દિલથી સદા ડરે છે,
સુખ તેને, જે સતોષી થઇ સરજત તાંગુ વરે છે

[૨]

દુ:ખ તેને, જે હકદારોના હક્કો જાય પચાવી,
દુ:ખ તેને, જે ગુપ્ત કુકર્મો કરે સફાઈ બતાવી !
દુ:ખ તેને, જે નિર્દોષો પર જાય જબરથી ફાવી,
દુ:ખ તેને, જે સુખ માને છે જુલ્મી અમલ ચલાવી

[તારાપોરવાલા]

ઘણે લાંબે વખતે એક મોટી પારસી સસારી બોધદાયક વાર્તાનો ગૂજરાતી સાહિત્યમાં ઉમેરો થાય છે, અને તે એક જગ-જાહેર લેખક અને કવિની કસાયલી-ઘડાયલી કલમથી એક ખરા બનેલા બનાવ ઉપરથી પ્રસિદ્ધ થાય છે હા ! ખરો બનેલો બનાવ ! આપણી જીવતી જીંદગીમા જે જે બનાવો, દેખાવો, જેનવાનો આપણને અનુભવ મળે છે, તે ઘણી વેળા કાલ્પણી કિસ્સાના ઉપજાવી કાઢેલા વળામા પણ જડતો નથી આ દોરગી દુન્યાના વિચિત્ર રગ-ઢગ આપણે કયારે જાણ્યે-જોઇએ છિયે ? જ્યારે આપણને તેનો કડવો કે મીઠો અનુભવ મળે છે ત્યારેજ આ સૃષ્ટિની સપાટી પર સુખ-દુ:ખનો મિશ્ર સ્વાદ ચાખ્યા વગર ભાગ્યેજ કોઈ આદમી આ ફાની જેહાન છોડી ગયો હશે. દુ:ખના દરિયામા જ્યારે આપણે ડુબકા માર્યે છિયે, ત્યારેજ સુખની કદર અને ગણના કર્યે છિયે ! "સગાઈ" અને "મિત્રાઈ" શબ્દોના ખરા ભાવાર્થનો ભેદ આપણે ક્યારે સમજતા શિખ્યે છિયે ? જ્યારે સગાઈ કબરવાસ થાય છે અને "મિત્રતા" મરણ પામેછે ! પણ મી દાદી તારાપોરવાળામા એક ભાઈ તરીકેની સગાઈ અને એક મિત્ર તરીકેની ભલાઈ જ્યારે હું જોઉ છુ, ત્યારે મારા મરહુમ વ્હાલા ભાઇ સોરાબના કહેવાના દોસ્તો, ખેરખા હો પછી જે ગમે તે નામે તેઓને બોલાવો, યા કહો, જેઓએ તેની હૈયાતીમા નાટકરૂપી ઢોંગી ભાગ ભજી બતાવી તેને છેતર્યો હતો, તે મતલબિયાંઓનો જ્યારે હુ ખ્યાલ કરૂ છુ, ત્યારે તે મરહુમનો

એકજ સાચા **દોસ્ત**, એકજ જાણે સગા **ભાઈ**, એકજ નિમકહલાલ વફાદાર **એરબાદને** ખડા રહી તે બોલા બાઇના મોત પર અફસોસનાં આંસુ ખરવતો જોઇયું ' હા ! ત્યારેજ "મિત્ર" શબ્દનો ખરો અર્થ હું સમજ્યુ છું ' ત્યારેજ 'ભાઈ' બોલનો ભેદ મને જડે છે ' આ બે શબ્દોને એમ લગાડનારાઓને કયા નામોથી બોલાવવાં તેજ હું કલ્પિ શક્તિ નથી ! જેઓ પોતાની મતલબ પુરી થયા પછી પીઠ ફેરવવાને પસ્તાયા નથી જેઓ લોક-લાજ કે તે દાદારના ડરથી બીધા નથી, જેઓ જીંદગી સુધી સાચા નિવડવાની કબુલાતો આપીને તેના મોત પછી શરમાયા નથી ! ભાઈ દાદી ! આ સઘળામાથી તમે **એકજ** ઉપર તરી આવોછો, બીજાઓ ડુબી જાય છે ' તમારી સચાઈ ભલાઈ અને વફાઇનો બદલો તે પાક પરવર તમોને બક્ષે '

સંસાર—સાગરમા એક માનમાનને ખરો અનુભવ આપવીતી વગર આવતો નથી દુખી દાદીબાની આ વાર્તા જ્યારે " **માસિક મજાહ** "મા દર મહિને છપાતી હતી, ત્યારે તે હું ઘણા હોંશ-ઉમંગથી વાચતી હતી; પણ જ્યારે ભાઈ દાદીએ તેનો 'પ્રસ્તાવના' લખવાની મને ફરમાસ કરી ત્યારે આ વાર્તા મારી યાદદાસ્ત તાજી કરવા માટે મે ફરીથી વાંચી આ વાચન દરમ્યાન મે એક તફાવત એ જોયો કે "માસિક મજાહ' મા જ્યારે કટકે કટકે આ વાર્તા હું વાચતી હતી, ત્યારે દુન્યાદારીને લાગતો જે અનુભવ મને મળ્યો હતો તે કેવળ કાચો હતો. પણ આ પ્રસ્તાવના પ્રસંગે માટે આ બીજી વારનુ વાચન સમાપ્ત થતા ભાઇ દાદીએ વાર્તામા જે જુદા જુદા પાત્રો ચિતાર્યા છે, તે પાત્રોનો ખરો અનુભવ આગળા અને પાછળા વાચનના વચગાળેના મારા જાતી—અનુભવ તરફ જતા કુદરતી રીતે મને મારી કેટલીક આપવીતીના યાદ આપે છે, અને તેટલાજ માટે એજ ભાઇ દાદીના મુખથી બોલાતા એક ચોક્કસ વાક્ય "**સન્સારમાં જેટલી સગાઈ એટલી ડબાઇ છે!**" તેના અનુભવ મને ખરેખરો અને પુરેપૂરા મળ્યો છે ' અને તેથીજ આ પ્રસ્તાવનામા હું જે કઇ ઉદ્ગારો કાઢું છું તે મારા અંતઃકરણના સાચા ઉદ્ગારો છે એમ માની લેવાની મારાં વાંચનારાઓને મારી નમ્ર વિનન્તી છે.

ભાઇ દાદીને હું છેલ્લા ૨૮ વર્ષોથી (ઇ. સ. ૧૮૮૪ થી) પિછાણું છું, કે જે વર્ષમા મારા મરહુમ ભાઇ સોરાબ જોડે એમને પહેલી મિત્રાચારી થઈ હતી. લગભગ ત્રીસ વર્ષ પર એ ભાઇ જોડે એમને પહેલી પિછાણ થઇ, તેની પાંચેક વર્ષ આગમજથી એ ભાઇ સાહિત્યની રંગ-ભૂમી પર ક્યારના દોડધામ કરી રહ્યા હતા, અને એક અચ્છા લેખક તરીકે તથા ખરેખરી કુદરતી બક્ષેસ ધરાવનાર કવિ તરીકે જાહેરના જાણમા આવી ચુકયા હતા. અને તે પછી મારા ભાઇ સાથે એમણે "માસિક મજાહ" ચોપાનિયુ બાહેર પાડયુ.

" માસિક મજાહ " ની કારકીર્દિમાં સૌથી પહેલા નંબરની અને ચઢતા પ્રકા-રની ગણાયલી વાર્તા તે " દુઃખી દાદીબા " નીજ હતી. એ વાર્તા ખરા બનેલા બનાવ ઉપરથી લખાઈ છે એમ જ્યારે જાહેર થયુ, ત્યારે એ કુટુંબ કોણ છે તે જાણવા સારૂ સેંકડો કાગળો મારા મરહુમ ભાઈ સોરાબ ઉપર આવવા લાગ્યા એટલો એ વાર્તાએ તે વખતે પારસીઓમા તરખાટ ઉપજાવ્યો હતો, અને આ વાર્તાએ એટલુ બધુ ખેંચાણ ઉપજાવ્યુ હતુ કે " માસિક મજાહ " ના ગ્રાહકોની સખ્યામા અસાધારણ મોટો વધારો થયો હતો. પારસી અસારી વાર્તાઓમા સૌથી પેહલવેહલી ખરા બનાવો ઉપરથી લખાયલી વાર્તા " દુ ખી દાદીબા " ની છે અને ભાઈ દાદીએ આ વાર્તા લખીને એક અપૂર્વ માન મેળવવા ઉપરાંત ગુજરાતી સાહિત્યની બે શાખાઓ (ઓરીજીનલ–કલપિત વાર્તાઓ અને ભાષાન્તર થયેલી વાર્તાઓ) મા **ખરા બનેલા બનાવ** ઉપ-રથી વાર્તા લખી એક ત્રીજી શાખાને જન્મ આપ્યો છે એ માન વગર શકે ભાઈ દાદીને ઘટે છે

આ ' દુ ખી દાદીબા ' ની વાર્તામા આજની પારસી પ્રજાને ઘણુ ઘણું શિખવાનુ–સમજવાનુ છે. વચન આપીને ફરી જનારી ફરેબબાજ ઓરતો કેવ ફળો પુગે છે, ને તેમના સસારનુ આખરે કેવુ સત્યાનાશ વળે છે, તે પરીનના પાત્રમા શિખવાનુ છે દાદીબાનુ પાત્ર સાચા પ્રેમનુ એક અપૂર્વ કુદરતી ચિત્ર રજુ કરે છે દાદીબા જ્યારે ગરીબ સ્થિતિમા હતો અને પોતે કોણ મા–બાપનુ ફરજંદ છે તે જાણતો નહિ હતો તે વખતે બાહદુરશા-હની આફ માએ જોડે પરણવાની અને લાખો રૂપિઆની દોલતના ધણી થવાની તેના રસ્તા વચ્ચે મકવામા આવલી લાલચને તેણે પરીન તરફના પ્યારને લીધે કેવી ઠોકરે મારી તે એક નકલ કરવા જોગ ધડો આપે છે

જેહાગીર બાહદુરશાહ અને દારાશાહ દાવરના પાત્રો આપસ્વાર્થી માણ-સોના આબાદ ચિત્રો રજુ કરે છે એક ઇનસાન જ્યારે પોતાની મતલબ પુરી થાય છે, ત્યારે ખોટા જુઠાં બાહાણા હેઠળ કેવો રગ બદલે છે ને બીજાઓને બદનામ કરે છે, એ ચિતાર અને દેખાવજ એક વફાદાર સાચા આસામીને કમકમાટ અને ધિક્કારની લાગણી ઉત્પન્ન કરવાને બસ છે.

એક મમતખોર પિતા પોતાનાં બચ્ચાંનો સસાર કેવો દુ:ખી કરે છે અને તેને જીંદગીના સદાના સુખથી ઉખેડી નાંખે છે, તે શિખવું હોય તો દાવ-રશેઠનો દાખલો એક અસરકારક દ્રષ્ટાંત પુરૂ પાડે છે.

પારકુ સુખ લુટી લેનાર ગમે તેવી બાદશાહી દોલતનો ધણી છતા કદી સુખી થઈ શકતો નથી. તેનુ પાપી અંતઃકરણ દર પળે તેને ડખે છે અને તે બાહદુરશાહના જેહાંગીરનાં વર્તન ઉપરથી વાંચનાર જોઈ શકશે.

એક જુગારી દિકરો અને બાપની મરતી વખતની વસિયતને નાફરમાન નિવડનાર બેટો પાછળથી કેવો પાયામાલ થાય છે, તે પણ જેહાંગીર બાહદુરશાહના દાખલામાં આપણે નજરોનજર જોઈ શકયે છિયે. આહા ! આજે પારસીઓમાં કેટલાં જણાં પોતાનાં વ્હાલાઓના મોતના બિછાનાંપરથી બોલાચલા બોલ પાળે છે ? તેઓની મરતી વખતની છેલ્લી ઇચ્છા કેટલાં જણાં સચ્ચાઇથી, વફાદારીથી, એકીનથી અમલમાં મૂકે છે ? પોતાનાં સુખ–સગવડ આરૂ મરણ પામતાં સગાં–વ્હાલાઓની આતુર ખાએશને કેવી ઠોકડે મારે છે ? ખોટાં વસિયતનામા ઉભા કરી અથવા “ વીલ ” કીધેલુ હોય તો તેનો નાશ કરી મરહુમ સગા–વ્હાલાઓની શુભ નેમ અને ઇચ્છાનુ કેવુ આજે પણ પારસીઓમાં ઉલ્લંઘન કરવામા આવે છે ? અને એ સઘળુ શાને માટે ? કેટલા દાયકા જીવવાની તેઓ આશા રાખે છે કે જેથી તેઓ એવા કાળા કર્તક રચવા તૈયાર થાય છે ? તેઓને દુનયાનો ડર તો નહિ, પણ શુ દાદારનો પણ ડર નહિ હશે ? એવા ડાઘેલ દિલે તેઓને જીવવાજ કેમ ગમે છે ? આવા આસામીઓ આ અવનીપર માણુસરૂપી અવતાર લઇને આવતાજ શુ કામ હશે એજ મારી અચરતી છે !

એવાજ અને એથી સરસ તેમજ નરસ બનાવો આજે પણ પારસી કોમમાં કયાં નથી બનતા ? એવકા બાયડીઓની કયા ખુટ છે ? સુખી સસારનું સત્યાનાશ વાળનારા કોરગાઓ આજે બી કયા કમી છે ? સુખી ઘરને તારાજ કરી નાખનારા પ્રપચી તરકટીઓનો કયા ટોટો છે ?

આહા ! એકજ ધારેલા ધણીને પરણવાનો મન સાથે કીધેલો મક્કમ ઠરાવ પ્રમાણિક જીગરો, ગમે તેવી આફતો, ગમે તેવા સકટો અને દુઃખના ડરામણા પાહાડો ગબડી પડવા છતાં મનની કેવી ચીવટ વફાદારીથી અચૂક રીતે પાળે છે તે બાહદુરશાની આઇમાયેનું ચિત્ર આપણને શિખવે છે. હુ હિમ્મતથી કહુ છુ કે આજે પારસી કોમમાં હજારે એક સ્ત્રી મળવા મુશ્કેલ પડશે કે જેણીએ પોતાની ધારેલી મુરાદમાં નિષ્ફળ નિવડયા પછી પોતાનાં વફાદાર જીગરમાં બીજાનો વાસો કરવાનો વિચાર કર્યો હોય ! એવા ઉમદા ખવાસની અને ઉચી ખાસિયત–ખમીરની સ્ત્રીઓ તો પરણેલી પતિવ્રતા સ્ત્રીઓ કરતાં પણ દસ લાખ ગણી ઊંચે દરજ્જે અને પંક્તિએ પ્હોંચે છે ! કેવા શ્રેષ્ટ તેઓનાં ગુણ હોવા જોઇએ, અને મન–મગજ પર કેવો અસાધારણ શ્રેષ્ટ કાબૂ હોવો જોઇએ, કે તેઓ તે પછી બીજા મરદનો ખ્યાલ વટીક કરતી નથી ! તેઓની સહનશક્તિ કેવી ઉત્તમ હોવી જોઇએ કે જેથી તેઓ જીંદગી સૂધી આબરૂ–ઇજતે માન–પાનથી જીવી શકે છે ! એવી સાચી પતિવ્રતા સ્ત્રીઓ પારસી કોમમાં કેટલી થોડી છે !

ભાઈ દાદીની કલમથી લખાયલી બીજી અનેક મોટી પારસી સસારી વાર્ત્તાઓ મે વખાણુ સાથે વાંચી છે. એમની વાર્ત્તાઓમાં એક ખાસ ખૂબી હુ એ જોઉછું કે પ્રસંગોપાત જગ્યાઓ ઉપર એઓ હમેશા પોતા તરફનાં લેખક–વિચારો આપી પોતે દોરેલાં ચિત્રનો સંક્ષિપ્ત સાર પોતાના વાંચકોને સમજાવે છે. આ એક પસદ કરવા લાયક રૂઢી છે. ઇંગ્રેજી 'નોવેલો'માં આ રૂઢી હમેશા જોવામાં આવે છે. મરહુમ મી. કેખુશરો કાબરાજીએ પણ એ રૂઢી પોતાની વાર્ત્તાઓમા દાખલ કીધી હતી. અને તેમના જેવા એક મહાન લેખકને પગલે ચાલવામા ભાઈ દાદીએ વાજબી વિચાર્યુ છે, એ જોઈ હુ ખુશ છુ. બધાજ વાચકો પોતે શુ વાંચે છે, તે વાંચીને સમજી શકતાં નથી એવી સ્થિતિમાં એક લેખક પોતાના વાચક–વર્ગ સનમુખ લાગુ પડતી જગ્યા પર તત્વરૂપી સાર રજુ કરે એ ઘણુ લાભકારી છે. "દુખી દાદીબા"ની વાર્તામાં પણ જગેજગ એવા કીમતી ગોહરો જડે છે, જેમાંથી માત્ર એકજ હુ અત્રે ઉતારી લઉ છુ—

"ઓ! આજની "સુધરેલી 'મા ખપતી પારસી છોકરીઓ' પરીનના ઉપલા દાખલા પરથી તમોને ઘણુ-ઘણુ શિખવાનું ને સમજવાનુ છે "સુધારા'ને નામે પારસી કુટુંબોમા આજે જે કેટલુક "અતેરૂ" ચાલે છે તે તમારી નામીચી અને કીર્તિવાન કોમને નામોશી લગાડનારૂ છે તમારા "સુધારા" ને તે હદ સુધી ના લઇ જશો કે જે હદમા બેવફાઇ અને બેવચનીપણું સમાયલું છે આજે કેટલીક છોકરીઓ એકને કબલી બીજા સાથે પરણી જાય છે, પણ તેમ કરીને કશો લાભ મેળવતી નથી જે કોમમા નીતિ હોય તે કોમ ચિર કાળ નિષ્કલંક રહે છે નીતિ વગરની કોમ નકામી છે જો તમે તમારા મનનુ મક્કમપણુ સાબેત રાખશો, તો તમારી નીતિ સાબેત રહેશે તેની પાછળ વફાદારી, સહનશીલતા અને સ્ત્રી જાતીને શોભા આપે એવા બીજા અનેક સદ્ગુણો એક પછી એક દેખાવ આપશે. એક અબળાની એકોનદારી તેના ધણીનું આ સૃષ્ટીનું જીવતા જીવતનુ સ્વર્ગ છે, જે સ્વર્ગનું સુખ સ્ત્રીની સમજદારીપર લટકેલું હોય છે. તમે પરીન જેવાં ખુબસુરત થજો, પણ પરીન જેવા બેવફા કદી થશો ના' પૈસાપર પ્યાર વેચનારી પ્રીયાઓ પર તે ગેબી કિરતારનો કહેર વરસજો! યાદ રાખજો, કે પરીનનાજ જેવાં પસ્તાશો અંતઃકરણનો ડંખ ઈનસાન શું કે હેવાનને પણ છોડતો નથી, અને તે છોડતો નથી તેજ દેખાડી આપે છે કે કુદરત પોતે પણ તેવી બેવફાઈ સાખી શક્તિ નથી"

એક વફાદાર અને સાચી મનશનીની મોહરદાર તરીકે શેઠાણી રતનબાઈ વાર્ત્તાની શુરૂઆતથી તે છેડા સુધી કેવો સ્તુતિપાત્ર ભાગ ભજી બતાવે છે, તે કુટુંબના વડાઓને નકલ કરવા જોગ અને બોધદાયક છે. આજે તો જ્યાં જોઇયે ત્યાં ખુદ થડ પોતેજ મક્કમ નહિ; તેજ ઢીલુ ઢચ, તેનેજ દુનયાદારીની લાલચ અને પૈસાની મોહીની લાગેલી હોય, તેજ આપસ્વાર્થી અને મતલબી, તો પછી ડાળ–પાંખડાંનો તે આપણે શું વાંક કાઢયે?

અનુભવ એક મોટી ચીજ છે. ભાઈ દાદીનો એક લેખક તરીકેનો ૩૫) વર્ષનો અનુભવ એમની વાર્તાઓમા બારીક નજરે વાંચનારાંઓને ખુલ્લે ખુલ્લો નજર આવે છે. એમની વાર્તાઓમાં આવતી ચિત્ર-દર્શક ખૂબીઓ વગર શકે વખાણવા લાયક છે. જાણે એક ચિત્ર નજરો નજર જોતાં હોઇએ તેમ વાર્તાનુ પ્રત્યેક વર્ણ જોરાવર દેખાવ રજુ કરે છે, એ કંઇજ નહિ, પણ તેના કર્ત્તાની કાબેલ્યત દેખાડે છે. એક ખરા બનેલા બનાવની હકીકત સાભળી તે ઉપરથી એવી એક અસરકારક દિલકશ પારસી સંસારી વાર્તા લખવાનુ કાર્ય કેટલુ કઠણ છે અને તેમા કેટલા બધા મોટા અનુભવ, ધીરજ અને દૂર-અંદેશીની જરૂર પડે છે, તેતો જેઓને એવુ લખવાનો અનુભવ હોય તેઓજ જાણે

મારી ખાસ ખુશાલી એ છે કે ભાઈ દાદીના લખાણની બંધણી અને ભાષાની શુદ્ધતા તેમજ સરળતા પાણીના એક રેલા સમાન સડસડાટ વહે છે. આજના કેટલાક પારસી લેખકો પોતાની વાર્તાઓમા પારસી-ગુજરાતી ભાષાનો ખુબ ઉપયોગ કરે છે, અને તેમ કરીને ભાષાનુ ધોળે દિવસે અયોગ્ય રીતે ખુન કરે છે, કે જે ખામીથી ભાઈ દાદી નિરાળા છે, એ આનંદ હુ વર્ષો થયા એમના લખાણમાં જોતી આવી છુ

આ પ્રસ્તાવનાને મથાળે જે લીટીઓ મે ટાંકી છે તે ખુદ ભાઈ દાદાની પોતાની રચેલી છે, જે એમનીજ ચોપડીના પ્રસ્તાવના ઉપર રજુ કરવાનુ મને યોગ્ય લાગ્યુ છે

અને હવે અહિ, હું, આ લગાર લખાણ થવા પામેલો પ્રસ્તાવના પૂરો કરતાં ઉમેદ રાખુ છુ કે "દુખી દાદીબા" ની આ વાર્તા જાહેર પ્રજાની પૂર કદરસનાસી પામે અને એમની બીજી મોટી પારસી-સંસારી વાર્તાઓ પણ એવીજ રીતે પુસ્તકરૂપે બાહેર પડી ગુજરાતી સાહિત્યમા સણગારરૂપ થઇ પડે ' આમીન '

મારી તરફનાં બે બોલ.

પાક પરવરદેગારના હજાર હજાર હેસાન માનું છુ કે તે ખુદાવંદ કરીમની રહેમદીલાથી મારાં દિલની લાંબા વખતની આ મુરાદ આજે બર આવી છે. ઇનસાન ગમે એટલો પ્રયત્ન કરે, પણ કુદરતની મરજી વગર કાંઈ થઈ શકતું નથી. દરેક ચીજની હસ્તી કુદરતે મુકરર કીધેલા તેનાં વખતેજ થાય છે અને "દુઃખી દારીબા"ની આ વાર્તાને પણ ઈ૦ સ૦ ૧૯૧૩ ના સાલમાજ પુસ્તક રૂપે પ્રગટ થવાનુ કુદરતનુ ફરમાન હશે કે શુ તે છેલ્લા દોઢ દાહેકાની વચ્ચે વારવાર મન ઉપર લેવા છતા કાંઈ ને કાંઈ મુશ્કેલીઓ ઉભા થવાથી તે વિચાર ફરી ફરીથી મને પડતો મેળવો પડયો હતો.

પણ અંતે કુદરતે પોતાનુ કામ કરી બતાવ્યું છે. પદર વર્ષની વાત ઉપર આ વાર્તા, મે તે વખતે મારા અધિપતિપણા હેઠળ ચાલતાં "માસિક મજાહ"ના વાંચનારાઓ માટે એક ખરા બનેલા બનાવ ઉપરથી લખી હતી. એક ખરો બનેલો બનાવ'—હા, એક ખરા બનેલા બનાવ ઉપરથીજ આ વાર્તા જન્મ પામી છે. આ વાતાના જન્મને માટે હુ કોઇનેબી આભારી હોઉ તો તે મારા મરહુમ માનવત મિત્ર મી. કે. એમ. શરાફ (મુબઇની 'જાનવરો ઉપરનુ ઘાતકીપણુ અટકાવનારી મડળી"ના માજી બાહોશ અને ખતીલા સેક્રેટરી)ને છુ. મી. શરાફ મારી અદના કવિતાઓના એક મોટા વખાણનાર (Admirer) અને ઉત્તેજક હતા. તેઓ મને વારવાર કહેતા કે "મી૦ દારીબા, ગુજરાતી ભાષામા ઇંગ્રેજી ઉપરથી 'ત્રાન્સલેટ' થયલી વાર્તાઓ તો ઢગલે ઢગલ બાહેર પડે છે, તેમા તમારે જેવા એકાદ—બે 'ઓરીજીનલ' લખનારાઓ કલ્પીત્ત વાર્તાઓ લખો છો, એ વધુ તારીફ લાયક છે, પણ હજી આપણા સાહિત્યના ખરા બનેલા બનાવો ઉપરથી રચાયલી વાર્તાઓનો એક ત્રીજો વર્ગ ઉઘડવો જોઇયે, કે જે પ્રકારની 'નૉવેલો' ઇંગ્રેજીમા ઘણી પડેલી છે અને ઘણી વખણાય છે. તમો એક સારા લેખક છો અને કલ્પીત્ત ચિત્રો દોરી શકો છો તેથી હુ મજબૂત ભલામણ કરૂ છુ કે કોઈ તકે એવો કોશેષ તમોએ જરૂર કરવી." એના જવાબ હું કહેતો કે "મી૦ શરાફ, ખચીત્ત, તમારી સૂચના ઘણી પસંદ કરવા જોગ છે, પણ તેવા કોઈ રસીલા અને અસરકારક બનાવો જ્યાં સુધી આપણી જાણમાં આવે નહી ત્યા સુધી એ કામ બનવુ મુસ્કેલ છે." આ બાબદ વિષે એ મારા શુભેચ્છક સ્નેહિ જોડે મને પાંચ—છ વખત વાત થઈ હતી, તેમની સૂચના મને પસદ હતી, પણ એવા ખરા બનેલા બનાવો ક્યાંથી શોધી લાવવા એજ એક મોટી મુસ્કેલી હતી!

એટલુ છતાં, આ બાબદને મે મારી યાદદાસ્તમા રાત–દહાડો તાજી રાખી હતી. ખરા બનેલા બનાવ ઉપરથી હમણાં સુધી એકબી પારસી સસારી વાર્તા રચાયલી ન હોવાથી મે ઇચ્છયુ કે એ અપૂર્વ માન મેળવ-વાનું કુદરતે મારાં નસીબમાં સરજેલુ હોય? ખાલેસ હેતુથી મનમાં રાખેલી પવિત્ર ઉમેદ પરમેશ્વર પુરી પાડ્યા વિના કદી રહેતો નથી. ખુદાની મેહેરથી તે ઇચ્છા થોડાજ વખતમાં ફતેહમદ ઉતરવાનો એક સુભાગ્યવાન સંજોગ મને મળી ગયો. અજબ જેવું તો એ છે કે જે ગ્રહસ્થે મને આ સૂચના કરી હતી, તેજ ગૃહસ્થે મુબઇ શેહેરના ચોક્કસ પારસી કુટુંબોમાં ("દુઃખી દાદીબા"ની વાર્તાને લગતો) એક કરૂણારસિક બનાવ બનવાની મને ખબર આપી! આ બાતમી મળતાજ મારા અંગિત દોસ્ત મી સોહરાબ પાલમ-કોટને સાથે લઈ હુ મારી વાર્તાના નાયક (Hero) મી. દાદીબાની મુલા-કાતે ગયો અને એક બુઝર્ગ મિત્ર, જેમને તે કુટુબમાં ઘણું ઘેરવટ જેવું હતું, તેમની મદદથી "દુ ખી દાદીબા" ને સમજાવવામાં હુ ફતેહ પામ્યો!

હુ છેલ્લી લીટીમાં સડસડાટ લખી ગયો છુ કે "દાદીબાને સમજાવ-વામા હુ ફતેહ પામ્યો!" પણ એ ફતેહ પામવા આગમચ અમને નડેલી મુસ્કેલીઓ અમારો જીવજ જાણે છે! દાદીબા પોતે પણ પેહેલા ક્યા સ-મજ્યો? તેણે પ્રથમ તો ધસીને નાજ પાડી. પણ ત્રણ ત્રણ દિવસ સુધીની એકસરખી સમજાવટ પછીજ તે દુ:ખી ગ્રહસ્થે અમારા સખુનને માન આપ્યુ. અમારી ભલી મકસદ અમે તેમને પુરેપુરી સમજાવ્યા પછીજ તેણે મને અને મારા મિત્રને **કસમ** આપ્યા કે "મારો દુઃખદાયક હેવાલ તમે ભલે લખવો, પણ અમારા ખરા નામો કદી પણ બાહેર આવવા પામે નહીં?" અમે આ માગણી માન સહિત સ્વિકારી અને વાંચનાર ખાત્રી રાખશે કે અમોએસીવાય બીજા મરહુમ મી૦ પાલમકોટ અને ત્રીજા બેહેન બીખાઇજી લી૦ પાલમકોટ શીવાય મારા કે મી૦ પાલમકોટના કુટુંબ વટીકને આ કુટુંબો કોણ છે તેની આજ સુધી છત ખબર નથી!

મારાં કમનસીબે આજે મારો દિલોજાન દોસ્ત મી. પાલમકોટ હૈયાત નથી, પણ તેના બખ્તાવર હાથે લખાયલા લેખો આ વાર્તાનાં ખરાપણાંની શાહદત પુકારતા હૈયાત છે. એમાંના મુખ્ય લેખો મે આ પુસ્તકમાં દાખલ કીધા છે, જે ઉપર વાચનારનુ ધ્યાન ખેંચુ છું.

"દુઃખી દાદીબા"ની આ વાર્તા અસરકારક છે કે નહીં, રમીલી છે કે નહીં, બોધદાયક છે કે નહીં, સંસારનુ એક ઉમદા શિક્ષણ આપનારી છે કે નહી, તેમજ, કુટુબમા વિશ્વાસથી વાંચવા આપવા લાયક છે કે નહીં, આ સવાલો, જાહેર પ્રજાએ ચુકવવાનાં છે—કહો કે તે, તે ચુકવી ચુકી છે. "માસિક મજાહ" માં જ્યારે આ વાર્તા કકડે કકડે છપાતી હતી ત્યારે,

તેનાં વાચક-વર્ગમાં તેણે જે તરખાટ ફેલાવ્યો હતો, જે અસાધારણ ખેચાણ ઉપજાવ્યુ હતું અને જે અજાયબ જેવો ઉછાળો તેનાં ગ્રાહકોની ટીપમાં જોતાં જોતાંમાં થવા પામ્યો હતો, તેની મેં પોતેજ તારીફ કરવા કરતાં, "માસિક" ની તે ફાઇલોનોજ હવાલો હું આપુ છુ, કે જેમાં મારા મરહુમ માનવત મિત્ર મી. સોહરાબ પાલમકોટના મુબારક હાથની સખ્યાબધ નોંધો જગેજગ પડેલી છે. અભિમાનીનાં જરાએ અંશ વગર, વાંચનારની માફી ઇચ્છીને હુ કહીશ કે આ વાર્તાએ તે વખતે ઉપજાવેલુ "સેનસેશન" ખચીત્તજ નોંધ લેવા લાયક હતુ. એકેક કુટુબમાં, તે વખ્તે, "માસિક" ની ત્રણ-ત્રણ ચાર-ચાર કૉપીઓ ખરીદાતી હતી ! જે ઘરમાં ઘરની ધણીઆણી માટે એક કૉપી આવતી, તેજ ઘરનો ઘર ધણી તેની બીજી કૉપી પોતાની ઑફીસમાં મગાવતો અને તેમના બેટાબેટીઓ પોત-પોતાની કૉપીઓ જુદી જુદી ખરીદતાં હતાં ! એ રીતે, "માસિક મજાહ" ના મરહુમ માલેકને, તે વખ્તે-ખુદાની મેહેરથી—"ધનનાં ભેસ્પતિ" બેઠા હતા !

આ વાર્તાનો "પ્રસ્તાવના" લખવાનુ કામ મે ઘણા લાંબો વિચાર કીધા પછી—અનેક બાહોશ ગૃહસ્થો અને બાનુઓની ચુટણી કીધા પછી—મારાં લાયકીવાળા એકાતવાસી દુઃખી બેહેન ભીખાઇજી લી. પાલમકોટને સોંપ્યુ છે. આ માટે મે જે ખાસ સબબ ધ્યાનમાં લીધો તે એ હતો કે અમારા મરહુમ ભાઈ સોહરાબ પાલમકોટની હૈયાતી દરમ્યાન આ વાર્તાએ જે ખાસ ખેચાણ ઉપજાવ્યુ હતુ તે બીનાથી તથા આ વાર્તા એક ખરા બનેલા બનાવ ઉપરથીજ ખાસ રચાઈ હતી, તે બીનાથી એ બેહેન પોતાના અતલગનાં સબધને લીધે પુરેપુરાં માહીતગાર છે માટેજ એ કામ મે એમને સોંપ્યુ છે પોતાની નાદરૂસ્ત તબીયત છતા એ લાયકીવાળા બેહેને દાદી બાની વાર્તાનો "પ્રસ્તાવના" મારા એકજ સખુનને માન આપી, જે ઝડપથી લખી આપ્યો છે, તે માટે અત્રે જાહેરમા તેમનો ખાસ આભાર માનુ છુ અને નોંધ કરવાની ખાસ જરૂર જોઉ છુ કે તેમનો "પ્રસ્તાવના" જાતિ-અનુભવને લીધે એવો સરસ લખાવા પામ્યો છે કે જેવો અચૂક ઇનસાફ મને બીજી કોઈ બાહેરની કલમથી મળી શકવો મુસ્કેલ હતો. આ વાર્તાના સબંધમાં એ ભલાં બેહેન જે કેટલાક ખરા ખુલાસાઓ કીધા છે, તે એટલા બધા પુરતા છે કે "મારી તરફનાં (આ) બે બોલ" મા મને વધુ વિગતો આપવાની કાઇજ જરૂર રહી નથી.

એજ રીતે આ પુસ્તક તૈયાર કરવામાં મારી વ્હાલી મોહોરદાર ભીખાઇજી, મારી બેટી જરબાનું, તથા કુટુંબનાં એક અતિ માયાળુ અને મેહેરબાન બાનુંએ મને વખતો વખત જે કીમતી સલાહ, મદદ તથા ઉત્તેજન આપ્યાં છે, તેમનો આ તકે ખાસ આભાર માનુ છું. વળી આ પુસ્તકની રચના અને

સણગારમાં વધારો કરવા માટે જે ૨૫) મનોહર ચિત્રો મોટા ખર્ચે તૈયાર કરાવીને આપવામા આવ્યા છે, તે ચિત્રનાં બાહોશ ચિત્રકાર મી૦ એમ. વી. ધુરંધરનો, તે ચિત્રનાં પોતાની નાદર હુન્નરમંદીથી ઉમદા "બ્લૉક" બનાવનાર મારા બુઝર્ગ મિત્ર અને બેશી મી૦ જીજીભાઈ એન. ખરેઘાટનો તથા મારી તથા આ ગ્રંથ અર્પિત કરેલા ગૃહસ્થની તસ્વીરો માટે ખાસ રંગ ખેંચનાર મારાં અતલગનાં વહાલા કુકુબી મી૦ જહાગીર એસ. તારાપોરવાળા (આર્ટીસ્ટ) ના તેઓએ આ પુસ્તક માટે દેખાડેલી અનતકાળજી માટે મારા અંતઃકરણથી આભાર માનુ છુ.

વળી, આ પુસ્તકની મેહેરહનજર બાહેર પડતાજ જે જે ગ્રહસ્થો અને બાનુઓએ આગમચથી ગ્રાહક થઈને મને મારા નેક હેતુમાં ઉત્તેજન આપ્યુ છે, તેમનુ, તથા આ વાતા પ્રગટ થવાની આગમચ જાહેર છાપાને લગતી મારી આજસુધીની અદના—સેવાને ધ્યાનમા રાખી જે જે પત્રો અને માસિક ચોપાનિયાના અધિપતિઓને મારી જાહેરખબરો મુફત છાપવા ઉપરાંત પોતા તરફનાં કીમતી શબ્દો ઓચરવાની તક લીધી છે, તેઓનુ આ તકે હેસાન માનવાની મારી ફરજ સમજુ છુ.

તારાપોર, ૮ મી ઑગસ્ટ
૧૯૧૩ } દા૦ એ૦ તારાપોરવાળા.

દુઃખી દાદીબાની વાર્તા "માસિક મજાહ" માં સમાપ્ત થવા પછી મરહુમ મી. સોરાબ પાલમકોટે તે વિષે લીધેલી નોંધ.

—xx—xx—

(૧)

["માસિક મજાહ," પુસ્તક ૧૧ મુ, અંક ૨ જો, પૃષ્ટ ૬૮.]

"દુઃખી દાદાબા" ની વાર્તાએ મેળવેલા પ્રજા—પસંદગી.

આ માસિકની કટારોમા મી. તારાપોરવાળાની કલમથી લખાયલી એક ખરી બનેલી પારસી સસારી વાર્તા "દુઃખી દાદાબા અથવા પરીનનો પસ્તાવો," જે ગયા ડીસેમ્બર માસમાં પુરી થઈ છે, તે વાર્તાએ પ્રજાના એવી અસાધારણ પસંદગી મેળવી છે કે અમારી કટારોમાં એ વાર્તા સપૂર્ણ થઈ ગયાને નઝદીક બે માસ થવા આવ્યા છતાં તે વિષે હજી દરરોજ અમોને સંખ્યાબંધ પત્રો મળ્યા જાય છે ! **અમારી એક દાહેકાની કાર-**

કીર્દીમાં કોઇબી વાર્તા વિષે એવું અસાધારણ ખેંચાણ થયલું અ-માએ જોયું નથી. મી. તારાપોરવાળા, જેવણ એક નહિં થાકે એવા ઉદ્યોગી અને ઉમગી લેખક છે, તેમની આ જાહેર કદરદાંની જોઈ તેવણનાં ઓહળાં મિત્ર મંડળમા મોટો સતોષ ફેલાશે. " દુ:ખી દાદીબા " વિષે મળેલાં જથ્થાબધ મતોમાંથી અમો થોડાં થોડાં અમારી સગવડે આપ્યા જઇશુ.

સોરાબ પાલમકોટ.

(૨)

[" માસિક મજાહ, પુસ્તક ૧૧ મુ. અક ૧૦-૧૧-૧૨ મો, અકે ૪૮૭]

" દુ:ખી દાદીબા ' ની વાર્તા

આ માસિક મજાહ ' ના પાનાઓમા જુલાઇથી ચાલુ થાયલી " દુ:ખી દાદીબા અથવા પરીનનો પસ્તાવો " ની વાંચવા ને વિચારવા જોગ વાર્તા આજના અકમા પુરી થાય છે " લેડી બાઉન્ટી " ની ખરી બનેલી વાર્તાએ અમારા વાચક-વર્ગમા જે આકર્ષણ ભરી અસર કરી હતી, તેવીજ ફતેહ આ ખરી બનેલી વાર્તા ફેલાવી શકી છે. તે માટે તેનાં ચચલ લખનારને મબારકબાદી આપી શકાય. આ એક ખરી બનેલી પારસી મસારી કાહાણી છે અને તે નામીચા ને જાણીતા કુટુબના—એક માત્રજાહાંગીર શિવાય—સઘળા **આજેબી હયાત** છે.* માત્ર નામ—ઠામ ને દિવસોનો ફેરફાર કરવાનો ફરજ્યાત જરૂરી સાથે વાર્તાને કઇક ઠેકાણે રસ આપવાને સહેજ વધારો કરવાની ફરજ તેના કર્તાએ જોઈ છે, બાકી **સઘળા વર્ણેલા બનાવોમાં તમામ સચ્ચાઈ સમાયાની અમારા વાંચકોને અમારી પ્રમાણીક ખાત્રી છે.** આપણા મસારમાં શુ શુ બનાવો બને છે તેનુ આ એક ચાનકરૂપી ચિત્ર છે, જેની બોધરૂપી નોધથી બીજા ઘણાં અદેખા બડે-ખાંઓએ ઘણુ ઘણું જોવા—જાણવાનુ છે. શીખવા - સમજવાનુ છે. આ વાર્તા પુરી થયા અગાઉ તેની વખાણમા આજ સુધીમાં સખ્યાબધ પત્રો મળ્યાં છે. એજ દેખાડી આપવાને બસ છે કે વાચક-વર્ગની તે કેવી પુર્ણ પ્રસન્નાને પાત્ર થાઈ છે. એ વાર્તા મેળવવા માટે " માસિક ' ના એ આધ-પતિએ ઘણે ઠેકાણે જે શ્રમ ખેચીને બારીક સત્તાવાર વિગતો મેળવી છે, તે જશ ભરી જેહેમત માટે તેમનો જાહેર આભાર માનુ છુ, ને અમારાં વાંચ-કોને આવી ખરી બનેલી વાર્તાનાં સરસ લખાણથી આ ગરીબડાં " માસિક " તરફ ખેંચેલાં રાખવા માટે શાબાસી આપું છું.

સોરાબ પાલમકોટ.

---


* આ લખાણ થયા પછી " દારાશાહ " દાવર પણ ગુજરી ગયાછે.

ગ્રંથકર્તા.

" દુઃખી દાદીબા " ની વાર્તાનું સાંકળિયું.



Photo by Mr. J S Taraporewalla.
[બ્લૉક–જી૦ ન૦ ખરેઘાટ.



દુ:ખી દાદીબા

—અથવા—

પરીનનો પસ્તાવો.

(એક ખરી બનેલી પારસી સંસારી વાર્તા.)

પ્રકરણ ૧ લું.

અરદેશરનો એકરાર.

સુરતની જરથોસ્તી અન્જુમનના વડા અકાબર અરદેસર બહાદુરશાહ માંદગીને બિછાંને "ઘડી–પલ" હતા. તેમના સચીનનાં વજીફામાં સગાં–વાહલાંઓ, દોસ્ત–આસ્નાઓ તથા ઓળખીતાં–પીછાણુતાઓની ભારે ભીડ મચી રહી હતી. સર્વ કોઈ અરદેસર શેઠની માંદગી વિષે આતૂર પૃછપરછ કરતાં હતા. સુરત, સચીન અને તેની અત્રાફનાં ગરીબ–ગુરબાંઓમાં આ ખબર ફેલાતાવાર તેમનાં ટોળેટોળાં વજીફા આગળ એકઠાં મળ્યાં હતા, કારણ કે એ સખી શેઠિયાનો છુપો ધર્મ બહૂ બોહળો હતો અને શું જાત કે પરજાતમાં તેઓ ઘણા લોકપ્રીય હતા. વજીફાની અંદર જ્યારે ધભરાટ ચાલતો હતો, ત્યારે વજીફાની બાહેર હજારોની સંખ્યામાં ભેગાં મળેલાં લોકો માહેલું દરેક જણુ તે પરોપકારી પુરૂષને " લાંબી જીંદગી" ચાહતુ હતું. મુબઇથી ખાસ બોલાવેલા ત્રણુ તબીઓ બીજા પાંચ સુરતી ડાકટરો જોડે ત્રણુ ત્રણુ દિવસથી રાત-દહાડો પટકાઇ જવા છતાં બુઝર્ગ અકાબર અરદેસર છેલ્લા ચોવીસ કલાકથી પોતાંને લાગુ પડેલી બેશુદ્ધિમાંથી કાંઇ કરતાં શુદ્ધિમાં આવતા ન હતા.

શેઠાંણી રતનબાઈ, જેવણુ લોકોમાં "બાહદુરશાહનાં રતનમાય" ને

નામે ઓળખાતા હતાં, તેવણ તથા તેવણનો એક પુરો વારસ **જેહાંગીર** તથા જેહાગીરની એક પુરી બેહેન **આઇમાય** પોતાનાં મુરબ્બીનાં માથાં આગળ ભીનાયલી આખ્યોએ ઉભા હતાં. તે બુઝર્ગ બાનુપર આજે ગોયા એક પાહાડ ફાટી પડનો હોય તેવુ અસહ્ય દુ:ખ આવી પડયુ હતું, પણ પોતાના વ્હાલા ફરજંદો હેબતી નહિ જાય તેટલાં માટે પોતાની વયને છાજતી ગંભીરતા જાળવીને તેઓ ચુપ રહ્યા હતા. તે ત્રણેની નજર પોતાનાં બિછાને પડેલા મુરબ્બી તરફ એક સરખી ટીકેલી હતી, જ્યારે બાહદુરશાહના ઓહોળા કુટુંબમાં બીજા બેશીઓ અહીંથી નહીં દોડધામમા પડયા હતા.

જેમ જેમ વખત વધતો ગયો તેમ તેમ ડાકટરો નાઉમેદ થતા ગયા ગયા. પોતામા હતા તેટલા સઘળા પ્રયત્નો કરી ચૂક્યા છતા જ્યારે તેમનુ કાંઇજ વળ્યુ નહિં ત્યારે શેઠાણી રતનબાઈ નહિ જુએ તેમ પોતાના ભાઇબંધ તબીબોની સલાહથી ડાકટર મારટીને જેહાંગીરને બાજુએ બોલાવી તેના પિતાની ભયભિત હાલત વિષે દિલગીર ચેહેરે ખબર આપી.

"ડાકટર, મારી પાછળ આવો." જવાન જેહાંગીરથી આ શોકજનક સૂચના સહન ન થઈ શકવાથી ડાકટર મારટીનને તે પાસેના ઓરડામા તેડી ગયો અને એક કોચ પર ફસડાઈ પડતા પુછયું: "ડાકટર, ડાકટર, શુ મારા પિતાને બચવાની રહેજબી આશા નથી?"

"તમે હિમત રાખો, મી૦ જેહાંગીર," ડાકટર મારટીને બાહાદુરશાહની ગાદીના તે ભવિષના વારસની પીઠ પર હાથ મેળી ધીમેથી ઉમેર્યુ "એક વિવેકી ગ્રહસ્થ તરીકે તમે એવા પ્રસંગે ઘણી સમજદારીથી વરતવુ જોઇએ અને કુટુબની બાનુંઓ ગભરાઈ કે હેબતાઇ ન જાય તેની સભાળ લેવી જોઇએ. મને ખબર આપતા દુ:ખ ઉપજે છે કે તમારા પિતા હવે આ દુનિયામા થોડાજ વખતના પહરોણાં છે—એ બુઝર્ગ ગ્રહસ્થ હવે પોતાની છેલ્લી ઘડીઓ પસાર કરે છે."

જેહાગીર આ સખુન સાભળી ફગલાઇ ગયો: "ઓ ખુદા! એ કેવો સિતમ! એ દુ:ખ ભરેલી ખબર મારાં વ્હાલાં માતાજી આગળ કહેતાં મારી જીભ કેમ ઉપડશે!"

"નહિં, નહિં, મી૦ જેહાગીર, એવી નાદાની કરશો નહિં." ડાકટર મારટીને વાંધો લીધો "તમારાં માતાજીને કે કુટુબની બીજી કોઈબી બાનુઓને આ દુ:ખભરેલી ખબરથી તુરત વેળા વાકેફ કરશો નહિં. એમ કીધાથી ફાયદો થોડો, પણ ગેરફાયદો ઘણો થશે"

જવાન જેહાંગીરની આંખે અંધારાં આવી ગયા. તેણે પોતાના બન્ને હાથ આંખ્યો પર ઢાંકી દીધા. એ હાલતમાં બે ત્રણ મીનીટ પસાર થઈ ગઈ. ડાકટર મારટીને જોઇ લીધુ કે તે જવાન ગ્રહસ્થ પર તેનાં કહેવાની ગંભીર

અસર થઇ છે. જ્યારે જેહાંગીર જરા હુશિયાર થયો ત્યારે તેણે પેહેલો સ-વાલ આ કીધો·

"ડાકટર, જે બનવાનું હશે તે બનશે, પણ મારા પિતા એકવાર શુદ્ધિમાં આવે એવુ નહિં કરી શકો ?"

"એકવાર શુદ્ધિમાજ નહિ પણ એકવાર આ ભયભિત માંદગીને એ-વણુ લાત મારી ઉઠે એવુ કરવાને અમો મથેલા છીએ, પણ એમની બેભાની તરફ જોતાં એમ બનવુ મુશ્કેલ લાગે છે. જો એઓ શુદ્ધિમાં આવે તો હુ તમને ખરા ભાગ્યશાળી ગણીશ. '

"ખુદા કરે ને તેમ થાય!" જેહાંગીર ગમે એવો નાઉમેદ થયો હતો તોપણ તેણે દૂવા ચાહી "મારા વ્હાલા માતાજી ડઘાઈ ગયા છે. મને સોમા એવણની વિશેષ કાળજી છે."

'અમો અમારાથી બનતું કરીશુ, પણ તમોને સાવચેત કરવાની અમારી જે ફરજ હતી તે માત્ર મે બજાવી છે" ડાકટર મારટીન ગંભીરપણે બોલ્યા. "સાવધ રહેજો મીo જેહાંગીર, આ દૂખિત ખબર જો બાનુઓને થશે તો ઘેરમાં ગભરાટ વધી જશે અને અમારૂ કામ અમોને એવડુ મુશ્કીલ થઇ પડશે."

જેહાગીરે કબુલ કીધુ અને ડાકટર જોડે પોતાનાં પિતાનાં ઓરડામાં પાછો ફર્યો.

એજ વખતે અરદેસર બાહાદુરશાહ, જેવણુ છેલ્લા ચોવીસ કલાકથી કેવળ બેભાનાવસ્થામા પડેલા હતા, તેવણુ શુદ્ધિમાં આવ્યા સઘળાઓને જરા ઉમેદ આવી અને ડાકટરો ઉમંગથી ઉપાય યોજવા પડ્યા.

અરધા કલાકમાં તેવણુ પુરતી હોશિયારીમાં આવ્યા અને કાંઈ બોલવા ચાહતા હોય એમ જણાવા લાગ્યુ.

"મરૂં કંઇ કેહવોછ ? અરદેસરજી, કંઇ ફરમાવોછ ?" શેઠાણી રતન-બાઇ શેઠનાં ચેહેરા પર વાંકાં વળી પૂછવાં પડયાં.

"હા." તે બિમાર ગ્રહસ્થે ડોકું ધુણાવી જવાબ વાળ્યો. "મારો ફિકરો કહા છે ?—મારો જાંહાંગીર કહાં છે ?"

"બાવાજી, બાવાજી, હુ તમારી સેવામાં અહીં હાજર છુ, મુરબ્બી!" જેહાંગીરે તુરત જવાબ આપ્યો.

"અહીં આવ દિકરા, હવે જે વખત જાઓછ તેમાં હુ તમો વાહલા-ઓને છેલ્લી સલામ કરવાનો છુ." અરદેસર બાહાદુરશાહે પોતાથી બોલાયુ નહિં તે છતાં મુશ્કેલીથી ધીમેથી બોલવા માંડ્યુ અને ડાકટરો અચરત થયા કે ચોવીસ કલાકની બેભાંની પછીની હુશિયારી એટલી બધી ફત્તેહમંદ કેમ નીવડી. "તું મારૂ હકદાર ફરજંદ છે તેથી તુને બે સખુન શિખામણના તથા નશિયતના કેહેવાની મારી ફરજ છે. આ માંદગીમાંથી હુ હવે ઉઠવાનો નથી,

મારી હૈયાતીનો પરવરદેગારે મને આપેલા પરવાનો જે વખત જાય છે તેમાં પુગો થાય છે. મેં મારૂ વશિયત આજથી પાંચ વરસની વાત પર કીધેલું છે, તેમા દરેક બાબદ વિગતવાર જણાવેલી છે. તારી માતાને તુ હમેશાં માનઆપજે અને તેના હોકમની બાહાર જતો નાં. તેની જીદગી સૂધી તું તેનુ પોષણુ કરજે અને મારી ઓહોળી મિલકત તથા દોલતમાથી વશિયતનામામાં મેં કાંઈ ફરમાવેલુ છે તે મુજબ તેને તેનો હિસ્સો આપજે. એજ રીતે મારી ગાય જેવી ગરીબ દિકરી આઇ સાથે પ્યારથી વરતજે."

આટલુ બોલતા તો અરદેસર બાહાદુરશાહ થાકી ગયા. તેવણુને દમ ચઢી આવ્યો, જેથી થોડા વાર આખ મીચીને ગુપચૂપ પડી રહ્યા. ડાકટરોએ જેહાંગીરની ફરમાશથી તેવણુને હુશિયારી આવનારી દવા પાઈ અને દવા પીધા પછી પા કલાકે જ્યારે તેવણ પાછા શાન્ત થયા ત્યારે પોતેજ આગળ ચલાવ્યુ. તેવણુ અચકી અચકીને હળવે હળવે બોલતા હતા પણુ વાંચનારની સગવડ ખાતર તેમનાં સખુનો અત્રે મે સિલસિલાબંધ ઉતારી લીધા છે —

"પણુ જે એક અગત્યની વાત તને કહેવાની છે તે તો હજી મે કહી નથી." જેહાંગીરનો હાથ પોતાના હાથમા પ્યારથી દાબી અરદેશર શેઠે આગળ ચલાવ્યુ. "દિકરા, એ બીનાથી આજ સુધી મેં તમો વાહલાઓને અંજાણ્યા રાખેલા છે, પણુ હવે મારી છેલ્લી ઘડી આવી ચુકેલી હોવાથી જ્યાં સુધી હુ મારી છાતી ખુલ્લી કરીશ નહિ ત્યા સુધી હુ સુખી મોહતે મરીશ નહિ." અને આટલા સખુનો બોલતા બાહાદુરશાહની આખ્યોમા પાણી આવી ગયાં.

શેઠાણી રતનબાઇ, જેહાંગીર, આઇમાય તથા જે જે કુટુંબીઓ ત્યા હાજર હતાં, તેઓ આ નવી હકીકત પર હેરત થયાં. એવી કોઇબી બાબદ નહિ હોય, કે જે શેઠાણી રતનબાઇથી અજાણી હોય, પણુ આ તો કાંઈનવો ભેદ હતો, કે જેથી શેઠાણી રતનબાઇ બિનવાકેફ હતાં અને તેથી સઘળાંઓની અચરતી કરતા ખુદ શેઠાણી રતનબાઇની અચરતી એવડી અને ચોવડી હતી!

"બોલો, સુખેથી બોલો, બાવાજી, તમારી કોઇબી હકીકત અમે ખુશીથી સાંભળીશુ." જેહાંગીરે જવાબ આપ્યો. "તમોને અચકાવાનુ કાંઇ કારણુ નથી. આ ઓરડામાં આ ભલા તબીબો શિવાય બીજાં બધાં આપણાં કુટુંબીઓજ છે. પારકા કોઇ નથી. કહો બાવાજી, તમારો શુ ખોલાશો છે?"

"એ ખોલાશો નહિ પણુ એક ભયભિત ભરમ છે અને તે તમો સર્વને ચકિત કરશે" અરદેસર શેઠે વળી પાછુ આગળ ચલાવ્યું. "દિકરા જેહાંગીર, એ ભરમ સાંભળતાં વાર સૌ કરતા તું વધારે ચમકશે!"

"હું? અને તેનું કારણુ?"

"કારણુ ખુલ્લુ તેમજ દેખઇતું છે. આજની ઘડી સૂધી તું તારે માટે એમ જાણે છે કે 'હુ મારા બાપનો એકપુરો એકલો વારસ છું,' પણુ તેમ નથી."

"ખરેખર? બાવાજી, એ શું બોલોછ?" જેહાંગીર ચકિત થયો.

"અરદેસરજી, એ કેવું અજવાળું! પણ એમ બનેજ કેમ? અખઈ રહ્યાં મારાં તો બેજ અને તે મારી આગળ સલાંમત છે." શેઠાણી રતનબાઇએ હિસાબ કીધો.

"ત્યારે જીભરૂ મારો કોઇ બીજો ભાઇ હૈયાત છે કે બાવા? ઓ ખુદા! એ કેવી વધાઈ!" ખુબસુરત આઇમાય હરખાઇ ગઇ.

ઉપરા-સાપરી પોતાને થયલા આ ત્રણ સવાલથી અરદેસર શેઠનુ હૈડું ભરાઇ આવ્યુ. તેવણ થોડોવાર આંખ મીંચીને ગુપચુપ પડી રહ્યા અને તેપછી હળવે રહી પાછુ શરૂ કીધું.—

"એક ચીજ અચાનક જાણવી એ તે જાણનારને માટે ખરેખરી નવા નવાઇ છે અને તે મુજબ તમો આ અજબ જેવો ભરમ જાણી ચકિત બનો એ કેખકતિ છે બહાલી રતા, બહાલા જેહાગીર, બહાલી આઈ, સાંભળો; એ ભરમ આજ સુધી મારી છાતીમા બંધ હતો, પણ હવે મારી છેલ્લી ઘડી આવી પુગેલી જોઇ મને ધીરજ રહેતી નથી મારા દરેક સુખ છતાં હુ એક વાતે હમેશા દુખી ને દિલગીર હતો અને જેનો સબબ જાણવાને તમો લોકો વારવાર અધીરાઈ બતાવતા હતા તે એજ હતો. જેહાગીર, તું સારી પેઠે જાણે છે કે હુ મારા બાપનો એક પુરો ફિકરો હતો. મારા બાપ બરજોરજી બાહાદુરશાહ બહુ ગરમ મિજાજના અને એક મમતના હતાં. જે સખુંન તેવણને મોહડેથી નીકળે તે તેવણ પાળ્યા વગર રહેજ નહિં. રતા જોડે મારાં લગન થયાં તે લગ્નને દુનિયાં પેહેલાં ગણે છે, પણ તેમ નથી એ મારાં બીજાં લગ્ન હતાં. મારાં પેહેલા લગ્ન તો હુ ૨૫ વર્ષનો નવ જવાન હતો ત્યારે નવસારીમા એક ગરીબ બુઝર્ગ જરથોસ્તી બાપની બેટી જોડે થયા હતાં એ લગ્ન બાહાદુરશાહનાં ખાનદાનથી કેવળ છૂપા હતાં. બરજોરજી બાહાદુરશાહ તથા બીજા કુબીઓ બાહદુરશાહની ગાદીનાં ભવિષનાં વારસને જાહેરમાં કેવળ કુવારો જોતાં હતા, પણ બાતેનમાં તે તો શાદીનાં પવિત્ર ગાંઠથી ક્યારનો સંસારી આદમી થઇ ચૂકયો હતો. મારી નવજવાન ઉમરમાં હું વારવાર મારા મિત્રો જોડે મોજ મારવાને નવસારી ઉતરી પડતો હતો. ત્યાં અમો એક ગરીબ જરથોસ્તીનાં ઘરમાં ઉતારો લેતા હતા, અને મારા બાપીકા પૈસાથી મનગમતી મોજ મારી સુરત પાછા ફરતા હતા. આખાં વર્ષમાં નવસારી ખાતે મારી ત્રણ ચાર ફેરી થતી હતી. જે ઘરમાં અમો ઉતારો લેતા હતા તે ઘરનો માલેક એક બુઝર્ગ હમદીન હતો, જેને પેટે એકજ છોકરી હતી. એ છોકરી ખુબસુરતીનો એક નમુનો હતી. મારી જવાનીમાં મે તેવી ખુબસુરત છોકરી કદી જોઇ ન હતી. જ્યારે અમો નવસારી જતા, ત્યારે એ છોકરી અમારી ખાતરદારી કરવામાં પોતાનાં બાપ જોડે ગોયા હરીફાઇ કરતી હતી. જેમ જેમ

દિવસો જતા ગયા તેમ તેમ તેણી જોડેની મારી ઓળખાણ વધતી ગઇ. રફ્તે રફ્તે હું એકલો નવસારી જવા લાગ્યો અને તેનાં પરિણામમાં અમો એકમેક ઉપર ફીદા ફીદા થઈ ગયાં. અમારી પાક મોહબત દર દહાડે વધતી ગઇ. અંતે મેં તેનાં બાપ પાસે તેણીના હાથની માંગણી કીધી, જે માંગણી સ્વિકારવાને તે બુઝર્ગ ગ્રહસ્થે પહેલાં તો ચોખ્ખી ના પાડી. તેમ કરવાને મેં સબબ પુછયો ત્યારે તેના કારણમાં તેણે જણાવ્યુ કે 'મારા જેવા એક ગરીબની છોકરીને તમારો બાપ પોતાની વહુ તરીકે કબુલ કરે એમ માનવુજ મુર્ખાઈ ભરેલુ છે. સુરતવાસી બાહદુરશાહવાળાઓ બહુ મગરૂર અને પોતાના ખાનદાન માટે તુમાખી છે. તેઓ મારી ગરીબ બેટીને પોતાનામાં ભેળાયલી કદી જોઈ શકે નાહિં' આ જવાબથી હુ નિરાશ થયો પણ હિંમત હાર્યો નહિં. મેં વચ્ચે થોડી મુદ્દત જવા દીધી અને એકવાર ફરીથી આ વાત તે ગ્રહસ્થના કાન પર નાખી. તેની ખુબસુરત બેટીને હુ કેટલો ચાહતો હતો તે મે તેને ખાત્રીપુર્વક સમજાવ્યુ અને જ્યારે તેણે જાણ્યુ કે એજ મિશાલ તેની બેટી પણ મને અનંત હેતથી ચાહતી હતી, ત્યારે તે જરા રાજી થયો, પણ હજી કચવાવા લાગ્યો તે હજી સુધી એમજ ધારતો હતો કે હુ મારા મા-બાપની રાજી ખુશીથી આ કામ કરવા માગુછુ, પણ મામલો તો જુદોજ હતો મારા બાપ બરજોરજી બાહદુરશાહ મારી તરફ બહુ કરડા હતા. તેવણે પોતાની હૈયાતીમા વીલ કરી મેલ્યુ હતુ કે 'મારો વારસ અરદેશર બાહદુરશાહ, મારી મરજી વિરૂધની બાયડી જોડે પરણે તો મારા વારસામાંથી તે રદબાતલ છે' બરજોરજી બાહદુરશાહે આમ વીલ કરવાનુ કારણ એ હતુ કે તેવણ મને પોતાના ભાઇ બાપુજી બાહદુરશાહની બેટી બાઇઆઇ જોડે પરણાવવા ઇચ્છતા હતા, પણ હુ એ પસદગીની સખ્ત વિરૂધ હતો. બાઇઆઇ મને ગમતી ન હતી. મારી નામરજી જોઇને મારા બાપ મમતી થયા. તેવણે મને ભપકી આપવા માટે ઉપર મુજબ વીલ કીધુ, પણ મેં તે વીલની દરકાર કીધી નહિં મારા બાપ પોતાનાં મિત્રો આગળ મને સદાનો રવડતો ને રખડતો કરવાની ધમકી દેખાડતા હતા, પણ તેવણે તે ધમકી કોઇ દહાડે અમલમાં મેળી ન હતી. એવા ગરમાં ગરમીનાં વખતમાં બીજી તરફથી હુ નવસારીમાં મારી ધન પર મોહીત પડયો, એટલે મારી હાલત તે પ્રસગે કેવી બારીક હતી તેનો ખ્યાલ તમોને આવ્યા વગર રહેશે નહિં. જો તે ઉશ્કેરાયલા સમામાં બરજોરજી બાહદુરશાહ આગળ હુ મારી નવસારીની નવી ઉમેદવારી રજુ કરૂં તો તેવણ મને જીવતોજ ફાડી ખાય યા શુ કરે તે હુ કહી શકતો નથી. કાંઇ નહિં તોબી હુ તેજ પળથી દુનિયાંમાં રખડતો ને રવડતો થાત એમાં તો કાંઇજ શક ન હતો. મારી અંદરખાંનેની એવી હાલત મે મારી ધનનાં પિતા આગળ વિગતવાર બ્યાંન કીધી અને નમનતાઇથી અરજ ગુજારી કે અમારાં છૂપાં લગ્ન કરી આપી અમોને

સુખી કરવાં. અત્યાર સુધી હુ મારી ઉમેદમાં ફતેહમદીજ પામીશ એમ ધારવાને ડરતો હતો પણ ખુદા જાણે મારી ધનની મીનતજારી પર દોરવાઇને યા મારી ભવિષની સુખી હાલત પર લોભાઇને મારી માગણી તેણે કબૂલ કીધી. મે આ ફતેહથી ખુશી થઇને મારા બે વિશ્વાસુ મિત્રોને મારા વિશ્વાસમાં લીધા અને આ પાક કામમા તેમની મદદ ચાહી. તે બન્ને દિલોજાન દોસ્તો મારા મદદે એક સખુંને તૈયાર થયા. અમો સઘળી તૈયારી કરી છુપા છુપ (મોજ મારવાને બાહાંને) નવસારી ગયા અને આગમચથી રાખેલી ગોઠવણ મુજબ ત્યા બે મોબેદો હાજર હતા તેઓએ તેજ ઘરમાં બીજે દીને આશિર્વાદ નાખી અમારૂં જોડુ જોડી આપ્યુ. મારા બન્ને મિત્રો અમારા સાક્ષી દાખલ કામે લાગ્યા અને હુ મારી ધારેલી મુરાદે પોંહોચ્યાથી ખુશ ખુશ થઇ ગયો. લગ્નની બાહારવણેજ હુ નવસારીથી સુરત આવ્યો અને જોઇને ખુશી થયો કે ત્યાં સઘળુ સમાધાન હતુ. મારા પિતાને કે કોઇને કાંઈ ખબર હતી નહિં."

વળી પાછા અરદેસર બાહદુરશાહ બોલતાં બોલતાં થાકી ગયાથી જરા ચુપ થયા અને જ્યારે જીવને જરા રાહત મળી ત્યારે પાછુ ચલાવ્યુ.—

"લગ્નની વારોવાર આવે તેટલા હુ પાછો નવસારી ગયો અને લગ્ન કરતા લગ્નની વારોવાર ઘણી ધામધુમથી પાળી. મારી ધન મારી ઉપર ફીદા ફીદા થઈ ગઈ અને અમો અરસપરસનુ સસારી સુખ ઘણા ઉલ્હાસથી ભોગવવા લાગ્યાં. મહિનામા બે ત્રણ ફેરા નવસારી ખાતે મારા થતા હોવાથી મારા કુટુંબીઓ માહેલાં કેટલાકોને જરા જરા શક પડયો કે એને એ નગરીજ કેમ એટલી પ્યારી થઈ પડી છે. પણ હુ તેઓને ઉડાવતો કે સુરત અને સચીન કરતા નવસારીની આબો—હવા મારી પ્રકૃતિને ઠીક માફક આવતી હોવાથી હુ ત્યાં વારવાર ખેંચાતો હતો! વળી નવસારી ખાતે મારી વ્હાલી ધનની મુલાકાતે વારવાર જવાનુ મને સવળ એમ થઇ પડયુ કે જે વખતે મારાં છુપા છુપ લગ્ન થયા તે વખતે મારા પિતા બરજોરજી બાહદુરશાહ તબિયતનાં સુધારા અર્થે મુબાઈ રહેવા ગયા હતા અને મારાં તથા મારી ધનના સારાં નસીબે ત્યાના ડાકટરોએ નઝદીક દોઢ વર્ષ સુધી તેવણને મુબઇમાંજ રહેવાની સલાહ આપ્યા કીધાથી આ તરફ મને સારા સસાર સુખમાં સઘળી રીતની બેફિકરાઈ હતી! મારા લગ્ન પછી એક વર્ષે મારી ધને મને એક ગોલાબ જેવા બેટાની ભેટ કીધી. આ ભેટથી હુ અતિ હરખાઈ ગયો અને બાહદુરશાહની બોહોળી દોલતનાં આ ભવિષનાં વારસને જોઈ મારી ધનનાં હરખનો તો પારજ રહ્યો નહિં તેણી મને વારવાર પુછતી કે 'મને સુરત લઇ જઇને તમારી હકદાર પરણેતર તરીકે તમે કયારે રજુ કરશો?' એનો જવાબ આપતાં મને તરેહવાર બિલ્લા બાહનાંઓથી તે ભોળી અને ભલી અબળાને વાહાવી પડતી હતી. અફસોસ! બાહદુરશાહના ખાનદાનની વડી વહુ તરીકે

પોતે લોકોમાં પોતાને જાહેર કરવાને એ વાહલી એટલી આતૂર હતી કે જ્યારે હું તે આતૂરતાનો આવેલો દુઃખ ભર્યો અંતઃ યાદ કરૂછુ ત્યારે મારી છાતી ભરાઈ આવે છે. મારી ઉપર તે ભલી મોહોરદારને એટલો વિશ્વાષ હતો કે જ્યારે હું નેણીને મારા પિતાની હૈયાતી સુધી જાહેરમા રજુ કરી નહિ શકવાની મારી નબળાઇ બતાવી 'ઢાખરો ધર્પ તો તાહરો દાહડો ઉઘડે' એવું ક્હેતો, ત્યારે તે ભોળી અબળા સાંમા મારા પિતાને 'લાંબી જીદગી' અને 'કાયમ આવરદા' ઇચ્છતી હતી! તેણી કહેતી કે 'કાંઇ નહિ, વ્હાલા અદી, હું બીજાં થોડાં વર્ષ તમારા હોકમને તાબે રહી છુપી રહીશ, પણ મારા સસરાજીને તેવણુની જીદગી કરતાં આપણે માંથે દશ વરસ વધુ જીવવા દો!' કેવી અશરાફ! કેવી ધીરજવાળી! કેવી કદરદાન! દિકરા જહાંગીર, એ બચારીએ મારે માટે ગામની નિંદાબી ખમી, કારણ કે મને પડયો-પાથર્યો તેના ઘેરમાં જોવાથી અને અદરનો ભેદ જાહેર નહિ હોવાથી નિંદાખોર જીભલીઓનો અમો ખોરાક થઇ પડયાં. એ નિંદા મારી ધને મને ભેટ આપેલા ગોલાબ દિકરાનાં જન્મ પછી, ઘણી વધી જશે એમ ધારી મારો સસરો તેણીને લઇને રાજકોટ તરફ ઉતરી પડયો. અફસોસ! એ રાજકોટ મારી માનીતી મોહોરદારની મટ્ટી પડવાનું મથક થઇ પડયુ ત્યા ગયા પછી ભાગ્યે બે મહિના નહિ પસાર થયા તેટલા એક દહાડે મારી ધનને કોલેરા લાગુ પડયો અને તે બચારી મને મળ્યા-ભેટયા વગર હઝારો ઉમેદ ભરેલી મરણ પામી. મરવા આગમચ તેણે મને એક ન્હાનું કાગળ લખ્યુ હતું, જે હજી મારી તીજોરીમાં એક દસ્તાવેજ પેઠે મેં જાળવી રાખેલુ છે. એ કાગળમા તેણી પોતે પોતાની મુરાદે પુગવા નહિ પામી તે વિષે દિલગીરી દેખાડતી નથી, પણ પોતા પાછળ પોતાના વ્હાલાં ફરજંદનુ શુ થશે તેની તેણીએ ભારે ચિંતા દેખાડી મને કાકલુદીથી અરજ કરી છે કે મારી માફક મારૂં નિર્દોષ બાળક પણ સદાનું રવડી જવા નહિં પામે એમ કરવું. એ ફરજંદને ખરાં હકદાર ફરજંદ તરીકે દુનિયામાં રજુ કરી તેને તેનો ખરો હક અપાવવાની મારી ઉપર તેણે ફરજ મૂકી હતી, એક દહાડે મધરાતે મારી ધનનાં ગુજરવાનો તાર મને સચીનમાં અચાનક મળતાજ હુ મોટા ગભરાટ અને અસહ્ય દુઃખ વચ્ચે તુર્તાતુર્ત રાજકોટ ઉપડી ગયો, કે જ્યાં જઇ પૂગવા આગમચ બચારી તે નેકનામ અબળા સદાની ભોંય ભંડાર થઈ ચૂકેલી હતી! મારા સસરાને પોતાના એક પૂરાં ફરજંદની એવી સરજતથી ઘણું દુઃખ ઉપજ્યું, જેથી તેણે એકદમ આપઘાત કરી મને પુરો રવડાવી નાખ્યો. મારી ચારે બાજુએ મુશ્કેલી, સંકટ, આફત અને વિઘ્નનાં વાદળોને મજબૂતીથી ફરી વળેલાં જોઇ હું ગભરાઇ ગયો. હવે એ નિરાધાર ફુલ બચ્ચાંનું મેં શુ કરવું તેની મને સમજ પડી નહિં. મારાં એ ગુલેગુલાબ ફરજંદની માવજત

માટે મેં ફ્રાતમાં નામે એક મુસલમીન બુઢિયાને નવસારીમાજ નોકરી રાખી હતી, એજ બુઢિયાને પૈસાની મોટી લાલચ આપીને તેના આશરામા મારા વ્હાલા વારસને બીજી કાઇ ગોઠવણ હુ કરૂં તેટલાં મે સોંપ્યો અને કોઇને શક નહિં પડે માટે રાજકોટથી સચીન એક અઠવાડિયાંની અંદર પાછો ફર્યો. મારી પત્નને ખોહવા પછી હુ એક જૂદોજ માણસ થઇ પડયો. મે બધી મોજમજાહ, ફરવુ હરવું, ખાવું પીવુ એ સઘળું તર્ક કીધુ અને તે ભલી મોહોરદારના ગમમાં દહાડે દહાડે ગળાવા લાગ્યો. આજ સુધી મારો કશો ભેદ જાહેર થયો નહિં હતો અને તે જાહેર નહિંજ થાય એટલુજ જોવાને હુ પણ રાજી હતો. હુ દર માસે રાજકોટ એકેક ફેરી કરતો અને મારા ગોલાબ દિકરાને પ્યારથી પાસાંમાં દાબી તેની કમનસીબ મરહુમ માતાની યાદમાં હજારો આંજુઓ ખેરવી સચીન પાછો ફરતો એક મોટી રકમ તે નાદાન જીવની જાળવણી ખાતર દર મહિને હુ ફ્રાતમાંને આપતો હતો અને તે મારા બેટાની બહુ ઉલટથી માવજત કરતી હતી પણ અફ્સોસ ! હજી મારી સરજતમાં એક જાલેમ દુ:ખ બાકી હતુ. મારા દર મહિનાનાં રાબેતા મુજબ એકવાર હુ રાજકોટ ગયો ત્યાં મે મારી ભારે અચરતી વચ્ચે જોયુ કે મારો બુચો ને ફ્રાતમાં બન્ને ગુમ થયાં હતાં ! મે ઘણીબી શોધ કીધી પણ મને તેઓનો કશો પત્તો મળ્યો નહિં. ફ્રાતમા દરેક રીતે મારા વિશ્વાસમાં હતી. તેણી કદીબી બેવફા થશે એમ હુ ધારતોજ નહિં હતો. તે છતાં, આ વિચિત્ર બનાવે મને દિવાસુનો કરી મેલ્યો. હુ સમજી નહિ શકયો કે હુ સ્વપનો ભોગવુ છુ કે બરેખરો બનાવ મારી નજર આગળથી પસાર થાય છે ? મોહોરદારને તો ખોહેલી હતીજ પણ મીઠ્ઠા ગોલાબને પણ ભયભિત ભરમ વચ્ચે ખોહવાનો કટકો મને જબરદસ્ત લાગ્યો. હુ એકદમ સચીન ઉપડી ગયો અને મારા પેલા બે વિશ્વાસુ દોસ્તો, જેઓએ મારાં છૂપાં લગ્નમાં આશિર્વાદ સારતી વેળા અમારા શાક્ષીની જગ્યા પૂરી હતી તેઓને આ હકીકતથી વાકેફ કરી મારે ખરચે જૂદી જૂદી તરફ મારા બુચાની શોધમાં મોકલ્યા–પણ અફ્સોસ ! છ છ મહિના સુધી રાત દહાડાની ઇન્તેજારી ખેંચવા છતા મારી ઉમેદના ઝાડ પર ફળ લાગ્યાં નહિં ! ફ્રાતમાં કેમ બેવફા થઇ તેનું કારણ મને ગમે એટલી શોધ કરતાં જડયુ નહિં. મારા છૂપાં લગ્નનો છૂપો ભરમ જો હુ ફાતમાની જાહેર પકડ પકડુ તો પકડાઇ આવે, સબબ મારાથી કશી રીતે ચૂં કે ચા થઇ શકી નહિં. એ રીતે હુ મારા વ્હાલા વારસ રૂસ્તમને ખોહી બેઠો તેનો આજ સુધી મારી છાતીમા ગમ છે."

આટલુ બોલતાં અરદેસર બાહદુરશાહ નાતવાંનીને લીધે હાફી આવ્યા. ડાકટરોએ તેમને થોડો વાર આરામ લેવા અને હવે પોતાનુ બોલવુ ટુકમાં અટોપવાની સલાહ આપી. તેવણે તે ફરમાશ રડતી ચશમે કબુલ કીધી.

"હવ માર વાડાજ શબ્દો કહેવા છે." તેવણે થોડીવાર દમ લઇ બોલવુ શરૂ કીધુ "મારી ઉપર દમ-બ-દમ પડેલી મુશિબતોએ મારા ભેજાં પર એટલી ઉડી અસર કીધી કે હુ માદગીને બિછાને પડયો અને મરતો મરતો બચ્યો. જો ચાપતી દોડધામ મારી પાછળ થઇ ન હોત તો હુ આજે આ હેવાલ તમો વાહલાઓ સન્મૂખ રજુ કરવાને ખચિત્ત જીવતો રહ્યો ન હોત. હુ જરા સાજો થવા પછી મારા કુટુંબીઓ, મારા પિતાજીનાં મિત્રો તથા ડાકટરોએ મારા પિતાને સલાહ આપી કે હવે મને 'કુવારી જીંદગી' (!)મા રાખવો નહિ ! મને પરણાવીને સસારમા નાખવો ! મારી માંદગીએ મારા પિતાને મારી જીદગી વિષે ધાસ્તીમા લાવી નાખેલા હોવાથી તેવણે પોતાના મિત્રોથી મળેલી સલાહની રૂહે બાપુજી બાહદુરશાહની બેટી બાનુઆઇ જોડે મને પરણાવવાની પોતાની આગળી હુજત હવે છોડી દીધી અને ' એ એની મરજીની છોકરી સાથ પરણે' એવી રજા આપી ! પણ મારી અંદરખાનેની હાલત ખુદા શિવાય બીજુ કાઇ જાણતુ ન હતુ. મારાં ભોળાં અશરાજ માતા મારી "ભલાઇ," જોવાને અતિ ઇન્તેજાર હતા, જેથી બરજોરજી બાહદુરશાહે મને મારી મરજી મુજબ પરણવાની આપેલી રજાની તક તેવણનાં વિચારને અનુસરતી થઇ પડી. અનેક મિત્રો વચે પડયા, અનેક કુટુબીઓ સમજાવવા લાગ્યા અને અનેક ખેરખાહો બાહદુરશાહ ખાનદાંનના વડા વારસ તરીકે મે પરણવુજ જોઇએ એમ મજબૂતીથી રજુ કરવા લાગ્યા. આ સર્વમાં મારા અતિ વ્હાલા બુઝર્ગ માતાજીની કાકલદી મારી છાતી પીગળાવે એવી હતી ! હુ તેવણનુ એક પરૂ ફરજંદ હોવાથી મારી ભલાઇ કરવામા તેવણની જીંદગીની મોટામા મોટી ઉમેદ સમાયલી હતી ! હુ મારી માહોરદાર અને બેટાનાં ગમથી ગમે એવા ગુગળાતો હતો, તે છતા, મારાં મુરબ્બી વાહલા માતુશ્રીની કાકલુદીએ અંતે મને પીઘળાવ્યો ! તેવણ તરફના મારાં અનત હેત અને માનને લીધેજ મેં પરણવાનુ કબૂલ કીધુ તો જો કે અદરખાને મારી ઉપર પડતા આ ફરજયાત ગજબ પર હુ ઝાર ઝાર રડતો હતો !

અરદેસર બાહદુરશાહ જ્યારે પોતાની આ કાંહાંણી કરૂણારસ ભાષામા રજુ કરતા હતા, ત્યારે શેઠાણી રતનબાઇ, જવાન જેહાગીર તથા દિકરી આરમાયની આખોમાંથી આંસુનાં ધોધ વેહેતા હતા. વળી હાજર રહેલાં કુટુબીઓનાં ચેહેરા પણ રડમસ થયલા હતા. એક તરફ દુ:ખ અને બીજી તરફ અચરતી તે ઓરડામા રાજ કરતી હતી. અરદેસર બાહદુરશાહ જેવા સુરતની જરથોસ્તી અનજુમનના વડા લોકપ્રીય અકાબરની ખાનગી જીંદગી એવા ભયભિત બનાવથી ભરપુર હતી એ આજેજ જાહેર થયુ હતું અને તેટલા માટે તે દરેક સાંભળનારને હેરત કરી મેળવાને શક્તીવાન હતું.

"પછી શુ થયું બાવા ?" જવાન જેહાંગીરે હવે સઘળું જલદી જાણી

૪૫૮૮

લેવાને આતૂર થઇને આટલીવારની ચુપકીદી તોડી સવાલ કીધો.

"પછી? પછી શું થાય, દિકરા? મારી માતાનું દબાણ મારી ઉપર એટલુ બધુ હતુ કે હું તેવણના હુકમની બાહાર જઈ શકયો નહિ. મને ઘણી ઘણી છોકરીઓ દેખાડવામાં આવી, પણ મેં તેમાંની કોઇને પસંદ કરી નહિ. એક દહાડે ઓચિંતી તારી માતાને મેં એક પારસી લગ્નમાં જોઈ અને તેની જોડે મારા સંસાર સુખનું સુકાન ચલાવવાનો મેં ઠેડાવ કીધો. મારી મરજી માતાની જાણમાં આવતાંવાર હરખાઇ જઇને તેવણે માગુ કાજ મોકલ્યુ, જે તારા મ-માના મંચેરશાહ મલબારીએ ખુશીથી કબુલ કરવાથી અમો બંધાયા અને બંધાયા પછી એક મહિનામા લગ્ન થયા એ લગ્નના ફળ તરીકે મેં એક સુખી સંસાર જોયો અને તમો બે દિકરા–દિકરીએ મારાં ઘરને હસ્તું રમતુ કીધું હવે કેહવાનુ એટલુંજ કે આજે મારી મરતી ઘડી છતાં હું મારા ગુમ થયલા વારસ રુસ્તમને શોધી કાઢવા પામ્યો નથી એ વાતનો મને ઘણો ગમ છે દિકરા જેહાગીર, એ મારો હકદાર વારસ છે–જેવો તુ આજે જાહેરમાં હકદાર છે, તેવો તે બાતેનમાં હકદાર છે, વાસ્તે મારી પાછળ મારી દોલત અને એસ્ટેટના તમો બે જણા એક સરખા હિસ્સેદાર છો. મારી આખી જીંદગી સુધી મેં ખોળ કીધી પણ મારો રૂસ્તમ મને મળ્યો નથી. જો મારી પાછળ તુ મારેજ પગલે ચાલીને એ શોધખોલ જારી રાખશે, તો કદાચ તારો બાઇ જરૂર મળી આવશે. મારો સરજતમાં એ સુખ જોવાનુ કદાચ નહિ હશે, પણ તમો વા-હલાઓ મારી પાછળ મારા રુસ્તમને મળવાને ભાગ્યશાળી થાઓ એ બનવા જોગ છે. તેની હૈયાતી વિષે મને જરાબી શક નથી, કારણ કે ફાતમાં તેને એક માતાના પ્યાર કરતા આલા પ્યારથી ચાહતી હતી. જેહાગીર! જેહાંગીર! મારી આ વશિયત બજા લાવજે! પેલી જેહાંનમાં મારા રૂહને ખુશનંદ કરવું હોય તો તે માટે સૌથી સરસ રસ્તો એજ છે એમ તારી છાતીમા લખી રાખજે, રતાં, રતાઇ, મારી વ્હાલી મોહોરદાર, તારી અને સર્વની હાજર–ના-જર મેં આ નશિયત મારા દિકરાને કીધી છે, તેથી તુ તેને સારીજ સલાહ આપીને મારા ગુમ થયલા દિકરાની ખોળ કઢાવી તેને તેનો હિસ્સો અપાવી દુનિયાંમાં ઇનસાફ અપાવજે. બાહદુરશાહની ગાદીનો રૂસ્તમ વડો વારસ છે અને જેહાંગીર કરતાં તેનો હક મોટો છે. હવે મારી છાતી ખુલ્લી થયલી હો-વાથી હુ સુખથી મરીશ. બોલ, જેહાંગીર! તુ મારી વશિયત બરાબર બજા લાવશે કે?"

"સરો ચશ્મથી બજા લાવીશ, બાવાજી, જવાન જેહાંગીરે બાપનાં હાથ પર હાથ મેલી વચન આપતાં કહ્યુ." જો રૂસ્તમ ખરા રૂસ્તમ તરીકે જાહેર થાય, તો હુ તેને તમારા હોકમ મુજબ બરાબર અરધો હિસ્સો આપવાને આ કોલથી બંધાઉં છુ."

"શુકર ! શુકર ! દિકરા જેહાંગીર ! તેં મને સુખથી મરવાનો રસ્તો આજે ખરેખરો ખુલ્લો કરી આપ્યોછ. હું હવે નચિંત મોતે મરીશ. કેમ રતા, તારો શું વિચાર ?

'આ તમુને મારો બન્દો જી ભરૂરે, અરદેસરજી, તમે તો કાલે અખઇ રોગ બધુ પછાડીને ઉઠી ઉભા થશો. જેહાંગીર દિકરો આપણો કહ્યાગરો ને કેહણુસરનો છે એ તમારા બોલથી કદી બાહાર જવાનો નથી."

"બસ, મને એટલુંજ જોઇએ છે"

"પણ અરદેસરજી ? દિકરા રુસ્તમના ચેહેરાનું કંઈ બ્યાંન ? જે ભેદ અમે અમારી જીંદગીમા આજે જાણ્યો તેને લગતી કંઈ ઓલખ-નિશાન વગર દિકરો જેહાંગીર શું કરી શકશે ?"

"શાબાશ, રતા, તેં ઠીક યાદ દેવાડી. એ એક ઘણી અગત્યની બીનાં છે મારો ગુમ થયલો વારસ ઘણી ઉમદા નિશાનીઓ ધરાવે છે. તેની જમણી છાતી પર સાત એક સરખા તલ છે. જમણા હાથ પર બરાબર પોહોચા આગળ એક ગોલાબી રગની લાછન છે અને કમર પર એક લાલ મસો છે. એ તેની નિશાંની ચોક્કસ છે. મેં એ મસો, તલ તથા લાછન વિષે એક કાબેલ તબીબનુ મત લીધુ હતુ, જેણે કહ્યું હતું કે તે એની જીંદગી સુધી જેમના તેમ રહેશે અને વાહાડકાપ કરવાથી કશો ફાયદો થનાર નથી. એ નિશાનીઓ તમોને મારા રુસ્તમને ખરા રુસ્તમ તરીકે પીછાણવા માટે ઘણી જરૂરની થઈ પડશે."

જેહાંગીરે પોતાના ગજવામાથી "નોટ-બુક" કાઢી તે નિશાનીઓ તેમા લાગી યાદે નોંધી લીધી અને ફરીથી પોતાના પિતાને સધ્યારો આપ્યો કે "બેફિકર રેહજો બાવાજી, ખુદા તમોને તદરોસ્તી આપે ! તમારી એ ખરાં દિલની ખાહેશ, ચાહતુ ખુદાનુ છે તો મારી જીંદગીના ભોગે પણ હું બર લાવીશ" એમ કહી જેહાંગીરે પિતાને બગલગીરી કીધી.

તેજ પળે અરદેશર બાહદુરશાહની છાતી પર દમ ચઢી આવ્યો. અફસોસ ! તે દમ છેલ્લો હતો ! શેઠાણી રતનબાઈ, જેહાંગીર, આઇમાય તથા બીજાં કુટુંબીઓ શેઠને હાંક પર હાંક મારી પૂછવા પડયા, પણ તેવણનો દમ છેલ્લી તાંણતોડ વચે દરેક સેકંડ ગુંગળાતો જવાથી તેઓ કોઇને જવાબ દઈ શકયા નહિ !

ડાકટરોએ નાડી તપાસી મત આપ્યુ કે "અરદેસર શેઠ હક થયા છે !"

આખાં ઘરમાં ગભરાત મચી રહ્યો. શેઠાણી રતનબાઇ તથા તેવણની બેટીએ કલ્પાન્ત કરી મેલ્યું. જેહાંગીર ફગલાઇને રૂની પૂણી જેવો થઈ ગયો. કુટુંબીઓ કપાળ પર હાથ ફૂટી શોક કરવા લાગ્યાં અને જ્યારે આ માઠી ખબર ઘરની બાહેર ગઇ ત્યારે ભેગાં મળેલાં હઝારો ગરીબો "આજે અમારો બાપ મરી ગયો." એવા પોકારા કરી નવધાર આંસુએ રડવા પડયાં !

પ્રકરણ ૨ જું.

એક "લવ–સીન."

મહાલક્ષ્મીનો દરિયો જોશબંધ મોજાઓથી ઉછળી રહ્યો હતો. ફાગણ માસની એક રળિયામણી રાત ચોતરફ પોતાનો રૂપેરી સાજ બિછાવી રહી હતી. ચંદ્રમાં પૂર પ્રકાશમાં આકાશમા મુસાફરી કરતો હતો. તમામ કુદરત શાન્ત અને ચૂપ હતી, પણ રત્નાગર સાગરનાં તોફાંની મોજાઓ વારંવાર ખડકો સાથે અથડાઇ તે "શાન્તીનાં રાજ્ય"માં ખલલ કરતા હતા. કોઇ કોઈ ઝાડ પર છુટ્ટા–છવાયા પક્ષિઓ પોતાના સુંદર સરોદોથી તે રૂપેરી રજનીની વખાણમા સૃષ્ટિ કર્ત્તાની સ્તુતિ ગાતા હતા. આસપાસનો મહિમાં મનહરણ અને દેખાવ દિલખુશ લાગતો હતો. પવનની મધૂર લ્હેરકી આત્માને આનંદ પમાડતી હતી.

"દસ ને પાચ! જુલમ કીધો!" તે ઉછળતા દરિયાવને કિનારે પથ્થરના એક સુંદર ખડક પર એકલો બેશી રહેલો એક પારસી જવાન પોતાનું ઘડિયાળ જોતાં બરબડયો. "એક કલાક થયો હુ અહી તપના કરૂંછ, પણ મારી તપનાંનો છેડો આવતો નથી. કેવી બેદરકાર છોકરી! સાહડા નવથી પોણા દશ સૂધીમા હુ જરૂર આવીશ' એમ વચન આપવા છતાં હજી કેમ નહિ આવી? કાંઇ નહિં ધારેલી અડચણથી તો નીકળી ન હોય? ગમે તેમ હોય, પણ મને કબૂલાત આપ્યા મુજબ મોડી–વહેલી પણ એ આવ્યા વગર રહેવાની નથી. હજી તો દશ ને પાંચ થઈ છે. બીજી પચ્ચીસ મિનિટ થોભીને બરાબર સાહડા દશ સૂધી હુ તેણીની રાહ જોઇશ અને જો તેટલા નહિ આવી પુગશે તો આજે એ નહિ આવે એમ માની ચાલી જઇશ. કેવી ખુશનુમાં રજની છે! દરિયાનાં મોજાઓ એક પછી એક કેવી હરીફાઈ કરી તોફાંન મચાવી રહ્યા છે! દરિયા શિવાય કુદરત કેવી ચુપકીદી પકડી રહી છે! આહા! એવા સુંદર દેખાવનુ વર્ણન તો કોઈ કવિજ કરી શકે! 'ચાંદની રાત' વિષે પેલા 'દિલજાન'નું રચેલું એક ગીત મને અહીં યાદ આવે છે, તે જરા ગાઉં કે મનબી વેરાય ને વખત બી નીકળે."

તે ખુબસુરત જવાને ઘડિયાલ ગજવામાં મૂકી સુંદર સરોદે નીચલું ગાયણ ગાવા માંડયું:—

(**રાહ**):—"કહે કહાં પાઉં તારી યારી. પરીન મારી પ્યારી."

ન્યારી કૃતી તારી ન્યારી, અહૂર તુ બલદારી;
કહે એ જગનાં મુરારી! નથી ક્યાં ક્યાં તારી યારી?
શી રચના છે ખુદરત તારી, આ ચંદ્રાની શી બલિહારી.

ફરેપેરી રજની થઇ સારી, છે દરિયામાં ભરતી ભારી;
ઘોરે રજની મોહક પ્યારી, વાતો કરતાં નરને નારી;
મધુર વાયુ આનંદકારી, શી ખુશ્નમાં બાગો બ્હારી !

(કોરસ.)

હે યારી યઝદાંન ! છે કુલ તારી જહાન,
શુ પખી-ઇન્સાન-ને દીધા 'દિલજાન.'
ન્યારી કૃતી તારી ન્યારી૦— ૧

હજી તો તે જવાન ગાયનની છેલ્લી કળી " શુ પખી ઇન્સાન-ને દીધા દિલજાન " આ પુરી કરે છે તેટલા તેની પીઠ પર એક નાજુક હાથ મુકાયો અને " કેમ દિલજાન, કોણની યાદમાં છે ?" એમ સવાલ થયો

" એ કોણ પરીન ? કેટલુ મોડુ, ડીયર ?" પેલા જવાને પ્રથમ જરા ચોકી, પછી હસ્તે ચેહેરે પૂછ્યુ.

" માફ કરજો, દાદીબા, હુ જરા લેટ થઇ, પણ શુ કરૂં ? બાવાજીએ આજે ખાતાં ખાતાં " સ્ત્રી કેળવણી' પર 'લેકચર' લખાવવાથી મને આવતાં જરા મોડુ થયુ. તેવણ માયજી સાથે બાગમાં વાતે બેઠાછ, તેટલા આયાને લઇને હુ ચંદની ઘોરવાને મસે અહીં સટકી આવીછ "

" મે પ્રથમથીજ ધાર્યુ હતુ કે કઇ પણ કારણ વગર તુ મોડી આવે નહિં. પરીન, હુ તારો ખુલાશો માનુછ, પણ તારી આયા ક્યાં છે ?"

" મેં તેને દૂરથી ઉભી રાખીછ. જુઓ પેલી રહી !"

" વાસ્તો મરંચા તો નથીની ?" તે જવાને તે સુંદર કુમારિકાનો હાથ પ્યારથી પકડી પૂછ્યુ

" નહિં, નહિં, દાદીબા, એ મારી વિશ્વાસુ આયા છે. મે એને આગમચથી કહી રાખેલુ છે કે હુ અહીં કોણને મળવા આવીછ તેની જાણ શેઠને કે બાઇને થવા પામે નહિં. "

" ઠિક છે, પરીન ડીયર, નહિ તો તારો હાંખરો મને તારે ત્યાં આવતો—જતો એકદમ બધ કરે જો ! તપાશજે, કાચ્ચુ નહિં કપાય. વારૂ, હવે મને પૂછવાની રજા છે કે મારા પેલા સવાલ વિષે તેં કાંઇ વિચાર કીધો ?"

" હા, દાદીબા, મે પુરતો વિચાર કીધો છે. "

" અને તે શું ?"

" તે કહેવાની કાંઇજ અગત્ય નથી. મારી અહીંની હાજરી પોતેજ તે પુરવાર કરી આપે છે કે જો હુ તમોને ચાહતે નહિં તો આ જગ્યા પર મળવા આવતે નહીં. "

" પરીન! પરીન! વ્હાલી પરીન !' તે જવાનિયો તે ખુબસુરત કુમારિકાના હાથ પર જોશથી એક ચુંબન લઇ ખુશાલ ચેહરે બોલ્યો, " આજના

દિવસને હું મારી જીંદગીનાં સોથી ઉત્તમમાં ઉત્તમ દહાડા તરીકે લેખીશ. મારી દિવશોની મોહબ્બતને એવું માયાળુ–સ્વિકારણું મળ્યાથી હુ પોતાને ખરેજ ભાગ્યશાળી ગણું છુ."

"ને તેમજ, વ્હાલા દાદીબા, હુ પોતે પણ ઓછી હરખાતી નથી. તુ જેવા એક દિલોજાન દિલજાનની સાચ્ચી માયા–મોહબ્બત મળ્યાથી હુ બી પોતાને નસીબવાન ગણુ છુ."

"એ બધુ ખરૂ, પણ પરીન ડીયર, મારી અને તારી વચ્ચેના આ પાક પ્યાર તારા બાવા કબૂલ રાખશે કે?" લગાર દલગીર ચેહરે પેલા જવાને સવાલ કીધો અને પરીનનાં ચેહેરા પર એ સવાલથી કાંઈ ફેરફાર થાય છે કે નહિ તે પારખી લેવાને પોતાની ઇન્તેજાર આખોથી ટીકી ટીકીને જોવા લાગ્યો. "મારી અને તારી વચ્ચેનું આ વ્હાલ ભર્યુ જોડાણ તારા બાવાને ગમશે કે?"

"એજ એક સવાલ છે, દાદીબા, અને તેજ સવાલ મારી તમામ ઉમેદોને તોડી નાંખેછ." ખુબસુરત પરીનની આખ્યોમાં આટલુ બોલતાં તો આંસુ આવી ગયાં, જે ચદ્રના તેજસ્વિ પ્રકાશમાં છુપાં રહી શક્યાં નહિ.

"તુ દુખી શુ કામ થાએછ, ડીયર." પેલા જવાને તે સુંદર કુમારિકાને દિલાશો દીધો. "તને એમ દલગીર થતી જોઈ મારૂ જીગર વિંધાઇ જાય છે જે દિવશથી મેં તને પેહેલ વહેલી જોઈ તેજ દિવસથી તેં મારૂ દિલ જીતી લીધુ છે ઘણા મહિના સુધી મેં મારી લાગણી છુપાવી રાખી હતી, પણ જ્યારે મને એમ લાગ્યુ કે તુ પણ મને કાંઇક ચાહે છે ત્યારે મેં મારો પ્યાર જાહેર કીધો. ખુદાનુ હુ હેશાન માનુ છુ કે તેં મારો પ્યાર કબૂલ કીધો છે, પણ તે પ્યારને સરનજામ ઉતારતા આપણને એક મોટો પહાડ વીટાડવાનો છે. પરીન, વ્હાલી પરીન, શુ તું ખાત્રીથી માને છે કે મારી અને તારી વચ્ચેની મોહબ્બત વિષે તારા પિતાને ખબર પડે તો તેનુ પરિણામ આપણી બન્નેની જુદાઇમાંજ આવે?"

પરીનથી અહીં રડાઈ ગયુ.

"ધીરજ ધર વ્હાલ, એમ છેક નાદાન ના થા." પરીનનાં ગોલાબી ગાલ પર પ્યારથી પસવાળી દાદીબાએ ધીરજ આપતાં કહ્યું. "આપણે માથે આપણો ખુદા છે. દુનિયાં તજશે, પણ દાતા તજવાનો નથી. શુ તારા પિતા તે લીધેલાં આ પગલાંને પસંદ નહિજ કરશે?"

"નહિં! દાદીબા, નહિં! મારા મગરૂર બાપની મગરૂબીનો પારજ નથી." પરીને ખુલાશો કીધો. "મારૂ આ પગલુ મારા બાવાને કદી પસંદ આવવાનુ નથી. જો કે તે તો મને પ્યારથી જીતી લીધીછ, પણ હુ નહિં જાણુતી કે એ પ્યારનો અંતે કયો છેડો આવશે"

દાદીબાએ નિરાશ થઇને કપાલ પર હાથ ઠોકયો.

"તું એમ નાઉમેદ નાં થઈ જા, દાદી જાન!" પરીને તેને ઉચાટ પડેલો જોઈ ધીરજ આપી. "મારો ખરો ખુલાશો જાણ્યા પછીથી તારો ચેહેરો ફિક્કો પડેલો લાગેછ, પણ ધીરજ રાખજે. મેં એકવાર તુંને મારા હૈયામાં સમાવ્યોછ, તો તે હૈયું કદી બીજા કોઇને જગ્યા આપશે નહિ."

"તે હુ કેમ માનું, પરીન?"

"વચનથી"

"વચન?"

"હા. વચનનાં વિશ્વાષ પર દુનિયાં ચાલે છે. લે મારો કોલ. ખુદાના ઘેર સુધા પાક મોહબતનાં પાક વચનથી આજથી હુ તારી જોડે બંધાંઉછુ અને સદા તારીજ રહીશ." એમ બોલી પરીને દાદીબાને વચન આપ્યુ.

"પણ એ વચન અદા કરતાં તુ તારા પિતાની ખફ્ગીમા આવી પડશે તેનું કેમ, પરીન ડીયર?" દાદીબાએ એક અણગમતી યાદ આપીને તેનો ખોલાશો ચાહ્યો.

"તને આપેલાં આ વચનને ખાતર મારી ઉપર ગમે એવો ગજબ તુટી પડશે તે હું સબૂરીથી સહન કરીશ, મારા દાદીબા." પરીને પોતાની લાગણી દેખાડી. "મારા પિતાની ખફ્ગીને તારી મોહબતનાં મદીર આગળ હું કશી ગણત્રીમાં લેવાની નથી. તારા પ્યારને સારૂ બાવા મને કદાચ શેહેર—ઘેરથી દૂરબી કરે, તો તે સઘળું ખમવાને—તુ જેવા એક દિલપસંદ ભવિષનાં ભરથારને માટે ખમવાને—હુ સદા તૈયાર રહીશ. મારૂ હવે ગમે તે થાય તેની મને દરકાર નથી. મને દરકાર માત્ર મારા વ્હાલાની છે અને તે વ્હાલો બીજો કોઇજ નહિ પણ તુ, તુ અને તુ દિલોજાન દિલજાન દાદીબા છે!" એમ બોલી પરીને પ્રેમાવશ થઈ દાદીબાનાં કપાલ પર જોશથી એક ચુમી લીધી.


પોતાની પ્રાયાનાં આ લાગણી ઉશ્કેરનારાં સંભાષણ અને આચરણથી દાદીબા ખુશ ખુશ થઇ ગયો. એક સાંચ્ચો આશક હમેશાં એવીજ રીતે ખુશી થાય છે. તેણે, પરીનને તે કેટલાં અનંત હેતથી ચાહે છે તેનાં વળતાં હેશાનમાં, તેણીનાં ગોલાબી રેખશારાઓ ચુમીથી ભરી નાખ્યા અને એ રીતે એક 'લવ—સીન" અહીં પૂરો થયો.

પ્રકરણ ૩ જું.

ખુબ સુરતીનો ખરીદદાર.

તે ખુશનુમાં રજની જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ વધુ ને વધૂ દિલપસંદ થઇ પડી. રત્નાગર સાગરના મોજાઓ એક પછી એક વધુ ને

ચિત્ર ૧ લું.



[બ્લોક—જ૦ ન૦ ખરેઘાટ

"તુ એમ નાઉમેદ ના થઈજા, દાદીજાન'" પરીને તેને ઉચાટ પડેલો જોઈ ધીરજ આપી. "મારો ખરો ખુલાસો જાણ્યા પછીથી તારો ચહેરો ફિકકો પડેલો લાગેછ, પણ ધીરજ રાખજે મે એકવાર તુને મરા હૈયામા સમાવ્યોછ, તો તે હૈયુ કદી બીજા કોઈનેજગ્યા આપશે નહી"

[સફે ૧૬.]

જોશદાર આવવા લાગ્યા. પવનની મધૂર લ્હેકી હવે જોશથી કાનને અથડવા લાગી. આકાશમાં ચંદ્ર પોતાની સ્વારીમાં દર પળે વધૂ ને વધૂ વધતો ચાલ્યો.

આ સુંદર રળિયામણી રાત એવી મોહક હતી કે જાણે ત્યાંથી ઉઠવા ગમે નહિં, પણ આપણી વાર્તાના નાયકો માટે તે દિલખુશ સમો બેફિકરાઇનો ન હતો. એનુ કારણુ દેખઇતુ હતુ. પરીન પોતાના માત–પિતાની છુપીથી અહીં આવી હતી, એટલે હવે તેને તેટલીજ કાળજીથી અહીંથી જલદી પાછુ ફરવાનું હતુ. દાદીબાને પોતાને એવી કોઈ ધાસ્તી નહિં હતી, પણ પરીન રખેને પકડાઇ જાય એ ચિંતાથી તે ઓછો ફિકરમંદ ન હતો.

"હવે હું રજા લઇશ, દાદીબા, મારી આયા મારી વાટ જોતી હશે." પરસ્પર પ્યારથી મળ્યા ભેટયા પછી પરીને જવાની રજા માગતા કહ્યું "મારાં માય બાવાબી જે વખત જાય છે તેમા પોતાની વાતચીત પૂરી કરી રહેશે અને તેમ થાય તે આગમચ મારે ત્યાં હાજર થવુ જોઇએ."

"સુખે સિધાર, વ્હાલી, મારી કશી મનાઇ નથી." પરીનનાં પ્યારમાં નઝદીક ઘેલા બની ગયલા દાદીબાએ તેણીનાં કોમળ કરને ફરી એકવાર આખમાં દાબી જવાબ આપ્યો. "તારૂ કેહેતુ ખરૂ છે. હુ હવે તને રોકવા માંગતો નથી. આજના દિવશને હું મારી જીંદગીના કીમતીમાં કીમતી દિવશ નરીંક ગણીશ. પરીન ડીયર, હવે પાછી ક્યારે મળશે, વ્હાલ?"

"કાલે."

"કાલે?"

"હા."

"કેટલે વાગે?"

"આજનેજ ટાઇમે."

"ઠિક છે, ગુડ નાઇટ, ડિયર ડારલિંગ!"

"ગુડ નાઇટ!"

અને અહીં તે પ્રેમી જોડુ છુટુ પડયુ. આ જગ્યા પર આ જવાન દાદીબા અને ખુબસુરત પરીન કોણ છે, તે મારાં વાંચનારને વાકેફ કરવાની હુ તક લઇશ.

પરીન એક માતબર બાપની મોજીલી બેટી હતી. તેણીના પિતા દારાશાહ દાવર મુંબઈના એક આગેવાન અને જાણીતા ગ્રહસ્થ હતા. મહાલક્ષ્મી ખાતે તેમની મોટી મિલકતો અને મિલો હતી. એ શેઠને પોતાનાં "દાવર" ખાનદાન વિષે એટલો બધો ઉચો વિચાર હતો કે ગમે એવા ખાનદાની માણસોને પણ પોતાથી ઉતરતાજ સમજતા હતા આટલી એક એબ શિવાય બીજી બધી રીતે દારાસાહ દાવર એક નમુનેદાર ગ્રહસ્થ હતા પરીનના માતા મેહેરબાઈ છ ફરજંદોનાં માવતર હતાં, જેમાં એક છોકરો અને પાંચ છોકરી

હતી. સાથી વડો છોકરો હતો, જે પોતાના પિતાની મિલો અને મિલકતોનો વહીવટ ચલાવતો હતો દારાશાહ શેઠની પાંચ દિકરીઓમાં પરીન સૌથી ન્હાની, સૌથી ખુબસુરત અને સૌથી "લાડકી" હતી. દારાશાહ શેઠને ઘડીભર બીજાઓ વગર ચાલે, પણ પરીન વગર તો નહિજ ચાલે એટલુ બધુ તેવણનુ તેણી પર હેત હતુ. પરીનની ચારે બેહેનો સારાં ખાનદાનોમાં પરણી ગઇ હતી અને પરીન એકલીજ કુમારી હતી

પરીન ખરેખર એક પરીજ હતી ખુબસુરતીની બાબદમા તેણી પોતાની સઘળી બેહેનોને ટક્કર મારે એવી હતી. તેણીનુ સરોવર જેવું સિધ્ધુ કદ, અણિયાળુ પણ ટુમદ્ર નાક, હોશાનદાર છાતી અને હસરોકી ગોરી ગરગરદન પેહેલીજ નજરે ખેંચાણ કરનારાં હતા. તેણીના ગોલાબી રોખશારા જોઇ ખુદ ગુલાબનુ ફુલ ઝંખાઇ જતુ હતું. તેણીની લટકદાર ચાલ અને કમાનદાર ભવાં કોઇબા જોનારને મોહક થઇ પડે એવા હતા જુવાનીના બાહારમાં ખિલી નીકળેલી તે ૧૯ વર્ષની ઉમરની સકોમળ સુંદરી કોઇબી જવાન જીગરને એકજ ફટકે ઘાહેલ કરવાનો અજબ તલેસમ ધરાવતી હતી.

પરીનને કોઇ સારે ઠેકાણે પરણાવવાનો દારાશાહ શેઠનો વિચાર હતો, પણ આપણે ઉપર જોયુ તેમ એ માતબર શેઠિયો પોતાના ખાનદાન માટે એટલુ અભિમાન ધરાવતો હતો કે પરીનનાં હાથનાં જે જે ઉમેદવારો થતા તે સઘળા તેવણને પોતાના દરજ્જાથી ઉતરતા અને હલકાજ દેખાતા હતા ! "એ તો એવો" ને "એ તો તેવો" એ તેવણનો હમેશનો આણગમો હતો અને મેહેરબાઇની કોશેષથી કે લાગતા—વળગતા આશીઓની ખોળાડોળથી ભલાં—ભલા ઠેકાણેના "માગા" આવતા, પણ દારાશાહ શેઠ તેમા કાંઈ ને કાંઇ વાંધા કાઢતા હતા.

પરીન પોતાના પિતાની આ ખોટી હુજતથી મનમા ને મનમા બળતી હતી. તેણી પરણવાને ખુશી હતી, પણ તેણીની મરજી મુજબનો ખાવિંદ મળતો ન હતો. કેટલાક છોકરાઓને તેણે ઓછા કે વધતા પસદ કીધા હતા, પણ એ પસદગી કાંઈ છેલ્લી પસદગી ન હતી. તેના ટિચકાંખોર બાપને તો પોતાનાં ખાનદાનની બરોબરીનુ ખાનદાન કોઇ નજરે પડતુંજ ન હતું ! અને તેમ હોવાથી પરીનની થોડી કે ઘણી પસદગી અંતે હવામા ઉડી જતી હતી !

પણ લાંબો વખત તેમ ચાલ્યુ નહિં. પરીન જેમ જેમ ઉમરમાં આવતી ગઈ તેમ તેમ તેણી એક ચેહેરેનમુન અબળા બનતી ગઇ પોતાની ખુબસુરતીનો કોઈ લાયક ખરીદદાર મળવો જોઇએ એમ હવે તેણીને જાબજા લાગવા માંડયુ. પિતાને ત્યાં તેણીને પાદશાહી સુખ હતુ, પણ સસાર—સુખની ખરેખરાં સસાર—સુખની—ગેરહાજરીથી સઘળુ ઝેર જેવુ કડવુ લાગતુ હતુ. તે હોશાનદાર દુરી જેમ જેમ જોબનમા આવતી ગઇ તેમ તેમ પોતાનો જીંદ-

ગીનાં કોઈ જોડિયાની જુસ્તેજુની આરજુ તેણીમાં વધતી ગઈ. અંતે, એક નમુનેદાર જવાને તેનું દિલ જીત્યુ.

એ જવાન કોઇજ નહિ પણ આપણો દાદીબા હતો. દાદીબા પરીનનો "મ્યુઝિક માસ્તર" હતો. પરીનને જાત-જાતના વાજિંત્રો શિખવાનો ઘણો શોખ હોવાથી તેનાં પિતાએ પરીનને શીખવવા સારૂ દાદીબાને પોતાંને ત્યાં નોકરી રાખ્યો હતો. મ્યુઝિક ઉપરાંત દાદીબા પરીનને ઇંગ્રેજી પણ શિખવતો હતો, જેથી આ બન્ને સેવાનાં બદલામાં રૂ. ૨૦૦ નો દુલ્લો દરમાયો દારાશાહ શેઠ જવાન દાદીબાને આપતા હતા.

પણ દાદીબાને મળતો આ દુલ્લો દરમાયો તેના હુન્નરની ખાસ પીછાન જેવો હતો આખાં મુબઇ શહેરમાં દાદીબા એક નામીચો વાયોલીન વજાડનાર ગણાતો હતો અને તેની કીર્તિ ઘેરે ઘેર પસરેલી હતી. વળી વાયોલીન ઉપરાત દરેક જાતના વાજીત્રો ઉપરનો તેનો કાબુ અસાધારણ ચાલાકી દેખાડનારો હતો પ્યાનો, હારમોનિયમ, દિલરૂબા, સિતાર, ગિતાર, બિન કે ફિડલ 'પ્લે' કરતી વેળા તેનો હાથ વીજળીની ઝડપ બતાવતો હતો.

વળી દાદીબા એક અસાધારણ ખુબસુરત જવાન હતો. તેના મિત્રો મશ્કેરી કરતા તેમ તેને "ખોદાયજીએ એક સ્ત્રી બનાવવાને બદલે ભુલમા પુરૂષ બનાવી દીધો" હતો! તેની મોટી બ્લુ આંખ્યો તેના ચેહરાની ખાસ ખુબસુરતી હતી. એક ખુબસુરત કપાલ પર ગુછડાદાર કસબી બાલનો સુદર સેગ શુદ્ધ કાળી મખમલની ટોપી નીચે અજબ બહાર મારી રહ્યો હતો. તેની મરોડદાર મુલાયમ ઝીણી મૂછ કોઈબી મુછાળા પુરૂષને અદેખાઇ ઉપજાવે એવી હતી. મધ્યમ કદના તે દિલખુશ ચહેરાવાળો જવાન, તનથી તદરોસ્ત અને મનથી મજબુત હતો. તેનાં સફેદ ભરેલા હાથની દુધિયા ચામડી એક એક નાજુક ખુબસુરતીનાં કોમળ ગાલ કરતાં વધૂ કોમળતા ધરાવતી હતી. તેના ગોરા ગાલ પર બન્ને બાજુએ ગોલાબી રતાસની સુર્ખી હતી, જે પેહલીજ નજરે એક જવાન સ્ત્રીનુ જીગર જીતી લેવાને પુરતી હતી.

દાદીબાને ખુદરતે બક્ષેલી આ ખુબસુરતીમા જાણે હજી કાઇ કચાસ હોય તેમ તેનું ગળુ મધુર હલક અને સુંદર સરોદવાળું હતુ. મ્યુઝિકના હુન્નરમાં તે જવાને જે વિખ્યાતી મેળવી હતી. તેમા તેનાં મધૂર કંઠનો મોટો હિસ્સો હતો. એવા થોડાજ ભાગ્યશાળી પુરૂષો હશે કે જેઓ દરેક વાજિંત્રો પર અચૂક કાબૂ ધરાવવા જોડે એક મિઠ્ઠું અને સુરીલુ ગળુ પણ ધરાવતા હોય. દાદીબા તેવા ભાગ્યશાળી નરો માંહેલો એક હતો.

આજના ઇત્તર જવાનિયાઓ જેવો તે એસકી કે અકડબાજ ન હતો. ખોટો ઇતરાટ અને ઉપરનો પોકળ ભપકો તેને બિલકુલ પસદ ન હતો. તેને સાદો પોશાક અને નિરતર સાદાઇ હમેશાં ભાવતી હતી અને પોતાના તે સાદા

પોશાકમાં ખુદરતે બક્ષેલી અસાધારણ ખુબસુરતીથી ઓરખી તે બીજા દેખાવળા જવાનો કરતાં કોઈબી મડળામા સૌથી વધૂ અને સૌથી પેહેલ્લું ધ્યાન ખેચતો હતો.

દાદીબાનો આ તો મબ્રલો બાહેરનો દેખાવ થયો. હવે તેનાં અંતઃકરણમા ઉતરીને માહેલા ગાભાની તપાસ કરીશુ.

તે જેવો ઉપરથી સફેદ હતો, તેવોજ અંદરથી પાક અને પવિત્ર હતો. અમીરી ગુણો તેની નેસે નેસમાં ફરી વળેલા હતા. ભોળાઇ અને સ્વચ્છતાં તેનાં દિલમાં રાજ્ય કરતા હતાં. નીતિવાન ચાલચલણ તેની હમેશની રેહબર થઇ પડી હતી. ભલી મનુશની અને સ્વચ્છ અંતઃકરણની ખુદાઈ બક્ષેસ તેનાં બદનની આસપાસ પોતાનો એજમતી પમરાટ પાથરી રહી હતી. અદેખાઇ, કપટ, અનીતિ કે અવિશ્વાષ તેના શરીરને કદી અડકયા ન હતા તેના ગુલબદન ચહેરાની પ્રભા પોતેજ એવો પોકાર મારતી હતી કે પેહેલીજ નજરે તેના સ્વચ્છ અંતઃકરણનો જોનારને એક તડાકે ખ્યાલ મળતો હતો.

દારાશાહ દાવરે એક મોટા મેળાવડામાં દાદીબાને પેહેલ વેહલો વાયોલિન વજાડતાં સાંભળ્યો હતો અને તેજ દિવશથી એ જવાને તેવણનુ દિલ જીતી લીધુ હતુ. પોતાની ચેહેરેનમુન બેટી પરીનને સગીતશાસ્ત્રની કેળવણી અપાવવા સાઉ કોઇ લાયક શિક્ષક તેવણ શોધતાજ હતા, તેટલા દાદીબાના ફત્તેહમદ હુન્નરે તેવણ પર તલેસ્માતિક અમર કીધાથી મેળાવડો બરખારત થયા પછી, એક મિત્રની મારફતે તેવણે દાદીબા જોડે ઓળખ પાડી અને બીજે દીને પોતાને બંગલે આવવાનુ ડિનર કીધુ. દાદીબાએ એ ડિનર માનસહિત કબુલ રાખ્યુ અને બહારવણે "દાવર લાડજ"મા "વિઝિટ" આપી. પરીનના વાજીંત્રો પર ફરી એકવાર દાદીબાનાં હુન્નરની તપાસ લીધા પછી તેવણે તે જવાનને, જો તે રાજી હોય તો, પોતાની બેટીનાં વાજિંત્ર શિક્ષક તરીકે મોટા પગારે રાખી લેવાની મરજી જણાવી.

દાદીબાને એટલુજ જોઇતુ હતુ. પોતાના ઉચા ઉન્નરની કદર પાંચે દહાડે કોઈ ને કોઇ બુજ્યા વગર રહેશે નહિ એવો તેને વિશ્વાષ હતો, જે વિશ્વાષ દારાશાહ દાવરે ખરો પાડી આપ્યાથી તે જવાન ખુશ થયો અને પોતાંની એવી કદરદાંની ઉપજાવવા કાજે મનમાં તે પાક પરવરનો આભાર સ્વિકાર્યો.

જુદા જુદાં વાજિંત્રો જોડે પરીનને અંગ્રેજી શિખવવાનું પણ દારાશાહ શેઠે દાદીબાને સોંપવા માગ્યુ, જે તેણે ખુશીથી બહાલ રાખ્યું. તેઓ વચ્ચે એવી સરત થઇ કે દાદીબાને દરમાસે રૂ. ૨૦૦) નો દરમાયો આપવો અને પરીનને જ્યાં સુધી શિક્ષણ આપે ત્યાં સુધી તેણે બીજાં કોઇને એ હુન્નરનો લાભ આપવો નહિ.

એ રીતે દાદીબા પરીચેહેર પરીનનો શિક્ષક નેમાયો. તે ભલા જવાને

ચિત્ર ૨ જુ.



દાદીબા પરીનના પ્યાના પર બસી, પરીને વજાડેલા એક Marceau-de-salon (માર્સો-ડ-સાલો)ની ભુલ તેણીને બતાવતા હતા, તેટલા ત ભુલ સ્વિકારતા "તમે કાલે તો મને જુદી રીતે બતાવ્યુ હતુ, મારા જાન!" એમ ભરમમા તેણીથી બોલાઇ ગયુ!—તેણીના હયામા વસેલા દિવસાને 'ય' એકદમ તર્ના વગર રજાએ ધડપગ નીકળી આવ્યા!

[સફે ૨૧]

પોતાને મળેલી આ ભાગ્યશાળી તકનો પ્રમાણિકપણે લાભ લેવા માંડયો. તેણે પરીનને પુરતાં ધ્યાન અને ધીરજથી મ્યુઝિક તથા ઇંગ્રેજી શિખવવા માંડયુ. પરીન બન્ને બાબદમાં થોડી થોડી કુશળ હતી, પણ દાદીબાના આવ્યા પછી માત્ર છ માસના શિક્ષણમાં તેનો અભ્યાસ એટલો વધી ગયો કે દારાશાહ શેઠથી પણ દાદીબાની મેહેનતની વખાણ કીધા વગર રહેવાયુ નહિં

વળી દાદીબા જેવા કાબેલ મ્યુઝિક માસ્ટરનાં હાથ હેઠળ શિક્ષણ લેવાને પરીન પોતે પણ ઓછી ઉમંગી ન હતી. દાદીબાનો દિલખુશ ચેહેરો પરીનને પેહેલીજ નજરે પસદ પડેલો હોવાથી એવા એક સોહામણા જવાનને પોતાનાં શિક્ષક તરીકે લોકોમાં રજુ કરવાને તેણી એક જાતની મગરૂરી માનતી હતી.

પણ જેમ જેમ દિવશો જતા ગયા તેમ તેમ કુદરતે તો એક બાજોજ રસ્તો લેવા માડયો. પરીન દાદીબા પર અને દાદીબા પરીન પર રફતે રફતે ખેચાવા લાગ્યા. દિવશનો મોટો ભાગ તેઓ સાથે રહેવા પામતા હોવાથી એક એકના સમાગમમા વધારે આવતા હતા. એ સમાગમે રફતે રફતે સ્નેહનુ રૂપ પકડયુ. પરીન અને દાદીબા પોત–પોતાનાં મનમાં અંદરને અદર મુઝાવા લાગ્યા. પરીનની ખુબસુરતી પર દાદીબા મોહિત થયો અને દાદીબાની ખુબસુરતીનો પરીન ભોગ થઈ પડી! પરીન પોતાનાં ઇંગ્લીશ લેસન કરતાં મ્યુઝિકનાં લેસન પર ઘણુજ ધ્યાન આપતી હતી અને દાદીબા જે જે નવુ શિખવતો તે બીજે દીને બરાબર વજાડી બતાવતી હતી, પણ રફતે રફતે દાદીબાને અંદરખાનેથી ચાહવા શિખ્યા પછીથી પરીનથી પોતાના લેસનો બરાબર થવા લાગ્યાં નહિં. તેણી દાદીબાને જોતાવર એટલી ઉશ્કેરાઇ જવા લાગી કે પ્યાના પર, બિચારીથી ક્યાનું આગળું ક્યાં પડી જતું હત! દાદીબા તે રમુજથી જોતો અને મઝમાં હસ્તો. તે ચચળ જવાન પાંમી ગયો કે જ્યાં છે ત્યાં પરીન તેની ઉપર ખેંચાઇ છે અને તેની ધારણા કેટલી ખરી હતી તે વાહલા વાંચનારથી અંજાણી નથી

પેહેલાં પરીન દાદીબા આવતો ત્યારે સભ્યતાથી અને સંભાળથી વરતતી હતી, પણ હવે તેણીનાં દિલનુ ખેંચાણ થવા પછી, દાદીબા બારીકીથી જોતો તેમ, તેણી હળવે હળવે તેની જોડે વધારે છુટથી ભેળાતી હતી. પ્રથમ તેણી સંભાળીને ચાલતી હતી પણ દાદીબાએ દિલ ખેંચ્યા પછી જાણી જોઇને તેનાં દિલને અથડીને પસાર થતી અને વળી ઉપરથી તે "ભૂલની માંફી" પણ ચાહતી હતી!

અંતે એક દહાડે રસ્તો આવી ગયો! દાદીબા પરીનના પ્યાનાં પર બેશી પરીને વજાડેલા એક Marceau de salon (માર્સો–ડ–સાલૉ) ની ભૂલ તેણીને બતાવનો હતો, તેટલા તે ભૂલ સ્વિકારતાં "તમે કાલે તો મને જૂદી રીતે બતાવ્યું હતુ, મારા જાન!" એમ ભરમમાં પરીનથી બો-

લાઇ ગયું ! અર્થાત: તેણીનાં હૈયામાં વશેલો દિવશોનો પ્યાર એકદમ તેની વગર રજાએ હોઠપર નીકળી આવ્યો ! "મારા જાન !" આ શબ્દ સાંભળતાંજ દાદીબાને અચરતી ઉપજવા જોડે ખટખડ હશવું આવી ગયુ અને તેમ થવાથી તે બચારો પોતે પણ તે મુંદ ફ્રેન્ચ મ્યુઝિક વજાડતો અટકી એકદમ પરીનનુ કોહુ ટીકતો રહી ગયો !

ગરીબ બચારી પરીન ! તેણી શરમાઇ ગઈ, પણ દાદીબા 'પોંહચેલનો બુટ્ટી' હતો. તેણે જોઇ લીધુ કે જે વખતની તે રાહ જોતો હતો, તે વખત હવે આવી પુગ્યો હતો. પરીનથી જે શબ્દ ભરમમા વપરાઇ ગયો તે દેખાડો આપવાને પુરતો હતો કે તેણી તેને ચાહતી હતી અને જો એમજ હતુ, તો, દાદીબા, જે તેણીને ઓછો ચાહતો નહિ હતો, તે આ કીમતી તક જતી મૂકે એટલો મૂર્ખ ન હતો !

દાદીબાએ તુર્તજ પરીનનો હાથ પ્યારથી પકડી પોતાનો પ્યાર જાહેર કીધો અને ખુશી બતાવી કે "જે તકની હુ રાહ જોતો હતો તે તક તે થઇને મને આપી આજે પુરો ભાગ્યશાળી બનાવ્યો છે. હુ તને એકાન્તમા મળવા માગું છુ"

પરીને દાદીબાને પોતાના હશતા ચેહરાથી ખુશ કીધો તેણીએ તેને એટલોજ જવાબ આપ્યો કે "આજે સાંજે હુ તમો પર એક ચીઠ્ઠી લખીશ તે મુજબ મને મલજો."

અને વાચનાર ! ઉપલા ચિત્રનુ શુ પરિણામ આવ્યુ તે આપણે આગલા પ્રકરણમાં મહાલક્ષમીને દરિયે કિનારે જોઇ આવ્યા છીએ.

પ્રકરણ ૪ થું

—:—

માય દિકરાંની મસલત.

પેલી તરફ, અરદેશર બાહદુરશાહના ગુજરી જવા પછી છ માસ વિત્યા છતાં જવાન જેહાંગીરને પોતાના ગુમ થયલા વડા ભાઈ રૂસ્તીમનો, ઘણીબી શોધ છતાં કશો પત્તો મળ્યો નહિં. પોતાના મરનાર પિતાએ મરતી વખતે કરેલી વશિયત તથા નશિયત તેનાં ધ્યાનમાં મજબૂતીથી ઠશી હતી અને તેમ હોવાથી બાહદુરશાહ ખાનદાંનનાં આ નવા ગાદી-વારસે પૈસાની કશી પરવા ન કરતાં, પોતાનાં મોટા વગ-વશિલાથી શોધ ખોળ ચલાવી; પણ ચોમેરથી જે સમાચાર આવ્યા તે એકસરખા નાસીપાસી ઉપજાવનારા હતા.

શેઠાણી રતનબાઈ તથા ખુબસુરત્ત આઇમાય પણ જેહાંગીરની મિશાલ

ગુમ થયલા રૂસ્તીમનો પત્તો મેળવવાને આતૂર હતાં, પણ જેહાંગીરે ચોબાજુએ તપાસ કરવા મોકલેલાં માણુસો એક પછી એક જેમ જેમ પાછાં ફરતાં ગયાં, તેમ તેમ તે ઉલટમંદ મા-દિકરાંઓની ઉલટ વધૂ ને વધૂ તુંટતી ચાલી. અરદેસર બાહદુરશાહ ગુજર્યા ત્યારે જવાન જેહાંગીર છ મહિનામાં પોતાના ભાઇને શોધી કાઢવાની ઉમેદી રાખતો હતો, પણ પસાર થયેલા છ મહીનામાં મળેલા અનુભવ પછી તે ઉમેદ નાઉમેદીમાં ફેરવાઈ ગઈ હતી.

"હવે કેમ કરૂં, માયજી, મે રૂસ્તીમ ભાઇની શોધમાં મોકલેલા દરેક માણુસો જેવા ને તેવા પાછાં ફર્યાંછ." જેહાગીરે એક દહાડે પોતાની મા કને બળાપો કીધો. "બાવા બેહેસ્તી થયા તે વખતે મને કીધેલી વશિયત પાળવાને હુ સરોચશમથી ખુશી છૂ, પણ મારા દરેક પ્રયત્નો ફોકટ ગયા છે ત્યારે હૂ હિમ્મત હારી જાઉછુ."

"એમ છેકજ બેસબર ના બન, જેહાંગીર!" શેઠાણી રતનબાઇએ દલગીર ચેહેરે પોતાના દિકરાને જવાબ આપ્યો. "જે કામ તારા મરનાર બાપની આખી જીદગીમા નથી બન્યુ, તે કામ છ મહિનામા તુ બનાવા ચાહશે તો કમ બનશે? તારા બાપની બોહોળી ઓળખ, મોટો વગ-વશિલો અને જાહેર આગેવાન કાણુ આગળ તારા જેવા નવા, નજીવા ને જવાન લાગવગની તે શી ગન્ત? મરહુમે પોતાની જીંદગીની એ મોટી ઉમેદ પામવા સારૂ કેવા કેવાં ફાંફા માર્યા હશે તેનો માત્ર ખ્યાલજ કરીએ તો તે આજની આપણી નાસીપાસીમાં સધિયારા સમાન થઈ પડશે. તારા મોકલેલા માણુસો પાછાં ફર્યાં છે તો ચિંતા નહિ, તુ ફરીથી કોશેષ કર અને કાઈ બીજી તરતીબ કામે લગાડ. તારી જીંદગીના બાગબી તેં આએ વચન પાળવાનુ માથે લીધેલુ છે તે તુ ભુલી કેમ જાય છે, દિકરા? તારી જીંદગીને મારા બદ્દા જી આપુ તે તુજ અખઈ રહ્યો આપણા રૂસ્તમને શોધી કાઢવામા ફત્તેહમદ થશે ને આપણું હસતું-રમતુ કુટુબ હમેશાં હસ્તુજ રહેશે. તું નાસીપાસ ને નાઉમેદ નાં બન, જેહાગીર! કોઇ પણ કામમાં ઇનસાંનને પેહેલી નાસીપાસી તો ખુદરતે સરજેલીજ છે, પણ તેથી આપણે હિમત છોડવી નહિ જોઇએ. 'નિષ્ફળતા એજ સફળતાનો પાયો છે' એમ એક વિદ્વાનનુ કહેવુ છે અને તે ખરૂ છે. માણુસને પેહેલાં કદાચ હાર મળે છે, પણ હાર મળે છે તોજ જીત મેળવવા માટે બમણો ઉમંગ પેદા થાય છે. જ્યાં હાર હોય નહિં, ત્યાં જીત હોયજ નહિં. બેહેસ્તી અરદેસરજીબા કોઈ કોઈ વાર કહેતા કે માણુસની દરેક ઉમેદ કઇ પુરી પડતી નથી, પણ તેથી કોશેષ કરવી નહિં એમ ઠરતુ નથી. આપણો ગુમ થયલો રૂસ્તીમ, તારા બાપને તેવણુની જીંદગીમાં પાછો મળવા નહિં પામ્યો, પણ તેથી તુંનેબી તે તેજ રીતે નહિ મળશે એમ સમજવુ નહિ. કદાચ જે સુખ તારા બેહેસ્તી બાપના નસીબમાં નહિં હતું તે તારા નસીબમાં સરજેલુ હોય. ઘણી વખત એવા દા-

ભલા બને છે, માટે નાઉમેદ થવુ નહિ. તુ ફરીથી કોશેષ કર, અને ખુદા તને જશ આપશે. ”

પોતાની માયાળુ માવતરની આ અસરકારક શિખામણ જેહાગીરનાં મગજપર ઝટ અસર કરી શકી. તે તમામ નાઉમેદ થઈ ગયો હતો, પણ શેઠાણી રતનબાઇનાં સુબોધક વચનોએ તેને પાછી હિમત આપી.

“ ઠિક છે, માયજી, હુ તમારા હુકમને તાબેછુ. હુ ફરીથી કોશેષ કરીશ પરવરદેગાર મને મારી જીદગીમા એટલો જશ બક્ષે અને હુ મારા મુવા બાપની ફરજમાંથી મોકળો થાઉ.”

“ તારી સાચી મનસ્ની છે, તો વ્હાલા ભાઈ, તે ગેબી સાહેબ ગેબીજ રીતે તુને મદદ કરશે એ યાદ રાખજે. ખુદા તુને તારી ઉમેદમાં સફલતા આપે!” ખુબસુરત આઇમાયે પોતાના વ્હાલા ભાઇને આશીષ દીધા.

“ માયજી, હવે આપણે એક બીજી વાતપર આવિયે ” આઇમાયે દીધેલા આશીષથી ખુશી થઈ તેણીનાં ગોલાબી ગાલપર જેહાંગીરે પ્યારથી હશીને પોતાની બે આંગળી મારતા માતા તરફ જોઇ કહ્યુ. “ હુ આજે એક બાબદમા તમારી સલ્લાહ માગુ છુ.”

“ સુખે પુછ, મારા દિકરા, જરાબી ઓસકાનો ના. ” શેઠાણી રતનબાઇએ જવાબ દીધો.

“ હુ ધારૂ છુ કે મારા ખાહેશ તમોને પસંદ આવ્યા વગર રહેશે નહિ માયજી,” જેહાંગીરે ખોલાશો કીધો. “ આપણે હાલ તુરત તો આપણા મરહુમ મુરબ્બીમીનાં ગમમાં છીએ, પણ મારો વિચાર એવો છે કે બેહેસ્તીની વરસી વિત્યા પછી આપણે મુબઈ રહેવા જઇએ. ’

‘ કાય, મુબઈ કાંય જેહાગીર ? ’’ શેઠાણી રતનબાઈ એનો કાંઇ સબબ પુછે યા જવાબ દે તે આગમચ આઇમાયે પોતાના ભાઇને સવાલ કીધો.

“ તારે લીધે. ”

“ મારે લીધે ? ” આઈ અચરત થઈ.

“ હા, તારે લીધે. ”

“ એટલે, તે શુ વળી ? ”

“ વળી શુ ? તુ હવે ઉમરે પુગીછ. હવે તારાં સાસરાં શોધવાની ફરજછે.”

“ માયજી, જુઓની, જેહાંગીર મને એમ ઘડી ઘડી ચીડવેછ ને ? પણ હું હવે—”

“ ચુપ થા, આઇમાય, જેહાંગીરને બોલવા દે. ” માતાએ દિકરીને નરમ ઠપકો આપ્યો.“ રમુજ કરવાનો એ વખત નથી, દિકરી, અને રમુજ કરવી હાલ આપણને શોભેબી નહિં. ”

આઈ ચુપ થઇ ગઇ.

"માયજી, મારો વિચાર એવો છે કે બેહેસ્તીની વરસી વીતાં આપણે મુબઈ જઇને રહીએ અને આપણી આઇને કોઈ સારાં આબરૂદાર ખાનદાનમાં આપણી ઇઝતને શોભા મળે એવે ઠેકાણે પરણાવીને સુખી કરીએ. માયજી, બાવાજીની હૈયાતી હતી ત્યાં સુધી હુ નચીત હતો, પણ હવે એ ફરજ મારે માંથે આવી છે અને જ્યાં સુધી હુ તે અદા કરીશ નહિ ત્યાંસુધી મારાં મનને શાંતી થવાની નથી."

"તારા આએ વિચારો જાણીને હુ ઘણી ખુશી છુ, દિકરા, ખુદા તુંને એવી નેક બુદ્ધિ હમેશાં આપે!" શેઠાણી રતનબાઇએ ખુશાલી જાહેર કીધી. "તારા મરનાર બાપનુ નામ અમર રાખવાનું હવે તારા હાથમાં છે અને તારી ભવિષ્યની ચાલ ચલણપરજ તે આધાર રાખે છે. તારો વિચાર નેક છે હુ તેને મળતી છુ. બેહેસ્તીની વરસી વીતાં આપણે જરૂર મુબઈ રહેવા જઇશુ."

"ત્યારે હુ મુબઈમાં આપણે સારૂ એક બગલો ખરીદ કરૂ. ?"

"સુખેથી કર, દિકરા, હજી આપણને જવાને છ મહિનાનો વિલબ છે તેટલાં નવો બંગલો ખરીદવા અને તેને ફરનીસ્ડ કરવાનો આપણા કારભારીને પુરતો વખત મળશે."

"પણ માયજી, મુંબઈમાં બેહેસ્તીનો એક બગલો છેની ?" આઇએ પુછ્યુ.

"હા, પણ હાલમાં તે રોકાયલો છે બેહેસ્તીએ પોતાના એક અંગત મિત્રને વગર ભાડે વાપરવા આપેલો છે અને તેવણનાં રૂહના માનને ખાતર આપણે તે બંગલાને બદલે બીજો બંગલો આપણા રહેઠાણ સારૂ પસદ કરવાની જરૂર છે."

"વળી આપણા નામ મુજબ આપણે વાલકેશ્વર તરફ બડેખાંઓમાં રહેવુ જોઇએ. હમણાજ મને ખબર મળી છે કે મુબઇનાં એક માતબર શેઠિયાનો વખત બારીક આવી જવાથી પોતાનું મેહેલ જેવું મકાન તેવણ વેચવા નીકળ્યા છે. મારી મરજી છે કે હું તે જાતે જઇને જોઇ આઉં અને નજર પુગે તો ખરીદી લઉ."

'સુખે સિધાર, દિકરા, સાથે બે પાંચ અનુભવીઓનેબી લેતો જજે કે તુંને સારી સલાહ મેળવવા કામ લાગે આપણે મુબઇ જઇને વશિયે તેમાં એક નહિ પણ અનેક લાભ છે."

"તે શુ, માયજી?" અધીરી આઈ પાછી પુછવા પડી.

"તુને એકલીનેજ પરણાવવાની મને કાળજી નથી, દિકરી, પણ સાથે લાગો મારો જીભરાયો જેહાંગીર બી—"

"માયજી, માયજી, હમણાં એ વાત કરવાનો વખત નથી."

"નથી કેમ? હું એમાં આડું શું બોલુંછ, દિકરા ?"

"મને પેહેલા મારી ફરજ બજાવવા દેવો. મારી ગરદન પર બે મોટી ફરજ લટકેલી છે તેનો નિકાલ થવા દેવો—પછી સૌ થઈ રહેશે. મને મારી ઉતાવળ છેજ નહિ."

"ને ખરૂ દિકરા, પણ મને બા મારૂ ઘેર વાજતુ—ગાજતુ જોવાની ઉમેદ છેની મરૂ ?

"સૌ થયા કરશે.'

'હવે કાંય 'સૌ થયા કરશે ' જેહાંગીર ' આઈ અહીં બોલી ઉઠી 'મને તો તું ઉઠતાં ને બેસતાં ચીડવતો હતો ને હવે પોતાની વારી આવી ત્યારે કેવો જવાબ આપેછ ? નહિ, માયજી, મારા ને જેહાંગીરનાં લગન એકજ દહાડે થાય એમ કરજો."

"કદી બને નહિં એક તરફ તને પગણાવવાની તથા બીજી તરફ આપણા ગુમ થયલા રૂસ્તમભાઇને શોધી કહાડવાની ફરજમાંથી ખુદા મને મોકલો કરે નહિ ત્યાં સઘી હું કદી પરણવાનો નથી એમ આજે હુ કસમ લેઉંછ."

પ્રકરણ ૫ મું.

બાહાદુરશાહવાળાંઓ મુંબઈમાં.

ઉપલા પ્રકરણમા બનેલી બાનાને નવ માસ વહી ગયા પછી બાહાદુરશાહવાળાંઓ મુંબઈ જઈ વસ્યા. તેઓએ પેલા બારીક વખતમા આવી પડેલા કોઈ માતબર પારસી શેઠિયાનો મેહેલ ખરીદી લીધો અને તેમાં કીમતી ફરનીચર ગોઠવાવીને તેને શેઠાણી રતનબાઇએ "જેહાંગીર કેસ્ટલ" નુ ભપકાદાર નામ આપ્યુ.

આ "જેહાંગીર કેસ્ટલ ' આપણા મિત્ર શેઠ દારાશાહ દાવરના "દાવર લાડજ" થી સ્હેજ દૂર હતો બાહાદુરશાહવાળાંઓ મુંબઈ આવી વસ્યા પછી એકાદ—બે મહિનામાજ આસપાસનાં રહેવાશીઓ જોડે પળોટાઈ ગયાં, જેમાં દારાશાહ દાવરના કુટુંબ જોડે તેઓને જોતાં—જોતાંમાં ઘેરવટ જેવું થઈ ગયુ.

જવાન જેહાંગીરને સુરત કરતાં મુબઈ ઘણું પસંદ હતું. મુબઇની મોજ મજાહ સુરતની શાન્ત ચુપકીદી પર, બાહદુરશાહની ગાદીનાં આ જવાન વારસાનાં ભેજામાં વખત જતે એટલી જડ—મૂળ થતી ગઈ કે તે પોતાના સ્વદેશ સુરતને લગભગ ભૂલી ગયો ! આ સઘળું ગુલજાર મુંબઈ નગરીની અચૂક બલિહારીનાં પ્રતાપે હતું, કે જે પ્રતાપ કઈક માતબરોને નડયા વગર રહ્યો નથી !

મુંબઈ આવી વસ્યા પછી બાહદુરશાહવાળાંઓ બે—ત્રણ માસમાં "નવાં

જુનાં " થઈ ગયાં. દર દહાડે તેઓની ઓળખ એટલી વધતી ગઈ કે મોટાં મોટાંઓને ત્યાં તેઓને " રિટર્ન વિઝિટ " જવું પડતું હતું. અરદેસર બાહદુર-શાહની વરસી વીતી ગયલી હોવાથી શેઠાણી રતનબાઇએ પણ શોક મૂકી દીધો હતો અને પોતાનાં બેઉ વાહલાં ફરજંદો જોડે દરરોજ કાંઈ ને કાંઈ મોજમાં સામેલ થતાં હતાં. મરહુમ અકાબર અરદેશર બાહદુરશાહનું નામ મુંબઈનાં માતબરોમાં અજાણું નહિં હતું. તેવણની દોલત, ઇઝત, મોભો, ટેક, આબરૂ તથા જાહોજલાલી સર્વે કોઇને જાણીતી હતી. સુરતનાં એ બાહદુરશાહવાળાંઓ આગળ મુંબઇનાં માતબરો " નહિ જેવા " હતા.

વળી દારાશાહ દાવર, જેવણને પોતાના અમીરી ખાનદાનનું અભિમાન જેવુ તેવું નહિ હતું, તેવણ, આટલા અરસામા તો પોતાની પડોશમાં આવી વસેલાં આ બાહાદુરશાહવાળાંઓની બાદશાહી મોટાઈ જોઈ અંજાઈ ગયા હતા. પોતાની ખુબસુરત બેટી પરીનના હાથનો ભવિષનો ઉમેદવાર જો તેવણનાં હૈડામાં કોઈ પેહેલ વેહેલો પેવશ થયો હોય તો તે આ સુરતવાસી બાહદુરશાહ ખાનદાનનો નવો નર્બારો જવાન જેહાંગીર હતો! જેહાંગીર જેવો જમાઈ દારાશાહ દાવરને આગુગમતો હોય એ બનેજ કેમ? તેની જાહોજલાલ જીંદગીથી તેવણ એટલા અંજાઈ ગયા હતા, કે પોતાનાજ ખાનદાનને ચઢિયાતું ગણવાની તેવણની ગર્વિષ્ટ કુટેવ કોણ જાણે ક્યાજ નાશી ગઈ હતી?

" કેવો સરસ છોકરો છે! " એક દહાડે દારાશાહ દાવરે પોતાનાં ધણીયાણી મેહેરબાઈ આગળ સતોષ દેખાડયો " શિખેલો, કેળવયલો, ખુબસુરત, માતબર, નમનતાઇવાળો ને નસીબવાન! ખરેખર, એ છોકરો આપણી પરીનને લાયક છે. '

" એનુ ખાનદાન કેવું છે, દારાશાજી? " પોતાનાં વરની ખાશિયત પોતાને સારી પેઠે ખબર હોવાથી મેહેરબાઇએ તુરત યાદ આપી. " એનું ખાનદાંન કેવું? "

" ખાનદાંન પુછેછે? એ બાહદુરશાહવાળાંઓ જેવું અમીરી ખાનદાંન પારસીઓમાં કોણનુ છે તે તો બતાવ? " દારાશાહ શેઠે કોર મરડી.

" ત્યારે આપણા ખાનદાનથીબી એ ખાનદાન ઉચું કે? " મેહેરબાઇએ પોતાના ગર્વિષ્ટ ભરથારને ભરમમાં તાણો માર્યો.

" બેશક ઉંચું—એક નહિં પણ સાત વાર ઉંચું! "

" ત્યારે આપણી પરીનનાં હાથની એ જવાન કદાચ ઉમેદવારી કરે તો તમે કાંઈ વાંધો તો નહિંજ લેવોની? "

" બચિત્ત નહિં; પણ મેહેરી, એમ બનવું મુશ્કેલ છે. " દારાશાહ શેઠે લગાર મોહડું કુમળાવી પોતાનાં દિલનાં ખરા વિચારો જાહેર કીધા. " એ બાહદુરશાહવાળાંઓ આપણી દિકરીને વહુ કરે એમ માનતાં મને આંચકી

લાગે છે. એ રતનબાઈ બાહદુરશાહ પોતાની મોટી દોલત અને અમીરી ખાનદાનપર ઘણી મગરૂબ છે. જો પરીનની ખુબસુરતી જેહાંગીરનું દિલ જીતી લે, તો હું તેને આપણા મોટા ભાગ્યની નિશાની સમજુ! પણ એમ બનવું મને તો શકમદ લાગે છે. કોણ જાણે એની ઉપર કોણ કોણની નજર હશે અને એની પસંદગી ખુદાને ખબર કે ક્યાં ઉતરશે. એટલુ છતાં, આપણી સાથે એ લોકોને હમણાં–હમણાં વધૂ ને વધૂ ઘેરવટ જેવું થતું જાએ છે એ ખુશીની વાત છે. તુંને મારી સલ્લાહ છે, મેહેરી, કે આપણી પરીન જેમ બને તેમ જેહાગીગીરનાં સમાગમમા વધારે આવે અને એ બેઉ વચ્ચે પરસ્પર પ્યાર વસે એવી તકો મેળવવાની તે તજવીજ કરવી. કદાચ એમાથી આપણી ધારેલી ઉમેદ બર આવશે."

જે હાલત દારાશાહ શેઠની હતી, તેજ હાલત મેહેરબાઇની હતી. તે વણ જેહાગીર બાહદુરશાહની જાહોજલાલી જોઈ પોતાનાં પતિની મિશાલ અંજાઈ ગયાં હતાં. "જેહાંગીર જેવો જમાઈ બીજો કોણ મળવાનો છે?" એ સવાલ તેવણ અનેકવાર પોતાના અંતઃકરણને પૃછી રહ્યાં હતાં.

"હું તમારા મતને મળતી છું, દારાશાજી," મેહેરબાઇએ જવાબ આપ્યો. "પરીનને જેહાંગીર તરફ વ્હાલ બતાવતી જોવાને હુ ખુદાના ઘેર સુધી ખુશી થઇશ, પણ સબર કરો. પરીનને પોતાને જેહાગીર નહિં ગમ્યો તો? પરીનની પોતાની પસદગી એ જવાન પર નહિં ઉતરી તો?"

"તુ કાંઈ ગાડી છે, મેહેરી?" દારાશાહ શેઠ પોતાને આ નહિ રૂચે એવું સંભાષણ સાભળી ચીચવાઇ પડયા. "એવો ખુબસુરત, એવો દોલતવાન અને એવો ભાએગશાળી જવાન પરીનને પસદ નહિં આવે એમ કદી બનેબી? પરીન તો એની સાથ પરણવાને એક પગે કુદી રહી હશે એમ મને લાગે છે. અને તે કરતાં તું કહે છે તેમ પરીનની પસંદગી જેહાંગીવપર નહિંબી ઉતરે તો તેની શી ચિંતા છે? પરીનને સમજાવતા કેટલો વાર? એ છોકરી નહિં માનશે તો તેને હું ફરજયાત મનાવીશ, પણ મારી બનતી કોશેષે જેહાંગીર જેવા જવાનને જમાઈ કરવાની તક ખોહીશ નહિં."

ધણી–ધણીઆણી વચ્ચે આ વાત ચાલતી હતી તેટલાં પરીન પોતે ત્યાં આવી લાગી.

"બાવાજી, આવતા બેહરામ રોજે મારી શાલગીરેહ છે તેથી ભેસાંનિયાને ત્યાંથી મારી પસંદગીની એક સાડી લાઉ? તમારી રજા છે?'

"તુંને મેં કહી ચીજ ના પાડીછ, દિકરી, એમાં પુછવાનું શું છે? જા સુખેથી સાડી ઉપરાંત તુને જે ગમે તે લઈ આવ. જો સાંભલ, આએ વખતની તારી શાલગીરેહ હું ધામધુમથી પાળવા માગુછ, તેથી ખાનને ત્યાંથી કાંઈ હીરાની જનસબી તારી પસંદગીની લેતી આવજે."

"વાહ બાવાજી, ત્યારે તો હું વરસને દહાડે પહેરવાના બધાં કપડાં મારી પસંદગીનાં નવાંજ ખરીદ કરસ." એમ બોલતી પરીન હસ્તે ચેહરે તે ઓરડો છોડી ગઈ.

"એવી ખુબસુરત દિકરીને જેહાંગીર કેમ પસંદ નહિં કરશે?" બાવાનું હૈયું દિકરીની ખુબસુરતી પર હરખાઈ ગયું. "ખુદા કરેને પરીનનાં દિલમાં ફરેસ્તા વસે. એ દિકરી જો જેહાંગીરને પોતાની પસદગી આપે તો આપણું અરધુ કામ ખલાશ થયું એમ જાણવું."

"પણ તમે એની પસંદગી પુછતા કાંય નહિં?" મેહેરબાઇએ દાવરશેઠને સવાલ કીધો.

"પસંદગી? કોણની? પરીનની?"

"હા, આપણી પરીનની."

"હમણા નહિ પુછાય, મેહેરી. એ વાત આપણાથી હાલ પરીન આગળ નહિં થાય"

'કાય નહિ થાય?"

"તેનુ કારણ છે. જો એ જેહાગીરને ચાહતી નહિં હોય તો તેનો 'નાં'નો જવાબ આપણને 'હા' માં ફેરવવો પાછળથી ભારી પડશે. હમણાં તો એને એનાં ખ્યાલમાં રમવા દેવામાં ડહાપણ છે. હજી તો હમણાંજ જેહાંગીર આપણે ત્યાં આવતો-જતો થયો છે, જે આવવું-જવું વખત જતે એઉનાં દિલ ખેંચનારૂ થઈ પડે એમાં નવાઈ નથી. પરીનની પસંદગી જવાન જેહાંગીર પર ભવિષમાં જરૂર ઉતરવી જોઇએ એમ હું ધારૂંછ. પછી તો જે કાંઈ પરવરદેગારનો હોકમ."

આટલી વાતચીત કરીને દારાશાહ શેઠ બાહેર સિધાર્યા.

પ્રકરણ ૬ હું.

પરીનની વર્ષગાંઠ.

બેહેરામરોજે "દાવર લાડજ" માં પરીનની શાલગીરેહ પડી. એ શાલગીરેહની ખુશાલીમાં દારાશાહ દાવરે પોતાનાં દોસ્ત-આશનાઓ તથા ઓળખીતાં-પીછાણતાંઓને સહવાર-સાંજ પોતાને ત્યાં જમવાનું ઇજન કીધું. અબલતાં, દાવર શેઠની, આ વરસગાંઠ ધામધુમથી પાળવામાં એક ઉંડી મકશદ હતી. તેવણે નોત્રેલાં પહરોણાંઓમા બાહદુરશાહવાળાંઓને તેવણ ભુલ્યા નહિ હતા.

શેઠાણી રતનબાઈ, જવાન જેહાંગીર અને ખુબસુરત આઇમાય દારા-

શાહ દાવરનાં ધ્રજનને માન આપી પરીનની શાલગીરેહની મજાહ ભોગવવા ખુશીથી શામેલ થયાં. દારાશા'હ શેઠે એ બાહદુરશાહવાળાંઓને અસાધારણ માનથી આવકાર આપ્યો અને આખો દિવસ બીજાઓ જોડે તેમની અમીરી પહરોણુાગત કીધી.

પરીનનો પોશાક અસાધારણ કીમતી હતો, તે પરીચેહેર પુત્ળી પોતાની મોહક કાન્તીથી આજે કાંઈ ઓર દેખાવમાં દીપી રહી હતી. બાહદુરશાહનાં જેહાગીરે ખાણાં પર પ્રચ્છેલી તેની મુબારક શાલગીરેહનો જવાબ આપતાં તેણીએ સુંદર સખુનોની જે હાર માળા પોતાની નાજુક વાકચાતુર્યથી રજુ કીધી. તેની મીઠી અસર તે ટેબલપર બેઠેલા દરેક મગજ પર થયા વિનાં રહી નહિં. બાહદુરશાહનાં જેહાગીરે, પોતાની પરીચેહેર બેટી પરીનની વરસગાઠ મુબારક ઇચ્છી એ બનાવ ખાસ કરીને દારાશાહ શેઠને તથા તેવણના ધણીઆણી મેહેરબાઇને હરખથી છલકાવી નાખવાને પુરતો હતો. જેહાંગીર પરીનપર વધુ ધ્યાન આપે એવું જોવાને તો તેઓ ઇચ્છતાજ હતા ત્યારે તેનુ આ પગલુ તેમને ખુશી ઉપજાવનારૂં થઈ પડે એમા શક કે સંદેહ જેવુ થોડુંજ હતું.

પણ આજની વર્ષગાંઠ દરમ્યાન " દાવર લાડજ " મા બનેલા એક બીજો બનાવ ખાસ નોંધવા લાયક હતો. એ બનાવ કાઇજ નહિં પણ પોતાના વ્હાલા દાદીબાને જેહાંગીર જોડે પરીને " ઇનટ્રોડયુસ કીધો તે હતો. દાદીબાનો ખુબસુરત ચેહેરો જોતાંજ જેહાંગીર અચરતીથી દંગ થઈ ગયો અને એક પુરૂષ એક પરીચેહેરે પુતળી જેવી અસાધારણ ગોરી ચામડી ધરાવે એ ખ્યાલે તેને પુરો અચરતીમાં ગરકાવ કરી દીધો.

" કેવો ભાગ્યશાળી પુરૂષ છે ! " તે મન સાથ બબડયો. " એવી ખુબસુરતી ખુદાએ મને કાં નહિં આપી ? લોકો કહે છે કે હુ ખુબસુરત છુ, હુ ધારતો હતો કે હું ખુબસુરત છુ પણ આ જવાન પુરૂષનાં ચેહેરાની કમાલ્યત જોઈ હું બસ હેરત થઈ ગયો છું. ખુદરતની બેહિસાબ કારીગીરીવાળી પીચ્છીએ આ નકશ ચિતારવામાં ખરેખર અવધી કીધી છે ! હું તો એની પાસે જાણે પાણી ભરૂં છું ! "

દાદીબાની ઓળખ કરાવ્યા પછી પરીને જેહાંગીરને તેનાં ઉમદા 'મ્યુઝિક'ની મઝાનો પણ ખ્યાલ અપાવ્યો. ખુદરતની એ રીતની બેવડી બક્ષેષ ધરાવનારા આ જવાનને જોઈ જેહાંગીર ખરેખર હેરત થઈ ગયો.

" કેવું મધુર ગાયણ છે—વાજિંત્રમાં વજાડેલું એવું મધુર ગાયણ મેં કદી સાંભળ્યું નથી. " જેહાંગીરથી બોલ્યા વિના રહેવાયું નહિં.

"થેંકયુ મી૦ બાહદુરશાહ" દાદીબાએ જવાન જેહાંગીરનો ઉપકાર માન્યો. " એકજ ગાયણમાં મારી કદરને પુગી વલવા માટે હું તમારો આભારી છુ."

પોતાનાં વ્હાલા દાદીબાની આ પ્રશંસાથી પરીનનું હૈયું હર્ષથી ઉભાઈ ગયું.

"હજી તો મારા માન ત 'મ્યુઝિક' માસ્તરની એક બીજી ખુબીથી તમો અજાણ્યા છો, મી૦ જેહાંગીર," પરીન હશીને બોલી. "એવણ ગાયણ વજાડવામાં જેટલાં કુશળ છે તેટલાંજ ગાવામાં બાહોશ છે અને ઘણો મિઠ્ઠો સરોદ ધરાવે છે."

ખુબસુરત આઇમાય, જેણી આ પ્રસંગે હાજર હતી, તેણી પણ દાદીબાની આ કુદરતી બક્ષેસો પર મોહિત થઈ હતી અને જ્યારે તેણીએ જાણ્યુ કે દાદીબા એક મધુર કંઠ પણ ધરાવે છે, ત્યારે તેનાં એકાદ રસીલાં ગાણાની મઝા ભોગવવાની પોતાની ઇચ્છા પરીનને તેણીએ ખુલ્લા શબ્દોમાં જણાવી દીધી.

પરીનની ફરમાશથી દાદીબાએ આ અરજ ખુશીથી બ્હાલ રાખી.

"પરીન બાનુની આજની શાલગીરહેની ખુશાલીમાં મેં જોડેલું બંદગીરૂપી ગાયન હું ખુશીથી તમારી સેવામાં ગાઈ બતાવીશ." દાદીબા બોલ્યો અને હારમોન્યમનાં સરોદ સાથે તેણે મધુર કંઠથી નીચે મુજબ લલકાર્યું:—

માલકોશ.

'કરમ કર મેલે હાલ પર"—(રાહ)

મદદગાર થા ઓ સખી તાજદાર! અહુર! છે ગતી તાહરી બેકિનાર!
સરસ તુજ સુલ્તાન છે જહાંનનો, છુપો તું અશો ને મહા શાનનો. ૧
જનમ આજ જેનો થયો છે જગે, ખુશી બક્ષ તેની રબા! તું રગે;
મુબારક થજો આજનુ નેક સાલ! રહો માસ બારે હમેશાં ખુશાલ. ૨
મુરાદો સફલ નેક હોજો બધી, ઉમરમાં જુઓ એક આખી સદી;
ગુજારો ખુશીમાં સરસ આય વર્ષ, વશો નિત્ય દિલજાનમા સપ–હર્ષ. ૩

દાદીબાના સુંદર સરોદે ગજાવી મુકેલી ગર્જનાથી બીજા પહરોણાંઓનું ધ્યાન પણ ત્યાં ખેચાયા વગર રહ્યુ નહિ દારાશાહ દાવર તથા તેવણનાં ધણીઆણી પોતાના મેહેમાનોને દાદીબા ગાતો હતો ત્યાં લઈ આવ્યાં, અને જ્યારે ગાયન પુરૂં થયુ ત્યારે એકેએક જણે વખાણ્યુ. બાહદુરશાહનાં જેહાંગીરે આ ગાયન પુરૂં થતાં પોતાની આગળી અજાયબીઓમાં બેવડો ઉમેરો કરી લીધો. પોતાની બેટીને માટે એવા એક કાબેલ 'મ્યુઝિક' માસ્ટરની મદદ મેળવવા થકી સર્વ કોઈ દારાશાહ શેઠને મુબારકબાદી આપવા લાગ્યા. દાવર લાડજની ભભુકદાર રોશનીથી તે સાંજે દીપી નીકળેલાં દિવાનખાનાને દાદીબાનાં ખુબસુરી સરોદે મોડી રાત સુધી એવું મેહેલાવી મુકયુ કે છુટાં પડતી વેળા દરેક જણે દાદીબાને ખાસ જૂદી મુબારકબાદી આપતાં જવાની અગત્ય પિછાંણી. એ રીતે પરીનની વરસ ગાંઠ મોટી ધામધુમ સાથ વાજતે ગાજતે સમાપ્ત થઈ.

પ્રકરણ ૭ મું.

ચાંપી જોયલો ચોખો.

વરસગાંઠની બાહારવણે દારાશાહ દાવરે નાસ્તાની ટેબલ પર પરીનનો ચોખો ચાંપી જોવાની તક લીધી. પોતાની કાંઇ ઘણી અગત્યની વાત હોય તે નાસ્તાની ટેબલ પર કહાડવાની દાવર શેઠને આદત હતી અને તેવી વખતે નોકર નફરોને તે ઓરડો છોડી જવાનો હુકમ થતો હતો.

ટેબલ પર ફક્ત ત્રણજ જણાં હતાં. દારાશાહ પોતે, બીજાં તેવણનાં ધણીઆણી મેહેરબાઇ અને ત્રીજી પરીન. પોતાની ગઈ કાલની વર્ષગાંઠ કેવી ખુશાલ નીવડી તેનાં ખુશ ખ્યાલો કરતાં નાસ્તો જમવામાં તેણી રોકાયલી હતી તેટલાં દારાશાહ શેઠ બોલ્યા.

"દિકરી પરીન, કેમ, શું વિચારમાં છે? ગઈ કાલની તારી શાલગીરેહ વિષે તેં શું ધાર્યું? તે ફત્તેહમંદ નીવડી ખરી કે?"

"ફત્તેહમંદ નીવડે કે નહિં તે તો આખા બાર માસ પૂરા થયા પછી જણાશે, બાવાજી," પરીન હસતે ચેહેરે બોલી. "પણ કાલની વરસગાંઠ મારી ધારણા કરતાં વધૂ ધામધૂમ ભરેલી પસાર થઇ એમાં તો શક નથી,"

દારાશાહ શેઠ હરખાઈ ગયા. પરીનનાં ઉપલા સખુનોથી તેવણને ખાસ ખુશાલી એટલાં માટે ઉપજી કે તેવણનો ખરચેલો પૈસો ગવાયો હતો. વળી પરીને "કાલની વરસગાઠ" ને "ધામધૂમ ભરેલી" કહી તેવણને પૂરા હરખાવ્યા હતા, કાં'કે બાહદુરશાહનાં જેહાંગીરની સોબતમાંજ પરીને આખો દિવસ પસાર કરેલો હોવાથી તેણી તે જવાન તરફ તેટલા અરસામાં તેવણની વકી મુજબ ખેંચાઇ પણ હોય એ તેવણને બનવાજોગ લાગતું હતું,

"મારો ખરચેલો પૈસો ચીઝ થયો એટલે બસ. પણ મેહેરી," દારાશાહ શેઠે પરીનને ખુશાલીમાં જોઈ પોતાનાં ધણીઆણી જોડે રસથી વાત કરતા હોય તેમ ચલાવ્યુ, કે જેમ કરતાં પરીનનાં મોહડાં પર પોતાની વાતચીતથી કેવો ફેરફાર થાય છે તે બાજે ડોળે જોઇ લેવાને તેવણ ચુક્યા નહિં. તેવણની નેમ પરીનને પાધરે પાધરો સવાલ કરવાની ન હતી, પણ મેહેરબાઈ જોડે વાત કરતા હોય તેવા રૂપમા તેણીની લાગણીની પરિક્ષા લેવાની હતી. "પણ મેહેરી, કાલે આપણી પરીનને શાલગીરેહ મુબારક ચાહતાં બાહદુરશાહનાં જેહાંગીરે કેવા સુંદર સખુનો કહ્યા તે તેં ધીરજથી સાંભલ્યા હતા કે? કેવો ખુબસુરત ને બાહોશ છોકરો છે! કેવો દોલતવાન ને અમીરી જવાન છે! પારસીઓમાં એવા નમુનેદાર જવાનો થોડાજ મળશે."

પોતે જાણે પોતાનાં ખ્યાલમાંજ બોલતા હોય અને પરીનને સંભળા-

વવાની તેવણુની કશી નેમ ન હોય એવો દેખાવ કરીને 'દારાશાહ શેઠે પરીન નહિં જોય તેમ તેણીનાં ખુબસુરત મુખડાપર કાંઈ રતાશ ચઢી આવ્યો છે કે નહિ તે જોયુ, પણ પરીન નીચી મુડીએ પોતાનો નાસ્તો એક સરખી ધીરજથી—કશા પણ ફેરફાર વગર—ખાતી જણાઇ. તેણી પિતાનો ખવાશ બરાબર રીતે જાણુતી હતી અને પોતાના કુળને માટે એ દારાશાહ શેઠ કેટલો ગર્વ રાખતા હતા તે તેણીને ખબર હોવાથી બાહદુરશાહનાં જેહાંગીરની તેવણે કરેલી વખાંણુથી પરીન લગાર અચરત થઈ. તેણીએ નાસ્તો ખાતાં ખાતાં એકવાર તેવણુનાં ચેહેરા પર નઝર વટીક કીધી, પણ દારાશાહ શેઠે પોતાની નઝર તેણી પરથી અસાધારણ ચાળાકીથી ઝટ ફેરવી નાખીને તેણીને શકમંદ થતી અટકાવી.

પણ પરીન હવે ન્હાની ન હતી. પોતાના પિતાનો માર્મિક હેતુ તેણીને સમજી જતાં વાર લાગી નહિં. દારાશાહ શેઠ એમ સમજ્યા કે પરીન ચેતી નથી, પણ ચગરી પરીન ક્યારેજ ચેતી ઉઠી હતી. "જ્યાં છે ત્યાં બાવાજીની મરજી બાહાદુરશાહનાં જેહાંગીરને પોતાનો જમાઈ કરવાની છે" એમ તે પોહચેલ પુત્રી પાંમી ગઇ '

'ખુબી તો એ છે, મેહેરાં. કે જેહાગીર દોલતની રેલછેલ વચ્ચે ઉધરેલા છતા આજનાં જવાનો મિસાલ ચિબાવલો કે ચાકલેટ નથી." દારાશાહ શેઠે થોડો વાર રહીને પાછું ચલાવ્યુ. જાણે પરીન નાસ્તા પર હાજરજ નહિં હોય અને તે બે માટી–બૈયર વચ્ચેજ વાત ચાલતી હોય, એવી ટપથી દારાશાહ શેઠ વાત કરતા હતા તથા અસેમસે પરીન તરફ બાળી આંખે જોવા છતાં જાણે તેવણુનુ તેણી પર કશુ ધ્યાંનજ નહિં હોય એવી બેદરકારી ઉપરથી ધારણ કીધી હતી.

પણ પરીન સઘળું પામી ગઈ હતી. "આજે બાવાજી જ્યાં છે ત્યાં મારા કાંન ખોલે છે." એમ મન સાથે બરબડતી તેણી ગુપચુપ નાસ્તો જમતી હતી.

"ખરૂં છે, દારાશાહજી, એ જવાન જેહાંગીર મનેબી ઘણો ગમેછ." મેહેરબાઇએ પોતાનાં પતિને ટેકો આપ્યો. તેવણ પણ પરીન તરફ અસેમસે ડોકિયું કરી ધણીની ટપ પર ચીબાં થતાં હતાં, તો જો કે તુરત મોહડુ ફેરવી લેવામાં દારાશાહ શેઠ જેટલી ચપળતા તેવણમાં નહિં હોવાથી પાહવરદી પરીન વારંવાર તેવણુને પકડી પાડતી હતી! "આપણી પરીને તેની આખો દહાડો અચ્છી માવજત કીધી ને એ બાહદુરશાહવાળાંઓ જાણે આપણા પોતાનાજ હોય તેમ આખો વખત બધાં સાથે ભેળાઇ ગયાં હતાં."

આ વાતચીત ચાલે છે તેટલાં પરીન નાસ્તો અધુરો મુકી જવા ઉઠી, જે જોઈ દારાશાહે પુછ્યું: "કેમ પરીન? હજી તો અમે અરધું જમ્યા નથી

તેટલાં તારો નાસ્તો પુરોબી થઈ ગયો કે ? કેમ, શુ છે દિકરી, કંઈ જીવને અસુખ તો નથીની ?"

"નહિં બાવાજી.'

"ત્યારે નાસ્તો કાંય નહિં જમી ?"

"રાતે મોડુ ખાધેલું હોવાથી મને ભુખ નથી, બાવા."

"પણ તેથી શું થયું ? આપણે હજી તો હમણા નાસ્તા પર બેઠા તેટલા તેં તારો નાસ્તો કેમ ખાધો ?"

"તમે વાત કરવામાં રોકાયલા છો, બાવા, ને હું મુગે મોહડે જમતી હતી." દિકરીએ બાપને યાદ આપી.

"પણ ત્યારે તેં વાતમા ભાગ લેવો હતો ક તારો નાસ્તો અમારા કરવાં જલદી પુરો નહિં થઈ જતે !" દારાશાહ શેઠે પરીનને બોલવામાં તુરત પકડી પાડી. "આજની વાતચીત કાંઇ એવી નથી કે જેમાં તું ભાગ નહિં લઈ શકે, દિકરી ? મને તો તું નાસ્તાપર છે એમ ખ્યાલબી રહ્યો નહિં, નહિ તો હું થઇને તુંને વાત કરાવતે. વારૂ ચાલ, નાસ્તો ખાઈ રહી તો કાંઈ હરકત નહિં, પણ હાથ ધોઇને મારી પાસે આવી બેસ."

"બાવાજી, દાદીબાનો આવવાનો વખત થયોછ." પરીને અહીંથી જલદી જતી રહેવા ચાહવાથી બાપને બાંહાંનુ બતાવ્યુ. "ગઈ કાલની ગરબડમાં મારાથી મારૂ 'મ્યુઝિક' નુ લેસન થયુ નથી, તેથી મને માફ કરો. દાદીબા મને ઠપકો આપશે."

"કાંઈ ફિકર નહિં, દિકરી, દાદીબા સારી પેઠે જાણેછ કે કાલે તારી શાલગીરેહ હતી." પિતાના ટેકામાં માતાજી મેહેરબાઇએ ઉમેરો કીધો. "શાલગીરેહ જેવા ખુશી ખુશાલીનાં દહાડા પર કોઈ લેસન–બેસન કરવા બેશે નહિ. તને દાદીબા ઠપકો આપવાનોજ નથી ને સમજુ ને સ્યાણો છે. તે કરતા, તને ઠપકો મળવાનો ધાસ્તીજ હોય તો હુ દાદીબા આવ્યા બરાબર તેને તારૂ આજનું લેસન તને માફ કરવાની ભલામણ કરસ."

ગરીબ બચારી પરીન ! તેણી લાચાર થઈ. પિતા જોડે માતાની પણ મરજી જોઇને તેણીથી વધૂ બોલી શકાયુ નહિં. દારાશાહ શેઠની પડોશમાંજ એક ખાલી ખુરસી પર તેણીએ હાથ ધોઇને જગ્યા લીધી.

'દિકરી પરીન, એ બાહદુરશાહની આઇમાય તો થોડા વખતમાં તારી સહી થઈ પડીછ, હો ?" ઠાવકા બાપે ઠાવકે પણે હશીને પોતાની મુળ મકશદ પર લાવવા માટે પ્રથમ અત્રાફનો સવાલ પકડયો. "ધણી મજેહની છોકરી છે ! એનો સ્વભાવ કેવો માયાળુ છે ! એવાં ખાનદાની માણસો જોડે આપણે જેમ વધુ સંબંધમાં આવીયે તેમ આપણુને વધુ માન છે. બાહદુરશાહનાં રતનબાઇએ તો કાલે જેહાંગીરને ને આઇને તુ દાદીબાનુ મ્યુઝિક સંભ-

ચિત્ર ૩ જું.



[બ્લૉક—૭૦ નં૦ ખરેઘાટ

“માયજી—માયજી, હું ઈચ્છુ છ કે તમે એ વાત બંધ કરો!” પરીને પોતાની બન્ને આંખ્યા ઉપર હાથ ઢાંકી દઈ માથું ટેબલપર નાખી દેતા કહ્યુ મારા દિલનો ભે—ભે—ભેદ તમે શું જાણો, મારા માય!” અને અહીં પરીનની આંખ્યામા આંસુ આવી ગયા

[સફે ૩૫]

જાવતી હતી, ત્યારે દૂરથી તમો લોકોને સાથે ભેળાયલાં જોઈ મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું હતું કે 'જુઓ દારાશાહ, તમારી પરીન ને મારી આઈ વચ્ચે એટલા વારમાં કેવું સહીપણું થઈ ગયુંછ!' મારી તુંને ભલામણ છે, દિકરી, કે એવાં સારાં માણસોની સંગતથી તે કદી દૂર રહેવુ નહિ. પણ તું જાણેછ કે પરીન? કાલે રાતે બાહદુરશાહવાળાઓ આપણે ત્યાંની મેજબાની ખાઈ વિદાય થયાં ત્યારે જતી વેળા જેહાંગીર મને કહી ગયો હતો કે તમારી પરીનનાં મ્યુઝિક માસ્તર દાદીબાનુ તથા સાથે સાથે તમારી પરીનનું ગાણું કરી એકવાર સાંભળવા માટે અમો લોકો બે ચાર દિવસમાં તમારે ત્યાં આવશું. જ્યારે આ વાત થઈ ત્યારે તું આઈમાય સાથ ગાફતેગોમાં હતી તેથી તેની તને ખબર નથી, સબબ હું તુંને જાણ કરૂંછ. એ લોકો ઘણા ખાનદાની માણસો છે. તેમના મઝુનની તથા મરજીની બહાર આપણે જઇયે તો આપણને શોભે નહિ. આખી પારસી કોમમાં એ સુરતવાસી બાહદુરશાહવાળાંઓ મોટી ઇઝત ભોગવેછ ને એવા ઇઝતમંદ ખાનદાન સાથે આપણે ભેળાયલાં રહિયે તો આપણનેબી ઇઝત મળે. હું ઇચ્છું છુ કે બાહદુરશાહનાં જેહાંગીર જેવો એક દિકરો પરવરદેગારે મનેબી આપ્યો હતે તો હું પોતાંને ખરો ભાગ્યશાળી સમજતે."

"પણ જી ભરૂ એટલા બધા એજ છોકરાપર ફિદા થયાછ તો આપણી પરીન સાથ તેને પરણાવીને ઘેર-જમાઇજ કાય નહિ કરી લેતા?" દારાશાહ શેઠે છુપી ઇશારત કરવાથી મેહેરબાઇએ બરાબર મોકો જોઇને ફટકો માર્યો. "જેહાંગીર કરતાં બીજો સરસ જમાઈ આપણને કયો મળવાનો છે, કેમ પરીન?"

"માયજી-માયજી, હું ઇચ્છુંછ કે તમે એ વાત બંધ કરો?" પરીને પોતાની બન્ને આંખ્યો પર હાથ ઢાંકી દઈ માથુ ટેબલ પર નાખી દેતાં કહ્યું. "મારાં દિલનો ભે-ભે-ભેદ તમે શુ જાણો મારા માય!" અને અહીં પરીનની આંખ્યોમાં આંજુ આવી ગયાં.

પરીનનાં આ છેલ્લા શબ્દો તે ધણી-ધણીઆણીએ જો કે પુરેપુરા સાંભળ્યા નહિ, તો પણ જેટલુ કાને પડયું તેટલુંજ તેઓનો જીવ રંજીસ કરવાને પુરતું હતું. દારાશાહ શેઠે મેહેરબાઈ તરફ જોઈ દલગીર ચેહેરે માથુ ધુણાવ્યું કે "એ છોકરી આપણને મેહેનત આપવાની છે." જેના જવાબમાં હાથનો અણુકો કરીને મુંગી ઇશારતથી જાણે મેહેરબાઇએ બંધ મોહડે જવાબ આપ્યો કે "મેં તમોને પેહેલાંથીજ નહિ કહેલું કે એનું દિલ જેહાંગીર તરફ વળવું મુશ્કેલ છે?"

"શું છે, દિકરા? શું છે?" દારાશાહ શેઠે પરીનની પીઠ પર પ્યારથી પસવાળી જાણે પોતે કાંઈ સમજ્યા નહિ હોય તેમ અંજાણપણું બતાવ્યુ. "એમ કાંય કરેછ દિકરી? ચાલ મેહેરી, હમણાં એ વાત માંડી વાળ. એનો

જીવ જરા ઠરે ને પછી હું પોતે મારી દીકરી સાથ વાત કરસ. કાંહાં છે, એહરાંમ, પાણી લાવ !"

દારાશાહ શેઠ હાથ ધોય છે તેટલાં પરીન તે ઓરડામાંથી ચાલી ગઈ. તે ધણી-ધણીઆણી હળવે-હળવે વાત કરતાં દિલગીર ચેહેરે આગલાં દિવાનખાનામા આવ્યાં. તુરત વેળા તેઓએ આ વાત પડતી નાખી.

પ્રકરણ ૮ મું.

ફરાંઉં થયલી ફરંગણ.

"ઓઈ, હુ મારૂં ઇનોમ મોંગેછ." પરીન નાસ્તવાળા ઓરડામાંથી આગળાં દિવાનખાનામાં થઇને પોતાના સુવાના ઓરડામાં ગઈ તેની પાછળજ તેની ફરંગણ આયા લુસી દાખલ થઈ બોલી. "હુ મારૂં ઇનોમ ચાહિછ."

"શુ ? ઇનામ ? શાનુ ઇનામ ?" પરીન પોતે ચીચવાયલી હોવાથી આયા લુસીને તેવીજ ઢપે સવાલ પુછયો.

"વલી સાંનો ઇનોમ ! કાલે તારા વેરસ ઉગા તેનો ઇનોમ !" આયા લુસીએ પોતાની બાઇને સમજ પાડી.

"વારૂ હું પછી આપસ."

"પછી તું કાહારે આપસી !' લુસીએ જરા ઓહોહોમ કીધા. "તારો વેરૂસ કાલનો ઉગી ગીયો ને ઇનોમ પેછી ઓપસી ! પેછી નઇ, મને આજે જુઇએછ."

"મેં એક વખત કહ્યું કે હુ પછી આપસ, રાન મેટ ! ભેજું ના ખા.' પરીને મા-બાપનો ગુસ્સો આયા પર કહાડયો. " મારૂ માથુ દુ:ખેછ, ચાલ નીકળ અહીંથી !"

"ઇનોમ આપવાની મેરજી નેથી તારે માથા દુ:ખેછ ?" આયાએ ટીકા કીધી. તે જવાન ફરંગણ બડી હાજર જવાબી અને ટચકાખોર હતી.

પરીને ડોળા કકડાવ્યા પણ તેથી તો આયા લુસી વધારે ઉસ્કેરાઈ ! ખરી વાત તો એ હતી કે લુસીએ આજે "ગળેલો" હતો અને ખરી લુસીની જેટલી ચેંચી ચાલતી ન હતી તેટલી હાલની ખોટી લુસીની લુલી ધનજી બીમાનાં બાડુતી બળથી પેં-પેં ચલાવી રહી હતી !

"લુસી, મને લાગેછ કે જ્યાં છે ત્યાં આજે તેં ગળેલો છે." પરીન ચીરડાઇને બોલી. "તું જ્યારેબી દારૂ પીએછ ત્યારે કાંઇ ને કાંઈ રણખો લેતીજ આવેછ. મેં તુંને કહ્યુંની કે હું તારૂં દાપું ચુકવાની નથી, પણ તે હમણા નહિ. આજે મારા જીવને ચેન નથી."

"લુસીની ઓગત પડેછ તાહરે લુસી વાહલી લોગેછ ને લુસીને ઇનોંમ આપવાનાં હોએછ તાહારે તારા મોંથા દુઃખેછ ને જીવને સુખ રેહતા નેથી, નેઈ?" લુસી તો રફ્તે રફ્તે છેડાઈ પડી. "પેરીન બોઈ, તુંને મારા કાદરજ નથી, પેન તારા ભેદ તો મારી નોંખમાં છે, સમજી?"

"તારા ભેદ તો મારાં નખમાં છે" આ વાક્ય સાભળી પરીન ચમકી. મારા બીજા તે શુ ભેદ હોય પણ પેહેલાં હું મારા દાદીબાને રાતની વખતે મહાલક્ષમીને દરિયે કિનારે થોડુક સુધી ચાલુ મળાતી હતી અને તે વખતે એને હું સાથે લઈ જઈ દૂર ઉભી રાખતી હતી, તે વિષે એ ઈશારો કરતી હોય એમ જણાય છે." પરીન પોતાના મન સાથ ધાભરી પડી બબડી. "રાંન જાતે હલકી છે. વખતે ઘેરમાં છોકછૈરની અંદર કોઈ પાસે ભાગરો વાટી દેશે તો નાહકનો કલેસ ઉભો થવાનો છે, તેથી બેહેતર કે એને કઈ જાહાશીને દડી પાડુ કે પીડા પતે.'

એમ વિચારી પરીને ઝટ પોતાની કબાટ ઉઘાડી તેમા સામેજ પડેલાં નોટના એક નહાનાં પડીકાંમાથી રૂપીઆ દશના એક નોટ ખેચી કહાડી લુસીનાં હાથમાં મુકી

"એ મને તું શુ આપેછ બોઈ?" પેલી છોકરી ફરગણતો રૂપીઆ દસની નોટ જોઈ છણછણીજ પડી. એટલી રકમ તો બેહેરતાણની નજરમા નહિ આવી. "બસ દેસ રૂપરડી? નેઈ, નેઈ મને એ જોઈતા નથી, બોઈ, લે પાછા તારી કોબોટમો મુકી દે!"

"લુસી, આજે તું એમ શુ કરેછ?" પરીન હવે નરમ પડીને બોલી રખેને તે ઉશકેરાયલી આયા કાંઈ 'આટો બાફે" તેની પેહેલ વેહેલી ચિંતા આજેજ તેણીનાં હૈડામાં જન્મ પામી. "દસ રૂપીયા તારી નજરમાં નથી આયા એમ બોલની? સત્તર-પદર વાત શુ કામ કરેછ?"

પરીને એક બીજી રૂપીઆ દશની નોટ કહાડી આપતાં ધાર્યું કે એ બેવડાયલી રકમથી હવે તેણી ખુશી થઈ સંતોષ પામશે. પણ તે ફટાઉ થયલી ફરંગણુ તો હજી અસતોષીજ હતી!

વીસ રૂપીઆ બાઇની વરસગાંઠનાં ઇનામ તરીકે આપ્યા તે લુસીની નજરમાં આવ્યા નહિ. તે તેણીને થોડા પડયા!

"એને શુ કરેછ—હુ નઈ લેછ." તે છાકટી આયાએ પોતાનો છછણાટ ચાલુ રાખ્યો. "પેરીન બોઈ, તું ઘેણી મેતલબી છે. તુંને મારા ગરજ પોડેછ તોહરે તું મારી સાથે મીથ્થા મીથ્થા વોત કરેછ ને હવે ગારજ સારી રેઈ એટલે ઇનોંમ ઓપતાં તારા જીવને ગેમતા નથી, હેં? પેલા મોલસમીનાં દોરિયા પર રાતે બૉરબૉર વોગા સુધી મેં તારા ચોકરી કીધા તેબી તું ભુલી ગેઇશ, નેઇ? એ. વીસ રૂપીઓ ઉ નેઇ લેછ, તારી કોબોટમો પાછી મુકી દેઉ હું તો

મેમજી કે મારા બોઈની વારસગાંઠ શેઠે ધોંમધુમથી ઉગાડીછ ને એટલા બધ્ધા લુકને જમવા બુલાવીછ ને એતલા બેહ્દા ખારચ કીધીછ તો મને મારી બોઈ તોરફથી ઇનોંમબી મોત્તા મલશે. ઉ સેમજી કે કેમતીમાં કેમતી મને સો રૂપીઓ મોરી બોઈ ઓપેસ ને ઉં મારી દીકરીની બોંગરી ઘરાવેસ !"

પરીને જોઈ લીધુ કે તે ઉશ્કેરાયલી આયાના હાથમાં પોતાનો ભેદ ગયલો છે અને તેની તેણે અહીં યાદ વટીક આપી છે, માટે તુરત વેળા નરમાસ ધારણ કરવામાંજ સાર છે. તેણીએ તેને ઠંડી પાડવાની કોશેશ કરતા કહ્યું કે 'અહીં આવ લુસી, મારી વાત સાભળ; તુને ઇનામ હજી ઓછુ પડેછ તો લે આએ બીજા ૩૦ રૂપીઆ વધુ મકી એકદર રૂપીઆ ૫૦ની રકમ કરી આપુછ, પણ તુ જે ૧૦૦ રૂપીયાનો મુક પકડી બેઠીછ તે મારાથી અપાય નહિ. તું મારી વિશ્વાસુ આયા છે. મારા એક ભેદથી તું વાકેફગાર છે, કે જે ભેદ ઉઘાડો પડેલો જોવાને હુ ઇચ્છતી નથી. મહાલક્ષ્મીના દરિયા કિનારા પર દાદીબા સાથ હુ રાતની વેળા છુપી રીતે મળતી હતી, ને વેળા તે જે સેવા મને આપી છે તેનો મે તેજ વખતે વારંવાર બદલો વાળી આપેલો છે. વાસ્તે, ફરીથી એ બાના વિષે તુ મને તાણો મારતી નાં. મારી તરફની આએ રૂપીઆ પચાસની રકમ ઉપરાંત માય–બાવા પાસેથી બી હું તુને જુદુ ઇનામ અપાવશ એટલે તું ધારેછ તેટલી નહિં તો તેની લગોલગ રકમ થઇ રહેશે તુ કાંઇ દરરોજ દારૂ પીતી નથી પણ પેલી કેહેવત છે કે 'ઘેલી સાસરે નહિં જાય, ને જાય ત્યારે એકદમ' તેમ આજે તે હદ બહાર પીધો છે. એ નાશકારક પીણાની કેફ જ્યારે ઉતરી જશે, ત્યારે તું તારી ચાલ માટે પસ્તાશે. પણ હુ તારી આજની તકસીર તારાં માંગવાની આગમચ માફ કરૂછ. લે આએ રૂપીઆ, ને એમાંથી તારે મનગમતી ચીજ તારી દિકરી માટે ઘડાવજે; પણ સભાળજે, દારૂ પીવામાં એ રકમ ધુલધાણી નાં કરતી."

પણ પરીનની આ શિખામણ પરીનની પાંસેજ રહી. છાકટી લુસી આજે કાંઈ અજબ રીતે ઉશ્કેરાયલી હતી. તેણીએ તે દશ દશ રૂપીઆવાળી પાંચ નોટ પરીનનાં આંગ પર છણકો કરી ઉરાડી નાખી અને ફટાંઉં થઇને ઓરડાની બહાર જતી રહી !

પરીન ગભરાઇ ગઇ.

"ગઈ કાલે આએ વખતે હુ કેવી ખુશીમાં હતી ? ને આજે હું આએ વખતે કેવી દલગીર છું ?" તેણી પોતાના મન સાથ બોલવા પડી. "માણસ પર મુશિબત આવે છે તે કહીને આવતી નથી તેનો આ તાજો દાખલો છે. નારતાની ટેબલ પર પેહેલાં મને માય–બાવાએ રંજીસ બનાવી અને તે જાણે ઓછું હોય તેમ એ ફાંટાબાજ ફરંગણે પોતાનાં જીવને રડમસ કરી તેમાં પુરો વધારો કરી આપ્યો. બાહદુરશાહનાં જેહાંગીરની જાહોજલાલી જોઇ માય–

ચિત્ર ૪ થું.



"કેવા સાચ્ચા અને ખાલસ પ્યારથી એ મને ચાહે છે' એવા પાક પ્યારમાં ખતરા નાખી વચનથી બેવચની બની આજે એકની અને કાલ બીજાની થાઉં ! દાદીબાનો પ્યાર ભુલી જહાં-ગીરનું વ્હાલ પકડું ! આ ' એમ બનેજ કેમ !—એમ થાયજ કેમ !—નહીં ' મારા સંસાર સુખનું નખ્ખોદ વળી જાય તે હું પસંદ કરૂં પણ દાદીબા તરફ તો હું મરતાં બેવફા થવાની નથી ' "

[સફે ૩૯]

બાવા અંજાઇ ગયાંછે. એ લોકોની ખાસ મરજી મને જેહાંગીર સાથે પરણાવવાની જણાય છે, પણ બીજી તરફ હુ તો મારા દાદીબાને વચનથી બંધાઇ ચુકેલી છુ, એટલે કેમ બનશે? ઓ પરવરદેગાર! મારી જવાન જીંદગીમા એવી મુઝવણ મે કદી જોઈ નથી. કોણ જાણે મારૂં ભવિષ કેવું સિહા આવે છે! બાહદુરશાહનો જેહાંગીર જો કે એક લાયક ભરથાર થઈ શકે, પણ હુ માય-બાવાનું માનીને જેહાંગીરનાં પ્યારમાં પડું તો મારા દાદીબાનું શુ થાય? દાદીબાની ઉમેદ તો મારી ઉપર લટકેલી છે? દાદીબાને વચનથી બેવચની થઈ જેહાંગીરનો હાથ સ્વિકારૂ? એ બનેજ કેમ? શુ દાદીબા જેહાંગીર કરતાં ઓછો લાયક જવાન છે? નહિ—નહિ, જેહાંગીરનાં ગુણ-જ્ઞાનનો મને અનુભવ નથી પણ દાદીબાનાં ગુણ-જ્ઞાને તો મારી ઉપર ગંભીર અસર કરીને મારૂ દિલ જીતી લીધેલુ છે કેવા સાચ્ચા ને ખાલેશ પ્યારથી એ મને ચાહેછ? એવા પાક પ્યારમાં ખતરો નાખી, વચનથી બેવચની થઈ, આજે એકની ને કાલે બીજાની થાઉ? દાદીબાનો પ્યાર ભુલી જેહાંગીરનું વ્હાલ પકડુ? ઓ! એમ બનેજ કેમ? એમ થાયજ કેમ? નહિ! નહિ! મારા સંસાર—સુખનુ નખ્ખોદ વળી જાય તે હુ પસદ કરીશ, પણ દાદીબા તરફ હુ મરતાં બેવફા થઇશ નહિ ભલે મારા પિતાની મારી ઉપર ઈતિરાજી થાય, ભલે મારા માતાની મારી ઉપર ખફગી ઉતરે, પણ મારા દાદીબાને મે આપેલાં વચનને વફાદારીથી વળગી રહેવાને હુ મારાથી બનતું કરીશ. બાહદરશાહનો જેહાંગીર દોલતમાં ચઢતો હશે તો શું થયું? એક ઇનસાનની જીંદગી દોલતથીજ સુખી થતી નથી. બધાજ દોલતવાનો સુખી હોતા નથી. જ્યાં ગરીબી છતાં પાક પ્યાર હોય, જ્યા તગ-દસ્તી છતા સાફ મન ને સ્વચ્છ નિષ્ઠા હોય, ત્યાં."—

અહીં પરીન આગળ વધી શકી નહિં. એક નોકરે આવી તેણીને ખબર આપી કે "દાદીબા શેઠ આવ્યા છે" પરીન તુરતજ હાથ-મોહડુ ધોઇ પોતાનો આરડો છોડી ગઈ

પ્રકરણ ૯ મું.

દાદીબાનો દિલાસો.

"શી ખબર છે, પરીન ડીયર?" દાદીબાએ પરીનને તેણીના "મ્યુઝિક રૂમ"માં દાખલ થતાંજ 'શેકહેન્ડ' કરતાં પુછ્યુ. પરીન જયારે એકલી મળે ત્યારે દાદીબા તેણીને આમ પ્યારથીજ બોલાવતો હતો પણ કોઇ નઝદીકમાં હોય તો "કેમ છેવોજી, પરીન બાનુ?" એમ સભ્યતાથી વાત કરતો હતો. આજે પરીન એકલી મળવાથી તેણે ઉપર મુજબ પરીનને પારથી ખબર પુછી હતી.

પણ પરીન આજે સુસ્ત હતી. જે ખુબસુરત પુતલી છેલ્લા ચોવીસ કલાક પર ગઇ કાલે એજ વખ્તે હસ્તી રમતી ને ખુશમિજાજી હતી, તેણી આજે ગમગીન ને ઉદાસ જણાતી હતી. દાદીબા તેણીનાં ચેહેરાપરથી પામી ગયો કે પરીન આજે ખુશીમા નથી.

“શા ખબર છે, પરીન ડીયર ? તેણે તેણીનો કોમળ કર પ્યારથી દાબી પુછ્યુ. “આજે તારો ચેહેરો ઉદાસ કેમ જણાય છે ?”

“હુ ઉદાસ નથી, દાદીબા.” પરીને વાત ઉડાવી. “મને કાઇ નથી.” દાદીબાએ હુજત લીધી. “તુ મને પારકો ગણેછ, પરીન ? મારાથી તું તારો હાલ છુપાવેછ ? જેમ મરજી.”

“નહિ, મારા દાદી, હુ તમોને પારકા નથી ગણુતી; પણ–”

“પણ શુ ?”

“મારો હાલ જાણ્યાથી ઓરબી તમે દુઃખી ને દિલગીર થશો.”

“ત્યારે શુ કાંઇ આપણુ લગતુ છે ?”

પરીને જવાબ દીધો નહિ. તેણીની જબાનજ બધ થઈ ગઇ.

“પરીન ! પરીન ! એ શુ ભેદ છે તેની મને તો કઇ ખબર પડે ? તુ એકલી મનમા મુઝાયા કરે ને હુ કાઇજ જાણુ નહિ એ તે કેવી જુદાઈ ? બોલ, પરીન, એ શી દિલગીરી છે, જેણે તારા ખિલતા ગોલાબને કરમાવી નાખ્યો છે ? શુ એ તેજ બાબદ તો નહિ હોય કે જેની આપણે આગમચથી આગાહી કરી ચુકયા છીએ ?”

“તેજ–તેજ, મારા દાદીબા, એ તેજ બાબદ છે–એ તેજ આફત છે.” પરીન આંખમા આંજુ લાવી બોલી. ‘ગઇ કાલની મારી વરસગાંઠ હુ ધારૂ છુ કે નસીબવાન નહિ પણ નેહેસ્ત બેઠી છે. તમારાં ને મારાં ભવિષના સુખમાં ખલ્લલ થઇ તમારી–મારી વચ્ચે હવે વિયોગ થવાનો વખત પાંસે આવતો જાય છે એમ હુ ધારૂ છુ.”

“તુ ખુલ્લા શબ્દોમા બોલ, પરીન, પ્યારી પરીન, તારી આપેલી આ ગમખાર ખબરે મારા હાથ પગ ઢીલા કરી નાખ્યા છે.” દાદીબા ફિક્કો પડી જઇ ધ્રુજતે ચેહરે બોલ્યો. તેણે આ આફતની આગાહી તો આગમચથી કરેલીજ હતી, પણ તે આટલી જલદી અને આજેજ મોહડાં સાંમે આવી ઉભી રહેશે એમ તે ધારતો ન હતો, જેથી પરીને જણાવેલી આ ભયભિત બીનાં તેને બેવડી ભયકર થઇ પડી. તે પાંસેનાં એક કોચ પર ફસડાઇ પડયો. પરીને તેની પાંસે જગ્યા લીધી અને તે પરસ્પર પ્યાર ધરાવતું પ્રેમી જોડું થોડીક મીનીટ સુધી કેવળ શાન્ત દેખાવથી નીચી નજર કરી ચુપ બેઠું. બન્નેની આંખ્યો આંજુથી ભીનાયલી હતી.

"અફસોસ! અફસોસ! પરીન, મને જલદીથી બોલાશો કર કે શુ બન્યુ છે?" અને દાદીબાએ તે દયાજનક ચુપકીદી તેડીને જલદી શુ બનાવ બન્યો તે જાણવાની ઈન્તેજારી બતાવી. "મને એકદમ કહી દે કે તારા પિતા શુ મને કાંઈ અપમાન કરનાર છે? શુ તારી–મારી વચ્ચેનો પાક પ્યાર એમની જાણમા આવ્યો છે?"

"એટલી બધી ગંભીર હદ સુધી મામલો હજી પુગ્યો નથી, મારા વ્હાલા દાદી, પણ જે વખત જાય છે તેમા તમારા આ બન્ને સવાલો વક્ી મુજબ ખરા પડે તો હુ અચરત થઇશ નહિં."

"તેનું કારણ શું?"

"આજે જે ન્હાના બનાવો બન્યા છે તે બનાવો હવે પછી મોટી મુશિબતને જન્મ આપે એ બનવા જોગ છે" અને અહી પરીને આજ સહવારે નારતા પર બનેલી હકીકત તથા તે પછો ફટાઉ થયલી પેલી ફરંગણ આયા લુસીએ તેણીનો ભેદ ખોલી આપવાની આપેલી ધમકી એ સઘળાનુ વિગતવાર બ્યાન કીધુ. દાદીબા આ હકીકત સાભળી દિલગીર અને દુ:ખી થયા

"એ ફટાઉ થયલી ફરંગણપર તુ અસલથીજ તારો સઘળો વિશ્વાષ મુકતી આવી હતી, પરીન, પણ તને યાદ છે કે મહાલક્ષ્મીને દરિયે કિનારે આપણી જે રાતે પેહેલ વેહલી છુપી મુલાકાત થઈ તેજ વખતે મે એ માણુસ તારા સાબુત વિશ્વાષમાં છે કે નહિં તે વિષે તને કાળજીપુર્વક પુછપરછ કરી હતી, પણ તે વખતે તો તુ એની ઉપર તમામ વિશ્વાષ મુંકી ચુકેલી હતી, તેથી મને બેફિકર રહેવા જણાવ્યુ હતુ. હલકા માણુસોને આપણા ભરમ–ભર્યા કામોમા સામેલ કરતી વેલા સાતવાર વિચાર કરવાની જરૂર છે. કેવે અણીધાક ટાકણે એ નાપેકાર આપણો તરાપો ડુબાડવા નીકળી છે! બાહદુરશાહનો જહાગીર ભલે મારો હરીફ થાય, તેની હુ દરકાર કરતો નથી કારણ કે તે કાઈ તને આજેજ પરણીને લઇ જવાનો નથી, પણ એ લુચ્ચી લુસી નો જો અબઘડી પાટલો ફોડી દે તો તેજ પળે તારા પિતા મને 'હાવર લોડજ'ની બાહેર કહાડે. પરીન! પરીન! તે કમજાતનાં નામ પર ધૂળ નાખીને તેં તેને સો રૂપરડી જાહાંસવી હતી. થોડી કસરને માટે આપણો સઘળો ભેદભરમ ફુટી જાય એમ છે. અફસોસ! હવે બાજી હાથથી ગઈ! તે મોટી ભૂલ કીધી, પરીન, ને મોટી ભૂલ કીધી! એ ઉશ્કેરાયલી આયા હવે તારા પિતા આગળ પાટલો ફોડીને પેટની બળેલી ગામ બાળ્યા વગર રહેવાની નથી. આપણે હાથે આપણી નુકશાની તેં કરી લીધી છે."

"હુ મારા ખ્યાલોમાં ચોંચવાઇ ગયલી હતી, મારા દાદી, મને કશુ ભાન રહ્યુ નહિં. મને માફ્ક કરો, દાદીબા! હુ હવે પસ્તાઉ છુ."

"તું એમ શું બોલેછ, પરીન? તારી જગ્યા પર હુ હોત તો હુ પણ

ગાફલપણામા ને ધભરાટમા એવીજ ભુલ કરત. તે આ કામ કાંઇ જાણી જોઇને કીધુ નથી. વળી રૂપીઆ પચાસની રકમ એક સાધારણ આયાને માત્ર વરમગાડના ઇનામ તરીકે ઘણી મોટી છે. મારા જેવા ગરીબને માટે તે ઘણી અસાધારણ છે પણ જે જોવાનુ હતુ તે એજ હતુ કે એ આયાનાં હાથમાં આપણા ભરમ—ભેદની કુચી છે. એ ભેદ અત્યારથી ખુલ્લો થાય તો તારી ને મારી વચ્ચે વિયોગ પડયા વગર રહે નહિ. બાહદુરશાહના જેહાંગીરને તમારે ત્યાં આવેલો મે જોયો, ત્યારેજ હુ મનમા ધારી રહેલો હતો કે દારાશાહ શેઠનું દિલ એ જવાનની મોટી દોલત પર અંજાઈ જવાનુ ને કર જવાનુ. આખરે તેજ બન્યુ છે. હવે તો આપણે કિસમત જે મોજેજો બતાવે તે ઉપર સબર પકડીને રહેવું જોઇએ આપણા તકદીરની તખ્તી પર જે લેખ લખેલા હશે તે બનતા કદી અટકવાના નથી. પણ પરીન, તુ છેવટ સુધી એવીજ વફાદાર રહેશે કે ' જો કે આ સવાલ કરીને કદાચ તારી લાગણી હુ દુખવતો હોઇશ, પણ મારા અંતઃકરણની સંપૂર્ણ ખાત્રીને માટે મને ફરી એકવાર પુછવા દે કે આપણી વચ્ચે આવી પડનારા વિયોગમાં તુ છેવટ સુધીજ મનેજ સાચી રહેશે કે ?"

"એ કેવો સવાલ, દાદાબા !" પરીન કગળી પડી. "મારી ઉપર પૃથ્વિ ઉલટે અને ધરતીનાં ગમે એવા ધુજારા મારી અત્રાફ ફરી વળે, તોબી, હુ જે વાહલાને વચનથી ખુદાના ઘેર સુધી બંધાયલી છુ, તેજ વાહલાની અંતે પણ થઈશ. દાદીબા, કદીબી મારે માટે એવું ધારશો ના. કદીબી મારે માટે એવા ખ્યાલને તમારા દિલમા પેવશ થવા દેશો ના મારા સાચ્ચા પ્યારને હુ અંતેબી સાચ્ચીજ નીવડશ. મારા પિતાને શો ઉત્તર દેવો એ હુ સારી પેઠે સમજુ છુ. અને જ્યારે વખત આવશે ત્યારે હુ તે બજાવી બતાવીશ'

"એ બધુ ખરૂ, પરીન, હુ તારા વચન પર વિશ્વાસ રાખુછ, પણ મારૂ અંતઃકરણ જે ખ્યાલથી ધ્રુજી રહ્યુ છે, તે એજ છે કે તુ તારા કુળાભિમાની પિતાના દબાણને વશ નહિજ થશે તેની જામીનગીરી શુ ?"

"મારૂ વચન એ મારી જામીનગીરી છે.'

'ઠીક છે, ત્યારે જો એટલી ચુસ્ત જામીનગીરી તુ આપી શકે છે, તો મને માનવાને કારણો છે કે જેહાંગીર જેવા સો બહાદુરશાહવાળાઓ તારાં મતને ફેરવી શકશે નહિ. હવે પરીન ડીયર, મારે તને એટલુજ કહેવુ છે કે એકજ એકીનથી તે સાહેબ પર સબુરી પકડજે. તેજ આપણી મુશિબતોમાં આપણો મદદગાર થશે. તે પાક ખાલેકની મરજી આપણને જોડેલાં ને એક રાખવાની હશે તો કોઈથી એક કોડી બાર નુકશાન આપણને પોંહોચવાનું નથી. પણ પરીન, હજી એક સાહુચેતી લેવાની જરૂર છે. હજી આપણે મોડાં નથી. જો બની શકતું હોય તો તારી પેલી લુચ્ચી આયા લુસીને બીજા પચાસ જાંહાંસા તેનાં મો-

હડાંને ટાળું દેવાને વખત ના લગાડ. મને લાગે છે કે એ ઉશ્કેરાયલી આયા આપણો ઘાણુ બિગાડશે."

"હુ મારાથી બનતું કરીશ, દાદીબા, તમે બેફિકર રહેજો."

"યાદ રાખજે કે એ કામ આજને આજ થવું જોઇશે."

"ઠીક છે."

"વારૂ, તને કહી મુકુછ કે કદાચ આપણી બાજી આપણે ધારીએ છીએ તેમ બીગડે તો નારો મારો વિયોગ થશે. એવે પ્રસગે રાતની વેળા સઘળુ સમાધાન થયા પછી તારા બાગમા મને મળ્યા કરજે. ચાલ ડીયર, હવે હું રજા લઇશ આજે તારા શિક્ષણ પર લક્ષ આપવા માટે મારૂ ભેજું કામ કરી શકશે નહિ. તેથી બધુ જુનુ વગાડજે જો તદન નહિ વગાડશે તો કોઇને શક પડશે કે વાત કરીને ચાલી ગયો, તેથી થોડોવાર વગાડજે. હુ તારૂ નવુ લેસન કાલે લઇશિ."

'હુ પણ તમોને એજ કહેવા ચાહતી હતી"

પરીને જુનુ લેસન વગાડયા પછી દાદીબાએ રૂખશદ લીધી.

"ચાલા સાહેબજી!' અને તે જવાન જોડાંએ દલગીર ચેહેરે પોતાનાં હાથ એકમેક સાથ મેળવ્યા. દાદીબાએ પરીનના કપાળ પર એક ભરૂ ચુબન લીધ અને "ખદા પર ભરુસ રાખજે, વાહલી!" એમ કહી ત્યાથી ચાલી ગયો.

પ્રકરણ ૧૦ મું.

પાક પસંદગી.

સહવારે આઠ વાગ્યાનો ખુશનુમાં વખત હતો. વાલકેશ્વરનો દરિયો જોશબધ મોજાઓથી ઉછળી રહ્યો હતો આફતાબ તરતનોજ પોતાના તખ્ત પર બિરાજમાન થયલો હોવાથી કુમળાં સોનેરી કીરણોએ રત્નાગર સાગરનાં નિર્મળ નીરને ચકચકિત કરી મેલ્યા હતા. કિનારાનો મનોહર દેખાવ તથા દૂરથી પસાર થતી કોઇ સ્ટીમરનો ધુમાડો જોનારનુ દિલ ખુશ કરતા હતાં. એવે સમે, કીમતી રાચરચીલાંથી સણગારેલા એક સુશોભિત મોટા ઓરડામા, મ્હેલને ત્રીજે મજલે અસાધારણ ઊંચાઈ પર, એક ખુબસુરત પારસી કુમારિકા એક સુદર અતલસી સોફા પર અરધી લેટેલી હતી. તેના નાજુક હાથમાં એક માસિક ચોપાનીયુ પકડેલુ હતું, જેનાં કાઇક દેખઇતી બેદરકારીથી માત્ર પાના પર પાના તેણી ફેરવી જતી હતી. તે ગુજરાતી મહાવારીમાં શુ શુ સમાયલુ છે તે વાંચવામાં તેણીનું ધ્યાન હતુજ નહિં. કોઇ જૂદાજ વિષયમાં તેણીનુ ભેજુ ખ્યાલ કરવા પડેલુ હતું.

ગાફેલપણામા ને ધભરાટમા એવીજ ભુલ કરત. તે આ કામ કાંઇ જાણી જો-ઇને કીધુ નથી. વળી રૂપીઆ પચાસની રકમ એક સાધારણ આયાને માત્ર વર-સગાઇના ઇનામ તરીકે ઘણી મોટી છે. મારા જેવા ગરીબને માટે તે ઘણી અ-સાધારણ છે. પણ જે જેવાનુ હતુ તે એજ હતુ કે એ આયાનાં હાથમાં આ-પણા ભરમ—ભેદની કુચી છે એ ભેદ અત્યારથી ખુલ્લો થાય તો તારી ને મારી વચ્ચે વિયોગ પડયા વગર રહે નહિ. બાહદરશાહનાં જેહાગીરને તમારે ત્યા આ-વેલો મે જોયો, ત્યારેજ હુ મનમા ધારી રહેલો હતો કે દારાશાહ શેઠનું દિલ એ જવાનની મોટી દોલત પર અજાઇ જવાનુ ને ફર જવાનુ. આખરે તેજ બન્યુ છે. હવે તો આપણે કિસમત જે મોજેજેને બતાવે તે ઉપર સબર પકડીને રહેવું જોઇએ. આપણા તકદીરની તખ્તી પર જે લેખ લખેલા હશે તે બનતા કદી અટકવાના નથી. પણ પરીન, તું છેવટ સુધી એવીજ વફાદાર રહેશે કે ' જો કે આ સવાલ કરીને કદાચ તારી લાગણી હુ દુખવતો હોઇશ.પણ મારા અંતઃકરણની સંપુર્ણ ખાત્રીને માટે મને ફરી એકવાર પુછવા દે કે આપણા વચ્ચે આવી પડનારા વિયોગમાં તુ છેવટ સુધીજ મનેજ સાચી રહેશે કે ?"

' એ કેવો સવાલ, દાદીબા ! " પરીન કગળી પડી. ' મારી ઉપર પૃથ્વિ ઉલટે અને ધરતીનાં ગમે એવા ધુજનરા મારી અત્રાફ ફરી વળે. તોબી, હુ જે વાહલાને વચનથી ખુદાના ઘેર સુધી બધાયલી છુ, તેજ વાહલાની અંતે પણ થઇશ. દાદીબા. કદીબી મારે માટે એવું ધારશો ના. કદીબી મારે માટે એવા ખ્યાલને તમારા દિલમા પેવશ થવા દેશો ના. મારા સાચ્ચા પ્યારને હુ અંતેબી સાચ્ચીજ નીવડશ. મારા પિતાને શો ઉત્તર દેવો એ હુ સારી પેઠે સમજુ છુ. અને જ્યારે વખત આવશે ત્યારે હુ તે બજાવી બતાવીશ"

"એ બધુ ખરૂ, પરીન, હુ તારા વચન પર વિશ્વાસ રાખુછ, પણ મારૂ અંતઃકરણ જે ખ્યાલથી ધ્રુજી રહ્યુ છ, તે એજ છે કે તુ તારા કુળાભિમાની પિતાના દબાણને વશ નહિજ થશે તેની જામાનગીરી શુ ?"

"મારૂ વચન એ મારી જામાનગીરી છે.'

"ઠીક છે, ત્યારે જો એટલી ચુસ્ત જામીનગીરી તુ આપી શકે છે, તો મને માનવાને કારણો છે કે જહાગીર જેવા સો બહાદુરશાહવાળાઓ તારાં મ-તને ફેરવી શકશે નહિ. હવે પરીન ડીયર, મારે તને એટલુજ કહેવુ છે કે એકજ એકીનથી તે સાહેબ પર સબુરી પકડજે. તેજ આપણો મુશિબતોમાં આપણો મદદગાર થશે. તે પાક ખાલેકના મરજી આપણને જોડેલાં ને એક રાખવાની હશે તો કોઇથી એક કોડી ભાર નુકશાન આપણને પોહોચવાનું નથી. પણ પરીન, હજી એક સાહુચેતી લેવાની જરૂર છે. હજી આપણે મોડાં નથી. જો બની શકતુ હોય તો તારી પેલી લુચ્ચી આયા લુસીને બીજા પચાસ જાહાંસા તેનાં મો-

હડાંને ટાળું દેવાને વખત ના લગાડ. મને લાગે છે કે એ ઉશ્કેરાયલી આયા આપણો ધાણ બિગાડશે."

"હું મારાથી બનતું કરીશ, દાદીબા, તમે બેફિકર રહેજો."

"યાદ રાખજે કે એ કામ આજને આજ થવું જોઇશે."

"ઠીક છે."

"વારૂ, તને કહી મુકુછ કે કદાચ આપણી બાજી આપણે ધારીએ છીએ તેમ બીગડે તો તારો મારો વિયોગ થશે. એવે પ્રસગે રાતની વેળા સઘળું સમાધાન થયા પછી તારા બાગમા મને મળ્યા કરજે. ચાલ ડીયર, હવે હું રજા લઇશ આજે તારા શિક્ષણ પર લક્ષ આપવા માટે મારૂ ભેજુ કામ કરી શકશે નહિ. તેથી બધુ જુનુ વગાડજે. જો તદ્દન નહિ વગાડશે તો કોઇને શક પડશે કે વાત કરીને ચાલી ગયો, તેથી થોડોવાર વગાડજે. હું તારૂ નવુ લેસન કાલે લઇશ."

"હું પણ તમોને એજ કહેવા ચાહતી હતી."

પરાને જુનુ લેસન વગાડ્યા પછી દાદીબાએ રૂખશદ લીધી.

"ચાલો સાહેબજી!" અને તે જવાન જોડાંએ દલગીર ચેહેરે પોતાનાં હાથ એકમેક સાથ મેળવ્યા. દાદીબાએ પરીનના કપાળ પર એક ભેરૂ ચુબન લીધુ અને "ખુદા પર ભરૂસ રાખજે, વાહલી!" એમ કહી ત્યાથી ચાલી ગયો.

પ્રકરણ ૧૦ મું.

પાક પસંદગી.

સહવારે આઠ વાગ્યાનો ખુશનુમા વખત હતો. વાલકેશ્વરનો દરિયો જોશબધ મોજાઓથી ઉછળી રહ્યો હતો આફતાબ તરતનોજ પોતાના તખ્ત પર બિરાજમાન થયલો હોવાથી કુમળાં સોનેરી કીરણોએ રત્નાગર સાગરનાં નિર્મળ નીરને ચકચકિત કરી મેલ્યા હતાં. કિનારાનો મનોહર દેખાવ તથા દૂરથી પસાર થતી કોઇ સ્ટીમરનો ધુમાડો જોનારનુ દિલ ખુશ કરતા હતાં. એવે સમે, કીમતી રાચરચીલાંથી સણુગારેલા એક સુશોભિત મોટા ઓરડામા, મ્હેલને ત્રીજે મજલે અસાધારણ ઊંચાઇ પર, એક ખુબસુરત પારસી કુમારિકા એક સુદર અતલસી સોફા પર અરધી લેટેલી હતી. તેના નાજુક હાથમાં એક માસિક ચોપાનીયું પકડેલુ હતું, જેનાં કાંઇક દેખદ્દતી બેદરકારીથી માત્ર પાના પર પાના તેણી ફેરવી જતી હતી. તે ગુજરાતી મહાવારીમાં શુ શુ સમાયલુ છે તે વાંચવામાં તેણીનું ધ્યાન હતુંજ નહિં. કોઇ જૂદાજ વિષયમા તેણીનુ ભેજુ ખ્યાલ કરવા પડેલું હતુ.

તે કુશાદે ઓરડો એક બહુ ઉંચી જગ્યા પર દરિયા તરફ આવેલો હોવાથી ત્યાંથી નઝદીક આખાં મુંબાઇ શહેરનો દિલપઝીર દેખાવ દેખાતો હતો એ ગુલજાર નગરીને સણગાર આપનારી મોટી મોટી ઇમારતો તથા ઓફીસો અને ન્યાય મંદિરોનાં ત્યાંથી પ્રત્યક્ષ દર્શણ થતાં હતાં. તે ઓરડો જેમ અંદરથી સણગારેલો હતો, તેમ બાહેરથી કુદરતના અતિ રમણીક દેખાવો ધ-ગાવતો હતો. ઓરડાની બારીઓ, જે પર કીમતી રેશમી પડદાઓ ટાંગેલા હતા, તે પડદાઓને આમથી તેમ ખશેડી પશ્ચિમ તરફનો જોશદાર ખુશનુમાં પવન આખા ઓરડામા કરકર ફેલાઇ રહ્યા હતો.

"વિમ્બ્લીડન મેકરનુ જાણીતું સુંદર અને સંગીન ફરનીચર કોઇ કાબેલ કારીગરને હાથે ત્યા ગોઠવાયલુ જણાતુ હતુ. આખો ઓરડો "ઈંગ્લીશ ટેસ્ટ"થી સણગારેલો હતો અને વાપરનારની દરેક સગવડ ત્યા સચવાયલી હતી. યુરોપનાં પ્રસિદ્ધ ચિતારાઓને હાથના કીમતી "ઑઇલ પેન્ટીંગ" ચિત્રો તે ઓરડાની દિલ પસંદ રોનકમા ખાસ વધારો કરનારા અને ધ્યાન ખેંચનારા થઇ પડયા હતાં. એ ઉપ્રાંત, કુટુંબ—મંડળના સુંદર ફોટોગ્રાફોથી તે ઓરડાની ભાગ્યશાળી ભીંત તથા વચ્ચેની એક બહુ કીમતી સંગેમરમરની ટેબલ પર મુકેલી ત્રણ મોટી અને મોંઘી આલબમો ભરપૂર હતી.

અને એટલુ માત્ર એકજ જીવને માટે હતુ' આઠ લાખ માણસની પચરંગી પ્રજા ધગાવનારા મુંબઇ શેહેરમા જ્યારે કાંઇક કમનસીબ જરથોસ્તી કુટુંબો ટુકડા રોટલી અને વેહેત જગ્યાને ટળવળે છે ત્યારે આ એક ભાગ્ય-શાળી જરથોસ્તી કુમારિકાના એકલા જીવને માટે કુદરતે તેને આટલી બધી સગવડ અને સુખ આપ્યુ હતું! અલબતા, એમા તે ગેબી સાહેબનો કાંઇ ભેદજ હશે, પણ આપણી સાદી સમજે આપણને આ ફેરફાર તુરત જણાઇ આવી અક્કલને ઓચબામા નાખે છે!

આપણે ઉપર તેણીને "એકલા જીવ" તરીકે લેખી છે, તે તેણીના કોઇ સગાં વાહલા કે ખેશી ન હતાં એમ ગણીને નહિં, પણ તે ઓરડામાં સમાયલુ રાચરચીલું, જે એક અમીરી હાલતવાળુ કુટુંબજ ભોગવી શકે તે ભોગવવાનુ તેણીનાં "એકલીનાં એકલા જીવ માટે" હતુ. તેણી તે મેહેલ સમાન મકાનમા એકલીજ વસ્તી ન હતી. તે તો માત્ર તે મેહેલનો એક ભાગ હતો, કે જે તેણીનાં અંગિત્ત વપરાસ માટે રોકેલો હતો અને તેથી તેણી "એકલા જીવે" તે એકલી વાપરતી હતી.

"તમોને બાઇ બોલાવેછ—નાસ્તા સારૂ તેવણ ખોટી છે." એક આ-યાએ આવી તે ખુબસુરત કુમારિકા, જેણી પેલાં માસિક ચોપાનિયાં જોડે ચેડાં માત્ર કાઢયા કરતી હતી અને વાંચતી ન હતી, તેણીને ખબર આપી.

"મારી તબિયત આજે જરા ઠીક નથી, રોઝી, તેથી માયજીને કહે

કે હું ટેબલ પર આવી શકીશ નહિં. તમે નાસ્તા માટે મારે લીધે ખોટી થવુ નહિં. જા, મારે સારૂ ફક્ત એક કૉફીનુ કપ લઇ આવ."

આયા રોઝી પોતાની જવાન બાઇનાં હુકમ મુજબ વડાં બાઇને ખબર કરવા ગઈ. પેલી ખુબસુરત કુમારિકા આયાને રવાનાં કરી વળી પાછી આગલીજ હાલતે પોતાના હાથમાં પકડેલાં માસિકમાં પાનાં પર પાનાં ફેરવવા પડી!

વચ્ચે પા કલાક પસાર થયા પછી તેણીની માતા તે ઓરડામાં દાખલ થઈ અને પ્યારથી પુછયુ "કેમ દિકરા, આજે નાસ્તા પર કાય નહિં આવી?"

"મારી તબિયત ઠીક નથી, મમ્માજી' તેણીએ ઉત્તર દીધો.

"શુ છે દિકરી, તુને શુ થાએછ તે તો કહે!" માતાએ કાળજીથી મનતેજારી બતાવી.

"મને કઇ નથી માયજી, ફક્ત મારા જીવને બેચેની છે."

'બેચેની? આંના? બેચેનીનો કંઈ સબબ?'

"વળી સબબ શુ હોય, માયજી?" એકાએક એક ખુબસુરત જવાન તે ઓરડામા દાખલ થઇ બોલી પડયો "તમે જાણતાં નથી કે ગઇ કાલની 'દાવર લાડજ'ની પારટીમાં જ્યારથી આપણી આઇએ પેલા દેખાવલા દાદીબાને જોયોછ ત્યારથી એ કાંઈ ઓર માણુસ થઇ પડીછ!"

આઇમાયથી એક ચીશ પડાઈ ગઇ!

જે ભેદ તેણી ધારતી હતી તેમ તેણીના એકલીનીજ છાતીમાં અત્યાર સુધી છુપાયલો હતો અને જે વિષે તેણીએ એક હરફ વટીક કોઇ કને ઓચર્યો ન હતો, તે ભેદ એવી રીતે તેણીનો ભાઇ રહેલાઇથી કેમ પામી જવા પામ્યો, તેની તેણીને અસાધારણ અચરતી ઉપજી અને તે અચરતીનાં જોશમાંજ તેણીથી, ઉપર કહ્યુ તેમ, એક ચીશ પડાઈ ગઇ!

"ઓ જીરે તુંને! આઈ! આઈ! આઇમાએ! કાંએ, દિકરા, શુ છે? એમ કાંએ કરેછ?" શેઠાણી રતનબાઈ પોતાની લાડકવાઈ દિકરીને પેટમાં દાબીને કદર ખાઈ પડયાં.

"જા બા; જેહાંગીર, તુ મારી દિકરીને જે તે બોલો બકીને ઘણી સતાવેછ હો? આજે એનાં જીવને ગમતુ નથી." અને એમ કહી તે માયાળુ માતાએ દિકરીનાં માથાંને પોતાની છાતીમાં ચાંપ્યું.

"જીવને નહિ ગમવાનો સબબ મેં તમોને કહ્યોની, માયજી?" જેહાંગીર પાછો હશીને બોલ્યો. તેણે આઇમાયનો હાથ પકડી ખેચતાં વધાર્યુ. "ચાલ ઉઠ, મને બધ્ધું ખબર છે. બાવાજીની બુચી તે વળી માયના પાસાંમા ભરાઈ બેઠીછ!"

"માયજી, જુઓની, જેહાંગીર મને હદ બહાર બોલેછ હો?" ખુબસુરત આઇમાય જો કે પોતાથી પડાઇ ગયલી ચીશથી લગાર ખશિયાણી તો

પડી હતી, પણ પોતાના બચાવ અર્થે તેણીથી બોલ્યા વિના રહેવાયું નહિ. "વળી પોતે કોણપર ફીદા છે તે જાણે હુ જાણતી નહિ હોઉં તેમ!"

"હા, હા, ખરી વાત! એમ કહેની કે પરીન પર! છુપાવેછ શું કામ, આઇ?" જેહાંગીરે આગળ વધીને કહ્યું· "પરીન જેવી મોહોરફાર મને મળે તો હુ પોતાને ખરેખરો ભાગ્યશાળી ગણીશ, આઇમાય!"

"ત્યાક કાકાનાં પાણી તો કેથાં મુવેલા દેખું ને વળી પારકી પચાત કેવી ખેંચવી" હવે આઇમાયની વારી આવી "માયજી, આપણા જાહાંગીરજી તો પોતાનુ ગોઠવી ચુકાછ હો" અને આઇ હશા પડી

"હુ એટલી હદ સુધી ગયો નથી, આઇ, પણ હુ કબુલ કરૂંછ કે પરીનની મનોહર મુરતીએ મારી ઉપર ગયે કાલે જબરી અસર કીધીછ અને 'જેહાંગીર કાસ્ટલ'નો માલેક પરણે, તો એવીજ મનપસંદ પુતલી પરણશે'

"વળી 'એવી' કાય' 'એમજ' એમ કહોની?" આઇએ જેહાગીરનુ પાકડ્યુ

"અરે બાપુ એ તો એ! ચાલ તારી મરજી એમ તો એમ. હા બા, આપણે તો પરીન બાનુને પસંદ કરી ચુકા, પણ તમે તો પેલા દાદીબાનેજ"—

"માયજી?"—

"એ તમે લઇ શુ બેઠાછ, આઇ—જેહાંગીર" શેઠાણી રતનબાઇ, જેવણ આટલો વાર પોતાના ફરજંદોની રમુજી ટપ્પાટપ્પી હસતે ચેહેરે સાંભળતાં હતાં તેવણ અહીં બોલી ઉઠયા. "તમે બે જણા જ્યારે હોય ત્યારે પરણુવા—અહરાવાની વાત પરજ મારામારી કરવાનાં કે? ચાલ જેહાગીર, તુ તારે કામે જા. તુ મારી ગાય ગરીબ દિકરીને ઘણી સતાવેછ. મારે આજે મારી દિકરી સાથ કઇ વાત કરવીછ—તુ બાહાર જા!' અને શેઠાણી રતનબાઇએ હશતાં હશતાં તેને બાહાર જવાની ઈશારત કીધી.

"ઘેરનો ધણી છતાં હુ બાહાર કાય જાઉ, માયજી? એ દુકતીનેજ બાહાર મોકલોની?" જેહાંગીરે હસતાં હસતાં કહ્યું અને આઇનો અમોરો છોડી નાખી પાછું વધાર્યું. "પણ હવે ચાલો, તમે મારી ખાનગીથી વાત કરવા માંગોછ એટલે હુંજ બાહાર જાઉંછ" એમ કહી જેહાંગીર તે ઓરડો છોડી ગયો.

જો કોઈ બીજી વખતે હોત તો આઇમાય પોતાનો 'અમોરો' છોડા નાખવાનો સ્વાદ પોતાના ભાઇને સારી રીતે દેખાડત; પણ આજનો વખત તેણીની હાલતમાં જૂદે જ ફેરફાર ધરાવતો હતો, તેથી તેણીએ પોતાનું માથુ બાનું વગર બરબડવે સરખું કરી લીધુ.

શેઠાણી રતનબાઇને આઇમાયનાં પરણવા વિષેનાં વિચારો જાણી લેવાની આ એક અચાનક તક મળી ગઇ, તે તેવણે જતી મેળી નહિ. ગઇ કાલની પારટીમા દાદીબાની અસાધારણ ખુબસુરતી અને અસાધારણ ચાલાકીથી જેમ આઇમાયનું દિલ તે ભલા જવાન તરફ ખેચાયુ હતુ તેમજ શેઠાણી રતનબાઇની નજર પણ દોડી હતી ! તેવણે આ ખ્યાલ પોતાના મનમાજ રાખ્યો હતો અને કોઇ તકે આઇમાયનો વિચાર જાણી લેવા પછી તે ઉપર વધૂ ચુનોચરા કરવાનુ મુલત્વી રાખ્યુ હતુ. પણ તેવણે ધારેલી તક તેવણને નહિ ધારેલી રીતે બીજેજ દીને મળી ગઇ અને તેનો લાભ તે બુઝર્ગ બાનુએ ડહાપણ વાપરી તુર્તજ લઇ લીધો. આઇમાયને પણ તેટલુજ જોઇતું હતુ.

" દિકરી, તારો ભાઈ તારી મશકેરી કરેછ તેનુ તેં કશું મનમાં માનવું નહિં હો, માયલાં ? બધાજ ભાઇઓ એવા ભોળા ને ભલા નથી હોતા હો ? તું બ્હેન તરીકે નસીબવાન છે કે તારો ભાઈ તારી ઉપર એટલું બધુ હેત રાખેછ. "

" તેમ મારૂ હેતબી મારા ભાઈ પર ઓછુ નથી. માયજી ? " આઈ બોલી. " હુ એના હશમુખા સ્વભાવથી ક્યા અજાણી છુ ? એનું બોલવું તમામ ભોલાઇનું છે એમ મને ખાસ સમજાવવું પડશે નહિં. "

" પણ તું આજે એટલી ફિક્કી કેમ પડી ગઇછ, દિકરી ? " શેઠાણી રતનબાઇએ ઠાવકેપણે વાત છેડી " તારા ગાલ પરની ગોલાબી લાલી આજે ઉડી ગયલી લાગેછ તુંને શુ છે ? "

આઈ શરમાઈ ગઈ ! તેણીએ કાંઈ જવાબ આપ્યો નહિં.

" બોલ દિકરી, મારી આગળ શરમાવાનુ તને કશુ કારણ નથી. " શેઠાણી રતનબાઈ આઇને પટાવવા પડયા. " " હુ તારી જણેતા માવતર છું. જ્યાં છે ત્યા તુ કોઈ બાબદ વિષે મનમા મુઝાતી જણાય છે, પણ મારી સાથ તેં એમ પડદો રાખવો નહિં જોઇએ. તારા દિલનો ભેદ મારી આગળ ખુલ્લો કરશે તો હુ કાંઈ રસ્તો દેખાડીશ. "

" માયજી, હોય શુ કે હુ કહુ ? " આઈ હજી શરમાઈ

" ત્યારે તું આજે બેચેન કેમ છે ? તારૂ મોહડુ કેમ ફિકકુ છે ? તારો ચેહેરો કેમ હસ્તો નથી ? તારા ગાલ પરનો રતાસ કેમ ઉડી ગયોછ ? "

આઇએ શરમાઈ જઈ નીચે જોવા માંડયુ. તેણી આ સ્વાલોનો કશો જવાબ આપી શકી નહિં.

" દરેક ચીજનો સબબ હોય છે " શેઠાણી રતનબાઇએ આઇમાઇને ચુપ જોઈ પોતાનુ બોલવું ચાલુ રાખ્યુ. " દરેક બાબદની નીચે તેનો ભરમ ભરેલો હોય છે. કારણ વગર સસારમાં કોઈ કામ થતાં નથી. શુ ગઈ કાલની પરીનની શાલગીરેહમાં કોઈ ચોક્કસ બનાવે તારા મનપર અસર કીધીછ ?"

આઇએ કશો જવાબ આપ્યો નહિ. "માયજીએ એ વાત કેમ જાણી? જેમ જહાંગીર મારો ભેદ પામી ગયો તેમ માયજીબી પામી ગયાંછ કે શું?" તેણી મનમાં વિચારવા પડી. "રખે મારાથી કાંઈ બધાનાં દેખતાં કઈ કચુબર થઈ ગઈ હોય અને મને મારા ખ્યાલમાં તેની ખબર રહી નહિ હોય! જે વાત જહાંગીરે છેડી તેજ વાત માયજીબી છેડેછ!'

"તું ગુચવાયા શું કામ કરેછ, મારી દિકરી, જે હોય તે મને ખરેખરૂ કહી દે!' તે ડાવકી માતાએ નરમાશથી કામ લેવા માંડયુ. તેવણની મરજી સઘળી વાત આઇમાઇને મોહડેજ અંકે કરાવવાની હતી.

"માયજી જે વાત કરતાં કુદરતી રીતેજ મને શરમ લાગેછ તે વિષે મને ચીપીચીપીને શુ પુછોછ?" આઇમાયે અંતે જબાન ખોલી અને શેઠાણી રતનબાઇએ મનમાં અરધું અનુમાન તેંનાં આ જવાબપરથી અટકલ્યુ કે ગઈ કાલના બનાવનુજ આ પરિણામ છે.

"ત્યાં આખો વખત તો તું ઘણી ખુશીમા હતી દિકરી," જાણે પોતે હજી બરાબર સમજતાં નહિ હોય તેમ રતનબાઈ બોલ્યાં. "તારી જોડે તારી નવી સહી પરીન ને તેનો મ્યુઝીક માસ્તર દાદીબા આખો વખત વાતચીતમા હતાં. શુ એ ખુબસુરત જવાંને તારૂ દિલ જીત્યુછ? શું તું એને પસંદ કરેછ?"

આઇ શું જવાબ દે? ખરેખર તેણી દાદીબાની અસાધારણ દેખાવલી શિકલપર આશક થઈ હતી. તેણીના મનની મુઝવણ ત્યારે એજ હતી અને તેણીના ચેહેરાનો ગોલાબી રતાસ એજ ચિતાએ ફિકો બનાવ્યો હતો

"બોલની દિકરા, એકેક સવાલ તું મને બબે વખત પૂછવાની ફરજ પાડશે તો આપણી વાત આપણે કયારે પૂરી કરી રહીશુ? શુ તું દાદીબાને ચાહેછ? મનેબી એ જવાનમાં કાઇક ગુણો દેખાય છે."

"માયજી–માયજી,' આઇમાય શરમથી પોતાની બેઉ આંખ્યોપર હાથ ઢાંકી દઈ એકદમ બોલી પડી, પણ તે બાહોશ માતાને પારખી લેવુ મુસ્કેલ નહિં પડયુ કે તે કાંકવાળી દિકરીનો અત્યાર સુધી ફિકકો જણાતો ચેહેરો આટલા શબ્દો પૂરા કરતાં કુદરતી લાજથી લાલચોળ થઈ આવ્યો. "માયજી–માયજી, હું દાદીબાને ચાહુછ–ખરાં જીગરથી ચાહુંછ અને એ વગર બીજા કોઈ જવાનને હુ ચાહીશ નહિ. મને સુખીજ કરવી હોય તો એ ભરથાર અપાવો!"

શેઠાણી રતનબાઇને એકદમ ચૂપ થઈ જવાની હવે વારી આવી. હજી તો ગઈ કાલનોજ આ બનાવ હતો, હજી તો તે વિષે તેવણે ધીરજથી વિચાર વટીક કીધો ન હતો, હજી તો દાદીબાને તેઓ પૂરો પિછાનતાં પણ નહિ હતાં, તેટલાં, લગ્ન જેવા એક ગંભીર સવાલમાં એકદમ જવાબ આપવાનું કામ સ્હેલું ન હતું. પોતાને મળી ગયલી તક તેવણે માત્ર હાથ કીધી હતી; પણ તેવણ, તેટલા માટે, આઇને તુર્તાતર્ત નક્કી જવાબ આપવાને તૈયાર ન હતાં. હજી તો

ચિત્ર ૫ મું.



"માયજી—માયજી, હું દાદીબાને ચાહું છું—ખરા જીગરથી ચાહું છું અને એ વગર બીજા કોઈ જવાનને હું ચાહીશ નહીં મને સુખીજ કરવી હોય તો એ ભરથાર અપાવો!"

[સફે ૪૮]

હમણાજ જેહાંગીર આઇમાયની મશકેરી કરી ગયો કે તે દાદીબા પર ફીદા થઈ છે, હજી તો હમણાજ દાદીબા ઉપરની પોતાની પસંદગી આઇમાએ રતનબાઇ આગળ રજુ કીધી છે, તેટલાં, એ બાબદ વિષે શુ જવાબ આપવો તે કામ તે ગમે એવી ઠાવકી માતાને વટીક ઘડીભર વિચારવા જેવું થઈ પડયુ !

"આપણે એ વિષે વિચાર કરીશુ. દિકરી," શેઠાણી રતનબાઇએ આઇને સધ્યારો આપ્યો. "તારી પસંદગીની હું વિરૂદ્ધ નથી, પણ દાદીબા વિષે ઘટતી ખોળ કરવાની આપણી ફરજ છે. તે પૈસાદાર હોય કે નહિ હોય, પણ તે ખાનદાની છે કે નહિ તેજ હું જોવા માગુ છું. આજની કેટલીક મુર્ખ માતાઓ માફક હું પૈસાની ભૂખી નથી. ખુદાએ મને ઘણું બખશેલું છે. દાદીબા એક કુળવાન મા–બાપનુ ફરજદ હોય એટલુંજ હું ઇચ્છું છું અને જો તેમ હશે, તો, યાદ રાખજે, આઈ, કે હું તને એ તારી પસદગીનોજ ભરથાર અપાવીશ. અરસપરસની પસંદગીથી પરણેલાં જોડાંઓ કેવું સંગીન સુખ ભોગવી શકે છે તેનો મને મારા જાતિ–દાખલામાં અનુભવ મળેલો છે. તારા બેહેસ્તી બાપ અરદેશરજીએ હું કુવારી હતી ત્યારે મને એક પારસી લગનમા જોઈ હતી અને તેજ વખતે મે પણ તેવણને પેહેલવેહેલા જોયા હતા. અમો બેઉના દિલમાં અરસપરસની પસદગી ઉતરી અને અંતે અમો જોડાઇને એક થયાં. બેહેસ્તીએ ગુજરતી વખતે પોતાની આગલી હકીકત જાહેર કીધી ને આપણા જેહાંગીરને ને મને પોતાના ગુમ થયલા વારસને શોધી કાઢવાની નશિયત કીધી, ત્યારે એ બીનાનો તેવણે ઇશારો કીધેલો તારા ધ્યાનમા હોવો જોઇએ. દાદીબાનો દેખાવજ અમીરી છે, તેથી હુ ધારૂંછ કે એ કોઈ કુલીન ખાનદાનનુ ફરજંદ હોવું જોઇએ. ઇનસાન ગમે એવાં ગરીબીમાં આવે, પણ તેની ખાનદાની અસર અને ચેહેરાની ખુબ્સુદી તેને કદી છોડી જતી નથી. માણસનો ચેહેરો એ એક જાહેર આરસી છે, જેમાં તેની વગર રજાએ કોઈ પણ જોનાર તેનુ કુળ જોઈ શકેછે. સીંહના બચ્ચાં કદી છૂપાં રહેતાં નથી. તું શાન્ત થા, દિકરી, ખુદા સૌ સારૂંજ કરશે. તને મનમાં મુઝવાનું કશુ કારણ નથી, કદાચ પરીનના વર્ષગાંઠ પરીનને કરતાં તનેજ પેહેલી લાભ કરવાની હોય ! ચાલ, હવે હું જાઉં છુ. જરા જીવ ઠરે ને તુંબી આગલાં દિવાનખાનામાં આવજે."

પ્રકરણ ૧૧ મું.

સુખનું સ્વપનું !

શેઠાણી રતનબાઇએ તેજ સાંજે જેહાંગીરને આયમાયની દાદીબા પર ઉતરેલી પસંદગીથી જાણીતો કીધો. વાંચનારને આ વાત અજાણી નથી કે દાદીબાની અસાધારણ ખુબસુરતી તથા બાહોશીએ જેહાંગીરનું દિલ પણ જીતી

હમણાજ જેહાંગીર આઇમાયની મશકેરી કરી ગયો કે તે દાદીબા પર ફીદા થઈ છે, હજી તો હમણાજ દાદીબા ઉપરની પોતાની પસંદગી આઇમાએ રતનબાઇ આગળ રજુ કીધી છે, તેટલાં, એ બાબદ વિષે શુ જવાબ આપવો તે કામ તે ગમે એવી ઠાવકી માતાને વટીક ઘડીભર વિચારવા જેવું થઈ પડયુ !

"આપણે એ વિષે વિચાર કરીશું. દિકરી," શેઠાણી રતનબાઇએ આઇને સધ્યારો આપ્યો. "તારી પસંદગીની હું વિરૂદ્ધ નથી, પણ દાદીબા વિષે ઘટતી ખોળ કરવાની આપણી ફરજ છે. તે પૈસાદાર હોય કે નહિ હોય, પણ તે ખાનદાની છે કે નહિ તેજ હું જોવા માગુ છું. આજની કેટલીક મુર્ખ માતાઓ માફક હું પૈસાની ભૂખી નથી. ખુદાએ મને ઘણુ બખશેલું છે. દાદીબા એક કુળવાન મા–બાપનુ ફરજંદ હોય એટલુંજ હું ઇચ્છું છું અને જો તેમ હશે, તો, યાદ રાખજે, આઈ, કે હું તને એ તારી પસંદગીનોજ ભરથાર અપાવીશ. અરસપરસની પસદગીથી પરણેલાં જોડાંઓ કેવું સંગીન સુખ ભોગવી શકે છે તેનો મને મારા જાતિ–દાખલામા અનુભવ મળેલો છે. તારા બેહેસ્તી બાપ અરદેશરજીએ હું કુવારી હતી ત્યારે મને એક પારસી લગનમાં જોઈ હતી અને તેજ વખતે મેં પણ તેવણને પેહેલવેહેલા જોયા હતા. અમો બેઉના દિલમાં અરસપરસની પસદગી ઉતરી અને અંતે અમો જોડાઇને એક થયાં. બેહેસ્તીએ ગુજરતી વખતે પોતાની આગલી હકીકત જાહેર કીધી ને આપણા જેહાંગીરને ને મને પોતાના ગુમ થયલા વારસને શોધી કાઢવાની નશિયત કીધી, ત્યારે એ બીનાનો તેવણે ઇશારો કીધેલો તારા ધ્યાનમાં હોવો જોઇએ. દાદીબાનો દેખાવજ અમીરી છે, તેથી હું ધારૂંછ કે એ કોઈ કુલીન ખાનદાનનુ ફરજંદ હોવું જોઇએ. ઇનસાન ગમે એવી ગરીબીમા આવે, પણ તેની ખાનદાની અસર અને ચેહેરાની ખુબસુરતી તેને કદી છોડી જતી નથી. માણસનો ચેહેરો એ એક જાહેર આરસી છે, જેમાં તેની વગર રજાએ કોઈ પણ જોનાર તેનુ કુળ જોઈ શકેછે. સીંહના બચ્ચાં કદી છૂપાં રહેતાં નથી. તું શાન્ત થા, દિકરી, ખુદા સૌ સારૂંજ કરશે. તને મનમાં મુઝવાનું કશુ કારણ નથી, કદાચ પરીનના વર્ષગાંઠ પરીનને કરતાં તનેજ પેહેલી લાભ કરવાની હોય ! ચાલ, હવે હુ જાઉં છુ. જરા જીવ ઠરે ને તુબી આગલાં દિવાનખાનામાં આવજે.'

પ્રકરણ ૧૧ મું.

સુખનું સ્વપનું !

શેઠાણી રતનબાઇએ તેજ સાંજે જેહાંગીરને આયમાયની દાદીબા પર ઉતરેલી પસંદગીથી જાણીતો કીધો. વાંચનારને આ વાત અજાણી નથી કે દાદીબાની અસાધારણ ખુબસુરતી તથા બાહોશીએ જેહાંગીરનું દિલ પણ જીતી

લીધુ હતું. તે જવાન બહાદુરશાહ ગમે એવો હશમુખો હતો, પણ જ્યાં ગભીર સવાલ આવે ત્યા તે પોતાનો ગંભીર ટેક દેખાડતો હતો. આઇમાયની દાદીબા પર ઉતરેલી પસદગી તેને કાંઈ નાપસદ નહિ હતી, પણ દાદીબાનું ખાનદાન કેવું છે—એ જવાનની ખાનગી વર્તણૂક કેવી છે, વિગેરે, એક ગ્રહસ્થની યોગ્યતાને છાજતી પ્રછપરછ કરવાની અગત્ય તેણે ઓછી જાણી નહિં. શેઠાણી રતનબાઈ પોતાનાં દિકરાની આવી ઉદારતા જોઈ થોડા ખુશી થયા નહિં. તે વણુને જેહાગીરને દાદીબા ઉપરની આઇમાયની પસંદગી ગમશે નહિં એવો શક હતો, પણ તેવણુના વકીથી ઉલટી રીતે જેહાંગીરે દાદીબા તરફ પોતાની દિલશોજી દેખાડવાથી, તેવણુને બેવડો હરખ ઉપજ્યો

"હું જોઇને ખુશી છું દીકરા જેહાગીર, કે મારા વીચારને તદન મળી જાય એવાજ વીચારો તું પણ ધરાવે છે." તે હરખાયલી માતાએ પોતાનો હરખ જાહેર કરતાં દિકરાને શાબાશી આપી. "મારો વિચાર પણ એવોજ છે કે દાદીબાના ખાનદાનની ખોળ પુરતી સંતોષકારક ઉતરે તો આપણી આઇ તેનો હાથ પકડે તેમાં આપણે વાંધો લેવો નહિં. તું ગમે એ વિચાર ધરાવતો હોય, દિકરા, પણ જ્યાં છે ત્યાં એ દાદીબા કોઈ ખાનદાની બચ્ચું છે. એનાં ચેહેરાનો ખુલ્લદ દેખાવ અને એની ચચળ આંખ્યોની પ્રભા પોતેજ કહી આપે છે કે એ કોઈ હલકાં કુળનો નથી. મારો વિચાર એમ છે કે જો તુ સલ્લાહ આપે તો હુ દાદીબા વિષે ખુદ દારાશાહ દાવરનુ મત્ત પુછું તેવણ વગર એને લગતી સત્તાવાર વિગતો બીજી કોઈ આપણુને પુરી પાડી શકશે નહિં. કેમ તારો શુ વિચાર ?"

"હું તમારાં મતને મળતો છુ, માતાજી, હું દારાશાહને આવતી કાલે આપણે ત્યાં તેડાવીશ અને આપણે બન્ને જણાં દાદીબા વિષે તેવણનુ મત લઇશુ. તમે એ નઝર ઘણી સારી પુગાડીછ અને તેથી આપણે, ખુદાનુ ચાહવું તો, સારેજ રસ્તે પડીશુ."

હજી તો આ વાત ચાલે છે તેટલાં સુદર આઇમાય ત્યાં આવી લાગી. જેહાંગીર તેને જોતાંવાર ગભારાઇ છોડી રમુજી થઇ ગયો ! એ હશમુખા જવાનને પોતાની એક પુરી બેહેન પર કાંઈ અજબ વ્હાલ હતું. તે ડગળે-ડગળે તેણીને કાયર કરતો હતો અને આઇ જેમ જેમ વધૂ ચીરડાતી તેમ તેમ તેને વધારે ને વધારે રમુજ મળતી હતી.

"કેમ આઇમાય ? સહવારે મેં ખરેખરી અટકલ કીધી ત્યારે તો ચીંકી પડયાતાં, ને હવે કેમ ! આખરે તમારી બેચેનીનો સબબ તો ત્યારે પરીનનો મ્યુઝિક માસ્તરજ કેની ? હેં ? બચારીએ આજે આખી રાત દાદીબાના ને દાદીબાનાંજ સ્વપણા જોયાં હશે કે શું તે એનો આજનો દેખાવજ કેવો કહી આપેછ, જુઓની, માયજી ?" જેહાંગીરે કળ કીધી.

"જોજે હું જેહાંગીર ?—માયજી ? તમે એને કંઇ કેહવોછ કેની ? નહિં તો હું અહીંથી ચાલી જવસ !" આઇ બચારી શરમાતી શરમાતી જેહાંગીર પર ચીરડાઇને બોલી.

"જા, તારા હાથ કોણે ધર્યાછ કે ઉભી રહે ? દાદીબા સાથે પરણતી વખતે તો તું મારી પાસેજ આવશે કેની ? આખ્ખાં ગામમાં કોઇ મળ્યુ નહિં તે એક મ્યુઝિક માસ્તરને પકડી કહાડયો ! પણ મારો તે વિષે શું વિચાર છે તે તું જાણેછ કે ? મેં તો માયજીને સાફ ના પાડીછ કે એવા રખડેલ પોર્યા સાથે મારી બ્હેનનુ—"

"નહિંરે દિકરી, એ તો તુંને બેહેકાવેછ." શેઠાણી રતનબાઇએ આ-ઇમાયને પોતાની પાસે બેસાડી, હશીને કહ્યું. "તારો ભાઇ તારી સાથે લાડ ક-રેછ. દિકરી આઇ, તેથી તું કઈ ચીરડાતી ના હો મરૂ ? તારી પસંદગી તારા ભાઇને બી પસંદ પડીછ ને કાલે અમે દાદીબા વિષે વધુ પુછપરછ કરવા સારૂ દારાશાહ દાવરને આપણે ત્યાં બોલાવવાનાં છીએ."

માતાને પોતાની હિમ્મતમા નીકળેલા જોઇને તથા પોતાના ભાઇને પણ દાદીબા તરફ પસંદગી દેખાડતો જાણીને આઇમાયને ઘણી હિંમત આવી.

"હમણા તો તું મારી મશકેરી પેટ ભરીને કરી લે, જેહાંગીર, પણ યાદ રાખજે કે એવોજ વારો એક વખત મારોબી આવશે. કાલે પરીનની પુઠે પુઠ આખો દહાડો ભમરા માફક કેવા ભમતાતા તે ભુલી ગયા કે ભાઇ ?" આઇમાયે ખડખડ હશી પડી જેહાંગીરનો ફેસતો કીધો.

"એમજ—એમજ, હવે કેવી ડાહી લાગેછ, દિકરી ?" શેઠાણી રતન-બાઇએ આઇને ચઢાવી આપી. "તારો ભાઈ તારી ઠેકડી કરે ત્યારે તેંબી બે-લાશક લાગુ પડતા ટાહુકા મૂકી તેનુ વાજબી વેર લેવું. એ હમણાં—હમણાં ઘણો છગી ગયોછ, પણ એકવાર તારૂં કામ સુધરવા દે, પછી એની વાત!"

પોતાની માતાએ કરેલી આ રમુજથી અને બ્હેને આપેલા ચપકાથી જેહાંગીરને જરા 'ચાટ' તો લાગ્યુ; પણ હસવામાં સઘળુ કાઢી નાખી "તું તો પરવારતી છે આઇ—મને કલબમાં જવુંછ" કહી તે દિવાનખાનું છોડી ગયો.

* * * *

ભવિષ્યની ખબર કોણને હોય છે? ભવિષ્યમાં શુ બનશે તે કોણ જા-ણી શકે છે ? બ્રહ્માંડનાં બેહિસાબ ભેદ ભરમોની કળ—કૂંચી કોણને હાથ લાગી છે ? એક ઘડી પછી શું બનશે તેનો ઇનસાનને ખ્યાલ માત્ર હોતો નથી, તો ભવિષ્યનાં ભેદી પડદામાં છુપાયલા ગુપ્ત ભેદ—ભરમો તે ક્યાંથી પામે ? આવતી આફ્તોની આદમ જાતને આગાહી થતી હોય તો પોતાને મન—સુજ્યુ કરી લે-વામાં કોણ પોણીવીશી કરે ? પણ ભવિષ્ય અંધકારમાં હોય છે. ભવિષ્યને પર-મેશ્વરે ભેદિક રાખેલું છે. તેના અપરંપાર કૃત્યોમાં ભવિષ્ય એક અનોપમ અને

અલૌકિક કૃત્ય છે. ભવિષ્ય જાણવાની અદભુત શક્તિ એકલો ઇશ્વર પોતેજ ધરાવે છે. મનુષ્ય માત્રમાં તેનો અંશ માત્ર નથી.

ગરીબ બિચારી આઇમાય! દાદીબા પર ફીદા થયલી આ ખુબ સુરત છોકરીને સ્વપણે પણ ખ્યાલ ન હતો કે જે હાથની તે ઉમેદવાર થઈ છે, તે હાથ તેની ઉમેદવારીની આગમચ એક બીજીજ ઉમેદવારને અર્પણ થઇ ચૂકેલો છે! શેઠાણી રતનબાઇ અને જવાન હશમુખો જેહાંગીર દાદીબાની અસાધારણ ખુબ સુરતી તથા બાહોશી પરથી તેને વાજબી રીતે કોઈ ખાનદાની જવાન કલ્પી લઈ, જો મનોપ ઉપજાવે એવી ખાત્રી થાય તો આઇ જોડે પરણાવવા તૈયાર થયા છે, પણ અંદરખાનેથી દાદીબા તો પરીનનાં પ્યારમાં છે અને પરીન તો આઇની આગમચથી દાદીબાને વચનથી બંધાઈ ચૂકેલી છે, તેની તે ભોળા મા–દિકરાઓને કયાં ખબર છે! એ રીતે ત્યારે સઘળુ " આંધળે બેહરૂ " કુટાતું હતું અને આઇમાય બચારી હવામાં કિલ્લા બાધીને ભવિષ્યના સુખનુ સ્વપનુ માત્ર જોતી હતી!

પરીનની શાલગોરેહ પરીનનેજ નહિ પણ સાથે લાગી આઇમાયને પણ પીડાકર્તા થઈ પડી. વળી પરીનની બેહિસાબ મનોહર મૂર્તિએ તેજ સાંજે જવાન જેહાંગીરનાં અંત:કરણમા પ્યારનો પાયો નાખ્યો હતો! દાદીબા તથા જેહાંગીર પરીનને અને આઈ દાદીબાને એમ ચાહતા શિખ્યા હતા અને એક " રમુજી પઝલ " હોય તેમ સઘળુ ગુચ્છકુ ગુચ્છવાઈ ગયુ હતું!

: : :

ગોઠવણ મુજબ બીજી સાંજે દારાશાહ દાવર જવાન બહાદુરશાહની ચીઠ્ઠી મળ્યાથી " જેહાંગીર કાસ્ટલ " મા મળવા આવ્યા. દારાશાહ શેઠ બહાદુરશાહવાળાઓ માટે કેટલું બધુ ઉચું મત ધરાવતા હતા અને એ કુળાભિમાની શેઠિયો એ સુરતવાસી ખાનદાનને કેવું માન આપતો હતો તે આપણે આગળ જોઈ આવ્યા છીએ. શેઠાણી રતનબાઈ તથા જેહાંગીર બહારૂરશાહે " કાઈ ખાસ સલ્લાહ લેવા સારૂ " દારાશાહ શેઠને " ખાસ ચીઠી લખીને તેડું કીધુ. " એ માન તેવણને મનથી કાંઈ જેવું તેવું નહિ હતું. પરીનને જવાન બહાદુરશાહ જોડે જોડી આપવાની પોતાની હદબહાર ઇનતેજારીમાં દારાશાહ દાવર એટલા ઉલટમદ હતા કે બહાદુરશાહાવાળાંઓનું આ તેડું તેવણે કાંઈ " સારી વધામણી " નુંજ ધાર્યું અને તેથી તેવણ પોતાનાં " સાત કામ પડતાં મૂકીને " તે સાંજે " જેહાંગીર કાસ્ટલ " માં જેહાંગીરે મુલાકાત માટે ઠેડવેલા વખત કરતાં પા કલાક આગમચથી આવી લાગ્યા!

" કેમ શું હોકમ છે જેહાંગીર શેઠ ? " ખેર–આફિયત પુછ્યા પછી દારાશાહ શેઠે સવાલ કીધો અને શેઠાણી રતનબાઈતરફ ફરીને વધાર્યું. " આપણી આઇમાય કયાં છે ? "

"જી, એ પોતાનું લેસન કરવામાં ગુંતાયલી છે" શેઠાણી રતનબાઇએ ઠાવકાપણાથી જવાબ દીધો. દારાશાહ દાવરની બલારાતને પણ ખબર ન હતી કે તેવણુની મુલાકાતનો સબબજ આઇમાય છે તો તેણી તે વખ્તે ત્યાં હાજર રહી શકેજ કેમ ? "આપણી વાત ખાનગી છે, દારાશાહ, ને હું ઇચ્છુછ કે જ્યાં સૂધી અમારી ખાહેશ તે જાહેરમાં લાવવાની નહિ હોય ત્યાં સૂધી તમે પણ તે ખાનગી રાખશો."

"હું તમારા વિચારની બાહાર નથી-હું એક ગ્રહસ્થ છું અને તમારી ખાનગી બીના ખાનગી રાખવાને બંધાયલો છુ." દારાશાહે જવાબ દીધો.

"માયજી, દારાશાહ આપણા વિશ્વાસને પાત્ર છે ત્યારેજ આપણે એ-વણુની સલાહ લઇએ છીએ, તો આપણી બીના ખાનગી રાખવાને એવણુ આપણી સૂચના વગર બધાયલા છે." જવાન બહાદુરશાહે દારાસાહ શેઠને બ-ચાવી આપી પેચથી પોતાની ફતેહ વાપરી.

"બેશક-બેશક" દારાશાહ શેઠને કબૂલ કરવુ પડયુ.

"હુ તમોને સઘળી હકીકત ટુકમાં સમજાવીશ" જવાન જેહાગીર હવે ગબાર બીના આવતા ગંભીર દેખાવથી બોલ્યો. "તમારે ત્યાંની છેલ્લી માયાળુ મેજબાનીનુ માન અમે મેળવ્યુ તે દિવસનો આ એક અચાનક બનાવ છે, કે જે ખુદરતના હોકમ વગર બન્યો નથી એમ આપણે માનવુ જોઇએ. તમારી પરીન બાનુની સાલગીરેહને દહાડે અમો તમારે ત્યાં પહરોણા આવ્યાં હતાં તે સાલગીનેહ તમારી પરીનને ફળે તે આગમચ અમોને ફળી છે એમ હું અને મારા બુઝર્ગ માતાજી માનીએ છીએ. મારી બેહેન આઇમાયની પસંદગી તમારી પરીનના મ્યુઝિક માસ્તર દાદીબા પર ઉતરી છે, જેથી અમારી ખાહેશ છે કે જો એ જવાન આબરૂદાર ખાનદાનનું ફરજંદ હોય-પછી ભલે તે હાલતમાં ગરીબ હોય-તો એ બંન્નેને શાદીના પવિત્ર કોલથી એક કરી આપવા. આ કા-મમાં અમોને તમારી મદદ જોઇએ છે. યાદ રાખજો, દારાશાહ શેઠ કે તમારૂં એ હેશાન અમો કદી ભુલીશુ નહીં."

"તમોને એ નેક કામમાં હું મોટી ખુશીથી મારાથી બનતી મદદ કરીશ"-જેહાંગીર તથા શેઠાણી રતનબાઈ, એ બંન્ને તરફ, દારાશાહ શેઠે ફરીને કહ્યું. "એવા કામમાં કોણ મુરખ નારાજ હોય ? ત્યારે મારો 'દાવર લૅાડજ' ભાગ્યશાળી ખરો, હેં જેહાંગીર ?" અને અહીં દારાશાહ શેઠ હસી પડયા.

"જો આઇમાય પોતાની આશામાં ફતેહ પામે તો હું તમારા મકા-નને મારા મકાન કરતાં અલબતાં સગણુવંતુ ને ભાગ્યશાળી ગણું." જેહાંગીરે જવાબ આપ્યો.

"તમારો એ વિષે શું વિચાર, દારાશાહજી ?" શેઠાણી રતનબાઇએ પુછયું. "દાદીબા વિષે તમારૂં મત કેવું છે ?"

દારાશાહ બડા પોંહચેલ હતા. તેવણે પરીન જોડે જેહાંગીરનું જોડું જોડવાની દિલમાં ઉમેદ રાખી હતી તેથી બહાદુરશાહવાળાંઓને ખુશી રાખવાનો અને બનતી કોશેષથી તેઓનું આ કામ કરી આપી પ્યાર ખેંચવાનો તેવણનો વિચાર હતો. વળી દાદીબા વિષે તેવણનું અંગિત્ત મત પણ સારૂંજ હતું. સારૂં મત હતું ત્યારે તો તેવણે દાદીબાને પરીનનો શિક્ષક નેમ્યો હતો, તેથી જ્યારે શેઠાણી રતનબાઇએ તેવણનુ મત પુછ્યુ, ત્યારે દાદીબા વિરૂદ્ધ તેવણથી કાંઈ બોલાયું નહિં.

"દાદીબા વિષે તમે મારૂં મત પુછોછ, બાઈ?" દારાશાહ શેઠ ગંભીરપણે બોલ્યા "હિમ્મતથી કહીશ કે તમારો આઇમાય જો ખરેખરી નસીબવાન હોય તો એ જવાન તેને હાથ લાગે. દાદીબા એક નમુનેદાર જવાનિયો છે. તેની ચાલચલણ સભ્યતા, વાતચીત અને હેતુઓ એક ગ્રહસ્થને શોભા આપે એવાં છે. તમોને એટલુજ વિચારવાનુ છે કે રૂ ૨૦૦ નો એક આપીસરને છાજતો પગાર હુ એ હુન્નરબાજ જવાનની લાયકાત વગર એને આપુ નહિં, તેમજ નીતિ રીતિ સંબધી તેની ભલી વર્તણુકનુ કાઇક જ્ઞાન મેળવ્યા પછીજ મે તેને મારી પરીનનો શિક્ષક ઠરાવ્યો છે"

"એનું ખાનદાન કેવુ છે?" શેઠાણી રતનબાઇએ બીજો સવાલ કીધો.

"હા-આ એક બાબદમા હું એ લાયકીવાળા જવાનને ઇનસાફ આપી શકતો નથી. એનુ ખાનદાન કેવુ છે તે વિષે હુ કશુ જાણતો નથી. એ કયાનો રહીશ છે તેની પણ મને ખબર નથી પણ રતનબાઇ, એની હદબહાર ખુબસુરતી, એની હદબહાર ચાલાકી અને એનો અમીરી દેખાવ પોતેજ કહી આપે છે કે એ કોઇ ખાનદાની ફરજંદ છે—સાધારણ રેજી–પેજી નથી. જો મારી સલાહ માનતાં હો તો તમે કશી પણ તેહકીક કે તજવીજ કીધા વગર એક દમ એ લાયક જવાનને તમારો જમાઇ કરો!"

જે દારાશાહ ખાનદાનની બાબદમાં અતિ સુગાત્રા અને કુળાભિમાની હતા, તેજ દારાશાહ બહાદુરશાહનાં રતનબાઇને આજે કેવી સલ્લાહ આપે છે! આપણને દાદીબાની વિરૂદ્ધતાનાં સવાલ સાથે કામ નથી—દાદીબા તરફ આ અદના લેખકની તેમજ સર્વે વાંચક–વર્ગની લાગણી છે પણ પોતાની મતલબ પાર પાડવા માટે દાદીબાનું ખાનદાન વટીક બોલવાની ના પાડતી વેળા દાવરશેઠ ભૂલી જાય છે—પોતાની "ગરજના ઘેલા" હોવાથી ભૂલી જાય છે—કે જો એજ દાદીબાને પરીન જોડે પરણાવવાનો સવાલ નીકળ્યો હોતતો એજ દારાશાહ શેઠ દાદીબાને હલકાં કૂળનો અને નીચ બુનિયાદનો ગણી "રાઇ મરચાંમાં" પડયા હોત! પણ અહીં તો પારકે પૈસે ભલાઇ લેવાનું અને મતલબને માટે મીઠઠુ બોલવાનું હતું! મતલબ હોય ત્યાં સુધી મીઠઠું–મીઠઠુ પીરસી મતલબ સર્યા પછી શરમ ભરેલા, હીચકારાં, ખોટાં અને બનાવટી તોહમતો મૂંકી બેવફા થનારાં નગુણાંઓનો આ કમીની કલમતે

ઓછો અનુભવ નથી. દારાશાહ દાવર પણ એવીજ આપ મતલબને આજે વશ થયા હતા. આઇનું દાદીબા સાથે ગોઠવાય, તો, આઇ–દાદીબાનાં લગ્નની સાથેજ પરીન અને જેહાંગીરને જોડી દેવાની ચારવણી કરવાના ખ્યાલમાં દાવરશેઠ "હવામાં કિલ્લા" બાંધી રહ્યા હતા!

શેઠાણી રાતનબાઇ અને જવાન બહાદુરશાહ દાદીબા વિષે દાવરશેઠનું શ્રેષ્ઠ મત સાંભળી સતોષ પામ્યાં, પણ દાદીબાનાં ખાનદાન વિષે દારાશાહ ખાત્રીપૂર્વક ખોલાશો આપી નહિ શકયાથી એ એક–જ સવાલની બીજી કાંઇ તોડ કાઢવાનું બાકી રહ્યું.

"હવે હું સમજ્યો, રતનબાઇ, કે તમારી આઇમાય આપણી આજની આ બેઠકમાં કેમ ગેરહાજર છે. તેણી ભલે પોતાનુ લેસન કરતી હોય, પણ હુ ધારૂં છું કે તે દરેક પાઠમાં દાદીબાનીજ હકીકત તેણી વાંચતી હશે!" દારાશાહ શેઠે રમુંજ કીધી અને શેઠાણી રતનબાઇ તથા જવાન જેહાંગીર હસી પડયાં!

"મારી ગરીબ દીકરીની મશ્કેરી કરોછ કે, દારાશાહજી?" માતાએ દીકરીનો બચાવ કીધો.

"દારાશાહ શેઠ ખોટુ કાંઇ નથી કહેતા, માયજી" હસમુખો જેહાંગીર વાર્તા પરી થઇ રહેલી હોવાથી પાછો રમુજી બન્યો. "એ બચારી હમણા શું ધુળ લેસન કરતી હશે?"

"ચાલ જેહાંગીર, છેક ફાસ્ટ નાં જા!" શેઠાણી રતનબાઇએ હશતાં હશતા પોતાના દિકરાને નરમ ઠપકો આપ્યો. "એ તો કમળો થાય તેને પીળુ દેખાય! એક માણસ પર એક વ્હેમ પડયો કે તેની નિર્દોષ હીલચાલ વ્હેમની નજરે શક ભરેલીજ લાગે. વ્હેમને લીધે કંઇક નિર્દોષ માણસોને ભોગવવું પડેછ. આઇએ દાદીબા તરફ પસદગી દેખાડી તેથી આઈ કાંઇ ગુનેહગાર નહિ ગણાય. આખો વખત આઈ દાદીબાનાજ ખ્યાલમાં હોય એમ બને નહિ."

"શિયાળ તાણે સીમ ભણી ને કુતરૂ તાણે ગામ ભણી!" તે હશમુખા જવાને હજી વધુ રમુજ કીધી. "તમે આઈનાં માય એટલે આઈની તરફેણમાં તમે નહિ નિકળો તો કોણ નીકળે? "કોણી ઘીને કોણ વખાણે–તો તેની મા' તેમ તમે તેની તરફદારી કરવીજ જોઇએ!"

"માફ કરજો, જેહાંગીર શેઠ, હું તમારા મતથી જૂદો પડુ છુ." દારાશાહ દાવરે વચ્ચે ડહાપણ ડોળ્યું. શેઠાણી રતનબાઇને ટાઢાં મીઠાં રાખવામાં તેવણુની મતલબ સમાયલી હતી, એટલે તેવણુની પક્ષ પકડી લઈ તે પોંહચેલ શેઠિયાએ જેહાંગીરની વિરૂદ્ધ મત આપ્યુ! "પોતાનું પેટ સૌને વ્હાલું હોય છે. પોતાની આંખને સૌ કોઈ રોશની માગે છે. તમે તો રમુજ કરો છો, પણ તમારાં ડાહપણવતાં માયાળુ માતાજી તો દુનિયાદારીને અનુસરીને બોલે

છે. જો કે આઇમિાય વિષે એ પોતે મજાક કરી છે, પણ હું ખુલ્લુ કહું છું કે ઉઠતાં બેશતાં દાદીબાનાજ ખ્યાલમા તેણી હોય એમ માનવાને હું ના પાડું છું!"

"જીવતા રેહેજો ને ઘરડા ડોશા થજો, દારાશાહજી?" શેઠાણી રતનબાઇએ દાવર શેઠને પોતાની પક્ષમાં જોઈ ખુશાલી બતાવતાં દુવા દીધી "મારો દિકરો હજી નાદાન છે, પણ તમે વાજબી ઇનસાફ કીધો."

"આપણે તો બા જે ખુદા રાસ્તી હોય તે બોલવાના!" દાવરશેઠ વધારે કાંગલા થયા તેવણને પ્રસંગોપાત ચીબા થવાની વિદ્યા વારસામાં મળેલી હતી!

"હવે હુ એક અગત્યની બીના વિષે તમારી સલ્લાહ માગુંછ, દારાશાહજી," આઇની હશમુખી વાત પડતી મુકી શેઠાણી રતનબાઇએ ગભીર ચેહેરે સવાલ કીધો. "તમે દાદીબાના ખાનદાન વિષે બાહારો બાહારથી ખુદ દાદીબાને પોતાનેજ પૂછપરછ કરો તો કેવું? જાણે તમે પોતે સ્હેજ જાણવા ઇચ્છતા હો તેમ?"

"હુ પણ એમ કહેવા માગતો હતો, માયજી." હશમુખો જેહાંગીર પાછો ગંભીર બની બોલ્યો. "દાદીબાના ખાનદાન વિષે એકલી પરપૂછજ નહિ, પણ દાદીબા પરણુવા ચાહેછ કે નહિ તે વિષે તેનુ મોઘમ મત પણ જાણી લેવું અગત્યનુ છે અને તે કામમાં દારાશાહ શેઠ જેવો બીજો વિશ્વાસુ વકીલ આપણને મળવો મુશ્કેલ છે. આપણે પાછળથી તે બીના દાદીબાએ ખરી જણાવી છે કે નહિ તે તપાસ બાહારો બહાર કરી લઇશુ. વળી દારાશેઠના હેશાનમાં તે દબાયલો છે, એટલે દારાશાહ તેનો ભેદ પોતાને મનગમતો મેળવી શકશે એમ હું માનુ છુ."

"બેશક."

"ત્યારે દારાશાહ શેઠ, તમે અમારૂ એટલુ કામ બજાવશો?" જેહાંગીર બહાદુરશાહે દાવર શેઠને તુરતજ સવાલ કીધો.

"કાય નહિ? મારી આંખને જોરે બજાવીશ 'બજાવશો' એમ પુછવાનુ શુ હોય? એમ કહો કે 'બજાવો'!"

"તે તમારી લાયકી છે, દારાશાહજી" શેઠાણી બોલ્યાં "પણ અમારાથી એમ કહેવાય નહિ."

"હું તો હવે તમારાં ઘેરને જૂદુ ઘેર સમજતો નથી" દારાશાહ શેઠે "ખરડેલા પગ ગાલીચા વેર" લીધા! "તમારૂં કામ તે હું મારૂં પોતાનું કામ સમજું છું અને સમજીશ. તમે એ સઘળી બાબદ જો મારી મુનસફીપર મૂકો તો ચાહવું ખુદાનું, હું એનુ પરિણામ તમોને સંતોષ આપનારૂં લાવી આપીશ."

"તમોને એ વિષે હું દરેક સત્તા આપુછ, દારાશાહજી" શેઠાણી બોલ્યાં.

" તમારી નેક નજરમા જે જે પગલાં ભરવા દુરૂસ્ત દેખાય તે તમે બેલાશક અમોને પુછયા વગર ભરજો. માત્ર એટલુ ધ્યાનમાં રાખજો કે છેલ્લી બ્હાલી-મા અમો માય–દિકરાની મસલત લેજો "

' બહુ સારૂં–ઘણી ખુશીથી હુ એ કામ મારૂં પોતાનુ સમજી બજાવીશ. " દાવર શેઠના હરખનો પાર રહ્યા નહિ. બહાદુરશાહવાળાંઓએ પોતા પર મેળેલો આ મોટો વિશ્વાસ તેવણનાં દિલની બીજી ઉમેદમાં પણ લાભકારી થઈ પડશે એ ખ્યાલથી તેવણ બેવડા હરખાઈ ગયા. તેવણે પોતાને આપેલા આ મોટા માન માટે તે માય-દિકરાનો ઉપકાર માન્યો અને ઘેર જવાની રજા ચાહતાં ઉમેર્યું:—" રતનબાઈ, ખુદાનુ ચાહવું છે તો દિકરી આઇમાય નો ઠેકાણે પડી, એમજ માનવું, પણ હવે મારા જવાન કુમારા શેઠિયાને સંસારી શેઠિયા બનાવો ! "

" આવેછ, આવેછ, તે વખતબી આવેછ ! " શેઠાણી ભરમમા બોલ્યાં "કદાચ મારી આઇના લગ્નની સાથેજ મારા છોભરૂ જેહાંગીરનાબી લગ્ન થવાની સરજત હોય ! "

જેહાગીર ધુમ હસવા પડયા–દારાશાહ દાવર શેઠાણી રતનબાઇના છેલ્લા માર્મિક શબ્દો " મારી પરીનને માટેજ કાંય નહિ હોય ? " એવા ખુશાલ ખ્યાલમાં, ખુશીથી છલછલતી છાતીએ " જેહાંગીર કેસ્ટલ " છોડી ગયા.

પ્રકરણ ૧૨ મું.

—xxxx—

ચાર ચિત્ર.

" દિકરા જેહાંગીર; એક વાત પુછુછ, મને ખરી કહેશે ? " દાવરશેઠ ગયા પછી શેઠાણી રતનબાઇએ દિકરાને એકલો જોઈ તક મેળવી

" કહો માતાજી, હુ તમોને કદી ખોટુ કહીશ નહિ " જેહાગીર ભોળા દિલથી બોલ્યો. તે એમ સમજ્યો કે " દાદીબા વિષે માઠ ખરેખર મત શું છે તેને લગતી કાંઈ બાકી રહેલી પુછપરછ માયજી કરવા ચાહતા હશે, તેને ખ્યાલ વટીક નહિ હતો કે તે પાહવરદા માતાએ દિકરીનો સવાલ બાજુ મૂકી હવે દિકરાનો સવાલ હાથમા લીધો હતો ! "

" પરીનને તું ચાહેછ, જેહાગીર ?

" એ કેવો સવાલ ! માયજી ! "

" તદન બંધબેસ્તો સવાલ છે, મારા દિકરા, તને શરમાવાનુ કાંઈ કારણ નથી. સસારમાં જન્મીને સસારી નહિ થઇએ તો સંસાર નીભેજ નહિ. આપણી જીંદગીની ફતેહ કુદરતના કાયદાઓને માન આપવામાં છે. બોલ, તું પરીનને ચાહેછ ? "

જેહાંગીર શરમાઈ ગયો !

"ખુલ્લા દિલથી મને કહી દે, જેહાંગીર, હુ તારી જણેતા માવતરછુ. બાપા આગળ છુપાવે તો ચાલે, પણ માતા આગળ ફરજંદાએ પોતાના ભેદ ખુલ્લા કરવા જોઇએ."

"હા, માયજી, હુ પરીનને ચાહુછ! હુ આઇની માફક પેહેલા ના કહીને નાકે જીભ લગાડતો નથી!"

"ત્યારે તું આટલા વખત મારી પાસે બોલ્યો કાય નહિં?"

"એ વાત એટલી ગભીર છે, માતાજી, કે તેની ગભીરાઈ કુદરત પોતેજ સાચવે છે. હુ તમોને મોહડે ચહડીને કેમ કહી શકુ કે 'માયજી, હુ પરીનન ચાહુછ!' મે ધાર્યુ કે ચાદ ઉગેલો આપ મેળે નજર આવશે. વળી આઇ-બાયને ઠેકાણે પાડયા પછીજ મે મારો સસાર ગોઠવવાનો વિચાર રાખેલો છે તેથી તુરત વળી એ બીના પડતી મેલવામા'—

"નહિ! હુ તારા વિચારથી વિરૂદ્ધ છુ. મને દારાશાહ દાવરની પરીન ઘણી પસદ છે. કેવી મેહેલ–શોભિત દિકરી છે! તું ખરો ભાગ્યશાળી હોય તો પરીનને મેળવવા પામે. મે ઘણી છોકરીઓ જોઇછ, પણ પરીનની ખુબસુરતી આગળ બીજી બધી પાણી ભરેછ. તારો વિચાર ઘણો નેક છે, જેહાંગીર, તું ખુશેથી એ ભલી ઉમેદને તારા અંત કરણમાં વાસો આપજે દારાશાહ દાવર તારા જેવા એક ખાનદાની અને સુખી જવાન કરતાં બીજો વધારે સરસ જમાઈ કોઈ મેળવી શકવાના નથી. કદાચ આપણી આગમચ એ લોકોનો ડોળો તારી તરફ ખેચાયલો હશે"

'તે સઘળુ ખરૂ, માયજી, પણ મારા બેહેસ્તી બાવાજીની પલી ફરજનુ કરજ અદા કરવા શિવાય હુ પરણીને મોજ–શોખમાં પડુએ કેમ બને? મારી ગરદન પર એક ડુગર પડેલો હોય તેમ હુ બેહેસ્તીના મરતી વખતના વચનોને સમજુ છુ મારા ગુમ થયલા કમ્નસીબ ભાઇને શોધી કાઢવામા મે કાંઈ બાકી રાખ્યુ નથી અને હજીબી શોધ ચાલુજ છે એ તમે જાણોછ; પણ તેનુ ફળ સંતોષકારક આવે નહિ ત્યાં સૂધી હુ—"

"નહિ! તારા એ વિચારો નાદાનિયત ભરેલા અને હુલ્લડ છે, દિકરા," માતાએ દિકરાને ઠપકો આપ્યો "તારા બેહેસ્તી બાપે તારી ઉપર તેને શોધી કાઢવાની ફરજ મૂકીછ ખરી, પણ તેવણે કાઇ એમ કહેલુ નથી કે તેનો પત્તો નહિં મળે ત્યા સૂધી તે કુમારો રેહેવું ના, એવી તેવણની મકશદ હતીજ નહિ ઉલટું તેવણનુ રૂહ એ ચીજથી કમકમશે. તું તારા સંસાર–સુખમાં ખલલ નાં નાખ, જેહાંગીર! કોણ જાણે ખુદાનો હુકમ એવોબી હોય કે તારી જીંદગી સૂધી—જોકે આપણે તેવું ઇચ્છતાં નથી—તારા ગુમ થયલા ભાઇનો પત્તો નહિ મળે તો તેથી શુ તે તારો આખો ભવ બાળવો? મારૂ તું વગર બીજું કોણ છે? આપણી મોટી દોલત ને બિસ્યાર માલ મિલકત વશ–વેલા વગર આપ-

ણને શુ કામની ? તારી પાછળ આપણી જાહોજલાલી અને નામદારી કોણથી કાયમ રહે ? તારા બાપ–દાદાના કીતિવત નામ તારી પાછળ ત્યારે સદાના અંધકારમાંજ જાય કે ? નાહં ! એમ હુ કદી બનવા દઇશ નહિ ! તને તારો વિચાર ફેરવવોજ પડશે."

"લોકો મારે માટે શુ ધારશે, માયજી ? "

"કોઈ કાંઈ ધારવાનુ નથી. આપણું પગલુ આપણે તપાશવાનુ છે. તું મારો ખરો વફાદાર દિકરો હોય તો એ બાબદમા મને નારાજ ને દુ:ખી ના કરતો તારા વંશ–વેલાનો તું પેહેલો ખ્યાલ કરજે."

વખત ! વખત ! તારી ગતી વિલક્ષણ છે ! તારા કૌતુક કપારી છોડવે છે ! તું કોઇને માટે સ્થાયિક નથી ! તારી ઝડપ બેહિસાબ છે ! તારો અમલ પાણીના પરપોટા જેવો ખ્યાલી છે ! તારી કીર્તી ઉનાળાના ગોલાબ જેવી અનિશ્ચિત છે ! વખત ! વખત ! તું કોઇને માટે થોબતો નથી ! તારૂ આવવુ અને જવુ ક્ષણિક હોય છે ! વીજળીને વિદ્વાનો તારી બહેન ગણે છે ! શુ ઇનશાન કે હેવાન, શુ શેહેર કે જંગલ, પહાડ, પર્વત, નદી, નાળાં આકાશ, પૃથ્વી પાતાળ એ સર્વની સ્થીતિ પલક વચ્ચે ફેરવી નાખનાર તું છે ! આબાદ ત્યાં વેરાન ને વેરાનને આબાદ કરનાર તુ છે ! રાજપાટની કીર્તી અને તખત–તાજની ઉથલપાથલ કરનાર તું છે ! એક માણસના વિચારને એક પલકવારમાં ફેરવી નાખવાની અદ્દભુત શક્તિ ધરાવનાર તું છે ! વખત ! વખત ! તુ બેહિસાબ બેકિનાર છે ! તારી શક્તિ અપરપાર છે !

ઉપલા લેખક–વિચાર આ વાર્તા દરમ્યાન કેટલા ખરા પડે છે, તે જોઇ વળવાનુ કામ વ્હાલાં વાચનારની મુનસફી પર મૂકી અત્રે ચૂપકીદીનો પડદો તાણેલો ફાયદાકારક છે. "દુઃખી દાદીબા" ની વાર્તા આ પ્રકરણથી એક જૂદીજ વલાણ લેછે અને વાર્તાનુ વણ ગુથવા માટે કુદરત તે અસલ ખરા બનેલા બનાવો પર કેવો ચમત્કારિક રંગ ભજે છે, તે ધ્યાનથી અને ધીરજથી પોતાના દિલમાં ઉતારવાની મારા વાચનારને મારી નમ્ર અરજ છે.

* * *

પેલી તરફ દારાશાહ દાવરે "દાવર લાડજ" મા જઇ પુગા બરાબર આજની "વધામણી" થી પોતાના મોહોરદાર મેહેરબાઇને વાકેફ કીધા ! દાદીબા વિષેની સઘળી બાબદ "તમામ ખાનગી" રાખવાની "જેહાંગીર કાસ્ટલ" માં કબુલાત આપી આવ્યા છતાં દાવર શેઠ તે બીના મેહેરબાઇ આગળ કહી દેવામાં કશી અડચણ જોઇ નહિ ! તેવણે મેહેરબાઇને "સખત તાકીદ" કીધી કે "એ વાત તું ને હું શિવા ત્રીજુ કોઈ જાણે નહિ તેની ખાસ સંભાળ રાખવી," તો જો કે પોતે પોતાના પેટમાં રાખવા કબૂલેલી

બીના મેહેરબાઇ આગળ કહી દેતાં કેટલી "ખાસ સંભાળ" રાખી હતી તેનું એ કુળાભિમાની મતલબ-ગરજી પારસીને ભાન વટીક ન હતું!

"મેહેરી, ખુદા કરે ને દાદીબાના દિલમાં ફરેસ્તા વશે કેની તો આપણુ કામ થઇ જાય, હો?" દારાશાહ શેઠ સુખના સ્વપના જોવા પડયા. "જો આઇમાયને દાદીબા પસંદ કરે તો એ જશ મને મળે ને એ જશ મને મળે તો પછી આપણી પરીનને જેહાગીર સાથે જોડી આપવાની આપણા દિલની ઉમેદ ધાર્ણી આશાનીથી પાર ઉતરે."

"દાદીબાને આઇમાય પસંદ હોય કે નહિં હોય—જો કે એ છોકરી કંઇ ઓછી દેખાવલી નથી—પણ દાદીબાની આખ એ બહાદુરશાહવાળાઓની મોટી દોલત પરજ પેહેલાં તો અજાઇ જવાની" મેહેરબાઇએ મત આપ્યુ.

"ખરૂ છે, મેહેરી, તારૂ અનુમાન ખરૂ છે." દારાશાહ એક ઇઝીચેર પર અલેટતાં બોલ્યા. "દાદીબાનુ ખેંચાણ કરનારી જેટલી આઇમાય નથી તેટલી આઇમાયની દોલત છે. એ જશ આપણને જરૂર મળવાનો ને ફર મળવાનો! લાવ જરા આઇસ-વીસ્કી મગાવ, મારૂ નાક સુકાએછ" અને તે એકવારનો કુળાભિમાની શેઠિયો હવામા તરેહવાર કિલ્લા બાંધવા સારૂ પોતાના દીનજીનમા આતશિયા કોલસો પૂરવા તૈયાર થયો!

માનસાનની પીઠ પાછળ કેવા કેવા સંકેતો ચાલે છે તેનુ ભાન કોણને હોય છે! પીઠ પાછલ થતી નિંદા, પીઠ પાછળ થતી વખાણ કે પીઠ પાછળ થતાં કકર્મો વિષે આપણે એમ ધારીયે છીએ કે તેને જોનાર કોઇ નથી; પણ નાં—તે કામોને છૂપી રીતે સાંભળનાર અને જોનાર એક જણ છે અને તે કોઇ જ નહિં પણ સૃષ્ટિનો ગુપ્ત સાહેબ પોતે છે, આપણે માટે, પીઠ પાછળ તરેહવાર બોલાય તેની એક તચાકડીભાર દરકાર રાખવી એ તેવા નિંદકોને ઉત્તેજન આપવા બરાબર છે. નિંદાખોરો આપ મેળે ઉઘાડા પડે છે. તેમને આપણે થઇને ઉઘાડવાની કાંઈ જરૂર નથી એજ રીતે પીઠ પાછળ ચાલતાં સારા કે માઠા સંકેતોનો રસ્તો પણ એજ છે. સૂર્ય ઉગેલો છાબડે ઢકાતો નથી. દાદીબા પાછળ ચાલી રહેલી આ છૂપી ગોઠવણ વિષે દાદીબાની ફેવાટીનેબી ખબર નહિં હતી!

બીજી તરફ પરીન—ખુબસુરત પરીન—કહોકે વાર્તાનુ મૂળ પરીન—પોતાની ફટાઉં થયલી ફરંગણ વિષે ઘણી ફિકરમંદ બનેલી હતી. તે બેવફા આયાને વશ કરવા માટે દાદીબાએ તેને જે નશિયત કરી હતી તે નશિયત મુજબ પરીને અનેક પ્રયત્નો કરી જોવા છતાં તે હલકી ગોલામડી તેને હાથ આવી નહિં. તેણી કાંઈ ઘર છોડી ગઈ નહિં, પણ પરીન જોડે રીસાયલીજ રહી. જાણે પરીન લુસીની ચાકરડી હોય ને લુસી પરીનની શેઠાણી હોય તેવો આ-

મહો ત્યાં થઈ પડયો ! પરીનના દરેક હોકમ તેણી ફ્રકડી-ચટકીને બજાવતી અને પરીનને એકેક કામને માટે બૂમ પડાવી પોતાનું વેર વાળતી. પરીન પોતે તેણીના હાથમાં હથિયાર થઈ પડેલી હોવાથી પરતંત્ર હતી. તેણીથી તેને ચાંપીને બોલી શકાતું ન હતુ અને તેમ હતું તેથી તે હલકી ગોલામડીનો જોરો બેવડો વધી ગયો હતો !

દાદીબાનું શિક્ષણ ચાલુ હતુ. પરીન તેની સગતમાં સુખ સમજતી હતી બહાદુરશાહનો જેહાંગીર પરીનને ચાહે છે અને બહાદુરશાહની આશ્રમાય દાદીબાની હિસ્સેદાર બની છે એ વાતથી તે બન્ને જણા કેવળ અંજાણા હ ા !

સજોગની ગતી કેવી વિચિત્ર હોય છે ! સજોગ બનવાના હોય છે ત્યારે માણસની બુદ્ધિમા કેવા ચમત્કારિક ફેરફારો થાય છે ! સજોગ આવી પુગે છે ત્યારે વ્હાલાઓમા પણ કેવું વેર વશે છે !

આપણે તે હવે પછી જોઇશું.

પ્રકરણ ૧૩ મું.

અપમાન કે આદરમાન ?

બીજે દીને દાદીબા પરીનને મ્યુઝિકનુ લેસન આપતો હતો તેટલામા એક નોકરે આવી તેના હાથમાં નીચલી ચિઠ્ઠી મૂકી—

"એક ખાનગી બાબદસર મારે તમોને મલવું છે, માટે તમારા કામથી પરવારીને ઘેર જાઓ ત્યારે મને મારા ઓરડામાં મલીને જજો. લા૦ દારાશાહ."

કોઈ માણસ પોતાના ખ્યાલમાં બેઠેલો હોય અને એકાએક એક વિકાળ વાઘને પોતા સામે આવી ઉભેલો જોઈ જેટલો ચમકે તેટલો ઉપલી ચિઠ્ઠી વાંચી દાદીબા ચમકયો ! તેના ચેહેરા પરથી દેહેશતની વાદળી વિજળીને વેગે પસાર થઈ ગઈ. ચિઠ્ઠી લઈ આવેલો ચાકર પોતાનો ધભરાટ પામી નહિ જાય તેટલાં માટે "ઠીક છે—હું મલીને જઇશ" એમ જવાબ આપી તેને રવાના કીધા પછી દાદીબાએ તે ચિઠ્ઠી તુરત પરીનના હાથમાં મૂકતાં કહ્યુઃ "પરીન, આપણી વરતેલી આગાહી આજે ખરી પડેછ કે શુ ? તારા બાવા મને પોતાના ઓરડામાં ખાનગી મળવા માગેછ. રખે પેલી ફ્રુટાઉ થયલી ફ્રરગણે કાંઈ અભાડો બાળ્યો હોય ?"

એક સપાટામાં પરીન તે કાપલી પર લખાયલી ત્રણ-ચાર લીટીઓ વાંચી ગઇ. "થઇ ચુક્યુ, દાદીબા, દાવર લાડજમાં તમારી આજની મુલાકાત છેલ્લીજ સમજજો. અફ્સોસ! અફ્સોસ!" અને પરીચેહેર પરીનની આંખ્યોમાં આંજુ આવી ગયાં.

"સબર કર, પરીન. કાંઈ બીજી ખાનગી બાબદ કાં નહિ હોય ?"

" કદી નહિં ! તમારી જોડે એવણુને ખાનગી વાત બીજી શી કરવાની હોય ? જ્યાં છે ત્યાં સઘળું રધાઈચુક્યુ છે અને માય–બાવા તમોને નહિ ઘટે એવાં અપમાન સહિત આજે અમારી સીહડી ઉતરી જવાની ફરજ પાડવાના."

અને અહીં પરીને છોડી મુક્યુ. તેણી પ્યાના પર બેઠેલી હતી ત્યાંથી ઉઠી એક ખુરસી પર બેઠી અને દાદીબાનો વાહાલો હાથ રડતી ચશમે પોતાની આંખ્યોમાં દાબતાં વધાર્યું: " એ સઘળું હું અભાગણીને લીધે તમોને ખમવું પડશે, પણ મારા દાદીબા, છેવટ વેર હિમ્મત છોડતા ના "

" મારી તમામ હિમ્મત તારી ઉપર ટકેલી છે, પરીન ! " દાદીબાએ પરીનના હાથ પ્યારથી દાબતા કહ્યું " તું વાહાલી મને અંત સુધી વફાદાર છે એમ હું હાલની ઘડી સુધી માનુ છુ

" અને તેવી મને હમેશા માનજો " પરીને વધાર્યું. " ગમે તે થશે પણ તમારો–મારો પાક પ્યાર કદી ખુટવા કે બોરમાવાનો નથી."

" કદાચ તારા પિતા તારી ઉપર જબરૂં દબાણ ચલાવશે, પ્યારી પ-રીન ? " દાદીબાએ યાદ આપી.

" તે દબાણને કેટલુ વશ થવું એ કામ મારૂં છે, વાહલા દાદી." પરીન ઉશ્કેરાઈને બોલી

" તું ઉશ્કેરાઇ ના જા. વાહાલી, ખુદાનુ કામ ખુદા કરશે. " દાદીબાએ પરીનને ધીરજ આપી. " જ્યાં સુધી તારા બાવાને મળીને તેવણની ખાનગી વાત શુ છે તે હુ જાણું નહિં ત્યાં સુધી હુ કશા છેવટ પર આવી શકતો નથી. તુ કહે છે તે ખરૂં છે કે મારી જોડે એમને બીજી શી ખાનગી વાત કરવાની હોય, પણુ સંસાર અપરરપાર છે. કહી ઘડીએ આપણને કોણની ગ-રજ પડશે તે કોહથી કલ્પી શકાતું નથી. કારણુ વગરનું કાર્ય હોતું નથી. તું વાહાલી ધીરજ રાખ; આપણે માથે આપણો સાહેબ બેઠેલો છે."

દાદીબાએ ધીરજ આપવા છતાં અધીરી પરીનની અધીરતા ઓછી થઇ નહિ. આજની મુલાકાત છેલ્લીજ છે એમ માની લઇ પરીને દાદીબાને મુશ્કે-લીથી તે ઓરડો છોડી જવા દીધો અને જ્યારે તે તેણીના પિતાને મળવા તેવણના ઓરડાંમાં ગયો ત્યારે પરીન પોતાના બિછાના પર પડી " કોણ જાણે આએ મુલાકાતનું છેવટ શું આવશે " તેની ધાસ્તીમાં ધ્રુજી રહી !

* * * *

" આવો દાદીબા, કેમ છો ? મારી પરીનની શાલગીરેહ પછી તમે મને મલ્યાજ નહિં ? તમે દાવર લાડજમાં રોજ આવતા હશો, પણુ મારાથી ધંધા-ધાપાની રોકાણને લીધે તમોને મલાયું નહિં. અહીં આવો–અહીં મારી પાસે ખુરશી છે–અહીં બેશો. આજે તમારી સાથ મારે કાંઈ ખાનગી વાતચીત કરવીછ." દારાશાહ શેઠ, જેવણ એક ઇઝીચેર પર અઠેલાયલા હતા તેવણે

ચિત્ર ૬ ઠું.



“એમ સમજી હું અભાગણીને લીધે તમાને ખમવું પડશે, પણ મારા વહાલા છેવટ વર હીંમત છોડતા ના”

[સફે ૬૨]

દાદીબાને ઓરડામાં દાખલ થતો જોઈ આવકાર આપતાં કહ્યું અને પોતાની પ્રીચેરની નઝદીક આગમચથી ગોઠવી રાખેલી એક ખુરશી પર દાદીબાને હસતે ચેહેરે જગ્યા આપી.

કેવો ફેરફાર!

દાદીબા તે ફેરફાર જોઇ હેરત થયો! દારાશાહ શેઠ તેને ઓરડામાં દાખલ થયલો જોતાં વાર એકાદ મોટી ડખાર મેળી ફાડી ખાશે એવા ભય-ભિત ખ્યાલો વચ્ચે દાખલ થયલો તે અસીલ જવાન, ધારેલી વક્કી કરતાં જૂ-દીજ રીતે પોતાને આવકાર મળેલો જોઈ ચકિત થઈ ગયો '

પણ એજ પળે તેના મનમાં એક બીજો વ્હેમ પેદા થયો. જ્યારે મા-ણસનુ મન ભ્રમિત્ત હોય છે ત્યારે એક વિચારને છોડી દઈ બીજા વિચારને ઝટ પકડી પાડે છે. પરીનના પ્યારને લીધે દાદીબા દારાશાહ દાવરનો "છુપો પણ પાક" ગુન્હાગાર હતો, જેથી ઓરડામાં દાખલ થતાં તેને શુરૂઆતમાં અપમાનનું દર્પન થશે એમ ધારવા છતાં જ્યારે તેમ કશુ ન બન્યુ અને સામાં સન્માનથી દારાશાહ શેઠે તેને આવકાર દીધો, ત્યારે "એ પોંહચેલ પુરૂષ મારી જોડે નરમાશથી કામ લઇને અહીંથી ગુપચુપ ચાલી જવાને ચેતાવવા ચાહતા હશે." એવું અનુ-માન તેનાં મનમાં વસ્યુ!

પણ દાદીબાનુ એ અનુમાન ખોટુ પડયુ. વાંચનાર સારી પેરે જાણે છે કે દારાશાહ દાવરે તેને કાંઈ ઠપકો આપવા માટે બોલાવ્યો ન હતો, પણ બાહદુરશાહની આઇમિયની દાદીબા પર ઉતરેલી પસદગી વિષે તેને જાણીતો કરવા તથા બીજી તેને લગતી હકીકતો મેળવવા માટે બોલાવ્યો હતો '

"આજે હુ જરા ફુરસદમા છુ તેથી વિચાર કીધો કે વખત પસાર કરવા આપણા દાદીબાને તેડુ વળી મારે તમોને એક ખાનગી બાબદસર મ-ળવાનુ પણ હતું." દાદીબા ખુરશી પર ગોઠવાયા પછી દાવરશેઠે ચલાવ્યુ. તેવણનો ચેહેરો જોઇ દાદીબા અચરત થતો હતો કે તેવણ રોજ કરતાં વધારે આનદી દેખાતા હતા.

"સુખેથી ફરમાવો સાહેબ, હુ તમારો આજ્ઞાંકિત સેવક છુ. મુજ ગરીબનું કાંઇ ખાનગી બાબદસર તમોને શુ કામ પડયુ?" દાદીબાએ નમન-તાઇથી પુછ્યુ.

"રફતે રફતે આપણે તે વાત પર આવીશું. દાદીબા" દાવર શેઠ બોલ્યા. "મારે પેહેલાં લાગી યાદદાસ્તને કેટલીક અગત્સજોગી બીનાથી માહી-તગાર થવું છે. હમણાં હમણાં મારી યાદદાસ્ત શક્તિ એટલી નબળી થતી જાય છે, કે અહીંનુ મુકેલું તહીં ભૂલી જાઉં છું તેમજ એક વિચાર કીધા પછી વચ્ચે અરધો કલાક પસાર નહિ થાય તેટલાં તે વિચાર વીસરી જાઉ છું. વાસ્તે મને જે જે ચીજ યાદ આવશે તે આજે આપણે ફુરસદમાં છીએ

તો એ પાચ ખુલાશામા હું તમોને પૂછી લઇશ. પેહલાં તો મારે સતોષ જ-તાવવો જોઇએ કે મારી દિકરી પરીનનું મ્યુઝિક શિક્ષણ જ્યારથી મેં તમારા સ્વાધિનમાં સોંપ્યું છે ત્યારથી તેણીના એ બાબદનો અભ્યાસ ઘણો વધી ગયો છે. પરીનની વરસગાંઠને દહાડે પ્યાના પરનો તેનો હાલનો મજબૂત કાબુ જોઇ હુ બેહદ ખુશી થયો છુ. એ સર્વે તમારી અસાધારણ શિક્ષણ–કળાને આ-ભારી છે. પરીનને આવું સરસ વજાડતાં જોઇને પેલાં બાહદુરશાહવાળાંઓમા તેની, તમારી અને મારી જે વાહવા બોલાઈ છે તેની અસર લાંબા દિવસો સુધી મારા મગજ પર કાયમ રહેશે. એ સઘળું તમારા કારસાજ હાથનુ સંગીન પરિણામ છે, કે જે પરિણામે મને અસાધારણ સંતોષ આપ્યો છે. ”

દારાશાહ દાવર જબરા ઠાવકા અને પોંહચેલ હતા “ મારી યાદદા-સ્તનું બરાબર ઠેકાણું નથી ” વિગેરેથી ભોળા દાદીબાને ભમાવ્યા પછી તેવણે પોતાનું લાંબુ “ લેકચર ” એવી સિફતથી શુરૂ કર્યું કે તેમા બાહદુરશાહવા-ળાંઓ, જેઓનાં કામને માટેજ દાદીબાની આજની મુલાકાત જન્મ પામી હતી, તેઓ, આવ્યા વિના રહે નહિં. વળી શુરૂઆતમાં દાદીબાને રાજી રા-ખવા માટે તેવણે પરીનને શિખવવાની તેની શક્તિના વખાણ–તો જો કે વાજબી વખાણ–કર્યાં અને તે વખાણ કોણે કીધા, તે દાબાવવા માટે તેવણે બાહદુરશાહવાળાંઓને આડી ઢાળ તરીકે ધર્યા ' આમ કરવામા દારાશાહ શેઠની બે નેમ હતી. એક તો એ કે પોતાના બોલવાને ટેકો મળવા માટે કોઈનુ નામ બતાવવુજ જોઇએ, તેથી તેવણે બાહાદુરશાહવાળાઓને બતાવ્યા હતા અને બીજું એ કે બાહદુરશાહવાળાંઓ તરફ દાદીબાનો ચાહ બેસવા માટે દાદી-બાના વખાણનાર બાહદુરશાહવાળાઓ છે એમ તેઓએ તે જવાનને છટકામાં સપડાવા સારૂ દેખાડી આપ્યુ અર્થાત દારાશાહ દાવર પોતાની “ યાદદાસ્ત નબળી ” જણાવવા છતાં હળવે હળવે દાદીબાને એવા સવાલ પર લાવવા માગતા હતા કે જે સવાલની તેમને ખાસ જરૂર હતી. દાદીબા એકદમ સમજી નહિ જાય તેટલા માટે તેવણને પેહેલા આજુબાજુના આડા-અવળા રસ્તાઓ પકડવા પડતા હતા અને હજી તો હવે પછી તેવણ મૂળ વિષય પર વાત ચલાવવાનાં હતા.

પ્રકરણ ૧૪ મું.

પવિત્ર એકરાર.

“ મે મારી ફરજ પ્રમાણિકપણે બજાવ્યા શિવાય વધારે કાંઈ કીધું નથી, શેઠ, ” દારાશાહ શેઠને દાદીબાએ લાયકીથી ઉત્તર વાળ્યો. તે બાહોશ જવાને દાવર શેઠનાં આનદી ચેહરા પરથી પારખી લીધુ કે જે ભય તે રા-

ખતો હતો તે બાબદ વિષે આજની આ મુલાકાત ન હતી તેમ હોત તો શુરૂઆતમાંજ તેને અપમાન સોંસવુ પડત. વળી પોંહચેલ દારાશાહ ધીરજથી અને નરમાશથી તેને પોતાની સીહડી ફરીથી નહિં ચઢવાની ચેતવણી આપશે એવો તેને તે પછીથી જે ખ્યાલ થયો હતો તે પણ ખોટો હતો. એમ તેણે હવે જોઈ લીધુ. આજની બીના તદન જુદીજ છે અને હવે મને ભય રાખવાનુ કશું કારણ નથી" એવો મનમા ખ્યાલ થતાં દાદીબાને હિમ્મત આવી. જો કે તેણે જે બીના જાહેર થવાનો ધાસ્તી રાખી હતી તે બીનામાં પાપ જેવું કશુ હતુ નહિ. પણ દારાશાહ શેઠના અભાગિયા સ્વભાવને લીધે ખાસ ડરવાનુ હતુ. દાદીબાના તે ડર હવે ખાત્રીપૂર્વક ભાગી જવાથી દારાશાહ શેઠના સઘળા સવાલોના જવાબ ખુશમિજાજે આપવાનું તેણે મનમાં ઠરાવ્યું. "કોઈ દહાડે નહિ ને આજે શેઠ એટલા રંગીલા કેમ બની ગયા છે" એજ માત્ર તેની અચરતી હતી!

"મેં મારી ફરજ પ્રમાણિકપણે બજાવ્યા શિવાય વધારે કાંઈ કીધુ નથી, શેઠ," દાદીબા બોલ્યો "મે દામ લઇને કામ કાધુછ એટલે એટલી બધા વખાણને હુ પાત્ર નથી, તોપણ મારી મેહેનતનો તમો સાહેબ તથા બીજાંઓ તરફથી એવી કદર બુજાય છે એમ જાણી મને નિહાયત સતોષ ઉપજે છે"

'આપણી કદરનુ તો સમજ્યા, પણ જ્યારે બાહદુરશાહવાળાઓએ તમારા નાદર હુન્નરની પીછાણ કીધી છે, ત્યારે તેમા કાંઈ પણ વજુદ હોવું જોઇએ." દારાશાહ શેઠે ભોળા દાદીબાને ફનેહથી સમજાવા માંડ્યુ. કહેવાની કશી અગત્ય નથી કે તેવણની નેમ માત્ર બાહદુરશાહવાળાઓ તરફ દાદીબાનુ દિલ વાળવાની હતી. "એ બાહદુરશાહવાળાઓ સાધારણ ચીજને વખાણે એવા નથી—અસાધારણ ચીજનેજ એ લોકો વખાણેછ. વળી પરીન કરતાં તમારો પોતાનો જાતિ—હુન્નર જોઇ એ લોકો ખુશ ખુશ થઈ ગયા છે. શેઠાણી રતનબાઇ અને તેવણની ખુબસુરત દિકરી આઇમાય તથા પેલો ભાગ્યશાળી જવાન બાહદુરશાહ જેહાગીર ફરી કરીથી તમારૂ મધુર ગાણું સાભળવાની હોંશ ધરાવે છે. તમે મારી પરીનની વરસગાંઠને દહાડે એ બાહદુરશાહવાળાં-ઓનું દિલ એવું જીતી લીધુ છે, મી૦ દાદીબા, કે મારી આ આગાહી યાદ રાખજો કે વખત જતાં શેઠાણી રતનબાઈ તમોને સ્વપણે પણ વસ્યાં નહિં હોય એવી કોઈ માંગણી.—"

"શેઠ, શેઠ, એ શુ બોલો છો!" દાદીબાએ શરમાઈ જઇ દારાશા-હને બોલતાં અટકાવી પાડ્યા "મારા જેવા એક ગરીબને માટે તમારી આ આગાહીને હુ મારી મશ્કેરી શિવાય બીજું કાંઈ માનુ નહિં. હું અદનાં કોણ ને એ બહાદુરશાહવાળાંઓ કોણ? ક્યા ગાંગાશાહ ને ક્યાં ગાંગો તેલી! મારી અને એમની યોગ્યતામાં આસમાન જમીનનો ફેર છે. હુ ગમે એવો અસાધા

રણ—મારી છૂટ કાજે મને માફ કરજો—હુન્નર ધરાવતો હોઉ તેથી શુ થયું ? હું ઇચ્છુ છુ સાહેબ કે આ બીના અહીંજ બધ કરી દઈ તમે મને શી ખાનગી બીના સારૂ અહીં બોલાવ્યો છે તે જાહેર કરવાની તશદી લેશો."

"દાદીબા, ધીરા પડો તમારૂ લોહી જવાન છે, પણ મારૂં તો હવે ઠંડુગાર થઈ ગયુ છે. જવાન લોહી જરા વારમા તપી આવે છે. પણ પોતાના લાભનુ કે ગેરલાભનુ શુ હોય તેનો ખ્યાલ કરતુ નથી" અને અહો જાણે શુ એક રમુજ પડી હોય તેમ દારાશાહ શેઠ મોટે સાદે હસી પડ્યા. "દાદીબા, મારા જવાન દોસ્ત, તમારી ભૂલ છે હુ જે તમોને કહીશ તે કાયદાનુજ કહીશ. મારી આગાહી આજે તમોને કદાચ અસંભવિત લાગતી હશે, પણ વખત પોતાનુ કામ કરતો આવે છે. મારાં ખાલેશ દિલના બોલવાનાને તમે જો મશ્કરી માનો તો મુખત્યાર છો, પણ હુ તમોને ખરી ખાત્રીથી કહુ છુ કે મારી આજની વાતચીત તમારી તરફ તમામ હિત્તદર્શક છે અને તે ચાહત ખુદાનુ તો હું તમોને ચંદરોજમા બતાવી આપીશ."

"મુજ મિશકીન તરફની તમારીએ અનત મેહેરબાની માટે મને માન છે, સાહેબ, પણ આપે આજે જે આગાહી કીધી છે તે બનવી મહાલ છે" દાદીબાએ ખાલેશ દિલથી પોતાના વિચારો ખુલ્લા કીધા "અને એવી સ્વપ્ને પણ વકી ન રખાય એવી બાબદ પર હવામા કિલ્લા બાધુ એવો હુ મૂર્ખ નથી"

"બેશક—બેશક તમારા જેવા એક અશરાફ જવાને તો એમજ કહેવું અને કરવુ જોઇએ, પણ તમારા સદગુણોની પિછાન કરવાનુ કામ બીજાઓનુ છે અને તેવી એક પિછાન તરીકે તમારા હુન્નરથી નરમાસથી અને ખુબસુરતીથી બાહદુરશાહવાળાઓ તમારી તરફ ખેંચાય તો તે બનવાજોગ ને માનવાજોગ છે"

"દારાશાહશેઠ, આજે તમે મારી હદ બહાર વખાણ કરો છો. દાદીબાએ ફાકથી જવાબ આપ્યો. "ખુદાએ મને ચેહેરાની બક્ષેસ અને કાઇક નજીવા સદગુણની નવાજેશ કરી હોય તો તેથી બીજાઓનુ મારી બણી ખેંચાણ થાય એ વાત હુ માનતો નથી. મારા કરતા સો દરજ્જે સરસ પુરૂષો ખુદાની ખલકમાં કાંઇક પડ્યા હશે, તેઓ ત્યારે મારે કરતા પેહેલા પુજાવા જોઇએ!"

"તે ખરૂ છે, પણ ખુબસુરતી અને સદગુણ છતા હુન્નર તેઓમા નથીની ? તમે તો એ ત્રણે બાબદમાં ભાગ્યશાળી છો અને તેથીજ તમારી તરફ દાખલા તરીકે બાહદુરશાહની આઇમાય જેવી જવાન ખુબસુરત કુમારિકાઓ ખેંચાય તો હુ તેમા અચરત નહિ થાઉ!" દારાશાહ શેઠ હવે હળવે હળવે આગળ વધ્યા. જે સખુનો પહેલાં તેવણ ભરમમાં બોલતા હતા તે હવે તેવણે દાખલો આપવાના આકારમા ખુલ્લા કહી બતાવ્યા!

"કોઇનાં નિર્દોષ બચ્ચાં પાછળ એવા સખુનો આપણે ઓચરવા નહિ જોઇએ, શેઠ!" દાદીબાએ દારાશાહને યાદ આપી. "મારે તમોને શિખામણ આપવાની શોખાઈ કરવી નહિ જોઇએ, પણ આપ સાહેબ આજે કાંઈક હદ બહાર બોલો છો. એ બાહદુરશાહવાળાંઓ કેવાં ઇઝતદાર ને ખાનદાની છે તેનો ખ્યાલ તમે રાખવો જોઇએ. મારા જેવા એક લાચાર અને કશી રીતની યોગ્યતા વગરના જવાનને પોતાનુ ખાનદાની ફરજંદ હવાલે કરવાને એ માતબરો તૈયાર થાય એ વાત જાગૃતાવસ્થામા તો નહિજ પણ સ્વપનાવસ્થામા પણ માનવાજોગ નથી. તમે મારી મશકેરી કરો છો, એટલોજ એનો હુ સાર કહાડુ છુ, દારાશાહ શેઠ!"

"અને માનવા લાયક હોય તો?" દારાશાહ લગાર ટણુકાથી બોલ્યા. "દાદીબા, એ વાત જો માનવા લાયક હોય તો?"

"તોપણ હુ માનું નહિ, સાહેબ!" તે અસીલ જવાને મક્કમપણે ઉત્તર વાળ્યો. "મુબઇ શેહેરમા એ બાહાદુરશાવાળાઓને મારે કરતા બીજો કોઇ સરસ જમાઇજ ન મળે, એનાં જેવી મારી બીજી ઘાતકી મશકેરી કોઇ હોય નહિ" અને દાદીબા અહીં હસી પડયો

"મશકેરી કેટલીકવાર ગભીર રૂપ લે છે, દાદીબા, તે તમે જાણો છો? જે ચીજની આપણે સ્વપણે વકી નહિ રાખી હોય તે ચીજ અચાનક આપણા મોહડા સામે કેટલીકવાર આવી ઉભી રહે છે, તે તમોને ખબર છે?" દારાશાહશેઠ કુરસી પર નડા થતા બોલ્યા.

"હુ તે માનું છુ, પણ મારા જેવા એક બિસ્કાન જવાનના તકદીરમા નસીબ દેવીની એટલી મોટી પ્રસન્નતા લખેલી હોય એનો ખ્યાલ કરવો એ પણ એક મૂર્ખાઇ છે."

"તે સવાલ તમારી નમ્રતાનો છે. દરેક માણસે તમારા જેવા વિચાર ધરાવવા જોઇએ, પણ હુ કહુ છુ તે અસભવિત નથી. એમ ધારો, દાદીબા, કે બહાદુરશાહની આઈ તમારી ઉપર ફીદા થાય અને તમને પરણવાની માંગણી કરે, તો, તમે તે માગણી શુ ના પાડો?"

હદ થઈ! દારાશાહશેઠે હદ કીધી! દાદીબાને તેવણે પેચમા લઇને પાધરે પાધરો સવાલ મૂકી દીધો!

"હુ ઇચ્છુ છુ, સાહેબ, કે આપણી આ વાત અહીંજ અટકે." દાદીબાએ બન્ને હાથ જોડી દાવર શેઠ કને માગી લીધુ. "કોઇના નિર્દોષ બચ્ચાં વિષે એવા ખોટા ખોટા તર્કો કરવાની મને આદત નહિ હોવાથી તમારા આ સવાલથી મારૂ દિલ નારાજ થાય છે. આપ મને ખાનગીમાં શુ પુછનાર અને વાત કરનાર હતા તે વિષય પર કૃપા કરી હવે આવશો તો આભાર થશે."

દારાશાહ દાવરને દાદીબાના આ ઉંચા સદ્‌ગુણો પર મનમાં ને મનમાં "આફરીન" બોલ્યા વિના ચાલ્યુ નહિં. પોતાની સ્થિતિનો અને પોતાની આબરૂનો તેને કેટલો ખ્યાલ અને કેટલો ડર હતો તે તેનાં ઉપલા જવાબોમાં ખુલ્લુ જણાતુ હતુ. દારાશાહે વિચાર્યું કે દાદીબાને એકદમ ભડકાવવામાં સાર નથી. પ્રથમ તેના માત–પિતા અને ખાનદાનને લગતી વિગતોથી વાકેફ થવાની વધારે જરૂર છે, તેથી તેવણે વાત ફેરવી નાખી.

તુરત વેળા, તમારી મરજી છે તો આપણે એ વાત પડતી મેળીશુ.' દારાશાહ બોલ્યા "હવે મારે તમારે લગતી કાંઇક ખબર મેળવવી છે દાદીબા, તમારૂ ખાનદાન કયુ? તમારૂ અસલ વતન ક્યા? તમારા બાપ–દાદા કોણ હતા? હુ ધારૂ છુ કે મારા આ સવાલના જવાબ આપવાને તમો કાંઇ અડચણ લેશો નહિ'

"મેહેરબાની નહિ, દારાશાહ શેઠ,' દાદીબાએ લાયકીથી જવાબ વાળ્યો, પણ તેજ વખતે તે ખુબસુરત જવાનનો મીઠો ચેહેરો દિલગીરીની દેખાતી છાયામાં દાખલ થયલો જણાયો. "તમારા આ સવાલો એવા છે કે તેમા વાંધા જેવુ હોયજ નહિ. પણ અફસોસ! કે એ બાબદમા હુ એક એવો કમનસીબ ને અભાગિયો શખ્સ છુ કે મારાથી તમારી ખાહેશને તૃપ્તિ આપી શકાવાની નથી મારાં મા–બાપ કોણ તે હુ જાણતો નથી.'

'ખાનદાન?"

"મારૂ ખાનદાન શુ તે મને ખબર નથી."

"કેવુ અજબ જેવુ! વારૂ, વતન?"

"મારૂ વતન કયુ તે પણ મારી જાણમા નથી'

"દાદીબા! શુ આ સઘળી હકીકત તમે તદન સાચી કહો છો? એમા શુ કશી રીતનુ ખોટારૂ નથી?"

"કશી રીતનુ નહિ–લેશમાત્ર નહિ સાહેબ! ખુદાને હાજરનાજર જાણીને, મનસ્ની ગવસ્ની અને કુનસ્નીના પાક અવસ્તાઇ સખુનો મો પર લઇ આ એકરાર કરૂ છુ. કે આપ સાહેબે પૂછેલા આ ત્રણ સવાલ માહેલા એકનોબી ખુલાશો હુ જાણુતો નથી."

દાદીબા એવા ખાલેશ નિર્દોષ દેખાવથી ઉપલા સખુનો બોલ્યો કે દારાશાહશેઠને લાગ્યું કે તેનો તે એકરાર પાવત્ર હતો.

"જો હુ કાંઇ પણ જાણુતો હોઉ તો મને આપ સાહેબ આગળ છુપાવવાનુ કારણ શુ હોય, સાહેબ?" દાદીબાએ દાવર શેઠની વધૂ ખાત્રી કીધી. "મને દરેક રીતનુ સુખ છે, પણ મા–બાપ, ખાનદાન અને વતન વિષેની મારી બેખબરીને લીધે મને સઘળુ ઝેર જેવુ લાગે છે. જ્યારે હુ કોઇવાર એકલો પડું છુ ત્યારે મને એજ વિચાર પહેલો આવે છે, જે મારૂં કલેજુ

કોતરી નાખે છે."

"એ બધું મેં માન્યું, પણ દાદીબા, તમે સમજમાં આવ્યા પછીની બીનાઓ તો તમારી યાદદાસ્તમાં તાજી હશે.'

"એ વાત મારાથી કેમ નાં પડાય, સાહેબ? એ વિષે મારી યાદદાસ્તમાં થોડીક ઝાંખી ચીજો અલબતાં પડેલી હશે."

"તમારી જીંદગીનો મોટો ભાગ તમે ક્યાં પસાર કીધો હતો તે તમોને કાંઇ યાદ છે? સમજમા આવ્યા પછીનો બનાવ તો અલબતાં યાદ હોવો જોઇએ."

"હાજી.

'ક્યા"

"માઇસોરમા. મને પછી યાદ છે કે મારૂં બચપણ માઇસોરમાં એક—દાદીબા આ બોલાશે કે તેટલાં જે ઓરડામાં તેઓ વાતે બેઠા હતા તે ઓરડાનું બારણું સ્હેજ ચીચવાયું. દારાશાહ તથા દાદીબાનું ધ્યાન તે અવાજ ઉપર ખેંચાયા વિના રહ્યું નહિ.

'એ કોણ છે" દાવરશેઠ બારણા તરફ ફરીને સવાલ કીધો, પણ જવાબ મળ્યો નહિં તેથી "કોઈ નથી—એ તો પવનથી હશે." એમ કહી દાદીબાને પોતાનું દાસ્તાન આગળ ચલાવવા ફરમાવ્યું.

પ્રકરણ ૧૫ મું.

દાદીબાનું બચપણ.

"મને પછી યાદ છે કે મારૂં બચપણ માઇસોરમાં એક ખાનદાની, બુઝર્ગ અને માતબર પારસી ગ્રહસ્થને ત્યાં પસાર થયું હતું. એ ગ્રહસ્થ માઇસોરનાં મહારાજાની દરબારમા મોટો વગ—વસિલો ધરાવતા હતા અને તે મહારાજા રાજદરબારી કામોમાં હમેશાં તેવણુની સલાહ લેતા હતા. તેમનું કુટુંબ મોહગું હતું, પણ કમનસીબે, જેમ ઘણાખરા દોલતવાનોને ત્યાં બને છે તેમ, તેમને પેટે છોકરાનું ફરજંદ ન હતું. છતાં કુદરતે તેવણુને ફરજંદની બાબદમા કેવળ કમનસીબ રાખેલા ન હતા, કાંકે તેવણુને ૧૧ છોકરી હતી અને તે એકેક કરતાં સરસ ખુબસુરતી ધરાવતી હતી."

"તે ગ્રહસ્થનું નામ શું?"

"ખાનબહાદર મંચેરશાહ."

"અટક?"

"અટક તો કાંઈ બીજી હતી, પણ સાધારણ રીતે તેવણ 'મંચેરશાહ માઇસોરવાળા'ને નામે ઓળખાતા હતા."

"એવણુ માઇસારના રહીશ છતા એવણુને ખાનબહાદુરની પદ્દિ કેમ હતી?"

"માઇસારનાં મહારાજા તરફથી એક રાજદ્વારી એલચી તરીકે નામદાર બ્રિટિષ સરકારનાં સબંધમાં એઓ એકવાર આવવા પામ્યા હતા અને એમની કુનેહ તથા કુશળતાથી એ બન્ને રાજયો વચ્ચે ઉઠેલો એક વાંધો મેહેલાઇથી પતી ગયો હતો, જે સેવાની પિછાણમા નામદાર ઇંગ્રેજ સરકાર તરફથી એવણુને ખાનબહાદુરનો ખિતાબ મળ્યો હતો અને મહારાજાએ માઇસારમા એમને એક જાગીર આપી હતી."

'માઇસોરમાં તમારૂ બચપણ કેવી રીતે ગુજર્યું?'

"એ વિષે હુ જે કાંઈ જાણુ છુ તે ધણુ થોડુ છે." દાદીબાએ ખુલાશો કીધો. "ખાનબહાદુર મચેરશાહની મારી ઉપર ઘણી મારી નજર હતી હુ તેવણુનેજ ત્યા તેવણુના એક બચ્ચાં પેઠે રહેતો હતો મને કોઈ રીતની કમી નહિ હતી. પોતાની અગિયાર દિકરીઓમા હુ જાણે તેવણુનો બારમો દિકરો હેઉ એ રીતે તેઓ મારી જોડે વરતતા હતા. ખાનબહાદર કરતાં ખાનબહાદુરના ધણીઆણીનો ચાહ મારી ઉપર વધારે હતો અને મારી આ અટકલ વિષે મને કશો શક નથી કે મને પોતાનો દિકરો કરી લેવાની ખરી ખાહેશ ખાનબહાદર કરતા ખાનબહાદુરના ધણીઆણી વધુ ધરાવતા હતા મારા માત–પિતા કોણ હતાં અને હુ કોણુનુ ફરજદ હતુ તે વિષે ખાનબહાદુરની છોકરીઓ પોતાની માવતરને વારંવાર સવાલ કરતી, પણુ એ સવાલનો ઉડાવનારો જવાબ આપી તેમને તેવણુ તે વિષે અંધારામાં રાખવાનુજ પસદ કરતા હતાં. મને યાદ છે કે મેં પોતે બે ચાર વખત જૂદો જૂદો સમો સાંધીને મારા માબાપ વિષે મને જાણીતો કરવાની તેવણુને ઓજરખાહી ભરેલી અરજ કીધી હતી, પણુ મને તેઓ તે વિષે ઉડાવ્યા કરતાં હતાં. એનો સબબ શુ હશે તે હું સમજી શકતો ન હતો, પણુ મારી સેહેજ અટકલ એ વિષે એવી છે કે હું કોઈ આબરૂદાર ખાનદાનનુ ફરજદ હોવો જોઇએ અને તે વાત જો મારા જાણુવામાં આવે તો હુ મારાં અસલ માતપિતાને ઓળખી કાઢી તેમને ત્યાથી જતો રહું તો દિકરો કરી લેવાની તેઓએ ધારેલી ઉમેદ ધુળમાં જાય, એટલા વાસ્તે મારાથી આ ભેદ છુપાવવામાં આવ્યો હોય ! કદાચ આ વિચાર સ્વિકારી લેવામાં મારી સમજશક્તિ ઉલથાપ ખાતી હોય અને મને મારાં મા–બાપ વિષે સદા અધારામાં રાખવાનો કાંઈ બીજો સબબબી હોય, એ વાત હુ ના પાડતો નથી. પણુ મને તે વિષે મજબૂત વ્હેમ છે કે મારી ધારણા ઘણેક દરજ્જે સચ્ચાઇની આસપાસ છે. જેમ જેમ હું ઉંમરે વધતો ગયો તેમ તેમ મારી ઉપર બન્ને

ધણી—ધણીઆણીનું હેત હદબાહાર વધતુ ગયુ. મારી કેળવણી ઉપર ખાનબહાદર મંચેરશાહ ઘણુજ બારીક ધ્યાંન આપવા લાગ્યા અને મારે માટે એક યુરોપિયન શિક્ષકને મોટે પગારે નોકરી રાખ્યો. એ શિક્ષક ગાયન વિદ્યાનો જબરો શોકીન હતો. દરેક વાજીંત્રો પર તેનો કાબુ અસાધારણ હતો. તેની સોબતમાં વાજીંત્રો વજાડવા અને ગાવાનો મારો શોખ, જે મને બચપણથીજ હતો, તે રફતે રફતે ઘણો વધી ગયો. મારા શિક્ષક તરીકે તેને જે દરમાયો મળતા હતો, તે ઉપરાંત એક જૂદુ ખાસ લવાજમ મારા શોખને ખિલવવા ખાતર, ખાનબહાદર મંચેરશાહે તેને આપતુ કર્યું હતું. મારી ૨૧ વર્ષની ઉમરે હુ બી. એ. ની પરીક્ષામા પસાર થયા પછી મારો વિચાર બેરીસ્ટરની પરીક્ષા માટે અભ્યાસ કરવાનો હતો, પણ તેમ કરવા માટે મને પોતાની નજર આગળથી વિલાયત સુધી દૂર ખશેડવાને તેવણ રાજી થયા નહિં. વિલાયત જઇને ત્યાંની કોઈ ગોરી મડમને હું પરણી બેશીશ એવો ખાનબહાદૂર મંચેરશાહ તથા તેવણનાં ધણીઆણીને કોઇએ વ્હેમ આપ્યો હતો! આ વ્હેમને લીધે બેરીસ્ટર થઈ આવવાની મારી ખાહેશ મને ખાચવી પડી. મારો અભ્યાસ એ રીતે અહીંજ અટકવા પછી મેં મારા શિક્ષક પાસે વાજીત્ર વિદ્યાની ઉંચા કીસમની તાલીમ લેવા માડી, જે તાલીમે મને દરેક વિલાયતી તેમજ દેશી વાજીંત્રો વજાડી જાણતાં શિખવ્યો. મારી અગિયાર બેહેનો, જેઓ પણ એક ખાસ મડમ શિક્ષક કને ઇંગ્રેજી કેળવણી લેતી હતી, તેમને ફુરસદની વેળાએ હુ જુદાં જુદા વાજીંત્રો વજાડવાનુ શિખવીને મારો અભ્યાસ વધાર્યો જતો હતો. એ રીતે ૨૫ વર્ષની ઉમર સુધી મેં મારો વખત ઘણા સુખમા પસાર કીધો ખાનબહાદર મચેરશાહનાં ધણીઆણી ધનબાઈ, જેવણને હુ 'માયજી' ના મીઠાં નામથી બોલાવતો હતો તેવણની મારી ઉપર અસાધારણ પ્રીતિ હતી. હુ સમજી નથી શકતો કે હુ ધારૂ છુ ત્યા સુધી હુ તેવણનુ પોતાનુ ફરજંદ નહિ હતુ, તે છતા, મારી ઉપર તેવણનો આટલો હદબહાર પ્યાર શા કારણસર હતો? પણ ફરી ફરીથી હુ તમારા મન પર મારા પેલા આગલાજ વિચારો ઠસાવવાની જરૂર વિચારૂ છુ, દારાશાહ શેઠ, કે હુ કોઈ ખાનદાની ફરજંદ છતા પોતાનો દિકરો કરી લેવાની આપસ્વાર્થી ઉલટમાં તેવણ મને એટલા બધાં ચાહતા હતા. મારી હકીકત પરથી તમે શુ ધારો છો, શેઠ?"

"હુ તમારા વિચારને મળતો થાઉ છુ, દાદાબા, જો કે એ એક ભેદ ભરેલી બીનાં છે, તે છતાં, તમારી અટકલમા વજૂદ નથી એમ કોઇથી કહેવાશે નહિં." દારાશાહ દાવરને દાદીબાનુ અનુમાન કબૂલ કર્યા વિના ચાલ્યુ નહિ.

"હુ ખુશી છુ કે તમે મારાં અનુમાનને મળતા થાઓ છો" દાદીબાએ હરખ બતાવ્યો. "પણ એ એક અનુમાન છે અને તેને દાકીનાખે એવો કોઈ બીજો મજબુત સબબ ભવિષ્યમાં જાહેર થાય તો તેને છોડી દેવાને હુ

પેહલો તૈયાર થઈશ. માતાજી ધનબાઇને જે કોઈ પુછતા તેને તેઓ મારે માટે એમ કહેતાં હતા કે હું તેવણુનાં એક અતલગનાં ખેશીનું ફરજંદ છું અને મને તેવણે પોતાનો દિકરો કરી લીધો છે. આખા કુટુંબમાં હું સૌને વ્હાલો હતો. સૌ કોઈ મને ચાહતા હતાં. મારી સઘળી બેહેનો મને માન આપતી હતી અને મને કશી પાંતીનું દુ:ખ નહિં હતુ, પણ એકજ જણને હું નડતલ થવો હતો. એ એક જણની અદેખાઇએ મને આજે મારી હાલની પકિત પર લાવી નાખ્યો છે."

"એ કોણ હતુ ?"

"મારો કાકો કાવસશાહ."

"શુ તે તમોને મંચેરશાહના વારસ થયલા જાણીને અદેખાઈ કરતો હતો?"

"હા."

"તેનો સબબ શુ ?"

"તેનો સબબ દેખીતો અને ખુલ્લો છે. કહે છે કે મને દિકરો કરી લીધો તે આગમચ મંચેરશાહે એક વીલ કીધુ હતુ, જેમા પોતાના વારસ તરીકે પોતાના ભાઈ કાવશશાહનુ નામ નાખ્યુ હતુ, કાંકે તેવણુને નર વારસ કોઈ હતો નહિ. પાછળથી ધનબાઇની મરજી મને પોતાનો દિકરો બનાવવાની થઇ, જેથી ખાન બહાદુર પાસે તેવણે આગ્રહથી વીલ ફેરવાવ્યુ અને નવું કરાવ્યુ, જેમાં સઘળી માલ–મીલકત અને દોલતનો વારસ મને જાહેર કીધો. આમ થવાથી કાવશશાહ કાકાને કકળા આવ્યા અને તેવણ મને પોતાનો હરીફ સમજવા લાગ્યા. મારી વિરૂદ્ધ અનેક રીતે ખોટા ખોટા ગુલબાંનો ઉઠાવી તેવણે ખાનબહાદુરનુ દિલ મારી પરથી ઉતારી નખાવવાની કોશેશો ચાલુ કીધી, પણ તેમા તેવણ ફાવ્યા નહિં. હુ હાથમા આવ્યો અને મને જોયો ત્યારથી ખાનબહાદુર તથા તેવણનાં ધણીઆણીનુ દિલ મારી તરફ કોઈ અજબ વ્હાલથી ખેચાયુ અને કાવશશાહ જો કે ખાનબહાદુરનો સગો ભાઇ હતો, તોપણુ તેને પોતાની દોલત ફરજ્યાત આપી જવાની જે ફરજ પડી હતી, તે ફરજ મારા મળવાથી કુદરતી રીતે ફીટી ગઇ અને પેટનાં બચ્ચા તરીકે મને પાળી પોશીને શિખવવા કેળવવાની ઉમેદ તેમના દિલમાં વાસો કીધો. કાવશશાહને મારા આવવાથી એવી રીતે નડતલ થઇ. હુ તેને 'કવાબમા હાડકું' થઈ પડ્યો જો હુ ન હોત તો ખાનબહાદુરની બિશિયાર દોલતનો તે એકલો વારસ થાત, તેથી મારુ આવવુ તેનાં લાભમાં ગેરલાભ કરનારૂ નીવડયુ. જો કે મેં ખાનબહાદુરની દોલત મેળવવાનો કશો યત્ન કીધો ન હતો. મને દિકરો કરી લેવાને તેવણ પોતે પોતાની આપ–મરજીથી ખાહેશમંદ થયા હતા અને ધણી ધણીઆણીનાં એકમતે સઘળું નક્કી થયુ હતું, તે છતાં, કાવશશાહ કાકાને મારી ઉપર ઉકાળા આવતા હતા ! જ્યાં સુધી ખાનબહાદુર મંચેરશાહ અને ધનબાઇએ મને પોતાનો દિકરો કરી લેવાનુ જાહેર કીધુ ન હતુ, ત્યાં સુધી કાવશશાહ કાકા મારી ઉપર ફીદા રીહા હતા.

તેવણુ મારા દેખાવલા ચેહેરાની, મારી બ્લુ આખ્યોની, મારા મધુર કંઠની તારીફ પર તારીફ કરતા હતા, તથા મારે વિષે અને મારાં ભવિષ્ય વિષે તેવણુને તેટલા વખત સુધી ઉચો ખ્યાલ હતો, પણુ તે ખ્યાલ ખાનબહાદુર તથા તેવણુનાં ધણીઆણીએ મને પોતાનો વારસ જાહેર કીધા પછી ટકવા પામ્યો નહિં. તેવણુ મને જોય ત્યાંથી મોહડુ ફેરવવા લાગ્યા અને મને કાંઇ ને કાંઇ આકારમાં ખરાબ ચિતારવાને, મારી કાંઇ ને કાંઇ ફરિયાદ કરવાને તથા મને કાંઇ ને કાંઇ મસે ઉતારી પાડવાને તેવણુ પોતાનુ બનતુ કરતા હતા. એ રીતે થોડુક સુધી નરમ-ગરમ મામલો ચાલ્યા કીધો. હુ મનમાં પામી ગયો કે મારા તમામ નિર્દોષપણા છતાં મને પોતાના સુખમાં સટો નાખનાર સમજીને મારા કાકા મારી તરફ આ દ્વેષ ધરાવતા હતા જાણે ખાનબહાદુર તથા તેવણુના ધણીઆણી ધનબાઇએ મને પોતાનો ફિકરો કરી લીધો તેમાં મે શુ એક મહા-પાપ કીધુ હોય! ખરી વાત તો એ હતી કે મારા આવ્યાથી એવણને મળતો આઇનો ફલો અટકી ગયો તેથી તેવણુની આખ્યોમા હુ ખુચતો હતો!"

આમ બોલી દાદીબા હશી પડયો. દાવરશેઠથી પણ હસ્યા વિના રેહેવાયુ નહિ.

"દુનિયા એવીજ છે, બા, દુનિયાં એવીજ છે." દારાશાહ બોલ્યા. 'જેના કસા લીધા-દીધામાં નહિ એવા માણસો કેટલીકવાર સસારમા નડવા નીકળી આવે છે. જેને આપણે દુશમન સમજીને ડરીએ છીએ તે જગે રહી જાય છે અને બીજા બીજા ઓશિયાળા અલફાતુઓ વકી વિના ફુટી નીકળે છે. પણુ અંતે હાર તેમની છે. ખુદા ખરાનો ચાહનાર છે સચ્ચાઈ કોઇબી દહાડે તરી નીકળ્યા વિના રહેતી નથી."

"ખરી વાત છે, સાહેબ, તમારા સખુનો ગોહર સમાન કીમતી છે. મારા દાખલામા એ સઘળુ બોલેબોલ સાચ્ચુ નીવડયુ છે." દાદીબાએ ગભીર ચેહેરે જવાબ દીધો. "હજી મારી હકીકતનો અસરકારક અને ધ્યાન આપવા જોગ ભાગ આગળ આવે છે. જ્યારે આજે આપણે એ સઘળુ કાઢીજ બેઠા છીએ, તો, સઘળી હકીકતથી તમોને પૂરેપૂરા વાકેક કરવાની હુ જરૂર જોઉ છુ"

પ્રકરણુ ૧૯ મું.

કાવશશાહ કાકાનાં કાવત્રાં.

"ખાનબહાદુર મંચેરશાહ કરતાં તેવણુના ધણીઆણી ધનબાઇનો ચાહ મારી ઉપર અત્યત હતો એમ તમોને હું કહી ચૂકયો છુ." દાદીબાએ પોતાનુ દાસ્તાન વગર અટકત્રે આગળ ચલાવ્યુ. દારાશાહશેઠ તો તેની આ અજાયબ

જવી ગઈ ગુજરી દાતમા આગળા કરડી ચુપચુપ સાભળ્યા જતા હતા. "પણ અફસોસ ! કે તે સુખી છત્તર મારે માથે વધુ વખત ટકી શકવા પામ્યુ નહિ. મારાં કમનસીબે જેતર માર્યાથી તેવણ મોતને બિછાને પડયાં અને તે દિવસથી મારી ગીરદેશી શુરૂ થઇ. એ વાહલા માવતર જીવવા પામ્યાં હોત તો આજે હું એક જાફો જવાનિયો હોત. "તારી 'ભલાઇ' કરવા માટે ખુદા મને આ માંદગીમાંથી એકજ વાર ઉઠાડે' એ આશા, મોતની છેલ્લી ઘડી સુધી મરહૂમે મારી આગળ વારવાર રજુ કીધી હતી, પણ અજલનો ફરેસ્તો કોણના હાથમાં છે ? તે બારે હકતાલાની રાત દહાડો બદગી કરીને એ વાહલાં માવતરને સુખાકારી ચાહવામા મે કશી બાકાત રાખી નહિ, પણ તે ગેબી સાહેબને આ ખાકી દુનિયા કરતા તે મિનાઈ જહાનમા તેવણનુ કાઇ વધારે કામ હશે તેથી મારી અરજ મન્જૂર રહી નહિં." અને અહીં દારાબાની આંખોમા આજ્નુ આવી ગયા. તે અસીલ જવાનની છાતી ગુગળાવા લાગી. તેને ગુમ ડચકાં આવવા લાગ્યા

"એમ નાદાની શુ કરોછ, દારાબા, ચાલો તમારી લાગણી દુખાતી હોય તો એ બાબદ અહીંજ પડતી મૂકો." દારાશાહશેઠ પર દારાબાના દેખાવે અસર કરવાથી તેવણ બોલી ઉઠયા. 'જે ચીજમા તમારૂ દિલ દુખાતુ હોય તે ચીજ—"

"નહિં ! શેઠ, મારૂ દિલ દુઃખાતુ નથી, પણ મારી લાગણી માત્ર ઉશ્કેરાઈ આવી છે" દારાબાએ આખ્યો લુછી નાખી પાછો ગભીર બની જતાં કહ્યુ. "મારી હકીકતનો ખરેખરો અસરકારક ભાગ હજી આગળ છે, જે એમ અધુરો મકી દેવાની મારી મરજી નથી. મારી જણીતા માવતર નહિ છતાં, મારી ઉપર, મારી પોતાની સગીમાવતર કરતા આલા પ્યાર દેખાડનાર આ બુઝર્ગ બાનુની યાદ હુ જ્યારે પણ કરૂ છુ ત્યારે મારી આખ્યો તરીનીકળે છે. માયાની મોહિનીએ કોણને મૂકયા છે કે મને મકશે ? મારી ખરી માવતર વિષે તો હુ કાંઈ જાણુતો નથી, પણ તેણીની જગ્યા રાખનાર તે ભલી બાનુનું સુખી છત્તર પણ વખત જતે હુ ખોવાની અણીપર હતો તે જોઇ મને ઘણુ દુખ થતુ હતુ. એક દહાડે તક જોઇને મારા માવતરે મને પોતાના બિછાનાં આગળ બોલાવ્યો અને ઓરડાનુ બારણું અંદરથી બધ કરવા જણાવ્યુ. મે તેવણનાં હુકમ મુજબ કીધુ આ વખ્તે અમો બે માય-દિકરા શિવાય ત્રીજાું ત્યાં કોઈ હતુ નહિ પોતે બિછાના પર સુતાં સુતાએ મને પોતાની કબટની કુચી આપી તે ખોલવા જણાવ્યુ. મેં કબટ ખોલવા પછી તેમા એક ચોર ખાનુ હતું તે ઉઘાડવાની મને સમજ આપી. મે તે મુજબ ચોરખાનુ ઉઘાડયું અને તેમાં હાથીદાતની એક સુદર ન્હાની ઇરકોત્રી મૂકેલી હતી તે બાહેર કાઢી. આ ઈરકોત્રી પર મોહોરબધ સીલ કીધેલા હતાં. આ સઘળુ

શા માટે એવણુ કરાવે છે તે હું તુરત વેળા સમજી શકયો નહિ. એ ઇસ્કોત્રી બાહેર કાઢયા પછી તેવણુ બોલ્યાં–' દિકરા દાદીબા, એ મત્તા તારી છે. આ-જથી હુ એ તારા સ્વાધીનમાં આપુ છુ. મને મારી જીંદગીનો ભરોશો નથી. આએ બિછાનાં પરથી હુ હવે ઉઠવાની નથી. મારી ફરજ મેં પુરતી બજાવી છે, પણુ જીદગી મને વફા નથી હુ એકાએક મરી જવશ તો મારી ઉમેદ મારા મનમા રહી જશે. આએ ઇસ્કોત્રીમાં ઘણા અગત્યના દસ્તાવેજો છે. એ દસ્તાવેજની સાથે એક ન્હાની દાબડીનાં એક અજબ જેવી વીંટી છે, જેમા એક ચોરખાનુ છે એ ચોરખાનામા કાગળની એક કાપલી પર તારે સારૂ બહુ અગત્યના પ્રકાશ પાડનારી એકાદ–બે લીટીઓ લખાયલી છે, જે લીટી તારી નજર સામેના સઘળા પડદા ફાડી નાખશે. પણુ હુ તારે માથે ફરજ નકકી છે કે જ્યાં સુધી તારા બાપ (ખાનબહાદુર મચેરશાહ) આએ દુનિયામાં હેયાત હોય ત્યા સુધી તે આ મોહોરબંધ ઇસ્કોત્રી કદી ઉઘાડવી નહિં. મારા ધરમ–માતાનો આ ભેદ ભર્યો એકરાર સાભળી હું અચરતીમાં ગરક થઈ ગયો. મે તુરત તે ઇસ્કોત્રી મારા સ્વાધિનમા લીધી અને એક સલામત જગે સ-તાડી દીધી મે ધનબાઇને ખાત્રી આપી કે તેવણુની ખાહેશ મુજબ હુ ખા-નબહાદુરની હૈયાતી સુધી એ ઇસ્કોત્રી કદી ઉઘાડીશ નહિ. મારો મક્કમ ઠરાવ સાભળી મારા માવતર ખુશી થયા અને મેં કબાટનુ ચોરખાનુ પાછુ બધ કરી કબાટને કળ ફેરવી ઓરડાનુ બારણુ ઉઘાડી દીધુ. અમારી આ છૂપી મસલત અમા બે શિવાય ત્રીજા કોઇએ જાણી નહિં. "

" કેવી ભેદભરેલી બીના છે ! " દાવરશેઠ દાદીબાનુ દાસ્તાન સાભળી અચરત થઇ ગયા. " તમારી હકીકત પરથી મારી હવે પકી ખાત્રી થાય છે, દાદીબા, કે તમો કોઈ ખાનદાની ફરજદ છો અને કાઇ વિચિત્ર ભેદ ભરમને લીધે તમારા મા–બાપની હસ્તીથી બેખબર છો. વારૂ, ખાનબહાદુર મંચેર-શાહ હજી હૈયાત છે કે ?"

" હાજી. "

" ત્યારે તમારા ધરમ–માતાએ કાયેલી નસિહત મુજબ તમે તે મો-હોરબંધ ઇસ્કોત્રી હજી ઉઘાડી તો નહિ હોય ?"

" ખચિત નહિ. "

" અને તેથીજ તમે આજે આ અંધારામાં છો, એ ખરૂ કે ?"

" બેશક. "

" વારૂ, પછી તમારા માવતરનુ શુ થયું ?"

" વચ્ચે થોડા દિવસ ગયા પછી તેવણુ ગુજરી ગયા, પણ ગુજરવા આગમચ ફરી એકવાર એક તક સાંધીને મને શિખામણુ આપતાં ગયાં કે ' દિકરા, તારા કાવશશાહ કાકાથી હમેશાં ચેતેલો રેહેજે. એ તારો કાકો નથી

પણ કટ્ટો વેરી છે એમ જાણજે. મેં બારીકીથી જોઈ લીધેલું છે કે એ તારી અદેખાઇ કરે છે અને તારા બાપ ભોળા હોવાથી કોઇ દહાડે તુને એ માણસથી ખમવુ પડશે.' એ રીતે, જે ધાસ્તી મારાં મનમાં હતી તેજ ધાસ્તી મારાં માતાએ પણ બતાવી. તેવણનાં આ સખુનો પાછળથી બોલે બોલ સાચા નીવડ્યા"

"ખરેખર?"

"હા."

"કેવી રીતે?

"મારા માવતર બેહેસ્તનશીન થયા પછી આખાં ઘેરનાં કરતા-કારવતા મારા કાકા કાવશશાહ થઈ પડ્યા. તેવણે રફતે-રફતે મારી વિરૂદ્ધ ખાનબહાદૂરને તરેહવાર ચપટા આપવા માડ્યાં. ખાનબહાદૂર બચારા ભોળા બવાસના હતા. તેવણને જે કોઇ સમજાવતું તેનું એક તરફી સમજી લઇ તે મનમા વસાવી દેતા હતા' બેહેસ્તણની છમસી વિત્યા પછી મારી ઉપર એક ભયકર તરકટ મારા કાકા કાવશશાહે ઉભુ કીધુ. ઘેરમાનાં એક પારસી બબર્ચીને લાચ આપી એવુ શિખવ્યુ કે મે (દાદીબાએ) ખાનબહાદૂરના ખાણામા ઝેર નાખવા સારૂ તેને હાથમા લેવા ચાહ્યો, પણ તે માગણી તેણે તિરસ્કારથી ના પાડી! આ શરમ ભરેલુ નીચ કતક મારી ગમે એવી ખાત્રીપૂર્વક કાકલુદીઓ છતા મારી ઉપર ફાવી ગયુ. ખાનબહાદૂરને મે સમજ પાડી કે 'તમારી માયાળુ નજરમાથી મને સદાનો વિભક્ત કરવાની આ પાપી વેતરણ માત્ર થાય છે, માટે હજીબી ચેતો,' પણ નહિં, મને ઘણાં અપમાન વચ્ચે ઘરમાથી હાકી કાઢવામાં આવ્યો. 'મારો જલદી રસ્તો થઈ જાય તો સઘળી દોલત હાથમા આવે એ ખ્યાલથી તેં આ પાપી પગલુ લેવા ચાહ્યુ નહિ?' એ તેવણનાં સખુનો હજી પણ મારી છાતીમાં કોતરેલા છે. ખાનબહાદૂરની સીહડી રડતી ચશમે ઉતરી જતાં મે મારી મરહૂમ ભલી માવતરને યાદ કીધી કે તેણો જો આજે હૈયાત હોય તો મારો આ દહાડો આવે નહિં. 'તમારી દોલત તમે કાળા ચોરને આપો તેની સાથે મને કાંઈ લાગતુ વળગતું નથી પણ જે નીચ નીમકહરામે તમારૂં નીમક ખાઇ તમોનેજ ઝેર દેવાની કોશેષ કીધી તેને એક ઘડી પણ આપણા ઘેરમાં ઉભો રાખવો સજાવાર નથી' આ મારા કાવત્રાંખોર કાકાના કપટી સખુનો હતા, જે હૃ મરતાં ભૂલીશ નહિ." અને અહીં દાદીબાએ બેઅખત્યાર છોડી દીધુ.

"ધીરજ ધરો, દાદીબા, એમ બચ્ચાં જેવી પોચી લાગણી કેમ ધરાવો છો?" દારાશાહે નરમ ઠપકો આપ્યો. "હવે આમ કરવાથી શું થવાનું છે?"

"થવાનું તો કાંઇ નથી, શેઠ—જે નસીબમાં લખેલું હોય તેજ થાય છે—પણ, મારી તમામ નિર્દોષીમાં મારી ગરદન કાપનારા તે કરપીણુ કાકાનાં

આ કાળાં કરતુકને હું જ્યારે પણ યાદ કરૂં છું, ત્યારે મારી તમામ હિમ્મત હુ હારી જાઊંછુ. દુનિયામા કાળાં કર્મ કરનારાં એવા કાવત્રાંબાજોનો તોટો નથી. એવાં નીચ નરનારીઓથી જગત કાંઇ વાંઝણી નથી. પોતાની જીંદગી પાપમાં પસાર કીધેલી તેથી બીજાં નિષ્કલંકોને પણ તેવાંજ સમજનારા બાયલા પુરૂષો અને શરમ વગરની સ્ત્રીઓથી ખલક કાંઇ ખાલી નથી. ખુદા પર સબર રાખીને, જેના કીધા કર્તુક તે જોશે એવા કુદરતના અચળ નિયમ પર એકીન ધરીને મે માઇસોરને છેલ્લી સલામ કીધી અને ત્યાથી એકદમ કલકતે ઉપડી ગયો મે મારી જોડે મારો થોડોક અગત્યનો સામાન લઇ ગ્યો હતો, જેમા મારા મરનાર માવતરે આપેલી પેલી મોહોર બંધ ઇસ્કોત્રી હુ ભુલ્યો ન હતો. મે તેની મારા જીવ કરતા જાદા સંભાળ રાખી હતી. ખાનબહાદુર મંચેરશાહે કાચા કાનથી મને દરેક રીતે દુનિયામા રખડતો ને રવડતો કીધા પછી પેલી ઇસ્કોત્રી હુ ચાહત તો ઉઘાડીને અંદર શુ ભેદ સમાયલો છે તે જાણી શકત, પણ મારા મરહુમ માતાએ ખાનબહાદુરની હૈયાતી સુધી એ કામ હરગેજ નહિ કરવાની મને આપેલી તાકીદની યાદ થતાં, એ ભલી અસરાફ બાનુનાં હઝારો હેશાનનાં માનમા, મે તે વિચાર તરક કીધો અને તેણીનાં હોકમથી કદી બહાર નહિ જવાનો ફરીથી મનમા મજબૂત ઠરાવ કીધો."

"આફ્રીન!"

"પાછળથી મેં સાભળ્યુ કે ખાનબહાદુર મંચેરશાહે તુરતજ પોતાનું વીલ, જેમા સઘળી દોલત અને મીલકતના મને વારસ જાહેર કીધેલો હતો તે રદ કરી એક નવું વીલ કીધુ, જે ત્રીજા વીલમાં તેવણે પેહેલા વીલમાં કીધુ હતુ, તેમ પોતાનાં ભાઈ કાવશશાહ (મારા નેકનામ કાકા)ને પાછો પોતાનો હકદાર વારસ કબૂલ રાખ્યો!"

"દુનિયા! દુનિયાં! તુ કેવી દગલબાજ છે! ઇનસાફ! ઇનસાફ! તું કેટલો મોંઘો છે! ઓ કલજુગ! કલજુગ તું સચ્ચાઇથી કેટલો બધો વેગળો છે!" દાવરશેઠ દાદીબાની દયા ખાઈ પડયા. "અફસોસ! પૃથ્વીની પીઠ પર પાપીનું પ્રબળ પ્રથમ બહુ બળીષ્ટ હોય છે!"

"પણુ અંતે ફતેહ સચ્ચાઈનીજ છે, સાહેબ!" દાદીબાએ લાગણીથી જવાબ આપ્યો. "પૃથ્વીની પીઠ પર પાપીઓ જે પાદશાહી કરે છે, તે પાદશાહી પરવરદેગારે તેમને કાયમઠસાની આપેલી નથી એ વાત સાચવટથી ચાલનારાં નર-નારીઓને ઓછો સધિયારો આપનારી નથી. પાપીનુ પ્રબળ પેહેલા જોર મારે છે ખરૂં, પણ સાચાનો સાહેબ આખરે તેમને ખાકમાં પટકયા વિનાં રહેતો નથી. મને નિર્દોષને સતાવીને તથા હુ નિરપ્રાધીનાં સુખમાં સડો નાખીને મારો કાકો પોતે સુખી થયો નહિં. મારી મૂંગી હાય તેને લાગ્યા વિનાં રહી નહિં. મારી મરહૂમ માતાનાં પવિત્ર રૂહની કમકમતી ફરૂવા તે કરપીણુ કાવત્રાંબાજને

રામબાણ ફળી. મેં માહ્રસોર છોડયા પછી વચ્ચે ચાર વર્ષ તેણે ઠીક રીતે પસાર કીધાં, પણ ને પછી તેનાં પાપનો ઘડો છલાછળ ભરાવાથી નહિ ઢાંકી રાખેલી રીતે ફુટી ગયો અને મારી સત્યતા આપમેળે મારી પીઠ પાછળ પ્રકાશી નીકળી ! બન્યુ એમ કે જે પારસી બબરચીને લાંચ આપીને મારી વિરૂધ ફિતુરી કીધો હતો તે એકાએક મોતને બિછાંને પડયો. તેને મરતી વખતે પસ્તાવો થવા લાગ્યો કે મેં એક નિર્દોષ માણસને પૈસાની લાલચને લીધે દુનિયામાં રખડતો ને રવડતો કીધો છે, અને તેનાં સંસાર સુખમાં એક ભયંકાર બોહતાનથી સહાનો પથરો નાખ્યો છે. પોતાના કીધા કર્તુક પર તેને એટલો પસ્તાવો થયો કે જ્યાં સુધી ખાનબહાદર મંચેરશાહને માંદગીના બિછાના આગળ બોલાવી મંગાવી પોતે પ્રત્યક્ષ પોતાના પાપનો એકરાર તેવણ પાસે કરે નહિં, ત્યાં સુધી તે સુખથી મરવાનો નથી એમ તેને લાગ્યુ. હમણા તે કાંઇ ખાનબહાદૂરની નોકરીમા ન હતો. તેણે તે નોકરી છેલ્લા બે વરસથી છોડીને દારૂ વેચવાનો ધંધો પકડેલો હતો જ્યારે પોતાના પાપનો તાપ તેનાથી નહિજ ખમાયો ત્યારે ખાનબહાદરને પોતાના સગા મારફતે ચીઠી લખી રાતોરાત તેવણને તેડાવી મંગાવ્યા. ખાનબહાદુર પર ગયલી ચીઠ્ઠીમાં ચીઠ્ઠી લખનાર કે લખાવનારનુ નામ જણાવેલું ન હતુ. પણ માત્ર એટલુ લખેલુ હતુ કે 'તમારો એક મુફલેશ જાતભાઈ મરવા સુતો છે ને તમોને મરતી વખતે કાંઇ બે સખુને કહેવા ઇચ્છે છે, તેથી દેખત ચીઠ્ઠીએ આવી પોહોંચજો. આ ચીઠ્ઠી ખાનબહાદરને મધરાતે મળી, જેથી પોતે એકલા જવાને બદલ પોતા જોડે પોતાના ભાઇને (મારા નેકનામ કાકા કાવશશાહને) પણ લેતા ગયા. તે બંને ભાઇઓને ખબર ન હતું કે તેઓ જોડે એકવાર સંબંધમા આવી ગયલા એક શખ્સને આજે જોવા જવાનુ છે. જો કાવશશાહ આ બીના જાણત, તો ખાનબહાદૂરને કાંઈ પણ કુનેહથી ત્યાં જતા અટકાવત, પણ કાવશશાહની કમબખ્તીજ કાવશશાહને પોતાને વટીક ત્યાં ખેંચી ગઈ ! ત્યાં ગયા બરાબર જમસાએ પોતાનો પવિત્ર એકરાર એકદમ સર્વની અજાયબી વચ્ચે કરી દીધો. બન્ને ભાઇઓ તે સાંભળી ફાટી રહ્યા ! ખાનબહાદરે કપાલ ફટી કાવશશાહ પર લાજ લ્યાનતનો વરસાદ વરસાવ્યો અને—"

"બસ—દાદીબા—બસ !" દારાશાહ શેઠની છાતી દાદીબાનું આ દુ:ખદાયક દાસ્તાન સાંભળી ભરાઈ આવી. તેવણે બન્ને હાથ ઉંચા કરી તેને આગળ બોલતો અટકાવી પાડયો !

ચિત્ર ૭ મું.



[બ્લૉક—જી૦ ન૦ ખરેઘાટ

"બસ—દાદીબા—બસ!" દારાશાહ શેઠની છાતી દાદીબાનુ આ દુ ખદાયક દાસ્તાન સાભળી ભરાઈ આવી. તેવણે બ ને હાથ ઉ ચા કરી તેને આગળ બોલતો અટકાવી પાડયો!

[સફે ૭૮]

પ્રકરણ ૧૭ મું.

શું સ્વપના સાચા હોય છે?

દાદીબાનું દાસ્તાન એટલું અસરકારક હતુ કે દારાશાહ દાવર, જેવણુ આજે ખુશ મિજાજમાં હતા, તેવણુ ગંભીર બની ગયા. દાદીબા વિષે તેવણુને જે ઝાંખા ખ્યાલો હતા તે ખ્યાલોનુ રૂપ ઊભું થવાથી તે જવાન વિષે તેઓને ઉચુ મત બેઠુ. બીજી તરફ. પોતાની સઘળી હકીકત જાહેર કરવાની મળેલી આ સોનેરી તક, પરીનના હાથની ઉમેદવારી કરવામાં કદાચ લાભકારી થઈ પડશે એવી ભવિષ્યને માટે દાદીબાને છુપી ખુશાલી ઉપજતી હતી!

શુ તે પાર પડશે?

એનો જવાબ મારાથી અત્રે અપાશે નહિં. વખતનાં ગીત વખતે ગવાય છે. દાદીબાની ઉમેદવારી દારાશાહની જાણુમાં આવશે ત્યારે આપ મેળે રંગ જણાઈ આવશે.

“ દાદીબા, તમારો હેવાલ ખરેખર એક કરૂણારસ કાંહાણી સમાન છે.” દાવરશેઠ થોડો વાર થોભ્યા પછી બોલ્યા. “ તમારૂં બચપણુ સુખમાં ગુજયુ છે, પણુ જવાનીમા આવતાં તકદીરની તખ્તી પર જબરો છેકો પડેલો લાગે છે. તમારા કાવશશાહ કાકાના કાવત્રાં આપ મેળે પકડાઈ આવવાથી તે ગેબી સાહેબે તમોને ઘેર બેઠાં મૂગો ઇનસાફ આપ્યો એમ સમજવુ જોઇએ. ‘જયસા બો–વયસા લો’ એમ કહેવત છે તે ખોટી કેમ પડે? વારૂ, પછી શુ થયું?”

“પોતાના ભાઇનુ કાળુ કર્તુક એ રીતે ઉઘાડું પડવાથી ખાનબહાદૂરને મારે માટે મોટો પસ્તાવો ઉપજ્યો.' દાદીબાએ ફરી એકવાર અધુરૂ રહેલુ દાસ્તાન આગળ ચલાવ્યુ. “ કાચાકાનને વશ થઇને વગર ઇનસાફે ઘરમાંથી હાંકી કાઢવા માટે હવે તેવણુને પોતાનું દિલ ડંખવા લાગ્યુ. કાચા કાનના કમનસીબ ભોગો આલમમા અનેક હોય છે. કાચા કાન ઇનસાનની કેટલી ખરાબી કરેછે તેનો ખ્યાલ વ્હેમથી કીટાયલાં ભેજાંઓને કદી આવી શકતો નથી. કાચા કાંને કઇક નિર્દોષોનુ નખ્ખોદ વાળ્યુ છે. કાચા કાંને વરસોની મોહબત પર પાણી ફેરવ્યાં છે. કાચા કાનથી અક્કલવાળાં આદમીઓ નાદાન ભુકાઓના હરડતા જુઠ્ઠાં પર ભોળવાઈ જાય છે. કાચા કાનથી કાંઇક મગજો પોતાના એક લોહીના અતલગનાં ખેશીઓને, ભૂલી જઇ, એકતરફી સાભળીને, નીચ નર-નારીઓની ફુસલાવણીઓ પર ભમી, મૂગા માર મારે છે. કાચા કાંનની ખુહારી બેહિસાબ છે. કાચા કાંને કઇક કુટુંબોને પાયમાલ કીધાં છે. જીવ જૂદા પણુ દિલ એક, એવાં પાક પ્યારથી જોડાયલાં જવાન જીગરોને કાચા કાંને વિખૂટાં પાડયાંછે.”

“ દાદીબા, તમે તો કાચા કાન વિષે ગોયા નિબંધ વાચો છો!” દારાશાહ શેઠે દાદીબાની મશકેરી કીધી.

" ખરેખર, આપ સાહેબને એમ લાગતુ હશે એમાં નવાઈ નથી," દાદાભાએ ગભીર ચેહેરે અને દિલગીર દિલે જવાબ આપ્યો. " પણ મારી ન્હાની ઉમરમા મારી ઉપર કાચા કાનને પ્રતાપે જેટલુ વિત્યુ છે તેટલુ બીજી કોઈ બાબતમાં વિત્યુ નથી અને તેથી હું કાચા કાન વિષે ભાર મૂકી મૂકીને બોલવામાં દારાશાહ શેઠ, કાઇ પણ અતિશ્યોક્તિ કરતો નથી. કાચા કાંન વ્હાલાંઓમાં વેર પડાવે છે. એજ નહિ પણ કાચા કાનથી નહિ નહિં ધારેલા ચમત્કાર બને છે. કાચા કાનને લીધે કઈક માણસોને પોતાનાં મુરબ્બીઓ તરફ, કઈક કુટુબીઓને પોતાનાં ખેશીઓ તરફ અને કઈક આશકોને પોતાની માશુકો તરફ એક જાતની સખત પણ વાજબી બફગી જન્મ પામે છે, જે બફગીનો એક ઇલાજ નથી. જે પુરૂષ કે સ્ત્રી, માત્ર એક બીજાનુ સાંભળીને દોરવાઈ જાય છે, તેઓ ઇંચે ઇંચ કાચા કાનના છે. મારા દાખલામા માઉ આ કહેવું સચ્ચાઇથી કેટલુ ભરપૂર છે તે ખાનબહાદૂરની પાછળી હાલત પરથી આપમેળે જણાઇ આવશે. જ્યારે મચેરશાહને પોતાનાં ભાઇ કાવશશાહના કાળાં કર્તુકો વિષે ખરેખરી સમજ પડી. ત્યારે તેવણ પોતાના કાચા કાંન પર અફસોસ ખાવા પડયા. આ તકનો લાભ લઈ, મારી બેહેનો, જેઓ અસલથીજ મારી તરફ વ્હાલ ધરાવતી હતી અને જ્યારે ખાનબહાદૂરે વગર ઇનસાફે મને હાંકી મૂક્યો ત્યારે ઘણી દુ ખી બની હતી. તેઓએ ફરીથી મને બોલાવી આગલી સ્થિતિમાં રાખવાની તેવણને સલાહ આપી. આ સલાહ પર તે ભલા પણ ભોળા શેઠિયાએ તુરત અમલ કરવા ચાહ્યો તેવણ ફરીથી મને પોતાના પાલક તરીકે સ્વિકારવાને એક પગે તૈયાર થયા. હુ કયા ચાલી ગયો હતો તેની તેઓને કશી બાતમી ન હતી, તેથી મારી શોધ–ખોળ ચલાવવામાં તેવણને બહુ મુશ્કેલી નડી. એ વખતે હુ દખણ હૈદરાબાદમા એક નવાબના છોકરાને વજાડતાં શીખવતો હતો. થોડાક માસ પછી મારો પત્તો તેઓ મેળવવા પામ્યા અને મારી સમજૂતી કરવા સારૂ મારી એવડી બેહેનો નાજા તથા અરનવાજને હૈદરાબાદ મોકલ્યાં. મે એ માયાળુ બેહેનોને વ્હાલથી આવકાર આપ્યો, પણ ખાનબહાદૂરની ખાહેશ મુજબ તેવણનો વારસ થવાનું હવે મે માનસહિત ના પાડયુ. મારૂં દિલ, તેવણે મારી જોડે ચલાવેલી દયાહીન ચાલથી ઘણુ દૂખાયલુ હતું, તેથી મારી બેહેનોની હજારો કાકલદી મારી ઉપર કશી અસર કરી શકી નહિ. મે પેહલાંથી તે છેલ્લાં સુધી એ!જ બોલ પકડી રાખી તે ઉપર અમલ કીધો. મને હવે ખાનબહાદૂરની દોલત ઝેર સમાન હતી. મારૂ દિલ તમામ તુટી ગયુ હતું અને તેથી મે મારી બેહેનોને પાછી ફેરવી"

"પછી શું થયુ?"

" શુ થાય? મારો જવાબ જાણ્યા પછી ખાનબહાદૂર મંચેરશાહનો પસ્તાવો હદ બહાર વધી ગયો. તેવણે પોતાના ભાઇને–પેલા નેકનામ કાવશ-

શાહ કાકાને—એકદમ ઘરમાથી કાઢી મુકયો અને સઘળી દોલત એક દૂરનાં બેશીના નામ પર કરી દીધી."

તમોને પાછળથી પણ ઇનસાફ મળ્યો તે ઉપર સતોષ પામીને તમે ખાનબહાદૂરની બાહેશને."—

"તમે શુ કહેવા માગો છો તે હુ સમજુ છુ, સાહેબ!" દાદીબાએ દાવરશેઠને બોલતા અટકાવી ખોલાસો કીધો. "ખાનબહાદૂરને હુ મારા અન્નદાતા સમજું છુ. હજી પણ તેવણને માટે મને માન છે તેવણનુ મે નિમક ખાધેલુ છે, તેવણને ત્યાં હુ પરવરશ થયલો છું, તેથી, હુ જો તેવણ પાછળ બદનુખન બોલીશ તો તેવણનો ગુન્હાગાર થઇશ. માત્ર મારી લાગણી ઉશ્કેરાય છે ત્યારે તેવણે મારી તરફ ચલાવેલા ગેરઇનસાફને લીધે મને લાગે છે, પણ તે સિવાય હુ હજીબી એવણને મારા મુરબ્બી મિસાલ માન આપુ છુ, દારાશાહશેઠ, તમોને એમ લાગતું હશે કે ખાનબહાદૂરે ખરી વાત જાહેર થયા પછી મને જે ઇનસાફ આપ્યો તે પુરતો છે, વાસ્તે, મે તેવણના આશરામાં પાછુ જવું મુનાસબ હતુ—હા, મને પોતાનેબી એમ લાગે છે. મેં જે પગલુ લીધુ તે કોઇબી સમજદાર ગ્રહસ્થને પસંદ આવવાનુ નથી, પણ મારો તે વિષેનો ખુલાશો તમે જાણશો ત્યારે તમો સાહેબ કબૂલ કીધા વગર રહેશો નહિ કે હુ તેમ કરવામા વાજબી હતો.'

"હુ તે ખુલાશો ખુશીથી સાભળીશ અને તે વાજબી હશે તો દાદીબા, તમોને ઇનસાફ આપીશ."

"એ ખોલાશો એ છે," દાદીબાએ ચલાવ્યુ 'કે દખણ હેદરાબાદમા મારી બેહેનો માઇસારથી મને લેવા આવી તેની આગલી રાત્રે મે સ્વપ્નામા મારા બેહેસ્તણ માવતરને જોયાં. સાહેબ, હુ વ્હેમી નથી—મારી આ હકીકત તમોને કદાચ હશવા જેવી લાગે તો તમારા વિચાર તમોને મુબારક છે—પણ હુ તો મારા વ્હાલા ધરમ—માતા તરફ બચપણથી માનથી જોતો આવેલો હોવાથી તેવણ હક થયા પછી સ્વપ્નામાં મને આપેલી આ બીજી મુલાકાત—"

"ત્યારે શુ પેહલી મુલાકાત એની આગમચની હતી?"

'હા. ખાનબહાદૂરે મને જે દિને કહાડી મૂક્યો તેની આગલી રાત્રે મે માઇસારમા એક સ્વપનો જોયો હતો, તે જાણે એમ કે હુ એક સોફા પર નિદ્રાવશ થયલો છુ, તેટલા મારા માતા આવી એકદમ મને ઉઠાડે છે કે **"દિકરા ઉઠ, તારી ઉપર એક કાવત્રું રચાયુ છે. જીવ લઇને ન્હાસ—પણ યાદ રાખજે, આખરે ફતેહ તારી** છે આ સ્વપનો જોઈ હુ એકદમ ચમકીને સજાગૃત્ત થયો અને જોઉ છુ તો મારી આજુબાજુ કોઈ હતું નહિ! બીજેજ દીને મારી ઉપર ખાનબહાદૂરને ખાણામાં ઝેર આપવાની કોશેષ કરવાની બનાવટી તવાઈ આવી."

' હવે બીજા સ્વપ્નાની હકીકત કહો. "

" મારી બેહેનો મને બોલાવવા હૈદરાબાદ આવી તેની આગલી રાત્રે મેં એવો ખાબ જોયો કે અંધારી રાત્રે મને કોઈ આસમાન પર ઉંચે લઈ ગયું અને ત્યાંથી એકદમ જમીન પર નાખ્યો. અસાધારણ ઉંચાઈ પરથી નીચે આવતાં આવતા મેં એક ભયંકર ચીશ પાડીને મારા જીવની આશા છોડી દીધી કે હવે હું પટકાઈ મરીશ, પણ તેજ વખ્તે મારી પીઠ પર એક ફરેસ્તાએ હાથ મુક્યો અને હુ જાણે એક વિમાનમાં બેશીને નીચે ઉતરતો હોઊ તેમ મને લાગ્યુ ઉતરતા ઉતરતાં મને તે ફરેસ્તાએ કહ્યું કે **બેટા, धीरज धर–ધભરાતો નાં. તારાં સકટનો છેડો આવ્યો છે. પણ તને જે માંગણી થાય તે સ્વિકારતો નાં.** મેં પૂછ્યું કે તું કોણ છે ? અંધારામાં તને હું જોઇ શકતો નથી. તેણે જવાબ દીધો કે 'હુ તારી મરનાર માવતરનુ રૂહ છુ. મારી શિખામણ મુજબ ચાલશે તો સુખી થશે.' આ જવાબની સાથેજ મારો પગ જમીનને અથડયો અને પેલો ફરેસ્તો ગેબ થઈ ગયો. એકદમ હુ ચમકી ઉઠયો અને જોઉ છુ તો હુ માત્ર સ્વપ્નો જોતો હતો ! "

" તમારી હકીકત ખરેખર વિલક્ષણ છે ! ' દારાશાહ દાવરને કબૂલ કીધા વગર ચાલ્યું નહિ. " તમારા આ ખુલાશા પછી હુ તમારો વાક કહાડીશ નહિં."

" હજી મારે બીજી થોડીક બીના કહેવાની છે ' દારાબાએ પોતાની તરફેણમા દાવરશેઠના વિચારો જોઈ ઉલટ પકડી વધાર્યું. 'મારી બેહેનોને મે પાછી વાળી તેમની જોડે ખાનબહાદુર મંચેરશાહ પર, તેવણે મને લખેલાં કાગળના જવાબમા મેં બહુજ નમનતાઇથી એક કાગળ લખ્યો હતો અને તે કાગળમાં મે, એવણે મારી કરેલી પરવરશી તથા મને અપાવેલી ઉંચી કેળવણી વિષે ખુલ્લા શબ્દોમા હેશાનના ઉભરા દેખાડેલા છે એ કાગળની નકલ મે મારી કને એવણનાં અસલ કાગળ જોડે સંભાળથી સાચવી રાખેલી છે, તે હુ તમોને કાલે જરૂર દેખાડીશ. એ કાગળના જવાબમાં એવણે મને એક બીજુ કાગળ ફરીથી લખ્યુ હતુ અને તે કાગળથી મારા વિચારો ફર્યા હતા.—યાને હું તેવણનાં આસરામાં જવાને તૈયાર થયો હતો, પણ તેજ રાત્રે—હુ ખાનબહાદૂર પર બહારવણે જવાબ લખનાર હતો તેની આગલી રાત્રે—મારા મરહૂમ માવતર વળી પાછા મારા સ્વપણામા આવ્યા અને ચેતાવી ગયા કે **દિકરા તેં જે વિચાર ધાર્યો છે તે એકદમ તજી દેજે.** આ ત્રીજુ સ્વપનુ તેજ રાત્રે ફરી ફરીથી ત્રણવાર મેં જોયુ અને સહવારે હુ બિછાના પરથી ઉઠયો ત્યારે મારા આગલા વિચારોને મેં પાછા મારી છાતીમાં મક્કમપણે દાખલ થયલા દીઠા. મેં ખાનબહાદૂર પર તેજ દીને જવાબ લખ્યો કે મારો ખ્યાલ હવે તમોએ છોડી દેવો—દુનિયાનાં કોઇબી ખુણામાં હુ રહીશ ત્યાંથી તમારા હજારો હેશાન માટે, દૂરથી, તમોને રાત દહાડો દુવા દઇશ. એ પછી આજની ઘડી

સુધી મને તેવણ તરફથી કશું કાગળ મળ્યું નથી. અકેક કરતાં ત્રણ ત્રણ સ્વપ્નામા મારાં મરનાર ભલાં માવતરે મને કરેલી આગાહી હુ કેમ ભૂલું અને તેમનાં વિચારની બ્હાર જઈ તેવણનાં રૂહને હુ કેમ કમકમાઉં ? આટલા ખ્યાલ પર મેં મારાં તમામ સુખને ઠોકડ મારી છે. હવે તમે મને ડાહ્યો ગણો, મુર્ખ ગણો કે ગમે તે ગણો—તેમ કરવાને તમે મુખત્યાર છો. આ મારી ખરેખરી હકીકત છે અને તે મેં તમામ સાચી મનસ્નીથી જીંદગીમાં પેહેલીવાર તમારી આગળજ આજે જાહેર કીધી છે."

દારાશાહ દાવરથી "આફ્રીન-દાદીબા—આફ્રીન !" એમ બોલ્યા વિના રહેવાયું નહિં.

"જો મારી જગ્યા પર તમે હોત, દારાશાહ શેઠ, તો જે પગલું મેં લીધુ તેજ પગલુ તમે લેત."

"ખરૂ છે, દાદીબા, સ્વપના સંબંધી લોકોમાં તરહેવાંર વ્હેમો ચાલે છે, પણ આ વાત તો સાચી છે કે કેટલીકવાર સ્વપ્નાં આગાહી રૂપે હોય છે. આ બીનામા અજાયબ જેવુ તો એ છે કે જેઓ સ્વપનાને કેવળ હશી કાઢે છે, તેઓજ તેને શરણ થાય છે! હુ પોતે પેહલા સ્વપનાં વિષે વિરૂદ્ધ મત ધરાવતો હતો, પણ એક—બે દાખલામા મે મારા જાતિ—અનુભવથી જોઈ લીધુ છે કે બધા સ્વપ્ના ખ્યાલી હોતા નથી. તમે તમારાં મરહૂમ માવતરની આગાહીને જરૂર માન આપજો, દાદીબા, કદાચ તેજ તમારાં આવતાં ભવિષ્યને ફળદ્રુપ કરશે."

"હુ હવે રજા ચાહીશ, શેઠ, આજે આપણી વાત ધારવા કરતાં ઘણી લબાઈ છે'

"તમે કાલે મલશો ? તમારા જોડે જે અગત્યની વાત કરવાની હતી, તે તો જગેજ રહી ગઇ છે."

"જરૂર મલીશ."

"કેટલે વાગે ?"

"આપ ફરમાવો ત્યારે."

"આજનેજ વખતે."

"બહુ સારૂ. હુ કાલે આવીશ ત્યારે મારી જોડે પેલાં કાગળો તથા મારી જીંદગીની જે જે વિગતો મેં તમોને આજે કહી છે, તે સઘળી મેં એક ચોપડીમાં વિગતવાર લખી રાખેલી છે, તે, તમોને વંચાવવા સારૂ લેતો આવીશ. સાહેબજી !"

"સાહેબજી !"

પ્રકરણ ૧૮ મું.

" ચચ્ચાજીની ચોપેરી ! "

'દાવર લાડજ'માં દારાશાહ શેઠ આગળ પોતાની ગઇગુજરી જણાવવાનો દાદીબાને નહિ વર્ષો રાખેલો જોગ થયો, તેથી, તે જવાન ઘર જતા ખુશ ખુશ થઇ ગયો બીજી તરફ દારાશાહ દાવર દાદીબાનાં અજબ જેવાં દાસ્તાનથી હેરત બન્યા "જ્યા છે ત્યા એ જવાન કોઇ કુળવાન મા–બાપનુ બચ્ચુ છે એની જીંદગી એમ છુપી રાખવામા કોઇ મોતેબર મકસદ સમાયલી હોવી જોઇએ " તેવણ વિચારવા પડયા ' ખુદાની કુદરત અજાયબ ભેદ–ભરમોથી ભરપુર છે. પૃથ્વિની પીઠ પર દરેક સેકંડે હજારો તલેસમ બને છે, અને તેવા એક તલેસમ લેખે દાદીબાના આ દાસ્તાનને હુ લેખુ છુ. જે મોહોરબંધ દસ્તાવેજો વિષે એણે હેરત ઉપજાવે એવી હકીકત કહી છે તે દસ્તાવેજોમા સઘળા ભરમની કુચી છે, પણ ખાનબહાદર મંચેરશાહની હેયાતી સુધી તે નહિ ઉઘાડવાની દાદીબાને તેની મરનાર માવતરે મનાઇ કરેલી હોવાથી, હજી કોણ જાણે ક્યાં સુધી એ ભલો જવાન પોતાના બાપીકા ભેદથી અંધારામા રહેશે. "

દાદીબાને લગતા આ અને એવાજ બીજા વિચારોમા દારાશાહ શેઠ તે સાંજે એટલા ગરક થઇ ગયા કે તેવણ તે ઓરડામા એકલા બેઠેલા છતા ધીમે ધીમે તેવણનો સાદ કોઇ સાથે વાત કરતા હોય તેટલો મોટો થતો ગયો જેનુ તેવણને ભાન વરીક ન હતુ ! દાદીબા તે ઓરડો છોડી ગયો ત્યારની ત્યા રોશની થયલી હતી અને દારાશાહ શેઠ પોતાની આરામખુરસી પર પડયા પડયા વચ્ચેની ટેબલ પર સલગાવેલા એક મોટા ઝુમ્મરના પ્રકાશ તરફ એક સરખા ટીકતા દાદીબા વિષેનાં ઉપર જેવાજ ખ્યાલોમાં એકલા બડબડતા હતા, જ્યારે તેવણની ખુરસીની પાછળ એક આકાર છુપો ઉભો રહી તેવણનુ બોલવું ચુપચુપ સાંભળતો હતો !

દારાશાહ શેઠનાં ધણીઆણી મેહેરબાઇ બંગલાના બીજા ભાગમાં કાંઈ કામમાં રોકાઇ ગયાં હતાં અને નુદર પરીન, " આજની દાદીબા સાથની બાવાની મુલાકાતનું કોણ જાણે શુ પરિણામ આવ્યુ હશે ? " એવા ભયભિત ખ્યાલોમાં તરેહવાર શક લંબાવતી પોતાનાં ઓરડામાં એક ચોપડી સાથ નાહક ચેડાં કાઢયા કરતી હતી !

" મે દાદીબાને આજે જે બાબદસર વાત કરવા બોલાવ્યો, તે બાબદ જગેજ રહી ગઈ અને નહિ ધારેલી નવી બીના વચ્ચે નીકલી આવી ! " દાવરશેઠ પાછા મોટેથી એકલા બબડવા પડયા. " મે કલાકની વાતપર દાદી-

આ વિષે મને જે ખ્યાલો હતા તે હમણા રહ્યા નથી. દાદીબાની જે હકીકત મેં આજે જાણી છે, તે હકીકત શેઠાણી રતનબાઈ જાણે તો પોતાની દિકરી આઇમાયે કીધેલી આ જવાનની પસંદગી તેવણુને એવડી ખુશાલી આપનારી થઇ પડે. ગમે તેમ હોય, પણ દાદીબાને આઇમાય સાથ જોડી આપવાની મને થયલી ફરમાશમાં હું જરૂર પાર પડીશ. દાદીબા સાથે આજે મને થયલી ટુંક વાતચીત પરથી જણાય છે કે દાદીબાને આઇમાય પસંદ કરે એમ હાલ એ જવાનને પોતાની હાલની હાલતને લીધે માનવાજોગ લાગતુ નથી, પણ એ વિચારમા એકંદરે તે ખોટો નથી. એમ ધારવામાં ઓરબી તે પોતાની અવસ્થાઇ અને સારી સમજનો આડકતરો પૂરાવો આપે છે, પણ હું કાલે તેને દરેક બીનાથી પરેપૂરો વાકેફ કરીશ અને મારો સખુન તે નાખશે નહિ. દાદીબા આઇમાય સાથ જોડાય તો મારી પરીનને જેહાગીર સાથ જોડાતા વાર લાગવાની.—'

'તું સપના જુએછ, સેપના. શેઠ, એમ કોઈ દહારે નઇ બનેછ,'' પેલી કરાડે થયલી ૪૨ ગણ આયા લુસી ખુરશી પાછળથી એકદમ બહાર નીકળી આવી બોલી પડી. દારાશાહ તેને જોઈ ચમકી ઉઠયા. તેવણુ સમજી નહિ શકયા કે એ આયા શુ કહેવા માગેછ

' એ કોણ, લુસી? તું અહીં કયાંથી? એ કોણને કહેછ કે સેપના જુએછ સેપના?'' દારાશાહ શેઠ લુસીની બોલવાની ભાષા પર ભાર મૂકીને સ્હેજ ખીજ પાડતાં પુછ્યુ.

'' તુને કેહેછ શેઠ, હું તુને કેહેછ''

'' મને?''

'' હા, તુને '

'' સાંને વાસ્તે?''

'' વરી સાંને વાસ્તે? તારી પેરીન બાઇને વાસ્તે!'' આયા લુસી જરા છણકો કરીને બોલી

'' એટલે?'' દારાશાહ અચરત થયા, તેવણુ કાંઇ—જ સમજી શકયા નહિ. '' તું શુ કહેવા માગેછ, લુસી, તે હું સમજતો નથી, ખુલ્લુ બોલ.''

'' શેઠ, હું ખુલ્લુજ બોલેછ—ભરમમા નેથી બોલતી. તારી પેરીન-બાઈ—ને તું પેલા જો ગીરસાહ શેઠ સાથે પેનનાવા મેંગેછ નઈ? પણ એ તેની સાથે નેથી પેનવાની?''

'' એટલે? તે કેમ જાણ્યુ કે નથી પરણવાની?'' દારાશાહને ચીડ ચઢી. તેવણુને લાગ્યુ કે લુસી આજે એ શુ બકેછ? '' તે કાંઇ ગજો—બજો તો નથી, લુસી?''

'' બીલકુલ નહિ, શેઠ, એક ટીપા દારૂ મે પીધો નેથી.''

" ત્યારે પરીન નથી પરણુવાની એ તું શું જાણે ? અમારી સંસારી બાબદમાં તેં કેવું માથુ મારવું ? તું ચાકર માણુસ તેં તારી રીતે રેહેવુ જોઇએ. જા—હજીબી હુ તુંને તારી ભૂલ માફ કરૂંછ—ફરીથી એમ વગર સમજે વચ્ચે માથુ મારવા આવતી ના " દારાશાહ શેઠે મિજાજ ખોહી દઇ લુસીને ધમકાવી કાઢી.

પણ લુસી કોણુની ધમકીથી ડરી કે દારાશાહથી ડરે ?

" હુ તારી ચોકરી કોરેછ, શેઠ, પણ નીમકહેરામ નેથી ! " લુસીએ યાદ આપી. કેવી નિમકહલાલ !

" તુને કેહેછ કોણ કે તુ નિમકહરામ છે ? પણ તે તારી રીતે રહેવુ જોઇએ. "

" શેઠ, પેરીનબોઇને વાસ્તે હુ ખરી વાત જોણુંછ તેથી મ તુને કેઇ ! " હઠીલી લુસી વધુ હઠીલી બની. " હુ તારા સારાને વાસ્તે બોલેછ શેઠ, તુ ગુસ્સો સુ કરવા કોરેછ ? પેરીનબાઈ તો કોઇ બીજાના પ્યોરમા છે ! '

એક વિજળીનો ઝટકો લાગે તેમ દારાશાહ શેઠ ખુરસીપરથી ઉઠી અ-હીથી કુદીને તહીં પડયા ! તે કુળાભિમાની શેઠિયો આ નવા ભેદથી છેલ્લી સેકડ સુધી નાવાકેફ હતો, જેથી તે ફટાઉ થયલી ફરંગણુના છેલ્લા વાકયે તેને એકદમ તડખાવી મેલ્યો !

" એ શુ બકેછ, લુસી ? પરીન કોઇના પ્યારમા છે ! " ભેદ જાણ-વાની અરધી અધીરતામાં અને અરધી ચીડમાં દારાશાહે તે બેવફા આયાને તુરત સવાલ કીધો

" હુ બકતી નથી, શેઠ, હુ સાચ્ચા વાત કોરૂછ. પેરીનબાઈ પ્યોરમા છે. '

" કોણુના ? " તે કુળાભિમાની બાપે ગુસ્સો મુસ્કેલીથી સહન કરી ફરીથી પુછયું, જ્યારે તેનું આખુ દિલ થરથર ધ્રુજતુ હતું ! " પરીન કોણુનાં પ્યારમાં છે ? ' '

" દાદીબાના "

" હે ? " દારાશાહથી વધુ બોલાયુજ નહિ ! તેવણ એકદમ ખુરશી-પર બેશી પડયા.

" પેરીનબાઇ ઉનડાં પોંણીમાં રમેછ, શેઠ, તુને ખોબર નથી. " આયા હવે ઉખડી. તેને એટલુજ જોઇતુ હતુ. પરીને પોતાની વર્ષગાંઠનું લુસીને મન-માનતું ઇનામ નહિ આપ્યુ તેનો કીનો આ રીતે તેણી લેતી હતી. દારાશાહ શેઠ દાદીબાનું નામ સાંભળતાંજ ખુરશીપર ફસડાઇ પડયા, તે મોકકો, લુચ્ચી લુસીએ વખતસરનો લેખીને પરીન વિરૂધ જેટલી બને એટલી સહરાવેલી વિગતો દારાશાહને કહી સંભળાવી અને મહાલક્ષ્મીને દરિયે કિનારે તેઓ કેમ મળતાં હતાં તે તથા બીજી નવી નવી ખોટી ખોટી વાતોથી પોતાનું પેટ ખાલી કીધુ. દારાશાહ તે સાંભળી ઉશ્કેરાઇ ગયા, જે દેખાવ જોઇ તે બેવફા આયાને અંદરખાને ટાઢક વળી !

ચિત્ર ૮ મું.



"શેઠ, પરીનબાઇને વાસ્તે હું ખરી વાત જાણુંછ, તેથી મેં તુંને કહ્યું" હઠીલી લુસી વધુ હઠીલી બની, "હું તારા સારાને વાસ્તે બોલેછ, શેઠ, તું ગોસ્સા શું કરવા કરેછ? પેરીનબાઇ તો કોઇ બીજાના પ્યારમાં છે!"

[સફે ૮૬]

"તેં મને આટલા દિવસ કાય નહિ ચેતાવ્યો, લુસી?" દારાશાહે સર્વે હકીકત સાંભળી લીધા પછી હવે તેનેજ પકડી. "તું આજે એ બીના મને કહેવા નીકળી તો આટલો વખત તારૂં મોહડુ ક્યાં ઘોબીને ધોવા આપ્યુ હતું?"

"શેઠ, મારી ઉપર ગુસ્સે થઇ તુ શુ કોરેછ?" લુચ્ચી લુસીએ પોતાનો બચાવ કીધો. "મને તારી પાસે એ વાત કહેવાની હિમ્મત નેઇ આવી!"

"ત્યારે આજે કહાંથી આવી?"

"આજે તું એકલા એકલા વાત કરતા'તા તે સાંભળી મારા જીવ નેપ્ત રહ્યા, શેઠ! મારી તકસીર થઇ તે તું મને મોફ્ કર!"

"પરીન! પરીન! કમબખત પરીન! તે આએ શુ કીધુ!" દારાશાહે કપાળ પર હાથ ઠોકી અફ્સોસ કીધો. "મારી સઘળી ઉમેદ તે ધૂળમાં નાખી! મારા સર્વે સંકેત પર તે પાણી ફેરવ્યું? લુસી, તુ હવે જા, પણ ખબરદાર, મારી અને તારી વચ્ચે થયલી વાતચીતનો એક હરફ બહાર જવા નહિ પામે!"

લુચ્ચી લુસી તુરત ઓરડો છોડી ગઇ. પોતાની નીચ નેમમાં પૂરેપૂરી ફાવવાથી તેની છાતી ખુશીથી છલછલી રહી હતી!

પ્રકરણ ૧૯ મું.

કળનાં કામ બળથી નહિ થાય.

લુસી ઓરડો છોડી જવા પછી દારાશાહ દાવર ઓરડામા એમથી તેમ ફેરા—આંટી ફરવા લાગ્યા. તેવણને સમજ નહિ પડી કે હવે શા પગલાં ભરવા. તે ફટાંઉ થયલી ફરગણે પાટલો ફોડી દીધાથી પોતાના ખાનદાનને માટે મગરૂરી ધરાવનારા તે ગર્વાભિમાની બાપને ઉપજેલો ગુસ્સો જેવો તેવો નહિ હતો. દાદીબાને માટે હજી તો અરધા કલાક પર તેવણે ઉચ્ચુ મત મેળવ્યું હતુ, પણ તે વખતે તેવણને સ્વપ્ને વકી ન હતી કે પરીનનાં પાંણી એ રીતે સુવેલાં છે! દાદીબાને પોતાની નહિં પણ પારકી દિકરી જોડે પરણાવી દેવાનાં વસ્ટાળાંમાં તે મતલબ—ગરજી શેઠિયો પડેલો હતો, તેટલાં, પારકું ગાડુ ચલાવવા જતાં પોતાનુ—જ ગાડું અટકી પડવાથી તેનાં મનની હાલત "નહિ ઘરની કે નહિ ઘાટની" એવી થઇ પડી!

"પરીન! પરીન! બેવકુફ છોકરી! એ તે શુ કીધુ!" તેવણ ઉશ્કેરાયલી હાલતમાં ઓરડામાં એક નાકેથી બીજે નાકે ફેરા—આંટી ખાતા ખાતા મન સાથ એકલા બરબડયા: "હું જૂદા ખ્યાલમાં રમતો હતો અને અહીં

તો જૂદા ઘાટ ઘડાઇ ચુક્યા છે! દાદીબાને હુ એવો ધારતો નહિ હતો! એ મૂજીએ મારી સર્વે મગરૂરી ત્યારે ધૂળમાં મેળવી! અફસોસ! મેં તેને ભલો જાણી મારા વિશ્વાસમાં લીધો ત્યારે ઉલટો મારોજ ઘાત કીધો! દાદીબા! તારા આ કાળા કર્તુકોની મને એક અરધા કલાક આગમચ ખબર હોત તો હુ તારી અચ્છી ખબર લેત. પણ હજી વખત વહી ગયો નથી. હજી તારી ફેટ મારા હાથમાં છે! પરીનની મકદુર શુ કે મારી રજા વગર દાદીબાનાં પ્યારમા પડે! એ દુકતીએ મારી આપેલી છુટનો એવો અણઘટતો ઉપયોગ કીધો! મારાં અ-નંત વ્હાલને બેવફા નીવડી? દાદીબા કોણ? દાદીબાનું ખાનદાન કોણ? આ-પણે કોણ? આપણી ઇઝત શુ! દાદીબાની ને મારી યોગ્યતા સરખી કીધી? દાદીબાની ને મારી સરખામણી કરતાં એ નાપાક દુકતીને જરા થઇને શરમ નહિ આવી? અફસોસ! અફસોસ! આજનો જમાનો—જ ખોટો છે! પેલા સુ-ધારાવાળાઓ કહે છે કે સ્ત્રી જાતને છુટાપણુ આપો, પણ છુટાપણુ આપ્યા પછી સાર્થક શુ? પરિણામ તો એવા આવે છે! સ્ત્રીઓને સ્વતંત્ર કીધાથી ફા-યદો નહિ પણ સામો ગેરફાયદો થાય છે એમ પરીનનાં દાખલા પરથી કોણ નહિ કહેશે? અરે મારૂ ખાનદાન શુ તેનો કોઇએ ખ્યાલ કીધો? અરે મારી ઇઝત શુ તેનો એ બેશરમ દુકતીને કંઇ વિચાર છે? દાદીબા કોણ? એક પગારદાર હલકો નોકર! તેને હુ મારો જમાઇ કબૂલી દુનિયામા મારી નાક—કટી કરાઉ? ભલા—ભલાઓને મેં ના પાડી મારી સીહડીથી ઉતાર્યા, તો એના તે મને શા ભાર? એટલુ છે કે એ જરા દેખાવલો છે ને હુનરવાળો છે, પણ શુ દેખાવલાનો ને હુનરવાળાઓનો દુનિયામાં કઇ તોટો છે? શુ એના મા—બાપે એનેજ જણ્યો છે? મારી રજા વગર, મારી ખુશી પુછ્યા વિના, એક-દમ તેની સાથે સંબંધ જોડી દેવાની શોખાઇ કરતાં એ બેઅદબ દુકતીને શરમ નહિં આવી? હુ બાપ જેવો બાપ તેને 'ડોન્ટ કેર' કીધો! એ રખડતા પો-ર્યાને એક બાજુ ઉભો કરો ને એક બાજુ પેલા બહાદુરશાહનાં જેહાંગીરને ઉભો કરો ને જુઓ કે એમાં ખરૂ ખાનદાની કોણ દેખાય છે? જેહાંગીર આ-ગળ એ આજકાલનો દુકતો શુ હિસાબમા! જેહાગીરનું ખાનદાન શું? જેહાં-ગીરની ઇઝત શુ? જેહાંગીરનો મોભો શુ? જેહાંગીરનો ટેક શુ? જેહાંગીર-ની દોલત શુ? જેહાગીરનો દમામ શુ? અફસોસ! એવું મ્હાન સુખ ભોગવ-વાનુ તારાં નસીબમાં લખેલુ હોય તો તને એવી કબુદ્ધિ સુઝ નહિં પડે, પણ સબર! હમણા મિજાજ ખોહવાનો વખત નથી! હુ જાણે કાંઇ જાણતોજ નહિ હોઉ તેમ કુનેહથી કામ લઇશ તો એ હલકા પોર્યાને એકતચાકડીમાં હાથેલીમાં ચાન દેખા-ડીશ. પરીન ખાંડ શુ ખાય છે? મારી રજા વગર તેણે ભરેલાં આ પગલાંનો સ્વાદ એને ચખાડયા વગર હુ રહીશ નહિ. જે થવાનુ તે થશે, પણ પરીનને દાદીબા સાથે હુ કદી જોડાવા દઇશ નહિ. મારાં સુખી ઘરનું ભલે સત્યાનાશ વળી

ચિત્ર ૯ મુ.



કદાચ દારીબા પરીનનો પ્રભાવ મારી સમજાવટ પરથી છોડી દઈ આઈમાય બાદશાહની મારી દોલતપર લોભાય એ બનવાજોગ છે હું તેને તેમ કરવાની ફરજ પાડીશ।'' અને એમ કહી નવાબ જુસ્સાથી ટબલ પર હાથ ઠોક્યા

[સફે ૮૯]

છે! હુ તેને તેમ કરવાની ફરજ પાડીશ!" અને એમ કહી તેવણે ગુસ્સાથી ટેબલ પર હાથ ઠોકયો.

દારાશાહ દાવરનો આ સઘળો સંકેત કેટલો રામબાણ ઉતરે છે, તે હવે પછી જોવાનુ છે. આયા લુસીએ પાટલો ફોડી આપવાથી દાદીબા અને પરીન પર તેવણને ક્રોધ ઉપજવાનું કારણ મળ્યું ખરૂં, પણ તેવણનો હાથ હાલમાં કળમાં હોવાથી દાદીબાનો શુ જવાબ મળે છે કે જાણે નહિ ત્યાં સૂધી તેવણ કશું કરી શકયા નહિ

એક માણસ ગુસ્સામાં આવે ત્યારે તેને ઉભરો કાઢવાની જો તક મળે, તો તેથી તે જલદી શાન્ત થઈ જાય છે, એજ રીતે દાદીબા અને પરીનનાં પ્યાર બાબે લુચ્ચી લુસીથી વાકેફ થયા પછી આપણે ઉપર જોયુ તેમ તેવણે પોતાના ઉભરા પુરેપુરા બ્હાર પાડવાથી હવે તેવણ જરા શાન્ત થયા અને શાન્ત થવાથી સઘળુ આવતી કાલ સૂધી ભેદમા રાખવાનો ઠરાવ કરી તે ઓરડો છોડી ગયા.

પ્રકરણ ૨૦ મું.

"મોઢે મીઠાસ ને પેટમાં પાળી!"

"દિકરી પરીન," દારાશાહ શેઠે રાતે ખાણાપર જાણે કાંઈ જાણતાજ ન હોય તેમ ઉપરથી ખુશ મિજાજ બતાવતા વાત ચલાવી. "કાલે દાદીબા કેટલે વાગે આવશે?"

"જી, સાંજે પાચ વાગે"

"મને દાદીબા સાથ એક અગત્યની વાત કરવાની છે વાસ્તે કાલે એવણ આવ્યા બરાબર પેહલાં મને મલે એવો બંદોબસ્ત કરજે, દિકરા, ને પછી એવણ તારૂ લેસન લેવા આવશે"

"વારૂ બાવાજી."

"દાદીબા આજે તમોને મલ્યાતાની, દારાશાહજી?" મેહેરબાઇએ જમતાં જમતા પુછયુ. "હા, એક અગત્યની વાત કરવા સારૂ મેંજ તેવણને તેડાવ્યા હતા. પણ વખત થઈ જવાથી વાત હજી અધુરી રહી છે તેથી કાલે હુ તેવણને તાકીદે મળવા માગુછ."

"ઘણાજ લાયક ને અશરાફ જવાન છે" મેહેરબાઇએ ભોળાઇમાં દાદીબાની વખાણ કીધી, પણ તેવણ જાણતાં ન હતાં કે આજે પવન જૂદી બાજુએ ફુંકતો હતો! મને એની ચાલચલણ, વાતચીત ને નમતાઇ એટલી ગમેછ કે–"

"અરે મેહરી, હું તુંને કહેનાં ભૂલી ગયો" દાદીબાની વખાણુ દારાશાહ શેઠને નહિ ભાવ્યાથી તેવણે વાત ઉડાવવા સારૂ મેહેરબાઇનું ધ્યાન બીજી બીનાં પર ખેચતા કહ્યું "પરીનની સાલગીરેહને દહાડે આપણે ત્યાં ચમપીન કેટલોક ખપ્યો વારૂ?"

"હુ ધારતી હતી તેટલો નહિ."

"શું ત્યારે થોડો ખપ્યો એમ તું કહેવા માંગેછ?"

"હાજી."

"ત્યારે તો તેમાની ઘણીક બાટલીઓ વધેલી હશે"

"હા છે. કાય કંઇ કામ છે? મંગાઉ, જીભઃ?"

'નહિ, મને તેનુ હાલ કઇ કામ નથી પણ હમણા એક યુરેપિયન કમંમા બહુ કરમાસુ ઉચી જાતનો ચમપીન આયોછ તેથી પુછુંછ કે જો થઇ રહ્યા હોય તો એ ચાર દજન બાટલી મગાવી રાખતે. નવી તરાહનો છે તેથી કદાચ ખપી જશે ને પાછળથી તે જાતનો મલશે નહિ. કેહેછ કે એવો ચમપીન આગલ હિંદુસ્તાનમાં કોઈ દહાડે આયાત થયો નથી."

"ત્યારે તો જીભઃ થોડો મગાવી મુકો. આપણે ત્યાં વરસમાં કેટલી વખત બહારનાં પહરોણાઓની આવણુ જાવણુને ખાણી પીની થાય, તે એવી કરમાસુ ચીજ તો આપણુને કામની!"

"ઠીક છે, મને સહવારે યાદ આપજે' દારાશાહ શેઠ બોલ્યા અને મનમાં ખુશી થયા કે "દાદીબાની વખાણુ કરવાનુ આ વાત વચ્ચે અદ્ધર ફેંકવાથી મેહરી કેવુ ભૂલી ગઇ!"

બીજે દીને સહવારે દારાશાહ શેઠે કેટલીક ગોઠવણુ મનમાં ને મનમા ગોખી મૂકી. દાદીબા "હા" કહે તો શુ કરવુ અને "નાં" કહે તો કેમ વરતવુ તેનાં સર્વ સંકેત તેવણે રચ્યા રાખ્યા. બીજી તરફ ખુબસુરત પરીન, જેણીને દાદીબાને દારાશાહે શા માટે મલવા બોલાવ્યો હશે એમ ગઇ કાલે વ્હેમ પડયો હતો, તેણી, આજે 'ભયભરેલુ કાંઈ નથી' એવા સધિયારા વચ્ચે પોતાનું 'મ્યુઝિક' નું લેસન કરતી પોતાનાં ઓરડામાં બેઠી હતી. "બાવા સાથ શુ શુ બાત થઇ તે આજે દાદીબા મને બદ્ધી માંડીને કહેશે" એવા હવાઈ સ્વપનાની તરફ બાંધતી તેણી પ્યાનો "પ્લે' કરતી હતી!

પણુ અફસોસ! તે બિચારીને આવતાં ભવિષ્યની ક્યાં ખબર હતી!

ગઈ કાલે જ્યારે ધાસ્તી કરવાનુ કારણુ નહિં હતુ, ત્યારે પરીન ધાસ્તી કરતી હતી અને આજે ફીકરમંદ બનવાનો સમો આવ્યો છે, ત્યારે પરીન બેફીકર બની ગઈ! કેવો વિચિત્ર સંજોગ!

પરીનને રાતે ખાણાં પર તાકીદ કરેલી હતી તે છતાં, દાદીબાનો આ-

વવાનો વખત થયો તેની આગમચથી પોંહચેલ દારાશાહે એક માણસને દરવાજા આગળ ઉભું રાખ્યુ અને તેને હોકમ કીધો કે દાદીબા આવ્યા બરાબર પેહલાં મારી પાસે આવવા જણાવવું. આમ કરવામાં દાવરશેઠની મકશદ શું હતી તે વાંચનાર પામી ગયા હશે કે પરીનને દાદીબા મળવા નહિ પામે.

અને અંતે તેમજ થયુ. દાદીબા પોતાના નિયમિત વખતે આવી પોંહોંચતાં દરવાજા પર ઉભેલા નોકરે તેને ખબર આપી કે "દારાશાહ શેઠ તમોને પેહલા બોલાવે છે—મને તમોને કેહવા કહ્યુ છે કે મને મળ્યા પછી પરીન બાનુંનું લેસન લેવા જજો"

બાપો દાદીબા! તેને દારાશાહ શેઠની "અસાધારણ ઈંતેજારી" પર હસવુ આવ્યું! "ઠીક છે" એમ નોકરને જવાબ આપી "મારી જીંદગીના ખેદ ભરેલા બનાવોએ એવણપર જબરી અસર કીધેલી લાગે છે" એવા ખ્યાલ કરતો તે ભલો અશરાફ જવાન "દાવર લાડજ" મા દાખલ થયો અને દારાશાહશેઠનાં મુલાકાત લેવાના ઓરડામાં ગયો, કે જ્યા દાવરશેઠ આગમચથી ગઈ કાલવાળીજ પેલી ફ્રેઝીચેર પર અલેટાયલા હતા અને ઉપરથી દેખાડવા માટે નામને માટે હાથમાં તે દિવસનુ એક ઇંગ્રેજી પત્ર પકડેલું હતુ!

"આવો દાદીબા, મે હમણાજ તમારી યાદ કીધી." દાવર શેઠ બોલ્યા "ગઈ કાલની મુલાકાત અધૂરી છે, તેથી આજે મે તમોને તસ્દી આપી છે.

"કાંઈ નહિ રે મુરબ્બી! તમારા હોકમને હુ તાબે છું." દાદીબાએ નમ્રતાઈથી જવાબ વાળ્યો. "હું પરીન બાનુનું લેસન લઇને પછી અત્રે આવવા ધારતો હતો, પણ આપ સાહેબનાં નોકરે દરવાજા પરજ ખબર આપી કે પેહેલાં અહીં આવવુ તેથી હુ પરીન બાનુને મળ્યો નથી."

"ઠીક કીધુ, દાદીબા, તમારી ગઇકાલની ખેદભરેલી કાંહાંણીએ મારા મન પર એવી ગભીર અસર કીધીછ કે હું જાણે તે પાછી સાભળું! મેં ગઈ કાલે આજની મુલાકાતનો ટાઈમ સાંજનો ઠેડવતાં ભૂલ કીધી, નહિ તો મને આજે એટલુ તપવુ નહિ પડતે!"

"એટલુ બધુ શું છે શેઠ? મુજ મીસકીન તરફનો તમારો પ્રગટ પ્રેમભાવ તમારી આ હીલચાલ સ્પષ્ટ દેખાડી આપે છે." દાદીબાએ ઉત્તર વાળ્યો અને પોતાનાં હાથમાંની એક ચોપડી દાવરશેઠનાં હાથમાં મૂકનાં વધાર્યું. "મારી કમનસીબ કાંહાંણી તમોને ફરીથી જાણવા ગમે છે તો તે તૃષ્ણાને મેં તમોને ગઇકાલે પ્રૉમીસ કીધેલો મારી જીંદગીનો મારા હાથનો લખેલો આ હેવાલ તૃપ્ત કરશે."

"તમે લાવ્યા કે? બહુ સારૂં થયું. ત્યારે તો હું એ ચોપડી ધીરજથી વાંચીશ." દારાશાહે તે લખાણ પોતાના કબજામાં લઇ કહ્યું.

"અને આએ સાહેબ પેલાં કાગળો." દાદીબાએ પોતાના ખીસામાંથી

એક એનવેલપ ખેંચી ક્હાડી, એ ચાર જૂદાં જૂદાં કાગળિયાં દાવરશેઠનાં હાથમાં આપતાં કહ્યું.

" કિયાં કાગળો ? "

" ખાનબહાદૂર મંચેરશાહે મારી પર લખેલાં તે ! મારી બેહેનો મને હેદરાબાદ લેવા આવી ત્યારે તેઓ જોડે મોકલેલું તે આએ કાગળ અને આએ કાગળ તેનાં જવાબની નક્કલ છે."

" અને આએ ! " એક બીજું કાગળ બતાવી દાવરશેઠે પુછ્યું.

" એ ફરીથી એવણે મારી પર કાકલુદીથી બીજું કાગળ લખ્યું હતું તેછે, કે જે વાંચી મારૂં દિલ પીગલ્યુ હતું, પણ તેટલાં મારાં મરનાર માવતરે મને સ્વપણામાં મનાઈ—"

" સમજ્યો–સમજ્યો, વધૂ કહેવાની જરૂર નથી "

દારાશાહે તે કાગળો ઝડપથી વાંચી લઇ દાદીબાને પાછાં સ્વાધિન કરતાં વધાર્યું. " તમારા બોલવાની હવે મને પૂરેપૂરી ખાત્રી થઈ છે. ખરેખર, તમે એક ભેદ ભરેલી જીંદગી ગુજરાવનારા પુરૂપ છો, પણ હવે તમારૂં ભવિષ્ય સુધારવાનુ તમારા હાથમાં છે."

" એટલે તે શું શેઠ ? " સઘળાં કાગળિયાં એનવેલપ કરી ગજવામાં મેરવતાં દાદીબાએ અચરતીથી પુછ્યુ

" તમારૂ ભવિષ્ય સુધારવાનુ તમારા હાથમાં છે, એટલે એમ, દાદીબા, કે તમોને હવે પછી ખુદા કરેને કાંઈ તક મળે તો તે તક તમે ચૂકવી નહિં." દારાશાહ શેઠ હળવે હળવે પોતાની " પોઇન્ટ" પર ઉતર્યા. " તમારી જીંદગી એવી છે કે જેને સુધારવાનુ કુદરત કોઈ દહાડે તમારા હાથમાંજ મૂકશે. જો તમારી જગ્યા પર હુ હોઉં, તો એવી તક કદી જતી મેળુ નહિ."

" સાહેબ, મને તેવી કોઈ તક મળે ત્યારે કે ! તેવી તક મળીજ ન હોય તો મેં શું કરવું ! " દાદીબાએ દાવરશેઠની ફુનેહ સમજ્યા વગર ભોળાઈમાં ઉત્તર આપ્યો.

" તે ખરૂં છે પણ તમે તમોને મળેલી એક તક તો ખુલ્લે ખુલ્લી જતી મૂકી એમ તમે તમારે મોહડે કબૂલ કરો છો ! "

" તે કહી તક, સાહેબ ? "

" ખાનબહાદૂર મનચેરશાહે ફરીથી તમોને આશરામાં લેવાની કરેલી માંગણીવાળી તક, કે જેનાં કાગળિયાં હમણાંજ આપણે વાંચ્યાં છે."

" ખરી વાત, પણ તે તક જતી મેળવવાનાં મારી કને મોતેબર કારણો છે, કે જે તમો સાહેબથી હવે અજાણું નથી. મારાં મરનાર માતાનાં મનાઈ ભરેલા સ્વપનાઓ—"

" તે હું સમજ્યો દાદીબા." દાવરશેઠે દાદીબાને પેચમાં લેવા સારૂ બોલતો

અટકાવી વચ્ચે ચલાવ્યું. "તમારાં તે કારણને હું વજુદ આપું છું, પણ એમ તે ક્યાં સુધી ચાલશે? ધારો કે તમોને હવે પછી પણ ખુદા તેવી ભલી તક આપે અને તે તકની વચ્ચે પણ એવુજ એકાદુ કારણ નીકળે તો શું તેથી તમે તે તક જતી મેળશો? એવી તકો કાંઈ વારવાર આવતી નથી. એવા સંજોગ કંઈ ઘડી ઘડી મળતા નથી. તમારે માટે ભવિષ્યમાં એવા કોઇ જોગ હોય એમ પણ માની શકાય નહિ. તે તો વખતને હાથે વાત છે, પણ એમ કાઈ ને કાંઈ કારણ નીકળે તે કારણ જો દૂર નહિ થાય તો તમારા જેવા વિચાર ધરાવનારા જવાનોનું ભવિષ્ય કદી સુધરે નહિ."

"ખરૂ છે, દારાશાહ શેઠ, પણ સમો અને સજોગ બન્ને સાથે હોયા વિના કોઈપણ કાર્ય સધાતું નથી એટલુ તો તમો સાહેબ કબૂલ કરશોની?" દાદીબાએ બાહોશીથી સવાલ મુકયો. "સમો હોય ને સજોગ નહિં હોય, અથવા, સજોગ હોય ને સમો નહિ હોય, તો ધારેલુ કામ કદી સરનજામ ઉતરી શકતુ નથી એમ વિદ્વાનોનુ કહેવું છે. મારાં નસીબમાં બે વાર ખાનબહાદર મચેરશાહનો વારસ થવાની તક આવી, પણ પેહેલી તક જ્યારે સમો અને સંજોગ સાથે લાવી ત્યારે બીજી તકે સમો એકલોજ આવ્યો અને સંજોગ નહિ આવ્યો—યાને મારાં મરહુમ માવતરે મને સ્વપનામા મનાઈ કીધી—તેથી બીજી તક મારા નસીબમાં નહિ આવી. હું એ નિષ્ફળ ગયલી તક માટે જરાએ મુઝાતો નથી, શેઠ, એજ મનચેરશાહ શેઠની પુનાઈથી મેળવેલા હુન્નરની બરકતે આજે હુ તમારૂ નિમ્મક ખાઈને સુખી છું અને મારા તે એકવારનાં પરવરશ કરનારને રાત દીન દુવા ચાહી તેવણની લાંબી જીદગી ઈચ્છુ છુ."

"તમારી વફાદારી તમોને માન ભરેલી છે, પણ તમારા વિચારો સાથે હુ મળતો થતો નથી." દારાશાહ દાવરે હવે પવન જોઇને પીઠ મરડી. આજે તેવણને પોતાની મતલબ લેવાની હતી તેથી દાદીબાના વિચારને મળતા થવાય એમ હતું નહિ! "સમો અને સંજોગ એ બેઉ જોવા બેશિયે તો દુનિયામાં ભૂખા મરીયે. જે માણસ આવેલી તક ચૂકે તેને સમજદાર ગણવાની હું ના પાડું છું. ખાનબહાદર મનચેરશાહવાળી તક તમે એક માયાળુ માવતર તરફના અનંત વ્હાલ અને માનને માટે ચુક્યા એ કબૂલ કીધુ, પણ હવે પછી તમોને એવો કોઈ શુભ સંજોગ નજરે આવે તો દાદીબા, તમે કદી તેનો લાભ લેવાને ચૂકશો નાં એવી મારી તમોને શિખામણ છે."

દાદીબાએ કશો જવાબ દીધો નહિ. તે ભોળો જવાન પોતે જેવી ભોળાઇથી વાત કરતો હતો તેવા ભોળા દારાશાહને સમજવાની ભૂલ કરતો હતો. તે પ્રપંચી શેઠિયો આજે પોતાનું કામ કહાડી લેવા માટે તેની જોડે કેવો ઊંડો પેચ વાપરતો હતો, તેનો તેને ખ્યાલ વટીક નહિ હતો!

પ્રકરણ ૨૧ સું.

કુંવારી જીંદગીનું એક "લાઇબલ!"

"દાદીબા," દાદીબાએ કશો જવાબ નહિ આપ્યાથી દાવરશેઠે પોતાનું બોલવું ચાલુ રાખ્યું "ધારો કે તમોને ખુદાએ ખુબસુરતી અને હુન્નર બખ્ષ્યાં છે, જે ઉપર કોઈ માતબર કુમારિકા મોહિત થાય ને તમારા હાથની માંગણી કરે તો શું તમારો ભેદ પેલી ઇસ્કોત્રીમાંથી બાહેર પડે નાહ ત્યાં સુધી તમે કુમારા રહેવાનું પસંદ કરી આવેલી તક જની મૂકો?"

"મેં એમ કયારે કહ્યું, શેઠ, કે મારી જીંદગીને લગતો ભેદ ખુલ્લો નહિ થાય ત્યાં સુધી હુ નહિ પરણું?" દાદીબાએ પરીન તરફની પોતાની પાક પસદગીની આડે આવનારા આ સવાલ વિષે પેહલી તકે ખુલાશો કરી લેવા ચાહ્યું. "હુ એમ બોલ્યો હોઉ એમ મારી યાદદાસ્ત મને શાહદત આપતી નથી."

દાદીબાએ આ જવાબ જેત કે પરીન તરફની પોતાની ઉમેદનાં ખ્યાલમાં આપ્યો, પણ દાવરશેઠ તો તેને પોતાનાં લાભનો સમજ્યા! "દાદીબા પરણુવા માટે ખુશી છે" એટલુ તેવણુને પોતાના છેલ્લા સવાલના જવાબમાં અજવાળુ મળ્યુ, જે અજવાળાંને તેવણે કાંઇક ઉમેદવતુ ગણ્યું. તેવણુ હશીને બોલ્યા. "હુ સાંભળીને ઘણો ખુશી છુ, દાદીબા, કે પેલી ભેદભરેલી ઇસ્કોત્રીનો ભરમ ખુલ્લો નહિ થાય ત્યા સૂધી તમે નહિ પરણુશો એવી જે ફીકર હુ રાખતો હતો તે ફીકર તમારા ખુલાશાથી દુર થઇ છે. તમારા જેવા એક કેળવાયલા અને સમજુ જવાનને એજ રસ્તો લાયક છે, કે જે તમે લેવા ચાહો છો. સંસારમા વસીને સંસારી નહિ થઇએ તો સંસાર સુખથી બેનસીબ રહીએ. પરણેલો સસાર એક માણુસને નીતિમાં રાખે છે અને જવાન જીંદગીના મનોવિકાર તેથી કાબુમાં રહે છે. જેઓ મોટી ઉમર સૂધી પરણુતાં નથી તેઓને હુ ગેરઇનસાફ તો કરીશ નહિ, પણ મારા વિચારો એવા છે કે મોટી ઉમર સૂધી કુમારાવસ્થામાં રહેવુ એ શુ પુરૂષ કે સ્ત્રીને માટે ભયભિત છે. માણુસની જવાનીનુ જોબન એક એવી મોસમ છે, કે જેમાં નીતિ વિરૂધનો પાક વધારે ઉતરે છે; યાને, જવાનીમાં માણુસથી નીતિ જળવાવી સ્હેલી નથી. ખરૂં છે કે દુનિયામાં વસ્તાં દરેક યુવાનો કાંઇ અનીતિવાન હોતા નથી. પણ જવાનીને જોખમ ભરેલી ગણુવામાં વિદ્વાન પુરૂષોએ જે જે કારણો દર્શાવેલાં છે, તે કારણો ઓછી વજુદ ધરાવનારાં નથી. મારા આમ કહેવાથી દાદીબા, તમે તમારા મનમાં કાંઇ ઓછુ લાવશો નાં. હુ તો સામાન્ય સવાલ પર મારૂ મત આપું છું."

"નહિરે સાહેબ! ઓછું શાનું લાવે? આપ કહો છો તે બરહક છે." દાદીબાએ હશીને નમ્રતાથી જવાબ આપ્યો, કે જ્યારે તેનાં મનમાં તરેહવાર ખ્યાલો ચાલી રહ્યા હતા. ભોળા દાદીબાને એક ઉમેદ એવી પણ આવી કે પરીન સાથે પરણાવી દેવા સારૂ મારો ચોખો તો એવણ ચાપી જોતા નહિ હોય? અરે! ત્યારે તો હું પોતાને ખરોજ ભાગ્યશાળી સમજું! પણ તે દહાડો કયાં છે? જોઇએ હજી આગળ શું આવે છે.

માણુસ ધારે શું અને ખુદા કરે શું' આ કહેવત દાદીબાના બાબમા આ જગ્યા પર કેવી અચૂક ખરી પડે છે!

"મારી તમોને સલાહ છે, દાદીબા, કે તમે હવે કોઇ સારે ઠેકાણે પરણવું."

"હું ગરીબ માણુસ મારી ટુંક ગુંજાસમાં તમારી દુવા અને મેહેરબાંનીથી સુખી છું, સાહેબ, જો કે હું નહિ પરણીશ એમ હુજત લેતો નથી, પણ મે મારી હાલતનો પણ વિચાર કરવાનો છે."

"અરે આજે આપણા પારસીઓમા કદી દિકરીઓ દલ્લો લીધા વગર આવેછ તે કહોની? 'દિકરી ને દલ્લો, એ ગોયાં આજનાં પારસી જવાનોના મુદ્રાલેખ છે!" દાવર શેઠે હશી હશીને વાત ચલાવી અને દાદીબાને હવે રાજી રાખીને "હા" બોલાવવા માટે "શીશામાં ઉતારવાની વિદ્યા ભણવી શુરૂ કીધી!

"તમે તો જાતે ખુબસુરત છો એટલે તમારી પર છોકરીઓની તુટાતૂટ પડવાની! આજે ગોરી ચામડીનાં ભાવ કેવા મોઘા અંકાય છે તે તમે કયાં નથી જાણતા!"

દાદીબા શરમાઇ ગયો!

"તમે ગમે એવા ગરીબ હશો પણ તમે બૈરી વગર રખડી રહેવાનાં નથી એ યાદ રાખજો દાદીબા!" દાવરશેઠે દાદીબાને હસાવી હસાવીને કામ લેવા માંડયુ. બહાદૂરશાહની આઇમાય જેવી—"

"સાહેબ, વળી પાછી તમે આ વાત કહાડી?" દાદીબાએ વાંધા લીધા.

"નહિ કાય? મારી પરીનની શાલગીરેહને દહાડે તો તમે બન્ને જણાં હશી હશીને વાતો કરતાં હતા ને વળી આજે નાકે જીભ કેવી લગાડવાની, દાદીબા!"

"સાહેબ! સાહેબ! તમે મારી મશકેરી કરોછ!" તે અસીલ જવાનને દાવરશેઠનાં આ રમુજી ટીકા પસંદ ન પડયાથી તેણે તે વિષે વાંધો લેતાં કહ્યું. "હું આઇમાયને મારી એક બેહેન જેવી ગણું છું."

"અલબતાં, આજે તે તમારી બેહેન જેવી છે, પણ વખત જતાં તમોને તેને બૈરી તરીકે ગણવી પડશે!" અને દારાશાહ શેઠ ખડખડ હસી પડયા. "હુ તમારી મશકેરી નથી કરતો હો દાદીબા, પણ—"

"પણુ શું ?"

"પણુ ને બણુ! હુ ધારૂં છું ત્યાં સુધી આઇ તમારી ખૂબસુરતી પર ખેંચાઈ છે અને જે વખત જાય છે તેમાં--"

"સાહેબ! સાહેબ! તમે આજે મારી ઠેકડી કરવાજ મને બોલાવેલો લાગે છે!"

"નહિ! ઠેકડી શા સારૂ? ખરી વાત ખુલ્લી કહેવામાં મેં ડરવું શા માટે જોઇએ! પણુ વારૂ, દાદીબા, ધારો કે આઇમાય તમોને પસદ કરે અને તમારા હાથની ઉમેદવાર થાય તો તમે તેની માંગણીનો અસ્વિકારતો નહિજ કરો કેની?"

"એ કેવો અસભવિત સવાલ તમે કરો છો, શેઠ!" દાદીબા કચવાઇને બોલ્યો તે એમજ સમજ્યો કે આજે શેઠ મારી મશકેરી કરી મારો ચોખો ચાંપી જોય છે. 'આઇમાય જેવી એક માતબર ખાનદાની કુમારિકા મારા જેવા એક છકે ખુણે પડેલા જવાન માટે ઉમેદવારી તો નહિંજ, પણ ખ્યાલ માત્ર કરે, એમ માનવાને હુ મજબુતીથી નાં પાડુ છુ. બડેખાં મંડળોમાં ફરનારી એ ભાગ્યશાળી છોકરી પર કોણુ જાણે કોણુની નજર હશે અને તેવાઓની હરીફાઇમાં મારા જેવા નાદાને ઝોંકાવવાનો ખ્યાલ કરવો એ સરતાપા મુર્ખાઇ છે. મેં એવા વિચારોને મારાં મગજમાં આજ સુધી જગ્યા આપી નથી અને કદી આપીશ પણુ નહિ."

"તેનુ કારણુ?"

"કારણુ અનેક છે."

"દાદીબા, તમારી ભૂલ છે." દારાશાહે દાદીબાને મજબુતીથી પોતાના વિચારો જાહેર કરતો જોઈ પોતે કાંઇક ના ઉમેદ થતાં પટાવીને કહ્યુ. "તમારૂં કહેવું ખરૂં છે કે આઇમાયની અત્રાફમાં કાંઇક જવાનો ભમતા હશે, પણુ તેથી એમ નથી ઠરતું કે તે તેઓનેજ પોતાની પસદગી આપી દેશે. જ્યાં દિલ દોડે ત્યાંજ આજની છોકરીઓ પસંદગી આપે છે એમ હું મારા અદના અનુભવ પરથી જાણું છું. વાસ્તે તમે શું એમ ધારો છો કે બહાદુર શાહની આઇમાય તમારી પર ફીદા થાય એ વાત બનવા જોગ નથી?"

"હું એમ ધારૂં છું."

"ભૂલ છે–તમારી મોટી ભૂલ છે. પણુ એ સવાલ બાજુ મુકો. તમોને તેણી ચાહે કે નહિ ચાહે એ બાબદને કોરે રાખી એમ સમજો કે એ છોકરી તમારાં હાથની માંગણી એકબારગી તમો પર કોઈ પણુ સંજોગે મોકલે તો, તમે તેણીને નાં પાડો કે હા?"

"ના"

દાવરશેઠનો ચેહેરો ફિક્કો પડી ગયો!

"ના ! એ શું બોલોછ, દાદીબા ! તમે તમારી પુરતી શુદ્ધિમા છો ક ?"

"હું પુરતી શુધ્ધિમાં છુ, સાહેબ !" દાદીબાએ મજબુતીથી ઉત્તર વાળ્યો.

"બહાદુરશાહવાળાંઓની દોલતનો તમે કાંઈ ખ્યાલ કરોછ કે, દાદીબા ?"

"દોલતને શું આગ લગાડવાની છે શેઠ, જ્યા દિલ નહિ ત્યાં દોલત શા કામની ?

"તમારા વિચારો વિલક્ષણ છે ! કોઈ જેવું હોય તો એ દોલત માટે પોતાની જીંદગીનો ભાગ આપવા પણ તૈયાર થાય !" દારાશાહે દાદીબાને દોલત પર લલચાવા સારૂ ઉશ્કેરણી શુરૂ કીધી મરહુમ અરદેસર બહાદુરશાહની દોલતનો તમોને કઇ ખ્યાલ છે કે દાદીબા ? એમની વાડીઓ, વગીચાઓ, બગલાઓ, બગીચાઓ, માલ મીલકતો અને જાગીરોનો અરધો ભાગ—બી મુબઇનાં કોઈ શેઠિયા પાસ છે કે તે તો મને બતાવો ? આપણે દટાઈ જઇએ એટલી દોલત અને જર ઝવાહેરની રેલછેલમાં એ ભાગ્યશાળી ખાનદાન જે જાહોજલાલી અને દોરદમામ ભોગવે છે તેનો રૂપીયાના અરધા આના જેટલો તમોને ખ્યાલ નથી એમ મને લાગેછ. હું એ જરદાર અને કુળવાન કુટુબના સબંધમાં એ લોકો મુબઇ આવી વસ્યા પછી એટલો આવ્યો છુ કે મને તેઓની ચલતીનો જેવો ખ્યાલ છે તેવો કોઇનેજ હશે દાદીબા, ગઈ કાલથી હુ તમારી સાથે આઇમાય વિષે ભરમમાં ને ભરમમા બોલતો આવ્યો છુ, પણ હવે હું વધારે વાર તમારાથી ખરી બીના છુપાવવા ચાહતો નથી. જે છે તે ખુલ્લુ અને ખરેખરૂં કહી દેવાની હુ હવે જરૂર જાંઉ છુ. ખાત્રી રાખજો કે હું તમારી મશકેરી કરતો નથી, પણ આએ સદરા—કુસ્તી પર હાથ મુકી મનશની—ગવશની —કુનશનીના પાક કલામ મોહડા પર લઇને કહુછ કે બહાદુરશાહની આઇમાયની પસદગી તમારી ઉપર ઉતરીછ અને શેઠાણી રતનબાઇએ એ કારજ ગોઠવી આપવા સારૂ મારી મદદ ચાહી મને એ કામ સોંપ્યુછ. તમે પોતાને ખરા ભાગ્યશાળી ગણજો કે એ બહાદુરશાહવાળાંઓ ચાલી—ચલાવીને તમારે ત્યાં એવી માંગણી મોકલેછ, કે જેવી ભલા ધનેતરને ત્યાં મોકલે નહિ. આઇમાયનુ દિલ પરીનની શાલગીરેહને દહાડે તમોને જોઇ તમારી તરફ ખેચાયું છે અને તેણીએ પોતાની માતા આગળ ખુલ્લે ખુલ્લો ખુલાશો કરી દીધો છે કે તમો સિવાય બીજા કોઈ સાથ તેણી પરણવાની નથી !"

દાવરશેઠનો આ ખુલાસો સાંભળી દાદીબા તો દગ થઈ ગયો ! "મનશની—ગવશની અને કુનશની" થી સોગંદ ખાઈ કરેલો આ એકરાર દાદીબા કેમ નહિ માને? શુ જવાબ દેવો અને આ નવી વિટંબણામાંથી કેમ છટકવું તેનાં ભયભિત ખ્યાલોમાં તેનું નિર્દોષ અંતઃકરણ અસાધારણ ઝડપથી ધપકવા લાગ્યું !

પ્રકરણ ૨૨ મું.

વફાદાર આશકો કેવા હોય?

"બહાદુરશાહની આઇમાય મારી પર ફીદા થાય!" દાદીબા અચંબો પામી મનમાં વિચાર કરવા લાગ્યો. "મારા જેવા એક મિસકીન માણસ પર એ માતબર કુળવાન કુમારિકાની પાક પસંદગી ઉતરે! હોય! બનવાજોગ છે! દુનિયાં કોઈ ચીજથી વાંઝણી નથી! પણ એ વાત બનેજ કેમ! મારૂં જીગર તો એક જૂદીજ મહાબુબે જીતેલું છે! શું હું મારી પરીનને બેવફા થાઉં! કદી નહિ! મરતાં એમ બનવાનુ નથી! આઇમાય જેવી એકસો કુમારિકાની મારી પર પસંદગી ઉતરે તો શું થયુ, પણ પાક વચનથી, સાચ્ચા કોલથી એક જીવને જનમનો સ્વિકારી લીધા પછી હું તેને કદી બેવફા નીવડીશ નહિ! ભલે મારી પરીન એક પૈ વિનાની હોય, પણ તે અને તેજ મને કબુલ છે. બહાદુરશાહની આઇમાય પાસે દુનિયાંની દોલત હશે પણ મારે મનથી તે કોડીને મૂળની છે!" અને આ જુસ્સાની તાજી ઝેણમાંજ તેણે દારાશાહ શેઠને તેવણે વિચાર કરવાની આપેલી તકના ધારેલા વખત કરતાં ઝટ ને પટ જવાબ વાળ્યો કે-"શેઠ, હું ઘણો દિલગીર છું કે બહાદુરશાહવાળાંઓની ખાહેશ મુજબ મારાથી બની શકશે નહિ."

"એટલે? કાંય નહિ?" દારાશાહ શેઠ અરધી અચરતી અને અરધા ચીચવાટ સાથ બોલ્યા.

"તેના ખાસ સબબો છે."

"તમારી હાલત પર મને દયા આવેછ, દાદીબા, કે લક્ષ્મી ચાંદલો કરવા આવી ત્યારે તમે મોહડુ ધોવાની વાટ જુવો છો!" દારાશાહશેઠ ઈઝી ચેરપરથી એકદમ ચીરડાઈને ધકડી ઉઠયા અને ઓરડામા એક નાકેથી બીજા નાકાં તરફ ગઈ રાતની માફક પોતાના બન્ને હાથ કંમરની પાછળ જોડી ફેરા આંટી ખાતાં બોલ્યા. "કહેવત છે કે 'વિનાશ કાળે વિપરિત બુદ્ધિ,' તેમ તમારાં માથાં પર સારા ગ્રહ જોર નહિ કરતા હશે તેથી તમોને એવી સમજણ સુઝે છે! જે જવાબની વકી હું એક મુર્ખ માણસથી નહિ રાખું, તે તમારા જેવા શિખેલા, કેળવાયલા અને સમજુ જવાનથી કેમ રાખું, દાદીબા? હું ધારૂં છું કે તમે તમારી શુદ્ધિમાં નથી!"

"હું પુરતી શુદ્ધિમાં છું, સાહેબ, હું પુરતી શુદ્ધિમા છું. મેં જે જવાબ આપ્યો છે તે વજૂદ વગર આપ્યો નથી."

"વજૂદ શાની? ધૂળની! જો તમે વજૂદવાળુજ બોલતા હોય તો મને તે રૂચે નહિ? દાદીબા, હજીબી વિચાર કરો. હું તમોને ૧૦ મિનિટની તક આપુંછ." અને તેવણ પોતાનું ઘડિયાલ જોતા ઓરડો છોડી ગયા!

"ઓ ખુદા ! ઓ પાક પરવરદેગાર ! મારી પર એ શી આફ્ત !" દાદીબાએ પોતાને એકલો પડેલો જોઇ કપાળ પર હાથ ઠોકી અફ્સોસ કીધો "હજી તો એક મુઝવણમાંથી હું મુક્ત થયો નથી, તેટલાં આ બીજી ક્યાંથી ઉભી થઇ ! આજે મારી હાલત કેવી 'સુડી વચ્ચે સોપારી' જેવી થઇ પડી છ ! આઇમાયનો હાથ કબુલ રાખીને પરીનનાં પ્યારને શું હું ભૂલી જાઉ ? પ્યારને જોઉં કે પૈસાને જોઉં ? અરે ! મારા જેવી હાલત તો ખરેખર કોઇ-ની થઇ નહિં હોય ! અફ્સોસ ! હું કેવો કમભાગ્ય છું ! આઇમાય જેવી દોલતવાન કુમારિકા મારા હાથની ઉમેદવાર થઇ, તેથી હું મને નશીબવાન નહિં પણ સામો કમનસીબ સમજાંછું કે પરીન જોડેનાં મારા પાક પ્યારમાં એક નવી નડ નીકળી છે ! પેલી લુચ્ચી લુસીનો એક બીજો ડર અમોને હતો, તેમાં આ મોટે ઘેરની નવી હરીફાઈ પૂરી વધી છે. ખુદાને ખબર કે એનો અંત શુ આવશે ! અફ્સોસ ! અફ્સોસ ! સદ હજાર અફ્સોસ ! પરીન ! પ્યારી પરીના કોણ જાણે તુંને આ વાતની ખબર છે કે નહિ ? જ્યાં છે ત્યાં તું અજાણી હોવી જોઇએ ! દરવાજા આગળ માણસને ઉભું રાખી મને પરીન આગળ પેહેલાં નહિં જવા દેવાનું કારણ શું, તે હવે હું સમજ્યો ! પરીન ! તારી ગઈ કાલની આગાહી મેં કાંઇક હશી કાહડી હતી, પણ આજે તે હું ખરી પડેલી જોઉંછ ! હજી મારી ઉપર દારાશાહ શેઠની પુરી ખફ્ગી ઉતરેલી જણાતી નથી, પણ આઇમાય બહાદૂરશાહ જોડે પરણવાને હું ખુલ્લું ના કહીશ કે તુરત તેવણની મારાપર ઇતરાજી ઉતરવાની ! પરીન કોઇ દહાડે મારે હાથ આવે નહિં એમ એવણના આજકાલનાં રંગ પરથી હુ પામી ગયોછ ! મને આઇમાય સાથ જોડી આપે તો જેહાંગીર બહાદૂરશાહ જોડે પરીનને ગોઠવવાની બારી મળે એવો હેતુ દારાશાહ શેઠ ધરાવેછ એમ હવે મને સમજાવવું પડશે. નહિં ! નસીબ ! નસીબ ! મારૂં નસીબ પોતેજ પાધરૂં હોત તો આજે હુ એમ બારણે બારણે શા સારૂ રખડત ? મારી. સમજત પોતેજ જોરાવર હોત તો મારાં સગાં મા-બાપ કોણ છે તેઓથી હું આટલી મોટી ઉંમર સુધી શા માટે અંધારામાં રહ્યો હોત ? મારૂં તકદીર પોતેજ બળવાન હોત તો મારાં ધરમ-માતાનો મા-યાળુ છાંયો મારે માથેથી શું કામ ઉઠી જાત ? મરજી માલેકની ! હોકમ કિ-રતારનો ! તે ગેબી સાહેબ મને જે હાલતમાં રાખશે તે હાલતમાં રહેવાને હું સંતોષી રહીશ. એકવાર પાક પસંદગીથી પરીનને કોલ આપ્યા પછી આઇમાયની દોલત પર નીચ નજર કરી બેવફા થઇ બદલી જાઉં તે કરતાં હું મારૂં મોત વધારે સુખથી અને ખુશીથી માંગી લઇશ ! પરીન ! પરીન ! મારી મરતી ઘડી સુધી હું તને બેવફા થવાનો નથી ! મારો બાપ એક, તેમ મારો બોલ પણ એક ! પરીન તરફનાં પ્યારને માટે દારાશાહ શેઠની મારા પર ઇતરાજી ઉતરે તો તે ઇતરાજી હું ખુશીથી ખેંચી લઇશ. જેહાંગીર બહાદુરશાહ સાથે પરીનને પર-

ણાવી પોતે બહાદુરશાહવાળાંઓનાં વહેવાઇનું માન પામવાની દારાશાહ શેઠને જે ઉમેદ છે, તે ઉમેદપર આ સઘળો પાયો રચાયલો છે તે હું સમજી ગયો છું. પરીન મને કેવા અખંડ પ્યારથી ચાહે છે તે જ્યારે એવણ જાણશે ત્યારે શું નહિ કરશે? મને પોતાની સીહડીથી ઉતારી એ નિર્દોષ છોકરી પર જેહાંગીર બહાદૂરશાહ સાથે ફરજીયાત પરણવાની ફરજ તો નહિ પાડે? પણ પરીન શું એવણને મચક આપશે? પરીનની પસંદગી મારા પર ઉતરેલી છે, પરીનનો પ્યાર મારી સાથે બંધાયલો છે, તો પરીન જેહાંગીરને કેમ કબૂલ કરશે? જેટલો હું મારી વફાદારીમાં ચુસ્ત છું, તેટલી પરીન પણ પોતાનાં વચનને વફાદાર છે. એ મીઠી મહાપુબ મને કદી બેવફા થવાની નથી. મારો પ્યાર તજીને જેહાંગીરને ચાહવા માટે તેનું દિલ કદી લલચાવાનુ નથી. મારી ને પરીન વચ્ચે પ્યાર વસેલો છે એ વાતથી દાવર શેઠ માહીતગાર હોય કે નહિ હોય. પણ એવણનો સુખન માથે નહિ ચહડાવ્યાથી કદાચ મને મારી નોકરીનેબી છેલ્લી સલામ કરવી પડે' કાંઈ ફિકર નહિ; પરીન તરફનાં મારાં સાચાં વ્હાલને માટે એ ખોટ બી હું ખમી લઇશ. મારે માથે મારો પાક પરવરદેગાર છે. સાચ્ચા પ્યારથી એકમેક તરફ દોરવાયા સિવાય બીજુ કોઇ પગલુ મે ભર્યું નથી, કે જેથી મને ડરવાનું હોય. પાક પસંદગીથી જોડાતાં જીગરો જે નિષ્કલંક અને નિર્દોષ મધુર લાગણી ધરાવે છે, તેજ લાગણી અમારાં જીગરમાં વહે છે. ગમે તે થાય, પણ પરીનનું પ્રીય નામ હું કદી ભૂલીશ નહિ અને તેના સાચા પ્યારને મારા છેલ્લા પ્રાણ સુધી વળગી રહીશ."

આટલું બોલી દાદીબા હાથની કોણી ખુરસી પર ટેકવી વિચારમાં માથું નીચે નાખી ગમગીન ચેહરે મુગો બેશી રહ્યો અને દાવરશેઠની દસ મિનિટ ક્યારે પૂરી થાય તેની રાહ જોવા લાગ્યો.

પ્રકરણ ૨૩ મું.

માણસને મતલબ કેટલી પ્યારી છે?

બરાબર દસ મીનીટ પૂરી થતાંજ દારાશાહ શેઠ ઓરડામાં આવ્યા. દાદીબા તેવણના ચેહરાપરથી પામી ગયો કે તેમનું મન ઉશ્કેરાયલું હતું.

"કેમ દાદીબા, શું વિચાર?" તેવણે લગાર નરમાસથી પુછ્યું. "હું ધારૂં છું કે મેં તમોને વિચાર કરવા સારૂ આપેલી ૧૦ મીનીટ તમારા જેવા સમજુ જવાન માટે ઘણી છે."

"સાહેબ, મારી જીંદગીમાં આજના દિવશને હું ખરેખર કમનસીબ લેખુંછું." દાદીબાએ નમ્રપણે પણ ગંભીરાઇથી જવાબ આપ્યો. આ શબ્દો

ઓચરતી વખતે દાદીબાના ચેહરાપર પ્રગટ થયલો દિલગીરીનો ઊંડો છાપ દારા-શાહ શેઠે જોઇ લીધો. તેવણ મનમાં બબડયાં કે "એ પાણીએ કાંઇ વાલ ચડે નહિ !"

"આજના દિવશને કમનસીબ લેખવાનું કંઈ કારણ, દાદીબા ?" દાવરશેઠે તુરતજ સવાલ કીધો. આ સવાલ કરતી વેળા તેવણનુ હૈડુ અંદરખાનેથી તમામ ઉશ્કેરાઇ રહેલું હતું, પણ દાદીબાને મનાવી લેવા માટે હજી થોડીક બારીઓ બાકી હોવાથી મુશ્કેલીથી તેવણે પોતાનો ચેહરો હસ્તો રાખ્યો હતો. દાદીબા સારી પેઠે જાણતો હતો કે જે વખત જાય છે તેમાં પોતાપર પ્રરતીકંપ તો થવાનોજ !

"આજના દિવશને કમનસીબ લેખવાનુ કંઇ કારણ દાદીબા ?" દાદીબાએ એક વખતનાં સવાલનો જવાબ નહિ દીધો, ત્યારે દારાશાહ શેઠ પાછો તેજ સવાલ કીધો. પણ દાદીબા હવે ચીગડાયો.

"મને સમજ નથી પડતી, સાહેબ, કે આપ મેહેરબાન ગઇ કાલથી શી મકસદથી મારી ને મારીજ પુઠ પકડી રહ્યા છો ?"

"વળી મકસદ શી હોય ?" દાવરશેઠને જરા ખશિયાણું લાગ્યા છતાં ફેરવી તોલીને જવાબ આપ્યો. "દાદીબા, તમે મને જરા શાન્ત મનથી સાંભળશો એમ હુ આશા રાખુંછુ. જે વાતમા તમારૂ ભલુ થાય તે મારી મકસદ ' મારી મકસદ બીજી શી હોય ? ખુદાના ઘર સુધી ખાત્રી રાખજો, મારા જવાન દોસ્ત, કે હુ તમારૂ કદી ભૂંડુ ચાહીશ નહિ."

માણસને પોતાની મતલબ કેટલી પ્યારી છે ' મતલબ કહાડી લેવાને માટે ઇનસાન જે લુચ્ચાઇ રમે છે, તેજ દેખાડી આપે છે કે દુનિયામા આપસ્વાર્થ સૌને વ્હાલો હોય છે. પોતાનો સ્વાર્થ સાધવા પારકાનાં સુખનુ ગમે એવું સત્યાનાશ વળે તેની દરકાર નહિ કરનારાં નિર્લજ્જ નર–નારીઓથી જગત વાંઝણી નથી. એવાં બેવફા બદમાશોપર ખુદાનો કહેર વરસજો !

દારાશાહ દાવર દાદીબાને ઉપર કહે છે કે "હું તમારૂં કદી ભૂંડુ ચાહીશ નહિં." એજ શબ્દો દુનિયામાં કેટલાં નર–નારીઓ દરરોજ વાપરતાં હશે ? તે વાપરીને તે મુજબ સાચાં અતઃકરણથી ચાલનારાં કેટલાં વિરલાં હશે ?

દારાશાહ શેઠને પોતાની મતલબ કહાડી લેવાની હતી તેથી દાદીબાને મીઠું મીઠું પીરસવા માંડયું હતું, પણ એ સિફતથી દાદીબા અંજાણો નહિ હતો ! "હું એમ કરીશ ને હું તેમ કરીશ" એમ જેઓ ઘણું બોલે છે તેઓ ઘણુંજ થોડું બજાવે છે. દારાશાહ શેઠ જેવો કુળાભિમાની શેઠિયો, જે દાદીબા જોડે કારણ વિના એક શબ્દ વટીક બોલતો ન હતો, તે ધણી, આજે મતલબ કહાડી લેવા માટે તેને "મારા જવાન દોસ્ત" ની ઉપમાં આપેછે!

પણ દાદીબા કાંઇ બચ્ચું છે ? દારાશાહ જેવા પ્રપંચી પુરૂષોને જેમ

પ્રપચ વ્હાલો હોય છે, તેમ દાદીબા જેવા સદ્‌ગુણી જવાનોને વચન વ્હાલું હોય છે. દાદીબા ચેતી ગયો કે આ સઘળી સિફત તેને સીસામાં ઉતારવા માટે રચાય છે, પણ પોતાનો જોડો કયાં ડંખે છે તે વિષે તે અશરાફ જવાન બરાબર સાહુચેત હતો'

"બેશક તમારી મકસદ મારા ભલાંની હશે, સાહેબ, હું તે નાં પાડતો નથી, પણ મારા સબંધમાં આ બીના બનવી મુશ્કેલ છે. બહાદુરશાહનાં રતનબાઇને મારી ના મરજી જણાવશો તો એ અમીરી બાનુ પોતાની બેટીનુ કારજ કોઇ બીજે લાયક ઠેકાણે શોધી લેશે."

"દાદીબા—દાદીબા! એ શુ બોલોછ?"

"હું એ માગણી માનસહિત ના પાડુંછું."

"પણ એમ કરવાનો કાંઇ સબબ?"

"એ સબબ ખાનગી છે અને તે હાલ હુ જાહેરમાં લાવવા ઇચ્છતો નથી"

"મારા સાહેબ, તમે તો કોઇ ખરેખરા મુરખા છો." દારાશાહ શેઠ ચીરડાઇ ગયા. "આવતો લાભ જતો મેળવો એ પેહલા નંબરની મુરખાઈ કહેવાય શુ બહાદુરશાહવાળાંઓને તમે હલકાં ખાનદાનનાં સમજો છો?"

"કદી નહિ."

"નું આઇમાય ઓછી ખુબસુરત છે?"

"મેં એમ કયાં કહ્યું છે, સાહેબ, કે આઇમાય ખુબસુરત નથી?"

"ત્યારે તમારો ના પાડવાનો સબબ શુ?" દારાશાહ બજીદ થયા.

"હુ દિલગીર છું કે હાલ તમોને તે જણાવી શકીશ નહિ."

"કાંઇ ખાનગી છે?"

"હા."

"તમારી ખાનગી બીનાઓ તમે ખુલ્લાં દિલથી મારી કને ખુલ્લી કીધી છે, તો આ એકજ બીના મારાથી છુપાવવાનાં ખાસ સબબો હશે." દારાશાહે દાદીબાને પેચમાં લીધા. તેવણે વિચાર્યું કે, "જોઇએ, હવે દાદીબા શુ જવાબ દે છે અને પોતાનો પ્યાર પરીન જોડે બંધાયલો છે તે એ જાહેર કરે છે કે નહિ."

પણ દાદીબા પોતે પોતાને મોઢે એ ભેદ આપે એટલો કાચો ન હતો.

"તમો સાહેબે મારી લાગણીઓનો ખ્યાલ કરવો ઘટે છે, દારાશાહ શેઠ.!" દાદીબાએ હિમ્મતથી કહ્યું. "કેટલીક કહી શકાય એવી હકીકતો મેં આપ સાહેબને કહી હોય, તો તેથી એમ નથી ઠરતું કે મારા અંગીત ખાનગી ભેદો પણ બેધડક તમોને કહી દેવા. એક ગ્રહસ્થ તરીકે તે જાણવા માટે મારી ઉપર તમે દબાણુ ચલાવવું ઘટે નહિ."

દાદીબાના છેલ્લા શબ્દો દારાશાહ શેઠને કારેલાં જેવા કડવા લાગ્યા, પણ સહન કરી જવા સિવાય તેવણને માટે તે પ્રસગે બીજો કશો રસ્તો હતો નહિ.

"દાદીબા, દાદીબા, તમારાં ખીલતાં ભવિષ્યને તમે કેવું કરમાવી નાખો છો તેનો તમને શોક શું નથી થતો? અફસોસ! કોઈ પણ ડાહ્યો જવાન એમ કરે નહિ."

"મને ડાહ્યો ગણો કે મુર્ખ ગણો, સાહેબ, પણ જેમ તમારા વિચારો તમોને મુબારક છે, તેમ મારા મને રહેવા જોઇએ. ખરી વાત છે કે હું આ માંગણી ના પાડવામાં એક મોટાં સુખને ઠોકરે મારૂં છુ, પણ મારી છાતીમાં સમાયલાં સુખ આગળ એવાં સેંકડો સુખને હુ બિશાદ વગરનાં ગણુંછુ."

"ત્યારે એમ કહોની કે તમે કોઈ બીજીજ તરફ નજર ધરાવો છો, પણ તપાસજો, એવું નહિ બને કે તમોને હવામાં કિલ્લા બંધાવી તેણી બીજા કોઈ સાથ જોડાઇ જાય'" દારાશાહ શેઠે દાદીબાને ભરમમાં તાણો માર્યો અને તે તાણાથી દાદીબાનાં મોઢાં પર કેવા ફેરફાર થાય છે તે જોવા માટે ભવાં ચઢાવી પોતાનાં સોનેરી ચસ્માંમાંથી તે જવાનનો ચેહેરો ટીકયો, "આપણું ધારેલું કદી બનતું નથી, દાદીબા, જે કાંઈ ખુદાનો હોકમ હોય તેજ બને છે વાસ્તે, પેટમાંની આશામાં કેડ પરનું અફાળવું નહિં જોઇએ. હજીબી વિચાર કરો!"

"મેં પુરતો વિચાર કીધો છે, સાહેબ, અને તેવા લાંબા વિચાર પછી જ આ નક્કી છેવટ પર હું આવ્યો છું." દાદીબાએ પોતાનું મક્કમપણું મજબુતીથી દાવર શેઠનાં મગજપર ઠસાવ્યું, "ખરી વાત છે કે આપણું ધારેલું કાંઈ બનતું નથી. તે ગેબી માલેકનો જેવો હોકમ હોય તેજ બને છે, પણ કહેવત છે કે 'એક દમ ને હઝાર ઉમેદ' તેમ ઇનસાન ઉમેદનું ભરેલું છે. દરેક ચીજ નથી બનવાની એમ માની લઇએ તો ખુદા પર વિશ્વાસ રખાયજ નહિં."

"દાદીબા, મારા જવાન દોસ્ત!" દારાશાહ શેઠે ફરી એકવાર દાદીબાને સમજાવવા માંડયો. તેવણ તેની પાસે ગયા અને તેની દહાડીમાં હાથ નાખી જાણે બચ્ચાંને પટાવતા હોય તેમ પટાવવા પડયા. "બહાદુરશાહનાં રતનબાઇ સાથે મને ઘણુંજ સારૂં છે. કોઇ દહાડે નહિં ને હમણાં મને એવણે આ નજીવું કામ સોંપ્યું છે અને તે જો નહિં બનશે તો મને ઘણું ખરાબ લાગશે, તેમજ તેવણ પાસ મારો વક્કર ઓછો થઇ જશે. ગમે તે હોય, પણ દાદીબા, આએ વખત મારો સખુન રાખો ને આઇમાયનો હાથ કબૂલ કરો! કોઇ તરફનાં જુઓ, પણ મારી તરફ જુઓ! હું તમારૂં અંતઃકરણથી ભલું ચાહુંછું, માટેજ આટલો બજીદ થઇને ભલાંમણ કરૂં છું. તમારી જીંદગી ખરેખરી સુખી કરવી હોય અને તમે રાજવંશી ભાગ્ય લઇને જનમ્યા હોય તો તમોએ આઇમાય સાથ પરણવું. જીંદગીનાં છેડા સુધી તમે કોઇ ચીજથી મોહતાજ રહેશો નહિં. શેઠાણી રતનબાઇ આઇમાયને નજર આગળથી ખસેડનાર નથી અને જે ભાગ્યશાળી જવાન તેનો હાથ કબૂલ રાખશે, તેને તેવણ ઘર-જમાઇ કરી પોતાનાં જેહાંગીર કાસ્ટલ માં પોતાની સાથે રાખશે. એવા અમર સુખને તરછોડયું એ પેહલા નંબરની મુર્ખાઈ કરતાં પણ આ બે મુર્ખાઈ છે. હું ફરી ફરીથી કહું છું, દાદીબા, કે તમે મારી આ ભોળી આજીજી જો

ચિત્ર ૧૦ મું.



[બ્લૉક—જી૦ ન૦ ખરેઘાટ

" ગમે તે હોય, પણ દાદીબા, આએ વખતે મારો સખુન રાખો '—ને આઈમાયનો હાથ કબુલ કરો ! કોઈ તરફ ના જુઓ, પણ મારી તરફ જુઓ !"

[સફે ૧૦૪.]

નહિ માનશો તો ભવિષ્યમાં બહુ પસ્તાશો, તમે જે બીજી છોકરી માટે ધારણા રાખતા હશો તે ધારણામાં કદાચ ઠગાશો અને તેમજ બનશે તો આ સોનેરી તક મુર્ખાઇ વાપડી જતી મેળવા માટે તમોને તમારાં નાદાનિયતપણાંનોજ ઉપકાર માની લેવો પડશે. હજીબી સમજો ! હજીબી ચેતો ! હજી મોડું થયું નથી ! તમે કહેતા હોય તો એકનાં ચાર દહાડા તમોને વિચાર કરવાની તક આપવાને હું ખુશી છું, પણ તમે બહાદુરશાહવાળાંઓને નારાજ નાં કરો ! એ નારાજીપણું તમારાં દરેક બીજાં સુખોમાં તમોને નડશે અને તમે કદી સુખી થશો નહિં. હું આ જે શબ્દો બોલું છું તે જો નહિં માનસો તો પાછળથી પસ્તાવા સાથ તમોને યાદ કરવા પડશે. તમે ગમે તેને તમારી ભવિષ્યની મોહોરદાર ધારી હશે, પણ તે મોહોરદાર બહાદુરશાહની આઇમાય જેવી દરજ્જાદાર કે દોલતવાંન તો નહિજ હશે. જે છોકરીને સારૂ આજે જાણીતાં ખાનદાનોનાં જુવાનિયાઓ તરેહવાર ફાંફાં મારે છે, તે છોકરી મોંઢે ચઢીને તમારી માંગણી કરે છે તેનો કશો વિચાર કરતા નથી ? મને અફસોસ એજ થાય છે કે તમા ભવિષ્ય ખીલવવાની તમોને કોડીભાર કાળજી નથી. દાદીબા, હું તમારો દુસ્મન નથી. હું તમોને ખોટી સલાહ કદી આપીશ નહિં. મને શી પડી કે તમારા આટલા બધા કાલાવાલા કરવા, પણ મને તમારી તરફ લાગણી છે અને એક ભાગ્યશાળી રસ્તો જે તમોને સુજતો નથી તે તમારી પાસે લેવડાવવાની મારી પ્રમાણિક ખાહેશ છે. જો એ રસ્તો લેશો તો તમોને કોઇની તાબેદારીમાં રહેવું પડશે નહિં. તમો જેવા એક હુનરમંદ જવાનની મને ખોટ ખમવી પડશે, પણ તમારૂ જે વાતમાં વધારે ભલુ થતું હોય તે વાત તરફ હું પેહલાં જોઇશ. કોઇને માટે નહિં તો મારેજ માટે—મારા વ્હાલા દાદીબા—તમે આટલો મારો સખુંન કબૂલ કરી આએજ એટકે મને ખુશાલી ભરેલો જવાબ કહીને ઉઠો. યાદ રાખજો, કે મારા સખુંનને માન મળવાથી જેટલો હું ખુશી થઇશ તેથી દશ ઘણો દુઃખી હું મને અપમાન મળવાથી થઇશ અને તેથી તમોને તમારી રોજીનાં બાબમાં ખમવું પડશે."

દારાશાહ શેઠનું આ લંબાણુ "લેકચર" દાદીબાએ સખ્ત અણગમા સાથ સાંભળ્યું. તેણે જોઇ લીધું કે જે વખત જાય છે તેમાં દારાશાહ બાણી પર આવે છે. તે નીચી નજર રાખી એક પણ હરફ બોલ્યા વિના ચૂપ બેશી રહ્યા. દારાશાહ મનમાં મલકાયા કે મારાં લંબાણ ભાષણની દાદીબા પર અસર થઈ છે. તે શું જવાબ આપે છે તે જાણવા માટે તેવણે ઇઝીચેર પર જગા લીધી અને હાથમાં એક વર્તમાનપત્ર લઇ જાણે વાચવા મંડી ગયા હોય તેવો દેખાવ કીધો. તે ચુપકીદીનું ચિત્ર મી. જાંહાંગીર તારાપોરવાલા જેવા કવિ–હોટેલબહાદૂર માટે એક વિલક્ષણ અભ્યાસ પૂરો પાડતું હતું !

પ્રકરણ ૨૪ મું.

—x—x—

“ હાવર લાડજ ”માંથી દાદીબાનું ચાલી જવું.

વળી પાછી એક બીજી દસ મીનીટ સુધી તે ઓરડામાં ચૂપકીદીનું રાજ્ય ચાલ્યુ. દારાશાહ જાણે કે દાદીબા બોલે ને દાદીબા જાણે કે દારાશાહ બોલે એમ એકમેકની રાહ જોતા દસ મીનીટ પૂરી થઇ. અંતે થાકી થાકી દારાશાહ શેઠે પોતેજ ચૂપકીદી તોડી

“ કેમ, દાદીબા ? હુ તમારા છેવટનાં જવાબ માટે ખોટી છુ. ”

“ સાહેબ, હુ એક વચની માણુસ છુ. બોલીને ફરી જનારા બેવચનીઓ જેવી બે જીભ હુ ધરાવતો નથી. મારો જે પેહલો જવાબ હતો, તેજ છેલ્લો છે અને એની ઉપર વધૂ કાઈ નથી. ”

દાદીબા આ શબ્દો પૂર મક્રમતાથી બોલ્યો અને તેથી દારાશાહ શેઠની પક્કી ખાત્રી થઈ ગઈ કે તે જે બોલે છે, તે, તેનાં અંતઃકરણનાં સાચા વિચારો છે, યાને, બહાદુરશાહની આઝીમાયને પરણવાને દાદીબા મજબૂતીથી નાં પાડે છે.

ઉપલો ખ્યાલ એક તડાકે મેળવી લેતાંજ દારાશાહ શેઠ હવે બદલાઈ ગયા ' અત્યાર સુધી તેવણે ધરેલી ધીરજની હવે હદ આવી રહી. પોતે કળાથી કામ કાઢી લેવાની ધારેલી ધારણા સાબુત ઉંધી વળવાથી હવે તેવણ દાદીબાપર અસાધારણ રીતે ઉશ્કેરાઈ ગયા. દાદીબા તેવણનાં દેખાવ પર એક આડકતરી નજર પડતાંજ પામી ગયો કે હવે સુકાન ફેરવાયુ છે અને પીઠનો પવન હવે મોઢાં તરફ ફર્યો છે '

“ બસ ! હવે જાણ્યુ ! :તારી લતરાજ એકદમ બધ કર !” તે મતલબ ગરજી પારસી એક છેડાયલાં સિંહ સમાન છેડાઈ પડયો. “ દાદીબા ! તું એક સાબુત ચોર છે ! તું એક ઘેરમારૂ પીંડારો છે ! તુ એક નિમકહરામ નોકર છે ! બહાદુરશાહવાળાંઓની માગણી તુચ્છકારી કાઢવામાં તારી અંદરખાંનેની મતલબ શું છે તે મને અંજાણી નથી. પેલી બેશરમ દુકની પરીનનાં ને તારાં કાવત્રાંની મને ખબર છે, પણ પુર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગશે, આભ નીચે આવી ધરતી ઉપર જશે અથવા તારી મતલબ કાઢવા તું દસ લાખ ફંદ ફરેબ રમશે, પણ યાદ રાખજે, કે તારા જેવા એક નીમકહરામ ચોરને હું મારી છેલ્લા ઘડીએ બી જમાઈ તરીકે સ્વિકારવાને મારા દરજ્જાથી હલકું સમજીશ. તું ધુત્કારાએ—”

“ સાહેબ, જરા વિચારથી વિશેષણો વાપરો ! ” દાદીબા પોતે જે ખુરશીપર બેઠો હતો ત્યાંજ બેશી રહી જરાબી ડર્યા વગર હિમ્મતથી બોલ્યો.

ચિત્ર ૧૧ મું.



[બ્લોક—જી૦ ન૦ ખરેઘાટ

"શુ મને ગામમાં જમાઈઓ મળતા નથી કે તારા જેવા એક હલકા હજામડાને મારી દીકરી આપુ ?"

[સફે ૧૦૭.]

"હું તમોને ધીરજથી સાંભળી લઇશ, અને પછી જે બે સખુન મારે કહે-વાનાં છે તે કહીશ, પણ તમે હદની બહાર જવું નહિં."

"શું બોલ્યો–નિમકહરામ ચોર!" દારાશાહ વધૂ તપી ગયા. "તારી ઉપર મેં એક બાપ નહિં રાખે તેવો વિશ્વાષ રાખ્યો તો તેનો લાભ તેં મને બેઝાલત લગાડવામાં લીધો?"

"દારાશાહ શેઠ, જરા વિચારીને વાત કરો! તમારી ઇઝતને ધોકો પહોંચે કે તમોને દુનિયાંની નામોશીએ પોંહોંચવાનું થાય એવું અમે કશું કીધુ નથી."

"બેશરમ! હવે તારી આબરૂ ઢાંકીને બેસ! તારા જેવો એક હલકો અને રખડતો જવાન મારી બેટીનો માનીતો થાય એ શું મને ઓછું નામોશી ભરેલું છે! તું કોણ? તારી ઇઝત શુ? તારો મરતબો શું? ગમે તે પણ તું અમારો નોકર કહેવાય! તારી આબરૂ એક કોડી માત્ર નથી! તારાં મા–બાપ કોણ છે તેનુ ઠર–ઠેકાણુ નથી, તો એવા એક રખડતા રખડેલને મારો દામાદ કરૂં? શું મને ગામમાં જમાઈ મળતા નથી કે તારા જેવા એક હલકા હજ્જામડાને મારી દિકરી આપુ? શુ મને ગામમાં ઇઝત નથી કે તારા જેવા એક નિમકહરામને મારા જમાઇ તરીકે જગતમાં જાહેર કરૂં? ઓ બેશરમ ચોર! એવી વકી તો તુ કોઇ દહાડે રાખતોજ નાં! એ ખ્યાલ તો તુ ભૂલીજ જજે કે 'હું પરીનનો ભરથાર થઇશ.' જીંદગી ને જમાનો ઉથલપાથલ થશે તો થવા દઇશ, પણ મારા ખાનદાનનો ટેક, મોભો અને દરજ્જો હું કદી છોડીશ નહિં."

"મને જરા સાંભળી લો, દારાશાહ શેઠ! હુ નિર્દોષ છું!" દાદીબાએ કાંઇક ટેક સાથે નમ્રપણે કહેવા માગ્યું "મારી ને પરીન વચ્ચેનો પ્યાર કેવળ નિષ્કલંક છે. ખુદરતનાં પવિત્ર અને ઇનસાફી કાયદાઓનુ અમે કોડી માત્ર ઉલંગન કીધું નથી. તમે મારી સર્વ હકીકતથી રોશન છતાં મારાં ખાનદાનને હલકુ, વગર આબરૂનું ને નીચ સમજો છો એ સાહેબની લાયકી છે, પણ હું મારાં ખાનદાન માટે મગરૂર છું. જો કે મારાં માબાપ કોણ હતાં તે ચોક્કસ સંજોગોને લીધે હાલ હું જાણુતો નથી, પણ વિશ્વાષથી માનું છુ કે હું કોઇ કુળવાન ખાનદાન ફરજંદ છું. મને ગરીબ જાણી તમે હીણો છો, એ તમારા વિચાર તમોને મુબારક છે, પણ દારાશાહ શેઠ, પ્યાર આંધળો છે. ખાલેશ અને પવિત્ર પ્રેમ ઉચ્ચ કે નીચ દરજ્જો જોતો નથી. સમજદાર ગ્રહસ્થો પાક પસં-દગીથી જોડાયલાં જીગરોને વિખુટાં પાડવાની કમ સમજ કદી બતાવતા નથી. હું તમોને બન્ને હાથ જોડીને અરજ કરૂં છું, સાહેબ, કે ખોટા ને ગેરસમજ ભરેલી હઠ છોડી દઇ કુદરતને પોતાનો રસ્તો લેવા દો. કદાચ તમે તમારી સત્તાના જોરથી, તમારા માર્ગમાંથી મને દૂર કરી શકશો; પણ પરીનનાં અં-

ત:કરણમા પેવશ થયલો મારો પાક પ્યાર કદી દૂર કરી શકવાનાં નથી. તમારાં એકપુરા ફરજંદને સુખીજ કરવા માંગતા હો તો બીજા અણઘટતા ખ્યાલો છોડી દેજો. તમે મને હલકો કહો છો, પણ તમારેજ મોંઢે કુદરતે ઈનસાફ કરાવ્યો છે તે તમે યાદ કરતા નથી. બહાદુરશાહના રતનબાઈ જેવાં મોભાદાર ને દરજ્જાદાર બાનું મને પોતાનો દામાદ બનાવવાને પોતાના દરજ્જાથી હલક નહિં સમજ્યાં ને તમે સમજો છો તેનુ કારણ શું? આઈમાયની પસંદગી ફુજ ગરીબ પર ઉતરી તે પસંદગીને એકદમ બાહાલી આપી દેનારી તે બાનુની છાતી કેવી દલી ને ઉદાર હશે? તેવણનાં વિચારો કેવા ખુલા અને સ્વતંત્ર હશે! સાહેબ, જરા લાઓ વિચાર કરો! બહાદુરશાહવાળાંઓની વહુ થઈને તમારી બેટી જેટલી સુખી નહિ થશે તેટલી—તમારા બોલોમાં બોલુ તો—મારા જેવા એક રખડતા રખડેલનો હાથ પકડી સુખી થશે. મન વગર પસંદગી હોયજ કેમ? જેમ મારૂં મન આઈમાય પર નથી તેમ પરીનનુ મન જેહાંગીર પર નથી. શુ તમે તમારા એકપુરાં ફરજંદનો આખો ભવ બરબાદ કરશો? દોલતની રેલછેલ હોય તો શું થયુ, પણ પવિત્ર પ્યારની પાક પસંદગી વગરનાં એવા લાખ લગ્નો સુખી નીવડવાના નથી.”

“કેમ નહિ નીવડે? તારા કહેવાથીંજ નહિ નીવડવાના કે? લંબાવ-લબાવ–હજી તારૂ લેકચર કેટલુક લબાવેછ તે લંબાન! હુજ પરીનને જેહાંગીર સાથ જોડીને તને દેખાડી આપસ કે પરીન સુખી થઈ કે દુ:ખી! શું તું એવા ફાંકો રાખેછ કે તારા વગર પરીન કોઇ સાથ પરણવાની નથી?”

“સાહેબ, જો કાંઇ અપમાન નહિ લેવા તો કહીશ કે મને ખાત્રી છે કે પરીન મારા વગર કોઇ સાથ પરણવાની નથી.”

“શુ બોલ્યો?—અરે એ શુ બોલ્યો? પરીન તારા વગર બીજા કોઈ સાથ નથી પરણવાની? હે! એ ખાંડ શુ ખાએછ? ઓ નિમકહરામ! તેવો ફાંકો—બાંકો કઈ રાખતો ના. મનમાં ને હવામાં કિલ્લા બાંધેલા જ્યા ને ત્યાં રહી જશે! બસ નીકલ! અબઘડી મારાં ઘેરમાથી નીકલ! આજ ફરીથી મારી સીહડીએ કદી ચઢતો નાં! અને જો ચઢયો તો યાદ રાખજે કે મારા નોકરો તને બેઇઝત કરીને હાંકી કાઢશે!”

દારાશાહ શેઠ આ શબ્દો એવા જોશથી બોલીને દાદીબાના આંગપર ગુસ્સાનાં ઝનુનમાં ધશી ગયા કે તે અશરાફ જવાનને પોતાનાં યોગ્ય બચાવ માટે ખુરશી પરથી ઉઠી ઉભુ થવું પડયુ. તેજ ઘડીએ ઓરડાનું બારણું જોશથી ઉઘાડી કમનસીબ પરીન ત્યાં દોડી આવી અને “બાવાજી, બાવાજી, એ તમે શું જુલમ કરોછ!” કહી તેવણ આગળ ધૂંટણ મંડીયે પડી!

પરીનની પાછળ તેનાં માતા મેહેરબાઈ દારાશાહનાં પોકાર સાંભળી દોડી આવ્યાં, પણ દારાશાહ શેઠ શૂરપર ચઢેલા હતા એટલે સાંભળે કોણને?

પરીનને એક અછાટ મારી તેવણુ દાદીબા પર ફરીથી ધશી ગયા, પણ એક હાથ પરીને અને બીજ્ને હાથ મેહેરબાઇએ પકડી લેવાથી તેવણનું કંઈ ચાલી શકયુ નહિ. જો કે દાદીબા દારાશાહ શેઠથી ખાડયો જાય એવો ન હતો, પણ તે પ્રસંગ તેને નરમાસ ધારણ કરવાનો હોવાથી પોતાની જગ્યા પર હિમ્મત પકડીને ટેક સાથ ઉભો રહતો.

"સબર કરો, બાવા! દાદીબા તદ્દન નિર્દોષ છે!" પરીને પિતાનો હાથ પકડી ગળી રડતી ચશમે કહ્યુ, "એવણને પ્યારમાં ખેંચનાર હું છું."

"બેશરમ બેચ્યા! હજી તો નફટ નાકે કહેછે કે 'એવણને પ્યારમાં ખેંચનાર હું છુ!'" દારાશાહ શેઠે એક અછાટ મારી પરીનના હાથમાંથી પોતાનો હાથ છોડવી લેતા ભારે ઝનુનથી કહ્યુ, "નીકલ! નાપાક—નીકલ! બેચ્યા! નીકલ! બેશરમ! નીકલ! તારૂ મોંઢુ જોવાને હૂ રાજી નથી! તારી કાળી સુરત દુર કર! જે દિકરીને મે મારા જાન કરતાં જાદા ચાહી, તે દિકરી એક નીચ અને હલકા જવાનિયાનો હાથ ધરે? આએ એક રખડતો રખડેલ તે મારો જમાઈ? ઓ પરીન! તું જનમતાંજ કાંય નહિ મુઈ? તારી ઉપર મેં રાખેલા તમામ વિશ્વાસનો તેં ધાત કીધોછ. તેં દુનિયામાં મારી નાક-કટી કરાવીછ. હું નહિ ધારતો હતો કે તારી પસદગી આએ એક હલકા હજામડા પર ઉતરશે. એ ખુબસુરત થયો તો શુ થયુ? એ હુન્નરવાળો છે તો શુ થયુ? પણ એની તોખમ કોણુથી છે એની ઇજ્ઝત શું છે એનો મર્તબો કયો છે. તેનો તો તે જરા ખ્યાલ કરવો હતો? હું તુંને હુકમ કરૂંછ કે જો આજ પછીથી એ ઘેર ભાંગુ પીંડારાને તું મળીછ તો યાદ રાખજે કે આએ ઘેરમાં ખુન પડશે. એ નીચ ગુલામનો ખ્યાલ તેં એકદમ તજી દેવો, કારણ કે—"

"બાવાજી! બાવાજી! એટલા મંગદિલનાં થાઓ! દાદીબાની કસૂર એટલી બધી ગંભીર નથી કે તમે એવણને ઘેરમાંથી હાંકી કહાડવાની જરૂર હોય." દારાશાહ શેઠ ગમે એવા ઉશકેરાયલા હતા, તે છતાં, પરીને દાદીબાનો બચાવ કીધો.

"ચૂપ થા, કાબા! મૂંગી મર!" મેહેરબાઈ, જેવણ હજી દારાશાહનો હાથ પકડી રહેલાં હતાં, તેવણે પરીનને ધમકાવી. "તારી કેળવણીને તે એબ લગાડીછ. સુવા એવા એબલગામણા પોર્યાને તેં તારા ધણી તરીકે પસંદ કીધો કે? ઓ કારમખી! તારી અક્કલ કેમ સુન મારી ગઇ? તારે સારૂ અમે તો મોટી મોટી ઉમેદો ધારી હતી ને તું તો એવા—"

"માયજી! મારાં માય! એટલાં સખ્ત કેમ બનોછ? બાવાજીને મનાવી લઈ મને સુખી કરવાનું કામ તમારૂ છે, માયજી!" પરીને માતાને કરગરીને કહ્યું. "દાદીબા વગર હુ કદી સુખી થઇશ નહિ,"

"શુ બોલી? નાપાક! અરે સુજમાં રહેશે સુજમાં! એ હલકા હજામડાંને મારી સીહડી પર આજ પછી ચહડાવેછ કાણુ કે તું સુખી થાય? મકદુર શુ એની કે મારી મરજી ઉપ્રાંત મારાં મકાનમાં પાછો પગ મૂકે? બેશરમ કુત્તી! તારૂ મોંહડુ હવે બંધ કર! તારૂ કાંઇ વળવાનું નથી!" અને તેવણ દાદીબા તરફ ફરીને બોલ્યા "હું તુને હોકમ કરૂછ, ઓ વિશ્વષઘાતક! કે અબઘડી તે અહીંથી ચાલી જવું અને ફરીથી મારી, મારાં મકાનની કે મારી દિકરીની મુલાકાત કદી લેવી નહિ. જો તેવી સ્હેજબી કોશેસ તું કરશે, તો યાદ રાખજે કે હું તારો જીવ લેગ!"

"દારાશાહ શેઠ! તમારી જીભને જરા લગામમા રાખો! ઇંગ્રેજના પ્રતાપી અને ઇનસાફી રાજયમાં મરઘીનુ એક પીછુ કોઇથી મરાતુ નથી, તો વગર વાંકે ને વગર તકસીરે તમે મારો જીવ લેવાનુ મ્હેતુ ધારતા હો તો ગોતુ ખાશો" દાદીબાએ હવે છેલ્લી બાજીનો વખત આવેલો જોઇ તેણુ ફેરવીને વાત કરી. "તમારી દિકરી મારા ઉપર ફીદા થઇ હોય તો તેમા મારો વાક નથી. મને તમારી સનમુખ કયારે શરમાવાનુ હોત કે જો મેં તમારા વિશ્વાસનો ભંગ કરી કોઇ નીચ કર્મથી તમારી ઇજતને કલંક લગાડયો હોત! જ્યા સુધી મેં તેવુ કર્મ કીધુ નથી ત્યા સુધી તમા. આ એક ચહેરાની રીતથી કેવળ બેગળુ ને હલકાઇ ભરેલુ બોલવું તે ગુન્હેગારથી હરગીજ કાં છુ તમે આપમતલબ માટે આ તમારી દિકરીના મસાર—મુખનુ નખોદ વાળો છો, પણ આંધળી આંખનુ એ આંધળુ પરિણામ પાછળથી ઘણા કડવા ફળો પેદા કરશે અમે એકમેકને ચાહવા શિખ્યા હોએ તો તેમા અમે કંઇ પાપ કીધુ નથી. કુદરતનો જેમ હોકમ હશે તેમજ બનશે. હુ ગરીબ છુ તેથી તમે મને હીણો છો, પણ દારાશાહ શેઠ, દોલતની રેલછેલમાં રોળતા પણ અંદર ખાનેથી હેરેમનની ખસલત ધરાવનારા કંઇક માતબરો કરતા મારા જેવા ગરીબો સો દરજ્જે ભલા જાણજો. તમારી દિકરો આજ સુધી સુખી હતી, પણ યાદ રાખજો, કે આજથી તેની જીદગીના છેડાં સુધી તેણીને તમે દુઃખી બનાવી છે. એક વખત એવો આવશે કે મારી જોડે આટલા દયાહીન થઇ ચલાવેલી નાતરસ ચાલ માટે તમોને મોહડામાં તમાચા મારી લેવા પડશે. અફસોસ, ગરીબાઇ! ગરીબાઇ! તું નીતિમાન છતાં કેવી કમનસીબ છે! પૈસાપર પટકાઇ મરનારાં પારસી માબાપોની આપમતલબી અક્કલ પર સદહજાર લ્યાનત પડજો! પ્યાર કરતાં પૈસાની પક્તિ પરમેશ્વર જેટલી ઉત્તમ માનનારાં અક્કલહીણો પર તે પવિત્ર અહુરમઝદનો કહેર ઉતરજો! અફસોસ! પરીન! હું જાઉં છું! યાદ રાખજે કે દુનિયાનાં કોઇબી ભાગમા હોઇશ ત્યાંથી હું તને ચાહીશ અને જીંદગીની છેલ્લી મીનીટ સુધી તારા પ્યારને સાચો નીવડીશ! એવીજ વફા હું તારાથી પણ રાખીશ!"

અને એમ બોલી પરીન તરફ એક "છેલ્લી નજર" નાખી દાદીબા ભારે ધીક્કાર સહિત ત્યાંથી ધશારાબધ ચાલી ગયો.

તેજ પળે પરીન એક ચીસ પાડી બેભાન થઈ જમીન પર પટકાઇ પડી!

પ્રકરણ ૨૫ મું.

એક શક ભરેલી ચીઠ્ઠી.

બીજે દીને દારાશાહ દાવરે પોતાને ત્યાં બનેલી હકીકતના ચોક્કસ ભાગથી બહાદુરશાહનાં રતનબાઇને એક ચીઠ્ઠીથી જાણીતાં કીધાં. દાદીબાએ દાવર શેઠનો સુખન સ્વિકાર્યો હોત તો દાવર શેઠ "જેહાગીર કાસ્ટલ" માં દોડયા જાત, પણ દાદીબાએ બહાદુરશાહવાળાઓની માંગણીનો અસ્વિકાર કરવાથી દારાશાહને શેઠાણી રતતબાઇની મુલાકાત લેવાનું તુરત વેળા ભારી પડી ગયુ. તેવણે પોતાની મતલબ જોગી બીનાઓ છુપાવીને શેઠાણી રતનબાઇને દાદીબાની નામરજી જણાવનારૂ જે કાગળ લખ્યુ હતુ તે નીચે મુજબ હતુઃ—

| આ એક અસલ દસ્તાવેજ છે, જેમાં માત્ર નામોનો ફેરફાર અમારી તરફનો છે. એ સિવાય બીજી લખાવટમાં કસો સુધારો ન કરતા જેમની તેમ રાખી છે. |

તા૰ ૨૬ મી ફેબરવારી ૧૮—

સદા મેહેરબાન બાઇજી સાહેબ રતનબાઈ—

જત—તમે સેવકને સોંપેલુ પેલુ ખાનગી કામ કમનસીબે નીસફલ નીવડીઉચ એમ જણાવતા મને ઘણી દલગીરી ઉપજેચ, મારી દરેક કોશેશ છતા હુ ફતે પામીઓ નથી એ અફસોસ ભરેલુ લાગેચ. પણ એ કમબખત છોકરાએ કોણ જાણે કેઇ ઉમેદમાં તમો જેવાં મોભાદાર આસામીઓ તરફની માગણી ના પાડીચ તેની મને કસી સમજ પડતી નથી. પોતાના મા બાપ તેમજ ખાનદાન વીશે એ છોકરો કસી ખાતરીપુર્વક ખબર આપી શકતો નથી અને જે જે એણે મને થોડી ઘણી બીના કહીચ તે મને માનવા જોગ લાગતી નથી, તમે તથા તમારી છોકરીએ તથા શેઠ જેહાગીરે હવે એનો ખ્યાલ એકદમ દુર કરવો એવી મારી સલ્લા છે. એ છોકરાને તમારો સખુન માથે નહીં ચઢાવવાનાં સવાદ તરીકે કાલ ને કાલ મેં મારી નોકરીમાંથી બરતરફ કીધોચ. પરીનને હવે કાઈ શીક્ષકની અગત નથી. હુ પોતેજ તમો બાઇજીને આએ હકીકત મોહડે મોહડું કહેવાને આવનાર હતો પણ મારી તબીએત બે દીવસ થયા જરા નરમ ગરમ ચાલેચ તેથી ચીઠી લખી મોકલીચ તેથી મનમાં

કઇ ઓછું લાવશો નાજી. હું ફુરસુદે તમોને મલવા આવસ તાહારે ખુલાસાથી વાત કરસ. તમે સોંફેલું એક નજીવું કામ મારાથી બનીઉ નથી તેનો ખરખરો રાત ને દહાડે મને લાગી રહેઓચ. ખોદાવંદે કરીમનો મને જસ આપવાનો હોકમ નહી હોશે તેથી એમ બનીઉચ, મરજી માલેકની. એજ આશીશ. મેહેરબાન શેઠ જેહાંગીરને મારી નમનતાઈ ભરેલી બંદગી વંચાવજોજી.

લા૦ તમારો હંમેશનો ભલુ ઇછિનાર દુવાગો સેવક,

દારાશાહ.

શેઠાણી રતનબાઇ આ કાગળ વાંચી જેટલાં રંજીસ નહિ થયાં તેટલી આઇમાય થઇ. દાદીબા પર ફીદા થયલી એ માતબર કુમારિકાને દાવરશેઠનું આ કાગળ એક અઝલનો પેગામ આવે તેવું અપ્રીય થઈ પડયુ. ચંચળ જેહાંગીરની ચગરી ચશમોને પામી જતાં વાર લાગ્યો નહિ કે આ કાગળની લખાવટ કાંઇ ગોલ ગોલ અને ભેદ ભરેલી છે. તેણે પોતાની માતાનું તે ઉપર ધ્યાન ખેંચતાં તેવણુ પણુ તેનાં તે શકને મળતાં થયાં. "હવે એનો ખ્યાલ એકદમ દૂર કરવો એવી મારી સલ્લા છે" એમ લખવામાં દારાશાહ શેઠની કાંઇ ખાસ મતલબ હોય એમ તે મા—દિકરાંને જણાયુ.

"માયજી, જ્યાં છે ત્યાં એમાં કાંઈ ભેદ છે." જેહાંગીર બોલ્યો.

"મનેબી એમજ લાગેછ." શેઠાણી રતનબાઇ જેહાંગીરનાં મતને મળતાં થયાં.

"ને હુંબી એમજ માનુંછ" ગરીબ બિચારી આઇમાય, જેણી આ કાગળ વાંચી રડવા મંડી ગઇ હતી, તેણી વચ્ચે પૂરાઇ. "આપણી તરફની માંગણી દાદીબા નહિ સ્વિકારે એ મને માનવાજોગ લાગતું નથી—સિવાય કે એક સબબ હોય."

"અને તે શું?" જેહાંગીરે તુરત પુછયું.

"દાદીબા કોઈ બીજી છોકરી તરફ પસંદગી ધરાવતો હોય તો એમ બને."

"પણુ ત્યારે તે છોકરી દારાશાહની પરીનજ કાંય નહિં હોય?" શેઠાણી રતનબાઇને એક શક ઉત્પન્ન થયો. પ્રીય વાંચનાર! તે શક શુ ખોટો હતો?

"અને તેથીજ દારાશાહ કાંઇ ગત તો નહિ રમતા હોય!" જેહાંગીરે શકમંદ થઈ પાછો સવાલ કીધો. વાંચનાર જાણે છે કે પરીનનો ઉમેદવાર જેહાંગીર પણુ હતો!

"પણુ એવણુ તો એમ લખેછ કે (વાંચીને) 'એ છોકરાને તમારો સખુન માથે નહિ ચહાવવાના સવાદ તરીકે કાલ ને કાલ મેં મારી નોકરીમાંથી બરતરફ કીધોચ'?" આઇમાય, જેણી પોતાના હાથમાં દાવર શેઠનું કાગળ પકડી રહી હતી તેણી તેમાંથી ઉપલી લીટી વાંચીને બોલી. "જો

દાદીબા સાથ પરીનને પરણાવવાને દારાશાહ ખુશી હોય તો દાદીબાને નોકરીમાંથી કાઢી નહિ મૂકે."

"એબી ખરૂ છે." શેઠાણી રતનબાઇ આઇમાયની તર્કને વાજબી તરીકે સ્વિકારી એકમત થતાં બોલ્યાં. "વળી દાદીબા સાથ તારૂ સાંધી આપવાની આપણે એવણ સાથ વાત કીધી તે વખતનો એવણનો દેખાવ કાંઇ અકુદરતી નહિ હતો. તે પછી પાછળથી એવણનાં વિચારો બદલાયા હોય તો સાહેબ જાણે."

"તે બનવા જોગ છે, પણ તેમ હોય તો દાદીબાને એવણ નોકરીમાથી બરતરફ કરે નહિ. જો તેને નોકરીમાંથી બરતફ કીધોછ તો તે બનાવ દેખાડી આપે છે કે, એવણની તેની ઉપર ખફગી ઉતરીછ. કેમ માયજી ?" જેહાંગીરે મત આપ્યું.

"આજુબાજુના સંજોગો હાલ તુરત એવા છે કે કશુ મત બાંધી શકાય નહિ, પણ આએ કાગળ કાંઇકિ ભેદ ભરેલું છે એમ તો હું ખાતરીથી માનુંછ." શેઠાણી રતનબાઇએ જવાબ દીધો.

"માયજી, આપણે દાદીબા વિષે બાહરો બાહાર ફરીથી તલાસ કરીગે તો કેવુ ? શુ એમ નહિ બને ?" આઇમાયે પોતાની માતાને આજીજીથી પુછયુ. "આએ કાગળ વાચ્યુછ ત્યારથી મારી બધી ઉમેદ તુટી ગઇછિ. હુ હવે જીવતી મુવેલી સમાન છુ. મારી ઉપર દયા કરીને એક કોશેષ ફરીથા કરી જુઓ ' હુ ધારૂં છું કે મારો વ્હાલો ભાઇ' મારાં સુખને માટે દરેક પથ્થર ઉઠલાવવાને ચુકશે નહિ."

"વ્હાલી આઇ, ધીરજ ધર !" ભાઇએ બેહેનને ધીરજ આપી. "એવા ગંભીર સવાલોમા ' ના ' નું ' હા ' ને ' હા ' નુ ' ના ' કહીઘડીએ થઇ જાય તે કોઇથી કહી શકાતું નથી, હું મારાથી બની શકતું દરેક કરીશ, પછી તો તારૂ નસીબ ' પણ માયજી," જેહાંગીર માતા તરફ ફરીને બોલ્યો. "એમ તો નહિ હોય કે આપણને પૈસાવાળાં જાણી દાદીબા કાંઇ મોટી ઉમેદ અંકે કરાવવા માંગતા હોય ?"

"નહિ ! નહિ ! કદી નહિ ! જેહાંગીર ! દાદીબા એવો નથી !" ખુબસુરત આઇમાયે પોતાના ધારેલા ધણીનો એકદમ બચાવ કીધો. "જો કે આપણે એની કાંઇ લાંબી પીછાણ ધરાવતાં નથી, તો પણ થોડાજ વખતમાં મેં જોઇ લીધું છે કે ગજવે ગરીબ છતાં મગજે તે માતબર છે. તેનો ખવાસ અમીરી છે."

"હું તારાં છેલ્લાં મત સાથ મળતી થતી નથી, જેહાંગીર !" શેઠાણી રતનબાઇએ પોતાનું મત આપ્યું. "આઇ કહેછે તે ખરૂં છે, દિકરા, કે દાદીબા ગજવે ગરીબ છતાં મગજે માતબર છે. મેં તેને પરીનની શાલગીરે-

હને દહાડે બરાબર જોઈ લીધોછ. ઇનસાનનું અમીરી લોહી કદી છુપું રહેતું નથી દારાશાહનુ આજનુ મત ગમે તે હોય, પણ હુ મારાં અસલ મતને હજી વળગી રહેવા માગુછ કે દાદીબા જ્યાં છે ત્યાં કોઈ ખાનદાની જવાન છે."

"તેનો અમીરી ચેહેરો પોતેજ તેની ગુવાહી પૂરેછ, માયજી," દાદીબાની વખાણ આઇમાયને હજી પસદ હતી, તેથી પોતાની ખુશી જાહેર કરતાં તેણીએ વધાર્યું. "દાદીબા ના નહિંજ પાડે એમ હું કહેતી નથી પણ તેણે નાં પાડી હોય તો તેમાં કાંઇ પણ ભેદ હશે એમ હુ મજબુતીથી માનુંછ."

"ખરૂં છે દિકરી," રતનબાઇ બોલ્યાં. "તુને દિલગીર થવાનું કશુ કારણ નથી. માણુસનાં વિચારો એક પલકવારમા ફેરવાઇ જાય છે દાદીબાને માટે આપણે આપણાથી બની શકતી દરેક કોશેષ કરીશું."

માય–દિકરી વચ્ચે આ વાત ચાલે છે તે વખ્તે જેહાંગીર એક જૂદાજ ખ્યાલમાં હતો. પરીનની મનોહર ખુબસુરતીએ જેહાંગીરનાં જીગરમાં પ્યારનો પાયો નાખેલો હોવાથી પરીન દાદીબાના હાથમાં જાય એ તેને રૂચતુ કેમ થઇ પડે? દાદીબાની ઉમેદવારી પરીનપર નહિ હોય અથવા પરીનની પસંદગી દાદીબા પર નહિ ઉતરે તે જોવાને જેહાંગીરને હવે ચટપટ થઈ. તેણે મનમાં વિચાર કીધો કે "દારાશાહને મળવાને મસે 'દાવર લાડજ'માં જાઉં ને દાદીબાને લગતી હકીકતથી પુરતી માહીતગારી મેળવી બને તો પરીનની મુલાકાતની તક હાથ કરૂ. પરીનને મારી કરવા સારૂ દાદીબાને આઇમાય સાથ પરણાવી આપવામાં મારો જાતિ–લાભ છે આઈ મારી મદદ માંગેછ, તો એ મદદ મને બેવડી રીતે લાભ કર્તા થઈ પડશે. બ્હેન પોતાની ઉમેદે પુગશે ને હું મારી ઉમેદમાં ફત્તેહમદ થઇશ. દાદીબાના દિલમાં હજીબી પાક પરવર રહેમ મૂકે એજ દુવા ચાહું છું" આમ વિચારી પોતાની માતા તરફ ફરીને જેહાંગીર બોલ્યોઃ" માયજી, આએ બાબદ વિષે હું આજે સાંજે દારાશાહને 'દાવર લાડજ' માં જઇને મોંઢે મોંઢુ મળી આઉ તો કેવુ? દાદીબાએ ભલે નાં પાડી હોય પણ તેમ કરવાનો સબબ દારાશાહને શુ બતાવ્યોછ તે જાણવાની આપણી પેહેલી ફરજ છે તે જાણ્યા પછી હું બહરોબાહાર દાદીબાને ફરીથી સમજાવવાની તજવીજ કરીશ."

બન્ને માય–દિકરીને જેહાંગીરનો વિચાર પસંદ આવ્યો. પોતાની ઉમેદમાં ભાઇની એટલી બધી દિલસોજી જોઈ આઇને ઘણી ધીરજ મળી. શેઠાણી રતનબાઇએ આઈમાયના મોહડાં પર પોતાની દિલગીરી બતાવી નહિ, પણ અંદરખાનેથી તેવણ પોતાની દિકરીના ભવિષ્યને માટે ચિંતાતુર થયાં, કારણ કે દાદીબા નહિ મળે તો પોતાનો આખો ભવ કુમારો ગાળવાનો મજબુત ઠેડાવ આઈમાય આગમજથી જાહેર કરી ચૂકી હતી!

પ્રકરણ ૨૬ મું.

"એક કાંકરે બે પક્ષી."

તેજ સાંજે જેહાંગીર બહાદુરશાહ દારાશાહને "દાવર લાડજ" માં મળ્યો. દારાશાહ પામી ગયા કે દાદીબાને આઇમાય સાથ પરણાવવાને અસાધારણ ઇન્તેજારી ધરાવવામાં સૌથી આગેવાન શેઠાણી રતનબાઈ હતાં, તેવણે જેહાંગીરને સઘળી પરપુછ કરવા મોકલ્યો છે. ખેરઆફ્યિત પુછયા-પરછયા પછી જેહાંગીરે દાદીબા વિષે વાત છેડી.

"તમારી ચીઠ્ઠી અમોને આજે સવારે મળી." જેહાંગીર બોલ્યો. "પણ તમારો ખોલાશો અધુરો હોવાથી મને માયજીએ બધી હકીકત મોંઢે મોઢ઼ુ પુછવા મોકલ્યોછ"

"ભલે આયા શેઠ, ઘેર તમારૂજ છે" દારાશાહ શેઠ લટી ગયા. જેહાંગીર પોતાને ત્યાં આવતો-જતો થાય તે જોવાને તો તેવણ ઉમેદવાર હતા. દાદીબાને બાહેર કાઢયા પછી જેહાંગીરનું આ પેહેલું પગલું તેવણે પોતાને ત્યાં પનોતુ માની લીધુ "હુ ઘણો દિલગીર છું કે તમો લોકોએ સોંપેલું એક નજીવુ કામ મારાથી બની શકયુ નથી."

"તેની શી ફિકર છે, દારાશાહ શેઠ?" જેહાંગીરે લાયકી બતાવી. "તમે એને નજીવુ ગણોછ, પણ એ કામ અમે ઘણુ ગંભીર સમજીએછ. પરણવા-અદરાવાનો સવાલ કંઈ ઘરમાં બેસીને ગપ્પા મારવાનો નથી. શું દાદીબા નાં પાડે છે?"

"હાજી."

"તેનો સબબ?"

"એ બેવકુફ ગધેડો શા સબબથી તુદીમાં તણાઇ તુટેછ તે આપણે શું જાણીયે, જેહાંગીર શેઠ?"

"એટલે?"

"એટલે શું? સાર એ કે દાદીબા મિજાજી છે."

"દાદીબા મિજાજી છે?" જેહાંગીરે અચરતીથી પુછયું.

"તો નહિ? એ મિજાજી છે તેથી તો તમારી માંગણી તરછોડી કાઢી."

"એ તમે શું બોલોછ, દારાશાહ શેઠ! એમાં કાંઈ ભેદ છે!" જેહાંગીરે શેકડું પરખાવ્યું. "દાદીબા મિજાજી છે એમ હું માનું નહિ. એ કેવો અસીલ ને લાયકીવાળો છોકરો છે તેનો ખ્યાલ પરીનબાનુંની છેલ્લી શાલગીરેહને દહાડે અમે પુરતો મેળવી લીધોછ. દાદીબાને અમારી માંગણી નાં પાડવાનું કાંઇ બીજું કારણ હશે."

"બીજું કારણ શું હોય ?"

"તે હું શું જાણું ?"

"ત્યારે મને કેમ ખબર પડે ?"

"તમોને ખબર પડવાનો રસ્તો ખુલ્લો છે."

"તે શું ?"

"તમે દાદીબા શાથ મોહડે મોહડું વાત કીધીછ."

"વારૂ પછી ?"

"તો તે વાતચીત દરમ્યાન અમારી માંગણી નાં પાડવાનું દાદીબાએ તમોને કારણ આપ્યુ નહિ હોય એમ બનેજ કેમ ? તમે તે પુછ્યા વિના રહો એ માનવા જોગ લાગેજ કેમ ?"

ચગરા જેહાંગીરનાં હાવકા પ્રશ્નોથી પાહવરદામા ખપતા દારાશાહ શેઠ પેચમાં તો પકડાઇ ગયા! તેવણુને ભારી પડી ગયું કે હવે શો જવાબ દેવો ? એમ હોવા છતા દારાશાહને માટે એક બારી ખુલ્લી હતી.

"દાદીબાએ મને તમારી માગણી શા સબબથી તે ગિવકારતો નથી તે વિષે વારવાર ઉડાવ્યા કીધાથી મેં તેની મરજી વિરૂધ એ કારણુ જાણવા ચાહવાની ઓહોંશ કીધી નહિ." દારાશાહે વાત ઉડાવી.

"તમારો ખુલાશો મનપતીજ નથી, દારાશાહ શેઠ, મને માફ કરજો!" જેહાંગીર બહાદુરશાહને હવે પૂરો વ્હેમ પડવાથી ખુલ્લું કહી દીધુ. "તમોને તેણે તે કહેવાની નાં પાડી તો તમે તે બજીદ થઇને જાણી લેવું હતુ. અમારે માટે કોઇબી રીતનો હલકો વિચાર, ખાનદાન–પૈસા કે ઇઝતને માટે–દાદીબાને ઉપજ્યા વગર, વગર સબબે, દાદીબા અમારી માંગણી નાંમજૂર કરે એ સાદી અકલે પણ માનવા જોગ નથી, સિવાય કે દાદીબાની નજર કોઇ બીજી મહાબુબ તરફ દોવાયલી હોય!" અને આ સવાલ કરીને તે જવાન બહાદુરશાહે દાવર શેઠનાં ચેહરાપર કેવો ફેરફાર થાય છે તે જોવા માટે પોતાની ચગરી ચક્ષુઓ એવી બાહોશીથી ફેંકી કે દારાશાહ શેઠને ભારી પડી ગયું!

"હું કેમ કહી શકું, જેહાંગીર શેઠ, કે દાદીબાની નજર કોઈ બીજી તરફ દોરવાયલી છે ? જ્યાં સુધી હુ તેનું કશું જાણુતો નહિ હોઉં ત્યાં સુધી મારાથી તે ગમે એવા બેમુરવત જવાનની ગીબત થઈ શકે વારૂ ?" દાવર શેઠ જેહાંગીર પાસે દાદીબાની ઉમેદવારી વિષે કેવળ નામુકર ગયા! અફસોસ! તેવણુ બોલેબોલ જુઠું બોલ્યા હતા, કે જે જુઠ્ઠાંએ આગળ આવતી દાદીબાની કમનસીબ કાંહાંણીને મજબૂત ટેકો આપ્યો અને એક નહિં પણ અનેક જીવોનાં સંસાર–સુખનું સદાનું નિકંદન વાળી નાખ્યું!

દારાશાહશેઠને આ સવાલ ચીપીચીપીને આટલી બારીકીથી પૂછવામાં

જવાન જેહાંગીરની નેમ જેટલી આઇમાયનાં સુખને માટે નહિ હતી, તેટલી પોતાના ભવિષ્યનાં સુખની મોતેબરી ચાહવાની હતી. તેને દારાશાહની ચીઠ્ઠી પરથી એવો વ્હેમ પડયો હતો કે પરીન જોડે દાદીબાની સગાઇ કરવાનાં ખ્યાલમાં તેવણુ હોય તો તે ભેદ એવી ચાંપતી પરપૂછમાં નીકળી આવે. વળી દાદીબાએ આઇમાયની માગણી નાં પાડવાનો સબબ શું તે દારાશાહને જેહાંગીર પાંસે છૂપાવવાનુ કારણ શુ હોય ? આ શક જેહાંગીર બહાદુરશાહને વ્હેમમાં નાખવાને પુરતુ વઝુદ ધરાવતો હતો.

" હું તમોને દાદીબાની ગીબત કરવા કહેતો નથી, શેઠ, પણ તમોને દાદીબાએ શા કારણુસર ના પાડી તે જાણવાની જરૂર હતી, જે તક જો તમે ખરેખર ખોહી હોય તો તે ખેદકારક છે. "

" હા, તે મે ખોહી છે. " દારાશાહ ફરી એકવાર જુઠુ બોલ્યા.

જેહાંગીરને એટલુજ જોઈતું હતુ. દાદીબાએ શા કારણુસર આઇમાયનુ માગું ના પાડયુ તે જાણવુ એક નહિ પણ બે રીતે તે ભાગ્યશાળી જવાનને લાભકારી હતુ આ કારણ જાણી લેવામાં તે ચગરો બહાદુરશાહ એક કાંકરે બે પક્ષી મારવા ઇચ્છતો હતો ! આ પરપૂછથી આઇમાયને લાભ થનાર હતો, એજ નહિ, પણ પરીનને દાદીબા જોડે જોડવાની દાવરશેઠની મરજી છે કે કેમ એવો જે જેહાંગીરને વ્હેમ ઉપજ્યો હતો, તે વ્હેમનું ખંડણ થનાર હતુ અને તે અંતે જેહાંગીરની મરજી મુજબનું થયુ એમ જોઈ તેને ખુશી ઉપજી.

" દાદીબા કોઇ બીજે ઠેકાણે દોરવાયલો નથી " આ જવાબ જેમ આઇમાયના લાભનો હતો તેમ પરીન તરફની જેહાંગીરની હમણા સુધીની છૂપી ઉમેદવારીને પણ ઉત્તેજન આપનારો હતો. દાદીબા પરીન તરફ કે પરીન દાદીબા તરફ યા તો દારાશાહના ખ્યાલ દાદીબા સાથ પરીનને- જોડવા તરફ નથી એ ખ્યાલો જેહાંગીર બહાદુરશાહને ખુશાથી ખીલવવાને પુરતા હતા.

પ્રકરણ ૨૭ મું.

" અરધો બાધો ને અરધાનો ખુરદો !"

દાદીબાની પસંદગી કોઈ તરફ દોરવાયલી નથી એ આઇનાં લાભની વાત છે ને દાદીબાને પરીનથી દૂર કીધોછ એ મારા લાભની વાત છે. " જેહાંગીર મનમાં એકલો વિચાર કરતાં હરખાવા પડયો. તે બાપડાને સ્વપણે વાકી ન હતી કે તે ધારે છે તે કરતાં જૂદોજ રંગ કુદરત આગમચથી ભજી

ચૂકી હતી. "હું હવે અગત્ય જોગી માહેતી મેળવી અહીંથી રૂખશદ લઈશ. મારે જે પેહેલું કામ કરવાનું છે તે કાલ ને કાલ દાદીબાને મળીને મનાવી લેવાનું છે. જો દાદીબા કોઇબી સૂરતે આઇને કબૂલ રાખે તો હું પરીનની માંગણી એકદમ દારાશાહ પર મોકલું. દારાશાહને હાલ વધૂ દુઃખવવામાં સાર નથી. મને એવણુ સાથ મતલબ કાઢવીછ, તેથી તુરતવેલા નરમાશથી કામ લેવામાં લાભ છે."

ઇનસાન પોતાની પીઠથી કેવું બેખબર છે! આદમીની પીઠ પાછળ થતા દગા ફટકાથી કોણે ખમ્યું નથી? આવતાં ભવિષ્યની માહીતગારી અદના આદમ જાતમા ખુદરતે મૂકી હોત તો આપણી પીઠ પાછળ થતા પ્રપચોનાં ભોગ કોણુ થાત? વાંચનાર! વિચાર કર!

ગરીબ બિચારો જેહાંગીર! દાદીબાની પરીન પરની પસંદગીથી તે કેવો અંજાણો છે? પરીનની દાદીબા પરની ફિદાગીરીથી તે કેવો બેખબર છે? દારાશાહની મતલબી સમજાવટ કેવી પ્રપચખોરી છે?

"દાદીબાને તમે તમારી નોકરીમાંથી કાઢી કાંય મૂકયો, દારાશાહ શેઠ?" જેહાંગીરે વળી ચલાવ્યું. "એ જવાન શું તમારી કાંઇ તકસીરમા આવ્યો?"

"તો નહિ? એણે તમારી તરફથી આવેલી માંગણી ના મન્જૂર કરી વચ્ચે મને ખરાબ લગડાવ્યું ને શુ એની તકસીર નહિ કહેવાય? જેહાંગીર શેઠ! એ પોર્યાએ મારી બીજી કાઇ તકસીર કીધી નથી, પણ તમારે માટે મે ખચેલો સુખન એણે ના કબૂલ કીધાથી મને ઘણી ઝાંઝ ચઢી અને તમો જેવાં ખાનદાંની આસામીઓનાં માનને ખાતર મેં એને એકદમ મારી નોકરીપરથી બરતરફ કીધોછ."

"તમે ભૂલ કીધી, શેઠ! એ બચારાનો આ વાંક કાંઈ ગંભીર કહેવાય નહિં" જેહાંગીર દાદીબાની દયા ખાઇને બોલ્યો. તે જે ધાસ્તી રાખતો હતો તે ધારતી ખોટી જણાવાથી દાદીબાની દયા ખાવામાં તેણે બાધ જોયુ નહિ! "ખરૂં પૂછો તો એવી એક માંગણી મંજૂર રાખવી કે નહિ એ તેનાં વિચારની વાત છે અને તેના એમ નાં પાડવામાં તેણે કાંઇ વાંક કીધો છે એમ પણુ કહેવાય નહિં. તમે તેને અધરિયાત રજા આપી મુસ્કેલીમાં લાવી નાખ્યો હશે. હું દિલગીર છું કે અમારે લીધે એ બચારાએ પોતાની સુખની રોજી ખોહી દીધી!"

"તમે એ નિમકહરામની કદર શાની ખાઓછ, જેહાંગીર શેઠ! એવા નાફરમાનોને અરધી રાતે હાંકી કાઢવામાંબી પાપ નથી." દારાશાહ શેઠે દાદીબા વિષે ઝનુંન બતાવ્યું. "જે અકલહીણુમાં એટલી વકૂફ નહિં કે આવું પેહલી પંક્તિનું ખાનદાન, પેહેલી પંક્તિની રેલછેલ ને બલા દોલતવાનને નહિ અને એવી દિકરીને કેમ જતી મેલું? તે મૂરખ બીજી સમજદારી તે શું લાવે?"

"જ્યાં સુધી દાદીબાને કંઈ મોતેબર કારણ મળે નહિં ત્યાં સુધી એ જવાન એવી રીતે આપણી માંગણી નામંજૂર કરે એ વિષે મને હજી શક છે." જેહાંગીર બહાદુરશાહ દારાશાહ શેઠની પરવા કર્યા વગર સ્વતંત્રપણે બોલ્યો. "દાદીબાને જો કે હું ઘણોજ થોડો પિછાણું છું, પણ જે થોડી પિછાણે મને અનુભવ આપ્યો છે, તે અનુભવ મને તેને માટે હલકા નહિ પણ ઉમદા વિચાર અપાવે છે."

"તો તમે પોતે ફરીથી કોશેષ કરો!" દારાશાહ શેઠને જેહાંગીરનાં શબ્દો રૂચી નહિ શકયાથી તેવણે લગાર ચીચવાઇને કહ્યું. "હુ હજીબી ઇચ્છુંછ કે જે જશ મને નહિ મળ્યો તે તમોને મળે!"

પોતાની સમજાવટથી દાદીબા નહિ સમજ્યા પછી જેહાંગીરની સમજાવટ કાંઈ અસર કરે નહિ એમ ધારવા છતાં એક છેલ્લો પાસો એ રીતે પણ અજમાવી જોવાની તે ઘરડા ગ્રહસ્થને અભિલાષા ઉપજી આવી! દાદીબા કોઇબી રીતે આઇ જોડે જોડાય તો પરીન જેહાંગીરને છૂટથી પરણી શકે એજ તેવણની મૂળ મકશદ હતી અને તે આડી કે અવળી રીતે રામબાણ ઉતરે તેટલુંજ તેવણ ચાહતા હતા!

"હવે હુ રજા લઇશ, શેઠ! દાદીબા સાથ મને કામ નથી." જેહાંગીર જાણે આ વાર્તા લંબાતી જોવાને નારાજ હોય તેવું ડોળ કરી બોલ્યો. "મારાં માતાજીએ મને માત્ર તમારી આગળ ખુલાશો પૂછવા મોકલ્યો હતો, જે મે અગત્ય જોગ પૂછી લીધો છે વારૂ, તમારા ધણીઆણી મેહેરબાઇ તથા પરીનબાનુ ક્યાં છે?"

"પરીનની તબિયત જરા ઠીક નથી તેથી આજે ને તમોને મળી શકશે નહિં, જેહાંગીર શેઠ' એ છોકરી તમારી મુલાકાત સારૂ ઘણી હોંસ રાખેછ, પણ આજે એના જીવને જરા સારૂં નથી. એની માય એની પાસે હશે." દારાશાહ શેઠે ખોટો ખોલાશો કીધો.

"કાંઈ ફિકર નહિ, દારાશાહ, હુ કાંઈ પરીનબાનુંને મળવા માંગતો નથી, પણ સ્હેજ પૂછુંછ." જેહાંગીરે જવાબ આપ્યો. "ચાલો સાહેબજી!"

"સાહેબજી!"

જેહાંગીર દિવાનખાનું છોડી બંગલાની સીહડી ઉતરી બાગમાં ઉતર્યો અને બગીચાના ચકરાવામાંથી પસાર થતાં આસપાસનાં સુંદર ગોલાબોની ઘટા નિહાળતો ધીમે ધીમે ચાલે છે તેટલાં દ્રાક્ષથી ઝુલી રહેલા અને મોહક માંડવા નીચે કોઇ ખુબસુરત બાનુંને ગમગીન ચેહરે બેહેલી દીઠી! જરા આગળ જાય છે તેટલાં તેણે ઓલખી લીધી કે તે કોઈજ નહિં પણ પરીન હતી!

પ્રકરણ ૨૮ મું.

——xx——

પરીન અને જેહાંગીર.

"એ કોણ–પરીન?"

જેહાંગીર પરીનને જોઇ એકદમ અચકી ગયો. "દારાશાહે હમણાજ મને કહ્યું કે પરીનની તબિયત આજે ઠીક નથી ત્યારે પરીન અહીં બાગમાં ક્યાંથી આવી?" જેહાંગીર બહાદુરશાહ વમાસણમાં પડયો. "જ્યાં છે ત્યાં એમાં કાંઇ ભેદ છે. એ બુઢ્ઢો અમારી સાથ કાંઇ દાવપેચ તો નહિ રમતો હોય? મારો પેહેલો શક એવણુની ચીઠ્ઠીએ ઉભો કીધો હતો અને આએ બીજો વ્હેમ પરીનને બાગમાં જોવાથી પેદા થયોછ. હુ ધારૂંછ કે અંદરખાને કાંઇ જબરો ઘોંટાળો ચાલી રહ્યોછ."

હજી પરીનની નજર જેહાંગીર પર પડેલી નહિ હોવાથી જેહાંગીરને ઉપજેલા ઉપલા વિચાર તેણીની પીઠ પાછળ થોડે દૂર ઉભો રહી તે કરતો હતો. તે જવાન બહાદુરશાહને પામી જતાં વાર લાગી નહિ કે દારાશાહ કાંઈ સ્વારથિયો–પ્રપંચ રમે છે. "એ ખુબસુરત પુતલી કેવી ગમગીન બેઠીછ? આજનો એનો દેખાવજ કહી આપેછ કે કાંઇ નજીવી વાતે એનાં મનને બે-ચેન બનાવ્યું નથી." જેહાંગીર પાછો વિચારવા પડયો. "પરીનને જ્યારેબી મેં જોઇછ ત્યારે હસ્તે ચેહરે જોઇછ. આજની તેની હપછપ કાઇ ઓર જણાએછ. મારા શકને મજબૂત થવાનુ કારણ છે કે આજની ચીઠ્ઠી સાથ પરીનની દલગીરીને ઘણી નહિં તો થોડાબી નીસબત છે. પરીનને મળવાની આજને જેવી એકાંત તક મને કદી મળી નથી હુ એને મળીશ તો કાંઇને કાંઈ નવું જાણીશ. ચુપચુપ ચાલી જવા કરતાં પરીનને મળીને જવામાં હું લાભ સમજુંછ."

સુંદર પરીન હજી પોતાના ખ્યાલોમાં હતી. તે જવાન બહાદુરશાહ, પરીન પોતાને નહિ જોય તેમ, તેણી બેઠી હતી તે બાંકની પીઠ તરફથી પાસે જઈ ઉભો. પોતા પાછળ કોઇ ઉભું રહ્યું છે એવો પરીનને સ્વપનેબી ખ્યાલ ન હતો.

"યા ખુદા! હું કેવી કમનસીબ છુ!" પરીન એકલી બરબડતી હતી. "બાવાજીને એમ શું સુજ પડેછ કે મને દુઃખી કરેછ? મારી ઉમેદ કેવી ભંગ થઇ? મારી આશા પર હવે કેવું પાણી ફરી વળ્યુ? ઓ પરવરદેગાર! મેં તારો શું ગુનાહ કીધો કે તેં મને એવી અભાગણી સરજતમાં સરજાવી? શું મારો આખો જન્મારો દુઃખમાંજ પસાર થશે?"

જેહાંગીર આ છેલા શબ્દોથી ચમકયો! શું પરીન ત્યારે દાદીબાને ચાહતી હશે કે તેનાં જવાથી પોતાનો આખો જન્મારો દુઃખમાંજ પસાર

થવાનું બોલેછ ? કદાચ મારી ઉપર એ છોકરી ફીદા કાં નહિ હોય ? કદાચ દારાશાહે મારે માટે ના કહેવાથી પરીન બેસબર કાં નહિ બની હોય ?" જેહાંગીર આ વિચાર કરે છે તેટલામાં પરીન પાછી બોલવા લાગી:—

"કોણુ જાણે મારૂ હવે શું બશે !—આખરે હુ ધારતી હતી તેજ થયુ ? શું મારી જીંદગીમાં મને સુખ જોવાનું સરજેલુ નહિ હશે ?"

"કાંય નહિ ? તમારી જીંદગી એવી સુખી નીવડશે કે જેવી સુખી જીંદગી ઘણુાંજ થોડાં માણુસોના નસીબમાં હોયછે." એકદમ જેહાંગીર બહાદુરશાહે જાહેર થઇ તેને જવાબ આપ્યો.

"જેહાંગીર ! તમે અહીં ક્યાંથી ? મારી પાછળ તમે ક્યારથી ઉભાછ ?" પરીન ચમકીને ઉઠી ઉભી થઇ બોલી. "શું તમે મારા દરેક વિચારો છુપાઇને સાંભળી લીધા ? જો તેમજ હોય તો એક ગ્રહસ્થ તરીકે તમોને તે શોભા આપનારી વાત—"

"નહિ—પરીન બાનું ! મને સાંભળી લો." જેહાંગીરે ખુલાસો કીધો. "મને અહીં ઉભો રહેવાને ભાગ્યે એકાદ મીનીટ થઇ હોય. એક જાસુસ તરીકે છુપાઇને તમારા ખાનગી વિચારો જાણી લેવાની અવિવેકી અસભ્યતા દેખાડું તેવો હું છેઉજ નહિ. હું તમારા બાવાજીની મુલાકાત લઇ પાછો ઘેર તરફ ફરતો હતો તેટલામાં તમોને અહીં બેઠેલાં જોઇ સ્હેજ અચરત કરવા સારૂ ગુપચુપ અહીં ચાલી આવ્યો. છુપો ઉભો રહેવાથી તમારૂં દિલ દુખાયુ હોય તો હુ દરગુજર ચાહુછું. તમે આજે એટલાં ગમગીન કેમ છો, પરીન ?"

"મારી તબિયત જરા ઠીક નથી."

"તમોને શી ઇજા છે. પરીન !"

"જીવને સ્હેજ બેચેની છે, બીજું કાંઇ નથી." પરીને વાત ઉડાવી.

"પણુ બેચેનીનો કાંઇ સબબ ?"

"સબબ શુ હોય ? જીવને સારૂ નહિ હોય ત્યારે દુનિયાં ઝેર જેવી થઇ પડે."

"તમે મને ઉડાવોછ, પરીન. હમણાં તો તમે તમારી અસુખી હાલત પર અફસોસ કરતાં જણાતાં હતા. તમારા છેલ્લા એકાદ બે વાક્યો મારે કાને પડયાં તે ઉપરથી હુ ધારૂંછ કે તમોને કાંઇ ન્હાની સુની ગમગીની નહિ હોય."

"નહિ, જેહાગીર, મને ગમગીની જેવુ કશુ નથી. મારી તબિયત ઠીક નથી તેથી હુ અણુમનેલી લાગુંછ."

"હું કેમ માનું, પરીન ? તમે મને ઉડાવોછ ને ફેર ઉડાવોછ. તમે હમણુાંજ બોલતાં હતાં કે 'બાવાજીને એમ શું સુજ પડેછ કે મને દુ:ખી કરેછ,' ને હવે એમ કેમ ? જ્યાં છે ત્યાં તમોને કંઇ ગમ બેઠોછ." જેહા-

ગીરે આ વખ્તે ઇચ્છ્યું કે પરીન એમ બોલે કે "મને તમારો ગમ બેઠોછ" તો કેવું સારૂં!"

"મને કંઇ નથી, જેહાંગીર, તમે તો જબરા વ્હેમા દેખું!" પરીને હશવું નહિ આવવા છતાં તાણી તોડીને હશી વાત ફેરવી નાખવા ચાહી. "એવા વ્હેમી માતીડા તો નહિં પરવડે જો બા!"

"તેની ધાસ્તી તમોને આજે કરવાની નથી, પરીન બાનુ!" જેહાંગીરે ભરમમાં તાણો માર્યો. "પણ મને કહો કે તમારી જીંદગી નહિજ સુખી નીવડશે એમ શા ઉપરથી તમે ધાર્યું?"

"એકાદ—બે સસારી કારણો ઉપરથી" જવાબ દીધા વિના પરીનને ચાલ્યું નહિ.

"શું તે કારણ એટલાં બધાં ગંભાર છે કે જે તમારી ધારેલી આશાનો ભંગ કરે?"

"જેહાંગીર! તમે તો જાણે મારી પરિક્ષા લેવા ઉભાછ!" પરીનથી જવાબ દેવાયો નહિં ત્યારે તેણીએ ટીકા કીધા. "કંઈ બીજી વાત કરો!"

"જ્યાં સૂધી તમે મને ખાત્રીપૂર્વક ખુલાસા નહિં કરશો ત્યાં સૂધી હુ બીજી વાત કરવાનો નથી. પરીન!" જેહાંગીર હશીને બોલ્યો. "તમારી સાથે મને હશવા—બોલવાનો વેહવાર છે. વાસ્તે તમોને દલગીર જોઇને તે દલગીરીનું કારણ પૂછવાનો મને હક છે."

"તે હક મુજબ તમે મને પૂછી ચૂકા ને મે તમોને જવાબ દીધો કે મારી તબિયતને હાલની હવા માફક આવતી નથી તેથી હું દલગીર દેખાઉછ."

"પણ ત દલગીરીના તળિયાંમાં તો કાંઇ જાણવાજોગ સબબ છુપાઈ બેઠોછની?" જેહાંગીર ટકોરથી બોલ્યો. "તમે તમારી જીંદગી સુખી નહિ નીવડે એવો ખ્યાલ કોઇ દહાડે નહિં ને આજે લઇ ગયાં, તેનો સબબ શું તે તો જણાવશો કેની? શું દાદીબાને તમારા બાવાએ રજા આપી તેથી તમે દલગીર છો?"

જેહાંગીરે આ સવાલ સમેત પરીનનાં મોહડાંપર કેવો ફેરફાર થાયછે તે ટીકી ટીકીને જોયું. "દાદીબા"નું નામ સાંભળતાંજ પરીનનો ચહેરો ફીકકો મારી ગયો.

"દાદીબા સાથ મને શું લાગેછ—વળગેછ, જેહાંગીર?" દાદીબાનું નામ સાંભળી પરીન ફીકી મારી ગઇ ખરી, પણ પોતાનો ટેક અને ભેદ જાળવવા સારૂ તેણીએ સામો જેહાંગીરને સવાલ કીધો. બીચારી પરીન શું જાણે કે આ સવાલથી તેણી પોતાનીજ કોર ખોદે છે.

"દાદીબા સાથ મને શું લાગેછ—વળગેછ" આ શબ્દોએ જેહાંગીરનાં

અંતઃકરણમાં એક નવી ઉમેદ પેદા કીધી. "પરીન દાદીબાને ચ્હાતી હશે તો મારી તરફ વળવી મુશ્કેલ છે" એવું જેહાંગીરનું મત હતું, પણ પરીનનાં ઉપલા ખુલાશાથી હવે તે સદેહ રહ્યો નહિં. "દાદીબા સાથ મને શું લાગેછ–વળગેછ" આ શબ્દો ફરી ફરીથી પરીન જેહાંગીરના કાનમાં કહેતી હોય તેમ તે જવાનનાં કાનમાં જઇને અથડવા લાગ્યા !

"હુ એમ નથી કહેતો પરીનબાનું, કે તમોને દાદીબા સાથે લાગેછ–વળગેછ" જેહાંગીરે ડાવકાપણાથી પરીનને પટાવી લીધી. "પણ મારા કહેવાની મકશદ એ કે દાદીબા તમારો મ્યુઝિક માસ્તર હતો, જેને તમારા બાવાએ રજા આપવાથી અલબતાં તમોને દલગીરી લાગવી જોઇએ."

"તે એક ભલો અને અશરાફ જવાન હતો" પરીને દાદીબાની વાજબી વખાણ કીધી. "તે એક માયાળુ અને મેહેરબાન મિત્ર હતો. હું નથી જાણુની કે મારા બાવાએ તેને તેની કેહી ગંભીર તકસીર લીધે નોકરીમાંથી રજા આપી."

"તમારે ત્યાંના માણસને નોકરી પરથી રજા મળે અને તે તમે ઘરમાં વર્માને નહિ જાણો એમ બનેજ કેમ?" જેહાંગીરે ચોખો ચાંપી જોયો.

"હું તે કેમ માનું?"

"તમે માનો કે નહિ માનો, પણ જેહાંગીર, દાદીબાને દૂર કરવામાં બાવાજીની મકશદ અંદરખાને શું હશે તે હુ જાણુતી નથી અને તે જાણુવાની દરકાર પણ કરતી નથી. અલબતાં, તેના જવાથી હુ દીલગીર છું એ વાત હુ ના પાડતી નથી."

"તમારા બાવાજીને તેમ કરવાનો કાંઈ ખાસ સબબ મળ્યો હશે?" જેહાંગીરે પરીનને આડકતરી યાદ આપી કે જાણે તારા જેવી પરીચહેર પુતલી માટે તો હું ઉમેદવાર છું.

"દાદીબા જેવો લાયકીવાળો ને નેક ખસલત જવાન એવો કશોબી ગંભીર સબબ નહિ આપે, કે જે સબબ તેને એકદમ નોકરીપરથી બરતરફ કરવા જેટલો અગત્યનો હોય." પરીને વાજબી ઉભરો કાઢયો. "મારા બાવાનો સ્વભાવ દાધાબળ્યો છે અને એ દાધાબળ્યા સ્વભાવનો ભોગ એ કમનસીબ પણ ભલો અને ભોળો જવાન થઈ પડયોછ એટલુંજ હું માનુંછ."

આંટલી વારમાં જહાંગીરે બારીકીથી જોઇ લીધું કે પરીન જ્યારે દાદીબા નામ વાપરતી ત્યારે તે ઉપર ખાસ ભાર મૂકોને બોલતી હતી. "દાદીબા સાથ 'મને શું લાગેછ–વળગેછ" આ સખુનોએ જહાંગીરને નવી ઉમેદમાં રમતો કીધો હતો, પણ તે પછી દાદીબાની તરફદારીથી પરીનને બોલતી જોઇને તેની થોડીક ખુશાલી અલબતાં કરમાઈ ગઈ. દાદીબા એક નોકર છતાં

પરીને તેને ભલો અને અસલાહજ નહિં પણ "એક આશાશુ અને મહેરબાન મિત્ર" કહ્યો, એ જહાંગીરને રૂચે એવી વાત નહિં હતી ! "દાદીબા" વિષે એટલા બધા ઉંચા વિચારો પરીનના રહેવા નહીં જોઇએ એમ જેહાંગીરને અદેખાઇની આગમાં બાળ્યા વિના રહ્યું નહિં !

પ્રકરણ ૨૯ મું.

પરીન જેહાંગીરની માગણી "ના" પાડે છે.

"ત્યારે તમારી આજની ગમગીનીનું ખરૂં કારણ શું ?" જેહાંગીરે હવે એક અગત્યનો સવાલ કરતાં પરીનનાં મોહડાં પર કેવા ફેરફાર થાય છે તે ટીકી ટીકીને જોવા માંડયું. "જો દાદીબા સાથે તમોને લાગતું–વળગતું નથી તો દાદીબા વિષે આજની તમારી ગમગીની નથી, આટલી વાત તો સિદ્ધ થઇ; પણ ત્યારે તો મારો શક જેમને તેમ ઉભેલોજ છે કે એ ગમગીનીનાં તળિયામાં કોઈ બીજો ખાસ ભેદ હોવો ને કર હોવોજ જોઇએ ! શું તમારી કોઈ મોટી ઉમેદમાં તમારા પિતા નડતર થઇ પડયાછ ?"

જેહાંગીરે એવો સવાલ કીધો કે જેનાં બે રીતે જવાબ મળી શકે એક તો તેણે પરીનને મોહડે જાણવા ઇચ્છયું કે તેણી તેને (જહાંગીરને પોતાને) ચાહેછે કે નહિ અને બીજું તો તેણે આ સવાલથી દાદીબા વિષે પરીન કાંઈ પ્યાર ધરાવેછે કે કેમ, તે સવાલ પર કાંઇ અજવાળું પડેછે કે નહિં તે જોવા ચાહ્યું; પણ ઠાવકી પરીન પોતાનો ભેદ આપે એવી કાચ્ચી નહિ હતી.

"તમારો સવાલ ઘણો કઢંગો છે, જેહાંગીર ! મારા બાવા મારાં સુખમાં ખલલ નાખે એવા છેજ નહિ" પરીને ભેદ છુપાવવાની મકસદથી બાપનો બચાવ કીધો.

"તમે મને ઉડાવોછ–પરીન બાનું, તમે મને ખોટું સમજાવોછ" જેહાંગીરે જીદ લીધી. "મેં છુપાઇને તમારા જે એકાદ બે વાકયો સાંભળ્યાંછ, તેમાં તમે એમ બોલ્યાં હતાં કે 'બાવાજીને એમ શું સુજ પડેછ કે મને દુઃખી કરેછ', તેની મતલબ શું ? શું તમે ના પાડશો કે તમે એમ નથી બોલ્યાં ? મને જોઇને તમારો ચેહેરો તમે ઉપરના દેખાવમાં હસતો કીધો છ, પણ અંદરખાને તમે ગમગીન છો, ખરૂં કે ?"

"મને કાંઇ ગમી નથી, જેહાંગીર, તમે તો વેહેમી છો," પરીન [illegible]

ચિત્ર ૧૨ મું.



જાહાગીર પરીન જ્યા બેઠી હતી તે બાંક પર પાસે બેઠો અને તેનો કોમળ કર હાથમા લઈ બહુ કરગરીને બોલ્યો "પરીન, હુ તુને ચાહુ છ!—ખરા જીગરથી—સરોચશમથી ચાહુ છ! તારી મનોહર મુર્તીએ મને ઘેલો બનાવ્યો છ તારી સુંદર સીકલ જે દિવસથી મે જોઈ છ તે દિવસથી તે મારા મનમા રમી રહી છ"

[સફે ૧૨૫.]

"તમે મને ભલે વેહમી સમજો, પણ પરીન બાનું, તમારું અંતઃક-રણ તો તમોને કેહતું હશે કે મેં તમોને આજે સાબુત પકડી પાડયાંછ!' અને જેહાંગીર પરીનને રાજી રાખવા માટે મોટેથી ખડખડ હશી પડયો.

"તમારા વિચાર તમોને મુબારક છે."

"જો તમે દાદીબા વિષે હલગીર નથી તો કોઈ બીજા વિષે હશો!" જેહાંગીરે હવે 'ખરડેલા પગ ગાલીચા વેર, લીધા. "દાદીબા" જેવા દુનિ-યામાં લાખોલાખ પડયાછ, પરીન"'

"એટલે ? તે હુ ક્યાં ના પાડુંછ?"

"તમે મારી પાસ છુપાવોછ, પણ દાદીબા વિષે તમારા ખ્યાલો ઘણા ઉચા છે એ વાત મને અંજા —"

'હદ થઇ! હું ઇચ્છુછ, જેહાંગીર, કે આ વાત અહીંજ અટકે તો સારૂ." પરીને હવે પોતાનો અણગમો બતાવ્યો. "દાદીબા વિષે અલબતાં મારા વિચારો—તમે કહોછ તેમ—ઘણા ઉચા છે, પણ—"

"પણ શું!"

"પણ એ કે તમે ધારોછ તે હદ સુધી નથી."

"હું એટલુજ ઇચ્છુછ, પરીન, કે તે હદબ્હાર જવા નહિ પામે; કા-રણકે"—અને જેહાંગીર અહીં અચકી ગયો—પરીન શંકાશીલ બની

"તમો અચકોછ કાંય, જેહાંગીર!" પરીને જેહાંગીરના વિચાર જા-ણવા ઇચ્છયા.

"તમારી રજા વગર મારાથી કહેવાય નહિ. પરીન, મેં આજે તમારી સાથ ઘણી છૂટ લીધીછ."

"અને તે મારી રાજી ખુશીથી લીધીછ એટલે તે અસભ્ય નથી. જ્યાં મેં તમોને અટકાવ્યા ત્યાં તમે અટકયાછ, એ મારી ખુશાલી છે. તમે શુ કહેવા માગોછ તે કહો—હું તે સાંભળીશ."

"કહો કે ખુશીથી સાંભળીશ."

"આગમચથી મારાથી તેમ કેમ કહેવાય?" પરીને વાંધો લીધો.

"સાંભળવા માંગશો તો તમે મને ધીરજથી સાંભળશો."

"તમોને ધીરજથી સાંભળવાને હું બંધાઉં છું, પણ તમે જે કંઇ ક-હેશો તે ખુશીથીજ સાંભળવાને હું બંધાઈ સકતી નથી."

"જેમ તમારી મરજી, પણ પરીનબાનુ, હું આગમચથી તમારી પાસે ખુલાસો કરૂંછ કે મારાથી કાંઈ બેઅદબી થાય તો મને દરગુજર કરજો." અને અહીં જેહાંગીર પરીન જ્યાં બેઠી હતી તે બાંક પર પાસે બેઠો અને તેનો હાથ કર હાથમાં લઇ બહુ કરગરીને બોલ્યો.

"પરીન, વહાલી પરીન! હું તને ચાહું—મારાં અંતરથી, સરોશથી

ચાહુંછ. તારી મનોહર મુર્તિએ મને ઘેલો બનાવ્યોછ. તારી સુંદર સિકલ જે દિવસથી મેં જોઇછિ, તે દિવસથી તે મારા મનમાં રમી રહીછ. ખુદાએ મને ધન-દોલતની રેલછેલ બક્ષીછ, પણ તું જેવી પરીચેહેર પુતલીની હાજરી વગર મારો સસાર હુ સુનો સમજુંછ. મેં ઠરાવ કીધોછ કે પરણવું તો તું વ્હાલી માહબુબ જોડેજ પરણવું—નહિકર આખી જીંદગી કુંવારી કાઢવી. ઘણા દિવસથી મારા દિલનો ભેદ તું દિલદાર આગળ જાહેર કરવાની હું તક જોતો હતો, પણ હજી સુધી મને તેવી તક મળી નહિ. આજે નહિ ધારેલી મળી જવાથી મેં તે હાથ કીધીછ. તારી પીઠ પાછળ ઉભો રહીને તારા વિચાર વાંચ્યા પછી એકદમ જાહેર થતાં મે તને કહ્યુ હતું કે 'તમારી જીંદગી એવા સુખી નીવડશે કે જેવી સુખી જીદગી ઘણાંજ થોડાં માણસોનાં નસીબમા હોય છે, એમ કેહેવાનો મારો હેતુ એજ હતો કે હુ તને સુખી કરવાને તૈયાર હતો. મારી તમામ દોલત તારા પગ પાસે મૂકવાને તૈયાર છુ અને જીંદગીની છેલ્લી ઘડી સુધી તૈયાર રહીશ. બોલ, પ્રીય પરીન, હવે તારો શુ વિચાર છે ?"

પરીન શરમાઈ ગઈ. જેહાંગીરનુ લાબુ "લેકચર" તેણીએ નીચી મુડીએ સાંભળી લીધુ. જે જીગરમાં દાદીબા જેવા વફાદાર વ્હાલાની પાક મોહોબતનો પ્રવેશ થયલો હતો તે જીગરમા જેહાંગીર જેવા એક ત્રાહેત જવાનને પરીન જગ્યા આપે ! હજી તો હમણાંજ દાદીબાના વિયોગથી તેણી દુઃખી થઈ રહી હતી, દાદીબા વગર ઘેલી-બાવરી બની રહી હતી, તેટલા. જાહાંગીર બહાદૂરશાહની આ કમબખતની માંગણી કેમ સ્વિકારે ! પરીન કાંઈ બોલી નહિ.

"પરીન, પ્રીય પરીન, હુ તારા જવાબને માટે ખોટી છું. મને ઉમેદ છે કે મારી તમામ આશા અને ઉમેદો, જે તારી ઉપર લટકી રહીછ, તેને સંગદિલપણે કચડી નાખવાને તું તૈયાર થશે નહિ;" જેહાંગીરે ફરીથી "અપીલ" કીધી. "તારી એક 'હા' કે એક 'ના' મને જનમનો 'સુખી' યા 'દુઃખી' કરશે."

"મને-હાલ-પરણુવા-નથી ગમતુ, જેહાંગીર" પરીને અચકી અચકીને જેહાંગીર તરફ ન જોતાં નીચી નજરે ખુલાસો કીધો.

જેહાંગી નિરાશીથી બોલ્યો "કાંય, એમ કાંય ?"

"મારી-હાલની-હાલતમાં-ખુદાએ-મને-પુરતું-સુખ બક્ષેલું છે."

"પણ તે સુખમાં બેહિસાબ વધારો થતો હોય તો તે કરવો કે નહિ ?"

"તે વિષે મેં વિચાર કીધો નથી."

"તેમ કરવાની હું તને તક આપીશ."

"તેવી તક હું ઇચ્છતી નથી."

"ત્યારે હમણા મને જવાબ આપો."

" તે જવાબ આપવાને હુ બંધાયલી નથી."

" ત્યારે અંતે સાર શું?"

" સાર એજ કે હુ તમોને—" અને પરીન અચકી ગઇ.

" પરીન! પરીન! તું મારા સુખી સંસારમાં તારા છેલ્લા સખુનથી સદાનુ ઝેર રેડેછ. જો હજીબી કાંઇ સમજ? મારૂં જે કાંઇ છે તે સઘળું તારૂં થશે. આખા શહેરમાં તું એક દરજ્જાદાર બાનુની પદ્દિ પામશે. તું જ્યાં બી જશે ત્યાં તારા પગલાં પુજાશે. તું જ્યાબી જશે ત્યાં જેહાંગીર બહાદુરશાહની બાયડી તરીકે ભારે ઇજત અને માન મેળવશે. પરીન! પરીન! પ્રીય પરીન! હુ કરગરીને અરજ કરૂછ કે તું મારી થા, અને હું તને સુખી કરીશ."

" જેહાંગીર! હું ઇચ્છુછ કે આપણી વચ્ચે ચાલતી આ વાત એકદમ બંધ થાય." પરીને દાદીબા તરફના પ્રગટ પ્રેમ ભાવથી જેહાંગીરને ઉત્તેજન આપવાનુ વાજબી વિચાર્યું નહિ. " મારે હાલ પરણવુંજ નથી એટલે એવી વાતો કરવામાં સાર શુ?"

" ત્યારે તમે કયારે પરણુશો? આજે નહિ ને દસ વરસ પછી પણ મારી સાથે પરણુશો એમ કબૂલ કરો તો હું તમારે માટે તેટલો વખત થોભવાનેબી રાજી છુ!" પ્રેમાધિન થયલા જેહાંગીરે પરીન તરફની પોતાની અચૂક ફીદાગીરી બતાવી આપી.

જેહાંગીરનાં આ સખુનોથી પરાન અંતકરણમાં અચરત થઈ. જેહાંગીર તેને એટલો બધો ચાહતો હશે એમ તેણી ધારતી ન હતી. " આજે નહિ ને દસ વરસ પછી પણ મારીજ સાથે પરણશો એમ કબુલ કરો તો હુ તમારે માટે તેટલો વખત થોભવાનેબી રાજી છુ!" એવા જેહાંગીરના શબ્દો પરીન ઉપર અસર કર્યા વિના રહ્યા નહિ.

" મને માફ કરો, બહાદુરશાહ, મારાથી એવી કબુલાત તમોને આપી શકાય નહિ." પરીનને જેહાંગીરના બોલવા પરથી અસર થઈ ખરી, પણ બીજી પળે તેનાં " વ્હાલા દાદીબા" ની યાદ થતાં તથા તેણે દાવર લાડજ છોડી જતાં કહેલા છેલ્લા સખુનોનું સ્મર્ણ થતાં તે અસર તુંટી ગઈ. " મે પરણવા—અદરાવાનો ખ્યાલ હજી કીધો નથી."

" પણ કરશો ત્યારે તમારી પસંદગી મારી તરફ ઉતરશે ખરી કે?" જેહાંગીરે એક છેલ્લી ઉમેદ અજમાવી જોઈ.

" નહિ!" અને એમ બોલી પરીન ત્યાંથી ચાલી ગઇ.!

જેહાંગીર ફીક્કો પડી ગયો—તેનાં હોઠ ધ્રુજવા લાગ્યા-તેના મગજમાં ઘુમરી છુટી—તેની આખ્ખોમાં અંધારાં આવી ગયાં.!

પ્રકરણ ૩૦ મું.

પ્યારનું પજરણ.

તે જવાન બહાદુરશાહ જ્યારે "જેહાંગીર કાસ્ટલ"માં પાછો ફર્યો, ત્યારે તેના મનની સ્થિતિ બહુ બેચેન હતી. આટલું છતાં ડાવકા જેહાંગીરે પોતાની ગમગીની પોતાની માતા કે બેહેનને જણાવા દીધી નહિ. દારાશાહ સાથે થયલી વાતચીતના અગત્યજોગ સારથી માતા તથા બેહેનને વાકેફ કરી તેણે વધાર્યું કે "હુ આવતી કાલે દાદીબાને મસવાનો છું, દાદીબાને મળીને બાહારો બહાર ખુલાસો મેળવવાથી ઘણુક નવું જાણવાનું મળશે અને દારાશાહની કાંઇ આપ મતલબ હશે તો તેબી ઉઘાડી પડશે. હુ હમણાં દાદીબા પર એક ચીઠ્ઠી લખુંછ."

એમ કહી જેહાંગીર ચીઠ્ઠી લખવા ગયો. જેહાગીર દાદીબાને મળીને મોહડે મોહડું ખુલાસો મેળવનાર છે એમ જાણી આઇમાય રાજી થઇ. શેઠાણી રતનબાઇ પોતાની લાડકવાઇ દિકરીને તેની મરજીનો મનપસદ ભરથાર અપાવવાને કબુલ કરી ચુકેલાં હોવાથી જેહાંગીર દાદીબાને મળે તેમાં તેવણે કશો વાંધો જોયો નહિ—બોરબી પોતે તેમ કરવાની સલ્લાહ આપી.

જેહાંગીરે તે રાત બહુ બેચેન પસાર કીધી. જે પરીચેહર પુતલી પર તેણે ઉમેદ બાંધી હતી, તેણીની પસદગી તેને મૂકીને બીજા કોઈ પર ઉતરવાની એમ જાણી તે જવાન બહાદુરશાહનાં અંતઃકરણમાં અધીરાઇની અસાધારણ આગ સલગી ઊઠી. પરીન તેની માંગણીને તરછોડી કાઢશે એમ તે ધારતોજ નહતો, પણ આજનો મામલો ધારેલી વકી કરતાં ઉલટોજ ફેરવાઇ ગયાથી તેને ઘણું દુઃખ ઉપજ્યુ. ખુબસુરત પરીનને પોતાની મોહોરદાર બનાવવાને તે કેટલો આતુર હતો તે આપણે આગળ જોઇ આવ્યા છીએ. "પરીન વગર હુ જીવીજ કેમ શકુ?" તે અધીરો આશક બિછાને પડયો પડયો તરેહવાર ખ્યાલો કરવા લાગ્યો. "પરીન વગર મારો સંસાર સુખી થાયજ કેમ? ખુબસુરત છોકરીઓનો કંઇ તોટો નથી, પણ પરીચેહેર પરીનનુ દમામદાર હોશાન મેં કોઇ ઓરતમાં જોયુ નથી. મારી દોલત ફનાં થશે તો એ છોકરીનો હાથ મેળવવા માટે તે ફના કરીશ. પરીન વગર પરણવુ મને હવે હરામ છે. હજીબી મેં હારી ખાવી જોઇતી નથી કદાચ પરીન પોતાનો ઠરાવ ભવિષમાં ફેરવીબી નાખે. હજી દારાશાહ શેઠનો મારે વિષે શું વિચાર છે તે મેં જાણ્યો નથી. દારાશાહને ખાનદાની માણસોની સગાઇ બહુ ભાવે છે એમ હું જાણું છું, તો બહાદુરશાહને ત્યાં પોતાની દિકરીને પરણાવવા એ શેઠિયો નારાજ તો નહિંજ થશે એવી મને ઉમેદ છે.

"દાદીબા સાથે પરીન પરણે એમ મને લાગતું નથી, કારણ કે 'દાદાબા સાથ મને શું લાગેછ વળગેછ ?' આ શબ્દો તેણી પુરતી ગભીરાઇથી બોલી હતી. વળી દારાશાહ શેઠની મરજી પરીનને દાદીબા સાથ પરણાવવાની હોત તો દાદીબાને નોકરી પરથી બરતરફ કરત નહિ. એ રીતે દેખાઇતાં કારણો છે કે પરીન દાદીબાની ઉમેદવાર નથી. જ્યાં છે ત્યાં પરીનબાનુની નજર કોઇ ત્રાહીત જવાન પર લંબાયલી છે. મે ઘણીબી પરપૂછ કરવા છતાં મને એ ડાવકી છોકરીએ એવા ડાવકા જવાબો આપી ઉડાવ્યોછ કે એ એટલી બધી ડાવકી અને પાહવરદી છે એમ મે આજેજ જાણ્યુ !"

ઇનસાન ખરા ખોલાશાની ગેરહાજરીમાં કેવા કેવા ગેરઇનસાફ કરેછે અને ખોટા ખોટા ખ્યાલો પર કેવું દોરવાયછે તેનો ખરો દાખલો જેહાંગીર બહાદુરશાહમા આપણને મળેછે ! એ બચારો એમ ધારેછે કે પરીન દાદીબાના નહિ પણ કોઇ બીજાજ જવાનનાં ખ્યાલમાં છે ! તેની આ તર્ક કેટલી નાપાયદાર છે ? ખરા ખોલાસાના ગેરહાજરીથી કાઇકિ નિર્દોષ સ્ત્રી-પુરૂષો નિંદાખોર જીભલીઓથી દુનિયામા નિંદાય છે તે શુ એમજ હશે ?

બીજે દીને જેહાંગીર બહાદુરશાહને દાદીબાનો જવાબ પોસ્ટ મારફતે મળ્યો. જેહાંગીરે પોતે મળવા આવવાની કરેલી માગણી દાદીબાથી ના પડાઇ નહિં દાદીબા સમજી ગયો કે જેહાંગીર મળવા માંગેછે તે પોતાની બેહેનનુ કારજ ગોઠવવાની મકસદથી છે—ને અશરાફ જવાનને ખ્યાલબી નહિ હતો કે જેહાંગીર પરીનના ઉમેદવાર છે અને આઇમાયનીજ નહિં પણ ખુદ પોતાની ગરજને લીધે પણ તેણે તેને મળવા ચાહ્યુ હતુ ' દાદીબાએ સાંજે પાચ વાગે ગ્રાંટરોડ ખાતે જ્યાં તે રેહતો હતો ત્યાં મળવા આવવાનું જેહાંગીરને જણાવેલુ હોવાથી જેહાંગીર વખતસર ત્યાં હાજર થયો.

ખેર આફિયત પૂછાયા પછી તે બન્ને એકમેકનાં બેહથી અંજનણા જવાનો અગત્યની વાત પર આવ્યા. જેહાંગીરે બહુજ સભ્યતાથી દાદીબાને આઇમાય વિષે સવાલ મૂકયો.

"મારા માતાજીએ મને તમારી પાસ એક ગભીર બાબદ વિષે વાત કરવા મોકલ્યોછ. દાદીબા !" જેહાંગીરે વાત છોડી. દારાશાહ શેઠ સાથે તમોને થયલી ખટપટ વિષે સાંભળીને અમે બહુ દલગીર છીએ. અમે અમારી બીનાના સંબંધમાં એવણને પ્રથમ વચ્ચે નાખ્યા તેની મકસદ એજ હતી કે એવણને તમારી સાથ લાંબા વખતનો પરીચય હતો. જેથી અમે ધાર્યુ કે આ-એ નેક કામમાં એવણની મદદ અમોને લાભકારી થઈ પડશે, પણ ઘણી દલગીરે સાથે અમે જોયું કે અમારી આ બાબદ વિષે તમો ભાઇએ કાંઇક નામરજી જણાવી હશે તેના ગુસ્સામાં તમોને તમારી રોજી પરથી એકદમ બરત-

રફ કરી દઈ દારાશાહે અમોને નરસ લગડાવ્યુ છ. 'હા' કે 'નાં' કહેવાની તમોને દરેક સત્તા હતી–કાંકે તમે તમારા વિચારના માલેક છો: તેથી એટલીબધો ગભીર હદ સુધી હિનરી પડવાનુ દાવરશેઠને કશું કારણ હતું નહિ."

જેહાંગીરે પણ્ દાવકાપણાથી આઇમાય વિષેની વાત પેહલી છેડવાને બદલે દારાશાહ શેઠ વિષે દાદીબાનુ મત હાલમાં કેવુ છે તે પ્રથમ જાણી લેવાની નેમથી દારાશાહનુ પગલુ પોતાને નાપસદ દેખાડયું. ભોળા દાદીબાએ તે ખરૂ માન્યુ.

જેઓ પોતે ભોળા હોયછે, તેઓ સામાં માણસનેબી ભોળાંજ સમજે છે. દાદીબા ભોળો હતો તેથી જેહાંગીરનો આ પ્રપચી પ્રશ્ન પ્રમાણીક ધારીને તેણે તેનો ખુલ્લો જવાબ આપ્યો, તો જોક તેમ કરતા દાવરશેઠ તરફ તેણે પુરતું માન દેખાડયુ.

"જેહાંગીર શેઠ !" દાદીબા બોલ્યો. ' મુજ ગરીબ તરફની તમારી તથા તમારાં માનવંત માતાજીની દિલશોજ લાગણી માટે હેસાનના કયા શબ્દો બોલુ તેની મને સમજ પડતી નથી. હુ મારી રોજીમાંથી નીકળીગયો અથવા બીજા બોલોમા મને બરતરફ કીધો તેથી હુ દારાશાહ શેઠની ન્હેશ કદી મારવાનો નથી. મેં તેવણનુ નીમક ખાધેલુ છે અને તેનો સ્વાદ હુ હજી દાઢમા લઇને ફરૂંછુ મારા તકદીરમા એવણનુ નીમક એટલુજ લખેલુ હશે તેમા એમનો કે મારો શો કસુર ? પણ મને બોલ્યા વિના ચાલતુ નથી કે દાવરશેઠે મારી સાથે એક ગ્રહસ્થને નહિં છાજે એવી ક્રુર ચાલ ચલાવી છે. વગર વાંકે ને વગર તકસીરે મને બરતરફ કરી મોટો ગેરઇન્સાફ આપ્યોછે. હુ ગરીબ મારા ગુજરાણનો કાઇ બીજો રસ્તો કરૂ તે આગમચ એકદમ તડ ને ફડ રજા આપી, મારી મુશ્કેલી એવણે વધારી દીધીછે. ખુદા કંઇ મને ભુખ્યો મારશે નહિં, જેહાંગીર શેઠ પણ આજને કાલ બીજી નોકરી મળે તેટલામાં મારી રંક ગુંજાશે મે જે કાંઈ નજીવી પુજી બચાવી રાખેલી હોય તે ઉપર મારો આધાર લટકયો છે. મને એક ગંભીર ગેરઇન્સાફ—"

"બેશક ગભીર ગેરઇન્સાફ દારાશાહે તમોને કીધો છે". જેહાંગીરે દાદીબાનો વાકય અધુરેથી જોડી આપ્યો, "અમે શુ જાણીએ કે અમારે લીધે તમોને તમારી રોજી ખોવી પડશે, નહિંતો અમે કદી એવણને આપણી વચે–"

"એટલે ? એટલે ? ઉભા રહો, જેહાંગીર શેઠ એમાં કાંઈ ભેદ છે !" ભોળો દાદીબા ભોળાઇથી બોલી ઉઠયો, "દારાશાહ શેઠે મને પોતાની નોકરીમાંથી બરતરફ કીધો, તે કાંઈ તમારી બાબદને લીધે નહિં કીધો હતો."

"સારે ?" જેહાંગીરને દારાશાહનો પ્રપચ અર્ધો પાઈ જવાથી તેણે એકદમ સવાલ કીધો.

"મને બરતરફ કરવાની નેમ જૂદીજ છે."

"તે શું?"

"હું દીલગીર છું કે એ બીનાં ઘણી ગંભીર હોવાથી તમોને જણાવી શકતો નથી, પણ વખત જતા તમોને એવણ તરફથીજ કદાચ બીજા ખોટા રૂપમાં જણાયા વિના રહેશે નહિં"

"દાદીબા! જેહાંગીર ખરો ભેદ મેળવવાને ખંતી હોવાથી કરગરીને બોલ્યો. 'તમારી પાસે એક મહેરબાની તરીકે માગી લઉ છુ કે મને એક ગ્રહસ્થ સમજીને વિશ્વાસપર તમારી બીના જણાવો—હું તે મરતા સુધી ખાનગી રાખીશ. દારાશાહે અમોને એમ જણાવ્યું છે કે તમે અમારી માગણી સ્વિકારી નહિં તેના ગુસ્સાંમા તેવણે તમોને એકદમ પોતાની નોકરીમાંથી બરતરફ કીધાછ.'

'કેવળ નાપાયદાર વાતછે, જેહાંગીર'" દાદીબા ઉશકેરાઇને બોલ્યો. "તમો બહાદુરશાહવાળાંઓ તરફથી આવેલી માંગણી મે સ્વિકારી નહિ તેથી દારાશાહ શેઠે મને કાઢી મુકયોજ નથી. આ વાત તદન જુદી છે. મને કાઢી મુકવાંના સબબ મે તમારાથી છુપાવવા ચાહ્યો હતો, પણ તમે વિશ્વાસપર ખાનગી રાખવાની કબુલાતે જાણવા ઇચ્છોછો તો તમોને મારા એક ભાઇ બરાબર ગણીને ખરો ખુલાસો કરવાની હવે હુ જરૂર જોઉ છુ. જેહાંગીર, મારી અને પરીન વચ્ચે પાક પ્યાર—"

"હું? ખરેખર?" જેહાંગીર એકદમ ચમકી ઉઠયો—તેનાથી દાદીબાને જોશમાં ઉપલો સવાલ પુછાઇ ગયો. ગરીબ બચારો દાદીબા! અંદરનો ભેદ શુ જાણે?

"હુ ખુદાનાં ઘર સુધી પવિત્ર એકરાર કરૂં છું, જેહાંગીર, કે પરીનને હુ પાક પ્યારથી ચાહું છુ" દાદીબા ખુલાશો કરવાના ખ્યાલમાં આગળ વધ્યો અને જેહાંગીરનાં આખાં અંગમાંથી વિજળીનો એક ઝટકો પસાર થઇ ગયો' તે જવાન બહાદુરશાહ મોહોડાંપરથી ફિકકો પડી ગયો. તેનુ અંગ થરથર ધ્રુજવા લાગ્યુ. દાદીબા પોતે આ વખતે ઉશ્કેરાયલો હોવાથી જેહાંગીરને ઉપજેલો ઘભરાટ તે જોઇ શકયો નહિં!

"નસીબ! નસીબ!" દાદીબા નહિ જોય તેમ જેહાંગીર મનમાં બરબડયો. "દારાશાહને મળવા ગયો તો ત્યાં નિરાશી! પરીનને મળ્યો તો ત્યાં નિરાશી! અને આજે દાદીબાને મળવા આવ્યો તો અહીં પણ નીરાશીજ! કોણ જાણે એનું છેવટ શુ આવશે તે હું સમજી શકતો નથી. હુ તો એમ ધારતો હતો કે દાદીબા સાથ પરીનને કાંઇ સંબંધ નથી. પણ એ ધારણા તો અહીં ઉંધી વળેલી દેખું! મને પરીને ગઇ કાલે સાબુત વાલો' હવે પરીન મને મળવી મુશ્કેલ છે! ઓ નસીબ! નસીબ! નસીબ!"

"તમે સાંભળોછ કે જેહાંગીર?" દાદીબાએ જેહાંગીરને કાંઈ વિચારમાં પડેલો જોઈ બોલતાં અચકીને પૂછ્યું. "તમે સાંભળોછ કે?"

'હા—હું સાંભળુછ.'

'ત્યારે તમારા હોઠ કેમ હીલેછ?"

'નહિ—કાંઈ નથી.

"ત્યારે સાંભળો—તમે મારી ખાનગી બીના જાણવાજ ચાહીછ તો પૂરેપૂરી જાણો કે મને થયલા ગેરઇનસાફના તમોને ખરો ખ્યાલ આવે" દાદીબા ભોળાઇમાં પોતાનો ખુલાશો આગળ વધારતો ગયો. તેને જેહાંગીરના છાતીમા કેવો ધરતીકંપ ચાલી રહ્યોછે તેની થોડીજ ખબર હતી! "પરીનને હું ચાહુછ—ખરા જીગરથી ચાહુછ. મેં ઠરાવ કીધોછ કે પરણવું તો પરીન સાથ પરણવું અને નહિતો આખો જન્મારો કુંવારો ગાળવો.

"પણ પરીન તમોને ચાહેછ કે?" જેહાંગીર અદેખાઈની આગમા ખળખળી રહેલો હોવા છતાં આ સવાલ કરવાની તેણે અગત્ય વિચારી.

"તો નહિ? પરીન મને ચાહેછ તેજ દુખ દાવરશેઠને લાગ્યુછ તો?" દાદીબાએ ભોળાઇમાં ખરો ખોલાસો કરી દીધો. 'પરીન મને ચાહેછ તેથી તો વગર વાંકે ને વગર તકસીરે દારાશાહે મને આ ગલાર ગેરઈનસાફ કીધો! કેવુ અજબ જેવું છે કે અંદરખાને ખરી હકીકત આએ છતાં તમારી તરફની માંગણી મેં ના પાડી તે ઉપર તે વાત ચઢાવી દીધીછ!'

દાદીબા, શુ એ સઘળું ખરૂંછે?' જેહાંગીર હજી શકાશીલ થયો.

'ઈંચે ઈંચ ખરૂ—હુ પાક એકરાર કરૂછુ કે બોલેબોલ ખરૂં.'

'અમારી તરફની મરજી દાવરશેઠે તમોને જણાવી હતી કે?' જેહાંગીરે પુછ્યુ.

'હા—હું કદી ખોટું કહીશ નહિ." દાદીબા બોલ્યો. "એ વિષે એવણે મારી એટલી પુઠ લીધી હતી કે એક સગો બાપ પોતાના દિકરા કે દિકરી પર એટલુ દબાણ ચલાવે નહિ.'

"તેનો સબબ શુ?'

"તેનો સબબ એજ કે હુ તમારે ત્યાંના સબંધમાં આઉં તો પરીન પરથી હાથ ઉઠાંઉ."

"જો તેમ હોય તો અમે તમારે વિષે એવણને ફરમાશ કીધી, તે આગમચનાં એવણ તમારો ને પરીન વચ્ચેનો સબંધ જાણતા હોવા જોઇએ." જેહાંગીરે દાદીબાને ચાંપી જોયો.

"તે ખરી વાત છે."

"તે એવણે કેમ જાણ્યો?"

"પરીનની આયા ફુટવાથી."

"શું આયાને સઘળી બીનાની ખબર હતી?"

'હા.'

"તેનું નામ શું?"

"લુસી! એ ચંડાળે તો અમારો ઘાણ વાળ્યો."

"તમોને એકદમ બરતરફ કરવાને બદલે અમારી જોડે જોડાયલા જોવાની જો એવણની ઇચ્છા હોયનો તે તમારાં ભલાની ઇચ્છા હતી, દાદીબા?"

"તે ભલાની ઇચ્છા નહિ હતી, જેહાંગીર શેઠ, તે એવણની આપ મતલબી ઇચ્છા હતી. દાદીબાએ જુસ્સાથી જવાબ દીધો.

'તમે શું બોલોછો તે હું સમજતો નથી'

"દારાશાહ શેઠ મને પગેન સાથ પરણનો જોઈ નહિ શકતા હોવાથી મને પરીનના મારગમાંથી દુર કરવા સારૂ તમારાં બહેન સાથ જોડવાને અતિ આતુર હતા. હવે સમજ્યા શેઠ! પછી પરીનને—

'પરીનને શું?' જેહાંગીરને ચટપટ થઇ

'પરીનને એક મોટે ખાચરે પરણાવવાને તેવણને બની આવે'"

'એ મોટું ખાચરૂ કિયું!' 'તેનું કંઇ નામ નિશાન?'

"વળી તમે કેમ નથી જાણતા? દારાશાહ શેઠને પોતાનાં ખાનદાનનું અભિમાન કેટલું બધું છે તે તમોને ક્યાં અજાણ્યું હશે!" દાદીબાને લાગ્યું કે જેહાંગીર અજાણો થઇને પુછેછે પણ જેહાંગીરની મતલબ તો કાંઇને કાંઈ નવું જાણવાની—પરીનને કોણ સાથ પરણાવવાની મરજી છે તે જાણવાની—હોવાથી, તે આમ પુછતો હતો. "દારાશાહની નજર પૈસાની રેલછેલ ને માન અકરામની માનમાગુ મોટાઇઓર ઘણી છે, એ શું તમોને ખબર નથી?"

"હું એવી એવી બાબદોથી કેવળ બેખબર છું, દાદીબા" જેહાંગીર ભેદ મેળવવા માટે દાદીબાના પેટમાં ભરાવા લાગ્યો. "તમો જેટલા દારાશાહ શેઠના સહવાસમાં આવ્યા છો તેટલું હું નથી આવ્યો. તમોને ખબર હોય એટલું મને ખબર ક્યાંથી હોય? શું પરીનને તેવણ કોઇ મોટે ખાંચરે પરણાવવા ધારેછે!"

"હા"

"ક્યાં?"

"તે તમોને ખબર છે"

"મને?"

"હા"

"એ તમે શું બોલોછ, દાદીબા ! હું કાંઇ જાણુતો નથી. પરીન વિષે મને ન દારાશાહ શેઠને કોઇ પણ દિવસે કસ્સી વાત થઇ નથી."

"પણ હવે થશે"

"એટલે ?"

"તે હું જાણુતો નથી"

"ખુદા ખાતર મને સરખુ સમજાવો !"

"તમો સમજોછ, પણ મારા ચોખા ચાખી જોવા સારૂ ચીંગા થાઓછ!" દાદીબાએ રોકડુ પરખાવ્યુ.

"હું ખરૂં કહુંછ કે હું કાંઇજ જાણુતો નથી દાદીબા, મને માનો-હું કદી ખોટુ બોલ્યો નથી.

"પરીનના પિતાની નજર કોણપર છે તે શુ તમોને સ્હેજબી ખબર નથી. ?"

"સ્હેજબી નહિ."

"વારૂ તમે કયા ધારોછો ?"

"હું કશુ ધારી શકતો નથી."

"એવણુની નજર તમારી ઉપર છે, જેહાંગીર !"

"મારા ઉપર !" એક વીજળીનાં ઝટકાથી ચમકે તેમ જેહાંગીર ચમકીને બોલ્યો. તે તમામ નાઉમેદ થઇ ગયો હતો પણ દાદીબાના આ સખુનોએ તેને એકવાર નવી ઉમેદ બક્ષી. પોતાને ઉપજેલી ખુશાલી દાદીબા પામી નહિ જાય તેની સાહુચેતી રાખી જેહાંગીરે જવાબ દીધો. "હુ એ વાત માનતો નથી."

"માનતા નથી તો મુખત્યાર છો પણ જેહાંગીર શેઠ, મને મળેલી તક લઈ એક ખુલાસો કરવાની હુ તમારી પાસે દરગુજર ચાહું છુ કે પરીન હવે સદાની મારી છે—તેણી મને વચનથી બંધાઇ ચૂકેલી છે. અમારી વચ્ચે ભલે જીંદગી સુધી પરસ્પર નહિં મળવાની સરજત લટકેલી હોય, તો પણ અમે બન્ને એકમેકને દુરથી પણ સાચા પ્યારથી ચાહનારાં છીએ—વાસ્તે, કદાચ હવે પછી ભવિષ્યમાં દારાશાહ શેઠ પરીનનું કારજ તમારી ઉપર મોકલેબી, તો તે વખતે અમો બન્નેનાં સુખને ખાતર તમે મોટા મનથી નાં પાડજો. મારા જેવા ગરીબનું જીદગી સુધીનું સુખ લુટી લઇ તમે કદી સુખી થશો નહિ."

જેહાંગીરે કાંઈ જવાબ આપ્યો નહિ. દાદીબાનાં આ સખુનો તેને તીર મીસાલ ખુંચતા હતા, પણ "જે પરીનને તું ચાહેછે તેજ પરીચેહેર પુતલીને હું પણ ચાહુછ" એવું મનમાં બરબડીને જેહાંગીર ગુપચૂપ બેશી રહ્યો.

ચિત્ર ૧૩ મું.



[ફ્લોક—૭૦ ન૦ ખરેખાટ

“પરીન હવે સદાની મારી છે તેણી મને વચનથી બંધાઈ ચુકેલી છે . . . વાસ્તે કદાચ ભવિષ્યમાં દારાશાહ શેઠ હવે પછી પરીનનું કારજ તમારી પર મોકલેબી, તો તે વખતે અમો બન્નેના સુખને ખાતર તમે મોટા મનથી ના પાડજો મારા જેવા ગરીબનું જીંદગી સુધીનું સુખ લુટી લઈ તમે કદી સુખી થશો નહી.”

પ્રકરણ ૩૧ મું.

બહાદુરશાહનો બળાપો.

જેહાંગીરે કશો જવાબ દીધો નહિ તેથી દાદીબાને જરા વ્હેમ ઉપજ્યો, પણ હવે વધારે ચોખો ચાંપવામાં ફાયદો નથી એમ માની તેતુરત વેળા ચૂપ રહ્યો.

"દાદીબા, તમે તમારો ખાનગી ભેદ મને ખુલ્લાં દિલથી કહી દીધો તે વિષે બેફિકર રહેજો." ઠાવકા જેહાંગીરે દાદીબાની છેલ્લી સૂચનાનો કશો જવાબ દીધા વિના વાત ફેરવી નાખી. "તમે મને તમારા વિશ્વાસમાં લીધો છે, તો હું તે વિશ્વાસનો ભંગ કરીશ નહિ."

વાહલા વાંચનાર! શુ જેહાગીર પોતાના છેલ્લા સખુનોને સાચો નીવડશે? આપણે તે હવે પછી જોઇશું.

'તમે આજકાલ દાવર લાડજમાં ગયા હતા કે, જેહાંગીર?" દાદીબાએ જેહાગીરને એક અગત્યનો સવાલ કીધો.

"નહિ!" જેહાંગીર જુઠ્ઠુ બોલ્યો. "હુ ઘણા દિવસથી ત્યાં ગયો નથી."

"તમે દારાશાહ શેઠને છેલ્લા કયારે મળ્યા હતા?

'અમારે ત્યાં આ અઠવાડિયામાં તેવણ મળવા આવ્યા હતા ત્યારે."

"તે પછી શું તમે તેવણને મળ્યાજ નથી?

"નહિ!" જેહાગીર બીજીવાર જુઠુ બોલ્યો. દાદીબા જેહાંગીર તરફ વ્હેમાયો હતો તેથી જાણવા ઇચ્છતો હતો કે તેને બરતરફ કર્યા પછી જેહાંગીર પરીનને મળવા પામ્યો હતો કે નહિ. જેહાગીરે ના પાડવાથી દાદીબા અંત કરણમાં ખુશી થયો.

"મેં તમારાં બ્હેન વિષેની માગણી ના પાડી એ વાત તમોને એવણે ક્યારે અને કેમ જણાવી! તમે તો કહો છો કે એવણ હજી તમોને મળ્યા નથી."

"તમોને કાઢી મેલ્યા પછી બ્હારવણે—મારાં માતાજીપર ચીઠ્ઠી લખીને એવણે એ બીના અમોને જણાવી હતી."

"અને તેમાં શું લખ્યું હતું?"

"લખ્યું હતું કે દાદીબાનું ખાનદાન કાંઈ નથી—એનાં માબાપ કોણ છે તેની એને ખબર નથી—એનું કુટુંબ ઇજ્જતમંદ હોય એમ હું ધારતો નથી વગેરે વગેરે લખીને સલાહ આપી કે તમે હવે એની ઉપરથી હાથ ઉઠાવવો. તમારી માંગણી નામંજૂર કરવાની સજામાં મેં એને મારી નોકરીમાંથી એકદમ બરતરફ કીધો છે, ઇત્યાદી."

'અફ્સોસ ! કેવું હરરડતુ જુઠ્ઠુ !" દાદીબા કગળી પડયો. "ભલે એવણે મારી ગીબત તમોને લખી મોકલી હોય પણ મેં તો એવણનુ નીમક ખાધેલું છે તેથી મારાથી કાંઈ બોલાતુ નથી.

"તમે દાવર લાઉંજમાથી ચાલી ગયા ત્યારે પરીન ક્યાં હતી ?"

"ત્યાં હાજર હતી "

"તેણી કાંઈ બોલી કે ?

'નહિ બોલે ?"

"શુ બોલી ?'

"મારી તરફદારી ખેંચી. જેમ 'ચીભડાના ચોરને ફાસીની સજા' થાય તેમ મારો ને તેની વચ્ચે વધેલા પાક પ્યારને માટે મને એકદમ રોજથી કહાડી મેલવાની ફરતા કેટલી સખ્ત છે તેની ને વ્હાલીએ તેવણને યાદ આપી."

"અને પછી ?"

"પછી શુ ? પથ્થરપર પાણી ! જે માણસ ખાનદાનની મોટાઈ પર ચળી રહેલો હોય, જેની નજર પ્યાર કરતાં પૈસાપર વધુ હોય, જેની નજરમાં ગરીબો સઘળા નીચા ને હલકા કુળનાજ લાગતા હોય, તે મમતી માણસ કદીબી પોતાની મમત છોડે?"

"કદી નહિં." જેહાગીરે જવાબ આપ્યો. જાણે દાદીબાના દુઃખમા તે કેટલો બધો દુઃખી થતો હોય તેવો તેણે દેખાવ કીધો. ભોળો દાદીબા તેને ભલો સમજ્યો '

પરીન પર ફિદા થયલા તે ખુબસુરત જવાનનો પેટમા ભરાઈને સઘળો ભેદ પામી લીધા પછી, જેહાંગીર હવે જવા ઉઠયો. દાદીબાએ તેને માનપૂર્વક વળાવ્યો.

"હુ મારા કુથલામાજ એટલો લીન થઈ ગયો કે આદમાય વિષે તેને ફરીથી કાંઇ પણ સવાલ કરી શક્યો નહિં." જેહાગીર ગાડીમાં એકલો વિચારવા પડયો. "પણ એ મારા કટ્ટા હરીકનો ખુલાશો જાણી લીધા પછી હુ આદા વિષે વાત છેડતે તો હુંજ મૂર્ખમાં લેખાતે ! પરીનનો ભેદ આજે મને પૂરો પાયોછે ! એ ખુબસુરત છોકરી એ મુછના મનોહર મુખડા પર લોભાઇ પડે એમાં નવાઇ નથી; પણ હુંબી ખરો કે એ બન્ને વચ્ચે હાલમાં પડેલી ફાટનો લાભ લઇ દારાશાહ શેઠની મદદથી એ ખુબસુરત પખેરૂં હુજ જીતી જાઊં ! દાવરશેઠના દબાણુ આગળ પરીનનુ શુ ચાલવાનુ છે ' વળી દાદીબાનો પગ પોતાની સીહડીથી ઉતાર્યા પછી પરીનનાં ગમે એવા આગ્રહને દારાશાહ શરણુ થાય એ વાત કદી માનવાજોગ હોય નહિં પરીન હવે દાદીબાને મળી ચૂકી ! દાદીબા પોતેજ બોલ્યોછ કે દારાશાહ શેઠની નજર મારી ઉપર છે. શું એ ખરૂં હશે ? જો તેમજ હોય—એ મુર્ખાએ મને ભોળાઈમાં કહી દીધેલો ભેદ

જો ખરોજ હોય—તો જેહાંગીર ! પરીન તારીજ છે એમ જાણ ! જ્યાં સુધી દારાશાહની પોતાની મરજી મારી તરફ છે ત્યાં સુધી મને ડરવાનું કશું નથી. હવે એટલું થવું જોઇએ કે પરીન દાદીબાને મળવા નહિં પામે—અથવા—એઓ વચ્ચે પત્ર વ્યવ્હાર ચાલવા નહિ પામે. દાવરશેઠ કંઇ કાચા નથી, પણ હું પહેલી તકે એ વિષે એવણુને લગાર ભયભીત રૂપમાં કહીશ. બિચારો આઇ કેવી દુઃખી થશે ! જો એ મુરખો હજીબી પોતાની હઠ છોડી દઇ, પરીન પરનો હાથ ઉઠાવી, આઇમાયને કબૂલ રાખે તો મારી ઉમેદ પાર પાડવા સાથે મારી બેહેનને સુખી કરવાનો જશબી મને મળે, પણ તે દહાડો ક્યાં છે ? એમ કદી બનવાનું નથી. એ ચબરાક દુકતીએ (પરીને) મને ગઈ કાલે કેવો વાહ્યો ? કેવો ઠગ્યો ? 'દાદીબા સાથ મને શું લાગેછ—વળગેછ ?' એમ કહી મારાં વરસ કેવાં વેચ્યાં ? પણ આજે હવે હુ એનાં અંદરખાંનેનાં ભેદથી અંજાણો રહ્યો નથી !

જેહાંગીર આ વિચારમાં ને વિચારમાં એટલો લીન થઈ ગયો હતો કે "જેહાંગીર કાસ્ટલ"નાં મોટા લોખંડી દરવાજામાં તેની દમામદાર ગાડી દાખલ થઇને બાગનો ચકરાવો પસાર કરી જ્યારે પોર્ટીકોમાં આવી ઉભી રહી, ત્યારેજ તેને ભાન આવ્યું કે ઘેર આવ્યું છે ! તેનાં ભપકાદાર ઘોડાવાળાએ ભપકામાં ગાડીનું બારણું ઉઘાડતાંજ તે ઝડપથી ઉતરી 'કાસ્ટલ' મેહેલમાં ગયો.

પ્રકરણ ૩૨ મું.

—x•x—

"સ્વારથિયો સંસાર."

તે જવાન બહાદુરશાહે "જહાંગીર કાસ્ટલ"માં આવ્યા બરાબર પોતાની માતાને મળવા માગ્યું. શેઠાણી રતનબાઇ તુરત જેહાંગીરનાં ઓરડામાં ગયાં. તેવણે જેહાંગીરનાં મોંહડાપર થયલા ફેરફાર ઉપરથીજ પારખી લીધુ કે કાંઇ સારા સમાચારની વાત નથી.

"કેમ, જાંગુ ! મને કાંય બોલાવી, દિકરા ?" તેવણે પોતાના દિકરાની ખુરસીની પાસે એક કોચપર જગ્યા લેતાં પુછ્યું. આ વખતે સાંજ થયલી હોવાથી ઓરડામાં રોશની પ્રકાશતી હતી.

"હુ પેલા નેકનામને મળી આવ્યો, માતાજી" જેહાંગીરે ટણકાથી વાત છેડી.

"નેકનામ કોણ, જેહાંગીર ?" સમજ નહિ પડવાથી શેઠાણી રતનબાઇએ પૂછ્યું.

પેલા આપણી આઇએ પસદ કીધેલી શોભતી સુરત દાદીબા!" જેહાગીરે ચીચવાટ સાથ ખોલાશો કીધો. "વળી બીજું કોણ?"

"એ આજે એમ ચીચવાયલો કાંય બોલેછ, જેહાંગીર?"

"ચીચવાંઉ નહિં તો શુ કરૂં, માયજી? એણે આઈની માંગણી સાફ તુચ્છકારી કાઢી તેથી મને રીશ ચઢીછ" જેહાંગીરે ખરો ખોલાશો છુપાવી દઈ એક તદ્દન ખોટો ખુલાશો અડાવી દીધો. "આઈ સાથ પરણવાની એની મરજી નથી."

"ત્યારે એ કોણ સાથ પરણવા માંગેછ?" શેઠાણી રતનબાઇએ લાયક રીતે સવાલ મુક્યો.

"તે હું શુ જાણું?"

"તે એને એ વાત વિગતથી પૂછી કે?"

"હા."

"પછી એણે શું કહ્યું?"

"સાફ ના પાડી."

"પણ તેમ કરવાનું કંઇ કારણ? કાંઇ સબબ?"

"તે મને તેણે કાંઈ કહ્યો નહિ!"

"તેણે કહ્યો નહિં પણ તેં પુછ્યો કાંય નહિ."

"તેનાં બોલવા પરથી એમ લાગેછ કે તે કોઈ સાથ બંધાઈ ચુકોછ."

"કોણ સાથ?"

"તે હુ જાણુતો નથી."

"પરીન સાથ તો નહિં હોય, જેહાંગીર?" શેઠાણી રતનબાઇએ આબાદ અટકળ કીધી. "એ છોકરી સાથ એને ઘણું સારૂ હતું. હું ધારૂંછ કે જ્યાં છે ત્યાં દાદીબા પરીનની ખુબસુરતી પર લોભાયલો છે."

"છટ! છટ!" જેહાંગીરને આ વાત નહિં રૂચવાથી તેણે તિરસ્કાર બતાવ્યો. "એવા એક રખડતા પોર્યાને પરીન પોતાનો ભરથાર કરે, માયજી? તમેબી શું અક્કલમાં નહિં ઉતરે એવી તર્કો કરોછ! શું પરીન એવા ભમતા ભીખારડાનો પલભારબી ખ્યાલ કરે? હું કદી માનું નહિં—એ વાત કદી બને નહિં!"

"જે વાત આપણે નહિ બને એવી ધારીએછ, તેજ વાત કોઇ વાર બનીને આપણને અચરત કરેછ!" શેઠાણી રતનબાઇએ હુજત લીધી. "મેં એવા ઘણા દાખલા જોયલા છે. તું ના કહેછ તો શું થયું, પણ હું ધારૂંછ કે દાદીબા પરીનની ઉમેદમાં છે, નહિં તો આપણી માંગણી—"

"માયજી, તમે જાણુતાં નથી." પરીનને દાદીબા ચાહેછે. એવી વાજબી અટકળ પણ જેહાંગીરથી તામોસ થઇ નહિં શકવાથી તેણે ફરીથી ચી-

ચવાઇને કહ્યું. " એ રખરતા રખડેલને પરીન કદાચ ચાહેબી, પણ દારાશાહ એ પસંદગીને વ્હાલી આપે એમ તમે ધારોછ? દાવરશેઠ કદી એ પગલું પસંદ કરે નહિ. ખાનદાનનું અભિમાન એ માણસમાં એટલુ બધુ છે કે ઘેર-બાર વગરનાં એવા એક તમામ પરતંત્ર જવાનને પોતાની દિકરી આપવાનો ખ્યાલ વટીક કરે એમ માનવું સરતાપા મુર્ખાઇ ભરેલું છે."

" જો એમ હોય તો દાદીબાને બીજું ખેંચાણ કિયુ હોય? તારા વિચારોબી ધ્યાનમાં લેવા જોગ છે, પણ જેહાંગીર, એ વિષે મને મજબૂત શક છે. દારાશાહનેબી દાદીબાજ ગમતો હોય અને આપણી મનસમજૂત કરવા સારૂ એને થોડો વખત બરતરફ કીધો હોય એ શું બનવા જોગ નથી?"

" નહિ—એ વાત તમામ ભૂલ ભરેલી છે."

" શા ઉપરથી?"

" તેનો એક બીજો ભેદ હું જાણુંછ તે ઉપરથી." જેહાંગીરે પરીન તરફની પોતાની ઉમેદવારી હવે જલદી જાહેર કરી દેવા માટે એક બીજું સાબુત જુઠ ગુલબાન ઉઠાવ્યુ.

" મે મારા એક ભરોશેદાર મિત્ર મારફતે સાંભળ્યુંછ કે દારાશાહ પર પરીનનુ માગુ એક જાણીતા માતબર પારસી જવાને મોકલ્યુછ અને જે વ-ખત જાયછ તેમાં એ કામ બની જાય એમ છે. માયજી, મારો વિચાર એમ છે કે મેં ઘણા દિવસ થયા પરીનને મારી કરવાનો વિચાર રાખેલો છે, તેથી જો તમારી રજા હોય તો, એ વિષે કાલને કાલ આપણે દારાશાહ પર માં-ગણી મોકલીએ. હુ તો આઇને પરણાવીને પછીજ પરણવાની ઉમેદ રાખતો હતો, પણ વખત તેથી ઉલટો આવ્યોછ. આઇનું કામ સુધરે એમ નથી, અને મારૂં કામ જો વખત ખોહીશું તો બીગડી જવાની અણીપર છે. દારા-શાહ એકવાર તે જવાનને કબુલ થઈ ચૂક્યા તો પરીનનાં બાબમાં મને નિ-રાશ થવું પડશે, વાસ્તે, તમે કાલ ને કાલ કોઈ ઠાવકાં માણસ સાથ તમારે નામે મેહેરબાઈપિર પરીનનું માગુ મોકલો. હજી આપણા હાથમાં વખત છે."

આઈમાયને મળેલી નિરાશીથી શેઠાણી રતનબાઇનો જીવ દલગીર થયો હતો, તે છતાં જેહાંગીરે પરીનની માગણી મોકલવાની મરજી જણાવ્યાથી તેવણ રાજી થયાં. જેહાંગીરને સંસારમાં નાખી બહાદુરશાહનો વશાવેલો વધા-રવાને શેઠાણી રતનબાઈ કેવાં ખાહેશમંદ હતાં તે વાત અંજાણી નથી. આ-ગળ એકવાર જેહાંગીરને તે વિષે તેવણે પોતાનાં વિચારો જણાવેલા આપણે વાંચી આવ્યાં છીએ.

" તારાં નેક કામમાં ખુદા તુને મદદ કરે, દિકરા" માતાએ દિકરાને દુવા દઇ ખુશી જણાવી. " એવાં નેક કામમાં કોણની ના હોય? હું મારૂ ઘેર વાજતું—ગાજતું જોવાને કેવી ઉમેદવાર છું તે વાત તારાથી અંજાણી નથી. ખુદ

તુંને સારી બુદ્ધિ બક્ષે ને તારી ઉમેદમાં તુ પાર પડે ! હું કાલે પોતે મેહર-બાઇને મોહડે મોહડુ મળી આવશ."

જેહાંગીર આ સાંભળી ખુશી થયો. તેનાં મનની બેચેની જોકે થોડી ન હતી, પણુ પરીન તરફની તેની પસંદગીને પોતાની માતાએ ટેકો આપેલો જોઇ તે ખુશ ખુશ થઇ ગયો.

"બિચારી આઇ કેવી દલગીર થશે, માયજી ?" પોતાનું કરી રહ્યા પછી ભાઇને બેહેનની કદર આવી ' "પણ હૂ શુ કરૂ ? મારાથી બનતું મેં બજાવ્યુ."

"એના નસીબે જોર નહિ કીધા તેમાં તું શું કરશે, દિકરા ? જેવી જેની સરજત." અને શેઠાણી રતનબાઇ એમ બોલતાં જેહાંગીરનો ઓ-રડો છોડી ગયાં.

પ્રકરણ ૩૩ મું.

પરીનનું "માગું."

બીજે દીને શેઠાણી રતનબાઈ "દાવર લાડજ"માં મુલાકાતે ગયાં. તેવણુ સાથ દરેક વખત જેહાંગીર આવતો હતો, પણુ આજે નહિ આવવાનું કારણુ વાચનારને રોશન છે.

દારાશાહ દાવર અને તેવણુનાં ધણીઆણી મેહેરબાઇ આગલા દિવાન-ખાનામાં ખુશ ગોફતેગોમાં બેઠાં હતાં. શેઠાણી રતનબાઇના આવવાથી તેઓ ખુશ ખુશ થઇ ગયાં. દાવર શેઠને મોટે ખાંચરેનાંઓની દોસ્તી અને ઓળખ-પિછાણુનો "અભખરો" ભારી હોવાથી શેઠાણી રતનબાઇ જેવાં દરજ્જાદાર બાનું તેવણુને ત્યાં ચાલી–ચલાવીને મળવા આવે એને તેવણુ મોટું માન સમજતા હતા.

"મે હમણુાંજ મેહરી સાથ વાત કીધી કે શેઠાણી રતનબાઇને ઘણુા દિવસથી હું મળ્યો નથી તેથી આજે જરા જઈ આઉં." દારાશાહ બોલ્યા.

"કંઇ નહિજી, મનેબી આજે એક સબબસર તમારે ત્યાં આવવું પડયુંછ"

"તે શું, બાઇ સાહેબ ?"

"એ એક અગત્યનો અને ગંભીર સવાલ છે."

"હુ તે સમજ્યો."

"હુ નહિં ધારતી કે મારા કહેવા આગમચ તમે તે કલ્પી શકો, પછી તો સાહેબ જાણે !"

"પેલા નિમકહરામ દાદીબાનીજ વાત કેની ?"

"નહિજી, તમારી ભૂલ છે. હું તો કંઇ બીજી બાબદસર અહીં આવીછ." શેઠાંણી બોલ્યા. "હું તે બાબદ તમોને અત્રેથી ઘેર જતી વખત કહીશ તે આગમચ મને યાદેયાદ જરા પૂછી લેવા દો દારાશાહ, કે પેલા બિચારા દાદીબાને—"

"બિચારો ?—એ શુ બોલોછ, બાઇ સાહેબ" દારાશાહ ચીચવાઇ પડ્યા. "એ નાપાકનું નામ મારી આગળ મેહેરબાની કરી લેશો નાં. મને એની ઉપર ઘણી ઝાંઝ છુટેછ."

"તેનો સબબ ?"

"એણે મારા સખુનનું અપમાન કેમ કીધુ ?"

"તમારી ભૂલ છે, દારાશાહ, દાદીબા પોતાની મરજીનો માલેક છે" શેઠાણી રતનબાઇએ દાદીબાનો વાજબી બચાવ કીધો. "તે તમારી નોકરીનો તાબેદાર કહેવાય—પોતાના વિચારનો તાબેદાર નહિ કહેવાય તમે એને રજા કાંય આપી ?"

"તમારૂ એક નજીવું કામ મારાથી નહિ થયુ અને તે મુજીએ મારૂ અપમાન કીધાથી નહિ થયુ, તેથી મેં મારી નોકરીમાંથી તેને તેજ ઘડીએ બરતરફ કીધો."

"એ બિચારો અશરાફ જવાન તમારી એટલી બધી ઇતરાજીને, મારા વિચાર મુજબ, લાયક નહિ હતો. તે તમારી નોકરીમાં ચુકયો હતે ને તમે તેને કાઢી મૂકતે તો તે એક ઓર વાત હતી. પણ તેણે એક છોકરીને પસદ નહિ કીધી, તેથી તેને કાઢી મૂકવામાં ઓરબી અમોને ખરાબ લાગેલુ હુ સમજુંછ."

શેઠાણી રતનબાઈ બોલવામાં હમેશાં "રોકડિયાં" હતાં. વાજબી ચાબકો મારતી વેળા તેવણ ભલા ધનેતરની રૂખ રાખતાં ન હતાં. દારાશાહ શેઠને દાદીબા વિષે પોતાના વિચારો ખુલ્લા કહી આપ્યાથી તેવણનાં મનમાં જરા ઓછું તો આવ્યું, પણ એ ખુશામતખોર શેઠિયો માનનો ભૂખો હોવાથી શેઠાણીએ આપેલા ચાબકા ગુપચુપ ગળે ઉતારી દીધા. ખરી વાત તો એ હતી કે બહાદુરશાહવાળાઓની માંગણીનો અસ્વિકાર કીધાથી દારાશાહે દાદીબાને કાઢી મેલ્યો નહતો, પણ ખોટુ માન લેવા સારૂ દાવરશેઠે આ સઘળી બનાવટ કીધી હતી. સારે નસીબે સ્વતંત્ર ખવાશનાં શેઠાણી રતનબાઇને તથા જેહાંગીર બહાદુરશાહને તે પસંદ આવી નહિ, જે દારાશાહપર કુદરતનો એક મૂગો ઠપકો હતો. દાવર શેઠથી ચીઠ્ઠીમાં લખતાં લખાઈ તો ગયું કે "એ છોકરાને તમારો સખુન માથે નહીં ચઢાવવાના સવાદ તરીકે કાલ ને કાલ મેં મારી નોકરીમાંથી બરતરફ કીધોચ" [જુઓ પ્રકરણ ૨૫ મુ.] પણ પાછળથી તેવણને તે ભારી પડી ગયું. "અમારે લીધે એ બિચારાની રોજી જતી

રહી એ વાત મને જરા પસંદ નથી" એમ શેઠાણી રતનબાઇએ રોકડે રોકડું પરખાવી દીધાથી દાવરશેઠને તેવણનું મન જેમ તેમ મનાવી લેવું પડયું.

મતલબી માણસ મોંઢાપર ગમે એવું મીઠું હોય છે, પણ કોઈવાર તે ફરી જાય છે. મતલબ વગરનું માણસ જાત છેજ નહિ, પણ પોતાનું કામ-કાઢી લઇને પાછળથી એવફાઈ બતાવનારાં બુબધોથી ખલક કાંઈ ખાલી નથી.

"બાઇ સાહેબ. હવે આપણે બીજી વાતપર આવિયે" દાદીબાની વાત પર જેમ તેમ ઢાંકણું ઢાંકી દાવરશેઠે વાત ફેરવી નાખી. શેઠાણી રતનબાઇને પણ તેવણ જોડે આજે કામ લેવાનુ હતુ તેથી તે વાતપર અખાડા કરી ગયાં. "તમે આજે અમારી ગરીબ ઝુંપડીમાં તસદી લેવાનો સબબ શુ?"

"એ એક ગભીર બાબદ છે. એ વિષે પ્રથમ હું બેહેન મેહેરબાઇ સાથ વાત કરવા માગુંછ."

"ખુશીથી—બા ખુશીથી" દારાશાહ શેઠે ડોકું ધુણાવી રજા આપી. "ત્યારે હું અહીંથી જરા દર થાઉં?"

"અરે નહિ રેજી, તમોને દૂર જવાનુ કઇ કારણ નથી" શેઠાણી રતનબાઇ સભ્યતા બતાવી બોલ્યાં "હું હમણાં મારાં બેહેન સાથ વાત કરૂંછ અને એવણ તે તમોને કહી સંભળાવશે."

"બહુ સારૂ—બહુ સારૂ" કહી દાવર શેઠ જે ઇઝીચેરપર બેઠેલા હતાં ત્યાં લેટીને એક પેપર ઉદલાવવા પડ્યા.

"મેહેરી સાથ કરવાની એવી તે શુ વાત હશે? રખે મેહેરી કાંઇ કાચ્ચું કાપે" દારાશાહે પેપર હાથમાં લીધુ ખરૂ, પણ તેવણને શેઠાણી રતનબાઈની "ગંભીર બાબત" શું હશે તે વિષે કળ નહિ પડવાથી મનમાં ને મનમાં વિચારવા પડ્યા. "બૈરાંઓ કોઈ કોઇ વાર એવો આટો બાંધેછ, કે બસ થઇને નહિ! હું તો મરી જાઉં તો બૈરાંઓનો વિશ્વાષ નહિ કરૂં!"

"જુઓની મેહેરબાઈ માય," શેઠાણી રતનબાઈ મેહેરબાઇની પાસે ખુરશી ખશેડી હળવેથી બોલ્યાં "હું તમારે ત્યાં આજે એક સારા સગણની વાત લાવીછ. આપણી પરીન ક્યાં છે?"

"જી, એનાં ઓરડામાં લેસનપર બેઠીછ" મેહેરબાઇએ વાત ઉડાવી. ખરી વાત તો એ હતી કે દાદીબા ગયો ત્યારથી પરીન તેનાં ગમમાં ને ગમમાં ઝુરાયા કરતી હતી. તેને સઘળું ઝેર જેવું થઇ લાગ્યું હતું.

"એ ઘેર શોભિત દિકરીને હું મારી વહુ કરવા માગુંછ." શેઠાણી રતનબાઈ હસીને બોલ્યાં. "મારા દિકરાને એ ઘણી ગમેછ."

મહેરબાઈ ખુશી થઈ ગયાં. દાવરશેઠનાં આ ભોળાં ધણીઆણી પોતાની એક પુરી દીકરીને પરણાવીને તેની "ભલાઇ" જોવાની ઘણી ઉમેદ રાખતાં હતાં-ખાસ કરીને દારાશાહે જહાંગીર બહાદુરશાહ વિષે એક વખત વાત કીધી

હતી તે પછીથી વધારે ખંતીલા થયાં હતાં-તેટલાં ઘર બેઠાં મોહડે માગ્યું માગું આવેલું જોઈ મેહેરબાઇને ઘણી ખુશી ઉપજી. વળી દાદીબાના જવાથી પરીન ગમગીન બની ગઈ હતી તેવા વખતમાં આ "વધાઇ" તેવણુને વધારે આવકાર દાયક જણાઇ.

"મારી દીકરી તે તમારીજ દિકરી છે, મરૂં, રતનબાઇ માય, એ વાતમાં હું ઘણી ખુશી છું. તમારાં જેવાં ખાનદાંની માણુસો અમારાં વહેવાઇ થાય એ અમારાં સારાં ભાએગની નિશાની હું સમજુંછ. જીમરૂં દારાશાહજી એ વાતમાં કદી નારાજ નહિ થશે" અને અહીં મેહેરબાઈ દારાશાહ તરફ ફરીને બોલ્યા "સાંભળોછ કે જી ભરૂ! બેહેન રતનબાઈ આપણી પરીનને પોતાની વહુ કરવા માંગેછ."

"કોણુને?" દારાશાહના કાનને ઉપલા શબ્દો અથડતાંજ તેવણુ ખુશાલીથી ચમકી ઉઠયા! આપણી પરીન દિકરીને?"

"હાજી."

"પરીનનું એવું કયાં નસીબ કે જેહાંગીર જેવા અમીરી ભરથારનું છત્તર મેળવે" દારાશાહ શેઠ હાથમાંનુ પેપર પડતુ નાંખી શેઠાણી રતનબાઈની પડોશમાં એક બીજી ખુરશી પડેલી હતી ત્યાં બેશીને બોલ્યા. તેવણુની છાતી ખુશાલીથી ખીલી રહી હતી "બાઈ સાહેબ, અમો બેઉ ધણીધણીઆણીને ઘણા દિવસથી એજ ઉમેદ મનમાં હતી. અમારી દિકરી તમો જેવા કુળવાન ખાનદાનીઓને નહિં આપીયે તો કોણુને આપીયે. જેહાંગીર જેવો જમાઈ અમોને પસદ નહિં હોય તો કોણુ પસદ હોય? માત્ર એક અડચણુ છે અને તે—"

"તે શુ?"

"આટલી ઉમર છતાં પરીન હજુ પરણુવા ચહાતી નથી."

"એજ વાંધો છેની? બીજ઼ે તો કાંઇ નથીની?"

"રહેજબી નહિં."

"મારો જેહાંગીર એને પસંદ નથી એવુ તો કાંઇ નથીની?"

"ખુદા-ખુદા કરો, બાઇસાહેબ! એ શું બોલોછ!" જાણે પરીન જેહાંગીર પર કેવી ફીદા હોય તેમ દાવરશેઠે ડોળ ઘાલ્યુ "જહાંગીરને પરીન પસંદ નહિં કરે? નહિં? નહિં! મારી ગાય જેવી ગરીબ દિકરીને એ મોટા ગેરઇન્સાફ છે. ઉલટી એતો જ્યારે હોય ત્યારે એની તારીફ પર તારીફ કરેછ અને ત્યારથીજ અમે અમારાં દિલમાં ઊમેદ રાખી હતી કે પાંચે દહાડે એ જોડું જોડાઇને એક થશે."

"એને પરણુવા નથી ગમતું એનું કારણુ શુ?" શેઠાણી રતનબાઇએ વાજબી સવાલ પુછયો.

"આખો વખત એનું ધ્યાન લેસન પર છે, રતનબાઇ માય, તમે માનશો?" મેહેરબાઇએ દિકરીનાં બચાવમાં બૈરાઓની રીત મુજબ સીપલાં કીધાં. "કંઈ વાંચેછ–કંઈ વાંચેછ; કઇ લખેછ–કંઈ લખેછ કે આખા આખા દહાડા ને મોડી રાત સુધી જેનાં છેડા નહીં."

"મારી ભવિષની વહુએ લીધેલો રસ્તો કાંઈ ખોટો નથી, પણ હવે એ દીકરી ઉમરમાં આવેલી હોવાથી તેને સંસારમાં નાખવાની માબાપ તરીકે તમારી ફરજ છે. એ કામ હવે આપણે જેમ બને તેમ જલદી મન પર લઇએ તો સારૂ. મને ઊમેદ છે કે પરીન સમજુ છે. તમારી આપેલી સમજ અકારગત જશે નહિં. ચાલોજી, હવે હુ રજા લેઉંછ. આએ ખુશ ખબર સાંભળી મારો જી ભરૂ જાંહાંગીર છગન–મગન થઈ જશે. ભાઈ દારાશાહ–બ્હેન મહેરબાઇ, હું હવે રજા લેઉછ."

"બેસો મરૂં, જરા મીઠુ મોહડું કરીને જાવો! આપણી પહેલી 'હા–બોલ' આજનીજ સમજજોજી" મેહેરબાઇએ શેઠાણી રતનબાઇને થોબાવી મીઠાઇ મંગાવી, મીઠુ મોહડું કરાવી પછી રવાનાં કીધાં. આજનો દિવસ દાવર લાડજનાં ધણી–ધણીઆણીએ ખરો ભાગ્યશાળી માની લીધો.

ગરીબ બિચારી પરીન! પોતા પાછળ શુ શુ રધાય છે એ બીનાથી તેણી કેવી બિનવાકેફ છે! વાંચનાર કહેશે કે પરીન વિષેની ઉપલી 'હા–બોલ'માં પરીન પોતેજ કેમ ગેરહાજર હોય! તેના જવાબમાં જણાવવાની જરૂર છે કે શેઠાણી રતનબાઇએ તેને તે દહાડે ખાસ નહિં બોલાવવાનો સબબ એ હતો કે પરીન પરણુવા નથી ચાહતી તેને પરણુવા વિષે મનાવાનું કામ તેવણુનું નહિ પણ તેણીનાં માબાપનું હતું. વળી દારાશાહ અને મેહેરબાઇએ તેને નહિ બોલાવી તેનો સબબ વાંચનારને અંજાણ્યો નથી કે પરીન જેહાંગીરને ચાહાતીજ નથી. પરીનને તેઓ શેઠાણી રતનબાઇની હજુરમાં બોલાવે અને પરીન કદાચ પાટલો ફોડી આપે કે "હું જેહાંગીરને ચાહતીજ નથી" તો બન્ને માન માંગુ ધણી–ધણીઆણીનો ચોખ્ખો રકાશ થઈ જાય. એ રીતે બન્ને તરફના મુસ્તકીમ કારણોને લીધે, પરીનની યાદ થવા છતાં, બેઉ બાજુવાળાંઓ અખાડા કરી ગયાં. એ પગલુ કમનસીબ પરીનનાં બાબમાં પાછળથી બહુ દુઃખદાયક નીવડયું.

પ્રકરણ ૩૪ મું.

બાપ–બેટી વચ્ચે એક તીખ્ખી તકરાર.

દારાશાહ અને મેહેરબાઇએ મસલત કરીને બાહારવણે પરીનને પોતાના ઓરડામાં બોલાવી. દાદીબા જે દિવસથી "દાવર લાડજ" છોડી ગયો તે

દીનથી દાવરશેઠ પરીન સાથ રૂસાયલા હતા. તેથી "આજે એકાએક મને બોલાવવાનું કારણ શું ?" એમ વમાસતી તેણી ત્યાં ગઇ. પરીને ધાર્યું કે કદાચ દાદીબા વિષે કાંઈ બીજી પરપુછ કરવા અથવા બીજી કોઇ રીતની નવી સતાવણી ચાલુ કરવા માટે તેણીને બોલાવી હશે.

"અહી આવ દિકરા, મારી પાંસે આવ" પરીન ગમગીન ચેહેરે ઓરડામાં દાખલ થતાંજ દારાશાહ, જેવણ પોતાની રાબેતાની ઇઝીચેર પર અલેટાયલા હતા, તેવણે તેણીને હશીને આવકાર આપ્યો. પરીન વક્રી કરતા ઉલટી વલાણ જોઈ મનમાં હેરત થતી તેવણના પડોશમા મૂકેલી એક ખુરશી પર બેઠી, કે જ્યાં પાસેજ મેહેરબાઇ પણ બેઠેલાં હતાં.

"જો દિકરા, આજે તારા બાવા તુને બે સખુન કહેવા માગેછ તે ધ્યાનથી સાભળજે હો મઠ ?" મેહેરબાઇએ પરીનનાં બરડાપર હાથ ફેરવી પટાવીને કહ્યું "અમે જે કરશુ તે તારા લાભનુજ કરશુ—ગેરલાભનું કદી કરવાનાં નથી"

પરીન ચુપચુપ બેની રહી. વળી પાછો આ શુ ધરતી-ધ્રુજારો છે. તેના ડરથી તેનુ નાજુક અંતઃકરણ જે ધપકારા આપતું હતું, તે તેણી સ્પષ્ટ સાભળતી હતી !

"દિકરી પરીન," દાવરશેઠ ગંભીરપણે બોલ્યા. "આજે હુ તને એક ખુશખબર કહેવા માગુછ. બોલ, તે તું સાંભળશે. '

"તમારૂં કહેવું મે કિયે દહાડે નથી સાંભળ્યુ, બાવાજી ?" પરીને જવાબ આપ્યો. આ જવાબ આપ્યા સમેત તેની આંખ્યોમા પાણી આવી ગયા.

"તુ રડેછ કાય દિકરી ? જે વાત કહુછ તે તારા ભવિષના સુખની છે. એક ઠેકાણેથી તારૂ "માગુ" આયુછ.

"માગુ !" પરીન ચમકી ઉઠી. તેણીનાં આજુ ઉડી ગયાં. "બાવાજી, તમોને મારો હાલ સારી રીતે રોશન છે. '

"રોશન છે ને નહિં છે તેનુ શુ કરાંવછ, દિકરી ?" દાવરશેઠ નરમાસથી કામ લીધુ. "જેમ ગઇ ગુજરી વાત હુ ભૂલી ગયોછ તેમ તબી ભૂલી જવી જોઇએ. પરીન ! જેમ તુને સુખી કરવાની અમારી ફરજ છે તેમ અમોને તાબેદાર રહી અમારો સખુન માથે ચટાવવાની તારીબી ફરજ છે."

"હું ધારૂંછ ત્યાં સૂધી મે તે ફરજ પુરતી બજાવીછ, બાવા, ને હજી બજાવીશ." પરીને નમનતાઇથી જવાબ આપ્યો

"કેવી ડાહી દિકરી છે!" દારાશાહે ખુશી બતાવી. 'તાબેદાર ફરજંદો મા બાપને એક આશિવાદ સમાન છે. મને ઉમેદ છે કે તું મારો સખુન નાખશે નહિ."

"હુ તમારા હુકમની બ્હાર આજવર ગઇ નથી," પરીન બોલી. "પણ બાવાજી, મારી તાબેદારી મારૂ સુખ લુટનારી નહિં નીવડે એટલુંજ હુ ચાહીશ તમો મુરબ્બીજી સન્મુખ મારે વધૂ કશુ બોલવુ નથી."

"તેં જાણવુ જોઇએ દિકરી" દારાશાહ પરીનનો આ જવાબ સાંભળી નરમાસથી પટાવીને કહેવા લાગ્યા. "કે મારા પેટના ફરજંદને હું કદી દગો દઇશ નહિ. તેનુ ભલુંજ ચાહીશ-તેના દરેક સુખની કાળજીજ રાખીશ અને એ ઉપરાત તને તારા વિચારો મુબારક છે. જે ઠેકાણેથી તારૂ માગું આયુછ તે ઠેકાણું એવું ખાનદાની ને ઇઝતદાર—"

"બાવાજી! ખુદા ખાતર હુ એક દુખી અબળાને વધૂ દુખી ના કરો! મારી ઘણી નામરજી છતાં તમારી-મારા વચ્ચે ફરી એકવાર નવેસરથી કડવાસ ઉમેરાવાનો વખત પાસે આવેલો જોઇ મને ધ્રાસ્તીના ધ્રુજરા છુટેછ. તમોને સારી પેઠે રોશન છે કે મારૂ દિલ દાદીબા—"

"ચુઉકઉપ!" દાવરશેઠે દાદીબાનુ નામ સાંભળતાં વાર એક ડખાર મેલી. "તે નિમકહરામ મુછનુ નામ મારી આગળ કદીથી કદી લેતી ના."

પરીન ડચકા ખાવા પડી.

"દિકરી, જરા લાબો વિચાર કર!" મેહેરબાઈ હવે પરીનને પટાવવા પડયા. "તુ સમજદાર થઇને એકની એક ભમત પકડી બેશી અમોને દુ:ખી કરેછ? અમારી બધી હોશ-ઉમેદ માત્ર તારામા ભરેલી છે. તુ સુખી તો અમે સુખી ને તું દુખી તો અમે દુ:ખી. અમારા બુઢાપામા અમોને રંજીસ કરી તુ સારૂ ફળ મેળવવાની નથી, પરીન! મારો ડાહી દિકરી! હવે ગઇ ગુજરી ભુલી જા, ને—"

"માયજી, મારા માય! બાવાજી તો મારા સુખના ખ્યાલ છોડીજ બેઠાછ, પણ તમે તો કરો!" પરીન બન્ને હાથ જોડી કરગરીને કહેવા લાગી. "મારી મરજી વગર મને જોરજુલમાતથી પરણાવશો તો હુ કદી સુખી થવાની નથી. તમે સારી રીતે જાણોછ કે હુ વચનથી બંધાઇ ચૂકેલી છુ, કે જે વચન—

"જહાનમમાં ગયુ તારૂ વચન ને બચન! હુ તે કાંઇ માનવાનો નથી." દાવરશેઠ લગાર નેણ ફેરવી વાત કરવા માંડી. "એક રખડતો રખડેલ પોર્યો, તેને મારો જમાઇ કરૂં? શું મને ગામમાં જમાઈ મળતા નથી? શું હું નાગો-ભુખોધ્રુ? શુ હું મારી ઇઝતના કાંકરા થવા દેઉં? ના, એમ કદી બનવાનુ નથીજ."

"દારાશાહજી, છભરૂં તમે તપી નાં જાવો—ધીરજથી બોલો; દિકરી પરીન સમજુ ને શાણી છે. એ આપણુને રંજીસ કદી કરવાની નથી."

"માયજી—માયજી, હું કાંઈ બચ્ચું નથી. તે (દાદીબા) ગરીબ છે,

પણ સાચો ને સદ્ગુણી છે. તે મુફલેશ છે, પણ માયાળુ ને મેહેરબાન છે. ભલે મારાં નસીબમાં ગરીબાઇ વેઠવાની હોય પણ દાદીબાને પરણીને હું ખરૂં સુખી થવસ. પાક પ્યારની પવિત્ર પસંદગી આગળ પૈસાનું તકલીદી સુખ દરિયામાં ખસખસ જેવું છે. "

' એવુ ભાષણ કરવા બેસુ તો મનેબી કલાકના કલાક સુધી આવડે. સમજી ? ' દારાશાહ બોલ્યા. "પણ પૈસાની મોટાઇ તે કાંઇ ઓર મોટાઇ છે. વળી તેમાં ખાનદાનની મોટાઈ ઉમેરાઈ એટલે તો કીર્તિની ટોચે પુગાં જે કંગાલ પોર્યા સાથ તું પરણવા નીકળીછ તેની પાસ ઝેર ખાવાની એ: અરધી નથી વળી તે નથી તો નથી, પણ તેની સાથે તેના ખાંનદાન કુટુંબ-પરીવારનુબી ઠર-ઠેકાણુ નથી 'ગામમાં ઘેર નહિ ને સીમમા ખેત નહિ' એવા એક એબલગામણા દુકતા સાથ તું શુ જોઇને પરણવા નીકળીછ ' તુ કહી સુરત પર મોહી પડીછ ? જરા ચામડી દુધાળી છે તેપ કે ' એના કરતાં તો જેહાંગીર બહાદુરશાહ, જેણે ગઈ કાલે તારૂં માગુ મોકલ્યુ છ અને જે માગુ આપણે ઘેરબેઠાં ચાલી ચલાવીને શેઠાણી રતનબાઇ પોતે લઇ આયા, તે છોકરો શુ નરસ છે ' તારા તે રખડેલ પોર્યાની ને જેહાંગીરની જરા સરખામણી કરીને જો ? અને તને તેઓ વચ્ચે કેવો આસ્માન-જમીનનો ફેરછે તે આપમેળે જણાઈ આવશે. બહાદુરશાહવાળાંઓની ઈજત શુ બહાદુરશાહવાળાઓનો મોભો શુ ? બહાદુરશાહવાળાંઓનુ ખાનદાન શુ ? અને બહાદુરશાહવાળાઓની દોલતની રેલછેલ શું ? તેનો જરા ખયાલ કરશે તો તાર પગ આગળ આવીને ઠોકરાતા સુખને તું કેવી મૂર્ખાઇથી લાત મારવા નીકળીછ તેનુ તને ભાન આવશે. એ જેહાંગીર બહાદુરશાહને પરણ્યાથી તું આપણી કોમની એક દરજાદાર બાનુંમાં લેખાશે. એ બહાદુરશાહવાળાંઓ સાથ આપણો સંબંધ જોડાયાથી આપણને કેવી ઇઝત મળશે ને મરતબો વધશે. એ બહાદુરશાહવાળાંઓ આખી કોમનાં નાક જેવાં છે. આખી કોમમાં તેઓન જેવી દોલત અને જાહોજલાલી ધરાવનારૂં બીજું એકબી ખાનદાન નથી. એ સર્વે સાથ તારા શોભતા દાદીબાને સરખાવી જો ! જેહાંગીરને પરણશે તે બાગ બગીચા ને મેહેલનુ સુખ પામશે. ને એ એબ લગામણા દુકતાના ખ્યાલમાં પડી તો ઘેરેઘેર ને ગલીએ ગલી તુકડા રોટલીને ટવળશે. યાદ રાખજે પરીન, કે જેહાંગીર બહાદુરશાહ જેવો અમીરી ખાવીંદ તુ જો ખરી ભાગ્યશાળી હોય તોજ તને મળે ! એ મોટાં સુખને ઠોકર મારશે તો પાછલે દહાડે પસ્તાઇને મોહડામાં તમાચા મારી લેશે. જેહાંગીરને પરણી જવામાં તું સુખ થવા સાથે અમોનેબી રાજી રાખી શકશે, જ્યારે પેલા મુજી દુકતાના ખ્યાલમાં તું તારા સંસાર સુખનું નખ્ખોદ વાળવા સાથે જનમ-જનમની આઈ

ફ્તનરાજી ખેંચી લેશે. જો મારો સખુન તેં માથે નહિ ચઢાવ્યો તો એમજ જાણુજે ક તારી કે મારી જીંદગીના છેડા સુધી મારી દયા પર તારો કશો હક રહેશે નહિ. હું તુને વિચાર કરવા સારૂ અરધા કલાકની તક આપુછ, તેટલાંમાં તારાં સુખ કે દુખનો પુરતો ખ્યાલ કરી લેજે" અને એમ બોલી દારાશાહ દાવર તે માં–દિકરીને ત્યાં પડતાં મેલી તે દિવાનખાનુ છોડી ગયા.

પ્રકરણ ૩૫ મું.

પ્યાર વગરનું પરણવું.

પાચ મીનીટ સુધી તે ઓરડામા ચપકીદી પથરાઈ રહી. પરીનનાં ખુબસુરત ગોલાબી ગાલ પરથી આંસુની ધારા મોતી મિસાલ સરસર સરી પડતી હતી. તે કમનસીબ કુમારિકાની પાસેજ તેની માતા ગડમસ ચેહેરે તેનો ચહેરો ટીકતી બેઠી હતી '

"દિકરી! એ શુ કહેવાય?' થોડીવાર રહી મેહેરબાઈ બોલ્યાં. "આપણા સુખી ઘરને જાણીજોઇને તું દુઃખી કરવા બેઠીછ એમ મને લાગેછ, પણ એનુ પરિણામ સારૂ આવે એવું હુ ધારતી નથી મા–બાપના સખુનને માન આપનારા ફરજંદો જેમ દુખી થતા નથી, તેમ તેઓનાં હુકમથી ઉલટા ચાલનારાઓ સુખી થતાં નથી. તેં છેલો રસ્તો લીધેલો હોવાથી તારૂ ભવિષ સુખી નીવડે એમ મને લાગતુ નથી. જેહાંગીર બાહાદુરશાહ જેવો દોલત તેમજ દરજ્જાવાળો ધણી તું નાપસદ કરેછ એ તારી કેવી મુર્ખાઈ? મુર્ખાઈ જેવી મુર્ખાઈ? જો તારી જગ્યા પર કોઈ બીજી છોકરી હતે તો તે પોતાને એવો ભાગ્યશાળી ભરથાર મળતો જોઈ હરખથી ઘેલી થઈ જતે. પરીન! પરીન! જરા સાવધ થા! તારા ભેજામા ભમી રહેલા વિચારોને એકદમ તરક કર અને આપણી સીહડીએ એસતકબાલ આવેલાં સુખને તરછોડી નાં નાખ. આ માંગણી નાં પાડીને તું તારા સસારસુખનુ નખ્ખોદ વાળશે. તારાં માત–પિતાની ભલી ઉમેદોને કચડી નાખશે–તારા પોતાના હકમા હાથે કરીને તું મોહું નુકશાન કરી લેશે."

પરીન કાંઈ બોલી નહિં.

"દાદીબાનો ખ્યાલ હવે તું મૂકી દે, દિકરી, એ ખ્યાલ મૂકી દેવામાં આપણી શોભા છે.' મેહેરબાઇએ પરીનને ચૂપ જોઈ પાછું ચલાવ્યું. "તારા બાવાની મરજી વિરૂદ્ધ કામ કરવામાં તારૂ નુકસાન થશે અને તું કશો લાભ મેળવશે નહિં. તારા બાવા તને જેહાંગીર બાહાદુરશાહની મોહોરદાર થઈ આપણા કોમની એક આગેવાન બાનું થયલી જોવા ઇચ્છેછ, જેમાં મારોબી ભાગ

ચિત્ર ૧૮ મું.



[પ્રજા--૭૦ નં૦ ખરેઘર

"માયજી, હું દુખીને તમારા રાજ્ય-બાણીથી વધારે દુખી કાંય કરોછો? * * * બાવા તો મારા સંસારનું નખોદ વાળવા બેઠાછ, પણ માયજી, તમે તો દયા કરો! તમે મને ઉંચી કેળવણી આપી ઉમદા હુન્નરો શીખવ્યા તે મરજી વગરનો ખાવિંદ પરણવા કે?"

[સફે ૧૪૯]

છે. અમારી એ ભલી ઉમેદમાં અમોને નારાજ કરવાની નાદાની તું કદી કરતી ના. તું બવી રીતે સમજદાર છે, દિકરી, અને સમજદાર ફરજંદો હમેશા મા–બાપની મરજી તાબે હોય છે.”

પરીન કાંઇ બોલી નહિં—હજી તેણી રડયાજ કીધી.

“અમે તારાં દુસ્મન નથી, પરીન, કે તુંને વગર દયાએ દુખનાં દરિયામાં ડુબાવી મારિયે?” મેહેરબાઇએ પોતાની સમજાવટ હજી ચાલુજ રખી. “જે ચીજમાં તારો ફાયદો થાય, તેજ ચીજ અમે કરીશું. જેહાંગીર બાહાદુરશાહનો હાથ મેળવવા મોટે ખાંચરેની કઇંક છોકરીઓ વરસોથી પછાડા મારેછ, પણ કાંઇ વળતુ નથી અને તારે માટે તો એ જવાન બહાદુરશાહે ચાલી–ચલાવીને પોતે માગુ મોકલ્યુ તુ કેવી નસીબવાન ગણાવી જોઇએ કે એ ખાનદાની જવાન તારી ઉપર એટલો બધો રીઝો થયોછ, અફસોસ ! જ્યા ‘ચલીયા છે ત્યા ચાગો નથી’! કોઇ જેવુ હોય તો પોતાની ખુબસુરતીની થયલી એવી ઉમદા પિછાનથી ખુદાનુ હેશાન માને અને તુ—”

“માયજી ! હુ દુઃખીને તમારા શબ્દ--બાણોથી વધારે દુ.ખી કાંય કરોછ?” રડમસ ચેહરે પરીને મેહેરબાઇને બોલતાં અટકાવી સવાલ કીધો “બાવા તો મારા સસાર સુખનુ નખોદ વાળવા બેઠાછ, પણ માયજી, તમે તો દયા કરો ! તમારી દયા પર મારી તમામ ઉમેદો લટકેલી છે. તમે મને જન્મ આપ્યો, તમે મને રજ બેંચી ઉછેરીને મોટી કીધી, તમે મને ઉચી કેળવણી અપાવી ઉમદા હુન્નરો સીખવ્યા તે શુ પાછળે દહાડે મરજી વગરનો ખાવિદ પરણવા કે? દોલતને ને દરજ્જાને શુ આગ લગાડિયે? પૈસા તે કંઈ પ્યાર નથી અને પ્યારની ગરજ પૈસાથી સરતી નથી. જો પૈસાથી ખરો પ્રેમ ખરીદી શકાતો હતે તો પૈસાવાળાઓમા કોઇ અસાર સુખથી બેનસીબ રેહતે નહિ માયજી, મારાં વાહલાં માય, જરા વિચાર કરો ! પ્યાર વગરનુ પરણવું એ ફળ વગરના ઝાડ પર ફળ શોધવા જેવું નિરર્થક છે. પ્યાર નહિ ત્યા દિલ નહિં અને દિલ નહિં ત્યાં લાગણી ક્યાંથી હોય? જેહાંગીર બહાદુરશાહ ગમે એવો માતબર હોય, પણ મારા મનથી તેની દોલત નહિ સરખી છે. હુ દોલતની ભૂખી નથી તેટલી ખરા પ્યારની ભૂખી છું—મને વાડી–ગાડીનો અભખરો નથી, તેટલો એક ગરીબ પણ પ્રેમી ભરથારની મહોરદાર ગણાવાનો અભખરો છે–જેહાંગીર જેવા એક દોલતવાન શેઠિયાની પરણેતર ગણાવા કરતાં દાદીબા જેવા એક ગરીબની બાયડી ગણાવાનું હું વધારે પસંદ કરૂંછ.”

“જો દિકરી, તુ હાથે કરીને તારાં સુખમાં સડો નાખેછ, હો?” મેહેરબાઇ બોલ્યાં. “તું પાછળથી આજના તારા ઉદ્ધતાઇ ભરેલા વિચારોને લીધે ઘણી પસ્તાશે. તારા બાપનો સ્વભાવ ઘણો આકળો છે. તારી મમત જોઇને

એવણુ વધારે ઉશ્કેરાશે અને પરિણામ સારૂ આવવાનું નથી. હજી વિચાર કર—હજી ખ્યાલ લંબાવ—હું તારા ફાયદાનુ કહુંછ"

"મે પુરતો વિચાર કીધોછ, માયજી, મેં પુરતો વિચાર કીધોછ પછીજ આએ છેવટ પર હું આવીછ મારી મરજી ઉપરાંત જોર જુલમથી તમે મને બહાદુરશાહના જેહાગીર સાથ પરણાવસો તો હું કદી સુખી થઇશ નહિ. મને દુખીજ કરવા માગતા હો—મારા સંસાર સુખની તમોને કાંઇજ કદર આવતી નહિ હોયતો સુખેથી તેમ કરો, પણ પછી તમારી દુઃખી દિકરીની જીંદગી ઘણીજ ટુંકી જાણજો."

'પરીન' 'પરીન' તું ઘેલી તો નથી થઇ?"

"હું બેથી હું ખરેખર ઘેલીજ બનેલી છું, માયજી, પણ મગજથી હું સાબેત છું. જેહાગીર બાહાદુરશાહ સાથ જોર જુલમથી પરણાવવાના તમારી જુલમી મુરબ્બીગીરી સહન કરતા હવે તો હું તમામ બાહાવરી બની ગઇછ. દાદીબા! દાદીબા! મારી ઉપર કેવી મુગી મુસીબત પડે છે તેનો તમોને ક્યાથી ખ્યાલ હોય?"

"હવે તે નિમકહરામનું નામ બસ્સ જ, પરીન" મહેરબાઇ ચીરડાઇને બોલ્યાં. "એનુ પગલુ આપણા ઘેરમા પેવશ થાય નહિં તો આજે આપણો આએ દહાડો આવે નહિ"

"દાદીબાએ તમારી શુ નિમકહરામી કીધી, માયજી? તે બલા જવાનને મોહબાબ્બા વિશેષણો વાપરવાથી તમે તેમજ બાવાજીએ પરહેજ રહેવુ જોઇએ. તેવણે નથી તમોને દગો-ફટકો કીધો—નથી તમારી માલ-મતા ચોરી કે નથી તમારી તરફ બેવફાઇ બતાવી ઓરબી તમે તેમજ બાવાજીએ ખાનદાની માણસોને નહિં છાજે એવી વર્તણુંક વાપરી તેવણને અપમાન આપી સીહડી ઉતાર્યાછ. અફસોસ! તમે તેવણની વફાદાર નોકરીની કોડી માત્ર કદર બુજી નથી,"

"એકદમ મુગી મર, પરીન!" પરીન પોતાનો છેલ્લો વાક્ય પુરો કરે તેટલાં ઓરડાનું બારણું જોરથી અફાળી દારાશાહ અંદર આવી ચીરડાઇને બોલ્યા." હુ તુને હુકમ કરૂછ કે જે નિમકહરામને મેં મારી સીહદીથી તદન લાયક રીતે ઉતાર્યો છે, તેનુ નામ આજ ફરીથી મારી સનમુખ કે મારી પાછલ મારા ઘેરમાં કદી લેવુ નહિં."

"એમ કાંય બાવાજી? દાદીબાએ તમારી એવી તે શુ તકસીર કીધી કે—"

"ચુઉઉઉઉઉ!" દાવરશેઠે એક ડખાર મૂકી. "એ પાળેલા કૂત્રાએ મારોજ પગ કરડી માઉ ઘેર ભાજ્યુ, અને ઉપરથી તેની તકસીર પૂછેછ? હુજ હેમક હતો કે મે તમો બન્ને પર આંધળો વિશ્વાષ મૂક્યો. જો મે આગમચથી આજના પરિણામનો વિચાર કર્યો હતે તો મારાં સુખી ઘરમાં ક્લેશ ઉત્પન્ન

નહિ થને. પરીન ' મારી ડાહી દિકરી ' જે થયુ તે મારાં નસીબે થયુછ—હુ એમાં કોઇનો દોષ કાઢતો નથી. પણ હવે ડાહપણથી વરતવાનો વખત આવ્યો છે. તુ આડુ બોલેછે ત્યારે મને ગુસ્સો આવેછે, પણ જો તું સમજદારીથી વરતશે તો હુ સઘલી આગલી પાછલી ભૂલી જઇશ. માણુસ છે એકવાર ભૂલ થાય પણ તે ભૂલ જણાતાંજ તેનો સ્વિકાર કરી તેમાં સુધારો કરે તો તેના જેવું ગુણવાન કોઈ ગણાય નહિ. તેં તે નિમકહરામ જવાનને તારી જોડે અસાધારણ છુટ લેવા દેવાને જે નાદાની કીધી, તે જ્યારે હું યાદ કરૂછ ત્યારે મારા દિલમા એવો ક્રોધ પેદા થાય છે કે જેનુ વર્ણન કરવાને મને પુરતા શબ્દો જડતા નથી. જેહાંગીર બહાદુરશાહની તારી ઉપર ઉતરેલી પસંદગી તારાં ભાગ્યશાળી ભવિષની ઉત્તમમા ઉત્તમ શાહદત આપે છે. મા—બાપની મરજીને શરણ થઈ તારા આગલા વિચારોને એકદમ કોરે મૂકી એ ખાનદાની ગ્રહસ્થ સાથે પરણી જશે તો જન્મ સૂધી સુખી થશે. વાસ્તે—"

"પણ બાવાજી,—"

"પણબી નહિં ને બણબી નહિં. હુ એ બાબદમાં હવે તારૂ કાંઇ સાંભળવાનો નથી જો મારૂ તુને જરાબી લાગતુ હોય તો મારો સખુન માથે ચટાવજે અને નહિ તો યાદ રાખજે કે હુ તારૂ મુવે મોહડું જોઇશ નહિં."

"બાવાજી—બાવાજી ! તમારી કમબખ્ત દિકરી પર દયા કરો ! એક નિરાધાર ને નિર્દોષ બચ્ચાંના સુખનુ નિકંદન વાળી નાખવા નીકળવા પેહેલા વિચાર કરો ! જેહાંગીર તરફ મારૂ જરાબી દિલ નથી—જેહાંગીર તરફ મારો જરાબી પ્યાર નથી—તો તેવા પ્યાર વગરનુ પરણવું શુ સુખી નીવડશે ? જેમ કસાઇના હાથમા જતા બકરૂ કાંપે તેમ જેહાંગીર બહાદુરશાહની બાયડી થવાના ખ્યાલથી હુ કાંપુછુ ! જે કમનસીબ જવાને તમારી ઈતરાજી ખેચી છે તે જવાન ગજવે ગરીબ છે, પણ ખવાશે ખાનદાંની છે. હુ તમોને હાથ જોડી કરગરીને વિનતિ કરૂછુ કે તેની સાથે રાજી—રજાવંદીથી મારા ચાર—ચોખા છૂટાવી આપી મને સુખી કરો! મારી જીદગીની મોટામાં મોટી ઉમેદ એજ છે અને એ ઉમેદ મારી છાતીમા સદાની કોરાયલી રહેશે જો અમારા પરણ્યાથી તમારી ઈજતને કાંઈ ધોકો લાગતો હોય તો પરણ્યા પછી બીજેજ દિને હુ મારા ખાવિંદ સાથ મુબઇ છોડી મુફસીલનાં કોઇ એકાંત ભાગમાં ચાલી જવાને રાજીછુ. બાવાજી, કોઇબી રીતે મને મારૂ આપેલુ વચન ભંગ નહિ થાય એમ કરવાની તક આપો ! જો હુ વચનથી બંધાઇ ગયલી નહિ હતે તો તમારા હોકમને મારી મરજી વિરૂદ્ધ પણ હુ નમતે."

પરીનનુ આ લગાર લંબાણુ ભાષણુ કોણ જાણે, સાંના સને દારાશાહ શેઠે ધીરજથી સાંભળ્યુ.

"બાવાજી" પરીને પાછું ચલાવ્યુ. "જેહાંગીર બહાદુરશાહ તમારો જમાઇ થાય તોજ તમારો દહાડો ફરે એમબી નથી. ખુદાની તમારી ઉપર

બક્ષેશ છે. ને કરીમે કારસાજે તમોને પુરતુ બક્ષેલુ છે. એક પુરા ફરજંદનાં સસાર સુખનુ નખ્ખોદ વાળી બહુ મોઘા ભાગે એક માતબર સગાઇ સાધવાનો લાભ તમે કાઢી નાખો—ખુદા ખાતર કાઢી નાખો! એજ દાદીબા ત-તમારી જમણી બાજુ થઇ પડશે—એજ દાદીબા તમારી જીદગીને રોશન કરશે!

"વળી પાછુ તે નાપાકનુ મારા પાસે તેં નામ લીધું, પરીન?" દારાશાહ ચીરડાઈ ઉઠયા. "તુ હજીબી નથીજ સમજવાની કે? તું હજીબી માઉ નથીજ માનવાની કે? શુ તું મને દુ:ખીજ કરવા બેઠીછ કે? યાદ રાખજે, ઓ મમતખોર દુકતી! કે તુ તારી આવી ચાલને લીધે પાછળે દહાડે પસ્તાયા વગર રહેવાની નથી. જો સાંભળ; ફરી એકવાર વિચાર કરવાની હુ તુંને તક આપુછ. પરમદીને આપણે સર્વે જણા અહીથી માથેરાન જનાર છીએ, જ્યાં આજથી એક અઠવાડિયાં પછી હુ તારો નક્કી છેલ્લો જવાબ માંગસ. જો માથેરાનમાં મારી મરજી મુજબ મને ખુશી કરનારો જવાબ નહિ મળશે તો ત્યાંને ત્યા તુંને મારી સીહડીથી ઉતારીને સદાની નીવારી મૂકીશ."

એમ બોલી દાવર શેઠ ચીરડાયલે ચેહેરે તે ઓરડો છોડી ગયા પોતાના પિતાના છેલ્લા વાક્યો સાભળી પરીન હેબતાઇ ગઇ!

પ્રકરણ ૩૬ મું.

એક નવો સંકેત.

તે સાંજે "દાવર લાડજ"મા પરીનને નામનો એક કાગળ આવ્યો. પરીન દાદીબા જોડે પત્ર વ્યવહાર નહિ રાખે તેની દારાશાહ શેઠે તજવીજ રાખી હતી અને પોસ્ટના સિપાઇને બંગલામાના સર્વ નોકરોને તાકીદ હતી કે "કોઇનાબી કાગળ આવે તે પહેલા મને લાવી આપવા. આ હુકમની રૂહે દાદીબાએ પરીન પર પોસ્ટમા લખેલો એક કાગળ આજે કમનસીબે દાવરશેઠના હાથમા આવી ગયો દાદીબાના અક્ષર દાવરશેઠને અજાણ્યા નહિ હતા, પણ પોહચેલ દાદીબાએ જાણીજોઇને જૂદી વલાણનાં અક્ષરોથી પરીનનુ શિરનામુ કીધુ હતુ—એવા હેતુથી કે કોઇની નજર કાગળ પર પડે તોએ તેનાં અક્ષર જરાબી ઓળખાણમાં આવે નહિ. જો આ કાગળ પાધરૂ પરીનનાં હાથમાં જવા પામ્યુ હોત, તો દાદીબાંની નેમ બર આવત, પણ તેથી ઉલટી રીતે દાવરશેઠનાં હાથમાં આવ્યાથી શકમંદ ચેહેરે તેવણે તે કાગળ ઉખેડયુ અને મોટી અજાયબી વચ્ચે જાણ્યુ કે એ કાગળનો લખનાર તો દાદીબાજ હતો! તે નીચે મુજબ હતુ—

[આ એક અસલ દસ્તાવેજ છે, જેમાં વાર્તા લખનાર તરફથી કશો ફેરફાર કરવામાં આવ્યો નથી. માત્ર અસલ નામ—નિશાન બદલ્યાં છે.]

——તા. ૩ જી મે ૧૮——

મારી પ્યારી પરીન—

તું વાહલીથી વીખુટો પડયા પછીની મારી હાલત કેવી છે તેનો જાણુનાર તે ગેબી સાહેબ વગર કોઇ નથી મારી જીંદગીના બાકી રહેલા દિવસો કેવા સકટ ભરેલા આવશે, તે હુ કહી શકતો નથી. મારી તમામ ઉમેદ તુટી ગઇ છે. તારા એકદર બાપે મારાંજ નહીં પણ મારી સાથે તારા સસાર સુખનું પણ નખ્ખોદ વાલ્યુંછ અને મારે સારૂ નથી લાગતુ, એટલુ તારે સારૂ લાગેછ. કારણ કે મારે જેવા એક ગરીબ કમનસીબ જવાનને ખાતર તેં તારા ભલાં ભવિષને ઉધુ માર્યું છે. તારો માન માગુ બાપ પેલા માતબર જેહાગીરને પોતાનો જમાઈ કરવાની ઇચ્છા રાખેછ પણ તારી અને મારી વચ્ચે પાક પ્યારની પસંદગીથી અપાયલો કોલ તે ભુલી જાય છે. તારા સગદીલ બાપને મારી દયા તો નહી આવે, પણ તું પ્યારાં ફરજંદ ઉપરબી તે મુગો સીતમ ગુજારેછ એ મારી અચરતી છે. વ્હાલી પરીન—સાવધ રહેજે મારો પ્યાર ભુલતી નાં. તારો મમતખોર બાપ આખરે ઠોકરાઇને ઠેકાણે આવશે. તેને તેની મતલબી મુરાદમા કદી ફતેહ પામવા દેતી ના હુ ગજવે ગરીબ છુ તેથી હીણુયોછુ, પણ ખાતરી રાખજે, પ્યારી પરીન, કે હુ ખાનદાની છુ. મારી જીંદગી કેવા ભેદી બનાવોથી ભરપુર છે તે મેં તારાથી અજાણું રાખેલું નથી એક વખત એવા આવશે કે મારી અને તારી સાથે ચલાવેલો આવી નાતરસ ચાલને લીધે તારા મગરૂર બાપને પસ્તાવુ પડશે. અને સચ્ચાઇની ફતેહ છે. કુદરતે કેવા કાટાઓની વચ્ચે તુ જેવા ગુલાબને સરજ્યુ છે ! અફસોસ ! પૈસાવાળાઓ કેવુ માન પામે છે અને ગરીઓ કેવાં હીણાય છે તે મારા દાખલામા કેટલુ બધુ શીખવાનુ છે !

વહાલી પરીન—મારી ગેરહાજરીનો લાભ લઈ તારો બાપ તારો પીછછો પકડશે અને પેલો પૈસાવાળો જેહાંગીર, જેને તું સેહેજબી ચાહતી નથી, તેની સાથ પરણવાનું કબુલ કરાવશે. વાસ્તે, ઘણી સાવચેત રહેજે મને આપેલા પાક વચનને તારી છાતીમા કોરી રાખજે. જો એ પવિત્ર કોલની મોતેબરી તુ સમજતી હશે તો તારા બાપ જેવા બસે એકદરીઓનુ કાઇ વળવાનુ નથી. હવે જે કરવાનું છે તે તારા હાથમાં છે, કારણ કે હુ તારી નજરથી અને કુમકમાંથી દુર થયો છુ. મારી તરફ "વફા" કે "બેવફા" થવુ એ સર્વે તારી ઉપર લટકેલુ છે. તારા મગરૂર બાપને હીંમતથી કહેવાને ડરતી ના કે જે ગરીબ કમનસીબ જવાનને તારી નજરથી તેણે દુર કીધો છે, તે તારા દિલથી કદી દુર થવાનો નથી. કોમનો એક ઇઝતદાર શેઠિયો અને આગેવાન અકાબર લેખાવાની મતલબી મુરાદને સારૂ પોતાનાં ગુલેગુલાબ ફરજંદને તેની મરજી વીરૂદ્ધ પરણાવવાની તે હુજત લઇ બેઠો છે, તો તે હુજતમા તેને ફાવવા દેતી નાં. પરીન—વાહલી પરીન—ખુબ સંભાલજે. તારી ખરી પરીક્ષા હવેજ

થશે. કંચન જેમ કસોટી પર કસાય, તેમ તારો પ્યાર અજમાવાનો અવસર આવ્યો છે. તારા બાપની ગમે એવી ધમકીને મચક આપવી નહિ, અને તેમાંજ તારી ફત્તેહ છે. ચલકતી ચાઈ ચાઈ પર લોભાઈ પડતી ના. ચલકતી ચાઈ ચાઈ પર લોભાઈ પડેલાંઓ પાછળથી સુખી નહિ થયલાંનાં દાખલા નોંધાયલા છે. તારી અને મારી જીંદગી હશે તો તે પાક માલેક આપણને મેળવશે. માટે ખુદાજીની સમજાવટ, ફુસલવણી કે ધાક-ધમકોથી ફરી યા ડરી જતી ના. સાચાં વહાલની એક મીઠી કીસ મારા તરફથી કબુલ રાખજે. બની શકે તો આ કાગળનો મને જવાબ લખજે.

લા. જીંદગી સુધી તુ વાહાલીને વફાદાર, તારો સાચ્ચો.

દાદીબા.

જો આ કાગળ પરીનને વખતસર દરોબસ્ત મળ્યો હોત, તો હવે પછી દાદીબાનાં હકમા જે નુકસાન થયુ તે કદી થાત નહિ, પણ લખ્યા લેખ મીટતા નથી

દાદીબા એમ ધારતો હતો કે "દાવર લાડજ' માથી તેનો પગ કાઢયા પછી દાવર શેઠ પરીન તરફ નરમ થયા હશે અને હવે ગઈ ગુજરીની નાખતી કરશે. આ ખ્યાલ પર દોરવાઇને તેણે પરીનપર ઉપલો કાગળ લખ્યો પણ આપણે ઉપર જોયુ તેમ તે પાધરો પરીનને પહોચવા પામ્યો નહિ.

દાદીબાનો કાગળ વાંચી દારાશાહનો મિજાજ જતો રહ્યો "જોયા એના પાખડ? જોયાં એનાં કાવત્રા? મોહડે મોહડું મળવાનુ નથી બનતુ ત્યારે કાગળ કાગળે ભમાવેછ!" તેવણ મનસાથ બબડવા પડયા. "પણ હુ એ કાગળ પરીનને આપુ શુ કામ કે તેનુ મન અસ્વસ્થ બને? હજી તો એ દુકતી પોતાની મમતને વળગી રહેલી છે, તેવામા આગમા તેલ નાખવા જેવુ આએ કાગળ વાચે તો જરા લગાર આશા પેદા થયલી છે તેથીબી હાથ ધોવા પડે! કાગળમાં મને કેટલી કેટલી જુહરાબંધ ગાળો દીધીછ? હજી તો બેહેસ્તી ઉમેદમા છે કે પાચે દહાડે આપણે મળ્યા વિના રહીશુ નહિ! શુ પરીન એ રખડતા ભીખારડાને પરણે તે હુ જીવતી આખે જોઇ શકુ? કદી નહિ—કદી નહિં! ઘણું થશે તો જેહાંગીર બહાદુરશાહ સાથે એને હુ નહિં પરણાવવાનુ કબુલ કરીશ, પણ તેથી એ નિમકહરામને શુ લાભ થવાનો હતો? પરીનને હુ કોઇ બીજા ખાનદાની જવાન સાથે પરણાવીશ. જોઇએ હવે માથેરાનમા શુ થાએછ. ગરીબ કમનસીબ છોકરી! કોઈ જેવુ હોય તો જેહાંગીર જેવો અમીરી ભરથાર મેળવવા માટે વાજબી રીતે મગરૂર થાય, પણ અહીં તો તેથી ઉલટોજ મામલો છે! પરીનને આજથી આઠ દિવસ વિચાર કરવા સારૂ આપેલી તક હું ધારૂં છુ કે જેહાંગીર બહાદુરશાહનાં લાભમા ઉતરશે. મે ને મેહરીએ સંકેત રચીને માથેરાનમાં આપણાજ બગલામા બહાદુરશાહવાળાઓને બોલાવ્યાંછ. હુ હમણાં "જેહાંગીર કાસ્ટલ"માં જઈ શેઠાણી રતનબાઇને સઘળી બીનાથી વા-

કેદ્દ કરૂંછ. હવે બનેલી બીના છુપાવવામાં સાર નથી. પરીન પેલા નિમકહરામ સાથ પરણવાની હુજત લઈ બેઠીછ, એમ જેહાંગીર જાણશે એટલે તેનેબી પોતાની બાજી સુધારી લેવાની ફરજ પડશે, અને તેમ થવાથી મારી કૂમકમા એક મજબૂત હાથ વધશે. શેઠાણી રતનબાઈ મારી પરીનપર એટલાં ખુશી છે કે એવી એક ઘર શોભિત વહુ મેળવવાને તેવણ પોતાથી બનતુ કરશે. માથેરાની એકાન્ત ટેકડીપર અમો ફરતીમેરનાઓ ફરી વળશુ તો પરીનને સમજાવવાનુ ભારી પડશે નહિં. પછી તો બા નસીબ!"

દાવરશેઠ ઉપલા ખ્યાલો કરતા પોતાની ઇઝીચેરમાં ઉઘાઇ ગયા અને ઉઘમાં પણ તેવણે પરીનને જહાગીર સાથ કેમ જોડવી તેના ને તેનાં સ્વમાઓ દીઠા!

નઝદીક એક કલાક તેવણે આ સ્થિતિમાં પસાર કીધા પછી જ્યારે તેવણના ધણીઆણી મહેરબાઇએ આવી "આવે ક–વખતે ઉંઘાવા" માટે તેવણને નરમ ઠપકો દીધો, ત્યારે તેવણ ચોકી ઉઠયા અને "ગાડી બોલાવવાનો હુકમ" આપ્યો

'કાય, ગાડી કાંય, જીભર?"

"જરા 'જેહાગીર કાસ્ટલ'માં જવુછ."

'કાંય વાર?"

"આપણી પરીન વિષે મેં એક સંકેત રચ્યોછ." અને અહિં દાવર શેઠે પોતાની સર્વે ગોઠવણ મહેરબાઇને સમજાવીને પૃછ્યુ. "કેમ તારો શુ વિચાર?"

"તમારો વિચાર તે મારો વિચાર, દારાશાહજી, ઘણો સારો સંકેત છે. એ લોકોબી આપણી સાથેજ આવશેકે?"

"નહિ આપણે ગયા પછી બીજે દીને. આપણી આએ ગોઠવણની પરીનને જરાબી જાણ નહિ થાય તેની સંભાળ રાખજે, મેહરી!"

"તે વિષે તમે બેફિકર રહેવુ."

"હમણા એ ક્યાં છે?"

"પોતાના ઓરડામાં."

"શું કરેછ?"

"બિછાનામાં પડીને રડયા કરેછ–પણ સવારે થયલી ખટપટની કાંઇક અસર પરીન પર થઇછે એમ હુ ધારૂછ. તમારા છેલ્લા સખુનો ઘણા અસરકારક હતા અને તેથી એ પોતાના વિચારો ફેરવે એ બનવા જોગ છે."

"ખુદા કરેને તેમ થાય!" દાવરશેઠ ડગલીનાં કસ બાંધતાં બોલ્યાં. "આપણે ફરતી મેરના ફરી વળશુ તો પરીનની હુજતને ઝાઝો વખત ટકવા દઇશું નહિં એવી મારી ખાત્રી છે–પછી તો હુકમ ખુદાનો!"

"સાહેબ ગાડી તૈયાર છે." એક નોકરે આવી ખબર આપી.

પ્રકરણ ૩૭ મું.

"પરીન લૅાડજ"ના પહેરોણાંઓ.

માથેરાનની મોસમ ધમધોકાર ચાલુ થઈ હતી. મે મહિનો બેશી ચૂકેલો હોવાથી કુદરતની બલિહારી ધરાવનાર આ રળિયામણી ટેકડી પર આવેલા સુંદર બગલાઓ ચિકાર ભરાઈ ગયા હતા. દરરોજ સંખ્યાબંધ 'વિઝિટરો' નેરલથી ઉપર આવતા હતા, અને જેને જ્યા ફાવે ત્યા ઉતારો લઈ, ફરી ફરીને પોતાના તન-મનને રાહત આપતા હતા "રાઇડિંગ"ના શોકીનોને માથેરાન મગવડ ભરેલુ હોવાથી જ્યા જુઓ ત્યાં આપણા જવાન પારસી "ટોપસો"ના દર્શન થતા હતા' માથેરાન ગયા એટલે જાણે પારસી પોશાકમા રહ્યાથી કાંઈ હલકાઈ લાગી જતી હોય તેમ "ઇન્ગ્લીશ ડ્રેસ" માં તાપ મારનારા તરૂણોનો ત્યા તોટો ન હતો. ખસુસ કરીને પારસી પહેરોણાઓની ધમાલ અસાધારણ મોટી હતી માથેરાનની મોહક ટેકડીની મુલાકાત લેનાર ખાસ કરીને મુબઇનુ પારસી બઈરાં-મંડળ વિશેષ હોવાથી મોટે ખાયરેની પારસી બાનુઓનાં પચરંગી પોશાકોથી એ "પારસી સેનિટેરિયમ"ની દરેક જાણીતી 'પોઇન્ટ' એવડી દીપી રહી હતી. ગોયા પારસી ખુબસુરતીનુ માથેરાનમા એકાદ પ્રદરશન ભરાવાનુ હોય, તેમ ખુદરતની ખાસ પસંદગી પામેલી મનોહર પુતલીઓથી માથેરાન ગાજી રહ્યુ હતુ.

મુબઇમા મે મહિનાનો સખત તાપ સહન નહિ થઈ શકવાથી ઠડાવો શોધવા નીકળી પડેલાં બઈરાંઓ માથેરાનની શિતળ ટેકડી પર મઝા મારતા હતા "ખુબ સુરતીની ખાણ" નુ લાયક ઉપ-નામ પામેલી આ મનોહર ટેકડી પર વસતા જીવડાઓ ગરમીનુ નામ જાણતા ન હતા. તેમા સહવાર અને સાજના દિલપસદ પહાડી દેખાવો, રંગબેરંગી જાત જાતના સુંદર પખેરાઓનાં મધુર ગાયનો અને તન-મનને તાજગી આપનારી પવનની ધીમી મીઠી લેહેકીથી માથેરાનવાસીઓ ગોયા બેહેસ્તના બગીચામાં ઝુલતાં હતાં!-કોઈ 'પેનોરામાં' તો કોઈ 'બેરી' કોઈ 'ગારબટ' તો કોઈ 'હાર્ટ' કોઈ 'ડેનજર' તો કોઈ 'એકો' કોઈ 'લેન્ડસકેપ' તો કોઈ 'ઇસા' કોઇ 'આરટીસ્ટ' તો કોઇ 'એલેકઝાન્ડર પોઇન્ટ'પર સેહેલ મારતાં હતા.

જે 'સીઝન'નુ ઉપર ચિત્ર આપ્યું છે, તે 'સીઝન'માં માથેરાન બહુ જ ગાજી રહ્યુ હતુ. દારાશાહ દાવર કુટુંબ સહિત પોતાના "પરીન લૅાડજ" નામે કુશાદે બંગલામાં એક અઠવાડિયું થયુ આવી રહ્યા હતા માથેરાનની ટેકડીપર બાંધવામાં આવેલા બગલાઓમાં "પરીન લૅાડજ" એક આગેવાન બંગલો હતો. દારાશાહ શેઠે તેને કીમતી ફરનીચરથી એવો મનોહર બનાવ્યો હતો,

કે માથેરાનમાં તેવો સણુગારેલો બંગલો બીજો જવલેજ હતો.

બાપ–દિકરી વચ્ચે મુબઇમાં થયલી ખટપટ જાણે માથેરાનની દિલપસંદ ટેકડીએ પોતાની દિલખુશ આબોહવાથી સાફ ધોઇ નાખી હોય તેમ નેરલ છોડીને ઉપર આવતાં દારાશાહ શેઠે પરીન જોડે હશી હશીને વાતો કરવા માંડી. માથેરાનમા પગલુ મુકતાજ ગમગીન પરીન પણ કાંઇક હસમુખી બનીને માતપિતા જોડે કાંઇ હોય નહિં તેમ હળી ગઇ. મગજની શાન્તતા માણુસ જાતને કેટલી જરૂરની છે તે આ બાપ–બેટીના દાખલામા આપણુને શિખવાનું છે. મુંબઇની ગરમીએ દારાશાહ શેઠનો મિજાજ ગરમ બનાવી દીધો હતો. પણ માથેરાનની ઠંડકે તેને ઠંડો પાડી નાખ્યો '

મુમબઇમા દાદીબા ઉપરથી બાપ–બેટીને ખટપટ થઇ તે દિવશથી આઠમે દહાડે માથેરાનમા દારાશાહ પરીનનો " છેલ્લો જવાબ " લેનાર હતા, પણ માથેરાનની ઠંડકે તેવણુને એવા તાહડા–ટીપલા બનાવી દીધા કે " પરીન લૉડજ "મા આવી રહ્યા પછી આખુ અઠવાડીયુ પસાર થઇ જવા છતાં તેવણે પરીનને કશુ પુછયુ નહિ. પરીન તે વિષે પોતાના મનમા તરેહવાર અંદેશા કરતી હતી, પણ દાખરાજીની નેમ કાંઇ જુદીજ હતી. તેવણુ તો જેહાગીર બહાદુરશાહના આવવાની રાહ જોતા હતા અને તેથી, " પરીનને હાલ તુરત દુઃખવવી નહિ ' એમ ધારી અખાડા કરી ગયા હતા. !

પોતે માથેરાન આવ્યા તેની બીજે દિવસે જેહાગીર બહાદુરશાહને ત્યાં આવવાનું દારાશાહશેઠ પ્રોજન કરી આવ્યા હતા, પણ પોહચેલ જેહાગીર દાવરશેઠને જેટલો આકળો ન હતો. જે દિવસે દારાશાહ માથેરાન ગયા તેજ દિવસે જેહાંગીર પોતાની માતા તથા બેહેનને લઇ મહાબલેશ્વર ગયો અને ત્યા આઠ દિવશ રહીને દારાશાહપર તાર કીધો કે " મહાબલેશ્વરમાં આ વખતે વિઝિટરોની ઝાઝી ધમાલ નહિ હોવાથી અમોને અહીં ગમતુ નથી. અમો ત્રણે જણાં આવતી કાલે માથેરાન આવીશુ અને તમારા પરીન લોડજમાં ઉતરીશુ. "

આ તાર જાણે એકાએક મળ્યો હોય તેમ દારાશાહ શેઠે પરીનને ઉકમાઇથી વંચાવ્યો અને જેહાંગીર આવે તેની સાથે ખુલ્લાં દિલથી વાતચીત કરવા તથા ફરવા હરવાની અને તેને પુરતુ માન આપવાની શિખામણ દીધી. એજ રીતે મેહેરબાઇએ પણુ પરીનને સમજાવી. ખુદાને ખબર કે વખતનું ચક્કર કેવી રીતે ફરતુ જતુ હતું તેથી પરીને મા–બાપનો સખુન માથે ચઢાવી જેહાંગીર સાથે ખુલ્લાં દિલથી વરતવાની કબૂલાત આપી.

બહાદુરશાહ માથેરાન આવે છે આ ખબર પરીને લગાર કચવાયલાં દિલે સાંભળી, પણ જે સખત અણગમો જવાન જેહાંગીર તરફ તેણી મુબ-

દમાં ધરાવતી હતી તે અણુગમો માથેરાન આવ્યા પછી અજબ જેવી રીતે નરમ પડી ગયો હતો! યાને, જેહાંગીર બહાદુરશાહનું માથેરાન આવવું પરીનને જેટલુ નાપસંદ થઇ પડવુ જોઇએ તેટલુ થઇ પડયુ નહિ!

જેહાંગીર બહાદુરશાહ "પરીન લાડજ"માં પહરોણો આવે છે એમ જાણી દારાશાહ શેઠે ધરપચ સરપચ કરી મૂકી. "પરીન લાડજ" એટલો મોટો હતો કે ૧૦૦ માણસને સેહેલાઇથી સમાવી શકે, જેથી દારાશાહને બહાદુરશાહવાળાંઓ માટે અગવડ ખમવી પડે એવુ ન હતુ. તે માનમાગુ મતલબ–ગરજી શેઠિયો જેહાંગીરને પોતાનો જમાઈ કરવાને એટલો ખતી હતો કે એવી કોઇ પહરોણાગત કરવાની તે તકજ શોધતો હતો તે તક પરીનને નિમિતે દારાશાહને આઇતી મળી આવવાથી તેવણ ખુશખુશ થઇ ગયા.

બાહારવણે બહાદુરશાહવાળાંઓ આવી પુગ્યા. તેમની જોડે તેમના દરજ્જા મુજબ નોકર–ચાકરોની અને આયા–દાયાઓની એક મોટી ફોજ હતી, તેમજ તેમનું રાચરચીલુ ભારે હતું. એકલા જેહાગીરના સ્વારીના ચાર ઘોડા તેઓના આવવા આગમચ આવી પુગ્યા હતા

બહાદુરશાહવાળાઓને લેવા માટે દારાશેઠ 'કસ્તુરી' સુધી અસ્તેકબાલ ગયા, જ્યારે 'પરીન લાડજ"નાં પોર્ટિકોમા આવકાર આપવા મેહેરબાઈ પોતાની ખુબસુરત બેટી પરીન જોડે તૈયાર હતા. બહાદુરશાહવાળાંઓ આવી પુગતાજ તે મા–બેટીએ તેમને હસ્તે ચહરે આવકાર આપ્યો. પરીને આપેલા મીઠ્ઠા આવકારથી જેહાગીર, જે આખે રસ્તે પરીન પોતા જોડે કેમ વરતશે તેનાં તરેહવાર વિચારોમા ગરક હતો તે, ખુશ થઇ ગયો. તેણે પરીનના ચેહરા પરથી પારખી લીધુ કે મુબઇમાં "દાવર લાડજ"ના બાગમાં તેણી તેને છેલ્લી મળી ત્યારે જે બેદરકારી તેણીમાં હતી તે આજે ન હતી.

"દારાશાહ શેઠ," જેહાગીર પોતાના ઘોડા પરથી ઉતરતાં ઉતરતાં બધાં સાંભળે તેમ મોટેથી બોલ્યો. "બેઅદબી માફ કરજો—અમે કંઇ તમારા પહરોણા નથી. અમે 'પરીન લોડજ'મા આવ્યાછ તેથી વાજબી રીતે જુઓ તો તમારી બેટી પરીન બાનુનાં પહરોણા છીએ!"

જેહાંગીરની આ રમુજથી સઘળાં હશી પડયા. તેણે "એક કાંકરે બે પક્ષી" મારવાની ચાલાકી વાપરેલી હોવાથી શેઠાણી રતનબાઇએ તે રમુજને ઉંચકી આપી.

"પણ પરીન દિકરી કોણુની? દારાશાહનીજ કેની? તેવણ તોનજેનમાંથી ઉતરતાં ઉતરતાં બોલ્યાં. "તો પરીનનો માલ તે દારાશાહનો નહિં કાંય ગણાય?"

"પણ માયજી, બગલાનું નામ 'પરીન લાડજ' છેની? ત્યારે આપણે દારાશાહ શેઠનાં પહરોણાં ગણાઇએજ નહિ! ભાઇ જેહાંગીરની અટકલ

તદ્દન વાજબી છે !" હસમુખી આઇએ પોતાના ઘોડાની લગામ સાઇસનાં હાથમા આપતાં ભાઇના મતને ટેકો આપ્યો.

"તમારૂં કહેવુ ખરૂં છે, પણ એ બધુ બાવાની દોલત વડે કે મારી?" પરીને હશીને વાજબી જવાબ આપ્યો. "મારૂં છે તે મારા મુરબ્બીનુંજ છે. મારી તરફના વ્હાલને સારૂ આએ મિલકતને મારૂં નામ આપવામાં આવ્યું હોય, પણ એનાં ખરા માલેક તો મારા મુરબ્બીજ કહેવાય. અને તમો એવણનાજ પહરેણા કહેવાઓ !"

પરીનના આ ઇનસાફી ચુકાદાથી સઘળાં રાજી થયાં અને તેની બાહોશીની તારીફ કરતાં "પરીન લાડજ"માં દાખલ થયાં. શેઠાણી રતનબાઇને બંગલો, તેની બાધણી, ગોઠવણ તથા સણગાર અને કુશાદેપણ ઘણું ગમ્યુ. આ પ્રસંગોપાત તક હાથ કરી દાવરશેઠે રમુજ કીધી કે "મારી પરીન પરણશે ત્યારે આ 'પરીન લાડજ' મારા જમાઇને હું બક્ષેશ આપવાનો છુ !"

સઘળાં હશી પડવાથી પરીન શરમાઇ ગઇ !

પ્રકરણ ૩૮ મું.

શું પરીન બેવફા થશે ?

પરીનપર જેહાગીર એકલાજ ફીદા હતો એમ ન હતુ. શેઠાણી રતનબાઇ તથા હસમુખી આઇ પણ તેણીને ચાહતાં હતા. પરીનની છક કરી નાખનારી ખુબસુરતી, ગોલાબી ગાલ, અણિયાલું ટુમકુ નાક, હસ્તો ચેહેરો અને હસ જેવી તડી ગરદન તે માતબર મા–દિકરીને ઘણી ગમતી હતી. જેહાંગીર પરીનપર પ્યારથી મોહ્યો હતો, પણ તે મા–દિકરીઓ તો તેણીનાં મનોહર મુખડાપર પ્રસન્ન થઇ હતી.

માથેરાન આવ્યા પછી એકજ અઠવાડિયામાં ત્યાંની દિલખુશ આબો હવાએ પરીનનાં ગાલપરની ગુલાબી લાલીને આતશિયા રંગમાં ચમકાવી મુકી હતી. ખુબસુરત સ્ત્રીઓ જો સુખી હોય તો તેમની ખુબસુરતીમા એવડો વધારો થાય છે, તેમ પરીનને દારાશાહ શેઠના ઠડા સ્વભાવને લીધે માથેરાન આવ્યા પછીના પેહલાંજ અઠવાડિયામાં તાજગી આવી હતી. "પરીન લાડજ"માં પગ મુકતાંવાર જેહાંગીર, આઇ અને શેઠાણી રતનબાઇને લાગ્યુ કે માથેરાન આવ્યાથી પરીન જેમ હસમુખી તેમ તાજગીર બની હતી ! "મેલેટ સ્પ્રીંગ"નાં લોખંડી તત્વવાળાં પાણીની એ ખુબી હતી કે જેહાગીર તરફ એકાએક તેણીનું આકર્ષણ થઇ જવાના આ પ્રતાપ હતા તે તેઓ કલ્પી શક્યાં નહિ. !

દારાશાહ દાવરે મોટી અજાયબી વચ્ચે જોયુ કે તેવણની શિખામણ મુજબ, પરીન બહાદુરશાહવાળાઓ જોડે બહુજ માનથી વરતતી હતી. વળી જેહાગીરને માન આપવામા તથા તેની જોડે ભેળાવામા પરીને દારાશાહને એટલો સતોષ આપ્યો કે તે માનમાગુ બાપ તથા તેનો માતબર ભવિષ્યનો જમાઇ, પરીનમા એવો અસાધારણ ફેરફાર અચાનુગ કેમ થઇ ગયો તે સમજી શકયા નહિં. તેઓ પોતાના મનમા અચરત થયા અને " પરીનના વિચારો ફરે છે " એમ હર્ષિત હૈડે માનવા લાગ્યા.

શુ ખરેખર તેમ હતુ ?

આ જગ્યાપર તેનો ઉત્તર આપી શકાય નહિ.

પરીનનો વખત આઇમાયની સોબતમાં ગોહવાઇ ગયો—માથેરાનમા બહાદુરશાહવાળાઓ નવા-જુના થઇ ગયા. જવાન જેહાગીરની જાહોજલાલી તથા દોરદમામ જે મુબઇમા જોવાની પરીનને તક મળી ન હતી, તે નજરોનજર માથેરાનમા મળવાથી તેના વિચારો ધીમે ધીમે ડગમગવા લાગ્યા. પોતે એક માતબર બાપની બેટી છતા અને કશી રીતની કમી નહિ છતા જેહાગીરની રેલછેલે પરીનને મોહ-પાસમાં ખેચી. તે મુબઇથી નેરલ આવી ત્યારે ત્રેનમા તેણીના જે વિચારો હતા તે નેરલથી માથેરાનની ટેકડીપર ચડયા પછી રહ્યા નહિ અફસોસ! તે દાદીબાની ફ્હાડામા દોઢસો વખત યાદ કરતી હતી, તેનુ દસ વખત જવલેજ તેણીને સ્મરણ થતુ હતુ.

પરીનને જેહાગીર જોડે પળોટાતી જોઇ શેઠાણી રતનબાઇએ દારાશાહ તથા મેહેરબાઇને સલ્લાહ આપી કે એનુ મન મળે ત્યા સુધી તમે પરણવા અદરાવાની કશી વાત એની આગળ છેડવી નહિ " દારાશાહે એ સલ્લાહ માન્ય રાખી.

પરીન સિવાય સઘળા (દારાશાહ, મેહેરબાઈ, જેહાગીર, આઇમાય તથા શેઠાણી રતનબાઈ) નો સકેત એક હતો. પરીનનુ દિલ પોતા તરફ વાળવા માટે જેહાગીરે પોતાની બેહેન આઇની મદદ માગી હતી, અને આઇમાય તે મદદ આપવાને ખુશીથી બહાર પડી હતી. પરીન જોડે સહીપણાના રૂપમા ભેળાઇ જઇને આઇ જહાગીરને મદદ કરતી હતી. તેઓ ત્રણે જણાં " રાઈડીગ "ના શોકીન હોવાથી સાથે ફરવા જતા હતા, જ્યારે દારાશાહ, મહેરબાઇ અને શેઠાણી રતનબાઈ પોતે પોતાની ખાસ "તોનજ્જેન"મા તેઓથી જૂદા ફરવા જતાં હતાં—જુવાન જુવાનો એક તરફ જતા, તો બુઢ્ઢાં બુઢ્ઢાંઓ બીજી તરફ ફરતાં હતા.!

હજી પરીન કાંઈ દાદીબા તરફ ખુલ્લે ખુલ્લી બેવફા થઇ ન હતી. મુબઇમા તેણીનુ દિલ એકલુ દાદીબા તરફ હતુ, પણ માથેરાન આવ્યા પછી તે દિલ બે ભાગમાં વેંહેચાઇ ગયુ. નહિ દાદીબાને તજાય કે નહિ માત-પિતાની

મરજીની સામે થઇ જહાંગીરને ના પડાય, એવા પરીનની હાલત થઈ પડી ' દાદીબાને માટે હજી તેણી છુપી રીતે બળતી હતી, પણ ખરૂ પૂછો તો માથે-રાનમા બળાપો કરવાનો તેને ઝાઝો વખતજ મળતો નહિ હતો. '

દેશે દેશના કવિઓ અને લેખકો ઓરત જાત વિષે જેટલુ લખી ગયા છે તેટલુ બીજા કોઈ વિષય પર લખી નથી ગયા. કોઇ કવિ સ્ત્રી જાતને બે-વફા તો કોઈ વફાદાર, કોઈ નિમકહરામ તો કોઈ નિમકહલાલ, કોઇ નીતિ-વાન તો કોઇ અનીતિવાન, કોઇ મતલબી તો કોઈ ઉપકારીની ઉપમા આપી ગયા છે. કોઇએ કહ્યું છે કે "સસારમા સ્ત્રી એક અમૂલ્ય રત્ન છે," તો કોઇ ઉભરા કાઢી ગયો છે કે "સ્ત્રી–જાત કાટાનુ બિછાનુ છે!"

પારકી ભાષાનાં કવિઓને કોરે મેલી આપણો એક ગુર્જર કવિ સ્ત્રી જાત વિષે શુ કહી ગયા છે તેનો એક નમુનો અહીં આપેલો પ્રસગોપાત થઇ પડશે:—

કવિ સામળ એક ઠેકાણે લખેછે કે —

(ચોપાઇ.)

કામની અંધ ન દેખે આંખ, તે શામા તો નવ રહે સાખ.
નારીમાં તો નીચજ બુદ્ધ, સ્ત્રી માણસમાં તે શી શુદ્ધ, ‡

*

સ્ત્રી ચરીત્ર તો અપરપાર, માને જે ગધેવ ગમાર.

પણ આટલુ છતા આપણા કવિ દલપત કેવા દયાળુ છે કે સ્ત્રીઓને કેળવણી આપવા માટે નીચલા અસરકારક શબ્દો લખ્યા છે—

(દોહરો.)

સ્રિયો સુધરશે તોજ કુળ, ઉત્તમ થશે અત્યાક,
પૃથ્વિ સુધરે તોજ ત્યાં, પાકે સારા પાક.
ભણી તણી શોભા ઘણી, બણી ઠણી રહિ તોય,
નારી સારી નહિ દિસ, ભણી ગણી નહિ હોય.

બૈરાઓ વિષે જૂદા જૂદા ગુર્જર કવિઓના મત ટાકવા બેશીએ તો

---

‡ કવિ સામળે જ્યારે આ લીટી લખી હશે, ત્યારે તે બાપડાએ સ્વપને પણ ખ્યાલ કર્યો ન હશે કે ઈ. સ ૧૯૧૩ નાં સાલમાં તેને જાુહડ ખંર ગાળો પડશે! આજનાં પારસી બૈરઓ "સ્ત્રી માણસમા તે શી શુદ્ધ" આ ચરણ કવિરાજને કેવા સુદર શિરપાવ સાથે વાચશે તે કહેવાનો જોખમ હુ લઈ શકતો નથી. '
દા. એ. તા.

હઝારો મજા એમ છે, પણ અત્રે લંબાણ કરીને ચોરડાયલાં બૈરાંઓને વધારે ચોરડાવવા નથી. તેથી બીજી અનેક ચુંટણીઓ પડતી નાખી છે

પ્રકરણ ૩૯ મું.

—— ✕✕ ——

શિવાજીનું સ્મરણ—ખોવાયલી "લૉકેટ."

"પરીન લાડજ"ના પહરોણાંઓ માથેરાનમા નવાં-જૂનાં ગઈ ગયા. આઇમાય અને જેહાંગીર બહાદુરશાહની સોબતમા પરીનને ઘણુ સોહવાઇ ગયુ. શેઠાણી રતનબાઇ દારાશાહ દાવર અને તેવણનાં ધણીઆણી મેહેરબાઇએ ભારે ખુશાલી વચ્ચે જોઈ લીધુ કે પરીન દહાડે દહાડે જેહાગીર સાથ ઘણી હળી ગઇ હતી.

પરીનનુ આ પજોટાઈ જેવુ ભાગ્યશાળી જેહાગાના સિકંદર તાલેની એક અચૂક નિશાણી જેવુ હતુ. પોતાની ઉમેદમાં ફત્તેહ નહિ પામી તો નહિ પણ એક માયાળુ બેહેન તરીકે ખુબસુરત આઇમાએ જેહાગીરની આશાના અંકુરોને ઉછરતા કરવામા તન-મનથી મદદ કીધી હતી અને પરીન માથેરાનમાં જેહાગીર સાથ નહિ વકી રાખેલી રીતે મલી ગઈ તે સઘળાં માટે તે જવાન બહાદુરશાહ આઇમાનેજ આભારી હતો.

એક દહાડે પરીન, આઇમાય અને જેહાગીર "પેનોરામા પોઇન્ટ" જોવા ગયા. માથેરાનમા આ 'પોઇન્ટ' સોથી મનોહર અને રળિયામણો છે. માથેરાનને "ખુબસુરતીની ખાણનુ' જે લાયક નામ મળેલુ છે, તે આ "પેનોરામા પોઇન્ટ"ના એક પેનોરામા જેવા દિલપસંદ નજર દેખાવને લીધેજ છે માથેરાનની મુલાકાત લેનારાઓને આ વાત અંજાણી નથી

બહાદુરશાહવાળાઓ શિતળ સ્થળોના શોકીન હોવાથી મહાબળેશ્વર, ખંડાળા, પચગની. ડારજીલિંગ, વગેરે તેમને અજાણા નહિ હતા, પણ માથેરાન ખાતે તેમની આ પેહલીજ મુલાકાત હોવાથી પરીમેહેર પરીન, જેણી ત્યા દરવર્ષે પોતાના પિતા જોડે જતી હતી, અને દરેક પોઇન્ટની માહેતી ધરાવતી હતી, તેણી તેમનો 'ગાઇડ' બની હતી.

આજે તેઓ "પેનોરામા પોઇન્ટ" પર જતા હતા. માથેરાનની લુઈસા, ચોક, આરટીસ્ટ, એલેકઝાનડ્રા, ગારબર્ટ, એરી, ખંડાલા અને ડેનજર વગેરે પોઇન્ટો પરીન તેમને દેખાડી ચૂકી હતી. અને હવે જોવા લાયક સૌથી સરસ બે જગ્યા—એક "રામબાગ" અને બીજી "પેનોરામા પોઇન્ટ"—દેખાડવાની બાકી રહી હતી

નામવર કયસરે–હિન્દ શેહેનશાહ બાનું વિકટોરિયાની ખુશબખ્તી ભરેલી સાલગીરેહનો, ૨૪ મી મેનો, બખ્તાવર દિવસ હતો. સહવાર ખુશનુમા ખીલી રહી હતી. સાહડા પાંચનો અમલ હતો. પક્ષીઓ વૃક્ષની ડાહળીઓ પર અ-હીંથી તહીં કુદતા ઇશ્વરનુ ભજન ગાતાં હતાં. પડોશની ખીણમાંથી સુંદર કોકિલો મીઠા અવાજોથી કુદરતની બલિહારીમાં ઉમેરો કરતાં હતાં. આસપા-સનો દેખાવ ધુમસથી બેમાલુમ થઇ રહ્યો હતો દરેક ઝાડનું પાંદડુ હારના મોતી જેવાં બુંદને પોતાની પીઠ પર જગ્યા આપી નમી ગયુ હતુ. કદી નહીં જોયલા એવાં રંગ બેરંગી પખેરાઓ બામદાદની બલિહારી ગાતાં પહાડની કહડાઓમાથી સુંદર હલક કાઢતા હતાં.

આઇ, પરીન અને જેહાંગીર ઘોડેસ્વાર થઇ તે રળિયામણી સહવારનાં દિલપઝદ દેખાવો નીહાળતાં આગળ વધ્યા. આખે રસ્તે પરીન માથેરાનને લ-ગતી જાણવાજોગ વિગતોથી જેહાંગીર તથા આઇમાયને વાકેફ કરતી હતી. આ 'ખુબસુરતી'ની ખીણ વિષે પરીન એટલી બધી માહેતી ધરાવે છે એમ જાણી જેહાંગીર જેટલો ખુશી થયો તેટલોજ અજબ થયો.

"આ ખુશનુમા ટેકડી* પર કયો ભાગ્યશાળી પુરૂષ પેહેલો આવ્યો હશે ?" આઇમાયે પરીનને પુછ્યુ. આ વખતે તેઓ "પેનોરામા પોઇન્ટ"ની ઉચ્ચાના ઉચી ટોચ, કે જ્યા મુંબઇનાં એક પ્રસિદ્ધ હિંદુ ગ્રહસ્થે લોખંડનો એક બાંક મુકાવેલો છે, તે બાંકપર બેઠેલા હતાં.

"થાણાંનો એક આગલો કલેકટર મી० મેલેટ." પરીને જવાબ દીધો.

'કિયા સાલમા ?" જેહાંગીરે પૂછ્યું.

'ઇ० સ० ૧૮૫૦ માં" પરીને જવાબ દીધો "માથેરાનમા મેલેટ હાઉસ' નામે બંગલો તથા 'મેલેટ સ્પ્રીંગ' નામે પાણીનો ઝરો છે તે એજ શોધક બુધ્ધિના સાહસિક નરની યાદગારી ધરાવે છે. મેલેટ સ્પ્રીંગનુ પાણી માથેરાન વાસીઓને જરા દૂર પડે છે, પણ એ પાણીને નામીચા તબીબોએ અહીનાં બીજા ઝરાઓના પાણી કરતાં ઘણુ ઉત્તમ ગણેલુ છે. કહે છે કે એમા પાચનશક્તિનાં ઉમદા ગુણો, કૌવત આપનારા તત્વો અને લોખંડનો ભાગ વિશેષ છે અને તેથી—"

"તેથી શુ ?" જહાંગીરે વાતમાં રસ લઇને પુછ્યુ.

"તેથી દરદી માણસો ત્રણ અને ચાર દિવસમાં તદરોસ્ત બને છે.'

"જો દરદી તંદરોસ્ત બનતાં હોય તો આપણા જેવા તંદરોસ્તીવા-ળાંઓ વધારે તાજગીર બનતાં હોવાં જોઇએ" આઇમાય હસીને બોલી.

"બેશક."

---

* માથેરાન.

" અને પરીનબાનુનું આ કહેવું કેટલું ખરૂં છે તેનો દેખછતો દાખલો તારો પોતાનો છે, આઇ." જેહાંગીરે આઇમાયની ટકોર કીધી. "૨૦ દિવસમાં તારા મોંહડા પર કેટલું લોહી પાણી આયુછ ?"

' અને મેલેટ સ્પ્રીંગનુ પાણી તને ક્યાં નથી સદયું, જેહાંગીર ?" એહેને ભાઇની મજાક કીધી.

" હું તે ના પાડતો નથી. મહાબ્લેશ્વર કરતાં માથેરાનને આજ સૂધી હું ઉતરતું ગણતો હતો, પણ મહાબ્લેશ્વરની મોટાઇ તેની ટેકડી પર આવતા બેઠખાઓમાજ અટકેલી છે. મહાબ્લેશ્વર ગીનરીની બાબદમા માથેરાન કરતા ચડે ખરૂં, પણ માથેરાનને મહાબ્લેશ્વર કરતા ચઢિયાતું ગણવાને મારી કને ખાસ સબબો છે."

" તે ખાસ સબબો શું ?" આઇમાય સમજી ગઇ કે ચચળ જેહાગીરે મહાબ્લેશ્વર કરતાં માથેરાનને મોટાઈ શા માટે આપી છે, પણ પરીનને સ્પષ્ટ સમજ પડવા માટે તેણે અંજાણી થઈ જેહાંગીરને સવાલ કીધો. " હું ધારૂછું કે મહાબ્લેશ્વર કરતાં માથેરાનને તમે ભાગ્યશાળી ગણો છો ?"

" હા. "

" અને ખાસ કરીને તમારા પોતાના બાબના !"

પરીન આઇમાયે કરેલી જેહાગીરની આ ખુશ મશ્કરી છેલ્લા શબ્દોથી પામી ગઇ. તે પરીચેહેર પુતલી પોતાની ભવિષની નાણંદના આ માર્મિક શબ્દોથી શરમાઈ ગઇ.

" હું તે ના પાડતો નથી, આઈ માથેરાન મારા બાબમા ખરેખર ભાગ્યશાળી નીવડયુ છે. મારી વહ્રી ઉપરાંત મારૂ ભાગ્ય હ્યા ખીલ્યુ છે."

તે જવાન બહાદુરશાહનાં આ ભેદી વચનો તે બન્ને બાનુઓ તુર્ત પામી ગઇ.

પરીન કાંઈ બોલી નહિ.

દરિયાની સપાટીથી નજદીક ૫૦૦૦ ફીટની ઉચાઇએ આવેલી આ ખુશનુમાં ટેકડી પરથી માઇલોના માઇલો સૂધી નજર લબાતી હતી. આંખને ચકરી આવી જાય એવી અસાધારણ ઉચાઇએથી જોતાં મોટા માટા પહાડો, ખીણો અને વૃક્ષો તે ઓહળા મેદાનમાં જાણે રમકડાં મિસાલ ગોઠવી મૂક્યાં હોય તેમ દેખાતાં હતા. પેનોરામા પોઇન્ટ પરથી પરીને તે હોંશીલાં ભાઈ બહેનોને બીજી ઘણીક નવીનવાઇઓ બતાવી જેમાં મુખ્ય ' બાવા મલગનો પહાડ ' હતો, કુદરતની અદભુત કરામતથી સણગાર પામેલો અને સરડાની માફક થોડે થોડે વખતે રગ બદલતો આ રળિયામણો પહાડ ' પેનોરામા પોઇન્ટ ' પરથી જે દમામદાર દેખાવ આપે છે, તે ઘણો મનરંજક છે. ' પેનોરામા પોઇન્ટ ' પરથી દેખાતો સાંપની વલાણ જેવો પનવેલીનો દરિયો, રમ-

કડાં જેવું નેરલનું સ્ટેશન, બચ્ચાંની રમત જેવી ઘાટમાંથી પસાર થતી રેલગાડી, પ્રસિદ્ધ બીમાશકર પહાડ, માલડુંગીની ન્હાની ટેકડી, ખડાળા ઘાટની ભૂરી સફીલ અને શૂરવીર શિવાજીનો છુપાવાનો ઉંડો ખોહ, આ સઘળું પરીચેહેર પરીને જ્યારે જહાંગીર તથા આઇને બતાવ્યું ત્યારે તેઓ ઘણાં ખુશ થયા.

હજી સૂર્ય ધુમ્મસમાં ઘેરાયલો હતો. પૂર્વ તરફની પોતાતી સફરની શુરૂઆતનાં જે ધીમાં કીરણો વાદળાંઓમા રહી ગયલી ફાટફુટોમાથી ફેંકતો હતો, તે નરમ રોશનીના પ્રતાપે 'બાવા મલંગ' ઘડીમાં સોનેરી, તો ઘડીમાં ઘેરો બ્લુ તો ઘડીમા ખુલ્લો આતશિયા પોશાક સજી જોનારાઓને હેરત કરતો હતો. એજ વખતે બીજી તરફ, પડોશની ઊંડી ખીણમા ધુમ્મસ રૂપી પ્રવાહ એટલો ઘટ્ટ ધેરાઇ રહ્યા હતો કે તેમા વસતા કોઇ પ્રાણઘાતક પ્રાણીની માત્ર ધુમ સભળાયા શિવાય તેનો દેખાવ દ્રષ્ટિથી દૂર હતો'

"મરાઠા રાજ્યનો સ્થાપક શૂરવીર શિવાજી આસપાસના જીલ્લાઓમા લુટફાટ ચલાવી માથેરાનમા બરાઇ બેસતો હતો." પરીને બહાદુરશાહવાળાઓને એક ઐતિહાસિક નોંધની યાદ આપી. "તેમજ પ્રખ્યાત રાઘોજી બાગગિયા તથા તાનાજી માલુસરેનુ પણ એજ મથક હતુ "

"ત્યારે માથેરાન તવારીખરૂપી નવાઇઓથી પણ ખાલી નથી '" બન્ને ભાઇ-બ્હેન સાથે બોલી ઉઠયાં.

"બેશક, એના જીવતો પુરાવો ' શિવાજી લેડર 'આપેછે. પણ ઓ માય ! હવે કેમ કરૂં ' મારા ગળામાંની લોકેટ ક્યા છે ? અરે હમણા હતી રે '" પરીનને પોતાની લોકેટ ખોહવાયલી માલમ પડતાજ તેણી ફગલાઇ ગઈ.

"શુ ' તમે તમારી લોકેટ ખોઇ ? તમેઆજે તે પેહેરી હતી કે ? "

"હા, મે તે પહેંડેલી હતી "

"કદાચ ભૂલતા હશો "

"અરે નહિ રે ' આપણે આએ બાકપરે આવી બેઠા ત્યારે મે છેલ્લા જોયલી '"

"લૉકેટ કેવી હતી ? "

"સોનાની લૉકેટ છે અને ઉપર હીરા જડેલા છે."

"ત્યારે તો તે કીમતી હોવી જોઇએ." આઇ બોલી.

"હા. પણ તે લૅાકેટ કરતા—" અહીં પરીન કાંઇ બોલવાની જતી હતી તેટલાં અચકી ગઇ.

"લૅાકેટ કરતાં શુ ? " જેહાંગીરને શક પડયો.

"કાંઇ નહિ—કાંઈ નહિ. "પરીને વાત ઉડાવી. " આઇમાય, મને મદદ કરો. હું ધારૂછું કે મારી લૅાકેટ " આટલાં આટલાંમાંજ ખોહવાઇ છે અને જો આપણે શોધ કરીશું તો મલ્યા વગર રહેશે નહિં."

પ્રકરણ ૪૦ મું.

" લૉકેટમાં શું હતું ?

પરીને હીરા જડિત લૉકેટ ગુમાવી એમ જાણી આઇમાય ઘભરાઇ ગઇ. તેણી આમથી તેમ શોધવા પડી પણ લૉકેટ સાંપડી નહિં.

" એ કેમ કરતા નીકળી પડી, વારુ ? " આઇએ અજાયબીથી પુછ્યું. " શું એની કડી ઢીળી યા ઉખેલાયલી હતી ?"

" મને ખબર નથી કે એ કેમ નીકળી પડી. પરીન રંજીદા ચેહરે બોલી " મને લૉકેટનું નથી લાગતું, તેટલું—

" તેટલું શું ? " ત્યા વળી જેહાંગીર પરાયો

" નહિં, કાંઇ નહિં. જેહાંગીર ! મેહેરબાની કરી મને શોધી આપવામા મદદ કરો " પરીનથી બીજી વાર કાપ્યું કપાવાથી વાત કરતી નાખતા બોલી " એ લૉકેટ મને બહુજ માનીતી છે "

" અને તે કોઇ માનીતા તરફની ભેટ હશે ? " જેહાંગીરે નાખુશ ડપી ટકોર કીધી.

" જેહાંગીર ! જેહાંગીર ! તારા ટીકા ઘણા અપ્ત છે ! બહાના ભાઇ ! બિચારી પરીને પોતાનો દાગીનો ને દાગીનો ખોયો ને વળી ઉપરથી તારા અપ્ત શબ્દ-બાણ ! એનો દુ:ખપર ડહામ કહેવાય "

" મેં નિર્દોષ અંત:કરણથી કહ્યું છ, આઇ ! " જેહાંગીર ફરી ગયા.

" તે ગમે એટલી નિર્દોષીથી કહ્યું હોય, પણ એમ બોલવાનો આ વખત નહિ હતો. બિચારી પરીન બેહેનનું દિલ તારી તીખી ટકોરથી દુ:ખાયું હશે. એ લૉકેટ પરીનને ગમે ત્યાથી મળી હોય તે જાણવાનો તને કશો હક નથી ! "

બેહેને ભાઇને આપેલો આ નરમ ઠપકો પરીને મુગે મોહડે સાંભળ્યો. તુરત વેળા તેણી કશું બોલી નહિ.

" હું સ્હેજ રમુજમાં બોલ્યોછ, આઇ, અને મને ઉમેદ છે કે પરીન-બાનું અહીં પોતાની ઉંચી કેળવણીનો સારી સમજમાં ઊપયોગ કરશે. "

" મારાં મનમાં કશું નથી, જેહાંગીરશાહ ! " પરીન કોઇ કોઈ વાર જેહાંગીરને જેહાંગીરશાહ કરી કહેતી હતી. " તમો તમારી મરજીનાં માલેક છો અને તમોને ભાવતું બોલવાનો તમોને દરેક હક છે. "

" પણ તે હક ક્યાં અને કેમ વાપરવો તે એણે સમજવું જોઇએ " આઇએ પરીનની તરફદારી કીધી. " પણ ચાલો, વાતમાં ને વાતમાં લૉકેટ

શોધવાનું રહી જશે. પરીન તમે અહીં શોધો—જેહાંગીર તમે પેલી બાજુ જુઓ હું આએ તરફ શોધુછ."

અહી જેહાંગીર ને આઈની નજર એક થઈ ગઇ. પરીનનુ ધ્યાન આ વખતે લૉકેટ શોધવા પર હતુ, તેથી જેહાંગીરે આઇને એક છુપી ઇશારત કીધી કે " ' ત ત્યાંથી દૂર થવું."

ચગરી આઇ ચેતી ગઈ કે જ્યા છો ત્યાં જેહાગીરે લૉકેટ સતાડી છે અને આજે એકાન્ત તક જોઇને પરીન સાથ વાત કરવા ચાહે છે. આ ખ્યાલ થતાંજ, આઈ ત્યાંથી લૉકેટ શોધવાને મસે નીચે ઉતરી દૂર થઇ.

પરીન સાથ એકલાં મળવાની જેહાંગીરને આજે મળી ગયલી અચાનક તક જેહાંગીરે જતી મેલી નહિ. પરીન લૉકેટ શોધવાની કોશેશ કરતી હતી તેને અટકાવીને તે બોલ્યો " પરીન, તમારી લૉકેટ સલામત છે."

" ક્યા છે ?" પરીન ચમકીને ખુશ થતાં બોલી.

" મારી પાસે છે."

' એ તમારી પાસે કેમ આવી ? "

" આપણે પોઇન્ટને મથાળે આવી પુગા તે વખતે બાકપર બેસવા જતા વાંકુ વળતાં તમારી લૉકેટ નીચે પડી ગઇ—તમે ને આઈ વાતમાં હોવાથી બેઉનુ ધ્યાન તે ઉપર ખેચાયુ નહિ. તમો નહિ જુઓ તેમ થોડોવાર વાતચીતમાં પસાર થવા દેવા પછી મે સિફતથી લૉકેટ ઉચકી લીધી અને ચુપચુપ ગજવામા મેરવી દીધી."

" એમ કરવાનુ કારણ, જેહાગીર ?"

તમોને બૂમ પડાવવાનુ મારૂ જરા મન થઈ આવ્યુ. પરીન—પરીન ! તમારા સગતમાં હુ સુખી છુ."

જેહાંગીરના છેલ્લા શબ્દો માર્મિક હતા.

પરીને વાત ઉડાવી નાખવાના હેતુથી પુછ્યુ; " મારી લાકેટ કયાં છે ?"

" એક સરત વગર તમોને તે મળશે નહિ."

" તે શુ ? " પરીને શકા પામી પુછ્યુ.

" એના સંબધમાં હુ જે કાંઈ ખુલાસો પુછુ તે તમોએ મને કહેવો પડશે."

" અને જો તે નહિ કહેવાય એવો હોય તો ?"

" તોબી કહેવો પડશે." બહાદુરશાહ હશીને બોલ્યા.

" અરે વાહ ! જેહાંગીરશાહ ! તમે તો જબરા દેખુ ! મારો ખાનગી ભેદ હુ કેમ ખુલ્લો કરી શકુ ! મને માફ કરો ! એ તો નહિ બને ! " પરીને હસતે ચેહેરે જેહાંગીરને નિરાશ કીધો.

" હું તમોને એના સબંધમાં ઝાઝા સવાલ કરીશ નહિ."

"પણુ તેમ બનવુ મુશ્કેલ છે."

"નહિ, હુ ખરૂ કહુ છુ—હુ માત્ર બે સવાલ પુછીશ."

"અને?"

"અને તેના તમોને જવાબ આપવા પડશે."

"જેહાગીર! હું તમોને નારાજ કરતી નથી, પણુ તમારા સવાલનાં જવાબ આપવા-નહિ આપવાનુ હુ મારી મરજી પર રાખીશ"

"ત્યારે તો તમે મને ઉડાવશો."

"નહિ, બનતા સુધી હુ તેમ કરીશ નહિ." પરીન શંકામાં પડી કે લોકેટના સબંધમા જેહાંગીર એવુ તે શુ પુછવાના હશે? જેહાગીર વ્હેમમા પડયો કે લાકેટ કરતાં લાકેટમા સમાયલા કાર્ડ બેદ વિષે પરીન એટલી બધી તે શી ઇનતેજારી ધરાવતી હશે?

"વારૂ ઠીક છે, પરીન, જેમ તમારી મરજી." હવે જેહાગીરે પેલી લૉકટ ગજવામાંથી બ્હાર કાઢી "આ લૉકેટ તમોને કાણુની ભેટ છે?"

"મારા બાવાની!" જેહાગીરની ભારે અચરતી વચ્ચે પરીને વક્રાથી ઉલટોજ જવાબ દીધો. જેહાગીર ધારતો હતો. કે આ લાકેટ તમોને કોણુની ભેટ છે? આ સવાલના જવાબ "દાદીબાની!" એમ મળશે, પણુ પરીને તેને બદલે પોતાના પિતાનુ નામ જાહેર કીધાથી તે તો તેણીનુ કોઇ ભાપ-તોજ રહી ગયો.

પરીન તેના મનમા થતા ગભાર ફેરફારો ચેતી ગઇ. દાદીબા તરફ તેનુ દિલ છે એમ જેહાંગીર જાણે છે એમ પરીન માનતી હતી અને તેમ માનતી હતી તેથીજ પોતાના જવાબથી જેહાગીરને ઉપજેલી અચરતી તેણી સમજી શકી હતી.

"હવે તમારો બીજો સવાલ?" જેહાંગીર હજી પોતાની અચરતી પુરા કરી રહ્યો નહિ, તેટલાં પરીને બીજા સવાલની ઉતાવળ કીધી

"પણુ પરીનબાનુ, મારો પેહેલો સવાલ તમે ખરા જવાબથી ખુલ્લો કીધો નથી. એ ભેટ તમારા પિતાજી તરફની હોય એમ હુ ધાર—"

"તમારી ભુલ છે જેહાગીર! હુ સાચી મનસનીથી કહુછ કે તમે આ જવાબ માન્ય રાખશો. મારા પિતાએ મારી છેલ્લી વર્ષ ગાઠને દહાડે મને આ લોકેટ આપી હતી."

"મે માન્યુ." જેહાંગીરને હવે માન્યા વગર ચાલ્યુ નહિ. પરીનને તે એટલા હેતથી ચાહતો હતો કે તેવી એક મનોહર પુતલી "સાચી મનશની" નાં વજનદાર શબ્દથી પોતાનુ બોલવું ઠશાવવા માગે તેનો તો તેનો જેવા એક પ્રેમી જવાનથી અસ્વિકાર થાયજ નહિ.

"હવે તમારો બીજો સવાલ!"

" બીજો સવાલ સવાલ રૂપી નથી, પણ હસ્કૃત છે. તમારા આ લૉકેટની અંદર કોણની તસ્વીર છે તે જોવા સારૂ મેં તમે નહિ જુઓ તેમ ઉઘાડવાનાં ઘણાં ફાંફાં માર્યાં. પણ મારાથી તે ઉઘડી શકી નથી. આ લૉકેટમાં ઉઘાડવાનુ નથી, એમ તો તમારાથી કહેવાશેજ નહિ."

" ખચીત નહિ. એમાં એક છુપી ચાંપ છે અને તે ચાંપ અજાણ્યું માણસ ફાંફાં મારીને મરી જાય, પણ જડે નહિં એવી છે." પરીન બોલી "પણ એમા તમે ધારોછે તેમ કોઇની તસ્વીર નથી."

" એમ બનેજ નહિ." જેહાંગીરને લાગ્યું કે પરીન તેને ઉડાવે છે. કદાચ પરીનનો પહેલો સવાલ ખરો હોય, પણ આ બીજો સવાલ તો ખોટોજ છે, એમ જેહાંગીરે ચોક્કસ માન્યુ. " પરીન બાનુ, તમે મને ઉડાવોછો—આ લોકેટમાં કોઈનીબી તસ્વીર હોવીજ જોઇએ."

" નહિ, નથી—જહાંગીર, એમા કોઈની તસ્વીર નથી."

" આ લોકેટ ખોલીને મારી ખાત્રી કરો!"

" તેમ કરવાની કશી જરૂર નથી." પરીને કહ્યું, પણ અંદરખાંને તેણી ચિંતાતુર બની.

" જો એમા તસ્વીર નહિ હોય તો પછી એકદમ ખાલી બતાવવામા શી અડચણ છે?"

" અડચણ જેવુ કાંઈ નહિ, પણ—"

" પણ—પણ હુ હવે સમજવાનો નથી, પરીન, તમે મને ઉડાવોછ તે હવે કાઇ ચાલવાનું નથી."

" ખરેખર? ત્યારે તમે માનોછ કે તમોને હુ ઉડાઉં છું!"

" હા."

" નહિ, જેહાંગીર તમે ભૂલોછો. મેં તમોને ઉડાવ્યા નથી ને ઉડાવીશ નહિ. હુ પવિત્ર એકરાર કરૂંછ કે આ લૉકેટમા કોઇની તસ્વીર નથી."

" પણ ત્યારે તે ખોલીને બતાવતાં કાં નથી?"

પરીન હવે નાઇલાજ થઇ! આ લાકેટમા જેહાંગીરને એક તસ્વીર હોવાનો શક હતો, પણ ખરો ભેદ તો એ હતો કે તસ્વીરને બદલે લોકેટમા કાંઈ બીજુજ હતું!

તે શુ હતું?

પ્રકરણ ૪૧ મું.

—•×•—

એક ભેદી દોહરો

જેહાંગીરની હુજ્જત આગળ પરીનનું કાંઈ ચાલ્યું નહિ. પરીને જેહાંગીરને પણ ઉડાવ્યો, પણ તે ખંતી જવાને વ્હેમમા પડી પરીનની એટલી પૂઠ પકડી કે બિચારીને લોકેટ ઉઘાડવાની ફરજ પડી

લોકેટ ઉઘાડતી વેળા પરીનનો ઘભરાટ અસાધારણ હતો. તેણીનુ અંતઃકરણ જોરથી ધબકારા મારતુ હતુ અને ચેહેરો પાણી પાણી થઈ ગયો હતો !

જેહાંગીરે તેના ચેહેરાપર ધાઈ આવેલો આ ફેરફાર નીરખી નક્કી માન્યુ કે "જ્યા છે ત્યા આ લોકેટમા પેલા માનીતા દારાબાની તસ્વીર છે અને તેથી એ હવે પાણી પાણી થઈ ગઈછ." પણ જ્યારે પરીને તે લોકેટ ઉઘાડી ત્યારે ભારે અજાયબી વચ્ચે તેણે જોયુ કે તેમાં કોઈની પણ તસ્વીર હોવાને બદલે માત્ર ગોલાબી રંગની કાગળની એક ન્હાની કાપલી ઘડી વાળીને અંદર મૂકેલી હતી તે નજરે પડી'

લોકેટ ઉઘાડયા બરાબર પરીને તે કાપલી લઈ પોતાના ખીસામાં સેરવી દીધી.

' કાય, એમ કાય ? એ કાપલી સાની છે ? જરા મને તો દેખાડો ?"

"કાપલી સાથ તમોને શુ કામ છે. ?"

"નહિ, મને તે દેખાડવી પડશે ? '

' તમારી–મારી વચ્ચે લોકેટમા કોઈની તસ્વીર છે કે નહિ, તે સવાલ પર આપણી તકરાર લંબાયલી હતી. તસ્વીર જેવુ તો કાંઈ નીકલ્યુ નથી એટલે હવે તમે વધુ ચુનોચરાથી હાથ ઉઠાવવો જોઈએ. '

"પણ તસ્વીરને બદલે એક ભેદભરેલી ચીઠ્ઠી તો નીકળીછની ?" જેહાંગીરે હસ્તે ચેહેરે સાબુત દાવો કીધો.

"એ ચીઠ્ઠી સાથ તમોને કામ નથી. '

"કારણ ? '

"કારણ કે એ ચીઠ્ઠી ખાનગી છે. '

"નહિ પરીન, તમે ભુલી જાઓછ કે મારો મુદ્દો લૉકેટમા શુ છે તે જોવાનો અને જાણવાનો હતો. કદાચ મારી વકી મુજબ એમાંથી તસ્વીર નહિબી નીકળી હોય તો તેથી તેમાથી મળેલી કાપલીમાં શું છે તે જાણવા–જોવાનો મારો હક હુ ખોઈ શકુ નહિ—કારણ કે મારો મુદ્દો લૉકેટમાં શુ ભેદ છે તે પામવાનો હતો. ઉમેદ છે, પરીનબાનું, કે તમે મને નાઉમેદ કરશો નહિ."

જે વખતે જેહાંગીર આ શબ્દો બોલે છે, તે વખતે પરીન જો દાદીબા તરફ આગળ જેટલી વફાદાર રહી હોત, તો આ કાપલીનો ભેદ શુ કે ખુદ લૉકેટ ઉઘાડી અન્દર તસ્વીર છે કે નહિ તે વિષે જેહાંગીરને ઉપજેલા શકનુ ખડણુ કરવાને હિંમતથી ના પાડત; પણ અફસોસ! પરીન આજે આગલી પરીન નથી?

દાદીબા તરફનો તેનો આગલો અખંડ પ્યાર જેહાંગીરની જાહોજલાલીએ જીતી લીધો છે. કહે છે કે સ્ત્રી જાત વૈભવની ભૂખી છે. જો આ વચન ખરું હોય તો પરીનનો દાખલો તેને ટેકો આપે છે.

ગરીબાઇ! ગરીબાઇ! દુનિયામા ઇનસાફના દરવાજા તારે માટે સદાના બન્ધ છે તારા કમનસીબ ભાગે જો કે કાઇ પાપ કર્યું નથી, તોપણ તેને કશો હક નથી. તવંગરીના તોરમાં મસ્ત બનેલા માતબરો જ્યારે પારકા સુખ પોતાના કરી શકે છે, ત્યારે ગરીબાઇની ઘંટીમાં દબાઇ મૂવેલા તારા દીન દાસો હકના સુખ ખોઇને ખુવાર થાય છે! ગરીબાઇ! કંગાલ્યત, અપમાન, હાડમારી નિરાશ: અને ફજેતીનુ તુ મથ્થકસ્થાન છે એક ગરીબ માણસ ગમે એટલો આબરૂથી ચાલનારો હોય, પણ આબરૂને માટે ગોયા તે જનમ્યો નથી!

કમનસીબ દાદીબા! ગરીબ જવાન! તારી ગરીબાઇએ તારા સુખનુ સત્યાનાશ વાળ્યુ છે પરીન જેવી એકવારની વફાદાર પ્રીયા સોનાના સિક્કાઓની મોહિનીમા ફસી આગલો પ્યાર–આગલી મ્હોબત અને આગલી દિલ–લગી આજે હવે ભુલી જાય એ દુર્દૈવની નિશાની નથી તો બીજુ શુ?

હજી પરીન જહાંગીર તરફ તદન ઢળી ન હતી, પણ જે વખત જાય છે તેમા તેમ થવાનુ હોવાથી હવે તેણીએ જહાંગીરને પોતા જોડે વધુ ન વધુ છુટ લેવા દીધી. વાચનાર! યાદ કરો, કે જ્યારે "દાવર લૉડજના" બાગમા પરીનને જહાંગીર મળ્યો હતો. ત્યારે જહાંગીર તરફ તેણે કેવી ઠંડી લાગણી દેખાડી હતી આજે તેજ લાગણી છે કે? નાં. આજની લાગણીમાં દેખાઇતો ફેરફાર છે! તે મુલાકાતમા પરીને જહાંગીરને પોતાનો ભેદ પામવા દીધો ન હતો. આજે જૂદોજ મામલો નજરે પડેછે, જો પરીન ચાહત તો લાકેટમાં કોઇની તસ્વીર છે કે નહિ તે વિષે જહાંગીરે નહિ લેવી ઘટે એવી તેણી જોડે લીધેલી છુટનો તેને લાભ લેવા ન દેત; પણ પરીને તેમ કીધુ નહિ. કા નહિ કીધુ? જહાંગીરની જાહોજલાલી, દોરદમામી અને તવંગરીના સુખોએ તે ખુબ સુરત કુમારીકાને જીતી લીધાથી દાદીબાની આગલી પાક પ્રીતિ તેણી ભૂલી ગઈ હતી અને જે વખત જાય તેમાં તેણી જહાંગીરની થવાની હતી! અફસોસ! ઓરત જાતની બેવફાઇને શુ કહીશુ.?

"તમારી મમવ આગળ હુ આજેજ છું." પરીને જહાંગીરને કાપ-

લીનો ભેદ જાણવાને અત્યાતુર જોઇ અને તે કાપલી આપતાં ઉમેર્યું "પણ હું ઇચ્છીશ કે મને એ વિષે કશા પ્રશ્નો પૂછશો નહિ.

ઘરખાયલે હૈડે જહાંગીરે તે કાપલી પોતાના હાથમાં લીધી અને ઉખેડી જોઇ તો તેમા ફક્ત નીચલો **દોહરો** લખેલો હતો:—

ભલે નજરથી દૂર પણ નથી જિગરથી દૂર;
યાદ માત્ર તુજ એકથી, અંત કરણ ભરપૂર.

(**દાદીબા.**)

વિજળીનો એક ઝટકો લાગે તેમ જહાંગીરની ખુશાલી કપલી બે લીટી વાચતાંજ ઉડી ગઇ અને તેનાં ચહેરા પર ગુસ્સાના ચિન્હો પ્રગટી નીકળ્યા. દોહરામા સમાયલી ઊડી મતલબથી તે જેટલો ઉશ્કરાયો નહિ તેટલો તેની નીચે દાદીબાની સહી જોઈ ચીરડાઇ ગયો

"પરીન' પરીન' એ શુ કહેવાય! એક રખડનો પોર્યો તારા અમીરી પ્યારનો ખરીદદાર! અફસોસ! તે તારી કેળવણીને ઝાંખ લગાડીછે.' અને એમ બોલતાવાર ગુસ્સાના ઝનુનમાં જહાંગીરે તે કાપલી ફાડીને ફેંકી દીધી'

પરીન આ દેખાવ જોતીજ રહી ગઇ. તેણીને સુઝયુ નહિ કે શુ કરવુ અને શુ જવાબ દેવો દાદીબા તરફ હજી તેણીને થોડીક લાગણી હતી, પણ જહાગીર બહાદુરશાહને કાપલી જોઇને તપી આવેલો જોતા તે સ્હેજ લાગણી પણ મરી ગઇ!

અફસોસ' પરીન બેવફા થઇ!

પ્રકરણ ૪૨ મું.

જેહાંગીર બહાદુરશાહ પર પરીનની પસંદગી.

જેહાગીરનાં ઝનુને પરીન પર એજબતી અસર કીધી. દાદીબાના દોહરાવાળી કાપલી ફાડીને ફેંકી દીધા પછી તે દાવકા જવાને પોતાનો ચેહરો એવો ગુસ્સાબાજ અને ગંભીર કરી નાખ્યો કે તે જોઇ પરીન થોડો વાર ડઘાઈ ગઈ!

ત્રણ–ચાર મીનીટ સુધી જેહાંગીરે તે ગભીરતા જાળવી રાખી. પોતાનો ભેદ જાહેર થઈ ગયલો જોઇને—જેને નહિં જાહેર થવો જોઇએ તેને જાહેર થઈ ગયલો જોઇને—પરીન લજવાઇ ગઇ. તેણીએ પોતાના બચાવમાં કાંઇ બોલવા ચાહ્યું, પણ છાતીમા ચાલતો ધભરાટ એતો અસાધારણ હતો કે તેણીનાં શબ્દો તેણીનાં હોઠ સુધી આવતાંજ દબાઇ જતા હતા!

પરીનનો ગભરાટ જવાન, જેહાંગીર પામી ગયો. તે સમજી ગયો કે પરીન આ કાપલી પકડાઇ જવા માટે પસ્તાય છે તેને લાગ્યુ કે હવે વધારે વખત આ મુઝવણુ ચાલુ રાખવી નહિ જોઇએ.

"પરીન! પરીન! એ શુ કહેવાય! એક રખડતો પોર્યો તારા અમીરી પ્યારનો ખરીદદાર!" જે શબ્દો જેહાગીરે કાપલી વાંચી ફાડી ને ફેંકી દેતાં પ્રથમ વાપર્યા હતા, તેજ શબ્દો બોલી પરીનને વધુ શરમાવી. "અફસોસ! તે તારી કેળવણીને ઝાંખ લગાડીછ"

જેહાગીરના આ તિક્ષણ શબ્દ–બાણથી પરીનની આખમાં આન્સુ આવી ગયા આ દેખાવ જોઇ તે જવાન બહાદુરશાહ ખશિયાણો પડી ગયો અને પરીનનુ દિલ પોતાના જુસ્સા ભર્યા બોલોથી દુખાયુ હોય તો તેની માફી ચાહવા લાગ્યો.

"એકજ કમનસીબ ભૂલ અને તે ભૂલના આ ભયાનક પરિણામ શિવાય હુ બીજુ કાઇ જાણતી નથી." પરીન આખ્યો લુછી બોલી. "તમારો કે કોઇનો હુ કશો કસૂર કાઢતી નથી."

"પરીન–પરીન! મને માફ કર! મે ગુસ્માના ઝનુનમા તને નહિ ઘટે એવા સખ્ત શબ્દો વાપરી દીધાછ. તુ ગમે એટલુ ના કહે તો શુ થયુ, પણ હુ ધારૂ છુ કે મારા સખુનોથી તારૂ દિલ દુખાયુછ"

પરીન કાઇ બોલી નહિ.

"તુ જવાબ કેમ દેતી નથી, પરીન? તારી અને મારી વચ્ચેની આ-જની આ મુલાકાત પર તા મે મારી જીંદગીની ઉમેદોનો પાયો બાંધેલો છે. એજ મુલાકાત મને સદાનો સુખી યા દુખી બનાવનાર છે. હુ ધારૂ છુ કે જે દહાડાની હુ ઇંતેજારીથી રાહ જોતો હતો તે દહાડો આવી લાગ્યો છે, અને તે આજનો દહાડો છે. સાંભળ, પરીન, આ ભેદી કાપલી વાચ્યા બરાબર હુ ઉસ્કેરાઈ ગયો તેનો સબબ તદ્દન ખુલ્લો છે. મેં જયારથી તને જોઇછ, ત્યારથી મારા ખરાં અતઃકરણના પ્યારથી તને હુ ચાહતા શિખ્યો છુ. મુદત થઈ મે મારી લાગણીઓ દાબી રાખી હતી, પણ જ્યારે મેં જાણ્યુ કે એક રખડતા પોર્યા પર તારી ફિદાગી ઉતરીછ, ત્યારે મે મારૂ નસીબ અજમાવી જોવાનો તથા મારો હક રજુ કરવાનો 'ચાન્સ' લીધો. મારાં બુઝર્ગ માતાને તારાં માત–પિતાની મંજૂરી માટે મોકલ્યાં. પણ અફસોસ! તે બન્ને મુરબ્બીઓની પૂર મરજી છતા તારી ખોટી મમત અને હુજનને લીધે મને નિરાશી ભર્યો જવાબ મળ્યો. 'ગામમાં ઘર નહિ અને સીમમાં ખેતર નહિ' એવા એક કગાળને તે તારો પ્યાર વગર વિચારે આપી દેવામાં તારી કેળવણીનો—તારાં ખાનદાનનો કે તારા બાપ–બપાવાની ઇઝત–આબરૂનો કશો ખ્યાલ કીધો નથી. આ મડી ગોરી છે તેથી શુ થયુ? ખાનદાન ક્યાં છે? મોભ્ભો ક્યાં છે? તુ જેવી

પરીચેહેર બાહબુબ ને કોઇ કુળવાનનીજ જોડીયણુ થવી જોઇએ. પરીન, પરીન, તારા પ્યારનો હુ ખરીદદાર છુ. તુ મારી થા અને તમામ સુખ તારા પગ આગળ છે. દરજ્જા અને દોલતમાં તુ દટાઇ જશે—ઇઝત અને આબરૂમાં તું સર્વોપરિ લેખાશે. તારો પ્રેમી હાથ મારા સસારને બાગે-બેહેસ્તના ગુલજાર જેવો બનાવશે. છોડ—છોડ, દાદીબાનો ખ્યાલ છોડ ! તે કગાળને હવે તુ એકદમ ભૂલી જા ! તારાં ખિલતાં ભવિષ્યને કરમાવી નાખવાની કોશેષ કરનાર તે કમઅક્કલ કમનસીબને તારાં જીગરમાંથી સદાનો દૂર કર, અને તે જગ્યામા તારા વહાલા જેહાંગીરની જગ્યા કર ! પરીન ડીયરા, તારી એકજ 'હા' કે 'ના' પર મારૂ 'સુખ' કે 'દુખ' લટકેલુ છે. મારી સાથે પરણવામા તુ સુખી થશે, એજ નહિં; પણ તારા મુરબ્બીઓને વડીક રાજી રાખી શકશે અને પેલા કગાળનો ખ્યાલ કરશે તો જનમની દુખી થશે, એજ નહિ પણ તારા મા—બાપ તને સદાની નીવારી મૂકશે ! બોલ હવે તને દુખી થવા ગમે છે કે સુખી થવા ?"

પરીન હજી ધચ્ચુ—પચ્ચુ હતી. "દુખી થવા ગમે છે કે સુખી થવા ?" આ વાક્ય સાંભળી તેને દાદીબાનો યાદ થયો. એક વારના તે અતી વ્હાલા પણ ગરીબ કમનસીબ જવાનને વચનથી તેણી બંધાઇ ચુકી હતી, તે અભાગ્યુ "વચન" (?) તેણીને અહીં યાદ આવ્યુ.

"તુ મને જવાબ કેમ દેતી નથી. પરીન ડીયર ? જેહાંગીરે પાછુ ચલાવ્યુ. "હુ સારી પેઠે સમજુ છુ કે હાલની તારી હાલત 'સુડા વચ્ચે સોપારી' જેવી છે, પણ મન મક્કમ કરીને હવે તે આગલી નાપસદ બસને ભૂલી જવાથી તારા હકમાં તું અનેક લાભ કરી શકશે. દોલત અને દરજ્જાની ધણીઆણી થવાની આ તને કીમતી તક છે અને હુ ધારૂ છુ કે મૂર્ખાઇ વાપરીને તે તક તું જતી મેલશે નહીં."

પરીન વિચારમાં પડી.

"હવે શુ કરૂં ! શું જવાબ દઉ ! જેહાંગીરને કબૂલ કરૂ કે દાદીબાને ? જેહાંગીરને નાં કહુછુ તો જગ જાગેછે અને દાદીબાને ના કહુ તો વચન તૂટે છે ! અફસોસ ! મારી હાલત કેવી દયાજનક થઇ પડીછ !" પરીન મનમાં મુંઝાવા લાગી. જેહાંગીર આ મુઝવણુ પામી જવાથી તેને વિચાર કરવાની તક આપવા સારૂ ત્યાંથી બેચાર કદમ દૂર ખશીને પેનોરામાં પોઇન્ટની પૂર્વે જે મનોહર દેખાવ થઈ રહ્યો હતો તે તરફ જોવા લાગ્યો. તેનું મન સઘળુ પરીનમાં હતું, પણ પરીનને થોડીક મીનીટ વિચાર કરવા દેવા સારૂ પૂર્વ તરફની રચના જોતો હોય તેવો દેખાવ કરવાની જેહાંગીરે જરૂર જોઇ. પરીન આ સઘળુ પામી ગઇ. તેના વિચારો દર સેકડે વધતાજ ગયા. દાદીબાને પરણવામાં તમામ મુફલેશી, તમામ બેકરારી અને તમામ ખફગી તેની સાંમને ડોળા ઘુરકતી

ચિત્ર ૧૫ મું.



[બ્લૉક—૭૦ નં૦ ખરેઘાટ.

" જહાગીરને એજ જોઈતુ હતુ પરીનની પમદગી પોતા ઉપર ઉતરી તે જોઈ તે જવાન બહાદુરશાહ હર્ષથી ગોયા ઘેલો થઈ ગયો અને તે હર્ષના આવેશમા પરીનના ગુલાબી રૂખશારા ઉપર પોતાની મોહબતના છાપનુ પહેલવહેલુ બીલ બહુ જોશથી દાબી દીધુ !

[સફે ૧૭૫.]

ઉભી હતી, જ્યારે જેહાંગીરનો હાથ કબુલવામાં દોલત, દરજ્જો, ખુશાલી, એ-કસંપી, મુરબ્બીઓની મેહેરબાંની અને જાહોજલાલ જીંદગીનું ઓહોળુ મેદાન પોતાનાં સોનેરી ભવિષ્યમાં ચલકતુ ઉભુ હતુ !

પરીનને વિચાર કરવાની તક આપ્યા પછી જેહાંગીરે હવે ઝાઝો વાર પસાર થવા દેવામા લાભ જોયો નહિ. તેણે જોઇ લીધુ કે પરીનના મન પર તેનાં બોલવાની અસર થયલીછે, તેટલામાં તાતે ઘાએ પોતાનું કામ કાઢી લેવાનો ખરો સમો એજ છે તે ફરીથી પરીનની પાંસે આવ્યો અને તેનો કોમળ કર હાથમા લઇ તે પોતાની આંખોમા દાબતાં બોલ્યો.

"પરીન, વ્હાલી પરીન, વિચારના વમળમાં ગરક થવાનુ કાંઇ કારણ નથી કોઇબી સાધારણ સમજનું માણસ દુઃખ અને સુખમાંથી શું પસંદ કરવું તે સ્હેલાઇથી સમજી શકે. એક કંગાળ પારસી પોર્યાએ તારાં મગજને ભ્રમીત કરી જવામાં ફતેહ મેળવી છે ખરી, પણ એ તકલીદી ફતેહ કેટલો થોડો વખત ટકવા પામશે અને આખરે તારૂ સોનેરી ભવિષ કેવું સિહા બની જશે તે વિચારવાનુ તારા હાથમાં છે. પરીન, વ્હાલી પરીન ! હુ ફરીથી કહુછુ કેતુ મારી થા, અને હું મારી દોલત તથા દરજ્જાનાં જોરે દુનિયાનાં સુખમા તને દાટી નાખીશ. બોલ, હવે તને હુ એકજ સવાલ પૂછુછુ, તને દુઃખી થવા ગમેછ કે સુખી થવા ?"

"સુખી થવા !"

બસ !—જેહાગીરને એજ જોઇતુ હતુ. પરીનની પસંદગી અને પોતા પર ઉતરી તે જોઇ તે જવાન બહાદુરશાહ હર્ષથી ગોયા ઘેલો થઇ ગયો અને તે હર્ષના આ વેશમાં પરીનના ગોલાબી રોખશારા પર પોતાની મોહબ્બતના છાપનુ પેહલ વહેલુ મોલ બાદુ જનશથી તેણે દાબી દીધુ

પ્રકરણ ૪૩ મું.

ભાભીજી.

"સદા સુખી થજે મારી પરીન! મારા ઇનતેજાર આતુર અંતઃકરણને સુખનાં સમુદ્રમાં હોમાવીને મારી આજ સુધીની બેકરાર આંતરડીનાં આશિષ આજે તેં લીધાછ, એ આશિષ તને ફળ્યા વગર રહેશે નહિ."

જેહાંગીર આ રીતે પોતાનો પ્રેમાનંદ જાહેર કરેછે, તેટલાં પડોશની એક ખીણમાંથી કોઇ ભયંકર પ્રાણીનો ડરામણો અવાજ નીકળ્યો. પરીન તે અવાજને અપશુકન માની ડઘાઇ ગઇ. તેનાથી એક ન્હાની ચીશ પાડી દેવાઇ.!

"શુ છે? પરીન ડીયર, શું છે? એ તો એકાદ સિંહ કે વાઘની

ગર્જના છે અને પહાડી જીંદગી ભોગવનારાઓને મનથી એવા અવાજ દર-રોજના તેમને સાધારણ છે. તને બીહવાનું કશું કારણ નથી હુશિયારી પકડ, જીગર, એમ ડરેછ શું કામ.'

"નહિ, વ્હાલા જેહાંગીર! એ ભયકાર ડરામણા અવાજ કરનારથી નહિ પણ ખુદ એ અવાજથી હું ડરૂંછું. તમે મને દુવા દીધી–સપર પેહેલી દુવા દીધી–તેજ વખતે આ સાદ સભળાવાથી હુ તેને અપસગણની નિશાની સમજુછ. આપણા સુખની પેહલી શુરૂઆત કોઈ સગણભર્યા બનાવથી શુરૂ થવી જોઇતી હતી. પણ અરે! કદાચ દાદીબા તરફ એવફા થવાનાં મારા પાપી પગલાંની પાતકી તકસીરમાં—"

"ચુપ થા, પરીન, એકદમ ચુપ થા!" દાદીબાનું નામ સાંભળતા વાર જેહાંગીરને ઝાઝ ચટી. "એકવાક મારી સસારી ભાગ્યણ થવાનું રાજી ખુશાથી સ્વિકારી લીધા પછી તે કગાળનો કગાળ ખ્યાલ તેં કરવો લાયક નથી. તે એક પારકા પુરૂષ છે અને પારકા પુરૂષનો ખ્યાલ એક આબરૂદાર સ્ત્રીની કીર્તિ પર કલક લગાડે છે. તેને તેં કાંઇ દસ્તાવેજ નથી કરી આપ્યો કે તને આજના આ ખુશાલ પગલા માટે ડરવાનું હોય? વ્હાલી પરીન, હવે જો તે તારી પસંદગી મારી ઉપર ઉતારી હોય તો મારા અને તારા સુખને ખાતર એ નાલાયકનું નામ આજ પછીથી કદી લેતી ના. તારા અંતકરણ-માથી તે હવે સદાનું દૂર કરજે. આપણા વાતચીત કરવાનું ને પાસેની ખાણ-માંથી એકાદ પ્રાણીનું બરાડવાનું એક થઇ જવાથી તુ તેને અપસગણ ગણે-છ, એ તું જેવી એક કેળવાયલી બાનુને શોભે નહિ. એવા એવા વ્હેમો આ-પણા વડવાઓ કરી ગયા–હવે આજના જમાનામા એવા 'હંબગ' આપણે માટે સારે નસીબે રહેવા પામ્યા નથી. તારા આ વ્હેમી વિચારોને હુ હસી કહાડુછ. પહાડની એકાદિ કંદણમાથી એકાદ પ્રાણી પોકાર્યું, એ અપસગણ કેમ ગણાય? શું તેને પરમેશ્વરે આપેલું મોહડું હમેશા બંધ રાખવું અને આપણા જેવાં પ્રેમી જોડાઓ માટે તેણે પોતાના મોહડાને 'મઝલ' પેહડાવી મેલવી? કેવા હસવા જેવા વિચાર! એ બાપડું જંગલી હેવાન પોતાની મરજીમાં આવે ત્યારે બોલે કે નહિ બોલે? પરીન! પરીન! તારી આજની નાજુકાઇ બપોરનાં ખાણાં વખ્તે ટેબલ પર હુ જરૂર એક હસમુખી રમુજ તરીકે રજુ કરીશ!"

જેહાંગીરે પરીનને હસાવવા માટે છેલ્લા વાક્યમાં રમુજ કરવા ચાહી, પણ પરીનના અંતઃકરણમા હાલ કેવો ધરતીકપ ચાલી રહ્યો હતો તેની તે પ્રેમાંધળા પુરૂષને શું ખબર હોય! દાદીબા તરફ પરીનને બેવફા બનાવવામાં તેને મળેલી ફત્તેહથી તે એટલો હરખાઈ ગયો હતો કે આજના દહાડાને પો-તાની જીંદગીમાં એક "સૌથી સુખી દિવસ" તે સમજવા લાગ્યો.

" તે કંગાળને જો તારા પ્યારની કદર હતી તો તારા પિતાએ તેને ઘરમાંથી હાંકી મેલ્યા પછી તે એટલો હીચકારો કેમ બની ગયો ? હું નહિ ધારતો કે તેણે તારી ખબર અતર તે પછીથી પૂછી–પૂછાવી હોય ! તુ જેવી એક ખુબસુરત મહાખુબનાં ચેહેરેનમુન દિદાર પર દિવાનો થવાને બદલે તારા પિતાની માતબર હાલત પર તેની બદ નજર હતી અને દિકરી ને દલ્લો બન્ને આઇતા મળી જવાની મુસ્તાકી પર તે બદમાશે તારા અખડ પ્યારનુ બનાવટી ડોળ દેખાડયુ હતુ. જે ખરા પ્યારથી ચાહતો હોય તે મુસ્કેલી જોઇને હટી જાય નહિ. તારા પિતાએ તેને હાંકી કાઢયા પછીથીબી તેની ફરજ હતી કે, તને મલીને તારાં દુઃખી જીગરને રાહત આપવી, એવુ નો કાંઈ તેણે કીધુ નથી. તારા બાવાએ તેનો પગદંડો ઘરમાથી કાઢવામા તદન લાયક અને ડહાપણ ભરેલુ પગલુ ભર્યુંછ એમ હું માનુછ, કારણ કે એવા એક કગાળને પોતાની એક પુરી પરીચહેર બેટી અર્પણ કરીને પોતાની મોટી ઈજ્જતને ધોકો લગાડવાની દારાશાહ જેવા દરજ્જાદાર શેઠીયા નાપસદ ભલ કરે એમ કદી બનેજ નહિ. જે થયુ છે તે નેકજ થયુ છે અને 'માઠુ થાય તે સારાને કાજે' તેમ હુ તને મોટી ભાગ્યશાળી ગણુછ કે તારી એક નાદાનીયત ભરેલી ભૂલનો ભોગ થતી તુ સ્હેલાઇમા બચી ગઈછ. વ્હાલી પરીન, આજના નેક દિવસને હુ મારી જીંદગીમા 'એક ભાગ્યશાળી દહાડો' ગણીશ કંઇક મુદતની મારી મુરાદમાં હુ આજે ફત્તેહ પામ્યો છુ અને તે ફત્તેહને માટે હુ ઇચે ઈંચ તું વ્હાલીની પાક પસદગીને આભારી છુ ખુદાનો પાડ માન, પરીન, કે પરવદેગારે આજે તને ખરા રસ્તા પર મૂકી છે તારા મનમા ફરેસ્તાઓએ ઘર કીધુછ અને તેજ ફરેસ્તાઓએ તને મારા પ્યારની કીમત કરતા શિખવ્યુછ. હવે એકજ છેલ્લી અરજ—અને તે એ કે જે લૉકેટની અદરથી આજે મેં તારો ભેદ શોધી કાઢયોછ. તે લોકેટ ભલે તારી હોય યા તે કગાળ તરફથી તને ભેટ થયલી હોય, પણ મારી આખમાં ઝેર પેદા કરનારી તે બે લીટીઓની યાદ સદાની નાબૂદ કરવા માટે આ ' પેનોરામા પોઇન્ટ ' પરથી નીચેની ખીણમાં તારે હાથે તુ એ લાકેટ એકદમ ફેંકી દે ! એવી અપવિત્ર ચીજ તારા દિલ પર રહેવી જોઇતી નથી ! હુ તને એથી દસ ઘણી કીમતનો એવોજ દાગીનો એનાં બદલામા અપાવીશ. "

જેહાંગીર હજી પોતાનું બોલવુ પૂરૂ કરે તેટલાં પરીને લાકેટ "પેનોરામા પોઇન્ટ"ની બુલદ ઉચાઇએથી નીચેની ખીણમા ફેકી દીધી ! બેવફા પરીન ! દાદીબાએ આપેલી આ છેલ્લી ઈંધાણી પણ તે સાચવી નહિ !

ઓ બેવફા માશુકો ! ઓ દગાખોર દિલદારો ! જેમ તમે લોકોનાં તન–મન તોડી નાખો છો, તેમ કુદરત તમોને તોડેલી રાખજો ! જેમ તમે

બાનુંને બેવફા નીવડો છો, તેમ તમારાં બચ્ચાં તમોને બેવફા નીવડજો! ઉપરથી ફરેસ્તાઈ ખસલતની પણ આ તેનમા બેકદર અને કરપીણ હૈયાં ધરાવનારી હે કુપાત્ર બેવફા સ્ત્રીઓ! તમારા કીધાં કૌતુકની સજા જીવતી જીંદગીમા ભોગવજો! આજે એકને સ્વિકારી કાલે બીજા પર નજર કરવાની શરમ ભરેલી નીચ નેમમાં થોડો વખત તમે ફાવી શકોછો, પણ કુદરતનો ગેબી ફટકોજ તમોને જેર કરશે!

પરીને લોકેટ ફેંકી દીધાથી જેહાગીરના જીવને ઘણી રાહત થઈ. અદેખું અંતઃકરણ હમેશાં પોતાની મરજીની ચીજ શોધે છે અને જો તે બને છે તો તેથી તેનાં અંતઃકરણમા ઉઠેલી આગ ઘણે દરજ્જે નરમ પડે છે. આપણા જવાન બહાદુરશાહના બાબમા પણ એમજ બન્યુ.

"આપણી વાતચીત ઘણીવાર લબાઈ છે, જાગુ ડીયર!" પરીન આટલો વખત જેહાંગીરને "જેહાગીર" અથવા "જેહાગીરશાહ"ના સાદા નામથી બોલાવતી હતી પણ હવે "વહાલા જેહાગીર" તથા "જાગુ ડીયર"થી બોલાવવા લાગી "અને આઈમાય આપણને ખાનગી વાતચીત કરતા જોઇ ખોટી થતા જણાય છે, તેથા—"

"કાંઈ ફિકર નહિ ડીયર, તારી અને મારી વાત ખાનગી છે. એ વાતથી આઇ અંજાણી નથી. તારી ઉપરની મારી દિલોજાન પસંદગીમા મને આઈની મોટી મદદ હતી. આ 'પેનોરામા પોઇન્ટ'ની બુલંદ ઉંચાઇએથી સ્હેજ નીચે ઉતરતાં આપણને પેહેલી મુબારકબાદી આઇમાયની લેવી પડશે. આઈ વગર કહેવે સમજી જાય એમ કરવા સારૂ આપણે બગલમા હાથ લઇને ચાલીશું"

તે દિલ પસંદ ટેકડી પરથી ચારો તરફ એક છેલ્લી નજર કરી હરખાયલે દેદે પરીન અને જેહાગીર નીચે ઉતરવા લાગ્યા. પરીનને સભાળથી ઉતારવામા હશમુખા જેહાગીર આજે બેવડો હોશીલો બન્યો હતો.

જ્યાં આઇ ઉભા હતી ત્યા આવી લાગતા જેહાંગીરે હસતે ચેહેરે પરીનના હાથ બગલમા લઇ પોતાની બેહેનને ગોયા મુગી ખબર આપી કે "પરીન હવે આજથી મારી છે!" આઈને તે બન્નેના હસ્તા ચેહરા પરથી ખુશ વધાઈ પામી જતા વાર લાગી નહિ અને જેહાંગીરે વકી બતાવી હતી તેમ તે દેખાવ જોતાજ તેણીએ સામે દોડી આવી પોતાના ભાઇ-ભોજાઇને હરખથી ભેટીને મુબારકબાદી આપવા ઉપરાત બૈરાઓની રીત મુજબ તે નવાં જોડાનાં ઉલટથી "ઓવરણા" લીધાં.

"તમારી લોકેટ મળી કે, ભાભીજી?" સઘળુ કરી પરવાર્યા પછી આઇયે પરીનની મશકેરી કીધી.

"ભાભીજી" કહેવાથી પરીન શરમાઇ ગઇ, પણ જવાબ દીવા વિના ચાલ્યું નહિ. "હાજી, મળી; માંફ કરજો—તમોને મારે લીધે તકલીફ થઇછિ."

ચિત્ર ૧૬ મું.



[બ્લોક—જી૦ ન૦ ખરેઘાર

જ્યા આઈ ઉભી હતી ત્યા આવી લાગતા, પરીનનો હાથ જાહાગીરે બગલમા લઈ હસ્તે ચહેરે પોતાની બેહેનને ગાયા ખુશી ખબર આપી કે ' પરીન હવે આજથી મારી છે!"

[સફે ૧૭૮]

" એમાં તકલીફ શાની ભાભીજી ? " આઇએ ફરીથી ભાભીજી બોલ વાપરી રમુજ કીધી "એ લૉકેટને હુ ભાગ્યશાળી ગણુંછ."

" એટલે–એટલે ? " જેહાંગીરે હસતાં–હસતાં વાતમાં રસ લઇને પૂછયુ.

" એટલે શુ વળી ? એટલે એમ કે એ લૉકેટનાં પ્રતાપે તો મારા ભાઇને ત્યાં મારી ભાભી આવી. ! "

" ચાલ આઈ, હવે ચુપ થા ! મારી પરીનની ઘણી મશકેરી નાં કર ! તુ પરણશે ત્યારે તુને ચીડવવાની પરીનની વારીબી આવશે હો ? ભૂલતી ના"

"પણ હુ પરણુસ ત્યારે કેની ? સુખેથી ! મેં મારી ભાભીની દસ મશકેરી કીધી, મારી ભાભીએ પોતાની નણુંદની દસ હજાર મશકેરી કરવી–હવે કઈ છ ? આજનો દહાડો મારા જેહાગીર ભાઇના બાબમાં હુ બખ્તાવર સમજુછ ઘેર ગયા પછી આપણા મુરબ્બીઓ આ ખુશ ખબર સાભળીને કેટલાં બધા હરખાશે તેનો ખ્યાલ હુ કલ્પી શક્તિ નથી."

વાતમા ને વાતમા પોઇન્ટનો બીકટ ભાગ ઉતરીને હવે તેઓ જ્યાં તેમના ઘોડાઓ ઉભા હતા ત્યાં આવી લાગ્યા અને દસ મીનીટ વિસામો લઇ ઘોડેસ્વાર થઇ ઘર તરફ વળ્યા.

પ્રકરણ ૪૪ મું.

"પરીન લૉડજ"માં ખુશાલી.

ખાણાંની ટેબલ પર આઇમાયે આજની ખુશ વધામણીથી દાવર શેઠ, મેહેરબાઈ તથા શેઠાણી રતનબાઇને ઓચિંતા અચરત કીધાં.

જે ચીજની આપણે વકી રાખતા ન હોઇએ, તે ચીજ એકાએક અને નહિ ધારેલી બને ત્યારે કુદરતી રીતે આશ્ચર્ય ઉપજે, તેમ જેહાગીર અને પરીનને આટલાં જલદી મળી ગયલા જોઈ જેટલો દારાશાહ દાવરને તેટલોજ મેહેરબાઈ તથા શેઠાણી રતનબાઇને સંતોષ ઉપજ્યો. દારાશાહ શેઠ તો આ-જના દહાડાની ઈંતેજારીથી રાહ જોતા હતા, એટલે આઇમાયે આપેલી આ ખુશ ખબર તેમના બાબમાં એવડી ઉલટમદ થઇ પડી. જેહાંગીર જેવો દોલત અને દરજ્જામાં આગેવાન શેઠિયો પોતાનો જમાઈ થાય એ ઉમેદ મુદત થઈ તેવણના દિલમાં રમતી હતી અને તેને વકી કરતાં જલદી પોતા સામે અચા-નક આવી ઉભેલી જોઇ તે માનમાગુ બાપ હર્ષથી ગોયા ઘેલો થઈ ગયો !

પરીનને ફરતી મેરથી મુબારકબાદી પર મુબારકબાદી મળવા લાગી. આટલા દિવસ પરીન આઇમાય સાથે ટેબલ પર બેસતી હતી. પણ આજે

વગર કહેલી પહેલ વહેલી જેહાંગીર સાથે બેઠી અને જેહાંગીરે ઘણી કાળજીથી તેણીને સઘળુ "સર્વ" કર્યુ. પરીન ગમે એટલી લજવાતી હતી તે છતાં તેણીનાં ગોલાબી રોખસારાપર ધાઇ આવેલી ખુશાલીની કીરમજી લાલી પોતેજ કહી આપતી હતી કે આજે તેણીની પસંદગી જેહાંગીર બહાદુરશાહ પર ખરેખરી ઉતરી છે. દારાશાહ શેઠ પોતાનાં ધણીઆણી મેહેરબાઇ તેમજ શેઠાણી રતનબાઇ આગળ ખાનગીમા અનેકવાર બોલી ગયા હતા કે "જેહાંગીરનો હાથ કબૂલ કરતા એ છોકરી આપણને લોહડાના ચણા ચવડાવશે." પણ આજે એકાએક ફેરવાઇ ગયલા મામલાએ તેવબના વિચારો ફેરવવાની તેવણને ફરજ પાડી

આઇમાય તો પરીનને હવે "ભાભીજી" ના નામથી બોલાવા લાગી.

"ભાભીજી આવોની?"—"ભાભીજી બેસોની?" "ભાભીજી કંઇ ગાવોની?"—"ભાભીજી, ભાઇ બોલાવેછ"—"ભાભીજી, કાલે રાણીબાગ જઇશું કે?"—"ભાભીજી માથેરાનમા વધુમા વધુ કેટલા ઇંચ વરસાદ પડેછ?" ઇત્યાદિ—ઇત્યાદિ—ઇત્યાદિ

આઇમાયને ઘડી ઘડીમા "ભાભીજી—"ભાભીજી" કરતા જોઇ જેહાંગીરે તેજ સાંજે રમુજ કીધી કે "હજી તો કાંઇ ઠર-ઠેકાણું નથી—હજી તો અમે અદરાયા નથી તેટલા ભાભીજી—ભાભીજી શાની કરી રહીછ આઇ?"

"અદરાયાં નથી તો શુ થયુ, ભાઇ, હવે જે વખત જાએછ તેમા મારાં ભાભીજીને હુજ મારે હાથે તીલો કરવા જવસ." આઇએ બચાવ કીધો. "વળી ભાભીજીને આગળે આજે તમે તમારી વીંટી પહેરાવીછ તેથી હુ તો તમો લોકોને આજેજ અદરાયલા સમજુછ કેમ ભાભીજી બોલ્યા નહિ!

ભાભીજી શરમાઇ ગયા!

"એ વળી પાછી તમારી શુ ટપાટપી ચાલી રહીછ, દિકરી આઇ?" જેહાંગીર અને આઇમાય વચ્ચે આ દિલખુશ ટકોર ચાલી રહી હતી તેટલાં શેઠાણી રતનબાઇએ ત્યા દાખલ થઇને પુછ્યુ "તમારૂં આખો દહાડો એજ કામ કે?"

"માયજી, જુઓની—તમે અમારો ઇનસાફ કરો." દિકરીએ માયને ભાઇની ફરિયાદ કીધી "હું મારી ભાભીને ભાભીજીનાં એલકાબથી કાંય નહિ બોલાવું?"

"પણ તારી ભાભી થાય ત્યારે કે હમણાંથીજ?" ભાઇએ બેહેનને સવાલ કીધો અને સઘળાં—ભાભીજી સુદ્ધાં—હશી પડયાં!

"મારી ગાય જેવી ગરીબ દિકરીને તુ ઘણો પજવેછ હો, જેહાંગી?" માતાએ હસીને દિકરાને નાજુક ઠપકો આપતાં ઉમેર્યું. "દિકરી પરીનને તેનાં નામથી અથવા આજની બખતાવર સગાઇથી ઓળખવી એ તારી બ્હેનની

મરજીનો સવાલ છે. એમાં વચ્ચે પડવાનો ખરૂં પૂછે તો તને જરા હક નથી. ”

“ નહિ કાંય ? માયજી, તમે વાજબી બોલો , જ્યારે હોય ત્યારે તમે તમારી દિકરીનીજ પક્ષ તાણોછ. ” જેહાંગીરે હસીને જવાબ આપ્યો “ હજી તો હુ પરણ્યો—અદરાયો નથી તેટલાં મારી બૈરીને “ ભાભીજી ” કહેવાનો મારી બેહેનને હક શુ છે ?”

“ ખાઆ સપડાયો ! ” શેઠાણી રતનબાઇએ જેહાંગીરને તેનાજ શબ્દોથી પકડી પાડયો. “ તુ તારી બેહેનનો ભાભીજી કહેવાંનો હક્ક ના પાડેછ તો તુ પરણ્યા—અદરાયા વગર ‘ મારી બૈરી ’ એમ બોલીજ કેમ શકે ? તુ પોતેજ કેહેછ કે તુ પરણ્યો—અદરાયો નથી તો તારી ‘ બૈરી ’ આવી ક્યાથી ? ”

શેઠાણી રતનબાઇએ પેચમા લઇને પૂછેલા આ ઠાવકા સવાલથી જેહાંગીર ફુગલાઈ ગયો—તે કશો ઉત્તર આપી શક્યો નહિ ' પોતાની ફતેહ થવાથી આઇમાયે જેહાંગીરના “ હુરિયો ” કીધા !

“ આઇના ‘ ભાભીજી ’ કહેવાંના હક તુ છીનવી લેવા.નીકલ્યોછ, પણ એણે એની ‘ ભાભીજી ’ ને જાત—મેહેનતથી મેળવેલી છે, સમજ્યો ? ” આઇમાયે જેહાંગીરને પરીનના સબધમા કીધેલી દિલોજાન મદદની બરમમા યાદ આપીને શેઠાણી રતનબાઇએ રમુજ રૂપે તાણો માર્યો.

“ તે હુ કયાં ના પાડુછ, માયજી ? તમે આજે દિકરીની તરફથીજ બોલવા નીકળ્યાછ એટલે હુ નાચાર છુ. ચાલો બા, વાણિયા મુછ નીચી. તો કે સાબડી સાત વાર નીચી ! ”

પરીન દાદીબાને બેવફા થઈ ખરી, પણ તેની આ બેવફાઈ તેનાં અંતઃકરણને કોતરી નાખતી હતી. સ્હેજ એકલી પડતા દાદીબાનો દયાજનક ચેહરો તેની સામે આવીને ઉભો રહેતો અને જાણે આ બેવફાઇનુ કારણ પૂછતો હોય એમ તેણીને લાગતુ જેહાંગીર સાથ પરણ્યા પછી ભવિષ્યમાં જાહોજલાલી ભોગવવાની અનેક ઉમેદો પર તેણી લલચાઈ હતી ખરી, પણ અંદરખાનેથી દાદીબાની યાદ તેના જીગરના તુકડે તુકડા કરતી હતી. તેને આપેલુ પેલુ પાક “ વચન ” (?) તેણીને વારવાર યાદ આવતુ હતુ, અને પરીનને મનમા જે ડર હતો તે એજ હતો કે “ કોઈ જગે દાદીબા સાથ અચાનક ભેટ થઈ જશે તો ત્યાં તેને હુ શુ નાક દેખાડસ ? ” ઇનસાંનને પોતાનાં કીધાં કર્તુક પેહેલી ઉલટમાં જણાતાં નથી, પણ ઉલટ નરમ પડયા પછી હૈયે ચઢી આવે છે, તેમ જેહાંગીર પર આધળી આંખે ફીદા થતી વેળા પરીનને દાદીબા હૈયે ચઢયો નહિં અને હવે—જેહાંગીરને કબુલાત આપ્યા પછી—હૈયે ચઢી આવ્યો '

પણ એ હૈયે ચઢેલુ હવે કામનું શુ ? મરતાં પોતાનુ મુસ્તકીમપણુ નહી તજવાની કબૂલાત પરીન એકવાર આપી ચૂકા પછી—આજે દાદીબાને બેવફા

બન્યા પછી–તેની યાદ થતાં, તેણી ફુરફુરવા પડતો તેને શું નામ આપવું ?

ગરીબ બિચારો દાદીબા ! તે બાપડો સુખનાં સ્વપણાં જોતો હશે કે "આજે નહીતો શું થયું ? પાંચે દહાડેબી દારાશાહ પોતાની ભૂલ જોશે અને પરીન જોડે મને પરણાવી આપશે !" ગરીબ કમનસીબ જવાન ! તુ શુ જાણે કે જેને તુ વફાદાર વનિતા સમજતો હતો તે એક બેવફા બાયડી ક્યારની ફરી ચુકી છે ! જેને તુ હીરો સમજ્યો, તે ચકચકતો કાચ નિકળ્યો છે !

"પેનારામા પોઇન્ટ" પર પરીન અને જેહાગીરના દિલ એક થયા પછી "પરીન લૅાડજ"ની રચના એવડી દીપી નીકળી પરીન અને જેહાગીરને વાતચીત કરવાની જોગવાઇ આપવા માટે જેટલા તેણીના માબાપ તેટલાજ તેના સાસુ–નણંદ મન્તેજાર હોવાથી, બનતા સધી હવે તેઓ તેઓથી દૂરના દૂર રહેતાં હતાં.

પેહેલે દીને પરીન જેહાગીર સાથે વાત કરતાં જરા શરમાઇ, પણ બીજા દિવસથી તે શરમાળ, લાગણીએ અદલાઇને ઘટ પ્યારનુ રૂપ પકડ્યુ જેહાગીરની ખુશાલીનો પાર ન હતો. પરીનનો પડ્યો બોલ ઝીલવાને તે તત્પર હતો પોતાની જીત અને દાદીબાની હાર થવાથી તે જવાન બહાદુરશાહની છાતી હવેથી છલકાઇ જતી હતી. પરીન પરણીને પોતાની થાય નહિ ત્યા સધી દાદીબાનુ નામ વગેરે તેના કાન પર નહિ પાડવાનો જેહાગીર મન સાથ ઠરાવ કર્યો હતો અને પરીનને દાદીબાની યાદ કરવાની નવરાજ નહિ મળે એમ કરવા માટે તે ઘણો ખરો તેની પાંસેનો પાસ રહેતો હતો

પ્રકરણ ૪૫ મું.

પરીનની આદરણી.

જેમ બને એમ જલદી પરીન અને જેહાંગીર અદરાય એ જોવાની શેઠાણી રતનબાઈ ખાહેશ ધરાવતાં હતાં તેવણ મનમા હજી ધચુપચુ હતા કે "કદાચ પરીનનાં વિચાર પાછા ફરીબી જાય–કારણ કે દાદીબા સાથ તેનું દિલ લાગેલું છે એ તો મારી–કુટીને મુસલમાન બનાવે તેમ બનેલી છે તેથી એકવાર આદરણી થાય તો પછી જીવ નચીત થાય."

પોતાના આ વિચારો શેઠાણી રતનબાઇએ એક એકાન્ત તકે જેહાંગીરને જાહેર કીધા "હવે એમ કદી બને નહિં" એવો જેહાંચીરે જવાબ આપ્યા છતાં તે પોતાની માતાના મતને મળતો થયો.

"મારો વિચાર આવતી ચાંદરાતે તીલી કરવાનો છે." શેઠાણી રતનબાઈ બોલ્યાં

"ચાંદરાતને દહાડે આપણો પારસી રોજ શું આવેછ, માયજી?" જેહાગીરે પૂછયુ

"બેહેરાંમ રોજ."

"ઘણો સરસ દહાડો છે"

"ત્યારે હું મેહેરબાઇને ખબર આપુ?"

"સુખ્ખે–માયજી, જેમ તમોને નેક જણાય તેમ કરજો. મને પૂછવાની હવે રાહ જોશો નહિં."

શેઠાણી રતનબાઇએ ઉપલી મસલત મુજબ દારાશાહ દાવર તથા તેવણના ધણીઆણીને આઇ મારફતે ખુશ વધાઇ કહેવાડી કે "અમે આવતા બેહેરામ રોજે અને ચાદરાતે પરીનને તીલી કરવા આવીશુ." મહેરબાઇએ આ વધાઇ કહેવા આવવાના બદલામા આઇને "મીઠું મોહડું" કરાવીને પોતાની ખુશી જણાવી,

ગોઠવણ મુજબ, બેહેરામ રોજે પરીન અને જેહાગીર માથેરાનમા અફરાયાં. એ દિવશ તા. ૧ લી જુન ૧૮–નો હતો. ખુબસુરત આઇએ પોતાને હાથે પોતાની "ભાભીજી" ને રૂપિયા પેહેરાવી "ધણીનુ અખ્ખઇ સુખ" ઇચ્છયુ પરીનની આદરણીનો તે ખુશાલ દહાડો "પરીન લૉડજ" માં બહુ ધામધૂમ ભરેલો પસાર થયો. માથેરાનમાં તે પ્રસંગે હાજર રહેલા પોતાના એકેએક મિત્રને જેહાગીરે તથા દારાશાહે સહવાર-સાજ ખાણા પર બોલાવ્યા. જો કે સ્વજન બન્ને વહેવાઇઓ તરફના હતા, પણ ખાણાંની ટેબલ એકજ હતી કોઇને લગની ભેટો નહિ મળે એવી પરીનને દારાશાહ તથા જેહાગીરના દોસ્તો તરફથી આદરણીની ભેટ થઇ આખા દિવસ કરતાં સાજને સમે "પરીન લૉડજ" જોવા લાયક બની રહ્યો હતો. આખો બંગલો ફૂલપાનથી સણગારવામા આવ્યો હતો. સુગંધી પુષ્પોની સુંદર તોરણો બારણે બારણે લટકતી હતી. શેઠાણી રતનબાઇ સગણના ઘણા શોકીન હોવાથી ઓરડે ઓરડે દહીં, માછલી અને મોરના પીછ મેલાવ્યા હતા.

સાજે "પરીન લોડજ" મા ભભુકદાર રોશની કરવામા આવી, બાગમાંના મોટાં ઝાડો પર રંગબેરંગી ફાનસો લટકાવી દીધેલાં હોવાથી દૂરથી જોનારાઓને તે દેખાવ ઘણો મોહક લાગતો હતો. પહરોણાંઓની ધમાલ વચ્ચે આખો દિવશ ક્યાં ગયો તે ખબર પડયો નહિં. ખાણું ઇંગ્રેજી ઢબ પર હતુ. આજનાં દિવસને માટે જેહાગીરે ખાસ તાર કરીને મુબઇથી પોતાના વડા કુકને તેના મદદનીસો સહિત બોલાવી મંગાવ્યો હતો,

ખાણાંની ટેબલ પર મુબારકબાદી પર મુબારકબાદી અપાઇ. જેહાગીરે આજની ખુશબખ્તીની યાદમા પરીનને એક કીમતી મોતીની માળા "પ્રેઝન્ટ"

કીધી. આ એકજ દાગીનાથી પરીન દગ થઇ ગઇ કે "આદરણી પર એવી અમુલ્ય ચીજ મને ભેટ મળીછ, તો લગ્ન પર કેવીક મળશે !"

ખાણુ ખલાસ થવા પછી સલામતીઓ ચાલી તેમા એક મિત્રે "બહાદુરશાહના ખાનદાનની સલામતી" લેવાડતાં જવાન જેહાંગીરને તેના મરહુમ પિતા અરદેશર બહાદુરશાહનાં મરતી વખતનાં સખુનોની યાદ આપી કે "પરવરદેગાર મહેરબાંન થાય અને મરહુમ બહાદુરશાહના ગુમ થયલા વારસ રૂસ્તમને શોધવામા જવાન જેહાગીર ફત્તેહમંદ નીવડે, કે જેથી મરહુમનુ રૂહ તે જેહાનમાં ખુશનુદ થાય." આ સલામતીને દારાશાહ દાવરે દિલોજાન ટેકો આપ્યો અને ટેબલ પર હાજર રહેલા દરેક જણે તે ઉલટથી ઉચકી લીધી.

આજના આખા દિવસમા પરીને—બેવફા બેવચની પરીને—દાદીબાની રહેજબી યાદ કીધી નહિ. આખો વખત ખુશાલી અને મોજમજાહમા એવો પસાર થયો કે ખરૂ પૂછો તો તેમ કરવાનો તેણીને વખત મળ્યોજ નહિ. કયાંથી મળે ? જેહાગીર બહાદુરશાહ જેવા અમીરી ભરથારની આજે તે મોહોરરાર થઇ તો ગરીબ કમનસીબ અદના દાદીબાની યાદ હવે તે કયાંથી કરે ? દાદીબાનો હવે તેણી પર હકબી શુ ?

અફસોસ ! ઓ બેવચની પ્રીયાઓ ! તમારા હેસ્યત નામ પૃથ્વીની પીઠ પરથી સદાનાં નાબુદ થજો ! અરે ! સંસારનો એવો કયો ભેદ છે કે જેના તળિયાંમાં **તેણી** (She) સમાયલી નહિ હોય ?

જે દાદીબા વગર પરીનને એક ઘડી ચાલતુ ન હતુ તે દાદીબાની દિવશમાં એકવાર જુદાઇએ યાદબી કરવામાં નહિ આવે એ તે કેવો ફેરફાર ? નસીબના ચક્રરનુ આ તે કેવુ ફરવાર જવુ ? ગુજરાતીમા એક કહેવત છે કે "નજરથી દૂર તે દિલથી દૂર" તેમાં શક શુ છે ?

"પરીન લોડજ" ના પહરોણાંઓ ગાનતાનની ગમત ભોગવી—પરીનનાં સુદર હલકની મોજ મેળવી—મોડી રાત્રે વિસરજન થયા પછી પરીન જ્યારે પોતાને બિછાને ગઇ ત્યારે "સબ સોયા તબ અલ્લા જાગા" તેમ આખે દહાડે હમણાં તેને તેના એકવારનાં "વ્હાલા દાદીબા" ની યાદ પડી ! ઇનસાફની નજરે જોઇએ તો આખા દિવસમા હમણાજ તેને એકાંત વખત મળ્યો હતો અને તે એકાન્તપણુ તેણીએ પોતાના આગલા આશકની યાદને અર્પણ કરી તે કમનશીબ જવાનને "પાઘડીનો વળ છેડે" તેમ છેલ્લી ઘડીએ પણ ઇનસાફ આપ્યો !

દાદીબાની યાદ થતાં "વફાદાર" (?) પરીનને આંખ્યોમાં આંસુ આવી ગયાં !

"ગરીબ બિચારો ! જ્યારે આજની બીનાની તેને ખબર થશે, ત્યારે કોણ જાણે કેટલો સંતાપ કરશે ! આખરે હુ જેહાંગીરની થઇ, આ ખ્યાલથી

રખેને દાદીબા ઘેલો થઇ જાય? પણ હું શું કરૂં? મારો કાંઇ વાંક છે? મારો કાંઇ કસૂર છે? તેને આપેલાં વચનને સાચી નીવડવા મે ઘણું કીધુ, પણ મારાં કીસમતમાં દલદેસરીને બદલે બાદશાહી જાહોજલાલી હશે તે કેમ ચૂકે? દાદીબા! મને માફ કરજે' હુ તારી ગુન્હેગાર છુ! મેં મારૂં વચન પાળ્યુ નથી! ક્યાંથી પાળું? મારામા જે જે પ્રયત્નો હતા, તે હુ સઘળા કરી ચૂકી—કમનસીબે તે નિષ્ફળ નીવડયા, ત્યારે હવે હુ શું કરૂં? હુ માથેરાન આવી ત્યારે એમ નહિ ધારતી હતી કે માથેરાન મારી મહોબતનુ મથક થઈ પડશે! જેહાંગીરને હું પેહલાં જેટલો ધીક્કારતી હતી તેટલો હવે મને તે વ્હાલો લાગેછ! એનુ ખાનદાન શુ? ઇઝત આબરૂ શુ? મોભો શુ? ટેક શુ? દોલત શુ? દરજ્જો શુ? ખરેખર! દાદીબા' તુ કમનસીબ છે' તારી સાથે મહોબત બાંધવામાં મે ઝીંદગીની મોટામા મોટી ભૂલ કીધી હતી એમ આજે હુ વિશ્વાસથી માનુછ' આજે આદરણી જેવે સાધારણ દહાડે હઝારોની કીંમતની મોતીની માળા મારા જેહાગીરે મને ભેટ કીધીછ—શુ એવી તારાથી થઇ શકવાની હતી? તું ક્યા ને જેહાંગીર ક્યા! મેં તને વચન આપ્યું તો ખરૂ, પણ હવે તે વચન સારૂ પસ્તાઉછ મને માફ કરજે' અને તું તારૂ શોધી લેજે! દુનિયાં કાઇ વાંઝણી નથી! તુ નસીબદાર હશે તો મારા કરતા વધુ ચેહેરેનમુન છોકરીઓ તને ઘણી મળશે આજથી હું જેહાગીર બહાદુરશાહની મોહોરદાર ગણાયા પછી તારા જેવા એક પારકા પુરૂષનો ખ્યાલ મે કરવો નહિં જોઇએ. તુ મને ભૂલી જજે, અને હુ તને ભૂલવાની કોશેષ કરીશ''

કેવી બેવફા! કેવી બેવચની! કેવી વિશ્વાસઘાતક સ્ત્રી' દારાશાહ દાવર જોડે પરીનને મુબઇમા ચાલેલી તીખ્ખી તકરાર વાચતી વેળા કિયા વાંચનારે એવી આશા રાખી હતી કે એજ પરીનને મહોડ થોડાજ દિવસમા દાદીબાને માટે ઉપલા સખુનો નીકળશે? અફસોસ' વખત આવે છે તે ઇનસાનના વિચારોને ફેરવતો આવે છે. જગત પ્રસિદ્ધ ઇંગ્રેજ કવિ એલેકઝાન્ડર પોપ લખા ગયો છે તે ખરૂ છે કે "સ્ત્રીના વચનો રેતી પર લખેલા હોય છે."

(દોહરો.)

હસા ઉપવાસાં રહે, કૌવા ચુને કપુર;
રાજ ગયો સતયુગકો, કલિયુગ આયો પુર.

(કવિ ગિરિધર.)

પ્રકરણ ૪૬ મું.

દાદીબા ક્યાં છે?

જે દીને પરીન માયેરાનમા અદરાઈ, તે દીને દાદીબા—ગરીબ, કમનસીબ પણ વફાદાર દાદીબા—ક્યાં અને કેવી હાલતમાં હતો તે જાણવું જરૂરનું છે.

છેલ્લો આપણે તેને મુંબઇમાં જોયો હતો પણ હાલ તે મુંબઇમાં નથી, ત્યારે તે ક્યાં છે? દાદીબાના દોસ્તો વટીક જાણતા ન હતા કે દાદીબા ક્યાં ગયોછે.

કોઈ કહેતુ કે દાદીબા મુંબઇમાંજ છે—કોઈ કહેતું કે દાદીબા સુરત ગયો છે—કોઈ કહેતું કે અમદાવાદ ગયો છે—કોઈ કહેતું કે કલકતે ગયો છે, અને કોઈ કહેતું કે તે માઇસારમા મોજ કરે છે, પણ આ સઘળા કહેનારાઓ ખોટા હતા ખરી વાતની કોઇને ખબર ન હતી, દાદીબા કયા અને કેવી મુશીબતમાં હતો તે કોઈ જાણતુ ન હતું.

પરીન પર દાદીબાએ લખેલુ પેલુ કાગળ. જે કમનસીબે દારાશાહના હાથમા જવા પામ્યુ હતુ, તે કાગળનો જ્યારે પરીન તરફથી કશોજ જવાબ મળ્યો નહિ, ત્યારે દાદીબાએ બીજાં બે-ચાર પત્રો લખીને આગલુ કાગળ તેણીને પોંહોંચવા પામ્યુ કે નહિ તે જાણવા માગ્યુ હતું પણ જે હાલ તેના પહેલા કાગળના થયા, તેજ હાલ પાછલા કાગળોના પણ થયલા હોવાથી ખરું પુછોતો પરીન એ બીનાથી કેવળ અજાણી હતી. સાધારણ રીતે વાંચનારને એમ લાગશે કે તે રંજનેજ ધ્યાનમા લઇને દાદીબાએ આકળા પડવું ન હતું, પણ જે હાલતમાં દાદીબા હતો તે હાલત પોતેજ એવી અધીરી હતી કે એકેક કરતા ચાર ચાર પાચ પાચ કાગળોમાંથી એકનીબી પોહોંચ નહિ મળે તો કુદરતી અધીરાઇ ઉપજે એવું હતું વળી એવી રીતે, કશા પણ ખુલાસાની ગેરહાજરીમાં, પરીનનાં વિચારો કાંઇ ડગમગ્યા છે કે શુ તે વિષે દાદીબાને વ્હેમ પડયો અને જો કે એ વ્હેમ તે વખ્તે ઘણો ઉતાવળો હતો, પણ પાછલાં પરીણામે આપણુને દેખાડી આપ્યુ છે કે તેમાં દાદીબા જેટલો આકળો હતો તેટલો અઘટીત નહિ હતો. તેની અટકલ ખરી હતી અને ખરી હતી તેથી તે તેના હકમાં ખાનાખરાબી ભરી હતી

ઇનસાફને માટે કહેતુ જોઇએ કે દાદીબા પરીન તરફ માત્ર શકમંદ થયો હતો અને નહિં કે પરીનનાં પ્રતિઉતરો પાછા ન ફર્યાથી તેણે તેને બેવફા માની હતી. તેણે ધાર્યું કે પરીન યાતો તેને ભૂલતી ચાલી હોય, યાતો પરીન પર સખ્ત જાપ્તા રાખવામાં આવતા હોય. કમનસીબે, આ બન્ને તર્ક પાછળથી ખરી પડી.

પરીન પર પોતા પાછળ શું ગુજરે છે તે જાણવાનાં દાદીબાએ ઘણાં ફાંફાં માર્યાં, પણ તેની ધારણા સફળ થઇ નહિં. જેમ જેમ દિવસો જતા ગયા, તેમ તેમ પરીનના વિયોગે દાદીબાને બેચેન બનાવવા માંડયો. આ બેચેની તનની તેમજ મનની બન્ને હતી. દાવરશેઠે દાદીબાને પોતાને ઘેર આવતો તથા પરીન સાથ ભેટતો બંધ કીધા પછી તેને પોતાનો વખત વેરવો બહુ ભારી થઈ પડયો. એક તરફ પરીનનો વિયોગ અને બીજી તરફ પેટ ભરવાની ચિંતા. એક ઇંગ્રેજ વ્યાપારીની ઑફીસમાં પોતાના સારા દસ્કતને લીધે દાદીબાએ નોકરી મેળવા ખરી, પણ પરીનની ચાલુ ચિંતામા મન બેચેન રહેતુ હોવાથી તથા તે ચિંતાએ તેના તબિયત લથડાવી મેલવાથી લાચારીથી તેને રાજીનામુ આપવુ પડયુ. પૈસા સબંધી હાલતમા પણ દાદીબા બિચારો કમનસીબ હતો કોઇની માફક તે ઉડાઉ કે અયાસી ન હતો, પણ થોડી ઘણી માયા–પુજી જે તેણે સંચી હતી તે ચાલુ ખરચમાં ખરચી દેવાની તે વિરૂદ્ધ હતો. એક ગ્રહસ્થ તરીકે આબરૂદાર જીંદગી ભોગવવા માટે, તેને એકલો જીવ છતાં ખર્ચાળપણે રહેવુ પડતુ હતુ. પરીનને 'મ્યુઝિક' નુ 'ટયુશન' આપવાની મેહેનતનાં બદલામાં દારાશાહ શેઠ તેને જે મોટો મુસારો આપતા હતા, તે મુસારાએ તેની હાલત ઠીક તાબ્જગીર બનાવી હતી પણ તે સઘળી હવે અટકી પડી. પેલી ઇંગ્રેજી પેઢીમા સારા દરમાયાની નોકરી છતાં તબિયતને લીધે તે નોકરીબી છોડવી પડી અને એ રીતે દાદીબા તન, મન અને ધનની બાબદમાં સકડાસમાં આવી ગયો.

એક બાહોશ તબીબની સલાહ દાદીબાએ લીધી તેમા તે પોહચેલ ડાક્ટર પામી ગયો કે આ દરદીને તનનુ નહિ તેટલું મનનુ દુખ છે અને એ દુ.ખનો જો થોડો ઘણો કારગાહ ઇલાજ કાંઇ પણ હોય તો તે મુસાફરી છે. તેણે દાદીબાને મુબઇ છોડી જવાની મજબુત ભલામણ કરી અને તે ભલામણ દાદીબાએ અનેક રીતે પોતાના લાભમાં ફાયદાકારક જોઇ.

તેની પાસે કાંઇ ઝાઝુ નાણુ નાહ હતું, પણ પરીનના પિતાએ તેના હુન્નરની કદર બુજીને આપેલા મોટા મુસારામાંથી દરમાસે અરધો પગાર તે સેવીંગ કર્યો જતો હતો અને તે જાળવેલો અવેજ વ્યાજે વધીને આજે એક સારી રકમ એકઠી થઈ હતી. એ રકમનો ઉપ્યોગ કરવાનો વખત આવેલો જાણી તેણે તેમાંથી રૂ. ૨૦૦૦ ઉપાડયા અને હિંદુસ્તાનનાંજ જૂદાં જૂદાં શેહેરોમાં ફરી પોતાના મનનુ દુઃખ ઓછું કરવા તથા લથડેલી તબિયત તંદરોસ્ત બનાવવા તે કોઇ નહિ જાણે તેમ મુબઇથી ગુપચૂપ ઉપડી ગયો.

એ રીતે આપણે ઉપર જોયુ તેમ, દાદીબા ક્યાં ગયો તે કોઇને ખબર પડી શકયુ નહિ અને તેથી, તેની પાછળ તરેહવાર અટકળો ચાલવા લાગી.

ગરીબ બિચારો દાદીબા! હિન્દુસ્થાનનાં જૂદાં જૂદાં શેહેરોમાં ફરવા છતાં તેની તબિયત સુધરી નહિં. કયાંથી સુધરે? જો તનનુ દુઃખ હોય તો

તંદરોસ્તી પર અસર થાય, પણ મનનું દુઃખ હોવાથી અને મગજની રાહત ચાલુ ચિંતાએ લુંટી લેવાથી તેને તે મુસાફરી લાભ કરી શકી નહિં. આખો વખત પરીનનો ખ્યાલ, આખો વખત પરીનનો વિચાર, આખો વખત પરીનનાં ચેહરાને નજર સામે જોવો અને આખો વખત "પરીન શું કરતી હશે?" "પરીન મને વફાદાર રહેશે કે?"—"બિચારી પરીનપર ખુદા જાણે કેવો મુગો ગજબ ગુજરતો હશે" વગેરે, એવા ને એવા વિચારોથી તે એટલો ઘેરાઈ ગયો હતો કે તેની મુસાફરી માત્ર નામની હતી. મુંબઈ અને મુફ્સીલ તેને મનથી સરખા હતા મનની રાહતને માટે તેણે મુસાફરી માથે લીધી, પણ તે મુસાફરીએ તેને તેની ધારણામાં ફતેહમંદ કીધો નહિં. જેમ જેમ તે જૂદાં જૂદાં શહેરોમા ફરતો ગયો, તેમ તેમ તેને પરીનના વિયોગ વધુને વધુ ડખવા લાગ્યો. રજપુતાનામાં તે ફરતો હતો ત્યા તેને નિઝામ હૈદરાબાદના એક નવાબનો દિકરો, જે પોતે પણ એકલો મુસાફરી કરતો હતો, તેની જોડે ભેટ થઈ. દાદીબાના મલતાવડા સ્વભાવને લીધે સેહેજ વખતમા તેઓ વચ્ચે મિત્રાચારી બંધાઈ ગઈ. નવાબજાદો મહોબતખાન ખરેખર મહોબતને લાયક હતો અમીરી સુખોમાં વસેલો હોવા છતાં તેના સદ્ગુણો સ્તુતિપાત્ર હતા. નમ્રતા સાલેસાઈ, દયા અને ડહાપણમાં તે દાદીબાની બીજી મુર્તિ હતો, જેથી બન્નેના સ્વભાવ મળી જતા વાર લાગી નહિ.

મહોબતખાનની મિત્રાચારી પછી ને બન્ને મિત્રોએ સાથે સફર કરવાનો ઠરાવ કીધો એક કુળવાન બીજા કુળવાનને તુરત પીછાણી શકે છે, તેમ મહોબતખાને થોડાજ વખતમા જોઇ લીધુ કે દાદીબા કોઇ ખાનદાનીનુ ફરજંદ છે.

મહોબતખાન દાદીબાની માફક ત્રણ ચાર ભાષા લખી–બોલી જાણતો હતો ગુજરાતી તે ઘણુ અચ્છુ બોલી શકતો હતો અને તેબી એવું સફાઈદાર હતુ કે પાસેના ઓરડામાથી કોઇ અજાણું માણસ તેને બોલતો સાંભળે તો એમજ સમજે કે આ કોઇ પારસી બોલે છે. જાતે હૈદરાબાદી હોવાથી હિંદુસ્તાની દોહરાઓ, કવિતો તથા બયતોનો તેની પાસે એક ભંડાર હતો. કવિતાપર બચપણથી શોક હોવાથી સેકડો દુહાઓ તેને મોહડે થયલા હતા, જેનો પોતાની વાતચીતમાં ડગલે ડગલે ઉપ્યોગ કરવાની તેને આદત હતી.

આખું રજપુતાણા ફરીને એ બન્ને મુસાફરો હવે તે તરફની સફર પડતી મૂકીને દખ્ખણ તરફ વળ્યા. દાદીબાને હૈદરાબાદ જોવાની હોંશ હતી, તેથી મહોબતખાન તેને પોતાને વતન લઇ ગયો. અહીં દાદીબાની તેણે અમીરી પહરોણાગત કરી; પણ આ સઘળું પરીનની ગેરહાજરીમાં દાદીબાને મનથી ઝેર સમાન હતું. પોતાનુ મન વેરવાની તે ઘણી કોશેષ કરતો, થોડો વખત પરીનને ભૂલી જવાનો ઘણીવાર તે ઠરાવ કરતો, પણ તે કોશેષ અને તે ઠરાવ ભાગ્યે એકાદ કલાક નીભવા પામતાં.

દાદીબા જોડેનાં સહવાસમાં મહોબતખાન પામી ગયો કે દાદીબાને જ્યાં છે ત્યાં મનનુ કાંઇ દુઃખ છે–તનનુ નથી. એક દહાડે તક જોઇને તેણે દાદીબાનો ગર લીધો. એવા એક ભલા મિત્ર આગળ દાદીબાએ પોતાનો ભેદ છુપાવવાની જરૂર જોઈ નહિ. તેણે પોતા ઉપરની વિતક–વાત સઘળી વિસ્તારીને કહી.

દાદીબાની કહાંણી સાંભળી રહ્યા પછી મહોબતખાંન બોલ્યો:–"કવિ ગિરિધર કહી ગયો છે તે ખરૂ છે, દોસ્ત, કે—

(દોહરો.)

કોડી ન મિલે ભાગ્યબિન, હિકમત કરે હજાર,
કો નહિ પાવે સાહિબી, બિના લેખ કિરતાર.

દાદીબા અત્યાર આગમચ મહોબતખાનને મહોડે અનેક દુહાઓ અને કવિતો સાંભળી ચૂકયો હતો, એટલુજ નહિ, પણ કેટલીક ઉમદા ચીજો પસદ પડવાથી લખી લીધી હતી, તેને ઉપલો દુહો ઘણો પસંદ આવ્યો. "હજાર હિકમત કરવા છતા ભાગ્ય વગર કોડી મળતી નથી અને સાહેબના લેખ વગર સાહેબી ભોગવાતી નથી." આ વાત કયો વાંચનાર ના પાડશે કે દાદીબા ના પાડે ?

પ્રકરણ ૪૭ મું.

કાવ્ય—તૃપ્તિ.

"નસીબમા લખેલુ હોય તે કદી ટળતુ નથી, દોસ્ત," મોહબતખાને દાદીબાને દિલાશો આપ્યો "તારા તકદીરમાં પ્રેમ–પાસ લખેલો હશે તે ક્યાંથી મીટે ?"

"પ્રેમની બલિહારી ઓર છે, મહોબતખાન ! કોઈ મારો અનુભવ પૂછે તો હુ કહીશ કે માણુસ જાતે સસાર સાગરમાં પ્રેમ રૂપી નાવ તરવી મહા બિકટ કામ છે."

"ખરૂં છે," તુલસીદાસનો એક દુહો છે કે—

મીન કાટ જલ ધોઇએ, ખાએ અધિક પિયાસ;
તુલસી પ્રીતિ સરાહિયે, મુયે મીનકી આસ."

"હું ધારતો હતો કે આ મુસાફરીથી મારી મનોવૃત્તિ શાન્ત થશે, પણ વ્હાલા રફીક, હું તેવું કશુ જોતો નથી."

"ક્યાંથી જોય ? 'તુલસી' કહી ગયો છે કે—

ગંગા યમુના સરસતી, સાત સમુદ્ર ભરપૂર;
'તુલસી' ચાતકકે મને, બિના શ્વાતિ સબ ધૂર."

દાદીબાને આ સુંદર દુહો એટલો પસંદ આવ્યો કે તુરત પોતાની નોંધ-પોથીમાં નોંધી લીધો.

"ખુદાને ખબર કે હું મારી ઉમેદમાં સફળ થઈશ કે નિષ્ફળ!" દાદીબાએ ગમખાર ચેહેરે ખુલાશો કીધો. "ઈનસાનને ઘડીનો ભરોસો નથી. મારાં તકદીરના લેખ કેવા ઊંધા સમજવા કે વગર લેવે દેવે સૌ કોઈ મારા દુશ્મન થઇ લાગ્યાં છે મેં તો સૌ સાથ ભલાઈ કીધી છે."

"જીવતી જીંદગીમા ઈનસાને ભલાઇજ કરવી જોઇએ. આ બે પળના બાજારમા ભલાઇ વગર બીજુ કાઇ સાથે આવવાનુ નથી. એ વિષે મને એક દોહરો યાદ આવે છે—

ચલ સ્વરૂપ જોબન સુચલ, ચલ વૈભવ ચલ દેહ.
ચલા ચલીકે વખ્તમે, ભલા ભલી કર લેહ.

વાસ્તે, ઇનસાને ભલાઇને ભૂલવી નહિ. વળી ભલાઈ જોડે નમનતાઇ રાખી હોય તો તે કોહેનૂર જેવી કીમત અકાવે છે. 'તુલસી' કહે છે કે—

(દોહરો.)

ઊચે ઊચે સબ ચલે, નીચા ચલે ન કોય,
'તુલસી' નીચા વહ ચલે, ધ્રુવસે ઊંચા હોય.

"મહોબતખાન! હુ પોતાને બાગ્યશાળી સમજુ છુ કે તુ જેવો વિદ્વાન મિત્ર મને મળી ગયો છે અને ડગલે ડગલે સોનેરી સખુનોથી મારા અશાંત મનને શાંત કરવાની કોશેષ કરે છે." દાદીબાએ હર્ષ દેખાડયો. "પણ હું ધારૂં છું કે મને શાન્તતા મળવી કઠીણ છે."

"નહિ, તેમ નથી. જેમ ભુખ પાછળ ભોજન, દરદ પાછળ દવા અને ચલિયાં પાછળ ચારો તે પરવરદેગારે આપણને બક્ષલો છે, તેમ સંકટ પાછળ સબુરીબી તે સાહેબે સરજેલી છે. તું તે મેળવવાને કોશેષ કરશે તો તારૂં અરધું દુઃખ દફે થયલું જોશે. 'તુલસીદાસ' એક બહુ સુંદર દોહરો એ વિષે લખી ગયો છે કે—

(દોહરો.)

ગો ધન ગજ ધન બાજિ ધન, ઔર રતન ધન ખાન;
જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂલ સમાન.

"આફ્રીન છે તુલસીની કાવ્ય-શક્તિને!" દાદીબાએ ફરી પોતાની નોંધ-પોથીનું પાનું ઉઘાડી કહ્યું. "આ દોહરો હું મોહેડે કરીશ અને ઘડી ઘડી બોલતો રહીશ, કે જેથી મારાં મનને ઘણીક રાહત મળશે. હું ફક્ત મારા બાબમાં એટલુંજ ઇચ્છું છું, વ્હાલા રફીક, કે અરસપરસનાં જે વચનથી અમે

બંધાયલાં છીએ તે વચન સલામત રહે તો ગમે એવા સીતમ સામે હું હિમ્મતથી ટકીશ. "

"તે ટકવું સામાં માણસના મુસ્તકીમપણાં પર વધુ આધાર રાખે છે. શુ તુ ખાત્રીથી માને છે, દોસ્ત, કે તારી પ્રિયા તારી તરફ ખરી દિલ-લગી ધરાવે છે ? "

"હા, હુ તે ખાત્રીથી માનું છું."

"ત્યારે તો તારી ફત્તેહ છે. સાભળ. 'વચન' વિષે કવિ સુદરદાસ એક કવિતા કહી ગયો છે--

(કવિત.)

વચનહી વેદ વિધિ, વચનહી શાસ્ત્ર પુનિ,
વચન સમૃતિ અરૂ, વચન પુરાન જુ;
વચનહી ઔર ગ્રંથ, વચનહી વ્યાકરણ,
વચનહી કાવ્ય-છંદ, નાટક લખાન જુ;
વચનહી સંસકૃત, વચનહી પરાકૃત,
વચનહી ભાષા સબ જગતમે જાન જુ;
વચનકે પરે હૈસો વચનમે આવૈ નહીં,
'સુદર' કહત વહી, અનુભૌ પ્રમાન જુ."

'બહુ ઉમદા વિચારો છે, દોસ્ત મહોબતખાન, પણ આજે એટલી ઉચી અલંકાર-શક્તિના સમજનાર કયા છે? તમારા પેટમાં કવેતોનાં કૂવા ભર્યા હશે, પણ--"

"કદરદાન વિના કદર નહિ બુજાય-ખરી વાત છે." દાદીબાનો અધુરો વાક્ય મહોબતખાને પૂરો કરી આપ્યો. "હવે હુ આપણી મૂળ બાબદ પર આવવા માગુ છુ તમારી રજા હોય તો હુ એક બે ખુલાસા પૂછું?"

"હા--સુખેથી પૂછો, રફીક"

"જે છોકરી પર તમે ફીદા છો તેનાં મા-બાપ કોણ છે.?"

"એ એક મુબઈનું જાણીતું ખાનદાન છે."

"છોકરીના બાપનુ નામ શુ?"

"દારાશાહ દાવર."

"દારાશાહ દાવર?" મહોબતખાન આ નામ સાંભળી ચમકયો! "આ નામ તો મેં સાંભળેલુ છે. ક્યાં વારૂ?" અને અહીં તેણે પોતાના હોઠપર આંગળી મેલી એક પળ યાદ કરી કહ્યું. "હા-હા, હવે યાદ આવ્યો! મેં એવણને ૨૦-૨૫ દિવસ પર માથેરાનમા જોયા હતા."

"માથેરાનમાં?"

"હા."

"માથેરાનમાં એમનાં બંગલાઓ છે ખરા અને ગરમીની મોસમ એ-વણ માથેરાનમાંજ ગુજારે છે એ વાતબી ખરી; પણ હું જે દારાશાહ દાવર વિષે કહુંછુ તેજ ગ્રહસ્થને તમે જોયા હશે એ માનવા જોગ કેમ હોય? કાં નહિં એજ નામનો કોઇ જૂદો ગ્રહસ્થ હોય?"

"માથેરાનમાં હુ ૧૫ દિવસ હતો. 'સુલાતાન વિલા' નામના જે બંગ-લામાં હું ઉતર્યો હતો, તેની પડોસમાંજ એ દારાશેઠનો 'પરીન લૉડજ' ના-મનો ભપકાદાર બંગલો આવેલો છે."

"એજ." દાદીબાએ 'પરીન લૉડજ'નુ નામ સાંભળતાંજ ખાત્રીથી માન્ય કાર્યું, "જે દારાશાહ દાવર વિષે હુ વ્રાત કરૂછું તે એવણુજ. પરીન લૉડજના એ ગ્રહસ્થ માલેક છે."

"હજી ખાત્રી થતી ન હોય તો થોડીક બીજી નિશાનીઓ આપુ? ઉચા ને ભરેલા છે. પાકેલા ગુચ્છા છે. ખુલ્લા આસ્માની રગનો સોનાની ફ્-મનો ચશ્મો પેહડેછે અને—"

"અને શુ?"

"ડાબા હાથમા લાકડી પકડી સ્હેજ વાકા ચાલેછે, એવણુજ કે?"

"હા—બરાબર છે. વારૂ, પોશાકની કંઇ નિશાની?"

'ખાસ કરીને લાલ ઇજાર! જોકે માથેરાનની ટંડકને લીધે કોઇકોઇ વાર સફેદ ફ્લાનીલનું પાટલુન."

"આબાદ એજ ગ્રહસ્થ!" દાદીબા બોલ્યો. તમે એવણને એકલાનેજ જોયાછ કે?"

"નહિં--સાથે બીજાં પાચ જણને."

"એ શુ બોલોછ? ત્યારે તો એ કોઇ બીજુ કુટુબ હશે."

"નહિ—એજ પરીન લૉડજમા સઘળા સાથે વસતા હતા."

"માનવા જોગ લાગતુ નથી, કારણુ કે દારાશાહ શેઠનુ કુટુબ ઓહછું છે, પણ એવણુના ઘરમાં એવણુની સાથે ગણુતા ત્રણુ જણા ફક્ત વશે છે! ત્યારે દારાશાહ શેઠ ઉપ્રાત બીજા પાંચ ક્યાંથી આવે?"

"તમે કહોછ તેમ જો દારાશેઠને સાથે ગણુતાં ત્રણુ જણા એમનાં ઘરમા હોય તો બાકીના ત્રણ કોઈ બાહેરના એમને ત્યાં આવી રહેલાં કાં ન હોય?—અને ખરેખર! તમો બરાબર છો. એ કુટુબમાં એક બહુજ એશકો જવાનિયો છે, જે ઘણો હશમુખો છે."

"એશકો જવાન? મહોબતખાન, મને લાગે છે કે તમે દારાશાહ શેઠ જોડે એકાદાં બીજાં પારસી કુટુંબને ભેળી નાખ્યુછ. એ ગ્રહસ્થને ત્યાં એશકો જવાન કોઇ છેજ નહિ."

"પણુ હું કહુંછની કે એ બાકીનાં ત્રણુ એમને ત્યાં કોઈ ભાહુત યા

પહરોણા હોય ?"

" ભાગ્યેજ તો હોયજ નહિં, પણ કદાચ પહરોણા હોય—નહિ, નહિ, તેમ બી નહિ હોય. દાવરશેઠ આ વર્ષે કોઈ પહરોણાને પોતાને ત્યા બોલાવે એવી ખુશાલ સ્થીતિમાં નથી."

" તે તો હવે અલ્લા જાણે ! વારૂ, દાદીબા, દાવરશેઠનાં ઘરમાં ત્રણ જણા છે તે કોણ કોણ ? એક તો દાવરશેઠ પોતે ને બીજાં ?"

" બીજાં તેવણના ધણીઆણી"

" ને ત્રીજા ?"

" ત્રીજી તેવણની છોકરી."

" બસ એટલાંજ ? કેવુ નખ જેવુ ન્હાનું કુટુબ છે !"

હા—ઉપરથી જોવાને એ નખ જેવું છે, પણ એ નખનો જીવાળો બહુ જબરો છે" દાદીબાએ ભરમમા ટીકા કર્યા. જે સમજવાને બાપડો મહોબતખાન અશકત હતો !

"એ ત્રણ શિવાય ત્યારે બીજા ત્રણ આસામીઓને તમે ત્રાહીત કહોછો ?"

" હા, પણ વ્હાલા રફીક, ' દાદીબાએ લગાર અંદેશાથી પૂછ્યુ "એ ત્રણમા સ્ત્રી કેટલી અને પુરૂષ કેટલા ?"

" બે સ્ત્રી ને એક પુરૂષ"

" શુ પુરૂષ જવાન હતો ?"

" હા—આપણી ભુરનો"

" અને પેલી બે સ્ત્રીઓ ?"

" તેમાની એક અઘોર અને બીજી યુવાન હતી. હુ અટકલ માત્ર કરી શકુછુ કે તે બેઉ યુવાન સ્ત્રી પુરૂષ ભાઈ બ્હેન અને પેલી અઘોર અબળા તેમની માતા હોવી જોઇએ."

" બહાદુરશાહવાળાઓ તો નહિ હોય !" વિજળીનો એક ઝટકો લાગે તેમ મોહબતખાનનાં છેલા શબ્દો સાભળી દાદીબાને એકાએક ખ્યાલ આવવાથી મનમાં બબડયો 'રખેને દારાશાહે પરીનને માયેરાનમાં ફસાવવાની બાજી રચી હોય! ઓ ખુદા '"

" તુ ફિક્કો કેમ પડી ગયોછ, રફીક ?" દાદીબાને ચિતાતુર અને મનમા કાંઈ બરબડતો જોઇ મહોબતખાંને સવાલ કીધો ' હુ ત્યારથી યાદ કરૂછ કે એ એશકા જવાનની અટક પણ મે ત્યાં સાભળી હતી. એ અટક ઘણી ભપકા ભરેલી અને હિંમત પેદા કરે એવી મને તે વખ્તે લાગી હતી "

" ત્યારે તો તેવણજ." દાદીબાએ મનમાં નિશાસો મુક્યો અને મોહબતખાનને કહ્યુ. "વારૂં જરા યાદ કરોની ?"

" હું તેજ કોશેષ કરૂંછું. હમણાં નહિ તો જરા રહીને પણ હુ તમોને

તે યાદ કરીને કહીશ. એ જવાનિયાનુ નામ પણ જે બાઇને હું એની બ્હેન ધારૂં છું તેણીને બોલતાં મે સાંભળેલું મને યાદ હતુ, પણ હમણાં તે હું ભૂલી ગયોછું."

"પહેલા તમે તેની અટક યાદ કરો—નામનુ સૌ થઇ રહેશે" અને અહીં દાદીબાએ મહોબતખાનને યાદ આપવા માટે સ્હેજ મદદ રૂપે વધાર્યું. "બહા—બહા—"

"બહાદુરશાહ !" મહોબતખાનને મદદ મળ્યાથી અટક યાદ આવી ગઇ ! " મે તમને પેહલાંજ કહ્યુંની કે એ અટક ભભકા ભરેલી ને હિંમત પેદા કરે એવી છે? શુ તમારા પારસીઓમા એવા મુસલમીન નામો અટક તરીકે વપરાય છે?"

મહોબતખાનના આ છેલ્લા પ્રશ્નનો જવાબ આપવાની હાલતમા તે પળે દાદીબા ન હતો. "બહાદુરશાહ !" આ નામ સાભળતાંજ તેના આખાં અંગમાં ઝેર ફરી વળ્યુ હોય તેમ તે તડપવા લાગ્યો. તેનો ચેહેરો લોહી ઉકળીને લાલ થઇ આવ્યો. જે ચીજથી તે ડરતો હતો, તેજ ચીજ તેના પગ આગળ આવી ઉભેલી જોઇ દાદીબા અરધો બેફામ થઇ ગયો !

"વારૂ, એ બહાદુરશાહનું નામ 'જેહાગીર' હતું?" થોડીવાર ચૂપ રહી દાદીબાએ ગમગીન ચેહેરે હજી વધુ ચુનોચરા ચલાવી.

"હા—હવે યાદ આવી ! એનુ નામ જેહાંગીર ! પણ દોસ્ત, તુ આ બાબદથી કાંઇ દિલગીર થતો જણાય છે. જો તેમ હોય તો હુ આ વાત આગળ વધારવા રાજી નથી."

" નહિ, મોહબતખાન ! હુ તારી સાથની વાતચીતથી દિલગીર નથી. મને મારૂ દુખ યાદ આવવાથી હું દિલગીર થયોછુ. એ જેહાગીર બહાદુરશાહને લીધેજ મને આમ દેશવટો લેવો પડયો છે."

"તેનો શબબ?"

" જે છોકરીને હુ ચાહુંછુ તે છોકરીને એ પણ ચાહતો જણાય છે. વળી એ જવાનિયા સાથ પોતાની દિકરીને પરણાવવાની દારાશાહ દાવરની ઘણી ખાહેશ છે, પણ—"

"પણ શુ?"

"મારી પરીન તે માનતી નથી."

આપણે ઇચ્છીએ છીએ કે દાદીબા અને મોહબતખાન વચ્ચે ચાલતી આ વાતચીત અહીંજ અટકી હોત— કાં કે જે નખ્ખોદના સમાચાર વખત જતે દાદીબા સાંભળનાર છે, તે સમો અણીધીક આવી પોંહતો છે. "વળી એ જવાનિયા સાથ પોતાની દિકરીને પરણાવવાની દારાશાહ દાવરની ઘણી ખાહેશ છે, પણ મારી પરીન તે માનતી નથી" આ સખુનો સાંભળી મહોબતખાન

અજબ થયો. તેણે માથેરાનમાં તો તેથી જુદોજ દેખાવ જોયો હતો ! વાંચનારને કહેવાની અગત્ય પડશે નહિ કે તે દેખાવ પરીનની આદરણીનો હતો !

"શુ છોકરી માનતી નથી ?" મહોબતખાને દાદીબાને અચરતીથી પૂછ્યુ.

"હા—નથી માનતી."

"હોયબી—પણ દોસ્ત દાદીબા, આ બીના તમોને લાગતી વળગતી હોય યા નહિબી હોય, પણ મારે કહેવી જોઇએ કે, માથેરાનમાં એ જેહાંગીર બહાદુરશાહને મે અદરાયલો સાંભળ્યો હતો !"

"હં ! એ શું બોલ્યો ? કોણુની સાથે ?"

"તે હુ જાણુતો નથી. પણ હુ ધારૂં છું ત્યાં વેર—"

"ત્યા વેર શુ ?"

"ત્યાં વેર એ ' પરીન લાડજ 'માજ કોઇ સાથ અદરાયોછ !"

"ઓ ખુદા ! પરીન ! પરીન ! શું આખરે તું મને બેવફા થઇ ?" અને આ શબ્દો સાથેજ દાદીબા ત્યા પટકાઇ પડી બેભાન થઇ ગયો !

પ્રકરણ ૪૮ મું.

અંધારા ઓરડામાં એક દરદી.

જ્યારે દાદીબા શુદ્ધિમા આવ્યો ત્યારે પોતાને એક અધારા ઓરડામાં એક નરમ બિછાના પર પડેલો જોયો. તેનો મિત્ર મહોબતખાન ગમગીન ચેહરે તેના ચહેરા પર વાંકો વળી કપાળ પર પડેલો પરસેવો એક રૂમાલથી લુછતો હતો.

"હું ક્યાં છુ ?" દાદીબાએ આંખ ઉઘાડી આમ તેમ જોઇને પૂછ્યુ. "પરીન ! પરીન ! તુ ક્યા છે !"

"દાદીબા, હુશિયાર થાઓ ! તમે તો અહીં હૈદરાબાદમાં છો-તમારાં કોઈ સગા-વ્હાલાં અત્રે નથી !" પોતાના દોસ્તને શુદ્ધિમાં આવેલો જોઈ મહોબતખાન લગાર ઉમેદથી બોલ્યો.

"કોઈ નથી ?"

"કોઈ નથી !"

"ત્યારે મારાં માથાપર હાથ કોણુ ફેરવેછ ?"

"એતો હુ તમારો દોસ્ત મહોબતખાન છુ !"

મહોબતખાનનું નામ સાંભળી દાદીબાને પોતાની છેલ્લી સ્થીતિનું તુરત ભાન થયું.

"તમે હૈદરાબાદમાં છો, દોસ્ત, શુ તમે તમારા રફીક મહોબતને ભૂલી

ગયા ?" મહોબતખાને ફરીથી યાદ આપી

"હા–હા, હવે યાદ આવી! આપણે બન્ને સાથે મુસાફરી કરતા હતા. પણ–પણ, શું હું કાંઈ રીક છું કે?"

"ના. તમે તો સારી પેઠે છો

"ત્યારે અહીં બિછાના પર કેમ?"

"તમારા જીવને જરા ઠીક નહિં હતું"

"ક્યારથી?"

"છેલ્લા ત્રણ દિવસથી."

"ત્રણ દિવસથી! ત્યારે શું હું ત્રણ દિવસ થયાં બિછાને છું?" દાદીબાએ અચરતી બતાવી, "પણ હા—હવે મને મારી આગલી હાલતની યાદ થાય છે. પરીન–પરીન તેં અંતે મને દગો દીધો–તું અને મને બેવફા નીવડી–તુ અને બીજાની થઈ અને—"

"દાદીબા, તમોને વાતચીત કરાવવા માટે ડાકટરની મનાઈ છે. જે વાતથી તમે તમારી શુદ્ધિ ખોઈ દીધી હતી, તેજ વાત કરવાનો હમણા વખત નથી તમોને આરામની ઘણી જરૂર છે. મહેરબાની કરીને—"

"કોઈની દાઢી બળે ને કોઈને ઊન્જરડુ થાય! દોસ્ત મહોબતખાન, મારા અંતઃકરણમા ચાલી રહેલા પ્રેમના અંગારા મારૂ કલેજુ બાળી નાખે છે. અરે! દુનિયાની દરેક સ્ત્રીઓ બેવફા થાય એમ હું ઘડીભર માનતો હતો, પણ પરીન બેવફા થશે એમ મેં કદી ધાર્યું નહિં હતુ. આજે હું શુ જોઉછું? ઓ મહોબતખાન! તું મારે માટે કેવી નહેસ્ત ખબર લાવ્યોછ! મારા સસારનુ નખ્ખોદ વાળનારી આ નાખુશ ખબરે મને અધમૂવો કરી મૂક્યોછ. ઓ! હવે હું કદી જીવી શકીશ નહિ. પણ રફીક, હજી મને એક શકા છે–હજી મને એક વ્હેમ છે. મારી પરીન જેહાંગીર બહાદુરશાહ સાથેજ અદરાઈ એમ તુ—"

"હું તમારી સાથે આ વાત કરવા ઇચ્છતો નથી, દાદીબા, મને તેમ કરવાની ડાકટરોની મનાઈ છે."

"ખુદા ખાતર, બિરાદર, મને—"

"દાદીબા તમે હુજત નાં કરો. મારા ઠરાવ આગળ તમારૂ કાંઈ ચાલશે નહિ." મહોબતખાન બજીદ થયો. ડાકટરોની મનાઈ હોવાથી બજીદ થયો. તમારી હાલત હજી ગભીર છે, વાસ્તે હાલ તુરત એ નાપસદ બીના મોકૂફ કરો. તમારી તબિયત દુરસ્ત થવે—"

"નહિ, મોહોબતખાન, તુ મને રંજીસ ના કર. ખુદા ખાતર મને કહે કે જેહાંગીર બહાદુરશાહની આદરણી પરીન સાથેજ થઈ એમ તુ શા ઉપરથી–"

"દાદીબા હું તમોને સાંભળવા માગતો નથી, તમારી સારવારમાં રો-

કાયલા ત્રણુ ત્રણુ તબીબો હમણાંજ ત્રણુ દિવસે પોતાને મકાને ગયા છે. જે વખત જાયછે તેમાં તેઓ આવી લાગશે. તમોને શુદ્ધિમાં આવેલા જોવાની ઉમેદ સાથ અત્રે તેઓ આવનાર છે, પણુ મને સખ્ત તાકીદ ફરમાવેલી છે કે તમોને કશી વાતચીત—ખાસ કરીને જે વાતે તમારા મગજ પર અસર કરી છે તે વાતચિત—કરાવવી નહિ.'

"ડાકટરો હમેશાં કરડા હોય છે અને દરદીનુ દરદ સામા માણસને ગંભીર દેખાડવા જુઠ્ઠી દમબી કરેછે, બીરાદર, વાસ્તે ડાકટરોનાં કહેવાથી મારી જોડે તું એમ તોડછોડ ના કર." દાદીબાએ કાલાવાલા કરી કરગરીને કહ્યુ. તેણે ઉઠવાની કોશેષ કરી જોઈ, પણુ છેલ્લી બેભાંનીએ તેને એટલો નાતવાન બનાવ્યો હતો કે તેનાથી બિછાનામા ઉઠી બેસાયુ નહિં મોહોબતખાન સાથે તે જે વાત કરતો હતો, તેમા અચકી અચકીને બોલતો હતો, પણુ વાંચનારની સગવડને ખાતર તે વાતચીત અહી સરળ ભાષામાં લખવામા આવી છે

"ડાકટરોનાં કહેવાથી મારી જોડે તુ એમ તોડછોડ ના કર હુ તને એકજ ખુલાશો પુછવા માગુછ અને તે એ કે મારી પરીન—'

"દાદીબા, અગર તમે વધુ બોહોંશ કરશો તો હુ તમારો ઓરડો છોડી જઈશ."

"નહિ, નહિં!" તેમ ના કરતો, દોસ્ત મહોબત! તેમ ના કરતો! મારો ઓરડો છોડી જવાથી મારા દુખમા તુ ઓરબી વધારો કરશે."

"ત્યારે તમે એ વિશે મને કાંઈ પૂછો નાં" મહોબતખાને મક્કમપણે કહ્યુ "હુ ડાકટરના હુકમની બહાર કદી જવાનો નથી."

"મારા કરતા ડાકટર તને વ્હાલો હશે.'

"ડાકટર કરતાં તમે મને વ્હાલા છો, તેથીજ હુ ડાકટરના હુકમ માનુછુ."

દાદીબાની ઘણી મરજી છતા મોહબતખાન એકનો બે થયો નહિં. તેણે દાદીબાને દુઃખવનારી આ નાપસંદ બાબદ પર સમૂળગું ઢાંકણુ વાળવા ચાહ્યું, પણુ દાદીબાની હાલત હવે જૂદાજ પ્રકારની હતી.

"મારી ખબરથી દાદીબાને આટલુ બધુ દુઃખ ઉપજી એની જીંદગી જોખમમાં આવી પડશે એમ જો હું જાણુત, તો આ ગંભીર બીનાથી એ ભલા મિત્રને કદી જાણીતો નહિ કરત." મોહબતખાન પોતાના મનમા પસ્તાવા લાગ્યો. "મારી નાદાંની મનેજ ભારી પડી છે. અલ્લા મને એમાંથી બચાવો' દાબીબા મારો પહરોણો હોવાથી એની જીંદગીને કાંઈ કશુ થયુ તો જનમ સુધી મારા પર કાળી ટીલી રહી જશે ' આ વિચારોએ તે અશરાફ અમીરજાદાને ગંજીસ કરી નાંખ્યો.

તેમ થવાનાં કારણો હતાં. દાદીબાને લાગુ પડેલી ગંભીર અસાવધતામાંથી શુદ્ધિમાં લાવવા માટે મહોબતખાને ચુનંદા અને કાબેલ તબીબોની જે

દોડધામ કરી મૂકી હતી, તેઓએ જ્યારે તેનાથી જાણ્યું કે દાદીબાને મનનાં દુઃખથી મગજ પર ફટકો બેઠો છે, ત્યારે તેઓએ તેના મિત્રને ચમકાવી મૂક્યો કે " એ ફટકો અસાધારણ સખ્ત બેઠો છે, કે જે ત્રણ ત્રણ દિવસ સુધી તબીબી ઉપાયોને કશી મચક આપતો નથી, વાસ્તે આ દરદીની જીંદગી કાંતો એંજ બેભાંનીમાં ખતમ થાય, કાંતો બેભાંની મટીને દરદી દિવાનો બની જાય, કાંતો એની મનશક્તિ મજબૂત હોય તો એ બેમાનું કાંઇ બને નહિ."

આ વિચિત્ર અભિપ્રાય સાંભળી મહોબતખાનને દાદીબાની જીંદગી જોખમમા છે તેનુ ભાન આવ્યુ અને તેમ હોવાથીજ તેણે દાદીબાએ તેજ વાત તાજી કરવાની લીધેલી હદમા તેને ફાવવા દીધો ન હતો.

દાદીબા શુદ્ધિમાં આવ્યો એટલે મોહબતખાને તેને તેની જીદગીના જોખમ ભરેલા પેહેલા તબક્કામાંથી સલામત મુક્ત થયલો જોયો. પણ શુદ્ધિ લીધા પછી વારંવાર "પરીન—ઓ બેવફા પરીન—ઓ બેવચની પરીન—શુ તુ આખરે બીજાની થઇ ?—શુ તુ આખરે જેહાંગીરની ગોદમા ગઇ ?" એવા એવા તરેહવાર બકવા કરતો જોઇ મોહબતખાને મનમા માંની લીધુ કે આ બનાવ દાદીબાના ભેજાંપર અસર કરવાની જે આગાહી ડાકટરોએ કીધી હતી તે કમનસીબે ખરી પડવાની.

અને ખરેખર, પરિણામે તેમજ હતુ. થોડે થોડે વારે તે પોતાની ભ્રાન્તિ ભૂલિ જતો હતો. બેભાની પછીની શુદ્ધિ આવ્યા પછી આ એક નવુ લક્ષણ લીધાથી મોહબતખાનને વિશેષ ચિતા લાગવા માંડી. તેણે ડાકટરોનુ મત પુછ્યુ જેમા એમ જણાયુ કે—

"દરદીની જીદગી જોખમમા નથી, પણ મગજ પર પડેલા અચબૂચ ગમખાર ફટકાથી તેનુ ભેજુ દબાઈ ગયુ છે."

"એવી હાલત ક્યાં સુધી રેહેશે ?" મોહબતખાને ગમગીન ચેહેરે અને દુખી અતઃકરણે ડાકટરને સવાલ કીધો.

"આજથી આઠ દિવસ સુધી,"

"અને પછી ?"

"પછી તે ધીમાં પ્રમાણમાં ઉતરી જશે. જો એમને એમ પૂરતી સમાધાનીમાં અઠવાડિયુ પસાર થાય તો પછી ચિંતા જેવું નથી. પણ સાંભળો," ડાકટરે અહીં ભાર મેલીને કહ્યું. "વાત ચીત એવા દરદીનો દુશ્મન છે, માટે એક હરફ પણ દરદીવાળા ઓરડામાં ઓચરવો નહિં જોઇએ. વળી બારી બારણાં બંધ કરીને એ ઓરડો તદન અંધારો રાખજો.'

"તમારી દરેક સલાહને માન મળશે, ડાકટર," મોહબતખાને કગળીને કહ્યું "પણ તમે અહીં આખો વખત હાજર રહેજો. હુ તમારી મહેનત ભૂલીશ નહિં. કોઇબી રીતે મારા ભલા મિત્રની જોખમમાં આવી પડેલી જીંદગી

મને બચાવી આપો ! "

આ વાત ચાલતી હતી તેટલાં દાદીબાવાળાં ઓરડામાં, તેને અરધા બેભાનાવસ્થામા બકવા કરતો સાંભળી, ડાક્ટર અને મોહબતખાન ત્યાં દોડી ગયા.

પ્રકરણ ૪૯ મું.

પ્રેમનો ડંખ.

ચોમાસું બેશી ચૂકુ હતુ. કુદરતની લીલી લીલોતરી આંખને ટાઢક આપતી હતી. નિર્દોષ પખ્ખીઓએ પોત–પોતાના માળામાં ઇંડાં સેવી બચ્ચાં કાઢયાં હતા. ખેડુતો ખેતરમાં અનાજની વાવણી કરવાના કામપર ઉલટથી મંડી ગયાં હતાં. દેડકાંઓ વારંવાર વર્ષાદની વાદળીઓને ચઢી આવતી જોઈ ડેં–ડુ નાં નાપસંદ અવાજથી ખબોચિયાંઓ, નાળાંઓ તથા તળાવોની પાળપર ગડબડ મચાવી રહ્યાં હતાં. હવામાં ખુશનુમાં ઠંડક પથરાઈ રહેલી જોઇ પંખેરાઓ અહીંથી તહીં, એક ઝાડપરથી બીજાં ઝાડપર કૂદી રહ્યાં હતાં. જ્યાં નજર પડે ત્યા કુદરતના દિલપસંદ દેખાવો મનુષ્ય જાતિનુ મનરંજન કરતાં હતાં. ઉનાળામા દૂરથી દેખાતા આતશિયા પહાડોએ ઝાડોની લીલી ઘટાનો સણુગાર સજી ભૂરા આસમાની રંગમાં પોતાનો દેખાવ ફેરવી નાખ્યો હતો ઘડીમા વાદળીઓ ચઢી આવી કાળુ કિલિયાણુ થઈ રહેત, તો ઘડીમા આકાશ ખુલ્લુ પડી જઈ નરમ તડકો પડતો હતો, જંગલોમાં વનરાજની ગર્જના વારવાર સભળાતી હતી, કોઈવાર પૂર્વે તો કોઈવાર પશ્ચિમ તરફના આકાશમા રંગ બેરંગી મેઘ–ધનુષ્ય નજરે પડતા હતા. દરિયાની સ્થીતિ જમીનની સ્થીતિથી જૂદીજ હતી, પવનના ભારે સોસવાટાઓથી ત્યા પહાડ સમાન મોજાઓ ઉછળી રહ્યા હતા અને પોતાની પીઠ પર તરતા કૈંક નબળાં બારકસોને જે ઘડી જાય છે તેમા એકાદા મોટા તોફાનની આગાહી આપતાં હતાં.

બહાદુરશાહવાળાંઓને આપણે છેલ્લાં માથેરાનમાં જોયા હતા. હાલ તેઓ મુબઇમા છે અને "જેહાંગીર કાસ્ટલ "મા લગ્નની તૈયારી ચાલી રહી છે ઝવેરીઓ, કાપડિયાઓ અને કસબદારોની આવજા ત્યા વધી પડી છે અને આખો દિવસ શેઠાણી રતનબાઇ તેઓ જોડે રોકાયલાં રહે છે. પોતાના એકપૂરા દિકરાના લગ્ન પાદશાહી ધામધૂમથી કરવાની તેવણ ઇચ્છા રાખે છે, જેથી મહિનાઓ આગમચથી લગ્નની ધમાલ ચાલી રહી છે

જેહાંગીરે પોતાની માતાને ફરમાશ કીધી છે કે ઝવેરાત, દાગીના અને કાપડની જે ખરીદી થાય, તે સઘળી પરીનની પસંદગીની થવા દેવી. અર્થાત,

જે ચીજ પરીનને પસદ પડે તે તેણી માટે લેવી. શેઠાણી રતનબાઇએ જેહાંગીરની આ વાજબી માંગણી મોટી ખુશીથી કબુલ રાખી અને પોતે ચૂંટી કાઢેલી ચુનદી ચીજોમાંથી જે ચીજ પરીન પસદ કરતી તે ખરીદવા માંડી.

મોટે ખાંચરેના લગ્ન અને પૈસાની રેલછેલ એટલે ત્યાં પૂછવુંજ શું હોય? પરીન એક ચીજ પસંદ કરતી તો શેઠાણી રતનબાઇ તેણીને માટે દસ ચીજ ખરીદ કરતા. એ રીતે, પરીન હજી પરણી નથી, તેટલાં, તેણી પર મોતીનાં ચોક પુરાઈ હજાર જાતની છત્તર–છાંયા થઈ રહી !

બીજી તરફ આઇમાયની અંદરખાનેની સ્થીતિ અવલોકન કરવા જોગ હતી. વાંચનાર જાણે છે કે દાદીબાની ખુબસુરતી અને લાયકી પર આઈ મોહી પડી હતી, દાદીબાનો હાથ મેળવવા માટે તેણે અગાઉ ઘણાં ફાફા માર્યાં હતા. પણ પરીનને પરણવાની ઉમેદમા દાદીબાએ તે માગણી ઉપકાર સાથ ના પાડી હતી. હવે પરીન તો જેહાગીરની થઇ અને જેહાગીરની થઇ,તેથી દાદીબા રખડી રહ્યો. એ આઇમાયની પેહેલી ફિલસૂફી હતી " પહેલા પરીનની ઉમેદમા એ મારો હાથ ના પાડતો હતો, પણ હવે પરીન જેહાંગીરની થયા પછી આપ મેળે એવણ ઠેકાણે આવશે' એ આઇમાયની બીજી ફિલસૂફી હતી.

માથેરાનથી મુબઇ આવ્યા પછી આઇની ઉમેદ નવેસરથી તાજી થઇ. જ્યારે દાદીબા પરીનને ત્યા આવતો જતો હતો, ત્યારે પરીન પાસથી તેણે દા. દીબાની એક સુદર તસ્વીર "પડાવી લીધી" હતી. એ તસ્વીર પોતાના ઓરડાના બારણાંઓ બંધ કરીને આઇ કલાકના કલાક સુધી જોતી, તોપણ તેનો જીવ ધરાતો ન હતો. માથેરાનથી મુબઇ આવ્યા પછી પોતાના ભાઇ–ભોજાઈ જ્યારે એકાંત વાતચીતમાં પડતાં, ત્યારે આઇ એકલી પડી જતી તેનો ઉપયોગ તે આ કામમા કરતી હતી !

પ્રેમ ! પ્રેમ ! તારી બલિહારી અજબ છે ! આશાના અંકુરોનું પોષણ કરવામા પ્રેમ જેવી પ્રબળ વસ્તુ પૃથ્વીની પીઠપર એકે નથી. પ્રેમના બંદ મહા ભયકર છે. પ્રેમની પરીસિમા કરવાને પંડિતોએ માથા પટકયાં છે, પણ પ્રેમનું પાત્ર તેમને હસ્તાલિગન આપી શકયું નથી. પ્રેમાગ્નિ અહોરાત્ર સતેજ છે. પ્રૌઢ પુરૂષો પણ એક તડાકે પ્રેમ–પાશમાં બધાઇ જાય છે અને એકવાર બંધાયા પછી તેમની ગમે એવી કુશળ બુદ્ધિ ત્યાં કામ કરી શકતી નથી. પ્રેમી પ્રેમદા પ્રેમાળ નેત્રોથી એક પુરૂષને જે રીતે પ્રેરી શકેછે, તેજ રીતે પ્રેમી પ્રીતમ એક તરૂણ તરૂણીને એકજ દિવ્ય દેખાવમા પ્રેમાધળી બનાવે છે. કવિ **દયારામ** પોતાના "પ્રેમરસ"માં કહી ગયો છે તે ખરૂ છે કે—

(દોહરો.)

રતિપતિ ગતિ અતિ અટપટા, યતિ સતિ મતિ હઠ જાય;
ફસે ન નિકસે કો ચતુર, સબ રાગી યૂ ગાય.

" જેહાંગીરે પોતાનું કામ કાઢી લીધુછ અને હું મારી ઉમેદ વચ્ચે હજી એમની એમ ડોલતી રહી ગઇછ. " એક દહાડે આઇ ઓરડાનાં બારણાં બંધ કરી દાદીબાની તસ્વીર તરફ એકી ટગરે નીરખ્યા પછી બબડવાપડી. "પરીનને પરણુવાની ઉમેદમાં દાદીબાએ મારી માંગણી નાં પાડી હતી, પણુ પરીન તેને પરણુવાની નથી એમ જાણ્યા પછી હવે તે મારી માંગણી ખુશાથી સ્વીકારશે એમ માનવામા શું હું ખોટી છું? દાદીબાના ખ્યાલે મને ઘેલી બનાવી છ. જો હુ પરણુસ તો દાદીબા સાથ પરણુસ; દાદીબા મને નાં પાડશે તો આખાં જીંદગી એ વ્હાલાના વિયોગને અર્પણુ કરી કુમારી હાલતમાં ગાલસ. દાદીબાએ મને પ્રેમાંધળી બનાવીછ, મારી મરી ગયલી ઉમેદને કુદરતે પાછી સજીવન કીધીછ, તો હું ધારૂંછુ કે દાદીબા જેવા એક સદગુણી ભરથારનુ સુખ મારાં નસીબમાં હોવું જોઇએ. ઉઠતાં, બેસતાં, ખાતાં, પીતાં અને ફરતા, હરતા એ વ્હાલાની વ્હાલી યાદ મને બેચેન બનાવે છે. પરીને જેહાગીરનો હાથ કબૂલ્યો નહિ હતો, ત્યાં સૂધી મારી ઉમેદનાં ઝાડપર ફળ લાગશે એમ હુ ધારતી નહિ હતી, પણુ પરીને જેહાંગીરને સ્વિકાર્યા પછી હવે મારી આશાના અંકુર પાછાં સજીવન થાય એ કુદરતી છે. પરવરદેગાર દાદીબાના દિલમાં રેહેમ મૂકે તો મારી ઉમેદ પાર ઉતરશે, પણુ એ હાલ છે કયાં? મને કોણે કહ્યું હતું કે દાદીબા હાલ મુબઇમા નથી? હુ ધારૂછું કે દાવરશેઠે આપેલાં અપમાનથી એ અશરાફ જવાનને માઠ્ઠ લાગ્યુછ અને તેથી હવે તેણે મુબઇને છેલ્લી સલામ કીધીછ. જો આ બીનાં ખરી હોય તો મારા બાબમા તે બહુ દુ:ખ ભરેલી છે. એ વ્હાલાની શોધમાં મને રાત-દિવસ ઇનતેજારી ભોગવવી પડશે. જેહાંગીર હવે પોતાનાં સુખમા પડયો, એટલે મારાં સુખની ઝાઝી દરકાર કરવાનો નથી. ગમે તે હોય પણુ પરીન જેહાંગીર સાથ જોડાઇ છે, આ વાતથી દાદીબા અંજાણો હોવો જોઇએ. એ વાત દાદીબાથી અંજાણી રાખવી નહિ જોઇએ, કારણુ કે તેમાં મારો લાભ છે. એક નનામા કાગળથી એ ખબર હુ દાદીબાને આપુ તો કેવુ? હા—હા, એજ ઠીક થઈ પડશે. મુબાઇમા ગ્રાંટરોડ તરફ એ રહેતો હતો તે સિરનામે હુ કાગળ લખુ—પછી પૂગવાનું હોય ત્યાં પૂગશે. પોતાના કાગળ—પત્રોની ગોઠવણુ તેણે નહિ રાખી હોય એમ તો બનેજ નહિ. હવે વખત ખોહવામાં સાર નથી. એક ન્હાની ચીઠ્ઠી હમણાજ હુ ચીત્રી કહાડુ. " અને એમ બોલી આઇએ ટેબલપર જગ્યા લઈ નીચલી ચીઠ્ઠી લખી કાઢી:—

વ્હાલા દાદીબા,

દારાશાહ દાવરની પરીનબાનુ પર તમે ફીદા હતા એ વાત મને અંજાણી નથી. પણુ લખવાને દલગીર છું કે તે ઉમેદવારીમાં તમો ઘણા કમ-

નસીબ નીવડયા છો. કારણ કે પરીન, જેણીને તમે ચાહતા હતા, તેણી, જેહાંગીર બહાદુરશાહ સાથ માથેરાનમા અદરાઈ ચૂકી છે અને જે વખત જાયછે તેમા સાદીના પાક કોલથી બંધાઇને ધણીની ધણીઆણી થશે. તમારા બાબમાં આ ખબર ખેદકારક છે. પણ તકદીર આગળ તદબીર ચાલતી નથી. પૈસાપર મરી ફીટનારી પુતળીઓ પર પ્યાર કરવો કેવો બેજા છે અને ખરેખરાં હેતથી ચાહનારી અબળાઓને વીસરી જવામા પાછળથી કેવું પસ્તાવું પડે છે, તે તમારો દાખલો અસરકારક રીતે શીખવે છે. હવે તો ખુદાપર સબર પકડજો અને તમારૂં ભવિષનુ સુખ કોઈ બીજે ઠેકાણે શોધી લેજો.

તમારૂ ભલુ ચાહનાર,

એક જાણભેદુ.

આઇએ ઉપલી ચીઠ્ઠી કોઇ નહિ જાણે તેમ તેજ દહાડે ચુપચુપ પોસ્ટ કીધી. તે એમ ધારતી હતી કે પરીન જેહાગીર સાથ અદરાઇ છે આ બીનાથી દાદીબા હજી બેખબર છે. જ્યા સુધી દાદીબા પરીનના અદરાવા વિષે જાણે નહિ ત્યા સુધી આઇની ઉમેદવારી આગળ વધી શકે નહિ એમ હોવાથી પોતાના લાભાર્થે તે ઠાવકી કુમારિકાએ આ ફુનેહબાજ યુક્તિ રચી હતી. પોતાના અક્ષર પાચે દહાડે ઓળખાઇ નહિ આવે તેની તેણે સભાળ લીધી હતી. તેને મોટો સધિયારો એ હતો કે દાદીબાએ તેના હરફ દીઠા ન હતા, એટલે આ નનામી ચીઠ્ઠીની લખનાર તરીકે તેણી પકડાઇ આવવાની કશી ધાસ્તી ન હતી'

પ્રકરણ ૫૦ મું.

ખરી ખબર.

* * *

જો દાદીબાને પોતાની મુસાફરી દરમ્યાન નવાબજાદા મહોબતખાન સાથ મિત્રાચારી થઇ ન હોત તો આઇમાઇએ લખેલુ નનામુ કાગળ તેને પેહેલી ખબર આપનારૂ ગણાત. કારણ કે ખરી વાત તો એ હતી કે દાદીબાને મહોબતખાને પરીનના અદરાવાની ખબર આપી તે આગમચનુ આ કાગળ લખાઈ ચૂક્યુ હતું, પણ દાદીબાની શોધમાં ગામે ગામ રખડતું રખડતું તે ગયલુ હોવાથી, વચ્ચેનાં ગાળામાં દાદીબાને મહોબતખાન તરફથી સઘળા સમાચાર મળી ચૂક્યા હતા. ૪૮માં પ્રકરણમાં આપણે દાદીબાને એક અંધારા ઓ-

રડામાં જોખમ ભરેલી માંદગીને બિછાંને લવારો-બકારો કરતો જોઇ આવ્યા છીએ. એ પછી એક પખવાડિયુ પસાર થયું હતું અને તે પખવાડિયામાં દાદીબાની તબીએતમાં મોટો સુધારો થઇ ધયો હતો. જો કે બાહેર ફરવા-હરવાની ડાક્ટરની મનાઇ હતી, પણ ધરમાં હળવે હળવે આ ઓરડેથી પેલે ઓરડે તે ફરી શકતો હતો. "પરીન જેહાંગીર બહાદુરશાહ જોડે અદરાઇ "આ ખેદકારક ખબરે તેના મગજ પર ગભીર અસર કરી હતી અને તે ગભીર અસરમાં તેને ચઢી આવેલી જોરાવર તાવ તથા લાગુ પડેલી બેભાંની એવાં ભયભીત હતા કે દાદીબાની આશા ડાક્ટરોએ છોડી દીધી હતી, પણ હજી તેની સરજતમા દુખના ડુગરો પર ચઢવાનું હોવાથી જીવ સટોસર માદગીમાંથી તે સાજો થયો. ભયબીત સમો વીતી ગયલો હોવાથી હવે મહોબતખાન તેની મરજી મુજબ વાતચીત કરતો હતો. આખો દિવસ દાદીબા પરીનની યાદમાં ઝરતો હતો. હજી તેને શક રહી ગયો હતો કે આ ખબર ખોટી તો નહિં હોય? કારણ કે મહોબતખાન નહિં દારાશાહ દાવરને કે નહિં બહાદુરશાહવાળાઓને ઓળખતો હતો, તો જો કે તેણે આપેલી નિશાનીઓ દાદીબાથી નાં પડાતી ન હતી !

આઇએ લખેલુ પેલુ નનામુ કાગળ આખુ કાઠિયાવાડ તથા રજપુતાણાની સેહેલ કરીને નઝદીક દોઢ મહિને દાદીબાને મળ્યુ, કે જ્યારે તેની પીઠ પર પોસ્ટનાં નઝદીક પચાસ છાપ પડયાથી આફ્રિકાના નકશાની નકલ થઇ રહી હતી ! એક તો માલેકનુ ઠર-ઠેકાણું હાવું નહિ, તેમાં બીજી ભૂલ પોસ્ટખાતાનાં કાગળ જૂદા પાડનારની થવાથી તે બિચારૂં બીજી તરફ ચાલી ગયુ હતું. એ રીતે દોઢ મહિને દાદીબાને આ નનામુ કાગળ મળ્યુ, જે વાચી તેના દુખમા કેટલો ઉમેરો થયો હશે તે કલ્પી લેવાનું વિવેકી વાચકની મુનસફી પર મૂકીશુ.

"ઓ ખુદા ! ઓ પાક પરવરદેગાર ! એ શુ આફ્ત ! મુજ પર તારી આ કેવી ગેર મેહેરબાની ? શુ પરીન આખરે બેવફાજ થઈ! શુ મોહોબતખાને આપેલી ખબર ત્યારે અંતે ખરીજ ઠરી ! ઓ કમનસીબી ! તારી હદ ક્યાં છે? અફસોસ ! અફસોસ ! સદહજાર અફસોસ ! લાખોલાખ અફસોસ ! પરીન ! પરીન ! તે મારા સસાર સુખનું સત્યાનાશ વાળ્યુ !" તે નનામી ચીઠ્ઠી વાંચી દાદીબાનુ મગજ ફરી આવ્યું-તેનો ડીબો ભરાઈ આવ્યો-તેની છાતીમાં પવનનો બુક ચઢી આવ્યો અને આંખ્યોમાથી આંસુની ધારા વરસી રહી !

"શું છે, દાદીબા, શું છે ?" મોહોબતખાન, જે તેની પાસેજ બેઠેલો હતો તે આ ગભરાટ જોઈ હબકી ગયો, "ધીરા થાઓ-ફિસ્કેરાવાનું કાંઈ કા-

રણુ નથી. સંતાપ કરીને તમારી તબીયત બિગાડશો નહિં. આ કાગલ કોનું છે ? ”

“ વાચ, રફીક, વાંચ ? તારી ખબર મારાં દુર્ભાગ્યે ખરી પડી છે ! પરીન મને બેવફા નીવડીછે ! ઓ ' હવે મારી જીંદગીની સઘળી ઉમેદો ભ્રષ્ટ થઈ ” ! એમ બોલી દાદીબાએ ઘણાં દુ:ખ વચ્ચે બન્ને હાથ આંખ્યો-પર ઢાંકી દીધા.

મહોબતખાન આ મામલો દાદીબાના કહેવા આગમચ ચેતી ગયો. તેણે તે નનામી ચીઠ્ઠી ઝડપથી વાચી પોતાના ખીસામા સેરવી દીધી અને તે દુ:ખી જવાનને ઘણોક દીલાસો આપી શાન્ત કીધો. દાદીબાનો તે વખતનો દયાજનક દેખાવ જોઈ મોહોબતખાનની છાતી પણ ભરાઇ આવ્યા વિના રહી નહિ.

“ એ જાણભેદુ કોણ હશે ? ” મોહોબતખાને પૂછ્યું. ”

“ હુ ત્યારથી ઘણી નજર પુગાડુછુ, પણ મારી સમજ કામ કરતી નથી. ” દાદીબા બોલ્યો. “ સંજોગ એવો છે કે હું જેનીપર શક લઈ જઇશ તે દરેક જણ અપરાધી હોય એમ જણાશે. ”

“ આ ખબર જેહાગીર બાહાદુરશાહે પોતેજ તો નહિ આપી હોય ' ”

“ બનવા જોગ છે—પણ આ કામ પેલી બેવફાનુ કા નહિ હોય ' ”

' નહિ, તેમ નહિ હશે, કારણ કે એક તો તમોને બેવચની નીવડયાથી તે ઓશીયાળી પડી હશે અને બીજુ તો કાગળની લખાવટમાં પોતેજ પોતાની વિરૂદ્ધ લખે એ માનવા જોગ લાગતુ નથી. '

“ પોતા વિરૂદ્ધનો શુ ફ્સિારો છે ?

“ ત્યારે તમે શુ વાંચ્યું ? ” બહોબતખાને કાગળ ગજવામાંથી કાઢી તે માંહેલો તકરારી વાક્ય વાંચતાં કહ્યું “ પૈસાપર મરી ફીટનારી પુતળીઓ પર પ્યાર કરવો કેવો એજા છે. ” આ વાક્ય દેખાડે છે કે આ નનામી ચીઠ્ઠી લખનાર પરીન નહિ હોય. ”

“ ત્યારે કોણ હશે ? ”

“ તે કલ્પી લેવાનુ કામ તમારૂં છે. હું કાંઈ એ લોકોને ઓળખતો નથી કે તમારી: કલ્પનામાં મદદ કરી શકુ. ”

દાદીબા વિચારમાં પડયો.

“ પરીન જોડે તમારી મિત્રાચારી કોણને રૂચતી નહિં હતી, તે માણસોને યાદ કરો એટલે ચીઠ્ઠી લખનાર આપ મેળે પકડાઈ આવશે. ” મોહોબતખાને આગળ વધી સલાહ આપી અને દાદીબાને તે ગમી.

“ તમારા વિચારો પસંદ કરવા જોગ છે, પણ—”

“ પણ શું ? ”

"મારા દાખલામાં તો દરેક જણુ મારાં દુસ્મન છે, ત્યારે કલ્પના કેમ કરવી?"

"એક છોડીને દસ જણા દુસ્મન હોય પણુ તે દુસ્મનીમાં તમારી જોડે વધારે લાગતુ વળગતું કોણુને છે તે શોધી કાઢવાનું કામ તમારૂં છે."

"મને ત્રણુ જણુપર મજબૂત શક છે."

"એ ત્રણુ જણુ કોણુ ?"

"એક તો દારાશાહ દાવર."

"બીજુ ?"

"બીજો પેલો પારકુ સુખ લૂટી લેનાર જેહાંગીર બહાદુરશાહ."

"અને ત્રીજુ ?"

"તેની બેહેન આઇમાય."

"તેની બેહેન સાથે તમોને શુ લાગેછ–વળગેછ ?"

"અહી એક ભરમ છે." દદીબા દુ:ખથી બોલ્યો. "પેલી બેવફા જોડે જ્યારે મને સારૂ હતુ ત્યારે આ આઇમાયે મારી જોડે પરણવાનુ દાવરશેઠ મારફતે માગુ મોકલ્યુ હતુ."

"અને તે માગું ?"

"મે સ્વિકાર્યુ નહિં હતુ"

"હું અં" મહોબતખાને ડોક ધુણાવ્યુ. "એ છોકરી તે પછી પરણી ગઈ કે પરણવાની છે ?"

"પરણવાની છે."

"ત્યારે તો—આ નનામા કાગળની લખનારી નવ્વાણુ હિસ્સા એજ જાણવી."

"કદાચ નહિંબી હોય, મહોબત!"

"ના..હવે હુ તમારી કોઇબી દલીલ માનીશ નહિ"

"કાં નહિ ? પોતાની ફત્તેહ પર ફુલાઇને મને દુ:ખી બનાવવા દારાશાહ દાવરે યા પેલા સુખ લૂંટુંએ આ જાણુબેદુનો સાલો ઓઢયો હોય ?"

"નહિ–તે એક સંજોગમાં બનનાજોગ હતુ, પણુ બીજા સંયોગની હાજરી હોવાથી હવે તે માનવાજો નથી. હુ અજબ છું કે ચીઠ્ઠીની બનાવટ પર તમે ધ્યાન પુગાડતા નથી. જે અધુરો વાક્ય મેં તમોને વાંચી બતાવ્યો છે તે વાક્ય પૂરેપૂરો વાંચવાની અહીં જરૂર છે અને તે સાંભળ્યા પછી આ નનામી ચીઠ્ઠીની લખનાર–તમે નામ શુ કહ્યું ?—આય–આય–આઇ–આઇ–આઇમાય નથી એમ જો તમે નાં કહેશો તો હું અચરત થઇશ. સાંભળો. ચીઠ્ઠમાં ખુલ્લું લખ્યું છે કે—'પૈસાપર મરી ફીટનારી પુતળીઓપર પ્યાર કરવો કેવો બોજા છે, અને ખરેખરાં હેતથી ચાહનારી અબળાઓને વીસરી જવામાં પાછળથી કેવું

પસ્તાવું પડે છે, તે તમારો દાખલો અસરકારક રીતે શીખવે છે, હવે બોલો, દાદીબા, કે આ લખાવટ પરથી તમોને એમ નથી લાગતુ કે એ ચીઠ્ઠી પોતાને મળેલી નિરાશાના વેરમાં આઇમિાયે લખી હોય ?"

"તમારી તર્ક ખોટી લાગતી નથી." દાદીબાએ કબુલ્યુ "પણ કાં નહિં પોતાની બેહેન તરફથી તેનાં ભાઇએ (જેહાંગીરે) એ લખ્યુ હોય ? શું એ બનવાજોગ નથી ? તે પણ પોતાની બેહેનને માટે એમ લખી શકે કે 'ખરેખરાં હેતથી ચાહનારી અબળાઓને વીસરી જવામા પાછળથી કેવું પસ્તાવું પડે છે.' વળી પૈશાપર મરી ફીટનારી પુતળીએ પ્યાર કરવો એ કેવા બેજા છે એમ પણ તે પોતે પોતાને મળેલી કત્તેહ પરથી લખી શકે આ કાગળ આઇએજ લખ્યુ હોય અને તે ચડાળ સુખ લઇ એ નહિ હોય એમ માનવાના મુસ્તકીમ કારણો આપણી કને કાંઇ નથી એ બન્ને તર્ક એકેકને મળતી આવે એવી છે તેથી કહી માનવી ને કહી છોડી દેવી, તે કેમ કહી શકાય ? ઓ! હવે એવી એવી કલ્પનાં કરવામાં મારૂ શુ વળવાનુ હતુ ? મારૂ સઘળુ સુખ તો લુટાઇ ગયુ ! મારાં દિલની ઉમેદો તો દિલમાંજ રહી ગઈ ! અફસોસ ! મહોબતખાન, હવે મને દુનિયાનું સુખ હોય તો તે ઝેર મિસાલ છે. હુ હવે ઝુરી ઝુરીને મરી જઇશ. મને પકડ, રફીક, મારી આંખે અંધારા આવે છે"

ચાલુ સતાપથી દાદીબાનો જીવ ફરી આવ્યો. મહોબતખાને તેને પકડી પાડી નજદીકના એક બિછાનાંપર સુવાડી દઇ "સ્મેલીંગ સૉલ્ટ" ની સીસી સુઘાડી લગભગ અરધો કલાક સુધી બધ આખ્યોએ પડી રહેવા પછી દાદીબાનો જીવ જરા જરા હુશિયાર થયો.

પ્રકરણ ૫૧ મું.

દુખમાં દિલાશો–સાહિત્ય સંતોષ.

(દોહરો.)

હીરાના પારખ જડે, ઠારો ઠાર હજાર;
લાખે એક જડે નહીં, કવિત્વ પારખનાર.

* * * * *

પરીનની એ વફાઇથી દાદીબાના દિલમાં લાગેલો ડાઘ તે કમનસીબ જવાન કદી નહિ ભૂલે એવો હતો. મહોબતખાને પરીનના અદરાવાની આપેલી પેહેલી ખબર દાદીબાએ ડગમગતાં દિલે માની હતી, પણ પાછળથી મળેલાં નનામાં કાગળે તે ખબર સત્તાવાર ખરી પાડી આપ્યા પછી તેના દુઃખ-

નો પાર રહ્યો નહિં. દાદી પોતાના દુઃખમાં અંદરને અંદર મળવા લાગ્યો. એક બી પળ તે નાખુશ ખબર પછીથી તેણે એવી પસાર કીધી નહિં હોય, કે જેમા બેવફા પરીનને યાદ કરવાને તે ભૂલ્યો હોય. **દુનિયા બદલાય પણ પરીન કદી બદલાવાની નથી.** એમ તે પેહેલાં વિશ્વાષથી માનતો હતો, પણ જમાનાએ પાછળથી જૂદોજ રંગ બતાવવાથી દાદીબા ગોયા અરધો બેફામ બની ગયો. જેહાંગીરની જાહોજલાલીએ પરીનને આંજી નાખી વચનથી બેવચની બનાવી, કે જે વચનને દાદીબા એક કોટ યા કિલ્લા જેવું મજબુત ધારતો હતો. પૈસાથી ઇનસાનની ચશમ કેવી ફરી જાય છે, તેનો કડવો અનુભવ કમનસીબ દાદીબાને આ પેહેલોજ મળ્યો હતો. ઓરત જાત ચલકતી ચાઇ ચાઇ પર કેવી ખેચાઇ જાય છે અને આપેલા વચનો પર કેવું પાણી ફેરવે છે તેનો બોધ દુનિયાંમાં કઇક કમનસીબોને મળતો હશે તેમ તે અભાગ્યા દાદીબાને પણ મળ્યો.

પરીનને બેવફા થયલી જાણી તે દિવસથી દાદીબાએ ખાવું, પીવુ, ફરવું, હરવુ, પહેરવુ, ઓઢવુ તથા એશ–આરામ ભોગવવો તર્ક કીધો, અને એક દુખી માણુસની પેઠે કાંજી પર દાહડા કાઢવા માડયા. મહોબતખાન જોડે પહેલા તે ખુશ મિજાજથી વાત કરતો હતો, પણ હવે પોતાના દુઃખના બોજા તળે તે એટલો દટાઈ ગયો હતો કે એક એકાન્ત ઓરડામાં પડી રહેતો અને તેનો મિત્ર જે કાઈ પૂછે તેનોજ માત્ર જવાબ આપતો હતો. મહોબતખાન દાદીબાની આ દુઃખી હાલત જોઇ મનમા બહુ મુઝાતો હતો. તે સારી પેઠે સમજતો હતો કે દાદીબાને ઉપજેલુ દુઃખ મહાભારત છે અને કોમળી લાગણીવાળા શખસને એમ થાય એ સ્વાભાવિક છે દાદીબાને બનતાં સુધી શાન્ત પડી રહેવા દેવાની મહોબતખાન જોગવાઇ કરી આપતો હતો, પણ જ્યારે તેને ઘણોજ મુઝાતો જોતો, ત્યારે દિલાસાના અનેક સખુનો કહી એક વફાદાર મિત્રની ખરી ફરજ બજાવતો હતો. આપણે જાણીએ છીએ કે મહોબતખાનના પેટમાં દોહરાઓ અને કવેતોના કૂવા ભરેલા હતા. આ દોહરાઓ અને કવેતોનો છૂટથી ઉપયોગ કરીને દાદીબાનું દુઃખ જેમ બને તેમ ઓછુ કરવાની તેને ભારે જીજ્ઞાસા હતી. દાદીબાએ પોતાની 'ડાયરી'મા નોંધેલુ અમે પાછળથી વાંચ્યુ છે કે "આ દોહરાઓ અને કહેવતોથી મને મારા દુઃખમાં ઘણી હિંમત આવતી હતી અને તનનાં દરદીને જેમ દવા અકસીર છે, તેમ મનનાં દરદીને આવુ ઉમદા સાહિત્ય ફાયદો કરનારૂ છે એમ હુ મારા જાતિ–અનુભવથી કહુંછું."

એક દહાડે મધ્યરાત્રીએ દાદીબાએ એક વિચિત્ર સ્વપનું જોયુ. જાણે તે એક મોટા મેહેલનાં સુંદર દિવાનખાનામાં સુતેલો છે, જ્યાં પરીન આવીને તેનાં માથાંપર નાજુક હાથથી પસવાળવા લાગી. પોતાના અંગને કોઈ પારકા હા-

થનો સ્પર્શ થતો જાણ્યું દાદીબાએ આંખ ઉઘાડી જોયું તો તેનાં મસ્તકપર પ-રીન હાથ ફેરવે છે, અને દાદીબા તરફ ટગર ટગર જોય છે, દાદીબાએ પૂછ્યુ. 'તું કાણુ છે ?" પરીન બોલી ' શુ તમે મને ભૂલી ગયા? હું તમારી પરીન " દાદીબાએ ભવાં ચઢાવી જવાબ આપ્યો કે 'મારી પરીન ? તું મારી ક્યારે હતી' તું તો વચનથી બેવચની થઈ પેલા ચંડાળ જેહાંગીરની ગોદમાં જઇ ભરાઈ હતી-દૂર ! દૂર ! અહીંથી એકદમ દૂર થા! તારૂ કાળું મોહડું જોવાને હુ રાજી નથી ! પરીન આ સાંભળી બન્ને હાથ જોડી કહેવા લાગી કે, ' માફ કરો દાદીબા ' માફ કરો ! મારો આટલો ગુનોહ માફ કરો ! હુ પરણીને પસ્તાઇ છું ! ' દાદીબાને આ સાંભળી રીશ ચઢી. તે બોલ્યો કે ' પરણીને પસ્તાઇ એ સારૂં થયુ, કાકે એ તારાં કીધાં કરતૂકની એ કુદરતી સજા છે, ' ફરીથી પરીને કાકલુદી કીધી કે ' દાદી—દાદી—વ્હાલા—દાદીબા, મારી એટલી તકસીર માફ કર ! તું તો દયાળુ હતો ને એમ ઘાતકી કેમ બનોછ ? પરીનના એક સખુનપર જાન આપવાને તું તૈયાર હતો, અને આજે આએ શો ફેરફાર ? " દાદીબા આ સાંભળી ચીરડાઇ ગયો. તેણે જવાબ આપ્યો કે, ' નાપાક ! અહીંથી દૂર થા ! બેવફા ! અહીંથી કાળુ કર ' દાદીબાની દયા મેળવવાના દહાડા હવે વહી ગયાછ. તને દયા માંગવી હોય તો તારા જેહાગીર પાસ જા ! " આ શબ્દો દાદીબા એવા જોસ્સાથી બોલ્યો કે તે જોસ્સા સમત તેનાથી એક ચીસ પડાઈ ગઇ અને તે ચીસ સાંભળતા વાર મહોબતખાન પાસેના ઓરડામાંથી ચમકી ઉઠી દાદીબાવાળા ઓરડામા દોડી આવ્યો !

" શુ છે ? શુ છે ? દાદીબા ! એ ગભરાટ શાનો ? તમે ચીસ કેમ પાડી ?"

" મે એક સ્વપ્નું જોયુ અને તેમાં હુ ઉશ્કેરાઇ જવાથી મારાથી ચીસ પડાઇ ગઇ ! " દાદીબા ધ્રુજતાં અંત:કરણથી બિછાનામાં ઉઠી બેસી બોલ્યો. ઓ દોસ્ત ! મારી છાતી પકડ. મે એક એવુ સ્વપનું જેયુ છે કે, જેથી મારાં હાડેહાડ ધ્રુજે છે ! "

" તમારા ખ્યાલ આખો વખત એકને એક બાબદપર હોવાથી એવા એવા અસભવિત સ્વપનાઓ આવે નહિં, તો શુ કરે ? " દાદીબાએ જેયલાં સ્વપનાની હકીકત મહોબતખાનને કહી તે સાંભળીને મોહબતખાન બોલ્યો "જ્યાં સુધી મન મોટું કરીને તમે તમારા મગજપર કાબુ મેળવશો નહિં ત્યાં સૂધી ઉંઘમાં પણ એ બેજારી તમારી પાછળ ચાલુ રહેવાની. " મોહબતખાન જાણતો હતો કે દાદીબાને હિમત આપવાની હમણા ઘણી જરૂર છે, તેથી જે ચીજથી તેને રાહત થાય તે કરવી જોઇએ. એ ચીજ શુ હતી ? સાહિત્ય.

મહોબતખાન આ વિચારમાં છે તેટલાં દાદીબા બોલ્યોઃ "તારૂ કહેવું ખરૂં છે, મહોબતખાન, પણ પ્રેમ અવિનાશી છે. પ્રેમનો કીડો અંતઃકરણનાં

ગાભામાં ડંખ મારતી વખતે દિવસ કે રાત્ર જોતો નથી. જેમ એક ગુલાબનું ફુલ ઉપરથી ખુબસુરત દેખાય છે, પણ માંહેલા ગાભામાં પેવશ થયેલો કીડો તેનુ જીગર કોતરી ખાય છે; તેમ મારૂ જીગર પ્રેમાગ્નીમાં અહોરાત્ર પ્રજળી રહ્યું છે. મને જે વિચાર મોહું દુઃખ ઉપજાવેછે તે એજ છે કે તે બેવફા પેલા ખુબ સુરતને એક વખત એવી ધિક્કારતી હતી કે—"

"બસ! દાદીબા વળી તમે ઉસ્કેરાઇ જશો. તમે ધીરજથી શાન્તપણે વાત કરો-હું તે ખુશીથી સાંભળીશ. તમારો હરીફ એક વખત તેને અણગમતો હતો, પણ વખત આવે છે ત્યારે અણગમતી ચીજ ગમતી થઇ જાય છે. સાંભળો'—

(દોહરો.)

પ્યારી અન પ્યારી લગે, સમૈ પાય સબ બાત.
ધૃપ સુહાવે સીતમે, ગ્રિષ્મે સીત સુહાત.

અર્થાત—જ્યારે વખત આવે છે ત્યારે અણગમતી ચીજ ગમતી અને ગમતી અણગમતી થઇ પડેછે. ગરમીમાં ઠડક ભાવેછે ને ઠંડીના દિવસોમાં ઇન્સાન ગરમ હફ શોધતુ કરે છે."

"બધુ ખરૂ પણ માયા અભાગણી છે, મહોબતખાન! તે બેવફા પરીનને મે મારી માયા અર્પણ કરીને લાભમાં તો અતે કાંઇ લીધુ નહિ." દાદીબાએ અફસોસ કીધો.

"માયાના દાસત્વપણાથી કોઇ મુક્ત નથી, દાદીબા! માનવી માયાથી ભરપૂર છે. મ્હાન શક્તિઓ અને મહાત્માઓ પણ માયાથી ખાલી નથી. સાંભળો'—

(દોહરો.)

માયા કે બસ સબ પડે, બ્રહ્મા, વિષ્ણું, મહેશ;
નારદ સારદ સનક અરુ, ગૌરી સુત ગણેશ.

"જ્યારે બેવફા પરીનને મારી ગરજ હતી, ત્યારે મારી ઉપર જીવ આપતી હતી, અને આજે મને તે ભૂલી ગઇ છે."

"ખરી વાત છે. કવિ કિસનલાલ કહી ગયા છે કે—

(દોહરો.)

અપની અપની ગરજકો, બોલત કરત નિહોર;
બિના ગરજ બોલે નહીં, ગિરિવરહીકો મોર.

પોત-પોતાની ગરજે સૌ કોઈ નમી જાય છે. જંગલમાનો મોર પણ ગરજ વિના (પ્હાડમાં) બોલતો નથી."

"તારા એકેક સખૂનથી મારો એકેક ઘા રૂઝાય છે, રફીક મહોબત!"

દાદાબાએ લગાર શાન્ત પડી હેરાન દર્શાવ્યું. "પૈસા જોઇને પ્યાર ભૂલી જનારી પ્રીયાઓ વિષે હું ઘણું સાભળતો હતો, પણ તે હું માનતો નહિં હતો. જ્યારે મારા પર વીતે છે ત્યારે તેવી ફરિયાદ કરનારાઓની આજે હું કદર બૂજુછુ. અફસોસ! કમનસીબે તે કડવો અનુભવ મારા પગ તળે આવ્યો છે."

"દોલત જોઇને ઇનિસાનની મતિ ફરી જાય છે. કવિ નદકિશોર કહેછે કે—

(દોહરો.)

દાલતસે દૌલત મિલે, દિખાઈ દે દો ચિહ્ન,
આવતહી અધી કરે, જાત કરે મતિ હીન.

દોલત ઇનિસાનને એક એવી દોલત આપે છે કે જેના બે ચિહ્ન (નિશાની) હોય છે. તે આવે છે. ત્યારે આંધળી બનાવતી આવે છે, અને જાય છે ત્યારે શુદ્ધબુદ્ધ લેતી જાય છે. તારી ધારેલી પ્રીયાને દોલત આવી છે એટલે હવે તેને તુ આધળી સમજ, કાકે દોલતના ગર્વથી તે તને હવે જોઇ' શક્તિ નથી. બધાજ પ્રેમી પુરૂષો પ્રેમ—સાગરમાં ફળિભૂત થતા નથી. નવ્વાણુ જણ ડૂબી મરેછે ત્યારે સોમો એકાદ તરેછે. કહ્યું છે કે—

(દોહરો.)

પ્રેમી પણ નિજ પ્રેમમાં, નથી સફળ સાક્ષાત
પતંગ પાવક પર ભમી, થાય બિચારૂં મ્હાત.*

"માટે પ્રેમનો શોક કરવો નહિં."

"ત્યારે અંતે એમજ ઠર્યું કેની કે ખરા પ્યારની દુનિયામા કદરજ નથી ?" દાદાબાએ દુ ખની કળ ખાઈ ગમગીન ચેહરે પૂછ્યુ.

"ના, દુનિયા તેની કદર પિછાણે કે નહિબી પિછાણે, પણ કુદરતના કાયદાઓ પોતાના નિયમ કદી ચૂકતા નથી. કુદરતે તેને મોતેબરી બક્ષેલી છે."

"તે કેમ ?"

"તેનો દાખલો મેં હમણા જે છેલ્લો દોહરો, 'પ્રેમી પણ નિજ પ્રેમમા' તમોને કહી સંભળાવ્યો તેના ભાવાર્થમાંથી મળી આવે છે. જૂઓ કે પતંગિયુ પ્રેમાવશ થઈ પાવક (દીવા) ને પોતાની પ્રેમદા સમજી તેના તેજમા અંજાઇને બલહાર થવા જાય છે, પણ પાવક (દીવો) જેને ખરા પ્રેમની ખૂબી ખબર નથી તે પોતાના તાપમાં તે બચારાંને બાળી મારે છે. હવે દુનિયામાં તો તેનો ઇનસાફ કોઇથી થતો નથી, પણ કુદરત તેની (પતંગિયાંની) કીર્તિ ઉચી અંકાવે છે અને પાવક (દીવા) ને અપકીર્તિ મળે છે. એનેજ મળતો એક બીજો દોહરો મને યાદ આવેછે, જેમાં તેનો જોડનાર કહે છે કે—

(દોહરો.)

સાચી પ્રીતી સર્વમાં, ચાતક રાખે સ્થીર;
પિયૂ–પિયૂ કરિ પરહરી, પિયે સ્વાતિનું નીર.*

ચાતક પક્ષી ખરો પ્રેમ શુ છે તે ખરી રીતે સમજનારૂ છે. સ્વાતિ નક્ષેત્ર પર તેનો એવો ચાહ છે કે એ નક્ષેત્રમાં વરસતા વરસાદ સિવાય બીજા પાણીનું તે એક બુંદ ગળતું નથી. ખરા આશકોની એ બલિહારી છે અને તે થીજ કુદરતે ચાતક પક્ષીને એક આશકની ઉચ ઉપમા આપી જગતમાં તેનુ ગૌરવ વધાર્યુ છે."

સાહિત્યની આ સુન્દર તકરારે દાદીબાના દુ:ખી દિલને કેક રાહતઆપી દાવકા મહોબતખાને વાપડેલી આ દાવકી યુક્તિથી કાવ્યશાસ્ત્રના રસપ્રવાહોએ તેને કેક રંજન કીધો અને તેથી તે કમનશીબ જવાન પેલુ વિચિત્ર સ્વપ્ન ભુલી જઈ જરા શાન્ત થયો. જ્યારે દાદીબા પુરેપુરો નિંદ્રાવશ થયો, ત્યારે મહોબતખાન પોતાને બિછાને ગયો.

પ્રકરણ પર મું.

—×—

દાદીબાએ પરીન પર લખેલો પત્ર.

પણ એ કાંઇ દાદીબાના દુ:ખની રામબાણ દવા નહતી. એ તો માત્ર કામચલાઉ મલમપટો હતો, જેની અસર માત્ર થોડોજ વખત હયાતી ભોગવતી હતી. પરીનની બેવફાઇથી દાદીબાનુ જવાન જીગર ચિરાઈ ગયુ હતુ. દિવસની ભુખ અને રાતની ઉંઘ તેણે તજી દીધાં હતા. દુનિયાં તેને મનથી હવે અકારી થઈ પડી હતી. કોઈ પણ ચીજ પર તેને પ્રીતિ બેસતી ન હતી. અહોરાત્ર તેના અંત:કરણમાં પ્રેમાગ્ની સતેજ હતો. પરીનની બેવફાઇથી તેની બેકરારી દહાડે દહાડે ઘણી વધી ગઇ હતી. ગમમાં ને ગમમાં હવે તે ગળાવવા લાગ્યો હતો તેનો ચેહરો ફિક્કો અને દુ:ખથી લેવાયલો જણાતો હતો. પરીનનાં વિયોગ પછીથી જે કાંઇ થોડી ઘણી મોજ મજાહ તે પોતાના જીવને દેખાડતો હતો તેબી હવે તેણીની બેવફાઈ પછી સદનતર બંધ પડી હતી. દાદીબાની આ દયાજનક સ્થિતિ જોઇ મહોબતખાન મનમાં ને મનમાં બહુ મુઝાતો હતો. એક સાચા અને વફાદાર દોસ્તમાં જે જે સદગુણો હોવા જોઇએ તે સઘળા આ મુસલમીન મિત્ર ધરાવતો હતો. થોડીજ મુદતમાં દાદીબા જોડે તેને ગાઢી મિત્રાચારી બંધાઇ ગઇ હતી. ખરૂં પૂછો તો તેઓ પરસ્પર મળતા આવતા સ્વભાવ અને સદગુણથી એક થયા હતા.

---

* આ દોહરો "દિલજાન કૃત" છે, જે માત્ર મનરંજનાર્થે અહીં દાખલ કીધોછે.

જ્યારે મહોબતખાને દાદીબાને ઘણોજ મુઝાતો જોયો, અને દનપરદન તેની સ્થિતિ દયાજનક દીઠી, ત્યારે લાંબી નજર પૂગાડીને એક સલાહ આપી. આ સલાહ દાદીબાના હકમા અનેક રીતે લાભકારી હતી. તે એ હતી કે દાદીબાએ પરીનની બેવફાઇ વિષે પરીન પર, એક સખ્ત કાગળ લખવુ. આ કાગળ લખવાથી દાદીબાને ઘણી ધીરજ મળશે, તથા પરીન પર એકવાર ઉભરો કાઢયા પછી તેનુ મન તથા મગજ ખુલ્લાં પડશે. મહોબતખાનની આ ભલી નેમ દાદીબાના હકમા ફાયદો કરનારી હતી. આ તો ઇનસાનની એક ખાસિયત છે કે જ્યા સુધી તેના દુઃખનો ઉભરો છાતીમાથી બહાર પડતો નથી ત્યાં સુધી તેને તે દુખ અસહ્ય લાગે છે. પણ એકવાર છાતી ખાલી કીધા પછી તેને ઘણી રીતે કરાર વળેછે. દાદીબાની હાલત આ મામલાને અનુસરતી હોવાથી મહોબતખાને યોજેલી આ યુક્તિ વખાણવા જોગ હતી. તેની નેમ પોતાના મિત્રના દુઃખનો બોજો જેમ બને એમ ઓછો થાય તે જોવાની હતી ખુદ દાદીબાને પોતાને પણ આ સૂચના પસંદ પડી

"વ્હાલા રફીક, દુ.ખથી હુ તો દિવાનો થઇ ગયોછુ તેથી મને તો કાંઇ સુઝતુ નથી, પણ તુ મારા દુઃખમા આટલી બધી દિલશોજી દેખાડ છે એથી મને ઘણી ધીરજ મળે છે. તે બેવફા પર એક છેલો લેખ લખવાનો વિચાર મારાં મગજમાં પણ થોડો વખત થયો ભમ્યા કરે છે, જેને તારો ટેકો મળવાથી હવે હુ ઉમગી થયો છુ. હુ ધીરજથી એક પત્ર લખી કાઢુ છુ, અને તને વચાવી તારી સલાહ લઇને પછી બીડીશ."

"ઘણી સારી વાત છે." પોતે દેખાડેલો રસ્તો દાદીબા ખુશીથી સ્વિકારે છે એમ જોઇ મહોબતખાન મગન થઇને બોલ્યો. "ઉતાવળ કરવાનુ કાંઇ કારણ નથી—ધીરજથી અને સંભાળથી એક કાગળ લખી કાઢો. એવા એક કાગળની તેણી પણ વકી રાખતીજ હશે, કે જે વકીને તમે ખોટી પડવા દેવી નહિં જોઇએ. તમારા પૂરેપૂરા તિરસ્કારને તેણી કેવી પાત્ર થઇ છે તે તેને દેખાડો. એમ થવાથી તે પણ જાણશે કે એક સાચા આશકને દગો દેવાનુ ફળ તેના હરડતા આપમાં મળે છે."

આટલુ કહી, દાદીબાને એકાગ્રહ ચિત્તથી લખવાની તક આપવા માટે, મહોબતખાન તે ઓરડો છોડી ગયો. પરીન પર પોતાનો ઝહેર દેખાડવાને દાદીબા એટલો ઉત્કંઠિત થયો હતો કે મહોબતખાન ઓરડો છોડી જતાંજ તેણે ટેબલપર જગ્યા લીધી અને નીચે મુજબ લખવા માંડયું:—

બેવફા પરીન,

કેવાં તુટેલાં તન અને મનથી આ લીટીઓ હુ લખુછું તેનો સાહેદ તે રાસ્તીના સાહેબ વગર બીજો કોઇ નથી.

આખરે તું મને એવફા નીવડી એવા ખેદકારક સમાચાર મેં ભારે દુઃખ સાથ સાંભળ્યા છે. પૈસા ખાતર તેં તારો પ્યાર વેચ્યો છે અને આપેલાં વચન પર પાણી ફેરવ્યુ છે. યાદ રાખજે, ઓ બેવચની પરીન! કે જે નાલાયક ચાલ તેં મારી સાથ ચલાવી છે, તે ચાલનો એક દહાડે તે દાદારની દરબારમાં તને જવાબ આપવો પડશે. દુનિયાં ફરશે, પણ પરીન નહિ ફરશે.એવા સાચા વિશ્વાસ પર હુ ભોળવાયો છુ. એક ઇજ્જતદાર ખાનદાનની કુળવાન નારી તારા જેવું નાલાયક પગલુ કદી ભરે નહિં—તારા જેવી નાલાયક ચાલ કદી ચલાવે નહિં. તારી પાછલી વલાણે સાબેત કીધુ છે કે તને એક ખાનદાની અને આબરૂદાર અબળા સમજવામાં હુ ઠગાયો છુ ઓ કંગાલ ઓરત! મારાં ભવિષના મુખને તેં ઉંધુ માર્યું છે—મારી ખિલતી ઉમેદોને તેં કચડી નાખી છે—મારા સાચા પ્યારનો તેં મને ઘણો નાલાયક અને બેકદર બદલો આપ્યો છે. એ જાલેમ ફટકા મારી જીંદગીના છેડા સુધી હુ જીનહાર ભૂલનાર નથી. પાક પ્યારની પસંદગીથી જોડાયલાં જીગરોનુ છેવટ જો એવી પાક બેહાઇ અને બેકદર બેવફાઇભાજ આવતું હોય તો હુ કહીશ કે પવિત્ર પ્યારની પવિત્રતાને ખાતર તેવા કુપાત્રો પર કુદરતના સાહેબનો કહેર વરસજો! જે બેવફાઇ ભરેલુ લજ્જિત પગલુ તેં લીધુ છે, તે પગલાંની મેં કદી વકી રાખી ન હતી. જો તુ એક એકીનદાર ઓરત હતે તો પૈસા જેવી નીચ ચીજ પર તારો પ્યાર કદી વેચતે નહિં અફસોસ! પરીન! પરીન! તને ન એવી નહિં ધારી હતી?—તારી તરફથી મેં એવી વકી નહિ રાખી હતી—જેવો હુ વફાદાર છુ તેવીજ તને પણ હુ સમજતો હતો, પણ તે ઉમેદ ધળમાં ગઇ છે જેહાગીર બહાદુરશાહની જાહોજલાલી અને દોલત પર તુ લલચાઇ છે ખરી; કોમની એક આગેવાન બાનું બનવાની ઉમેદ પર તારા ગરીબ પણ સાચા ઉમેદવારને વચનથી ફરી બેવચની થઇ છે ખરી. પણ યાદ રાખજે, ઓ બેવફા સ્ત્રી! કે મારાં અંતઃકરણની છૂપી હાય તને લાગ્યા વગર રહેવાની નથી. "ગરીબની હાય, ને મિથ્યા નહિ જાય" એમ કહેવત છે, એનો અનુભવ આજે નહિં તો પાંચ દહાડે—પાંચ વર્ષે પણ તને મળશેજ મળશે. તુજ કહેતી હતી કે પ્યાર વગરનું પરણવું એ ખાંડ વગરની ખીર જેવુ છે. તુંજ કહેતી કે મરજી વગરની માન્યતા સ્વિકારી એક મોટાના મેહેલનું સુખ જોવું તેના કરતાં પાક પ્યારની ખરી પસંદગીથી પરણીને એક ગરીબ ઘેરની લુખ્ખી રોટલી ખાવામાં મોતેબરી છે. એ સઘળા સદગુણો આજે ક્યાં હવામાં ઉડી ગયા?—એ નેક વિચારો આજે કેમ ફેરવાઇ ગયા? તારતા માનમાગુ બડાઇખોર બાપમાં એક બાળક જેટલીબી અક્કલ હતે તો આજે તુ એવા ખોટા રસ્તા પર કદી દોરવાતે નહિં, અને તારો પ્યાર પૈસા પર વેચતે નહિં. જે મક્કમપણું તેં પહેલાં બતાવ્યુ તે મક્કમપણુ છેવટ

સુધી પકડી રાખવાની તારી ફરજ હતી, તે તેં બજાવી નથી. મારાં દુઃખનું મૂળ એજ છે. તારી તરફ ફરતી મેરનુ દબાણ થયું હોય એ બનવા જોગ છે પણ પાક પ્યારથી જોડાયલાં જીગરો મોટી મુશ્કેલીઓ ખમીને, કિલ્લા જેવો કોટ ઉઠલાવીને પણ અંતે એકમેકને વફાઇથી વળગી રહેછે. તારી—મારી વચ્ચેની મોહબતને "પાક પ્યાર" નુ પવિત્ર નામ આપતા હવે હું શરમાઉછુ, કારણ કે તે કહેવાના પાક પ્યારને તો તે પૈસા ખાતર વેચ્યો છે' તે કહેવાતા પાક પ્યારને ભૂલી જઈ તું બીજાની ગોદમાં જઇ ભરાઇ છે. પણ સબર, ખુદાપર !—તારી આ નીચ અને નાલાયક ચાલનો ગેબી ફટકો કુદરત તરફથી તારી પીઠપર પડયા વગર રહેવાનો નથી. અખુટ દોલત છે તે પર બોળવાતી ના—કુદરતના મુગા માર આગળ એ દોલત એક દમડીભાર કામ આવવાની નથી. જરના જોરથી જે ચંડાળે મારા ખોળામાથી તને ખુચવી લીધી છે તેને કહેજે કે પારકુ ધન અને પારકી સ્ત્રી પરાયા પુરૂષને કદી પ્રામ થતી નથી મારૂ સુખ લઈને તે કદી સુખી થવાનો નથી ઓ ફરેસ્તાઓ મારી મદદે આવો!

યાદ કર, ઓ બેવફા પરીન! કે મહાલક્ષ્મીના દરિયા કિનારા પર પેલી ખુશનુમાં ચંદનીની રજનીઓ તારા એક વારના 'વ્હાલા દારાબ' સાથ તું કેવી પસાર કરતી હતી અને તારી—મારી વચ્ચે પાક પસંદગી—(ફરીથી મારાથી આ બોલ વપરાઇ ગયો) અરે' તારી કહેવાતી પાક પસંદગી—ના પાક વચનો કેવાં સાચા હેતથી અપાયાં હતા' ઓ! તે સુખી દિવસો હુ યાદ કરૂછુ, ત્યારે મારી હાલની સ્થિતિમા જીવવા કરતાં મરવુ બહેતર વિચારૂ છુ. પેલા સુખ—લદુનો તું કેવો અણગમો રાખતી હતી? તારા એકદર બેવકુફ બાપે તારીપર ચલાવેલા ચંડાળ જેહાગીર સાથ પરણવાનાં દબાણ વખ્તે તુ કેવી તીખી તકરારથી સાંમી થતી હતી? તારા માનમાગુ અને મોટાઓની ખુશામત કરનારા બડાઇખોર બાપે તારા ઘરમાંથી મને દૂર કીધો, તે વખ્તે તુ શું શું વચનો બોલી હતી? ઓ! તે સઘળી વિતક—વાત મને જ્યારે યાદ થાય છે, ત્યારે ચલકતી ચાઇ ચાઇ જોઈ ચશમ ફેરવી નાખવાની તારી નહિ માફ થઇ શકે એવી મહાન મુર્ખાઇ પર માઈં રૂવે—રૂવુ કમકમે છે.

યાદ રાખજે, ઓ બેવફા પરીન—ઓ બેવચની પરીન, કે જેમ મારી ખીલતી ઉમેદોને તેના ભરજોબનમાં તેં કચડી નાખી છે, તેમ કુદરતનો સાહેબ, મારા પળે—પળનાં શ્રાપથી, મારી પળેપળની કદુવાથી, મારી પળે—પળની હાયથી, તારાં સંસાર—સુખનો નાશ કરશે, તુ મોટી—મોટી ઉમેદો પર પરણે છે ખરી, પણ તારી પ્યાર વગરની (અને પૈસા પર વેચેલી) પરણેલી જીંદગી કદી સુખી થવાની નથી.

તુ જોકે મને એવફા થઇ છે, પણ હું પોતે એક પાક વચનને બંધાયલો હોવાથી મારી જીંદગી સુધી બીજી અબળાનું નામ લેનાર નથી, અને સુખ તો મારા નસિબમાં હવે છેજ નહિ, પણ દુ:ખના જે દહાડાઓ હું પસાર કરીશ, તેમાં તારી એવફાઇ અને તારાં એવચનીપણાને હરગેજ ભુલીશ નહિ.

તારો એકવારનો ચાહેલો,

દુ:ખી દાદીબા.

પ્રકરણ ૫૩ મું.

"દાવર લાડજ ' માં પરીન અને જેહાંગીરનાં લગ્ન.

જ્યારે એક તરફ દુ:ખી દાદીબાની હાલત ઉપર મુજબ હતી, ત્યારે બીજી તરફ 'જેહાંગીર કાસ્ટલ'માં તેના જવાન માલેકના લગ્ન સમારંભની તૈયારીઓ ચાલી રહી હતી. શેઠાણી રતનબાઇના હરખનો પાર ન હતો, કારણ જે વખત જાય છે તેમાં તેવણની "ઘર શોભિત વહુ" આવવાની હતી.

એજ રીતે "દાવર લાડજ" મા મેહેરબાઇ લગ્નની તૈયારીમાં રોકાયલા હતાં. પોતાની એક પૂરી દિકરીના લગ્ન મોટી ધામધુમથી કરવાને દાવર શેઠ તૈયાર થયા હતા. વળી જેહાગીર બહાદુરશાહ જેવા માતબર જમાઇ મળવાથી દાવરશેઠે તેના દરજ્જાને લાયકનુ સગ્રળુ કરવા માટે એવડી કિલટ પકડી હતી.

હવે બાટી માત્ર લગ્નનો દિવસ ઠહરવવાની હતી.

શેઠાણી રતનબાઇ લગ્નનો દિવસ જેમ બને એમ જલ્દી મુકરર થાય તે જોવાને ઇચ્છતાં હતાં. એજ ઇચ્છા દાવરશેઠની પણ હતી, જ્યારે જેહાંગીરની મરજી પરીનની શાલગીરેહને દહાડે લગ્ન કરવાની હતી. પરીનની શાલગીરેહને હજી ઘણા મહિનાનો વિલબ હોવાથી અને જેહાંગીરની વર્ષગાંઠનો દહાડો પસંદ કરવામાંઆવ્યો, તે દિવસ અરદીબેહેસ્ત મહિનો ને ખોરશેદરોજ હતો.

એક મોટે ખાંચરેના લગ્નની ધમાલ અને ધામધૂમ કેવી હોયતેનો અત્રે વિસ્તારથી ખ્યાલ આપવાની અગત્ય નથી. જરનું જોર ધરાવનારાંઓને કઠીણ કામો પણ સ્હેલા હોય છે. કહેવત છે કે "દામ કરે કામ, તો બીબી કરે સલામ" તેમ પૈસા છે તે દુનિયામા એક ન્હાનો ખુદા છે, જેના હુકમ (એક કવિ કહે છે તેમ) "ખુદ ખુદા કરતાં જલદી બજાવાય છે." જેહાંગીર બહાદુરશાહનાં લગ્ને તેના મિત્ર–મડળમા એટલો ઉમગ પેદા કર્યો કે મુબઇ ઉપરાત જૂદા જૂદાં દેશાવરોથી અનક કુટુંબો લગ્ન ખાવા આવ્યા.

લગ્નની આઠ દિવશ આગમચથી "જેહાંગીર કાસ્ટલ" માં ખાણી—પીણી શુરૂ થઇ. એજ રીતે, "દાવર લાડજ" માં દારાશાહ દાવરે ધામધૂમ મચાવી પોતાના જમાઇની નક્કલ કરી. પરીન જો કે જેહાંગીરને હવે ઘણાં હેતુથી ચાહવા શીખી હતી, તોપણ જેટલી ઉલટ લગ્ન માટે તેણી ધરાવતી ન હતી તે કરતાં દસ ગણી વધુ ઉલટ દારાશાહ શેઠમા આવી હતી; કારણ કે, જેહાંગીર જેવા માતબર જમાઇના "સસરા" થવાનું માન તેવણને મનસે કાંઇ જેવું તેવું ન હતુ.

લગ્નનુ આખું અઠવાડિયુ કયાં પસાર કયુ તે જણાયુ નહિ. આ આખાં અઠવાડિયાં માટે જેહાંગીરે પરીનને સાત જોડ કપડા ખાસ જૂદાં કીધાં હતાં, જેથી આજે એક, કાલે બીજી, તો પરમદીને ત્રીજી, એમ જૂદાજૂદા રંગની ભપકાભરેલી સાડીઓ તથા વાસ્કુટોથી પરીન પહરોણાઓને અચરત કરતી હતી. લગ્નના દાગીના તરીકે પરીનને જેહાગીર તરફથી નઝદીક, ત્રણ લાખ રૂપિયાનુ ઝવેરાત ભેટ મળ્યુ, જેમાં મોતીની માળાઓ, હીરાજડિત નેકલેસો, બિલિયાનના ઇઅિર—રીંગો, વીંટીઓ, ઘડીયાળો, છડાઓ તથા બ્રસલેટો અને લાકીટોનો મોહમાં પાણી છુટે એવો એક જોવા લાયક જંગી જથ્થો હતો. કુદરતે બક્ષેલી ખુબસુરતીમાં આ હુન્નરમંદ કારીગીરી ઉમેરાવાથી પરીન લગ્નની રાતે ભભૂકદાર રોશનીમા બ્હેસ્તની એક હરી જેવી દીપી રહી.

પણ વફાદારી, જે એક ઓરતનો સણગાર છે, તે વગર આ ખુબસુરતી કામની શુ? પરીન બાહેરથી ગમે એવી હોય, પણ તેના અંતઃકરણમાં એક વાર કાળી રેખ પડવા પામી છે એટલે હવે તેની બાહ્યાંગી બડાઇ સમજુ સજ્જનોની નજરમા કેટલોવાર ટકી શકે? લગ્નમાં ભેગી મળેલી હઝારો માણસોની જંગી મીજલસમાં કોણ એમ જાણતું હતુ કે પરીન દાદીબા જેવા ગરીબ પણ સાચા આશકને બેવફા બની, પૈસા પર પ્યાર વેચી જેહાગીર જેવા એક બહુ માતબર જવાનને પરણી જાય છે!

પણ એક ઓશિયાળુ અંતઃકરણ આબાદ વખતેજ ડખ મારે છે. એવા ડખની રામબાણુ અસર ઝેરનાં કાતેલ પ્યાલા કરતા કારી હોય છે. પરીનની હાલત તેવીજ થઈ. લગ્નને દાહાડે આખો વખત તો તે બેવફા ઓરતે પોતાના આગલા ઉમેદવારની જુદાઇએ યાદ કીધી નહિં, પણ સાંજે, સાહાજન મળ્યા પછી જ્યારે તેણી પરણવા બેઠી અને દસ્તુરોએ જેહાંગીરનો હાથ તેના હાથમાં આપ્યો, ત્યારે તે બેવચની પ્રીયાને પોતાના એકવારના "વ્હાલા દાદીબા" ની વખતસર યાદ થઇ! વિજળી પડવાથી જેવો ઝટકો ઇનસાનના જીગરમાંથી પસાર થઇ જાય છે તેવો એક મજબૂત ઝટકો પરીનનાં અંતઃકરણમાંથી પસાર થઇ ગયો!

"જે હાથ દાદીબા લેનાર હતો, તે એક બાજેજ ધણી લઇ જાય છે." આ ભયભીત ખ્યાલે પરણતી વેળા પરીનના અંતઃકરણમાં એક કારી કાપ મૂક્યો; પણ બીજા એક ધાસ્તી ભરેલા ખ્યાલે તો તેણીના હાથ–પગ ધ્રૂજાવી મેલ્યા! આખો દિવસ પરીનને કાંઈ જણાયું નહિં, પણ તે પરણવા બેઠી ત્યારે તેની છાતીમાં એક અચબૂચ ધસ્કો પડી આવ્યો કે રખેને, ભેગી મળેલી મી-જલસમાંથી આ અણીધીક વખતે દાદીબા સામો નીકળી આવી તેણીને દેખાવ આપે અને કેવી સાબુત બેવફાઈથી એકનો પડખો છોડી તેણી બીજાના પડ-ખામાં જાય છે, તે ઉશકેરાયલે દિલે ખુલ્લુ કરી દે! જોકે પરીનની આ ધાસ્તી અસભવિત હતી, પણ એક ડાઘેલ દિલની લાગણીને અનુસરતી હતી. દાદીબા દુખનો માર્યો અહીં દેખાવ આપી રગમાં ભંગ કરી દે, એવા ભયભીત ખ્યાલે પરીનના હાથ અને હોઠ ધ્રૂજવા લાગ્યા–તેના હાથ ધ્રૂજવાથી જેહાગીરનો હાથ પણ ધ્રૂજ્યો, અને તે ઉપર તેનુ ધ્યાન ખેંચાયુ–"ચોરી" સારનારા દસ્તૂરો પણ આ દેખાવ જોઇ અજબ થવા લાગ્યા કે "આવી ખુશાલીની વખતે આએ શોકરી આમ શુ કરેચ?" પરીન અને જેહાગીરના હાથ સૂતરથી વિટાળેલા હતા ને છતાં જવાન બહાદુરશાહે પરીનનાં આંગળાં દાબીને તેની છાતીમા આ શુ ધભરાટ ચાલી રહ્યા છે, તેનું કારણ જાણવા ઇચ્છયુ, પણ પરીન જવાબ વાળવાની સ્થિતિમાં ન હતી. ધ્રૂજતે હાથે નીચી મૂડી કરીને તેણી બેશી રહી અને જ્યારે સાત "યથા–અહુવઇર્યો" પૂરી થતાં હાથ ખેંચી લઇ જેહાંગીરે ચોખા માર્યા, ત્યારેજ ચમકીને તેણીએ ઉપર જોયુ!

આશિર્વાદ સરાઇ રહ્યા પછી પરણતાં જોડાંને શેઠાણી રતનબાઇની ખા-હેશથી આશિર્વાદની ગૂજરાતી "માએની" સભળાવવામા આવી, જેમા જ્યા જ્યાં પરસ્પર વફાર રહેવાની નસિયતો આવતી ત્યા પરીનના જીગરમા એકેક કાપ વધૂ પડતો. દાદીબા જોડે તેણી કેવી સાબુત વફાદારીથી વરતી હતી તે તેને યાદ આવતુ, અને તેમ તેમ તેની છાતીમા તરેહવાર ઉથળ પાથળ ચાલી રહી. આજના દિવસને તેણી "ભાગ્યશાળી દહાડો" ગણતી હતી, પણ આ "ભાગશાળી દહાડા" એ સાંજ પછીથી તે કેવો સબકતો હતો તેનો પરીનને ઉપર મુજબ અચ્છો અનુ-ભવ આપ્યો. ટુકમાં, પરીનથી આજના દિવસને એક "કગાળ હાડા"ની ઉપમા આપ્યા વગર રહેવાયુ નહિ

ઓ! આજની "સુધરેલી" મા ખપતી પારસી છોકરીઓ' પરીનનાં ઉપલા દાખલા પરથી તમોને ઘણુ–ઘણું શિખવાનુ ને સમજવાનુ છે. "સુધા-રા" ને નામે પારસી કુટુબોમાં આજે જે કેટલુંક "અતેકૂ" ચાલે છે તે ત-મારી નામીચી અને કીર્તિવાન કોમને નામોશી લગાડનારૂ છે. તમારા "સુ-ધારા" ને તે હદ સુધી નાં લઇ જશો, કે જે હદમાં બેવફાઇ અને બેવચની-પણુ સમાયલું છે. આજે કેક છોકરીઓ એકને કબૂલી બીજા સાથ પરણી જાય

છે, પણ તેમ કરીને કશો લાભ મેળવતી નથી. જે કોમમાં નીતિ હોય તે કોમ ચિરકાળ નિષ્કલંક રહે છે. નીતિ વગરની કોમ નકામી છે. જો તમે તમારા મનનુ મક્કમપણું સાબેત રાખશો, તો તમારી નીતિ સાબેત રહેશે. તેની પાછળ વફાદારી, સહનશીળતા અને સ્ત્રી જાતિને શોભા આપે એવા બીજા અનેક સદગુણો એક પછી એક દેખાવ આપશે. એક અબળાની એકીનદારી તેના ધણીનું આ સૃષ્ટિનુ જીવતા જીવનનુ સ્વર્ગ છે, જે સ્વર્ગનુ સુખ સ્ત્રીની સમજદારી પર ટેકેલુ હોય છે. તમે પરીન જેવા ખુબસુરત થજો, પણ પરીન જેવા બેવફા કદી થશો ના ' પૈસા પર પ્યાર વેચનારી પ્રીયાઓ પર તે ગેબી કિરતારનો કેહેર વરસજો ' યાદ રાખજો, કે પરીનનેજ જેવા પસ્તાસા ! અંતઃકરણનો ડંખ ઇનસાન શુ કે હેવાનને પણ છોડતો નથી, અને તે છોડતો નથીતેજ દેખાડી આપે છે કે કુદરત પોતે પણ તેવી બેવફાઇ સાંખી શકતી નથી.

જેહાંગીર, આઇમાય, મેહેરબાઇ તથા શેઠાણી રતનબાઇ પરીનનો ગભરાટ પામી ગયા અને એકમેકના મોઢા ટીકવા લાગ્યા. હાજર રહેલાઓમાં જેઓ પરણના જોડાની ચારે બાજુએ કુડાળુ વળીને ઉભા રહ્યા હતા, તેઓમાં અંદરને અંદર ઘુસ ઘુસ ચાલી. આ મામલો જોઇ (દસ્તુરજી આશિર્વાદનો ગુજરાતી સાર સમજાવતા હતા ત્યારે) પરીનનાં કાનપર મેહેરબાઇએ વાંકા વળીને કાઇ કહ્યું, જેથી પરીને લગાર હસતો ચેહેરો કીધો; પણ તે માત્ર ઉપરથી દેખાડવાનુંજ હતુ. અંદરખાને પરીનને હજી દાદીબા તરફની બેવફાઇ થોડે થોડે વારે ડંખ માર્યાજ કરતી હતી.

આશિર્વાદ સરાઈ રહ્યા પછી ખાણીપીણીની ધુમ ચાલી " જેહાંગીર કાસ્ટલ " તથા ' દાવર લાડજ " મા આજે થયલી રોશની શહેરના જૂદા જૂદા ભાગોમાં દેખાય એવી મોટી અને ભભકાદાર હતી. જેહાંગીર કાસ્ટલ તો ગોયા સળગાવીજ મેલ્યો હતો, તો જો કે " દાવર લાડજ "ની રોશની ઓછી ન હતી.

આજના બનાવથી જેહાંગીર જરા રંજીસ થયો ખરો, પણ પહેરોણાઓની મેનીજમા રોકાઇ જવાથી તે બનાવ તે જલદી ભૂલી ગયો. " દાદીબાની યાદ થવાથી પરીન ગમખાર બની " એમ જેહાગીર પામી ગયો. એજ અટકલ શેઠાણી રતનબાઇ, પરીનના મા મેહેરબાઇ, આઇમાય તથા છેલ્લે દાવર શેઠે પણ કરી. આજના દહાડાની મોતેબરીને લીધે આમ થવાનું કશું કારણ કોઇએ પરીનને પૂછ્યુ નહિં.

મેહેરબાઈનાં સમજાવ્યાથી પાછલી રાતના આશિર્વાદ વેળા પરીને હસતો ચેહેરો રાખી સાંજની દિલગીરીનો ગોયા ખંગ વાળી આપ્યો. સાંજના આશિર્વાદ સરાયા પછી શાન્ત થવાનો તેણીને પૂરતો વખત મળેલો હોવાથી પાછળી રાતનાં આશિર્વાદ વેળા તેણી સારી હુશિયારી અને ઠીક હિમ્મતમાં રહી શકી. એ રીતે એક ગરીબનો હક્ક છીનવીને જેહાંગીર બહાદુરશાહ પોતાની

નવી પરણેતરને શાદીના પવિત્ર ગાંઠથી પોતાની કરી " દાવર લાડજ " માંથી " જેહાંગીર કાસ્ટલ "માં લઇ ગયો.

પ્રકરણ ૫૪ મું.

" વાસી લગ્ન "નું એક વિઘ્ન.

પરીન હવે જેહાંગીરની બાયડી થઈ. લગ્નની બહારવણે " જેહાંગીર કાસ્ટલ "મા ખાણુ હતુ. વેહવાઇવાળાઓને તથા બહાદુરશાહના બોહળાં મિત્ર-મડળને ન્હજન થયલા હોવાથી એ "વાસી લગ્ન "ના દિવસ પણ ગાજી રહ્યો હતો. બાહેર ગામથી જેહાગીરના લગ્ન ખાવા સારૂ આવેલા પહરોણાંઓ, જેઓને કુશાદે " જેહાંગીર કાસ્ટલ " માંજ ઉતારો આપવામાં આવ્યો હતો, તેઓ સર્વેની મામેલગીરીથી નઝદીક ૩૦૦ માણસની ટેબલ મંડાઇ હતી.

શેઠાણી રતનબાઇ આગલા દિવસની થાક છતાં ઉલટમદ દેખાતાં હતાં, અને પહરોણાઓ, જેમને સહવારથી નોતર્યાં હતાં, તેમની આગતા-સ્વાગતા કરવા-કરાવવામા બહુ ખંતી જણાતાં હતા. એજ રીતે ખુબસુરત આઇ પણ પોતાના બુઝર્ગ માવતરની મદદમાં તેટલીજ ફુલટથી ઉભી હતી.

પણ સોથી વધુ ખુશાલી તો જેહાગીરના જીગરમાં ઉભરાઇ રહી હતી. પરીન જેવી પરી ચેહેર પ્રીયાને-એક હરીફને હાર આપીને હાથ કરેલી પ્રીયાને-આખરે પોતાની કરવાને ભાગ્યશાળી નીવડવા માટે તે પોતે પોતાને મુબારકબાદી આપવા લાગ્યો. દાદીબા જેવા દુશ્મનનું હવે કશુ ચાલવાનુ નથી, એમ જોઇ તેની ખુશાલી બેવડા પ્રમાણમાં વધી ગઇ. બીજા હાથ તરફ દારાશાહ દાવર પણ આજે ભારે આનદમાં હતા. "દાદીબા જેવા એક રખડતા અને ધન નસલ નહિં જણાયલા જવાન" કરતાં " જેહાંગીર જેવા એક દોલતમદ જવાન " ને પોતાનો જમાઇ થયલો જોઇ, પોતાની ઇઝતને તેવણે એવડી વધી ગયલી માની! એજ રીતે શેઠાણી રતનબાઈ પોતાના એક પૂરા વ્હાલા દિકરાને પરણીને સંસારી થયલો જોઇને તથા આઇમાયે પોતાના એક પૂરા લાડકા ભાઇને મનપસંદ " ભાભીજી " મળેલી જોઇને તે દિવસને ઘણો મુબારક માન્યો.

એ સઘળું તો થયુ, પણ વાંચનાર પૂછશે કે પરીનની હાલત હમણા કેવી હતી ? લગ્નની સાંજે પરીનને જે કુદરતી ગભરાટ થયો હતો, તે ગભરાટ પાછલી રાતના આશિર્વાદનો વખત થાય, તેટલાં વચ્ચે પૂરતો વખત મળવાથી, શાન્ત થઇ ગયો હતો અને પાછળથી રાતની ક્રિયા પછી, ધણીની હકદાર ધણીઆણી થયા પછી, પરીનનું મન મોકળું થઇ ગયુ. લગ્નની બહારવણે "જેહા-

ગીર કાસ્ટલ "નાં પહેરામણુંઓમાં પરીન પૂર છૂટથી ભેળાઇ ગઈ. સાંજે તેણી-થી બતાવાયલી નબળાઇ કોઇ કોઇવાર તેને લજવાવતી હતી, પણ સામાન્ય રીતે હવે તેણીને દાદીબાની ધાસ્તી રહી નહિ, પોતે પરણી ચૂકી એટલે દાદીબા હવે શું કરી શકનાર હતા'

પણ પરીનની આ ખુશાલી થોડાજ વખતની હતી. થોડોવાર પહેરા-ણુઓને રીઝવવા માટે તેણીએ 'પીએનો' વજાડયો. તે પછી હાજર રહેલી બીજી કેટલીક જવાન બાઇઓએ "બેનજો" ઉપરનો પોતાનો કાબુ બતાવ્યો. એક રૂપાળા યુવાન ફાંકડા ગૃહસ્થે "વાયોલીન" તથા "સિતાર"નાં મધુર ધીમાં સરોદથી મિજલસનાં મન આકર્ષી લઇ વાજબી સાબાશી મેળવી. એ રીતે જેહાંગીર કાસ્ટલમાં ખુશાલી ચાલી રહી હતી. શેઠાણી રતનબાઇ, આઇ તથા જવાન જેહાંગીર ખાણાંની ટેબલ કેમ ગોઠવવી તે વિષે વડા કારભારીને હુકમો આપતાં બીજી તરફ રોકાઇ ગયાં હતાં, તેટલાં, એક નોકરે પરીનના હાથમાં એક કાગળ મૂકયું. પરીન સમજી કે ગઇ કાલે કોઇ મુબારકબાદી આ-પવાનું રહી ગયું હશે તે આજે "વાસી લગ્ન" ને દિવસે આપતું હશે, પણ તેણીની તે તર્ક તુર્ત ખોટી પડી. પરીન તે કાગળ લેતાં વાર ચમકી!

તેણી કા ચમકી? તેમ થવાનો એક સબબ હતો. કાગળ પરના હરફ તેણીની ઓળખના હોય એમ લાગ્યુ, પણ ગભરાટના અચાનક ઉભરામાં તેણી સમજી નહિ શકી કે તે અક્ષરો કોણના હતા.

"એ કોણ લાવ્યુ?"

"જી, પોસ્ટનો સિપાઈ આપી ગયો."

પરીને પરબીડાં પર નજર કરી તો તેણીનુજ શિરનામુ હતુ. કાગળ વજનમા ભારી હોવાથી બે ટીકીટ લગાડેલી હતી અને મથાળાં પર લાલ સા-હીથી ઇંગ્રેજીમાં urgent શબ્દ લખ્યો હતો,

"અક્ષર મારી ઓળખનાં છે પણ ધ્યાનમાં આવતા કેમ નથી?" એમ મનમા અજબ થતી તેણી ત્યાંથી ઉઠી અને પડોસના એક એકાન્ત ઓરડામાં જઇ અદરથી બારણું અળગુ બંધ કરી ધૃજતે હાથે કાગળ ઉખેડયુ. કહેવાની જરૂર નથી કે સઘળી સહી–મીતીઓનાં મંડળ વચ્ચે બેશીને આ શકમંદ કા-ગળ ઉખેડવાનું પરીને દુરૂસ્ત જોયું નહિં.

કાગળ પરબીડામાંથી ખેંચી કાઢયા બરાબર પરીને નીચે સહી કોણની છે તે ઉપર નજર ફેંકી અને દાદીબા નામ વાંચતાંજ તેને છૂટેલાં ધા-સ્તીનાં ધૂજરાં બેવડા વધી ગયાં. કાગળ વાંચવાની આગમચ તેણીનું દીલ પાણી પાણી થઇ ગયું. તે એક સોફા પર બેસી પડી અને ધડકતી છાતીએ વાંચવા લાગી.

એ તે કાગળ હતો કે જે આપણે પર) મા પ્રકરણમાં વાંચી આવ્યાં

છીએ. નવાબજાદા મહોબતખાનની સલાહથી હૈદરાબાદથી દાદીબાનો લખેલો તે
કાગળ બહુ અસરકારક લાગણીથી લખાયલો હોવાથી પરીન-બેવફા બેવચની
પરીન-પર તેણે બેવડી અસર કરી. તે વાંચીને તેણીનાં ગાત્ર ઢીલાં થઇ ગયાં
અને પરણ્યા પછી બીજેજ દીને "અરે! મે કમબખતે આએ કેવું પગલું લીધું?"
એમ પરીનને પસ્તાવો થયો!

પોતાના કાગળની શુરૂઆતમાં દાદીબાએ લખેલી પેહલીજ લીટી પ-
રીનનાં કલેજામાં કાપ મૂકવાને પૂરતી હતી. જે પરીનને તે "ડીયર પરીન"
-"વ્હાલી પરીન" અથવા "મારી પરીન" વગર કહેતો કે લખતો નહિં
હતો, તેને આજે તેણે બેવફા પરીન લખી હતી અને જણાવ્યું હતું કે "કેવાં
તુટેલા તન અને મનથી આ લીટીઓ હુ લખું છુ, તેનો શાહેદ તે રારતીના
સાહેબ વગર બીજો કોઈ નથી." આહા! આ કાતેલ અસર કરનારા પણ
ચત્ર સખુનોએ પરીનનાં ગમે એવાં ક્રુર પણ એક અબળા જાતિ તરીકેનાં કો-
મળ હૃદયમા કાં ન અસર કરી હોય? પરીને દાદીબાનુ તે લંબાણુ કાગળ
ફરી ફરીથી વાચ્યુ, અને જેમ જેમ તે ચીપાચીપીને વાંચતી ગઈ તેમ તેમ ધો-
ધમાર આજુએ રડતી ગઈ!

"સરજત! સરજત! કેવી અભાગણી મારી સરજત હશે?" તે
કાગળ ત્રણત્રણ વાર વાચ્યા પછી પરીનથી બોલી પડયા વિના રહેવાયું નહિં.
'એનાં અકેક સખુન જાણે તીરની માફક મારી છાતી વાધેછ!' પૈસા ખા-
તર તે તારો પ્યાર વેચ્યો છે' એ કેવો આબાદ ચમચમતો ચાબકો છે? 'જે
નાલાયક ચાલ તે મારી સાથ ચલાવીછ, તે ચાલનો એક દહાડે તે દાદારની
દરબારમાં તને જવાબ આપવો પડશે.' આ લીટી લખતી વેળા કેવાં ચીરાયલાં
જીગરે તે ચીત્રી હશે? 'એક ઈઝતદાર ખાનદાનની કુળવાન નારી તારા જેવુ
નાલાયક પગલું કદી ભરે નહિં' એ કેવો તમતમતો ને તીખ્ખો વાક્ય છે?
અફસોસ! ખરેખર એક નીચ ઓરતને છાજતું પગલું મારાથી ભરાયુ છે-એક
ઇઝતદાર ઓરત જેવી ચાલ, ઓ દાદીબા! મે તારી સાથ ચલાવી નથી."
પરીન દાદીબાનાં કાગળમાંથી એક વાકય ચુટીને તે ઉપર રડમસ ચેહેરે વિ-
ચાર લંબાવતી ગઈ. 'તારી પાછલી વલાણે સાબેત કીધું છે કે તને એક ખા-
નદાની અને આબરૂદાર અબળા સમજવામાં હું ઠગાયો છું.' આ શબ્દો, મારી
બેવફાઇથી દાદીબાને કેટલું દુ:ખ લાગ્યુ હશે, તેનો ખ્યાલ આપવાને પૂરતા છે.
લખતાં લખતાં તે કેવો ઉશ્કેરાઈ ગયો હશે? કે એક ઠેકાણે તેની એકવારની
'વ્હાલી પરીન'ને તે 'ઓ કંગાલ ઓરત!'ની ઊપમા આપે છે? તેનુ તન
અને મન બેશક તૂટી ગયલું હોવું જોઇએ, જે વગર તે એમ લખે નહિં કે
'મારી ખીલતી ઉમેદોને તેં કચડી નાંખી છે—મારા સાચા પ્યારનો તે મને
ઘણો નાલાયક અને બેકદર બદલો આપ્યો છે. એ જાલેમ ફટકો મારી જીદ-

ગીના છેડા સુધી હું જીનહાર ભૂલનાર નથી. ' પણ એ કરતાં વધુ સખત શબ્દો તો એ છે કે ' પાક પ્યારની પસદગીથી જોડાયલાં જીગરોનું છેવટ જો એવી પાક બેહાઈ અને બેકદર બેવફાઇમાંજ આવતું હોય તો હું કહીશ કે પવિત્ર પ્યારની પવિત્રતાને ખાતર તેવાં કુપાત્રો પર કુદરતનાં સાહેબનો કહેર વરસજો ! ' ઓ ખુદા ! કેવી કકળતી આંતરડીએ આ શ્રાપ દાદીબાએ મને દીધા હશે ! વળી આ કદુવા હજી ઓછી હોય તેમ તે લખે છે કે ' યાદ રાખજે, ઓ બેવફા સ્ત્રી ' કે મારાં અત કરણની છૂપી હાય તને લાગ્યા વગર રહેવાની નથી. 'ગરીબની હાય તે મિથ્યા નહિ જાય' એમ કહેવત છે, એનો અનુભવ આજે નહિ તો પાચ દહાડે–પાંચ વર્ષે પણ તને મળશેજ મળશે ' અરેરે ! એ શ્રાપ મને જરૂર ફળવાના !—એ કદુવા મને જરૂર નડવાની ! વળી આગળ ચાલતાં દાદીબાએ કેવુ લખ્યુછ ! ' મરજી વગરની માન્યતા સ્વિકારી એક મોટાના મહેલનુ સુખ જોવું તેના કરતાં પાક પ્યારની ખરી પસદગીથી પરણીને એક ગરીબ ઘેરની લુખી રોટલી ખાવામાં મોતેબરી છે ' એ કેવો ચમચમતો ચપકો ! ' જે મક્કમપણું તેં પહેલાં બતાવ્યુ તે મક્કમપણું છેવટ સુધી પકડી રાખવાની તારી ફરજ હતી '—અફસોસ ! ખરેખર મારી ફરજ હતી ! તે ફરજ મે બજાવી નથી અને બજાવી નથી તેથીજ આજે આ સખ્ત કાગળ વાંચવાનુ મારી સરજતમાં આવ્યુ છે. દાદીબા ! દાદીબા ! જો આ કાગળ લગ્નની બ્હારવણે આજે સહવારે મળ્યુ તેને બદલે ગઈ કાલે સહવારે—લગ્નની સહવારે–મળ્યુ હતે તો કદાચ મારા વિચારો હુ ફેરવી–શકતે ! ઓ ! આ શબ્દો કેવા સખ્ત છે ? ' તારી મારી વચ્ચેની મોહબતને પાક પ્યારનુ નામ આપતાં હવે હું શરમાઉછું, કારણ કે તે કહેવાતા પાક પ્યારને તો તે પૈસા ખાતર વેચ્યોછ ! તે કહેવાતા પાક પ્યારને ભૂલી જઈ તુ બીજાની ગોદમાં જઈ ભરાઈ છે ! ' ગરીબ બિચારો ! હું પૈસા પર લલચાઇને પરણી આવી તેથી તે મને કેવો સખુંન—આબાદ સખુંન—મારે છે કે ' અખુટ દોલત છે તે પર ભોળવાતી ના–કુદરતનાં મૂગામાર આગળ એ દોલત એક દમડી ભાર કામ આવવાની નથી.' અરે ! આ શ્રાપ કેટલા સાચા છે ? લગ્નની બ્હારવણેજ આ કદુવા ભર્યું કાગળ મેળવવાને હું કમનશીબ નીવડી એજ દેખાડે છે કે મારૂં ભવિષ્ય સુખી નથી નીવડવાનું. દાદીબાની કકળતી આંતરડીની દરપળની હાય મારાં સઘળાં સુખને ભષ્મ કરી નાંખશે. હું ઇચ્છુંછ કે માથેરાન હું ગઇજ નહિં હતે ? હુ ઇચ્છુંછ કે જેહાંગીર સાથ મને દોસ્તી થઇજ નહિં હતે ? હું ઇચ્છુંછ કે દાદીબાને મેં મારા પ્યારની વાત પ્રથમથી કહીજ નહિં હતે ? અરેરે ! હવે એ પરણેલો સંસાર સુખી કેમ નીવડશે ? મારા જેહાંગીરને ને મને દાદીબાની છૂપી હાય સુખી થવાજ કેમ દેશે ? ' જરનાં જોરથી જે ચંડાળે મારા ખોળામાંથી

તને ખુંચવી લીધી છે, તેને કહેજે કે પારકું ધન અને પારકી સ્ત્રી, પરાયા પુરૂષને કદી પ્રાપ્ત થતાં નથી.' આ શબ્દો દાદીબાએ કેવી દુ:ખાયલી લાગણીએ લખ્યા હશે? 'મારૂં સુખ લૂટીને તે કદી સુખી થવાનો નથી' એમ લખીને દાદીબાએ પોતાના દિલની એ ખરી ખાહેશ દેખાડી છે. 'મારૂં સુખ' એ શબ્દ કેટલા ઓહોળા અર્થવાળો છે?' ખરેખર ખરેખર, દાદીબા! કમબખ્ત પરીનમાં એકવાર 'મારૂં સુખ' કહેવાનો તને હક હતો, પણ આજે તે સુખ 'તારૂં સુખ' રહ્યુ નથી. તે સુખ 'બીજાનુ સુખ' થયુ અને તેથીજ તુ કહેછે કે 'મારૂં સુખ લૂંટીને તે—જેહાંગીર—કદી સુખી થવાનો નથી.' આ વાક્યની આગળ તે લખેછે કે 'ઓ ફરેસ્તાઓ, મારી મદદે આવો! એ કેવા અસરકારક સખુનો છે! દાદીબા! દાદીબા! તુ પોતેજ એક ફરેસ્તો છે પણ—" અને અહીં પરીન અચકી ગઈ.

વાચનાર વિસ્મય પામશે કે જે દાદીબા તેને આટલો અકારો થયો હતો તે તેનો આજે એકાએક પાછો વ્હાલો કેમ થઈ ગયો? આ સવાલનો જવાબ સ્હેલ છે. પાપી અંત:કરણ ડંખ માર્યા વગર રહેતુજ નથી અને તે ડંખ પણ આબાદ વખ્તેજ મારેછે. આ વાતનો દેખઇતો દાખલો પરીનનાં ગઇ સાંજે થયલા લગ્નમાં તેની હાલત કેવી બની ગઇ હતી તેમાં આપણને મળે છે. ગઈ સાંજમાં અને તે પછીની બ્હારવણની સહવારમાં ફેર કેટલો હોય? અંદરખાને પરીનની લાગણી હજી તાજી તેમજ દુ:ખાયલી હતી, તેમા દાદીબાના કાગળે તેણીને પરી ગગળાવી મેલી.

પ્રકરણ ૫૫ મું.

જહાંગીર બહાદુરશાહ દાદીબાપર બદનક્ષીની ફરિયાદી માંડવા નીકળે છે!

દાદીબાનુ કાગળ વાંચતાં, નઝદીક અરધો કલાક પસાર થઇ ગયો તેનું પરીનને કશું ભાન રહ્યું નહિ. ઘરમાં પહરોણાઓનો ધમાલ ચાલી રહી તે વાત પણ પરીન તુરતવેળા ભૂલી ગઈ. પેલી તરફ જેહાંગીર બહાદુરશાહ, પહરોણાંઓ જે દિવાનખાનામાં હતાં ત્યાં આવ્યો અને "પરીન ક્યાં ગઈ?" એમ પૂછવા પડયો. કેટલીક બાનુઓએ આપેલી ખબર મુજબ તે પરીનને શોધતો શોધતો તેણી જે ઓરડામાં હતી ત્યાં જઇ લાગ્યો. રડમસ ચેહેરે પરીન એક સોફા પર અરધી અઢેલાઇને પડેલી હતી, અને પાસે દાદીબાવાળું કાગળ પડયુ હતું. જેહાંગીર આ દેખાવ જોઇ ડઘાઇ ગયો!

"શું છે ? પરીન ડીયર ? તું અહીં કાંય ?"

જેહાંગીરને જોઇ પરીન ગભરાઈ ગઈ. તેણીએ દાદીબાવાળું કાગળ ઝડપથી ઉચકી લઇ ડુચો કરી ગજવામાં સેરવી દેવાની કોશેષ કરી, પણ જવાન બાહાદુરશાહે ઝડપ મારી પરીનનાં હાથમાંથી તે ઝુટવી લીધુ.

"તને ધભરાવાનું કાંઈ કારણ નથી, પરીન, એ કાગળ કોણ મુજીનું છે તે વગર જોવે કે વાંચવે સમજવાને હું સામર્થવાન છું. લાવ, એ મને આપ!"

"જેહાંગીર! એ મને પાછું આપો! ખુદા ખાતર એ કાગળ તમે ના વાંચો!" પરીને જેહાંગીરનાં હાથને વળગી પડી હુજત લીધી.

"નહિં કાંય, પરીન? એ કાગળ તારા હાથમાં રહેલુ મારાં સુખમાં નુકસાનકારક છે. હું તે વાંચીશ અને ફાડીને ફેકી દઇશ."

"મેહેરબાની કરી તમે એ નાં વાંચો—મને આપો! હું આએ ઘડીએ મારે હાથે તમારી સામે એનાં કુરજા કરવા તેયાર છુ;"

"નહિં, આ કાગળમા શો ભેદ છે તે હુ હજી જાણતો નથી માટે હુ વાંચ્યા વગર તેનો નાશ થવા દઇશ નહિ."

"એ વાંચ્યાથી તમારૂ દિલ દુઃખાશે, જેહાગીર" પરીને જોયું કે દાદીબાનું કાગળ વાંચ્યુ, તો જેહાંગીર ઉશ્કેરાયા વગર રહેશે નહિં તેથી ફરીથી કહ્યું. "હું ખાત્રીથી કહુંછુ કે તમારૂ દિલ દુઃખાશે."

"કંઈ ફિકર નહિ"

"જેહાંગીર! મારા જેહાંગીર! ડાહ્યા થાઓ!" પરીને કરગરીને કાલાવાલા કર્યા—પ્યારથી "મારા જેહાંગીર" કહી કાલાવાલા કર્યા. "એ કાગળ પેલા દા—"

"તે મુજીનુ ન્હેસ્ત નામ મારા મકાનમાં તે કદી લેવું નહિં પરીન!—" જેહાંગીર ઝનુનથી, પરીનના કાલાવાલાની દરકાર વગર બોલ્યો. "આ કાગળ કોણનુ છે તે તારો રડમસ દેખાવ જોતાજ હું પામી ગયોછું—તને કહેવાની કશી અગત્ય નથી. હુ એ કાગળમાં શું લખ્યુ છે તે વાંચીશ નહિં ત્યાં સુધી એનો કબજો છોડીશ નહિં."

"જેહાંગીર તમે મારૂ માનતા નથી, પણ એ વાંચીને તમે ઉશ્કેરાઇ જશો. આગલાં દિવાનખાનામાં પહરોણાંઓમાં નાહક ચકચાર થશે અને એનું છેવટ સારૂં આવશે નહિ."

"ભલે તે થાય—ચકચાર થવામાં હવે બાકી રહ્યુંછ શું? ચકચાર તો ગઈ સાંજથીજ થઇ ચૂકીછ." જેહાંગીર મક્કમપણે બોલ્યો અને દાદીબાવાળું

ચિત્ર ૧૭ મું.



[શ્લોક—૭૦ ન૦ ખરેખાર

"તને ધભરાવાનુ કાઈ કારણ નથી, પરીન, એ કાગળ કોણ મુજબનુ છે ત વગર જોવે કે વાચવે સમજવાને હુ સામર્થવાન છુ. લાવ, એ મને આપ'"

[સફે ૨૨૪]

કાગળ વાંચવા કાઢયું. "પરીન, તું પરણીને હવે મારી થઇ છે, વાસ્તે મારા હુકમને એક પરણેતર તરીકે માન આપવાની તારી ફરજ છે, જે આશા છે કે તને શીખવવી પડશે નહિં. હુ ધારતોજ હતો કે આપણા લગ્નની વાત જાણીને તે બદમાશ તાણાજાણી ભરેલું એક સખ્ત પત્ર તારા પર લખ્યા વગર રેહેશે નહિં. મારી તે વકી ખરી પડી છે અને તે કેટલે દરજ્જે ખરી પડીછે તે હવે હું જોવા ચાહુંછું."

પરીન ચૂપ થઈ ગઇ.

તેણીથી વધૂ શુ બોલાય ? જેહાંગીરને લગ્નની બ્હારવણેજ, પહેલાંજ મુહરતમાં પજવવાનું તેણીએ પસદ કીધુ નહિં. પોતાના પરણેલા સસારને સુખી કરવાની તે ઉમેદ ધરાવતી હતી, પણ લગ્નની બ્હારવણેજ આ નવાં વિઘ્નનુ વાદળ ચઢી આવવાથી તે બેવકા બાયડી ડઘાઈ રહી અને જેહાગીરની ખફગી ખેચી લેવાથી પરહેજ રહી.

દાદીબાનું કાગળ વાંચીને જેહાગીર ઉશ્કેરાઇ ગયો. દાદીબાએ તેને પોતાના "સુખલૂટુ"ની ઉપમા આપી, તેથી જેહાંગીરને ઘણુ લાગી આવ્યુ. તેનો મિજાજ તપી ગયો અને પરીનને પોતાના ધણીને સમજાવી લેવાનુ કામ બહુ મુસ્કેલ થઈ પડયુ. વળી દાદીબાએ જેહાંગીરને "ચડાળ" શબ્દ વાપર્યો, તેનુ પણ જેહાંગીરને જબરૂ ઝનુન છુટયું.

"હુ એકદમ એ મુજી પર લાઇબલની ફરિયાદી ઠોકુછ." જેહાંગીર જુસ્સાથી બોલ્યો "તારાં કાગળમાં એણે મને જે જે વિશેષણો વાપર્યાં છે તે સઘળાં મારી બદનક્ષી ભરેલાં અને ગીબતખોરાં છે. તુ તારી રાજીખુશીથી મારી સાથ પરણીછ, તો તેમા એ બદમાશના બાપનુ મે શુ નખોદ વાળ્યુ કે એ મને 'સુખ લ ટુ' ની ને 'ચંડાળની ઉપમા આપેછ? મારી પરેપૂરી બદનક્ષી આ કાગળમાં કીધેલી છે અને તેથી હું 'સ્ટેપ' લઇશ. એ કમઅક્કલ કંગાલને હવે મારો હાથ દેખાડવો જોઇએ. તારા બુઝર્ગ પિતાને પણ 'બેવકુફ' અને 'બેકદર' 'માનમાગુ' અને 'બડાઇ ખોર' લખવાને એ લુચ્ચો શરમાયો કે અચકાયો નથી. જેનુ નીમક ખાધુ તેને પણ નીમક હરામ નીવડયો? હુ હવે–'

"શુ છે–શુ છે?' જેહાંગીર? એટલો ગુસ્સે કોણ પર થાએછ?" શેઠાણી રતનબાઇ, જેહાંગીર તથા પરીનને શોધતાં આઇમાય સાથ ત્યાં આવી લાગ્યાં અને પુછવા પડયાં. "તારા હાથમાં આએ કાગળ કોણનુ? હેં, પરીન, જીભરૂ જેહાંગીર ને તું આજે કુહડેલાં કેમ જણાઓછ?"

પરીન શુ જવાબ દે? તેણીથી બોલાયુ નહિ.

"આએ જુઓ, પેલા બદમાશે લગ્ન પછી બીજેજ દહાડે એક સખ્ત તાણાજાણી ભરેલું પરીન પર કાગળ લખ્યુછ. અને તેમાં પરીનની મારી અને દાવરશેઠની પોતાથી થઇ એટલી બદનક્ષી કીધીછ. એ મુજીએ મને 'સુખ લુટુ'

નું નામ આપ્યુંછ અને 'ચંડાળ'ની ઉપમાથી ઓળખ્યોછ. હું એની ઉપર 'લાઇબલ' ની ફરિયાદી માંડુંછ."

"ધીરો થા જેહાંગીર—એટલો તાતો ના થઇ જા. લાવ એ કાગળ, હું વાંચીને ચુલ્હલામા મુકી દઇશ.' શેઠાણી રતનબાઇએ ગંભીરપણે જવાબ દીધો "દાદીબાને આ કાગળ લખવાનો દેખીતો સબબ છે. પરીનને હાથ કરવાની ઉમેદમાં તેને મળેલી નીરાશી તેને એવું કાગળ લખવાને ઉશ્કેરે એ બનવા જોગ છે, તેથી તું મિજાજ ખોહી દઇને તેનેજ પગલે દોડવામાં લાભ નથી. તેણે વાપરેલાં વિશેષણો તેની નજરમા લાયક લાગ્યા હશે અને તેથી—"

"માયજી, તમે કાગળ વાંચો ને પછી બોલો ! હું એ બદમાસને આએ હુલડાઇભર્યા કાગળ લખવાનો સ્વાદ ચખાડયા વગર કદી રહેવાનો નથી."

"તેમા તુ પોતેજ ખરાબ થશે, જેહાગીર, જે તુ દાદીબા પર તારી બદનક્ષી કરવાની ફરિયાદી માંડે તો પરીન સાથના એનાં આગલા પ્યારની સઘળી વાત જાહેરમાં આવશે અને તેથી આપણી ઇજતને મોટો ધોકો પુગશે. આપણે સારી રીતે જાણીએ છીયે કે તેને નીરાશ થવાનુ કારણ મળ્યુ, તો તે નીરાશાનો આગમાં એક તીખ્ખું કાગળ ચીતર્યું હશે. આપણે એવા કાગળની દરકારબી કરવી નહિ જોઇએ અને જાણે કાઇ જાણતાજ નહિં હોય તેમ ચૂપ બેસી રહેવું જોઇએ કાગળ લખીને પોતાનો ઉભરો કાઢયા સિવાય બીજુ એનેથી શુ થઇ શકવાનું હતું ?"

"માયજી, મેબી જેહાગીરને એમજ કહ્યુ કે તમુને ઉશ્કેરાવાનુ કઈ કારણ નથી હુ તો આએ કાગળ વાંચીને ફાડી નાખવાની હતી, પણ એવણે મારા હાથમાથી હુજતથી ઝુટાવી લીધુ." પરીને પોતાની સાસુ આગળ એકરાર કીધો અને સાસુજીએ તે માન્ય રાખ્યો.

"લે હવે તને બીજુ શુ જોઇએ ? તારી બૈરી પોતે એ કાગળની દરકાર કરતી નથી, ત્યારે તુ શુ કામ નકામો જીવ બાળેછ દિકરા ? કેમ આઇ, તારો શુ વિચાર ?

"હુ તમારાં ને પરીન બેહેનાં મતને મળતી છુ, માયજી, દાદીબાના કાગળની પરીને તેમજ જેહાંગીરે દરકાર કરવી જોઇએજ નહિં." આઇમાય અંદરખાને આજનાં બનાવ પર ખુશી થઇને બોલી "હવે એવા બાહેરના ખ્યાલો એ બેઉએ છોડી દેવા જોઇએ"

માતાની સમજાવટથી જેહાંગીર ઠંડો પડયો. તેણે તે કાગળ શેઠાણી રતનબાઇને એવી શરતે આપ્યુ કે તેવણે તથા આઇએ વાંચીને તેને તે પાછું આપવું. ઘરમાં આવેલાં પહરોણાઓમાં કાંઈ શક પડીને ચકચાર ન થાય તેટલાં માટે શેઠાણી રતનબાઇએ તુરતવેળા તે કાગળ પોતાના ખીસામાં સેરવી દીધું અને પરીન તથા જેહાંગીરને સમજાવી પટાવી બાહેર લઈ ગયાં.

થોડા વારમાં પરીન, જેહાંગીર, આઈમાય અને શેઠાણી રતનબાઈ આગલા દિવાનખાનામાં સઘળાઓ વચ્ચે ભેળાઈ ગયાં અને જાણે કાઇજ બન્યુ ન હોય તેમ તે દિવસ પસાર થઈ ગયો.

પ્રકરણ ૫૬ મું.

—•×•—

શેઠાણીની શિખામણ—ખાનબહાદુર મનચેરશાહનું મરણ.

લગ્નની "વારોવાર" વિત્યા કેડે શેઠાણી રતનબાઇએ દાદીબાવાળા કાગળ પર ધ્યાન આપ્યુ." તેવણુને તે પત્ર સખત લાગ્યુ, પણ પાછો તુર્તુજ તેવણે દાદીબાને ઈનસાફ આપ્યો કે "તેની દુખાયલી લાગણી તરફ જોતાં આ કાગળ વક્રો રાખવા જોગ છે" દાવરશેઠને તેડાવીને આ કાગળ તેવણુને વચાવવા તે બુઝર્ગ બાઈ ભુલ્યા નહિ દાદીબાનુ કાગળ વાંચી દારાશાહ શેઠનો પીત્તો ઉછળી આવ્યા વિના રહ્યો નહિ.

"એ નીમકહરામ મને 'બડાઈ ખોર'ની ઉપમા આપેછ?" તેવણુ બખાળ્યા. "એણે મને 'માનમાગુ'માં લેખ્યો? એ મને 'મોટાઓની ખુશામત કરનાર'મા ગણાવેછ? એ મુછ પોતાના મનમા ખાડ શુ ખાએછ? ત્યારે એ મને કોઇ હલકો પીંજારડો ધારેછ કે શુ? હુ કોણ? મારૂં ખાનદાન કોણુ? મારી ઇંઝત શુ? મારો મોભો ને દરજ્જો કેવો? ને એ નાચીજ ગુલામ મને એવા એવા શબ્દો લખવાની હિમત કરે? દિકરા જેહાંગીર, તુ એકદમ એ લુચ્ચાપર લાઇબલ ઠોક—હુ તારી પાછળજ છુ હુબી એ નીમકહરામ પર બદનક્ષીની જૂદી ફરિયાદી માડુછ!"

"દારાશાહજી! એ શુ કહેવાય? તમે બચ્ચાને સામુ ઠડુ પાડવુ જોઇએ તેને બદલે પોતે ઉશ્કેરાઇને ઉશ્કેરી મુકોછ?" શેઠાણી રતનબાઇ વચ્ચે પડયાં. તેવણુને દારાશાહ શેઠે પોતાના દિકરાને આપેલી સલાહ ગમી નહિ. "દાદીબાપર ફરિયાદી ઠોકવાનુ સહેલ છે, પણ તેમાથી સાફ હાથે જીત મેળવવાનું મુસ્કેલ છે. આપણા હાથ અંદરખાંને કપટથી ખરડાયલા છે, તેથી 'ઉન કાતરવા જતાં ઉન કતરાવી આવવા' જેવું થઇ જશે."

"આપણે એનો બાપ નથી માર્યો, રતનબાઇજી, કે એ મને ને મારા મોટા દરજ્જાના જમાઇને મોહ ભાવ્યાં વિશેષણો વાપડે?" દારાશાહ તપી આવીને બોલ્યા. "એ અમોને કોણ સમજેછ? અમે કંઇ દુબળા—લાહટા છઇએ કે શું?"

"એ બધુ આપણું બોલવાનુ છે અને તે ઘેર બેસીને બોલવાનુ છે.

કજીયો કોરટે ચઢે ત્યાં તો મુદ્દાની વાતો પર મદાર બંધાય" શેઠાણી રતન-બાઇએ યાદ આપી.

' પણ ત્યારે એ મુજને એવું તાણાં જાણી ભરેલુ કાગળ લખતાં શરમ નહિ આવી કે જેના નીમકથી હુ પરવરસ થયોછ, તેનેજ એવા શબ્દો હુ કેમ લખુ ? "જેહાંગીર બહાદુરશાહ વચ્ચે પુરાયો તેને હજી દાદીબાપર જબઇ ઝનુન આવ્યા કરતુ હતુ. '

" જેહાગીર ! તુ હજી નાદાન છે દાદીબાની જગ્યાપર જો તુ હોય, તો તું પણ એવુજ સખ્ત કાગળ લખીને તારો કહેર દેખાડે પરીનને પરણવાને તુ નસીબવાન નીવડયો, એ બનાવ પોતેજ એવો છે કે તેની ઉમેદોને ભંગ કરી નીરાશાના ઊંભગે કાઢવાને તેને કારણ આપે દાદીબાના કાગળને હુ વધાથી વધારે લેખતી નથી. જો કે તે લખાવટ સખત છે, પણ એક ઉશ્કેરાયલુ અને ચીઅવાયલુ માણસ એ કરતા નરમ કાગળ લખી શકે એ હુ માનતી નથી. દાદીબાપર લાઇબલ ઠોકવા જતા આપણી અને દારાશાહ શેઠની આગલી પાછલી હકીકતો જાહેરમાં આવશે વળી દાદીબાને આઇમાઇ સાથ પરણાવવાને આપણે કરેલી તજવીજ તથા પરીન સાથની દાદીબાની આગલી દોસ્તી વગેરે સઘળી બીજી હકીકતો બાહેર આવેલી આપણા ગેરલાભની છે. એથી બેહેતર રસ્તો એજ છે કે એ કાગળ વિષે આપણે જાણે કાઇંજ જાણતા ન હોઇએ તેમ ચુપ બેસવુ '

શેઠાણી રતનબાઇના આ દલીલદાર સમજાવણે દારાશાહ દાવર તથા જવાન જેહાગીર પર અસર થઇ. પોતાના ઉછળી આવેલા પીતાને લીધે થોડાવાર બખરાઇને બખાળા કાઢવા પછી બિચારા દાવરશેઠ આપ મેળે થડા પડયા !

આખરે, સઘળાના એક વિચારે એમ ઠર્યું કે દાદીબાના આ કાગળનો પરીને કશો ઉત્તર વાળવો નહિં અને જાણે કાઇંજ બન્યુ નહિં હોય તેમ અખાડા કરી જવુ. દાવર શેઠની માફક જેહાગીરની ફુ—ફા પણ ઠડી થઇ ગઇ. કુદરતી રીતેજ તેનું અતકરણ તેને ડખતું હતું કે તેણે એક હકદારનો હક ડુબાડી પોતાના જરને જોરે એક ગરીબનુ સુખ લુટયું હતું.

પરીન પર આવેલુ કાગળ શેઠાણી રતનબાઇએ પોતાના કબજામાં રાખ્યુ. પરીન તથા જેહાગીરે, જૂદી જૂદી વખતે તે કાગળ " પોતાને આપવા " ની તેવણુને કરેલી અરજ તેવણે મજબુતાઇથી ના પાડી અને પરીનને શિખામણ દીધી કે " ખુદાએ તને બક્ષેલાં સુખ પર સતોપ પકડી હવે એવા એવા અત્રાફના વિચારો તેં સદનતર છોડી દેવા. "

પણ પરીનથી " એવા એવા અત્રાફના વિચારો " સદનતર છોડી દેવાયજ કેમ ? એવફા બાયડીઓનાં કલેજા પર કુદરતે ડંખ રૂપી કાપ મેલ્યો ન હોત તો પાપમાં ને પુન્યમાં ફેર શો હોત ? એકને વચન આપી બીજાને પ્યાર

અર્પણ કરનારી બેવફા કુપાત્રોને એવી સજા દરેક દરજ્જે સજાવાર અને ઘટતી છે. અંતઃકરણની શાન્તી તેમને હોતીજ નથી અને તે હોતી નથી તેજ તેમને કુદરતનાં ગેબી હાથની ગુપ્ત સજા છે.

* * * * * *

પેલી તરફ દાદીબાની તબીયત, મરણતોલ માંદગી પછીથી, રફતે રફતે સુધરતી ગઇ. જો કે તે આગલી તંદરોસ્તી તો મેળવી શકયોજ નહિ, પણ તબીયતના સુધારા માટે મુંબઇ છોડતી વખતે તે જેવી હાલતમાં હતો તેવી હાલતમાં પાછો આવવા પામ્યો પરીનની બેવફાઇ જાહેર થયા પછી દાદીબાએ તન-મનની શાન્તિ તમામ ખોઇ દીધી હતી એ શાન્તિ પાછી મેળવવા માટે તેણે મન મારવાના ઘણા ઘણા ઉપાયો કરી જોયા, પણ— એક સિવાય—બીજા કોઇ ઉપાય તેને કારગત લાગ્યા નહિ. તેને લાભકારી થઇ પડેલો ઉપાય સાહિત્યનો પ્રતાપ હતો, કે જે પ્રતાપ નવાબજાદા મહોબતખાનની દોસ્તીનો પ્રતાપ હતો.

દાદીબા તગર થયાથી મહોબતખાનની મરજી પાછી મુસાફરી પર નીકળવાની થઇ. લગભગ પાકુ હિંદુસ્તાન તે જોઇ ચુકયો હતો અને હવે થોડુ જ બાકી રહેલુ હતુ, પણ તે જોવાનુ પડતું મેલીને પ્રથમ વિલાયતના પ્રવાસે જવાની તેને ખાહેશ થઇ. આ ખાહેશને દાદીબા મળતો થયો. તેણે મહોબતખાનનો વિલાયત જવાનો વિચાર પસંદ કીધો, પણ પોતે હિંદુસ્તાંનમાજ ફરવાની પોતાની મરજી જણાવી મહોબતખાનને દાદીબાની મરજી ગમી નહિ. તેણે મમત પકડીને તેને પોતાના એક સોબતી તરીકે પોતાને ખર્ચે વિલાયત લઇ જવા માંગ્યો. દાદીબાને આ સોનેરી તક હતી, પણ જ્યારે મહોબતખાન જેવા દિલોજાન દોસ્તે પોતાને ખર્ચે તેને લઇ જવાની જબરી બહોંસ કીધી, ત્યારે તેણે મમ્મત પકડી રહેવામા ડાહપણ જોયુ નહિ. બેવફા પરીનની બેવફાઇનો કાતેલ કાપ તેનાં અંતઃકરણને ચીરી નાખતો હતો, તેમાં થોડી પણ રાહત મેળવવાના ખ્યાલે દાદીબાએ મહોબતખાનની માંગણી કબૂલ કીધી. તેઓએ યુરોપના પ્રવાસની તૈયારી કરી નીકળવાનો દિવસ નકી કીધો, પણ તે દિવસે નીકળવાનુ તેમની સરજતમાં હતુ નહિ.

કેમ વારૂ?

"માણસ ધારે છે શુ? અને ખુદા કરે છે શુ?" એ કહેવત દાદીબાના દાખલામાં ફરી એકવાર ખરી પડી.

અઢારમી ડીસેમ્બરે ઉપડી જનારી મેલ સ્ટીમરમાં તેઓએ પેસેજ લીધી હતી. પણ દાદીબાને તે આગમજ એક અગત્યનો "અરજંટ" તાર મળ્યો. એ તાર માઇસોરથી આવ્યો હતો અને તેમાં એક નાખુશ ખબર લખેલી હતી.

વાંચનાર પૂછશે કે તે શી ખબર હતી?

દાદીબાના બચપણમાં દાદીબાને એક પિતા પેરે પાળનાર અને બાદ-

શાહી લાડ લડાવનાર માઇસોરવાળા પેલા ખાનબહાદુર મનચેરશાહને તેઓ ભૂલ્યાં ન હશે. એ ભલા ગ્રહસ્થ, જેવણે કાચા કાનને વશ થઇ દાદીબાને પોતાના આશરામાંથી નિવારી મેલ્યો હતો, એટલુંજ નહિં; પણ તે પછી પોતાની ભૂલ જોઇને પાછળથી તેને પાછો પોતાના આશરામાં લેવા ચાહ્યો હતો, તે ગ્રહસ્થ માઇસોરખાતે તે સહવારે ગુજરવાની તેમાં નાખુશ ખબર હતી. દાદીબા આ તાર વાંચી કકળી પડયો. તેને પોતાના એકવારના આ માયાળુ મુરબ્બીના મરણ વિષે જાણીને ઘણું લાગ્યુ, કા કે ગમે એવો પોતા પર ગેર ઇનસાફ ગુજરતા છતા, તેવણ, એક તમામ ભોળા, ભલા તથા પરગજુ ગ્રહસ્થ હતા માઇસોરના રાજ્યમા તેવણ જે દરજ્જો, મોભો અને ઇઝત ભોગવતા હતા તે એવાં હતા કે તેમનુ નામજ શુ સરકારમા કે પ્રજામાં એક જાહેર જામીનગીરી જેવું લેખાતું હતુ. જે દિવસથી તેવણે દાદીબાને પોતાના આશરાથી કાઢી મુક્યો, તે દિવસ પછીથી દાદીબાએ તેવણની સીહડીપર કદી પગ મેલ્યો ન હતો. વાચનારને યાદ હશે કે પાછળથી દાદીબાને પોતે કરેલા હરડતા ગેરઇનસાફની માફી માગીને, તેવણે તેને પોતાના આશરામા લેવા માટે પોતાની છોકરીઓને હૈદરાબાદ મોકલી હતી, પણ દાદીબાએ તે માગણી સ્વિકારવાને માન સાથે ના પાડી હતી.

પણ આજે ! આજે તેવણની સીહડીએ ચઢવાની દાદીબાએ પોતાની એક ખરેખરી ફરજ જાણી. જે ભલા અમીરી ગ્રહસ્થે તેને દિકરા પેઠે પાળી પોશી મોટો કરેલો તે ગ્રહસ્થ તરફથી ગમે એવી ગેર ઇનસાફી ગુજરવા છતાં આજે તેવણને છેલ્લે દહાડે તેવણ તરફના પોત'ના મોટા માનને ખાતર તેવણની સીહડીએ ચઢવાની તેની ફરજ હતી, જે ફરજ બજાવવાને દાદીબા ચૂક્યો નહિ.

તાર વાચીને પોતાના એક મેહેરબાન મુરબ્બીને સદાના ખોહવાની ગમખારી વચ્ચે તેણે માઇસોર જવાનો વિચાર કીધો. ત્રેન ઉપડવાને માત્ર અરધા કલાકની વાર હતી. આટલો વખત દાદીબાને પૂરતો હતો. તેણે નવાબજાદા મહોબતખાનને આ નવી ગમીથી વાકેફ કરી, વિલાયતનાં પ્રવાસનો વિચાર તુરત વેળા માંડી વાળવાની અરજ કીધી, અને તેજ દિવસે માઇસોર ઉપડી ગયો.

પ્રકરણ ૫૭ મું.

હેશાનમંદ હૈડું.

માઇસોરમાં દાદીબાને ખાનબહાદુર મનચેરશાહની બેટીઓએ ઘણા હે-

તથી આવકાર આપ્યો. તેઓ જો કે એક માયાળુ મુરબ્બીને ખોહવાના શોકમાં હતાં. અને તે વખત કાંઇ ખુશાલીનો નહિં હતો, તે છતાં, દાદીબાને જોઇને તેઓ ખુશી થયા વિનાં રહ્યાં નહિં. આગળ જે જે બનાવો બની ગયા હતા તે ધ્યાનમાં લેતાં, મરનારને "છેલ્લુ માન" આપવા દાદીબા આવે એવી તે-મને વકી ન હતી, પણ જ્યારે તે વકીને પોતાની અજાયબી વચ્ચે તેઓએ ખોટી પડેલી જોઇ, ત્યારે આગલુ-પાછળું ભૂલી જઇને તે અશરાફ જવાને દે-ખાડેલી લાયકી તથા ભલાઇનાં વખાણ ગાવા વગર તેઓથી રહેવાયુ નહિં. દાદીબાને માઇસોરમાં આવેલો જાણી તેને પિછાનનારાં સઘળાંઓએ એક અ-વાજે મરનાર તરફ તે કેવો નિમકહલાલ નીવડયો છે તેની સ્તુતિ કીધી, જે સ્તુતિ સાભળીને તેના જવાન જીગરમાં કેવો હર્ષ થયો હશે, તે જણાવવાની કશી જરૂર નથી.

અસલથીજ એ માઇસોરવાળી બહેનોનું દાદીબા પર બહુ હેત હતુ. વાચનાર ભૂલી ગયાં નહિં હોય કે જ્યારે મરનાર ખાન બહાદુર મનચેરશાહે દાદીબાને પાછો ઇન્સાફ આપવા માગીને પોતાના આશરામાં લેવા માટે તેડી લાવવાને પોતાની બેટીઓને હૈદરાબાદ ખાતે મોકલી હતી, ત્યારે દાદીબા સાથે એ બહેનોએ કેટલી ઝહેમત ઉઠાવી હઠ અને હુજત પકડી હતી. તે વખ્તે દાદીબાએ પોતાને પોતાની ધર્મ-માતાએ કીધેલી ખાબી બશારતની રૂહે ત્યાં જવાની ચોખ્ખી નાં પાડી હતી. પણ આજે જ્યારે ખાનબહાદુર મરણ પામ્યા છે ત્યારે તેમની તરફના પોતાના મોટાં માનને માટે તે તેમને "ઓટલે આવ્યો' છે અને તે આવ્યો તેથી તેની બેહેનોને મોટી ધીરજ અને સતોષ મળ્યો છે.

લાંબા ટપ્પાને લીધે દાદીબા મરનારનુ "મોહડુ જોવા" કે "છેલ્લો સે-ઝદો કરવા" પામ્યો નહિ. તેની બહેનોએ આપેલી ખબર મુજબ ખાનબહા-દુર મનચેરશાહે એક મહિનાની સખ્ત માંદગી ભોગવી હતી અને છેલ્લું પખ-વાડિયુ ભયભિત પસાર થયુ હતું

"પોતાની હૈયાતીમાં બાવાજીએ તમોને ઘણી વખત યાદ કીધા હતા, દાદીબા." વડી બેહેન શીરીનબાઇ શોકાતુર ચેહેરેઃબોલી. જ્યારે છેલ્લાં પખવા-ડિયાંમાં એવણની માંદગી બહુજ વધી ગઇ ત્યારે એવણની ખાહેશ ઉપરથી અમે તમોને મુબઇ તથા બીજા જૂદાં જૂદાં ઠેકાણાઓ પર તાર પર તાર કીધા, પણ બધા તારો પાછા ફર્યા હતા."

"હું તો હૈદરાબાદમાં હતો અને હુબી મરતો મરતો બચ્યો છુ, બેહેન!" દાદીબા બોલ્યો. "મારા મુરબ્બીને એવણની છેલ્લી ઘડીએ મળવાનુ મારી સરજતમાં નહિં હશે તેથી તમારા તાર મને મળી શક્યા નહિ મને એવણના ગુજરવાનો તાર મળ્યો તે સિવાય હુ બીજા તારો વિષે કશુ જાણતો નથી, નહિ તો હુ એટલો મુર્ખ નથી કે મારા પિતા પેરે મારૂ પાલણ કર-

નાર મુરબ્બીની છેલ્લી જીવ સટોસટ ઘડીએ ના ફરમાંની બતાઉ. સરજતમાં જે લેખ લખેલા હોય તે કદી ટળતા નથી."

"તમે કેટલા નખાઈ ગયાછ, દાદીબા! તમારા ચેહરાનુ આગલું નુર કયા ગયુ? આગલી અને આગલી જવાની જાણે તમે ખોઈ બેઠાછ" બીજી બેહેન માણેકે દાદીબાની દયા ખાધી "બાવાજીએ પોતાના આશરામાથી તમોને દુર કરવામા મોટી મુર્ખાઈ કીધી હતી અને પાછળથી કાવશરાહ કાકાના કાળાં કર્તુક જ્યારે જણાયા ત્યારે ઘણુ પસ્તાયા હતા એ પસ્તાવો તેવણને છેલ્લી ઘડી સુધી પુગ્યો હતો. 'મારા દિકરાના દિલમાં મારે વિષે ડાઘ બેઠોછ, તે કોણ કાઢે? એ દિકરા સાથ મને પાછી સલાહ કોણ કરાવે?' એમ વારવાર બહેસ્તી કકળતા હતા. બાવાજીના કહેવાથી અમે તમોને સમજાવવા તથા તેડવા હૈદરાબાદ આવ્યા હતા અને તમે એકનાં બે નહિજ થયાથી અમે નિરાશ થઇને અહીં પાછાં ફર્યા હતા. તે બનાવ પછીથી બેહેસ્તીની દેહ લથડી પડી અને દર દહાડે ગળાતાજ ગયા. એકબી દહાડો એવો નહિ હોય કે જેમાં એવણે તમારી યાદ કીધી નહિ હોય. ઘડી ઘડી અમારી પાસે બાવાજી બોલતા હતા કે 'દિકરી, મને દિવસનું જેમ સુખ નથી તેમ રાતનુબી સુખ નથી સ્વપનામા હુ દરરોજ બીહી ઉઠુછ. તારી માય મને તીજે ને બીજે દાદીબા સાથ મે ચલાવેલી નાતરસ ચાલનો ઠપકો આપેછ' તેવણના આએ બોલ મારાથી ભૂલાતા નથી.'

પોતાના એક કદરદાન મુરબ્બીની પોના તરફની એવી દિલસોજ લાગણી જોઇ દાદીબાનુ હૈયુ ભરાઇ આવ્યું તે અસરકારક શબ્દોમાં બોલ્યો કે--

"એક બુડા ભાઇનાં કાળાં કર્તુક પર કાચા કાન રાખીને બેહેસ્તીએ મને નીવારી મુકયો હતો. પણ પાછળથી જ્યારે સઘળુ પાપ ખુલ્યુ, ત્યારે ઇનસાફ પણ તેવણેજ આપ્યો હતો. એવા એક અશો અને અશરાફ વાલીનાં હું જેટલા ગુણ ગાઉ એટલા થોડા છે. ઓ કુદરતના ગેબી સાહેબ! એ મારા ભલા મુરબ્બીનુ રૂહ જ્યા પડયુ હશે, ત્યાં અકેક રૂહે તેને હઝાર હઝાર બહેસ્ત હોજો!'

આટલુ બોલતા દાદીબાની આંખ્યોમા આજુ આવી ગયાં પોતાની બેહેનોને નાહક દુખી નહિ કરવાના ખ્યાલથી તેણે આજુ રૂમાલથી ઝટ લુંછી નાખ્યા અને બોલ્યોઃ—"પણ એ સઘળા હેસાનને માટે હું કોણને આભારી છુ? એકજ પાક અશો બાનુને તે બાનુ તે કોઇજ નહિ પણ તમારાં મરનાર માતાજી ધનમાય હતાં. મારી જણેતા માવતર કોણ હતી તે હું આજની ઘડી સુધી જાણતો નથી, પણ મારી ઉપર, મારી પોતાની માવતર કરતાં આલા પ્યાર દેખાડનાર તે બુઝર્ગ બાનુંની યાદ હું જ્યારે કરૂ છુ ત્યારે મારી આંખ્યો તરી નીકળે છે મારી ખરી માવતર વિષે તો હુ કેવળ અંધ-

રામાં છું. પણ તેણીની જગ્યા રાખનાર તે ભલી ધરમ-માતાનું સુખી છત્તર મારે માથે જ્યાં સુધી હતુ ત્યાં સુધી હું ખરો સુખી હતો. જો ધનમાય મરી નહિ જાય તો હુ આજે આએ હાલતે પહોંચુ નહિ. વ્હાલી બેહેનો, તમોએ યાદ રાખવું કે હુ હમણાં જે કાંઇ બોલુછું ને તમારાં ઘરનો સુખી છાંયડો છોડયા પછી મારી ઉપર નસીબ દેવીથી જે જે લીલી સુકી ગુજરી છે, તે વિષે બો-લુછુ—તમારા બાવાએ મને વારસ તરીકે ગણીને નિવારી મૂકયો, તેથી તેવણુની મોટી દોલતનો આઇતો લાભ જતો રહેવા સારૂં હું આજે આ અફસોસ કરૂંછું, એમ સમજવાનો ગેર ઇનસાફ તમે મને કદી કરશો નહિ. મરનાર શેઠ મન-ચેરશાહે મને પોતાનાં એક બચ્ચાં પેઠે પાળ્યો હતો અને તેવણુનો મારી ઉ-પર છેલ્લી ઘડી સૂધી ચાહ હતો. તેટલાંનેજ માટે હુ કકળું છુ. હુ દોલત ગઇ તેને રડતો નથી, પણ મારે માથેનુ દુનિયામાં બાકી રહેલુ એક પુરૂ છત્તર ગયુ તેને રડુછુ. હુ દુરથીબી એ મારા માયાળુ મુરબ્બીને મારે માથે સદા સલામત જોવાની મનસ્નીથી દુવા ચાહતો હતો, પણ 'માણસનું ધારેલુ કઇ થતુ નથી.' હોરમઝદની મરજી મારી જીંદગીમાં હજી નવા નવા સદ્માઓ ઉમેરવાની હશે, તેથી આ નવી ગમી પેદા થઇ છે."

"હવે અમોને બીજા કોઇનો આશરો રહ્યા નથી, દાદીબા" વડી બેહેન શીરીન બોલી. "હવે તો અમે તમોનેજ અમારા મુરબ્બીની જગ્યાએ ગણીશું. બાવાજી ગુજરવાની ત્રણ દિવસ આગમચ ગુમ થઈ પડયા હતા અને વચ્ચે એકજ વખતે જરા શુદ્ધિમાં આવ્યા હતા. તે વખતે તેવણ બોલતા સભળાયા હતા કે 'દિકરીઓ હુ તો હવે જાઉછું. મારી પાછળ તમે તમારા ભાઈ દાદી-બાના આશરામાં મુલેહથી ને સંપથી રહેજો. મને વિશ્વાસ છે કે તમોને તે નિરાધાર નાખશે નહિ.' બાવાજીના આએ સખુનો આપણા વકીલે તેજ વ-ખતે લખી લીધા હતા. મરણુની એક અઠવાડીયુ આગમચ જ્યારે માંદગીએ ભયભિત રૂપ પકડયુ, ત્યારે બાવાજીએ પોતાનું છેલ્લુ 'વીલ' કીધુ હતું, જે વખ્તે અમો સર્વે બેહેનોને ઓરડાની બહાર મોકલી હતી અને તે હકીકત તદન છૂપી રાખવામાં આવી હતી."

"એ તમારી એક ખાનગી બીના છે અને તે જાણુવાનો મને કશો હક નથી, બેહેન" દાદીબાએ લાયકી બતાવી. "મહેરબાની કરી કાંઇ બીજી વાત કરો."

"તમે એમ કાંય બોલોછ, દાદીબા?" બધી બેહેનો સાથે બોલી ઉઠી. "તમે પારકા છેવોજ નહિં—અમે તમોને જૂદા ગણતાંજ નથી."

"તમારી લાયકી બોલોછ, પણ એકવાર તમારી સીહડી ઉતર્યા પછીથી તમારા ખાનગી સંસારમાં વચ્ચે પડવાનો મને કશો હક નથી. દરેક ચીજ તેની હદમાં જોઇએ."

"તમારે વાસ્તે તે હદ તમામ મોકળી છે, દાદીબા, મારા વ્હાલા ભાઇ, તમે ફરીથી એમ બોલશો તો અમો સર્વે બહેનોનું દિલ ખચિત દુઃખાશે."

આ વાત ચાલે છે તેટલા એક નોકરે આવી વડી બહેન શીરીનના હાથમા એક ચીઠ્ઠી મૂકી.

"એ કોણ લાવ્યુ ?"

"મેહેરવાનજી વકીલનો સિપાઇ."

શીરીને તે ચીઠ્ઠી ઉઘાડી મોટે સાદે નીચે મુજબ વાચી—

માઇસોર, તા. ૧૨ મી ડીસેમ્બર ૧૮—

બાઇજી સાહેબ શીરીનબાઇ,

જત, તમારા મરહૂમ પિતા ખાનબહાદુર મનચેરશાહનું છેલ્લુ 'વીલ,' જે મરનારના ગુજરવાની આઠ દિવસ આગમચ કરવામા આવ્યુ હતુ અને મરનારની ખાસ ખાહેશ મુજબ જેની વિગત છુપી રાખવામાં આવી હતી, તે, મરનારે ફરમાવ્યા મુજબ તેવણના દસમાંની બહારવણે કુટુંબ–મડળના સર્વે ખેશીઓની હાજરીમાં વાંચવાનુ છે, વાસ્તે, મજકુર દિવસે સહવારે ૧૦ ને અમલે તમારાં કુશાદે મકાનમાં લાગતા વળગતા સર્વે જણાં હાજર થાય એવી ગોઠવણ કરવાની અમો તમોને નમનતાઇપુર્વક અરજ કરીએ છીએ. સાંભળીને ખુશી છીએ કે તમારા મરહુમ પિતાજીએ મરતી ઘડીએ જે જવાન ગૃહસ્થને મળવાની મોટી ખાહેશ દેખાડી હતી, પણ કમનસીબે જે ખાહેશ પાર પાડી શકી ન હતી, તે ગ્રહસ્થ એવણના મરણ બાદ, હમણાં તમારે ત્યા આવી પુગ્યા છે. અમોને મળેલી આ ખબર જો ખરી હોય તો મરનારના ધારાના હિમાયતીઓ તરીકે તમો બેહેનજી સાહેબને સલાહ આપવાની અમો અમારી ફરજ સમજીએ છીએ કે વીલ સત્તાવાર વચાય ત્યાં સુધી એ ગ્રહસ્થને અત્રેજ રહેવા ફરમાશ કરશો. વીલ કિયા પ્રકારનું છે, તે જો કે મારાથી અંજાણુ નથી, પણ વીલ વાચવાનો દિવસ મરનારે પોતે મકરર કરેલો હોવાથી અમોથી હાલ કોઇબી રીતનો વધુ ખુલાસો થઇ શકે એમ નથી. મેહેરબાની કરી આ ચીઠ્ઠીનો જવાબ વાળશો.

એકઝીક્યુટરોના હુકમથી,

મેહેરવાનજી અને કેવળરામ.

(ખાન બહાદુર મંચેરશાહનાં વકીલો.)

પ્રકરણ ૫૮ મું.

—x—x—

"તમારે ત્યાંનાં ખાધેલાં નિમકનો સ્વાદ હજી મારી દાઢમાં છે."

શીરીને વાંચી તે કાગળ દાદીબાના હાથમાં મેલ્યો. દાદીબા તે ફરીથી

વાંચી ગયો. ખાનબહાદુરના મરણથી તેવણુની બેટીઓ ડઘાઈ રહી હતી, પણ દાદીબાને આવેલો જોઇ તેઓને ઘણી હિંમ્મત આવી.

"એ કેમ બનશે?" દાદીબા કાગળ વાંચી બોલ્યો. "આવતી ૧૮ મીએ તો હુ યુરોપ જનાર છું."

"દાદીબા, તમે અમોને એમ રંજીસ શું કરોછ. ભાઈ? આવાં મોટાં દુઃખમાંથી તમોને જોઇને અમે કેટલાં ખુશી થયાંછ, તથા અમો સર્વે બેહેનોને કેટલી હિમ્મત આવીછ તે ખુદા જાણેછ." વડી બેહેને વાંધો લીધો. "વાસ્તે અમે તો તમોને હવે જવા દેવાનાં નથી."

દાદીબા વિચારમાં પડયો–તેનાથી કશો ઉત્તર અપાયો નહિં.

"વીલમાં બાવાજી તમોને ઇનિસાફ મળે એવો કાંઇબી ખુલાસો કરી ગયા હશે, ત્યા વગર મેહેરવાનજી વકીલ તમોને વીલ વંચાય ત્યા સૂધી અત્રે રાખવાની સલ્લાહ આપે નહિ. અમે તો હવે તમામ તમારે આશરે પડયાંછ, ભાઈ, માટે કોઇને ખાતર નહિ, તો અમારાં જે ભલાં ભાવતરનાં તમે આટલા બધા ગુણ ગાઓ છો, તેઓને ખાતર અમોને અમારાં એવાં દુઃખમાં તમામ નિરાધાર છોડી જશો નહિં. અમારી ઉમેદ અને હિમ્મતનો સઘળો આધાર હવે તમારી ઉપર છે."

દાદીબા અહીં લાચાર થયો—શીરીને અસરકારક શબ્દોથી તેને એવો ગુચવી લીધો કે તેનાથી એક હરફ વટીક બોલાયો નહિ. ખસૂસ કરીને શીરીને જ્યારે પોતાની અશરાક મરનાર ભલી માતાની યાદ આપી તેવણુનાં મોહડાંને ખાતર માગી લીધુ, ત્યારે તે કાકવાળા જવાનને લાગણી ઉત્પન્ન થયા વગર રહી નહિ. તેણે વિચાર્યું કે "ખાનબહાદુર ગયાથી એ છોકરીઓ તમામ એકલી પડી ગઈ છે. એવા વખતમાં હું એઓને છોડી યુરોપ ચાલી જાઉ એ મને શોભા આપનારૂં નથી." વળી એવા દુઃખને પ્રસગે તરછોડીને ચાલી જાય એવો દાદીબા ઘાતકી ન હતો. તે અશરાફ જવાને શીરીન તથા બીજી બેહેનોને ખાત્રી આપી કે "તમોને ચિંતા કરવાનું કે આટલી કાકલુદ કરવાનુ કશુ કારણ નથી. બેહેન, હું મારી ફરજ પુરતી સમજુ છુ જ્યારે તમારી એવીજ મરજી છે ત્યારે હું મારી યુરોપની મુસાફરી માંડી વાળુ છુ, અને આજે મારા મિત્ર પર તાર કરી તેને મારી મુશ્કેલીથી રોશન કરૂં છું. તમારે ત્યાં, તમારાં મરહુમ મુરબ્બીજીઓનાં છાંયા હેઠળ મારૂ તમામ બચપણુ સુખ અને ચેનમાં ગુજરેલુ છે, જે હેશાન, વ્હાલી બેહનો, હું ભૂલ્યો નથી, આજે નહિં તો શું થયુ, પણ તમારે ત્યાંનાં ખાધેલાં નિમકનો સ્વાદ હજી મારી દાઢમાં છે."

દાદીબાના આ હેશાનમંદ સખુનો સાંભળી શીરીન, માણેક, જાઈ, જર, તેહમી, આલાં, ધન, હીરા, ગુલ, પીરોજા અને પુતલાં ખુશખુશ થઈ ગયાં. તે ૧૧ બેહેનોએ એક પછી એક દાદીબાના "ઓવરણા" લઈ તેની આ વફા-

દાર દિલસોજી માટે જીગરથી હેશાન સ્વિકાર્યું. તે પછી શીરીને દાદીબાની રજા લઈ મેહેરવાનજી વકીલને તેવણની ચંઠ્ઠીનો જવાબ લખ્યો અને મરનારનાં દસમાંની બહારવણે તેવણનુ વીલ વાંચવાની તેઓની ખાહેશ ખુશીથી અમલમાં મૂકવા જણાવ્યુ. શીરીને વકીલની ચીઠ્ઠીમાં નીચે ઉમેર્યું કે તમે આપેલી સલાહ મુજબ ભાઈ દાદીબાને અમે ઓંહેંસ કરીને અત્રે રાખ્યા છે. એઓ યુરોપ જનાર હતા અને તા. ૧૮ મીએ ઉપડનારી મેલ સ્ટીમરની 'પેસેજ' પણ કઢાવી હતી, પણ અમારી કાકલુદીએ એ ભલા ભાઈ પર અસર કીધી છે, વાસ્તે એવણ અત્રેજ છે તે જાણજોજી."

દાદીબા માહમોર ગયો ખરો, મરનાર ખાનબહાદુરની ભલી બેટીઓ જોડે ફરી એકવાર ભેળાયો ખરો, પણ તેના દિલમાં બેઠેલો પરીન-બેવફા બેવચની પરીન-નો ગમ તે ભૂલ્યો નહિ. માહમોરમાં પણ તે બેચેન અને બેકરાર રહેવા લાગ્યો. આ બેચેની અને બેકરારી શી છે તે જાણવાને તેની બેહેનોએ દાદીબાને વારંવાર પૂછ્યું, પણ તેણે આ દુઃખ ભરેલો ભેદ પેહલા તો તેઓ આગળ બોલ્યો નહિં; પણ હીરા, જે તેની ઘણી માનીતી બેહેન હતી, તેણીએ બજીદ થવાથી દાદીબાએ સઘળી બેહેનોને ભેગી કરી તેમની આગળ પરીનને લગતી તમામ કહાંણીનુ બયાન કીધુ. આ બયાન કરતાં દાદીબા એક બચ્ચાં મિસાલ ડુસકે ડુસકે રડયો, અને કહ્યું કે "હુ હવે સદાનો એક દુઃખી માણસ છુ. સુખ હવે મારી સરજતમાં છેજ નહિં. સૃષ્ટિમાં શાન્તી મને મળવાનીજ નથી અને હુ મારી જીદગી તમામ કંગાળિયતમા પુરી કરીશ. સ્ત્રીજાતને માટે મને એટલો ધિક્કાર બેશી ગયો છે કે તેમ કરવામાં હું તે પાક ખાલેકની નજરમાં ગુન્હેગારબી ગણાતો હોઇશ, પણ મારા અંતઃકરણમાં પ્રજળી રહેલો અગાર અહોનીશ એવો તીવ્ર છે કે એ સિવાય હું બીજો કયો રસ્તો લઇ શકુ તેની મને સમજ પડતી નથી." દાદીબાની આ કમનસીબ કહાંણી પર તેની ભલી બેહેનો રડયા વગર રહી નહિં. "એવા એક ફરેસ્તાઇ ખસલતનાં અને અમીરી ખવાસનાં ખુબસુરત જવાનને તરછોડી પૈસા પર પરણી જનારી પરીન કોઇ ખરાજ હલકા ખવાસની હશે અને તેણીને જીતનાર જેહાંગીર ખરેજ કોઇ આપમતલબિયો જવાન હશે" એમ તેઓથી બોલ્યા વગર રહેવાયું નહિ.

ખાનબહાદુરનાં દસમાની બહારવણે મી. મેહેરવાનજી વકીલ મરનારનાં બે મિત્રો ખાનસાહેબ કાવસજી તથા મુનસી હિદાયતઅલી, જેઓને મરહુમ મચેરશાહે એકઝીક્યુટરો નેમ્યા હતા, તેઓને લઇ વખતસર આવી પહોંચ્યા. શીરીને મી. મેહેરવાનજી વકીલની ફરમાસ મુજબ પોતાનાં બેશીઓને આગમચથી ખબર આપેલી હોવાથી સર્વે કોઇ ત્યાં હાજર હતાં. આગળાં દિવાનખાનાંમાં સઘળાંએ જગ્યા લીધા પછી મી. મેહેરવાનજી વકીલે એકઝીક્યુટરોનાં

હુકમથી, ટેબલ પર મૂકેલી એક ન્હાની મજબૂત ટૂંક ઉઘાડી તેમાંથી મરનારનું વશિયત નામુ બહાર કાઢયુ અને સર્વે સાંભળે તેમ ઉભા થઇ બોલ્યા —

આજે આપણે એક એવી ગભીર ફરજ બજાવવાને ભેગા થયા છીએ કે જે ફરજ દુનિયાદારીમાં એક અગત્યની ફરજ તરીકે સૌને માથે લટકેલી છે. મરનાર ખાનબહાદુર મચેરશાહ, જેવણના ખાનદાંન, ખુબી અને ઉત્તમ ગુણો વિષે અત્રેનાં તથા મુબઇનાં પત્રોમાં પુરતુ બોલાઇ ચુકયું છે, તેવણ એક એવા ભલા અને ભોળા ગ્રહસ્થ હતા કે જેવા પૃથ્વીની પીઠપર ગણત્રીનાજ જન્મે છે મરનાર શેઠે પોતાનુ વશિયત—વાજબી બોલુ તો સૌથી ' છેલ્લું વશિયત '—પોતાની જીદગીની આખર થતી સાંજે—માત્ર એકજ અઠવાડિયાં માટે તેઓ આપણી વચ્ચે પહરોણાં હતા ત્યારે—કાયદાસર રીતે કીધુ હતું અને તેમાં એવી ખાહેશ જણાવા હતી કે દસમાની બહારવણ સર્વ સમક્ષ ઉખેડવું તે મુજબ આજે આપણે અત્રે ભેગાં મળ્યાં છીએ અને સઘળાંનાં એક વિચારથી તથા એકઝીકયુટર સાહેબોના હુકમથી હું તમોને તે અહી વાંચી સભળાઉંછું."

એમ બોલી મી. મેહેરવાનજી વકીલે મરનારનુ વીલ જે એક મોટાં બ્લુ પરબીડામા બાડીને સીલ કરેલુ હતુ તે હાથમાં લેઇ સીલ બરાબર છે કે નહિ તે તપાસી ખાત્રી કરીને એકઝીકયુટરો તરફ જોયું, જેઓએ ડોકિયુ કરી વાંચવાની રજા આપવાથી, વકીલ સાહેબે ઉપર બાંધેલી ગુલાબી ફીટ કાતરથી કાપીને પરબીડુ ઉખેડયુ અને નીચે મુજબ વાચવાનુ શુરૂ કીધુ.

પ્રકરણ ૫૬ મું.

ખાનબહાદુરનું વશિયત.

શ્રી પાકદાદાર અહુરમજદની મદદ હોજો.

" હું નીચે સહી કરનાર મનચેરશાહ માણેકશાહ માઇસોરવાળા આએ મારૂં છેલ્લું વશિયતનામુ મારી રાજી ખુશીથી તથા અક્કલ—હુશિયારીથી કરૂં છું, તે મારા વારસ—વકીલોએ કબૂલ—મંજૂર રાખવું સહી.

" ૧—હમારા બાવા મરહુમ માણેકશાહ માઇસોરવાળા ઇ. સ. ૧૮૩૬ માં બેહેસ્ત નશીન થયા ત્યારે પોતા પાછળ ત્રણ લાખ રૂપીયાની રોકડ પુંજી તથા કેટલુંક 'એસ્ટેટ' મૂકી ગયા હતા, જે તેવણની વરસી વિત્યા બાદ હમારા ન્હાના ભાઈ કાવશશાહ સાથે સરખે હિસ્સે હમોએ વેહેંચી લીધું હતું, જેથી મારી દોલત પર મારી પાછળ મારા ભાઇ કાવશશાહનો કે કોઈ પણ ખેશીનો કશો હક નથી.

" ૨—આએ વશિયત જે હું કરૂં છું તે મારી પોતાની એકલાની જા-

ત—મેહેનતથી મેળવેલી તથા મને મારા બાપીકા હિસ્સાથી મળેલી દોલતનું કરૂં છું, માઇસોરમાં તથા માઇસોરની બાહાર મારી જે જે જંગમ તથા સ્થાવર મિલ્કતો છે તે તથા મારી તમામ પુંજી હું એક એવા વારસને આપી જાઉ છુ કે જે વારસ વીલ કરતી વેળા મારી નજર આગળ નથી, એટલુંજ નહિ. પણ મારા આસરામાં પણ નથી. એક નવજવાન જવાન, કે જે તેના બચપણથી તે ૨૫ વર્ષની વયનો થયો ત્યાં સુધી મારા અને મારી મરનાર મોહોરદાર ધનબાઇના આસરામાં હતો તે જવાન—નામે દાદીબા, જેનાં બાપની હસ્તીથી હુ તમામ અંજાણ્યો છુ—ને હું મારા આ છેલ્લાં વશિયતમાં મારો વારસ ઠેડવી જાઉં છુ. મારી તમામ દોલત તથા મીલકતનો તે એકલો વારસ (નીચલી કલમો લાગુ રહીને) છે, જે ઉપર મારા ઉપર કહેલા ભાઇનો કે કોઇનો કશો દર દાવો ચાલે નહિ, અને તેવો દાવો કોઇ કરે તો તે તમામ રદ બાતેલ છે. એ દાદીબા દિકરાને મારી જીંદગીમા થયલી મારી એક કમનશીબ ભૂલને લીધે મારી તરફથી જે મોટો ગેરઇનસાફ થયો છે, તે ગેરઇનસાફની વશિયત જેવા આ કીમતી દસ્તાવેજમા ખાસ નોધ કરવાની જરૂર જોઉછુ, કારણકે તે ગેરઇનસાફને લીધેજ એ નમુનેદાર અશરાફ બેટાને મેં મારા આશરામાંથી તમામ નિવારી મૂકી દુનિયાની દયા પર છોડયો હતો. આ મારૂ છેલ્લુ વશિયત કરતી વેળા મને મારા તે ઉતાવળા પગલા માટે મોટો પશ્ચાતાપ થાય છે. જેથી હુ મારી મીલકતના વહીવટ કરનારાઓ તરીકે આએ વીલની હવે પછીની એક કલમમાં જેઓને નેમુંછુ, તેઓ પર ફરજ નાખુંછુ કે તેઓએ મારા આ પસદ કીધેલો વારસ, જે વીલ કરતી વેળા મારી નજર આગલ કે મારા આસરામાં નથી, એજ નહિ, પણ તે હાલ કયાં છે તેની મને ખબર નથી, તેને કોઇ પણ સૂરતે શોધી કાઢી મારી વશિયત વફાદારીથી બજા લાવવી.

૩—ઉપર ટાંકેલી બીજી કલમમાં મારી મીલકતના વહીવટ કરનારાઓ તરીકે જેમની નેમણુંક કરવાની મે ખાહેશ દેખાડી છે, તે ખાહેશની પસંદગી મારા બે માનીતા મિત્રો ખાનસાહેબ કાવસજી તથા મુનસી હિદાયતઅલી પર ઉતરી છે. એ બન્ને સાહેબોની સમક્ષ આ વીલ મે કીધું છે, અને જ્યાં સૂધી મારો ઉપર કહેલો વારસ દાદીબા મલી આવે નહિ, ત્યાં સૂધી, એ બન્ને મેહેરબાન રફીકોએ બન્નેની સંમતિ તથા મુખત્યારીથી મારી મીલકતો તથા પુંજીનો વહીવટ ચલાવવો અને જરૂરિયાત ખર્ચ સિવાય, સઘળી માલ—મીલકત બ્યાજે વધવા દેવી.

૪—મારી મરનાર મોહોરદાર ધનબાઇને પેટે મને ૧૧ ફરજંદો થયલાં છે, જે સર્વે દિકરીઓ છે. એમાં નર—વારસ કોઇ નથી, જેથી મારી પાછળ મારાં વંશની આબાદી રહેવા સારૂ "દાદીબા" નામના કલમ બીજીમાં જણા-

વેલા તથા અમારે ત્યાં બચપણમાં પરવરશ કરેલા જવાનને મારો ભવિષનો વારસ ઠરાવી જાઉછું, અને મારી સર્વ દિકરીઓને ફરમાઉછું કે મારા પસંદ કીધેલા આ કૂળ—વારસની શિખામણ, સલાહ તથા મરજીને હંમેશાં માન આપવુ તથા તેના હુકમની બહાર કદી જવુ નહિ.

૫—મારાં મરણબાદ, મારા એકઝીક્યુટરોએ દસમાંની બહારવણે આ વીલ સર્વે ખેશીઓ સમક્ષ ઉખેડવું, એવી મેં તેમને મોહડેની વસિયત કરેલી છે, તે મુજબ જ્યારે આ વશિયત ઉખેડવાનો વખત આવે, ત્યારે, મારો ઉપર જણાવેલો વારસ દાદીબા કાંઈ અચાનક સજોગથી જો આવી લાગે તો વીલનુ વાંચન થાય તેમાં તેને જરૂર મારા વકીલોએ સાંમેલ કરવો. અગર જો તેમ નહિ બને તો, મારી મીલકતમાથી જે ખરચ થાય તે કરીને તેની શોધ સારૂ ગામે ગામ માણસો, તારો તથા કાગળો મોકલી તેમજ હિંદુસ્થાનના ચોતરફનાં વર્તમાન પત્રોમા જાહેર ખબરો છપાવી કોઇબી રીતે તેનો પત્તો મેળવી આ દોલત અને વશિયતનામુ તેને સપૂરદ કરવાં.

૬—મારી તમામ મીલકત તથા દોલતની વીગતવાર યાદી આ વશિયત સાથે જોડેલી છે અને તેની નીચે મેં મારી સહી કીધેલી છે. એ યાદી મુજબ મારી મીલકતની આંકણી રૂ. ૨૩,૦૦,૦૦૦ (તેવીસ લાખ) તથા રોકડ પુજીની રકમ રૂ. ૨૭,૦૦,૦૦૦ (સત્તાવીસ લાખ) મળી એકદર ૫૦,૦૦,૦૦૦ (પચાસ લાખ) રૂપીઆનો એકલો વારસ (હવે પછીની આ વીલની નીચલી સરતોને શરણ રહીને) મારો પસદ કીધેલો મજકુર દાદીબા છે.

• ૭—મારી મરનાર મોહોરદાર ધનબાઇને પેટે મને ૧૧ ફરજદો થયલાં છે, જે વિષે હું ચોથી કલમમા બોલી ચૂકો છુ, એ અગિયારે દિકરીઓને દરેકને અકેક લાખ રૂપીયા હુ આપી જાઉછુ, જે મારી મીલકતમાંથો મારા વારસે તેઓને બીન તકરાર આપવા. એટલુજ નહિં પણ જેમ મારી એ ડાહી દિકરીઓનુ હુ પોષણ કરતો હતો, તેમ સમાધિકમાં રહીને મારી મિલકતમાંથી પોષણ કરવુ અને જયારે તેઓ પરણી જાય ત્યારે દરેકને માટે વીસ વીસ હજાર રૂપીયા કાઢી તેમાંથી ખરચ કરવો. લગ્નનો ખરચ મારા વારસે મારી દિકરીઓને માથે પડવા દેવો નહિં.

૮—ઉપર જણાવેલી પાંચમી કલમમાં દર્શાવ્યા મુજબ મારો પસદ કીધેલો વારસ દાદીબા મારી પાછળ માગ એકઝીક્યુટરોની જાણમાં આવ્યા છતા, એવું બને કે મારી દોલત તથા મિલ્કતનો કબજો લેવાને મારી ખાહેસ સ્વિકારે નહિ તો તેવે પ્રસગે તેઓએ કેવી રીતે કામ લેવુ તેનો ખુલાસો આ વીલમાં કરવાની હું જરૂર જોઉં છું; કારણકે એક કપટી ભાઇની નીચ કપટ—રચનાનો ભોગ બનાવી મેં તેને મારા આસરામાંથી વગર વિચારે કાઢી મૂક્યા પછી, પાછળથી જ્યારે મેં તેનું તમામ નિર્દોષપણું જાણ્યું તથા નજરે જોયું, ત્યારે મારા આસરામાં

પાછો લેવાની મેં કરેલી કોશેષ નિષ્ફળ ગઇ હતી અને તે અશરાફ જવાને ગમે એવી ગરીબી વેઠવાનું પસંદ કરી મારા સુખી મેહેલનો સીતલ છાંયો ફ-રીથી ભોગવવાને માન સહિત ના પાડયુ હતું. આ બીનાથી મારી દિકરીઓ પૂરતી વાકેફ છે, જેથી અત્રે લંબાણ કરવાની હું જરૂર જોતો નથી. જો ઉપલી સરત મુજબ મારો વારસ મારી દોલત તથા મીલકતનો કબજો સ્વિકારવાને નાં પાડે તો લાચારીથી તેનો રસ્તો નીચે મુજબ કરવો:—મારી ૧૧ દિકરીઓને દરેકને એકેક લાખ આપ્યો છે તેને બદલે દરેકને ત્રણ ત્રણ લાખ આપીને ૩૩ લાખ રૂપીઆ તેમની વચ્ચે વેહેચી નાખવા. અને (નીચે મારાં બેશીઓ માટે એક ખાસ કલમ–(કલમ ૧૨ મી–નાખી છે, તે તથા એક બીજી કલમ સાથે બાદ કરીને) બાકીની સઘળી દોલત પારસી નાવારેસ બાળકો માટે એક ઑરફનેજ સ્થાપવાના ધર્મમાં આપી દેવી.

૯—મારી મરનાર મોહોરદાર ધનબાઇનું જે કાંઇ જર ઝવેર, ઘર દા-ગીનો તથા કપડાં–ચપડાં હોય તે સઘળું મારા વારસે પોતાની સઘળી બેહેનોને એક સરખા હિસ્સાથી વેહેચી આપવું. એ ઉપર દાદીબાનો કે કોઇનો કશો હક ચાલે નહિ, કારણ કે મારી મરનાર ધણીઆણીએ મારી ઉપર તે વિષે મરતી વેળા ફરજ નાંખેલી છે.

૧૦—માઝસેર ખાતેનુ મોટુ મકાન "હીરા લૉડજ," જે મારાં મર-નાર માવતરનાં વાહલાં નામની યાદગારી ધરાવે છે, અને જેમાં હાલ હું કુટુંબ સહિત વશુંછું, તે મકાન પર જ્યાં સુધી મારી દિકરીઓ કુવારી હોય ત્યાં સુધી મારા વારસ જોડે તેઓનો પણ એકસરખો હક સમજવો, અને તેઓ જેમ જેમ પરણી જાય તેમ તેમ એકેક જણનો હક તે દિવસથી છુટો થયલો સમજીને, છેલ્લાં એ મકાનનો એકલો વારસ દાદીબાને જાણવો.

૧૧–જો મારાં કમનસીબે મારા એકઝીક્યુટરોને આ વશિયતની બજા-વણી અમલમાં લાવતાં ૮ મી કલમમાં દર્શાવેલી મુસ્કેલી નડે (યાને બીજા બો. લોમાં મારી દોલત તથા મીલકત સ્વિકારવાને દાદીબા ના પાડે) તો ઑરફ-નેજ સ્થાપવાનુ ધર્મખાતુ કાઢવામાં મારો "હીરા લૉડજ" આપી દેવો નહિં. એ બાપીકું મકાન મારી દિકરીઓને મારી તરફથી બક્ષેષ કરવું, જે તેઓ પ-રણી ગયા પછી પણ કુટુંબની ભેગી મીલકત તરીકે કાયમ રાખવું. એ મકાન વેચવાનો તેણીઓને યા ખુદ વારસને પણ હું હક આપતો નથી, એ મીલકત કુટુંબની સમાયિક—મીલકત છે અને તે ઉપર જેટલો મારા વારસનો તેટલોજ મારી દિકદીઓનો હક છે. પણ યાદ રાખવું કે જો દાદીબા મારો વારસો સ્વિકારે તો દિકરીઓનો હક તેણીઓ પરણી જાય ત્યાં સુધીજ "હીરા લૉડજ" પર સમજવો. તે પછીનો માલેક મારો પસંદ કીધેલો વારસ છે.

૧૨—આએ વીલ સાથે મારી મીલકત તથા દોલતની યાદી જોડેલી

છે, તેની જોડે એક બીજી યાદી મારાં ૨૩ બેશીઓને લગતી મારી સહીસાથની છે, જે સઘળાં બેશીઓને મારા વારસે પોત ને મળેલી દોલતમાંથી (દરેક જણને) પાંચ પાંચ હજાર રૂપિયા મારી તરફથી બક્ષેસ આપવા, એજ નહિં; પણ તેમને પોતાના મિસાલ ગણીને "હીરા લોડજ"માં સાથે રાખી તેમનુ ગુરાણ કરવું.

૧૩—મારી પાછળ એક વર્ષ સૂધી શું શુ ખરચવુ તે વિષે એક વિગતવાર નોંધ ખુદ મારા હાથ–દસ્કતે લખેલી તીજોરીમાં મૂકેલી છે, જે જોતા જઈ તે મુજબ સવાબ કામનો ખર્ચ કરવો. દેખાદેખીથી યા મોટાઇ દેખાડવાને માટે મારા હુકમથી બહાર જઇને એક પૈનો પણ વધુ ખર્ચ કરવો નહિ. એ સઘળો ખર્ચ મારા વારસે આપવો.

૧૪—મેં ઉપર દર્શાવ્યા મુજબ મારો વારસ પોતાની રાજી ખુશીથી મારી મીલકત તથા દોલતનો સ્વિકાર કરે તો એકઝીક્યુટરોએ એક સિવાય પોતાની તમામ સત્તા ખતમ થયલી સમજવી.

૧૫—ચઉદમી કલમમાં દર્શાવેલી એકઝીક્યુટરોની એકલી સત્તા એ છે કે જો મારો વારસ મારી પાછળ મારા ફરમાવ્યા મુજબ મારાં વશિયતની સરતોને શરણુ ન રહે અને પોતાની બેહેનોને કે બેશીઓને મે ફરમાવેલા ફાળા નહિ આપે તો તે વખ્તે હકદારોનાં હક અપાવવા માટે એકઝીક્યુટરોએ પોતાની સત્તાનો પ્રસગ તપાસીને ઉપયોગ કરવો. એ સિવાય મારા વારસની બીજી સત્તાઓની વચ્ચે તેઓએ કદી પડવું નહિં અને એકદમ તેને કુલ અખત્યાર સ્વાધિન કરવો.

૧૬—જે જે બેશીઓને આ વશિયતની રૂહે મારી તરફથી ફાળા મળ્યા છે, તે દરેકે દાદીબાનો દરજ્જો સાચવી કુટુંબના વડા તરીકે તેને માન આપવું, અને એમ વરતવામા જેઓ તરફથી કસૂર થતી જણાય તેઓને પોતાના આસરામાંથી મુક્ત કરવાની હું મારા વારસને પૂર સત્તા આપુછુ. પણ તેમ કરતાં, મારા વારસનેબી મારી સલાહ છે કે મારાં કુટુંબીઓ તરફ જે મીઠી નજરથી હુ હંમેશ જોતો આવ્યોછુ, તેવીજ નજરથી તેણે પણ તેઓ તરફ જોવુ અને સર્વ કોઇએ સુલેહ—સંપથી રેહેવુ.

૧૭—મારો ભાઇ કાવશશાહ, કે જેને મારા એક આગલાં વશિયતમાં મેં મારો વારસ ઠેરવ્યો હતો, તેને આએ વીલથી હું રદ કરછુ, કારણ કે હાલના મારા પસંદ કીધેલા છેલ્લા વારસ પર એક ભયંકર તરકટ જોડી કાઢી એ ભૂડા ભાઇએ મને જબરો ભમાવ્યો હતો. તે તરકટ પર કાચા કાનને વશ થઇને મે દાદીબાને મારા આસરામાંથી મુક્ત કરી તેના નામનુ વીલ કીધુ હતુ, તે વીલ આ છેલ્લાં વીલથી હુ રદ કરૂંછું અને જાહેર કરૂંછું કે આએ વીલની આગમચ જે વીલો મેં કીધાં હોય તે સઘળાં રદ બાતલ છે.

૧૮—મારા મજકુર ભાઇ કાવશશાહને મારા ૨૩ ખેશીઓની ટીપમાં મે દાખલ કીધો નથી, કારણ કે તેને.મારા ખેશી તરીકે હુ હવે ગણુતો નથી. મારા પાછળ, પોતાનો સગાઇની રૂહે, મારા વારસ પર એક ખેશી તરીકેના હકનો જો તે દાવા કરે, અથવા "હીરા લાડજ" મા વસવાનો તથા ગુજરાણનો હક માગે તો તે હક મારા વારસે કદી સ્વિકારવો નહિ. એ કાવત્રાંખોર ભૂડા ભાઇને મારી દયા કે દોલત પર કશો હક રહેલો નથી.

૧૯—આ કલમમાં મારા વારસને હુ એક શિખામણ તરીકે લખુ છું કે પોતાના શત્રુઓની ટીપમા પેહેલુ નામ તેના આ કાવશશાહ કાકાનું જાણીને તેણે તેનાથી હમેશા ચોકેલા અને ચેતેલા રેહેવુ. એ કાવશશાહ ભાઇએ મારી જીદગીની તમામ ઉમેદો તોડી નાખેલી છે, અને મારા સુખનુ સદાનુ સત્યાનાશ વાળેલુ છે, માટે, હવે પછી કદાચ મતલબને માટે લટી જઇને તે ગમે એવુ સાધુપણું બતાવ, તોપણ તેને "હીરા લાડજ" પર, "હીરા લાડજ" ના માલેક પર, કે "હીરા લાડજ"ના માલેકની મીલકત પર કશો હક નથી એ ખુબ ખાત્રીપૂર્વક ધ્યાનમા રાખવુ.

૨૦—મારા વારસ દાદીબાની જાણુને માટે મરતે દહાડે મને એક ખરો ખુલાશો કરવાની ફરજ પડેછે કે જ્યારે બચપણમા તે અમારા આસરામા હતો, ત્યારે તેના મા-બાપ કોણ હતાં, તેની સત્તાવાર સાહદત ધરાવનારા દસ્તાવેજોનો એક દાબડો મારા સ્વાધિનમા સોપવામા આવ્યો હતો. એ દાબડો દાદીબાના બચપણમા જે વિશ્વાસુ આયાની સભાળ હેઠળ તેને સોંપેલો હતો, તે આયાએ મને રાજકોટમા આપ્યો હતો. દાદીબાનો હવાલો મારે પદરે કેમ પડયો, તે બનાવમા એક ભેદ ભરેલી બીના હોવાથી અત્રે હુ તેનો ખુલાસો કરી મારી ફરજેની મારેજ હાથે કરી લેવા ચાહતો નથી, પણ આટલો પ્રમાણિક એકરાર મે કરવો જોઇએ કે એ બનાવ શુ હતો તેને લગતી દાદીબાને માટે એક વિગતવાર નોધ તે મોટો થયા પછી વાચશે એવા ખ્યાલ સાથે મે લખી રાખીને તેજ દાબડા સાથે એક હાથીદાંતની ચીનાઈ ઇરિકોત્રીમાં સાચવી રાખેલી હતી. આ બીનાથી હુ અને મારી મરનાર મોહોરદાર સિવાય ત્રીજુ કોઈ વાકેફ ન હતુ. મે તે ઇરિકોત્રી મારી ધણીઆણીના સ્વાધિનમાં સોપી રાખેલી હતી, પણ અત્રે જાહેર કરતાં મને બહુ દિલગીરી અને દુ ખ ઉપજે છે કે મરનારના ગુજરવા પછી તેની શોધ કરવા જતા મેં તે કીમતી દાગીનો મારાં મકાનમાથી ગુમ થયલો જાણ્યો છે. એ દાગીનામાં મારો એક ગુપ્ત ભેદ સમાવા ઉપ્રાંત દાદીના અસલ પિતાના હાથદસ્કતના હસ્તલેખો હતા, કે જે પેલી આયાને આ ન્હાનુ ફરજંદ પરાધિનમાં સોપતાં તેનાં બાપે આપ્યા હતા અને એક ચોક્કસ મૂદત સુધી તે ગુપ્ત જાળવી રાખવાની અરજ કરી હતી. મારે ત્યાંથી ગુમ થયલી તે હાથીદાંતની ઇરિકોત્રી વિષે મારી મરનાર ધણીઆણીએ મરવા આગ-

મર્મ મારી કને કશો ખુલાસો કરેલો નહિં હોવાથી હું આજે કહી શકતો નથી, કે તેનું પાછળથી શુ થયુ. મારો ભેદ બહાર જાય તેની મને ચિંતા નથી, કારણ કે હુ હવે જીંદગીને કિનારે આવેલો છુ; પણ મારા વારસને પોતાની બાપીકી ઓળખ—બલકે દોલત—દર્શાવનારો તે કીમતી દસ્તાવેજ સદાનો ખોહવો પડે એ ચિંતા મારૂં કલેજું કોતરી ખાયછે. હું જાણતો નથી કે મારો વારસ કોણની ઓલાદથી ઉતરેલો છે, કિયું ખાનદાન ધરાવેછે, અને આટલી બધી સંભાળથી એક વિશ્વાસુ દાયાના હાથમાં આપવામા આવેલો દસ્તાવેજ શુ ભેદી ભરમ જાળવેછે. મારી મરનાર મોહોરદારના સ્વાધિનમા આપેલી હાથીદાંતની ઈસ્કોત્રીની મેં ઘણી ઘણી શોધ કરવા છતા જ્યારે મને તે જડી નથી, ત્યારે હવે મારી ફરજ છે કે મારીજ ગફલતને લીધે ગુમ થયલા આ દસ્તાવેજોનો બદલો—જો તે કંઈ બની શકનો હોય તો—એ અસીલ દિકરાને મારો હકદાર વારસ કરીને વાળી આપવો. એટલાજ હેતુથી આ વીલમાં મેં દાદીબાને મારૂં ફરજંદ ગણ્યુ છે, અને મારી પાછળ મારા એકઝીક્યુટરોને જો તે જીવતો જડી આવે તો, તેને મારી અંતઃકરણની સાચી લાગણી સમજાવવાને તેઓએ ચૂકવું નહિં કે મારી ખાહેશને માન આપીને તે મારી દોલત તથા મીલકતનો સ્વિકાર કરશે તો બેહેસ્તના બગીચામાં મારો આત્મા પૂર્ણ શાન્તિ પામશે. દાદીબાને માટે મારી પાછળ મારાં ફરોહરને ખુશાલ કરવાનો બીજો કોઈ રસ્તો છેજ નહિ એમ હું ફરીથી ઉમેરી આ કલમ બંધ કરૂંછુ.

એની વિગતે આ વશિયાતનામામાં કલમ ૨૦ વીસ લખ્યાં છે, તે મેં મારી રાજી ખુશીથી અકલ હુશીયારીથી તથા આપ મરજીથી લખ્યા છે તે મને કબૂલ મન્જૂર છે, તેથી મારા વારસ વકીલોએ તે બહાલ રાખી તેથી ઉલટા ચાલવું નહિં. મુકામ માઇસોર મધે તા. ૧૨ મી નવેમ્બર સને ૧૮—ઇસ્વી સંવત ૧૯—ના કારતક શુદ ૭ ને વાર સોમે રોજ ૨૪ મહા ૨ જો શેહેનશાહી સને ૧૨—યઝદજર્દી

અત્ર ——— મતુ તત્ર ——— સાખ.

૧ લા. મંચેરશાહ માણેકશાહ માઇસોરવાળા. મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી દસ્કત ખુદ.

Signed & sealed in our presence

૧ કાવસજી ધનજીભાઇ મનજીશાહના સાખ ઘણી હજૂર કીધી છે.

૧ મુનશી હિદાયતઅલી કમરૂદ્દીન (ઉર્દૂમાં) સાખ માલીક કે હુઝુરમે હુઇ હએ.

૧ શા. પ્રાણજીવનદાસ તુલસીદાસ દ્વિવેદી, સુરતના, શાખ ઘણી

હજુર કરી છે.

૧ **બહમનજી બેહેરાંમજી બેહલી** ફ્રરામ સાખ ધણીની હજુરમાં કીધી છે.

૧ **માણેકશાહ રતનશાહ રાજવ-** ઈદ સાખ ધણીની હજુરમાં કીધીછે.

મી. મેહેરવાનજી વકીલે વાંચેલુ આ લબાણુ વશિયતનામુ મરનાર ખાનબહાદુરના ખેશીઓએ એવી ગભીરાઇથી સાભળ્યુ કે વાંચન દરમ્યાન તેમાં કોઇએ કાંઇ ખલલ કરી નહિં. વાંચનારને જણાવવાની જરૂર નથી કે આ ગંભીર મિજલસમાં મરનારની બેટીઓ તથા ખેશીઓ ઉપરાંત આપણો માનીતો અશરાફ પણ એકવારનો કમનસીબ જવાન દાદીબા પણ હતો, જેને, મરનાર શેઠ મચેરશાહની પાછળે દહાડે પોતા પર આટલી બધી હદ બાહેર મેહેરબાંની ઉતરશે એમ સ્વપણે વકી ન હતી. વીલ વચાતું હતુ ત્યારે દાદીબા એટલો શાન્ત અને ગભીર ચેહેરાથી તે સાભળતો હતો, કે વીલ સાંભળવાને બદલે, અચરત થયલા ખાનબહાદરનાં ખેશીઓ તેનો તે વેળાનો અસરકારક દેખાવ જોવા પડી ગયાં હતાં દાદીબાની જગ્યા પર કોઈ બીજો જવાન હોત તો પચાસ લાખ જેવી પાદશાહી દોલતનો પોતાને વારસો મળેલો જાણતાજ તેનો ચેહેરો લાલ થઇ આવત અને વીલ વાચવાની આગમચની સ્થિતિ કરતા વીલ વંચાયા પછીની તેની સ્થિતિ જોવા લાયક થઇ પડત; પણ તે ખાનદાની ખવાશવાળો ખુબસુરત જવાન તો જેવો શાન્ત આવ્યો હતો તેવાજ શાન્ત બેશી રહ્યા. ખુદ ખાનબહાદુરની બેટીઓને પણ વીલમા શુ લખ્યુ છે તેની ખબર ન હતી. તેઓએ જ્યારે દાદીબાને ઇનસાફ મળેલો જાણ્યો તથા મરનારે પોતાનો સપૂર્ણ વિશ્વાસ એ ભલા જવાન પર મૂકેલો દીઠો, ત્યારે, જે ખુશાલી તેમના મોહક મુખડાઓ પર પ્રગટી રહી તે નકલ કરવા જોગ હતી. દાદીબાની સોબતમાં રહેવાને સઘળી બેહેનો વીલ વચાવાની આગમચ તૈયાર હતી તે આપણે જાણ્યે છીએ, ત્યારે વીલ વચાયા પછી તેઓ તેથી ખુશ કેમ ન થઇ જાય એ સમજવું મુસ્કેલ ન હતુ.

પણ વીલ વચાયુ તે દિવાનખાનામાં એક " ચેહેરો " જોવા જોગ થઇ પડયો હતો. તે ચેહેરો પેલા કાવત્રાંખોર કાવશશાહ કાકાનો હતો. મી. મેહેરવાનજી વકીલે " મરનારનાં સઘળાં ખેશીઓને વીલ વંચાતી વેળા હાજર રાખવાની " મરનારની વડી બેટી શીરીનબાઇને ફરમાશ કરેલી હોવાથી તે ફરમાશને માન આપીને શીરીને સઘળાં ખેશીઓને તે દિવસે હાજર રહેવાનું આમંત્રણ કીધુ હતું. એ આમત્રણમાં આપણા કાવશશાહ કાકા પણ આવી ગયા હતા. જે મોબેદ સાહેબને આ આમંત્રણ કરવાનું કામ સોંપ્યું હતું તેવણને " સ-

રવે સગાંઓને કહી આવવાનું" ફરમાવેલું હોવાથી તેવણુ બીજાંઓ ભેગા કાવશશાહજીને પણુ નોત્રુ દઇ આવ્યા હતા. અત્રે જણાવવાની જરૂર છે કે જે દિવસથી પેલા પારસી બબરચીએ મરતી વેળા સાચો એકરાર કરીને દાદીબાની નિર્દોષી જાહેર કરી કાવશાહજીની કારસ્તાની ખાનબહાદુર શેઠ મંચેરશાહ આગળ ખુલ્લી કરી આપી હતી, તે દિવસથી મરનારે પોતાના આ ભૂંડા ભાઈ જોડેનો તમામ સંબંધ તજી દીધો હતો, પણુ "તેવણુ મરી ગયા પછી વીલ વંચાય છે ત્યારે મારે સારૂ ઘણો નહિ તો બે પાચ લાખનો ફાળો તો જરૂર મૂકી ગયલા હશે તેથી મને શીરીંને તેડાવ્યો છે" એવી મોટી ઊમેદમાં તેવણુ છાતો કાઢીને આવ્યા હતા, પણ આપણે ઉપર જોયુ તેમ મિજલસમાં વીલ વચાયુ ત્યાં વારસાને બદલે મરનારે વિશેષણોનો ધૂમ ઉપ્યોગ કરેલો જોઇ તે પ્રપચી પારસી તમામ ચીચવાઇને ચીરડાઇ ગયો, અને વકીલ મી. મેહેરવાનજી વીલ પૂરૂ કરી મરનારની તથા સાક્ષીઓની સહીઓ વાંચતા હતા ત્યારે "મુવો તુ વીલનો કરતો ને વારસાનો વેહેંચતો" એમ અરધુ સભળાય—અરધુ નહિ સંભળાય એવા અવાજે બોલી ફફડી ચટકીને સોથી પેહેલા ને ત્યાંથી ધસારાબંધ ચાલી ગયો'

તે મતલબિયા મરજીના ત્યાંથી ચાલી જવા પર કોઇ દિલગીર થયું નહિ, કારણુ કે આખા કુટુંબને તે ઓછો-વધતો અલખામણો હતો. હાલમા તેની સ્થિતિ પણ દયાજનક થઈ પડેલી હતી, કાકે પોતાને ફાળેની બાપીકી દોલત ગેર સટ્ટામાં તથા અનીતિવાન જીંદગીમા તેણે ઉડાવી દેવાથી તે તમામ ખાખાવરબા થઇ જઈ મુસ્કેલીથી પોતાનું અને પોતાનાં બે બચ્ચાઓનું પૂરૂ કરતો હતો. એ રીતે તેના કીધાં કર્તુકનો બદલો કુદરતની ગેબી લાકડીએ તેને ચટ ને પટ આપી દીધો હતો.

વીલ વંચાયા પછી દાદીબા પર એટલી ગંભીર અસર થઇ કે તુરત વેળા તેણે કોઇ સાથ એક હરફ વટીક ઉચાર્યો નહિ. મરનારનાં ખેશીઓને દાદીબા અજાણ્યો ન હતો. તેનાં ભલા માયાળુ અને અમીરી ખવાસથી તેઓ એકવાર જાણીતાં થયલાં હોવાથી જ્યારે એવા એક અશરાફ જવાનને ખાનદાનનાં વડાનો દરજ્જો મળેલો તેઓએ દીઠો ત્યારે સૌ કોઇ ખુશ ખુશ થઈ ગયાં. વળી બીજી ખુશાલી એ હતી કે તેઓનાં સમજવામાં પેહલાં એમ હતું કે મરનાર પોતાની સઘળી દોલત પોતાના ભાઈ કાવશશાહને આપી ગયા હતાં અને ખેશીઓમાંથી એકનેબી એક પૈ વટીક આપી નહિં હતી. જ્યારે વીલમાં આ સમજણુથી ઉલટુંજ સઘળું તેઓએ જોયુ અને અકેક સગાંને પાંચ પાંચ હજારની રકમ મળેલી દીઠી ત્યારે તેમની ખુશાલી કેવી હોય તે સમજવુ રહેલુ હતું. વળી કાવશશાહ જેવો એક કરડો અને અણગમતો ખેશી ખાનદાનનો વડો લેખાઈ પોતાનાં ફાંટાઓ મુજબ સઘળાંઓને વશ રાખે તેને બદલે દાદી-

આ જેવા એક ભલો અને ભોળો ત્રાહિત જવાન તેમનું ઉપરીપણું લે તે તેમને દસ દરજ્જે વધૂ પસદ હતુ. એ રીતે મરનાર શેઠ મનચેરશાહનુ વીલ એકજ જીવને અણુગમતું નીવડયું અને તે જીવ આપણે ઉપર જોયુ તેમ પેલો કારસ્તાની કાવશ હતો. એ એક સિવાય સઘળાઓને આ વીલ પસદ પડયુ.

પણ ખાનબહાદુરની બેટીઓ માટે હજી એક ચિતા બાકી હતી. એ ચિંતા શુ હતી? ચતર વાંચનાર ચેતી જશે કે તેમની ચિતા દાદીબા માટે હતી. વીલનુ વાચન સાંભળી તે જવાન ગૃહસ્થ એવો ગંભીર બની ગયો હતો કે એક બાજુએ માથુ સહેજ નમાવી એકજ સાબુત નજરે સામેના એક તખ્તો ટીકતો તે બેશી રહ્યો હતો એ તખ્તામા તે મકાનના આગલા માલેક (ખાનબહાદુર મનચેરશાહ)ની એક સુદર "ઑઇલપેઇન્ટીંગ" તસ્વીર હતી. એ તસ્વીર પર દાદીબાએ પેહલાથી તે છેલ્લા સુધી એક સરખી એવી નજર ટેકવી રાખી કે વીલ વચાઇ રહેવા છતાં તે ઉપરથી તે નજર ખશેડી નહિં તેના આ ગભીર હાલતે દરેક જોનાર પર છાપ પાડયો ખુદ મરનારના એક્ઝીક્યુટરો તથા મી. મેહેરવાનજી વકીલ પણ તે દેખાવ જોઇ અચરત થયા કે આ કોઇ અજબ અમીરી ખવાસના માણુસ છે કે આટલી મોટી દોલતના માલેક થવાનુ જાણ્યા છતા જેમ ને તેમ બેશી રહ્યા છે શીરીન તથા તેની બેહેનોને દાદીબાનો આ દેખાવ જોઈ ચિતા પેદા થઈ કે "રખેને બેહેસ્તીએ વીલમા ધાસ્તી બતાવી છે તેમ દાદીબા આ દોલત અને મીલકતનો કબજો લેવાને ના પાડવાના વિચારમાં હોય!" અને શીરીને તે ચૂપકીદી તોડવાની જરૂર વિચારી.

"દાદીબા, વ્હાલા ભાઈ, વીલ વચાઇ રહ્યુંછ અને મી. મેહેરવાનજી વકીલ, ખાનસાહેબ કાવસજી અને મુનશી હિદાયતઅલી જવા ઉઠયાછ, તેથી તેવણુને મલી લો."

શીરીનના આ મલાહ સૂચક–શબ્દો સાભળી દાદીબા જેમ એક વીજળી પડયાથી કોઈ ચમકે તેમ ચમકયો. ખુલી આંખ્યો છતાં તે ગોયા અરધી બેફ્રાંમ હાલતમા હતો અને અરધી બેફ્રાંમીમા જાણે તે મરનાર ખાનબહાદુરને લગતો કાંઈ સ્વપનો જોતો હતો!

"તમે શુ બોલ્યાં, શીરીન બેહેન ?" તે ચમકીને પૂછવા પડયો "હુ મારા વિચારોમાં એટલો ગર્ક હતો કે મારી આંખ્યો ખુલ્લી છતાં મારી આસપાસ શું બનતું હતુ તે જોવા—જાણવાને હું તમામ અશક્ત હતો." અને અહીં દાદીબા તે ત્રણે ગૃહસ્થો તરફ ફરીને બોલ્યો. "ગૃહસ્થો, તમોને પડેલી તકલીફ સારૂ આજની ન્હાની મીજલશ તરફથી હું તમારો ઉપકાર માનુંછ. આજના બનાવે મારાં મગજ પર એટલી ગભીર અસર કાધીછ કે એ વીલનાં સબંધમાં આ કે પેલી બાજુએ મત આપવા સબધી વિચાર કરવાની હા-

લતમાં હાલ હું નથી તેથી હુ તમો ત્રણે સાહેબોને નામે આવતી કાલે મારો ખુલ્લો અભિપ્રાય મોટી ખુશીથી લખી મોકલીશ. હુ મારા મનની બેચેનીથી બેચેન તો હતોજ, તેમાં આજે આ નવી ફરજનો ફાળો અદા કરવાનું અચાનક રીતે મારાં નસીબમા આવી પડવાથી હું બેવડો દબાઇ ગયો છુ. માત્ર એટલોજ ખુલાસો કરવાની અહીં અગત્ય વિચારૂંછકે મરનારે મારી તરફ જે હદ બ્હાર દિલસોજી દેખાડી છે તેને હુ બીલકુલ લાયક નથી. વળી એવણે મારે લગતા દસ્તાવેજોની જે હાથીદાંતની ઇસ્કોત્રી પોતાને હસ્તકથી ગુમ થયાની બીનાં વીલમા જણાવી છે, તે હાલ મારા પોતાના તાબામાં તમામ સલામત હાલતમાં જેવી ને તેવી સીલ–મોહોર સાથે સચવાયલી છે. તે મને મરહુમ શેઠનાં મરહુમ ધર્ણીઆણી તથા મારા અતિ માયાળુ ધર્મ–માતા ધનમાયે પોતાની માંદગીને બિછાનેથી ખાનબહાદુરની છુપીથી આપી હતી. પણ આપતી વેળા એક ઇશારો કીધો હતો કે એ ઇસ્કોત્રી જ્યાં સૂધી ખાનબહાદુરની હેયાતી હોય ત્યા સધી તે ઉઘાડવી નહિં. તેવણની હૈયાતી બાદ તે એ ઇસ્કોત્રી ખોલવી. મે મારા માયાળુ માવતરની શિખામણને માન આપી આજ સૂધી તે ઉઘાડી નથી. જ્યારે હૈદરાબાદ ખાતે મને મરહુમનાં ગુજરવાના તાર મળ્યો અને હુ અત્રે આવવા ઉપડયો, ત્યારે તે ઇસ્કોત્રી મે સાથે લીધી કે મારામોર જઇ ખરી ખાત્રી કરી પછી ઉખેડીશ. તે મૂજબ હવે આજે તે ઇસ્કોત્રી ઉખેડવાનો વખત આવી પુગોછ એમ હુ ધારૂછુ, હુ તે મારી બેહેનોની સમક્ષ ઉખેડીશ અને વીલમા મને મરનાર પોતાનો વારસ ઠરાવી ગયાછ તે સ્વિકારવુ, નહિં સ્વિકારવુ એ આવતી કાલે તમો સાહેબને લખી જણાવીશ "

એકઝીક્યુટરો તથા મી મહેરવાનજી વકીલ દાદીબાના આ ટુક ખુલાશાથી ખુશી થયા. તેઓએ જતાં જતાં દાદીબાને સલાહ આપી (અને તેમાં તેની ૧૧ બેહેનોએ ભાગ લીધો) કે મરનારનાં આત્માને પેલી જેહાનમા સંતોષ આપવા માટે આ વીલનાં સરતો એકદમ સ્વીકારવી.

પ્રકરણ ૬૦ મું.

દોલત વધુ કે દિલસોજી ?

તે દિવસ દાદીબાની જીંદગીમાં એક અગત્યનો દિવસ હતો. એકઝીક્યુટરો અને મી. મેહેરવાનજી વકીલના જવા પછી દાદીબાએ મરનાર શેઠ મચેરશાહનાં વીલ ઉપર બે–અઢી કલાક કેવળ એકાન્ત વિચાર કરવામાં કાઢયા. અને અંતે તે ભલો જવાન એવાં છેવટ પર આવ્યો કે મરનારની માગણીનો અસ્વિકાર કરવો નહિં. આ અસ્વિકાર નહિ કરવાનાં કારણમાં દાદીબાને પેહેલી

લાગણી જે ઉત્પન્ન થઇ તે મરનાર મચેરશાહ કરતાં તેવણનાં મરહુમ મોહો-રદાર ધનબાઇએ તેની તરફ બતાવેલા અસાધારણ માતૃભાવને આભારી હતી, કે જે માયાળુ ધર્મ-માતાની ખરાં દિલની દિલસોજ ચાહના વગર દુનિયામાં તે રવડી અને રખડી રહત. જે ઘરમાં પોતાનુ બચપણ સુખમાં પસાર થયલુ, જે ઘરમાં તેને ઉચ્ચ દરજ્જાની ઉત્તમ કેળવણી મળેલી, જે ઘરમાં તેણે ગાયણ કળા અને સઘળી જાતનાં વાજિંત્રો પર અખંડ કાબુ ધરાવનાર હુન્નર હાંસલ કીધેલા (કે જે હુન્નરે પાછળી પડતીમાં તેને ગુજરાણનુ આબરૂદાર સાધણ કરી આપ્યું) તે મહત્વ ઉપકારોને નિમકહરામ નીવડી બન્ને કદરદાન મુરબ્બીઓનાં સુવા પાછળ તેમના રૂહને દુ:ખી કરવાને તેનું દિલ ચાલ્યુ નહિં. દોલત જોઇને દાદીબા લોભાયો હોય આ ખ્યાલ વાચનારે કદી લાવવો નહિ. એ ખાનદાની જવાન કાંઇ એવું અમીરી અંતકરણ ધરાવતો હતો કે પોતાની પવિત્ર લાગ-ણીને પૈસા ખાતર વેચે એવો ખ્યાલ માત્ર લઇ જવો એ તેને હરડતો ગેરઇન-સાફ કરવા સમાન હતુ. એનો સર્વોત્તમ દાખલો દાદીબાની આજ સુધીની કારકીર્દિમાં આ વાર્તા દરમ્યાન આપણે જોઇ ગયાં છીએ કે જો દાદીબા પૈ-સાનો પ્યાસો હોત તો બહાદુરશાહની આઇમાય સાથ પરવાની તેને મોહડે ચઢીને થયલી માંગણી તેણે એક તડાકે કબૂલ રાખી હોત અને અત્યાર આ-ગમચનો તે એક સુખી શેઠિયો થઈ પડયો હોત; પણ તેમ થાત તો પરીન તરફનાં પોતાના પવિત્ર અખંડ પ્રેમને તે ક્યારનો ખોટો નીવડત અને તે પ્ર-સંગેજ તેના અંતકરણની લાગણી પર તે કેટલો સાબુત છે તેનો ખરો ભેદ વાચનારને મળી આવત. આ રીતે દાદીબાનાં દિલની ખરી અને ખાલેસ ખુ-બીઓ આજે ખુલી થઈ છે અને તે બરહક તથા પ્રસગોપાત વખતે ખુલી થઈ છે, કે જ્યારે તેને એક માયાળુ મુરબ્બી પોતા પાછળ તપાસની એક કસોટી પર મુકી ગયો છે. એ કસોટીમાં દાદીબા કાચો ઉતરે તો તેની આગલી સ-ઘળી ભલાઇઓ ધૂળમા મળે-તેની આગલી અને હાલની સુગંધીદાર ખુબીઓ ખાક બરાબર લેખાય; તેનો અમારી ખવાસ અને અંતઃકરણના સાચા ઇશારા પર ચાલવાની બચપણથી કાબુમાં રહેલી નીતિમાન ચાલચલણ અણધારેલી અપકીર્તિ મેળવે.

વળી મરનાર મચેરશાહે પોતાના એક ભૂડા ભાઇનાં કરપીણુ કાવ-ત્રાંનાં ભોગ થઇ પડી દાદીબાને જે ગેરઈનસાફ કીધો હતો તે ગેરઇનસાફ સ-દાકાળ ટકવા પામ્યો નહિ, અને મરનારે પોતેજ પોતાની ભૂલ જોઇ તેને વા-જબી ઇનસાફ આપ્યો, એ તે ભલા જવાનને થોડો સતોષ આપનારી વાત ન હતી. વળી તેની બેહેનો તેને એવાં અખંડ ભ્રાતૃભાવથી ચાહતી હતી કે તેવા ભલા ભાવની કીમત દાદીબા જેવો સદગુણી જવાન બેકદરીમાં બૂઝે એ એક બડી ભારેખી માની શકાય એમ ન હતું.

એ રીતે, મરનાર ખાનબહાદુર મચેરશાહનો વારસો સ્વિકારવાને દાદીબા મરજીથી નહિ તો ફરજથી, ફરજથી નહિ તો ખાનદાની ખવાસની અમીરી ખુબીઓથી અને ખુબીઓથીબી નહિ તો મરનાર ધણી—ધણીઆણીનાં જે મોટાં હેશાનો પોતાની ગરીબ ગરદન પર લટકેલાં હતાં તે હેશાનો પર અંત કરણની સાચી આગથી દોરવાઇને વશ થયો. વિસ્તારથી સમજ પાડેલી ઉપલી દલીલોનાં સંગીનપણા પછી વાંચનાર એકદમ કબૂલ કરશે કે મરનાર મચેરશાહની દોલતનો વારસ થવામા દાદીબાએ દોલત પર નહિ પણ મરનારોની દિલસોજીપર નજર કરી હતી. પોતાને વિશ્વાષથી સોંપાયલા કીમતી દસ્તાવેજો હાથથી જતા રહેલા જોઇ જે ધણી તેનો બદલો પોતાના વારસાથી વાળવા ચાહે, તે ધણીની દિલસોજી કેવી સાચી અને સ્વચ્છ હોવી જોઇએ, એ એકજ ખ્યાલ આગલી સગીન દલીલોને પણ બાજુએ બેસાડે એવો મોતેબર અને મજબૂત છે

ખાનબહાદુર મચેરશાહની બેટીઓ દાદીબા શુ જવાબ આપશે તે જાણવાને અતિ ઇન્તેજાર હતી. જ્યારે દાદીબા ઉપલા વિચારોમા ગરક હતો, ત્યારે પાસેના ઓરડામાં તેની બેહેનો દાદાર હોરમજદ પાંસે દુવા માંગતી હતી કે "તુ ગેબી માલેક એ ભલા ભાઇનાં જીગરમાં ભલી હિદાયત બક્ષ, અને અમારા મરહુમ મુરબીજીની મરજીને માન આપવાને ઉમગી બનાવ" ભલી મનસ્નીથી ચાહેલી બેહેનોની દુવા ભાઇને ફળ્યા વગર રહી નહિ

અતે ખુશી ભરેલા ઠરાવ પર આવીને દાદીબા ઓરડાની બાહેર આવ્યો ખાણાંનો વખત થયલો હોવાથી તેની બેહેનો તેને બોલાવવા આવી. દાદીબાના કાઇક તાજા થયલા ચેહેરા પરથી તેઓને પામી જવુ સ્હેલ થઇ પડયું કે આજની ગભીર બીનાનું છેવટ સુખદાયક આવ્યા વિના રહેશે નહિ.

ખાણાથી ફારેગ થયા પછી દાદીબા આગલા દિવાનખાનામા થોડો વાર આસાયશ લઇ પોતાના ઓરડામા ગયો અને એક નોકરને મોકલી સઘળી બેહેનોને ઓરડામાં બોલાવી.

"શીરીન બેહન," બેહેનોને ઓરડામાં એકઠી થયલી જોઇ દાદીબા બોલ્યો. "હવે આપણે નિરાંતે આપણા સસારને લગતા વાત કરિયે. બેહેન પુતલાં, મેહેરબાની કરી ઓરડાનાં બારણાંને અદરથી કળ ફેરવો. કદાચ કોઇ નોકર અથવા ત્રાહિત આવી નકામી હરકત કરશે, આજની બીના ગભીર હોવાથી તે બાહેર નહિ જાય તેવી સભાળ લેવાની આપણી ફરજ છે."

દાદીબાની ફરમાશ મુજબ પુતલાંએ બારણાંને અદરથી કળ ફેરવી.

તે ઓરડો દાદીબાને માટે ખાસ તૈયાર કરવામાં આવ્યો હતો. તેમાંજ તેની ટૂક તથા બેડિગ વગેરે મૂકેલાં હતાં.

દાદીબાએ એક મોટી ગોળ ટેબલ આગળ ખુરસી લીધી અને તેની બ્હેનો ટેબલની ફરતે ગોઠવાઈ ગઇ. તે બધ ઓરડામાં જાણે ઇનસાફની એક ફુલ બેન્ચ મળી હોય તેવો દેખાવ થઇ રહ્યો હતો.

પ્રકરણ ૬૧ મું.

“ પુરૂષનુ કર્મ પાંદડા તળે. ”

“ બ્હેનો, આજે એક એવી ગભીર ફરજ બજાવવા આપણે ભેગાં મળ્યાં છીએ કે જે ફરજ પર મારા માનવંત ધર્મ-માવતર ધનબાઇએ પોતાની છેલ્લી ઘડીએ મને કરેલી એક સૂચનાને માન આપી આજ સુધી મેં અમલ કીધો છે.” દાદીબાએ એક બાહોશ બારીસ્ટરને છાજતી છટાથી બોલવાનું શરૂ કીધું “મારી બચપણને લગતી જે ટુક બીના તમે જાણો છો તેટલીજ બીનાં આએ ચાલુ મીનીટ સુધી હુ જાણુ છું—એથી લેશ ભાર વધુ હું મારે પોતાને વિષે જાણતો નથી. એ ભેદ ભરેલો ભરમ જાણવાને હુ વર્ષોથી તલપી રહેલો છુ, પણ મે હમણાજ કહ્યું તેમ હુ એક ફરજનાં ફાળામાંથી આજેજ છુટો થયોછુ. જે જે બીનાઓ જાણીતી છે તે ઉપર હુ ફરીથી વિવેચન કરીશ નહિ, પણ એકજ ખાનગી બાબદ તમો કરતાં હુ વધુ જાણુ છુ, તે ખુલ્લી કરવાનો આજે વખત આવેલો સમજુછુ. વ્હાલી બ્હેનો, આજની બીનાં તમો ૧૧ બ્હેનો અને ૧૨ મો હુ સિવાય, તેરમો તે ગેબી માલેક જાણશે. પૃથ્વીની પીઠ પર હસ્તી ભોગવતા આપણે ૧૨ જીવો શિવાય તુરતવેળા બીજા જીવો એ બીનાથી અજાણ્યા રહેશે તેમાં જેમ તમારો તેમ મારો પોતાનો લાભ છે, જે વિષે જેમ જેમ તમે વાકેફ થતાં જશો તેમ તેમ તમારી ખાત્રી થતી જશે. મારા આમ બોલવાને તમે જરાબી અપમાન સૂચક સમજતુ નહિં કે આજની આ ગભીર બાબદ તમો બ્હેનોનાં અંગત વિશ્વાષ પર લટકેલી રહેશે અને તે વિશ્વાષનો કદી ભગ થશે નહિ એવી પૂર ખાત્રી હું ધરાઊછુ. તમોને હુ અરજ કરીશ કે આજની બીનાં તમે બહુજ ધ્યાનથી, ધીરજથી અને ખુલ્લાં તથા ખાલેશ દિલથી સાભળવી. તમોને લાંબી ઇંતેજારીમાં ડોલાવ્યા કરવા હુ ચાહતો નથી, તેથી હુ એકદમ કહી દઉ છુ કે મરહુમ માનવંત મુરબ્બીજી સાહેબ ખાનબહાદુર...મંચેરશાહનું વશિયત મારાં સરોચશ્મથી હુ સ્વિકારૂછુ, અને તેવણનો વારસ બની મરનારનાં રૂહને છેલ્લી આસુદગી આપવા તથા મારી ગરીબ ગરદન પર થયલાં તેવણનાં હજારો હેશાનોનો નિર્જીવ બદલો વાળવા હુ મારી પૂર ખુશી જણાઉછું.”

દાદીબાએ જાહેર કરેલી આ ખુશ વધાઇથી સઘળી બેહેનોનાં મોંમલકાઈ ગયાં. વડી બેહેન શીરીને હર્ષથી ઉઠી દાદીબાના "ઓવારણાં" લીધાં અને સર્વે બેહેનો તરફથી હેશાન જાહેર કીધું.

બીજી બેહેનોએ તેમાં ઉલટથી ભાગ લેવા ચાહયો પણ તે ભલા જવાને તેમને એકદમ અટકાવી પાડી કહ્યું કે "બસ કરો—એવા સખુનોની કશી જરૂર નથી. બેહેનો, હું હવે મારી મૂળ બાબદ પર આવીશ. આપણા મરહુમ મરઆએ વશિયતમાં ભય બનાવ્યો છે કે તેવણુની સંભાળમાં સોંપાયલા મારે લગતા દસ્તાવેજ તેવણે ગુમાવ્યા છે. એ વિષે મે તમોને મી. મેહેરવાનજી વકીલને તથા વીલનાં એકઝીકયુટરોને કયારનો ખુલાશો કરી દીધો છે કે તે દસ્તાવેજ તમામ સચવાયલા છે, અને હાલ હુ પોતે તેની માલેકી ધરાઉંછુ. એ માલેકી મારે કાજે કેમ આવી તે ખુલાશો તમો બેહેનોને રોશન ન હોવાથી તે બીનાથી તમોને જાણીતા કરવાની જરૂર છે. જ્યારે આપણાં મરહુમ-માયાળુ માવતર ધનબાઇનુ સુખી છત્તર લગભગ ખોહી દેવાની અણી પર આપણે હતા ત્યારે એક દહાડે તક જોઇને તેવણે મને પોતાનાં બિછાનાં આગળ બોલાવ્યો એ વખતે મરહુમ મુરબી મચેરશાહ બાહેર સિધારેલા હતા, અને તમો સઘળા બેહેનો ઘરના પાછલા ભાગમા કાઈ કામમાં રોકાયલાં હતા. બપોરે બાર બાગ્યાનો તે વખત હતો. મને બિછાના આગળ બોલાવી તેવણે ઓરડાના બારણાને અંદરથી કળ ફેરવવા મને ફરમાવ્યુ. મેં તેવણના હુકમ મુજબ કીધુ. આ વખતે અમો બે-માય દિકરાં શિવાય ત્રીજુ ત્યા કોઇજ હતુ નહિ. પોતે બિછાનાં પર સુતા—સુતાએ મને પોતાનાં કબાટની કુચી આપી, તે ખોલવા જણાવુ. મેં કબટ ખોલવા પછી તેમાં એક ચોર ખાનુ હતુ તે ઉઘાડવાની મને સમજ આપી. મે તે મુજબ ચોરખાનુ ઉપાડયુ, અને તેમા હાથીદાંતની એક સુદર ન્હાની ઇસ્કોત્રી મૂકેલી હતી તે બહાર કાઢી. આ ઇસ્કોત્રી પર મોહોરબંધ સીલ કીધેલા હતા. આ સઘળું શા માટે એવણ કરાવે છે તે હુ સમજી શકયો નહિ. મે તે ઇસ્કોત્રી બાહેર કાઢયા પછી તેવણ બોલ્યાં —'દિકરા દાદીબા, એ મત્તા તારી છે. આજથી હુ એ તારા સ્વાધીનમા આપુછું. મને મારી જીદગીનો ભરોશો નથી. આએ બિછાના પરથી હુ હવે ઉઠવાની નથી. મારી ફરજ મે પુરતી બજાવી છે પણ જીદગી મને વફા નથી. હું એકાએક મરી જવશ તો મારી ઉમેદ મારા મનમાં રહી જશે' તેવણનાં આ અસરકારક સખુનો જાણે હજી મારા કાનમાં પોતાનુ તાજાપણું જાળવી ધુમ્યા કરતા હોય તેમ મને લાગે છે. અરે! તે વખતે મને થયલી લાગણીઓનો હુ તમો મારી વ્હાલી બેહેનોને કશો ખ્યાલ આપી શકતો નથી. એક મરવા સુતેલું માણુસ ગમે એવું પાપી હોય તોપણ તેનો છેલ્લો એકરાર સાચો અને સ્વચ્છ અંતઃકરણનો હોય છે, તો આ અમીરી ખવાશનાં માતાએ તો

પોતાની આખી જીંદગીજ પવિત્રાઇનાં અને ભલાઇમાં ગુજારેલી છે, ત્યારે તેવણુનો છેલ્લો એકરાર કેવી નિષ્કલક લાગણીઓથી છલાછલ ભરપૂર હોવો જોઇએ ? અરે ' હજી મને તેવણુનાં તે સખુનો યાદ છે મેં તે તેજ વખતે મારી 'ડાયરી મા નોંધી લીધા હતા, અને આ રહ્યા તે સખુનો" એમ બોલી દાદીબાએ પોતાના ખીસામાંથી એક ' ડાયરી—બુક ' ખેંચી કાઢી આગમચથી નીશાની કરી રાખેલુ પાનુ ઝટ ઉઘાડી તેમાં નીચે મુજબ વાંચ્યુ*:—

' આએ ઇસ્કોત્રીમા ઘણા અગત્યનાં દસ્તાવેજો છે. એ દસ્તાવેજની " સાથે એક ન્હાની દાબડીમાં એક અજબ જેવી વીંટી છે, જેમાં એક ચોર-"ખાનુ છે. એ ચોરખાનામા કાગળની એક કાપલી પર તારે સારૂ બહુ અ-" ગત્યનો પ્રકાશ પાડનારી એકાદ–બે લીટીઓ લખાયલી છે, જે લીટી તારી " નજર આમેના અઘળા પડદા ફાડી નાખશે. પણ હુ તારે માથે ફરજ મ કુ " છું કે જ્યા સુધી તારા બાપ (ખાન બહાદૂર મચેરશાહ) આએ દુનિયા-" મા હૈયાત હોય ત્યાં સૂધી ને આ મોહોરબંધ ઇસ્કોત્રી કદી ઉઘાડવી નહિ.

"મારાં ધર્મ—માતાનો આ એકરાર સાભળી હુ અચરતીમાં ગરક થઇ ગયો." દાદીબાએ 'ડાયરી' બંધ કરી ખીસામાં સેરવતા આગળ ચલાવ્યુ. "મારી હાલત— ની મને હવેજ સમજ પડી આટલો વખત હુ તે બન્ને મેહેરબાન મુરબીઓને મારાં પોતાના માત–પિતા સમજતો હતો, પણ માતાજી ધનબાઇનાં ઉપલા ખુલાસા પછી, જો કે તે ભેદ ભરેલો અને ગુપ્ત હતો, અધૂરો અને નહિ સમજ પડે એવો હતો તે છતાં, તે ખુલાસા પછી, મે અટકલ બાંધી કે હું જે સુખી છાયડામાં વશુંછું તે છાંયડો મારો બાપીકો અને હકદાર છાયડો નથી, પણ ધર્મનો છાંયરો—બીજા બોલોમાં ધર્મનું છત્તર છે. જે ગમે તે હોય, પણ મે મારી ભવિષ્યની સરજતને તમામ અધારાં અને બેખબરી વચ્ચે લટકતી રાખવાના એક માયાળુ ધર્મ—માતાની કાકલુદીને માન આપવા માટે હરડતા કસમ લીધા. મારી તે પ્રમાણિક કબૂલાતથી મારાં ધર્મ—માતા બહુ ખુશી થયલાં જણાયાં. મે તેવણુની અરજ ઉપરથી તે ઇસ્કોત્રી મારા તાબામાં લીધી અને કોઈ નહિં જુએ કે જાણે તેમ એક સલાંમત જગે સંતાડી દીધી. મેં ધનબાઈ માયને ખાત્રી આપી કે તેવણુની ખાહેશ મુજબ ખાનબહાદુરની હૈયાતી સૂધી હું એ ઇસ્કોત્રીને હાથ લગાડીશ નહિં અને કદી તમારા હુકમની બહાર જઇશ નહિં', મારો મક્કમ ઠરાવ સાંભળી ધનમાય ખુશી થયાં, અને મે કબટનું ચોરખાનુ પાછું બંધ કરી કબટને કળ ફેરવી ઓરડાનું બારણું ઉઘાડી દીધુ. અમારી આ છૂપી મસલત અમો બે શિવાય ત્રીજાં કોઇએ જાણી નહિં."

---

* જુઓ " દુ:ખી દાદીમા, " પ્રકરણ ૧૬ મું, "કાવશશાહ કાકાનાં કાવત્રાં."

દાદીબાનું આ રશીલું દાસ્તાન તેની ઇંતેજાર બેહેનો ઘણા ઉમંગથી સાંભળતી હતી. જ્યારે તે બોલતો હતો ત્યારે કોઇએ તેને વચ્ચે ખલલ કરી નહીં.

પ્રકરણ ૬૨ મું.

—×—

દાદીબાની "ડાયરી."

"કેવી ભેદ ભરેલી બીના છે'" વડી બેહેન શીરીન બોલી, દાદીબા ભાઇ, જો કે હજી આપણે પુરતા ભેદથી વાકેફ થયાં નથી તોપણ મને એક સખુન બોલી લેવા દેશો. હું આગમચથી અટકલ કરૂંછુ અને તેમાં ચાહવું ખુદાનુ તો સાચી પડશે, કે તમે કોઈ ખાનદાંની ફરજંદ છો અને કાંઈ વિચિત્ર ભરમને લીધે તમારા હકદાર માબાપની હસ્તીથી બેખબર છો."

"અમોનેબી એમજ લાગેછ." બીજી બેહેનો બોલી ઉઠી.

"તમારી અટકલ તેજ મારી અટકલ છે. ખુદાના હોકમથી આજે તે ભેદ ખુલ્લો થવાનો દહાડો આવી પુગોછ, અને જે વખત જાએછે તેમા આપણે એ ભેદી બીનાથી રોશન થશું. મેહેરબાની કરી મને ફરીથી ધ્યાનથી સાભળો" દાદીબાએ પોતાનુ દાસ્તાન એકવાર પાછુ લબાવ્યુ. "મારા ધર્મ-માતાએ મને કીધેલી નશિયત-કહો કે છેલ્લી વશિયત—મુજબ આજની આ ઘડી સૂધી તે મોહોરબધ ઈસ્કોત્રીને મે હાથ લગાડયો નથી. જે ભયાનક ગેરઈનસાફ ખમીને હુ તમારી સીહડીથી હું ઉતરી ગયો હતો. તે ગેરઇનસાફ પછી જો મેં આ ઈસ્કોત્રી ખોલી હોત તો તેમાં હુ કદાચ ખોટો નહિ કહેવાત. પણ નહિ, જે માયાળુ માવતરે મારા પર છેલો વિશ્વાપ મૂકી પોતે શાંત મરણ લીધુ હતુ તે વ્હાલા ચેહેરાની શરમને ખાતર, તે વ્હાલા ચેહેરાનાં માનને ખાતર તથા તે વ્હાલા ચેહેરાને માટે મારૂ અગિત નુકશાન જે ગમે તે થાય તેની દરકાર નહિં રાખવી એવા ખ્યાલને ખાતર; મે મને સોંપવામાં આવેલી મિલકત, મારી પોતાની છતાં, મરનારની ખાહેશ મુજબ ઉખેળી નહિં. વચ્ચે થોડા દિવસ ગયા પછી તે માયાળુ માવતર આપણુને સદાનાં છોડી ગયાં." અને અહીં દાદીબાની છાતી ભરાઈ આવેલી તેનાં દબાવેલા સાદ પરથી સઘળી બેહેનો જોઈ શકી. તેણે તુર્ત તે નબળાઈ દૂર કરી દઈ પાછું ચલાવ્યું. "પણ ગુજરવા આગમચ એક તક જોઈ મને શિખામણ આપતાં ગયાં કે (અહીં દાદીબાએ પોતાના ખીસામાંથી પેલી "ડાયરી" પાછી ખેંચી કાઢી તેનું એક ચોક્કસ પાનું ઝટ કાઢીને તેમાં કીધેલી નોટ વાંચીઃ—) 'દિકરા, તારા કાવશશાહ કાકાથી હમેશાં ચેતેલો રેહેજે. એ તારો કાકો નથી પણ કટ્ટો વેરી છે

એમ જાણજે. મેં બારીકીથી જોઈ લીધુ છે કે એ તારી અદેખાઈ કરે છે અને તારા બાપ ભાળા હોવાથી કોઈ દહાડે તુને એ માણસથી ખમવુ પડશે ' એ રીતે એક ત વખતની એક આવતી ભવિષ્ય વાણી મરહુમે આગમચથી પીછાણી હતી. મે ' નોટ ' કરેલા આ શબ્દો હુ વારંવાર વાંચુછું, જુઓ. (અને અહી દાદીબાએ પોતાની ડાયરી પોતાની બેહેનોને બતાવી) એની નીચે ૮ મી નવેમ્બરની તારીખ નોંધેલી છે. ધનમાય નવમી નવેમ્બર ૧૮—ને દીને બેહેસ્તશીન થયા હતા. તેની એક દિવસ આગમચ મને તેવણે આ કીમતી શિખામણ આપી હતી. એજ રીતે પેલી મોહોરબંધ ઇસ્કોત્રી, જે તેવણે પોતે ગુજરવાની દસ બાર દહાડા આગમચ મને આપી હતી, અને જે નોંધ મેં તમોને સપર પેહેલી વચાવી છે તેની નીચેની તારીખબી જુઓ. એ નોંધની નીચે ૨૯ મી અકટોબર નોંધાયલી છે. એ ઉપરથી ગણતા મને ઇસ્કોત્રી સપુરદ કીધા પછી બરાબર ૧૨ મે દહાડે મરનાર બેહેસ્ત રોશન થયા હતાં. એ દીને આપણો જરથોસ્તી ખોરદાદ મહિનો ને બેહેરામ રોજ હતો ખરૂ કે ? "

" બરાબર છે, દાદીબા. માયજીના ગુજરવાનો રોજ એજ હતો. " સઘળી બેહેનો સાથે બોલી ઉઠી

' હવે ધનમાય ગુજર્યા પછી આએ મકાનમા મારી ઉપર શી આફતો ગુજરી તે તમોને અજાણી નહિ હોવાથાં તે વિષે લબાણ કરવા હુ ચાહતો નથી મને કાંઇક સુજગુજ આગમચથી જણાયલી હોવાથી મે પ્રથમથીજ મારો થોડોક સામાન મારા એક મિત્રને ત્યા લઇ જઇ મુક્યો હતો, જેમાં પેલી મોહોરબધ ઇસ્કોત્રી મુખ્ય હતી, એ ઇસ્કોત્રીને લીધેજ મને આમ કરવું પડયુ હતુ. કદાચ ખાનબહાદુર મને વગર દયાએ દિલપરનાં કપડાં ભાર કહાડી મૂકે તો તે અગત્યનાં દસ્તાવેજો, જે ઉપર મારૂં સઘળુ ભવિષ લટકેલુ હતું. તે એવણનાજ તાબામા રહી જાય, અને મરહુમ ધનમાયે જે ચીજ મને આટલી સંભાળથી સપુરદ કીધેલી તે મારા હાથમાંથી મારી સ્હેજ બેદરકારીને લીધે હું હમેશનો ખોહી બેશુ. એથી, મે ઉપર કહ્યું તેમ, એક મિત્રને ત્યાં થોડાક સામાન જોડે તે ઇસ્કોત્રી પણ આગમચથી છુપાવી મેલી. "

અહીં દાદીબાએ જરા દમ ખાધો અને પછી પાછું ચલાવ્યું. " હવે એક બે અગત્યના ખુલાસા કરી આ નાપસદ બીનાનો છેડો લાવીશુ. ખાનબહાદુરે મને જે દીને કહાડી મુક્યો તેની આગલી રાત્રે મેં બાઇસોરમાં એક સ્વપનો જોયો હતો. જે જાણે એમ કે હું એક સોફાં પર નિદ્રાવશ થયલો છુ, તેટલાં મરહુમ ધનમાય આવી મને એકદમ ઉઠાડેછ, કે દિકરા, દિકરા, ઉઠ ! તારી ઉપર એક કાવત્રું રચાયું છે. જીવ લઇને ન્હાસ—પણ યાદ રાખજે, આખરે ફતેહ તારી છે. જુઓ આ રહી તે સ્વમાની નોંધ. એની નીચે ૧૧

મી એપ્રીલ ૧૮—ની તારીખ નોંધેલી છે. આ સ્વપનુ જોઇ હું એકદમ ચમકીને સજાગૃત થયો. અને જોઉ છુ તો મારી આસપાસ કોઇ હતું નહિ ! એટલુ છતા મને દહેશત ઉપજ્યા વગર રહી નહિ. બીજેજ દીને મારી ઉપર સહવારનાં પોહોરમા ખાનબહાદુરને ખાણામાં ઝેર આપવાની કોશેષ કરવાની બનાવટી તવાઈ આવી. એ પછી શુ થયુ તે તમો જાણો છો. વચ્ચે થોડો ગાળો નાખ્યા પછી હુ એક બીજી બાબદ પર આવીશ, કે જે બાબદમાંબી સ્વપનાંનીજ બીનાં છે. બેહેનો, તમોને યાદ હશે કે જ્યારે મારી નિર્દોષી મરહુમને ખરી રીતે જાહેર થઈ, ત્યારે તમો સઘળી બેહેનો મને બોલાવવા સારૂ હૈદરાબાદ આવ્યા હતાં. તમે આવ્યાં તેની આગલી રાત્રે મે એક બીજું સ્વપનું જોયુ હતુ એ સ્વપનુ એવું હતુ કે અંધારી રાત્રે મને આસમાન પર કોઇ ઉચે લઇ ગયુ, અને ત્યાંથી એકદમ જમીન પર પટકી દીધો. આવી ભયાનક અને અસાધારણ ઉચાઇ પરથી નીચે આવતાં મે જબરી ચીસો પાડી અને હજી તો હુ હવાની વચ્ચે છુ તેટલાં મારી છાતી બેસી ગઇ. તે બેસી જવા આગમચ મને એવી દહેશત પડી કે પૃથ્વી પર પટકાતાંજ હુ તાત્કાળ પ્રાણ છોડી દમશ, પણ મારી બેશુદ્ધિ અને દહેશત ઘણીજ ટુકી હતી. હુ હવામાંથી નીચે આવતો હતો તેજ વખ્તે મારી પીઠ ઉપર એક ફરેસ્તાએ હાથ મુકયો. અને હું જાણે એક વિમાનમા બેસીને ઉતરતો હોઉ એમ મને લાગ્યુ. મારી પીઠ પર તે અજમતી હાથ મૂકાયા બરાબર મારા અગમાં ગરમી આવી ગઇ, અને તમામ બેશુદ્ધિ દૂર થઇ ગઇ. ઉતરતા ઉતરતા તે ફરેસ્તાએ મારા કાનમાં નીચલો અવાજ નાખ્યો: **બેટા, ધીરજ ધર–ઘભરાતો નાં. તારાં સંકટનો છેડો આવ્યો છે. પણ તને જે માંગણી થાય તે સ્વિકારતો નાં.** મે પૂછ્યુ કે તુ કોણ છે ? અધારામાં તને હુ જોઇ શકતો નથી. તેણે જવાબ દીધો કે 'હુ તારી મરનાર માવતરનુ રૂહ છુ, મારી શીખામણ મુજબ ચાલશે તો સુખી થશે' આ જવાબની સાથેજ મારો પગ જમીનને અથડયો અને પેલો ફરેસ્તો ગેબ થઇ ગયો. એકદમ ચમકી ઉઠી જોઉછું તો હુ માત્ર સ્વપનુ જોતો હતો ! હવે વાહાલી બેહેનો તમો ખુલ્લું જોઇ શકશો કે હૈદરાબાદ ખાતેથી તમોને રજીસ કરીને મોકલવાનું મને શુ કારણ હતુ. પણ હજી મને થોડીક બીજી બીના કહેવાની છે, અને તેબી એક ત્રીજા સ્વપનાંને લગતી છે ! જ્યારે તમોને મે પાછાં વાળ્યાં ત્યારે તમો બેહેનોને યાદ હશે કે મુરબી શેઠ મચેરશાહ પર મે તમોને એક જવાબ લખી આપ્યો હતો. એ જવાબ તેવણે મને પ્રથમ તમારી જોડે મોકલેલાં પત્રના પ્રતિ ઉત્તર તરીકે હતો. તેમાં મે બહુજ નમનતાઇથી મરહુમની માંગણીનો અસ્વિકાર કર્યો હતો. એ કાગળ તમો બેહેનોની મારફતથી તેવણને મળ્યા બાદ એક બીજું કાગળ તેવણે મને લખ્યુ હતુ. જે અસલ મારી કને મેં સાચવી રાખેલું છે અને તેની મારે હાથની ઉતારેલી નકલ મારી કને

આ મારી ડાયરીમા સચવાયલી છે." અહા દાદીબાએ તે કાગળ પોતાની બેહેનો આગળ રજુ કીધો. એ કાગળ વાચી તેમા લખેલા કાકલુદ ભર્યા સખુનોથી મારૂં મન પીગળી ગયુ, અને હુ ફરી એકવાર મરહુમનાં આસરામાં આવવા તૈયાર થયો હતો, પણ ખાનબહાદુર પર બહારવણે હુ જવાબ લખવાનો હતો તેની આગલી રાત્રે આપણાં મરહુમ માવતર ધનમાય વળી પાછાં મારા સ્વપણામાં આવ્યાં, અને ચેતાવી ગયાં કે **દિકરા, તેં જે વિચાર ધાર્યો છે તે એકદમ તજી દેજે.** આ ત્રિજું સ્વપણુ તેજ રાત્રે ફરી ફરીથી મે ત્રણવાર જોયું અને સહવારે હું બિછાના પરથી ઉઠયો ત્યારે મારા આગલા વિરૂદ્ધ વિચારોને મે પાછા મારી છાતીમા મક્કમપણે દાખલ થયલા દીઠા. ખાનબહાદુર પર તેજ દીને મે જવાબ લખ્યો અને તેની નકલ મારી પાંસે આએજ ડાયરીમાં લીધેલી છે કે 'મારો ખ્યાલ હવે તમે છોડી દેવો—દુનિયાનાં કોઇબી ખુણામાં હું રહીશ ત્યાંથી તમારાં હજારો હેશાન માટે, દૂરથીબી તમોને રાત દહાડો દુવા દઇશ.' એ પછી મને તેવણ તરફથી કશુ પત્ર મળ્યું ન હતુ. અંકેક કરતાં ત્રણ ત્રણ સ્વપનામાં આપણા નેક માવતરને મે આગાહી કરતાં જોયાં, ત્યારે હું તેવણનાં વિચારોની બહાર જઇ તેવણનાં રૂહને કેમ કમકમાઉં? આટલા ખ્યાલ પર મે મારાં તમામ સુખને આજ સુધી ઠોકડ મારી છે. મારા આ પગલાંથી તમે મને વ્હેમી ગણો કે અસલી વિચારનો ગણો, ડાહ્યો ગણો કે મૂર્ખ ગણો, ગમે તે ગણો—તેમ કરવાને તમો સઘળી બેહેનો મુખત્યાર છો. આ મારી ખરેખરી હકીકત છે અને તે મે તમામ સાચી મનસ્નોથી જીંદગીમા બીજીવાર તમારી આગળ આ જાહેર કરી છે."

"બીજીવાર એટલે?"

"પેહેલીવાર એ બીનાં મે દારાશાહ દાવર આગલ કહી હતી." દાદીબાએ ખુલાશો કીધો. "આજે એ દારાશાહ દાવર વખતનાં ફરવાથી મારી સાથ જોકે ફરી ગયા છે, તોપણ મારી હકીકત સાભળીને તેવણે જે એક અસરકારક વાક્ય મને કહ્યો હતો તે મે ત્યાંજ નોંધી લીધો હતો, કે **તમે તમારાં મરહુમ માવતરની આગાહીને જરૂર માન આપજો, દાદીબા, કદાચ તેજ તમારાં આવતાં ભવિષ્યને ફળદ્રુપ કરશે.** જુઓ આ રહ્યા, તે શબ્દો" અને અહીં દાદીબાએ વળી પાછી ડાયરી ઉઘાડી એક નવી નોંધ રજુ કીધી.

પ્રકરણ ૬૩ મું.

દાદીબાના દસ્તાવેજ વિષે ખાનબહાદુરનો ખુલાસો.

શીરીન તથા તેની બેહેનોને દાદીબાનાં સખુનો પર પૂર એતબાર હતો,

પણ જ્યારે આ દસ્તાવેજી પુરાવાઓ તેમાં ઉમેરાતા ગયા, ત્યારે તેમની અ-ચરતીનો પાર રહ્યો નહિ. દાદીબાનું કામ કેવું ડાવકુ, ચોખ્ખું અને ચોક્સ હતું તેનો થોડો ખ્યાલ તો તેણીઓનો હતોજ, પણ આજનાં ઉપલા ખુલાશાએ તેમને તે ખ્યાલોનુ ખરૂ રૂપ નિરતર દેખાડી આપ્યું.

"હવે એક ફરજમાંથી હુ આજે મને તમામ મોકળો થયલો જોઉંછુ." દાદીબાએ પાછુ ચલાવ્યું "વ્હાલી બેહેનો, ઉપલો ખુલાશો જાણ્યા પછી પેલી મોહોરબંધ ઇસ્કોત્રી આજે ઉઘાડવામાં હવે હુ ખોટા નથી એમ તમે મારાં મત સાથ મળતાં થશો એવી આશા રાખુછુ"

"બેશક હવે તમે આપણાં માયજીની વશિયતમાંથી મુક્ત થયા છો, દાદીબા." વડી બેહેન શીરીન બોલી અને તેને સઘળી બેહેનોએ એકામતિથી ટેકો આપ્યો.

ત્યારે તમો સઘળી બેહેનોની સંમતિથી હુ આજેજ તે ઇસ્કોત્રી ઉઘા-ડવા ચાહુંછું. મેહેરબાંની કરી મને તેમાં મદદ કરશો. શીરીન બેહેન તમે મારી ટ્રંક ઉઘાડી તેને તળિયે જમણા હાથ તરફ મૂકેલુ બાંધેલું બડળ ટેબલ પર લાવો, અને બેહેન પીરોજા, તમે એક કાતર લાવો."

દાદીબાની ફરમાશ બન્ને બેહેનોએ ઉલટથી ઉંચકી લીધી. શીરીને દા-દીબાની એક મોટી ટ્રેવેલીંગ ટ્રંક ઉઘાડી, મળેલી નીશાની મુજબ તે તે ભેદ ભરેલો કીમતી દાગીનો ખેંછી કાઢી ટેબલ પર લાવી મેલ્યો. મીન કવરમાં તે પેક કરેલો હતો. અને તેની ઉપર લાખનાં સીલ દાબેલાં હતાં

આ એ ઉપરનુ કવર મુસાફરીમા વરસાદથી ભીજાવા પામે નહિં એ-ટલાં માટે મારે હાથનુ કીધેલુ છે અને તે ઉપરનાં સીલ પણ મ દાબેલાં છે. એમ કહી દાદીબાએ તેની દોરી પર કાપ મેલ્યો. શીરીને તે કવર કાઢી ટેબ-લની નીચે નાખ્યું. હવે તે દાગીનો એક રેશમી રૂમાલમાં બાંધેલો હતો.

તે રૂમાલનાં ગાઠ દાદીબાએ શીરીન પાસ છોડાવ્યા, અને રૂમાલ કોણ-નો છે તે ઓળખવા કહ્યું. તે ઉપર મરહુમ ધનમાયના નામના પેહેલા ત્રણ અક્ષરો D. M. M. પાડેલા હતા.

"રૂમાલ માયજીનો છે."

બરાબર કહ્યું. એ તેવણની મારી કને સૌથી છેલ્લી યાદ છે. જ્યારે મેં તેવણની કબટનાં ચોરખાનાંમાંથી તેવણનાં ફરમાવ્યા મુજબ આએ ઈસ્કોત્રી બાહાર કાઢી ત્યારે તેને બાંધવા સારૂ તે દિને પોતે જે રૂમાલ વાપરતા હતા તે મને આપ્યો હતો. મે એ વ્હાલી ઇધાણી હજી એમજ જાળવી રાખેલી છે શીરીન બેહેન, તમે માનશો ? જે ગાઠ હમણાં તમે છોડયાં છે, તે તેવણ-નાજ બખ્તાવર હાથે બાંધેલાં હતાં, અને તેથી મે એ ઇસ્કોત્રી તમારે હાથે ઉઘડાવી છે."

અંદર એક બીજો રૂમાલ બાંધેલો હતો તે ઇસ્કોત્રી જોડેનો અસલ રૂમાલ હતો. આ રૂમાલનાં ગાંઠ શીરીને છોડયા ત્યારે એક પેક કરેલું પારસલ ઉપરાંત સીલ કરેલુ એક જૂદુ કાગળ નજર પડયાં.

"બાવાજીના અક્ષર છે" શીરીને તે કાગળ દાદીબાના હાથમાં આપતા અક્ષર ઝટ ઓળખીને કહ્યુ.

કાગળ પર "દિકરા દાદીબાને માટે ખાસ" એટલા શબ્દો લખેલા હતા, તે કાગળના સીલ સંભાળથી તપાસી તે બરાબર જણાયાથી તેણે તે ઉખેલ્યુ. તેમાં મથાળે મોટા અક્ષરે નીચે મુજબ લખેલુ હતુ —

આએ કાગળ દાદીબાએ એકલાએ વાંચવુ

"બેહેનો, આએ કાગળમાં શુ બીના છે તે તમોને હુ જણાવી શકીશ નહિ શરૂઆતમાજ મરહુમે લખ્યુ છે કે 'આએ કાગળ દાદીબાએ એકલાએ વાચવુ.' જુઓ આ રહ્યા તે વાક્ય." દાદીબાએ કાગળનુ મથાળું દેખાડી કહ્યુ.

"કાઇ ફિકર નહિ, ભાઇ, જે બીના અમોને જણાવવા લાયક નહિ હોય તે સુખેથી તમે ખાનગી રાખવી." શીરીન, પુતના વગેરે સાથે બોલી ઉઠયા. "અમે તમારા વિચારની બહાર નથી."

દાદીબા પોતે તે કાગળ આખો વાંચી ગયો. મરહુમની ખાહેશ મુજબ તેણે પોતાની બેહેનોથી તે છુપો રાખ્યો, પણ વાંચનારની જાણને માટે તે સદાબરો અત્રે નોંધી લીધો છે.—

[સખત ખાનગી.]

મારા વ્હાલા દિકરા દાદીબા—

આએ કાગજ તુ વાંચશે ત્યારે ઘણુ કરીને મારી હૈયાતી ખતમ થયલી હશે દાદીબા, તુ મારો પોતાનો દિકરો નથી. તારો બાપ મારા કરતા મોટી— ઘણી વધારે મોટી—પદ્વિનો માણસ છે. કદાચ આએ કાગજ તું વાંચશે ત્યારે તારા માથેથી તારૂ હકદાર છત્તર ઉડી ગયલુ હશે. મેં અને મારી વ્હાલી મોહોરદારે તને પ્યારથી પાળ્યો ખરો, પણ તેનું કારણ એ છે કે ખુદાની સઘળી બક્ષસ છતા અમારે ત્યાં એક બેટાની વૃદ્ધિ ન હતી એવા વખતમા તુ જેવો એક ગુલે ગુલાબ દિકરો અમોને અચાનક મળી જવાથી અમે તુને અમારા આશરામા લઈ પેટના બચ્ચા મિસાલ પાળ્યો છે. મારી જવાન વયમાં મને મુસાફરી કરવાનો અતિ શોખ હોવાથી હુ દેશે દેશ ફરતો હતો. પ્રથમ હુ ચાર જૂદી જૂદી મુસાફરીમા યૂરોપ, અમેરિકા, જાપાન અને ચીનની શફર મારી આવ્યો, પણ દૂરના દેશ જોઇને આપણો પોતાનો હિંદુસ્તાન ન જોવો એ જોયલી જગ્યાઓમાં અપૂર્ણતા છે, એમ માની હું હિંદને પ્રવાસે નીકળ્યો.

અત્રે એ પ્રવાસ જોડે કશી નીસ્બત ન હોવાથી ટુંકમાં જણાવીશ કે શેહેરે શેહેર ફરતો ફરતો હુ કાઠિયાવાડનાં રાજકોટ શેહેરમાં જઇ લાગ્યો અહીંનાં જે મુસાફર બંગલામાં હું ઉતરેલો હતો, ત્યાં એક બુઢ્ઢી આયા તેની જવાન બેટી અને તે આયાની સભાળમાં સોંપવામાં આવેલું એક ન્હાનું ભુલકુ સર્વે કોઇની નજર ખેંચતા હતાં. મારી મુસાફરીને લગતી એક ચોપડી કાઢવાનો મારો વિચાર હોવાથી હું કોઇ કોઇ શેહેરમાં પાંચ પંદર દિવસ વધૂ રહીને તરતની જોયલી ચીજોની નોધ તાજી યાદ્દાસ્તે ટપકાવી લેતો હતો. તે મુજબ મેં રાજકોટમા એકાન્ત જગ્યા જોઇ પંદર દહાડા તેડી પાડી સઘળુ લખી કાઢવાનો વિચાર કીધો આ વખ્તે તે મુસાફર બંગલામા હુ પેલી આયા તેની જવાન બેટી અને સભાળમા રહેતુ ન્હાનુ ખુબસુરત બાળક એ શિવાય બીજા કોઇ ઉતારૂ ત્યા હતા નહિ પ્રથમ પરપૂછ કરતાં ખબર મળી કે આ બચ્ચું કોઇ યુરોપિયન લેડીનુ છે, જેની તદરોસ્તી ઠીક નહિ ચાલવાથી રાજકોટ હવા ખાવા મોકલવાના આવ્યુ હતુ ! રાજકોટ જેવાં કાઠિયાવાડનાં એક મધ્યસ્થાનમાં હવા ખાવા (') એક યુરોપિયન બાળકને મોકલવામા આવે એ બનેજ નહિં. પેહેલીજ અટકળે મને તે રૂચ્યુ નહિ. તોપણ તુરત વેળા મે ચુનાચરા કીધી નહિં. કાહીક નિશાનીઓ પરથી મને લાગ્યુ કે જયા છે ત્યા એ કોઇ પારસીનુ ફરજદ છે. મને ચટપટ થવાથી એક દહાડે પેલી બુઢીયા પોતાંની બેટીની સંભાળમા તે બાળકને સોપી પોતે બજારમા ગઇ તેટલા મે તે જવાન અબળાની અચાનક મુલાકાત લઇ ચોખો ચાપી જોયો તે જવાન સ્ત્રીથી પેહેલાજ જવાબમા ભરમમા અરધુ બોલાઈ ગયુ કે " એ પારસીકા લડકા—" પણ તુરત તેણીએ જબાન ફેરવી નાખી કે " એ બચ્ચા એક મેમસાબકા હય ! " મને ભેદ પાયો ખરો પણ મારા કમનસીબની એક બીજી કહાણી ત્યાં બની. હુ તે જવાન સ્ત્રીનો ભેદ લેવા ગયો પણ મારો ભેદ સામો આપતો આવ્યો. તે જવાન મહોમેદન સ્ત્રી એક ગરીબ બુઢિયાનુ ફરજંદ છતાં ખુબસુરતી અને જવાનીમાં એવી ખીલી આવેલી હતી કે જયારે તેણી " એ બચ્ચા એક મેમસાબકા હય " એમ બોલતી હતી ત્યારે મારાં કલેજામા તેની મોહબતે અંગાર સળગાવી ! તેનુ ઉછળતુ હોશાન જોઇ મે મારૂ ભાન ખોહી દીધુ. બુઢિયા આવે તે આગમચ મેં તેને મારો પ્યાર જાહેર કીધો પણ તેણીએ તે ધીક્કારી કાઢયો. આજે વૃદ્ધાવસ્થામાં આ સઘળુ લખતાં મને કેવી શરમ પેદા થાય છે તે હુ દર્શાવી શકતો નથી. પણ મારાં નસીબમાં એવો કલક માથે હોરવાનું લખેલુજ હશે, ત્યાં બીજો ઇલાજ શો ? પારસી અબળાને મા–બેહેન સમાન ગણનાર અને પરણેલી પ્રીયાને સદા વફાદાર રહેનાર છતાં હું તે અભાગિયે ચોઘડિયે એવા ફાંસમાં ફસી પડયો. તુરત વેળા મે બે ચાર દિવસ આ બાબદની નાખ્તી કરી પણ મારૂં ચિત્ત હવે મારા તાબામાં હતું નહિં. અંતે મે લાગ જોઇ પેલી

બુઢિયાને એકલી મારી કને બોલાવી અને ધીમે ધીમે સિફતથી વાત છેડી. મારી હાલતથી તેને વાકેફ કીધો. પ્રથમ તો બુઢિયાએ મને મચક આપી નહિં, પણ જ્યારે મેં બહુ પુઠ લીધી અને મોટી રકમની લાલચ બતાવી ત્યારે બે સરતે તેણી રાજી થઇ. એક સરત એ કે મેં તેની બેટી જોડે મુસલમીન રાહ રસમ મુજબ નેકા કરવા, અને બીજી સરત એ કે નેકા કરવા છતાં તે તેની બેટીને પોતાની નજરથી દૂર જવા દેશે નહિં. હું જવાન મુર્જ્યનનાં પ્યારમાં એવો આંધળો બની ગયો હતો કે મેં એ પહાડ જેવી કઠણ સરતો આંખ મીચીને કબૂલ કીધી હું નેકા કરવા ખુશી થયોછું, એમ જાણી મુર્જ્યન પણ ખુશી થઇ. તુરત અમે એક કાજીને બોલાવી નેકા કીધા. અને પ્રથમ હું ત્યાં પંદર દિવસ રહેવાનો હતો તેને બદલે ત્રણ મહિના રહ્યો. પરંતુ તે નવી પણ નામોશી ભરેલુ જીંદગીનું સુખ મારા નસીબમા ટુકુજ લખેલું હતુ એક દહાડે મધરાતે મુર્જ્યનને સર્પ કરડવાથી એક કલાકની વચ્ચે જોતાં જોતાંમાં તેણી મરણ પામી તે વખતનાં મારા વિચારો મુજબ મને તેનાં અકાળ મોતથી ઘણુ લાગ્યું, જેમાં બુઢ્ઢી ફાતમાં તો પૂરી ગગડી ગઇ. પણ કુદરતને હજી એક બીજો રંગ ભજવાનો હતો, જેથી મુર્જ્યન મરણ પામ્યા પછી વચ્ચે સાત આઠ દિવસ નહિ ગયા તેટલા ફાતમાને કાલેરા લાગુ પડયો હુ ઘબરાઇ ગયો. ડાકટરની મદદ લીધી, પણ કેસ વધારે ગભીર બનતો ગયો. અને પોતાની અજલ આવી લાગેલી જોઇ તે બુઢિયાએ મને પોતાની પાસે બોલાવ્યો, અને કસમ આપી મારે માથે એક ફરજ મૂકી. એ ફરજ પેલા ખુબસુરત બાળક વિષે હતી. તેણુ તે બાળક મારા હાથમા આપ્યુ. અને જણાવ્યુ કે એ એક મોટી પદ્વિનાં દરજજેદાર પારસી ગૃહસ્થનુ ફરજંદ છે, પણ તેણે કીધેલાં લગ્ન ચોક્કસ કારણોસર છૂપાં રાખવાનાં હોવાથી અને એ ફરજંદની મા અત્રે રાજકોટમાંજ કોલેરાથી મરણ પામવાથી તે મારી સભાળમાં તેને સોંપી ગયો હતો. દર માસે એક મોટી રકમ એ બચ્ચાંની પરવરશી સારૂ તેને મળતી હતી, પણ તેણી જાણતી ન હતી કે તે ગૃહસ્થ ખરેખરો રહીશ ક્યાંનો હતો. પોતાની સ્ત્રીની હૈયાતીમાં પણ તે મહીને પંદર દહાડે એક વેળા આવતો હતો. એ રીતે અધૂરો ખુલાસો આપી દસ્તાવેજને લગતી એક પેટી મારે સ્વાધીન કીધી કે એમાં આએ ન્હાનાં બાળકને લગતી સઘળી સપૂર્ણ વિગત છે. એટલુજ નહિ, પણ તે ગૃહસ્થનાં કેહવા મુજબ એમાં એક છૂપી ચાંપવાળી હુનરમદ વીંટી છે જેમાં એ બાળકનું ખરૂ નામ-ઠામ લખેલું છે. મને સોંપવામાં આવેલી પેટી મોહોરબંધ હતી, એ પેટી એવીજ હાલતમાં સભાળથી રાખવાને મને તેણે જણાવ્યુ હતું. તથા અરજ કીધી હતી કે મેં રાજકોટમાં એક આખો મહિનો રહેવું, અને જ્યારે તે ગૃહસ્થ આવે ત્યારે તેને આ બાળક સપુરદ કરવું. અગર જો ખુદા ન કરે ને એ ગૃહસ્થ પાછો ન આવે તો એ બા-

ળકને મારાં પોતાનાં બચ્ચાં મિસાલ પાળવું, અને જ્યારે તે મોટું થાય ત્યારે ખરી બનેલી સઘળી વિગતો તેને જાહેર કરવી. જેમાં મુજૈયન સાથનાં મારાં લગ્નની વાત પણ ખરેખરી રીતે ખુલ્લી કરવાને તેણે મને તાકીદ કીધી હતી બુઢિયા પછી મરી ગઇ. તેની યોગ્ય ગતી–સતી કરાવ્યા પછી હું રાજકોટમાં એક મહિનો રહ્યો. પણ પેલો ગૃહસ્થ આવ્યો નહિ. આજે આવશે–કાલે આવશે, એમ બીજો મહિનો પસાર થયો. પણ તે મહિનામાંબી તે આવી ન પુગવાથી હું હવે મારી મુસાફ્રરી સમાપ્ત કરીને બાળકને લેઇ એકદમ માઇસોર ઉપડી ગયો. માઇસોરમાં જ્યારે મારી ધણીઆણીએ તે ગુલેગુલાબ ફરજંદને જેયુ ત્યારે તેની આખમા તે એવુ ખુંચી બેઠુ કે એક ઘડી તેને વીહલુ મેળની નહિં. એ ફરજંદ કોણનુ હતું અને કેમ મળ્યુ તે વિષે તેણીએ કરેલી આતુર પરપુછ પછી મે તે વ્હાલી મોહોરદારને વિશ્વાષમાં લઇ જે જે બીનાં રાજકોટમાં બની હતી તે તમામ ખરેખરી કહી દીધી, કારણ કે હવે મારાં તે નામોશી ભરેલાં પગલાં વિષે હુ પસ્તાતો હતો. મને ખરાં દિલથી પસ્તાવો કરતો જોઈ મારી મોહોરદારે મને કશો ઠપકો આપ્યો નહિ. ઓરબી મારી કમનસીબ સરજત પર તેણીએ દયા દેખાડી, અને તે ગુલાબ બેટાની સોબતમાં ખુશખુશ થઇ ગઇ. હમે ઘરમા તથા ખેશીઓમાં જાહેર કીધુ કે તે ફરજંદ ધનની બેહેનનુ હતુ અને તેને અમે પોતાનુ કરી લીધુ હતુ. એ રીતે તે બનાવ પર કશી ચર્ચા થઇ નહિ. મને લાગેલી એકજ નામોશીની શરમને લીધે મે એ બીનાં તારાથી છુપાવી છે, પણ મારી પાછળ તને અંજાણ્યો રાખવા હું ચાહતો નથી તેથી ખરી મનસ્નીથી આએ ખરો ખુલાશો લખ્યો છે. કહેવાની કશી અગત્ય નથી કે તે ગુલે ગુલાબ બેટો તે તું અમારો વહાલો વારસ દાદીબા પોતે છે. આએ કાગળ વાંચી તરત તેનો નાશ કરજે અને તું, તારી માય કે હું, એ ત્રણ શિવાય કોઈ ચોથુ એ કગાળ ભેદ જાણવા નહિ પામે તેની સંભાળ રાખજે.

લા૦ મંનચેરશાહ.

પ્રકરણ ૬૪ મું.

ખાનબહાદુરનો ખુલાસો દાદીબાએ "ખાનગી" રાખ્યો. મરનારની ખાહેશને માન આપી તેણે તે બીના પોતાની બેહેનોની જાણમાં આવવા દીધી નહિં. દાદીબાએ કાગળ વાંચી રહી કહ્યું કે "બેહેસ્તીની ખાહેશ મુજબ તેવણુનો આ ખાનગી ખુલાસો સદાનો ખાનગી રાખવાની મારી ફરજ છે. એમાં

મરનારનો એક ભેદ સમાયલો છે, અને તે ભેદ સાથ મને આડકતરો સંબંધ હોવાથી મારી જાણ માટે તેવણ આ લેખ લખી ગયા છે. એ બીનાં જોડે તમો બેહેનોને કશી નીસબત નથી. શીરીન બેહેન, જરા માચીસ લાવો, અને આ કાગળનો એકદમ નાશ કરવાની મને ફરજ નાખેલી છે. તે અચૂક રીતે બજા લાવવામાં મને મદદ કરો."

શીરીને માચીસની દાબડી લાવી આપતાં દાદીબાએ તે કાગળ સર્વ સમક્ષ સળગાવી મેલ્યું. એકાદ–બે સેકડમાં તે ગુપ્ત લેખ બળીને ખાખ થઈ ગયો તેની કશો કાપલીઓ સાબુત રહેવા નથી પામી એમ ખાત્રી કીધા પછી દાદીબાએ હવે પેલી હાથીદાતની ઈસ્કોત્રી પર ધ્યાન આપ્યુ

"મારી વરસોની ઉમેદ સફળ થવાનો વખત હવે આવી પુગો છે." દાદીબા હરખાયલાં હૈડાથી બોલ્યો, અને તે કીમતી દાગીનાના સીલ સલામત છે કે નહિ તે તપાસવા લાગ્યા. તે સીલ સ્પષ્ટ અને સાબુત હતા. આખા દાગીના પર નજદીક દોઢ દજન સીલ હતા. અને તે ઉપર A B. B. એમ ત્રણ ઇંગ્રેજી અક્ષરો છપાયા હતા. દાદીબાએ સઘળા સીલો ધ્યાનથી તપાસી તે સલામત જોઈ લીધાં. આ બેદો A. B. B માં સઘળા ભેદ–ભરમની કુચી હતી.

દાદીબાએ, ઘણા ખરાં સીલ સાબુત રહે એવી રીતે, ધીરજથી તે પેક કરેલુ પારસલ ઉખેલ્યુ. ઉપરનુ કપડુ નીકળી જતા માંહેથી એક કુચી મળી, જે લઇ તેણે તે ઈસ્કોત્રી ઉઘાડી. ઉપરજ એક સાદા અનવેલપેપર મોટા અક્ષરે નીચે મુજબ લખેલુ હતું—

પરવરદેગાર તારો બેલી થાય—દિકરા, ધ્યાનથી અને ધીરજથી આ દસ્તાવેજો વાંચજે. તારે સારૂ મે કેટલી બધી રંજ ખેંચીને આ સઘળું કીધું છે તે મારો જીવજ જાણે છે.

દાદીબાએ તે પરબીડુ ઉચકી બાજુએ મેલ્યુ

એજ વખ્તે તેની નજર એક રેશમી રૂમાલ વીંટાળેલાં એક પેકેટ પર પડી. તેણે તે રૂમાલનો ગાંઠ છોડયા તો અંદરથી કેટલાંક કીમતી ઓચરિયાંઓ નીકળી પડયાં. એક જાડા પરબીડાં પર નીચે મુજબ લખેલુ હતું – "**દિકરા, આ દસ્તાવેજ પેહેલાં વાંચજે.**"

બાકીનાં ઓચરિયાંઓ બાજુએ મેલી દાદીબાએ તે પરબીડુ ઉખેલ્યું. તેમાં નીચે મુજબ હતું. તેણે તે કાગળ શીરીનનાં હાથમાં આપી સઘળાં સાંભળે તેમ તે વાંચવા ફરમાવ્યું. શીરીને નીચે મુજબ વાંચ્યું:—

મારા વ્હાલા દિકરા,

જે વખતે આ લેખ હું લખુછુ તે વખતે તું એક ગુલેગુલાબ ગલગોટા જેવો કોમળ અને પ્રીય બાળક હતો. જ્યારે તું આ વાંચશે ત્યારે કદાચ દાઢી–મૂછવાળો જવાનિયો હશે. તારો જન્મ એક એવાં ભેદ ભર્યાં વળાંને આભારી

છે કે આ લેખ વાંચવા આગમચ તું તારી ઉત્પતિ વિષે કાંઈ હલકો વિચાર પણ ધરાવતો હશે, પણ આ દસ્તાવેજની શુરૂઆતમાંજ હું તને જણાવી દે-વાની જરૂર સમજાંછુ કે તુ એક કુળવાન ખાનદાનનું હકદાર ફરજદ છે, અને મોટી દોલત-મીલકતનો વારસ છે. સુરતવાળા જાણીતા અકાબર શેઠ બરજોરજી બહાદુરશાહ તારા બપાવા થાય છે, અને તેવણનો બેટો અરદેસર બરજોરજી બ-હાદુરશાહ તારો ખરો અને હકદાર બાપ છુ. એક ચીજ અચાનક જાણવી એ તે જાણનારને માટે ખરેખરી નવી નવાઈ છે; અને તે મુજબ તુ મારા વ્હાલા વારસને આ અચાનક ખુશ ખબર એક સુભાગ્ય ઘડીના સુભાગ્ય જોગ જેવી થઈ પડશે. તારો જન્મ છૂપો રાખવાનાં મને શુ શુ કારણો હતાં તે તને જ-ણાવવાની જરૂર છે. મારા બાપ બરજોરજી બહાદુરશાહનો હું એક પૂરો વારસ હતો. મારા બાપ બરજોરજી બહાદુરશાહ બહુ ગરમ મિજાજનાં અને એક મ-મતના હતા. જે સખુન તેવણને મોહડેથી નીકળે તે તેવણ પાળ્યા વગર રહેજ નહિ એવી એઓમા ખોડ હતી. મારી જવાન વયમાં હુ વારવાર મારા મિત્રો જોડે મોજ મારવાને નવસારી ઉતરી પડતો હતો. ત્યાં અમો એક ગરીબ જર-થોસ્તીના ઘરમાં ઉતારો લેતા હતા, અને મારા બાપીકા પૈસાથી મન ગમતી મોજ મારી સુરત પાછા ફરતા હતા. આખાં વર્ષમાં નવસારી ખાતે મારી ત્રણ ચાર ફેરી થતી હતી. જે ઘરમા અમો ઉતારો લેતા હતા તે ઘરનો માલેક એક બુઝર્ગ હમદીન હતો તેને પેટે એક ચેહેરે નમુન છોકરી હતી. એ છો-કરી ખુબસુરતીનો નમુનો (Tipe of Beauty) હતી. મારી જવાનીમા મે એવી ખુબસુરત કુમારિકા કદી જોઈ ન હતી. જ્યારે અમો નવસારી જતા ત્યારે મુફલેશ બાપની તે મનમોહન બેટી અમારી ખાતરદારી કરવામા ગોથા હરોફાઇ કરતી હતી. જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ તેણી જોડેની મારી ઓળખાંણ વધતી ગઈ રફતે રફતે હુ એકલો નવસારી જવા લાગ્યો, અને તેનાં પરિણામમા અમોને એકમેક જોડે પ્રીતિ બાઝી. એ મામલો દર દહાડે એટલો વધતો ચાલ્યો કે મેં એક લાગ જોઇને તેણીનાં બાપ પાસે તેણીના હાથની માંગણી કીધી, જે માંગણી સ્વિકારવાને તે બુઝર્ગ અહસ્થે પેહેલાં ચોખ્ખી નાં પાડી. તેમ કરવાનો સબબ પૂછતાં તેવણે જણાવ્યુ કે “ મારા જેવા એક ગરીબની છોકરીને તમારો બાપ પોતાની વહુ તરીકે ક-બૂલ કરે એમ માનવુજ મુર્ખાઇ ભરેલુ છે. સુરતવાસી બહાદુરશાહવાળાઓ પો-તાનાં ખાનદાન માટે અતિ મગરૂર અને તુમાખી છે. તેઓ મારી ગરીબ બે-ટીને પોતામાં ભેળાયલી જોવાને કદી રાજી થાય નહિ, અને તમારૂ જોડું સદાનું દુખી થઈ પડે.” આ જવાબથી હુ ખેદ પામી સુરત ગયો. વચ્ચે મે થોડી મુદત જવા દીધી અને ફરી એકવાર નવસારી જઇ તે જઇફ જરથોસ્તીને સમ-જાવ્યા કે તેવણની ખુબસુરત બેટીનાં હાથનો હુ જીગર જાનથી ખરીદદાર છુ.

તેણીને હુ કેટલો ચાહતો હતો તે મે તેવણને ખાત્રીપૂર્વક સમજાવ્યુ અને જ્યારે તેવણે જાણ્યુ કે મારીજ મીસાલ તેવણની બેટી મને પણ ચાહવા શીખી છે, ત્યારે તેવણ કાઇક રાજી થયા. તેવણ એમ ધારતા હતા કે હુ મારાં મા-બાપની રાજી ખુશીથી આ કામ કરવા માગુછુ, પણ મામલો તો જૂદોજ હતો. મારા બાપ બરજોરજી બહાદુરશાહ મારી તરફ બહુ કરડા હતા. તેવણે પોતાની હૈયાતીમાં વીલ કરી મેલ્યુ હતું કે મારો વારસ અરદેશર બહાદુરશાહ મારી મરજી વિરૂદ્ધની બાયડી જોડે પરણે તો મારા વારસામાંથી તે રદ બાતેલ છે. બરજોરજી બહાદુરશાહે આમ વીલ કરવાનું કારણ એ હતુ કે તેવણ મને પોતાના ભાઇ બાપુજી બહાદુરશાહની બેટી બાઇઆઈ જોડે પરણાવવા ઇચ્છતા હતા, પણ હું એ પસંદગીની સખ્ત વિરૂદ્ધ હતો. બાઇઆઇ મનેગમતી ન હતી, જેથી મે તેણીને પરણવાની ચોખ્ખી નાં પાડી હતી; મારી ના મરજી જોઇને મારા બાપ મમતી થયા. તેવણે મને ભપકો આપવા માટે ઉપર મુજબ વીલ કીધુ પણ મે તે વીલની દરકાર કીધી નહિ. મારા બાપ પોતાના મિત્રો આગળ મને સદાનો રડવડતો અને રખડતો કરવાની ધમકી દેખાડતા હતા. પણ તેવણે તે ધમકી કોઇ દહાડે અમલમાં મેલી ન હતી. એવા ગરમાં ગરમીનાં વખતમાં હુ નવસારીમાં મારી ધન પર મોહિત પડવાથી મારી તે વખતની હાલત કેવી બારીક હશે તેનો તુ બહાલા વારસને ધીરજથી ધ્યાન પુગાડતાં ખ્યાલ આવશે. જો તે ઉસ્કેરાયલા સમામાં બરજોરજી બહાદુરશાહ આગળ હુ મારી નવસારીની નવી ઉમેદવારી રજુ કરૂ તો હુ ખાત્રીથી માનુછુ કે મને તેવણ જીવતો ને જીવતો ફાડી ખાય ' કાઈ નહિ તો હું તેજ પળથી દુનિયામાં રવડતો અને રખડતો થાત એમા તો કાઇજ શક ન હતો. મારી અંદરખાનેની આ હાલત મે મારી ધનનાં બુઝર્ગ પિતા આગળ વિગતવાર બ્યાન કીધી અને નમનતાઇથી અરજ ગુજારી કે " અમારા છૂપાં લગ્ન કરી આપી અમોને સુખી કરવા." આ અરજ ગુજારી પર મારી ધનની મીનતગુજારીએ બેવડી અસર ઉપજાવવાથી તેવણ રાજી થયા. મે આ ફત્તેહથી ખુશી થઇને મારા બે વિશ્વાસુ મિત્રોને મારા વિશ્વાસમાં લીધા અને આ પાક કામમાં તેમની મદદ ચાહી તે બન્ને દિલોજાન દોસ્તો મારી મદદે એક સખુને તૈયાર થયા. અમો સઘળી તૈયારી કરી સુરતથી છુપાછૂપ મોજ મારવાને બહાને નવસારી ગયા. અને આગમચથી રાખેલી ગોઠવણ મુજબ ત્યાં બે મોબેદો હાજર હતા તેઓએ તેજ ઘરમાં બીજે દીને આશિર્વાદ નાખી અમારૂં જોડુ જોડી આપ્યું. મારા બન્ને મિત્રો અમારા શાક્ષી દાખલ કામે લાગ્યા અને હું મારી ધારેલી મુરાદે પોંહોંચ્યાથી ખુશ ખુશ થઈ જઈ તે બારે હકતાલાનાં હજારો હજાર હેશાન માનવા લાગ્યો. આ સઘળુ મને એક અતિ આકળા સ્વભાવનાં બાપનાં સખ્ત તાપ તથા ત્રાસને ખાતર કરવું પડયું. લગ્નની બહારવણેજ હું નવસારીથી સુરત

આવ્યો અને જોઇને ખુશી થયો કે ત્યાં સઘળું સમાધાન હતું—મારા પિતાને કે કોઇને કશી ખબર થઈ ન હતી ! લગ્નની વારેવાર આવે તેટલાં હુ પાછો નવસારી ગયો, અને લગ્ન કરતા લગ્નની વારેવાર ઘણી ધામધૂમથી પાળી. મારી ઉપર ફીદા ફીદા થઈ ગઈ, અને અમો અરસપરસનુ સંસાર સુખ ઘણા ઉલ્લાસથી ભોગવવા લાગ્યાં. નવસારી ખાતે મહિનામાં બે ત્રણ ફેરા મારા થવા લાગ્યાથી મારાં કુટુંબીઓ માંહેલાં કેટલાંકોને જરા શક ઉપજ્યો, કે "અરદેસરને નવસારી નગરી એટલી પ્યારી શા સબબથી થઈ પડી છે, પણ હુ તેઓને ઉડાવતો કે" સુરત અને સચીન કરતાં નવસારીની દિલખુશ આબો–હવા મારી પ્રકૃતિને ઠીક માફક આવતી હોવાથી હું તે તરફ વારંવાર ખેંચાતો હતો ! વળી નવસારી ખાતે મારી ધનની મુલાકાતે વારવાર જવાનું મને સવલ થઈ પડવાનુ એક મુખ્ય સાધણ એ થઈ પડયુ, કે મારા પિતા બરજોરજી બહાદુરશાહ તબિયતનાં સુધારા સારૂ મુબાઇ રહેવા ગયા હતા. અને મારાં તથા મારી ધનનાં સારાં નસીબે ત્યાંનાં ડાક્ટરોએ નઝદીક દોઢ વર્ષ સૂધી તેવણને મુંબાઇમાંજ રહેવાની સલાહ આપ્યા કીધાથી આ તરફ મને મારા સંસાર–સુખમાં સઘળી રીતની બેફિકરાઈ હતી ! મારાં લગ્ન પછી એક વર્ષે મારી ધને મને એક ગોલાબ જેવા ખુબસુરત બેટાની ભેટ કીધી. એ બેટો તે કોઇજ નહિં પણ મારા વ્હાલા દિકરા, તુજ હતો તારા જન્મથી હું હરખાઈ ગયો, અને બહાદુરશાહની બોહળો દોલતનાં ભવિષ્યના વારસ તરીકે મેં તેને મોતીથી વધાવી લીધો. તારી માતા મને વારવાર પુછતી કે "અદી, મને સુરત લઈ જઇને તમારી હકદાર પરબેતર તરીકે તમે કયારે રજુ કરશો ?" એનો જવાબ મને તરેહવાર મિલ્લા બાહના બતાવીને આપવા જતાં તે ભોળી પણ ભલી અબલાને વાહવી પડતી હતી. બહાદુરશાહનાં ખાનદાનની વડી વહુ તરીકે લોકોમા પોતાને જાહેર કરવાની એ વાહલીને એટલી ઉમેદ અને ઉલટ હતી કે તેવી કોઈ બીજી મોટી ઉમેદ તેનાં ભલાં અંતકરણમાં વાશો કરતી હતી નહિં. અફસોસ ! કે તે પ્રાણપ્રીયાની તે ઉમેદ બર આવવા પામી નહિં. મારા બાપ બરજોરજી બહાદુરશાહની હૈયાતી હોય ત્યાં સુધી હું મારા લગ્ન છુપાવવા ચાહતો હતો, કારણ કે તેમાં મને લાભ હતો. પોતાની એક હટ, અને એક મમતને લીધે એ મમતી પિતા મને ઘડીની વચ્ચે સદાનો રવડતો ને રખડતો કરી મેલે એમ હતું વાસ્તે એ બીનાં તેવણની છેલ્લી ઘડી સૂધી અધારામાં રહે તો ભવિષ્યમાં સુખી થઇશ એવા "ખ્યાલમાં હું રમતો હતો. પણ માણસ ધારેછે શું? અને ખુદા કરે છે શુ ?" મારી ઉપર તે ભલી મોહોરદારને એટલો વિશ્વાસ હતો કે જ્યારે હું તેણીને મારા પિતાની હૈયાતી સૂધી જાહેરમાં રજુ નહિ કરી શકવાની મારી અશક્તી બતાવી કહેતો કે "ઢાંખરો ધપે તો તાહરો દહાડો ઉઘડે" ત્યારે તે ફરેસ્તાઈ ખસલતની નેક બાનુ સુગાઇ ઉઠી. "એમ નાં બો-

લોરે—એમ નાં બોલોરે ' " એમ કહી સાંમી મારા પિતાને " લાંબી જીદગી " અને " કાયમ આવરદા " ઇચ્છતી હતી ' તેણીએ એવી વાતચીતને અંતે ઘણીવાર બોલેલી મને યાદ છે કે " કાંઈ નહિ, વાહલા અદી, એક કરતાં દશ વરસ હુ તમારા હોકમને તાબે રહી છુપી રહીશ. પણ મારાં સુખને ખાતર મારા ઉંભરૂ સસરાજીનુ કદી બુરૂં ઇચ્છીશ નહિ. તેવણ આપણે માથે પોતાની જીદગી કરતાં પાચ પદર વરસ વધુ જીવે એ મારી ખરી મનશનીની દુવા છે." કેવી અશરાફ ! કેવી ધીરજવાળી ! કેવી કદરદાન ! દિકરા, એવી એક અમીરી ખવાશની બાનુંને પેટે તે જન્મ લીધેલો છે, વાસ્તે તેણી તરફ તું હમેશાં માનની નજરથી જોજે. અને નવસારીમાં પડયો પાંથર્યો ઘરમાં જોવાથી તથા અદરનો ભેદ જાહેર નહિ આવવાથી મારી ધન ગામની નિદાનો ભોગ થઈ પડી, પણ તે તેણીએ સબુરીથી સહન કીધું. અમો નિદાખોર જીભલીઓનો ખોરાક થઈ પડયાં, કે જે છાતી આખના આંધળાંઓ નજરે જોઇનેજ નહિ, કાંને સાંભળીનેજ નહિ, પણ માત્ર મનની કલ્પનાથી વ્હેમાયાં હતાં ! દુનિયામાં આજે એવાં વ્હેમીનાં બારદાનોનો તોટો નથી કે જેઓ કેક નિર્દોષ નર–નારીઓને નાહક નિદાને તેમનાં પાપનો ભાર ઓછો કરે છે. પોતાની બેટીની આમ નિદા થવા લાગ્યાથી મારા સસરાને ખરાબ લાગ્યુ, જેથી નવસારી છોડી જવાનો તેણે વિચાર કીધો. મને પણ તે વિચાર રૂચવાથી તેવણ પોતાની બેટીને લઈ રાજકોટ તરફ ઉતરી પરયા. અફસોસ ! એ રાજકોટ મારી મીઠ્ઠી મોહોરદારની મટ્ટી પડવાનુ મથક થઇ પડયુ. એ વખ્તે વ્હાલા દિકરા, તુ તે એક ફુલ બચ્ચુ હતો. મે તારૂ નામ રૂસ્તમ પાડયુ હતુ. તારે માટે તથા તારી માતાને માટે સુરતથી હુ વારવાર રાજકોટ આવતો અને તમો વાહલાંઓને મળી ભેટી મારી તરસેલી આંખ્યો ટાઢી કરી પાછો સુરત જતો. એ રીતે બે—ત્રણ ફેરા થયા નહિં તેટલાં મારી અસીલ મોહોરદાર અને તારી માયાળુ માવતરના મોતે સિતાબી કીધી. એક દહાડે મારી ધનને એકાએક કૉલેરા લાગુ પડયો, અને તે બિચારી મને મળ્યા—ભેટયા વગર હઝારો ઉમેદ ભરેલી મરણ પામી. મરવા આગમચ તેણે મને એક ન્હાનુ કાગળ લખ્યું હતું, જે હજી મારી તીજોરીમાં એક દસ્તાવેજ પેઠે મે જાળવી રાખેલુ છે. એ કાગળમાં તેણી પોતે પોતાની મુરાદે પુગવા નહિ પામી, તે વિષે દિલગીરી દેખાડતી નથી. પણ પોતા પાછળ પોતાના વ્હાલા ફરજંદનું શુ થશે, તેની તેણીએ બારે ચિતા દેખાડી મને કાકલૂદીથી અરજ કરી છે કે મારી માફક મારૂં નિર્દોષ બાળક પણ સદાનુ રવડી જવા નહિ પામે એમ કરવું. એ ફરજંદને ખરા હકદાર ફરજંદ તરીકે દુનિયામાં રજુ કરી તેને તેનો ખરો હક અપાવવાની મારી ઉપર તેણે ફરજ મૂકી હતી. એક દહાડે મધરાતે મારી ધનનાં ગુજરવાનો તાર મને સચીનમાં અચાનક મળતાંજ હું મોટા ધભરાટ અને

અસહ્ય દુઃખ વચ્ચે તુર્તાતુર્ત રાજકોટ ઉપડી ગયો, કે જ્યાં જઈ પુગવા આગમચ બિચારી તે નેકનામ અબળા સદાની ભોંય—ભંડાર થઈ ચૂકેલી હતી! મારા સસરાને પોતાના એક પૂરા ફરજંદની એવી કમનસીબ સરજતથી ઘણું દુઃખ ઉપજ્યું જેથી તેણે એકદમ આપઘાત કરી મને પૂરો રવડાવી નાખ્યો. મારી ચારો બાજુએ મુશ્કેલી, સંકટ, આફત અને વિઘ્નનાં વાદળોને મજબૂતીથી ફરી વળેલાં જોઇ હું ગભરાઈ ગયો. હવે તું મારા વ્હાલા ગુલે ગુલાબનું શું કરવુ; અને તને કોણની માયાળુ સંભાળમાં સોંપવો, એ મારે માટે એક મોટો અને મુશ્કેલ સવાલ થઈ પડયો. મારો પરતંત્ર હાલતને લીધે તને સુરત લઇ જવાનુ પાલવે એમ ન હતુ. કારણ કે તને ત્યાં લઇ જાઉં તો "આ કોણનુ ફરજદ?" એવો સવાલ થતા તેનો જવાબ હુ શુ આપી શકુ? એ વખતની મારી હાલત કેવી બારીક હતી તે ખુદાને ખબર છે. તારી માવજત માટે તારા જન્મથી મે ફાતમા નામે એક મુસલમીન બુઢિયાને તારી સેવામાં રાખી હતી. એ બુઢી દાયા બહુ વિશ્વાસુ છે. એ દાયા પર તારી મરનાર માતાને પણ ભરોસો હતો, એ સઘળું જોઇને મેં તેની મદદ માંગી, તેનો જે પગાર હતો તે કરતા બેવડો પગાર કરીને મે તારો હવાલો તેને સોંપ્યો. એ શિવાય બીજો ઉપાય મારા હાથમા હતોજ નહિ, તે વખ્તે મારા દુઃખી દિલની દુખવાયલી લાગણી કેવી જલતી અને પ્રજલતી હશે તે હુ લખી શકતો નથી. કોઇને કાંઈ શક નહિ પડે એટલા માટે બીજી કાંઇ ગોઠવણ કરૂં તેટલા ફાતમાનાં હવાલામા તને સોપી હુ એકદમ રાજકોટથી સુરત આવ્યો. અહીં હુ એક જૂદોજ માણસ થઇ પડયો. મારી ધનને ખોહવા પછી મને તેના જવાન મોતનો જાલેમ જખમ એવો જબરદસ્ત લાગ્યો કે મે મોજ મજાહ, ખાવુ, પીવુ, ફરવુ, હરવું, પેહેરવું, ઓઢવું, સઘળું તરક કરી દીધુ. અને તે ભલી મોહોરદારનાં છૂપા ગમમાં દહાડે દહાડે ગળાવા લાગ્યો. મારી હાલત એવી હતી કે હુ કિયાં મોટાં દુઃખ તળે દબાઇ મરતો હતો તે મારાથી કોઇ આગળ જાહેર પણ કરી શકાતું ન હતુ. આજ સુધી મારો ભેદ ગુપ્ત રહેવા પામેલો હોવાથી તેમાંજ મારી શોભા હતી, અને હજીબી તે ગુપ્તજ રહે એવુ હુ જોવા ઇચ્છતો હતો. હું દર પખવાડીયે જૂદે જૂદે મથકે જવાનું બહાનું કાઢી રાજકોટ ઉતરી પડતો. અને તું મારા ગુલે ગુલાબ દિકરાને પેટ—પાસામાં ચાંપીને મારાં દુઃખી દિલને થોડો સધ્યારો આપતો. રાજકોટ આવવામાં પ્રથમ મને ઉલટ છૂટતી હતી, પણ તારી માતાના મરણ પછી મને એ શેહેર ઝેર જેવું થઇ લાગ્યું હતું— માત્ર તારી તરફના મારા અખડ પ્યારને લીધેજ મને અહીં પગ મેલવો પડતો હતો. એક મોટી રકમ તારા નાદાન જીવની જાળવણી કાજે ફાતમાંને હું દર મહિને આપતો હતો. ફાતમા તારી ઉપર જાન કાઢી આપતી હતી. તેની જોડે તેની મુજૈયન નામની એક છોકરી પણ રાજકોટમાં સાથે વસતી હતી.

એક દહાડે સુરતમાં મેં સ્વપનો જોયો કે જાણે હુ મરવા સુતો છું. અને મારા પિતા–માતા તથા સર્વે ખેશીઓ મારી છેલ્લી ઘડી પર આંજુ ખેરવે છે. એજ સ્વપનામાં મે બીજુ એ જોયું કે મને મરતાં મરતાં પસ્તાવો થાય છે કે રાજકોટમા જે વ્હાલો વારસ એક જુદદીન ખુઢિયાના વિશ્વાષમાં સોંપેલો છે, તેને સારૂ મે કાંઈ કીધુ નથી મને એક છુપા અવાજે જાણે ચેતવણી આપી કે અરદેશર, જો તુ એજ હાલતમાં મરી જાય તો તારા ના વારસ રૂસ્તમનુ શું થાય? તે બચારો દુનિયામાં રખડી નહિ રહે? વાસ્તે તેનો પેહલાં વિચાર કર!" આટલુ સાંભળુ છુ તેટલા એક અવાજ થયો, અને મારી આંખ્યો ઉઘડી ગઈ. મે જોયુ કે એ તો માત્ર એક સ્વપનું હતું, પણ તે સાદાં સ્વપનાએ મારા મગજ પર એટલી બધી અમર કીધી કે મે તેને તેજ ઘડીએ ઠરાવ કીધો કે આવતી સહવારે મારૂ વીલ કરવુ તથા તું મારા વ્હાલા વારસને ભવિષ્યની ઓળખને માટે અગત્યના દસ્તાવેજો ખુઢિયા ફાતમાનાં તાબામા આપી રાખવા મે વિચાર કીધો કે "કોણ જાણે – કાલ કેવી છે? હુ જો વગર વીલ–વશિયતે મરી જાઉં તો મારો રૂસ્તમ રખડી નહીં રહે?" હુ સ્વપનાઓ પર ઝાઝો ઇતબાર રાખતો નથી, પણ આ સ્વપનાએ તો મારી ઉપર કાંઇ તલેસમાતી અસર કીધી. મે તે અસર ઠડી પડી જાયતે આગમચ આગે ઇસ્કોત્રી માહેલા દસ્તાવેજો તૈયાર કરી સભાળથી એમાં મુકીને તે તારી વિશ્વાસુ આયા ફાતમાના સ્વાધીનમાં સોપ્યા છે. ખોદા તારો બેલી થાય, મારા દિકરા, મારા બાવા બરજોરજી બાહાદુરશાહની હૈયાતી સૂધી હુ તને જાહેરમા લાવી શકીશ નહી. તેવણ પછી જ્યારે હુ સ્વતત્ર થઇશ ત્યારે મારૂ પેહેલુ કામ તુ વ્હાલા વારસને જાહેર રીતે રજુ કરવાનુ જાણજે. આ દસ્તાવેજો તને ક્યારે સપુરદ કરવા તે વિષે મે ફાતમાને વીગતવાર કહેલુ છે, વાસ્તે આ કાગળમાં તે હકીકત લખાવવા ચાહાતો નથી. ટુંકમાં એટલુંજ કે તુ એક ખાનદાની ફરજદ છે—તું એક હકદાર વારસ છે—અને તને તારા હક વખતસર કુદરત પોતે અપાવશે. જો મારા પિતાની આગમચ (તારી મરનાર માતાની સરજત મુજબ) હું મરી જાઉં તો આ દસ્તાવેજો તું કોણ છે, કોણનો વારસ છે, અને તારો ક્યાં હક પૂગે છે, તે સઘળુ તને આપ મેળે દેખાડી આપશે.

આ કાગળ બંધ કરતાં જણાવવાની જરૂર છે કે આ માંહેલા સઘળા દસ્તાવેજો તારા ઉપયોગનાં છે, માટે તે તે સંભાળીને રાખવા. આ દસ્તાવેજ વાંચ્યા પછી હું હૈયાત છુ કે નહિ, તેની પાકી તપાસ કરજે. અને જો હૈયાત છું એમ જણાય તો પોતાને જાહેર પાડવા સારૂ તેં જરાએ ચુનોચરા કરવી નહિં. કારણ કે મારા પિતા બરજોરજી બહાદુરશાહની હૈયાતી સૂધી હું તને આવકાર આપી શકીશ નહિ. મારી જીદગીમાં મારા પિતાની હૈયાતી ખતમ થવાની સરજત હશે, તો તારી તરફની મારી ફરજ હુંજ બજા લાવીશ, માટે

એ વિષે તેં કશી કાળજી કરવી નહિં, જો મારી હૈયાતી તને ચોક્કસ ખતમ થયલીજ જણાય તો બેલાશક આ દસ્તાવેજો લઈ તે મારા બાપની સમક્ષ હાજર થવું. તેવણ ગમે એવા ગરમ મિજાજના હશે પણ એક બપાવા તરીકે પોતાની ફરજ બજાવવાને (મારાં મરણ પછી) ચૂકશે નહીં.

કદાચ એવુંબી બને કે હું અને મારા બાવા એ બન્નેની હૈયાતી ખતમ થઈ જાય, અને હવે પછીના મારા કોઇ વારસ (તારા ભાઈ) આગળ તારો દાવો સાબુત કરવાનો તને જોગ આવે—કારણ કે મને પરણાવવાની મારા પિતાની જબરી જુંબેશ મારી પાછળ ચાલુજ છે--જો તેમ થાય તો આ દસ્તાવેજ તથા એની જોડેના બીજા લેખ—પત્રો તે તે હૈયાત વારસને બતાવી તેની ખાત્રી કરવી કે અરદેસર બહાદુરશાહનો વડો વારસ હું છુ. આ લખ્યાથી હૂ ખુલ્લુ જણાઉ છુ કે મારી પાછળ મારી જે કાંઇ દોલત કે મીલકત હોય તેનો (હવે પછી ભવિષ્યમાં જન્મ લેનારો) કોઇ વારસ હોય તો તે વારસ જોડે તુ સરખે હિસ્સે ભાગીદાર છે, અને તેવુ કોઈ નહિ હોય તો કુલે અસકયામતનો તુ એકલો માલેક છે, એ વિષે હું મારાં વીલમા ઘટતુ કરીશ. એટલુજ નહિ, પણ મારે ત્યા ભવિષ્યમાં કોઇ બીજો બેટો પેદા થશે તો વીલમા તે મુજબનો સુધારો કરીશ આ બાબતમાં તેં તમામ નચીંત રહેવું. જે એકજ ચીજ તારે તપાસવાની છે, તે એ છે કે મારી અને મારા પિતાની હૈયાતી દરમ્યાન તેં કદી જાહેરમાં આવવું નહિં—ફક્ત ત્યારેજ જાહેર થવુ કે જ્યારે તુ સાબુત રીતે મારી જીંદગી આ જેહાનથી ખતમ થયલી જાણી શકે —એ શિવાય બીજાં કશાં પગલાં તેં ભરવાં નહિં. ખુદા તારો નિગ્હેબાન થશે; અને વખત પોતાનું કામ બજાવશે.

હુ છુ તારો વ્હાલો પિતા,

અરદેસર બરજોરજી બહાદુરશાહ.

સુરત, તા. ૨૨ મી ડીસેમબર ૧૮—

પ્રકરણ ૬૫ મું.

—×:×—

બહાદુરશાહનો "રૂસ્તમ !"

શીરીન આ કાગળ વાંચી રહી. ત્યારે દાદીબાની આંખ આગળથી એક પડદો ઉચકાઇ ગયો હતો. હવે તે પોતે કોણ હતો તેની ખુલ્લી સમજ પડી. તેણે શું જોયું ? જે જેહાંગીર બાહાદુરશાહને તે પોતાને કટ્ટો વેરી ગણતો હતો તે તો તેનો સગો ભાઈ નીકળ્યો ! જે આઇમાય બહાદુરશાહ એકવાર

તેની જોડે પરણુવા તૈયાર થઇ હતી, તે તો તેની સગી બેહેન નીકળી ! કુદરતનો આ કેવો ભેદ ! કિસમતની આ કેવી કરામત ! સરજતનો આ કેવો સંજોગ !

વાંચનારને અહીં "દુઃખી દાદીબા"ની વાર્તાનું સપર પેહેલું પ્રકરણ યાદ આપવાની જરૂર છે, કે જેમાં સુરતના અકાબર અરદેસર બહાદુરશાહ મરવા સુતા છે, અને મરતી વેળા પોતાની જવાન જીદગીનાં એક અગત્યના સફાની હકીકત શેઠાણી રતનબાઈ તથા દિકરા જેહાંગીર આગળ રજુ કરી, તેમને માથે પોતાની આગલી બાયડી ધનબાઇને પેટનાં રૂસ્તમ નામના વારસને શોધી કાઢી પોતાની દોલતમાંથી સરખો હિસ્સો આપવાની નસિયત કરે છે. આ રૂસ્તમને તે કોઇજ નહિ પણ આપણો (આજ સુધીનો) દુઃખી દાદીબા હતો, એમ વાંચનારને હવે કહેવું પડશે નહિ

"હુ બહાદુરશાહનાં માતબર ખાનદાનનો વારસ? અરદેસર બહાદુરશાહનો બેટા? શેઠાણી રતનબાઈ મારાં સાવકાં માય? એ સઘળુ હુ શુ જોઉ છું? કુદરત! કુદરત! તારા માર્મિક ભેદોને અદના આદમ જાત કયાથી પ્હોંચી શકે!" દાદી ચકિત થઇ વમાસણુ કરવા પડયો. "જે દસ્તાવેજો મે જીવની માફક જાળવી રાખ્યા; તેજ દસ્તાવેજોએ બેવફા પરીનનાં બાબમાં મારો ઘાણ વાળ્યો, એમ પણુ કહી શકાય. જો એ અજવાળુ મને આગમચથી જણાયુ હોત તો પરીનને હું બોહી બેસત નહિ—પણુ કીસ્મતનાં લેખ ટળતા નથી."

દાદીબાનાં ઉચા ખાનદાન તથા મોટી દોલત માટે તેની બેહેનો તેને મુબારકબાદી પર મુબારકબાદી આપવા લાગી. તેણે તે માટે સઘળી બેહેનોને દિલસોજ શબ્દોમાં આભાર સ્વિકાર્યો, પણુ એ વખ્તે તેનાં ખ્યાલો બીજી તરફ હતા. હવે તેને ખુલ્લી સમજ પડી કે હુ પાછળથી ફાતમાના એકાએક નીપજેલાં મરણે, ખાનબહાદુરનાં હવાલામાં જઇ પડવાથી મારા પિતાને મારી ખોળ મુશ્કેલ થઇ પડી હોય, અથવા તો પોતાનો દિકરો કરી રાખવાની ઉમેદમાં ખાનબહાદુર અને તેવણુનાં ધણીઆણી ધનમાયે મને જાહેર થવા દીધો નહિ હોય; ગમે તે હોય, પણુ મારા પિતાનો દસ્તાવેજ, અને ખાનબહાદુરનો દસ્તાવેજ, અકેકનાં અધૂરાં વળાં આપ મેળે જોડી આપે છે. અને એમાં બનાવટનું ખોટું તત્વ કશું નથી." પ્રથમ આ વિચાર મનમાં ગોખ્યા પછી દાદીબાએ તેનો અગત્ય જોગો ટુંક સાર પોતાની બેહેનોને કહી સભળાવ્યો, જેને તેઓએ પણુ ટેકો આપ્યો.

"જેહાંગીરનો હરીફ્તો હું હતોજ પણુ ભાગિયોબી છું. એમ આ દસ્તાવેજ પરથી મેં આજેજ જાણ્યું!" દાદીબા બોલ્યો. ઓ ખુદા! તું મુજીઓને કેવો મુગો તમાચો મારે છે! જેહાંગીરને સ્વપણે આ .વાત નહિં હોય કે જેનાં સંસાર સુખનું નખોદવાળી તે પોતે 'સુખી' થયો છે; તેજ જવાન તેની બોચી પકડવાને માલેકની મદદથી સામર્થવાન થયો છે! મારા પિતાએ રા-

ખેલી વકી પાછળથી ખરી પડેલી હોવી જોઇએ, અને તેઓ બીજીવાર શેઠાણી રતનબાઇ જોડે પરણેલા હોવા જોઇએ, જેમને પેટ જેહાંગીર અને આઇમાય જનમ્યાં. એ રીતે ત્યારે હું બહાદુરશાહની અરધી દોલતનો વારસ છુ. જેણે મારાં સસાર સુખમાં સદાની ધૂળ છાંટી; તેને દોલતની રેલ છેલમાં રચેલો મચેલો હુ હવે કદી રેહેવા દેનાર નથી. મારો બાપીકો હિસ્સો હુ તેની ફેટ પકડીને લઇશ. ખુદાએ હવે મને કાંઈ નાગો–ભુખો રાખેલો નથી. હુ ચાહુ તો ખાનબહાદુરની ન્હાની દોલત મને બિશિયાર છે, પણ હુ મારી બાપીકી બેશુમાર દોલતને હું શા માટે જતી મેલુ? અને તેબી જેહાંગીર જેવા એક હરીફનાં હાથમાં?—નાં, તેમ હુ કદી બનવા દઇશ નહિ.

જો દાદીબાની જગ્યા પર વાંચનાર પોતે હોય તો કદી એમ કહી નહિ શકે કે તેનાં ઉપલા વિચારો ખોટા હતા. પોતાનો બાપીકો હક મેળવવાને કોણને ઉમેદ નહિ હોય! અને તેબી એક હરીફ ગણાતા હાલમાંથી હક મેળવવાનુ કોણ પસદ નહિ કરે? વળી દાદીબાને પોતાના ઉચ્ચ કૂળની સાબેતીઓ માટે પણ પોતાનો હક પૂરવાર કરવાની જરૂર હતી. વળી દાદીબાનો જે હક પૂરવાર કરાવવા માટે દાદીબાની મરહુમ માતાએ મરતી વેળા પોતાના ખાવિંદને એક ન્હાના લેખથી પોતાની ખાહેશ જણાવેલી તથા જે હકને મજબૂત કરવા માટે અરદેસર બહાદુરશાહે રજ ખેચીને આ દસ્તાવેજો ફાતમાને સ્વાધીન કરવાની દુર અદેશી વાપરેલી, તે હકને માટે દાદીબા જેહાંગીરથી ડરી કે હારી ખાઇને દબી જાય? એ શુ બનવાજોગ હતું?—કદી નહિં. જેહાંગીર જેવા સો જબર જસ્ત હરીફોને પૂગી વળવાની દાદીબામા હિમત હતી, અને તે હિમતમાં ખાનબહાદુરની દોલતનુ જોર ઉમેરાવાથી તેને બે ઘડી કુમક મળી હતી.

પ્રીય વાંચક! ઇનસાનનો દહાડો ફરવાનો હોય છે ત્યારે એક લ્હેઝામાં ફરે છે. ગૂજરાતીમાં એક કહેવત છે કે "પુરૂષનું નસીબ પાંદડાં તળે" તે નિઃસશય સાચી વાત છે. જ્યારે દાદીબા ગરીબ હતો ત્યારે તેની ચારે બાજુએ મુસ્કેલી, આફત, રજ અને હલાકી તેને હણુસેલા મારતી હતી. જ્યારે દાદીબાનું નસીબ ખુલ્યું ત્યારે આજે દોલત પર દોલતના દરગ તેનાં માથાં પર વરસી રહ્યા છે! "માણુસનાં સઘળા દિવસ સરખા નથી" એ કેહેણી દાદીબાનાં દાખલામાં નિરતર સત્યાસત્ય ઠરે છે.

શીરીને વાંચેલો દાદીબાના પિતાનો પત્ર દાદીબાએ પાછો ઠાવો તેનાં અસલ કવરમાં મેલી પેલાં બીજા અગત્યનાં ઓચરિયાંઓપર ધ્યાન આપ્યુ, તેને એક બધ પરબીકું મલ્યું, જે ઉપર લખેલું **દિકરા રૂસ્તમ જોગ–કાગળ નંબર ૨** એમ લખેલુ હતું.

"દિકરા રૂસ્તમ જોગ–" વાળું તે એનવેલપ હકદાર રૂસ્તમે (આપણા દાદીબાએ) ઝટ ઉખેલી શીરીનનાં હાથમાં આપ્યું· શીરીને તે મોટે સાદે

નીચે મુજબ વાંચ્યું.

મારા વ્હાલા દિકરા રૂસ્તમ.

આ કાગળ તા. ૨૨ મી ડીસેમ્બર સુરતમાં લખેલા પેલા લંબાણ દસ્તાવેજ પછીનુ જાણજે. તારી મરનાર માતા ધનબાઇને મે લગ્નને દહાડે કેટલાક દાગીના કીધા હતા, જે એ બિચારીનાં કમનસીબ અંત પછી પાછા મારા હાથમાં આવવા પામ્યા છે. એ દાગીનાઓમાં રૂ. ૪૦૦૦) ની કીમતની મોતીની એક માળા પણ હતી, જે તારી વ્હાલી માવતરની વ્હાલી યાદ તરીકે આ સાથે તને ભેટ કરૂછું. આ કીમતી દાગીનો જીવની માફક જાળવી રાખજે. જે ઈસ્કોત્રીમાંથી આ દસ્તાવેજ તને મળે તેની જમણી તરફનાં ખુણામાં એક ચોર વકોરો છે. એ વકોરાને તળીયામાં એક છૂપી ચાંપ છે. તે ચાંપ ઉપરથી બેમાલુમ છે, પણ હાથની સૌથી ન્હાની આગળી આજુબાજુએ લગાર દબાણ આપીને ફેરવશે તો એકદમ ખુલી આવશે. એ ચોર વકોરામાં મજકુર મોતીની માળા તારે સારૂ મૂકેલી છે. તે તારી મરનાર ભલી માતાની એક વ્હાલી યાદગારી તરીકે તારી પાંસે જાળવી રાખજે.

હું છુ, તારો વ્હાલો પિતા,

અ૦ બ૦ બહાદુરશાહ.

સુરત, તા૦ ૩૧ મી માર્ચ ૧૮—

કાગળ પૂરૂ થતાંજ દાદીબાએ તે ઇસ્કોત્રીનાં જમણા ખૂણાના નીચેના ભાગમા લગાર દબાણ આપીને આગળી ફેરવી, જે ફરતા સર્વની અજાયબી વચ્ચે એક કમાણદાર ચોર વકોરો ઉઘડી આવ્યો. તેમા એક કસબી કોથળી મૂકેલી હતી. તે બાહેર કાઢી અંદર તપાસતા માહેથી પેલી મોતીની માળા આબાદ મળી આવી!

તે આબરૂદાર મોતી આંખને હડી વળગે એવાં હતાં. તે આખી માળામાં ૭ સર હતી, અને અેકક મોતી બોરનાં ઠળિયા જેવડુ મોટું હતુ. દાદીબાએ તે વ્હાલી વસ્તુ એકદમ પોતાની આખમાં દાબી તે માયાળુ માવતરની યાદમા ગમનું એક આજું ખેરવ્યુ. સુરતનાં કોઈ કાબેલ કીસ્બીને હાથ તે માળા બધાવેલી હોવાથી દાદીબાના હાથમાં આવવા પામી ત્યાં સૂધી તે જેવીને તેવી રહેવા પામી હતી.

તે મોતીની માળાએ મૂગે મોહડે બહાદુરશાહની બોહળી દોલતનો સઘળી બેહેનોને ખ્યાલ આપ્યો. પોતાની જનેતા માવતરની આવી એક યાદગાર આજ પોતાને હાથ આવવાથી દાદીબાને અત્યંત હરખ ઉપજ્યો

“ બેહેનો, તમારાં માવતર ધનબાઇનું નામ મને આજ સૂધી જેટલું વ્હાલું હતું તેટલું બીજું કોઈ ન હતું.” દાદીબા બોલ્યો, “ તેમાં આજથી એ પનોતું પુજ્ય નામ મને બેવડુ અને ચોવડુ વ્હાલું થઇ પડશે કે મારાં જણેતા

માવતર પણ એજ મુબારક નામ ધરાવતાં હતાં. ખુદા એ બન્ને અશોબાનું-ઓના રૂહને અમર શાંતિ બક્ષો એજ મારૂં ચાહવું છે."

એમ બોલી દાદીબાએ એક બીજું મોટું એનવેલપ હાથમાં લીધુ. એ એનવેલપનાં ઉપલાં પડ પર નીચે મુજબ લખેલુ હતુ:—**દિકરા રૂસ્તમ, આએ કવરમાં તારાં જન્મ આપનાર માત–પિતાની તસ્વીર છે.** દાદીબા આ લીટી વાંચી એટલો ખુશી થઈ ગયો કે તેનાં હાથ ધ્રુજવા લાગ્યા, પોતાના મા બાપના વ્હાલા ચેહેરા જોવાને કિયુ સદગુણી ફરજદ ઉમંગી નહિ બને? તેણે તે સીલ કરેલુ પરબીડુ એકદમ ઉખેલી અંદરથી કેબીનેટ સાઈઝની એક તસ્વીર ખેંચી કાઢી.

આ તસ્વીરમાં દાદીબાના મા–બાપનો એક ભેગો ગ્રૃપ હતો. તેનાં બાપ અરદેશર બહાદુરશાહ ખરેખર એક બહાદુર સિંહ જેવાં કદાવર કદના હતા. અને એક અમીરી દેખાવના ખાનદાની ગ્રહસ્થનો ખ્યાલ આપતા બેઠા હતા, જ્યારે તેવણુની પડોશમાં તેવણુની ખુબસુરત મોહોરદાર–દાદીબાની જણેતા માવતર–સાદા અને સ્વચ્છ પોશાકમાં બિરાજેલાં હતાં. તે સદગુણી બાનુંના ચેહેરાની પ્રભાજ કહી આપતી હતી કે તે કોઇ અતિ શક અને નમ્ર ખવાસની ખુબીવંતી બાનુ હોય. દાદીબાએ તે તસ્વીરને જોતાં વાર તસ્વીર પર વાંકો વળી બન્ને મુરબ્બીઓનાં પગ પર પોતાનુ મસ્તક મેળી પ્રીતથી ચુંબન કર્યું, જેમ કરતા સુખ અને દુ:ખના ભેગાં આંજુઓ તેના ગોરા ગાલ પરથી મોતી મીસાલ સર સર સરી પડયા!

"માય! માયજી! મારાં માય! મારાં જણેતા માવતર! મારા વ્હાલા સરતાજ!" દાદીબા તસ્વીરને એકી નજરે જોતા જોતા ભરાયલી છાતીથી મનમાં બરબડયો. "તમોને અને મારા માયાળુ મેહેરબાન મુરબી પિતાજીને નજરે જોવાની તક તો મને મળીજ નહિં, પણ આ કાગળના ટુકડા પર હુન્નરની મદદથી ઉતારેલુ હસ્ત–કૃત ચિત્ર, જોવાને આજે હું ભાગ્યશાળી થયો તે બદલ તે બારે હકતાલાનો જેટલો ઉપકાર માનું એટલો થોડો છે."

દાદીબાએ તે તસ્વીર પર ખાસ્સો એક કલાક લીધો. તેણે બીજા દસ્તાવેજો વાંચવાનુ બાજુએ રહેવા દઇ પોતાના મુરબ્બીઓની છબી ધારી ધારીને જોઇ. જ્યાં સુધી તે આ કામથી પરવાર્યો નહિં ત્યાં સુધી તેની આંખો સુકાઇ નહિં.

અંતે શીરીને ડહાપણુ વાપરી દાદીબાનું મન તે તસ્વીર પર બીજી બાબદ પર ખેંચ્યું. "દાદીબા, તમારૂં ખરૂ નામ રૂસ્તમ નીકળ્યુ છે, પણ અમે તો બા દાદીબાજ કહેવાનાં જો!"

"તમોને જે ગમે એ નામે મને બોલાવજો, બેહેન" દાદીબાએ તસ્વીર પરથી ધ્યાંન ખશાડી લગાર હસ્તુ મોહડું કરી જવાબ વાળ્યો. "હવે

આપણે બીજા દસ્તાવેજો તપાસીએ."

દાદીબાએ તે તસ્વીર ટેબલ પર પોતાની સામે એક સુંદર ચીનાઈ ફ્લાવર વાઝ હતુ તેને ટેકવીને મેલી.

"હવે પેલુ મોટું લાંબુ બ્લુ પરબીડુ દેખાય છે તે બહાર કહાડો" દાદીબાએ શીરીનને કહ્યું. શીરીને તે તુરત ખેંચી કાઢયુ અને કહ્યું. "એની ઉપર કાંઈ લખેલુ છે."

"શુ છે—વાંચો જોઇએ?"

શીરીને નીચે મુજબ વાંચ્યુ:—**અમારાં લગ્નનો દસ્તાવેજ.**

"શુકર ખુદાનાં!" દાદીબા ખુશી થયો." આ એક બહુ કીમતી અને અગત્યનો દસ્તાવેજ છે. જો જેહાંગીર બહાદુરશાહ મને અરદેશર બહાદુરશાહનાં વડા વારસ તરીકે માનવાને નાં પાડે—આટલા બધા હસ્તલેખો છતાં ના પાડે તો આ લગ્નનો દસ્તાવેજ તેને એકદમ ચૂપ કરી નાંખશે. આ દસ્તાવેજ આ ઇસ્કોત્રીમાં મૂકવામાં મારા મુરબી પિતાજીએ મોટી દૂરઅદેશી વાપરી."

દાદીબાએ તે દસ્તાવેજ તપાસ્યો વકી મુજબ તે અરદેસર બહાદુરશાહ અને ધનબાઇના હકદાર લગ્નનુ સત્તાવાર રેજીસ્ટર–પત્રક હતું. તે પત્રક જોડે એક જાડો કાર્ડ રંગીન દોરીથી બાંધી લીધો હતો, જે ઉપર મરનાર અરદેસર બહાદુરશાહને હાથનો નીચે મુજબ લેખ હતો—

> **અમારાં લગ્ન છૂપાં થયલાં હોવાથી, પાંચે દહાડે લગ્નની સચ્ચાઈ બાબે અથવા અમારાં ફરજંદોનાં હક બાબે શક ઉભો થાય તો તે વખ્તે અમારાં વારસોને કામ લાગે એવા હેતુથી જે નોંધ નવસારિનાં રેજીસ્ત્રારનાં દફતરમાં નોંધાઈ છે, તેની એક બીજી અસલ અમે કરાવી લઇ આ સાથે જોડી છે. એ દસ્તાવેજ પર થયલી સહીઓ ખુદ અસલ ધણીઓનાં પોતાનાં જાતી હસ્તાક્ષરની જાણવી.—લી૦ અરદેસર બરજોરજી બહાદુરશાહ, દસ્તક ખુદ.**

દાદીબાને આ અગત્યની નોંધ તથા લગ્નનો દસ્તાવેજ અકસર કરીને પસંદ આવ્યાં. એ દસ્તાવેજ તેણે અતિ ઉપયોગી ગણ્યો. હવે દાદીબા વાળી ઈસ્કોત્રીમાં બાકીનાં ત્રણ પરબીડાં તપાસવાનાં રહ્યાં હતાં. તેણે તે માહેલું એક એનવેલોપ ઉખેલી શીરીનને વાંચવા આપ્યુ. તેમાં નીચે મુંજબ લખેલું હતું:—

મારા વ્હાલા દિકરા રૂસ્તમ,

આ કાગળ સાથે રૂ. ૧૦,૦૦૦ ની નોટ ડાબી તરફનાં ચોરવકેરામાં મૂકેલી છે. તે એવા ખ્યાલથી આ ઇસ્કોત્રીમાં મૂકી છે કે જો ભવિષ્યમાં મારો કોઇ બીજો વારસ હોય, અને તે વખ્તે મારી હૈયાતી ન હોવાથી તારો હક

સ્વિકારવા નાં પાડે, તો આ ન્હાની રકમ કાયદાસર પગલાં ભરવા સારૂ મૂકેલી છે. એ રકમ મેં તને બક્ષીસ આપેલી છે. એનો તું જેમ ગમે તેમ ઉપયોગ કરજે.

હુ છું, તારો વ્હાલો પિતા,

અ૦ બ૦ બહાદુરશાહ.

"કેવા માયાળુ બાપ! કેવા દુરઅંદેશ પિતા! ઓ ખુદા! એવાં મેહેરબાંન છત્તરને તે મારે માથે મારી જીંદગીના થોડાક વર્ષ પણ કાયમ કાં નહિ રાખ્યુ?" દાદીબાથી તે ભલા પિતાના ભલા ગુણોની તારીફ કીધા વિના રહેવાયુ નહિ. "મારાં જેવા એક કમીના જીવની એ મેહેરબાન મુરબીએ કેટલી બધી કાળજી કીધી છે, તે આ એક પછી એક મળતી જીવતી જામીનગીરીઓ દેખાડી આપે છે,"

કાગળમાં આપેલી નિશાની મુજબ દાદીબાએ ડાબી તરફના ચોરવકોરાની ચાપ દાબતાં તે ઉઘડી ગયો. તેમાં તેના મરનાર બાપે મૂકેલી રૂ. ૧૦,૦૦૦ ની હજાર હજારવાળી દશ નોટ સાબુત મળી આવી. દાદીબાએ તે રકમ તપાસી પાછી તેમાજ મેલી ચોરવકોરો બંધ કરી એક બીજું કાગળ ઉખેલ્યુ. તેમા શીરીને નીચે મુજબ વાંચ્યુ

મારા વ્હાલા દિકરા રૂસ્તમ.

આ ઇસ્કોત્રીનાં તળિયામાં એક ઘણુંજ ન્હાનું ચોરખાનુ છે. તેમાં એક વીંટી મૂકેલી છે, જે વીંટી બીજી વાટીઓ ભેગી તારી મરનાર માતાને લગ્નને દહાડે મેં પેહેરાવી હતી. આ વીંટી દેખાવમા સાદી છે, જે ચાંપ સિફતથી શોધી કાડીને તેમા મે એક કાપલી મૂકેલી છે તે કાઢીને વાંચજે, એમાં તારા જન્મ–દિવસની નોધ છે.

હુ છું, તારો વ્હાલો પિતા,

અ૦ બ૦ બહાદુરશાહ.

આપેલી ઇંધાણી મુજબ દાદીબાએ ઇસ્કોત્રીનાં તળિયામાં શોધ કરી ચોરખાનું શોધી કાઢી વીંટી મેળવી, પણ વાટીની છુપી ચાંપ શોધતાં તેને જરા મેહેનત પડી. અંતે તે પણ મળી. તેમાં દાદીબાનો જન્મ નવસારીમાં કિયે દહાડે થયો હતો તેની નોંધ હતી. આ નોંધ પણ દાદીબાએ પોતાના જન્મની સત્તાવાર શાહદત તરીકે પાછી તેજ વીંટીમાં મેલી, પેલાંજ ચોરખાનામાં બંધ કીધી. હવે એકજ દસ્તાવેજ તપાસવાનો રહ્યો. તે એક અતિ અગત્યનો દસ્તાવેજ હતો. શીરીને તે નીચે મુજબ વાંચ્યો:—

મારા વ્હાલા દિકરા રૂસ્તમ.

એક ઘણી અગત્યની બીનાં પર આ કાગળથી હું તારૂં ધ્યાન ખેંચવા માગુછું. પાંચે દહાડે આ વાત તારા લાભની થઇ પડશે કે તારાં શરીરનાં ચોક્કસ ભાગોપર નીચે લખ્યા મુજબ નિશાનીઓ છે. આ નિ-

શાનીઓ હું વીલ કરીશ તેમાં નોંધવાનો છું. કદાચ તને તારો હક ભવિષ્યમાં સાબેત કરવો પડે તો આ નિશાનીઓ તારા હકમાં અતિ કીમતી અને કાયદેમદ થઇ પડશે. તારી જમણી છાતી પર સાત એક સરખા તલ છે. તારા જમણા હાથ પર બરાબર પોંહોંચા આગળ ગોલાબી રગની એક લાછન છે. અને કમર પર એક લાલ મસો છે. મે આ મસા, તલ અને લાછન વિષે એક કાબેલ તબીબનું મત લીધુ હતું, જેણે કહ્યું હતુ કે આ કુદરતી નિશાનીઓ જીંદગી સુધી જેમની તેમ રહેશે.

હુ છું, તારો વ્હાલો પિતા,

અ૦ બ૦ બહાદુરશાહ.

" બરાબર—બરાબર ! આ સઘળી નિશાનીઓ મારા આંગપર સાબુત છે" દાદીબા કાગળ પુરૂ થતાંજ બોલી ઉઠયો અને તે ત્રણે નિશાનીઓ બેહેનોને બતાવી, તેમને અચરત કીધી. જમણી છાતી પરના સાત એક સરખા તલ સૌ કરતા વધુ ધ્યાન ખેચનારા હતા. સાત તલોનુ એ સમક તેનાં ગેરાં શરીર પર કાળા છાપનું ગોયા એક સીલ કીધુ હોય તેવો સુદર ખ્યાલ આપતું હતુ. પોતાના અગપરની આ નિશાનીઓ બહાદુરશાહના ખરેખરા વડા વારસ તરીકે સઘળા દસ્તાવેજો કરતાં વધુ કીમતી થઈ પડશે. એમ દાદીબાએ વાજબી મગરૂરી લીધી.

અહીં તે હાથીદાંતની ભેદી ઇસ્કોત્રીનું કામ પુરતી ઉલટ વચ્ચે પૂરૂ થયુ. સઘળા દસ્તાવેજો પાછા સભાળથી જેમ હતા તેમ તેમા ગોઠવવામાં આવ્યા. અને તે દિવસ દાદીબાએ પોતાનુ અતઃકરણ પરીનની બેવફાઇનેલીધે ગમે એવુ ગમગીન છતાં કુદરતી આનદમાં પસાર કીધો.

પ્રકરણ ૬૬ મું.

—x—

શેઠાણીનું સ્વપ્નું.

એક તરફ માઇસોરમાં ઉપલા બનાવો બનતા હતા, ત્યારે બીજી તરફ મુબઇનાં "જેહાંગીર કાસ્ટલ" માં શું બની રહ્યું હતુ તે જાણવું જરૂરનું છે.

જે દિવસની આ વાત છે તે દિવસની આગલી રાત્રે શેઠાણી રતનબાઇએ એક સ્વપનુ જોયું હતું. નાસ્તા પછી આગલાં દિવાનખાનામાં પોતાના દિકરા—દિકરી જોડે તેવણ તે વિષે વાત કરતાં હતાં. સ્વપનાનો તાત્પર્ય એ હતો કે તેવણે પોતાના મરનાર ખાવિંદ અરદેસર બહાદુરશાહને સુરત ખા તેનાં પોતાનાં અસલી મકાનમાં ગમગીન ચેહેરે ઉભેલા જોયા હતા.

"માયજી એ સ્વપનાની બીના અમોને સમજ પડે તેમ ખુલાસાથી કહો." આઇમાય બોલી. "કોઈ દહાડે નહિ ને આજે વળી એ શુ ?

"દિકરી, ગઈ રાતનાં સ્વપનાંએ મારાં મગજ પર ગંભીર અસર કીધી છે." શેઠાણી રતનબાઈ દિલગીર ચેહેરે બોલ્યાં. તેવણુના ચેહેરાની પ્રતિમા ગવાહી પૂરતી હતી કે તેવણુ પર તે સ્વપ્નીક દેખાવે ઉંડો છાપ માર્યો છે. સ્વપનાંની બાબદમાં હું વ્હેમી નથી. સ્વપના તો દરરોજ આવે છે, પણ ગઇ રાતનું સ્વપનુ તેની ચમત્કારીક અસરોમા રાબેતાના સાધારણ સ્વપ્નાઓ કરતાં જૂદાજ પ્રકારનું હતું."

"એ સ્વનામાં તમે શુ જોયુ, માયજી ?" જેહાંગીર જે એક વર્તમાન પત્ર ઉઠલાવતો હતો, તેણે તેમાંથી ધ્યાન કાઢી પોતાની માતાને સવાલ કીધો.

"એ સ્વપનાની વાત હુ તારા ધ્યાન પર ખાસ લાવવા માગુ છુ. જેહાંગીર !" શેઠાણી બોલ્યાં. "મારા મરનાર ખાવિંદને મે તેવણુ ગુજર્યા પછી અનેકવાર સ્વપનામાં જોયા હતા, પણ જ્યારેબી હુ જોતી, ત્યારે તેવણુનો ચેહેરો ખુશ દેખાતો હતો. અને તેવણુનો આત્મા જાણે આપણુને મુગા આશિષ આપતો હતો, પણુ ગઇ રાતના સ્વપનામાં મે જૂદોજ દેખાવ જોયો છે."

"તે શુ ?"

"તે એ કે જાણે સુરત ખાતેના આપણા બુલંદ મકાનમાં આગલાં બારણાં આગળ અરદેસરજી ગમગીન ચેહેરે ઉભેલા છે, અને કાંઈ આફત આવી પડી હોય તેમ તેવણુનો ગુલાબ જેવો ચેહેરો તમામ કરમાઇ ગયલો છે. તેવણુ જાણે પોતાના મન સાથ કાંઇ ફરિયાદ કરતા હોય તેમ ઉભા છે."

"વારૂ પછી ?"

"પછી તેવણે પોતાના હાથ પર હાથ ઠોકીને મને હાંક પાડી કે "રતાં, અહીં આવ !' હું તુરત તેવણુની પાસે ગઇ. અને પુછયુ કે 'અરદેસરજી, શો હુકમ છે ?' મારા આ શબ્દો સાંભળી તેવણુ ગુસ્સે થયા હોય તેમ ડોળા ચઢાવી ચીરડાઇને બોલ્યા કે 'હુકમ પુછેછ ? શું તું મારી તકસીરવાર નથી થઇ ?' મેં કહ્યુ કે 'જી મને યાદ છે ત્યાં સુધી તો મે તમારી કશી તકસીર નથી કીધી, પણુ કદાચ કાંઈ ભૂલ થઇ હોય તો મને માફ કરો' માફ કરૂ ?' તેવણુ બોલ્યા. 'માફ કરવા લાયક એ તકસીર છેજ નહિ. મારી તરફ તે બતાવેલી એ બેદરકારી જેવી તેવી નથી. યાદ રાખજે રતાં, કે તે ને તારા દિકરાએ મારી મરતી વખતની છેલ્લી વશિયત પર આજ સુધી કશો અમલ કીધો નથી. મારૂ રૂહ એ બાબદમાં ઘણું દુઃખવાયું છે હજીબી મોડુ થયુ નથી, વાસ્તે મારી વશિયતને માન આપજે; નહિ તો એનુ પરિણામ સારૂ આવશે નહિં.' એમ બોલી તેવણે ફરી એકવાર પોતાના હાથ પર હાથ એવા જોરથી ઠોકયો કે તેના અવાજ સમેત મારી આંખ્યો ઉઘડી ગઇ !"

આ ચમત્કારિક સ્વપનાની બીના સાંભળી જેહાંગીર અને આઇમાય ચકિત થઇ ગયાં. પરીન તેમની પાસેજ હતી; પણ આ ભેદી સ્વપ્નાની આગલી તવારીખથી તેણી અજાણી હોવાથી સ્વપ્નાની હકીકત શિવાય તેને લગતી બીજી બાબદો તેણી કશી સમજી શકી નહિ.

" માયજી, એવુંજ એક સ્વપ્નુ ગઇ રાતે મે પણ જોયું છે." જેહાંગીર લગાર ડઘાયલે ચેહેરે બોલ્યો.

" તેં ?" શેઠાણી રતનબાઈ અચરત થયાં " તે શું વારૂ ?"

" જાણે બેહેસ્તી બાવાજી ટેબલ આગળ બેશીને કાંઈ લખે છે, તેટલાં હું તેવણને કાંઈ પૂછવા ગયો હુ હજી તો મારો અરધો ખુલાશો રજુ કરૂં તેટલાં તેવણે ભવાં ચઢાવી ચસમામાંથી ડોળા કાઢી મને ધમકાવી નાખ્યો કે– ' મારી પાંસથી એકદમ દૂર થા ' મારો દિકરો થવાને તું લાયક નથી તુ મારો તકસીરવાર છે.' મે હાથ જોડી કરગરીને પૂછ્યુ કે ' બાવાજી, મારો તે એવો શુ વાંક થયો કે તમે મારી તરફ એટલા બધા ગુસ્સે થયા છો ? ' તેવણે ફરીથી ચીચવાઇને જવાબ આપ્યો કે ' તે તારી માયને પુછ ! ' અને એમ કહી જોરથી ખુરસી ખશાડી તેવણ ધશારાબંધ બીજા ઓરડામા ચાલી ગયા માયજી જેમ તમે કહોછ, તેમ મારી ઉપરબી મારા સ્વપ્નાએ અસર કીધીછ. મને કશુ સુજતુ નથી કે હવે મેં શુ કરવુ."

થોડા પળ સુધી તે મોટાં દિવાનખાનામાં ગંભીર ચૂપકીદી ફેલાઈ

" એ દેખાવ તેં કયાં બનતો જોયો, દિકરા ?"

" સુરતમાં "

" કયા ઓરડામાં ? "

" બેહેસ્તીનાં લખવાના ઓરડામાં "

" તે કયો વખત હતો ? "

" સહવારે ૯ વાગ્યાનો."

" પાસે કોઇ બીજું હતું કે ? "

" નહિં, કોઈ નહિં. "

" તારૂં સ્વપ્નું મારાં સ્વપ્નાને ઘણે દરજ્જે મળતું આવે છે, જેહાંગીર " શેઠાણી રતનબાઈ બોલ્યાં " મેં જોયલો દેખાવ જેમ સુરતમાં હતો, તેમ વખત પણ આસરે નવ વાગ્યાનોજ હતો. જ્યાં છે ત્યાં તારા મરનાર પિતાના રૂહની આપણી ઉપર ખફગી ઉતરી છે. દિકરા, એ ખફગીનું પરિણામ સારૂ આવવાનું નથી, માટે વગર ઢીલે મરનારની મરતી વખતની પેલી વશિયત પર બેવડા ઉમંગથી અમલ કરવાની તારી ફરજ છે. જો એ ફરજમાં તું ચૂકશે તો યાદ રાખજે, જેહાંગીર કે આપણા ખાનદાનની ખરાબી થશે. સુવાંનાં આ-

શિર્વાદ મિથ્યા જતા નથી, તેમ આપણા વ્હાલાંઓનાં અશોફ્રોહરોની કદુવા પણ નડયા વગર રહેતી નથી."

"તમારા વિચારથી હું બહાર નથી, મારાં માંય, પણ તમોને આ વાત અંજાણી નથી કે મરહુમ પિતાજીનાં બેહેસ્તનશીન થવા પછી તેવણુના ગુમ થયલા વારસ રૂસ્તીમની શોધ કરવામાં મેં કશી બાકી રાખી ન હતી, પણ મારી તે તમામ કોશેષ નિષ્ફળ નીવડી હતી." જેહાંગીરે ખુલાશો કીધો. અને ટેબલ પર કોણી ટેકવી ગંભીર વિચારોમાં ગરક બન્યો. "હું સમજી નથી શકતો કે હવે મેં શું કરવું."

"ફરી એકવાર કોશેષ કર દિકરા, અને ખુદા તેમાં તને ફત્તેહ આપશે. અશો ફ્રોહરોની આત્મીક દુવા તને ફળ્યા વગર રહેવાની નથી." માતાએ દિકરાને હિમતવાન દિલાસો આપી રસ્તો સૂચવ્યો. "તારી ખરી મનસ્ની છે તો ખુદા તને મદદ કરશે."

"દાદારનાં ઘેર સુધી મારા મરનાર પિતાની છેલ્લી વશિયત બજાવવાને હુ આતૂર છુ, માયજી. પણ મારી તે આતૂરતા મારી જીંદગીમાં સપૂર્ણ ફળે એમ હુ ધારતો નથી. મારા મરહુમ પિતાની ખાહેશ મુજબ અમલ કરી મારા હકદાર ભાઇને તેના હકનો હિસ્સો આપવાને આજે હું તૈયાર છું. પણ તે ભાઇજ ક્યા છે?"

"એમ છેક ના હિમત ના થા, જેહાંગીર!" માતાએ દિકરાને ઉલટ આપતાં વધાર્યું. "ખુદા તારી જીંદગીને સલામત રાખે તો તુજ તારા વ્હાલા ભાઇને શોધી કાઢવાના કઠણ કામમાં ફત્તેહમંદી મેળવી તારા મરહુમ બાપની વશિયત બજા લાવશે. ફરી એકવાર કોશેષ કરવામાં કાંઈ ગયુ નથી."

"માયજી, આ બાબદમાં આપણે દારાશાહ શેઠની સલ્લાહ લઇએ તો કેવું?" જેહાંગીરે થોડો વાર વિચાર કર્યા પછી પોતાની માતાને સવાલ મૂક્યો.

"ઘણુ સરસ, દિકરા અલ્લબતાં, એવણુ તને કાંઇ સારે રસ્તે ઉતારી આપશે. એ લેવો! દારાશાહ શેઠ પોતેજ આવેછ! આવરદાનાં લાંબા છે!"

શેઠાણી રતનબાઇએ દારાશાહ વેહવાઇને ઇઝતમદ આવકાર આપ્યો. જેહાંગીરે શેકહેન્ડ કરી તેવણુને પોતાની પાસે બેશાડયા. સેહેજસાજ બીજી બાબદો ચરવાયા પછી શેઠાણી રતનબાઇએ દારાશાહ શેઠને ગઈ રાતના સ્વમાની બીના તથા તેની આગલી તવારીખથી વાકેફ કરી જેહાંગીરને કાંઈ સારી સલ્લાહ આપવાની અરજ કીધી.

પ્રકરણ ૬૭ મું.

સસરાજીની સલાહ.

ગમે તે પણ દારાશાહ શેઠની દિવાળી જેહાંગીર કરતા વધારે હતી. સ્વમા કરતા સ્વમા જોડે સબંધ ધરાવતી આગલી તવારીખ તેવણને અજબ જેવી લાગી. પરીન પણ આ નવી બીનાથી આજેજ વાકેફ થઇ. અને દારાશાહ શેઠની માફક અચરત પણ થઈ.

"બહાદુરશાહનો વડો વારસ ત્યારે દુનિયામાં કોઇ હૈયાત છે?" તેણી મનમાં વિચારવા પડી. "એ ગુમ થયલો રૂસ્તમ કોણ હશે? કયાં હશે? કેવો હશે? શુ એ જાહેર થાય તો જેહાગીરના હિસ્સેદાર થાય?" એવા એવા વિચારોએ પરીનનુ મગજ ઘેરી નાખ્યુ.

"મને એમ લાગેછ, રતનબાઇજી, કે આપણા જેહાંગીરે એક રસ્તે કામ લીધું હોય તો ધારેલી નેમમા ઘણી જલદીથી ફતેહ મેળવશે"

"તે શુ વારૂ?"

"હિંદુસ્થાનનાં એકેએક પેપરમા જાહેર ખબર છપાવ્યાથી તમારો હેતુ દુનિયાના સઘળા ભાગમાં જાહેર થશે."

"ખરેખર—એ એક સારી અને સગવડ ભરેલી સલ્લાહ છે." જેહાંગીર બોલી ઉઠયો. શેઠાણી રતનબાઇ, આઇમાય તથા પરીનને પણ આ સલ્લાહ પસંદ આવી.

"પણ એ જાહેર ખબરને વધારે અગત્યતા આપવા માટે તમારા સોલીસીટરોની સહી સાથે તે પ્રગટ થવી જોઇએ."

"હું તમારાં મતને મળતી છુ, દારાશાહજી." શેઠાણીને સલ્લાહ પસંદ આવવાથી બોલ્યાં. "એમ થવાથી આપણુ કામ સત્તાદાર રીતે થયલું કહેવાશે."

"એજ નહિ, પણ ગુમ થયલો વારસ જો હસ્તી ધરાવતો હશે તો જેહાંગીર પાસે એકદમ રજુ થવા કરતાં જેહાંગીરના સોલીસીટરની ઑફીસમાં રજુ થશે. એમ થવાથી તમારો પણ દરજ્જો સચવાશે કારણ કે એ જાહેરખબર બહાર પડતાંજ નકલી દાવાદારો અનેક નીકળી આવશે."

"તે નકટા નકલબાજોનું અહીં કશું વળવાનું નથી, દારાશાહ શેઠ." જેહાંગીરે ગંભીર અદાથી જવાબ આપ્યો. "બેહેસ્તીનાં વીલમાં એ ગુમ થયલા વારસના આંગ પર ચોક્કસ નીશાનીઓ છે, તેની નોંધ કીધેલી છે. એ નોંધ જ્યાં સુધી ખાત્રીપૂર્વક રીતે રજુ થનાર ઉમેદવાર આપણને બતાવે

નહિ ત્યાં સુધી હું તેનો દાવો કદી સ્વિકારીશ નહિ."

"મારા બેહસ્તી અરદેશરજી કાંઈ કાચા નહિ હતાં." શેઠાણી રતનબાઇએ વડાઇ લીધી. "તેવણનુ બધું કામ પાકુ ને પાહવરદ, ચતુરાઈ ભરેલું ને ચોક્કસ હતું."

"ત્યારે પોતાના ગુમ થયલા વારસને શોધી કાઢવામાં એવણ નિષ્ફળ કેમ નીવડયા ?"

"તેવણુની સરજતમાં એટલો જશ લેવાનું નહિ હશે તેથી, દારાશાહજી" શેઠાણી બોલ્યાં. "બેહેસ્તી ગુજર્યા પછી મારા જેહાંગીરેબી થોડી જેહમત ખેચી નહિ હતી, પણ આજ સુધી અમો એ બાબદમાં કમનસીબ છઇએ."

"ધીરજ ધરો, રતનબાઇજી, એ જશ જેહાંગીરનાજ નસીબમાં છે. ફરી એકવાર કોશેષ કરવાની જરૂર છે આગલી કોશેષમાં તમોએ જાહેર ખબરો છપાવવાનો અખ્તરો અજમાવ્યો હતો કે ?"

"નહિંજી. અમે જૂદે જૂદે ઠેકાણે અમારાં ખાત્રીનાં માણસો જુસ્તેજુ કરવા મોકલ્યાં હતાં." જેહાંગીર તથા તેની માતા સાથે બોલી ઉઠયાં.

"તમે એવાં લાખ માણસો મોકલો, પણ તે તપાસ ગમે તે પણ ખાંનગી કહેવાય. મોકલનાર અને જનાર સિવાય બીજાં કોઈ તે વાત જાણી શકે નહિ." દારાશાહ શેઠે સમજ પાડી "અને જાહેર ખબરથી તો આખી આલમ જાણકાર થાય. વળી પેપરવાળાઓ પોતા તરફથી ફકરાઓ લખી જાહેરમાં લાવે તે જૂદુ. મને લાગે છે કે આએ રસ્તે કામ લીધાથી તમો ઘણાં જલદી ફાવી શકશો અને ગુમ થયલો વારસ સેહેલાઇથી મળી આવશે. પ્રથમ તમે આખા હિંદુસ્થાનમાં છપાતાં દરેક ભાષાનાં વર્તમાન પત્રોનાં નામની એક ટીપણુ તૈયાર કરો અને જે જાહેર ખબર છપાવવાના હો તેની અકેકી છાપેલી પ્રત તેઓપર મોકલી આપો. વળી જયાં જયાં વગ હોય ત્યાં આ જાહેર ખબરના સંબંધમાં ખાસ 'આરટીકલ' લખાય એવી તજવીજ કરશો તો પખવાડિયાંની અંદર તમો તમારી મુરાદે પહોંચી શકશો. આખા દેશમાં છપાતાં પત્રોમાં જાહેર ખબરો છપાવાનુ બીલ હજારો રૂપિયા પર જશે, પણ લાંબા વખતની મુઝવણ તત્કાળ મટી જશે."

"અમે ખર્ચને ડરતાં નથી. અમારી નેમ કોઇબી રીતે મરનારે મરતી વખતે કરેલી વશિયત અમલમાં આવે તે જોવાની છે અને તેમ કરતાં ગમે એટલો ખરચ થાય તે તરફ જોવાનું નથી." શેઠાણી બોલ્યાં. "તે બક્ષેશગર બાપે અમોને બિસ્યાર બક્ષેલું છે."

"જો એમ છે તો વખત ખોહવામાં હવે સાર નથી. જે ઘડી જાય

છે તેને કીમતી સમજીને એકદમ તમારા સોલીસીટરો મારફતે જાહેર ખબર અપાવી દો." દારાશાહે સલાહ આપી. "એમાંથી ખુદાનું ચાહવું તો તમારી ઉમેદ જરૂર બર આવશે."

"હું આજને આજ મારા સોલીસીટરોને તેડાવી એ બાબદનો બંદોબસ્ત કરીશ, પણ દારાશાહજી, સવાલ એ છે કે જો તે ગુમ થયલો વારસ હજી હૈયાત હોય તો અત્યાર સુધી તે કયાં સુતો છે?"

"તમારો સવાલ વજુદ ધરાવે છે, જેહાંગીર," દારાશાહ શેઠ બોલ્યા. "પણ એમ કાંય નહિ બને કે તે પોતે પોતાને પિછાનતો નહિ હોય?"

"અથવા તેને જાહેરમાં આવવાનાં કાંઈ સાધણો નહિં હોય?" આઇએ ઉમેર્યું.

"અથવા તે પોતે હૈયાતજ નહિ હોય?" પરીન વચ્ચે પુરાઈ.

"અથવા તે આપણી તરફની કાંઇ જાહેર હીલચાલની વાટ જોતો હોય?" શેઠાણી રતનબાઇ બોલ્યાં.

"સઘળી તર્કો બનવા જોગ છે. ગમે તે હોય પણ હવે આપણે આપણી કોશેષ એકવાર ફરી અમલમાં મેલવામાં કાંઇ ગયુ નથી." દારાશાહ બોલ્યા. "ઉપલો સઘળી તર્કોમાં દિકરી પરીનની તર્ક મને જરા નબળી લાગે છે. ગુમ થયલો વારસ કદાચ હૈયાત નહિબી હોય, પણ ઘણું કરીને તેમ નહિ હશે. બહાદુરશાહ શેઠ ગુજર્યા ને લાંબો વખત થયો નથી. વળી એ વારસની ઉમર જુવાની પસાર કરી ગઈ હોય એમબી નથી. જ્યાં છે ત્યાં એ વારસ દુનિયાના કોઇબી ખુણામાં જીવતો છે. જેહાંગીરનો સવાલ તમારી તર્કથી જરાબી તુટતો નથી. કે 'જો તે ગુમ થયલો વારસ હજી હૈયાત હોય તો અત્યાર સુધી તે કયાં સૂતો છે?' જ્યાં સુધી તે વારસ પોતે જાહેર થઇ આ સવાલનો જવાબ આપે નહિ ત્યાં સુધી એનો ખરો ખુલાસો આપણે મેળવી શકનાર નથી. એ વારસ હૈયાત હોવાની બીજી સાબેતી આડકતરી રીતે ગઇ રાતના સ્વપનાની આગાહીમાં મળે છે, વારસ હૈયાત હશે, ત્યારેજ મરહુમે સ્વપનામાં બશારત આપી હશે!"

ટુંકમાં, જેહાંગીરે પોતાના સોલીસીટરો મારફત હિંદુસ્તાનનાં સઘળાં વર્તમાન પત્રોમાં ગુમ થયલા વારસની શોધ માટે જાહેર ખબર આપવાનો ઠરાવ થયા પછી દારાશાહ શેઠ જવા ઉઠયા.

પ્રકરણ ૬૮ મું.

રૂ. ૨૦૦૦૦ નું એક ઈનામ.

દારાશાહ ગયા પછી જેહાંગીર બહાદુરશાહે ટેલીફોન કરી પોતાના સોલીસીટરોને મળવા બોલાવ્યા. "બેહેરામશાહ અને બ્રાન્સન"ની પહેડીવાળા જાણીતા વકીલો, જેહાંગીરને કાયદા સબંધી સલાહ આપવાનું કામ કરતા હતા, તેઓ ટેલીફોન પોતાની ઑફીસમાં મળ્યા બરાબર સઘળુ કામ પડતું મેલી એકદમ આવી પુગ્યા હતા. જેહાંગીરે આજની બાબત ગંભીર ધારી બન્ને ભાગ્યાઓને સાથે બોલાવ્યા હતા, જે માટે અલબત્ત તેમને મોટી "ફી" મળનાર હતી.

બન્ને સોલીસીટરો આવી પુગ્યા પછી તેમને આગલાં દિવાનખાનામાં બેશાડી એક નોકર જેહાંગીરને ખબર આપવા ગયો. ગઇ રાતના સ્વપનાએ તે જવાન બહાદુરશાહના મગજ પર એટલી ગંભીર અસર કરી હતી કે સોલીસીટરો કયારે આવે તેની તે રાહ જોઇ રહ્યો હતો. તે નોકરે ખબર આપતાંજ તે આગલાં દિવાનખાનામાં ગયો.

ઘટતી તાજીમ-તવાજે થયા પછી, જેહાંગીરે તેઓને "કાસ્ટલ" સુધી તસદી આપવાનું કારણ વિગતવાર કહી સભળાવ્યું અને આ બાબતમાં શા પગલા ભરવાં તે વિષે તેમની સલાહ પૂછી

વકીલો વિચારમાં પડયા.

"ગુમ થયલા વારસને માટે તમે સઘળી તે હકીક કરી ચૂકયા છો?" મી૦ બ્રાન્સને પુછ્યુ.

"હા"

"અને તેમાં તમને કશી ફત્તેહ મળી નથી?"

"નહિ"

"મારા વિચાર મુજબ હવે તમો સાહેબને માટે એકજ રસ્તો રહ્યો છે અને તે જાહેર વર્તમાન પત્રોમાં જાહેર ખબર છપાવવાનો છે."

"હું પણ એજ કહેવા જતો હતો." મી૦ બેહેરામશાહે પોતાના ભાગિયાને ટેકો આપ્યો "જાહેર ખબર સિવાય બીજો માર્ગ છેજ નહિ."

"મને યાદ છે કે વિલાયતમાં એક ચોક્કસ ઉમરાવ મોટી દોલત મૂકીને મરી ગયો હતો, પણ મરવા આગમચ વશિયત કરી ગયો હતો કે તેની તમામ મીલકત અને દોલત તેનાં એક ચોક્કસ નહિ જણાયલા વારસને સપુરદ કરવી. તેના મરણ પછી આ હકદારને શોધી કાઢતાં તેનાં સોલીસીટરોને

મોટી મુશ્કેલી નડી, પણ છેલ્લાં, દુનિયાના જૂદા જૂદા ભાગોનાં જૂદાં જૂદાં વર્તમાનપત્રોમાં જથ્થાબંધ જાહેર ખબરો છપાવવાથી તે ગુમ થયલો વારસ સોલીસાંટરોની પેહડી પર આપ મેળે ચાલ્યો આવ્યો હતો।" મી. બ્રાનસન બોલ્યો અને જવાન બહાદુરશાહ શું જવાબ આપે છે તે જાણવા સારૂ થોભ્યો.

"જે સલ્લાહ દારાશાહ શેઠે આપી, તેજ સલ્લાહ મને મારા સોલીસીટરો આપેછ" જેહાંગીરે મનમા વિચાર કીધો. "હું ધાઈછુ કે હવે વખત ખોહવો નહિ જોઈએ." આમ વિચારી પુછયું "કેટલા પેપરમાં જાહેરખબર આપવી જોઇએ ?"

"હિંદુસ્થાનમાંના સઘળાં."

"અને બને તો વિલાયતનાં થોડાંક આગેવાન પત્રોમાંબી." બેહેરામશાહે ઉમેર્યું.

"જે સલ્લાહ તમોએ મને આપી છે તેજ સલ્લાહ આજ સહવારે મારા એક બુઝર્ગ મિત્ર મને આપી ગયા છે." જેહાંગીર બહાદુરશાહે પુરતી ગંભીગાઈથી જવાબ દીધો. "હુ એ વિષે મારાં માતાજીની સલાહ લઇશ, તેટલા તમે જાહેર ખબરનો એક ખરડો લખી કાઢશો." અને એમ કહી જેહાંગીર તે દિવાનખાનુ છોડી ગયો.

મી. બ્રાન્સને ટેબલ આગળ જગ્યા લીધી અને મી. બેહેરામશાહ તેની સામે બેઠા. બન્ને ભાગિયાઓએ એક વિચારે જાહેર ખબરનો એક નમુનો ઘડી કાઢયો અને જેહાંગીરની રાહ જોતા બેઠા.

૨૦ મીનીટ પછી જેહાગીર દિવાનખાનામા દાખલ થયો. તે શેઠાણી રતનબાઇની સલ્લાહ પુછવા ગયો હતો કે સોલીસીટરો પણ જાહેર ખબર આપવાની ભલામણ કરે છે. ધારાના હિમાયતીઓનુ મત પણ દારાશાહ દાવરના વિચારને મળતું આવવાથી શેઠાણીએ પોતાના દિકરાને તે ઉપર તાકીદે અમલ કરવાની રજા આપી

"તમે જાહેર ખબરનો ખરડો તૈયાર કર્યો, મી૦ બ્રાન્સન ?" જેહાંગીરે જગ્યા લેતાં પુછયુ.

"હા સાહેબ, તૈયાર છે."

"એમાં સુચના રૂપે તમોને કાંઈ કહેવું છે, મી. બેહરામશાહ ?"

"એક બાબદ સર અમો બન્ને ભાગિયાઓ વચ્ચે સેહેજ મતફેર છે" બેહેરામશાહે ખોલાશો કીધો.

"અને તે શું ?"

"મારો વિચાર એમ છે કે જાહેર ખબરમાં એક કલમ એવી પણ નાંખવી કે જેમાં ચોક્કસ રકમનું એક ઇનામ્ જાહેર કરવામાં આવે. એ ઇના-

મનાં ખેંચાણુ પર, અગર ખરો વારસ જાહેર નહિ થનો હશે તોપણુ તેને લગતી બાતમી આપનારા નીકળી આવશે."

"એ વિષે મી. બ્રાન્સનનું કહેવું શુ છે.?"

"ખરા વારસને છુપો રહેવાનો સબબજ શુ હોય કે એવાં એક જુદાં ઇનામની આપણે જરૂર વિચારિયે ?"

"તે સબબો તમામ અચોક્કસ છે. આજે આપણે કહી શકીએજ નહિ કે ફલાણા સબબસર ગુમ થયલો વારસ જાહેરમાં આવતો નથી." જેહાંગીર બહાદુરશાહને બેહરામશાહ સોલિસીટરની સૂચના પસંદ પડવાથી તેને ટેકો આપતાં તેણે વધાર્યું. "હું મી. બેહરામશાહની સૂચનાને કીમતી ગણું છુ. ખર્ચને ગમે તે ભોગે ખરા વારસની ખોળ કરવાનો મારો અને મારાં બુઝર્ગ માતાનો મજબૂત ઠેડાવ હોવાથી કોઇ પણ સારી સૂચનાને અમો પકડી પાડશુ મી. બ્રાન્સન, તમે જાહેર ખબરમા એવી એક કલમ નાંખો."

"તે નાખવા આગમચ ઇનામની રકમ ચોક્કસ કરવી પડશે" મી. બ્રાન્સને યાદ આપી.

"હુ રૂ. ૧૦૦૦૦ ની રકમ પુરતી ધારૂંછું.'

"નહિ, મી૦ બહેરામશાહ, એ ઘણી ન્હાની રકમ છે. આપણી જાહેર ખબરને મોટી અગત્ય આપવા માટે ઇનામની રકમ પણ મોટીજ જોઇએ. કાંઇ નહિં તો અમારાં નામ મુજબ તેનો આંકડો રૂ. ૩૦,૦૦૦ પર જવો જોઇએ."

"સાહેબ, અસાધારણ મોટી રકમ છે. વિલાયતમા મોટા ખુનીઓને પકડવા માટે પણ એટલી મોટા રકમનુ ઇનામ અપાતું નથી." મી. બ્રાનસને બહાદુરશાહનુ ધ્યાન ખેચ્યુ.

"ત્યારે કેટલી રકમનો આકડો મુકીએ? ૧૦૦૦૦ તો નહિજ"

"૨૦૦૦૦ નો મૂકો સાહેબ." બન્ને ભાગિયાઓ સાથે બોલી ઉઠયા.

"ઑલરાઇટ, ખુશીથી મુકે!" જેહાંગીરે રજા આપી. "પણ આ કામ આજે થતુ હોય તો કાલ પર રાખશો નહિ. જરા મને વાંચી સંભળાવશો.?"

"ઘણી ખુશીથી, સાહેબ!" મી. બ્રાનસન બોલ્યો અને જાહેર ખબરનો તે નમુનો પોતાના લક્ષાપતિ કુળને વાંચી સંભળાવ્યો.

"એમાં કશા સુધારાની જગ્યા હું જોતો નથી." જેહાંગીર જાહેર ખબર વંચાઇ રહ્યા પછી બોલ્યો. "મારી વકી કરતાં વધૂ ચોકસાઇથી આ જાહેર ખબર લખાઇ છે. ઑફીસમાંથી એની એક નકલ મારે માટે મોકલજો અને આજને આજ એ જાહેર ખબરનાં હેન્ડબીલો છપાવી વર્તમાનપત્રો

પર બીડાવી દો. એક દિવસમાં બને એવું એ કામ નથી માટે તમારી ઑફી-ફીસના આખા 'સ્ટાફ' ઉપરાંત બીજાં માણસોની મદદ મેળવી એ ચાર દિવ-સમાં એકે એક પત્ર પર જાહેર ખબર રવાના થાય એમ કરશો. એ કામ પાછળ જે ખર્ચ થશે તે હું આપીશ. ચાલો, સાહેબજી!"

અને અહીં તે બન્ને સોલીસીટરો "જેહાંગીર કાસ્ટલ" છોડી ગયા.

પ્રકરણ ૬૯ મું.

"પબ્લીક પાર્ક"ના ફાયદાઓ.

ઉપલા બનાવ પછી એક અઠવાડિયુ પસાર થઇ ગયુ. હવે આપણે ફરી એકવાર માઇસોર તરફ નજર કરીએ.

સાંજનો વખત હતો. સાહડા પાંચ થઇ ગયા હતા. માઇસોરનો "પ-બ્લીક પાર્ક" હવા ખાવા આવનારાં શોકીન સ્ત્રી–પુરૂષોથી હલમલી રહ્યો હતો. ખુશનુમા પવનની શિતલ લ્હેહેકી અંતઃકરણને આનદ પમાડતી હતી. હજારો જાતનાં પુષ્પો પોત પોતાના કુડાઓ અને કયારાઓમા ખીલી રહ્યા હતા. તેમનો પમરાટ ચોમેર સુગંધ ફેલાવતો હવા જોડે મળી જઈ ત્યાં ફરનારા-ઓને તાજગી બખશતો હતો. માળીઓ અને માલણો કયારાઓમા પાણી છોડતાં હતાં. તેમના બાળકો અહીંથી તહીં રેતીમા રમતા હતાં. સુદર પક્ષી-ઓ વૃક્ષોની ઘટામાંથી અલૌકિક સરોદ કાઢી તે સાંજની કુદરતિ બલિહારીમાં વધારો કરતાં હતાં. કોઈ મિત્ર–મંડળ મસ્કેરીની મોજ માનતું તરેહવાર પખે-રાંઓ અને પ્રાણીઓ જોતું આગળ વધતું, તો કોઇ દિલદારો પોતાની પ્રેમી વાતચીતના વિનોદમાં તલ્લીન થતાં જૂદા જૂદા લત્તાઓ તરફ ઝડપુ ચાલે ફરતાં હતાં. વળી કોઈ દુઃખી–દરદી પોતાની તબિયતના સુધારા સારૂ ધીમે કદમે એકલો અટુલો હવા ઘોરતો હતો. કોઇ બાંકો પર બેઠેલાં તો કોઈ કયારાઓમાં ફરતાં, તો કોઈ પ્રાણી–સંગ્રહની પરીક્ષા લેતાં હતાં. એ રીતે તે શિતલ સાં-જના શોકીન સજ્જનો જ્યાં ગમે ત્યાં સ્વતંત્રપણે ફરીહરીને આખા દિવસના થાકેલા જીવને રાહત આપતાં હતા.

જ્યારે તે "પબ્લીક પાર્ક"ના. મુખ્ય ભાગો મુલાકાતે આવનારાંઓથી હલમલી રહ્યા હતા, ત્યારે બગીચાના છેક છેવટના ખુણા તરફ તદન એકાંત-વાસમાં, એકજ જીવ એક લોખંડી બાંકનાં એક ખુણામાં એકલો બેસી પોતાની આંખ્યો મીચી તરેહવાર વિચારના વમળમાં પડેલો જણાતો હતો. તેના દેખાવ પરથી લાગતું હતું કે તે કોઈ તનનો નહિ, પણ મનનો દરદી હતો. તે જે બાંક પર બેઠો હતો, તે જગ્યા ઝાડોની નીચી ઘટાથી ઘેરાઇ

ગયલી હતી, જેથી તેની પડોશમાં ઝાડની પાછળ કોઈ ઉભું રહે તો તે પણ તેને જોઈ શકે એમ ન હતું.

તે એક જુવાન પુરૂષ હતો. તેનો ખુબસુરત ચેહેરો દુઃખથી કુમળાઇ ગયલો જણાતો હતો. સ્થીતિએ તે સુખી દેખાતો પણ મન સંબંધી કાંઈ છૂપી નામુરાદીએ તેની ખીલ્તી જુવાનીને ઝાંખી કરી નાખેલી જણાતી હતી. તેની આંખ્યો બંધ હતી, પણ તે કાંઇ ઉંઘતો ન હતો. તે સ્થીતિમાં તે માત્ર એક ચોક્કસ ખ્યાલમાં સમાધિસ્ત થયો હતો. કાંઈ અસાધારણ નાસીપાસી તેનું કલેજું કોતરી ખાતી હોય એમ જણાતું હતું અને તે નાસીપાસીને ભૂલાવવા સારૂ તેનું આતુર અંતઃકરણ થોડીક શાંતિ શોધતું હોય એમ લાગતું હતું.

તે જે જગે બેઠો હતો તે જગ્યા એટલી એકાન્ત અને દૂર આવેલી હતી કે 'પાર્ક'ની મુલાકાતે આવનારા હજારો શોકીનોમાંથી ભાગ્યે ત્યાં બે પાચ જણ આવી લાગતા હોય. તે વિશાળ બગીચાનો વિસ્તાર સેંકડો એકર જમીન રોકતો હોવાથી આટલે દૂર આવવાને શોકીનો જેમ ઇચ્છા કરતા નહિ તેમ તેમના ટાંટિયા પણ તે વીમો સ્વિકારતા નહિ. ગોયા તે પબ્લીક પાર્કનો છેવટનો એકાન્ત ભાગ તનના દુઃખીઓ કરતાં મનનાં દુ.ખીઓને માટે "એંગેજ" રાખવામાં આવ્યો હોય તેમ ત્યાં તેવાજ હવાખાનારાઓ આવતા હતા!

પણ કોઇ કોઇવાર તે કાયદો તુંટતો હતો. "તંદરોસ્તીનો મરજ" થયલા કેટલાક સરખે સરખા મિત્રો પુરતી કસરત મેળવવાના હેતુથી બગીચાને એક નાકેથી બીજા નાકાં સૂધી ચકરાવો મારી આવવાની નેમથી તે શાંત એકાન્ત વાસ તરફ આવી લાગતા હતા. જે દિવસનું ચિત્ર વાંચનાર સન્મુખ આજે રજુ થાય છે તે દિવસે તેવોજ મામલો બન્યો. ઝાડોની નીચી ઘટાથી ઢંકાઇ ગયલા પેલા લોખંડી બાંક પર બેઠેલા એકમાર્ગી જવાનની બરાબર પીઠ પાછળ, વૃક્ષોની પેલી તરફ એક બીજો લોખંડી બાંક મૂકેલો હતો. આ બાંક પર બે હિંદુ જવાનો આવી બેઠા. તેઓ બન્ને તંદરોસ્ત અને ખુશ મિજાજી હતા. અને ઉપર લખ્યા મુજબ 'પાર્ક'ને એક નાકેથી બીજે નાકે ચકરાવો મારી આવવા નીકળ્યા હતા, પણ અહીં આવી લાગતાં " ગાડી જોઇને થાક લાગે " તેમ બાંક જોઇને તેમને બેશવાનું મન થયુ.

" દોસ્ત મોહન, મારા ટાંટિયા તો રહી ગયા છે " તેઓ માહેલો એક બોલ્યો. " આવ, અહીં જરા બેસીને વિશ્રાંતિ લઇએ. "

" જેમ મરજી, પણ નગીનદાસ, જલદી ઉઠવું પડશે હો ? " તેના મિત્રે બાંક પર બેસતાં જવાબ આપ્યો.

પેલા આંખ મીચીને એકાન્ત બેઠેલા જુવાનિયાના કાન પર પોતાની પીઠ પાછળની ઝાડીની પેલી તરફનાં બાંકપર આવી બેઠેલા આ બે હિંદુ મિત્રોની

વાતચીતનો અવાજ જતાં તે આંખ ઉઘાડી, સાવધ થયો, પણ તે જ્યાં હતો ત્યાંજ બેશી રહ્યો.

"આપણે ચાલ્યા ચાલ્યા ઘણા દુર આવ્યા હો?" પેલા બે મિત્રો વાત કરવા લાગ્યા. "હુ ધારૂં છું કે આજે 'પાર્ક'મા આવનારાઓમાં સૌથી દૂર આપણે આવ્યા છીએ."

પોતા કરતાં વધૂ દૂર અને વધૂ વેહેલો આવનાર એક જૂદોજ જીવ તેઓની પીઠ પાછળની ઝાડીમાં બેઠેલો છે, એમ તે બાપડાઓને સ્વપણે પણ ખ્યાલ ન હતો.!

"હા, નગીનદાસ, હુ પણ એમજ ધારૂ છુ." મનમોહનદાસ નામના બીજા મિત્રે જવાબ આપ્યો. "કેવી શાંત અને શિતળ સાંજ છે! આહા! ચોમેરનો દેખાવ કેવો રમણિય લાગે છે! જો હુ લક્ષાપતિ હોઉ, તો એવો બગીચો બનાવી રાત ને દહાડા અહીં પડી રહી ચમન મારૂ!"

વાંચનારને જણાવવાની જરૂર નથી કે આ બે મિત્રો વચ્ચે થતી વાત-ચીત પેલો એકાન્ત બેઠેલો દુઃખી જવાન સ્પષ્ટ રીતે સાંભળી શકતો હતો.

"રાત ને દહાડો પડી રહેવાને આવા બગીચામાં કોને ન ગમે?" નગીન બોલ્યો. "પણ મહોડે-મહોડે પડી રહેવાય છે કે? એતો પેલા 'મા-ઇસોર પ્રકાશ'માં જાહેર ખબર છપાઇ છે તેવો કોઇ મોટો દોલતવાન હોય તેને પાળવે."

'જાહેર ખબર કેવી?" મનમોહન અચરત થયો

"ત્યારે શું તમે નથી જાણતા? એ જાહેર ખબરે તો જબરી ચર્ચા ફેલાવી છે." નગીને ખુલાસો કર્યો, "આખું માઇસોર ગઇ કાલથી હળ-મળી રહ્યું છે."

"હુ કશુ જાણતો નથી, દોસ્ત નગીન, જો કે મારે ત્યાં એ છાપો આવે છે, પણ હમણા હમણાં હું વાંચવાની ઝાઝી કાળજી કરતો નથી. ગઇ કાલનો અંક મેં હાથમા વટીક પકડયો નથી. વારૂ, તેમાં શી હકીકત છે?"

"હકીકત ઘણી ચમત્કારિક છે" નગીન બોલ્યો. "તેમાં સુરત ખા-તેનાં એક મરહુમ મોટા દોલતમંદ પારસી શેઠિયાના કોઇ ગુમ થયલા વાર-સનો પત્તો મેળવવાને લગતી જાહેર ખબર છે."

વિજળીનો એક ઝટકો લાગે તેમ પાછળી ઝાડીની અંદર એકાન્ત બે-ઠેલો પેલો જુવાનિયો ચમકયો, અને કાન ઉચા કરોને અતિ આતુરતાથી પેલા બે મિત્રો વચ્ચે થતી વાતચીત સાંભળવા લાગ્યો.

"ગુમ થયલો વારસ?" મનમોહને અચરત થઇ પૂછ્યુ. "ગુમ થયલો એટલે?"

"ગુમ થયલો એટલે જેનો પત્તો ન મળતો હોય એવો."

"વારૂ આગળ ચાલોની?"

"જે કોઈ તેની પાકી બાતમી આપે તેને વીસ હજાર રૂપિયાનું ઈનામ આપવાનું જાહેર કીધું છે."

"વીસ હજાર રૂપિયા! મારા દાદા! ન્હાનું ને ન્હાનુંજ ઇનામ છે! આટલી મોટી રકમનું ઈનામ છપાયું છે, ત્યારે દોલત કેવી ગંજાવર હોવી જોઇએ. નગીનદાસ?"

"અલબત, એમા શક શું? મોટાઓની વાત મોટીજ હોય." નગીન બોલ્યો. "લોકો કહે છે કે પારસીઓ પાસે દોલત નથી, કદાચ આ વાત ખરીએ હોય; પણ જ્યાં છે ત્યાં તો કુબેરના ભંડાર ભરેલા છે!"

"એ જાહેર ખબર કોણે છપાવી છે?"

'મુબઇના સોલીસીટરોની એક પેહડીએ."

"તેમના નામ?"

"હુ ભૂલતો ન હોઉ તો 'બહેરામશાહ અને બ્રાન્સન' એવું કાંઈ છે."

"ઓળખ્યા. આ 'બેહરામશાહ અને બ્રાન્સન' વાળાઓ જાણીતા છે. તેમની પેહડી ઘણી ધીકે છે. જ્યારે વકીલોની સત્તાથી જાહેર ખબર છપાઈ છે, ત્યારે આ બાબદમાં વજુદ હોવું જોઇએ."

'નહિકર ખોટી જાહેર ખબર અપાય વારૂ, મનમોહન?"

"બેશક નહિ. એ દોલતવાન પારસી શેઠિયાનુ નામ કાંઇ જાહેર કર્યુ હશેની?"

'હા. અરદેસર બરજોરજી બહાદુરશાહ એવું કાઇ નામ છે?"

"આ બહાદુરશાહવાળાઓ પારસી કોમમાં આગેવાન ગણાય છે. મેં એમનુ નામ સાંભળેલુ છે. વારૂં, ઓલા ગુમ થયલા વારસનું કાઇ નામ?"

"એનું નામ કે?" નગીનને તે નામ મહોડાં પર ઝટ યાદ ન આવવાથી લગાર અચક્યો. "એનુ નામ કે, મનમોહન, એનુ નામ—એનું નામ—હું હમણાં કહું છુ એનું નામ--એનું નામ—હાં હા! યાદ આવ્યુ! રૂ—રૂ—રૂ—રૂ—રૂ—રૂસ્તમ!"

"રૂસ્તમ!" મનમોહને પાછું બોલી બતાવ્યુ અને તે સમે પેલો પાછલી ઝાડીમાં એકાંત બેઠેલો પારસી પોતાને ધીરજ ન રહી શકવાથી બાક છોડી એકદમ ઝાડીની બાહેર આવ્યો.

સાંજનું ઝઝકળું થવા આવેલુ હોવાથી એકમેકનાં મોં બરાબર જોઇ શકાતાં ન હતાં. સૂર્યાસ્ત ક્યારનો થઈ ચૂક્યો હતો, અને ઝાડીઓમાં ચલિયાઓની ચેં—ચુ ચાલી રહી હતી. પેલો જવાન બાંક છોડી ઝાડી બાહેર આવ્યો, તેનાં પગલાં સાંભળી પેલા બે મિત્રો આંમ તેમ જોવા લાગ્યા. તેઓ સમજી ન શક્યા કે આ માણુસ એકાએક ક્યાંથી નીકળી આવ્યો.

"સાહેબ, તમે એ જાહેર ખબર કિયાં પત્રમાં વાંચી?"—પેલો જુવાનિયો જે ચકરાવો લઈ પેલા એ મિત્રો કને આવી લાગ્યો હતો, તેણે સવાલ કીધો

"ત્યારે શુ તમે અમારી વાત કયારના સાંભળી રહ્યા હતા?" પેલા હિંદુએ તે જવાનના સવાલનો જવાબ બાજુએ મેલી ચકિત થઈ સામો સવાલ મુકયો.

"હા. હુ ખુલ્લુ અને ખરૂ કહી દઈશ કે તમારી તમામ વાત મેં સાંભળી છે." તે જુવાનિયો બોલ્યો. "પણ મેં તે જાણી જોઇને સાંભળી નથી."

"એટલે તે કેમ?"

"તમે જે બાક પર બેઠા છો તેની બરાબર પાછળની ઝાડીમાં એક બીજો બાંક છે. એ બાક પર હુ તમારી આગમજનો આવાંને બેઠેલો હતો; જ્યાંથી સાભળવાની કશી પણ તજવીજ કીધા વગર સ્પષ્ટ રીતે તમારૂ બોલવું મારા કાનને આવી અથડતુ હતુ."

"શુ ત્યારે આ બાંકની પાછળ પણ બીજો બાક છે! હોય નહિ. મનમોહન, ચાલો, આપણે જોઇને ખાત્રી કરિયે."

પેલો જુવાનિયો જાણે ખોટુ બોલતો હોય તેમ તે બન્ને મિત્રોએ તે બાંક આગળ જઈ પોતાની ખાત્રી કીધી અને બાંકની હસ્તી જોઇ ખશિયાણા પડી જઈ લગાર નરમ થઇ ગયા. કહેવાની અગત્ય નથી કે પેલો જુવાનિયો તેમની સાથે હતો.

"આજ સુધી હુ નહોતો જાણુતો કે અહીં આમ ગુપ્ત વલાણ છે." નગીન બોલ્યો, અને પછી પેલા જુવાનિયાના સવાલનો જવાબ આપ્યો. "તમે શુ પૂછો છો શેઠ? એવી જાહેર ખબર કયાં છપાઈ એમ?"

"હા

"માઇસોર પ્રકાશમા. મેં પ્રથમ એજ છાપામા વાચી, પણ પછી મારા સાંભળવામાં આવ્યું હતુ કે માઇસોરનાં સઘળાં વર્તમાન પત્રોમાં આ જાહેર ખબર છપાયલી છે. કેમ સાહેબ, આટલી બધી જીજ્ઞાસા કાં બતાવો છો!"

"હુ આ બાબ-થી કેવળ અજાણો હતો, શેઠ" પેલો જુવાનિયો બોલ્યો. "અને આ બનાવે જો હિંદુ જેવી પારકી કોમમાં આટલી બધી ચર્ચા કીધી છે, તો એક જાત ભાઇ તરીકે મારી લાગણી આ બાબદપર કેવી દોરવાવી જોઇએ તે તમો સાહેબોને કહેવી પડશે નહિ. ચાલો સાહેબજી! થેંક્યું!"

અને આમ બોલી પેલો જુવાન ગ્રહસ્થ ત્યાંથી ઝડપુ કદમે નીકળી ગયો. વાંચનારને જણાવવાની જરૂર નથી કે એ જવાનિયો કોઈજ નહિ પણ આપણો **દાદીબા** પોતે હતો!

પ્રકરણ ૭૦ મું.

" કુદરત કરશે કામ. "

કોઇ દહાડે નહિ ને આજે દાદીબાને અસાધારણ ઝડપથી ઘર તરફ પાછો ફરતાં જોઇ તેની બેહનોને અચરતી ઉપજી. તેણીઓ પણ તરતનીજ બાહેર ફરીને દાદીબાની આગમચ ઘરે આવી પુગી હતી. વાંચનારને જણાવવાની જરૂર નથી કે મરનાર ખાનબહાદુરનો વારસો સ્વિકારવા છતાં દાદીબા હજી કશી મોજ મજાહમાં ભેળાતો ન હતો. પરીનની બેવફાઇ તેના જીગરમાં હજી તાજી હતી, અને તેનાં અંત કરણમા પજરતી આગને થોડી ઘણીબી શાન્તિ મળવા માટે તે એકાન્તવાસનો આશરો શોધતો ફરતો હતો.

આજે પણ આપણે તેને એવીજ એક એકાન્ત ઝાડીના અંધારા ઓથામા પડેયો જોયો છે, કે જયા કુદરતના એક અજાયબ સંજોગની રૂહે તેને તેના પોતાના લાભની એક બહુ અગત્યની બાતમી આપ મેળે મળી ગઇ એક ઇનસાનની શિક્ષા સરજત જાહેર અજવાળાંમા આવવાની હોય ત્યારે કુદરત તેના રસ્તાઓ કેવી હેરત ભરેલી હીકમતોથી ખુલ્લા કરતી આવે છે તેનું એક અસરકારક ચિત્ર, આજની સાંજે દાદીબાના સબંધમાં બનેલો બનાવ રજુ કરેછે

" શુ છે—દાદીબા, શુ છે ? " ઝડકુ કદમે દાદીબાને દિવાનખાનામાં દાખલ થયલો જોઇ વડી બેહેન શીરીને લગાર ઘભરાઇને પછ્યુ.

" આપણે ત્યાં માઇસોર ગેઝેટ આવેછની ? " દાદીબાએ અતિ ઉતાવળમા સવાલ કીધો.

" હા "

" આજનો અક એકદમ મને બતાવો ! "

" કાંય–કાંય ? "

" સઘળો ખુલાસો હું પછી કરીશ. "

તુર્તજ દાદીબાને તે દિવસનુ પત્ર આપવામાં આવ્યું. અસાધારણ ઝડપથી ધ્રુજતા હાથે તેણે તેની જાહેર ખબરોવાળા ભાગમાં નજર દોડાવી. આ વખ્તે તેનાં હાથ અને હોઠ થરથરી રહ્યા હતા.

" મળ્યું—જે જોઇતું હતું તે આબાદ મળ્યુ ! " દાદીબાએ હવે ચેહેરો લગાર હસ્તો કરી તે પત્ર શીરીનનાં હાથમાંઆપી " મને આ વાંચી સંભળાવો " એમ ફરમાવતાં એક ખુરસી પર જગ્યા લીધી.

ઝુમ્મરોથી ઝકઝકી રહેલાં તે દીવાનખાનામાં રોશની એવા દિલખુશ બહારમાં દીપી રહી હતી કે શીરીનને અજવાળાંની મદદ લેવા જવું પડયું નહિં.

તેણીએ સઘળાં સાંભળે તેમ દાદીબાએ વાંચવા ફરમાવેલી જાહેર ખબર નીચે મુજબ વાચી —

એક ગુમ થયલા વારસ વિષે ઈનામની જાહેર ખબર.

આ લખ્યાથી અમો નીચે સહી કરનારાઓ પ્રજાને જાહેર કરવાની રજા લઇએ છીએ કે સુરતવાળા મરહુમ માનવત પારસી અકાબર શેઠ અરદેસર બરજોરજી બાહદુરશાહની પેહેલી બાયડીને પેટનો એક હકદાર વારસ નામે મી૦ રૂસ્તમ અરદેસર બરજોરજી બાહાદુરશાહ, જે તેના બચપણુથી ગુમ થયો હતો, તેનો હજી સુધી કશો પતો મળતો નથી. મરનાર શેઠ અરદેસર બાહદુરશાહે પોતાની જીંદગીમાં, વારસ મજકુરની શોધ ખોળ કરવાને કશી બાકાત રાખી ન હતી; પણ તેમાં તેઓ નિષ્ફળ નીવડેલા હોવાથી મરનાર પોતાની છેલ્લી વસિયતમાં એ શોધ પોતા પાછળ ફરીથી ચલાવવાની ફરજ પોતાની બીજી બાયડીના બેટા મી૦ જેહાંગીર અરદેસર બાહદુરશાહ પર નાખી ગયા છે. એ ફરજની રૂહે શેહેરો શેહેર તપાસ કરવા છતાં, મરહુમ શેઠ અરદેસર બહાદુરશાહની ખાહેશ મુજબ તેમના વારસનો કશો પત્તો ગળતો ન હોવાથી, એક છેલ્લા ઉપાય તરીકે હિંદુસ્થાનનાં તમામ જાહેર છાપાએમા આ જાહેરખબર નાખીને જણાવવાની રજા લઇએ છીએ કે વારસ મજકુરે પોતે એકદમ આવીને જાહેર થવાની તસદી લેવી, અથવા એ વારસ વિષે જો કોઇ કાંઇ જાણતું હોય તો તેની નીચે સહી કરનારાઓને ખબર આપવી. એવી ખરી ખબર આપનારને પત્તા મુજબ વારસ મળી આવ્યા બરાબર ઇનામ તરીકે રૂ.૨૦૦૦૦ની મોટી રકમ મી૦ જેહાગીર અરદેસર બાહાદુરશાહ તરફથી બક્ષેશ આપવામાં આવશે. ગુમ થયલો વારસ મોટી દોલતનો હકદાર હોવાથી તે દોલત તેને સપુરદ કરવા માટે તેની શોધ કરવાની જરૂર છે, માટે બીજો કશો ખ્યાલ ન લાવતાં જેને એ વિષે કાંઈ સત્તાવાર ખબર હોય તેઓએ અથવા ખુદ વારસે વગર ઢીલે નીચે સહી કરનારાઓને મળવાની અથવા લખવાની તસદી લેવી. ધારવા મુજબ એ ગુમ થયલો વારસ અગર જો હૈયાત હોય તો તે પોતાનાં અસલ નામ (રૂસ્તીમ) કરતાં કાંઈ જુદુંજ નામ હાલમાં ધરાવતો હોવો જોઇએ. તેની જમણી છાતીપર એકસરખા સાત તલ છે. તેના જમણા હાથપર બરાબર પોંહચા આગળ ગેલાબી રંગની એક લાછન છે અને કંમરપર એક મોટો લાલ મસો છે.

મુબાઈ, કોટ હોર્નબીરો,
૧૩ મી માર્ચ ૧૮

બેહેરામશાહ અને બ્રાન્સન.
(બાહાદુરશાહ ફેમીલીના કાયદા સંબંધી સલાહકારો.)

પ્રકરણ ૭૧ મું.

શીરીન શું કહેવા માગે છે?

દાદીબા આ જાહેર ખબરથી ઘણો ખુશી થયો. દર દહાડે પોતાના નસીબને વધૂ ને વધૂ રોશનીમાં આવતું જોઈ તેણે કીરતારનો આભાર માન્યો. તેની બેહેનોએ તેને મુબારકબાદી આપી કે જે હક સાબેત કરવા માટે તે તૈયાર થયો હતો. તે હકનું કુદરતી સ્વિકારણુ આપ મેળે તેની સામે આવ્યુ છે.

"હવે તમે વખત ખોહવો જોઇતો નથી, મારા વ્હાલા ભાઈ!' શીરીને સલાહ આપી. "તમે એકદમ મુબઈ ઉપડી જઇ જાહેર થવાની જરૂર છે."

દાદીબાએ કશો જવાબ દીધો નહિ. પેહલા તે જાહેર ખબરથી ખુશી થયો, પણ હવે તેની ખુશાલી ગમીમાં ફેરવાઇ ગઇ. પરીનની બેવફાઇ વળી પાછી તેને અહીં યાદ આવી "અરે કીસમત!" તે મન સાથ બબડયો, અને બન્ને આખ્યો મીચીને કાઈ ઉંડી વમાસણુમા પડયો હોય તેવો દેખાયો. "અરે કીસમત' એકજ સુખને માટે તુ મારી સાંમે કેવું ઘાતકી નીવડયુ છે. એકવાર હુ કોડી વગરનો મોહતાજમદ આદમી હતો ત્યારે ખરો સુખી હતો, પણુ હાલ દોલતના દરગ વચ્ચે તે સાચ્ચા સુખ વગર હુ પોતાને દુ:ખી સમજું છુ. અરે કમનસીબી! તુ મારેજ માટે કયાં સતાઇ રહી હતી?"

"દાદીબા! દાદીબા! એમ શુ કરોછો" શીરીન અને તેની સઘળી બેહેનો દાદીબાની દિલગીરીનુ કારણ ઝટ સમજી ગઇ. "કીસ્મતમાં લખાયલા લેખ કદી ટળતા નથી. હજી તમે ઘણુા ભાગ્યશાળી છો કે જે હક પુરવાર કરવાને તમને હલાક થવું પડત તેનો આપમેળે સ્વિકાર થાય એવો ખુદરતે રસ્તો ખુલ્લો કર્યો છે. ગઈ ગુજરી પર ખ્યાલ લઇ જઇ મનમાં માઠુ માની લેવામાં કશો સાર નથી,"

શીરીનના અસરકારક શબ્દોએ દાદીબાને ઉત્તર આપવાની ફરજ પાડી.

"મારી ગઇ ગુજરી એવી ગજબ ભરેલી છે કે જીદગીના છેડા સુધી હું તે ભૂલીશ નહીં" દાદીબાએ ભરેલી છાતીથી મુશ્કેલીએ જવાબ આપ્યો." એકવાર હું પૈ વગરનો તમામ લાચાર માણુસ હતો, પણ જે સુખી સ્થિતિ હું તે વેળાએ ભોગવતો હતો, તે આજે ૪રતી મેરના દોલતનાં દરગ વચ્ચે હું ભોગવી શકતો નથી. મારી જીંદગીમાં બનેલાં આ છેલ્લા ફેરફાર દુનિયાની નજરે મને ભાગ્યશાળી ઠરાવતા હશે, પણુ મારી નજરમાં તેમ નથી; પરીનની બેવફાઇ હુ જીંદગી સુધી ભૂલનાર નથી. મને દોલત નહિ મળી હોત. અને પરીન માત્ર હોત તો મારા જેવો સુખી માણુસ હું કોઇને ગણુત નહિં. એક માન માગુ ખુશામતખોર બાપના મોટાઇ લેવાની તકલીદી લોભને ખાતર તેણી પોતાના અંત:કરણને

સાચી નીવડી શકી નથી, એ હું સારી રીતે સમજું છું પણ તેથી કોઇબી રીતે તેણીનો બચાવ થઇ શકતો નથી. પૈસાની ચેહલમેહલ પર પાક પ્યારની પસદગી ભૂલી જનારી પ્રિયાઓ આ દુનિયાનું જીવતુ દોજખ છે અને તે બેવફા ઓરતને એથી સારી બીજી કોઇ પદ્વિ હુ આપી શકતો નથી. મને આજે જે દુ:ખ થાય છે તે એજ છે કે મારા જેવા એક તમામ આશાભગ આદમી ઉપર નસીબ દેવી શા સારૂ પ્રસન્ન થતી હશે. આજની જાહેર ખબરથી જો મને કાંઇક આત્મિક સતોષ મળતો હોય, તો તે એજ છે. હુ એક કુળવાન કુટુંબનો ખરો હકદાર વારસ છુ અને મારી ઉત્પત્તિ માટે મારા જેવા એક અનાથિયાના બાબમાં જેમ બનવુ સાધારણ હોય છે તેમ મને શરમાવાનુ કશુ નથી. હુ મારા મરહુમ નામવર પિતાની મોટી દોલતનો ભુખ્યો નથી પણ હુ તે ચીજનો ભુખ્યો છુ કે જે ચીજથી મારા એ મરહુમ મુરબ્બીનો આત્મા તે જેહાંનમા ખુશનુદ થાય. તેવણની જીદગીમા તેવણની સૌથી મોટી ઉમેદ મને શોધી કાઢવાની હતી એમ દસ્તાવેજોથી શિદ્ધ થયુ છે તો તે ઉમેદ તેવણની પાછળ પણ પાર પાડવાની ફરજ હુ હરગેજ ભૂલીશ નહિ, પણ મને જે એક બીજુ વધુ દુ:ખ થાય છે તે એ છે કે એ ઉમેદ પાર પાડવા જતાં મને જે સખસ સાથે કમ પડશે તેો માટે મારી છાતીમા આખી દૃનિયાના ધિક્કાર કરતા વધૂ નીરસ્કાર અને ફીટકાર સમાયલો છે એ રીતે હુ એક મોટી દોલતનો વારસ થવા છતાં મારી અદરખાનની દુ:ખી હાલતને લીધે ફરતીમેરની સકડામણમાં આવી ગયો છુ."

"કુદરતનો ગેબી હાથ તે સંકડામણ દૂર કરશે, દાદીબા ! તમારા 'દોહરા સગ્રહ'માંથી આજેજ મે એક સુંદર દોહરો વાંચેલો મને યાદ છે કે—"

*ધીરજ ધર ધરણી વિષે, કુદરત કરશે કામ,
તન મન ધનનો તે ધણી, તેજ નિરતર નામ.

"બેહેન નાજા, એ સઘળી ખરી વાત છે." ન્હાની નાજાને દાદીબાએ જવાબ દીધો. "મારી સંકડામણો કુદરતેજ દૂર કાધી છે. પણ જે સંકડામણથી હાલ હુ મુઝાઉ છુ તે સકડામણ કુદરતે પોતેજ મોકલેલી હોવાથી તે હવે મારી જીદગીના છેલ્લા દહાડા સુધી મારી સાથે રહેશે."

"નહિ દાદીબા, તમારા વિચાર સાથ હું મળતી થતી નથી." શીરીને જવાબ આપ્યો. "નદી પછીના ઓવારા કુદરતે સરજાવેલાજ છે. એક દુ:ખનો જખમ તાજો હોય ત્યાં સુધી જે કાતેલ અસર કરે છે, તે અસર વખતના વેહવા સાથ ટકી શકતી નથી. વખત સઘળું વીસરાવતો આવે છે. પહાડ જેવાં મોટા દુ:ખને વખતની ઉડતી પાંખ ક્યાંનાં ક્યાં લઇ જઇ મળે છે.

---

* 'હિલ્લજાન' કૃત.

સસારીને સંત અને સંતને પાછો સસારી બનાવનાર વેહેતો વખત છે. એક તાજો આજે હોય તેવો કાલે રહેતો નથી–કાલે હોય તેવો છ માસે રહેતો નથી અને છ માસે હોય તેવો વરસે હોતો નથી. જેમ જેમ વખત પસાર થતો જાય છે તેમ તેમ નવી વાત જૂની વાતોને વીસરાવતી આવે છે. અલબતાં તમારો જખમ હજી તાજો છે એટલે તમારા વિચારો પણ અસ્વસ્થ હોવા જોઇએ. જ્યારે વખતના વેહવા સાથ તમારો જખમ રૂઝ આવતો જશે ત્યારે આપ મેળે તમારાં અસ્વસ્થ મનની હાલત સ્વસ્થતાને પકડી પાડશે. દુનિયામાં બીજી ઓરતોનો કાંઈ તોટો નથી, દાદીબા. પરીનનાં બાપે પરીનનેજ જણી નથી. પરીનને ટક્કર મારે એવી પરીચેહેર પુતલીઓથી દુનિયાં કાંઇ વાંઝણી નથી.”

શીરીન શુ કહેવા માગે છે તે દાદીબા ઝટ સમજી ગયો.

“ શીરીન, શીરીન, હુ તમારી પાંસ માગી લઉછ કે આજ પછીથી આએ બાબદ વિષે મારી સાથ તમે કદીપણ વાત કાઢવી નહિ. મારી લાગણીઓનો ખ્યાલ ખુદા શિવાય બીજા કોઇને આવવાનો નથી. જો હું કાચનું બદન ધરાવતો હોતતો આએ ઘડીએ મારાં દિલમાં આગના કેવા શોહલા ચાલે છે તે તમો સર્વ એહેનો નજરે જોઇ શકત, ખેર, હું હવે એ બાબદ લંબાવવા ચાહતો નથી. શીરીન બેહેન, તમે મારી સાથ મુબઈ આવશો ? ”

“ નહિ કાય દાદીબા ? ઘણી ખુશીથી આવીશ. તમારી ફતેહ એ અમારી પોતાની ફતેહ છે. મારા વ્હાલા ભાઇ, ‘ મુબઇ આવશો ? ’ એમ કાંય પૂછોછ ? સત્તાથી ફરમાવો કે ‘ મુબઇ આવો ! ”

“ તમારી લાયકી છે, બેહેન. પણ મારેથી તેમ કહેવાય નહિ. ” દાદીબાએ ઉત્તર આપ્યો “વારૂ, શીરીન બેહેન, તમે શુ ધરોછ કે મને જાહેર થયલો જાણી જેહાગીર બાહદુરશાહ, તુરત મારો હક સ્વિકારશે ? ”

“ બેશક ”

“ હુ માનતો નથી, ”

“ કાંય વારૂ ? ”

“ તેનાં ખાસ સબબો છે. ”

“ ગમે તે સબબ હોય, પણ દાદીબા, તમારી કને દસ્તાવેજી પુરાવા એવા મજબૂત છે કે તેનું કશું ચાલવાનુ નથી. ”

“ તે ખરી વાત છે, પણ મારો સવાલ તે નથી હુ એમ કહેવા માગુછ કે મારા જાહેર થવા બરાબર તેને આગ છુટશે. ”

“ અને તેથી ?—”

“ તેથી તે મારો હક પ્રથમ ના મજુર કરશે. ”

“ ભલે કરે. તે ના મજુર કરશે–પણ કાયદો તો ના મજુર નથી કરવાનો ? ન્હાનાં કે મોટાં, ગરીબ કે તવંગર સૌને માટે કાયદો સરખો છે. ”

"હું હમણાં એ વિષે તમારી સાથ કશી હુજત કરતો નથી, પણ જ્યારે એમ બનશે ત્યારે તમોને મારા બોલ યાદ કરવા પડશે."

"ખુદા તમોને તે દહાડો નહિ બતાવે" "શીરીને દુવા ચાહી. "દાદીબા આપણે, હવે કયારે ઉપડીશું ?"

"કાલ રાતના મેલમાં." અને અહીં ચગ વાગ્યાથી દાદીબા ખાણા પર જવા માટે કપડાં ઉતારવા ગયો.

* * * * *

બીજે દીને દાદીબા અને શીરીન મુંબઈ ઉપડી ગયાં.

પ્રકરણ ૭૨ મું.

—×—×—

એક પારસી "મડમ" પર ગુજરેલો ગજબ.

એક પાદશાહી એવાનમાં અતલસનાં એક કીમતી કોચપર એક પરીચેહર પુતળી અઢેલાયલી છે તેનો મોહક મુખડો એક સાધુને પણ પાછો સંસારી બનાવે એવો આકર્ષણિક છે, તે જે દિલપસંદ ઠપછપમાં બિરાજી છે, તે ઉપરથી ઝટ જણાઇ આવે છે કે તેણી કોઇ મોટે ખાંચરેની કુળવાન બાનુ છે. તેની તેજદાર આખ તેની સઘળી ખુબસુરતીનુ મૂળ છે. તેનાં બરફ સમાન ગોરા અને વળી ભરેલા હાથ, ઠુમકું મનોહર નાક, ગુલાબી ગાલ અને રૂપેરી ગરદનથી તેણી સ્વર્ગની સુલતાના હોય તેવો દમામ આપેછે. તેણી એક પારસી બાનું છતા ઇંગ્રેજી પોષાકમાં સજ્જ થયલી છે. એ પોષાક શુદ્ધ સફેદ છે, જે તેની છક્ક કરી નાખનારી ખુબસુરતીને બેવડા બાહારમાં દિપાવે છે.

એ પારસી મડલ કોણ છે? વાંચનાર! એ સવાલ તપાસવાનો હાલ સમય નથી. ખુબસુરતી જો ખરૂ સુખ હોય તો આ બાનુ સુખી નથી. ખુબસુરતી સાથ સુખ સદાનું જોડાયલું છે એમ સમજનારા ઇનિસાનોને આ દાખલા પરથી ઘણું શિખવાનું છે. એજ દૃષ્ટાન્ત પૈસાને પણ લાગુ પાડી શકાશે.

તે પરીચેહેર પુતલીનો પોશાક અમુલ્ય હતો. તે લેબાશ ઇંગ્રેજ બાનુંઓને પણ હેરત કરે એવો હતો. આખ્ખા ઝભ્ભા (ગવન) ની કોરપર મોતી ટાંકેલાં હતાં અને હાથમાં એક સુંદર પખો પકડેલો હતો. ગળાંનાં કીમતી મોતીઓની એક માળા હતી તથા જમણા હાથમાં હીરાજડિત પેહચી હતી. ડાબા હાથની એક ચોક્કસ આંગળીમાં સીલ કોતરેલી એક વીટી હતી, જે ઉપર ત્રણ અક્ષરોનો એક ગુપ્ત મોનોગ્રામ હતો. જે કીમતી કોચ પર તેણી અઢેલાઈ હતી તેની પાસેજ, જમણા હાથ તરફ, સુંદર ચીનાઇ કુંડાંમાં ન્હાની ન્હાની તરેહ-

ચિત્ર ૧૮ મું.



[બ્લૉક—જી૦ ન૦ ખરેઘાટ.

પરીન.

એક પાદશાહી એવાનમા અતલસના એક કીમતી કોચપર એક પરીચેહરે પુતલી અળેટાયલી હતી

[સફે ૨૯૬]

વાર રંગબેરંગી પાંદડીવાળું એક દિલખુશ ' ક્રોટન ' દીપી રહ્યું હતું. પશ્ચિમ તરફની બારીમાંથી સોનેરી કસબથી શણગારેલા રેશમી પડદાઓને અથડાને આવતો ધીમો લેહકીદાર પવન, તેણીનાં દિલપસદ મુલાયમ તપકીરિયા બાલો જોડે ગોયા ગેલ કરી રહ્યો હતો.

એવાં એક બાદશાહી સુખમાં વસનારી અને બાદશાહી દોરદમામ ભોગવનારી આ યુવાન પારસી—મડમ અદરખાનેથી સુખી ન હતી. અચાનક આવી પડેલી એક નાખુશ ખબરથી આજે તેણી બાવરી બની ગઇ હતી. વાંવાચનાર પૂછશે કે એ નાખુશ ખબર શી હતી? એનો જવાબ તેણીનાં ખોળામાં પડેલુ નીચલું કાગળ આપ મેળે આપશેઃ—

નેકનામ બાઇસાહેબ—

તમારો ભરથાર દરરોજ મોડી રાત સુધી, કયાં ભટકે છે તેની તમોને કાંઇ ખબર હોય એમ મને લાગતું નથી. તમારા સુખો સસારમા હુ સળો નાખવા ચાહતો નથી, પણ બડેખાંઓની કલબમાં મોડી રાત વેર મજાહ મારવાના જુઠ્ઠા બાહના તળે તમોને તમારો ધણી ભમાવે છે, તે હું સહન કરી શકતો નથી. ખરી વાત તો એ છે કે પેરીસથી આવેલી એક જવાન ખુબસુરત ફ્રેન્ચ મડમની ગોરી ચામડી પર તમારો ખાવીંદ મોહી પડયો છે અને પોતાને ખરચે એક ભપકાદાર મેહેલમાં તેણીને રાખીને, ત્યાં તે મોજ મારે છે. આ કાગળમા એક જૂદી કાપલી પર એ મકાનનો નબર તથા પત્તો લખુ છુ અને મજબૂત ભલામણ કરૂં છું કે તમારી ખાત્રી માટે તમે તેની તેહકીક કરી લેવી. યાદ રાખવુ કે હુ ધણીઆણી વચ્ચે ફાટ પાડવાનું પાપી કામ પસદ કરનારા વર્ગનો નથી. પણ ખુહારીનો જે પાયો ખોદાય છે તેને તેની શરૂઆતમાજ પૂરી નાખવાના સાહુચેતી ભરેલા ભલા હેતુથી હુ તમોને આ ખાનગી ખબર આપુ છુ. એ ખબર ઉપર તમે કેવો અમલ કરવો તે તમારૂ કામ છે—મે તો મારી પ્રમાણીક ફરજ બજાવી છે. જે મામલો હાલ ચાલે છે, તે જો થોડો વધૂ વખત ચાલુ રહેશે તો હુ ખાત્રીથી કહૂ છું કે તમારા સુખી સસારમાં તેથી મોટુ ભંગાણ પડશે હજી બાજી હાથથી ગઈ નથી તેટલાં ચાંપતા ઉપાય લેશો તો તેમાં તમોને પોતાને લાભ છે. જાદા નુકતેચીનીની જરૂર નથી.

હુ છુ તમારો,—ભલું ચાહનાર.

" ઓ ખુદા! એ હું શુ સાંભળુછ? " પેલી પરીચેહેર પૂતલી આખમાંથી મોતી જેવાં આંસુ ખેરવતી એકલી બબડી. " શુ બેવફાઇનો બદલો બેવફાઇમાંજ મળેછ? મારો ખાવીંદ એકવાર મને પ્યાર આપ્યા પછી હવે બીજીનો થાય એ ખ્યાલજ શું છાતી ફાડી નાખવાને પૂરતો નથી? પણ એ હું માનું કેમ? જેણે મને બાદશાહી એશ—આરામમાં આજની ઘડી સૂધી ર-

મતી રાખા, તે મારી પાછળ એવાં પાણીમા ઉતરે એ વાત હુ સ્વિકારૂંજ કેમ? અદરખાને કોઇની કાંઈ કપટ રચના તો નહિ હોય? અમારા સુખી સસારમાં સડો નાખવાની કોઈ કરપીણુ મૂળની કાંઈ હલકી મતલબ તો નહિં હોય? મિત્ર-મંડળ કે કુટુબના કોઈ અદેખાંઓની આંખમાં મારૂ બાદશાહી સસાર-સુખ ખુનતું તો નહિ હોય! પણ સબર? માણુસનાં વિચારો ઘડીની વચ્ચે ફરી જતા ક્યાં વાર લાગે છે? આ કોઇ ભલુ ઇચ્છનાર લખે છે તેમ એની મતિ ફરી કાં નહિ હોય? જેમ મે એકને છોડી બીજાને પસંદ કીધો, તેમ એ મને છોડી બીજી પર દિલ કાં નહિ દોડાવે? જો આ વાત ખરી હોય તો મારા જેવી દુઃખી અબળા દુનિયામાં બીજી કોઇજ હશે રે નસીબ! નસીબ!"

અને અહો, તેણી પોતાની મરોડદાર ગોરી ગરદન સોફાના સિરાંનાં પર નાખી ડચકાં ખાવા લાગી.

થોડીક મીનીટ સુધી તે સુદર મેહલના દિલખુશ દિવાનખાનામા ચુપકીદીએ પોતાનો અમલ ચલાવ્યો,

"હું એકવાર કેવી સુખી હતી? ઓ ખુદા! આજ સહવાર સુધી હું જાણુતી ન હતી કે આજે મારી ઉપર આય ગજબ ગુજરશે. હવે મે શુ કરવુ અને કિયો ઇલાજ લેવો, તે હુ સમજી શકતી નથી. આ કાગળ મારા ભરથારને બતાવી તેની ફેંટ પકડીને ખુલાશો પૂછું તો કેવુ?—પણ નહિ! એનો વાક હશે તે એ કઈ કબુલ કરવાનો છે? કાગળ બતાવી તેને આગમચથી સાવચેત કરવા કરતાં એકદમ એનો પિછો પકડીને ફજેત પાડુ તોજ હું ખરી! અફસાસ! અફસોસ! જો આએ નનામુ કાગળ ખરૂ હોય તો દુનિયાનાં તમામ મરદો તરફ મારો તીરસ્કાર દેખાડશ! પણ સબર! પેલુ કોણુ આવેછ? અરે એ તો મારો ધણી પોતેજ છે! જોયા એના ઢગ? જાણે કસામાં હોયજ નહિ તેમ હસ્તો હસ્તો આવેછ! ઓ જમાના! તારા રગ અજબ છે! હુ એ કાગળ તુરત વેળા સંતાડી દઇશ." અને એમ બબડી તે પરીચેહેર પૂતલીએ તે કાગળ પોતાના એક છુપા ખીસામાં સેરવી દીધુ.

પ્રકરણ ૭૩ મું.

ફરજનું કરજ અદા થયું.

સાંજનો વખત હતો. જેહાંગીર અને પરીન ફરવા જવાની તૈયારીમાં હતા. કદાવર બાંધાના બે સફેદ મોટા આરબી ઘોડા જોડેલી એક દમામદાર ચાર્ટ "જેહાંગીર કાસ્ટલ" ના પોર્ટિકોમાં ઉભેલી હતી. ઘોડાવાળાઓ તથા કોચમેન ભપકાબંધ પોશાકમાં સજ્જ થયલા હતા, અને ટૂંકમાં, ત્યાંનો દેખાવ

આંખને ઉડી વળગે એવો આકર્ષણિક હતો.

પરીનની નવી આયા ' રિતીન ' પોતાની બાઈ સાથ ફરવા જવા સારૂ તૈયાર થઇને ઓટલાપર બીજા નોકરો જોડે વાત કરતી ઉભી હતી જે વખત જાય છે તેમાં તેના શેઠ–શેઠાણી કેસ્ટલમાંથી આવી પુગવાની વકી હતી, તેટલા કાસ્ટલના મોટા લોખંડી દરવાજામાં એક ગાડી દાખલ થઈ બગીચાનો ' કર્વ ' લઇ મેહેલનાં માલેકની સુંદર ચાર્ટ જ્યાં ઉભી હતી ત્યાં આવીને થોભી. તેમાંથી એક પારસી તથા એક યુરોપિયન ગૃહસ્થ ઉતરી કાસ્ટલમા આવ્યા.

" જેહાંગીર શેઠ છે ? " પેલા પારસી ગ્રહસ્થે સીહડી ચઢતાં સામા મળેલા એક પારસી નોકરને પછયું

" હા સાહેબ, છે. "

" શેઠને આ કાર્ડ આપીને કહો કે આ ગૃહસ્થો તમને અબઘડી મળવા ઇચ્છે છે. '

નોકરે નમીને કાર્ડ હાથમાં લીધા અને બંનેને આગલાં દિવાનખાનામાં બા ઇજ્જતથી બેશાડી શેઠને ખબર કરવા દોડયો.

શેઠ બાહેર સિધારવા સારૂ ડ્રેસ કરવામા રોકાયલા હોવાથી પેલા બે ગૃહસ્થોને નઝદીક ૧૦ મીનીટ ખોટી થવુ પડયુ. તે પછી, તે જવાન બહાદુરશાહ દમામદાર દેખાવ સાથ દિવાનખાનામા દાખલ થયો.

" અત્યારે કેમ આવવું પડયુ, મી૦ બેહરામશાહ ? " વાચનારને કહેવાની અગત્ય નથી કે તે મુલાકાતે આવનારા ગૃહસ્થો જેહાગીરના સોલીસીટરો મેસર્સ " બેહરામશાહ અને બ્રાન્સન " હતા, જેમને આવકાર આપ્યા પછી બહાદુરશાહે તેઓ માહેલા એકને સવાલ કીધો.

" સાહેબ, આપણું કામ સફળ ઉતર્યું છે, અને અમારી મેહેનતને જશ મળ્યો છે. "

" તમે કહી બાબદ વિષે બોલો છો, મી૦ બ્રાન્સન ? "

" પેલા ગુમ થયલા વારસ વિષે. "

" શુ તે વારસનો પત્તો મેળવવાને તમે શક્તિવાન થયા છો ? " જેહાંગીરે ઘણી ખુશાલી વચ્ચે આ ખુશખબર સાંભળીને ફરીથી અતિ આતૂરતાથી સ્પષ્ટિકરણ કરવા ચાહ્યુ.

" જી, હા "

" અને તે કેવી રીતે ? "

આજેજ સહવારે અમારા ભાઇબિધ મિત્રો મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમની પેહડી તરફથી અમોને એક પત્ર મળ્યો છે, જેમા ગુમ થયલો વારસ પોતે તે પેહડીવાળાઓને જઇ મળ્યાની તેઓ ખબર આપેછે અને તેના સોલીસીટરો તરીકે તેઓ તમોને મળવા ઇચ્છે છે. "

"શુકર છે તે બારે હકતાલાના! તે મારા મરહુમ પિતાની લાંબા વખતની મુરાદ સફલ થવાનો સમો આજે પાસે આવ્યોછે અને તેવણે મારે માથે મૂકેલી ફરજમાંથી મુક્ત થવાને હવે હુ ભાગ્યશાળી થઇશ." જેહાંગીર બહાદુરશાહે આ ખુશખબરથી પરવરદેગારના શોકરાના કીધા અને પછી બોલ્યો. "હુ તેઓને મળવાને ઘણો ખુશી થઇશ. હુ ઇચ્છુછુ કે એ મુલાકાત આજે થઈ શકતી હોય તો કાલપર રાખવી નહિ."

"ઘણું કરીને આપ સાહેબની ઇચ્છા સફલ થશે." મી૦ બેહરામશાહ બોલ્યા. "જો કે સાજનો વખત થયો છે અને ઘણી ખરી તમામ આફીસો બધ થઈ જેનઇએ, તોપણ, ઘણીવાર આમ બનતુ સાધારણ હોય છે કે પ્રખ્યાત સોલીસીટરોની પેઢીઓમા કામનુ જ્યારે દબાણુ હોય, ત્યારે રાત્રે દસ દસ વાગ્યા સુધી ઑફીસ ઉઘાડી રહે છે હાલ અમારા ધધાની 'સીઝન' હોવાથી અમારી પોતાની પેઢી પણ દસ વાગ્યા સુધી ઉઘાડી રહે છે, માટે, હુ અહીંથી ટેલીફોન મારફતે મારા વડા કલાર્કને પૂછીશ, તો તે તુર્ત તપાસ કરીને જવાબ વાળશે, અને મેસર્સ રીચર્ડસન અને રૂસ્તમની ઑફીસ ઉઘાડી હશે તો તેમને અહીં તાબડતોબ રવાના કરી દેશે."

બેહરામશાહ સોલીસીટરની સલાહ જવાન બહાદુરશાહને પસદ આવી. તેવણે ટેલીફોન મારફતે કલાર્કને ખબર આપી ગુમ થયલા વારસના વકીલોને જલદી મોકલી આપવા ફરમાવ્યુ.

વકીલો ટેલીફાન કરવા પડયા, તેટલા જેહાગીર આ ખુશ ખબર પોતાની માને કહેવા દોડયો. પરીન, જેણી તૈયાર થઇને જેહાગીરને માટે ખોટી થતી હતી, તેણી તેને પેહેલા મળી, જેને આ ખબરથી વાકેફ કરી આજે પોતે ફરવા આવી નહિ શકશે એમ જણાવ્યુ. જેહાગીરને એક અગત્યના કારણસર રોકાઇ ગયલો જાણી પરીન પેલી દમામદાર જોડીમા આયા જોડે એકલી ફરવા ગઇ.

જેહાંગીરનો ગુમ થયલો ભાઈ મળી આવ્યો છે. એમ જાણી પરીન ખુશી થઇ, પણ પરીન કરતાં વધૂ ખુશાલી શેઠાની રતનબાઇની હતી. આસપાસનાં સંજોગો ધ્યાનમાં લઇને તેવણે પ્રથમ ધારી રાખ્યું હતુ કે મરનાર શેઠ અરદેસરની ઉમેદ હવે બર આવવી મુશ્કેલ હતી, કારણુ કે ગુમ થયલા વારસને ગુમ થવાને ઘણાં વરસો થઇ ગયલાં હોવાથી હવે તે મળે એમ કોઇના માનવામાં નહિ હતું. આ સઘળો મામલો અચાનક ફેરવાઇ ગયલો જોઇ તેવણુને જે ખુશી ઉપજી તેનુ બ્યાન કરવું મુશ્કેલ છે.

"ખુદાએ તને જશ આપ્યો, મારા દિકરા." શેઠાણી બોલ્યાં, "જે કામ પાછળ તારા મરનાર બાપે તન તોડીને જીંદગી ઘસી નાખવા છતાં તેવણુને ફતેહ નહિ મળી, તે ફતેહ તારાં નસીબ હશે તે તને મળી. હવે મારી

સલાહ એ છે કે આજે તેનાં વકીલોને મળીને તેઓ શું કહેછ, તે તેં સઘળું સાંભળી લેવું અને આવતી કાલે તારા ભાઇને આપણે ત્યાં મળવા બોલાવવો."

"મારો પણ એજ વિચાર છે, માયજી." જેહાંગીર હરખાઇને ફતેહના મદમાં મૂછ મરોડતાં બોલ્યો.

"જેહાંગીર, આજે દુનિયાં લુચ્ચાઇની છે" માતાએ દિકરાને સલાહ આપી. "માટે એ ગંભીર પગલુ ભરતાં તેં અને તારા સોલીસીટરોએ ઘણી સભાળ લેવાની છે. કળીયુગના આ જમાનામાં જુઠ્ઠાઇ એવી જોરાવર બનેલી છે કે સચ્ચાઇ પર તે વારંવાર ફાવી જાય છે, વાસ્તે, આપણે કોઇ લુચ્ચા કે ડોળ ઘાલુના હાથ પર ઠગાઇ જઇએ નહિ તે તપાસજે. આ કામમા પુરતી ધીરજ, પુરતી દુરઅંદેશી અને પુરતી હિંમત બતાવવાની આપણી ફરજ છે, જેનો મ્હેંજબી ભગ થતા આપણે નાહક દુનિયાની બત્રીસીએ ચઢીશુ, તે ખુબ યાદ રાખજે દિકરા, હું એમ કરીને આ મળી આવેલા વારસ વિરૂધ તને ભભેરૂ છુ એમ માની લેતો ના. બોરબી હુ તો ખુશી છુ કે તારા મરનાર બાપની છેલ્લી વશિયતમાંથી તારી ખરી ફરજ બજાવીને તુ છુટો થશે અને આપણને આવેલા પેલા ભેદી સ્વમા મુજબ તુ ને હુ બન્ને જણા તેવણુની ખફગીનાથી મોકળા થઇશુ મારી આજની સલાહ એટલાં માટે છે કે મોટી દોલતનો વારસો મેળવવાની ઉમેદમાં કેંક ડોળ ઘાલુઓ બહાર પડશે જેથી ખરાને શોધવા જતા ખોટાને સ્વિકારી નહિ લેવાય તે સભાળવાનુ છે. જ્યાં સુધી આપણે તેની પુરતી તેહકીક કીધી નથી, ત્યા સુધી આ મળી આવેલા વારસ માટે જેમ તે ખોટો છે એમ મારાથી કેહવાય નહિ તેમ તે ખરો છે એમ પણ બોલાય નહિં આપણુને એક ચીજ જોઇએ છે, તો આપણી ફરજ છે કે તે જોઇ તપાસીને સાતવાર ખાત્રી કીધા પછી લેવી. હુ ધારૂ છુ કે મારા કહેવાની ભલી મતલબ તુ તમામ સમજી જશે."

આ વાતચીત ચાલે છે તેટલાં એક નોકરે આવી ખબર આપી કે ટેલીફોન મારફતે જવાબ મલ્યો છે કે મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમ હજી ઓફીસમાજ હોવાથી તમો સાહેબનો ફરમાશ મુજબ જે વખત જાયછે તેમાં તેઓ અહીં આવી પુગશે.

પ્રકરણ ૭૪ મું.

—x—x—

એક કુળાભિમાની કડકની કહાંણી.

વકી મુજબ અરધા કલાકમાં વકીલો આવી પહોંચ્યા જેહાંગીર બહાદુરશાહ તથા તેના સોલીસીટરોએ સામી પક્ષના હિમા-

યતીઓને માન સહિત આવકાર આપ્યો. આ વખ્તે છ વાગી ગયલા હોવાથી 'કાસ્ટલ' ભભુકદાર રોશનીથી ઝળઝળી રહ્યો હતો. ગોયા તે ભાગ્યશાળી મેહેલનાં માલેકને ત્યાં દરરોજ સાજવારી થતી હોય એવો દેખાવ તે દમામદાર રોશનીથી નવા જોનારની નજરમાં દીસતો હતો.

પ્રથમ વકીલ–વકીલો વચ્ચે વાત થઇ, જેમાં જેહાંગીરે કશા સવાલ જવાબ કીધા નહિં. ખાનદાનનુ અભિમાન એ જવાન બહાદુરશાહમાં એટલું બધું હતુ કે પોતાત્રા પ્રતિનિધીઓ મારફતેજ સઘળુ કામ કરવાની તેની ઇચ્છા હતી, પણ તે ઇચ્છા સામી પક્ષવાળાઓએ પાર પડવા દીધી નહિ.

તે ચારે કાયદાના હિમાયતીઓ પરસ્પર સંભાષણ કરી ચુકયા પછી તેનો સાર મી૦ બ્રાન્સને પોતાના ક્લાએન્ટને કહી સંભળાવ્યો. તાત્પર્ય એ હતો કે મળી આવેલો વારસ જેહાગીર બાહદુરશાહને પોતે આવીને મળવા ઇચ્છતો ન હતો.

"એટલે?" જેહાંગીર અચરત થયો તે કુલાભિમાની જુવાનિયાને આ લગાર અપમાન ભર્યું લાગ્યું કે "ગુમ થયલો વારસ મને મળવા ઇચ્છતો નથી એટલે શુ? ત્યારે મારો પાકી પતીજ કેમ થાય, મી. બ્રાન્સન?"

"મને વચ્ચે બોલવાની રજા છે, સાહેબ?" મી૦ બ્રાન્સન કાંઇ જવાબ આપે તે પેહેળા મી૦ રૂસ્તીમ જે સામી પક્ષનો સોલીસીટર હતો, તેણે જવાન બાહાદુરશાહને સવાલ મૂક્યો

"ખુશીથી બોલો, મી૦ રૂસ્તમ, તમારી સલાહ અને મદદ મેળવવા માટે તો મે આજે તમોને તસદી આપીછે." જેહાગીરે મીઠાસથી લગાર 'જમરૂખી' ભરેલો જવાબ આપ્યો." હુ તમોને સાંભળવાને ખુશી છુ."

"ગુમ થયલો વારસ, જે હાલ મળી આવ્યો છે અને જે અમોને મળી ગયો છે, તે તમોને મળવા ઇચ્છતો નથી, તેનાં કેટલાક ચોક્કસ સબબો છે; જે આપમેળે હવે પછી તમો સાહેબની જાણમાં આવશે."

"હુ હજી સમજી શકતો નથી" "ખુલ્લા બોલોમાં બોલો,"

"તમારી સાથ વાત કરવાને તે જવાન ગૃહસ્થ નારાજ છે."

"અને તેનો કાંઇ સબબ?"

"તે હું જાણુતો નથી" મી૦ રૂસ્તીમે જવાબ આપ્યો. "અમે જાણીએ છીયે ત્યાં સુધી તેની આ વલણુમાં કાંઇ માર્મિક અર્થ સમાયલો છે, એ અર્થ અમોને પણુ તેણે સમજાવ્યો નથી. તે માત્ર અમારી મારફતથીજ સઘળુ કાર્ય કરવા ઇચ્છે છે અને મને તથા મારા મિત્ર મી૦ રીચર્ડસનને ઉમેદ છે કે તેમાં તમો સાહેબને વાંધો લેવા જેવું કશુ નથી."

"ખચિત્ત, વાંધો લેવા જેવુ હું એમાં કાંઇ જોતો નથી. પણુ—"

"પણુ શું?"

"મારી અજાયબી એ છે કે એ ગુમ થયલા વારસને મે મારી જીંદગીમાં કદી નજરે પણ જોયો નથી, ત્યારે મને મળવાને એ નારાજ હોય એમ બનેજ કેમ ?" જેહાંગીરે હકવાજબી સવાલ કીધો.

"સાહેબને હુ કહી ચૂકયોછ કે તેના કાંઇક ગૂમ સબબો છે. એ સિવાય બીજી કોઇ રીતે તે તમારી તરફ–"

"તે ખરૂં, પણ એવી દોલત મેળવવાનો દાવો કરનારાઓનુ આજના વખતમાં નીકળી આવવુ ઘણુ સેહેલુ છેની? મે મારી પુરેપુરી ખાત્રી કરવી જોઇએ, એ વાતતો તમો સાહેબ નાં નહિ પાડી શકશો ?"

"કેમ નાં પડાય ? વાજબી વાત હોય ત્યાં વાંધો ટકેજ કેમ ?" મી૦ રૂસ્તીમે સિફતથી કામ લેવા માડયુ. "જેમ તમો સાહેબનુ કહેવુ ખોટુ નથી તેમ અમારાં કુલનું કહેવું પણ ખોટુ નથી, સાહેબ. તમે જે દગો ફટકો થવાની દહેશત રાખો છો, તે મનમાંથી તમામ કાઢી નાખશો; કારણ કે, જે સત્તાદાર દસ્તાવેજો એ ગૃહસ્થ ધરાવે છે, તે સઘળા અમે બન્ને ભાગિયાઓએ નજરે જોયા છે અને હુ હિમ્મતથી કહીશ કે તેમાંનો એકજ જોતાં તમે બિનતકરાર અમારા કુળને ખરા હકદાર તરીકે બહાલ રાખશો."

"શુ એ ગૃહસ્થ સત્તાદાર દસ્તાવેજો પણ ધરાવે છે !"

"હા."

"ત્યારે મને પ્રત્યક્ષ મળવામા વાંધો શો હોય ?"

"તે અમે જાણુતા નથી !"

"હું એમ કહેવા માગુ છું કે ગુમ થયલો વારસ ખુદ એજ છે એમ શિદ્ધ કરવા માટે અમોને તેના આંગપરની ચોકસ નીશાનીઓ, જે અમે જાહેરખબરમા ખુલ્લી જણાવીછે, તે નજરો નજર જોવી જોઇએ, તેનુ કેમ?"

"તેનો તોડ અમે હવે પછી કાઢીશુ."

"તેમ હોય તો તમારી જોડે મસલત કરવાને તથા જે દસ્તાવેજો એ ગૃહસ્થ ધરાવતા કહેવાય છે, તે તપાસવાને હું ખુશી છુ. આવતી કાલે સહવારે ૧૦ વાગે અહીં તે ગૃહસ્થને લઇને પધારવાની તસદી લેવા માટે આજથી હુ તમો બન્ને સાહેબોને આમંત્રણ કરૂંછું, કે જ્યારે મારા સલાહકારો પણ હાજર રહેશે."

"મૂળ—વાંધો એજ છે, સાહેબ !" મી. રીચર્ડસને હસીને કહ્યું. "જ્યાં સૂધી તમે તેનો દાવો સ્વિકારો નહિં, ત્યાં સૂધી તમારી સીહડીએ નહિ ચહડવું એવી તેની ખાહેશ છે."

"અને ત્યારે ?"

"ત્યારે એમ કે તમો સાહેબે આવતી કાલે એજ ટાઇમે અમારી ઑફીસમાં તસદી લેવી."

"અને ત્યાં એ ગૃહસ્થ મને મળશે ?"

"નહિં"

"ત્યારે હું ત્યાં શા માટે આઉ ?!"

"દસ્તાવેજો તપાસવા."

"અને પછી ?"

"પછી જો તમે તેનો હક બહાલ રાખશો તો અલબતાં તમારી સ-નમખ અમારૂં ફુલ જાહેર થશે."

"જેહાંગીર બાહાદુરશાહ માનનો ભૂખ્યો હતો. હકદાર વારસ ચાલી ચલાવીને તેના 'કાસ્ટલ'માં હક પુરવાર કરવા આવે, એમાં તે પોતાને ઇ-ઝત મળેલી સમજતો હતો જ્યારે પોતે થઇને તેના વકીલોની ઑફીસમા તેહકીક કરવા જાય, એ તેના જેવા "દરજ્જાદાર શેઠિયા"ના મોભાને ઝાખ લાગવા જેવું તેને લાગતું હતું!

ઓ માનમાગુ માતબરો! તમારી અક્કડબાજ અપટાઇ ક્યા આવીને અટકશે? ઓ કુળાભિમાની કડકો! તમારી શોખાઇ ભરેલી શેઠાઇથી દુનિયા ક્યારે મુક્ત થશે? ઓ ચલતીના જોરે ચળીને ચસ્કી ગયલા ચાકલેટ ચક-ડોલો! તમારા પાપી પંજામાંથી નિર્દોષ નરનારીઓ ક્યારે કરાર પામશે?

"એ ગૃહસ્થને મારા મેહેલમાં આવવાને શો બાધ છે તે હું સમજી શકતો નથી, મી૦ રીચર્ડસન ?"

"અને તેમજ, તમો સાહેબને અમારી ગરીબડી ઑફીસમાં પધાર-વાને શો વાધો છે તે પણ હું સમજી શકતો નથી મી૦ બહાદુરશાહ!" તે ઠાવકા વકીલે તે માનમાગુ માતબરને ખ્યાલમા લપેટીને પ્રસંગોપાત હાજર જવાબ આપ્યો "જો ચોક્કસ નબળાઇને વશ થઇને તે ગૃહસ્થ તમારે ત્યાં આવવાને હિમ્મત કરી શકતો ન હોય, તો તમે સામા જઇને તેને માન આપો તથા મોટું દિલ બતાવો, સાહેબ! એમા તમોને કશી હલકાઈ પહોંચવાની નથી, મી૦ બાહદુરશાહ? આરબા સમજદાર માણસો તમારી વખાણ કરશે."

"નહિં, મી૦ રીચર્ડસન. જેમ તમારાં કુળને સબબો છે તેમ મને પણ ચોક્કસ સબબો છે." તે માનમાગુએ કેવળ ખોટું અડાવ્યુ. "દિલગીર છુ કે હું તમારી ઑફીસમાં તે ગૃહસ્થને મળી શકીશ નહિં."

"તમે આ બાબદમા તમારા વકીલોની સલાહ લો, સાહેબ!" મી૦ રીચર્ડસને યાદ આપી. "હું ધારૂંછુ કે મારા મિત્રો તમોને ખોટે રસ્તે દોર-વશે નહિં." અને એમ બોલી તે જવાન બહાદુરશાહને પોતાના સલાહકારો જોડે મસલત કરવાની જોગવાઈ આપવા માટે મી૦ રીચર્ડસન ત્યાંથી ઉઠીને મી૦ રૂસ્તીમને ઇશારત કરી લગાર બાજુ થયા.

"કેમ, તમારો શો વિચાર?" સામી પક્ષના હિમાયતીઓ બાજુ થવા પછી જેહાંગીરે તુર્તજ પોતાના બેઉ સલાહકારોને પ્રશ્ન કર્યો.

"અમારો વિચાર જો પુછતા હો, તો, સાહેબ તમે પોતે મે રીચર્ડસન અને રૂસ્તીમની ઑફીસમાં જવાની ફરજ છે. જાહેરખબર અ છપાવી છે, એટલે ગરજ આપણી કહેવાય—અને નહિં કે સાંમી પક્ષની.

"જે ધણીને મેં મારી ઉમરમાં જોયો નહિં હોય, તે ધણી, મારી એવી ઉઘાડી શત્રુતા પાળે એ શું મને અપમાન નથી?"

"સાહેબ, અમે તેવું કશુ જોતા નથી. એમાં અપમાન શાનુ ને શાનુ? કાંઈ ચોક્કસ સબબ કે નેમ વગર એવી સરત તે ગૃહસ્થ કરવા' નહિ. તમે પોતે ઓફીસમાં પધારો તો શી હરકત છે?"

"તમારી પાસે હું છુપાવતો નથી." અંતે જેહાંગીરે એકરાર . "ત્યાં આવવું એ હું મારા મોટા દરજ્જાને હલકો પાડવા જેવુ સમજું

તે મૂર્ખ માતબરનાં આ છેલ્લા શબ્દો પર તેના બન્ને સલાહ મનમાં હસ્યા.

"સાહેબના વિચાર સાહેબને મુબારક છે, પણ—"

"પણ શું?"

"અમે એવું કશું જોતા નથી. અમે ફરી એકવાર તમો ર બને સલાહ આપીએ છીએ કે હાથ આવેલી બાજી નકામી નડતલ - વાથી હાથથી જતી રેહેશે." મી૦ બ્રાન્સન બોલ્યો અને જેહાંગીર શુ જ આપે છે તે સાંભળવા થોભ્યો.

"હુ આ બાબદમાં મારા માતાજીની સલાહ લેવાનુ વાજબી િ છુ." એ ત્રણ મીનીટ વિચાર કરીને જેહાંગીરે જવાબ દીધો. અને લોને બેશવાનું કહી પોતે અંદર ગયો.

પ્રકરણ ૭૫ મું.

—x•x—

ભાઇની મશ્કેરી—બેહેનની ટકોર.

શેઠાણી રતનબાઈ આજ સાંજની ખુશખબરથી એવાં ઇન્તેજાર ‹ હતાં કે જેહાંગીરને તેનાં વકીલો સાથ શુ વાતચીત થાય છે. તે સાંભળવા તે ભવ્ય દિવાનખાનાના એક મોટા સુદર વેનિશિયન સ્કીનની પાછળ છુપ ઉભાં હતાં. જેહાંગીરે વકીલોની ઑફીસમાં જવાનો દેખાડેલો અણુગમો જેહાંગીરનાં વકીલોએ નાપસંદ કીધો, તેમ શેઠાણી રતનબાઇને પણ ' પડયો નહિં. તેવણે પોતાના દિકરાની આ ફુકરાઇમાં એક જાતની માન' શોખાઇ જોઇ, જે શોખાઇને એક તડાકે તોડી નાખવાને તેઓ સમર્થ ઙ

પણ હમણા જેહાગીરને દુખવવામાં સાર નથી, એમ વિચારી તુરત વેળા તેઓ ડપકી મારી ગયાં. જેહાંગીર તેવણુને શોધતો તેવણુનાં ઓરડા તરફ ગયો, ત્યારે તેવણુ પડદા પાછળથી નીકળી તેની પાછળ ગયાં. જેહાંગીરે તેવણુને ટૂંકમાં સઘળી બીનાં બ્યાન કરી, અને વકીલની ઑફીસમાં પોતે જવું કે ન જવું; તે વિષે તેવણનુ મત પૂછ્યુ.

"કાંય નહિં જાય? ઓવાય! જેહાંગીર? એ તું શુ ધનક લઈ એ-ઠોછ?" શેઠાણી રતનબાઇને આ ઠીક ઓઠું મળી ગયું. "મુઇ એવી તે કેવી ફિશિયારી? મુવું એવું તે કેવું માન-ગુમાન? તું વકીલની ઑફીસમાં જાય તેમાં તે તારો દરજ્જો શાંનો ઘટે? એમ છેકજ ચસકેલ ને માનમાગુ મઘરડા નહિં થઇ જઇએ. તારી ગરજે તું નહિં જાય તો કોણ જાય? અને કદાચ તારી પોતાની ગરજ નહિબી હોય તો શુ થયુ? એમાં તે તુને હલકાઇ શાંની આવી જવાની? એવા ઇતરાટ મને તો નહિં ગમે જો બા! બેહેસ્તરે માહરા બેહેસ્તી અરદેશરજીને! ગમે એવી ચલતી ને દોરદમામવાળા હતા, ગમે એવો ટેક ને મોભ્ભો રાખતા પણ પ્રસગ આવે ત્યારે સઘળુ બાજુએ મૂકી એક અદનામાં અદનાનેબી ઇઝત આપવા ચુકતા નહિ. એ તે નેકનામી! એ તે કીર્તિ! એ તે ઇન્સાનિયત!"

જેહાગીર ખશીયાણો પડી ગયો! શેઠાણી રતનબાઇ એવા પાકા પેચથી બોલતાં હતા કે તેવણુના માન માગુ દિકરાને જવાબ આપવાનુ ભારી પડી ગયુ!

"માયજી, હું માન માગવા સારૂ નથી—"

"નહિ જેહાંગીર! હુ તુને સાંભળવા માગતી નથી. તુ માન માગવા સારૂજ એવું પગલુ ભરતાં અટકયો—એ મને બીલકુલ પસદ નથી. ખુદાએ આપણુને ખુશીનો દહાડો દેખાડયો તો તે માટે ગમે તેવી ઝેહમત ખેચવી પડે તે ખેચવાને ખુશી થવુ જોઇએ."

"માયજી, તમે મને સાંભળતાં નથી." જેહાંગીરે 'પ્રોટેસ્ટ' કીધો. "હું આ બાબદમા કોઇબી ઝેહમત ખેચવાને તૈયાર છુ."

"જો તેમ હોય તો વકીલોની ઑફીસમાં જવાને તને શી હરકત છે? ત્યાં જવા સારૂ તુ કેમ કચેછ? એમાં મારી સલાહ શુ પૂછવાની હતી? એવું ખોટુ માન મોઢે ચઢીને કદી માગિયે નહિ. દિકરા! તુ ત્યાં જશે તો આપણું કામ સુધરશે અને સામા ધણીને ઓરબી શરમાવાનું થશે. વાસ્તે, જેહાંગીર, તારા વકીલોની સલાહ મુજબ કાલે રીચર્ડસન અને રૂસ્તીમની ઑફીસમાં જવાને તુ એકદમ કબૂલ થા."

જેહાંગીરે માની સલાહ માન્ય કરી. શેઠાણી રતનબાઇએ નરમ ગરમ ડપકાથી તેને એવો 'ચાંઈ' કરી નાખ્યો કે વકીલોની ઑફીસમાં પોતે જવાનું કબૂલ્યા વિના તેને માટે બીજો કશો માર્ગ રહ્યો નહિં.

જ્યારે જેહાંગીરને મોઢે જેહાંગીરનાં વકીલોએ આ બીના જાણી ત્યારે તેઓ ખુશી થયા અને શેઠાણી રતનબાઇને માટે ઉંચું મત બાંધ્યુ.

આવતી કાલે દસ વાગે મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમની ઑફીસમાં આવવાનુ કબૂલી જેહાંગીરે તે ચારે વકીલોને પોતા સાથ જમાડીને 'કાસ્ટલ' માંથી મોડી રાત્રે રવાના કીધા.

* * * *

"માયજી, હુંબી સાથે આઉ?" બીજી સહવારે જ્યારે જેહાંગીર અને શેઠાણી રતનબાઇ મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમની ઑફીસમાં જવા નીકળ્યાં ત્યારે આઇમાયે ખાહેશ બતાવી વાંચનારને જણાવવાની જરૂર નથી કે પોતાનો એક ગુમ થયલો ભાઈ ઘણા વર્ષે મળી આવ્યો છે એમ જાણી તેણી ખુશ ખુશ થઈ ગઇ હતી. અને તે કેવો છે તે જોવાને સૌ કરતાં વધુ અધીરી ને ઇન્તેજાર બની હતી.

"તારૂ ત્યા શુ કામ છે?" શેઠાણી રતનબાઇએ આઇને પટાવી લેતાં પૂછ્યુ. "ત્યા આવવાની હું કશી અગત્ય જોતી નથી દિકરી આઇ!"

"હું સાથે આવીને તમોને શુ અડચણ કરવાની છું, માયજી? આઇએ નરમ 'પ્રોટેસ્ટ' કીધો. "તમે તમારા દિકરાને જોવાને અધીરાં બન્યાંછ. તો હુ મારા ભાઇને જોવાને ઇન્તેજાર કેમ નહિ બનું, મમ્મા?"

"પણ આવતી કાય નહિ, રાન ડુક્કર!" જેહાંગીર જે પડોશની એક ટેબલ આગળ બેસીને કાંઈ લખતો હતો, તેનુ ધ્યાન આ વાત પર ખેંચાવાથી તેણે પોતાના રાબેતાં મુજબ હસીને આઇને ચટકાવી. "જા, જલદી તૈયાર થા! જોજે ખુબ દદેરો કરજે હો? હવે કઈ જેવી તેવી વાત છે! ભાઈ જેવો ભાઈ આવે ને તે બાહનુ પકડી બેહેન જો ભપકો નહિ કરી નીકળે તો જીંદગીની મોજ મજાહમાંથી એક મોજ ઓછી નહિ થાય? હવે જોજોની માય, એને ડ્રેસ કરતાં દોઢ ને માથુબાનું બાંધતાં આરસી સાથે ખાસ્સો પોણો કલાક જોઇશે!"

"જાબા, જેહાંગીર, તુ મારી દિકરીને ઘણું બોલેછ હો? ખુદાએ આપ્યું હોય તો કાંય નહિ પેહરે–ઓઢે? વળી માથુબાનું બાંધતા આઈ પોણો કલાક કિયે દહાડે લગાડેછ?" શેઠાણી રતનબાઇએ દિકરીનો બચાવ કીધો.

"જુઓ–જુઓ–માયજી, જોતાં જાઓ! એ તમારો દિકરો મોહડામાં આયું નહી આયું મને કેટલું બોલેછ–બકેછ? હું કઇ આજની સુધરેલીઓને જેવી ઈત્તિર ને ટચાક નથી. આપણી પાસે તો બા બધુ સાદુ કામ છે! પણ બરાબર છે, માયજી, એ તો માણુસ જેવો અનુભવ મેળવે તેવું જ્ઞાન બતાવે! મારાં ભાભીજીને ડ્રેસ કરતાં ખાસ્સા ત્રણ કલાક થતા હોવાથી મારા ભાઈ મારે માટેબી એવુંજ ધારે એ બનવા જોગ છે!"

"ભાઈ–બેહેનની વાતમાં તમે મારૂં કાંય નામ વાપરોછ, આઇમાય ?" પરીન જેબુી ત્યાજ હતી, તેણીએ હશીને વાંધો લીધો. એ નણંદ–ભોજાઇને બીજી નણદ–ભોજાઇઓ જેવાં "છરિ ચુલીયાંનાં" ન હતાં! જેહાંગીર સાથનું ચોકઠુ બેસાડવામાં આઇનો હાથ અવશ્ય હોવાથી પરીન તેને આભારી હતી. અને પરણ્યા પછી તેઓ નણદ—ભોજાઇનાં નાતાંથી નહિ, પણ સહી બીતીનાં સ્નેહથી અરસપરસની મિત્રતામા જોડાયાં હતાં.

"હુ તમારૂ નામ બોટુ તો નથી વાપરતી, ભાભીજી ?" આઇએ હસીને જવાબ વાળ્યો. "તમારો વર મને આટલુ આટલુ બોલેછ, તેનો હું કઈ બચાવ કરૂ કે કરૂજ નહિ ? તમારો પાસેનો દાખલો મકીને એને વળી હું દૂર ક્યાં લઇ જાઉ, પરીન ? માફ કરજો હો બેહેન કાંઇ ગુસ્સો ના કરતાં, પણ તમે મારો કશો બચાવ કીધો નથી."

"તમારો બચાવ કરવાની કશી અગત્ય નથી, આઇમાય," પરીન બોલી. "સોના પર ઢોળ ચઢાવવાની કોશેષ કરવી એ મિથ્યા મેહેનત છે. તમારા ભાઇને કોઈ સાથ લબત્રાં લેવાનુ નથી મળતું ત્યારે તમોને શોધી કાઢેછ. એમ તો જુઓની, તમોને લઈ જવા તૈયાર થયા પણ મને એવણુ જુફાઇએ કેહેછબી ?" પરીને રમુજ કીધી.

"પરીન ડીયર, એ શુ બોલેછ ? મારે ત્યા ખરી સ્વતત્રતા તો તુ ભોગવેછ ? તુને કેહવાની કશી જરૂર નથી તારી મરજી હોય તો સુખે આપ, વાહલી!" જેહાંગીર કગળી પડયો.

"હવે નહિ કાય ?" મશ્કરી કરવાનો હવે આઈમાયનો વારો આવ્યો. "જોયુ માયજી ? મને કેહતી વખતે તો હુ 'રાન ડુક્કર' થઇ ગઇ'તી ને હવે કેવા 'પરીન ડીયર' ને 'સુખે આવ વાહલી'ના લસકણા લેપડા લગડાએછ ? અરે ફીટ ! એબી મારાં ભાએગનીજ વાત છે તો !"

"તારાં ભાંએગને જી, મારી દિકરી, કાઇ નહિ. તારો ભાઈ છે, તેને બોલવા દે. એ તો અખઇ રહ્યો બેહેન સાથ લાડ કરેછ!" શેઠાણીએ મતફેર પતાવ્યો.

"તો! તો! ભાઈ થયો તેથી શુ એ દેવનું ડોકુ કે ? જુઓની, મને જવાબ આપવાની જગ્યા રહી નહિ ત્યારે જાણે 'ટાઇમ્સ' વાંચવામાં કેવોક રોકાઈ ગયો હોય તેમ નીચેથી ઉપરબી જાએછ કે!"

"વારૂં વારૂં, આઈ, હવે ઘણી ડાહી નાં થા!" જેહાંગીરે જવાબ આપ્યો. 'પરીન આએ મેહેલની માલેક છે ને તુ તો રાન પારકો ચુહલો ફુકવા જવાની!"

"વળી તમે એવી એવી વાતો કાઢી ?" આઇમાયને પરણવાનું પસંદ ન હતું તેથી વાંધો લીધો.

"નહિં તો શું તું પરણવાનીજ નથી કે? આહાહાહાહાહા!" જેહાંગીર હસવા પડયો અને આઇની ટકોર કરવા લાગ્યો. "પેલા દાદીબાની યાદ છે કે, આઇ? તુ તો તેનેજ પરણવાની હતીની? જા જા! સુજમાં રેહશે સુજમાં! તે એવકુફ ગધેડો તો કોણ જાણે ક્યાં રખડેછ ને ક્યાં નહિ મુંબઇથી તેની કાસળ પતી એ એક નહિ પણ અનેક રીતે ફાયદાનું થયુછ."

જેહાંગીરનાં આ છેલ્લા ટીકા પરીનને પસંદ પડયા નહિ. તેણી ત્યાંથી ઉઠીને પોતાના ઓરડામા ચાલી ગઇ. જેહાંગીર આ મામલો ચેતી ગયો. તેણે તેણીને ત્યાંથી જવાનું કારણ પુછ્યુ, જેના જવાબમાં કપડાં બદલવા જવાનું કહીને તેણીએ તેને ચૂપ કીધો.

પ્રકરણ ૭૬ મું.

એક રમુજી કજીયો!

"ગરીબ બિચારો!" આઇમાય દાદીબાની યાદ થતાં આગળી સ્થિતિનુ સ્મરણ કરી ગળગળતે સાદે બોલી "કોણ જાણે ક્યા હશે! સુખી હશે કે દુઃખી હશે! જેહાંગીર એક ગરીબ માણસને તે એવા હલકા શબ્દો વાપરવા નહિ જોઇયે. તે ગજવે ગરીબ છે, પણ ગુણમા તારા જેવા એક ગૃહસ્થને કોરે બેશાડે એવો છે લાહેરી શુ કરેછ? દાદીબામાં જે ગુણો છે તેના પા ભગ જેટલા ગુણ તારામાં નથી. તે જ્યાં હોય ત્યા ખુદા તેને સુખી અને તદરોસ્ત રાખે!" આઇએ દુવા દીધી, જેમ કરતાં તેની આંખમાં પાણી આવી ગયા

"માયજી, જોયુ કે? પેલી તો રડવા પડીછ. એક હલકા હજામડાને માટે એ કેવી અણઘટતી ફીદાગીરો!" જેહાંગીરે "એક કાંકરે બે પક્ષી" માર્યા.

"જોજે હં જેહાંગીર? તુને ને મને મોટી ખટપટ થશે?" દાદીબાને જેહાગીરે હલકાં વિશેષણો વાપર્યા તે જોઈ આઈ છેડાઈ પડી. ખરી 'હલકાઈ' તો તારામાં હોવી જોઇએ કે તુ એવા હલકા શબ્દોથી તારૂં વેર વાળેછ. તારાં દ્વિઅર્થી બોલવાનાનો અર્થ હુ સારી પેઠે સમજુંછ. તુંને તેની તરફ કેહેર હશે, પણ મને નથીની? તેં તો તેનું સુખ લુટી લીધુછ તેથી સામુ તેજ શરમાવું ને લજવાવું જોઇએ, સમજ્યો? દુ.ખનો માર્યો તે બિચારો મુબઈ છોડીને કથે નીકળી ગયોછ તો ત્યાંબી ખુદા ખાતર તેને ઠર પડવા દે. તેણે તારૂં શુ બિગાડયુંછ, કે તુ તેની વિરૂધ એટલું બધુ બખાળેછ. માયજી, તમ જેહાંગીરને ધમકાવતાં કેમ નથી?"

"પણ મારો વાંક હોય તો મને મારાં માય ધમકાવે કે?"

"જેહાંગીર, તારો વાંક એક નહિં પણ એકસો વખત છે." શેઠાણી રતનબાઇ, જેવણ આટલો વાર ભાઈ–બેહન વચ્ચેની આ કડવી ટપ્પા ટપ્પી

ગુપચુપ સાંભળતાં હતાં, તેવણુ, હવે વચ્ચે પુરાયાં. "ગરીબો તરફ તું કેટલો તોછડો ને સાંકડા વિચારનો છે તે મને અંજાણું નથી. પૈસાની ધુઇમાં માન-માગુ મોટાઇને વશ થયલા આજકાલનાં કહેવાતા શેઠિયાઓમાંનો તું એક છે, કે જેને શેઠાઈ શુ ચીજ છે તેનું સમુળગુ ભાન નથી. એક ગરીબ કમનસીબ જવાનને હલકા બોલોથી ધોઈ કાઢીને તું શું ફાયદો કમાયો છે તે હું સમજી શકતી નથી. જ્યાં સુધી ખોટું અભિમાન તારાં મગજથી દૂર થશે નહિં, ત્યાં સુધી ખરી મોટાઇ ને સાચી શેઠાઇનાં ઉમદા સદ્દગુણો તું મેળવી શકશે નહિં. હુ આજે તને વધુ કાંઈ કહેતી નથી, પણ એટલુજ ઇચ્છુછ, જેહાગીર, કે આજ પછીથી દાદીબાનેજ નહિ પણ કોઇનેબી તે હલકા શબ્દો ઓચરવા નહિ. આપણી ઇઝતને એથી ધોકો પુગેછ—આપણું ખાનદાનને એથી ખરાબ લાગેછ"

"ત્યારે તમે એને કહો કે આજ પછીથી મને એવા બેવકુફોની એ યાદ નહિં દેવડાવે."

"મે યાદ દેવાડી? માયજી જોયું? દાદીબાની પેહલી યાદ તો એણે પોતેજ કીધી!"

"યાદ કીધી તો શું થયું પણ તે તેની વખાણ કીધી કેની?"

"કાય નહિ કરે? જેહાંગીર, એ તારૂ બોલવાનું ગેરવાજબી છે." આઇમાય જવાબ આપે તેટલાં શેઠાણી રતનબાઇએ હિમતથી દિકરીનો વાજબી બચાવ કીધો." એક માણુસ તને અણગમતો હોય તેથી બધાંનેજ તેમ થવો જોઇએ કે શુ? દાદીબા એક ભલો ગૃહસ્થ છે. જો કે હુ તેને ઝાઝો પિછા-નતી નથી, પણુ આપણી સાથ થોડા કે ઘણા જેટલા સબંધમાં તે આવ્યો છે. તેટલા ઉપરથી હુ તેને માટે સારો વિચાર બાંધી શકુછ."

"માયજી, તમેબી આઇને ઉત્તેજન આપોછ?"

"એમાં ઉત્તેજન જેવું શું છે? હું તો જ્યાં ખરી વાત હોય ત્યાં મત આપવાની." શેઠાણી રતનબાઇએ રોકડું ચૂકવ્યુ.

"કાલ ઉઠીને તો એ કહેશે કે હુ એની સાથ હસી બોલીને વાત કરૂં!" જેહાંગીર એક પર એક બખાળા કાઢતો ગયો.

"તો તેમાં શું છે? જ્યાં સુધી આપણે નીતિમાં રહીને પ્રમાણિક વર્ત-ણુક રાખયે ત્યાં સુધી એક પારકોબી આપણા ઘરનાં માણુસ જેવો છે." તે ડાહી માતાએ પોતાના બેવકુફ બેટાને ફરી એકવાર તોડી પાડયો. "અદેખા-ઓ આંધળી આંખે જોય તેમાં ને સાફ અંતઃકરણુવાળાઓ સાફ નજરે જોય તેમાં આસમાન અને જમીન જેટલો ફેર છે. કમળો થાય તેને પીળુંજ દેખાય. તારી ઇઝત અને ઉમર તરફ જોતાં તારી તરફથી હું કાંઈ જૂદીજ આશા રા-ખતી હતી, જેહાંગીર!"

"તે ખરી વાત છે, માય, પણુ લોકો પછી ખોટાં ડુંપેછની?"

" પણુ તેવાં નીચ નિંદાખોરોની દરકાર શુ કામ રાખવી ? " શેઠાણીએ તુરત હાજર જવાબીથી જવાબ વાળ્યો. " જ્યાં તન અને મન સાફ હોય, ત્યાં દેખદુખિયાં દુશ્મનોને ઠોકડે માંરવાં. વાસ્તે દિકરા, દાદીબા તરફ લાગણી રાખવામાં તારી બેહેન ખોટી નથી "

" પણુ તે ઉલ્લુ એનો ભાવબી ક્યાં પૂછેછ ? તેણે તો એની જોડે પરણુવાને સાફ ના પાડી'તી ! " કાંઈ નહિ વળ્યું ત્યારે જેહાંગીરે ગઈગુજરીની યાદથી આઇને દુઃખી કરવા ચાહી.

" દુનિયામાં શું થાએછ ? લોકો ના પાડેછ કે નથી પાડતા ? " શેઠાણી હવે ચીચવાયાં " નેં પરીનને જોયા પછી બીજીઓ સાથ પરણુવા નાં પાડી'તી કે નહિ ? જેહાગીર ! ફરીથી એવા સખત સખુન તું તારી બેહેનને બોલતો નાં. દાદીબાએ ના પાડી તો ભલે પાડી. એ ક્યાં તેનીજ ઉમેદપર બેઠીછ ? "

" તેનીજ ઉમેદ પર બેઠેલી છે, માયજી, તમે નથી જાણુતાં. " જેહાંગીરે વળી એક વધુ બખાળો કાઢયો. " દાદીબા વગર એ બીજા કોઈ સાથ પરણુવાનીજ નથી. "

" હુ પરણુ કે નહિબી પરણુ તેનુ તને શુ, જેહાંગીર ? "

" એ આજે તમે બેઉ ભાઈ બેહેનો સહવારના પોહોરમાં શું લઈ બેઠાંછ ? જેહાંગીર, કજીયાનું બી તું રોપેછ હો—દુનિયામાં દાદીબાના માબાપે દાદીબાનેજ જણ્યો નથી. દાદીબા કરતાં સરસ કઇંકો પડેલા હશે. આજે નહિ ને પાંચ દહાડે—પાંચ વર્ષેબી આઈ કંઈ પરણ્યા વગર રહેવાની છે ? "

' માયજી હુ વચ્ચે બોલુંછ તે મને માફ કરજો. છેલ્લી બાબદમાં જેહાગીરનું કહેવું ખરૂં છે."

" એટલે ? તે શુ "

" હુ હવે આખી જીંદગી કુમારીજ ગાળવા ચાહુંછ. "

" જોયુ ? થઈ ખાતરી ? તમે તો મને જુઠોજ માનતા હતાંની, માયજી ? " જેહાંગીરનું ચઢી વાગ્યું. ' આઇ મારી પાસે ઘણી વાર બોલી ચૂકેલી છે તેથી હું એમ બોલુંછ. "

" દિકરી આઈ તો ઘેલી છે. તે એમ બોલી તેથી બજાવશેજ એમ માનવું મુર્ખાઈ કહેવાય. " માતાએ દિકરીને ઠપકો ન આપતાં આડકતરા નરમ—ગરમ ઇશારાથી શિખામણ આપી. " જ્યાંસુધી એક બાબદ આપણા મનમા તાજી હોય ત્યાંસુધી આપણે મક્કમતાથી બોલીએછ, પણ જ્યારે વખતના વેહવા સાથ જૂની થતી જાએછ, ત્યારે આપ મેળે આપણા વિચારો ખરી રાહપર આવેછ."

" દિકરીને ઠપકો આપવાની વારી આવી ત્યારે તમે કેવા નરમ શબ્દો વાપરોછ ? " તે માનમાગુ જવાનને ઉભરો કાઢયા વિના ચાલ્યું નહિ

" વખત આવશે ત્યારે આઇનેબી મારો ઠપકો સાંભળવો પડશે, દિકરા ! " તે ઠાવકી ને ઠરેલ માતાએ હક વાજબી ચૂકવ્યું. " તે દહાડો તો આવે ? "

"ખુદા કરશે તો ચદરોજમા!" જેહાંગીરે ફરી એકવાર આઇને છેલ્લો-છેલ્લી ચીડવી લીધી. "મે એક ઠેકાણુ જોઇ રાખેલું છે. જો આઈ કબુલ કરે તો આજે એના લગન કરી આપુ. છોકરો બધી રીતે તો સારો છે, પણ નાક જરા પટેટા જેવું પોહળુ અને કાકાટોઆ જેવુ—"

"માયજી! માયજી! જુઓ હવે એ મારૂં પાકવેછ તે! એને છેડાઈ પડતાંબી વાર નહિ ને મશ્કરી કરી કોઇનુ દિલ દુખવતાંબી વાર નહિં! ભલે કાજે પરીન જેવી પરીચેહેર પુતલી પામ્યા નહિ તો કોણ જાણે એકુ ચીબી ચાબી ધનકુબાઈ ગળે ઓળવતે તે વળી ખબર નથી! કોઇના સુખનુ સત્યાનાશવાળી પોતાનુ સુખ ઇચ્છનારો ફાવેલો માણસ એમજ બોલે!"

શેઠાણી રતનબાઇએ બાઇપર ડોલા કકડાવ્યા.

જેહાંગીરને બાઇમાયે મારેલો આ છેલ્લો તાણો બરડે પાણી ઉતારે એવો હતો, તેને તે તાણાથી ચટકો તો લાગ્યો, પણ પોતે કરેલી મશ્કરી પણ ઓછી ઘાતકી ન હતી એમ સમજી તે ચુપ રહ્યો. તેણે એકદમ વાત ફેરવી નાખી.

"લે ચાલ, હવે બધી પતરાજી-લતરાજી છોડી દે ને ઉઠ, જલદી તૈયાર થા! સાહડા દસે અહીંથી આપણે નીકળવુ જોઇશે. મારી પરીન તો કયારની તૈયાર થઈ ચુકી હશે."

"તેને તૈયાર થતાં હજી એક કલાક લાગશે. હજી તો આરસી સાથ માથાબાનાનુ 'રીહરસલ' ચાલતુ હશે!" નણદે ભાજાઇની ટકોર કરી બાઇને ભરમમાં તાણો માર્યો! "મને તો દશ મીનીટ ઘણી છે."

"માયજી, હવે તમેબી ઉઠો, દારાશાહ શેઠબી બોય આવી પુગશે. એવણને પણ મે સાથે તેડેલા છે."

"ઠીક કીધુ, દિકરા."

"હુ આપણા વકીલોને ટેલીફોન કરૂછ, કે હુ, માયજી, મીસીસ, બેહેન અને અમારા એક બુઝર્ગ મિત્ર એમ પાચ જણા આવનાર છઇએ, માટે મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમની પેહડીમાં આગમચથી ખબર આપે."

"ઘણું સારૂં."

જેહાંગીર ટેલીફોન કરવા ગયો અને શેઠાણી રતનબાઈ તૈયાર થવા ઉઠયાં.

પ્રકરણ ૭૭ મું.

—x—

એક સંકેત—છુપું છટકુ.

બીજે દીને મેસર્સ રીચર્ડસન અને રૂસ્તામ સોલીઝીટરોએ "જેહાંગીર કાસ્ટલ" મા ગઈ રાતે બનેલી હકીકતથી દાદીબાને વાકેફ કીધો. જેહાંગીર

પોતાનાં આખાં કુટુંબ સાથ હાજર થનાર છે એમ જાણી દાદીબા એક રીતે દિલગીર થયો, પણ બીજી રીતે ચોક્કસ સબબો સર ખુશાલી થયો.

"જેહાંગીર સાથ સઘળી વાત તમેજ કરજો." તેણે મુકરર કીધેલા વખતની આગમચથી આવી પોતાના વકીલોને ફરમાવ્યું.

"અને તમે?" મી. રીચર્ડસને પૂછયું.

"હું પાસેના રૂમમાં ગુપચુપ બેશી રહીશ."

"અને આએ બાનું?" મી. રૂસ્તીમે શીરીન તરફ આંગળી કરી પૂછયું.

"એવણ અહી બાહેર તમારી પાસે રહેશે અને કાંઈ પુછપરછ કરવી હશે ત્યારે મારી પાસે ફેરા—આંટી કરવામાં તમને મદદ આપશે."

"ઑલ રાઇટ!" મી. રીચર્ડસન બોલ્યા. "પણ મી. દાદીબા, તમે કીયા સંજોગો વચ્ચે એમની નઝદીક જાહેર થઈ શકશો, તે અમે આગમચથી જાણીયે તો ઠીક થઈ પડશે."

"તે સંજોગ વાતચીતની વલાણ પર આધાર રાખતો હોવાથી હું આગમચથી તમોને ચોક્કસ કાંઈ કહી શકતો નથી." દાદીબાએ જવાબ આપ્યો. "જ્યાં સૂધી તેઓ મારો હક સ્વિકારવાને નાં નહી પાડશે ત્યાં સૂધી હું હાજર થઇશ નહીં."

"તમારા દસ્તાવેજો એવા કીમતી અને સત્તાદાર છે કે મી૰ બાહદુરશાહ કે તેવણનાં સોલીસીટરોથી એક શબ્દ પણ ઓચરી શકાશે નહીં."

"ખુદાનું કામ ખુદા કરશે." દાદીબા ઘડિયાલ જોઇને બોલ્યો. "પોણા અગિયારમાં બે ઓછી! જે વખત જાયછે, તેમાં હવે તેઓ આવી પુગવાની વકી છે."

પાસેના રૂમમાં કલાર્કો હતા, તેઓને બીજા ઓરડામાં મોકલી મી. રૂસ્તીમે ત્યાં દાદીબાને એકલા રહેવાની સગવડ કરી આપી. અને દાદીબાની ખાહેશથી એક વિશ્વાસુ કલાર્કને આગલા દરવાજાની બાહેર ચોકી કરવા ઉભો રાખ્યો, કે મી. બાહદુરશાહ તેવણનાં એક બુઝર્ગ મિત્ર અને ત્રણ બાનુઓ શિવાય બીજા કોઇને ત્યાં દાખલ થવા દેવા નહિ.

મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમની પેહડી બહુ ધીકતી હતી. એ પેઢીમા નઝદીક ૧૫૦ કલાર્ક હતા, જે સઘળાને આજની ગોઠવણને લીધે બીજા માળ પર મોકલવામાં આવ્યા અને તેમને સખ્ત તાકીદ હતી કે ૧ લા માળા પર મસલત ચાલે તેટલો વાર કોઇએ ત્યાં પગ મૂકવો નહિં.

દાદીબા પોતાના દસ્તાવેજોની પેટી સહિત પાસેના ઓરડામાં બેઠા પછી દસ મીનીટ પસાર ન થઈ તેટલાં બાહાદુરશાહવાળાંઓ પોતાના સોલીસીટરો જોડે આવી લાગ્યાં, જેમને મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમે ઘણા આદરમાનથી

આવકાર આપીને અંદર લાવી બેસાડયાં.


તે એક હવાવાળુ ખુશનુમાં બુલંદ મકાન હતુ. સઘળી તરફ પંખા ચાલી રહ્યા હતા, અને ત્યાના પટાવાળાઓ એવી મૂગી ચુકકીદીથી પોતાના શેઠોનો હુકમ બજા લાવતા હતા કે તે દેખાવ પર મેસર્સ બેહરામશાહ અને બ્રાન્સનને ઘડીભર અચરત થવુ પડયુ.

જેહાંગીર બાહદુરશાહના બુઝર્ગ માવતર શેઠાણી રતનબાઇને જોઈ ઑફીસનો વડો મી રીચર્ડસન ઘણો ખુશ થયો. જ્યારે જેહાંગીરે તેવણુ સાથ તેને ઓળખાંણુ કરાવી ત્યારે તેણે ઉપકાર સહિત નમન કરતાં આશા બતાવી કે "તમો નામવર બાનુની પધરામણી મને ઉમેદ બતાવેછે કે આજનું આપણુ ધારેલુ કામ આશાનીથી પાર ઉતરશે અને એક મરહુમ ગૃહસ્થની લાંબા વખતની ઉમેદનો આજે સતોષકારક છેડો આવશે "

"હુ પણુ એજ ઇચ્છુછ." શેઠાણીએ ટૂકમાં જવાબ વાળ્યો.

સઘળાં બેઠાં.

જે ઓરડામા આ મસલત ચાલવાની હતી તે ઓરડો તે બુલંદ મકાનનો આખો પેહેલો માળ રોકતો હતો. તેની બાંધણી અજબ જેવી હતી, ચારે બાજુએ ન્હાની ચાર ઓરડીઓ કાઢેલી હતી, જેમાંની એકમા દાદીબા જઈ બેઠો હતો. વચ્ચે એક સમચોરસ મોટી ટેબલ હતી, જેની ચારે બાજુ આજના પહરોણાઓથી રોકાઇ ગઇ હતી, નીચલુ ચિત્ર ખુલ્લી સમજ પાડશે —



દારાશાહ દાવર, ઓરડાની પૂર્વ તરફ બેઠા હતા, જ્યારે બાહદુરશાહવાળાંઓએ તેમની સામે પશ્ચિમ તરફ જગ્યા લીધી હતી. દક્ષિણ તરફ શીરીન, રીચર્ડસન અને રૂસ્તીમ બેઠાં હતાં, જ્યારે ઉત્તર તરફ જેહાંગીર પોતાના સોલીસીટરો મેસર્સ બેહરામશાહ અને બ્રાનસન જોડે બેઠો હતો. જ્યાં આવાં ત્રણ

મીડાં (૦) મેલ્યાં છે, તે ઓરડીઓ ખાલી હતી, જ્યારે પુર્વે અને દક્ષિણની વચ્ચેની ઓરડીમાં દાદીબાએ બેઠક લીધી હતી.

જેહાંગીરે મેસર્સ રીચર્ડસન અને રૂસ્તિમ સાથ પોતાનાં કુટુંબને ઓળખાણુ કરાવ્યા પછી હજી તો સઘળાં પૂરેપૂરાં ગોઠવાય તેટલાં ઑફીસના એક પટાવાલાએ આવી મી. રૂસ્તીમ સોલીસીટરના હાંથમાં કાગળની એક ન્હાની કાપલી મુકી. આ કાપલી પાસેની ન્હાની ઓરડીમાંથી દાદીબાએ મોકલી હતી. તેમા લખ્યું હતું કે—

"હુ ક્યાં છું, તે વિષે સવાલ થાય તો ખરો ભેદ આપવો નહીં. હુ આજે અત્રે પાસેની ઓરડીમા હાજર છુ, એવો શક મુલાકાતે આવનારાંઓને બિલકુલ આવવા પામે નહી એવો દેખાવ રાખજો. મારી પાસે શીરીન બેહેને આવજા કરવાની આગળી ગોઠવણુ પણુ રદ કરવી '

પટાવાળો આ ચીઠ્ઠી મી. રૂસ્તીમનાં હાથમાં મૂકી બાજુ થઇ ગયો મી. રૂસ્તીમે તે મનમાં વાચીને પોતાના ભાગિયા મી. રીચર્ડસનનાં હાથમાં મેલી; જેણે તેનો મર્મ જાણી લઇ શીરીનનાં હાથમાં સેરવી, ચંચળ શીરીને તે લીટીઓ ઝડપથી વાચી લઇ, તુર્ત તેની ઝીણી રજકણો કરી ટેબલ નીચે મૂકેલી વેસ્ટ પેપર બાસ્કેટમાં નાખી દીધી.

પ્રકરણ ૭૮ મું.

જે કામ પુરૂષોથી નથી થતાં, તે ઘણીવાર સ્ત્રીઓ કરેછે.

ખુરસીઓ પર ગોઠવાવાની ગરબડમાં, શીરીન, રીચર્ડસન અને રૂસ્તીમની આ હીલચાલ પર સામી પક્ષવાળાંઓમાંથી કોઇનું ધ્યાન ખેચાયું નહીં.

સઘળાં બેઠા પછી, મી. રીચર્ડસને આગમચથી ભણાવી રાખેલા એક પટાવાળાને બધાં સાંભળે તેમ ફરમાવ્યુ કે પાસેની ઓરડીમાં ટેબલ પર મૂકેલી બંધ ઇસ્કોત્રી એમની એમ ઉચકી લાવવી. આ હુકમ માન સહિત બજાવવામાં આવ્યો. ટેબલ આગળ શુ બોલાય છે, તે દાદીબાને પાસેની ઓરડીમાં બરાબર સંભળાતું હોવાથી, તેણે ઓરડીમાં આવેલા પટાવાળાને ટેબલ પર મુકેલી પોતાના કીમતી દસ્તાવેજોને લગતી ઇસ્કોત્રી મૂંગી ઇશારતથી બતાવી, જે તે એકદમ ઉંચકી લઇ ગયો.

મી૦ રીચર્ડસને તે ઇસ્કોત્રીની કૂચી, જે પોતાના ખીસામાં મેલેલી હતી તે કાઢી શીરીનનાં હાથમાં આપીને ઉઘાડવા ફરમાવ્યું. શીરીને તે ફરમાશ હસ્તે ચેહેરે બહાલ રાખી.

અત્યાર સુધી શીરીન ઉપર બાહાદુરશાહવાળાંઓનું ધ્યાન બરાબર ખેં-

આયુ ન હતું, પણ જ્યારે મી. રીચર્ડસને તેણીના હાથમાં ઇસ્કોત્રીની કૂંચી મૂકી, ત્યારે સઘળાં એકીટગરે શીરીનને ટીકવા પડયાં. દરેક જણનાં મનમાં " એ બૈરી કોણ ? " એવો સવાલ પ્રથમ ઉભો થયો, પણ તુર્તજ તેમને ખ્યાલ થયો કે આ જવાન બાનું મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમની પેઢીની કોઇ સ્ત્રી-કલાર્ક હશે !

સારે નસીબે સઘળાંને એજ ખ્યાલ ઉત્પન્ન થયો, અને તેથી બન્યું એમ કે વકીલો સિવાય દાદીબા કે દાદીબાની પક્ષનુ અત્રે કોઇ હાજર નથી, એવો વીચાર ઘણી સેહેલાઇથી અને આપમેળે તેઓનાં ભેજા પર બેઠો !

શીરીને કુચી લગાડી ઇસ્કોત્રી ઉઘાડી અને એક પરબીડું કાઢી મી. રીચર્ડસનના હાથમાં મેલ્યુ.

" હવે આપણે આપણા આજના શુભ કામની શુરૂઆત કરીશુ. " તે બોલ્યો, અને પેલુ પરબીડુ ટેબલપરથી હાથ લબાવી શેઠાણી રતનબાઇનાં હાથમા આપતા કહ્યું: "માનવત બાનું, મેહેરબાંની કરી કેહશો કે આ પરબીડાં પરના અક્ષર તમને જાણીતા છે કે નહીં ? "

તે એક સાદુ એનવેલોપ હતુ. તેની ઉપર મોટા અક્ષરે નીચે મુજબ લખેલું હતું—

પરવરદેગાર તારો બેલી થાય-દિકરા, ધ્યાનથી અને ધીરજથી આ દસ્તાવેજો વાંચજે. તારે સારૂ મે કેટલી બધી રંજ બેંચીને આ સઘળું કીધું છે, તે મારો જીવજ જાણે છે.

સોનેરી ફ્રેમમાં ચઢાવેલો એક કીમતી ચસમો શેઠાણી રતનબાઇના નાક પર તૈયારજ હતો. તેથીને તે ન્હાની લીટીઓ વાંચી જતાં વાર લાગી નહી.

" માનવત બાનુ, મેહેરબાની કરીને કહેશો કે આ પરબીડાં પરના અક્ષર તમને જાણીતા છે કે નહિ ? " મી રીચર્ડસને શેઠાણીને તે લીટીઓ વાંચવાં દઇને ફરીથી સવાલ મૂકયો.

" હા. "

" એ અક્ષર કોણનાં છે, તે તમે ઓળખો છો ? "

" હાજી. "

" અને તે કોણનાં ? "

" મારા મરહુમ ભરથાર અરદેશરજીનાં."

" તમે તદ્દન ખાત્રીપૂર્વક છો. ? "

" એવાં ૧૦૦ એનવેલોપમાંથી વગર ઢીલે હું આ અક્ષર ઓલખી શકું. "

મી. રીચર્ડસને ખુશ થઇને જેહાંગીર તરફ જોયું.

"મી. બાહાદુરશાહ" તે બોલ્યો. "હવે તમો સાહેબ જરા આ પરબીડાં પર નજર નાખવાની તસદી લેશો ?"

"મારા પિતાજીનાં અક્ષર હું દૂરથી પણ ઓળખીશ. જોઉં માયજી ?" અને તેણે ખુરશી પરથી વાંકો વળીને શેઠાણી રતનબાઈનાં હાથમાંથી પેલું એનવેલોપ જોવા લીધુ.

જેહાંગીર તે જોઇને હસ્યો.

"કેમ ?" મી. રીચર્ડસને પૂછ્યુ.

"એજ !"

"આ બે બાનુંઓમાંથી કોઇને આ અક્ષરોનો અનુભવ છે ?" મી. રૂસ્તીમે પૂછ્યુ.

"હા, મીસ બાહદુરશાહ તે ઓળખી શકશે." જેહાંગીરે જવાબ આપ્યો. અને પાસે બેઠેલાઓનાં હાથમાથી આપ લે થઇને તે પરબીડુ આઇના હાથમાં ગયુ.

તે અક્ષર જોયા બરાબર આઈ ખુશ થઈ ગઈ.

"એજ મારા બાવાજીના અક્ષર! ખુદા તેવણુને બેહેસ્ત બક્ષે! આબાદ એજ અક્ષરના તેવણુના મારી કને ઘણાં કાગળો છે, જેમાનું એક હુ આજે અહીં એવી કોઈ સરખામણી કરવાના ખ્યાલથી સાથે લાવેલી છુ."

"ખરેખર ?" ચારે વકીલો સાથે બોલી ઉઠયા. "ખચીત એ એક કીમતી અને જાણવાજોગ મુકાબલો થઈ પડશે." તેઓએ ખુચી બતાવી.

"મેહેરબાની કરી તે કાગળ કાઢશો ?"

"હાજી, આ રહ્યુ."

આઇમાયે તે કાગળ કાઢી મી. રીચર્ડસનનાં હાથમાં આપ્યું. સઘળા ચેહેરા આતૂર બન્યા અને આઇએ વાપડેલી આ યુક્તિ માટે મનમાં વખાણુ ગાવા લાગ્યા.

"જે કામ પુરૂષોથી નથી થતાં તે ઘણીવાર સ્ત્રીઓ કરેછે!" મી. રીચર્ડશન કાગળ જોડે પેલાં પરબીડાં પરના અક્ષરોની સરખામણી કરતા હસીને બોલ્યા. "હું જોઇને ઘણો ખુશી છું કે આ જવાન બાનુએ અમારા સપરવેહલા દસ્તાવેજને સત્તાદાર બનાવવામાં અમોને કીમતી મદદ આપી છે અને જે ફરજ મી. જેહાંગીરની હતી, તે તેવણુના બેહેને બજાવી છે."

વારા ફરતી, એક પછી એક એમ સઘળાંએ તે અક્ષરોનો મુકાબલો કરી જોયો. અક્ષર તમામ એકમળતા હોવાથી કોઇને વાંધો કાઢવાનુ કારણ મળ્યું નહિં.

શેઠાણી રતનબાઇએ, જેહાંગીરે, દારાશાહ દાવરે, આઇએ તથા છેવટે પરીને આ અક્ષરો સરખાવી જોયા. પરીન તથા તેણીના પિતાને મરહુમ અરદેસર બાહદુરશાહના અક્ષરનો જાતિ–અનુભવ ન હતો, પણ બે કાગળો વચ્ચે

મુકાબલો કરવામાં તેવા અનુભવની અગત્ય કશી ન હોવાથી તે સરખામણીમાં તેઓ પણ ભાગ લઈ શક્યાં. દારાશાહ દાવરે તો ખાત્રી પૂર્વક મત આપ્યું કે "જો કે આ અક્ષરના લખનારને હું ઓળખતો નથી, પણ મજબૂતપણે કહી શકીશ કે જે ગૃહસ્થે આ પરબીડાંપર લખ્યું હશે, તેજ ગૃહસ્થે આ કાગળ ઉપર પણ લખેલુ છે."

આ સ્વતંત્ર મત સાંભળી દાદીબાના હિમાયતીઓ ઘણા ખુશી થયા.

"દિલગીરીની વાત એજ છે કે આ લેખપર તેના લખનારની સહી નથી." મી૦ બેહેરામશાહ બોલ્યા. "અગર તે હોત—"

"છે તે પણ છે!" મી૦ રૂસ્તીમે ઝટ જવાબ આપ્યો. "આ ન્હાના લેખ પર નથી તો શુ થયુ? બીજા કેટલાક દસ્તાવેજો એવા છે કે જે દરેક પર મરનાર શેઠ અરદેસરજીની એકસરખી સહીઓ છે. એજ નહિ, પણ તારીખ અને સાલ સિક્કે તે નોંધાયલી છે."

"તે સહી સાથ મીસ બાહદુરશાહવાળાં કાગળની સહીનો મુકાબલો કરવો બહુ અગત્યનો થઈ પડશે" દાવર શેઠ બોલ્યા.

"બેશક." મી૦ બ્રાન્સને ટેકો આપ્યો.

"તે ક્યાં છે?" શેઠાણીએ સવાલ કીધો. જોકે આ પરબીડાં ઉપરના અક્ષરો તેવણે મરહુમ અરદેસરજીનાં અક્ષરો તરીકે ઓળખ્યા હતા, પણ પોતાના વ્હાલા ભરથારની ખુદ પોતાને હાથની સહી જોવાને તેવણ ઇન્તેજાર થાય તો અલબતાં તે તમામ કુદરતી હતું.

"આ ઇસ્કોત્રીમાં મરહુમે જે રીતે દસ્તાવેજો ગોઠવેલા છે, તેજ રીતે અમે જાળવેલા હોવાથી જેમ સીલસીલા બંધ એક પછી એક શાહદતો નીકળતી જશે, તેમ આપણે તે કાઢીશું." મી૦ રીચર્ડસને ખુલાસો કર્યો. "હું ધારૂં છુ કે આ પરબીડાં પછીનાં દસ્તાવેજમાં તમારા મરહુમ માનવંત ભરથારની સત્તાવાર સહી જોવાને તમો ભાગ્યશાળી થશો." અને અહીં મી૦ રીચર્ડસને ઇસ્કોત્રીમાંથી બીજો દસ્તાવેજ બાહેર ખેંચવાની શીરીનને ઇશારત કરતાં પેલું પરબીડું તુરતવેળા પોતાની "ડેસ્ક"નાં એક ખાનામાં મેલ્યું.

પ્રકરણ ૭૯ મું.

—x—

સત્તાદાર શાહદતો.

શીરીનની નજર હવે એક રેશમી રૂમાલમાં વીંટાળેલાં પેકેટ પર પડી, જે બાહેર ખેંચી કાઢી તેનો ગાંઠ છોડી જોતાં અંદરથી કેટલાંક કીમતી ઓ-

ચરિયાંઓ નીકળી પડયાં. એક જાડાં પરબીડાંમાં એક લંબાણુ દસ્તાવેજ મૂકેલો હતો અને પરબીડાંની પીઠ પર લખેલું હતું કે **દિકરા આ દસ્તાવેજ પેહલાં વાંચજે,** આ પેકેટ પર શીરીને સઘળાંનું ધ્યાન ખેંચ્યું.

"જો આ લેખ પર એમ લખવામાં આવ્યું હોય કે આ દસ્તાવેજ પેહલાં વાંચવો, તો આપણે પણ તેમજ કરવું જોઇએ." મી૦ બ્રાન્સન બોલ્યા. વાંચનારને કહેવાની અગત્ય નથી કે આ વાતચીત ગૂજરાતીમાં ચાલતી હતી. અને સારે નસીબે બન્ને પક્ષના યુરોપિયન વકીલો ગૂજરાતી ભાષા અચ્છી રીતે બોલી તથા વાંચી જાણુતા હતા.

મી૦ બ્રાન્સનનાં મતને સઘળાં મળતાં થવાથી મી૦ રીચર્ડસને તે દસ્તાવેજ મોટે સાદે વાંચી સંભળાવવાની શીરીનને ફરમાશ કીધી. આ ફરમાશ હસ્તે ચેહરે ઉપાડી લીધી. પોતાના નાજુક અને મધુર અવાજે તેણી તે સડસડાટ વાંચી ગઈ કે જે વાંચનની ઢબ પર એકે એક જણ મનમાં ચકિત થયાં. આ તે લંબાણુ દસ્તાવેજ હતો કે જે આ વાર્તા દરમ્યાન આપણે A. B. B. નાં ઇંગ્રેજી મથાળાં વાળાં ૬૪ મા પ્રકરણમાં વાંચી આવ્યાં છીએ.

તે દસ્તાવેજ સુરતમા લખાયો હતો, તે ઉપર તા૦ ૨૨ મી ડીસેમબર ૧૮—નો દિવસ નોંધેલો હતો. આખો દસ્તાવેજ મરહુમ શેઠ અરદેસર બાહાદુરશાહે પોતાને હાથે લખેલો હતો. અને તે ઉપર "હુ છુ તારો વ્હાલો પિતા, **અરદેસર બરજોરજી બાહાદુરશાહજી**. એવી ખુદ તેવણનાં **પોતાના હસ્તાક્ષરથી કરેલી સહી** હતી.

આ 'સહી' જોયા બરાબર શેઠાણીને સ્વિકાર્યા વિના ચાલ્યું નહિં કે તે અક્ષર તેવણના મરનાર ભરથાર અરદેસર બહાદુરશાહના પોતાના હતા. જેહાંગીર તે અક્ષરો જોઇને ચકિત થઈ ગયો. "એજ મારા બાવાજીની સહી." એમ આઇથી પણ બોલી પડાયું!

ઉપલા દસ્તાવેજમાં મરનાર બાહદુરશાહે પોતાની જીંદગીના સઘળા અગત્યનાં બનાવો ખુલાશાવાર વર્ણવ્યા હતા, તથા દાદીબાનો જન્મ કેવા સંજોગો વચ્ચે થયો હતો તે, તેમજ તે કેમ અને ક્યારે ગુમ થયો તેની વિસ્તારથી નોંધ લીધી હતી. જેમ જેમ શીરીન વાંચતી ગઈ તેમ તેમ શેઠાંણી રતનબાઈ, જેહાંગીર તથા બીજાં સર્વે સમક્ષ સઘળા બનાવ આરસી મિસાલ સ્પષ્ટ દેખાવા લાગ્યા. એક લાંબો ગાળો ગયા પછી કોઈ જૂની વાત સત્તાદાર શાહદતો સહિત આપણી સન્મુખ રજુ કરવામાં આવે ત્યારે આપણને કેવી કુદરતી લાગણીઓ થઇ આવે છે? એવી લાગણી આ દસ્તાવેજ વાંચ્યા પછી બાહદુરશાહવાળાંઓને થઇ હોય તો તે તમામ પ્રસંગોપાત હતી.

શીરીન આ કાગળ વાંચી રહી ત્યારે હાજર રહેલાંઓની આંખ આ-ગળથી એક ભેદી પડદો ઉંચકાઇ ગયો હતો. તેણીએ વાચેલો મરહુમ અરદે-સર બાહાદુરશાહનો આ અગત્યનો લંબાણ દસ્તાવેજ વારા ફરતી સઘળાંએ જોવા પછી મી૦ રીચર્ડસને આઇમાયવાળા પેલાં સરખામણી કરવાના કાગળ જોડે તેનો મુકાબલો કરી બતાવ્યો. પ્રથમ જૂદા જૂદા અક્ષરોની વલાણ, વેલે-ન્ટી, અજબ્જુ, વર્ડું તથા છેવટે મરનારની 'સહી' તપાસી, જે દરેક જણે બિન-તકરાર કબૂલ રાખી.

એ પછી તે કીમતી દસ્તાવેજ મી૦ રીચર્ડસને પોતાની 'ડેસ્ક'માં મૂકી શીરીનને બીજો લેખ કાઢવા ફરમાવ્યું.

પેલાં બીજાં અગત્યના ઓચરિયાઓમાંથી એક બંધ પરબીડુ મળ્યુ, જે ઉપર **દિકરા રૂસ્તમ જોગ—કાગળ નંબર ૨.** એમ લખેલુ હતું. [આ કાગળ આપણે "બાહદુરશાહનો રૂસ્તમ !" એ નામનાં ૬૫ મા પ્રકરણમાં વાંચી આવ્યા છીએ. એમાંની કેટલીક વિગત અત્રે જાણવા જોગ હોવાથી તે અહીં ફરીથી સદાબરો ઉતારી લેવાની અગત્ય છે.] શીરીને તે કાગળ નીચે મુજબ વાંચી સભળાવ્યુ —

મારા વ્હાલા દિકરા રૂસ્તમ,

આ કાગળ તા૦ ૨૨ મી ડીસેમબરે સુરતમાં લખેલા પેલા લબાણ દસ્તાવેજ પછાંનુ જાણજે. તારી મરનાર માતા ધનબાઇને મે લગ્નને દહાડે કેટ-લાક દાગીના કીધા હતા, જે એ બિચારીનાં કમનસીબ અત પછી મારા હા-થમાં આવવા પામ્યા છે. એ દાગીનાઓમા રૂ ૪૦૦૦) ની કીમતની મો-તીની એક માળા હતી, જે તારી વ્હાલી માવતરની વ્હાલી યાદ તરીકે આ સાથે તને ભેટ કરૂ છું. આ કીમતી દાગીનો જીવની માફક જાળવી રાખજે. જે ઇસ્કોત્રીમાંથી આ દસ્તાવેજ તને મળે, તેની જમણી તરફનાં ખુણામાં એક ચોર વકોરો છે. એ વકોરાને તળીયામાં એક છુપી ચાંપ છે. તે ચાંપ ઉપરથી બેમાલુમ છે, પણ હાથની સૌથી ન્હાની આંગળી આજુબાજુએ લગાર દબાણ આપીને ફેરવશે, તો એકદમ ખુલી આવશે. એ ચોર વકોરામાં મજકુર મોતી-ની માળા તારે સારૂ મુકેલી છે. તે તારી મરનાર ભલી માતાની એક વ્હાલી યાદગારી તરીકે તારી પાસે જાળવી રાખજે.

હુ છુ, તારો વ્હાલો પિતા,
અ૦ બ૦ બહાદુરશાહ.

સુરત, તા૦ ૧૩ મી માર્ચ ૧૮—.

પ્રકરણ ૮૦ મું.

મોતીની માળા—શેઠાણીની સચ્ચાઈ.

શીરીન ઉપલો કાગળ વાંચી રહેતાંજ મી૰ રીચર્ડસને તે ઇસ્કોત્રીના જમણાં ખુણાના નીચેનાં ભાગમાં દબાણ આપીને આંગળી ફેરવી, જે ફરતાં સર્વેની અજાયબી વચ્ચે એક કમાણુદાર ચોર વકોરો ઉઘડી આવ્યો. તેમાં એક કસબી કોથળી મૂકેલી હતી, તે બાહેર કાઢી અદર તપાસતાં માંહેથી પેલી મોતીની માળા આબાદ મળી આવી !

તે આબદાર મોતી આંખને ઉડી વળગે એવાં હતાં. આખી માળામાં ૭ 'સર' હતી અને એકેક મોતી બોરના ઠળિયા જેવડુ મોટું હતુ. સુરતના કોઈ કાબેલ કીરબીને હાથે તે માળા બંધાવેલી હોવાથી આજસુધી તે જેવીને તેવી રહેવા પામી હતી.

શેઠાણી રતનબાઇને આ માળા ઓળખતાં વખત લાગ્યો નહિ. મરહુમ શેઠ અરદેસર બાહદુરશાહ કને એક સરખા મોતીની અને એક સરખા દેખાવની આ માળાનેજ જેવી એક બીજી માળા હતી, જે તેવણે શેઠાણી રતનબાઇને પોતાના લગ્ન પર ભેટ કીધી હતી. આ માળા સારાં નસીબે આજે આઇમાયે પોતાના ગળામાં પેહડેલી હતી. શેઠાણીએ તે બન્ને માળા ટેબલ પર સાથે મુકી સરખાવી જોઇ અને સર્વેની અજાયબી વચ્ચે તે બન્નેમાં હેરત કરે એવુ એકમળતાપણુ જણાયુ !

"આબાદ જાણે મારીજ માળા ! જેહાંગીર, જોઇ કે ?" શેઠાણી રતનબાઇએ પોતાના દિકરાનું ધ્યાન ખેચ્યુ. "મોતી, મોતીનો દેખાવ, મોતીની સખ્યા, સઘળુ એકસરખુ ! વળી જે કીરબીએ મારી માળા બાધી હતી, તેજ કીરબીને હાથે આ માળા પણ બંધાયલી હોય એમ લાગેછ જુઓ આ સોનેરી તાર જુઓ આ રેશમી દોરી, એ બધુ કેવુ પરસ્પર એકમળતુ છે ! વળી જે જાતનુ સેરવણુ એને છે તેજ એને પણ છે—છેડેનાં કસબી ફુમટા જેવાં એને છે તેવાંજ તેને પણ છે !" અને અહીં શેઠાણી કાંઈ યાદ કરવા પડયાં હોય તેમ થોડોવાર ગંભીર દેખાવ કરી પાછા બોલવા લાગ્યાં. "આઇ, જેહાંઝીર ! આ માળા જોયા પછી હવે મને ઘણાં વર્ષની એક જૂની વાતની યાદ થાએછ એકવાર બેહસ્તી અરદેસરજી સાથ મને એ માળા વિષે વાત થતાં તેવણે કહેલું મને યાદ છે કે એ માળાની તેવણ પાસે 'જોડી' હતી, જેમાંની એક મને, અને એક કોઇને આપી હતી. 'કોઇને તે કોણને ?' એવો મેં સવાલ કરતાં તેનો જવાબ બેહેસ્તાએ ઉડાવી દીધો હતો, જેથી તે વખતના ધારા મુજબ મેં મારા ખાવિંદ પર કશું દબાણ કીધુ ન હતુ. હું તેવ-

ખુનુ ઘણું માન રાખતી હતી, અને તેવણુપર મને વિશ્વાપ હતો કે તે માળા કોઇ લાયક ઠેકાણેજ તેવણે સપુરદ કીધી હશે. આજે મારો તે વિશ્વાષ, વર્ષો પછી, હું ખરો પડેલો જોઉછ."

મી૦ રીચર્ડસને તે માળા પાછી અસલ માફક પેલા ચોર વકોરામાં મૂકી ચાપ દાબી બંધ કીધી અને તેની સાથનું કાગળ પોતાની 'ડેસ્ક'માં મૂક્યુ. મોતીની માળાએ બાહદુરશાહવાળાંઓની બાલોબાલ ખાત્રી કરી આપી કે આ દાવાદાર ગુમ થયલો વારસ રૂસ્તમ પોતેજ છે, એમાં હવે સેહેજબી શક ન હતો!

"હજી અમારી કને એના કરતાં વધૂ સત્તાદાર સાહદતો અને ખાત્રી પૂર્વક ખુલાશાઓ છે." બાહદુરશાહવાળાઓની આટલાંથીજ પાકી પતીજ થઈ ચૂકી છે એમ જોઇ મનમાં ખુશી થઇને મી૦ રીચર્ડસન બોલ્યા." જેમ જેમ તમારી સન્મુખ તે રજુ થતા જશે, તેમ તેમ આ મળી આવેલા વારસ તરફ તમો માનની નજરથી જોતાં જશો" અને અહીં તેણે શીરીનને પેલી ઇસ્કોત્રીમાથી એક બીજો દસ્તાવેજ ખેચવાની ઇશારત કરી

શીરીને એક દસ્તાવેજ ખેચ્યો, જે ઉપર મી૦ રીચર્ડસને આગમચથી આવી × ચોકડી કાઢી નિશાન કરેલી હતી. શીરીને તે ઉપર તેનું ધ્યાન ખેચ્યુ

"હા—એ દસ્તાવેજ મને આપો." અને તે તેણે શારીનના હાથમાંથી લઇને પોતાની ડેસ્કનાં એક જૂદા ખાનામા મૂકતાં કહ્યુ. "એનુ હાલ આપણુને કામ નથી. આ એક બહુ કીમતી અને અગત્યનો દસ્તાવેજ છે, અને તે આ મળી આવેલા વારસનો હક ના પાડવામાં આવશે તો તે પ્રસંગે કામ લાગશે."

"આટલા બધા ખાત્રીપૂર્વક ખુલાસાઓ પછી ના પાડવામા અમે ખુદાનાં તમામ ગુન્હેગાર ઠરીશુ." શેઠાણી રતનબાઇએ પ્રમાણિક એકરાર કીધો. તેવણનાં આ ઇનસાફી સખુનો પાસેની ઓરડીમાં સાંભળીને દાદીબાએ તે નેક બાનું પર આફ્રીન કીધી.

"માનવત બાનું, હુ સાભળીને ઘણો ખુશી છુ કે હજુ તો અમે અમારા અરધા દસ્તાવેજો રજુ નથી કીધાં, તેટલાં તમે તે જવાન ગૃહસ્થને ઇનસાફ આપવાને ખાહેસમંદ છો" મી૦ રીચર્ડસન બોલ્યા. "ખરી ખાનદાંની એમાંજ છે."

શેઠાંણીએ કશો જવાબ દીધો નહિ. મી૦ રીચર્ડસને તે દસ્તાવેજવાળુ પડીકું પોતાની ડેસ્કના એક જૂદાં ખાનામાં ઉચું મેલ્યુ.

આ દસ્તાવેજમા એવુ તે છુ કીમતી હશે તે જાણવાની જેહાંગીરને બહુ ચટપટ થઈ, પણ સભ્યતાને લીધે તેનાથી કાંઇ બોલી શકાયું નહીં.

મી૦ રીચર્ડસને ઉચાં કરેલાં તે પરબીડામાં શું હતું તે પાસેની ઓરડીમાં દાદીબા ઝટ પામી ગયો. ઇસ્કોત્રીમાં મૂકેલા દસ્તાવેજો એક પછી એક કેમ અને કયાં ગોઠવાયલા છે, તે તેના ધ્યાનમાં હોવાથી પોતાના હિમાયતીની

આ સમયસૂચક યુક્તિ તેને પસંદ આવ્યા વિના રહી નહિં.

હવે શીરીને એક વધૂ દસ્તાવેજ બહાર કાઢયો, તેને પણ મી૦ રીચર્ડસને ડેસ્કમાં ઉંચો કીધો. તે એક મોટું લાંબુ અને બ્લુ રંગનું પરબીડું હતું, તે શેનુ હતુ તે વાંચનારને કદાચ યાદ નહિ હોય, પણ દાદીબા સમજી ગયો. મી૦ રીચર્ડસનનું આ પગલું પણ તેણે ડહાપણ ભર્યું વિચાર્યું.

"હવે બીજાં ત્રણ એનવેલોપ છે." શીરીન બોલી, અને એક ખેંચી મી૦ રીચર્ડસનની રજાથી મોટે સાદે વાચ્યુ. એમાં મરનાર અરદેસર બાહાદુરશાહે દાદીબાને હક સ્વિકારવાને તેવણને કોઇ વારસ નાં પાડે તો કાયદાસર લડત લડીને તે મેળવવા માટે રૂ. ૧૦,૦૦૦ ની નોટ ચોર વકોરામાં મુકેલી હતી, તેની ચેતવણી હતી. કાગળ વચાઇ રહેવા પછી નિશાની મુજબ મી૦ રીચર્ડસને તે વખારો ઉઘાડી તેમાથી દર હજાર હજારવાળી દશ નોટના કકડા કાઢી બતાવી સઘળાંની ખાત્રી કીધી. આ સાબુત પગલાંથી જેહાગીર લગાર ખશીયાણો પડયો—ડઘાયો—પણ જાણે એવી અગમચેતીની પોતા માટે કસી અગત્ય ન હોય તેવુ ડોળ દેખાડી તેણે તે દસ્તાવેજને બેદરકાર રૂપે હસી કાટયો!

મેસર્સ રીચર્ડસન અને ફહીમ મનમાં હસ્યા કે છેલ્લા દસ્તાવેજમાં ખુલ્લા શબ્દોમાં પોતા પર કાબુ મૂકવામા આવેલો જોઇ, જેહાંગીર જેવા માનમાગુ માતબરને લગાર માઠુ લાગે એ બનવા જોગ છે.

"આ દસ્તાવેજ ઉપરબી તમોએ એક ચોકડી કાઢેલી છે." શીરીન બાકીનાં બે પરબીડાં માહેલુ એક બતાવી બોલી.

"હા લાવો, તે મને આપો? એનુ હાલ કામ નથી." મી૦ રીચર્ડસન બોલ્યા અને શીરીનનાં હાથમાંથી તે દસ્તાવેજ લઇ પેલા આગલા બે અનામત મુકેલાં એનવેલોપ જોડે ડેસ્કમાં ઉચો કીધો.

"અને હવે?—મી૦ રીચર્ડસને પૂછ્યુ.

"છેલ્લો એકજ દસ્તાવેજ બાકી છે." શીરીને જવાબ આપ્યો.

"તે ઉપર મારી કાંઇ નિશાની છે કે?

"નહિં'—કશી નથી."

"ત્યારે વાંચો." અને એમ કહી મી૦ રીચર્ડસને જેહાંગીર બાહદુરશાહે ગુમ થયેલા વારસની ખોળ માટે છપાવેલી જાહેર ખબરવાળું એક વર્તમાન પત્ર હાથમાં લીધું, અને શીરીન જે દસ્તાવેજ વાંચનાર હતા તે મે જણાવેલી વિગતો સાથે કેટલુ અચૂક મળતુ આવે છે તે ઉપર જેહાંગીર તથા શેઠાણી રતનબાઇનું ખાસ ધ્યાન ખેચ્યુ

શીરીને વાંચેલો તે દસ્તાવેજ વાંચનારના મગજમાં પાછો તાજો કર-

વાની જરૂર હોવાથી તે અત્રે સહાબરો ઉતારવાના જરૂર છેઃ—

મારા વ્હાલા દિકરા રૂસ્તમ,

એક ઘણી અગત્યની બીના પર આ કાગળથી હું તારૂં ધ્યાન ખેંચવા માગુ છું. પાચે દહાડે આ વાત તારા લાભની થઇ પડશે કે તારાં શરીરનાં ચોક્કસ ભાગો પર નીચે લખ્યા મુજબ નિશાનીઓ છે. આ નિશાનીઓ હું વીલ કરીશ તેમાં નોધવાનો છું. કદાચ તને તારો હક ભવિષ્યમાં સાબેત કરવો પડે તો આ નિશાનીઓ તારા હકમા અતિ કીમતી અને ફાયદેમદ થઈ પડશે. તારી જમણી છાતીપર સાત એકસરખા તલ છે. તારા જમણા હાથપર બરાબર પોહચા આગળ ગોલાબી રંગની એક લાંછન છે, અને કમરપર એક લાલ મસો છે. મે આ મસા, તલ અને લાછન વિષે એક કાબેલ તબીબનુ મત લીધું હતું, જેણે કહ્યુ હતું કે આ કુદરતી નિશાનીઓ જીંદગી સુધી જેમની તેમ રહેશે.

હું છુ તારો વ્હાલો પિતા,

અ૦ બ૦ બાહાદુરશાહ

પ્રકરણ ૮૧ મું.

"ખુદાની લાકડીને અવાજ નથી!"—એક ગેબી ફટકો

શીરીને ઉપલો દસ્તાવેજ વાચી મી૦ રીચર્ડસનના હાથમાં આપ્યો, જે તેણે પોતાની ડેસ્કમાં વચાયલા દસ્તાવેજો મુકેલા ખાનામા મુકતાં કહ્યું. "હવે હુ મી૦ જેહાગીરને એક સવાલ કરીશ કે જાહેર ખબરમાં જે નીશાનીઓ તમે દરશાવી છે, તે નીશાનીઓ આ દસ્તાવેજમાં નોંધેલી નિશાનીઓને આબેહુબ મળતી આવે છે કે નહીં?"

"હા"

"ત્યારે હવે મને માનવાને કશી આચકી લાગતી નથી કે તમે, મળી આવેલા વારસનો હક્ક બિનતકરાર સ્વિકારો છો."

"હજી તેમાં સહેજ શંકાઓ છે, તે દૂર થવી જોઇએ. મી૦ રીચર્ડસન." જેહાંગીરે હસીને જવાબ આપ્યો. આ જવાબ આપતી વેળા તેનું અંતઃકરણ તમામ સ્વચ્છ હતુ. એક પછી એક સત્તાવાર દસ્તાવેજોથી તેની પાકી ખાત્રી થઇ ચુકી હતી કે તેનો ગુમ થયલો સાવકો ભાઇ ખરેખર મળી આવ્યો છે અને તેને માટે તેને બીજી શકા જેવુજ થોડુંજ રહયું છે.

"તમારી શંકા શી છે?"

"જે દસ્તાવેજ હાલ વાંચવામાં આવ્યાછે, તેમાં નોંધેલી નિશાનીઓ નજરે જોવાની અમને તક મળી નથી." જેહાંગીરે જવાબ આપ્યો.

"અને મળે તો ?"

"અમે ખુશી થઇશું ?"

"પણ ખુશી થયા પછી ?"

"પછી ?" જેહાંગીર જરા વિચારમા પડયો.

"હા—પછી ?"

"પછી અમે ઘટતું કરીશુ"

"ઘટતુ કરીશુ નહિ, એમ કહો કે તેનો એકદમ હક સ્વિકારીશુ."

જેહાંગીર જરા વિચાર કરવા થોભ્યો.

" એમા વિચાર કરવા જેવુ શુ છે, જેહાગીર ?" શેઠાણી રતનબાઇ જેવણુ ગુમ થયલા વારસને જોવા અધીરાં બન્યાં હતાં, તેવણે દિકરાને સલાહ આપી. " મારી ખાત્રી પુરેપુરી થઈ ચુકાછ. એક પછી એક આપણે એવા ખાત્રીપૂર્વક દસ્તાવેજો જોયા છે કે હવે વધૂ પતીજ કરવાની કશીજ જરૂર રહી નથી. હુ તો ફકત બેહેરતી અરદેસરજીનાં અક્ષર જોઇનેજ ખરૂ માંનુછુ. વાસ્તે, આગ પરની નિશાનીઓ નજરે જોવાની તક મળતી હોય તો તે તક હાથ કરતાં આપણે ચૂકવુ નહિ જોઇએ."

'તે ખરી વાત છે, માયજી, પણ અહીં તો મી० રીચર્ડસન મને એમ બાંધી લેવા માગેછની કે તે નિશાનીઓ જોઇને તમે એકદમ તેનો હક સ્વિકારશો ? હુ ધારૂછુ કે આ રીતે આગમચથી બંધાઇ જવુ આપણા લાભનું નથી.'

"નહિ, જેહાંગીર, તુ ભૂલેછ." શેઠાણીએ સમજ પાડી. "તુ પોતે કબૂલ કરેછની દિકરા, કે તારી ખાત્રી તમામ થઇ ચૂકીછ. પણ સેહેજસાજ શકાઓ રહીછ, તો તેટલી નજીવી ખૂટને લીધે એક મોટા મુદ્દાની બાબદ હાથથી જતી મેલવી નહિ જોઇએ." તારી શંકાઓનુ પણ મી० રીચર્ડસન ખંડણ કરશે."

"બેશક." મી० રીચર્ડસને ટાહુકો પૂર્યો.

"અને તેથી, તને હવે મારી ભલામણ છે કે આંગ પરની નિશાનીઓ જોઇને મળી આવેલા વારસનો હક સ્વિકારવાની તેવણની વિવેકભરેલી વાજબી માંગણી કબૂલ રાખવામાં આપણો ગેરલાભ હું કશો જોતી નથી. જો તું પોતે એમ માનેછ કે મળી આવેલો વારસ દસ્તાવેજ પરથી ખરો છે, તો પછી તેના હિમાયતીની માંગણી સ્વિકારવામાં તને હરકત શી છે, તે હું સમજી શકતી નથી."

જેહાંગીરનાં ધ્યાનમાં આ વાત ઉતરી. શેઠાણીની સલાહ માન્ય રા-

ખીને તેણે મી૦ રીચર્ડસને કહ્યું કે—" આંગ પરની નિશાનીઓ જોઇને અમે એકદમ તેનો હક સ્વિકારીશું."

"થેંક્યુ, મી૦ બાહદુરશાહ!" મી૦ રીચર્ડસને ખુશી દેખાડી ઉપકાર જાહેર કીધો, અને પોતાની ડેસ્કનાં એક ચોક્કસ ખાનામાંથી એક કાગળ ખેંચી કાઢી જેહાંગીરનાં હાથમાં આપતાં કહ્યું: "મેહેરબાની કરી આપણી વચ્ચે થયલી ગોઠવણ સત્તાદાર કરવા માટે આ કાગળ પર તમારી સહી કરો."

"સહી? સહી શા માટે? મારો શબ્દ એજ મારૂ વચન છે."

"તે ખરી વાત, મી૦ બાહદુરશાહ, પણ એ કાંઈ સાધારણ વાતચીત નથીની? એ એક ગંભીર બીના છે અને—'

'તે હુ સારી પેઠે સમજુછુ, મી૦ રીચર્ડસન! પણ આપણે આજેજ કાંઈ છેલ્લો પાકો દસ્તાવેજ કરવા નથી બેઠા, કે મારી સહીની ખાસ જરૂર હોય?"

"તમારી ભૂલ છે, સાહેબ'" મી૦ રૂસ્તીમ સોલીસીટર વચ્ચે પરાયા. "આજની મુલાકાતનું આપણે શુ પરિણામ નીપજાવી શકયા, તેની નોંધ રહેવા માટે આ ન્હાના દસ્તાવેજપર તમારી સહી અગત્યની છે"

"હુ તેલુ કશું સમજતો નથી." જેહાગીરે લગાર તોરમા જવાબ આપ્યો.

"સાહેબ, આપણે કોઇબી સરતે સલાહ સપજથી આપણા કામનો નીવેડો લાવવા અહી ભેગા થયા છીએ અને નહિં કે અરસપરસ તીખા થવા માટે; વાસ્તે મહેરબાની કરી આ બાબદમા તમે તમારા સોલીસીટરોનુ મત લેશો."

જેહાંગીરે અહીં પોતાના સલાહકારો તરફ જોયુ મેસર્સ બેહરામશાહ અને બ્રાન્સન, જેઓ આટલો વાર મૂગી ચુપકીદી પકડી સઘળુ ધ્યાનથી સાંભળતા હતા, તેઓ હવે પોતાની વારી આવેલી જોઇ ખુરશી પર ટટાર થયા.

જેહાગીરે કાગળની એક કાપલી પર "એ વિષે તમારો શો મત?" આટલા શબ્દો લખી મી૦ બેહરામશાહને આપી. જે તેવણે વાંચી મી૦ બ્રાન્સનનાં હાથમાં મૂકી. પછી બન્નેએ પોતપોતાના વિચાર લખી તે કાપલી પાછી જેહાંગીરને આપી. તેમાં જેહાંગીરને તેના સલાહકારોએ સહી આપવાની સલાહ આપી હતી.

જેહાંગીરે તે કાપલી વાંચીને પોતાના માતાને આપી. શેઠાણી રતનબાઇ તો પ્રથમથીજ જેહાંગીરે સહી કરવાની તરફેણમાં હતાં, તેથી તેવણે તે કાગળ જોઇ દૂરથી ડોકુ હલાવી પોતાની ખુશી જણાવી.

એ રીતે ફરતીમેરની સમતિ મેળવી જેહાંગીરે પેલા ન્હાના દસ્તાવેજ પર સહી કીધી. આ દસ્તાવેજમાં શું હતું, તે જાણવાને વાંચનારને અધીરતા ઉપજે એ કુદરતી છે, તેથી તેની અહીં જગ્યા કરીએ છીએ—

આ લખ્યાથી હું નીચે સહી કરનાર, મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમ સોલીસીટરોને વચનથી બંધાઉછું કે, મારા મરહુમ પિતા શેઠ અરદેસર બરજોરજી બાહાદુરશાહની આગલી બાયડીને પેટના એક બેટા તથા ગુમ થયલા વારસને લગતા જે સત્તાદાર દસ્તાવેજો મને એઓએ દેખાડયા છે, તે દસ્તાવેજો પર હુ તમામ વિશ્વાષની નજરથી જોઉછું, અને તેમાના એક ચોક્કસ દસ્તાવેજમાં જણાવેલી નિશાનીઓ ગુમ થયલા વારસના આંગ પર ખાત્રીપૂર્વક રીતે દેખાડવાની મને જે કબૂલલાત આપવામાં આવી છે, તે મુજબ, મને નિશાનીઓ બતાવવામા આવ્યાથી, હું તે દાવાદારને ખરા હકદાર વારસ તરીકે સ્વિકારવાને, મારી રાજી ખુશીથી આ લેખ આપુ છુ.

(સહી) **જેહાંગીર અરદેસર બાહાદુરશાહ.**

મુબાઈ, તા૦ ૨૫ મી મે ૧૮—

પોતે રજુ કરેલા દસ્તાવેજ પર જેહાંગીરે સહી આપવાથી મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમ ખુશ થઈ ગયા. આ દસ્તાવેજ વિષે ખુદ દાદીબાને પણ તે બાહોશ સોલીસીટરોએ અજાણે રાખ્યો હતો. તે પાસેની ઓરડીમાંથી આ વાતચીત સ્પષ્ટ સાંભળતો હોવાથી, મી૦ રીચર્ડસને વાપરેલી આ કીમતી કુનેહ તેને ઘણી ગમી. તેણે વિચાર્યું કે જેહાંગીર હવે છટકામાં પૂરેપૂરો સપડાયો છે, અને હવે મારો હક સ્વિકારવાને તેનાથી ના પડાશે નહિ.

વાચનાર! દાદીબાની આ ઉમેદ બર આવશે કે?

"મી૦ રીચર્ડસન" જેહાગીર બાહદુરશાહે પેલા દસ્તાવેજ પર સહી કીધા પછી મી૦ રીચર્ડસન તેને ડેસ્કમા ઉચો મેલતા હતા ત્યારે કહ્યું, "જે ત્રણ દસ્તાવેજો તમે હમારાથી છૂપા રાખ્યા છે, તે હવે બતાવવામાં તમોને કશી હરકત નહિં હશે, એમ હુ ધારૂં છુ."

"માફ કરો. મી૦ બાહાદુરશાહ, મારા ધારવા પ્રમાણે તે દસ્તાવેજો જોવાનો વખત તમારે માટે હજી સેહેજ દૂર છે. પ્રથમ જે બાબદ આપણે હાથ ધરી છે, તે એકવાર સંપૂર્ણ ઉતર્યા પછી હું એકદમ તે દસ્તાવેજો તમારા હાથમાં મૂકીશ. કેમ બાનુ, તમારો શો વિચાર?" અને અહીં તેણે શેઠાણી રતનબાઇનું મત પૂછ્યું.

"હું તમારા વિચારને મળતી થાઉછુ, મી૦ રીચર્ડસન" શેઠાણીએ સંમતિ આપતાં વધાર્યું. "જોઇને હું ઘણી ખુશી છું કે તમારી બાહોશ કુનેહથી એક બીકટ બાબત આજે સેહેલાઈથી કિનારે આવી પુગી છે. આવી રીતે સુર્ક્ષીતપણે કામ પાર ઉતરવા વિષે આ આરીસમાં મેં પગ મેલ્યો ત્યારે મને શક હતો."

"થેંકયું, બાનું, આટલાં માનને અમે પાત્ર નથી. મે માત્ર અમે ફરજ બજાવી છે—વધૂ કશું કીધુ નથી. હવે આપણે મળી આવેલા વારસના આંગ

પરની ખાત્રીપૂર્વક નિશાનીઓ તપાસવાનુ હાથ લઇએ ? રજા છે ?"

જેહાંગીર તથા શેઠાણી રતનબાઇએ તુરત રજા આપી. શેઠાણી પોતાના સાવકા દિકરાને અને જેહાંગીર તથા આઈ પોતાના સાવકા ભાઇને, દારાશાહ દાવર પોતાના જમાઇનાં અરધા હીસ્સેદારને તથા પરીન પોતાના જેઠને જોવાને અધીરાં પડયા હતાં.

"તમે જાણીને ખુશી થશો કે મળી આવેલો વારસ મારી આફીસમાંજ છે, આપણી પડોશમાજ છે, અને તે આ રહ્યો !" એમ બોલતા સમેત મી૦ રીચર્ડસને જોશથી ઘંટ વજાડયો. બીજીજ પળે પાસેની ઓરડીમાંથી દાદીબા એકદમ બાહેર નીકળી આવ્યો !

"ઓ માયરે ! એ કોણ ? દાદીબા !" આ શબ્દો બોલતા સમેત એક ભયંકર ચીસ પાડી પરીન ખુરસી પરથી નીચે પડી બેભાન થઈ ગઈ ! તેજ સ્થિતિ આઇની થઇ.

શેઠાણી રતનબાઈ ધભરાટમા ધ્રુજવા પડયા.

જેહાંગીર ખુરસી પરજ ડઘાઇને ઠે થઈ રહ્યો !

પ્રકરણ ૮૨ મું.

બદલાઈ ગયેલો બાહદુરશાહ.

તે એક દયાજનક ચિત્ર હતુ !

મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમની ઑફીસમા બહાદુરશાહવાળાંઓ કેવી રીતે બેઠાં હતા, તેનો પ્લાન આપણે ૭૭ મા પ્રકરણમાં ખુલ્લે ખુલ્લો જોયલો હોવાથી વાચનારને જણાવવાની જરૂર રહેશે નહિ કે દાદીબા પેલી ઓરડીમાથી બાહેર આવ્યા બરાબર પહેલી નજર તેની ઉપર પરીનની પડે એ બનવા જોગ હતુ, કારણ કે એ ઓરડીની બરાબર સામેસામ પરીનની ખુરસી હતી. કુદરતે ગોયા પહેલો ફટકો પરીનનેજ મારવા ચાહ્યો હોય તેમ પરીને બેસતી વેળા તેજ જગ્યા પસંદ કીધી હતી !

છેલ્લાં પ્રકરણમાં આપણે વાંચી આવ્યા છીએ કે "ઓ માયરે ! એ કોણ ? દાદીબા !" આ શબ્દો બોલતાં સમેત એક ભયંકર ચીસ પાડી પરીન બેભાંન થઇ ગઇ—તેજ સ્થિતિ આઇની થઇ—શેઠાણી રતનબાઇ ધ્રુજવા પડયાં અને જેહાંગીર ખુરસીપરજ ડઘાઇને ઠેં થઇ રહ્યો !

તેને સમજ નહિ પડી કે તે એક ખરેખરૂં ચિત્ર અનુંભવતો હતો કે તેની નજરે દેખાતો તે દેખાવ એક ખ્યાલી સ્વપનું હતું ! શેઠાણી રતનબાઇ પણ પરીન તથા આ આઇને મદદ આપવાની પોતાની ફરજ ભૂલી ગયાંઅને અચરતીમાં ગરકાવ થઇને ધ્રુજતાં ધ્રુજતાં બોલ્યા.

ચિત્ર ૧૯ મું.



[બ્લોક—જી૦ ન૦ ખરેઘાટ

"ઓ માયરે! એ કોણ—દાદીબા?" આ શબ્દો બોલતા સમેત એક ભયંકર ચીસ પાડી પરીન પોતાની બેઠક પર બેભાન થઈ ગઈ!"

[સફે ૩૨૮.]

હેં–હેં ? મી–મી–મી–મી–મીઇઇસ્તર રી–રી રીઇચર્ડસન ! એ કોણ ? એ તો દ–દ–દ–દ–દાદીબા, મ–મ–મારી પ–પ–પરીનનો શિક્ષક દાદીબા છે ! શું દ–દ–દાદીબા મ–મ–મારા એ–એ–એ–એ–હેહેસ્તી અ–અ–અરદેસરજીનો હ–હ–હકદાર વારસ થ–થ–થાય ? હે ? બ–બ–બોઓલોની ?"

"હા, માનવત બાનું, એજ મી૦ રૂસ્તીમ ઉર્ફે દાદીબા તમારા મરહુમ ખાવિંદની આગલી બાયડીને પેટનું હકદાર ફરજંદ છે." મી૦ રીચર્ડસને હસ્તે ચેહેરે શેઠાણીનો ધભરાટ તથા આસપાસની સ્થિતિ પોતાની આંખપર ચઢાવેલા એક સુંદર આઇ ગ્લાસમાંથી નીરખતાં પુરતી ગંભીરાઇથી જવાબ આપ્યો. "કુદરતી રીતે તમો આ ખુલાસો અત્રે પેહેલો જાણો છો, એટલે તમોને અચરતી ઉપજવી જોઇએ; પણ શાન્ત થાઓ, બાનું, અને પેહલાં આ બે બાનુઓની સારવાર કરો."

ઉપલુ લખાણુ વાંચતાં આટલો વખત લાગે છે, પણ તે વાતચીત થઈ ત્યારે એકાદ બે સેકડ માત્ર પુરતી હતી ! જેહાંગીર ડઘાઇ ગયો, અને શેઠાણી ધ્રુજ્યા પડયાં તેથી પરીન અને આઇની મદદે કોઇ પહોચ્યું નહિ, એમ ન હતું. પરીન પટકાઇ પડતાંજ એક ગૃહસ્થને છાજતા વિવેકથી તેણીની પડોસમાં બેઠેલા મી૦ બ્રાન્સન સોલીસીટરે એકદમ ઉચકી લઇ પોતાની પીઠ પાછલ મૂકેલા એક નરમ સોફાપર સુવાડી દીધી. એજ રીતે, આઇમાય બેભાન થઇ પડતાં તેણીની પડોશમાં બેઠેલા મી૦ રૂસ્તીમ સોલીસીટરે પોતાની ફરજ બજાવી બીજી બાજુના કોચનો તેણીને આશરો આપ્યો. એટલુજ કરીને તેઓ રહ્યા નહિ. પણ "લવંડર સૉલ્ટ"ની એક સીસી, જે સારે નસીબે તે ઓરડાના એક ખાંચામાં થોડીક બીજી દવાની સીસીઓ જોડે હાજર હતી તેનો ઝટ ઉપ્યોગ કરીને તે બન્ને કમનસીબ બાનુંઓને હુશિયાર કીધી. જ્યારે પરીન અને આઇને શુદ્ધિમાં લાવવાને મેસર્સ બ્રાનસન, બેહરામશાહ, દારાશાહ શેઠ, રૂસ્તીમ તથા શીરીન માઇસોરવાળાં ઉપલી સીસીની મદદથી પોતાનો પ્રયોગ ચલાવતાં હતાં, ત્યારે શેઠાણી રતનબાઇ મી૦ રીચર્ડસનને દાદીબા વિષે ચકિત થઇને અચકી અચકીને આતૂર પ્રશ્નો પુછતાં હતાં. જેહાંગીરની સ્થીતિ શેઠાણીનું બોલવું પુરૂ થાય ત્યાં સુધી જેવી ને તેવીજ હતી. જાણે તેની આજુ બાજુમાં કશુ બન્યુજ ન હોય, તેમ જાંહાંગીર અર્ધ-ઘેલાંની હાલતમાં ઠે થઇ જઇને ડાચું વકાશી દાદીબાનું કોહું ભોપતોજ રહી ગયો !

ઉપલા બનાવો બે ત્રણ મીનીટની અંદર બની જવાથી તે ચિતાકર્ષક ચિત્રની અસર વધુ વખત સ્થીર રહેવા પામી નહિં, "શું દાદીબા મારા બેહસ્તી અરદેશરજીનો હકદાર વારસ થાય ? બોલોની ?" એવો શેઠાણી રતનબાઇનો છેલ્લો પ્રશ્ન જોસ્સાથી પૂછાયલો હોવાથી હૈયાં–સુના બની ગયલા જેહાં-

ગીરના કાનપર પડયાવિના રહ્યા નહિં અને તેમ થતાંજ જેમ એક ફાડી ખાનારો વિકાળ સિંહ એકદમ ઉછાળો મારીને કુદી પડે, તેમ આટલા વખત સુધી ડઘાઇ રહેતો તે પૈસાદાર જવાન વિજળીનો એક ઝટકો લાગ્યો હોય તેમ ખુરસી અફાળી એક પોકાર મારી એકદમ ઉઠી ઉભો થયો.

"દગો–દગો! એમાં કાંઇ સાબુત દગો છે! આ વકીલો કોઇ લુચ્ચા આસામીઓ છે અને આપણી વિરૂદ્ધ એક કંગાલ ભીખારડાને ઉભો કરી તરકટ ભરેલુ ચોકઠુ ઉભુ કીધુછ, માયજી, બસ એકદમ અહીંથી ચાલો! અહીં સઘળા કાવત્રાં રચનારાઓ છે?"

"તારી છકેલ જીભને જરા લગામ કર, ઓ બેઅદબ જવાન!" અચાનક ફેરવાઇ ગયલો આ મામલો જોઇ દાદીબાએ હિંમતથી આગળ ધશી આવી એક ગૃહસ્થને છાજતી ગંભીર અદાથી ગુસ્સાના ઝનુનમાં જવાબ આપ્યો. "જે હલકા શબ્દો તે તારી હલકી જીભથી ઓચર્યા છે, તેવી હલકાઇ મને આવડતી નથી, કારણ કે હું એક ગમે એવો ગરીબ માણસ છતા ગૃહસ્થ માણસ છુ. એકવાર મારા દસ્તાવેજોને સત્તાદાર રીતે :માન્ય રાખી, મારા વકીલોએ રજુ કરેલા દસ્તાવેજપર તારી સહી વટીક મુકયા પછી, મારો ચેહેરો જોતાંજ તુ બદલાઇ જઇ બેવકુફાઇ બતાવી બકવા પડયો છે, પણ તારા એવા બકબકારાની લેશમાત્ર પરવા કરૂ એવો આદમી હુ નથી. અદેખાઇની આગમાં આંધળા બનેલા ઓ એકલપેટા જવાન! તને શાને માટે દુઃખ લાગે છે અને મારો ચેહેરો જોતાવાર પ્રથમ ઠંડો થઇ જઇ પાછળથી તુ શા માટે ઉશ્કેરાઇ આવ્યો છે, તે મને અજાણ્યુ નથી. તારી છાતીમાં ચાલતો ગભરાટ, તું પારદર્શક છાતી નથી ધરાવતો તે છતા, આ પળે હુ સ્પષ્ટ જોઇ શકુ છુ. આગલી–પાછલી યાદ કરવાનો આ સમય નથી. તારૂ પાપી હૈયુ અલબતા મને જોતાંવાર તને ડંખતુ હશે, પણ તેમા મારો કસુર નથી, માટે, હવે બેહતર રસ્તો તો એજ છે કે મારી ઉપર બળાપાના બળત્રા કાઢવાને બદલે, આપણા મરહુમ બાપની મરતી વખતની છેલ્લામાં છેલ્લી વશિયત અદા કરવાની ફરજ બજાવ! ફરજ જેવુ કરજ બીજું એકે નથી. ફરજનો ફાળો અદા કરનાર દાદારની દરબારમાં હસ્તે મોહડે ઉભો રહી શકે છે અને તેને પેલી જેહાનમાં હમેશાંનુ સ્વર્ગ મળે છે ફરજ બજાવવાના સંજોગ ઇનસાનને વારંવાર મળતા નથી, માટે જે માણસ તે હાથ આવેલા સંજોગને હાથથી જતા મૂકે છે, તે મૂર્ખમાં ખપી આકેબત બારે હકતાલાનો ચોર નીવડે છે."

"બસ! બસ! 'ફરજ ઉપરની તારી વાયજી એકદમ બંધ કર! જેહાંગીર છેડાઈ પડયો. "તેં અને આ તરકટબાજ વકીલોએ"—

"મી૰ જેહાંગીર, આ આબરૂદાર બાનુંઓ અને ગૃહસ્થોની હાજરીમાં અમોને 'તરકટબાજ અને 'કાવત્રાં રચનાર' નાં જે વિશેષણો તમે વાપર્યા છે

તે કાનોકાંન સાંભળનારા તમારાજ ધારાના સલાહકારો અમારા સાક્ષી છે." મી૦ રીચર્ડસને નેણ ફેરવીને જવાબ આપ્યો, "હુ તમોને ચેતવણી આપુ છું કે કાયદાનું રક્ષણ કરનારી એક આબરૂદાર પેહડીમાં તમો ઉભા છો, માટે જે કાંઇ શબ્દો અવિચારીપણે વાપરો તે આગમચ બે વાર વિચાર કરજો."

ઉપલા શબ્દોએ જેહાંગીર પર અસર કરવાથી તે જરા નરમ થઇ ગયો. પણ હજી તેનું દાદીબા ઉપરનું ઝનુન ભાગેલુ નહિ હોવાથી તેણે લગાર તોરમાંજ જવાબ આપ્યો "તમોને ચેનવણી આપવાની કશી જરૂર નથી, મી૦ રીચર્ડસન, મારૂ કામ હું સમજુ છુ પણ હુ આશા નહિં રાખતો હતો કે એવા એક હરડતા પોશાગીરને તમારી પેહડી ઉત્તેજન આપી આગલ—"

"એકદમ ચૂપ થા ઓ છટી ગયલા છોકરા ! પારકાને પોશાગીરની ઉપમાં આપતાં તારો પોતાનો હાલનો 'દેખાવ' એક પોશાગીરની હદને પણ કુદાવી જાય છે" દાદીબાએ જેહાગીરને બોલતો અટકાવી જવાબ આપ્યો, કે જયારે તે રખેને તેને એકાદ "સ્લેપ" ખેંચી કાઢે એવી ધાસ્તીથી દારાશાહ દાવરે તથા મી૦ રીચર્ડસને તેનુ પાખડુ પકડી તેને એક ખુરસી પર મુસ્કેલીથી બેશાડયો. "જે હલકાઇથી તુ મારી સાથે વરતે છે, તે હલકાઇ હુ એક મુફલેસ માણુસ હોવા છતા મને અનુકુલ નહિ હોવાથી હું તેને મારૂ હથિયાર કરીશ નહિં બેવકુ બદમાશો, જેઓને પ્રમાણિકપણે તકરાર કરતાં આવડતી નથી, તેઓજ એવી હલકી ગાલગલોચનો આશરો પકડે છે. હજીબી હુ તારી સાથે ભલાઇથી વરતવા ચાહુછુ. અને તને આ છેલ્લી ચેતવણી આપુ છુ કે તારી તુદીને એકદમ બાજુએ મૂકી આપણા મરહુમ પિતાની મરતી વખતની છેલ્લી વશિયત બજા લાવ ! ખુદા એમાં તારૂ સારૂંજ કરશે. અને નહિ તો—"

"તુ શુ કરશે, કમીના કૂતરા ! તું મને શુ કરશે ?" જેહાગીરે જંગલી ઝનુંનથી હલકાઇ વાપરી પ્રશ્ન પૂછયો.

"જુઓ ! ગૃહસ્થો, આ ઇઝતદાર આસામીના લાયકીનાં નમુનાઓ તમે જોતા જાઓ અને મનમાં તોલ કરજો કે એ એની ઝેરી ફુંકને કેવો બંધબેસ્તો આદમી છે." દાદીબાએ જેહાંગીરે આપેલી હલકી ગાલની કશી પણ પરવા કીધા વગર ચલાવ્યુ. "જેહાંગીર ! જેહાંગીર ! તને શરમ છે ! તારી જીદગીપર હું લ્યાનત નાખુંછ. કુદરતે મને તારા વડા ભાઇની પદ્દિ પર મુકયો છ, પણ હું તને એક ભાઇનાં ભાવથી સ્વિકારતાં કમકમુછ. એ સ્થિતિમા મૂકવા કરતાં તે બારેહકતાલાએ મને રસ્તે રખડતો એક ભીખારી બનાવ્યો હોત તો તેમાં હું આખી દુનિયાનું સુખ સમજત. મારા સત્તાદાર દસ્તાવેજોથી મે તારી ઇચેઇંચ ખાત્રી કરી આપવા પછી, અને તે ખાત્રી પર તારી સહી—મોહોર થયા પછી, મને જોતાં વાર સરડાની માફક રગ બદલીને તારૂં બદલાઇ

જવું, એક ઇનિસાનની નહિં પણ વાઘ, વરૂ કે શીંછ જેવા કપટી હેવાનની ખાસિયત બતાવેછ. શેઠાણી રતનબાઇ-અને હવે બીજા બોલોમાં કહું તો મારાં માનવંત માતાજી રતનબાઈ-મને માફ કરે તો કહીશ કે તું ઇનિસાનનાં અવતારમાં એક કમતર હેવાન છે, કે જે હેવાનને સસારનો, સ્થિતીનો, મુરબ્બીગીરીનો કે ફરજનો કશો ખ્યાલ કદી હોતોજ નથી. જેહાંગીર! તુ મને એક 'કંગાળ ભીખારડા' ની ઉપમા આપેછ, તું મને એક 'કમીનો કુતરો' ગણી તીરસ્કારથી મારી તરફ જોએછ; પણ હવે તને યાદ રાખવાનું છે કે એજ 'કંગાળ ભીખારડો' અને એજ 'કમીનો કુતરો' આજથી તારી છાતી પર ચઢી બેશશે, અને નામદાર બ્રિટિષ સરકારનાં ઇનસાફી રાજ્યની પૃથ્વીની પીઠ પર જ્યા સુધી બલીહારી છે, ત્યા સુધી તે તારો પીછો મૂકનાર નથી. કુદરતે મને તારો ભાઈ બનાવ્યોછ, પણ તારી એક ગૃહસ્થને કદી નહિં છાજે એવી હલકાઇ, તુંદાઈ અને શોખાઇથી તને મારો ભાઈ ગણતાં હું શરમાઉછ. એવા એક ભાઇ વગર મારાં સાવત્ર માતા વાંઝિયા રહ્યાં હોત તો હુ ખુશી થાત. અદેખાઈની આગમાં બળીને બે પડ થતા બુબખ જવાન! 'દુનિયા કોઈ ચીજથી વાઝણી નથી, એમ તારે જાણવું જોઇએ. જેને તું તારો હરડતો શત્રુ ગણેછ, તેજ શત્રુ કુદરતની કરામતથી તારો ભાઇ નીકળ્યો, એમાં મારો નહિ. પણ તે તારાં ફુટેલા કીસ્મતનો વાંક કાઢવાનો છે."

"કમબખત કંગાલ! મારાં કીસ્મતનો વાંક હું કાંય કાઢું?"

"કાંય કાઢું?—હજી બેશરમીથી પૂછેછ કે કાય કાઢું?" દાદીબા ચીરડાઇ ગયો, "જ્યારે તુ જાણવાજ માગેછ ત્યારે લે, હુ તને તેનો જવાબ આપુછ. તારાં પાપો એટલી સંખ્યામાં વધી ગયાંછ કે તેં કોણ કોણની ઘોર ખોદીછ, અને કોણ કોણનાં સુખ લુટયાંછ, તેનું તને ભાન નહિં રહે, એ બનયાજોગ છે. જેહાંગીર! જેહાગીર! હું બેઠેલો પોપડો ઉખેડવા માંગતો નથી, પણ જ્યારે શોખાઇ પકડી તું મને પુછેછ ત્યારે હુ તેનો જવાબ આપુંછ, કે જે પરણેલી જીંદગી તું હાલ ભોગવેછ તે સુખપર તારો નહિં, પણ મારો હક હતો—તે સુખ પૈસાને જોરે અને આએ માન માગુ બુબખ ધરડાની કમઅક્કલનાં પ્રતાપે તું લુટી ગયોછ, કે જે સુખ વગરની જીદગીને મેં ઝેર ભેળેલાં દૂધ જેવી ગણીછ. મારી સાંમે નીચી ગરદને બેઠેલી પેલી એકવારની મારી પણ આજે તારી થયલી બેવફા ઔરત તરફ જો! તારી અને મારી વચ્ચે જે ઝેરી ફુંક પસરી રહી તે ફુંકની ફુંકનારી એજ ખુબસુરત નાગણ છે, કે જેની કાળી સુરત, પાસેની ઓરડીમાંથી બાહેર આવતાંવાર સપર પેહલી જોઇને હું રગેરગથી કમકમ્યોછ. એકવાર એ નાલાયક સ્ત્રી મારી થવાની હતી—મને વચનથી બંધાયલી હતી—પરસ્પરનાં પ્યારથી સીકડાયલી હતી—અજલના ફરેસ્તા સિવાય બીજો કોઇબી હાથ અમો બેને વિખુટાં પાડી નહિ શકશે એવા

વિશ્વાસમાં વિંટાયલી હતી, પણ ઓ જમ કરતાં જાદા જુલમગાર જેહાંગીર! તેં અને તારા આ માનગાણુ મુર્ખ સસરાએ (અહીં દાદીબાએ દારાશાહ દાવર તરફ એક તીરસ્કારભરી નજર ફેરવી આગળ ચલાવ્યું કે) મારી ઉમેદ ખીલતા ગુલશનને તેની પુર વસંતના બાહારમાં જરરૂપી જબરાં જોરથી તથા ફુસલાવણી તેમજ બલજબરીથી કચડી નાખીને મારા સંસારને સદાનો સીહા બનાવ્યો! માથેરાનમાં તેં આ બેવફા બાયડીને તારી પાંખમાં લેવા માટે શી શી તરેહનાં ફંદાઓ રચ્યા હતા, તે ફંદાઓથી હું બીન માહીતગારછું એમ ફુકરાવાનો ફાંકો રાખતો નાં. અરે! તે હું સઘળુ જાણું છું અને તે જાણ્યા પછી તારી અને તારી બાયડીના બાપની હિણુપસ્તી ભરેલી હલકી હીલચાલપર તથા આ મારી સાંમે બેઠેલી કાળી સુરતની બેવફાપર મેં અંતઃકરણથી ફીટકાર અને લ્યાનતનો વરસાદ વરસાવ્યોછ એ રોતે હાલ જે તારી બાયડી છે તે એકવાર મારી બાયડી થનાર હતી—હાલ જે તારૂ સુખ છે તે એકવાર મારૂ થનાર હતુ—હાલ જે લુટેલુ સુખ તુ ભોગવે છે, તે હુ પાક પગંદગીથી ભોગવનાર હતો, પણ સરજતના લેખે મારા સસારને સિહા બનાવ્યો. કારણ કે તે સુખનો તું ચોર છે— તે સુખ તે મારી ગોદમાથી લૂટી લીધુ છે—તે સુખ, જે એક ગરીબનુ સુખ હતું, તે હલકી હીણુપરસ્તીથી હાથ કરી તે તારૂં બનાવ્યુ છ. એ સુખપર સૃષ્ટિનો શ્રાપ અને એ સુખ પર કુદરતનાં કારીગરનો કઠણમાં કઠણ કહેર ઉતરજો! જેહાગીર! અહીં સુધી મારૂ કીસ્મત ફૂટેલું હતુ, પણ હવે તારૂ ફૂટેલુ કીસ્મત શુ છે તે હુ તને તારી ખાસ ઇચ્છાથી જણાઉ છુ. તારૂ એ ફૂટેલુ કીસ્મત કુદરતની ગેબી કરામતથી મારૂ તારા સાવકા ભાઇ તરીકે નીકળી આવવામાં સમાયલુ છે. જેને તુ તારો હરડતો શત્રુ ગણે છે—જેનુ લોહી પીવા તુ એક ખારીલા ખૂની મિસાલ તપી રહ્યો છે, તેજ હવે તારી છાતીપર પગ મુકીને ઉભો રહેશે, અને તે ઉભો રહેનાર હુ દાદીબા ઉરફે રૂસ્તીમ બહાદુરશાહ પોતે છુ! બોલ, હવે એ તારૂ ફુટેલુ કીસ્મત કે કાંઇ બીજુ?"

પ્રકરણ ૮૩ મું.

"તારાથી થાય તે કરી લે!"

બોલતાં બોલતાં દાદીબા એટલો ઉસ્કેરાઇ આવ્યો કે તેનો ખુબસુરત ચેહરો તમામ આતશિયા થઇ ગયો. મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમની ઑફીસમાંનું ગોધિયારૂં શાન્તિની હદ કુદાવી ગયલું હોવાથી કાયદાના તે હિમાયતીઓએ દાદીબાને એક છૂપી ઇશારત કરી જરા શાન્ત થવા સમજાવ્યું, જેનો જવાબ તેવાજ ગુપ્ત ઇશારામાં આપીને દાદીબાએ તેમને સધિયારો આપ્યો.

આ સખિયારામાં તે વકીલો ગોયા એવો એક પાઠ શિખ્યા કે દાદીબાનું આ અશાન્ત થવુ તમામ કુદરતી છે, અને ખરેખર તેમજ હતુ. વકીલોની ઓફીસ તે કાંઈ આગલો પાછલો હિસાબ ચૂકવાની જગ્યા નથી, એમ દાદીબાને શિખવવું પડે એમ ન હતુ, પણ "પ્રસગ એવો મેળ." આવવોજ જોઇએ ત્યાં તે બાપડો શું કરે ? જેહાંગીર બહાદુરશાહથી દાદીબા ખાંડયો જાય એવો ન હતો. દાદીબાની એકજ "સ્લેપ" જેહાંગીરની બત્રીસી ગબડાવી મુકવાને પૂરતી હતી, પણ તેટલી હલકાઇ સુધી દાદીબા જેવા એક લાયકીવાળો જવાન કદીબી ઉતરે એ માનવાજોગજ ન હતુ જેહાંગીરે ઓચરેલા અપશબ્દો ઓછા ઝેરી ન હતા, પણ દાદીબાને પોતાનુ ગૃહસ્થપણ વધારે વહાલુ હતુ અને તેથી, જેહાગીરને તેની શરમ ભરેલી શેખાઇનો સ્વાદ ચખાડી દેવાને તે ગમે એવો તત્પર હોય, તે છતાં તેને તેનુ અંતઃકરણ ફરજનને માટે અટકાવતુ હતુ.

"ફુટેલુ કીસ્મત કોણનુ ?" તે વિષે દાદીબાનો લબાણ ખુલાશો ઝનુની જેહાગીરનાં મગજમા ઉતર્યો નહિ. તેણે વળી પાછા થોડાક બીજા અપશબ્દો ઓચરી દાદીબાને અપમાન આપ્યુ, એજ નહિ; પણ તેનાથી "જે થાય તે કરી લેવા" જણાવ્યુ"

પોતાના દિકરાએ સરડાના માફક બદલેલો રગ જોઈ શેઠાણી રતનબાઇથી હવે થોભાયુ નહિ દાદીબાના સભાપણે તેઓપર કીધેલી અસર એવી રામબાણ હતી કે તેનો એકપણ શબ્દ તેવણે ગેરશિસ્ત ગણ્યો નહિ.

"જેહાગીર ! જેહાંગીર ! એ તુ શુ કરેછ ?" તે ડાહી માતાએ દિકરાને ઠપકો આપ્યો. "તુ ઉશકેરાઇ ના જા ! ઉશ્કેરાયલી હાલતમાં ખરૂ શું અને ખોટુ શુ છે તેનું ઇનસાનને ભાન રહેતુ નથી. જે દસ્તાવેજો આપણે જોયાછ તે દસ્તાવેજોએ પુરવાર કીધુછ કે દાદીબા મરહુમ અરદેસરજીની આગલી બૈરીને પેટનો હકદાર—"

"માયજી, તમે જે બાબતમા સમજો નહિ તેમાં અમસ્થી પટપટ નાં કરો !" તે છેડાઈ પડેલા મગરૂર જવાને મિજાજ ખોહી દઈ પોતાની અશરાફ માતાને જીદગીમાં પહેલવહેલુ અપમાન આપ્યુ. "મારા મરહુમ પિતાની વશિયત મુજબનો વારસ એ નથી."

"ત્યારે કેવો છે ?"

"જુઠ્ઠો–લુચ્ચો–તરકટી !"

જેહાંગીરના આ શબ્દો સાંભળી દાદીબા ગુસ્સાથી ઉઠી ઉભો થયો, પણ મી૦ રીચર્ડસને તેનો હાથ પકડી પાછો બેસાડી દેતાં કહ્યું. "મી૦ રૂસ્તમ, તમે ઉશ્કેરાવું નહિં. અહીં જે જે શબ્દો બોલાય છે તેની પડોશના ઓરડામાં નોંધ થાય છે. જુઠ્ઠો–લુચ્ચો અને તરકટી કોણ છે, તે મુકરર કરવાનુ કામ આપણું નથી–ઇનસાફની અદાલત પોતાની ફરજ બજાવ્યા વિના રહેશે નહિ."

"તમે એમ કહીને શું મને ધમકી આપવા માગો છો કે ?" જેહાંગીર બહાદુરશાહે મી૰ રીચર્ડસનને ધમકીમાં સવાલ કીધો.

"ધમકી અમે નથી આપતા, પણ સાંમી તમે અમોને આપો છો કે 'જે થાય તે કરી લેવું.' અમારાથી જે થશે તે કરી લેવાનુ કામ અમારૂં છે, જેની આગમચ અમારી ઇઝતપર થયલા હોમલાનો જવાબ આપવાને પ્રથમ તો તમોને પોલીસ કોર્ટમાં હાજર થવું પડશે."

"હુ તેની દરકાર કરતો નથી."

"અમારી દરકાર તમે નહિ કરશો પણ ઇનસાફની દરકાર તો તમોને કરવી જ પડશે" મી૰ રૂસ્તીમ સોલીસીટરે હાજર જવાબ આપ્યો.

"હુ ધારૂં છું કે મે તમોને કશુ અપમાન આપ્યુ નથી." પોલીસ કોર્ટમા ઘસડાવાની વાત સાંભળી જેહાંગીર જરા નરમ થઇ બોલ્યો. "મારી નેમ મારી સામે ઉભા થયલા બનાવટી હરીફ વિરૂધ ટીકા કરવાની હતી અને નહિ કે તમારી તરફ."

"અજબ જેવુ છે કે તમે મોહડાંપર ને મોહડાંપર બોલીને ફરી જાઓ છ !" મી૰ રાચર્ડસને તાણો માર્યો. "તમે આ બાનુઓ અને ગૃહસ્થોની હાજરીમા અમોને 'તરકટબાજ' અને 'કાવત્રા રચનાર' નાં જે વિશેષણો વાપર્યા છે, તે કાંનોકાન સાંભળનારા તમારાજ એ આબરૂદાર હિમાયતીઓ અમારા સાક્ષી છે."

ઝનુની જેહાંગીરથી આ ટીકાનો કશો રદીઓ આપી શક્યો નહિં. ક્યાંથી આપે ? પોતાની બદલાઇ ગયલી સ્થિતિમાં તેનાથી જે બોલાઇ ગયુ, તે બોલ્યુ અબોલ્યુ કેમ થાય ?

"મી૰ રીચર્ડસન" મામલો ગભીર જોઇ જેહાગીરના વકીલો બેહરામશાહ અને બ્રાન્સન બન્ને સાથે બોલી ઉઠયા. "જે નેમથી આપણે અહીં ભેગાં મળ્યા છીએ તે નેમે એકવાર સારી ઉમેદ આપ્યા પછી કમનસીબે પાસો ઉલટાઇ ગયો છે અમારા કુલ મી. જેહાંગીર બહાદુરશાહને તમે રજુ કરેલો દાવાદાર મન્જુર નથી એમ જણાય છે, જેથી અમારી ખાહેશ એવી છે કે—"

"મેસર્સ બેહરામશા અને બ્રાન્સને" જેહાંગીર બાહદુરશાહે પોતાના વકીલોને એકદમ બોલતા અટકાવી દમામમાંજ ફરમાવ્યુ "હું તમને હુકમ કરૂં છું કે મારી મન્જુરી મેળવ્યા સિવાય આ તરકટ ભરેલા દસ્તાવેજોના સબધમાં તમોએ કશી વધૂ હીલચાલ કરવી નહિ."

"જેહાંગીર ! જેહાંગીર ! તું ઝેરનું બી રોપેછ !" શેઠાણી રતનબાઈ ફરી એકવાર વચ્ચે પુરાયાં. "ખુદા ખાતર તારી આગલી હસદને તું બાજુ મૂક અને દાદીબાને—"

"માયજી, હું તમોને સાંભળવા માંગતો નથી—તમે એકદમ ચૂપ થઈ

જાઓ!" જેહાંગીરે ફરી એકવાર પોતાની અશરાફ માતાને જઝેડી કાઢયાં. "એ કામ બૈરાંઓના નથી–પુરૂષોનાં છે. તમે એમા નહિં સમજો."

"શુ નહિ સમજે? જેહાંગાર, હુ ધારૂછ કે તારૂં મગજ ખસી ગયુ-છ–તારાં ઇસ્કોરાં ઢીલાં થયાછ." શેઠાણી છેડાઈ પડયાં. "દાદીબા તરફ ખાનગી વેરભાવ તને ગમે તે હોય, પણુ દસ્તાવેજોથી પુરવાર થયુછ કે એ તારા મરહુમ પિતાનો વડો વારસ છે અને મને વાજબી બોલાવે તો તારા કરતાં એનો હક મરહુમની દોલત–મીલકતપર વધુ પોહચેછ–વાસ્તે, આગલું પાછલુ ભૂલી જઈ નમી જવામાં હવે સાર છે. તુ મમત કરશે તેથી તારૂં કાંઈ વળવાનું નથી. મમતનાં પરિણામના બહુ માઠાં હોય છે અને તે દરેક ઇનિસાનને મોડે–વેહલે ભોગવવાં પડે છે. દાદીબાનો હક તુ ભલે નહિ સ્વીકારશે, પણુ ઇનિસાફની અદાલત સ્વિકાર્યા વિના રહેવાની છે? દીવાની જોત જેવા દસ્તાવેજો છે તેનો તુ ખ્યાલ કર! એટલુજ નહિં, પણુ તારા મરનાર મુરબીની મરતી વખતની પેલી છેલ્લી વશિયતનો વિચાર કર, કે જે ફરજ હજી સુધી તારી ગરદનપર લટકેલી છે. એ ફરજ બજાવવામાં તુ પછાત પડશે તો યાદ રાખજે, જેહાંગીર, કે તારા મરનાર મુરબીનું રૂહ પેલી જેહાંનમા કમકમીને તને શ્રાપ દેશે અને તે શ્રાપથી તારી ખસ્તે ખુહારી થશે."

"સાંભળ; જેહાંગીર, ધ્યાન, ધરીને સાંભળ!" દાદીબાએ ગંભીરપણે અંદર પુરવણી આપી. "તારી ડાહી માતાના છેલ્લા ભયભીત શબ્દોને તારાં ભેજાંમાં ઉતાર! અદેખાઈની આગ તને બીજે રસ્તે ખેંચી લઈ જાય છે, માટે તારાં વિચારવત માતા જે માર્ગ બતાવે છે તે મંજુર રાખ! એમાજ તુ જીતશે–એમાંજ તારી શોભા સચવાશે, અને એમાંજ તારી આબરૂનો નાશ થતો અટકશે."

"અરે જારે મોટા આબરૂના નાશ કરવાવાળા? તું કોણુ? તારી ગજા શી? તારી તાકાદ કેટલી?" જેહાંગીર ઉસ્કેરાઈ ગયો, અને હલકા શબ્દોથી ફરી એકવાર દાદીબાનું અપમાન કરવા લાગ્યો. "હું ચાહું તો એક તડાકામાં તને મારા પગ નીચે કચડી નાખુ—હથેલીમાં મસલી નાંખું અને પાનને ચૂનો લગાડે તેટલીવારમાં તારા ફુરજે ફુરજા ઉરાડી નાખું! તારો દાવો હું માનતો નથી–તારો હક હું સ્વિકારતો નથો."

"તુ નથી સ્વિકારતો?"

"નહિ—કદી નહિ!"

"ફરી એકવાર તને પુછુછ, જેહાંગીર, કે તું મારો હક નથી સ્વિકારતો?"

"કદી નહિં—મરતાબી નહિ!"

"મને હવે એટલુંજ જોઇએછ—મરહુમ અરદેસર બાહદુરશાહનાં કીર્તિમાન ખાનદાનને કલક લગાડનારા એ ઉંધી અક્કલનાં અડબંગ! મને હવે

એટલુ જ જોઇએછ." અને એમ કહી દાદીબાએ પોતાના ધારાના હિમાયતીઓ મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમ તરફ ફરીને વધાર્યું. "મારા આગલા શબ્દો હવે તમોને યાદ આવેછ, ગૃહસ્થો? બસ! હવે હુ તમોને ફરમાશ કરૂંછ કે આ બાબદ વિષે તમે સાંમી પક્ષ જોડે કાંઈ પણ સભાષણ કરવુ નહિં. ઈનસાફનાં દરવાજા આપણે માટે હવે ખુલ્લા છે. જેને હુ 'ભાઇ'ની ઉપમા આપતાં શરમાઉ એવો આ મુજી ભાઈ, જેને મરહુમ બાપની છેલી વશિયત કરતા જીવતા હરીફનો જૂનો કીનો વધારે વહાલો છે તેને ખાનગી સમજાવટ નહિ પણ જાહેર નાલેશીજ જેર કરશે. મરનાર અરદેસર બાહદુરશાહનો આગલી બાયડી ધનબાઇને પેટનો હુ ખરો અને વડો હકદાર વારસ છુ, એમ પુરવાર કરવા માટે મુકદમો નોંધાવવા કાલે તમારી ઑફીસમા હુ હાજર થઇશ."

એમ બોલી શેઠાણી રતનબાઈ તથા આઈ તરફ માનની તેમજ જેહાગીર અને પરીન તરફ તીરસ્કારની એક નજર ફેંકી દાદીબા શીરીનને પોતા પાછળ આવવાની ઇસારત કરી, તે ઓરડો ઝડપ કદમે એકદમ છોડી ગયો'

પ્રકરણ ૮૪ મું.

—x—

મનસની-ગવસની અને કુનસનીનાં કસમ!

દાદીબા ચાલી ગયા બરાબર મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમ ઉઠી ઉભા થયા, જેમને જોઇ બેહરામશાહ તથા બ્રાન્સનને પણ ઉઠવાની ફરજ પડી. પોતાની માતાએ પકડેલી દાદીબાની પક્ષથી જેહાગીરને એટલો ગુસ્સો ઉપજ્યો હતો કે રીસમાંને રીસમાં પોતાના વકીલોને વટીક "સાહેબ—સલામ' કીધા વગર અદેખાઈથી આંધળો બનેલો તે અવિવેકી જવાન ત્યાથી એકલો ચાલી ગયો! તેનું મગરૂબ મગજ જંગલી ઝનુનના જુસ્સાથી એવું ભરપૂર થઈ ગયુ હતુ કે પોતા જોડે પોતાની પરણેતર પરીનને વટીક સાથે લઈ જવાનુ તેને સુઝયુ નહિં!

વકીલોને ઉભા થયલા જોઈ શેઠાણી રતનબાઈ, આઇમાય તથા પરીન પણ ઉભાં થયાં. તે ધારાના કુશળ હિમાયતીઓએ જોઈ લીધુ કે શેઠાણીની આંખ્યો આસુથી ભરપૂર હતી, અને તેવણનો ચેહરો પોતાના બેવકૂફ બેટાની અવિવેકી ચાલને લીધે રડમસ થયલો હતો. આઇમાય તથા પરીનની સ્થિતિ પણ શેઠાણીને મળતીજ હતી. પરીન તો નીચેથી ઉપર વટીક જોવાની હિંમત કરી શકતી ન હતી'

"માનવંત બાનું," શેઠાણી રતનબાઇને દીલગીર બનેલાં જોઇ મી૦ રીચર્ડસન બોલ્યા. "તમારા ગમગીન ચેહેરાપરથી અમો ખુલ્લે ખુલ્લુ જોઇ શકીએ છીએ કે તમારા મગરૂર દિકરાએ આજે જે એક ગ્રહસ્થને નહિં છાજે

એવી ચાલ ચલાવી છે, તેથી જેટલા અમે દિલગીર અને દુ:ખી થયા છીએ, તેટલાંજ તમે પણ છો. મને માનવાને કશો સંદેહ નથી કે મારા વિદ્વાન ભાબાઇબંધ ધંધાદારીઓ પણ પોતાના કુલે ચલાવેલી અવિવેકી ચાલ માટે આપણા જેટલોજ અસંતોષ પામ્યા છે. જે ગૂમ થયલા વારસને શોધી કાઢવા માટે તમારો જવાન બેટો આટલો બધો ઈંતેજાર બન્યો હતો, તે જવાન, મળી આવેલા વારસને જોતાજ બદલાઇ ગયો, એ અમારી મોટી અચરતી છે! મને સમજ નથી પડતી કે આજે તમારા દિકરાને આ શી ઉંધી બુદ્ધિ સૂજ પડી છે? હુ ખાત્રીથી માનું છુ કે તમો બાઇ સાહેબને દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહ માટે કશો શક રહ્યો નથી અને તેને તમો ખરા હકદાર વારસ તતરીકે બિનતકરાર સ્વિકારો છો."

"બેશક, હુ સ્વિકારૂ છું" શેઠાણીએ પોતાના ગગળતા સાદને એક પુરૂષને છાજતી હિંમતમાં ફેરવી નાખતા મજબૂતપણે જવાબ આપ્યો "જે દસ્તાવેજો તમોએ આજે અમારી સન્મુખ રજુ કીધા છે, તે ઉપર હુ વિશ્વાસની નજરથી જોઉ છુ. મને દાદીબા વિષે હવે કશો શક રહ્યો નથી એવા એક ભલા અને લાયકીવાળા જવાનને હુ મારા સાવકા દિકરા તરીકે સ્વિકારવાને મગરૂર છુ. જેહાંગીરની આજની વલણુ તમામ દ્વેષભરી અને વેરસી છે. દાદીબા આજે આ મુદ્દાઓ સાથે અમો સન્મુખ રજુ થયા પેહલા એકવાર મીસીસ જેહાંગીર (પરીન) ના મ્યુઝિક માસ્તર તરીકે અમોને જાણીતો છે. એ વખતથી એ બન્ને વચ્ચે હરીફાઇ છે અને તે હરીફાઇ આટલી હદ સુધી ખારીલી નીવડી છે એવો અનુભવ મે આજેજ મેળવ્યો છે.

એક ગ્રહસ્થ તરીકે તમારા બેટાને શરમ ભરેલુ તો એ છે કે આપણી સર્વેની સમક્ષ દાદીબાને ખરા હકદાર વારસ તરીક સ્વિકારવા વિષે તેણે આ દસ્તાવેજ પર પોતાની 'સહી' વટીક આપી છે, અને પાછળથી દાદીબા રજુ થતાં પોતાના વિચારો ચમત્કારિક રીતે બદલી નાખ્યા છે! મી૦ રૂસ્તીમ સોલીસીટરે જેહાગીરે સહી કીધેલો દસ્તાવેજ હાથમા પકડી શેઠાણીને દેખાડતાં ટીકા કીધી.

"મારા મુર્ખ દીકરાની આજની ચાલથી હુ ઘણી દુ:ખી છું, મી૦ રૂસ્તીમ'" શેઠાણી રતનબાઇ બોલ્યાં. "એ ચાલ એણે નહિ પણ મેં પોતે ચલાવી હોય અને આ ટીકા મારે માટે થતા હોય એટલુ મને દુ:ખ થાય છે, પણ લાચાર છુ કે મેં તેના વિચારોને વાળવા સારૂ કીધેલી કોશેષ વ્યર્થ થઇ છે. હવે વાત રસ પર ચઢી છે અને હું નથી જાણતી કે એનું પરિણામ કિયા અંતમાં આવશે."

"એવી ગુમરાહીનો છેલ્લો રસ્તો જાહેર નામોશી વગર બીજો કોઇ નથી, બાઇ સાહેબ!" મી૦ રીચર્ડસને વાદ દેવાડી. "હું ઇચ્છું છું કે હજીબી તમે

તમારા દિકરાને તે કેવી ભયંકાર ભૂલ કરે છે તેનું શિક્ષણ આપી, મળી આવેલા વારસને સાચો ઇનસાફ અપાવશો.'

"હું નહિ ધારતી કે હવે એ દિકરો માહરૂ કાંઇ સાંભળે" શેઠાણી રતનબાઇએ પોતા જોડેની જેહાંગીરની આજની તોછડાઇ યાદ આવતાં આંખમાં પાણી લાવી ભરાયલી છાતીથી જવાબ આપ્યો. "આએ ઓફીસમા અમે પગ મૂક્યો ત્યાં સુધી એ દિકરો મારાં કહેણમાં હતો, પણ હવે રગ બદલાયલો લાગે છે."

"અને તેનું કારણ?" એકાએક દારાશાહ દાવર, જેઓ આજનાં બનાવથી આટલો વાર સુધી મૂગા મંતર બની ગયા હતા, તેવણ જમાઇજી તરફથી કરણ પૂછવા નીકળ્યા!

"કારણ પૂછોછ, દારાશાહ બાપ?" શેઠાણી આ સવાલથી મનમાં અચરત થઇ બોલ્યાં. "કારણ દેખીતું છે. મને મારા મરનાર ખાવિંદનુ મોહ જોવાનું છે. તેવણની મરતી વખતની વશિયત બજાવવાનો જ્યારે સંજોગ આવ્યો ત્યારે એ કમબખત દિકરાને એવી ગુમરાડી સુજી છે કે મને પસંદ નથી. તે જુઠ્ઠી હસદ પકડી એક પાપી પગલું ભરવા ઇચ્છે છે, જે પાપમા શરીક થઇ મારા બેહેસ્તનશીન ખાવીંદ તરફની વફાદારીને હું ખોટી નીવડવાની નથી. તમો ભૂલી કેમ જાઓછ, દારાશાહજી? થોડુકની વાતપર મે અને એજ જેહાગીરે એક રાતે ઘણુ ભયભીત સ્વપનુ જોયુ હતુ કે જેમા મારા મરનાર ભલા ભરથાર અરદેસરજીને મે બહુ ખફા થયલા અને રંજીદા બનેલા જોયા હતા. એ સ્વપ્ના વિષે મે તમો પાસે વાતચી કીધી હતી, ત્યારે તમેજ મને સલાહ આપી હતી કે ચાંપની શોધ ખોળ કરીને તથા એકેએક વર્તમાનપત્રોમા ચોતરફ જાહેર ખબર છપાવીને ગૂમ થયલા વારસનો તાકીદે પત્તા મેળવવો. એ સલાહ મુંજબ અમે અમલ કીધો અને જ્યારે વકી નહિં રાખેલી રીતે સત્તાદાર સાહદતો સાથે ધારેલો વારસ મળી આવ્યો, ત્યારે એ બેવકૂફ બેટો પોતાની આગલી પાછલી અદેખાઇને વચ્ચે લાવી એક ખરી ફરજનો ફાળો અદા કરવાનું વટીક ભુલી જાય એ હું જોઇ શકુજ કેમ? બોલો દારાશાહજી, દાદીબા જે દસ્તાવેજો ધરાવે છે તે ઉપરથી તમે એને મારા બેહેસ્તી અરદેશરજીની આગલી બાયડીને પેટનુ હકદાર ફરજંદ ગણોછો કે નહિ? તમોને તમારી મનસ્ની—ગવસ્ની અને કુનસ્નીનાં કસમ છે! ખરૂ બોલજો?"

શેઠાણી રતનબાઇએબી આ સવાલ કોણને પૂછયો? જે ધણીએ દાદીબાના સંસાર સુખનું સત્યાનાશ વાળનારો પેહેલો પાયો પોતે ખોદેલો, તેજ ધણી પાંસે શેઠાણી દાદીબાને ઇનસાફ અપાવવા માગે છે! પણ વધારે અચબો ઉપજાવનારૂ તો એ છે કે જે ધણીએ દાદીબાને એક પૈસાદાર ને વગવાળો જમાઇ મેળવવાની લાલચ માટે પોતાના ઘરમાંથી હાંકી કાઢેલો, તેજ ધણીનાં અંતઃકરણમાં આજે આતસનાં ભડકા ઉઠયા છે કે તેણે શોધી કાઢેલા

"માનવંત જમાઇ" (?) કરતાં પણ મોટી પદ્દીનો અને મોટી દોલતનો વારસો ધરાવનાર તો એજ દાદીબા હતો ! કુદરતનો આ કેવો ચમત્કાર !

પ્રકરણ ૮૫ મું.

—×—

સચ્ચાઈની ફત્તેહ !

શેઠાણી રતનબાઈએ "મનસ્ની, ગવસ્ની અને કુનસ્ની"ના કસમ આપીને પછેલા પ્રશ્નનો શો ઉત્તર દેવો, તે દારાશાહ દાવર ઘડીભર સમજી શક્યા નહિ ! જેહાંગીરને વખાણી દાદીબાને વખોડવો કે દાદીબાને વખાણી જેહાંગીરને વખોડવો? તે ઘોડોવાર તેવણ કલ્પી શક્યા નહિ. પૈસાદાર, વગવાળો અને ખાનદાની જમાઈ મેળવવાની હુક્મા જે ધણીને પોતાના ઘરમાંથી વગર માનમાફ કાઢી મૂકેલો તે ધણીની મોટી પદ્દિ જણાતાજ હવે દારાશાહ જેવા ખુશામતિયો શેઠિયો વિચાર રૂપી પલ્લુ ફેરવી તોલે એમાં નવાઈ ન હતી !

ખુશામતનાં ખોળિયાંઓ એવાજ હોય છે. કોઈ મોટે ખાચરેનાંની મહેરબાની મેળવવી હોય, કોઈ સરકારી અમલદારોની જૂતી ઝાટકવી હોય, અથવા કોઈ પદ્દિ પામેલા પુરૂષોનાં હિત્ત–ચિંતક હોવાનું મતલબી માન ખાટવું હોય, ત્યારે ગર્થ વગરની ગુલામગીરી કરવા નીકળનારા એવા ઓશિયાળા અવતારો જગેજગ મળી આવે છે શુ ગામડાઓમાં કે શેહેરોમાં એવા ટુકડાચાટુઓનો તોટો હોતો નથી

દાવરશેઠ શેઠાણીનાં સવાલના જવાબમાં "પલ્લુ ફેરવી તોલ્યુ" તેમાં નવાઈ શી હતી ! દાદીબાના દસ્તાવેજ એવા અચૂક અને સત્તાદાર હતા કે દારાશાહ દાવર જેવા દશ દેખ–દુખિયાઓ માંથે–મોહડે મેસ ચોળીને ચુપકીદી પકડવામાંજ શોભા સમજે એક ખરા વારસને ખોટો વારસ કેમ કહેવાય? એક ખરી વાત ખોટીમાં કેમ ગણાય? એક ખરી સચાઇને જુઠાઇનુ રૂપ કેમ અપાય? આપવા ચાહત તો દારાશાહ દાવર ઘડીભર તેમ કરી શકત, પણ તેમ બનવુ અશક્ય એટલા માટે હતું કે તે પોંહચેલ ડોસો સારી પેઠે જાણતો હતો કે તે જવાબ તેને કોણની સનમુખ આપનો પડે છે! શેઠાણી રતનબાઈ સચાઇને ચાહનારાં અને જુઠાઇને ધીક્કારનારાં છે એ વાત દારાશાહ દાવરથી અંજાણી ન હતી. વળી જે દસ્તાવેજો વંચાયા તેના સાંભળનારાઓ હજી તો સાંમે ઉભેલાં હતાં–અને તેબી કાયદાનાં અકેક કરતાં ચાર ચાર હિમાયતીઓ ઉભેલા હતા–એટલે દાવરશેઠને દાદીબાની પક્ષમાં ઢળ્યા વિનાં બીજો કશો છૂટકો ન હતો !

"તમે શું વિચાર કરોછ, દારાશાહજી ?" દાવરશેઠને પોતાના પ્રશ્નનો ઉત્તર આપતાં વખત લાગ્યાથી શેઠાણીએ લગાર શંકાશીલ ઢબે પાછું પૂછ્યું,

ચિત્ર ૨૦ મું.



[બ્લૉક—૭૦ નં૦ ખરેઘાટ

"બાવાજી—બાવાજી। જે ડહાપણ તમોને આજે સુજ્યુ, તે થોડો વખત આગમચ સુજ્યુ હતે તો આય દહાડો આવતે નહી।" ઉશ્કેરાયલી પરીને મોકકાસર આબાદ ફટકો માર્યો।

[સફે ૩૪૧.]

કે જ્યારે તેવણ મનમાં સારી પૈડે સમજતાં હતાં કે દારાશાહને આ સવાલનો જવાબ આપવો ભારી પડી ગયો હતો !

"તમે મને મનસ્ની–ગવસ્ની અને કુનસ્નીનાં કસમ આપીનેજ પૂછોછ. ત્યારે મને કહેવા વગર ચાલતું નથી કે દાદીબા તેજ ગુમ થયલો વારસ રૂસ્તીમ બહાદુરશાહ છે એમ આજના દસ્તાવેજો પરથી મે ખાત્રીથી માની લીધુ છ." દારાશાહ શેઠે શેઠાણીએ પૂછેલા પ્રશ્નનો લગાર વખત લઇને ગભીરપણે ઉત્તર વાળ્યો. વાંચનારને જણાવવાની શુ જરૂર છે કે દારાશાહ શેઠ પોતાની જીંદગીમા આ પહેલીજ વાર સાચું બોલ્યા હતા ?!

દારાશાહના જવાબથી શેઠાણીને સતોષ ઉપજ્યો, પણ પરીન, જેણી આટલો વખત નીચેથી ઉપર જોવાની હિંમત કરી શકતી ન હતી, તેણી ચકિત થઇ પોતાના પિતાનુ મોઢુ જોવા પડી તેણીને અજાયબી ઉપજી કે દાદીબા તરફ આટલી બધી દિલસાજી દેખાડવાનુ ડહાપણ તેવણને આજે ક્યાથી સુજ્યુ ?

"બાવાજી ! બાવાજી ! જે ડહાપણુ તમોને આજે સુઝયુ, તે થોડો વખત આગમચ સુઝયુ હતે તો આજે આ દહાડો આવતે નહિ." ઉશ્કેરાયલી પરીને મોકકાસર આબાદ ફટકો માર્યો !

'ચુપ થા રાન ચચુડી !" દાવરશેઠ ચીરડાઈ ગયા. "તે વખ્તે હુ થોડુ જ જાણુતો હતો કે દાદાબા બહાદુરશાહ જેવા એક ખાનદાની કુળથી ઉતરેલા છે."

"તે ખરી વાત, પણ તમે એમ તો કહી શકશોજ નહિ કે તે એક આબરૂદાર ઓલાદથી ઉતરેલો છે, એમ તમે જાણુતા ન હતા ?" પરીને હિંમતથી જવાબ આપ્યો. "હુ પોતે જાણુંછ કે જે હાથીદાતની ઈસ્કોત્રીએ આજે આપણી સનમુખ આટલુબધુ અજવાળું પાડયુછ, તે ઇસ્કોત્રી વિષે તમામ હકીકત તમોને વિગતથી દાદીબાએ (તેવણ મારા મ્યુઝિક માસ્તર હતા ત્યારે) રોશન કીધી હતી, જો તેજ વખ્તે તમે ડહાપણથી કામ લીધુ હતે અને તેવણને વગર ઇનસાફે ઘરમાંથી હાંકી કાઢયા નહિ હતે તો આજે આ સ્થિતિમાં આપણે આવી પડતે નહિ "

ડાઘેલ અતઃકરણને એકજ ચપકો પુરતો થઈ પડે છે. પરીને મારેલો આ વખત સરનો તાણો એવો અચૂક હતો કે દારાશાહ દાવરથી તેનો કશો ઉતર અપાયો નહિ. પરીને બધાંની વચમાં તેવણનું માન લીધાથી તેવણને ખરાબ તો લાગ્યું, પણ દાંત કચકચાવી ડોળા કકડાવ્યા સિવાય બીજું વધૂ તેવણ કશું કરી શકયા નહિ !

ઇનસાન ! ઇનસાન ! તારા વિચારો એક ઘડીની વચ્ચે કેવા ફરી જાય છે ! જેમ વખત કોઇને માટે થોભતો નથી, તેમ વિચાર પણ કોઇને માટે

શોભતો નથી. આજે જે શત્રુ હોય તે કાલે આપણો મિત્ર બને છે. આજે જેનું મોઢું જોવાને તમે રાજી થતા નથી, તેનું મોઢું કાલે તમે વ્હાલથી જોવાની ઇચ્છા ધરાવો છો. આજે જેને આપણે અપમાન આપીએ છીએ, તેનેજ કાલે ઇઝતથી બોલાવીએ છીએ. એ સઘળી મનુષ્ય જાતિનાં વિચારોની બલિહારી છે! બીજા બોલોમાં "ભેજાંની ખૂબીઓ" છે' વખત એક મૂગી રંગભૂમિ છે, પણ વિચાર તે રંગભૂમિપર ભાગ બજાવનાર એક બોલકણો અને અસ્થિર ખેલાડી છે!

પ્રિય વાંચનાર' દાવરશેઠના એકલાનાજ વિચારો ફેરવાઇ ગયા એમ ન હતું. બેવફા પરીનનાં વિચારો પણ પલકવારમા બદલાઇ ગયા હતા! જે પરીન જેહાગીર બહાદુરશાહની મોટી પદ્વિ અને બિશિયાર દોલતપર મોહ પામી દાદીબાનાં આગલા અખંડ પ્યારને બેવફા નીવડી હતી, તેજ પરીન આજે તેની ફરવાયલી સ્થિતિ જોઇ પોતે પણ ફેરવાઇ ગઇ!

"પરીનના મતને હું મળતી છુ, દારાશાહજી." દાવરશેઠથી પોતાની બેટીએ મારેલા તાણાનો જવાબ આપી શકાતો ન હતો તેટલા હજી કાંઇ ઓછુ હોય તેમ જેહાગીરની બેહેન આઇમાયે પુરૂ તેલ નાખ્યુ. "જેહાગીરની આજની અવિવેકી વર્તણુકના મને વાજબી પૂછો તો પેહલા જવાબદાર તમે છો તમે સારી પેઠે જાણતા હતા કે તમારી બેટી તરફ દાદીબા લાગણી ધરાવે છે, એટલુંજ નહિ, પણ તે વિષે તમોને પોતાને સમજાવવા તથા મનાવવા માટે પરોને કશુ બાકી રાખ્યુ હતુ? તે વખતે તમો દાદીબાને એક હલકી તોખમનો, નીચો અને કમીનો દેખાડવા માગતા હતા અને પરીન તેને પાછી નહિ મળે તેની સખ્ત બધી મૂકી હતી. વળી જેહાગીરની પદ્વિ તથા માતબરપણાંથી લોભાઇને તમે તેને તમારો જમાઇ બનાવવાને એટલા બધા ઇન્તેજાર બન્યા હતા, કે તે ઇન્તેજારીની ઉલટમાં તમે તમારી એક પુરી બેટીના સંસાર સુખનુ કેવું નખ્ખોદ વાળો છો તેનું તમોને કશુ ભાન રહ્યુ ન હતું. એ રીતે—"

"બસ કર આઇ, હવે ઘણું થયું!" શેઠાણી રતનબાઇએ આઇમાયને આગળ બોલતાં અટકાવી. "સરજતમાં જે લેખ લખેલો હોય તે બન્યા વગર કદી રેહતો નથી. દાદીબાને આપણે આજે પોતાનો જાણ્યા પછી તેની તરફ આપણી લાગણી એકદમ દોરવાય એ કુદરતી છે, માટે તે વિષે દારાશાહજીને ઝાઝો ઠપકો ઘટતો નથી. મે વાજબીની રાહે કેહવું જોઇએ કે એક પ્રમાણિક પિતાને છાજતું પગલું બેશક એવણે ભર્યું નથી, પણ જે પગલું તેવણે ભર્યુ છે તે માટે તેવણ એકલાજ જોખમદાર નથી. જેહાંગીરે પરીનને હાથ કરવા માટે ઓછા પ્રયત્નો કીધા નથી. વાસ્તે દાદીબા જોડે જેહાંગીરને વસેલું વેર એકલા દારાશાહજીનાં અવિચારીપણાનું પરિણામ નથી, પણ તેમાં તારા ભાઇનોબી ભાગ છે. અને હવે—" અહીં શેઠાણી રતનબાઇ, જેહાંગીરનાં વકીલો મેસર્સ બેહ-

રામશાહ અને બ્રાનસન તરફ ફરીને બોલ્યાં. "ગૃહસ્થો, અહીં ઝાઝોવાર બોટી થવા હવે હુ ચાહતી નથી. આજની આપણી બેઠકનું જે વકકીથી ઉલટુ પ-રિણામ આવ્યુ છે તે માટે મારા દિકરાના સલાહકારો તરીકે હું તમારો કશો કસૂર જોતી નથી. બોરબી હું તમારી તારીફ ગાઉછ કે જ્યારે જેહાંગીર અત્રે બેહુંદ બકતો હતો, ત્યારે તમોએ તમામ ચુપકીદી પકડીને બેશી રેહવામાં ડા-હપણ વિચાર્યું હતુ. હવે અહીંથી રૂખશદ લેતાં હુ તમો બન્ને ગ્રહસ્થોને એક ફરમાશ કરૂ છુ કે મારો બેવકૂફ બેટો ભવિષમા જે કાંઇ પગલાં ભરે તેને ત-મોએ કશો ટેકો આપવો નહિ. તમોએ ખાત્રી રાખવી કે બહાદુરશાહ ફેમી-લીના કાયદાના સલાહકારો તરીકે તમોને જે વર્ષાષણ મળે છે, તે જેહાંગીર જો બંધ કરશે તો હુ પોતે પગાર કરીશ."

"માનવત બાનું, છેલ્લો સવાલ અહીં છેજ નહિં." મી૦ બેહરામશાહ બોલ્યા "અને મેહેરબાની કરી તે વિષે તમે મનમાં કશોએ ખ્યાલ લાવવો નહિં. જવાન મી૦ બહાદુરશાહને હજી દુનિયાંનો અનુભવ નથી, જેથી હાલનાં કાચા અનુભવથી તેવણ દીપી શકતા નથી અમો જોઇને ખુશી છીએ કે અમારા વિદ્વાન મિત્રોની ઓફીસમાં તમે જ્યારથી પગલુ મુકયું છે, ત્યારથી એક પણ બાબદમા તમે પક્ષપાતિ બતાવી નથી. તમો બાઈ સાહેબનાં સ્વતંત્રપણા વિષે અમે ઘણુ સાંભલેલુ છે, અને તે સ્વતંત્રપણું આજે નજરેનજર જોઈ વળવાની અમોને જે તક મળી છે, તેને અમે લાબા વખત સૂધી ભૂલીશુ નહિ. તમારા મરનાર ખાવિંદ તરફની તમારી અચૂક વફાદારી મી૦ જેહાંગીર જોડેનાં ત-મારા મર્તફેરમા ખુલ્લે ખુલ્લી રજુ થાય છે, કે જે એક ખાનદાની અને કુળ-વાન બાનું તરીકે તમોને બહુ માન ભરેલી છે. હુ મારી તરફથી તથા મારા હમશરીક મિત્ર તરફથી તમો બાઇ સાહેબને ખાત્રીપૂર્વક જણાવવાની રજા લઉ છુ કે તમારા બેટાની આજની અવિવેકી વર્તણુકને, અમારા ખીસ્સા ભરવાનો આપસ્વાર્થી ખ્યાલ માત્ર રાખીને અમો કદી ઉત્તેજન આપવાના નથી. તમો બાનું એ વિષે અમોને સુચના નહિ કરતે તોપણ અમે એ પાપી પગલું કદી ભરતે નહિ એમ ખાસ જણાવવાની હુ જરૂર જોઉ છું. આપણે જોઇ લીધુ છે કે દસ્તાવેજોથી પોતાની ખાત્રી કીધા પછી મી૦ દાદીબાના ધારાના સલાહ-કારોને એક દસ્તાવેજ પર સહી આપી ત્યાં સૂધી મી૦ બહાદુરશાહની નૈયત નેક હતી, પણ દાદીબા પેલી ઓરડીમાંથી બાહેર આવતાંજ રગ બદલાઇ ગયો. એજ દેખાડી આપે છે કે મી૦ જેહાંગીરને મી૦ દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહ તરફ અગત અદેખાઈ સિવાય તેના બાપીકા હક વિષે કશો શક નથી."

બેહરામશાહ સોલીસીટરનો છેલ્લો વાક્ય એકે એક જણને વધૂ મનપસંદ નીવડયો. અને તેમ બને તેમાં નવાઈ શી હતી? દાદીબા તરફ જેહાંગીરને

તેના બાપીકા હક સબધી શક તો રહ્યાજ ન હતો, કાકે તેમ હોત તો દાદી-બાના ધારાના હિમાયતીઓને દસ્તાવેજોના ખરાપણા વિષે સંતોષ દેખાડી તેનો હક સ્વિકારનારી સહી તે કરી આપતેજ નહિ. જેહાંગીરની બેવફાઇ ત્યારે દાદીબા તરફની પોતાની અંગત અદેખાઇને આભારી હતી, અને તેમ હતુ તેથીજ તે બોલીને બદલાઇ ગયો હતો!

શેઠાણી રતનબાઇએ બેહરામશાહ અને બ્રાન્સન વકીલોનો તેમની ભલી લાગણી માટે ઉપકાર માન્યો અને સઘળા ગ્રહસ્થો જોડે શેકહેન્ડ કરી દિલગીર દિલે, આઇ, પરીન તથા દારાશાહ દાવર જોડે ત્યાથી રૂખશદ લીધી

પ્રકરણ ૮૯ મું

"વિનાશ કાળે વિપરિત બુદ્ધિ!"

તે સાજે "જેહાંગીર કાસ્ટલ" મા એક જબરૂ તોફાન બન્યું.

દાદીબાના વકીલોની ઓફીસમા જેહાગીર બાહાદુરશાહે ચલાવેલી હીચકારી ચાલથી શેઠાણી રતનબાઈ એટલા ગુસ્સે થયાં હતા કે કાસ્ટલમા પગ મુકયા બરાબર તેવણે તેને એકદમ લઈ નાખ્યો અને પુષ્કળ ઠપકો આપ્યો. આ ઠપકાને ઝનુંની જેહાગીરે નહિ ગણકારવાથી તે મા–દિકરા વચ્ચે એક મોટી મારામારી થઈ.

શેઠાણીની તકરાર એ હતી કે જેહાગીર ખરો મુદ્દો છોડી દઇ અંગત દુસ્મની ઉપર દોરવાયો છે, જ્યારે તે ગર્વાધીન જવાનનુ કહેવું એ હતુ કે તેની માતા એક ખોટા વારસને ખરો ઠરાવવાની ખોટી મમત પકડી બેઠાં છે. સચ્ચાઈ કોણની તરફ હતી, તે વાંચનારને પૂરેપુરી રોશન હોવાથી અત્રે તે ઉપર લબાણ નુકતેચીની કરવાની કશી જરૂર નથી

"ગૂમ થયલો વારસ નહિં મળતો હતો ત્યારે તુ મોટુ ડોળ દેખાડતો હતો કે તારા મરનાર બાપની મરતી વખતની છેલ્લી વશિયત બજાલાવવાને તુ પુર ઉલટમદ છે, પણ વારસ જડતો નથી તેથી લાચાર છે." શેઠાણી રતનબાઇએ જેહાંગીરને ચોબા આપવાના ચાલુજ રાખ્યા. "આજે જ્યારે તેજ વારસ વકી કરતા વધુ સેહેલાઈથી મળી આવ્યો ત્યારે હવે એમ બાજી બદલી બેશવાની ઉંધી અક્કલ તને કયાથી સુજી?"

"એ ઉંધી અક્કલ મને નહિ, પણ તમો લોકોને સુજીછ કે એક હલકા પીંજારડાને એકાદ બે કાગળનાં ચીથડાં પરથી તમે ખરા વારસ તરાકે ઠોકી બેશાડવા નીકળ્યાંછ!" તે બેવકુફ બુમખે ગુસ્સાના ઝનુનમાં પોતાની અક્કલની આંકણી પોતાનેજ મોહડે કરી દીધી.

"ત્યારે તે દાદીબાના વકીલોનાં દસ્તાવેજ પર સહી શુ જખ મારવા કીધી?" શેઠાણીને જેહાંગીરની બેવકુફી ભરેલી બકબકથી જબરી રીસ ચઢવાથી ચીરડાઇને પુછ્યુ.

"તે તરકટબાજ ઠગારાઓએ ગોલ ગોલ વાતો કરી, મારૂ મન મનાવી લીધાથી ભુલમાં મારેથી તે બિલાડુ ચિત્રી અપાયુ!" તે શોખ દિકરાએ પોતાની માતાને શોખાઇથી જવાબ આપ્યો, કે જ્યારે તેના ચળવળતા હાથ ટેબલ પર બીછાવેલા એક કીમતી ટેબલ કલોથના પડાછ્યા જોડે ચેડા કાઢી રહ્યા હતા!

"એક જુઠ્ઠાં પર બીજું સાબુત જુઠ્ઠુ" શેઠાણી હવે ઉખડયાં. "શરમ છે; તારી હીચકારી ચાલચલણુ પર, જેહાંગીર! આજે તે એવી અવિવેકી અને તારાજેવા એક ઇઝતદાર ગ્રહસ્થને કદી નહિં છાજે એવી હલકી ચાલ ચલાવીછ. કે તારી માતા તરીકે મને શરમ પુગેલી સમજુછ. દાદીબાના વકીલોની ઑફીસમાં તે આજે કરેલો 'દેખાવ' મારી નજર આગળથી ખસતા ખસતો નથી. અદેખાઇની આગનાં તારી આંખે પડ વળેલાં હોવાથી તુને તે દીસતું નથી. પણ મારૂ તો મોહોત થઈ જાએછ! જેહાંગાર! હુ તને એક ભલો ને ભોળો દિકરો સમજતી હતી, પણ આજે મોટા દુ:ખ વચ્ચે મેં દીઠુ છે કે હુ એક હલકા ખવાસના કપટી અને વેરસી બેટાની માતા છુ! દાદીબા સાથ તારી આગલી અંગત દુશ્મની ગમે એવી હતી તેથી તેનો ભોગ તારી ગરદન પર લટકી રહેલી એક ખરી ફરજને બનાવતાં તેં શરમાવું જોઇતુ હતુ કોઈ બી કુળવાન બેટો પોતાના મુવેલા બાપે પોતાપર મૂકેલી ફરજનો અનાદર એવી રીતે નહિ કરે, કે જે તેં તમામ તોછડાઇથી, બેપરવાઇથી, એટલુજ નહિ, પણ સઘળી શરમ છોડી દઇને આજે કીધો છે. યાદ રાખજે, જેહાંગીર કે આજનુ તારૂ અવિવેકી પગલું એક નહિં, પણ અનેક રીતે તારા સંસાર સુખનો નાશ કરનારૂં નીવડશે. બલકે તારાં આ પાપી પગલાંથી આખા ખાનદાનની કીર્તિનો નાશ થશે. એક માતા તરીકે તારી આજની સ્થિતિપર લાંબો ખ્યાલ કરતાં મારી નજરમાં એમજ આવેછ કે આજથી તારો 'વિનાશ કાળ' બેઠો છે. કહેવત છે કે 'વિનાશ કાળે વિપરિત બુદ્ધિ,' તે ખોટી નથી. મારી શિખામણ આજે તને કડવી લાગશે, પણ પાંચે દહાડે તેનો પસ્તાવો તને થયા વગર રહેશે નહિ, એ યાદ રાખજે."

"ચાલો હવે તમારૂં પિંજન બસ કરો, માયજી! નકરૂ જાણે 'બેહેસ્તણુ હોમલીબાઇની વાએજ' હોય તેવું લાગેછ!" જેહાંગીરે શેઠાણીની કીમતી શિખામણોને હસી કાઢી ટકોર કીધી.

"તારી પડતીનો પાયો હવે શુરૂ થઇ ચુકોછ. એટલે મારી શિખામણ તુને નહિ રૂચે એ કુદરતી છે" શેઠાણીએ ગંભીરપણે પોતાનુ બોલવું ચાલુજ

રાખ્યુ "પણ ખ્યાલમાં રાખજે કે કુદરતની ગેબી લાકડી અજીત છે, તેનો મૂગો ફટકો એવો પડશે કે તારૂં સઘળું ડહાપણ બાજુએ રહી જશે. દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહ—"

"એકદમ તમારૂં મોહડુ બધ કરો, માયજી !" શેઠાણીને બોલતાં અટકાવી જેહાગીરે એક ડખાર મૂકી ! તે નાપાક મૂજીનું નામ મારી પાસે ફરીથી લેતા નાં. અને જે ગુમ થયલા હકદાર વારસને માટે મરહુમ પિતાજી તન્સતા હતા, તેની જોડે એ હનકા હજામને મારી રજા વગર કદી ભેળી દેતાં નાં ?

"અરે જારે મોટો રજાવાળો !" શેઠાણી હવે પુષ્કળ છેડાઇ પડયા" તુ કોણુ ? તારી મારી ઉપર સત્તા શી ? તુને ઓળખેછ કોણુ ? મારૂ મોહડુ બધ કરવાનો તુને અખત્યાર શો ? તારા મરનાર બાપનુ વિલ તે વાચ્યુછ કે ? તેમાં કુલ મુખ્ત્યારી કોણુને આપેલી છે, તે તુ જાણેછ કે ? હેં, ગરધ્યા ચોર ! છકી ગયલા છોકરા ! હુ નહિ બોલતી ત્યાં વેર તુ હવે છેકજ આગલ વધેછ કે ? ઝાઝી પેં–પે કરશે તો આએ કાસ્ટલમાથી—"

"મને કાઢી મુકશો, એજ કે ? હેં ? માયજી ! પણ પછી તેનુ પરિણામ—"

"તેવાં કશાં પરિણામોની હુ દરકાર કરતી નથી" શેઠાણીએ સાફ છેડો છોડાવ્યો. "એકવાર મમતપર વાત આવી ત્યાં આ પાર કે પેલે પાર; જે થાય તે નસીબ પર છોડી મુકવાનું છે. તારા બાપે વિલમા મને કુલ મુખ્ત્યારી આપેલી છે. અને જો તું મારા વિચારથી આડો ચાલશે તો કોઇબી પારસી માતાએ આજસુધી નહિ લીધેલુ એવુ પગલુ—કોમમા તારા જેવા બેવચની અને બેવકુફ બેટાઓમા એક દાખલો રહેવા માટે—હુ ભરીશ. જો એક જીવતાં આદમીને આપેલુ વચન તોડવાનો વાક ગભીર ગણાતો હોય, તો એક મુવેલા માણુસને આપેલા કોલથી ફરી જવુ બેવડુ ગભીર અને ગુનાહભર્યું ગણાવું જોઇએ. તારી બેવફાઇથી દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહના વકીલોની આફીસમાં મને જે નીચુ જોવું પડયુ છે તે દેખાવ હુ કદી ભૂલવાની નથી. યાદ રાખજે જેહાગીર, કે તારા એકલાનાં આ પાપી પગલાંથી તું આખાં ખાનદાનની કીર્તિને ઝાખ લગાડશે અને તારા માનવંત વડીલોએ સુરત શેહેરમાં મેળવેલી મોટી આબરૂને મહાભારત ધોકો પુગાડશે. એક મરનારનાં રૂહનાં આશિર્વાદ જેટલા આપણુને ફળતા નથી તેટલા શ્રાપ ફળેછે, માટે, તારી ગરદન પર લટકતી તારા ગુમ થયલા સાવકા ભાઇને શોધી કાઢી તેનો વાજબી હિસ્સો તેને આપવાની ફરજ બજાવવાથી હજીબી તું પછાત નાં રહે–ફરી ફરીથી હુ તુને કહુછ કે તુ પછાત નાં રહે. એક અશો રૂહને આપેલી ઉમેદ જો નહિ પલાય તો તેનો આત્મા પેલી જેહાનમાં જે શોક કરેછે તે સઘળો, શ્રાપરૂપે તે ફરજ ચુકનારને અહીં આવી મળે છે, જેથી તેનાં ભલા પ્રયત્નો પણ ઊંધા

વળી છે. એ ફરજ જો તું ચુકશે તો તું એક હકદાર વારસનો હક ખુરાવાના મોટા ગુનાહમાં આવશે. અને તેનો પેહલો બદલો કુદરતના ગેબી ફટકામાં તને એવો મળશે કે જે તને જોતાં–જોતાંમા ચગદી નાખશે."

"માયજી, તમે એઠાં એઠાં અમસ્થી પચાતી વધારોછ–બીજું કાંઈ કરતાં નથી !" શેઠાણી રતનબાઇએ આપેલા 'રેચ"થી જેહાંગીર સેહેજ નરમ થયાને પણ પોતાની અસલ નેમને ચીવટપણે વળગી રહીને બોલ્યો. "હું જે પગલુ ભરવા માગું'છ' તેને તમે પાપી પગલુ માનોછ–પણ હુ તેમ માનતો નથી."

"કાય માનતો નથી ? શુ મત્તા દાર દસ્તાવેજોથી આપણી ખાત્રી કરવામા નથી આવી ?"

"એવી ખાત્રી તે કાઇ કહેવાય નહિ અને એવાં ચીથડાઓને હું દસ્તાવેજ ગણુ નહિ !" ફીલસુફ જેહાગીરે પોતાની મહાન ફીલસુફીથી ઉત્તર આપ્યો.

'એવા પછીના તુને કેવાક દસ્તાવેજ જોઇએછ, જેહાંગીર ?" શેઠાણીએ તે બેવકુફ બેટાની બેવકુફી પર પર મનમાં અફસોસ કરી પુછયુ "જે દસ્તાવેજ મત્તાદાર સહી સાખ સાથેના અને ઉપર વળી અચુક સીલ–મોહોર કીધેલા એવા ખાત્રી પર્વક રીતે આપણે નજરે નજર જોયા, સાંભળ્યા તથા વાચ્યા, તેમજ વાંચીને સ્વિકાર્યા; તે દસ્તાવેજોને હવે તુ ચિથડિયા કહેવા નીકળ્યોછ કે ? અફસોસ ! અફશોસ ! હુ ધારૂછ, જેહાંગીર, કે તે તારા મગજની સ્થિતિ ખોટી દીધી છે ! તારાં ઇસ્કોરાં તમામ ઢીળાં થઇ ગયાં છે, તારૂ કોલાબું ગેપ થઇ ગયુ છે–નહિં તો તુ એવી મુર્ખાઇ ભરેલી દલીલોથી તારી અક્કલની આંકણી કરી બતાવતે નહિં. જે દસ્તાવેજો પર તને વિશ્વાષ નહિ હતો, તે દસ્તાવેજો દાદીબાને જોવા આગમચ તે સ્વિાર્યા કાય ? જે દસ્તાવેજોને તુ આજે ચિથડિયા કેહવા નીકળ્યોછ. તે દસ્તાવેજો વિષે દાદીબાના વકીલોને તે એમ કાંય લખી આપ્યુ કે "મારા મરહુમ પિતા અરદેસર બરજોરજી બહાદુરશાહની આગલી બાયડીને પેટના એક બેટા તથા ગુમ થયલા વારસને લગતા જે સત્તાદાર દસ્તાવેજો મને એઓએ દેખાડયા છે તે દસ્તાવેજો પર હુ તમામ વિશ્વાષની નજરથી જોઉંછુ ?' તારા એ શબ્દો શુ દેખાડે છે ? 'તે દસ્તાવેજો પર હુ તમામ વિશ્વાષની નજરથી જોઉ છુ' આ વાકયથી શુ તે વકીલોનાં છટકાંમાં તું સપડાયો નથી ? હવે દાદીબા તને સેહેલાઇથી જતો મુકશે એમ તુ ધારેછ કે ? તે વાત તો હવે જવાજ દેજે એ એકજ દસ્તાવેજ, તુ બોલીને બદલાઇ ગયો છે, એમ કોર્ટમાં પુરવારી આવશે. અને તારાંજ વકીલોને તેઓ પોતાનાં સાક્ષી તરીકે રજુ કરશે કે એ દસ્તાવેજ પર તે તેમને દેખત સહી કીધી હતી. બોલ, જેહાંગીર, હજીબી તારી શુદ્ધ ઠેકાણે આવશે કે ?"

શેઠાણીનાં લંબાણુ "લેકચર"થી તે ગર્વના ગુલામ પર કશી અસર થઇ

નહિં. અસરમાં અસર થઇ હોય તો તે એજ કે પોતાની માતાની આ મજબૂત દલીલોનો જવાબ આપવાના તે અખાડા કરી ગયો!

પ્રકરણ ૮૭ મું.

"આઇનો ખાર બાઇ પર!"

"હવે જવાબ આપવા અખાડા કેમ કરેછ, બાઇ જેહાંગીર?" ખુબસુરત આઇમાય જે જી આટલો વાર તે માય–દિકરાંની તીખ્ખી તકરાર મુગી ચુપકીદીથી સાંભળતી હતી તેણે વખત મર ફટકો માર્યો. "માયજીએ તમોને કીધેલા સવાલોના જવાબ આપોની?"

"એકદમ ચૂપ થા, રાન ફાજલ' અમો એની વચ્ચે તુંને કોઇ બોલાવતુ નથી" જેહાંગીર આઇમાય સાથ લઇ પડયો' "માયજીના સવાલનો જવાબ હું આપુ કે નહિ, આપુ તેમા તું કોણ મને પૂછનાર?"

"કાંય નહિ પુછે? એક લાખ વખત પૂછે. તારી બેહેન અને તુને પૂછવાનો સઘળો હક્ક છે." શેઠાણીએ ભાઇ–બેહેનની તકરારનો કડચો કીધો.

"જુઓની માયજી?' આઇ જેહાંગીરનું પાકવવા બોલી. "એતો તમારો ખાર મારી ઉપર કાઢેછ–બીજુ કાંઇ નહિ. ખીજવાયલી બિલાડીને ઉંદરનો શિકાર નહિ મળે ત્યારે ચિંથડાં ચુંથીપીખી નાખવા તે ચુકતી નથી, તેમ મારો જેહાંગીર આજે મારી સાથે વેચાતું 'ધરણું' લેવા માગેછ. પણ અહીં હું એના જેવી માથાની ખસેલી નથી. એ મને ફાજલનની ઉપમાં આપેછ, પણ ફાજલ કોણ છે? તે આજે છુપુ રહ્યું નથી જાંહાગીરજી બાઇ, હવે મૂગા મુગા સઘળી મમત મુકી દઇ દાદીબાનો હક્ક સ્વિકારો, નહિં તો ઇનસાફની કોર્ટમાં છાલ–છોડાં નીકળી જશે!"

આઇમાયનાં આ લગાર રમુજી પણ વાજબી વિચારો જેહાંગીરને બિલકુલ રૂચ્યા નહિ. તે છીટાં શોધવા પરજ બેઠેલો હોવાથી આઇ પર રાતો ને પીળો થઇ ગયો. તેણીનાં ટીકાઓથી તે એટલો ઉશ્કેરાઇ ગયો કે જો શેઠાણી રતનબાઇ તે વેળા ત્યાં હાજર ન હોત, તો જેહાંગીર આઇનાં આંગપર હાથ ચાલાકી કર્યા વિનાં રહત નહિં. તેણી બોલતાં બોલી તો ખરી, પણ જેહાંગીરે નેણુ ફેરવેલાં જોઈ મનમાં પસ્તાવા લાગી; કારણ કે તેણીએ જોઇ લીધુ તેમ આજનો જેહાંગીર આગલા રમુજી જેહાંગીર જેવો ન હતો—આજે તે રમુજી નહિ પણ ઝનુની જેહાંગીર બની ગયો હતો!

"જો ફરીથી એક સખુન બોલીછ, તો યાદ રાખજે આઇ કે આજે હુ તારો કુટુંબો કરૂછ!" જેહાંગીર ડોળા ફકડાવી દાંત પીસતાં ચીચવાઇને બખાલ્યો.

"અરે વાહરે જાંહાંગીર! જોઉ કોહું? તું કોણુનો કુટુંબો કાઢવા નીકળ્યોછ?" શેઠાણી છછણી પડયાં. "આજે તારી આગળી ચરકીછ કે શું? જ્યાં છે ત્યાં મને તો એમજ લાગેછ! કુટુંબો કાઢવાજ મે તારી બેહેનને આવડી મોટી કીધેલી કે? જરા શરમ પકડ શરમ!"

"ત્યારે એ મોહભાવતા સખુનો મને કેમ બોલછ? એ રાંન તરકડીનાં મે કાંઇ સો–પચાસ ખાધાછ કે મને એ નહિ–નહિ ઘટતા બોલો સંભળાવેછ?"

"એણે તને શુ કહ્યું? એજ કહ્યું કેની. કે માયજીનાં સવાલના જવાબો આપવાના અખાડા કેમ કીધા? એજ કે કંઈ બીજું?"

"ને કોર્ટ–દરબારનો ધમકી આપી તે તમે સાભળીજ નહિ કે, હેં? એ રાન ચીનાઇ વાદરી દમ ભરાવેછ કે? તારાં છાલ–છોડા નીકળી જશે, તે શુ એનેજ આટલું બધુ ડહાપણ આવ્યુછ કે?"

"હા–આઇનુ એ ડહાપણ આજની તારી મુર્ખાઇ ને અપટાઈ કરતાં દમ દરજ્જે ચઢતી કીસમનુ છે" શેઠાણીએ ચુકાદો આપ્યો. "આઇના વિચાર મારા વિચારને મળતા વિચાર છે અને નહિ કે તારા જેવા અડભંગ વિચારો તે ધરાવેછ. અફસોસ! જેહાંગીર! આજની તારી હાલત ઇનસાન કરતા એક હેવાનને વધારે લાગુ પડેછ, અને જે શરમ વગરની શોખાઇ તે પકડીછ તે આકેબત તારો ઘણો ઘાણ વાળશે એ મારા સખુનો તું કોરાં કાગલપર લખી રાખજે કમળો થયલી આખે બધુ પીળુજ દેખાય છે, પણ કમળો નીકળી ગયા પછી ડોળા ફાડીને તે માણસ પસ્તાવો કરેછ, તે હાલત તારી થવાની છે. આઇએ બે ચાર સારા સખુન તને કહેવામા એક ભલુ ઇચ્છનાર બહેન તરીકે પોતાની ફરજ બજાવી છે, જેની તે કદર બુજવી જોઇએ; તેને બદલે સાંમો તુ તેને દબડાવવા નીકળ્યોછ! તેનો કુટુબો કાઢવા નીકળ્યોછ? અને તેબી હુ જીવતી છું તેટલાં? જા! જા! છકી ગયા છોકરા! ખાંડ ખાએછ ખાંડ! આઇનાં આંગને જરા હાથ તો લગાડી જો? પછી એવાં મોહડાં નહિ રહેશે, સમજ્યો! બેશરમ ગધેડા! જરા અક્કલ પકડ.!

"પકડી. પકડા, અક્કલબી પકડી ને બધું પકડયુ!" જેહાંગીરે પોતાની માતાની માતાને તોછડાઇથી જવાબ વાળ્યો "હુ હવે છેલ્લે પાટલે બેઠોછ–જે થવાનું હશે તે થશે. હવે કેઈની હુ પરવા કરનાર નથી. તમોને એનું એટલું બધુ લાગતું હોય તો, એ રાંન ચચુડીને સાફ તાકીદ કરોકે ફરીથી મારી અડાસે જાય નહિ, નહિતો એકજ 'સ્લેપ' માં એની આખી બત્રીસી હુ ગગડાવી પાડસ!"

"શું બોલ્યો! બત્રીસી ગગડાવે? કોણુની, આઇની કે?"

"હા—હા, આઇની!"

"તે કાંય? શુ હું કઈ આજેજ મુઈ પડીછ કે? એ મગજનાં ધસે-

લા ! કંઈ શરમ પકડ." શેઠાણી રતનબાઈ અત્યંત ચીરડાઈ ગયાં—"મને લાગેછ કે ડાકટર બૉઇડ પાંસે તારાં ભેજાંના તપાસ કરાવવી પડશે. તુ આઈની બત્રીસી ગગડાવવા માંગેછ પણ જેહાંગીર, તારી બત્રીસી કોણ ગગડાવશે?"

"કોણ ગગડાવે, વળી દાદીબા!" આાએ હાજર જવાબ આપ્યો. તેણી પ્રથમ જેહાંગીરથી દબી ગઈ હતી, પણ પોતાની માતાની કુમકને લીધે તથા જીવ ચટપટિયો હોવાથી આ હાજર જવાબ આપવાની લાલચને દાબી શકી નહિં, "દાદીબા વગર એને બીજું કોઈ પુરૂં પડનાર નથી, માયજી ! હવે તમે બસ કરો"

"બસ શુ કરે ?" શેઠાણી હજી ગુસ્સામા હતા "હુ એ બેવફા દુક-નાને પુગીને વધસ, ને એને તમામ રીતે રખડતો ને રઝલતો નહિ બનાઉ તો—"

"બનાવજો બનાવજો માયજી, મને રસ્તે રખડતો ને રઝળતો બનાવજો" જેહાંગીરે બેપરવાહીથી જવાબ વાળ્યો. "મારી મરજતમાં તેમ લખેલુ હશે તો તેબી બનશે."

'સરજતનો એ સવાલજ નથી, એ તો તારી કરણીનાં ફળ કહેવાશે.' શેઠાણી તપીને બોલ્યાં. "જે જુદી હમદ તે તારી આખમાં વસાવી છે, તેનુ એ પરિણામ છે. ખાખાવરખા થવાનો એ રસ્તો જ્યારે ઇનસાનનો વિનાશકાળ નઝદીક આવે છે ત્યારેજ સુઝ પડે છે. જે હિસ્સો તુ આજ રાજીખુશીથી દા-દીબાને નથી આપતો, તે હિસ્સો દાદીબા ઇનસાફની દરબારમા જાહેર રીતે લ-ડીને તારી પાસથી લેશે એ વખ્તે જે જાહેર નાલેશીમા તુ આવી પડશે તેનો કાંઈ ખ્યાલ કર. જે માણસને પોતાની આબરૂ વ્હાલી નહિ હોય તે મા-ણસને માણસ કહેવો સજાવાર નથી. આબરૂદાર માણસો દોલત કરતા આ-બરૂનો દરજ્જો વધુ સમજે છે અને આબરૂને માટે મરવું પડે તો તેમાં પણ મગરૂરી માને છે. આબરૂવગરનું ઇનસાન સડ વગરનાં વ્હાણ જેવુ છે. જેમ સડ વગરનું વ્હાણ ભર દરિયે ડોળા ખાઇ આખરે ખરાબે અથડે છે, તેમ આ-બરૂ વગરનું આદમી સસાર સાગરમાં તરેહવાર અપમાનો ખમી તથા બહુ દુઃખ ભરેલી કગાળ સ્થિતિ ભોગવી આ દુનિયાંની પોતાની સફર પુરી કરે છે, હરિ-શ્ચંદ્ર રાજાએ પોતાની આબરૂ જાળવવા અને સચ્ચાઇનો ટેક રાખવા સારૂ પો-તાનું આખુ રાજપાટ વિશ્વામિત્ર ઋષિને આપી દીધુ હતુ. તવારીખમાં—દેશે-દેશનાં ઇતિહાસોમાં—એવા દાખલાઓ તો અનેક છે, કે જે દાખલા પરથી આ-પણને કેટલુ બધુ શિખવાનુ છે. એક મુવા બાપે મુકેલી ફરજને તેં તારી ખા-નગી હસદનો ભોગ બનાવી છે અને તે ફરજનો ભાર તારી ગરદન પર સ-દાનો લટકતો રાખ્યો છે, એ કાંઇ જેવો તેવો ગુનાહ નથી—એ કાંઇ ન્હાનું સુનું પાપ નથી. એ પાપનાં શ્રાપ તેને નડયા વિના રહેવાના નથી. તારા જેવા બે-વફા બેટાઓ હજી હસ્તીમાં નહિં આવે તેજ ભલા. હિંદુઓનાં પ્રાચીન ગ્રથ "મહાભારત"માં બાપ તરફની ખરી ફરજ બજાવનાર એક બેટાનુ એવું ઉમદા

દ્રષ્ટાન્ત તેના કર્તા વ્યાસ મુનિએ સમાવેલું છે કે જે વાંચીને ગમે એવો તાબેદાર દિકરો દાંતમાં આંગળી પકડે."

"માયજી, એ દ્રષ્ટાન્ત સાંભળવાની મને લાલચ થાય છે. વાસ્તે મહેરબાંની કરી તેનુ બ્યાન કરો." આઇમાયે શેઠાંણીને ફરમાશ કીધી. "મારી જીજ્ઞાસા પૂરી થવા જોડે ભાઇ જેહાંગીરનેબી તેમાંથી બોધ મળશે કે બાપ તરફની ખરી ફરજ બજાવનારા બેટાઓ એવા હોય."

આઇના આ માર્મિક ચપકાથી જેહાંગીરે ડોળા કકડાવ્યા, પણ શેઠાણીએ આજે તેને પુષ્કળ 'રેચ' આપેલો હોવાથી તે વધુ કશુ કરી શકયો નહિ.

પ્રકરણ ૮૮ મું.

"મહાભારત"ની એક સુંદર કથા.

"આપણી આજની તકરારને તે દાખલો બરાબર બધ બેસ્તો થઈ પડે એવો છે" શેઠાણીએ ચલાવ્યું. "જેહાંગીર જેવા બેવફા બેટાઓને તે ઓછો નશિહતકારક નથી."

અહી શેઠાણી રતનબઈ જેહાંગીર કાંઈ જવાબ આપે છે કે નહિ. અથવા 'મહાભારત'ની તે સુદર કથા સાંભળવા સાંમે કાંઈ કચવાટ બતાવે છે કે કેમ તે જાણવા માટે થોભ્યાં, પણ જેહાંગીર જે એક ઇઝીચેર પર પોતાની આંખ ઢાંકી વિચારમાં પડી રહ્યો હતો તેણે કશો ઉત્તર ન આપવાથી તેનાં મરજી તે વાર્તા સાભળવાની છે એમ જોઇ શેઠાણીએ શુરૂ કર્યું —

"આઇમાય, સાભળ, યાદ રાખજે કે આજે મારૂં મન તદન અસ્વસ્થ હાલતમાં છે, તે છતાં જ્યારે તારી ખાહેશ થઈ છે કે મહાભારતની આએ સુદર કથા મે તને કહી સભળાવવી, તો હુ તે મેહનત માથે ઉઠાવતાં ઉમેદ રાખીશ, કે તે દ્રષ્ટાન્ત સાંભળી તારા ભાઇ પર કાંઇ સારીજ અસર થાય." અને અહી શેઠાણીએ તે કથા કહેવા માડી.

"હસ્તિનાપુરનો 'શાંતનું' નામે રાજા એક દહાડે જમના નદીને કિનારે આવેલાં એક રળિયામણાં વનમાં શિકારે ગયો. તે કોઈ શિકારની શોધમાં હતો, તેટલા તેને એક એવો સરસ સુગધ આવવા લાગ્યો કે એ સુગધ ક્યાથી આવે છે તેની શોધમાં તે એમથી તેમ ચારે બાજુએ જોવા લાગ્યો. કેટલીક તપાસ ચલાવ્યા પછી તેની નજર એક અતિ સ્વરૂપવાન કન્યા પર પડી. આ કન્યાને જોઈ રાજા એવો મોહ પામ્યો કે તેને પોતાની શુદ્ધિ વટીક રહી નહિં. રાજાની અને કન્યાની નજર હજી એક થયલી ન હોવાથી રાજા તેજ હાલતમાં થોડોવાર ઉભો રહી તેણીની મનોહર ચેહરો દૂરથી ટીકી ટીકીને જોવા લાગ્યો. જ્યારે તેનું મન જરા શાન્ત થયું ત્યારે પેલી કન્યા કને જઇ રાજાએ

પુછયું કે હે ખુબસુરત સ્ત્રી! તું કોણ છે? અને અહિં શુ કરે છે? હું ધારૂં છું કે તું સાક્ષાંત ઇંદ્રની કોઈ અપ્સરા છે. કારણ કે તારા આંગમાંથી નીકળતી સુગંધીથી આ રળિયામણું વન પમરી રહ્યું છે. રાજાના આ વચનો સાંભળી કન્યા બોલી કે હુ મચ્છીમાર લોકોના રાજાની દીકરી છુ. અને મારા પિતાની આજ્ઞાથી જમના નદીમાં ધર્માઉ મછવો ચલાઉ છુ. નદીને પેલે પાર તને જવું હોય તો મછવામાં આવી જા. હું તને પહોંચાડી આઉં. રાજા શાંતનુ તે કુમારિકા પર એટલો લોભાયો કે ત્યાંથી તેને ખશવા ગમ્યું નહિ. તેણે પોતે કોણ છે તેની તે કન્યાને ઓળખ આપી અને તેનો બાપ મચ્છીમારનો રાજા કયા રહે છે તે પુછી લઇ તેની પાસે જઇ તે કન્યાનુ પોના માટે માગું કીધુ. મચ્છીમારનો રાજા શાંતનુ રાજાને પોતાને ત્યા આવેલો તથા કન્યાનુ માગું કરતો જોઇને ખુશી થયો. તેણે તેની પદ્વિ મુજબનુ માન આપી ઇઝતથી બેશાડયો,અને જવાબમાં કહ્યુ કે હસ્તિનાપુરનો શાંતનુ રાજા મારો જમાઇ થાય, એ હું મારાંજ નહિ પણ મારી કન્યાનાં પણ મોટા ભાગ્યની વાત સમજું છુ. મારી કન્યાને કોઈ રાજવશી જોડેજ પરણાવવાનો કન્યા ન્હાંની હતી ત્યારથી મારો ઠરાવ છે પણ તે ઠરાવ જોડે એક સરત છે તે ઘણા રાજાઓને રૂચતી નથી તેથી કેક રાજપતિઓ અહિંથી પાછા ફરી ગયા છે. રાજાએ પૂછયું કે એ સરત શી છે? મચ્છીમારનો અધિપતિ બોલ્યો કે મારી કન્યાથી જે પુત્ર પેદા થાય, તેજ પુત્ર તમારી પાછળ ગાદીનો વારસ થાય. એ શરત જો કબૂલ હોય તો હુ મારી કન્યા તમારી જોડ પરણાવવાને રાજી છું રાજાઓ અનેક રાણીઓ ધરાવતા હોવાથી રાજપુત્રનો તેમને તોટો હોતો નથી. માટે તેમ હોય તો મારી કન્યા વડી રાણીમા ગણાય નહિ, અને તેના પુત્રને રાજવારસ થવાનો સજોગ મળે નહિ. તમે શાતનુ રાજા ઘણી રાણીઓ ધરાવતા હશો અને તમને અનેક રાજપુત્રો હશે, માટે જો આ શરત તમને મન્જૂર હોયતો મારી કન્યા તમારી છે. મચ્છીમારના રાજાની આ કઠણ સરત સાભળી શાંતનુ રાજા દિલગીર થઈ બોલ્યો, કે એમ કેમ બને? કોઇ મૂખ હશે; તે પણ તમારી શરત કબૂલ કરશે નહિં. મને અનેક રાણીઓ છે, પણ રાજકુવર એકજ છે. એ રાજકુવરનો મારી ગાદીપર પેહલો હક પૂગે છે. તેનો હક છીનવી લઈ તમારી કન્યાથી મને જે પુત્ર થાય તેને તે આપવો એ પાપનું કામ છે. પરમેશ્વર એમાં રાજી થનાર નથી. વાસ્તે એ કઠણ સરત તમે બાજુએ મેલો તો બહુ સારૂ. શાતનુંના આ શબ્દો સાંભળી મચ્છીમાર રાજા બોલ્યો કે મેં પાકો નિશ્ચય કરેલો હોવાથી તમારી માગણીને હું સ્વિકારી શકતો નથી તેથી દિલગીર છું. આ જવાબથી નિરાશ થઇ રાજા હસ્તિનાપુર ગયો, પણ તેનું દિલ પેલી કન્યાપર લાગેલું હોવાથી રાજ ચલાવવાપર તેનું ચિત્ત લાગ્યુ નહિં, અને દરદહાડે ગળતો ચાલ્યો. રાજાના દરબારીઓ, શુભેચ્છકો તથા રા-

ણીઓ ચિંતામાં પડયાં કે રાજાની સ્થિતિ એવી રીતે ફેરવાઇ જવાનુ શું કારણ હશે ? પોતાના પિતાને આ હાલતમાં જોઇ તેનો એક પુરો રાજકુવર દેવવ્રત એક દહાડે તેની પાસે ગયો. અને પુછ્યુ કે પ્રિય પિતાજી ! સર્વ રાજાઓ આપને તાબે છે અને કોઈ શત્રુ ચઢી નથી આવ્યો. તે છતાં, આપ એવી સ્થિતિએ પુગ્યા છો તે શું છે ? તમે રાજપાટની સઘળી વ્યવસ્થા પ્રધાનને ગળે ઓળવી ઉદાસ બની ગયા છો—રંગરાગ સઘળો તરક કીધો છે. અને ફરવું–હરવું તથા પ્રજાનુ પાલન કરવું વિસારી બેઠાછો. માટે એટલુ બધુ તમો ઉપર શું સંકટ આવી પડયું છે ? એ વિગેરે ઘણા ઘણા આગ્રહથી રાજકુવરે વિનતિ કરવાથી રાજા શાંતનુ બોલ્યો કે પ્રિય પુત્ર ! મારે માટે તું શા સારૂ દુઃખી થાય છે ? બાપને માટે બેટાએ દુખી ન થવું જોઇએ. આ સાંભળી રાજ કુંવર દેવવ્રત બોલ્યો કે પિતાજી, આપ ભુલો છો. પિતાના દુખમાં જે પુત્ર દુખી ન થાય, તેને સપુત નહિ પણ કપુત કહેવો જોઇએ. તમારાં સુખને માટે તમે જે કરવા ફરમાવશો તેંહુ કરીશ–મોટા મોટા પાહાડ પર્વતોને ગબડાવી પાડવાનુ ફરમાવશો તો તે કરવાને પણ મારી બાજુ પોતામાં બળ ધરાવે છે. આપનાં હુકમથી મેં પુષ્કળ શત્રુઓને રણમાં રોળી નાખ્યા છે તો આજે આપના પોતાના સુખને માટે શુ હુ પાછો પડીશ ? શાંતનું રાજા પુત્રના શબ્દો સાંભળી આનંદ પામ્યો અને બોલ્યો કે પુત્ર થજો તો તારા જેવા થજો ! મને કાઇ દુઃખ નથી–માત્ર એજ ચિંતા છે કે મ.રે પેટે તારા જેવો એકજ પુત્ર છે અને વળી યુદ્ધમાં બહુ આસક્ત છે માટે મને ડર લાગે છે કે કોઇ સબળ શત્રુ તને લડાઈમાં મારી નાખે તો મારી પાછલ મારાં રાજ્યની શી હાલત થાય ? ધર્મ શાસ્ત્રોઓ કહે છે કે જેને એકજ પુત્ર છે તેને અપુત્રજ સમજવો. પિતાની ચિંતાનું કારણ જાણી રાજ કુવર દેવવ્રત હસ્તિનાપુરનાં એક વૃદ્ધ મંત્રિની એ વિષે સલાહ લેવા ગયો, અને પોતાના પિતાની ચિતાનુ નિવારણ કેમ કરવું તે વિષે સલાહ પૂછી. તે વૃદ્ધ મંત્રિ રાજાની અંદરખાનેની સઘળી સ્થિતિથી માહિતગાર હોવાથી તેણે રાજકુંવરને પેલા મચ્છીમારના રાજાની કન્યા જોડે શાંતનુ રાજાના લગ્ન કરાવી આપવાની સલાહ આપી અને કહ્યુ કે તારા પિતાની જીંદગી તને વહાલી હોય તો વખત ખોહવા વગર એકદમ મચ્છીમારના રાજાને મળી યોગ્ય બંદોબસ્ત કર. આ ઉપરથી રાજકુંવર કેટલાક શુભેચ્છક ક્ષત્રિયોને સાથે લઈ પેલી કન્યાના બાપ (મચ્છીમાર રાજા) પાસે ગયો. અને પોતાના પિતાને માટે તેની સ્વરૂપવાન તરૂણ કન્યાનું માગું કર્યું. મચ્છીમારે ઓળખ પૂછતાં દેવવ્રતે કહ્યું કે હું શાતનુ રાજાનો પુત્ર છું. અને મારી ખાહેશ મારા પિતાને મારા કોઈપણ ભોગે સુખી કરવાની છે. મચ્છીમાર રાજા તે રાજકુંવરની આ હિંમતવાન પરમાર્થી લાગણી જોઇ હેરત રહ્યો અને બોલ્યો કે હસ્તિનાપુર જેવા પૃથ્વીપર સત્તા ભોગવતાં મોટાં રા-

જ્યના અધિપતિને મારી કન્યા હુ નહિ આપુ તો કોણને આપુ ? પણ અહી મારે ખુલાશો કરવો જોઇએ કે એ કન્યા મારાં પોતાના વિર્યથી ઉત્પન્ન થયલી નથી. એ એક કુળવાન રાજાના કુળથી ઉતરેલી ઉત્તમ પદ્મિની રાજકુંવરી છે એને માટે ભલા ભલા મહિપતિઓનાં માગા આવ્યાં હતાં. તે મેં મારી એક સરત તેઓએ નહિ સ્વિકાર્યાને લીધે પાછા વળ્યાં છે. હુ આ કન્યાનો ધર્મ–બાપ છુ તેથી તેણીનુ સુખ ઇચ્છવુ એ મારી ફરજ છે, માટે મારી સરત એ છે કે જે રાજા એવો લેખ કરી આપે કે એનાથી તેને જે પુત્ર પેદા થાય તેનેજ રાજગાદી મળે રાજાની બીજી આગલી કે પાછળી રાણીઓનાં કોઇ પુત્રો હોય તેમને ગાદી અપાય નહિ. જો આ સરત તમને કબૂલ હોય તો હું મારી કન્યા તમારા પિતાને આપવાને આજે તૈયાર છુ. આ સાંભળી દેવવ્રતે કહ્યું કે તમારી સરત મને કબૂલ છે. હું શાતનુ રાજાનો વડો રાજકુંવર છુ, તે છતાં આ સઘળા ગૃહસ્થો સમક્ષ પરમેશ્વરના પવિત્ર નામથી પ્રતિજ્ઞા લઉ છું કે **મારા પિતાને તમારી કન્યાથી જે પુત્ર થશે, તેજ અમારો રાજા થશે.** મારા પિતાને તમારી કન્યાનો મોહ લાગ્યો છે તો તે મોહ તૃપ્ત કરી તેની જીદગી બચાવવા માટે તેના રાજકુવર તરીકેનો મારો બાપીકા હક્કનો હુ ખુશીથી ભોગ આપુ છું. દેવવ્રતની આ ઉદારતાએ મચ્છીમાર રાજાને, તેના હમશરીકોને તથા દેવવ્રત જોડે ગયલા સઘળા ક્ષત્રિયો ચકિત કરી નાખ્યા. પોતાના પિતાની જીંદગી બચાવવા અને તેના મનોરથ પૂર્ણ કરવા તેણે પોતાના ચળકતા ભવિષ્યનો આપેલો ભોગ ન્હાનો સુનો ન હતો. એવું હાતમદિલ દરેક દિકરાઓમા હોતું નથી રાજકુવર દેવવ્રતની આ પ્રતિજ્ઞા સાભળી મચ્છીમાર રાજી થયો પણ તેને હજી શકા આવી કે દેવવ્રત કદાપિ રાજપરનો પોતાનો હકક છોડી દેશે પણ દેવવ્રતને પેટે જે પુત્રો અવતરેલા હશે તથા હવે પછી અવતરશે તેનુ કેમ? દેવવ્રત વડો રાજ વારસ હોવાથી તેમનો દાવો હકદાર ગણાશે. આમ વિચારી પોતાની ઉપલી શંકાથી રાજકુવરને વિદિત કરી તે બોલ્યો કે તમે વાંધો નહિ લેશો એ ખરી વાત પણ તમારા વંશજોનુ શુ? આ પ્રશ્ન સાંભળતાંજ બહાદુર દેવવ્રત બોલ્યો કે હાલ મને એક પણ સંતાનની પ્રાપ્તિ નથી, પણ મારા પિતાનુ પ્રિય કરવા માટે આજથી હુ બ્રહ્મચર્ય પાળીશ (યાને આજથી મારી સ્ત્રીથી જન્મ સુધી દૂર રહીશ) કે જેથી મને પુત્ર પ્રાપ્તિનો સંભવજ ન રહે!

આહા! કેવો સપુત પુત્ર! કેવો હાતમદિલ દિકરો! કેવો પરદુ:ખભંજક બેટો! આઇમાય, તારો ભાઇ એવો છે કે? રાજકુંવર દેવવ્રતની અદ્દભુત પ્રતિજ્ઞાથી સ્વર્ગનાં દેવતાઓએ આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ અને તેનું નામ **ભીષ્મ** રાખ્યું. આ ભીષ્મ ઉર્ફે દેવવ્રત એ રીતે પોતાની ફત્તેહ કરી પેલી કન્યા આગળ ગયો અને તેણીનાં ચરણ ઉપર મસ્તક મૂકી કહ્યું કે માતા! રથમાં પ-

ધારો—આપણે ઘેર જઇએ. આજથી તમે મારાં વડાં રાજ માતા છો અને હસ્તિનાપુરના રાજાની સઘળી રાણીમાં શ્રેષ્ટ છો. એ પછી મચ્છીમાર રાજાની રજા લઇ પેલી કન્યા જેનુ નામ **સત્યવતી** હતું તેણી રથમાં બેશી હસ્તિનાપૂર ગઇ, જ્યાં ભીષ્મે મચ્છીમારને ત્યાં બનેલી સર્વે બીનાથી પિતાને વાકેફ કીધો પુત્રની બહાદુરી અને હાતમદિલ ઉદારતા જોઇ શાતનુ રાજાની આખ્યોમાં હર્ષાંસું ભરાઇ આવ્યાં. તેણે દેવવ્રતને છાતીમા ચાંપી પુષ્કળ આશિષ દીધી અને એક વરદાન આપ્યુ કે હે પુત્ર! જ્યાં સુધી તને જીવવાની આશા હશે ત્યાં સુધી તારા ઉપર મૃત્યુ કદી ફાવી શકશે નહિ. તારી મરજી હશે ત્યારેજ તારૂ મરણ નીપજશે. આજથી હું, તને, દેવતાઓએ તને આપેલાં **ભીષ્મના** નામેજ ઓળખીશ અને મારી પ્રજાને પણ હુકમ કરૂં છું કે તને એજ નામથી ઓળખવો. એ રીતે, પોતાના પિતાને માટે તમામ સસાર—સુખનો ત્યાગ કરનાર હાતમદિલ ઉદાર દિકરાની કીર્તિ પૃથ્વીની પીઠપર "મહાભારત" નામે કથામાં અમર રહી ગઇ છે.

પ્રકરણ ૮૯ મું.

"ના કોઠાં!'

શેઠાણી રતનબાઇનું વાંચન અતિ બહોળુ હતુ. જૂદા જૂદા ધર્મને લગતા ધર્મ પુસ્તકો, દેશદેશના ઇતિહાસો તથા સાહિત્યના સંગીન જ્ઞાન આપનારા ઘણા ગ્રથો તેઓએ વાચ્યા હતા. તેવણનો 'ટેસ્ટ' આજની પારસી બાનુઓને જેવો "સોરાબ પરણ્યો ને દોરાબ અદરાયો" જેવી વાર્તાઓ ઉપરજ માત્ર આવી અટકયો ન હતો. જેહાંગીર બહાદુરશાહની આજની વાંધા ભરેલી વર્તણુક ઉપરથી તેને લાગુ પડતી "મહાભારત" માહેલી જે સુંદર કથા તેવણે આઇમાયને કહી સભળાવી, તે કથા પ્રાચીન ગ્રથો સંબંધી તેવણનો ઉડો અભ્યાસ બતાવતી હતી. આઇમાયને તે કથાએ પુષ્કળ રસ આપ્યો. તે વાર્તાએ જેહાંગીર ઉપર કેવી અસર કીધી, તે તેણે જાહેર રીતે દેખાડી નહિં, કારણ કે તેના વિચારોને તે રૂચે એવી નહિં હતી.

"ખરેખર, એ એક ઘણી સુંદર કથા છે, માયજી" આઇમાયે ફરી ફરીથી ખુશાલી દેખાડી. "એવાં ફરજદો તો કોઈ ભાગ્યશાળી મા—બાપોજ ધરાવતાં હશે"

"વારૂં, પણ તેથી તું કહેવા શું માગેછ!" ચીચવાયલો જેહાંગીર ફરીથી લઈપડયો. "જ્યારે સીધી રીતે મારી સાંમે તારીથી બોલી શકાતું નથી ત્યારે હવે ભરમમાં તાણાં મારેછ, નહિ? રાંન ચીનાઇ વાંદરી?

"હા—ચીનાઈ વાંદરીના ભાઈ ચીનાઈ વાંદરા ! હા–હું તુને ભરમમાં તાણુ માઇંછ" આઇમાયે હિમતથી જવાબ આપ્યો. "માયજી પર ઉપજતા ચીચવાટનો ખાર કહાડવા હુ આજે તુને ભલી સાંપડી ગઇછ, સમજ્યો ? છેકજ ચીઓ ને ચીબાવલો નાં થા–કઈ ઘણો સારો નથી લાગતો."

"સારે તુને અમારી વચ્ચે કોણ ટાપસી પુરવા કહેછ ? મુગી મુગી મરી રહેની !"

"તે કાય, હુ મુગી મરી કાંય રેહુ ?" આઇએ વાધો–વાજબી વાંધો–લીધો "હુ કંઇ તારી સાથે થોડી વાત કરૂછ ? હું તો માયજી સાથ બોલુછ–વચમા વચમાં ટાપની તો સાંમો તુજ પુરેછ. એક ચીજ તુને નહિ ગમે તેથી બીજા એબી વખાણવી નહિ કે ?

"હા, સૌએ એનાજ વિચારના થઇને ચાલવુ ને એ જેને ધિક્કારે તેને સૌએ ધિક્કારવાં !" શેઠાણી રતનબાઇએ આઇનાં ટીકા ઉચકી લઇ ટેકો આપતા કહ્યુ "જોયુ કેની આજે ? દાદીબા સાથની એની અગત દુસ્મનાઇને લીધે આપણા વિચારોને એ વેચાતા લેના આવ્યો હતો તે તુ ભુલી ગઈ કે ?–પણ હુ એવુ કદી બનવા દેવાની નથી. મારા બેહેસ્તી અરદેસરજી તરસી તરસીને ગયા સારે ગુમ થયલો વારસ નહિ મળ્યો અને જ્યારે એવા બેકદર ને બેવફા દિકરાનુ રાજ આવ્યું સારે તેબી મળી આવ્યો !" અને અહીં પોતાના મરહુમ ખાવિદની યાદ થતાં શેઠાણીનુ હૈયું ભરાઈ આવવાની તેવણની આંખોમાં પાણી આવી ગયા.

"માયજી, હુ તમુને સાફ કેહુછ કે તમારા આમ રડવા–બળવાથી મારા મક્કમ વિચારોને હુ કદી ફેરવવાનો નથી." જેહાંગીર ઝનુનથી એક ડખાર મારીને બોલ્યો અને તેજ પળે એક મોટો અવાજ થઇને તે દિવાનખાનાની વચ્ચોવચ ટાંગેલું એક કીમતી ઝુમ્મર એકાએક આખુ નીચે તુટી પડી ભાગીને ખુરદે ખુરદો થઈ ગયુ !

ઝુમર પડતાંજ તેનો અવાજ સાંભળી કાસ્ટલના અદરના ભાગમાંથી સઘળા નોકરો એકદમ દોડી આવ્યા—શેઠાણી તથા આઇથી એક ચીશ પડાઈ ગઇ અને તે ઝનુંની જેહાંગીર જેમ એક ચિત્તો વાઘ પોતાની બેઠકપરથી ઉછળીને ઉભો થાય તેમ ઉભો થઇ ઠે થઇ રહ્યો !

"કમબખ્તી ! કમબખ્તી ! ઓ ચસ્કેલા ચાકલેટ ! તારી આંખ ચોળીને જો કે આજથીજ તારા નાશનો પાયો નખાય છે. તેની આ ગેબી આગાહી આપણુને મળી છે." શેઠાણી રતનબાઇએ ધાસ્તીથી ફગલાઇ જઈ રડમસ ચેહરે જેહાંગીરને વેહવાટી નાખ્યો." "આએ સરોધો તું શાનો સમજેછ, છોકરા ! એ તારા મરનાર બાપે તારી ગરદન પર મૂકેલી ફરજનો તેં આજે અનાદર કીધો તેના ખોફની એ પેહેલી સીગનલ છે. યાદ રાખજે કે હવે તારી

ખસ્તે ખુહારી અંદરોજમાં થવાની !"

જેહાંગીર કાંઇ બોલ્યો નહિં. તે જે ઇઝીચેર પર પ્રથમ બેઠેલો હતો ત્યાં ઉભેથી ફ્રશડાઇ પડયો. તેનાં હાથ—પગ ધ્રુજવા લાગ્યા. આટલુ છતાં તેણે પોતાની મમ્મત મુકી નહિં. તેનાં કપટી દિલમાં તેની માતાના શોકજનક દેખાવે કસી અસર કરી નહિં.

મહેલનાં કારભારીએ તે ચુરેચુરો થઇ ગયલા કુમરના આખે ઓરડે પથરી ગયલા કાચ, નોકરોને લગાડી દઇ, થોડા વખતમાં ભરાવી લીધા. અને કુંમર કેમ પડયુ તથા કેમ ભાગ્યુ, તે ઉપર પોતાની ફીલસુફી ભરેલી 'સરવે' કરવાનુ બાજુએ મેલી સઘળા નોકરોને લઇ ત્યાથી ઝટ રૂખશદ લીધી.

આજની ખટપટથી ચાકરો ચેતી ગયા હતા કે મા—દિકરા વચ્ચે કાંઈ જબરી ટોપા—ટપી જાગી છે, જેથી જેમ એવી વખતે મોટે ખાંચરેના મકાનોમાં બને છે તેમ ખુણે ખુણે તેઓની ધુસધુસ ફુસફુસ ચાલી રહી. તેઓ પોત પોતામાં આજના બનાવપર તરેહવાર રમુજી તર્કો ચલાવતા અને અંદરને અદર પુષ્કળ રમુજ મેળવતા.

કુમરના કાચ નોકરો ભરી લેતા હતા, તેજ વખતે દારાશાહ દાવર તથા તેવણનાં ધણીઆણી મેહેરબાઇનું આવવુ થયુ આજની બીના તેવણને સર્વે રોશન હોવાથી તે ઘરડો ડોસો ચેતી ગયો કે જ્યા છે ત્યાં મામલો વધૂ બિગડેલો છે. બૈરાંઓની આ એક કુદરતી નબલાઇ છે કે કાંઈ નવું જુનુ થયા પછી જે કોઈ પેહેલું આવે છે તેની આગળ તેઓ પેટ ખાલી કરી દે છે. કુમર પડી ભાગ્યાથી શેઠાણીનો જીવ એટલો મુગાયો હતો કે તેવણ રડતાં દમ ખાતા ન હતાં— એજ સ્થિતિ આઇની હતી—તેટલાં દારાશાહ દાવર આવી પહોંચ્યાથી શેઠાણીએ ફરી એકવાર ગોધિયારૂ કરી મૂકયુ.

"દારાશાહજી, હવે અમારી પડતીનો પાયો આજથી બેઠો જો ! એ કમબખત દિકરાની શુદ્ધ હજી ઉઘડતી નથી જો ! અને તેથી કુદરતે પોતે આએ મુગો સરોધો બતાવ્યોછ જો ! હવે હું શું કરૂં ! ઓ માય ! હવે હુ કાંહાં જાઉ ! ઓ બેહેસ્તી અરદેસરજી ! અમારી મદદે આવો ! અમારી ઉપર મીઠો ગાળો મુકજો જો !"

"સબર કરો બેહેન ! ધીરજ પકડો બાઇ !" દારાશેઠ ડાહ્યા થયા. "તમે બધી રીતના સમજદાર થઇને એમ નાસબર કેમ બનોછ? તમે સાતને શિખામણ આપનારાં થઇને આજે એવી નબળાઇ કેમ બતાવોછ? કુદરતનો જે નિયમ બાંધેલો હશે તે કઇ ચૂકવાનો છે? બધાજ દહાડા ઇનસાનનાં કઇ સુખી જાએછ? જરા ધીરાં થાઓ બેહેન ! મેહેરી, એવણની પાંસે જા !"

ધણીનાં ફરમાવ્યાથી ધણીઆણી પોતાના વેહવાણને દિલાસો દેવા પાસે ગયાં. માય રતનબાઇ, તમે એમ કેમ કરોછ મરૂં ! સૌ સારૂં થશે મરૂં ! ત-

મારા દિકરા—દિકરીને જીમાંગો મરૂ ! એમ છેકજ શું બચ્ચાંને જેવી નાં-દાંની કરોછ મરૂં ! ઉમર વધેરાયુ તો વધેરાવા દેવો મરૂ ! તમારાં ઘેરનો ધરો ગીયો મરૂ ! મદછ તમે શું કામ આંખ—પાણી કરોછ મરૂ !" અને આ ફર-માસુ દિલાસો આપી મેહેરબાઇ વેહેવાંણે રતનબાઇ વેહવાણુને ચાંપીને એક કોટી કીધી !

"ઓ માય મેહેરબાઇ, આજને જેવો દહાડો તો કોઇ વેરી દુશ્મનનોબી નહિ જાય જો !" શેઠાણી બોલ્યાં. "મારા દિકરાને માથે કોણ જાણે શું સે-તાન ઘુમેછ તે આજ સહવારની સાંજ થઇ પણ એ એકનો બે થતો નથી. હુ હવે એનુ મોહડુ જોવાબી રાજી નથી, કાય કે એણે ખોટી દુશ્મનીને આ-ગલ પકડી ખરી ફરજને એ ભૂલી ગીયોછ ! અરે ! એક મુવા બાપની ફરજ પર પાણી મુકવું એ જેવુ ગુનાહનુ બીજુ કામ કીયુ હોય ?

"ખરૂ. મરૂ અખઇ રહ્યા આપણા જાહગીરજીને એ શું સુજ પડેછ મરૂ ?" વેહવાણે કદર ખાધી.

"એ કમબખ્તીનો પાયો સુજેછ, માય મેહેરબાઇ, બીજુ કાઇ નહિ." શેઠાણીએ જવાબ આપ્યો.

આ વાતચીત ચાલે છે તેટલાં દારાશાહ શેઠ પોતાની અસલ જગ્યા પરથી ઉઠી જેહાંગીરની પાસે ગયા. જેહાંગીર આજે એવો બેપરવાહ બન્યો હતો કે પગપસારી ઇઝીચેર પર જેમ પડેલો હતો તેમજ પડી રહ્યો. અને પોતાના સસરા, જેવણને તે દરેક વખતે ઇજ્જતથી આવકાર આપતો હતો તેવણને કશુ કોહ આપ્યુ નહિં !

પ્રકરણ ૯૦ મું.

દાવરશેઠ કોર મરડે છે.

"કેમ બા જેહાંગીર, કઇ તબિયત ઠીક નથી શુ ? આજે એમ કાંય ?" દાવર શેઠને જેહાંગીરે કોહુ નહિ આપ્યાથી ભારી તો પડયું. પણ પાસે ગયા એટલે બોલ્યા વિના ચાલ્યુ નહિં.

"કઇ નથી." જેહાંગીર ટુકમા પતાવ્યું. કોઇ બીજી વેળા હોત તો જેહાંગીર દાવર શેઠને "મુરબીજી, કંઇ નથી" એમ માનથી જવાબ આપત, પણ આજનો મામલો રોજના મામલા કરતાં કાંઇ જૂદોજ હતો.

જેહાંગીરનાં જવાબે દાવર શેઠને બેવડો ચટકો લગાડયો. શેઠાણી રત-નબાઇ આ વખ્તે પોતાનાં વેહેવાણ જોડે વાત કરતાં હતાં તેથી તેવણનું ધ્યાન ઉપલી બીનાંપર ખેચાયું નહિં. પણ ચગરી આઇમાય જેની ચંચળ આંખ્યો બન્ને બાજુએ તપાસ રાખતી હતી, તેણી જેહાંગીરે આપેલો જવાબ સેહેલા-

ઈથી સાંભળી શકી, દારાશાહને આ જવાબથી અપમાન લાગ્યું અને તેથી તે-વણ તરતજ પાછા પોતાની અસલ જગ્યાપર જઇ બેઠા.

"હે, દારાશાહજી ?" દારાશાહને ખુરસીપર પાછા આવી બેઠેલા જોઇ શેઠાણી રતનબાઇ પોતાનાં વેહવાણ સાથની વાતચીત બધ કરી તેવણને પુછવા લાગ્યાં. "ત્યારે તમે શુ ધાર્યું ? દાદીબા તેજ રૂસ્તીમ બહાદુરશાહ કેની."

શેઠાણી રતનબાઇએ ખામખા જેહાંગીર સાંભળે તેમ આ સવાલ મોટે સાદે પુછયો–તેવણની નેમ દારાશાહ દાવર પણ પોતાના મતના છે એમ જેહાંગીરને આડકતરી રીતે જણાવવાની હતી, પણ દારાશાહ જેવા એક ખુશામતી શેહિયાને શેઠાણીનો આ સવાલ ભારી પડી ગયો. "દાદીબા તેજ રૂસ્તીમ બહાદુરશાહ કેની ?"

આ સવાલ થતાંજ તેવણને ઠાંસાની એક સખ્ત ગુંછ નીકળી આવી જેથી તેવણ દિવાનખાનાની ગેલેરી તરફ ઉઠી ગયા. આ ગુંછ કાંઇ ખુદરતી ન હતી પણ મતલબી અને બનાવટી ગુંછ હતી. જેહાંગીરની સાંમે પોતાનુ મત ખરેખરૂં જાહેર કરવાને તે ખુશામતખોર સસરો ડરતો હતો પણ બીજી તરફ શેઠાણી રતનબાઇ કાંઇ ઓછાં ન હતાં–તેવણમાં તેને 'પાતરે પાણી પાય' એવી એક વેહેવાણ મળી હતી ! પોતાનો સવાલ થતાજ દારાશાહ શેઠને ઠાંસાની ગુંછ કુકડિયા ખાંસીની હતી કે કેવી તે તેવણ ઝટ સમજી ગયાં હતાં. ગુછને બાહાને 'ગેલેરી' તરફ વકી જઈ વાત ભૂલાવી નાખવાની દારાશાહ શેઠની નેમ હતી પણુ તે નેમમા તેવણ બે ત્રણ મિનિટથી વધુવાર ફાવી શકયા નહિં.

'જોરે દિકરી આઇ, દારાશાહની મદઇની ગુછ નરમ પડી કે ?" શેઠાણીએ મેહેરબાઇ વેહેવાણ સાંભળે તેમ ભરમમાં ટકોર કરી આઇને ફરમાવ્યુ. "જા તો માય ?"

આઇ ઉઠીને ગેલેરી પર ગઇ અને તેજ પળે પાછી ફરી બોલીઃ "માયજી, એનાવો તો આપણો માલી બાગમા ફુવારો ઉડારેછ તે જોતા ઉભાછ !"

આઇમાયના જવાબથી મેહેરબાઇને ખરાબ લાગવાથી તેવણે તેણીને પાછી મોકલી દાવર શેઠને તેડાવી મગાવ્યા.

"કેમ દારાશાહજી, મદઇની ગુંછ નરમ પડી કે જી ?" શેઠાણીએ તેવણે ખુરશી લીધા પછી ટકોર કીધી.

"જી હા, મને કોઇ કોઇ વખતે એ નાપાક હુપિંગ કફ—"

"હાજી હુ જાણુંછ. વારૂ આપણે અસલ વાત કરતાં તો તમારી કમબખત ગુછને લીધે 'રહી ગયાં" શેઠાણીએ પાછી તેજ વાત તાજી કીધી. દાદીબાના વકીલોની ઑફીસમાંથી જેહાંગીર ચાલી ગયા પછી મનસ્ની, ગવસ્ની અને કુનસનીનનાં કસમ લઈ દારાશાહજીએ જે વિચારો જાહેર કીધા હતા, તે જેહાંગીરની સમક્ષ હવે અખાડા કરી જવાની તેવણની બેહલાઇને શેઠાણી તો-

ડવા માગતાં હતાં અને તેથી તેવણે આગલોજ સવાલ પાછો કીધો કે "વારૂ દારાશાહજી ? દાદીબા તેજ રૂસ્તીમ બહાદુરશાહ કેની ? તમે શું ધારોછ ?

"હું—હું—હું—હું—હુ—હું—હુ કેજી ?" દારાશાહજીની છાતીમાં એકાદ ધરતીકંપ ઉલટયો હોય તેમ તેવણ તત—પપ કરવા લાગ્યા. અને શેઠાણીને તથા ચગરી આઇને તેથી જબરી રમુજ મળી. ત—ત—ત—તમુંને ખુ—ખુ—ખુદા સ—સ—સ—સઅલામત રાખે તે હું—હું—હુ—હું—હુંઉઉઉ કે જી ? હુંઉઉ તો એ—એ—એમ ધ—ધ—ધ—ધ—ધઅ—ધઅ—ધઅઆઆઆરૂંચ કે—કે—કે—કે—કે—કે—કે—કે—કે—"

"એ શું કે કે ને મેમે ?" દારાશાહનાં કૌતક જોતાં મેહેરબાઇનુ પાકી આવવાથી તેવણ ખભળી ઉઠયાં. "હા કે નાં, જે તમોને નેક લાગતુ હોય તે તડ ને ફડ બોલી દેવોની મરૂ ? એમ તત—પપ શું કરોછ મરૂં ? જે તમારા દિલમાં—"

મેહેરબાઇ વધૃ બોલવા જતાં હતાં પણ દાવર શેઠે ડોળા કકડાવ્યાથી ચૂપ થઇ ગયા !

જેહાંગીર આ રકાસ બાજે ડોળે બધો જોયા કરતો હતો. દારાશાહ દાવર દાદીબા વિષે શુ મત આપે છે તે જાણવાની તેને અધીરાઇ ઉપજે એ કુદરતી હતું. તે વિશ્વાસથી માનતો હતો કે દારાશાહનુ મત દાદોબાની વિરૂદ્ધ જ્યા વગર રહેશે નહિ. કારણ કે જે ધણીએ તેને પોતાના ઘરમાથી "હાકો કાઢેલો" તે ધણી તેની તરફેણમાં પોતાનુ મત આપે આ વાત જેહાગીરને માનવાજોગ લાગી નહિ.

"દારાશાહજી, એ આજે એમ શુ કરોછ ?" શેઠાણી જાણે તેવણ અચકી અચકીને બોલ્યા તેનો ભેદ સમજી શક્યાં ન હોય એવા દેખાવે દયા ખાઇ બોલ્યા. "તમારૂં જે મત હોય તે ખરેખર ખુલ્લુ કરવાને તમોને દરેક હક છે."

"હા—હા—પ—પ—પ—પ—પ—પ—પણ—પણ—પણ તે—"

" તમે ધીરજથી બોલો ભાઇ, ધભરાવાનું કઇ કારણ નથી. શેઠાણી બોલ્યાં.

" એ મદઇ આજે એમ શુ કરોછ મરૂં ? " વળી પાછાં મેહેરબાઇ વચ્ચે પુરાયાં. દાવરશેઠનાં આજના " દેખાવ "થી—તેવણનાં ધ્રૃજતા હાથોથી—મેહેરબાઇનું ત્યાં મોહોત થઇ જતુ હતું !

"હુ—હુ—શ શ—શાને સારૂ ધ—ધ—ધ—ધભરાઉ ?" દાવરશેઠ જેમ તેમ લથડ પથડ કરી બોલ્યા. " મ- મ—મ—મારૂ મત—મત—પૂછો—પૂછો પૂછો તો દ—દ—દ—દ—દાદી—દાદી—દાદીબા તે—તે—તે—તે—તે-તેજ—"

"આગળ બોલો-આગળ બોલો, અચકોછ શું કામ, દારાશાહજી. ! ? " દારાશાહ અચકી ગયાથી શેઠાણીએ ટાહુકો મુકયો. દાદીબા તેજ—શું ? "

" તેજ—તેજ " દાવરશેઠ પાછા અચક્યા ?

તેજ શું? આગળ વધોની?" શેઠાણીએ તેવણેજ મ્હોડે અંકે કરાવા ચાહ્યું.

"ઓવાય! એ શાં કોતક! આજે કોઇ દુશ્મેન કઇ સાવજ જેવા કેમ થઇ ગીયા મરૂ?" મેહેરબાઇએ બળાપો કીધો.

"એ તો બુઢ્ઢું હાડ કેની માય, તે જરા હવે વળતાં પાણીએ એમજ તો!" શેઠાણીએ પોતાના વેહેનાણુને સધિયારો આપ્યો. "હુંબી કોઈ વખત એમજ તત-પપ થઈ જાઉંછ. દારાશાહજી, ધીરજથી મનને જરા ઠેરવીને બોલો ઉતાવળ કઈ નથી-કઇ નહિં તમે શુ બોલ્યાતા વારૂ? હં, દાદીબા તેજ-શુ?

દાદા-દાદી-દાદીબા તેજ ર-ર-રઉઉઉસ્તીમ બ-બ-બ-બ-બહા-બહા-બહાદુરશાહ છે એમ-

"એમ શુ? તમે એમ માનોછ? તુમને એમ લાગેછ? હે દારાશાહજી? સરખુ ને સમજ પડતુ બોલોની, ભાઇ?"

"હા—હું એમ માનુછ."

"શુ બોલ્યા?" એક સિંહ છેડાઇને કુદી પડે તેમ જેહાંગીર ઈઝીચેરપરથી ધસારાબંધ કુદી પડી દારાશાહની સાંમે ધશી આવી બોલ્યો. "દાવરશેઠ, તમેબી કોર મરડી કે? જે ધણીને તમે ધરમાંથી તુચ્છકારીને હાંકી કાઢેલો તે ધણીને આજે હકદાર વારસ ઠરાવી આપતાં તમોને શરમ નથી આવતી કે? હેં, ચઢતુ પાનું જોઇને પલટી જનારા કોર મરડુ કોરજીશેઠ! તમે એ શુ બકોછ તેનુ તમોને ભાન છે કે? તમારા જમાઇના હક પર તમે કેવી ત્રાપ મરાવોછ તે તમે સમજોછ કે? આજ સૂધી તમોને હુ ઈઝત આપતો હતો, પણ મેં જોઈ લીધુ કે તમેબી કેથા લીપેલી ઓસરી જોઇને કોર મરડનારા—"

"જેહાંગીર! છેક ફાસ્ટ ના જા! જરા મોહડુ સંભાળીને બોલ!" શેઠાણી એ તોફાન વધી જશે એમ ધારી જેહાંગીરને લગાર દબડાવ્યો, પણ તે અવિચારી જવાન કોઇનુ સાંભળે એવો હતો? તેણે, દારાશાહે દાદીબા તરફ મત આપવાથી તેવણને ધોઈ નાખી પાણી કરતાં પાતળા બનાવી દીધા!

શેઠાણી રતનબાઇને પોતા તરફથી બોલતાં જોઈ દારાશાહજીને જરા હિંમત આવી. જેહાંગીરે તેવણપર વાદળ તોડી પાડયા છતાં તેવણ પોતાની પેલી તત-પપની બોલી હવે ભૂલી ગયા. કુદરતી ધભરાટ વગર તેની બોલી ઉત્પન્ન થઈ શકતી ન હોવાથી જેહાંગીરનાં બનાવટી ધભરાટે તેવણપર કશી અસર કરી નહિ. માત્ર અસરમાં અસર એટલી થઈ કે જેહાંગીર તેવણનાં દિલપર ધસારાબંધ ધસી આવવાથી તેવણનું ધરડુ હાડ માત્ર ધ્રૂજવા લાગ્યું. પોતાના જમાઇને એટલો બધો તાતેલો તેવણે આગળ કદી જોયો ન હતો—તેમજ તેને મોહડેથી એવા અપશબ્દો પણ સાંભળ્યા નૂ હતા, જેથી આજના બનાવથી તેવણને ઘણું ખરાબ લાગ્યું.

" એમ તુ શુ બકેછ, છોકરા ? મોહડાંમા જે આવેછ તે ભડ દઇને ભ-રડી દેવા શિવાય તેના પરિણામની તને કાંઈ સમજ હોય એમ હું જોતો નથી." સસરાજીએ જમાઇને જવાબ આપ્યો.

" આગળો તો તમારીજ ચસ્કેલી છે કે વગર સમજે ને વગર જાણવે જોતે તમે બૈરાઓને એક ગભીર બાબદમા હુલકાવવાની હુલડાઈ કીધી." જે-હાંગીર બબ્બાડ્યો. " દાવર શેઠ, પેલો કગાળ ભીખારડો, જેને એકવાર તમે તમારી સીહડીથી ઉતાર્યો હતો તેને આજે તમે મારો હમશરીક ભાગીયો બ-નાવવા નીકળ્યાછ તેનો તમોને કંઈ ખ્યાલ છે ? તમે મને પાછળે પોહોરે કો-ટમાં મળ્યા ત્યારે તો તેની તરફ તમારી વિરૂદ્ધ લાગણી તમે દેખાડીને વચ્ચે માત્ર બે કલાક નહિં ગયા તેટલાં અહીં તમે બદલી ગયા ? "

આ એક નવો ભેદ હતો ! દાદીબાના વકીલોની ઑફીસમાંથી જેહાંગીર આગમચથી ચાલી ગયલો વાચનાર જાણે છે. હવે જયારે શેઠાણી રતનબાઈ, આઇ અને પરીન જોડે દાવર શેઠ આફીસમાંથી ઘેર જવા નીકળ્યાં ત્યારે તે બહાદુરશાહવાળાઓને બાહેર ઉભેલી તેમની ગાડીમાં બેસાડી દારાશાહ શેઠ વ-કીલોની આફીસ આગળથીજ તેઓથી છુટા પડયા હતા જેહાંગીરે બે કલાક આગમચ દાદીબાની વિરૂદ્ધ મત આપવાનો તેવણને ઉપર જે તાણો માર્યો, તે તાણાપરથી શેઠાણી તથા આઇની નજરમા ખુલ્લુ થઈ ગયુ કે તેઓને વાલ-કેશ્વર તરફ રવાના કરીને દાવર શેઠ કોટમાની જેહાગીરની ઑફીસમાં દોડયા હશે અને ત્યાં ઉપલો આટો બાફયો હશે !

શેઠાણીની તથા તેવણની દિકરીની આ તરક તમામ સાચી હતી. દાવર શેઠે કોટમા જહાંગીરની મુલાકાત લઇ ત્યાં તેને ગોળ ગોળ સમજાવ્યુ હતુ અને પોતાનુ મત દાદીબાની વિરૂદ્ધ છે એવું દેખાડયુ હતુ, જેની કુમક પર તો તેણે પોતાની માતા જોડે મારામારી કરી હતી.

અને વાચનાર ! એમ કરવામાં તેવણ ખોટા શા માટે હતા ? ખુશામત કરવી એ તો તેવણની જીંદગીની એક મોજ હતી, અને મોટાઓની ગુલામ-ગીરી કરવા તથા જૂતી ઝાટકવાનો જે ખુશામતિયાઓને એક જાતનો " ચ-સટો" હોય છે, તે વર્ગનાંજ તેવણબી હતા એટલે દાવરશેઠનું તે પગલું તેવણનાં આચાર-વિચારોને અનુસરતું નહિ હતુ એમ તો કહેવાશેજ નહિં.

પ્રકરણ ૯૧ મું.

સસરાજીને " સાલ પામરી ? "—' જમાઇ કે જમ ? "

" તમે મને પાછળે પોહોર કોટમાં મળ્યા ત્યારે તો તેની તરફ તમારી વિરૂદ્ધ લાગણી તમે દેખાડી ને વચ્ચે માત્ર બે કલાક નહિં ગયા તેટલાં અહીં તમે બદલી ગયા ! " જેહાંગીરે પાછું પુછ્યુ.

ચિત્ર ૨૧ મું.



[બ્લૉક—૭૦ નં૦ ખરેઘાટ.

"કાવલા! અહીં આવ!" જાહાગીરે કાવલા કારભારીને જોયા બરાબર હુકમ કીધો "આએ ઢાખગાનુ પાખડુ પકડી એકદમ બહાર કાઢ! ચલાવ યુ બ્લેગાર્ડ!" અને જાહાગીરે દાવર શેઠ તરફ, વૉરંટથી પકડવા આવેલા એક કૉન્સટેબલ મીસાલ એક હાથ કમરે ટેકવી બીજે હાથ આગલી બતાવી લાબો કીધો.

[સફે ૩૬૩.]

"માયજી, જોયું કે. અહીં તો એક ભેદ છે!" આઇમાયથી હવે રેહે-વાયું નહિ, તેથી તેણીએ રોકડુ ચુકવી દીધુ. "વકીલોની ઑફીસમાંથી જેહાં-ગીર ચાલી ગયા પછી તમે દારાશાહજીને મનસ્ની, ગવસ્ની ને કુનસનીનાં કસમ આપીને દાદીબા વિષે પુછ્યુ. ત્યારે તો એવણે તમોને એમ જવાબ દીધો હતો કે દાદીબા તેજ રૂસ્તીમ બહાદુરશાહ છે, એમ હવે મારી ખાત્રી થઇછ, અને તે પછી જેહાંગીરને તો એવણે જુદુંજ સમજાવેલુ દેખું!

જ્યાં તડ ને ફડ મોહડે મોઢું થઇ ગયુ ત્યાં દાવર શેઠ જવાબ શુ દે? ગરીબ બિચારા દારાશાહ દાવર! આઇએ રોકડે રોકડુ ચુકવી આપ્યાથી તેવ-ણુને બરડે પાણી ઉતર્યું, અને એક હરફ્બી તેવણુ કાહડી શક્યા નહિં!

"પતાળે પાણી ચલાવી મોરી કોરડી રાખે તે એનું નામ!" હવે જે-હાંગીર ભિખડયો. "મને એક સમજાવ્યુ ને એ લોકોને બીજું! મેહેરબાઇજી, જોયા તમારા ધણીના ઢંગ? જોયા તમારા કોર મરકુ કોરજીશેઠની આબરૂનાં કાં-કરા! શરમ છે—દારાશાહ શેઠ, કેહતુ તો મને લાઝમ નથી, પણ એક સસરા તરીકે તમારી એ ચાલ તીરસ્કારને પાત્રજ નહિ, પણ લ્યાનત ભરેલી છે!"

જેહાંગીરનાં છેલ્લા કડક શબ્દોએ દાવર શેઠને અંગાર ઉઠાડી.

"તારૂ મહોડું એકદમ બંધ કર, કાફર! મેં તારો એટલો બધો કિયો ગંભીર ગુનાહ કીધોછ, કે તું મારી ચાલને લ્યાનત ભરેલી કહેવા માગેછ? "દાવરશેઠ તપી ગયાં"

"એ ઘરડાં ધુવડ! કાફર કોણને કહેછ?" જેહાંગીર એકદમ જોશથી દાવરશેઠના આગપર ધશી જઇ બોલ્યો. "તારા સફેદ બાલની હું જરા શરમ કરૂંછ. નહિતો એકજ લપડાક ધડીની વચ્ચે તું દ્વિમુખી કોર મરકુને—"

"હ—હ—હં—હ! જેહાંગીર! સબર!" અને એમ કરી દરેક જણે જેહાંગીરની ચોતરફ ફરી વળી દાવરશેઠ પર કાંઈ હાથ ચાલાકી કરતાં તેને અ-ટકાવી પાડયો. મેહેરબાઇએ પોતાના ખાવિદની મદદ માટે ગોધિયારૂં કરી મેલ્યું, અને તે રમખાણુનાં અવાજથી નોકરો દિવાનખાનામાં દોડી આવ્યા.

"કાવલા! અહીં આવ!" જેહાંગીરે કાવલા કારભારીને જોયા બરાબર હુકમ કીધો. "આએ ઢાંખરાંનું પાંખડુ પકડી એકદમ બહાર કાઢ! ચલાવયુ બ્લે-ગાર્ડ!" અને જેહાંગીરે દાવરશેઠ તરફ વૉરંટથી પકડવા આવેલાં એક કૉન્સટેબલ મિસાલ એક હાથ કંમરે ટેકવી; બીજો હાથ આગલી બતાવી લાંબો કીધો.

"અરે—અરે—જેહાંગીર! જેહાંગીર! એ તું શુ કરેછ, દિકરા! એ તુને શોભે નહિ" શેઠાણીએ ઉશ્કેરાયલા ઝનુની દિકરાને તાહડો પાડવા માટે લ-ગાર નરમાસથી કહ્યું. "કાવલા! ચાલ એકદમ ખસી જા! અને બીજા બધા નોકરો, તમે તરત બહાર જાઓ!"

શેઠાંણીનો હુકમ તુરત માન્ય કરવામાં આવ્યો. જેહાંગીરે દાવર શેઠને હાંકી કાઢવાનો કાવલાને હુકમ આપ્યો ખરો, પણ શેઠીણીના નરમાસ ભરેલા

ઠપકાથી અને અકસર કરીને "એ તુંને શોભે નહિ" એવા ટીકાથી તેનું હૈડું કચ્યું. તે એકદમ આગની ઢપે પાછો ઈઝીચેરપર પડયો અને પાણી પાણી થઈ ગયલો હોવાથી હાંફવાં લાગ્યો '

'દાવરશેઠને અંકે કરાવવા તથા "કાજીનેજ મોહોડે નેકા ભણાવવા" જતાં જે ગંભીર મામલો "જેહાંગીર કાસ્ટલ"માં થઇ પડયો, તે વિષે શેઠાણી રતનબાઇ પાછળથી થોડાં પસ્તાયાં નહિં, પણ એમ કરવામાં જેહાંગીરની પક્ષ નબળી કરવાની તેવણુની નેમ હતી. અને સારે નસીએ ગમે તે પરિણામે–તે નેમ બર આવી એ તેવણનો છુપ્યો સંતોષ હતો.

જેહાંગીર ઇઝીચેર પર પડતાજ દારાશાહ ઉઠી ઉભા થયા, જેવણુને અને વેવાણુ મેહેરબાઈને શેઠ ણી રતનબાઇ દિવાનખાનાંની પાછલનાં એક એકાન્ત ઓરડામાં લઇ ગયાં અને "એ બેમરવત છોકરાએ આજે આપેલાં અપમાન માટે" પોતાની અંતઃકરણની દિલગીરી દેખાડી, તો જો કે તે દિલગીરી—ખરૂ પૂછો તો—શેઠાણી રતનબાઇને પોતાનેજ આભારી હતી '

"હું કાલ ને કાલ એ ભેજાંનાં ગયલા પર મને ગાલગલોચ કરવાના, આંગપર ધશી આવવાનાં તથા આબરૂપર હુમલો કરવાના વાંકો મૂકી પોલીસ કોર્ટમાંથી સમન કહડાઉછ." દાવરશેઠ એ એકાન્ત ઓરડામાં હવે બલાખા કાઢવા લાગ્યા, કે જ્યારે આગલા દિવાનખાનામાં થયલા ધુજારાથી હજી તેવણુનાં ટેટા થર થર કાંપતાં હતા !

"ધીરા થાઓ, દારાશાહજી, એ ઉછાછળો છે તેવા તમે નાં થાઓ !" શેઠાંણીએ દાવરશેઠને ઠંડા પાડયા. "એવું નાદાની ભર્યું પગલુ તમે કદી ભરતા નાં. એ બેવકુફને તો આબરૂનો કશો ખ્યાલ નથી પણ તમો જેવા ઇઝતદાર આસામીએ તમારા મોભાનો ખ્યાલ પહેલો કરવો જોઇએ."

"ઓવાય! માય રતનબાઇ, જીભરૂ દારાશાહજીની તો આજે એક ધાતજ ગઈ જો મરૂ ?" મેહેરબાઇ વેહેવાણે ફરિયાદ કીધી

"મેહેરી, એકદમ મુગી રહી જા !" દાવરશેઠે ધણીઆણીને ધમકાવી કાઢયાં. "હવે અહીં વધૂવાર ઉભાં રહેવામાં આબરૂ નથી.

"દારાશાહજી, દારાશાહજી, મારી તરફ જુઓ–તે બેવકૂફ દિકરા તરફ તમોને જોવાનુ નથી." શેઠાણીએ વેહવાઇને સમજાવ્યા.

"નહિં–જ્યાં મારી ઇઝત લુટાઇ, ત્યાં ઉભું રહેવું મને હરામ છે." દાવર શેઠનું જરા ચઢી વાગ્યું. "ચાલ મેહરી, ઉઠ !"

શેઠાણીએ હવે વધુ તસદી લેવાની જરૂર જોઇ નહિં.

"રતનબાઇ, આજથી તમારા દિકરાનો હું દુશ્મન છું." દારાશાહદાવર જતાં જતાં બખાળ્યા. "યાદ રાખજો કે હવે પછી ફરીથી તમારી સીહડી હું મરતાં ચઢવાનો નથી. કહેવત છે કે 'જમાઇ ને જમ' બરાબર, તે આજે હું મારા બાબમાં તમામ ખરી પડેલી જોઉછ. કોરાં કાગળપર લખી રાખજો

કે એ બેઅદબ અને બેમુરવત બેવકૂફ ગધેડાની પાયમાલી આજથી શુરૂ થઇ ચૂકીછ. પેલા દાદીબાને તમે કોણ સમજોછ ? તે ઘણો ચંચળ અને કાબેલ છોકરો છે–તે લાયકીવાળો અને ખરો ગ્રહસ્થ છે. અફસોસ! જો એ દાદીબાને મેં મારો જમાઇ બનાવ્યો હોત તો મારા બુઢાપામા મારી ઇઝતનાં જે કાંકરા થયા છે તે કદી થાત નહિં. જેહાંગીર ! જેહાંગીર યાદ રાખજે કે આજથી હું તારો વેરસી મુદઇ છું !"

"દારાશાહ–દારાશાહ" એમ કહી શેઠાંણી તેઓને રોકવા ગયાં, પણ એક અછાટથી તેવણુનો હાથ દૂર કરી તે ખુશામતખોર શેઠીઓ પોતાની ધણી-આણીનુ પાખડુ ખેચી ઝનુનમા ત્યાથી ચાલી ગયો !

પ્રકરણ ૯૨ મું.

પરીનની માંદગી–પ્રેમની–વીણુ–"દાદી–દાદી–એક વારના મારા વ્હાલા દાદી !"

તે સાંજ શેઠાણી રતનબાઇએ ઘણી ગમગીન પસાર કીધી. "જેહાંગીર કાસ્ટલ" નો રોજનો મહિમાં અને આજની ગભીર સ્થિતિ દરેક જણુપર અસર કરતી હતી. નોકર નફરો ખૂણે ખૂણે આજના વિચિત્ર બનાવોપર જાણ્યુ–અજાણ્યુ લઇ દોડી તરેહવાર ઘુસ ઘુસ કરતા હતા, જ્યારે શેઠાણી રતનબાઇ રડમસ ચેહેરે એક કોચપર બેસી આવતાં ભવિષપર ભયાંનક વિચારો લંબાવી રહ્યાં હતાં. "જેહાંગીર કાસ્ટલ"માં રોજને કરતા આજનુ દિવાનખાનું રોશનીની બાબદમા પણ ઝાંખું હતુ, કારણ કે આપણે ઉપર જોઈ આવ્યાં તેમ વચ્ચેનુ જે મોટું ઝુમર દરરોજ સળગાવવામાં આવતું, તે આજ સાંજે જેહાંગીરની ઝનુની જુંબેસ દરમ્યાન અચાનક પડીને ભાગી ગયુ હતુ. આમ થવાથી બીજી ન્હાની રોશનીઓની મદદ લેવી પડી, પણ આ મદદ તે ખુરદો થયલાં મોટાં ઝુમરના ઝલકાટને પૂગી નહિ શકવાથી આજની ગમગીનીએ વધૂ શિહા રૂપ લીધુ હતું.

શેઠાણી દિવાનખાનામાં એકલાં આંખ–પાણી કરતાં હતાં, તેટલાં આ દાઇમાય દોડી આવી અને બોલી. "માયજી, જરા પરીનનાં ઓરડામાં આવો તો ?"

"કાંય વારૂં ?" શેઠાણીએ ગભરાઇને પુછ્યુ.

"તેને તાહાડનું લખલખું ચઢી આવ્યુછ."

"હેં ! એ વળી નવુ શું. પેલો ક્યાં છે.

"હું જાણુતી નથી."

"ત્યારે પરીનની પાસે કોણુ છે ?"

"તેની બેઉ આયાઓ લુસી ને રિતિન."

ઉપલી વાતચીત તે મા–દિકરીએ પરીનના ઓરડા તરફ રસ્તો કાપતાં

કીધી. જ્યારે શેઠાણી ઓરડામાં પુગ્યાં ત્યારે ત્યાં જોય શું કે પરીનને તાહાડનું એક સખ્ત હાંચકુ ચઢી આવ્યુ હતું અને બે ત્રણ ગરમ બરનુસો ઓઢાવીને બન્ને આયાઓ તેના આંગ પર પડેલી છતાં તેણીનુ દિલ આચકા ખાંતું હતું. તુર્તંજ તેવણે તેણીને ગરમ પાણીમાં બ્રાન્ડીનો એક ડોઝ આપ્યો, જેથી અ-ગમા ગરમી આવી ટડી નરમ પડીને તાવ ચઢ્યો. આ તાવ એક જોરાવર તાત્ર હતો. પરીનની તાસવીસ જોઇ તુર્તંજ પડોસમાં રહેતા એક યુરોપિયન ડાકટરની મદદ લેવામાં આવી, જેણે પસીનો પડવાની દવાનો એક ભાગ આપી તાવ ઉતર્યા પછી લેવાને એક પડીકુ આપ્યુ.

પરીનની ગરબડમાં પેહલા તો કોઇનુ ધ્યાન ખેચાયુ નહિ, પણ ડાકટર ગયા પછી ફરી એકવાર શેઠાણીએ જેહાંગીરને યાદ કીધો.

"કાવલા, તારો શેઠ કયા છે"

"બાઈ, હેઠ તો કેવારના બહાર ગયલા"

"ગાડીમા ગયા કે ?"

"નહિજી ચાલતા '

"ચાલતા ?" આઇ અચરત થઇ, "કોઇ દહાડે નહિ ને આજે એ શુ શોખ ? "

"રિતિન,' શેઠાણીએ આયાને પુછ્યુ " શેઠ ઓરડામા આવીને ગયા'ના કે ?"

' ઓઇ. ઉ નેઇ જાનેછ હુ તો ઓમના આવી."

"ત્યારે પરીનબાઇની પાસે કોણ હતું ?'

" લુસી."

" કેમ લુસી ? બોલતી કેમ નથી ?"

"જી નેઈ, સીથ નેથી ઑાવી. પરીનબોઇ તો બોપોરની આવીછ. થા-રથી પેલંગ પર સુઇને રેરેછ. મેં ઘેના સેમજાવી પેન મારા માનિયા નેઈ!"

"ત્યારે એમ કહેની ? તાહાડનુ લખલખુ ભરાવાનો સબબ તો એ દેખુ ! શેઠાણી સઘળો ભેદ પામી જઇ બોલ્યાં. "બપોરની વાત હતી તો તું મને કેહવા કાંય નહિ આવી, લુશી ?"

"મેને ઑાવવા નેઈ દીધી, મોતા બાઈ, પેરીનબોઇએ મેને ઑાવવા નેઇ દીધી." લુસીએ બચાવ કીધો. "મે ઑાવવા કરતીતી તારે બૉાઈ કેછ, બોબરદાર, નેઈ જોએછ, નેઈ તો તારા મોંથા ભોંજી નૉાખેછ; પેછી મે સું કરૂં ?"

મોટાંબાઇએ કાંઈ જવાબ આપ્યો નહિ.

"એ તો આજે ચટકયોછ કેની, તે ગુસ્સામાં ને ગુસ્સામાં બહાર જતો રહયો" આઇએ હળવેથી શેઠાણીનાં કાનમાં કહ્યું.

ચિત્ર ૨૨ મું.



તાવની ઝુમમાં પર્ગીન પુષ્કળ બબડતી હતી

"દાદીબા ! તમે મને માફ કરશો કે ? હે બાલાની ! તમે મને મારા ગુનાહની માફી આપશો કે ? દાદી—દાદી—એક વારના મારા વ્હાલા દાદી ! તું મને ભુલતો ના જો ! હું તો મુઈ !—હું તો ફસી પડી !—હું તો મુર્ખ બની !—પણ—પણ—હવે તું તે બધું ભુલી જજે !"

[સફે ૩૬૭]

"પોતાની મેળે આવ્યા કરશે." શેઠાણીએ જવાબ આપ્યો.

જેમ જેમ વખત વેહતો ગયો, તેમ તેમ પરીનની તાવ વધતી ગઈ. તેનું આગ પુષ્કળ તપવાથી તાવની ઝૂનમાં તે તરેહવાર શબ્દો બબડવા લાગી. તેની બકબકમા આજના બનાવો અવશ્ય હતા. દાદીબા તેજ રૂસ્તીમ બહાદુરશાહ પુરવાર થવાથી જેમ થવી જોઇએ તેમ સૌથી વધુ અસર પરીન ઉપરજ થઈ. દાદીબા જોડેનો તેનો આગલો-પાછલો સબધ પોતાની બકબક દરમ્યાન પરીને ચાલુ કીધાથી શેઠાણીએ ડહાપણ વાપરી બન્ને આયાઓને ઓરડાની બહાર મોકલી અને તેણીની માવજત માટે પોતે પાસે બેઠાં.

"આઇ, તુ એની બીજી બાજુએ બેસ."

"વારૂ માયજી"

"હવે કેમ કરૂ ? એ કમબખત દુકતોબી કોણ જાણે ક્યાં ગયોછ, ને એ તો અહીં એમ તરેહવાર બકબક કરેછ !" શેઠાણી ચિંતાતુર બન્યાં.

"માયજી, તમે ધભરાવો નાં. તાવ ઘણી જોરમાં છે તેથી એમ કરેછ. ઘણાં જણને એમ બોલવા-બકવાની આદત હોય છે."

અને ખરેખર તેમજ હતું. તાવની ઝૂનમાં પરીન પુષ્કળ બબડતી હતી થોડે થોડે વારે જ્યારે તેને શેઠાણી હુશિયાર કરતાં ત્યારે જરા વાર ચુપ થતી. અને વળી પાછી બકબક શરૂ કરતી. તેનાં ઉદ્ગારો કેવા હતા, તેનો ખ્યાલ અત્રે વાંચનારને આપવાની જરૂર છે.

"દાદીબા ! તમે મને માફ કરશો કે ? હેં બોલોની ? તમે મને મારા ગુનાહની માફી આપશો કે ? દાદી-દાદી-એક વારના મારા વ્હાલા દાદી ! તુ મને ભુલતો ના જો ! હુ તો મુઇ ! હુ તો ફસી પડી ! હુ તો મુર્ખ બની ! પણ-પણ હવે તુ તે બધુ ભુલી જજે-દાદીબા !-જરૂર ભુલી જજે ! સમજ્યો કે ? માણુસ ભુલથી ભરેલુ છે. શું બોલ્યો ? "તારા માન માગુ બાપે આપણી આએ હાલત કીધી ?" હા-કીધી તો ખરી-તેને હવે કરશે શુ ? તે તેને પાપે પડશે. બાપ થયો તો શુ થયું. પણ એ મુજીએ મારાં સસાર સુખનો તમામે તમામ નાશ કીધો—મને જીવતાં જીવત જેહાંનમની ખાડીમા હોમાવી દીધી ! ઓ ખુદા ! દુનિયામાં દરેક ચીજ હોજો. પણ મોટાંની સોડ શોધનારો માનમાગુ ખુશામતિયો બાપ નાં હોતો ! ગઇ, મારા દાદી, બાજી હાથથી ગઈ ! હવે આપણે સદાનાં દુઃખી ! તુટેલાં તન કઇ પાછાં સંધાય ? જોડાયલા જીગરોની વાતજ જૂદી છે. * * * * કહાં ગઇ રિતિન ? જા, એકદમ મારી ગાડી જોડવાનો કોચમેનને હોકમ આપ, મને દાદીબાને મળવા જવુછ, સમજી કે ? કિયો દાદીબા ? પેલો મારો પોતાનો દાદીબા જો ? પેલો મારાં હૈયાનો હા————"

"હં-હ-પરીન-પરીન એ શુ ચેડાં કાઢેછ." શેઠાણીએ પરીનને સ્હેજ

સજાગરૂ કરતાં કહ્યું. એ શું ઘેલું ગાંડું બકેછ? એક પરણેલી બૈરીને એમ શોભે દિકરી? ચાલ, ગુપ ચુપ પોઢી જા, મારી માય કરૂ!"

પરીન એકાદ બે મીનીટ ચૂપ થઇ, પણ તે પછી પાછી બકબક શુરૂજ હતી! તેણી તાવની ઝુનમાં બોલતી હતી તે છતાં તેના ઉચ્ચાર એવા સ્પષ્ટ અને બોલવું એવું મોટા સાદનુ હતું કે આઇને કે શેઠાણીને તે ખુલ્લું સમજાયા વગર રહ્યું નહિ. વળી તે ઘણુ ઝડપથી બોલતી હતી અને જીભ કાતર મિસાલ ચાલતી હતી.

"ચાલ હવે હું કપડાં પેહેડવા જાઉછ." પરીન પાછી બોલવા પડી. "લુસી! ગાડી તૈયાર થઇને આવે એટલે મને ખબર આપવા આવજે.—હું સાડી કેઇ પેહડું સાડી? આતશિયા ગાજ કે ગોલાબી ઓજરિયુ? નહિ—નહિ. આજે એ ઠીક નહિ લાગશે. હું તો મારા દાદીબાની માફી માંગવા જવાની છેઉની? હા, ત્યાં એ નહિ ચાલે? મારાં ખરાં દિલની દલગીરી દેખાડવા માટે આજે તો મે કાળી સાડી પેહેરવી જોઇએ રિતિન, તુ મારી સાથે આવજે, લુસીનું કંઈ કામ નથી. પણ સાભળેછ કે? આપણે ક્યાં જઇ આવિયે તે જેહાંગીર જાણે નહિ જો! ખબરદાર! તેને સ્હેજ ગનો સુનોબી નહિ ખબર પડે જો! નહિ તો તારી ને મારી કમબખ્તી, હો!"

વળી પાછી અહીં શેઠાણીએ પરીનને સાહુચેત કીધી, પણ જરા ચૂપ થઈ પાછી બકબક કરવાનું તે ભૂલીજ નહિ.

"સારૂં છે કે જેહાંગીર આજે અહીં નથી, નહિ તો કોણુ જાણે શુ નુ શું કરતે?" શેઠાણી રતનબાઇએ ફિકર બતાવી.

"આપણે શુ કરશું, માયજી? હવે પછી એ આવશે ત્યારે તો સાભળાશેજ, કેની? મારી ફૂટીને મુસલમાન કીધેલાં જોડાઓનાં ફજેતા અતે એવાજ હોય તો!" આઈ બોલી

"મુંગી રહે દિકરી, આપણે પોતાનાં થઇને એમ નહિ બોલિયે! જે જેનાં નસીબમાં હોય તે ખરૂં"

* * * *

પ્રકરણ ૯૩ મું.

સ્ત્રીની સ્વતંત્રતા વિષે એક સવાલ—ધણી—ધણીયાણી વચ્ચે એક તીખી તકરાર.

પાછલી રાત થતાં જ્યારે પરીનની તાપ ઉતરી ત્યારેજ તેનો બકબ-

કારો પણ બંધ થયો. સારાં નસીબે હજી જેહાંગીર આવી લાગ્યો ન હતો. કલબમાંથી મોડી રાતે ઘર આવવાનો તેનો ધારો હતો તેથી તેની ગેરહાજરી શેઠાણીને કે કોઇને ચિંતા ઉપજાવનારી થઇ પડી નહિ. જયરે સહવાર થતાં તે કાસ્ટલમાં આવ્યો ત્યારે પરીન તમામ હુશિયારીમાં હતી. જેહાંગીરને જોઈ શેઠાણી તેના ઓરડામાંથી ઉઠી ગયા, જેવણની પાછળ આઇ પણ ઉઠી ગઇ. આયા રિતિનને શેઠાણીએ આગમચથી ચેતાવી મુકેલું હોવાથી તેણે જેહાંગીરને પરીનની માંદગીની ખબર આપી. પણ આજનો મામલો જૂદોજ હતો. જેહાંગીર પોતાની મા–બેહેન પરજ ચીરડાયલો ન હતો પરીન પરબી તેને ચીડ ચઢેલી હતી અને તેથીજ તેણે ગઇકાલ બપોર પછીથી તેની ખબર લીધી ન હતી

વાચનાર પૂછશે કે પરીન ઉપરની જેહાંગીરની ખફગી શી હતી ? એ ખફગા મોટી હતી, અને તે એ હતી. વકીલોની ઓફીસમાં દાદીબા બંધ ઓરડીમાંથી બહાર આવ્યો તેને જોઈ પરીન હેબતી ગઇ. તેમ થવું જોઇતું નહિ હતું. વળી જેહાંગીર ત્યાંથી ચાલી ગયા પછી વકીલોની સમક્ષ પરીને, દારાશાહ દાવરને અપમાન આપી, દાદીબા તરફની પોતાની આગલી પ્રીતિને યાદ કીધી. તે પણ તેને પસદ પડતી વાત ન હતી. આ બીનાં પાછળથી તેને દાવર શેઠનેજ મોઢે કોટમાની તેની ઓફીસમાં તેવણ મળવા ગયા ત્યાં ખબર પડી હતી, કે જ્યાં તે દ્વિમુખી સસરાએ પોતાના જમાઇ કને ખોટી ખુશામત કરી દાદીબાની વિરૂદ્ધ મત આપ્યુ હતું. !

"કેમ શું છે, પરીન ?" આયા રિતિને ખબર આપ્યા પછી, અરધે કલાકે હલવે રહીને જેહાંગીર પરીનની ખબર પુછવા ગયો. તેણે વાંકો વળી તેના આંગને આંગળીબી લગાડી નહિ.

"કંઈ નથી."

"કઇ નથી ? ત્યારે તારો આયા તો કઇ જુદુજ કહેછ કે બાઇને આખી રાત કકડધસ તાપ થઇ'તી. અને ડાકટર મેકફરસનને બોલાવવા પડયા'તા ?"

"હા–સેહેજ આગ ગરમ થયુ હતું."

"પણ તેનો કંઈ સબબ ?"

"તબિયત છે, બધાજ દહાડા કંઇ સરખા જાએછ ?"

"વારૂ, હમણા તું કેમ છે ?"

"સારી કાંની છુ."

"અફસોસ ! પરીન ! કાલ કાલથી હું કેવો દુઃખી હાલે ફરૂછ." પરીને "સારી કાની છું." એમ કહેતાંજ જેહાંગીરે પોતાનું દાસ્તાન ચલાવ્યુ. "તેબી કાલે એટલીજ લાયકી કીધી કેની. ?"

"મેં? મે શુ કીધું?" પરીને બિછાનામા પડી પડીએ પુછ્છ.

"ભૂલી ગઇ કે? હજી ચોવીસ કલાક તો પુરા થયા નથી." જેહાગીર બિછાનાં આગળ એક ખુરસી ખેંચી તે ઉપર બેશતાં બોલ્યો.

"કાલે પેલો કંગાળ ભીખારડો વકીલોની ઑફીસમાં કેદ કીધેલા કેદીની માફક ખોલીમાંથી બાહેર નીકળી આવ્યો ત્યારે તું એટલી બીધી કાંય? હેબતી કાંય ગઇ? ચીસ કાંય પાડી? બેશુદ્ધ કાય બની ગઇ?"

મુર્ખાઇ ભરેલા આ સવાલોનો પરીન શુ જવાબ દે? તેણી કાંઇ બોલી નહિ. દાદીબાની યાદ થતાં તેની આંખ્યોમા પાણી આવી ગયા.

"તું બોલતી કેમ નથી, પરીન? ચોરી પર સરજોરી કરી વળી રડેછ શાંની? હુ પુછુંછ તેનો જવાબ આપવોછ કે નથી આપવો?"

"ખુદા ખાતર હુ દુ ખીને વધુ દુઃખી નાં બનાવો, જેહાગીર! જે ચીજ મારા હાથમાં નહિ તેનુ તમે મને કારણ પૂછોછ તે હુ શું કહુ?" પરીને ગગળતે સાદે જવાબ આપ્યો.

"શુ તે હલકો પિન્જારડો કંઇ વાઘબાઘ હતો કે તને ખાઇ જતે?" જેહાંગીરે ડોળા કકડાવી એક ડખાર મુકી. "આખરે તું તારા આગલા ખ્યાલોપર પાછી ગઇ ખરી કેની? ને મારા પાછળ તમે શુ શુ બોલ્યાં'તાં? તેબી મને બધુ ખબર છે.

"હુ શું બોલી?—હું કાંઇ નથી બોલી." પરીને રડતા રડતાં જવાબ દીધો.

"તારા પેલા ચકરમ બાપને વકીલોની ઑફીસમાં તે ચાટ નહિં બનાવ્યો?" જેહાંગીરે યાદ આપી તેને તેં એમ નહિ કહ્યું કે મારા સસાર સુખનું સત્યાનાશ વાળનાર તુંજ છે? હે મારે ત્યા તને શી કમી હતી, અને તારાં સુખનુ શુ નખ્ખોદ વળ્યું તે તો મને બતાવ, પરીન? મારા પ્યારનો એજ બદલો કે? મારી પ્રીતિની એજ પિછાણુ કે?

"એ બધુ તમોને કોણે કહ્યું?"

"વળી બીજુ કહે કોણુ? તારો બાપ પોતે!"

"મારા બાવાએજ કહ્યુ કેની? ત્યારે તો તમોને બોલે બોલ સાચો સમજાયો હશે?" દિકરીએ બાવાને સરટીફીકેટ આપી. "જેહાંગીર, મેહેરબાંની કરી મને કહેશો કે એવણે તમોને શું કહ્યું?"

"વલી કહે શુ? એમ કહ્યું કે એ નાપાક દુકતીબી તમારી માયના મતને મળતી થઈ ગઈ. ને પલકવારમાં બદલાઇ જઇ બધા વકીલોની સાંએ મારો ઝાડિયો કાઢી નાખ્યો.

"શાને વાસ્તે?"

"પેલા હાંકી કાઢેલા રખડુદાસને વાસ્તે!"

'એટલે એમજ કેની કે મેં તેની પક્ષ લીધી.?'

"હા–હા, તેં તેની પક્ષ લીધી, અને તેં તેને વખાણ્યો."

"હું નાં નથી પાડતી; હા; મેં તેને વખાણ્યો, પણ તે કેવી રીતે. મને એક શબબ મળ્યો તેથી."

"અને તે સબબ?"

"સબબ એ કે જેને મારા બાવાએ સીહડીથી ઉતારી ગેરઇનસાફ કીધેલો તેનેજ તેવણ કાલે તમારાં માતાજીએ આપેલા મનસની, ગવસની ને કુનસનીનાં કસમપર ખરો અને હકદાર વારસ કહેવા નીકલ્યા હતા."

"જેહાંગીરની હવે એવડી ખાતરી થઇ કે ગઇ સાંજે આઇમાયે દારાશાહને જે ફજેત કીધા હતા, તે વાતને પરીન પણ ટેકો આપે છે.

"વારૂ પછી?"

"પછી? પછી શુ! તેવણે તેની ચઢતી હાલત જોઇ કોર મરડી ત્યારે મારૂં પાકી આવ્યુ અને હુ એ શબ્દો—ખુદાએ મને તે વખ્તે જે બુદ્ધિ આપી તેવા—બોલી" પરીને ખરેખરો ખુલાશો કીધો. "હું જુઠું નથી બોલવાની. જેહાંગીર! જે હશે તે ખરૂજ કહીશ."

"વારૂ, એ શબ્દો શુ હતા? કોણુની તરફેણુમાં ને કોણુની વિરૂદ્ધમાં હતા?"

"દાદીબાની તરફેણમાં ને બાવાની વિરૂદ્ધમાં."

"વળી તું તે નાપાકનુ નામ મારી પાંસે બોલી? પરીન હુ તુને હુકમ કરૂછ કે આજ પછી એ નામ તુ સદાંનુ બાળી મૂકજે.

"મારાથી તેમ થવાનુ નથી. પરીને હિમતથી જવાબ દીધો.

"શુ બોલી? નાપેકાર દદા!" જેહાંગીરે પરણ્યા પછી પરીનને આ પેહેલવેહલા અપશબ્દો વાપર્યા. "શુ તું મારા હુકમની બહાર જશે.?"

"ખાવિંદ તરીકેની તમો તરફની મારી દરેક ફરજને માટે હું બધાયલી છું. પણ મારા વિચારોને માટે તો હું સ્વતંત્ર છું."

પરીનનું આ મક્કમપણું જોઇ જેહાંગીર તો ઠેંજ થઇ રહ્યો.!

"ત્યારે શુ તુંબી તે હાંકી કાઢેલા ગોલામ તરફ ઢળી ખરી કે?"

"જેહાંગીર! જીભને જરા લગામમાં રાખો—ઘણુા સારા નથી લાગતા તમે ગેઇ કાલના આખાં દિવસમાં કેટલા કેટલા હલકા અપશબ્દો બોલ્યાછ તેનું તમોંને કંઇ ભાન છે."

"તો તેનો હિસાબ તું મને કોણ પુછનારી, રાન ચુડેલ!" દાદીબા તરફ પરીને મક્કમપણું બતાવ્યું તે પોતાથી સહન ન થઇ શકવાથી તે બુબખ ખાવિંદ બખાર્યો. "એક ખાવિંદ તરીકે મને તારા દરેક આચાર વિચાર પરબી હક છે."

"તે હક હુ નથી સ્વિકારવાની. તમે ધણી થયા તેથી તમોને એ માથાં

નથી." પરીન હવે છેડાઇ. તે બિછાનામાં ઉઠી બેઠી. પરીનની બન્ને આયાઓ જેઓ જેહાંગીરનાં હુકમથી ઓરડાની બાહેર બેઠી હતી, તેઓ ધણી–ધણીઆણી વચ્ચેની આ ગરબડ સાંભળી દોડી આવી. પણ જેહાંગીરનાં ડરને લીધે પોતાની બાઇની પાસે જઇ શકી નહિ. મામલો દરપલે વધતો ગંભીર બનતો જોઇ આયા રિતિને ડહાપણ વાપરી લુસીને શેઠાણીને ખબર આપવા મોકલી. આ ખબર મળતાજ શેઠાણી તથા આઇમાય જેહાંગીરના ઓરડા તરફ દોડી પહોચ્યા; અને ઓરડાનું બારણું જે અલગું બધ કરેલુ હતું, અને જેનાં બારગુાની ફાટમાંથી ઓરડાને પેલે નાકે બેઠેલાં તે ધણિ–ધણિઆણી દેખાતાં હતાં તેમની વચ્ચે ચાલતી તીખ્ખી તકરાર ગુપચુપ સાંભળતાં ઉભાં.

પ્રકરણ ૯૪ મું.

"ઉન કાતરવા જતાં ઉન કતરાવી આવ્યા?"

"એક વખત આ ઘર કેવુ સુખી હતુ:" શેઠાણીએ છૂપો અફસોસ કીધો. "અને આજે મામલો કેવો છે! ખરેખર હવે બહાદુરશાહનાં અસલી ને દરજ્જાદાર ખાનદાનની કીર્તિને હદ આવી ચૂકીછ. કોણ જાણે એ ન્હેમ કકાસ આએ ઘેરમાંથી ક્યારે પોતાનું પાપી પગલુ બાહેર લઇ જશે."

"માયજી, તમે કેટલો અફસોસ કરશો? આઇએ શેઠાંણીને રડમસ થયલાં જોઇ ધીમેથી કહ્યું. "જુઓ–જુઓ, જેહાંગીર હવે પરીન પર પાછો છેડાયોછ. સાંભળો, એ મોટે મોટે બોલેછ."

"તારી મકદૂર શુ કે મારી રજા વગર એક પારકા પુરૂષને માટે તુ એક હરફબી કાઢે?" જેહાંગીર પરીન પાસ બખાળ્યો. "તે હલકા હજામનું નામ તારા હોઠપર ફરીથી નીકળતું હું સાંભળશ, તો જોજે કે હુ શું કરૂછ. ધણા લાડથી તુ ધણી છકી ને બેહકી ગઇછ, પણ હવે એ લાડ સધળા અવળા નીકળશે."

"ઓહોહોહો: નહિં તો હું તમારી આએ ધમકીથી બધી બીહી ગઇ!" પરીને જેહાંગીરને હશી કાઢયો. "તમે મને લાડ લડાવ્યા હશે તો તમારી ગરજે લડાવ્યા હશે;"

"એટલે?"

"એટલે શું? હું કુંમારી હતી ત્યારે મારો પીછો કોણે પકડયો હતો? તમે પોતે મને બોલાવતા આવ્યા હતા કે હું?"

"તું નહિં, તારો બાપ!"

"તે મુજી બાપનું નામ દઇ મારૂં લોહી હવે ઉકળાવતા ના" પરીન હવે પુષ્કળ તપી ગઇ. "એ મારો બાપ નહિ, પણ એ તો એક કસાઇ છે,

જેની ખુશામતખોરી ચાલથી મેં મારાં ભવિષ્યનો નાશ કીધો. તમે ને તેવણુ એ બે જણુ એકામતીના થઇ જવાથી હુ નિર્દોષ આજે—"

"આજે શુ ? બોલની—બોલની ? હું જવાબ આપવા તૈયાર છુ. અચકેછ શું કામ ? એમ કહેની કે હુ આજે પરણીને હુ દુઃખી થઇ ?"

"બેશક દુ.ખી થઇ !"

"અને તે દુઃખનુ કારણુ કોણુ ?"

"મારો બેકદર માન માગુ બાપ !"

"તેનુ મને શુ કહેછ ?"

"તમેજ મને પુછોછ કે મે મારા બાપને વકીલોની ઑફીસમાં શું કહ્યું. અને હવે એમ બોલોછ કે 'તેનું મને શુ કેહેછ ?" એ બાપમાંજ અક્કલ હોત તો આજે પોતાની ને મારી સ્થિતિ એવી બનાવતે નહિ. એ બાપમાંજ સમજ હોત તો દારાબા જેવા એક નેક જવાનને—"

"વળી પાછુ તે નાપાકનુ નામ લીધુ ?"

"હુ તો લેવાની ને ફર લેવાની !"

"હુ નથી લેવા દેવાનો ! તારૂ માથુ ભાજી નાખુ !"

"તમે કઇ મારા વિચારના માલેક નથી."

"હુ તારો ધણી છુ, પરીન, હુ તારો પરણ્યો ખાવિંદ છું."

"તે હુ કયા ના પાડુછ—ધણી તરફની મારી દરેક ફરજ માટે હુ તમોને બંધાયલી છુ; પણ શુ બોલવુ, અને શુ નહિ બોલવું, તે માટે તો હું તમામ સ્વતત્ર છુ."

"એટલે ?" જેહાંગીરે ચીચવાઇને સવાલ કીધો.

"એટલે શુ ? એટલે એમ કે હું એક ઇનસાન છુ. મારા બાપે મને એક ઢોર તરીકે ગણીને વેચેલી નથી, જેથી ઢોરની મિસાલ જ્યાં તમે દોરવશો ત્યાં મારાથી જવાવાનું નથી."

"તું આજે ઘણી ચકચક કરેછ હો, રાંન-"

"જે કાંઇ બોલો-બકો તે આગમચ ખૂબ વિચાર કરજો, જેહાંગીર, નહિં તો પછી હુંબી ઓછી નહિ ઉતરૂ જો !

"શુ બોલી ? તુ મારી સાંમે થશે ? મારો એકજ તમાચો—"

"અને પછી તમે બટએ !"

"એમ જો સમજતી હોય તો મારી જોડે ચેચી ચલાવતી વેળા પૂર વિચારથી વરતજે."

હુ તો વિચારથીજ વરતુછ—વિચારનાં વાંધા તો તમારીજ પાંસે છે. વિચારવંત માણસો મોહમાં જે આવે તે કદી બકતાં નથી—તેઓ મરતાં ભાંડ ભાષા વાપરતાં નથી. આવ્યું નહિ આવ્યું, જાણ્યું-અજાણ્યુ ભકભક ભરડી

જવું એ કામ જે લોકને બુધવારના વાંધા હોય તેઓનું છે. મને બતાવોની, મે આજ સુધી તમારા કિયા હુકમનો અનાદર કીધોછ? તમારાં કિયાં ફરમાનથો હું વિરૂદ્ધ ચાલીછ? તમારી કેઇ મરજીને હુ નથી તાબે થઇ? પણ એ સર્વે તમે જ્યાં સુધી ભલાઇથી વરતતા હતા ત્યાં સુધી ઠીકાઠીક હતુ."

"ત્યારે મારી ભલાઇ ભુડાઇમાં ક્યારથી બદલાઈ ગયલી તુ ધારેછે?

"વળી ક્યારથી? ગેઇ કાલથી!"

"એટલે? ત્યારે તુબી મારા બાપ-બેહનનાં વિચારનીજ થઇ ગઈ કે?"

"તો નહિં કાય થાઉ? જે ચીજ દાખલા દલીલોથી સાચેસાચી પુરવાર થાય તે ચીજવિષે મનમાં ખતરો કોણ રાખે? દાદીબા—, અને અહીં વળી જેહાગીરે મોહડુ કચવાવ્યુ, પણ પરીન સામે થયલી હોવાથી તે કાંઈ બોલ્યો નહિ.)—ને માટે હવે કોઈ રીતનો વાધો રહ્યો નથી. તમારા મરહુમ પિતાનો ગુમ થયલો વારસ રૂસ્તીમ બહાદુરશાહ તેજ એ દાદીબા છે એમ દસ્તાવેજોથી નેવણે શિદ્ધ કીધુછ.

"તેણુ બોલ, રાન છછુંદર! તેવણે ને એવણે સાની કરેછ" પરીને દાદીબાને આપેલુ માન જેહાગીરને નહિ રૂચવાથી ઉભરો કાઢ્યો.

"તેવણુનો દરજ્જો એકવાર મે જાણ્યા પછી મારાથી એવો હલકો અર્થસૂચક શબ્દ નહિ બોલાય."

"દરજ્જો? દરજ્જો શાંનો બજ્યોછ? તે કંગાલની પાસે એક ફુટી દમડી નથી, ને દરજ્જો ફરજ્જો શાંની કરી રહીછ."

"ગઈ કાલે જે વાત જાહેર થઈ છે તે મુજબ જોતા હવે એવણુ મારા જેઠ—"

"ચુઉઉઉપ! ચુઉઉઉઉપ! કર્કશા! એક દમ મુગી મર! એકદમ તારૂં ગળું રૂંધી નાખ!" અને એક છેડાયલા સિંહ સમાન જેહાંગીર ઉઠી ઉભો થઈ બખળાયો. પરીન હવે હું વધૂવાર સહન નથી કરવાનો—હવે હુ તારૂં વધારે બોલવું સાંખી નથી શકવાનો અને તેમ થશે તો તેનું પરિણામ શું આવશે તે તું જાણેછ કે?"

"તમે મને મારી નાખશો, એજ કે? જેહાંગીર, હું ઇચ્છુંછ કે તમારે હાથે મારૂં મોત આવે, કે જેથી જે અગન ગેઈ કાલથી મારી છાતીમાં બળવી શુરૂ થઇ છે તેમાંથી અને હવે પછીની ભવિષની નામોશીમાંથી હું છુંટું--રે સદાની છુટું! તમારો એકજ તમાચો મને હમેશગીની ઉંઘમાં મોકળશે, અને તેથી હુજ નહિ પણ તમેબી સુખી થશો!"

પરીન મરવા વટીક તૈયાર થઈ તે જોઇ જેહાંગીરનું ઝનુન નરમ પડી ગયું. તે એકે તડાકે પામી ગયો કે ગેઇકાલનાં બનાવે તેણીના મગજ ઉપર જબરી અસર કીધી છે, અને હવે તે વધૂ દબાણ કરશે તો તેમાંથી સારૂં પ-

રિણામ આવવાનું નથી. વળી **સઘળી પંચાતીનું મૂળ તો પરીન છે.** માટે એને વધૂ છેડેલી નુકશાન કારક છે એમ મનમાં વિચારી જેહાંગીર નરમ પડી ગયો.

"હવે એને વધારે છંછેડવામાં સાર નથી." તેણે વિચાર્યું. "અગર જો હું એને વધુ ચીચવીશ તો એ વધારે સાંમી થશે, અને તેથી પેલા નાપાક તરફ એની લાગણી વધૂ દોરવાશે. બેહતર રસ્તો તો એ છે કે હવે એને તાહડી–મીઠ્ઠી રાખવી. માણુસ ધારેછ શુ, ને ખુદા કરેછ શું ? હુ એને દબડાવવા જતાં સાંમો પોતે દબડાઈ ગયો ! મારૂ કીસ્મત કેવુ ફૂટેલુ સમજવું કે મા, બેહેન, બાયડી, સસરો એ સર્વે મારા વિચારથી વિરૂદ્ધ વિચારનાં થઈ ગયાં ! પેલો ખુશામતખોર વાંદરો ! જેણે મને જુદુ ને માયજી જુદુ સમજાવ્યું તેણે જુઓની કોર મરડી તે ? અરે નસીબ ! તુ કરેછ તે કોઇ કરતુ નથી ! તારાં નખરાં નામવરમા નામવરને નીચો પાડેછ. ને હલકામાં હલકાને કીર્તિને આસમાને ચઢાવેછ. કાલ સહવાર સુધી હું એમ જાણુતો હતો કે મારે જેવો સુખી કોઇ નથી, પણુ આજ સહવારથી હુ એમ માનુંછ કે મારે જેવો દુઃખી કોઈ નથી ! અફસોસ ! પેલા મુજી પાસે અકેક દસ્તાવેજ એવો સત્તાદાર છે કે મારી કશી લડત ટકી શકવાની નથી, પણુ મારેથી લવાય એટલા વાંધા લાવી હું તે હક્ક સાબેત કરતાં તેને હલાક કરીશ." અને એમ બબડી થોડો વાર વિચાર કરી પાછુ ચલાવ્યું. "હું મારા મરહુમ માનવત પિતાની મરતી વખતની વશિયત બજાવવાને નારાજ નથી, પણુ મારા ફૂટેલાં નસીબને હુ શુ કહુ કે જે દુષ્ટથી હુ દસ કદમ દૂર રહેવા માંગનો હતો, તેજ મુજી મારો હિસ્સેદાર નીકળ્યો ? તે પરીનથી જેટલો દૂર હોય તેટલો મારા લાભનો છે. પરીન તેની ગેરહાજરીમાં મારી તરફ માનથી જોવા શીખી હતી, પણ ગેઇ કાલથી તેની કાળી સૂરત જોવા પછીથી તે મામલો હું ફેરવાયલો જોઉ છું. આજે એણે મને જે શોખાઇનાં જવાબો આપ્યાછ, એવા મે એને મોહડેથી કદી સાભળ્યા નથી— બલકે મે એવા વકી કદી રાખી નહિ હતી. પ્યાર વગરનું પરણુતુ એ ખરેખર મન વગરના નાચવા સમાન છે. પરસ્પર જોડાયલાં જીગરો જે અખડ પ્રેમ ભોગવે છે તે જોરજુલમ ને બલજબરીથી બધાયલાઓ નથીજ ભોગવતા એ દુનિયાને દેખીતી વાત છે. પરીનની પ્રીતિ મારી ઉમેદવારીની આગમચ તે મુજી જોડે બધાયલી હોવાથી તે પ્રીતિમા મે ગમે એવું ભગાણુ પાડયા છતાં તેના ગુપ્ત અંકુરો હજી નાશ પામ્યાં નથી એક જોડાયલાં જોડાંને ખોરમાવીને મારી મતલબ હું બર લાવ્યો, તેજ પાપી પગલું મને મારાં નસીબની નાસીપાસીમાં હાલ નડતું કાં નહિં હોય ? અફસોસ ! અફસોસ ! હવે મને મારૂં ભવિષ્ય શિહા જણાય છે. જેવી તે માલેકની મરજી."

અહીં તે ઝનુંની જવાનના સઘળા વિચારો પૂરા થયા. થોડોવાર તે ચુપ

ચુપ ખુરશીપર બેશી રહ્યો, અને પછી ઉઠતાં ઉઠતા બોલ્યો: "પરીન, તારી તબિયત હાલ ઠીક નથી તેથી વધૂ વાત આજે હું તારી સાથ કરવા માંગતો નથી. ને હમણા મારી સાથ ચલાવેલી ચાલ પર પુરતો વિચાર કરવાની હું તને તક આપુ છું, અને મને ઉમેદ છે કે હુ જ્યારે તને પાછો મળુ, ત્યારે તુ તારી આજની મારી સાથના ઉછાછળી વર્તણુકને માટે પસ્તાઇને મારી માફી માગ્યા વિના રહેશે નહિ."

અને એમ બોલી જેહાંગીર પરીનનો ઓરડો છોડી ગયો. તેને આવતો જોઈ શેઠાણી તથા આઇ બાજુમા આવેલા એક મેહરાબમા છુપાઇ ગયાં, અને તે પસાર થઇ ગયા પછી પાછા પોતાને ઓરડે ગયાં.

પ્રકરણ ૯૫ મું.

સાસુજીની શીખામણ.

"શું ધાર્યુ. માયજી? એનું પરિણામ કેવું આવશે?" ઓરડા તરફ ફરતાં આઇએ પોતાની માતાને સવાલ કીધો. "એ માટી–બૈયર વચ્ચે હવે સજ્જડ કચડાવાનુ, હો! એ લોકોનાં દિલ હવે પાછા એક થવાં મુસ્કેલ છે."

"એમાં તમામ વાક તે બેઅકલી બુબખનો છે પરીનની કસૂર એમા જરાબી નથી" શેઠાણી બોલ્યાં." આપણે સારી રીતે જાણીએછ કે એ બધા કજીયાનું મૂળ કારણ પરીનને લીધે છે. એ મુર્ખાઇ વાપરીને તેને કઢંગા સવાલો પૂછવા ગયો ત્યારે આએ રમખાણ વધ્યું કેની? ઓ ખુદા! કોણ જાણે એ દિકરાનુ શુ થશે? હું કાલ કાલથી અદરને અંદર કેવી બળી મરૂછ?"

"તમે બળીને શુ કરશો, માયજી? જે કઇ આપણા લેખમાં લખેલું હશે તે ખરૂ. તમે તો ઘણુંબી સારૂં ઇચ્છોછ, પણ એને ઉંધો અક્કલ સુજવાથી રૂચતું નથીની? પરીન આજે પુષ્કળ સામી થઈ, પણ વાજબી જુઓ તો એ એના વિચારની માલેક કહેવાય. જેહાગીરને એની ઉપર એટલું બધુ દબાણુ કરવાનો કશો હક નથી. ભાઇ તો મારો, પણ મને બોલ્યા વગર ચાલતું નથી કે પારકાંનુ ઉન કાતરવા જતાં પોતાનુંજ ઉન કતરાવા આવ્યો!"

શેઠાણી કાઇ બોલ્યાં નહિ. જેહાંગીરની બદલાઇ ગયલી વર્તણુકથી તેવણુ રજીદા થયલાં હોવાથી આઇનો વાતચીત પર તેવણે બરાબર ધ્યાન આપ્યું નહિ. જેથી તે ડાહી દિકરી માતાને શાન્ત થવાની તક આપી ત્યાંથી ખશી ગઇ.

* * * *

ગઈ રાતે ખાણાંની ટેબલ પર કોઇ હાજર થયલું ન હોવાથી કાવલા

કારભારીએ રાબેતા કરતા આજે અરધા કલાક જલદી નાસ્તાની ટેબલ તૈયાર કરાવી.

"જાહાગીર હેઠ તો કલબમાં ચકરી મારી આવેલા તે કુદી આવેલા ઓહે." તેણે વિચાર્યું. "પણુ હેઠાંણી ને નાનાં બાઈ તો બસારા રાતનાં ભૂખાંજ રીએલાં. વળી ભૂખાં તો ભૂખાં પણુ હાથે આખી રાત પરીનબાઇની પાહે ઉઠવેઠ કીધેલી. એ લોક તો હુખે કે દુખે ભૂખાં રીએલાં, પણુ અહીં કાવલાના તાહા વગર લેવે દેવે હેકાઇ ગયલા તીનુ કેમ? પણ કંઇ નીજીનું નીમક ખાઇએ તીને હારૂ જરા હુખ દુખબી વેઠવું પડેજ તો! અલ્વે!" એમ બબડી કાવલો જેહાંગીરને ખબર આપવા ગયો.

તે હજી તેની પાસે જઈ પુગે તેટલાં જેહાંગીરે ગાડી બોલાવવાનો હુકમ કીધો.

"હેઠ, નાહતો તૈયાર છે."

"મારે નથી ખાવો—મને જરૂરનુ કામ છે."

"એક બે બુક ખાઇને હિધારોની હેઠ, રાતનાબી ભૂખાજ ઓહો!"

કાવલાની આ કદરદાનીનાં બદલામાં જેહાંગીરે ડોળા કકડાવ્યાથી તે બાપડો ચુપચૂપ ત્યાંથી ખશી ગયો, અને ગાડી બોલાવવાનો હુકમ આપ્યો,

પા કલાકમાં ગાડી દરવાજાપર આવી ઉભી અને જેહાગીર, જે તૈયાર થઈ રહેલો હતો, તે કોઇને કાઇ કહ્યા—મુક્યા વગર "કાસ્ટલ' માથી ચાલી ગયો!

નાસ્તાની ટેબલ પર શેઠાણી રતનબાઇ અને આઈમાય શિવાય બીજુ કોઈ હાજર થયુ નહિ. શેઠાણી ગમગીન હોવાથી નાસ્તો લેવાની તેવણુની મરજી નહિ હતી, પણુ પોતાની ગેરહાજરીથી નોકર—નફરોમાં નકામી ચર્ચા વધે તેમજ પોતે નહિ જાય તો આઇમાય પણુ નહિ જાય એ બે કારણુને લીધે તેવણુ ટેબલપર હાજર થયા. વાંચનાર જાણે છે કે પરીન તો ગઇ રાતથી બિમાર હતી. એટલે તેણીથી તો ટેબલપર હાજર થવાય એમ હતુજ નહિ. એટલુ છતાં, પરીનની કાલજી કરીને પોતે નાસ્તો લેવા આગમચ શેઠાંણી તેની ખબર પૂછી આવ્યાં હતાં, તથા નાસ્તાને બદલે પરીનને માટે ખાસ તૈયાર કરવેલો "ચિકિન–સુપ" પોતાને હાથે તેને પાઇ આવ્યા હતાં.

જેહાંગીરનાં ચાલી જવાની ખબર કાવલો કારભારી શેઠાણીને ક્યારની આપી ચૂક્યો હતો. અને તેવણુ નાસ્તો ખાઇ રહ્યા પછી એક બીજી ખબર કહી કે "બાઇ હાએબ, હેઠ નો કલબમાં ગીએલાને ગાડી પાછી મોકવા દીધેલી."

"કલબમાં અસારે?" શેઠાણી અચરત થયાં "તારી કઇ ભૂલ હશે, કાવલા?"

"નીર બાઇ, ભૂલ હાની ? કોચમેને પોતે મને કહેલુ."

"કાઇ દહાડે નહિ ને આજે એ શુ શોખ થઇ આવ્યો ?" આઇ બોલી. "એનો આપણી સાથે રીસાયલો છેકેની! તે કલબમા નાસ્તો લેવા ગયો હશે."

"હુ એમજ ધારૂછ." શેઠાણી આઇનાં મતને મલતા થયા. "પણ એ એક લેખ ઠીકજ થયુ. "આઇમાય, મારો વિચાર એમ છે કે હું આજે ગુપચુપ દાદીબાના મુલાકાતે જાઉ અને તેને કઇ ગંભીર પગલા લેતો અટકાઉ. એ આજે બપોરે બાર વાગે એના વકીલોની ઓફીસમાં આવવાનો છે. ત્યા એની હુ પોતે એક ખાનગી મુલાકાત લેવા ઇચ્છુંછ. તું અહીં પરોનની પાસે રહેશે ?"

"નહિ કાય, માયજી ? તમે જેમ ફરમાવશો તેમ કરીશ-"

"મેં જવા આગમચ પ્રથમ ખબર આપવી જોઇએ હુ ધારૂ છુ કે આપણે ટેલીફોનની મદદથી આપણા વકીલો બેહરામશાહ અને ફ્રાન્સનને ફરમાવીયે કે મેહેરબાની કરી દાદીબાના વકીલો રીચર્ડસન અને રૂસ્તમને ખબર આપવી કે આજ તમારી ઓફીસમા હુ દાદીબાની એક ખાનગી મુલાકાત લેવાની ઇચ્છા ધરાઉ છુ.

આઇમાયને આ યોજના પસદ પડી. હજી ઓફીસનો વખત થયેલો ન હોવાથી ૧૦ વાગ્યા પર મુલત્વી રાખી શેઠાણી તુરતવેલા પરોનના ઓરડામાં ગયા. અલબતા, આઇમાય તેવણની સાથે હતી

"રિતિન–લુસી, તમે જરા બહાર જાઓ–મારે પરોન સાથ કઇ વાત કરવીછ." શેઠાણીએ આયાઓને ફરમાવ્યુ, જે હુકમને તેઓ તુરત તાબે થઇ. આયાઓ બહાર ગયા પછી શેઠાણી બોલ્યા. "દીકરી પરોન, એ આજ સહવારે શી ગડબડ હતી?"

"માયજી, હુ મારા દુઃખની કાહાણી શુ કહુ ' પરોન રડીને બોલી "હુ નહિ ધારતી કે જેહાગીરના મગજની હાલત બરાબર હોય."

"એમ નાં બોલ દિકરી" તે દયાળુ માતાનો જીવ જરા સુગાયો "ગઇ કાલના દરેક બનાવોથી હુ નહિ ધારતી કે તુ વાકેફ હોય ? તુ તો અહીં ને અહી હતી પણ એણે ગઇ કાલે આખો દહાડો મારી સાથે જે અવિવેકી વર્તણુક ચલાવી છે, તે જો તું જાણે તો દાંતમા આંગળી પકડે! આજે અહીં શુ થયુ તે મે કાનોકાન સાંભળ્યુંછ. એટલે હુ હાલ નબળી તબીઅતે તે બધુ પાછું કહી જવાની તને તસદી આપવા ઇચ્છતી નથી. પણ હવે મારૂ કહેવાનુ એજ કે ગમે તેવો પણ એ તારો ખાવિંદ છે, વાસ્તે એ તારી સાથે ચાહે એવી તોડ છોડ કરે તોબી તે તારી એક ધણીઆણી તરીકેની ફરજ કદી ભૂલવી નહિં. માણુસની દરેક ઉમેદ જીંદગીમાં કાંઇ સફળ થતી નથી, માટે આગલી

પાછલી હાલત ગમે એટલી તાજી થાય, તોબી તેં તારા ખાવિંદ તરફ હંમેશાં વફાદાર રેહેવું. તુ ડાહી ને સમજુ દિકરી છે, એટલે હુ તને વધુ કહેવા માંગતી નથી."

"માયજી, મારા ધણી તરફની જેજે ફરજોથી હુ બંધાયલી છું તે સઘળી ફરજોને મારી જીદગીના છેડા સૂધી ચીવટપણે હુ વળગી રહીશ, એ ખાત્રીથી માનજો." પરીને પોતાની સાસુએ આપેલી શીખમણ સાંભળી લઇ નમનતાઇથી જવાબ આપ્યો. "જેહાગીરને માટે મેં આજસૂધી કશી ફરિયાદ કોણબી દહાડે કીધીછ? પણ આજની તેની મારી તરફની વર્તણુક હુ સમજી નહિ શકુ તેટલી હદસુધીની ધાતકી છે. ગઇ કાલે વકીલની ઑફીસમાં દાદીબાને જોતાવાર મારાથી ચીસ પડાઇ ગઇ તેને માટે તથા મેં મારા ફોર મરદ બાપને એ વાજમી સખુનોથી તાણો માર્યો તેને માટે આજે એવણ મારી સાથે લઇ પડયા; પણ જ્યારે હું સામી થઇ ત્યારે પોતેજ દબી ગયા. ગુમ થયેલો વારસ કરીમ બહાદુર તેજ દાદીબા છે એમ હુબી તમારા મતને માનતી થાઉછ, તે એને ગમતુ નથી. પણ હુ તો ખુદાને હાજર નાજર જાંણીને જે હોય તે ખરૂં કહેવાની."

પરીનનુ સંભાષણ હજી વધુ લબાયુ હોય પણ શેઠાણીએ અહીં વાત ફેરવી નાખી. કારણ કે હવે પરીન બોલતા બોલતા દાદીબાવાળી બીના પર આવી હતી, કે જે બનાવ તેના મગજપર ગઇ સાંજથી અમર કીધેલી હતી શેઠાણીએ પરીન પાસે તુરતવેળા તે વાત નહિ કરવાનો ઠરાવ કીધેલો હોવાથી તેવણે તેનું ધ્યાન એક બીજી બાબદ પર ખેચ્યુ.

"વળી પાછો હમણાંબી એ કેથે ઉતરી પડયોછ. એ કયાં ગયોછ, તે તુ જાણેછ કે પરીન?"

"તમે કોણુને વાસ્તે પુછોછ. માયજી?"

"જેહાંગીરને વાસ્તે"

"હું કઇ જાણુતી નથી. એવણ હમણાં હમણા બહાર ફરવાનુ અને મોડી રાતે ઘર આવવાનું પુષ્કળ લઇ બેઠાછ."

"એ દરરોજ જાએછ ક્યાં?"

"કલબને નામે જાએછ—પછી કયાં જાએછ. તે હુ શુ જાણું!"

શેઠાણીએ આ જવાબપર માથુ ધુણાવ્યું.

"એની કલબ ક્યાં આવીછ?"

"અહીં વાલકેશ્વરમાજ છે. રિતિન કહેતી હતી કે તેને કોચમેને કહ્યુ, તુ, કે તે કલબમાં પુષ્કળ માતબર લોકો આવેછ. અને કેટલાક તો દહાડાના દહાડા સૂધી ત્યાંજ પડયા પાંથર્યા રેહેછ."

"મને કંઇ ઠીક લાગતું નથી." શેઠાણી ઉઠતાં ઉઠતાં બોલ્યાં. "વારૂ

તમુને તારી તબિયત તો ઠીક છેની દિકરી ?"

"હાજી."

"હમણા તાપ છે કે ?"

"નહિ, નથી."

"આપણા ડાકટર આવ્યા'તા કે ?"

"હાજી, આવી ગયા."

"તેવણે શુ કહ્યુ ?"

'કહ્યુ કે તાપ સાધારણ છે અને ફિકર જેવું કઈ નથી."

'અને દવાનુ શુ કીધુ ?"

"દવા કે ? દવા તો રાતે ડાક્ટર રીચર્ડસને આપી હતી તેજ પોતેજી ચાલુ કીધીછ."

"ઠીક છે, વખતસર લેતાં રેહજો" એમ કહી શેઠાણી રતનબાઇ તે ઓરડો છોડી ગયાં.

પ્રકરણ ૯૬ મું.

—x—

દાદીબા જોડે શેઠાણીની એક "ખાનગી મુલાકાત."

બરાબર ૧૦ાા વાગે શેઠાણીએ પોતાના સોલીસીટરોપર કોટમા ટેલીફોન મૂક્યો પ્રથમ તેવણે પૂછ્યુ કે "મેસર્સ બેહરામશાહ અને બ્રાન્સનમાંથી કિયા સાહેબ ઑફીસમા હાજર છે ?"

એક કલાર્કે જવાબ આપ્યો કે "મી૦ બેહરામશાહ આવેલા છે. અને મી૦ બ્રાન્સન જે વખત જાએછ, તેમા આવી પુગવાની વકી છે."

શેઠાણીએ ફરમાવ્યુ કે "મી૦ બેહરામશાહની પોતાની સાથે હું વાત કરવા માગુછ."

થોડા વારમાં મી૦ બેહરામશાહનો સાદ ટેલીફોનમાં સંભળાયો. "કેમ, બાઈ સાહેબ, શી ફરમાશ ?"

"મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમની પહેડીમાં ખબર આપો કે હું પોતે આજે દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહની એક ખાનગી મુલાકાત લેવા માગુછ, અને તે તમારી ઑફીસમાં લઇશ. બપોરે એક વાગે મુલાકાત થઈ શકશે ? એમ ચીઠ્ઠી લખી તાકીદે પૂછાવી મને જલદી જવાબ આપો."

"ચીઠ્ઠી લખવાની કંઈ જરૂર નથી, બાનું અમારી અને એ ભાઇબિંધની પેઢી વચ્ચેબી ટેલીફોની સગવડ તૈયાર છે." બેહરામશાહ સોલીસીટરે કોટમાંથી જવાબ આપ્યો.

"બહુ સારૂ, ત્યારે તો—મહેરબાંની કરી જલદી પૂછો."

વચ્ચે પાંચ મીનીટ નહિં ગઇ તેટલા વાલકેશ્વરમાં શેઠાણી રતનબાઇને નીચલો જવાબ મળ્યો:—" મે મી૦ રીચર્ડસન સાથે હમણાંજ વાત કીધી. તેવણને મી૦ દાદીબા તરફથી એક ચીઠ્ઠી અબઘડી મળીછ કે મી૦ દાદીબાની તબીયત ગઇ રાતથી બરાબર નહિ હોવાથી તેવણ આજે ઑફીસમાં આવી શકશે નહિ, માટે સોલીસીટરોએ પોતેજ તેવણને સલાહ આપવા સારૂ વૉટસન હૉટલમાં પધારવું. જો તમો બાઇસાહેબે આજે તેવણને મળવુજ હોય તો મને ફરમાવો. હુ મી૦ દાદીબા પર એક ચીઠ્ઠી લખી તે વિષે આગમચથી તેવણને જાણ કરૂ."

"હા, તમે ચીઠ્ઠી લખો."

'મુલાકાતનો વખત ?"

"બપોરે એક વાગે—ચાલો સાહેબજી !'

* * * * *

ઉપલી ગોઠવણ મુજબ બપોરનુ ખાણુ જરા જલદીથી લઇને શેઠાણી રતનબાઈ પોતાની ભપકાદાર ગાડીમાં કોટમાં ગયાં. આઇમાયને તેવણે પરીન પાસે રાખી આવ્યાં હતાં.

દાદીબા વૉટસન હૉટલમા પેહેલા વર્ગના એક ઉતારૂ લેખે બેહેન શીરીંન જોડે ઉતર્યો હતો. તેને મી૦ બેહરામશાહ સોલીસીટરે આગમચથી ચેતાવેલો હોવાથી શેઠાણી રતનબાઇને તેણે ઘણી ઈજ્જતથી આવકાર આપ્યો. તે એક "ખાનગી મુલાકાત" હોવાથી દાદીબાની કસીબી સૂચના વગર શીરીન તે ઓરડો છોડી ગઇ, જેથી ત્યાં દાદીબા અને શેઠાંણી શિવાય બીજુ કોઇ હતું નહિં.

પેહેલી શુરૂઆતમાં દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહ, શેઠાણી રતનબાઇને, "મારા વહાલાં મુરબીજી માતાજી, તમારાં બચ્ચાંને તમારા આશિષ આપો" એમ કહી વાંકો વળી પગે પડયો, જેનાં જવાબમાં શેઠાણીએ અંતઃકરણનાં વ્હાલથી દાદીબાના "ઓવરણાં" લઇ તેને કોટી કીધી. અને એક માવતરને છાજતા પ્રમાણિક પ્રેમથી તેનાં ગાલપર વ્હાલનુ એક ચુંબન લીધુ.

"સદા સુખી રહેજે, મારા દિકરા! "શેઠાણીએ દાદીબા પગે પડવા વાંકો વળ્યો તે જોઇ આશિષ દીધા. 'ખુદા તુંને લાંબી જીદગી, પુરતી સુખાકારી અને સારી સમજની બક્ષેશ કરે. અને તુ તારા મરહુંમ માનવંત બાપને પગલે ચાલી બહાદુરશાહનાં કીર્તિવંત ખાનદાનને વધૂ ઝલકતું કરે, એ મારી ખરાં દિલની દુવા છે."

"શુકર છે તે બારે હકતાલાના ! કે હું આખરે આજે મારી વર્ષોની ઉમેદે પુગ્યો છું." દાદીબાએ શેઠાણી રતનબાઇ—હવે તેનાં સાવત્ર માતા રતનબાઇ—નાં આશિષોથી ખુશી થઇ એક દિકરાને છાજતાં વ્હાલથી તેવણને

કોટી કરતાં કહ્યું. "માયજી, આજથી મને તમારા પોતાના દિકરા તરીકે ગણજો, અને તે ગણત્રીમાં હું કદી ખોટો નીવડીશ નહીં. મારે જેવી શિક્ષા સરજત ધરાવનાર દિકરાઓ દુનિયામા જવલેજ પેદા પડતા હશે. હુ હજીબી પોતાને ભાગ્યશાલી સમજુછ, કે મારો ભાઇ જેહાંગીર એક હકદાર હિસ્સેદાર તરીકે મને સ્વિકારવાને ભલે ના પાડે, પણ તમો મારા બુઝર્ગ ને ડહપણવંતાં મુરબીજીએ મારા સત્તાદાર દસ્તાવેજોની શાહદત જોતાવાર મને ઇનસાફ આપ્યો છે. માયજી એ ઇનસાફ તમે મને નથી આપ્યો—તમારા બેહેસ્તનશીન ખાવિદ તે મારા મરહુમ પિતા શેઠ અરદેશર બરજોરજી બહાદુરશાહને આપ્યોછ. ભાઇ જેહાગીર મને આજે હિણુ૭ પણ ઇનસાફની દરબાર—પ્રતાપી બ્રિટિશ સરકારનુ બુલદ ન્યાય મંદિર—મને હિણવાનું છે ? માયજી, ગઇ કાલના બનાવોએ મારા મગજ પર એટલી બધી ગભીર અસર કીધીછ કે હુ ગઇ રાતથી સીક થઇ ગયોછ. આખી રાત સખ્ત તાવની બેકરારીમા મે પૂરી કીધીછ અને મારી સાથે મારી બેહેન શીરીન જો અહી નહિ હોત તો હુ સમજી નથી શકતો કે મારી હાલત શી થાત ?"

અહી શીરીન કોણ તેની પિછાણ આપતા ખાનબહાદુર મચેરશાહ માઇમોરવાલાને લગતી તમામ હકીકત તથા તેવણને લગતા દસ્તાવેજોથી દાદીબાએ પોતાની સાવત્ર માતાને વાકેફ કીધા જ્યારે શેઠાણી રતનબાઇએ જાણ્યુ કે દાદીબાને એજ મરનાર ખાનબહાદુર પોતાની મોટી દોલતને વારસો પણ આપી ગયા છે, ત્યારે તેવણની ખુશાલી બેવડી વધી ગઇ.

"દિકરા એ બધી તારા ચડતાં ભવિષની ચલકતી નિશાનીઓ છે." શેઠાણી બધુ સાભળી રહ્યા પછી હર્ષ દેખાડતાં બોલ્યાં. "તે જેટલી રજ પ્રથમમાં ખેંચી તેનો એ અને હવે પછીનો બદલો ખુદરત તને ગંજમાં આપેછ. દિકરા રૂસ્તીમ, તારા મરહુમ બાપ તારે માટે કેવો ને કેટલો ચાહ રાખતા હતા તે લાંબો વખત પસાર થઇ ગયા છતાં હુ હજી ભૂલી નથી. તેવણની જીદગીની મોટામાં મોટી ઉમેદ તુ ગુમ થયલા વ્હાલા બેટાને પાછો મેળવવાની અને મેળવીને તારા સઘલા હકદાર હકો તને અપાવવાની હતી. અફસોસ ! કે તેવણની તે ભલી ઉમેદ તેવણ પોતાની જીદગીમાં ફલવંત થયલી જોવા પામ્યા નહિ. કુદરતના ફાંટાને કાંઇ જૂદુ જ મન્જુર હશે તેથી જેહાંગીર જેવા ફાંટાખોર વારસના વખતમાં તારૂં જાહેર થવું થયું." અને એમ બોલતા બોલતાં શેઠાણીની છાતી ભરાઇ આવવાથી તેવણની આંખ્યોમાંથી આંજુની ધારાઓ ચાલી રહી.

"માયજી, તમે એમ શું કરોછ ?" દાદીબાને તે દેખાવલી લાગ્યા વિના રહ્યું નહિં. કુદરતનું કામ કુદરત પરજ છોડો—ખુદાનું કામ ખુદાજ કર્યો જાય છે. જેહાંગીરની ને મારી વચ્ચે જાહેર રીતે જે જુંબેશ ચાલશે તેથી હું

ઓછો દુ:ખી નથી, પણ એ જ્યારે ખાનગી રીતે નથીજ સમજતો ત્યારે ઈ-નસાફની દેવડીએ જવા સિવાય મને બીજો રસ્તોજ નથી."

'તારૂ કહેવુ તમામ ખરૂ છે, દિકરા રૂસ્તીમ પણ કોરટ–દરબારે ચઢીને તમો બેઉ ભાઇઓ ખાનદાનનો પૈસો ખરાબ કરો તેથી તમારા મરહુમ પિ-તાનું પવિત્ર રૂહ પેલી જેહાંનમા ખુશનુદ નથી રેહેવાનુ. જેહાંગીર કરતાં, મારા વ્હાલા દિકરા રૂસ્તીમ, તુ સમજુ ને ડાહ્યો છે. માટે વિચાર કર કે બહાદુર-શાહવાળાઓની મોટી ઇઝતને એથી કેવો મોટો ધોકો લાગશે ? આપણે લો-કોની બત્રીશીએ ચઢીશુ ? આપણને કોમમા જે ઇઝત છે—મરતબો છે અને માન છે તે બધુ ધૂળમાં મળશે. અને રસ્તે રખડતો એક ભીખારીબી આપણી તરફ આંગળી બતાવશે,'

"મારા માય, મારા વ્હાલા મુરબ્બીજી, તમે કહોછ તે વાત બધી ખરી." "દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહે નમનતાઇથી જવાબ આપ્યો. તમે મુન્જ અદ્દના બેટાની મુલાકાત ચાહી ત્યારથીજ હુ પામી ગયો હતો કે તે મુલાકા-તનો ભેદ મારી અને ભાઇ જેહાંગીર વચ્ચેનો મતફેર ખાનગી રીતે મટી જાય તે જોવામા છે પણ રતનમાય. તમેજ કહો કે એમા કસુર કોણની છે ? મારી કે તમારા દિકરાની ? "

"મારા દિકરાની–એકવાર નહિ, પણ સાતવાર સર્વે કસુર મારા દિક-રાની !" શેઠાણીએ દાદીબાને ઇનસાફ આપ્યો. "તે વિષે હુ તેને કશો દોષ આપતી નથી. મારા દિકરા, પણ હવે સુજી સમજીને કામ લેવુ એ તારી ફરજ છે. '

"તે ફરજ હુ ના પાડતો નથી, મારા માય !" દાદીબા કગળીને બોલ્યો. "હુ પૈસાનો ભુખ્યો નથી—ખુદાએ મારો ખરો હક સાબેત થાય તે આમમચનો મને પોતાના ખાસ ખજાનાથી ચાહેલો છે. મને પૈસાની ભુખ છેજ નહિં. હું મારા માનવંત બાપનું **હકદાર ફરજંદ** છુ એટલુજ પુરવાર કરવાની ઉમેદ ધરાઉછ. એ ઉમેદમાં મારી જોડે મારા બેહેશતનશીન પિતાનો પણ ભાગ છે, કે જેવણુ તમેજ હમણા બોલ્યાં તેમ **તેવણની જીંદગીની મોટામાં મોટી ઉમેદ હું ગુમ થયલા વાહલા બેટાને પાછો મેળવવાની અને મેળવીને મારા સઘળા હકદાર હકો મને અપાવાની હતી.** અફસોસ ! કે મારાં કીસ્મતે તેવણની હૈયાતીમાજ મને કુમક નહિ આપવાથી આજે હુ એક બેકદર ભાઇના પન્જામાં આવી ફસ્યોછ. પણ એ પંજાને પકડનારોબી એક હાથ છે–અને તે હાથ **ઈનસાફ**નો છે. ભલા કે બુરા, ઇનસાફની નજરમાં બધા સરખા છે. ઇનસાનમાં ધીરજ નથી નહિ તો ઇનસાફની દેવી પોતાને પગે ચાલી–ચલાવીને તેને બારણે જઇ ઉભી રહે છે. હુ સુજી સમજીને કામ

લેવા રાજી નહિ હોત તો મારા વકીલો મારફત તમો લોકોની ખાનગીમાં મુલાકાત શા માટે લેત ? હું તેમ કરવાનો ન હોત તો એકદમ દરબારની દેવડી-એજ દોડી પહોંચત, અને જાહેર ઇનસાફથી મારો દાવો માંડત. પણ મને તેવી કાલાફૂલી પસદ ન હોવાથી મે ઉપલુ પગલું ભર્યું છે. હજીબી, મારાં વ્હાલાં માતાજી, તમે જેમ મને ફરમાવશો અને હુકમ કરશો તેમ કરવાને હું રાજીછું."

"તું કેવો ભલો છે દિકરા રૂસ્તીમ !" શેઠાણી તેની ભલાઈ જોડે જેહાગીરની બુડાઇનો મનમા તોલ કરીને બોલ્યાં. "તારા વિચાર તે મારાં જેહાગીરનાં વિચાર હોય તો આપણે કેવાં સુખી કહેવાઇએ ! મરજી ખુદાની."

"માયજી, બધા માણુસના વિચાર એક મળતા ક્યાંથી હોય ? એ બધી મતફેરનીજ મોહકાણ છે નો !"

"પણુ મતફેરનું કયું કારણ ? મતફરનો કઇ સબબ ? દિવાની જોત જેવા દસ્તાવેજ છે ત્યા મુવો મતફેર શુ બજ્યોછ ?"

"જ્યાં મન સાબુત નહિ હોય ત્યા મતફેર પેહલો હોય મુરબીજી." દાદીબાએ ભરમમાં ઇશારો કીધો. "મારા ભાઇની લાગણી મારી તરફ ભલી નથી તેથીજ આજે આએ પાટલે વાત આવીછ.'

"પણુ ત્યારે હવે એનો રસ્તો શુ ?"

"રસ્તો તો એજ, માય, કે જો તમે હજીબી ખાનગી પટાવતથી સઘળુ દાબી દેવડાવવાને સમર્થ હો તો હુ તમારા કોઇબી હુકમની બહાર નથી"

"અને તેમ નહિં હોય તો ?"

"તે વિષે હમણાજ અરધા કલાકપર મે મારા વકીલોની સલાહ લીધી છે." દાદીબાએ ખુલ્લાં દિલથી ખુલાશો કીધો,—'એ સલાહ મને એમ મળીછ કે હજી એકવાર કોશેષ કરી જોવાની બાહેશથી મે મારા વકીલો મારફતે જેહાંગીરપર મારો હક સિકારવા વિષે એક કાયદાસરની નોટીસ મોકલવી. એ નોટીસનો તે શુ જવાબ આપેછ, તે જવાબપર સઘળો આધાર છે. હુ નહિ ધારતો કે એ નોટીસને જેહાંગીર માન આપે; કારણુકે ગઇ કાલે વકીલોની ઑફીસમા તેણે મારી વિરૂદ્ધ જે ઝનુન બતાવ્યુછ તે ઉપરથી હુ અટકળી શકુંછ કે મારી ને એની વચ્ચેનાં આ વાંધાનો ફડચો ખાનગી રીતે સુજી સમજીને પતે એમ મને લાગતું નથી. પછી તો ખુદાને ખબર !"

દાદીબાનું બોલવું એવું રાસ્ત હતું કે શેઠાણીથી કશો જવાબ અપાયો નહિં.

પ્રકરણ ૯૭ મું.

—×—×—

મા દિકરાંની મસલત.

"દિકરા, તારી મરજી સુલેહથી કામ લેવાની છે, એમ એ ઉપરથી પુરવાર થયુ છે." પુષ્કળ વિચાર કર્યા પછી શેઠાણી રતનબાઇ બોલ્યાં. "હુ જે આશાથી તારી મુલાકાતે આવીછ તે આસા એજ છે કે ફરી એકવાર કોશેષ કર્યા શિવાય બહાદુરશાહના ખાનદાનની ઇઝતને ધોકો પૂગે એવું પગલુ એકદમ ઉસ્કેરાઇ જઇ તેં ભરવું નહિ ગઇ કાલે તારા વકીલોની ઑફીસમાં તે અવિવેકી દફતાએ તુને અપ શબ્દો વાપર્યા તેના તે આપેલા એક ગૃહસ્થને છાજના લાયક અને ગભીર જવાબોએ દેખાડી આપ્યુ છે કે બહાદુરશાહના ખાનદાનની કીર્તિની એબ દેનારૂ કોણ છે, અને એબ દેનારૂ કોણ નીવડશે. દિકરા રૂસ્તીમ, હવે તો મેં મારા દિલની તમામ ઉમેદોનો આધાર તારી ઉપર બાધ્યોછ. મારા બેટા, જેને ખરો કે ખોટો નીવડવાનું કામ હવે તારૂ છે. તારા વકીલોએ તુંને આપેલી સલાહ હુ પસદ કરૂ છુ. કાલને કાલ તુ જેહાંગીરને એક નોટીસ પુગાડ, અને તેનો શુ જવાબ મળેછ તેની મને તારા વકીલો મારફતે ટેલીફોનથી જાણ કરજે વકીલોને તાકીદ કરજે કે હુ પોતે અથવા મારી દિકરી આઇમાય શિવાય બીજા કોઇસાથે એ વાત ટેલીફોન મારફતે કરવી નહિ."

"ઠીક છે, માયજી, હુ તમારો હુકમ માથે ચડાઉ છુ" દાદીબાએ નમ્રપણે ઉત્તર આપ્યો. "ગઇકાલે વકીલોની આફીસમાં મને વગર સબબે એણે ગાલ ગલોચ કીધી તે વિષે પોલીસ કોર્ટમાથી મે સમન મેળવવાને મારા વકીલોને ફરમાવ્યુ છે, જે વિષેની અરજ વડા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ સનમુખ તેઓ આવતી કાલે કરનાર છે. એ બાનાથી હુ તમોને અજાણ્યા રાખવા માંગતો નથી"

"દિકરા રૂસ્તીમ, તારો આએ ખુલાશો મને ખેદ ઉપજાવે છે." શેઠાણીએ દિલગીરી દેખાડી, "જો મને એક માતા તરીકે તુ ખરેખરજ ચાહતો હોય તો તો એ ફરિયાદી તુ ખેચી લે, અને કાલે તારા વકીલો કોર્ટમાં હાજર થાય તે પેહલાં તેમને ખબર આપી અટકાવ."

"તમારા સખુનની બહાર હું નથી મારા માય." દાદીબા બોલ્યો "જો આ બનાવને માટે હુ કોઇનીબી તરફ જોતો હોઉ તો તે તમારી તરફ છે, મે તમારા હુકમથી કદી બહાર નહિં જવાનો ઠરાવ કીધેલો હોવાથી હું આજે વકીલોને એ વિષે મનાઇનો હુકમ લખી વાળું છુ'

એમ બોલી દાદીબાએ તુરતજ એક ન્હાની ચીઠ્ઠી લખી એક માણસ જોડે પોતાના વકીલોની ઓફીસમાં મોકલી આપી.

દાદીબાએ શેઠાણીના સખુનને માન આપ્યું, તેથી તેવણ ઘણાં ખુશી

થયાં. ફરી એકવાર વકીલોની ઑફીસમાં જોયલા દાદીબાના દસ્તાવેજો તેવણે જોવા ઇચ્છાયા. આ માંગણી ઉપકાર સહિત સ્વિકારીને દાદીબાએ શીરીનની મદદ લઈ શેઠાણીને પુરતી ધીરજથી તે જોવા દીધા.

"શીરીન બેહેન, માતાજીને અત્રે મુલાકાતે આવેલાં જોઇ તમે ઓરડાની બહાર કાય જતાં રહ્યાં ? જો કે અમારી વાત ગભીર છે પણ તે તમો જેવા વિશ્વાસુ બેહેનને માટે ખાનગી નથી. ચાલો, જરા માતાજીને આપણા દસ્તાવેજો દેખાડવાની તસદી લેવો."

દાદીબા અને શીરીનની ભેગી મદદથી સઘળા દસ્તાવેજ શેઠાણી જોઇ રહ્યા પછી દાદીબાએ તેવણ સાથ શીરીનની ઓળખાણ કરાવી અને શેઠાણીએ શીરીનને હર્ષથી ડોક કરી બૈરાંઓની રીત મુજબ એક કોટી કીધી.

થોડાજ વારમાં શેઠાણીએ મત આપ્યુ કે "શીરીનનો સ્વભાવ અને રીતભાત તમામ મારી આઇને મલતાં છે!"

આઇમાયનું નામ સાંભળી દાદીબા ખુશી થયો. "મારી એ વ્હાલી બેહન કેમ છે, માયજી? ખુદા એને સુખી રાખે! મારી યાદ આપી મારી ઘણી ઘણી દુવા કહેવાની તમો મુરબ્બીને તસદી આપુછ, તે મને દરગુજર કરજો."

"તારી દુવા તારી બેહેનને હુ ખુશીથી કહીશ, મારા દિકરા" શેઠાણી હરખાઇને બોલ્યા. "એ દિકરી તને ઘણી ચાહેછ અને આજેજ નહિ પણ અસલથી ચાહેછ યાદ છે દિકરા રૂસ્તીમ, કે તુ જ્યારે આપણી પરીનનો શિક્ષક હતો ત્યારે તુ તેનો કોણ છે તેમા ખુલાશાની બીનમાહીતગારીમાં એ દિકરીએ તારી સાથ પરણવાની હુજત લીધાથી મેં એજ જેહાગીર જોડે માગુ મોકલ્યુ હતુ ?"

"હા માયજી" અને અહી દાદીબા શરમાઇ ગયો!

"તને શરમાવાનુ કશું કારણ નથી, બેટા!" શેઠાણીએ ચલાવ્યુ. "અમે તે વખ્તે થાડાંજ જાણતાં હતાં કે તુજ ગુમ થયલો વારસ રૂસ્તીમ બહાદુરશાહ છે અને દિકરી આઇનો તો તુ ભાઇ થાય!"

"જેટલાં તમે અજાણું હતાં તેટલોજ હુ પણ તે વખ્તે નિર્દોષ હતો! અને તે છતાં મે તમારી માગણી માન સાથ નાં પાડી હતી.

ખરી વાત છે—ઇનસાંન ખોટાં હોય, કાંઈ ખુદરત ખોટી હોય છે? આપણે ભૂલ્યાં તો શું થયું? કુદરત કઇ ભુલે છે? જેમાં કુદરતી અકુદરતીપણું સમાયલુ હોય તેમાં કુદરતનો સાહેબ મદદ આપેજ કેમ? એક ભાઇ અને બેહેન વચ્ચે ધણી—ધણીઆણીનું નાતું હોયજ કેમ? તેથી તે બારેહકતાલાએ તુંનેજ એવી બુદ્ધિ આપી કે તેં અમારી ગમે એવી લાલચને ન ગણકારતાં તારૂં મક્કમપણું છેવટ વેર સાબુત રાખ્યું."

"તેમ રાખવાનો તે વેળા મને એક સબબ હતો." દાદીબાએ ભરમમાં ખુલાશો કીધો. "માયજી, તે વખતે મારી નજર બીજી તરફ હતી."

"અને તે કહી તરફ હતી તે વાત મારાથી અજાણી નથી." શેઠાણીએ તુરત હાજર જવાબ આપ્યો." આજની આપણી સ્થિતિ એજ 'નજર'ને આભારી છે. જ્યાં તારી નજર હતી ત્યાંજ જેહાંગીરની નજર હતી. અને તેમ હતુ તેથી તો તે તારી નજર ત્યાંથી ખશેડી આઇ પર ખેંચવા માંગતો હતો. જેહાંગીર કદી એવી માંગણી પોતે જાતે કરવાને આવેઓ? પણ એમાં તેની ખાસ મતલબ હતી, અને તે મતલબને માટે આઇની ખાહેશને તેણે ટેકો આપ્યો હતો."

"માયજી, મારાં તમારા સસાર—સુખનો તમારા દિકરાએ નાશ કીધો છ." પરીન તરફની પોતાની આગલી પસદગીની યાદ કરતાં દાદીબાનુ હૈયુ ભરાઆવ્યુ. "જે સ્ત્રીને આજે એ પરણી બેઠોછ તે બૈરીને એકવાર હુ ચાહતો હતો—કહો કે અમે અરસપરસ પવિત્ર કોલથી બંધાઈ ચુકાં હતાં પણ તે કોલ અદા થાય તે આગમચ જેહાગીર જેવા એક પૈમાદાર જમાઇપર મારા તે વેળાના 'શેઠ' દારાશાહ દાવરની માનમાગુ નજર ખેંચાવાથી મને તેવણે વગર ઇનિસાફે અને વગર વાંકે નોકરી પરથી બરતરફ કીધો મે તેવણનો વાકમાં વાંક એજ કીધો કે તેવણની દિકરીને હુ ચાહતા શિખ્યો! જે વિશ્વાષ તેવણે મારી ઉપર મૂક્યો હતો, તે વિશ્વાષને હુ જરાબી ખોટો નીવડયો ન હતો—મે તેવણને શરમાવાનુ કે દુનિયામા ઇઝત જવાનું કશુ કીધુ નહિ હતુ. મે માત્ર એટલુજ કીધુ કે તેવણની રજા વગર મે તેવણની દિકરીને ચાહી હતી. જો કોઇબી ઉમેદવારે પોતાના સંસારના સાથીની પસદગી તે સાથીના બાપની રજાથી કીધી હોત તો હુ પણ તેમ કરત! તેવણે મારી ઉપર મુકેલો આરોપ એજ હતો કે મે **તેવણની રજા વગર** તેવણની દિકરી સાથ **પ્યાર બાંધ્યો** હતો! અને **એ મારા મહાભારત ગુનાહ** (!) ને માટે તેવણે મને પોતાની સીહડીથી હાંકી કાઢયો હતો!"

દાદીબાના આ અસરકારક શબ્દો શેઠાણીપર પુરતી અસર કરી શક્યા. તે ખુબસુરત જવાન તે અસરનું અકસીરપણું પામી ગયો, જેથી શેઠાણી જ્યારે ગંભીર અદાથી બેશી રહ્યાં અને કાઇજ બોલ્યાં નહિ, ત્યારે તેણે પાછું ચલાવ્યુ.

"દાવર શેઠ એક એવા મતલબી, માન માગુ અને ખુશામતખોર શેઠિયા છે કે એવણની આખી જીદગી, એવણ એક સુખી સ્થિતિના આસામી છતાં, બીજા બડેખાંઓની ખુશામત કરવામાં ને જૂતી ઝાટકવામાજ પસાર થઇ છે" દાદીબાએ હવે ખુલ્લે ખુલ્લુ ચુકવવા માંડયું. 'માયજી એ દારાશાહ શેઠનું મેં નિમક ખાધેલું હોવાથી હું એવણની વિરૂદ્ધ બોલું તો મારે માથે નિમકહરામ નીવડવાનો આરોપ આવે, પણ મને કહ્યા વિના ચાલતુ નથી કે એ

વણે મારી સાથ એક ગૃહસ્થને નહિ ઘટી એવી જે ચાલ ચલાવીછ, તે ચાલ પછી હું એવણની ગમે એટલી ન્હેસ મારૂ તો તે ન્હેસને એવણ પુરતા લાયક છે. પોતાની બેટીના સુખ કરતાં જે બાપ પોતાનું સુખ વધૂ ઇચ્છે, પોતાનો સ્વાર્થ વધારે સાચવે, પોતાની નેમને માટે દિકરીની નેમ ઉધી મારે તેને બાપ નહિ પણ કસાઈ કહેવો સજાવાર છે. જેહાંગીર જેવો એક પુષ્કળ માતબર અને દરજ્જાદાર ખાનદાનનો જમાઇ મળે તો એવણનો પોતાનો દરજ્જો પણ વધી જાય અને મોટા મોટા બડેખાઓમાં માન મળે એ નિર્જીવ આપમતલબી લાલચ પર એ ઘરડાએ પોતાની બેટીનો તમામ સસાર શિહા બનાવ્યો— તમામ ઉમેદો તોડી નાખી—અને તમામ સુખનુ સત્યાનાશ વાળી દીધુ. માયજી, આજે તમારી વહુ તમારા દિકરા સાથે વ્હાલથી વરતતી હશે, કારણ કે **ઓરતજાત ચલકતી ચાઇચાઇ ઉપર પેહેલી લલચાય છે**, પણ એજ છોકરી એકવાર તેને અંતઃકરણથી ધીક્કારતી હતી–તેના પૈસા અને પદ્રિને ઠોકરે મારતી હતી–તેનુ નામ માત્ર સાભળી તિરસ્કાર બતાવવી હતી. એક વખત એવોબી હતો કે તે બેવફાની નજરમા જેહાગીર કરતા હુ હજાર દરજ્જે ચડતો દિસ્તો હતો. એક વખત એવોબી હતો કે જે વખતે તે મને એક ઘડી નહિ જેતી તો અધીરી પડી જતી હતી. જ્યારે જેહાંગીર તેનો ઉમેદવાર થયો. ત્યારે દાવર શેઠને તો દરદીને જોઇતું હતુ તેજ વૈદે ફરમાવ્યા જેવુ થઇ પડયુ એજ વખ્તે તે બેવફાની એક ચાડીખોર આયાએ મારીને તેણી વચ્ચે બંધાયલા ચાહનો પાટલો પોતાને કાઇક ઓચ્છુ પડવાની આગમા તે ઘરડા કને ફોડી દીધો. એ રીતે કમનસીબી ફરતી મેરથી મારી ઉપર ફરી વળવાથી તેવણની રજા વગર **મેં તેવણની દિકરી જોડે પ્યાર કેમ બાંધ્યો. (!)** એવુ બહાનુ પકડી લઇ પુષ્કળ અપમાનોથી મને સીહડી ઉતાર્યો."

દાદીબાએ કીધેલો આ ખુલાસો શેઠાણીએ ધ્યાનથી સાભળ્યો. હજી તેની કાહાણી પૂરી થઇ ન હતી.

પ્રકરણ ૯૮ મું.

પરીનનાં નામપર પૂરો વાળ્યો.

"દાવર શેઠને ખુશામતનું ખોળિયુ જાણી લીધાથી જેહાંગીરને તેની ઉમેદવારીમા એવડી કુમક મળી." થોડોવાર રહીને દાદીબાએ પાછું ચલાવ્યું. "એ ઉમેદવારીમાં તેણે પાકદિલથી હરીફાઇ કીધી હોત તો મારી છાતીમાં જે ચોળો રહી ગયો છે તે કદી રહતે નહિં. જ્યારે દાવરશેઠે મને પોતાને ત્યાંથી હાકી કાઢયો ત્યારે તેવણની બેટીએ કીધેલું કલ્પાન્ત ગમે એવા સંગ-

દીલ માણુસની છાતીને પીઘલાવવાને પુરતું હતું. તે વખતનાં તેણીના તમામ વિચારો મારી તરફ ઢળેલા હતા—તે વખતે તેણીનું તમામ દિલ મે જીતેલુ હતુ, જેથી જ્યારે હું છુટ્ટો પડયો ત્યારે ગમે તે થઇ જાય તોબી મને વફાદાર રહેવાનું તેણીએ મને વચન આપ્યુ હતુ એ વચન પર વિશ્વાસ હોવાથી દારાશાહ દાવરે મને આપેલાં અપમાનની મેં કશી દરકાર કીધી નહિ. મને દૂર કરવામાં દાવરશેઠે જેહાંગીરનો રસ્તો મોકળો કીધો હતો, પણ જેહાંગીર સારી પેઠે જાણતો હતો કે દારાશાહની બેટીનુ દિલ મે પુરતુ જીતી લીધેલુ હોવાથી હુ ગમે એટલો નજરથી દૂર હોઇશ તોપણ તેણીનાં દિલથી દૂર થવાનો નથી. તેથી તેણે બેહેન આઇમાયની ઉમેદવારી ઉચકી લઇ મને તેણી જોડે—ખુદા મને આ શબ્દો માટે માફ કરો-જોડી નાખવાની યુક્તિ કીધી હતી કે હું તે બેવફાનાં રસ્તામાથી સદાનો દૂર થાઉ. આઇમાય સાથ હુ—ખુદા મને માફી બક્ષે! પરાણું તો જેહાગીર પેલીને એવું દેખાડતે કે 'જો! દાદી તો બેવફા થયો, હવે તું શાની હઠ પકડી બેઠીછ ' પણ તેની તે નેમ નિષ્ફલ જવાથી તે મુબઇમા નિરૂપાય થયો. તેની છૂપી સલાહથી દાવરશેઠ તેણીને માથેરાન લઈ ગયાં, જ્યા તમારો દિકરો પાછળથી જઇ એજ શેઠના પરોણો ઉતર્યો. એ પરોણાગત ચાખવામાં માતાજી તમે તથા બેહેન આઇમાય પણ સાંમેલ હતાં. આદીં ધમકી, છલ-કપટ અને બલજબરીની અનેક જગ મચ્યા પછી, તમારા દિકરાની જાહોજલાલી જોઇ તે બેવફા સ્ત્રી મને આપેલું યાદગાર વચન ભુલી ગઇ! તેણે જેહાંગીરની માંગણી ખુશીથી કે દિલગીરીથી, આપ મરજીથી કે ફરજ્યાત—તે હુ જાણતો નથી—પણ કોઇબી એક કારણે સ્વિકારી. આ સ્વિકાર થતાંજ એ બાઇ મારા સસાર સુખનુ સદા સત્યાનાશ વાળી તેણીને પરણી બેઠો. "

અહીં દાદીબા ઉઠયો અને એક ન્હાની પેટી ઉઘાડી બ્લુ પરબીડાંમા મૂકેલુ એક કાગળ લાવી પોતાની જગ્યાપર પાછો બેસતાં બોલ્યો. "

"માયજી, તમારા દિકરાએ એક ગરીબનુ સુખ પૈસાના બળથી ઝુંટી લીધું તે આગમચ હું મુબઇ છોડીને મારી તબિયતના સુધારા સારૂ તથા મને ઉપજેલા ગમની શાન્તી સારૂ હિદુસ્તાનના મુખ્ય શેહેરોની સફરે નીકળી ગયો હતો. મારી નેમ મુબઇથી દૂર જવામા એજ હતી કે મારૂ મન પોતાનું દુઃખ ભૂલવા પામે પણ એ નેમમાં હુ સામો નિષ્ફળ થયો. માર્ગમાં મને એક નવાબજાદા જોડે મિત્રતા થઇ. તે નવા બજાદો પણ સફરે નીકળ્યો હતો. અને હેદરાબાદ નિઝામનો રહીશ હતો. તે મને પોતાને વતન ખેચી ગયો જ્યાં તેનેજ મોહડે તેની માથેરાનની મુસાફરીની હકીકત સાંભળતાં અચાનક રીતે મને જેહાંગીર અને દારાશાહ દાવરની બેટી વચ્ચે ગોઠવાયલાં લગ્નની ખબર મળી. આ ખબરે મને અધમૂવો કરી નાખ્યો, ઓ! તે શિકા ઘડી! કે

જે ઘડી જેવી ન્હેશ ઘડી મારી સરજતમાં આજવેર મેં બીજી કોઇ જોઇ નથી. મને તે બીનાં સાંભળીને કેવું દુ ખ ઉપજ્યું હશે તેનો ખ્યાલ, મારાં વ્હાલાં માતાજી, હું તમોને લેશ માત્ર આપી શકતો નથી. એ ખબરથી હું એક સખ્ત માંદગીમાં પટકાઇ પડયો અને મરતો મરતો બચ્યો. પેહેલાં નંબરની તબીબી સારવારનો મને લાભ મળ્યો ન હોત તો આજે તમે મારી હસ્તીથી તમામ અંજાણ્યા હોત. મહોબતખાને આપેલી ખબર કેટલેક દરજ્જે અધૂરી હતી પણ તે પછી મને મળેલાં એક નનામાં કાગળે એ બીનાને સત્તાદાર કરી આપી. એ કાગળ "એક જાણભેદુ"ની સહીથી કોઇએ લખેલો છે. અને હૂ માફું છુ ત્યા સુધી તે બેહેન આઇમાયનુ કામ છે.

"આઇમાય ?' શેઠાણી અચરત થયા "આપણી આઇ ?"

"જી, હા."

"તે કાગળ ક્યાં છે ?'

"આ રહ્યું" અને દાદીબાએ હાથમા પકડેલા પેલાં બ્લુ પરબીડામાથી એ કાગલ ખેંચી તેમાંનુ એક શેઠાણીના હાથમા આપ્યુ.

'હરફ જોકે વાકા ચૂકા કાઢયાછ, તોબી અક્ષર તો આઇનાજ ! ' શેઠાણીને તે કાગળ જોઈ કબૂલ કર્યા વિના ચાલ્યુ નહિ.

"બેહેન આઇમાયના અક્ષર ખરા કે ? ચાલો, મને એજ જોઇનુ હતુ. એ તરફ મારી નહિ પણ મારા મિત્ર નવાબજાદા મોહબતખાનની હતી."

"તેણે આ તરફ કેમ કીધી ?"

"એજ કાગળમાના એક ચોકસ વાક્ય ઉપરથી."

"અને તે કિયો ?" એમ કહી શેઠાણીએ તે કાગળ દાદીબાના હાથમાં મૂક્યુ. દાદીબાએ તે વાકય તે કાગળમાંથી નીચે મુજબ વાચી બતાવ્યો:—

"પૈસા પર મરી ફીટનારી પુતળીઓ પર પ્યાર કરવો કેવો બેજા છે અને ખરેખરાં હેતથી ચાહનારી અબળાઓને વીસરી જવામાં પાછળથી કેવું પસ્તાવું પડે છે તે તમારો દાખલો અસરકારક રીતે શીખવે છે."

"બરાબર છે." દાદીબાએ વાંચેલો ફકરો શેઠાણીનાં ધ્યાનમાં ઉતર્યા વિના રહ્યો નહિં. "એમાં આઇએ પોતાને મળેલી નિરાશા ગોયા બીજા રૂપમાં રજુ કરી છે."

"હાજી." દાદીબા બોલ્યો. "હવે આએ કાગજ જરા વાંચી જૂઓ. એ મેં કોણુને અને ક્યારે લખ્યું હશે તે તમોને આપ મેળે જણાશે. મારી લાગણી તે વખતે કેવી હતી તેનો ખ્યાલ આ દસ્તાવેજ ઉપરથી તમે વાહલાં માતાજી સેહેલાઇથી મેળવી શકશો."

શેઠાણીએ દાદીબાના હાથમાંથી તે કાગળ લીધુ. આ મૂલાકાત દરમ્યાન તેવણે જોઈ લીધું કે દાદીબાએ એકબી વખત "પરીન"નું નામ મોહડાં પર લીધું

નહિ હતુ. જ્યારેબી તે તેણીને લગતું વર્ણન કરતો. ત્યારે અર્થસુચક શબ્દોની મદદ લઇને "તે બેવફા," "તે નાપાક" કે "દાવર શેઠની બેટી" એમ બોલતો હતો. દાદીબાએ પોતાને વાંચવા આપેલો કાગળ કોણુ પર લખાયલો છે તેના મથાળા પરથીજ શેઠાણી પામીયાં. એ કાગળ ૫૦ માં પ્રકરણમાં આપણે વાંચી આવ્યા છીએ, પણ વાંચનારની યાદ દાસ્તને માટે તે અત્રે ફરીથી રજુ કરવાની જરૂર છે.

પ્રકરણ ૯૯ મું.

એક દુઃખ આપનારો દસ્તાવેજ

બેવફા પરીન,

કેવા તુટેલા તન અને મનથી આ લીટીઓ હું લખુ છું તેનો શાહેદ તે રાસ્તીના સાહેબ વગર બીજો કોઇ નથી.

આખરે તુ મને બેવફા નીવડી એવા ખેદકારક સમાચાર મે ભારે દુખ સાથ સાંભળ્યા છે. પૈસા ખાતર તે તારો પ્યાર વેચ્યો છે. અને આપેલાં વચન પર પાણી ફેરવ્યુ છે. યાદ રાખજે, ઓ બેવચની પરીન ! કે જે નાલાયક ચાલ તે મારી સાથ ચલાવી છે, તે ચાલ તો એક દહાડે તે દાદરની દરબારમાં તને જવાબ આપવો પડશે. "દુનિયાં ફરશે પણ પરીન નહિં ફરશે." એવા સાચા વિશ્વાપ પર હુ ભોળવાયો છુ એનો ઇઝતદાર ખાનદાનની કુળવાન નારી તારા જેવુ નાલાયક પગલુ કદી ભરે નહિ—તારા જેવી—નાલાયક ચાલ કદી ચલાવે નહિ. તારી પાછલી વલાણે સાબેત કીધુ છે કે તને એક ખાનદાની અને આબરૂદાર અબળા સમજવામાં હું ઠગાયો છુ. ઓ કગાળ ઓરત ! મારાં ભવિષના સુખને તેં ઊંધુ માર્યુ છે—મારી ખિલતી ઉમેદોને તે કચડી નાખી છે—મારા સાચા પ્યારનો તેં મને ઘણો નાલાયક અને બેકદર બદલો આપ્યો છે. એ જાલેમ ફટકો મારી જીંદગીના છેડા સુધી હું જીનહાર ભુલનાર નથી. પાક પ્યારની પસંદગીથી જોડાયલાં જીગરોનું છેવટ જો એવી પાક બેહાક અને બેકદર બેવફાઇમાંજ આવતું હોય તો હું કહીશ કે પવિત્ર પ્યારની પવિત્રતાને ખાતર તેવાં કુપાત્રો પર કુદરતના સાહેબનો કહેર વરસજો ! જે બેવકુફી ભરેલુ લજ્જિત પગલુ તેં લીધુ છે, તે પગલાંની મેં કદી વકી રાખી ન હતી. જો તું એક એકીનદાર ઓરત હતે તો પૈસા જેવી નીચ ચીજ પર તારો પ્યાર કદી વેચતે નહિ. અફસોસ ! પરીન ! પરીન ! તને મેં એવી નહિ ધારી હતી ?—તારી તરફથી મેં એવી વકી નહિં રાખી હતી—જેવો હું વફાદાર છું, તેવીજ તને પણ હું સમજતો હતો, પણ તે ઉમેદ ધૂળમાં ગઇ છે. જેહાંગીર બહાદુરશાહની જાહોજલાલી અને દોલત પર તું લલચાઇ છે ખરી, કોમની

એક આગેવાન બાનુ બનવાની ઉમેદ પર તારા ગરીબ પણ સાચા ઉમેદવારને વચનથી ફરી બેવચની થઇછે ખરી, પણ યાદ રાખજે, ઓ બેવફા સ્ત્રી! કે મારાં અંતઃકરણની છુપી હાય તને લાગ્યા વગર રહેવાની નથી. "ગરીબની હાય, ને મિથ્યા નહિં જાય" એમ કહેવત છે. એનો અનુભવ આજે નહિં તો પાંચ દહાડે–પાંચ વર્ષે પણ તને મળશેજ મળશે. તુંજ કહેતી હતી કે પ્યાર વગરનુ પરણવું એ ખાંડ વગરની ખીર જેવુ છે. તુજ કહેતી કે મરજી વગરની માન્યતા સ્વિકારી એક મોટાના મેહેલનુ સુખ ભોગવવુ તેના કરતાં પાક પ્યારની ખરી પસદગીથી પરણીને એક ગરીબ ઘેરની સુક્કી રોટલી ખાવામા મોતેબરી છે. એ સઘળા સદ્ગુણો આજે કયાં હવામા ઉડી ગયા ?–એ નેક વિચારો આજે કેમ ફેરવાઇ ગયા ' તારા માનમાનુ બડાઇખોર બાપમાં એક બાળક જેટલીબી અક્કલ હતે તો આજે તુ એવા ખોટા રસ્તા પર કદી દોરવાતે નહિ, અને તારો પ્યાર પૈસા પર વેચતે નહિં. જે મક્કમપણુ તે પહેલા બતાવ્યુ તે મક્કમપણું છેવટ સુધી પકડી રાખવાની તારી ફરજ હતી, તે તે બજાવી નથી મારાં દુખનું મુળ એજ છે તારી તરફ ફરતીમેરનું દબાણ થયુ હોય એ બનવાજોગ છે. પણ પાક પ્યારથી જોડાયલા જીગરો મોટી મુશ્કેલીઓ ખમીને, કિલ્લા જેવા કોટ ઉઠલાવીને પણ અને એકમેકને વફાઇથી વળગી રહે છે. તારી મારી વચ્ચેની મોહબતને "પાક પ્યાર" નુ પવિત્ર નામ આપતાં હવે હુ શરમાઉ છુ, કારણ કે તે કહેવાતા પાક પ્યારને તો તે પૈસા ખાતર વેચ્યો છે ' તે કહેવાતા પાક પ્યારને ભુલી જઇ તુ બીજાની ગોદમા જઇ ભરાઇ છે. પણ સબર ખુદા પર '–તારી આ નીચ અને નાલાયક ચાલનો ગેબી ફટકો કુદરત તરફથી તારી પીઠ પર પડવા વગર રહેવાનો નથી. અખુટ દોલત છે, તે પર બોળવાતી ના. કુદરતના મુગા માર આગળ એ દોલત એક દમડીભાર કામ આવવાની નથી, જરના જોરથી જે ચડાળે મારા ખોળામાથી તને ખુચવી લીધી છે, તેને કહેજે કે પારકું ધન અને પારકી સ્ત્રી પરાયા પુરૂષને કદી પ્રાપ્ત થતી નથી. મારૂ સુખ લુટીને તે કદી સુખી થવાનો નથી. ઓ ફરેસ્તાઓ ! મારી મદદે આવો '

યાદ કર, ઓ બેવફા પરીન ! કે મહાલક્ષ્મીના દરિયા કિનારા પર પેલી ખુશનુમાં ચંદનીની રજનીઓ તારા એક વારના "વ્હાલા દાદીબા" સાથ તુ કેવી પસાર કરતી હતી, અને તારી–મારી વચ્ચે પાક પસંદગી—(ફરીથી મારાથી આ બોલ વપરાઇ ગયો.)—અરે તારી કેહેવાતી પાક પસદગી–ના પાક વચનો કેવાં હેતથી અપાયાં હતા ! ઓ ! તે સુખી દિવસો હું યાદ કરૂછુ, ત્યારે મારી હાલની સ્થિતિમાં જીવવા કરતા મરવુ બેહેતર વિચારૂંછુ. પેલા સુખ–લુટુનો તું કેવો અણગમો રાખતી હતી ? તારા બેકદર બેવકુફ બાપે તારી ઉપર ચલાવેલાં ચડાળ જેહાંગીર સાથ પરણવાના દબાણ વખતે તું કેવી તીખી તકરા-

રથી સામી થતી હતી? તારા માન માગુ અને મોટાની ખુશામત કરનારા બડાઇખોર બાપે તારા ઘરમાંથી મને દુર કીધો, તે વખતે તું શુ શુ વચનો બોલી હતી? ઓ! તે સઘળી વિતક-વાત મને જ્યારે યાદ થાય છે, ત્યારે ચલકતી ચાઇ ચાઇ પર ચશમ ફેરવી નાખવાની તારી નહિ માફ થઇ શકે એવી મહાન મુર્ખાઇ પર મારૂં રૂવે-રૂવુ તિરસ્કાર દેખાડે છે.

યાદ રાખજે, ઓ બેવફા પરીન-ઓ બેવચની પરીન, કે જેમ મારી ખીલતી ઉમેદોને તેના ભર જોબનમા તેં કચડી નાખી છે, તેમ કુદરતનો સાહેબ, મારા પળેપળનાં શ્રાપથી, મારી પળેપળની કદુવાથી, મારી પળેપળની હાયથી-તારા સંસાર-સુખનો નાશ કરશે. તુ મોટી મોટી ઉમેદો પર પરણે છે. ખરી, પણ તારી પ્યાર વગરની (અને પૈસા પર વેચેલી) પરણેલી જીંદગી કદી સુખી થવાની નથી

તુ જો કે મને બેવફા થઈ છે, પણ હુ પોતે એક પાક વચને બધાયલો હોવાથી મારી જીંદગી સુધી બીજી અબળાનુ નામ લેનાર નથી અને સુખ તો મારા નસીબમા હવે છેજ નહિં, પણ દુ ખના જે દહાડાઓ હુ પસાર કરીશ, તેમાં તારી બેવફાઇ અને તારા બેવચની પણાને હરગેજ ભુલીશ નહિ.

તારો એકવારનો ચાહેલો,

દુઃખી દાદીબા.

પ્રકરણ ૧૦૦ મું.

"એની બૈરી"—કોણની?

દાદીબાએ પરીન પર લખેલા કાગળ વાચી શેઠાણીને ખ્યાલ આવ્યા વિના રહ્યો નહિ કે પરીનની બેવફાઇથી તેને જબરૂં દુ ખ લાગ્યુ હતું. આ કાગળે તેવણની નજરમા દાદીબા અને પરીન વચ્ચેનો આગલો પરસ્પર પ્રેમ તમામ ખુલ્લો કીધો તેવણે જોઇ લીધુ કે જેહાગીરની વર્તણુંક ઠપકાને પાત્ર હતી. દાદીબાનુ સુખ લુટી તે પોતે સુખી થયો હતો અને તોપણ, જે અદેખાઇ દાદીબાએ તેની તરફ રાખવી જોઇએ; તે અદેખાઇ તે સામો દાદીબા તરફ રાખી રહ્યો હતો!

"દિકરા રૂસ્તીમ, ગઇ કાલથી આજની ઘડી સુધી મે જે જે બીનાં જાણીછ, તથા જે જે દસ્તાવેજો વાંચ્યાછ, તે સઘળાંએ તારી કીર્તિમાં કાઇ ને કાંઇ વધારોજ કીધોછ" શેઠાણી તે કાગળ વાંચીને દાદીબાને પાછુ આપતાં બોલ્યાં. "એકબી બાબદ તારી વિરૂદ્ધ જાય કે તારો કાઇ વાક જણાય એવી મને જણાઇ નથી. દિકરા, તારાં સંસાર સુખની ઉપર જે લૂટ જેહાંગીરે ચલા-

ગીછ, તેને માટે જેહાંગીરને ઘણું શરમાવાનું છે—દાદારની દરબારમાં એ અને એની બૈરી (અહીં શેઠાણીએબી પરીનનુ નામ દાદીબાનું દિલ દુ:ખાશે એવી નેમથી ન લેતાં "એની બૈરી" એવા અર્થ-સુચક વાકય વાપર્યો.) તારા ગુનેહગાર ગણાશે. '

"માયજી, એમ નાં બોલો !" દાદીબાએ લાયકી બતાવી. "મારાં નહિ, પણ એ લોકો ખુદાનાં ગુનેહગાર તો ખરેખરા છે. તેની ગેબી લાકડીને અવાજ નથી—તેનો એકજ ગુપી ફટકો ગમે એવા બળવાન શેહેનશાહને પાયમાલ કરવાને પુરતો છે."

"ખરૂં છે, દિકરા, ચાલ, હવે હુ રજા ચાહુછ" શેઠાણી પોતાની ખુરસીપરથી ઉઠી ઉભાં થઈ બોલ્યા. "મારી શિખામણ ભુલતો ના."

"નહિ ભુલુ, માયજી, હુ તમારી સલાહથી બહાર નહિં જાઉ. પણ જરા સબર કરો, માયજી, મારા જે દસ્તાવેજો કાલે અને આજે તમે જોયાછ, તે હજી ફરી એકવાર ધ્યાનથી વાંચવા સારૂ ઘેર લઇ જાઓ—મને તમારી ઉપર પુરતો ભરોશો છે

"દિકરા રૂસ્તમ ! તું કેવો ભોળો છે ! મને લાગેછ કે તે જે જે ખમ્યુછ તે એવી ભોળાઈથીંજ ખમ્યુંછ." શેઠાણી દાદીબાની આ ભોળાઇપર પુષ્કળ હેરત થતાં બોલ્યાં. "જે દસ્તાવેજો પર તારી ફતેહનો આધાર છે, જે દસ્તાવેજો પર તારૂ ચળકતુ ભવિષ હજી લટકેલુ છે અને જે દસ્તાવેજો પર તે તારી હકની જગ ઉઠાવી પાયો રચેલો છે. તે દસ્તાવેજો તુ તારા હરીફના પોતાના ઘેરમા આપવા તૈયાર થયોછ. એ તારી કેવી ભોળાઇ દિકરા !"

'માયજી, કોઇની તરફ હુ જોતો નથી—મને તમારાં તરફ જોવાનુ છે મને તમારી ઉપર પુરતો વિશ્વાષ છે મહેરબાની કરી આ ફરિકોની અકબંધ તમે ગાડીમાં મૂકાવી લેતા જાઓ ! મારૂ માણુસ તમોને તે ગાડી સુધી પૂગાડી જશે."

"નહિં દિકરા, મને માફ કર !" શેઠાણીએ ખોલાશો કીધો. "તુ તારી ભોળાઇમા બોલેછ પણ તારો ભાઇ પ્રપચી ને ફરેબી છે. વખતે હુ એ દસ્તાવેજો લઇ જાઉ અને ત્યાં પેલાની નજર પડી તો તેનો નાશ કરવાને એ ચૂકે નહિં હો ?" શેઠાણીએ દાદીબાને ભડકાવ્યો.

"તમારી પુરતી સભાળમાં રહેશે તો કશી હરકત થવાની નથી, માયજી ?" દાદીબાએ જવાબ આપ્યો "અને તે ઉપરાંત જો તમારી નહિજ મરજી હોય તો હું તમારી ઉપર દબાણ કરતો નથી."

"એ દસ્તાવેજો મે આજે એવા પુરતાં ધ્યાન અને ધારજથી વાચી જોયાછ, કે હજાર દસ્તાવેજોનાં ચોડામાંથી હું એને ખેંચી કાઢું. ફરીથી વાંચવાની હવે કશીજ જરૂર નથી."

"વારૂ, આખી ઇસ્કોત્રી નહિં લઈ જાઓ તો ભલે; પણ 'એક જાણ-બેદુ'ની સહીથી મારી બેહેન આઇમાયે મારી ઉપર પેલી બેવકૂના પરણી જવા વિષે લખેલો કાગળ તો લેતાં જાઓ. બેહેન આઇમાયને પૂછજો કે એ કાગ-ળની લખનાર તેણીજ હતી કે કોઈ બીજું ?"

"હા, એ કાગળ હુ ખુશીથી લઇ જઇશ" શેઠાણીએ ખુશી બતાવી અને દાદીબાએ તે કાઢી આપ્યુ.

પોતાના સાવત્ર માતાને જેવી ઇઝતથી તેણે આવતી વેળા આવકાર દીધો હતો. તેવોજ જતી વેળા પણ દીધો. શેઠાણીએ ના પાડવા છતા તે છેક નીચે ગાડી સુધી તેવણને વળાવવા ગયો.

પ્રકરણ ૧૦૧ મું.

"ઈનસાફની હેવડીમાં સઘળો ભેદ ખુલ્લો કરી દેવા માટે અમારાં મોહડાને ટાળાં મરાયલાં નથી."

બીજે દીને દાદીબાએ, શેઠાણીને આપેલી કબૂલાત મુજબ, પોલીસ કોર્ટમાથી જેહાંગીર ઉપર સમન લેના પોતાના વકીલોને અટકાવ્યા. મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમે દદીબાનુ ફરિયાદનામુ એવી અસરકારક ભાષામાં લખા કાઢ્યુ હતુ કે તે વચાતાજ મેજીસ્ટ્રેટ જેહાગીર ઉપર સમન આપવાનો હુકમ કરત. દાદીબાએ વકીલોને ના પાડયાથી તેઓ દિલગીર થયા, કારણકે તેનો મોટો દિવાની મુકદમો તેમનેજ સોપાયલો હોવાથી એ મુકદમાના ધારાના હિમાયતીઓ તરીકે તેમને ગજવાં ભરવાનો તથા તે સાથે કીર્તિ મેળવવાનો બેવડો સંજોગ મળ્યો હતો. અને તેથી તેઓ દાદીબાના આ ન્હાના ફોજદારી મુકદમામાં ઉલટથી ભાગ લેતા હતા !

દાદીબાએ જેહાંગીર ઉપરનો ફોજદારી મુકદમો શેઠાણીની ફરમાશથી અટકાવ્યો, પણ તેજ દીને આગલે દહાડે થયલી ગોઠવણ મુજબ, બહાદૂરશાહના વડા વારસ તરીકે તેવણની દોલત તથા મીલકત ઉપર પુગતા પોતાના હકનો જેહાગીર સ્વિકાર કરે છે કે નહિ, તે વિષે એક નોટીસ પોતાના વકીલો મારફતે મોકલી તેનો આઠ દિવસમાં ઉત્તર માંગ્યો. આ નોટીસ પૂગી ત્યારે જેહાંગીર ઘરમાં ન હતો, જેથી બે દિવસ તે રેજીસ્ટર્ડ પત્ર તેની ટેબલપર પડી રહ્યુ. જ્યારે તેનાં પુષ્કળ કાગળો એકઠા થયાં, ત્યારે કાવલો કારભારી શેઠાણીની સલાહ પૂછવા આવ્યો, જેવણે તે કાગળોમાં એક રેજીસ્ટર્ડ કાગળ જોઇ નોટીસ છે એમ ચેતા જઇ તે સઘળાં પત્રો જેહાંગીરને તેની કલબમાં પુગાડવાનો હુકમ કીધો. તેવણે ધારી રાખ્યુ કે આ નોટીસ મળતાંજ જેહાંગીર, "કાસ્ટલ"માં દોડી આવશે. તેવણની આ ધારણા ખોટી પડી નહિ. કાવલો પોતે કલબમા

જઇ સઘળાં કાગળો પુગાડી આવ્યા પછી વચ્ચે અરધો કલાક નહિં ગયો, તેટલાં જેહાંગીર "કાસ્ટલ"મા આવ્યો. તેણે એકદમ પોતાની મુલાકાત માતાની લેવા ચાહ્યું, પણ શેઠાણી રતનબાઇએ તે મુલાકાત આપવાને નાં પાડી. તેની આગલા દિવસોની વર્તણુકથી પોતાને લાગેલો ગુસ્સો તેને જણાવા દીધો. જેહાંગીર ઓશિઆળો પડેલો હોવાથી શેઠાણીએ મુલાકાત લેવાને નાં પાડી તેથી તેને જબરૂં ભારી પડી ગયુ. એમ છતાં તેણે પોતાની અસલ મમત મૂકી નહિ. તે આજે ચાર દહાડે કલબમાંથી ઘેર આવ્યો હતો પરીન જે રાતે સીક થઇ પડી તેની બહારવણે નાસ્તાના વખતે તે ઘેરમાંથી ગયો હતો, જે પછી આપણે ઉપર આજ તેને આવતો જોયો ત્યાં સુધી "કાસ્ટલ"માં તેણે પગ મૂક્યો નહિ હતો. તેના વિચારો ઉપલા ટુક અરસામા એવા બદલાઇ ગયા હતા કે તેને કોઇનુંબી બોલેલુ રૂચતુ ન હતુ. કલબમા પણ તેણે બીજા મેમબરો જોડે એમજ ચીરડાં કાડયા હતા. દાંદીબાએ વકીલો મારફત કીધેલી નોટીસનો શુ જવાબ આપવો, તે વિષે તે પોતાની માવતરનો વિચાર લેવા માગતો હતો—તો જાકે, વાંચનારથી આ વાત અંજાણી નથી કે તે તેની માતાના વિચારોને માન આપનારો હવે રહ્યો ન હતો—પણ શેઠાણીએ પોતે તે બીનાં આગમચથી ચેતી જઇ તેની બાબદથી અળગાં રેહેવાનુ તુરતવેળા વાજબી વિચારેલુ હોવાથી જેહાગીરને (પાછળથી) જરા ગુસ્સો આવ્યો "પેલા મૂજીનો હક મે નહિ સ્વિકાર્યો તેનો મારાં માયને ગુસ્સો લાગ્યોછ, પણ હુ તેવણુની દરકાર કરતો નથા. એ લુચ્ચો જે દસ્તાવેજો લઇ નાકળ્યો છે તેને મારા માતાજીએ એકદમ ખરા માની દી ધાછ, પણ હુ તેમ માનતો નથી" એવાં ગર્વાભિમાની ઝનુન વચ્ચે તેણે જેહાંગીર કાસ્ટલમાંથી પોતાના વકીલો મેસર્સ બેહરામશાહ અને બ્રાન્સનને કોટમાં ટેલીફોન મૂક્યો. બન્ને ભાગ્યાઓ ઑફીસમાં હાજર હતા. જેમાંથી મી. બ્રાન્સને ટેલીફોનમાં જવાબ આપ્યો કે "શો હુકમ છે." જેહાંગીરે દાદીબાએ મોકલેલી નોટીસથી તેને વાકેફ કરી કહ્યું કે "એનો જવાબ નકાર આપવો છે, માટે તમો બન્ને ભાગ્યાઓએ એકદમ વાલકેશ્વર જેહાંગીર કાસ્ટલમા આવવું." આ માગણી તે જવાન પણ ઉદ્ધત બહાદુરશાહની મોટી અજાયબી વચ્ચે મી० બ્રાન્સને "નાં" પાડી, કહ્યું કે એ કામ અમારાથી બનશે નહિં, તેથી કોઇ બીજા વકીલો શોધી લેવા." "બીજાં વકીલો શોધી લેવા" આ શબ્દો સાંભળતાંજ જેહાંગીરને ગુસ્સો ચઢયો. તેણે એકદમ ચીરડાઇને કહ્યુ કે "મી० બ્રાન્સન તમોને યાદ રાખવાનુ છે કે તમે બહાદુરશાહ ફેમીલીનાં કાયદાના સલાહકારો છો, અને વર્શાષણુથી બંધાયલા છો." મી० બ્રાન્સને જવાબ આપ્યો કે "અમે તમારા અને તમારી ફેમીલીનાં સલાહકાર ખરા, પણ તે સલાહ કાયદાની હદ છોડીને બહાર જવામાં આવે ત્યારે અપાતી નથી." આ જવાબથી જેહાંગીર વધારે ઝનુંની બન્યો. કોઈ દહાડે નહિં ને આજે તમે મારૂં અપ-

માન કરોછ, પણ હું સારી પેઠે સમજુંછ, કે પેલા નીચ મુજીએ સોનાની ચાવીથી તમારૂં મોહડું બંધ કીધુંછ. ફરીથી તમોને હું ફરમાઉંછ કે તમે બેઉ જણે અબઘડી મારા 'કાસ્ટલ'માં આવવું. નહિ તો હુ તમારી ઉપર કાયદા સર પગલું ભરીશ. અને મારૂં કાયદા સંબંધી કામ કરવાની તમોને ફરજ પાડીશ."

"એ ફરજ તમે પાડી શકો નહિ." મી૦ બ્રાન્સને ટેલીફોનમાં લગાર ચીચવાઇને કહ્યું.

"તમે આખાં ત્રણ વર્ષ સૂધી મને બંધાયલા છો."

"હા–પણ તે કેવાં કામને માટે? જેમા ઇનસાફની નેમ જળવાતી હોય તેને માટે, તમે મી૦ દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહનો હક ખોટી રીતે—તેના સઘળા દસ્તાવેજોથી તમામ ખાત્રી કરી લેવા છતાં—ઉડાવવા માગોછો, તો તે કામ માટે અમે તમોને કની મદદ કરવાના નથી. તમારી ફેમીલીનાં કાયદાના સલાહકાર તરીકે અમે બધાયલાં છીએ. પણ એક ખરા હકદારનો હક ખુરાડવાના પાપી પેશામાં અમે તમોને અમારી શામેલગીરી કદી આપીશુ નહિં. તમે કાયદાસર પગલુ ભરવાની ધમકી આપોછો એ તમારી નાલાયકી છે, પણ ઇનસાફની દેવડીમા સઘળો ભેદ ખુલ્લો કરી દેવા માટે અમારાં મોહડાંને ટાળા મરાયલાં નથી એ તમોએ યાદ રાખવાનુ છે"

મી૦ બ્રાન્સન વકીલે આપેલા આ લંબાણ પણ વાજબી જવાબથી પૈસાના મદમા મસ્ત બનેલો તે મગરૂબ જવાન ચાઇ બની ગયો. "ઇનસાફની દેવડીમા સઘળો ભેદ ખુલ્લો કરી દેવા માટે અમારા મોહડાને ટાળાં મરાયલા નથી." એ કેવા સખ્ત જવાબ હતો? જેહાંગીર તે સાભળી ઠંડ થઇ ગયો. તે એકદમ ટેલીફોન આગળથી ખશી ગયો. અને આજે બપોરનાં ખાણા પછી કોટમાં જઈ કોઈ બીજા વકીલોની મારફતે દાદીબાની નોટીસનો જવાબ મોકલવાનુ ઠરાવ્યુ.

પ્રકરણ ૧૦૨ મું.

ચવચવિયું પ્રકરણ.

શેઠાણી રતનબાઇ દાદીબાની ખાનગી મુલાકાત લઈ આવ્યાં તેજ સાંજે "એક જાણભેદુ" ની સહીવાળો પેલો કાગળ કોણનો લખેલો છે તે વિષે આઇમાયને પરપૂછ કીધી. આ કાગળ જોતાં વાર આઇમાયે પ્રમાણિક એકરાર કરી દીધો કે "માયજી, આ નનામો કાગળ દાદીબા પર લખનાર હું પોતે હતી!"

* * * * * *

જેહાંગીર બહાદુરશાહ જોડે મી૦ બ્રાન્સન વકીલને ટેલીફોન મારફતે

થયલી તકરાર શેઠાંણીની જાણમાં લાવવાના હેતુથી મી૦ બેહરામશાહ વકીલે ટેલીફોનનીજ સગવડથી દાદીબાના વકીલો મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમને કહી. જેઓએ તેજ દીને સાંજે એકતરફ શેઠાણી રતનબાઇને તથા બીજી તરફ દાદીબાને જાહેર કીધી. પોતાના વકીલોએ જે વચન આપ્યુ હતું તે વફાદારીથી પાળ્યુ એમ જાણીને શેઠાંણીને ઓછો સંતોષ થયો નહિં.

* * * * * *

જે જવાનને એકવાર પોતે ચાહવા શીખી હતી તે જવાન તો આખરે તેણીનો સાવકો ભાઇ નીકળ્યો તે જોઇ કુદરતે ગુચવેલા તે વિલક્ષણ વર્ગા માટે આઇમાયને થોડો ઓચમો ઉપજ્યો નહિ. દાદીબા પરીનનો શિક્ષક હતો તે વેળાએ આઇએ તેના હાથની ઉમેદવારી કરી હતી એ વાતથી વાચનાર અંજાણ્યા નથી. અગર જો દાદીબાએ તે ઉમેદવારી સ્વિકારી હોત તો આ સાવત્ર ભાઇ-બેહેનની દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહના જણાઇ આવવા પછી, શી હાલત થાત, તે ગંભીરતા વાચક-વર્ગને અત્રે સમજાવી પડશે નહિં પણ જેમ શેઠાણીએ આ બનાવ વિષે વાત કરતા દાદીબાને કહ્યું છે તેમ કુદરત એવા અકુદરતી સજોગને જોગ આપેજ નહિ અને જે ભેદ કુદરતે પોતે છુપાવેલા તે ભેદનુ વણ પોતે છોડવે ત્યાં સુધી એવાં અકુદરતી પગલા ભરવાની ઇનસાનને બુદ્ધિ બક્ષેજ નહિ. કોણ કમબખ્ત ના પાડશે કે આ સખુન શચ્ચાઇથી ભરપુર નથી?

* * * * * *

પેલી તરફ દારાશાહ દાવરે જેહાંગીરે પોતાને આપેલાં અપમાન અને કીધેલી ગાળગલોચથી ઉશ્કેરાઈ જઈ તે મગરૂબ બહાદુરશાહને એક "નોટીસ" મોકલી. એ નોટીસ પણ દાદીબાએ મોકલેલી નોટીસ ને દહાડેજ તેને મળવા પામી. ફરક માત્ર એટલોજકે દાદીબાની નોટીસ સહવારે મળી દાવરશેઠનીને ાટીસ સાંજે મળી અને દાવરશેઠની "નોટીસ"મા ત્રણ દિવસની અંદર તેવણની માફી ચાહવા લખ્યુ હતુ, નહિ તો તેને પોલીસ કોર્ટમાં એકદમ ઘસડવાની ધમકી આપી હતી. જેહાંગીર આ "નોટીસ" થી ભડકયો ખરો, પણ "માફી મંગાવવા માટે દાવર શેઠ માત્ર ભપકી આપે છે" એમ માની લઇ તેણે તે "નોટીસ" નો જવાબ આપ્યોજ નહિં. આ ઉપરથી દારાશાહ દાવરનો ગુસ્સો બેવડો વધી ગયો. તેવણે આગલી પાછલીનો વિચાર એકદમ છોડી દઇ જેહાંગીર પર "સમન" કઢાવ્યો પોતાનાં શાક્ષી તરીકે તેણે શેઠાણી રતનબાઇ, તેવણનો દિકરી આઇમાય તથા કાવલા કારભારીનાં નામ આપી તેઓને "સાક્ષી સમન" પહોંચાડયાં ઠરાવેલે દિવસે પોલિસ કોર્ટમાં મુકદમો નીકળે તે આગમચ શેઠાણીએ પોતાની તથા પોતાની ખાનદાનની ઇઝત—આબરૂને હીણું નહિં લાગે તેટલા માટે દાવરશેઠની મુલાકાત લઇ પુષ્કળ સમજાવટ કરી જોઇ, પણ તે મમતખોર શેઠિયો "એકનો બે" થયો નહિ. દાવરશેઠ બોહસે પડયા

અને જ્યાં સુધી જેહાંગીર તેવણુની મરજી મુજબનું એક " માફી પત્ર " લખી નહિ આપે ત્યાં સુધી તે ફોજદારી મુકદમો પાછો ખેચી લેવાની આંખમાંની તમામ શરમ છોડી શેઠાણીને " ના " પાડી. પોતાના માનવંત મરહુમ વડીલોની મોટી આબરૂ તથા નામને જાહેરમાં હીણું નહિ લગાડવા માટે શેઠાણીએ જેહાંગીરને સલાહ આપી કે દાવરશેઠ જેવુ માગે તેવું માફી પત્ર લખી આપવું. પણ આ તરફ તે ગર્વાભિમાની દારાશાહ દાવર કરતાં દસ ઘણી રાઇ રાખી જાણુતો હોવાથી આબરૂને ગમે તે ભોગે માફી પત્ર લખી આપવાને તે તૈયાર થયો નહિ. શેઠાણી આ મમતખોર દિકરાથી પુષ્કળ રજીદા થયાં. તેવણનું તે ભેજાં ફાટેલ વેગરેટ આગળ કશુ ચાલી શકયુ નહિ. અંતે મુકરર થયલા દિવસે પોલીસ કોર્ટમા કજીયો નીકળ્યો. જેહાંગીરે આપેલા અપમાનને નજરો નજર જોનારો સ્વતત્ર સાક્ષી કોઇ ન હોવા છતાં જે દિવસને માટે વાદીએ ફરિયાદ કીધી તે દિવસે વાદિ પોતાની સ્ત્રી જોડે " જેહાંગીર કાસ્ટલ " માં ગયલો પુરવાર થવાથી મેજીસ્ટ્રેટે જેહાગીરને રૂ ૫૦) નો દડ કીધો । એ રીતે, તે સસરા જમાઇનો વરઘોડો કોર્ટની દેવડીએ જાહેર ફજેતો જોઈ વળ્યા પછી લોકોની પુષ્કળ નાલેશી પામીને અતે ડપટ પડયો! પ્રિય વાંચનાર! "વિનાશ કાળે વિપરિત બુદ્ધિ" ની જાણીતી કહેવત મુજબ જેહાંગીરને પોતાના ગર્વનુ આ પેહેલ્લુ ફળ મળ્યુ.

* * *

ગુજરાતીમા એક કહેવત છે કે "સજાત હોય તે પાઉ પડે ને કજાત હોય તે સર ચઢે" આ કહેવત કેવી અચૂક છે તે શેઠાણી રતનબાઇએ દાદીબા અને દારાશાહના દાખલાઓમાં ખુલ્લે ખુલ્લી જોઇ લીધી. જેહાગીરને પોલીસ કોર્ટમા ઘશડવાની દાદીબાની તૈયારી શેઠાણીના એકજ સુખનને માન આપી દાદીબાએ પાછી ખેચો લીધી. અને દાવરશેઠને શેઠાણીએ અનેક મીનતજારી કરવા છતાં તેવણે પોતાની મમત ન છોડતાં બહાદુરશાહ ખાનદાનની કીર્તિને આખરે કલક લગડાવ્યો એ શુ દેખાડે છે? શેઠાણીનાં બોલોમાં બોલીયે તો એટલુજ કે "સજાત હોય તે પાઉ પડે ને કજાત હોય તે સર ચઢે."

* * * * *

દાદીબાએ બહાદુરશાહ ખાનદાનના ગૂમ થયલા વારસ તરીકે કરેલા દાવાની "નોટીસ" નો જવાબ જેહાગીરે મેસર્સ કપૂરચદ અને માણેકચદ નામે વકીલોની પહેડી મારફતે મોકલ્યો. આ જવાબમાં તેણે તેના હક્ક સ્વિકારવાને સાફ ના પાડી. જણાવ્યુ કે "જે દસ્તાવેજ તેણે રજુકીધા છે તે સઘળા ખોટા તથા બનાવટી છે"

* * * * * *

પોતે આપેલી કબૂલાત મુજબ, જેહાંગીરે તેનો હક સ્વિકારવાની નાં પાડી. તે વિષે દાદીબાએ પોતાના વકીલો મારફતે (ટેલીફોનને રસ્તે) શેઠાણીને વાકેફ કીધાં. શેઠાણી આ બનાવથી બેહદ દુ ખી થયાં. તેવણે હવે દાદીબાને કાયદાની મદદ લેવાની ખુલ્લંખુલ્લી રજા આપી. "હું શુ કરૂં ?" તેવણે મેસર્સ બેહરામશાહ અને બ્રાન્સનની ઑફીસમા દાદીબાને તેડાવી તેની જોડે ટેલીફોનમાં વાત કીધી. બહાદુરશાહ ખાનદાનની હવે પડતી આવેલીજ મને તો જણાએછ. પોલીસ કોર્ટમા આબરૂની ધૂળ કીધા પછી હજી થોડી ઘણી બાકી હશે તે હાઇકોર્ટમા પૂરી કરવાની એ કમબખ્ત કાહરૂનને ઉંધી બુદ્ધી સુજે છ. દિકરા રૂસ્તમ, હવે તુ તારૂ મન સુજ્યુ કરી લેજે. હુ તે મૂઆ દિકરાની સગી માય છુ તે છતાં મને મારા ખાવિંદ તરફની પાક ફરજ અદા કરવાની ફરજ હોવાથી ઇનિસાફની દેવડીમાં મારી શાહેદીની તને જરૂર પડશે તો હુ તારી તરફથી ખુશીથી સાક્ષી આપવા હાજર થઇશ."

બીજી સહવારે આખાં મુબઈ શેહેરમા "હો-હા" થઈ રહી કે મરનાર અરદેસર બહાદુરશાહનો ગુમ થયલો વારસ એકાએક નીકળી આવ્યો છે અને તેણે પોતાનો હકદાર હિસ્સો મેળવવા જેહાંગીર બહાદુરશાહપર હાઇકોર્ટમાં ફરિયાદી માંડી છે. મોટ ખાંચરેનો આ બનાવ હોવાથી સઘળા વર્તમાન પત્રોએ એ બાબદ ઉલટથી ઉચકીને લીધો અને ગુમ થયલા વારસ વિષે તરેહવાર નવી નવી ગરપછાંટ હાંકી પોતાના ગ્રાકકોની સેવા બજાવવા માટે પરસ્પર ચઢાચઢી કરવા માંડી. દરરોજ કાઇને કાંઇ નવા બુટ્ટાઓ છપાવવા લાગ્યા અને પેહલાંથીજ લોક લાગણીની સઘળી વલાણ દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહ તરફ જણાવવા લાગાં.

પ્રકરણ ૧૦૩ મું.

જેહાંગીર એક જુગારી !

બહાદુરશાહ ખાનદાનની આગલી ઇઝત અને આગલો મર્તબો જેહાંગીર જેવા કપૂત દિકરાથી કલકિત બનેલો જોઇ અંત:કરણથી દુ:ખી થનાર જો કોઇ હોય તો તે શેઠાણી રતનબાઇ હતાં. સુરત શેહેરના એક માનવંત પારસી અકાબર તરીકે મરહુમ શેઠ અરદેસર બહાદુરશાહ શું હમકોમ કે પરકોમમાં જે ઇઝત ભોગવતા હતા તે ઇઝત માટે શેઠાણીને મોટુ માન હતુ. એ માનની જેહાંગીર જેવા એક જવાન વારસે ધુળધાણી કરી નાખી તેથી શેઠાણી પર જબરી અસર થઈ. આ અસર હજી થોડા હોય તેમ દાદીબાએ

જેહાંગીર પર પોતાનો હકદાર હિસ્સો ચાહવા માટે હાઇકોર્ટમાં નોંધાવેલી ફરિયાદીએ પૂરો વધારો કીધો. દાદીબાએ માંડેલો મુકદમો શેઠાણીની મજૂરીથી હતો પણ તે મજૂરી તેવણે તમામ લાચારીથી આપી હતી. જેહાંગીરની મગરૂબી હજી જેવીને તેવી હતી. તે દાદીબાને હજી આગળની માફકજ ધિક્કારતો હતો. અને પરીન જોડે તરેહવાર ચીથડાં ફાડી તેણે તેને પુષ્કળ દુઃખી કરવા માંડી હતી. દાદીબાએ માંડેલા મુકદમાથી ખાનદાનનો પૈસો ખરાબ થવા જોડે બહાદુરશાહવાળાંઓની ઇઝતને જે મોટો ધાકો પુગવાની વકી હતી તે વકીનાં વિચારોએજ શેઠાણીને બાવરાં બનાવી દીધા હતાં.

આ સંકડામણ હજી જાણે ઓછી હોય તેમ એક સહવારે એક નવી ચિંતાએ તેમાં વધારો કીધો. શેઠાણી રતનબાઇપર કોઇ "ભલું ચાહનાર" નનામા ધણીએ એક કાગળ લખી પોસ્ટમાં નાખ્યું હતું, જે વાંચી તેવણ પૂરાં હેબતી ગયાં. તે કાગળ આઇમાયે તેવણને ધ્રુજતે હાથે નીચે મુજબ વાંચી સભળાવ્યુ —

શેઠાણી રતનબાઈ,

એક ખાનગી ખબરથી હુ તમો બાઇસાહેબને ચેતવણી આપવાની મારી ફરજ સમજુ છુ કે તમારો દિકરો જેહાંગીર ઘણાં ઉંડાં પાણીમા ફરે છે. બડેખાંઓની કલબમાં મોડી રાતવેર મજાહ મારવાનાં જુઠ્ઠાં બાહનાં તળે તમારો દિકરો તમોને ભમાવે છે ખરી વાત તો એ છે કે પેરીસથી આવેલી એક જવાન ખુબસુરત ફ્રેન્ચ મડમની ગોરી ચામડી પર જેહાગીર મોહી પડયો છે. અને પોતાને ખરચે એક ભપકાદાર મકાનમા તેણીને રાખીને ત્યા તે મોજ મારે છે. આ કાગળમા એક જૂદી કાપલીપર એ મકાનનો નબર તથા પત્તો લખુ છું અને મજબૂત ભલામણ કરૂ છુ કે તમારી ખાત્રી માટે તમે તેની તેહકીક કરી લેવી. વળી જે કલબમાં એ જાય છે, તે કલબ, કલબનાં નામ હેઠળ એક હરડતું જુગારખાનું છે, જ્યાં સઘળા બડેખાંઓ જતા હોવાથી તે આબરૂદાર કલબમાં ખપે છે, અને પોલીસ તે ઉપર ધ્યાંન આપતી નથી, પણ અહી દરરોજ હજારો રૂપિયાની ઉથલપાથલ અને ખરાબી થાય છે. આ જુગારખાનાની બીનાં મેં પાછળથી જાણી છે, અને તે વિષે પુરતી તેહકીક કીધા પછી આ ખુલાસો કરૂં છું. વાસ્તે વગર ઢીલે એ ઉપર ચોંપ રાખી તપાસ કરજો. તમારો જેહાંગીર આખાં જુગારખાનાનાનો આજકાલ સરદાર થઇ પડયો છે, પણ એ સરદારી નામની છે. બીજા લુચ્ચાઓ માહોમાહે સપ કરીને એનો પુષ્કળ પૈસો જીતી લેછે. હું બીહતો બીહતો લખું છું કે આજસુધીમાં જેહાંગીર નઝદીક **એક લાખ** રૂપિયા જુગારમાં હારી ગયો છે, વાસ્તે ચાંપતા ઉપાય લેશો તો તમારા લાભનું છે. મે તો મારી પ્રમાણિક શેવા બજાવી છે એ વિષે મેં તમારી વહુ તે જેહાંગીરની બાયડીને પણ પંદર દિવ-

સની વાતપર એક નનામી ચીટ્ઠી લખી હતી. પણ હું નહિ ધારતો કે તેણીએ તેને કાંઈ વજન આપ્યુ હોય, તે ચીઠ્ઠીમા મે માત્ર તેની ફ્રેન્ચ મડમ ઉપરની દોસ્તગીરીનો ઇશારો કીધેલો છે—જુગારની બીના તો મે પાછળથી જાણી છે, અને તેથી તે આજે તમોને લખી છે જે મામલો હાલ ચાલે છે, તે જો થોડો વધુ વખત ચાલુ રહશે, તો હું ખાત્રીથી કહુ છુ કે તમારા સુખી સસારમા તેથી મોટું ભગાણુ પડશે.

હુ છુ તમારો

ભલું ચાહનાર.

"ભગાણ પડવાનુ બાકી શુ રહ્યુછ ?" ચીઠ્ઠી વાંચી શેઠાણી આ નવા બરપા થયલા સંતાપ પર અફસોસ કરતા બોલ્યા. "અરે ખુદા ? એ શીઆફત ! એ શો સીતમ ! બહાદુરશાહ ખાનદાનની પાયમાલી જડમૂળથીજ થવાની કે કેમ ! એક લાખ રૂપિયા જેહાંગીર જુગારમા આજ સૂધી હારી ગયો ! એક લાખના કાંઈ મોહડાં છે ! ભલા માણુસ ભલુજ ચાહનાર હતો તો સાચા નામથીજ બાહેર કાય નહિ પડયો ? આઇમાય ! એકદમ પરીનને બોલાવ !"

પરીન જરા ફરતી–હરતી થઈ હતી. આઇમાય તેને ઝટ તેડી લાવી.

"પરીન ! આજથી પદરેક દહાડા પર તારી ઉપર કોઈ નનામુ કાગળ આવ્યુ હતુ ?"

"હા માયજી." પરીન અચરત થતાં બોલી "કાય વારૂ ?"

"તે વિષે તે મને તો નહિ કહ્યુ !"

"મેં પેહેલાં વેહેમ પકડયો હતો, પણ પછી મનમાથી કાઢી નાખ્યા કે નનામા કાગળો ઘણીવાર નિર્દોષોની ખાના ખરાબી કરનારા નીવડેછે."

"તે ખરી વાત—પણ ઉપર ટપકેની થોડી ઘણી તેહકીકબી તેં કીધી હતી કે નહિ ?"

"બિલકુલ નહિ."

"અરે નાદાન ! તે કાગળ ક્યા છે ? રાખ્યુછ કે ફાડી નાખ્યું છે ?"

"મે સાચવી રાખેલુ છે."

"જોઉ લઇ આવ ?"

પરીન પોતાના ઓરડામા ગઈ અને તુર્તજ તે કાગળ લઇ પાછી ફરી.

"આ રહ્યું. તમે કેમ જાણ્યુ. માયજી કે મારી ઉપર એક નનામુ કાગળ આયુછ ?"

"આજે તેજ 'ભલુ ચાહનારે' માયજી ઉપર કાગળ લખ્યુછ, તે ઉપરથી." પરીનને મળેલો તે કાગલ શેઠાણી વાંચવા પડયાં, તેટલાં આઇમાયે પોતાની ભોજાઇને ખુલાશો કીધો.

પરીનવાલો કાગળ શેઠાણીને વાંચી જતાં વાર લાગી નહિં. તેવણે

પોતાને મળેલો કાગળ પરીનનાં હાથમાં મુકયો. પરીન જ્યાં ઉભી હતી ત્યાંજ વાચવા લાગી. અરધો કાગળ વચાયો નહિં તેટલા તેના હાથ પણ ધ્રૂજવા લાગ્યા અને કાગળ પૂરો થાય તેટલાં તેનું આખું આંગ કાંપવા લાગ્યાથી શેઠાણીએ તેને એક સોફાપર બેશાડી દીધી

તે નનામુ કાગળ વાંચી પરીને પોતાનુ કપાળ કુટયુ.

" માયજી, હવે બાજી હાથથી ગઇ. મેં નાદાંની વાપરી તમારેથી પેહેલું કાગળ છુપાવ્યુ. ત્યારે આ બીજાું કાગળ આવ્યુ તે ખાનાખરાબીની એક બીજી બાતમી લેતુ આવ્યુછ! ઓ ખુદા! હવે મારૂ શુ થશે!"

" સબર કર દિકરી! ઉશ્કેરાવાનું એ કામ નથી." શેઠાણીએ પરીનને પટાવી. 'હવે આપણને એના બેઉ ભેદ મળી ગયાછ. આજ કાલ એના ઢંગ જે હુ બદલાયના જોઉછ, તે ઉપરથી કહુછ કે આ બે ગંભીર બાબદમાંથી એ કપૂત દિકરો ખરડાયો હોય એ નહિ બનવાજોગ મને લાગતુ નથી. મારી સરજતમા મારા એકપુરાં ફરજંદનુ મુખ ધરડે–ઘડપણ જોવાનું નહિં હશે ત્યારે આજે હુ એવું એવુ સાભળુંછ. ખેર–મરજી માલેકની. હું હવે તુંને એકજ મવાલ પુછવા ચાહુછ અને તે એ કે દિકરી પરીન તને મળેલાં આ નનામાં કાગળ વિષે તે જેહાગીરને કાંઇ જાણ કરી હતી કે?

" બિલકુલ નહિ "

" મને એટલુજ જોઇએછ " શેઠાણી બોલ્યાં. " હુ તુ ને આઇ. એ ત્રણ જણ શિવાય આએ બીના ચોથુ કોઇ જાણતું નથી માટે તે વિષે આપણે પુષ્કળ સભાળ રાખવાની છે, ચાલ દિકરી પરીન, એ વિષે મનમા કશુ રાખતી ના. હુ એની છુપી બાતમી મેળવવાની હવે તજવીજમાં રહીશ."

રડતી ચશમે પરીન તે ઓરડો છોડી ગઇ

પ્રકરણ ૧૦૪ મું.

—x—

નવરોજજી નાજર.

"તમારો ઉપકાર થયો, મી૦ નવરોજજી, તમે અમારી ભૂલ ભાંજી અમોને સાવચેત કીધાં તેથી અમે તમારા આભારી છઇએ." બીજી સહવારે એક અજાણ પારસી ગ્રહસ્થ જોડે દિવાનખાનાની બાજુનાં ખાનગી મુલાકાત લેવાના ઓરડામાં શેઠાણી બોલતા સભળાયાં. " તમારી નનામી ચીઠ્ઠી પુગા પછી મે તમોને કેમ મલતું તે વિષે પુષ્કળ વિચાર કરી આજના ' ટાઇમ્સ' માં જાહેર ખબર નખાવી, જે વાચીને તમે હિમતથી મને મળવા આવ્યા તેથી તમારી આભારી છુ, મારી મરજી જેહાંગીરનુ જુગારખાનું જાતે જોવાની છે."

"તે બની શકવું ઘણું મુશ્કેલ નથી." પેલા મી૦ નવરોજજી, જેવણ એક સારા જીવદાર તથા આબરૂદાર આસામી હતા, તેવણે જવાબ આપ્યો. "ત્યાં એક કારભારી છે તેને હું લાલચ બતાવી હાથમાં લઉં તો આપણી નેમ સંપૂર્ણ રીતે બર આવશે."

"હવે એ ગોઠવણ કરવાનું કામ તમારૂં છે" શેઠાણી બોલ્યાં. "આજે થતું હોય ત્યાંસુધી કાલપર રાખશો નહિં."

અત્રે મી૦ નવરોજજીની મુલાકાત પૂરી થઈ, તેવણ જેહાંગીર "કાસ્ટલ" માંથી નીકળી પાધરા કલબમા ગયા. અને વચ્ચે અરધો કલાક નહિ ગયો તેટલાં પાછા ફરી શેઠાણીને કહ્યું કે "આજે બરાબર દસ વાગે રાતે હું તમોને લેવા આવીશ. તમે તૈયાર રહેજો. રાતબી અંધારી છે અને સઘળું મે ગોઠવી રાખ્યું છે."

"હું સાથે જેહાંગીરની બાયડીને લાઉંનો ચાલશે?"

"ચાલશે—પણ તેવણે પોતાની લાગણીઓ કાબૂમાં રાખવી પડશે."

* * * * *

નવરોજજી નાજર એક ગુણવંત ગૃહસ્થ હતા, તેવણ મુંબઇ શેહેરમા એક એકાન્તવાસી શેઠિયા તરીકે વધારે જણાયલા હતા. જાહેર હીલચાલોમાં તેવણ કશો ભાગ લેતા ન હતા. તેવણ જેમ આજના સુધારાળાઓની સફના ન હતા તેમ જૂના વિચાર વાળાબી નહિ હતા તેવણ મધ્યમ વિચારોને પસંદ કરનારાઓ માહેલા એક હતા. જે રીતભાત પોતાને સારી અને મગીનજણાય તે રીતભાત તેવણ પસદ કરતા હતા. ખોટી ખુશામત, ઠાલી મોટાઈ અને ગરીબો તરફની હલકાઇથી તેવણ તમામ મોકળા હતા. તેવણની નમનતાઈ નકલ કરવાજોગ હતી. ટુંકમાં, આચાર વિચારોની બાબદમા તેવણ એક ચુસ્ત "રેડીકલ" હતા.

તેવણની ઉમર ૬૫ વર્ષની હતી, જેનો ખ્યાલ તેવણની સફેદ રૂની પૂણી જેવી લાંબી મોટી દાઢી ઉપરથી મળતો હતો. તેવણનાં માથાંનાં બાલ તમામ રૂપેરી બની ગયા હતા. નેકી અને નીતિ સંબંધી નવરોજજી નાજરના વિચારો સાંભળવા એ એક પાકા ઉસ્તાદ પાસે ઉમદા શિક્ષણ મેળવવા જેવું કીમતી હતુ.

પ્રકરણ ૧૦૫ મું.

જાંહાંગીરનું જુગારખાનું.

રાત અંધારી હતી.

દસ વાગી ગયા હતા. મુંબઇ શેહેર આખા દિવસની હેજગારીથી પરવાર પામી હળવે હળવે શાન્ત થતું હતું, આકાશમાં તારાઓ તકતકી રહ્યા

તા, પણ તેમની રોશનીનો ઝાંખો પ્રકાશ પૃથ્વીની પીઠપર આવતો અટકાવાને વાદલાંઓ અદેખાં પડયાં હોય તેમ આખું ગગન ઘેરાઇ જવાથી તે રોહા રજનીનાં અંધકારમાં એવડો'ંવધારો થઈ રહ્યો હતો.

નવરોજજી નાજર બરાબર દસને ટકોરે "જેહાંગીર કાસ્ટલ" માં ાજર થયા. શેઠાણીએ આગમચથી સૂચવ્યા મુજબ તેવણ પાછળે રસ્તે આવી ાગમાંજ થોભ્યા, જ્યાં તે બાગના માલેકની મા અને બાયડી વખતસર જઈ હોંચતાજ તેજ રસ્તે તેઓ જેહાંગીરની કલબ—બીજા અને ખરા બોલોમાં ોલીયે તો જેહાંગીરનાં જુગારખાના તરફ ગયાં. શેઠાણીએ એક કાળો મોટો ગલો માથાંથી પગસુધી ઓઢી લીધો હતો. તેવોજ એક ઓવરકોટ પરીને ોળબ્યો હતો. નવરોજજી નાજર આગળ અને તે સાસુ—વહુ પાછળ ચાલતા ના આજની રાત કેવા દેખાવો દેખાડશે, તે વિષે શેઠાણી તથા પરીનનાં ગજમા તરેહવાર ભયાનક ખ્યાલો ઉપજી રહ્યા હતા. કલબનું મકાન એક ેકાન્ત જગ્યા તરફ આવેલું હતું. બરાબર વીસ મીનીટ ઝડપુ કદમે ચાલ્યા છી તે મકાનના પાછળા ભાગપર તેઓ આવી લાગ્યાં. અદરથી આવતા પોારાઓ ઉપરથી નવરોજજી નાજરે શેઠાણીને ખબર આપી કે સઘળા મેમબરો ારના આવી ચુકયા છે, અને જુગાર ખેલવાનું કામ શુરૂ થઈ ચુકુ છે. કલનાં પાછળા કમ્પાઉડની બહાર એક મોટાં ઝાડ નીચે તે બન્નેને ઉભાં રાખી ાજર શેઠ દરવાજા તરફ ગયા, પણ હજી તેવણ ત્યા પુગે તે આગમચ તેવણને ામળી ઓઢેલો તે કાળો આકાર હીલતો જણાયો.

"એ કૌન હય ?" તેવણે પૂછયુ.

"રહીમ" પેલા આકારે ઉત્તર આપ્યો.

"કયસી ખબર ?"

"બહોત ખૂબ."

"જમા હૂવે ?"

"જી, હાં."

"જબ કયસા ?"

"આઇયે જનાબ !"

અને એમ બોલી રહીમ દરવાજા તરફ ચાલ્યો. નવરોજજી નાજરે ોક ટચાકડી ફોડી શેઠાણીને પોતાની પાછળ બોલાવ્યાં.

રહીમ તે ત્રણેને દરવાજામાં દાખલ કરી બાહરોબાહારને એક છૂપે ાંદરે ઉપર લઇ ગયો. અને કલબનું દારૂકામ રાખવાના એક અંધારા ઓરડામાં ઈ જઈ એક મેચીસની મદદથી જે દિવાનખાનામાં જુગાર રમાતો હતો તે દેવાનખાનામાં નજર પડે એવી એક આગમચથી અળગી કરી મૂકેલી બારી પાગળ ઉભાં રાખ્યાં.

"યેહ ખીડકીસે સબ કુછ નઝર આએગા. દેખો, ખૂબ હુશિયાર રહો ! અઢાઈ બજે સબ લોક ગએ બાદ હમ ઇદર આએગા. હમે આએ બીના તુમ બાહેર મત નીકસો."

એમ બોલી રહીમ તે ઓરડો છોડી ગયો.

ત્યાં તમામ અંધારૂ હતુ.

જે બારી આગળ તેઓ ઉભા હતાં ત્યાંથી અંદરનાં દિવાનખાનાંનો તમામ દેખાવ નજર પડતો હતો શેઠાણી તથા પરીને મોટા અફસોસ વચ્ચે જોયુ કે તે જુગારી ટોળકીમા જેહાંગીર બહાદુરશાહ પણ હાજર હતો !

આખાં દિવાનખાનામા નઝદીક ૪૦ જણા ભેગાં મળેલા હતા. જગેજગ પાસ, સોગઠાં અને તે રમવાના પાટિયા પડેલાં હતા. પાંચ પાચ સાત સાતની ટોળકી મળી તેઓ બેધડક જુગાર રમતા હતા.

"ચાલ દોસ્ત, આજે આપણે એક દાવ માંડી નસીબ અજમાવીયે" મચુ મુનસી નામે એક હરડતા જુગારીએ જેહાંગીરને માંગણી કીધી

"મે ના કોણને પાડીછ કે તુને પાડુ દોસ્ત મચી ?" જેહાંગીરે જવાબ આપ્યો. આ જવાબપર પાસેના અધારા ઓરડામા શેઠાણી તથા પરીને એક હાય મારી. "ચાલ આવી જા, દિકરી !"

"ઓ યસ! બોલ ! બોલ, કેટલાની બીડ ?"

"તું બોલ !"

"નહિ, તું બોલ !"

"નહિં, તું બોલ !"

"હું નથી બોલવાનો. મારે આજે તારી પાસેજ બોલાવવુછ."

"વારૂ ચાલ, એક ન્હાની જેવી રકમપર આપણે નસીબ અજમાવિયે."

"જેમ તારી મરજી. બોલ બીડ કેટલાની ?"

"ફકત ૫૦૦૦ ની!

"કબુલ! વારૂ કિયા પાસાએ જીત ?

"બે ઘોડા !"

તુર્તજ દાવ શુરૂ થયો, પણ દાવ શુરૂ કરવા આગમચ મંચીએ વિસ્કી માંગ્યો. "વિસ્કી લાઆંઆવ !"

"લાયો સાહેબ!" કહી એક પારસી નોકર મંચી તથા જેહાંગીરને માટે બે ટમ્બલર, એક બાટલી અને થોડું આઇસ લઇ આવ્યો.

મચીએ પોતાને હાથે તે બન્ને ટંબલરમાં દારૂ તથા આઇસ નાખી થોડું શીપ કીધુ અને પછી રમતપર ધ્યાન આપ્યું.

"તે બે ઘોડા કહ્યા કે, દિકરી ? ચાલ લાવ જોઉં ? લે આએ બે

ચિત્ર ૨૩ મું.



[બ્લૉક—જી૦ ન૦ ખરેઘાટ.

“જોયુ બાઈ સાહેબ ? આઓ એમ !” નવરોજજી નાજરે જાહાગીરની હાર પર તે અધારા ઓરડામા શેઠાણીનુ ધ્યાન ખેંચ્યુ. “જુઓ ! જુઓ ! હવે તે હજાર હજારની નોટોના પાચ કટકા મચીને ગણી આપે છે !”

[સફે ૪૦૭.]

ડા !" અને એમ કહી મંચીએ પાટિયાંપર પાસા ફેકયા. "અરે તારી ! ડાને બદલે બે ચોક પડયા !"

મચીની હારપર હાશીને જેહાંગીરે પાસા હાથમાં લીધા અને તે ફેકવા ાગમચ વિસ્કીને પેગ પૂરો કરી ગયો.

"ચાલ હવે સેવકનાં નસીબને ચમકારો જો, દોસ્ત મચી'" હાથમા પાસા હીલવતા તે બોલ્યો. ચાલ પાંચ હજારની નોટોનુ બડળ તૈયાર ખ ! લે આએ બે ઘોડા !"

"છકરેજીનાં સાત !" મચી: જેહાંગીરના પાશા ખોટા પડેલા જોઇ ખખડ હશીને બોલ્યો. "લાવ, લાવ, એ તારા નસીબને નથી. એ તો સેવક જીતવાનો ! આતશબેહરામ પાદશાહ મને યારી આપે તો લે આએ સેવકના ઘોડા !"

અને ખરેખર તેમજ હતુ. મચીના પાસા બરાબર પડયા ' તે "ફત્તેહ ! ત્તેહ !" બોલતો પોતાના ટમ્બલરમાંને વિસ્કી ગટાવી ગયો, અને જેહાંગીરનો હરો ઉતરી ગયો !

"જોયું બાઈ સાહેબ? આએ એમ !" નવરોજજી નાજરે જેહાંગીની હાર પર શેઠાણીનુ તે અંધારા ઓરડામા ધ્યાન ખેંચ્યું. "જુઓ ! જુઓ ! વે તે હજાર હજારની નોટોનાં પાચ કટકા મંચીને ગણી આપે છે !"

"ઓ ખુદા ! એ કેવી ખુહારી !"

"ઓ પરવરદેગાર ! એ કેવી પાયમાલી !"

ઉપલા વાકયો શેઠાણી અને પરીનના મો'માથી નાકળી પડયા વિના ાહ્યા નહિ.

મચી પોતાની ફત્તેહ પર ફુલાઈ ગયો. ચલાવ જલદી જેહાગીર, ઝટ ઝટ સેરવી દેની યાર ? તુ કયાં એવો કાચ્ચો હોય કે પાંચથી વધૂ કકડાઓનુ મેકેક બડળ બાધે ?

"મને ગણવાબી દેશે કે નહિ, મંચી ? એટલી ઉતાવળ શી છે ? કજી તો અગ્યાર વાગ્યા. આપણે બે અઢી વાગે: છુટા પડીશુ, તેટલા તને રમવાનો પુષ્કળ વખત મળશે." જેહાંગીર બોલ્યો.

"પણ તુંજ કહેછની કે હુ ઘેરથી આઉછ ત્યારે પાંચ પાચ હજારનાં પાંચ બંડળ બાંધીને લાઉછ ?" મંચીએ જેહાંગીરને યાદ આપી.

"હા—તેથી તુ કહેવા શુ માગેછ ?"

"ત્યારે એકવાર ગણેલી નોટો—પાછી શાની ગણેછ? એકાદ કકડો નહિં વધારે આવી જાય ! અને આવી જશે તો હું કાલે પાછો પ્રમાણિકપણે આપી દઇશ !"

"અરે વાહરે તારી ફીલસુરી !" જેહાંગીર તે પ્રમાણિક જુગારી (!) નાં પ્રમાણિકપણાં પર હશતાં હશતાં બોલ્યો. "તુ તો કોઈ પ્રમાણિક જુગારી

દેખુ ! મે તો આ વાત આજે જાણી ! ચાલ, જો ગણી લે, બરાબર પાંચ કકડા છે ?"

"છે–બાપુ, છે; દિકરી, છે. જોયું કે દોસ્ત દોલીબા ? આપણાં બહાદુરશાહ શેઠને પાચ કટકા કાઢી આપવા પડયા તે કેવું કડવું લાગેછ ! બચારો ચીપી ચીપીને ગણી જોએછ ' હેં હેં હે હે હે હે ! ' અને મંચી અહીં ખડ ખડ હશી પયો.

"હું કદી માનુ નહિ, મચી, જેહાંગીર જેવો દિલનો દુલ્લો ને મનનો ખુલ્લો આપણી કલબમા બીજો કિયો મેમબર છે તે તો બતાવ ' " આ વળી કોઈ દારાશાહ દાવરનાં ભાઇ (') દોલીબાએ જેહાંગીરને મસ્કો લગાડયો. અને તે "દેખાવ" પર શેઠાણીએ પાસેનાં ઓરડામાં વળી એક હાય મારી.

"એવી નિર્જીવ રકમને તો હુ મારા નખનો મેલ સમજુંછ!" જેહાંગીર ફુકરાઇને પૈસાની મદદમાં મુછ મરોડતો બોલ્યો.

"સાંભળો ! બાઇ સાહેબ સાંભળો ' પરીન બાનું સાંભળો ! પાચ હજારની રકમ તો તમારા જેહાંગીરને મનસે તેના નખનો મેલ છે! " નવરોજજી નાઝરે તે કમનસીબ અબળાઓને એક નવુ ચિત્ર દેખાડતાં ટીકા કીધી.

"તારા જેવા લક્ષાપતિને પાચ હજાર શી ગણત્રીમાં હોય, બા ? " મનચુ મુનસી પોતાના તથા જેહાંગીરનાં ટંબલરમા ફરીથી વિસકી તથા આઇસ નાંખતા બોલ્યો. "બેશક એ તો તારા નખનો મેલજ છે ! ચાલ દિકરી જેહાંગીર, એક બીજો દાવ માંડિએ."

"અને તે ? — "

"૧૦,૦૦૦ ! "

"દશ હજાર ! " દોલીબા ચકિત થયો, "મંચી એ તું શુ કરેછ ?"

"કાંઇ નહિ, દોસ્ત દોલી. તુ ફિકર નાં કર ! ૧૦ હજાર શું એણેજ જોયાછ કે ?" જેહાંગીર બોલ્યો. "ચાલ કબુલ !"

"કોએ પાસે જીત ? " મંચીએ ખુશી થઇ પુછ્યુ.

"તારે ગમે તે."

"બે ચોક ને બે રેજા ! "

જેહાંગીરે આ માગણી કબુલ કીધી. તે પોતાની બેઠક પર જરા તટાર થયો, જેમ કરવા જતાં તેનાં હાથની અછાટ લાગીને વિસ્કીનું ટબલર ઉંધુ વળી ગયું !

"એ–એ–એ–એ-એ–બધો ગાલીચો ખરાબ કીધો ! " મંચી હસ્યો.

"આએ દાવ નાં રમ, જેહાંગીર, તું જીતવાનો નથી ! " એક દોલીબા હતા તેમાં આ વળી કોઇ સોલીબા ઉમેરાયા. "દારૂ ઢોળાઇ ગયો એ અપસગણની નિશાની છે !"

"અરે ચાલ ચાલ મોટા અપસગણવાળા ! તું શાનો વચ્ચે બકબક

કરેછ? હું છેઉ ને જેહાંગીર છે—તારાથી વચ્ચે નહિં બોલાય." મચી પૈલા સોલીબા પર બળખાયો.

"અહીં એક કુનેહ છે હો બાઇ સાહેબ?" પાસેના અંધારા ઓરડામાં નવરોજજી નાજરે શેઠાણીને સમજ પાડી. "આએ કોઇ સોલીબા બોલેછ તે જેહાંગીરને ઉસ્કેરવા હોકે? બાકી જે અંદર તો એ બધા મળતિયા!"

"અફસોસ! નવરોજજી, એ કિયા ખાનદાનનુ ફરજદ અને કેવી બુરી સોબતમા! ખુદા કરેને એ નહિ રમે?"

"એ રમવાનો ને ફર રમવાનો! સોલીબાની નેમ 'આએ દાવ ના રમ' જેહાંગીર, એમ કહે કહેવામા એવી છે કે આએ દાવ રમ!"

"ખુદા કરેને એ નહિ રમે?" શેઠાણીનીજ માફક પરીને દવા ચાહી.

પણ નામ જેનુ જેહાંગીર! કહેવત છે કે "હાર્યો જુગારી બમણું રમે!" તેમ જેહાગીર ૫૦૦૦ ના દાવમાં હારી ગયો તો ૧૦૦૦૦ નો દાવ જીતવાની તેને ખરી ઉમેદ થાય એ કુદરતી હતુ.

"હું એવા વેહેમોને માનતો નથી, સોલીબા!" કમબખ્ત જેહાગીરે જવાબ આપ્યો. "વિસ્કીનું ટંબ્લર ઢોળાઇ ગયું તેથી રમવાનુ માડી વાળવું? એ કેવા હશવા જેવા વિચાર!"

"શાબાશ! જેહાંગીર! શાબાશ! ધન છે તારી ધવાડતીને! એવાં કિટાયલા ભેજાઓને તો એવોજ ચપકો આપિયે!" મચી પોતાની ફત્તેહ થવાથી ખુશી થતો બોલ્યો કદાચ તારી ફતેહ થાય તો એ શેખીખોર સોલીને હમણાંને હમણાં પોતાની મુર્ખાઇનુ ફળ જોવાનો જોગ થાય! હે હે હે હે હે હે!" અને મચી અહીં વળી પાછો ખડખડ હશી પડયો.

"આપણી વચ્ચે શુ સરત છે! બે ચોકને બે રેજા?"

"હા."

"એ એક ડબલ દાવ કહેવાય. ચાલ હવે ખોટી કોણુની?"

"તારી, મારી કશી ખોટી નથી. લે પાસા!"

જેહાંગીરે પાસા હાથમાં લઇ ખુબ હીલવી ફરી એકવાર નસીબ અજમાવ્યું. જેનો સિતારો પાધરો નહિં હોય, તેના પાસા પાંસરા કેમ પડે?

"ફુઉઉઉસ!" મચીએ ટકોર કીધી. "હવે જો સેવકનો હાથ. લે આએ બે ચોક!"

મચીના પાસા બરાબર "બે ચોક" પડાય!

"યા પરવરદેગાર! શુકર તારા! જેમ બે ચોક આપ્યાછ, તેમ હવે આપ બે રેજાં!"

આબાદ બે રેજાં પડયાં!

"હુરરે! પીટ-પીટ-પીટ-પીટ હુરરે!" મચુ મુનસો પોતાની જીત થયલી જોઇ પોકારી ઉઠયો. "લાવ મારા ૧૦ હજાર!"

જેહાંગીરનું મોહડું ફિકકુ પડી ગયુ. તેણે ખીસામાં હાથ નાખી હજાર હજારની દસ નોટોનું બંડલ બાહેર ખેંચી કાઢી એમનું એમ મચીનાં આંગપર ફેંકયુ'

"ઓ મારા ખુદા! એ હું શું જોઉછ? અરધા કલાકમાં ૧૫ હજાર રૂપિયાની ચટણી!" શેઠાણીથી તે દેખાવ તામોસ થઇ શકયો નહિં'

"જરા સબર કરો, બાઇસાહેબ, હજી તો બીજા બે-અઢી કલાક લેવાનાં છે." નવરોજજી નાજરે શેઠાણીને સાહુચેત કીધાં

પ્રકરણ ૧૦૬ મું.

"હાર્યો જુગારી બમણું રમે!"

"કેમ, મુનસી સાહેબ, હવે પેલા અપસગન જેહાંગીરની બાબમા ખોટા પડયા કે ખરા?" પેલા કોઇ સોલીબાને બોલ્યા વગર ચાલ્યુ નહિ.

"મારો સિતારો બુલંદ હોય ત્યાસૂધી તો એ અપસગન ફળે જો બા!" હવે લુચ્ચા મંચીએ ફેરવી તોલ્યુ. "પણ સોલીબા, ફિકર કરવા જેવુ કાંઇ નથી. ગયાં અઠવાડિયાંમાં બહાદુરશાહ શેઠ મારા ૨૫ લઇ ગયા હતા, તે આજે પાછા આપે છે; એમાં નવું શુ છે?"

"નવાંમાં નવુ એજ કે આજે તમારૂ પલ્લુ જરા ભારી છે'" દાલીબાએ મચુ મુનસીની ટકોર કીધી. "એ પલ્લુ જરા ભારી છે તેથી તો આજે તમે નમી ગયા છો!"

"ચાલ ચાલ લતરાજિયા! મારી ચઢતી જોઇ અંદરખાનેથી તુ તો બળીને બે પડ થતો હશે પણ હજી તો એક ત્રીજો દાવ અમે માંડવાના છીએ."

"જુઓ! જુઓ! પેલો લુચ્છો, દોલીબા સાથે વાત કરતાં આડકતરી રીતે જેહાંગીરને કેવો ઉસ્કેરેછ, તે જુઓ!" નવરોજજી નાજરે શેઠાણીનું ધ્યાંન ખેચ્યુ.

"અફસોસ! કે મારો મૂરખ દિકરો તે કશુ સમજતો નથી! નવરોજજી, દરરોજ એજ હાલત કે? ગેઇ કાલે એ કેટલા હાર્યો?"

"બાઇસાહેબ, હું કાલે કલબમાંથી ગેરહાજર હતો."

"જેહાંગીર!" દોલીબા બોલ્યો. "એ મચી હવે ફતેહથી ફૂલી ગયોછ. એને તું પડતો નાખ—અને આપણે એક દા—"

"નહિ! દોલાબા! મંચીએ જીતેલા મારા ૧૫ હજાર હું ખરો કે આજે એની પાંસેથી પાછા મેળવું તોજ ઉઠું. કેમ મચી?"

"હાર્યો જુગારી બમણું રમે!" દોલીબાએ ટકોર કીધી. "જેહાંગીર

શેઠ, આજે મંચુ પોતાનું કપાલ સંગેમરમરપર ઘસીને આવેલો છે તેથી તમે નહિ ફાવો જો!-મુરબ્બી નહિં ફાવો!"

"બંધ કર તારી બકબક, દોલીબા! હુ તને સાંભળવા માંગતો નથી?" જેહાંગીરે દોલીને ચૂપ કરી પાસા હાથમાં લીધા.

"ક્યાંથી સાંભળે? કમબખ્તીનો પાયો નખાઇ ચૂકોછ, એટલે ક્યાંથી સાંભળે? જેહાંગીર! અરદેસર બહાદુરશાહની તમામ આબરૂ તે ધૂળમાં મેળવી." શેઠાણીએ વળી પાછો સંતાપ કાઘો. પરંતુ પણ તે દેખાવથી તમામ રડમસ થઇ ગયા.

મચીએ ફરી એકવાર બન્ને ટંબ્લરમા વિસ્કી નાખ્યો અને આઇસ નાખતાં પુછ્યુ:—

"તું કહે તેટલાની બીડ?"

"બીજા ૧૦ હજાર!"

"લાગી!"

"કિયે પાસે જીત?"

"પડ પાસા પોબાર!" અને આ બોલતાં વાર તુરત જેહાંગીરે પાસા નાખ્યા. તે પાસા ખોટા પડયા!

"ફેલ્યોર! ફેલ્યોર! મી૦ બહાદુરશાહ, તમે ફેલ્યોર!" મંચી પાસા જોઇ બોલ્યો. "આએ જો સેવકનાં 'પડ પાસા પોબાર!'"

અને મંચીએ પાસા ફેંકયા, પણ તેનાં પાસાબી ખોટા પડયા, મચીના પાસા ખોટા પડયાથી જેહાગીરને ફરીથી "ચાન્સ" મળ્યો.

"લાવ! પાછો લાવ! એ દાવ તો સેવકના નસીબનો છે." જેહાંગીરે મચીના હાથમાથી પાસા લઇ હરખાયલે હૈડે ખૂબ હીલવીને નાખતાં નીચલો દોહરો કહ્યો.—

જલો જુગારી જીંદગી, હૈયુ પામે હાર;
હોય નસીબો નેક તો, 'પડ પાસા પોબાર!"

"કેમ દોસ્ત, કેટલાની બીડ?"

એમ કહીં જેહાંગીરે પાસા ફેંક્યા, પણ તેતો "છકરેજીનાં સાત પડયા!!"

"ફુરૂરૂરૂરૂરૂરૂરૂફુઉઉઉઉસ?" જેહાગીરજૂઠોપડયો તેથી મંચીને મજાહમળી! "ચાલ હવે મારો વારી આવી. જો આએ બીજા ૧૦હજાર જીતું તો ઉદવાડેનાં 'ઇરાનશાહ'ને એક માચી ચહડાઉ! દોસ્ત બહાદુર, તે કહેલો દોહરો તો કચરા જેવો છે. પણ સેવકનો સાંભળ—

ભલી જુગારી જીંદગી, હરીફ પામે હાર;
હજાર દશ આ જીતવા, 'પડ પાસા પોબાર!'

એમ બોલી મંચીએ પાસા નાખ્યા, અને વાચનાર! તે બરાબર "પોબાર" પડયા!

" ફત્તેહ ! ફત્તેહ ! મંચીના બુલંદ સેતારાની ફત્તેહ ! તેની આલ ઓલાદની ફત્તેહ ! તેના એશ—કુટુંબની ફત્તેહ ! " ફલુ ફાંકડો નામે એક જુગારી, જેહાંગીર અને મચી વચ્ચે રમાતા દાવ ઉલટથી નિહાળતો હતો. તથા આજે જરા ઠીક ' લટું ' બનેલો હતો, તે એકદમ પુકારી ઉઠયો

" ઑરડર ! ઑરડર ! મી૦ ફરામરોજ ! ઑરડર ! એ કંઈ નાટક-શાળા નથી, બાપુ ? તમે જાણવું જોઇએ કે એ આપણી નામીચી 'કેસ્ટલટન કબલ છે " દોલીબાએ ફલીને દબાવ્યો.

" હા — એ આપણી ઉપરલો ધોત્તીધાત્તી કેસ્ટલટન કલબ ઉરફે અંદરથી હરડના જુ—જુ—જુ—જુ—જુગારખાનાં નંબર વ—વ—વ—વ—વન—"

" ચુઉઉપ ! ચુઉઉપ ! કહી આજે કેટલી બાટલીનાં માથાં ભાંજ્યાંછ ? ચાલ એકદમ ચૂપ થા ! અહી સાહુકારી સોદા થાય છે ! "

જેહાંગીર મચીને પોતાના ખીસામા બાકી રહેલા એ બંડળો આપતો હતો, તેને દોલીબાએ " સાહુકારી સોદા " નું નામ આપ્યુ !

" જેહાંગીર હવે બસ કર ! બાપુ, અઢી કલાક નથી થયા તેટલા ૨૫ હજાર ઊડી ગયા તેનો કંઈ ખ્યાલ છે ? બપાવા હવે ઉઠ ! " ફલીએ જેહાંગીરની મશકેરી કીધી. " એવા ધધા તો તારા જેવા દિવાળિયાનેજ છાજે હો ? અમારે જેવા એ પાંચ લાકડીવાળા તો એકજ દહાડામાં ચગદાઇને છુછો થઇ જાઇએ જો ! તુને શુ છે ભાઈ ? વડાઓ કોણ જાણે કેવાં તન તોડીને ક્રોડો રૂપિયાની દોલત મૂકી ગયાછ, તે પર તમે આજકાલ લાલ વાવટો મુકયોછ! પણુ બચ્ચા, કઇ વિચાર રાખ, પેલો તારો કોઈ સાવકો ભાઇ થતો દાવો ઉઠાવી નીકળ્યોછ તેનો ખ્યાલ છે કે ? આગલા ૭૫ ને આજના ૨૫ મળી એકંદર લાખ રૂપિયાનો તે હિસાબ પુછશે તેનો તું શુ જવાબ આપશે ? "

જેહાંગીર એક તો હારી ગયાથી ચીચવાઇ રહેલો હતો તેમાં ફલી ફાંકડાએ બબ્બાના બહારમા કરેલી ઉપલી તીક્ષણુ ટીકાએ તેલ પુર્યું.

" હેં બેઅદબ બદમાશ ! તું મને એટલું બધુ બોલનાર કોણુ ? એ મારા એક લાખ કંઈ તારા બાપને ત્યાંના થોડા હતા ? " અને એમ બોલી જેહાંગીર ફલુ વાંકડાના આંગપર એકદમ ધશી ગયો.

જો દોલીબાએ જેહાંગીરનું પાંખડું પકડી પાડયું નહિ હોત તો જેહાંગીર ફલુ ફાંકડાને એક લપડાક ખેંચી કાઢત, અને તેમ થાત તો ત્યાં એક મોટી મારામારી થઇને તેનું પરિણામ કાંઈ ગભીર નીવડત. પણુ દોલીબા અને બીજા મિત્રો (!) એ સમયસૂચકતા વાપરી બન્નેને ઠંડા પાડયા !

કોણુ કહેશેકે એક જુગારખાનાનો ખરેખરો ચિતારા આપનારૂં આ ચિત્ર નહિ હતું ? બડેખાંઓની એક મોટી કલબને નામે ત્યાં કેવો હરડતો

જીુગાર રમાતો હતો ! કેટલાક તવંગર પુરૂષોની ખાનગી જીંદગી કેવી કુસડેલી હોય છે, તેનો આ કરતાં સરસ " દેખાવ " બીજો કયા મળશે ?

પ્રકરણ ૧૦૭ મું.

કેસ્ટલન કલબ.

પણ વધારે ગભીર સવાલ તો એછે કે એવા માતબર પુરૂષો કેટલીક-વાર કોમના આગેવાનો થવા પામેછે, ત્યારે તેમની તરફથી શી આશા રાખવી !

જેહાંગીર બાહાદુરશાહ કોઇનો તુકારો ન ખમે એવો માણુસ હતો તે ફલુ ફાંકડાના મોહ ભાવતા ટીકાઓથી તીખો બને એ તમામ બનવાજોગ હતુ. ફલુના બીજા શબ્દોને તે ધ્યાનમાં લેત નહિં, પણ "પેલો તારો કોઈ સાવકો ભાઇ" એવો ઇશારો કરી તેણે દાદીબાની યાદ આપવાથી તે ઉશ્કેરાઈ ગયો. વળી એ દાદીબા "એક લાખ રૂપિયાનો હિસાબ પૂછશે, તેનો તું શું જવાબ આપશે ?" એવા અર્થસૂચક વાકયે તો જેહાંગીરને પૂરો ઝનુની બનાવ્યો. તે ફલુ ફાંકડા પર ધશી ગયો, પણ બીજાઓએ વચ્ચે પડીને અટકાવી પાડવાથી ત્યાં એક મોટે ફેશાદ બનતો થોડામાં અટકી ગયો. આ અટકાવ પછી જેહાંગીર ત્યાથી એકદમ જતો રહ્યો !

તે ગયા પછી તેના ગોઠિયાઓ તેનીજ ન્હેસ મારવા પડયા, જે શેઠાણી તથા પરીને કાંનોકાંન સાભળી.

"અરે એતો હવે એમાંજ આવી રહેવાનો રે !" દોલીબા બોલ્યો

"તેમાં શક શુ ? દરરોજ બચારો નીચવાતોજ જાએછની ?" સોલીબાએ ટેકો આપ્યો.

"પણ આપણે એની વિરૂધ કે તરફેણુ બોલિયેછ તે એ મુરખ સમજેછબી કયાં !" મચુ મુનશી, જેણે જેહાંગીર પાંસેથી આજે ૨૫ હજાર રૂપિયો ખુંચવી લીધો હતો તે ફતેહનાં ગર્વમાં મુછ મરડતાં બોલ્યો.

"અરે બચારાને સાહડા સાતી બેઠીછરે !" દોલીબાએ ટકોર કીધી.

"નહિં, નહિં, દોલી, એમાં તું નહિ સમજે, દિકરી !" સોલીબાએ ડહાપણ ડોળ્યું. "સાહડાસાતી હોય તો એનાં મોટાં ભાએગ કે તે પછીબી એની શુદ્ધ કંઈ ઠેકાણે આવશે, પણ હું ધારૂંછ કે એનો તો જ્યાં છે ત્યાં 'ખેહનો પાયે.' બેઠોછ !"

"ખેહનો પાયો એટલે શુ !" એક અક્કલના ઓઠમીરને તે વાક્ય સમજ નહિં પડવાથી સવાલ કીધો.

"વળી શું ? સત્યાનાશનું બીજું નામ !"

"હં-હં ? હવે સમજ્યો ! ખરેખર ! એમાં કાંઇ શક નથી. પણ દોસ્તો, આપણે એ કમબખત જેહાંગીની વાત કરતાં મુલ મુદ્દાની વાત તો ભૂલીજ જઇએછ. દોસ્ત મચી, આજની તારી ફતેહ અમે તને હમેશાં મુબારક ઇચ્છીએછ. કાવલા ! કેનટીન લાવ ! ચાલો દોસ્તો, જરા જરા નાક ભીંજવીયે. પણ મચેરજી શેઠ, આજની ફતેહથી અમારૂં એક મોટી જયાફતનુ ડાપુ તમારી ઉપર લાગુ થયુછ હો બા ? ભુલતા-ચુલતા નાં જો ! તમારો સ્વભાવ તો હમેશનો વિસરભોલો છે તેથી કહુંછ !"

"અરે નહિરે દોસ્ત લીમજી ! એવી હલકી વાત શી કરેછ ? મારી ક્યા ના છે ?"

જેહાગીર બહદુરશાહના ચાલી જવાથી તે જુગારી મીજલસ મદ પડી ગઈ. બીજા ઉમેદવારો હજી કોઈ કોઈ રમતા હતા, પણ તે રમત માત્ર હજાર પાચસોની હતી. કેસ્ટલટન કલબના જુગારીઓમા નામીચા જુગારો ગણાવાનુ માન જેહાંગીર, મચી, સોલીબા, દોલીબા, ફલી અને લીમજી નામે ૬ "ગ્રહસ્થો" જ ભોગવતા હતા ! અલબતાં, તેઓ લક્ષાધિપતિ હતા.

કેસ્ટલટન કલબનું મકાન ગજાવર હતુ. જે ઓરડામાં જુગાર રમાતો હતો તે ઓરડો કલબનાં પાછળા ભાગ તરફ આવ્યો હતો અને અત્રાફમાં પુષ્કળ ન્હાના ઓરડાઓથી તે ઘેરાયલો હતો. ખરેખરી કલબ આગળી બાજુ હતી. કેસ્ટલટન કલબમાં નઝદીક ૧૦૦ મેમ્બરો હતા, પણ તે સઘળા જુ-જુગારી ન હતા. જુગારનુ બાજાર કલબનાં પાછળા ભાગમાં હતું અને ત્યા જે મેમબરની મરજી હોય તે જઈ શકતા હતા. જેમને જુગારને નામની છીત હતી—બીજા બોલોમાં બોલીયે તો જેઓ ખરેખરા ડાહ્યા ને સમજદાર હતા—તેઓ પાછળા ભાગ તરફ પગ વટીક મુકતા ન હતા. સારે નસીબે કેસ્ટલટન કલબનો નઝદીક ૮૦ મેમબર એવો સમજુ હતો. અને તે સિવાયના ૨૦ કે ૨૫ જણા ત્યાના અઠંગ જુગારીઓ હતા.

પ્રકરણ ૧૦૮ મું.

—x—

દોલીબાનું ડહાપણ.

"ગમે તે કહો, દોસ્તો, પણ આપણા જેહાંગીર વગર આપણી મીજલસ તો સુની જો !" દોલીબાએ ટકોર કીધી.

"તો નહિં ? જેહાંગીર છે તે તેલ છે ને આપણે અમસ્થા કાકડા છઇએ !" સોલીબાએ ફીલસુફી બતાવી. "તેલ હોય ત્યાં સુધી કાકડો બળે !"

"ખરૂં છે." લીમજીએ સોલીબાને ટેકો આપ્યો. "પણ એ ગયો ક્યાં ?"

"વળી ક્યાં? પેલી ફ્રેન્ચ ફ્લકસૂરને ત્યાં!" દોલીબા બોલ્યા.

"પણ ત્યારે એ વાત ખરી કે, દોસ્ત દોલી?" સોલીબાએ પૂછ્યું.

"ખરી નહિ તો ખોટી? પેરીસથી આપેલાં એ સફેદ પુતળાંપર એ તો ઘેલો ને ગાંડો થઈ ગયોછ."

"ત્યારે શું એ કલબમાંથી પાધરો ઘેર આગળ નથી જતો કે?"

"નહિં."

"તમે કેમ જાણ્યું?"

"મે ઘણી વખત પાછળ જઈ ખાત્રી કીધીછ."

"ત્યારે ત્યાંથી ઘેરે ક્યારે જાએછ?"

"પાછલી રાત્રે!"

"પાછલી રાત્રે! શુ દરરોજ એજ મામલો ચાલેછ?"

"હા."

"ઘેરમાંથી કોઈ પૂછપરછ કરતુ નહિ હશે?"

"કોણ પૂછે? પોતે એકલો ને સ્વતત્ર માલેક પડયો, એટલે જ્યાં ગમે ત્યાં ભટકે."

"એની બૈરી છેની?"

"હા, કેવી પરી જેવી ખુબસુરત છે."

"અને વળી નામબી પરીન!" લીમજીએ ટકારે કીધી.

"શુ એ બિચારી કઈ વાંધો લેતીજ ન હશે?"

"વાંધો લે તોબી એ તેનું સાભળે કે!"

"એ પરીન છોકરી કોણની?"

"પેલા દાવરશેઠ–ખુશામત નબર વનની! તું કેમ નહિ ઓળખતો, દોસ્ત મચી?"

"હા–હા, પેલા 'દાવર લૉડજ' વાળો કે?"

"હાજી, હમણાજ જમાઇજીને પચાસ રૂપિયાની પોલીસ કોર્ટમાં સેસ પેહરાવી આયા તેવણ!" દોલીબાએ ટકોર કીધી, અને સઘળા જણા હશી પડયા.

વાંચનાર! આ ટકોરથી પડોશના ઓરડામાં શેઠાણી રતનબાઇ તથા પરીનને કેવું લાગ્યુ હશે!

"પણ હાલમાં એનો કોઈ સાવકો ભાઈ નીકળી આવ્યોછની? એ કાકા વળી કોણ છે?"

"મરનાર અરદેશર બહાદુરશાહની આગલી બાયડીને પેટનો વડો વારસ."

"બાયડી એટલે પરણેતર કે?"

"તો નહિ? પરણેલી–લગ્નનાં ગાંઠથી જોડાયલી. એ બહાદુરશાહવાળાઓ મોટા ઇઝતદાર અને મર્તબાવાળા હતા."

"અને હાલના નેકનામ ?

"એ તો એક વીટીપરનું નગ છે ! આજકાલ એ તો ઝળકતાં ઝવેરમાં ખપેછ ! પણ—"

"પણ શુ ? જોએછ કેની સાલો અહીં દરરોજ શુ થાએછ તે ?" દોલીબા છેડાયો.

"ત્યારે જેહાંગીરનો એ નવો હરીફ આટલા વરસ ક્યાં સુતેલો હતો ?"

"કાંઇબી સબબ હશે, લીમજી, હવે એણે ફરિયાદી માંડીછ તો બધુ આપોઆપ કોર્ટમાં ખુલ્લુ થવાનું."

"અને પછી ?"

"વળી પછી શુ ? તે નવો બહાદુરશાહ આપણા નેકનામ જૂના બહાદુરશાહની કેડ પકડીને પોતાનો હિસ્સો મૂકાવશે !" અને અહીં બધા હસી પડયા.

"વારૂ એ વિષે જેહાગીર શુ કેહેછ ?"

"એ તો એ દાવાદારને જુઠ્ઠો–લુચ્ચો ને તરકટી કહેછ."

"ઓહો ! ત્યારે વાત રસ પર ચઢે ખરી ! આખુ મુંબઇ એ મુકદમાથી હલમલી રહે ખરૂ ! હાઇ કોર્ટમાં પારસીઓનાં તો ભીડા ભાગશે."

"તો નહિં ? એ કાકાબી બિચારાનો આખો હિસ્સોજ ગડપ કરી જવા માંગેછ તે કેમ કરવા દેશે ? કમબખતે થોડુ–ઘણું આપીનેબી ખાનગીમાં પતાવી દીધુ હતે !"

"પછી વકીલ બારીસ્ટરો ભુખે નહિં મરે ? એ તો જ્યાં પૈસા ત્યા કોરટ દરબાર પેહલી !"

"પણ તમે જાચોછ કે દોસ્તો ?" દોલીબા ડાહ્યા થયો, અને જેહાંગીરનાં મુકદમા સબંધી પુષ્કળ જાણવાજોગ બાબદોનુ ભંડોળ ધરાવતો હોય એવો દેખાવ કરી બાલ્યો. "જેહાંગીનાં માય એની તદન વિરૂદ્ધ છે.'

"એટલે ?"

"તેવણ પેલા નવા નીકળેલા રૂસ્તીમ બહાદુરશાહને હકદાર વારસ માનેછ."

"ખરેખર ?" બધાએ સાથે અચરતી બતાવી.

"હા, અને તેથી એ માય દિકરાં વચ્ચે સજ્જડ કચડાયુંછ !"

શેઠાણી ચકિત થયાં કે "જેહાંગીર કાસ્ટલ"માં બનેલી આ બીનાં દોલીબાએ કેમ જાણી ! "પરીન, જોયુ ? ભીંતનેબી કાણાં હોય છે, એમ વડા લોકની કહેવત છે તે ખોટી નથી !" શેઠાણીએ દોલીબાના છેલ્લા વાક્યો પર પરીનનું ધ્યાન ખેંચ્યુ.

"ત્યારે તો એ મુકદમો પુષ્કળ ચરચા કરનારો નીવડશે.."

"મેં આજેજ સાંભળ્યુછ કે શેઠાણી રતનબાઇ, દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહ તરફથી સાક્ષી આપનાર છે !"

દોલીબાઈએ પોતાના દોસ્તને ઉપલી નવા ખબર પુરી પાડી, પણ તેને થોડીજ ખબર હતી કે જે શેઠાણીની તે વાતો કરે છે, તેવણ પોતે કાનો કાન તે વાતચીત સાંભળતાં પાસેનાં ઓરડામાં ઉભેલા છે!

પ્રકરણ ૧૦૯ મું.

"ગલેમેં માલા—બગલમેં જાલા!"

તે હરડતા જુગારીઓ વચ્ચે આ વાતચીત હજી વધુ લંબાઈ હોત, તેટલાં ફલુ ફાંકડો, જેણે આજે પુષ્કળ ગળેલો હતો તે ડોક નાખી દઇ ઢળી પડયો! દોલીબાની દરખાસ્ત ઉપરથી સઘળા મિત્રો ફલુને ઉચકીને કલબના આગલા ભાગ તરફના એક એકાન્ત ઓરડામાં લઈ ગયા. એમ થવાથી તે જુગારી ઓરડો તમામ ખાલી થઇ ગયો.

વચે પાચ મિનિટ નહિં ગઇ તેટલા રહીમ એક ફાનસ લઇને પેલા અંધારા ઓરડામાં દાખલ થયો. તેને જોઇ શેઠાણી ચેતી ગયાં કે સઘળા જુગારીઓ ચાલી ગયા છે. અને રહીમ તેઓને લેવા આવ્યો છે.

શેઠાણીને જોઈ રહીમે નમીને "સલામ" કીધી, જેનાં જવાબમા તેવણે પોતાના હાથમા પકડી રાખેલી રૂ. ૧૦ ની એક નોટ તેના હાથમાં સેરવી દઇ ચાલવા માડયુ. ઓરડાની બહાર નીકળતા રહીમે પોતાના હાથમાનુ ફાનસ ત્યાંજ ગુલ કીધુ. અને રસ્તો દેખાડવા સૌથી આગળ ચાલવા લાગ્યા.

જેવી સેહેલાઇથી તેઓ આવ્યાં હતા તેવીજ સેહેલાઇથી તેઓ દરવાજો વીતાવી પાછળે રસ્તે બહાર પડયાં શેઠાણી તથા પરીન આજના બનાવથી પુષ્કળ રંજીદા થયલાં હોવાથી નવરોજજી નાજરે તેવણને તુરતવેળા કશી વાતચીત કરાવી નહિ. જેહાંગીર કાસ્ટલના દરવાજા આગળ આવી પુગતા નાજર શેઠ આવતી કાલે મળવા આવવાનુ કહી તે બન્ને બાનુઓથી મોડી રાતે રજા ચાહી.

"તુ આજે દિલગીર કેમ છે, પરીન ?" બીજી સહવારે જેહાંગીરે પરીનને દિલગીર જોઇ પુછ્યું. તે ધણી—ધણીઆણી વચ્ચે આગલી પ્રીતિ તો રહી હતીજ નહિં, પણ સેહેજસાજ વાતચીત થતી હતી

"મને કઈ નથી જેહાંગીર"

"નથી શુ? તારો આજનો ચેહરો રોજના ચેહરા કરતાં તમામ જુદો દીસ'છ. તુ દિલગીર કાંય છે, ડિયર?"

"ડિયર તો તારી પેલી ફ્રેન્ચ ફલકસુર!" પરીન મન સાથ બબડી, અને પછી જેહાંગીરને જવાબ આપ્યો. "મે આજે રાતે એક ભયાનક સ્વપનું

જોયુંછ, તે સ્વપનાએ મારા મગજ પર ઘણી ગભીર અસર કીધીછ."

"સ્વપનુ ? છટ છટ !" જેહાંગીરે પરીનને હસી કાહડી. "એક સાધારણ સ્વપનું જોઈ તું બીધી ? સ્વપનાં જેમ સાચા હોય તેમ ખોટા કાંય નહિં હોય ? વારૂ સ્વપનામા તેં શુ જોયુ ?"

"એ વાત મને નાં પુછો, જેહાગીર !"

"કાંય વારૂ ?"

"તે સાભળીને તમે ખુશી નહિં થશો."

"એટલે ? તેં સ્વપનું જોયુ તેની સાથ મને શી નિસ્બત ?"

"એ સ્વપના સાથે તમે મોટી નિસ્બત ધરાવોછ."

"હુ નિસ્બત ધારાઉછ ?" જેહાંગીર અચરત થયો. "વારૂ, કદાચ સ્વપનામાં તેં મને જોયો હોય તેમાં નવું શુ ? આપણે ઘણીવાર આપણાં વાહલાંઓને ઉંઘમાં એમ જોઈએછ."

"પણ તમોને મે એક જૂદી ઢબે જોયાછ."

"અને તે કેમ ?"

"જુગાર રમતાં."

"જુગાર !" એ બોલ સાંભળતાંજ જેહાંગીર ફિક્કો પડી ગયો. પરીન ધારી ધારીને તેનો ચેહરો ટીકવા લાગી. જેહાંગીરે પોતાના ચેહરામાં થયલા ફેરફાર છુપાવવાની ઘણી તજવીજ કીધી, પણ તેમાં તે સફળ થયો નહિં.

"જુગાર !" થોડોવાર ફિક્કો પડયા પછી તેણે પોતાનો લુલો-તુટો બચાવ કીધો. "જુગાર ! પરીન, એ તુ શુ બકેછ ? હુ જુગાર રમુ ?"

"હા અને તબી તમારી કલબમાં !"

"કલબમાં ! રાંન મેટ ! કલબમાં જુગાર હોય ! મારી કલબમા કેવા કેવા બડેખાંઓ આવેછ, તે તું જાણેછ ?"

"હા-હા-એ બધા નામીચા બડેખાંઓને હુ ગઈ રાતના સ્વપનામા નામ સિક્કે ઓળખી ચૂકીછ." પરીનની છાતીમાં દુઃખ થઇ આવવાથી ચટકીને ભરમમાં જવાબ આપ્યો. "એ સ્વપનું ખોટું નહિં હોય-એ સ્વપનું ખરૂં છે, અને ત તમારી ખુહારી કરશે."

"શુ ખુહારી કરશે ?"

"જુગાર !"

"ઓ વેગરેટ ! હું જુગાર રમ્યોછ ક્યાં કે ખુહાર થાઉ ?" જેહાંગીરે જેમ તેમ જવાબ આપ્યો."

"જેહાંગીર ! જેહાંગીર ! તમે મને ઉડાવોછ ! તમે આગળને જેવા આજે રહ્યા નથી. તમે મને 'રાંન મેટ' ને 'વેગરેટ' એવા એવા બોલ ક્યારે બોલતા હતા ? આજે હું તમુંને અલખામણી પડીછ, તેથી એ બધું તમારાં મોહડાંથી મને સાંભળવું પડેછ."

"મારી સાથે કજીયો કરવોછ કે સીધેસીધી વાત કરવીછ ?" પરીને સ્વપનું શું જોયું તેની વિગત જાણવાને ઇંતેજાર થયલા જેહાંગીરે સવાલ કીધો." એ બધી બકબક મૂકી દઈ પેહલાં મને તારા સ્વપનાની બીના કહી જા."

પરીનને એટલુજ જોઈતું હતુ.

"સાંભળો, જેહાંગીર ! એ સ્વપનું મેં રાતે બરાબર બે વાગે જોયું."

"કયા જોયુ ?"

"જાણે તમે તમારી કલબમાં બધા દોસ્તદારો સાથે હાથમાં પાસા લઈ જુગાર રમવા બેઠાછ."

"જુગાર ! હંબગ ! હંબગ ! ઑલ હંબગ ! એવા હસવા જેવા સ્વપનાપર ઈતબાર કેવુ રાખવું ! હુ એવા—

"તમે સાંભળશો કે વચ્ચે બોલ્યા કરશો ?" પરીને જેહાંગીરને બોલતો અટકાવી કહ્યુ. "તમે મને સાંભળતા નથી, ત્યારે ચાલો હું બોલતીજ નથી."

"નહિ, નહિ, પરીન ડીયર, બોલ; મને ઓરબી રમુજ મળેછ." જાણે આ બીનાં તમામ જુઠ્ઠી હોય તેવું ડોળ ઘાલી જેહાંગીર એક ઈઝીચેરપર અંગ્રેગનાં બોલ્યો

"જાણે તમે તમારી કલબમા બધા દોસ્તદારો સાથે હાથમાં પાસા લઇ જુગાર રમવા બેઠાછ"

"વાહ."

"એ જુગારખાનુ કલબના પાછલા ભાગ તરફ આવેલુ છે."

'માર્યા ઠાર' જેહાંગીર મનમાં બબડયો. "એ રાન ચાકલેટનું સ્વપનુ તો કોઈ તલેસ્માતિક છે !"

" તે જુગારખાનામાં તમે ગઇ રાતે ત્રણ દાવ રમ્યા." જેહાંગીર ફરીથી ચોંકયો !

"ત્રણ દાવ ? એટલે ? ત્રણ દાવ તે શુ ? " જેહાંગીર જાણે સમજતો ન હોય તેમ ચીંગો થયો.

"વળી શું ? ત્રણ વખત બીડ મારી !" પરીને હાજર જવાપ આપ્યો.

"કોણુની સાથે ? "

"મચુ મુનશી સાથે ! "

મચુ મુનશીનું નામ સાંભળતાંજ જેહાંગીર થરથર ધ્રુજવા લાગ્યો. તે ઇઝીચેરમાં તડો થયો, પણ તેથી તેનું ધપકતું દિલ અને ધ્રુજતા હાથ પરીનની ચગરી નજર ચૂકાવી શક્યા નહિં.

"તમે ધ્રુજોછ કાંય, જેહાંગીર !" પરીને ચીબી થઈ પુછ્યું.

"નહિં રે ! ધ્રુજે શાનું ? તું કઈ વાઘ–બાઘ છે કે ? એ તો મને હમણાં

હમણાં એમજ ઘડી ઘડી—"

"ચાલો હશે, સાભળો, જેહાંગીર!" પરીને આગળ ચલાવ્યું. "જાણે તમે પેહલો દાવ મંચુ મુનશી સાથ માંડયો. એ દાવ ૫ હજારનો હતો!"

"પાચ હજાર!" જેહાંગીર ચકિત થયો. તેનાં ધ્રુજારાં બેવડાં વધ્યાં,–તેની છાતી ધડક ધડક થતી હતી!

"હા, પાંચ હજાર!"

"વારૂ પછી?"

"પછી એ દાવ રમાયો, અને તેમાં મચીનાં 'બે ઘોડા' બરાબર પડવાથી તે જીતી ગયો!"

જેહાંગીર શુ સાભળે છે? જાણે ગઈ રાતનો એક નજરે જોનાર સાક્ષી તેની કને એકરાર કરતો હોય એવ તેને લાગ્યુ. ખરેખર તો પરીન એક નજરે જોનાર સાક્ષીજ હતી!

"તમારી હાર થયલી જોઇ તમે હજાર હજારની પાંચ નોટ તેને ગણીઆપી."

જેહાંગીર વળી ચોંક્યો? જાણે પરીને પોતાની નજરો નજર જોયો હોય, તેવો દેખાવ તેણી સ્વપનામાં જોયલો જણાવે છે. એ તેની અચરતી ન્હાની સુની ન હતી!

"તે પછી પાછો દાવ મડાયો."

"કોણની સાથે!" જેહાગીરે ધાર્યું કે પરીન હવે મચીને છોડી કોઇ બીજાનું નામ દેશે કે જેમ બન્યુ હતુજ નહિં, અને તેથી ખોટી પડે એવા ખ્યાલથી આ સવાલ કીધો "ફરીથી મેં કોણની સાથે દાવ માંડયો?"

"મચીનીજ સાથે!"

જેહાંગીર આ જવાબથી દંગ થઇ રહ્યો!

"એ મંચી સાથે હુ ફરીથી નહિ રમ્યો હોઇશ, પરીન ડીયર, હુ તો આ વાત કાંઈ જાણુતોજ નથી; પણ તુ ગળે પડેચ, ત્યારે જરા રમુજને માટે કહુંછ કે હુ રમુ તો એકજ વાર રમું—એકવાર એક હરીફને હાથે હાર પામ્યા પછી કોઇબી જુગારી તેનીજ સાથે પાછો નહિ રમે એમ મે સાંભળેલું છે." જેહાંગીર ડાહ્યો થયો, અને જાણે કશામાં નહિ હોય તેમ પોતાનાં ધ્રુજરાં છુપાવવાની કોશેષ કરવા લાગ્યો.

"અરે નહિ શું રમે? કોણ કહેછ કે નહિ રમે? હાર્યો જુગારી બમણું રમે! જેહાંગીર! હાર્યો જુગારી હોય કેની તે તો બમણું રમે! ને વળી તમે તો ગઈ રાત્રે તેથીબી એક પગલું આગળ વધી તમણું રમ્યા!"

જેહાંગીર પાછો દંગ થઇ ગયો! તેને સમજ નહિં પડી કે "એણે આએ નક્કી વાતો કયાંથી જાણી? એને કોણે કહી? સ્વપનાને નામે એ અડાવતી તો નહિં હોય? વારૂ, આગળ તો પૂછું." એમ વિચારી પરીન સાંભળે તેમ

બોલ્યો. "કેવું હસવા જેવું, પરીન! જુગાર કેવો હોય તેનું નામ વટીક જે ધણી આજ સૂધી જાણુતો નથી. તેને તુ ત્રણ વાર ગઇ રાતે જુગાર રમેલો જણાવેછ! છટ નૉનસન્સ! સ્વપનાં–બપનાં ઇઝ એ ગ્રાન્ડ હમ્બગ ઑફ ધી નાઇન્ટીથ સેન્ચરી!"

વાંચનારને જણાવવાની કસી જરૂર નથી કે જેહાંગીરનો આ સઘળો ઉપરથી દેખાડવાનો માત્ર દેખાવ હતો. અંદરખાંને તો તેની છાતીમાં એક જાતનો ધરતીકંપ ચાલી રહ્યો હતો!

પ્રકરણ ૧૧૦ મું.

નાંક જીભ.

"તમે સાંભળતા નથી ત્યારે હું બોલવાનુંજ બંધ કરૂંછ" પરીને સુક્કો દમ કર્યો. તેની ચગરી નજર જુદી જુદી વખતે જેહાંગીરનાં ચેહરાપર કેવી વિચિત્ર અસરો થાય છે, તે તપાસવા ઉપર એટલી મશ્ગુલ હતી કે આજુબાજુ તેણી કશો ખ્યાલ આપતી ન હતી.

"નહિ, પરીન ડીયર. હું સાંભળુંછ ફકત તારા બોલવાના અસંભવિતપણા ઉપરજ મને હસવું આવેછ. ત્યારે તારા સ્વપનાએ આજે એટલું તો સિદ્ધ કીધું કે હું એક અઠંગ જુગારી છું!" તે ડોળ ઘાલુએ મારકુટે હસતુ મો કરી પુછ્યું

"ઓ દગારા! તું જુગારી ને ફરી જુગારી!" પરીન મનમાં ચીચવાઇ. "તું મને તારા પાપી ભેદથી અંજાણી સમજેછ, પણ હવે હું બધી રીતે માહેર છું!" એમ બબડા જેહાંગીર સાંભળે તેમ બોલી. "હાર્યો જુગારી બમણું રમે, પણ તમે તો તમણું રમ્યા, અને તે તમણું રમતાં એકજ રાતમાં ૨૫ **હજાર રૂપિયા** હારી ગયા!"

તે હરડતા જુગારીને ફરી એકવાર વિજળીને જેવો ઝટકો લાગ્યો! તે ઉપરથી ગમે એવો તીરસ્કાર દેખાડતો હતો, પણ તેનું હૈયું ડાઘેલ હોવાથી પરીને ઉપર ને ઉપર આપેલી ચોબા તેને તિક્ષણ બાણ જેવા લાગ્યા. પરીન એક સ્વપનાને રૂપે તેને ખરેખરો હેવાલ કહેતી હોય એ વિચાર પણ ઘડીભર તેને આવ્યા વિના રહ્યો નહિ!

"શું એવું સ્વપનું હોય કે જેમાં નામ–ઠામ સિક્કે હક્કી નેનક્કી બીનાં ખબર પડે?" તે ગવિષ્ટ જવાન મન સાથ વિચારવા પડ્યો. "પરીનને કોઈ ભેખિયો તો નહિ મળ્યો હોય? સ્વપનામાં એવી બિત્તમ બાતમી મળેજ ક્યાંથી? વારૂ, હજી આગલ શું શું આવે છે તે તો પૂછું." એમ વિચારી હસ્તે ચેહરે

પરીનને કહ્યું. "વારૂ આગળ ચાલ પરીન, તારો આએ ફરેમાસુ સ્વપનો મને એક જાતની રમુજ પૂરી પાડેછ. પછી શુ બન્યુ ?"

"વળી શું ? પછી તમારા એક દોસ્તદાર ફલુ ફાંકડા સાથે જાણે તમોને એક ધરણુ લાગુ !"

જેહાંગીર વળી ચોંકયો !

"અરે તારા સ્વપનાને શુ કહુ !" તે વળી બબડયો. 'એ તો કોઇ' વિલક્ષણ સ્વપનુ છે ! જાણે પરીન કોર્ટમાં સાક્ષી આપવા ઉભીછ ? એ બોલેછ તે બોલેબોલ ખરૂં છે !"

"પેલા ફલુ ફાંકડાએ તમોને પછી તરેહવાર તાણા માર્યા અને બહાદુરશાહનાં ગુમ થયલા વારસ—'

અહીં પરીન અચકી ગઇ. જેહાંગીર આ છેલ્લો અધુરો વાક્ય સાંભળી ડોળા કકડાવા જતો હતો, પણ પરીનનાં અચકી જવાથી તેપણ તેમ કરતો અચકી ગયો.

"એ તાણાથી તમે ઉશ્કેરાઇ ગયા." પરીન જાણે સ્વપનાનુ વર્ણન કરવામાં કેવી લીન ગઇ મઇ હોય તેવા પણ અંદરખાનેથી જેહાગીરનાં મોહડાંપર થતા ફેરફારો કેવા છે તેની બારીક નજર રાખવાના દેખાવ સાથ બોલી "તમે તમારી જગ્યા પરથી એકદમ તેના દિલપર ધસારો કીધો પણ તેટલા દોલીબા, સોલીબા, લીમજી, મંચી વગેરે તમારા દોસ્તો (!) એ વચ્ચે પડી તમોને શાન્ત પાડયા '

"દોલાબા, સોલાબા, લીમજી, મચી, એ બધાનાં નામબી એ તો જાણે છ ! ઓ ખુદા ! જ્યાં છે ત્યાં જુગારખાનાનો ભરમ ફૂટોછ કે શું ?" જુગારી જેહાંગીર ધડકતી છાતી સાથ મનમાં બબડયો-કહો કે બીધો !

"વળી એ તમારા દોસ્ત ફલુ ફાંકડાએ તમોને તમે **એક લાખ રૂપિયા** આજ સુધી જુગારમાં ગુમાવ્યા બદલ એક તાણો માર્યો કે તમારો નવો હીસ્સેદાર તેનો હિસાબ પૂછશે ત્યારે તમે જવાબ શુ દેશો ?"

ફરીથી જેહાંગીર ફગલાઇ ગયો ! એક પછી એક વાકયો પરીન એવા બોલતી હતી કે જે જેહાંગીરની છાતી જાણે ફાડી નાખતા હતા ! પરીને ઉપલા વાક્યમાં દાદીબાનું નામ દેવાને બદલે "તમારો નવો હીસ્સેદાર" એવા અર્થ સૂચક શબ્દો વાપરવામાં એક કુનેહ વાપરી હતી. જેહાંગીરની મનાઈ છતાં પરીન દાદીબાનું નામ લેવાની હઠ લેતી તે વાંચનારને અંજાણું નથી, પણ ઉપલી વાતચીતમાં તેણીએ જાણી જોઇને દાદીબાનું ખુલ્લું નામ નહિ વાપર્યું તે એટલા માટે કે સ્વપનાનાં બાહનાં તળે ગઇ રાતના બનાવો તેણીને બીલકુલ અજાણ્યા નથી એમ તેને તેણી ખાસ સમજાવવા માંગતી હતી અને દાદીબાનું નામ વાપરી નાહક તેનો જીવ તુરતવેળા ઉકળાવવા ચાહતી ન હતી.

ચિત્ર ૨૪ મું.



[ફ્લૉક–૭૦ ન૦ ખરેખાટ.

"કોણ કહેછ કે જુઠી?" અળગા બંધ કરેલા બારણાને એક જોશબંધ લાતથી ઉઘાડી ચાડી શેઠાણી રતનબાઈ એકદમ અંદર દાખલ થઈ બોલ્યા "એ વાત તમામ સાચ્ચી છે અને તેનો સાક્ષી હું પોતે છું!"

[સફે]

પ્રકરણ ૧૧૧ મું.

છકી ગયલો છોકરો.

પોતાનો તમામ ભરમ ફૂટી ગયલો જોઇ જેહાંગીર ચીરડાઇ ગયો–તે પોતાની હાર જોઇ પોતાના ઝનુંની ખવાસપર ઝટ દોડી પહોચ્યો !

"ખરૂં બોલ, પરીન ! આ સઘળી બીનાં તને કોણે કહી ? સ્વપનાનુ બહાંનું તું જુઠું કાઢેછ, તને કોઇબી રેડુ મળેલો છે."

"મારૂં સ્વપનાનું બહાનું ભલે જુઠું હોય, પણ આ વાત તો જુઠ્ઠી નથીની ?"

"જુઠ્ઠી–જુઠ્ઠી–તમામ જુઠ્ઠી ! એક નહિં પણ દશ વાર જુઠ્ઠી ! દશ સો વાર જુઠ્ઠી !"

"કોણ કહેછ કે જુઠ્ઠી ?" અલગા બંધ કરેલાં બારણાને એક જોશબંધ લાતથી ઉઘાડી પાડી શેઠાણી રતનબાઈ એકદમ અંદર દાખલ થઇ બોલ્યાં. "એ વાત તમામ સાચી છે, અને તેનો સાક્ષી હું પોતે છું.!"

જેહાંગીર ગઇ રાતે જુગાર નહિં રમ્યો હતો એમ તો હતુંજ નહિ. તેનું દિલ અંદરથી ડઘાયલું છતા પરીન આગળ તે ખોટો દમ કસતો હતો. પણ શેઠાણીને ઓરડામાં ધશી આવેલાં જોઇ તે હેબતી ગયો.

"કોણ કહેછ કે એ વાત જુઠ્ઠી છે ?" શેઠાણી જેહાંગીરને દબી ગયલા જોઈ ઉખડયાં. "ઓ કમબખત ! એ વાતમાં બોલેબોલ સચ્ચાઈ છે–એમાં એક રતીભાર ફેર નથી. છકી ગયલા છોકરા! લે હવે હું તારી પાસ ખરો ખુલાશો ખુલ્લા કરૂંછ. તારૂં દિલ તપાસવા સારૂં સ્વપનાનાં ખોટાં બાહનાં તળે પરીનને તારી પાંસે વાત કરવા મોકલનાર હું છુ. મેં પોતે તને ગઈ રાતે નજરોનજર જુગાર રમતાં જોયોછ–પરીનબી મારી સાથે હતી. તું કેટલાં ઉડા પાણીમાં ઉતર્યોછ અને ખાનદાનની દોલત તેં કેવા નીચ પેશામાં ઉડાવવા માંડીછ, તે હવે અમારાથી અજાણું રહ્યું નથી. જુગાર! બહાદુરશાહના માનવંત ખાનદાનનો બેટો જુગાર રમે ! અરદેસર બહાદુરશાહ જેવા ઇઝતદાર અકાબરનો દિકરો એક હરડતા જુગારીમાં ખપે ! ઓ ખુદા ! હું એ શુ સાંભળુંછ ! ઓ હેમક ! કંઈ વિચાર કર ! તારા બાપ–બપાવા કેવી ઇઝત ને કેવો અમીરી દરજ્જો ભોગવી ગયાછ તેનો ખ્યાલ કર ! તારા વાલીઓ અને મુરબ્બીઓનો મર્તબો શુ ! સાહેબી શું ! માન શુ ! અને તું તેઓનો બેટો એક હલકો જુગારી ! ઓ દુર્ગુણી જેહાંગીર ! હવે તારૂં શું થશે ? તેં એક લાખ રૂપિયા આજ સુધી જુગારમાં ખોહી દીધા એ શું ખોટી વાત છે? ગઈ રાતે એક રાતમાં તું ૨૫ હજાર રૂપિયા હારી ગયો એ શું સાચી વાત

નથી ? બહાદુરશાહનાં કુળવાન ખાનદાનને કલંક લગાડનાર ઓ કપુત ! એ તું શુ કરેછ ? એ તુને કેવી બુદ્ધિ સુઝેછ ? કઇ જુગારી જીદગીએ જશ મેળવ્યો છે ? કિયો જુગારી આખરે સુખી થયો છે ? કિયા જુગારીએ જુગાર રમીને પોતાના બાપ દાદાઓની કીર્તિ વધારી છે ? ઓ કમબખ્ત ! ઓ કપુત ! તારી શુદ્ધ કેમ કરી ગઇ ? તારી અક્કલ કેમ જતી રહી ? તારી આગળી કેમ ચસકી ગઇ ? અફ્શોસ ! સદહજાર અફ્સોસ !"

' તમોને કોઇએ વેહેમાવ્યાછ, માયજી, સજ્જડ વેહેમાવ્યાંછ " તે જુગારીએ પોતાનો જેમ તેમ બચાવ કીધો. તેને લાગ્યું કે શેઠાણી નજરોનજર જેવા તો કદી આવી શકેજ નહિં. ' તમે મને કહેવોછ કે મે નજરે જેયું, પણ એ વાત હુ માનતો નથી. મારા કોઇ દુસ્મને તમોને મારી વિરૂદ્ધ જ્યા છે ત્યાં જબરાં ચપટાં આપ્યાંછ. "

" એક પાપ ઉપર બીજુ જુઠું નાં વધાર, જેહાંગીર ! " શેઠાણી ફરીથી ચીચવાયા " તેં જુગારમાંજ જેહકાવ્યુ નથી પણ એક પગલુ આગળ વધી પાપના નીચમા નીચ ખાડામાં ઉતરવાથી તું અચકાયો નથી. તું એમ સમજેછ કે હું એટલુજ જાણુંછ, પણ તેમ નથી. હુ હજી તારાં એક બીજાં પાપનો પડદો ફોડવાની છુ. "

જેહાંગીર ધુજયો-તે હરડતો જુગારી એક પછી ખુલ્લા થતા જતાં પોતાના પાપની દેહેશતથી કમકમ્યો ! તે કશો જવાબ દઇ શકયો નહિ.

" આજથી તને હુ દિકરો નહિં પણ દુસ્મન સમજુંછ " શેઠાણી પાછાં ઉખડયા. આજે તે ગર્વાધળાને ચાબકા મારવાની તેવણને મળી ગયલી સુંદર તક તેવણે જવા દીધી નહં. " જે દિકરો કુળને કલંક લગાડે તેને દિકરાની ઉપમા આપી શકાયજ નહિ જે દિકરો ખાનદાનને ખરાબ લગાડે તે દિકરો સપુત કહેવાયજ નહિં. કુટુંબને કલંક લગાડનારાઓને કપુત કહેવા જોઇએ. એવા એક કપુતની હુ મા થવા પામી તેથી મારાં જીવતર પર લાખવાર ધિક્કાર હોજો ! જુગાર જેવી મહાનામોશી બહાદુરશાહ ખાનદાનને કપાળે તું જેવા કપુતે ચોંટાડી છે. તારા બાપ બપાવા એવા નહિં હતા. તારા મુરબ્બીઓ એવી નીચ નામોશીમાં ફસ્યા નહિ હતા. તારા વાલીઓએ એવી રીતે ખાનદાનની ખરાબી ને પૈસાની પાયામાલી કીધી નહિં હતી. ઓ કમબખ્ત ! તારા મરનાર બાપની જીંદગીનોજ તુ દાખલો લે, કે જેવણે પોતાના બાપ બરજોરજી બહાદુરશાહનાં સામ્ર જુલમાત વચ્ચે એક છુપાં લગ્ન કીધાં હતા અને તે ગમે એવાં છુપાં હતા, ને છતાં કાયદાસરનાં લગ્ન હતાં. તારો સાવકો ભાઇ રૂસ્તીમ બહાદુરશાહ એ હકદાર લગ્નનુ ફરજંદ છે, કે જેણે હાલ પોતાના હકનો સાચો દાવો તારી ઉપર નોંધાવ્યો છે. જો મરનાર અરદેસરજી ચાહતે તો જે નામોશી ભર્યું પગલું તે ભર્યુંછ તેમ ભરી શકતે, પણ નહિં;

પોતાના બાપ સાથ તેવણુને ગમે એવું બિયાબારૂ હતું તે છતાં તેવણે બાપ બપાની ઇઝતને ધોકો પુગવા દીધો નહિ. અને એક રાખેલી સ્ત્રી કરતાં એક પરણેતરનુ સુખ પસદ કર્યું તે સુખ ભલે છુપુ, ધાસ્તી ભરેલુ, અને બધી રીતે તેવણુને અગવડમા મુકનારૂં હતું, પણ અંતે તેવણુની સચાઈ તેવણુને આડી આવ્યા વગર રહી નહિ. તારા મરનાર બાપે મરતી ઘડીએ પોતાની તમામ હકીકત ખુલ્લી કીધી હતી તે તું જાણેછ. તેવણે કરેલો તે ખુલાસો આપણે તેવણુનાં છેલ્લા બિછાનાં પર અચરતીની આંગળી હોઠ પર મુકી સાંભળ્યો હતો, અને તેજ ખુલાસો દાદીબાના દસ્તાવેજોમાંથી આપણે જોયોછ. હવે વિચાર કર કે પોતે તમામ સકજામાં હતા, તે છતા તેવણે એક રાખેલી સ્ત્રી કરતાં હકની પરણેતર જીંદગી પસંદ કીધી. જ્યારે તેં-ઓ કપુત! તે—એક પરણેલી પરણેતર ધરાવ્યા છતાં ફ્રેન્ચ ફ્લકસ્રરને રાખ રાખીછ! શરમછે ! જેહાંગીર ' ઓ છકી ગયલા છોકરા ' તારી આ દુર્ગુણી ચાલચલણ પર લ્યાનત છે ! જેના બાપે છુપી રાખ નહિં રાખી તેનો દિકરો જાહેર રાખ રાખે ' અને તેબી એક જીવતી પરણેતર, પોતાની તમામ પસદગીની પરીચેહર પરણેતર ધરાવ્યા છતા ? બસ ' હવે તારી પડતી નક્કી છે—હવે તારો વિનાશ પાશે આવ્યો છ વિનાશ કાળ પાસે આવ્યોછ તેથીજ તને એવી એવી વિપરિત બુદ્ધિ સુજેછ તારા હકદાર ભાઇનો હક સ્વિકારવાની તે જે દિવસથી જુકી હદ પકડીછ તે દિવસથી તારી ઇજત દર દહાડે હલકી ને હલકી પડતી જાએછ, અને એ શુ દેખાડેછ ? એજ કે તારા મૂવા બાપની મરતી વખતની છેલ્લામાં છેલ્લી વશિયતને તુ જે વિશ્વાસઘાતક નીવડ્યોછ તે નિમકહરામીએ ખુદ કુદ-રતનોબી કહેર મેળવ્યોછ. પેહલી સજા કુદરતે તારી જાહેર ઇઝત લેવામાં કીધી, કે જેનુ કારણ તારો સસરો થઇ પડયો. બીજો ધોકો તારા સાવકા ભાઇએ તારી ઉપર માંડેલા દાવાથી તને પુગ્યોછ, કે જે દાવો દીવાની જોત જોતા દસ્તાવેજોથી જે વખત જાએછ, તેમાં પાકો થયા વગર રહેવાનો નથી. તારી ત્રીજી અને ચોથી નામોશી મેં ગઇ કાલે પકડાછ, કે જ્યારે મેં અને તારી પરણેતરે તને જુગાર રમતાં અને એકજ રાતમાં ૨૫ હજાર રૂપિયાની પાદશાહી રકમ એક તડાદે ખોહી દેતાં નજરો નજર જોયોછ. પેલા મુવા ફ્લુ ફ્રાંકડા સાથની તારી ઝપાઝપી પછી તું ત્યાંથી ચાલી ગયો. પણ તારા ચાલી જવા પછીબી તારીજ વાત ત્યાં ચાલતી અમે કાનોકાન સાંભળી. પેરીસથી આવેલી એક દેખાવલી ફ્રેંચ દુકતી પર તુ લોભાઈ પડયોછ, તે વાત મને અંજાણી નથી. તેને તે એક ખાસ બંગલામાં તારા ખરચે આપેલી સગવડથી હુ પૂરે-પુરી માહીતગાર છુ. એ બધુ શું દેખાડેછ ! જેહાંગીર ? એ બધુ શુ દેખા-ડેછ ? એ એજ દેખાડેછ કે હવે તારી પાયામાલી પાસે આવીછ—હવે તારી ને તારાં ખાનદાનની ખરાબી નાકના દાનડા આગળ આવી ઉભીછ. અફસોસ !

લાખો-લાખ અફસોસ !"

એમ બોલી શેઠાંણી બોલતાં—બોલતાં હાંરી ગયાથી પાંસે ખુરસી હતી તે ઉપર બેસી પડયાં.

પ્રકરણ ૧૧૨ મું.

જમાલ ગોટાનો જોલાબ.

"માયજી, મને માફ કરો !" તે ગર્વાધીન ગધેડા પર શેઠાણીના સખુનોએ થોડીક અસર કરવાથી લજવાઇને બોલ્યો, "જુગારમાં હુ ફકત ગઇ રાતેજ ફસ્યોછ આગળ હું જુગાર કદી રમ્યોજ નથી."

"જુઠું—બોલે બોલ જુઠું ! તમામ જુઠું—આજસુધી તું એક લાખ રૂપિયા જુગારમાં હારી ગયોછ. હુ તને ક્યારે માફ કરૂં, કે મારી પાસે એ વાતનો તમામ સાચે સાચો એકરાર કરે."

એક જુઠ્ઠાથી સચાઇની આશા કેમ રખાય? જેહાંગીરે એકવાર જુઠું કહ્યું તો હવે તે પાછું કેમ ફેરવે?

"કાંય, પેહલા જ્યારે પરીને પુછ્યુ ત્યારે તો તુ નાકે જીભ લગાડતો હતો કે જુગાર શુ ને વાત શુ ! અને હવે એટલુબી કાંય કબુલેછ કે હુ ફક્ત ગઇ રાતેજ ફસ્યોછ? તુ પકડાઈ ગયો ત્યારે હવે તને તે એકરાર કરવાની ફરજ પડી પણ 'આગળ હુ જુગાર કદી રમ્યોજ નથી' એમ તુ કહેછ તે હુ કદી માનવાની નથી. તું કાલે નવો સવો રમ્યો હતે તો આવી જંગાવર રકમોની ખોટ મુકતે નહિ. વારૂ જુગારની વાત ઘડીભર બાજુ મુક. પેલી ફ્રેન્ચ ફુલકનુરની વાત ખરી કે ખોટી? બોલની કે તેબી ખોટી !"

"ત્યારે ખોટી નહિ તો શું ખરી ? એ વાત તદન જુઠ્ઠી અને બનાવટી છે." તે પાપી જવાને હજી પોતાની માતાને મચક આપી નહિ. "તમારી પાંસે એની સાબેતી શુ છે? એજ કેની કે કલબમાં મારી પાછળ થયલી જુઠ્ઠી નિંદાઓથી તમે ભોળવાયાંછ ? એ સિવાય—"

"સબર કર ! મારી સાથ ઝાઝી લતરાજ નાં કર !" શેઠાંણીએ તે શોખ બેટાની શોખાઇથી ચીડાઈ જઇ એક બુમ મૂકી તેને થથરાવી નાખ્યો. "હું સાંભળેલી વાત પર દોરવાઉં એવી નથી. મારી પાસે દસ્તાવેજી પુરાવા છે."

"દસ્તાવેજી પુરાવા !" જેહાંગીર ઠે થઇ ગયો.

"હા, દસ્તાવેજી પુરાવા !" શેઠાણીએ તુરત જવાબ આપ્યો, "બોલ, હવે શું કહેછ ?"

એક નિર્દોષ અંતઃકરણ જે હિમ્મથી પોતાપર મેલાયલા આરોપનો

ઇનિકાર કરે છે, તેવો ઇનકાર એક દોષિત અને ડાઘેલ દિલ કયાંથી કરી શકે? " દસ્તાવેજી પુરાવા " થી પોતાની માતાને સજ્જ થયલાં જોઇ તે જુગારી બેટો કશો જવાબ દઇ શકયો નહિ. તે એકજ ન્હાનો વાક્ય બોલી શકયો. અને તે એ કે " તે કયાં છે ? "

" આ રહ્યા—મારી કને અકેક કરતાં બએ દસ્તાવેજો છે." શેઠાણીએ પોતાના ખીસામાંથી ઝટ પેલાં બે કાગળો કાઢી તેમાથી એક જેહાંગીરને આ- પતાં કહ્યું. " લે, પેહેલા આએ વાંચ ! "

ધ્રૂજતે હાથે અને ધડકતી છાતીએ જેહાંગીર જુગારીએ તે કાગળ હાથમા લીધો. એ તે કાગળ હતો કે જે બહાદુરશાહ ખાનદાનના " ભલુ ચાહનાર " મી૦ નવરોજજી નાજરે પરીન પર લખ્યો હતો.

જેહાંગીર તે કાગળ ઝડપથી વાંચી ગયો. તેના મોમાંથી તે વાંચીને એક હરફ નીકળી શકયો નહિ. તેનો ચેહરો ફિક્કો પડી ગયો.

" હવે આએ બીજુ લે ! " શેઠાણીએ પરીનવાળુ કાગળ પોતાના હાથમા પાછુ લઈ પોતાપર આવેલુ કાગળ જેહાંગીરને આપતાં કહ્યુ " એમાં કાઇ વધારે જાણવાનુ મળશે. "

જે ઝડપથી જેહાંગીર પરીનનુ કાગળ વાચી ગયો તેવીજ ઝડપથી શેઠાણીનુ કાગળ વાંચી જતા તેને વાર લાગી નહિં. આ વખ્તે તેનો ચેહેરો ચિતારવા લાયક બન્યો હતો. જ્યારે તે કાગળ વાંચતો હતો ત્યારે શેઠાણી અને પરીન તેના ચેહરાપર થતા વિચિત્ર ફેરફારો બારીકીથી નિહાળતાં બેઠાં હતાં.

" કેમ, હજીબી નાકે જીભ લગાડવીછ કે ? " જેહાંગીરે બીજું કાગળ વાચી પાછુ શેઠાણીને સ્વાધીન કીધુ. તે લેતાં તેવણે પુછયું. " હુ સારી- પેઠે જાણુંછ કે તું આ છેલ્લાં કાગળની બીનાં તમામ નામુકરજ જવાનો, ખરૂં કે?"

જેહાંગીર શુ જવાબ દે ? તે માહાત થયો. બે ઠાવકી અબળાઓએ એક પુરૂષને માહાત કીધો.

જ્યાં સુધી મોહડે મોહડે વાત હતી ત્યાં સુધી જેહાંગીરને હિમ્મત હતી, પણ શેઠાણીએ જ્યારે " દસ્તાવેજી પુરાવા " રજુ કીધા, ત્યારે, હવે તે તમામ હિમ્મત હારી ગયો. " ચોરને પોટલે ધૂળની ધૂળ " એ કહેવત જેહાં- ગીર જુગારીના બાબમાં બોલેબોલ ખરી પડી.

તેને નરમ થયલો જોઇ શેઠાણીએ હવે વધારે સખ્ત થવા ચાહ્યું નહિં. ફરજંદ ગમે એવું કછોરૂં હોય, પણ મા જેવી માને પોતાનાં બચ્ચાંનું પેહેલાં લાગ્યા વિના રહે નહિં. જેહાંગીરે ખાનદાનને લગાડેલી નામોશીનો ચીચવાટ તે દુખીયાંન અબળાને ઓછો લાગ્યો ન હતો, પણ એક બની ગયલી વાતને વધારે ચુંથીને ચાંદુ પાડવામાં હવે તેવણે ડહાપણ જોયું નહિ. તેવણની પેહેલી

અચરતી તો એજ હતી કે જેહાંગીર માહાત થયો. શેઠાણી પ્રથમ એમ ધારતાં હતાં કે જેહાંગીર જુગાર રમવાની તથા પેલી ફ્રેન્ચ ફુલકસુરનાં પ્યારમાં ફસી પડવાની વાતો કદી કબૂલ કરવાનો નથી, પણ તેવણની એ ધારણા ધારવા કરતા જુદીજ નીવડી, એજ તેવણની અચરતી હતી.

"હવે મારે તને એકાદ-બે બોલ કહેવાછ, જેહાંગીર!" શેઠાણી જરા નરમ—ગરમ અવાજે બોલ્યાં "તેં તારા બન્ને વાંક સ્વિકાર્યાછ, તેથી મને થોડોબો સધિયારો મળ્યોછ. હું ઇચ્છુંછ કે હવે એ પાયમાલીનો પાયો તું પુરી નાખે, અને ફરીથી કદીબી તે કલબમાં કે પેલી ગોરી ગુલામડીને ત્યા પગ નહિ મૂકે. યાદ રાખજે, જેહાંગીર! કે તારી માતાની શિખામણ જો તું માનશે, તો સુખી થશે. અને નહિ તો તુ તમામ પાયામાલ ને ખસ્તે ખુહાર થશે નીચમાં નીચ અને હલકામા હલકા બે રસ્તા, જેણે આલમમાં કંઇકોને ઉખેડી નાખ્યા તે તેં સ્વિકાર્યાછ. પણ હજીબી ચતુર હોય તો ચેતીને ચાલજે. તેજીને એક તુકારો કાફી છે. હું હજી તને નસીબવાન ગાણુંછ કે આ કોઇ ભલુ ચાહનારે આપણું ને આપણાં ખાનદાનનુ ભલુ ચાહી અમોને વખતસર ચેતાવ્યાં, નહિં તો કોણ જાણે કેટલી ખરાબી અને કેવી પાયામાલી થતે. હવે એ ઢોળાયલાં દુધ ઉપર વિલાપ કરવામાં સાર નથી. હું ફક્ત તને એટલુંજ ચેતાઉંછ, જેહાંગીર, કે કલબને નામે ચાલતા એ હરકતા જુગારખાનાના એકેએક જુગારીને, હું પકડાવ્યા વગર રહેવાની નથી. મે તેની દરેક ગોઠવણ કીધીછ, અને જે વખત જાએછ તેમાં તે ગોઠવણ હું પાર પાડીશ"

છેલ્લા વાકયો બહુ જોસ્સાથી રજુ કરીને શેઠાણી રતનબાઇ તે જુગારી બેટાને ત્યાંજ પડતો મકી એક શેહેનશાહબાનુને છાજતા દમામથી એકદમ તે ઓરડો છોડી ગયાં,

---

પ્રકરણ ૧૧૩ મું.

જેહાંગીર બહદુરશાહ પર રૂસ્તીમ બહદુરશાહે માંડેલી ફરિયાદી.

બહાદુરશાહ ખાનદાનના એક હકદાર વડા વારસ તરીકે દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહે પોતાના ભાઇ જેહાંગીર બાદુરશાહ પર માંડેલો દિવાંની મુકદમો પ્રજામાં પુષ્કળ ચર્ચા ઉપજાવનારો નિવડયો. વર્તમાન પત્રોએ એક અઠવાડિયુ આગમચથી એ મુકદમાના સંબંધમાં હો—હા ગજાવી મુકેલી હોવાથી જે દિવસે મુકદમો પેહેલ વેહેલો નીકળ્યો, તે દિવસે હાઇકોર્ટનુ બુલંદ ન્યાય-મંદિર હઝારો લોકોનાં ભીડાં ભાગવાથી ચીકાર ભરાઇ ગયુ, અને પુષ્કળ લોક અંદર જગ્યા ન થવાથી બહેર ઉભું રહ્યું. બહાદુરશાહ ખાનદાનનો વર્ષોથી ગૂમ થયલો વારસ હાલ કોણ નીકળી આવ્યો છે, તે કેવો છે અને પોતાનો દાવો

કેવી રીતે પુરવાર કરેછે. તે જોવા—જાણવાને પ્રજા એટલી અધીરી પડી હતી કે તે ભારે ભીડમાં કોઇ અફળાયા, કોઈ ભીખાયા, કોઇ ચગદાયા, તે છતાં, તેમની જીજ્ઞાસા જરાએ ઓછી થઈ નહિ.

દાદીબાએ પોતાના વકીલો મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમ ઉપરાંત મેસર્સ બેહરામશાહ અને બ્રાન્સનને પણ રોક્યા. એ "બેહરામશાહ અને બ્રાન્સન" વાચનારને અંજાણ્યા નથી. જેહાંગીર બહાદુરશાહના કાયદા સંબંધી સલાહકારો તરીકે તેઓએ વર્ષોથી કામ બજાવ્યુ હતુ, પણ જેહાંગીરના છેલ્લાં અવિચારી પગલાથી તેઓએ પોતાની ફરજથી હાથ ઉઠાવી વધૂવાર તેની સેવા બજાવવાને ના પાડી હતી આ " ના " કેમ પાડી, તે આપણે જેહાગીર અને મી૰ બ્રાન્સન વકીલ વચ્ચે ટેલીફોનમા થયલી એક તકરારના રૂપમાં વાચી આવ્યા છીએ એ રીતે મેસર્સ બેહરામશાહ અને બ્રાન્સનનું જેહાગીર બહાદુરશાહની પક્ષમાથી ખીસી જવું, દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહના હકદાર હક જેહાગીરે નહિ સ્વિકારવાને આભારી હતું

મેસર્સ રીડ, અને કાર્લસ્ટન નામે ઘણા ચુનંદા બારોસ્ટરોને દાદીબા તરફથી રોકવામા આવ્યા, જેઓ મુબઇ, મદરાસ અને કલકતા શેહેરનાં ઘણા વખણાયલા ધારાના હિમાયતીઓ હતા. જેહાંગીર બહાદુરશાહ તરફથી તેના નવા વકીલો મેસર્સ પીસ અને બ્રાઉને દાદીબા કરતાં બેવડા બેરીસ્ટરોને રોકયા. એ રીતે રૂસ્તીમ બહાદુરશાહ વિરૂધ જેહાગીર બહાદુરશાહવાળો દિવાની મુકદમો પ્રજાનુ મોટુ ખેચાણ કરનાર થઇ પડયો.

દાદીબા પોતાના બેરીસ્ટરો જોડે કોર્ટમાં હાજર થતાં, તેનો ખુબસુરત ચેહેરો જોઇ એકેએક તમાસગોર ખુશ થયો. વળી ન્યાયસન ઉપર બિરાજમાન થયલા જસ્ટીસ મી૰ લી ઉપરબી તેના દમામદાર દેખાવથી અસર થયા વિના રહી નહિ. તે આજે બહુ ભપકાદાર પોશાકમાં હસ્તે ચેહરે કોર્ટમાં આઆવ્યો હતો. ખુલ્લા બ્લુ રંગનો સોનાની ફ્રેમમાં મઢેલો એક સુદર ચસમો તેના ખુબસુરત ચેહેરામાં બેવડો વધારો કરતો હતો. લોકો તેને ટીકીટીકીને જોતા હતા, અને જ્યાં જુઓ ત્યાં "દાદીબાએ એજ કે?"—"પેલા ચસમાવાળો પારસી રૂસ્તીમ બહાદુરશાહાજ કેની?"—" હેં ? પેલો ગૂમ થયલો વારસ એજ કે ? " એવા એવા તરેહવાર વાક્યો સભળાતા હતા.

બહાદુરશાહવાળાંઓનો આ પ્રજાની બત્રીશીએ ચઢેલો મુકદમો સાભળવાને કોર્ટમાં જે હઝારો તમાસગીરો ભેગા મળ્યા હતા, તેમાં મોટો ભાગ પારસીઓ હતા. એ ઉપરાંત પારસી બાનુઓની એક ન્હાની સંખ્યા ત્યાં ખેંચાઇ હતી, જેમાં કેટલીક યુરોપિયન લેડીઝ પણ નજરે પડતી હતી.

દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહની હાજરીએ કોર્ટમાં જેટલું ધ્યાન ખેંચ્યું, તેટલું જેહાંગીર બહાદુરશાહની હાજરી ખેંચી શકી નહિં. જેહાંગીર

જોકે અરધો ડઝન ધારાના હિમાયતીઓની કુમક સાથ દાદીબાના દાવાનો અસ્વિકાર કરવા આવ્યો હતો, તોપણ તેનો ચેહેરો દેખીતો નખાયલો અને ઝખાયલો જણાતો હતો. તેના મોહડાંપરથી તમામ તેજી ઉડી ગઈ હતી. તેની હમેશની ઝડપ્ચાલ આજે ધીમી પડી ગઈ હતી. ટૂંકમાં, તેનો તમામ દેખાવ અસાધારણ સુસ્ત દેખાતો હતો.

શુરૂઆતમાં દાદીબાનુ ફરિયાદનામુ વચાયું. જેમાં તેણે પોતાના મુકદ્દમાની તમામ હકીકત સમાવી હતી. એ પછી તેણે સોગદપર એકરાર કીધો કે " એ દાવો નોધાવનાર હાલનો દાદીબા, તે મરહુમ શેઠ અરદેસર બરજોરજી બહાદુરશાહની આગળી બાયડી ધનબાઇને પેટનો હકદાર વારસ રૂસ્તીમ બહાદુરશાહ હું પોતે છું, જે સઘળુ દસ્તાવેજી પુરાવાઓથી હુ સાબેત કરીશ "

એ એક એવો મુકદમો હતો કે જેમાં શાક્ષીઓને બદલે દસ્તાવેજોની મદદથી લડવાનુ હતું, જે વિષે દાદીબાના બાહોશ બેરીસ્ટરોમાના એક મી○ કાર્લેસ્ટને નામદાર કોર્ટને અગત્યનોગ ખુલાસો કહી સભળાવ્યો. જે જાણ્યા પછી, તાજના મુનશીએ જેહાગીર બહાદુરશાહને નામદાર જડજના હુકમથી પૂછ્યુ કે મરનાર અરદેશર બરજોરજી બહાદુરશાહના ગુમ થયલા વારસ[illegible] આ દાવાદારનો હક તમે કબૂલ રાખો છો કે નહિ ? "

આ સવાલનો જવાબ જેહાંગીરે " નહિ " એમ આપ્યાથી તપાસ શુરૂ થઇ.

અહીં પેલી " હાથીદાતની ઇસકોત્રી " રજુ કરવામાં આવી. એ ઇસ્કોત્રી દાદીબાને કેમ અને કેવા સંજોગો વચ્ચે મળવા પામી હતી, તેનો ટૂંક ખોલાશો પ્રથમ મી○ કાર્લેસ્ટન બેરીસ્ટરે કોર્ટને કહી સભળાવ્યો. એ પછી ઇસ્કોત્રી પર જે દોઢ દજન સીલો દાબેલા હતાં. અને જેને દાદીબાએ ઇસ્કોત્રી ઉઘાડતી વેળા કશી અલવલ આવવા ન દીધી હતી, તે સીલો રજુ કરી મી○ કાર્લેસ્ટને કોર્ટને કહ્યું, કે " એ સીલો પર A. B. B. એમ ત્રણ ઇંગ્રેજી અક્ષરો કોત્રેલા છે, જે વાદીનાં મરહુમ પિતા ' અરદેસર બરજોરજી બહાદુરશાહ " નુ નામ બતાવે છે. એ સીલો અમે સત્તાદાર સાક્ષીથી સિદ્ધ કરીશું, એટલુંજ નહિ; પણ મરનારે જે સીલથી આ ઇસ્કોત્રી ઉપર લાખ દાબી હતી, તે ખુદ અસલ સીલ પણ અમે કોર્ટમાં રજુ કરીશું. "

આટલું થયા પછી મી○ કાર્લેસ્ટને તે ઇસ્કોત્રીમાંથી રેશમી રૂમાલમાં વિંટાળેલું એક પેકેટ બહાર ખેંચી કાઢી તેનો ગાંઠ છોડયો અને દસ્તાવેજોનાં એક ચોડામાંથી એક જાડું પરબીડું રજુ કીધું. એ પરબાડાંપર **દિકરા, આ દસ્તાવેજ પેહેલાં વાંચજે** એમ લખેલું હતું.

એ તે દસ્તાવેજ હતો, કે જે મરનાર અરદેસર બહાદુરશાહે દાદીબા ઉર્ફે રૂસ્તામ બહાદુરશાહ ઉપર વિગતવાર હકીકતથી લખેલો એક લંબાણ

કાગળ હતો. અને જે ઉપર " સુરત, તા૦ ૨૨ મી ડીસેમબર ૧૮—" એવી નોંધ હતી.

આ દસ્તાવેજ કોર્ટમાં વંચાતાંજ નામદાર જડજ તથા એકેએક તમાશગીરની દાદીબા એક હકદાર વારસ છે એમ ખાત્રી થઇ. આ દસ્તાવેજ જડજે જેહાંગીર બાહાદુરશાહનાં હાથમાં અપાવી તેના લખનાર તેના મરનાર પિતા અરદેશર બહાદુરશાહ હતા કે નહિં એમ સવાલ પૂછયો. જેહાંગીરે તે દસ્તાવેજ જોઇ જવાબ આપ્યો કે " એ એક બનાવટી દસ્તાવેજ છે. "

" બનાવટી હોય કે નહિં હોય, તે તપાસવાનું કામ નામદાર જડજનું છે, " મી૦ કાર્લસ્ટને જેહાંગીરને પેચમાં પકડયો. " તમે આ દસ્તાવેજ ઉપરથી એટલુંજ કહેવાનુ છે કે એ અક્ષરો તમારા મરહુમ પિતાના છે કે નહિં?"

" નહિં. "

" ભલે નહિં હોય, પણ એ અક્ષરની વલાંણુ મરનારના અક્ષરને મળતી છે કે નહિં ?

જેહાંગીરથી આ વાત નાં કેમ પડાય ? તેને કબુલ કર્યા વિના ચાલ્યું નહિં કે એ અક્ષરોની વલાંણુ મરનારના અક્ષરોને મળતી આવે છે. "

" તમે કહોછો કે એ એક બનાવટી દસ્તાવેજ છે, ખરૂં કે ! "

" હા. "

" ત્યારે બનાવટી દસ્તાવેજમાં હુબહુ અક્ષર કાઢવામાં નથી આવતા એમ તમે કહો છો ?"

" ના. "

" તમે ફરીથી તપાસો—શું એ અક્ષર તમારા મરનાર પિતાના જેવા લાગતા નથી ? "

" હા, તેવણના જેવા લાગે છે, પણ તેવણના પોતાના એ અક્ષર હોય એમ હુ માનતો નથી. "

" તમે શા ઉપરથી આ અનુમાન પર આવ્યા છો ? " મી૦ કાર્લસ્ટને જેહાંગીરને હવે સાબુત પકડયો. " તમે શા ઉપરથી કહી શકોછો કે એ અક્ષર તમારા મરહુમ પિતાના હસ્તાક્ષર નથી ? તેનો તમારી કને કાંઇ પૂરાવો છે ?"

" ના, પૂરાવો કાંઈ નથી. "

" કોઇ સાક્ષી છે ? "

" ના, સાક્ષીબી નથી. "

" ત્યારે શું કોર્ટે તમારા એકલાપર ભરોશો રાખવો ? " દાદીબાના બેરીસ્ટરે જેહાંગીની ટકોર કીધી.

" હું તેમ કહેતો નથી. "

પેહેલ્લાજ દેખાવમાં જેહાંગીર લથડી ગયો. આ એક એવો મુકદમો

હતો કે જેમાં મોટો ભાગ દસ્તાવેજી પુરાવાઓથી સાબેત કરવાનો હોવાથી કોર્ટને ચાલું રેવાજ બાજુએ મેલી વચ્ચે વચ્ચે વાદી તેમજ પ્રતિવાદીને સવાલો પુછવા પડતા હતા. અને એવી રીતે અકેક દસ્તાવેજની એક પછી એક સુનાવણી મી૦ કાર્લેસ્ટને એવી બાહોશીથી રજુ કીધી કે મુકદમાને ઝડફથી આગળ વધતાં કશી હરકત નડી નહિં.

અત્રે નામદાર જડજે મી૦ કાર્લેસ્ટનને પૂછ્યુ કે " આ રજુ કરવામાં આવેલો લખાણુ દસ્તાવેજ મરનાર અરદેશર બાહાદુરશાહનાજ હસ્તાક્ષરના છે એમ વાદી પક્ષ કેવી રીતે પુરવાર કરવા માગે છે ? "

" ખુદ શેઠાણી રતનબાઈની શાક્ષીથી ! " મી૦ કાર્લેસ્ટન બેરીસ્ટરે નામદાર જડજને નમીને જવાબ આપ્યો અને જેહાંગીર ફુગલાઇ ગયો. " અત્રે હું શેઠાણી રતનબાઇને સાક્ષી દાખલ રજુ કરી શકું એમ છે, પણ મારી મકસદ મુકદમો લબાવવાની ન હોવાથી હુ તેવણની શાક્ષી આ ઇસ્કોત્રી માહેલા સઘલા દસ્તાવેજો કોર્ટ સનમુખ રૂજુ કરી રહ્યા પછી લાવવા ઇચ્છુછુ. અગર નામદાર કોર્ટની નજરમા એમ આવે કે શેઠાણીની સાક્ષી હમણાજ જરૂરની છે તો મારી નાં નથી, પણ મારૂ મત એ છે કે એકવાર ઇસ્કોત્રી કેવા કીમતી દસ્તાવેજો ધરાવે છે અને કેવા પાકા પુરાવાઓથી ભરપૂર છે તેનો આપ નામદાર પેહલા ખ્યાલ મેળવશો તો આ મુકદમો હુ ધારૂ છુ કે આજનેઆજ આપણે પુરો કરી શકીશુ. "

"જો સામી પક્ષ તરફથી કાઇ વાંધો લેવામા આવતો ન હોય તો હુ તમારી અરજ મન્જુર રાખવામા કશી અડચણ જોતો નથી." જસટીસ મી૦ લીએ ચુકવ્યું.

જેહાંગીરનાં અરધા ડજન બેરીસ્ટરોમાથી કોઇએબી વાંધો ન લેવાથી મી૦ કાર્લેસ્ટને પેલા પેકેટમાંથી એક બીજો દસ્તાવેજ રજુ કીધો. એ દસ્તાવેજ ઉપર **દીકરા રૂસ્તીમ જોગ–કાગળ નબર ૨** એમ લખેલુ હતું. એ તે દસ્તાવેજ હતો કે જેમાં મરનાર અરદેશર બહાદુરશાહે દાદીબાની માતા ધનબાઇને લગ્નને દહાડે બીજા દાગીનાઓ જોડે ભેટ આપેલી રૂ ૪૦૦૦ ની કીમતની એક મોતીની માળા ઇસ્કોત્રી મજકુરમાં ક્યા અને કેમ મૂકેલી હતી તેની સમજ આપી હતી. આ કાગળ વાંચી રહ્યા પછી કોર્ટની રજાથી મી૦ કાર્લેસ્ટને ઇસ્કોત્રીના જમણા ખુણાની નીચેનાં ભાગમાં દબાણ આપીને આગળી ફેરવતાં એક "ચોર વકોરો" ઉઘડી ગયો, અને તેમાંથી પેલી મોતીની માળા આબાદ મળી આવી !

આ માળા હાથ લાગતાંજ મી૦ કાર્લેસ્ટને તે નામદાર જડજનાં હાથમાં આપી.

તે આબદાર મોતી આંખને ઉંડી વળગે એવાં હતાં. આખી માળામાં

૭ 'સર' હતી અને એકેક મોતી બોરનાં ઠળિયા જેવડું મોટું હતુ. સુરતના કોઈ કાબેલ કીસબીને હાથે તે માળા બંધાવેલી હોવાથી આજ સૂધી તે જેવીને તેવી રહેવા પામી હતી. જસ્ટીસ લી તે કીમતી મોતીઓનુ આંજી નાખનારૂ આબ જોઈ હેરત થયો.

"હવે આ કાગળ હાથમાં લો, મી૦ જેહાંગીર, અને જુઓ કે એની ઉપરના અક્ષરો તમોને કોણના જેવા લાગે છે ?"

"એ મારા પિતાના અક્ષર નથી."

"હું તમોને તમારા પિતાના અક્ષર વિષે પૂછતોજ નથી." મી૦ કાર્લસ્ટન બોલ્યા. "હું જે પૂછુ છુ તે એ છે કે એ અક્ષર તમોને કોણના જેવા લાગે છે ?"

"હુ તમારો સવાલ સમજી શકતો નથી." જેહાંગીરે જવાબ આપ્યો અને આખી કોર્ટ હસી પડી !

"તમારી ઉમરનો એક બાહોશ અને કેળવાયલો જવાન એક તદન સાદો ને સાધારણ સવાલ સમજી નહિ શકે એ જોઈ હુ અચરત થાઉ છુ." મી૦ કાર્લસ્ટને હસીને જેહાગીરની ટકોર કરતા કહ્યુ. "તમે ધ્રૂજોછ શુ કામ ? ધ્રૂજવાનું કાંઈ કારણ નથી. હુ તમોને માત્ર એટલુજ પુછુછુ કે એ અક્ષર તમોને કોણને જેવા લાગે છે ?—યાને, બીજા બોલોમાં, એ અક્ષર તમારા પિતાને જેવા છે કે નહિં ?"

"છે."

"થેંક્યુ, મી૦ બહાદુરશાહ, હુ તમોને આ દસ્તાવેજ વિષે આટલુજ પૂછવા માગતો હતો. હવે મેહેરબાંની કરી કહેશો કે આ મોતીની માળા કોણની હતી તે તમે જાણો છો ?"

"નહિ !"

"વારૂ એ કોઈ બીજે જગે તમારા જનવામાં આવી હતી ?"

"નહિં !"

"એ નહિં તો એને મળતી કોઇ બીજી ?"

"નહિ."

"તમારાં માનવંત માતાજી શેઠાણી રતનબાઈ પાંસે એવીજ એક માળા શુ નથી ?"

"હું તે જાણુતો નથી."

"તમે સોગદપર કહેશો કે તમે નથી જાણુતા ?"

"હા."

"સોગંદ ઉપર ખોટી પ્રતિજ્ઞા કરવાનો આરોપ કેવો ગંભીર છે તે તમે જાણો છો ?"

"હા.'

"શું તમે આ અથવા એવી બીજી કોઈ મોતીની માળા વિષે કશુંજ જાણતા નથી ?"

"નહિ."

"તમે મેસર્સ બેહરામશાહ અને બાન્સન વકીલોને ઓળખો છો ?"

"હા, તેઓ એક વાર મારા કાયદા સબંધી સલાહકારો હતા."

"એ ગૃહસ્થોની હાજરીમાં કોઈ ઠેકાણે આ મોતીની માળા તમે જોઇ હતી ?"

"નહિ"

"ફરીથી વિચાર કરો, મીં૦ બહાદુરશાહ, તમે ભુલ કરો છો."

"હું કશી ભુલ કરતો નથી."

પ્રકરણ ૧૧૪ મું.

"તેણી વાદીને પીછાણતી નથી."

"મી૦ દારીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહે મીનસાફની દેવડીએ તમો ઉપર દાવો નોધાવવા આગમચ ખાનગી રીતે પોતાના દાવા વિષે તમારી ખાત્રી કરવાની કોઈ તક લીધી હતી ?' મી૦ કાર્લેસ્ટને પ્રતિવાદીને ફરીથી એક સાબુત પેચમાં પકડયો.

જેહાંગીરે આ સવાલનો જવાબ આપવાની "ના" પાડી, પણ નામદાર જડજે તેમ કરવાની ફરજ પડવાથી તેણે જવાબ આપ્યો કે "હા, એક લૂલી–નૂટી કોશેષ કીધી હતી."

"લુલી–નૂટીનો તમે શો અર્થ કરો છો ?" જસટીસ લીએ જેહાંગીરને પ્રશ્ન મુક્યો.

"લુલી નૂટી એટલે નિર્જીવ—એ નિર્જીવ કોશેષમાં તે મને આંજી નાખવા આવ્યો હતો, પણ મે તેને મચક આપી ન હતી."

"એ કોશેષ ક્યાં થઈ હતી ?"

"એનાં વકીલોની ઑફીસમાં."

"અને ત્યાં તમે આ માળા જોઈ ન હતી ?"

"મને તે યાદ નથી."

"સઘળા દસ્તાવેજો તમને દેખાડવામાં આવ્યા હતા ?'

"ના, વાંચી સંભળાવવામાં આવ્યા હતા."

"અને તેથી તમારી ખાત્રી થઈ હતી કે વાદીનો દાવો વાજબીછે ?"

"નહિં. મને તે વખ્તે એમ લાગ્યું કે એ દસ્તાવેજો બનાવટી છે !"

"ત્યારે હાલ એ દસ્તાવેજો વિષે તમારો મત શો છે?"

"જે તે દિવસે હતો તેજ."

"તમે જે અનુમાન પર આવ્યા તેજ અનુમાન શેઠાણી રતનબાઇએ સ્વિકાર્યું હતુ કે?,"

"તે હું જાણુતો નથી."

"હું નામદાર કોર્ટને અરજ કરૂં છું કે આ સવાલનો જવાબ આપવાને પ્રતિવાદીને ફરજ પાડવી" મી૦ કાર્લસ્ટને જસટીસ લી તરફ ફરીને કહ્યું.

"તમારો સવાલ અગત્યનો છે અને તેનો જવાબ હકાર યા નકારમાં આપવાને સાક્ષીને હુ હુકમ કરૂ છું." જડજે ચુકવ્યુ.

"તમે જે અનુમાન પર આવ્યા તેજ અનુમાન શેઠાણી રતનબાઇએ સ્વિકાર્યું હતું કે?" ફરીથી દાદીબાના બાહોશ બારીસ્ટરે જેહાગીરને તેજ સવાલ પુછ્યો.

"નહિ."

"શેઠાણી રતનબાઇ ઉપરાંત તમારી જોડે ત્યાં બીજાં તમારાં અતલ-જનાં બેશીઓ કોઇ હતાં કે?"

"હા."

"કોણ?"

"મારી બેહન અને બાયડી."

"તમારી બેહેનનુ મત શુ હતુ? તેણી તમારાં માતાનાં વિચારને મળતી હતી કે નહિં"

"તે હુ જાણુતો નથી."

"મી૦ બહાદુરશાહ," જડજે જેહાંગીરને દમ ભરાવ્યો. "વાદી પક્ષનો ધારાનો હિમાયતી તમોને જે પ્રશ્નો પૂછે છે તે ખરી વાત ખુલી થવા માટે ઘણા અગત્યના છે. તમે એવા જરૂરી સવાલો માટે ઉડાવનારા જવાબ આપી મને વારવાર કટાળો આપશો તો કોર્ટને અપમાન આપવાનો વાંક મૂકી હું તમોને એકદમ દંડ કરીશ. મી. કાર્લસ્ટને પૂછેલો સવાલ હુ પોતે તમોને પુછું છું કે તમારી બેહેનનાં વિચાર તમારી માતાના વિચારોને મળતા હતા કે નહિં."

"હું ધારૂં છું કે મળતા હતા."

"આ કાંઇ તમારો જવાબ કહેવાય નહિ. અગત્યના સવાલો માટે 'હા' કે 'ના' એવો ટૂંકો જવાબ આપવો જોઇએ. તમારી બેહેનના વિચારો મળતા હતા કે નહિં!"

"હા."

"અને તમારી બાયડીનાં?"

"તેણી વાદીને પીછાનતી નથી!"

"તમે સોગદં પર કહી શકશો કે તેણી વાદીને પીછાનતી નથી?"

જેહાંગીર આ સવાલનો જવાબ આપતાં કચ્ચો—નામદાર જડજે તેને ભરાવેલો દમ હજી તેના મગજમાં તાજો હતો, તે સમજી નહિ શકયો કે એનો જવાબ શું આપવો.

"ખુબ વિચાર કરીને જવાબ આપજો." મી કાર્લસ્ટને તેને વધારે ચોંકાવ્યો.

"હુ સોગંદપર કહી શકીશ નહિ." જેહાંગીરે જવાબ દીધો, અને આખી કોર્ટ હસી પડી.

"તમે શા ઉપરથી કહો છો કે તમારી બાયડી વાદીને પીછાનતી નથી ?"

'હુ તેણી જોડે પરણ્યો ત્યારે વાદી હસ્તીમા હતો નહિ."

'શુ આ જવાબ તમે પુરતા ધ્યાન અને ધીરજથી આપ્યો છે ?"

"હા."

"ફરીથી વિચાર કરો, મી. બહાદુરશાહ, જરા ફરીથી વિચાર કરો. તેણી વાદીને ઘણી સારી રીતે ઓળખે છે અને જો જરા આગળ વધીને હુ કહુ તો તો તમારે કરતા તેણી તેને વધારે સારી રીતે પીછાણે છે. ખરૂં કે ?"

જેહાંગીર આ સવાલના જવાબ શુ આપવો એ વિચારથી ઘભરાઈ ગયો—ને પાણી પાણી થઇ ગયો '

"કદાચ હોય."

" 'કદાચ હોય' નહિ. 'હા' કે 'ના' એમ બેમાથી એક એકરાર કરો."

"મારો પોતાને લગતો એ સવાલ હતે તો તે હુ ખાત્રી પૂર્વક કહી શકતે."

"ત્યારે તમારી બાયડી વાદીને પીછાને છે કે નહિ, તે વિષે તમે ખાત્રી-પૂર્વક નથી, એમજ કેની ?"

"હા."

જેહાંગીરના આ જવાબ પર આખી કોર્ટમા પાછી રમુજ થઈ રહી. તેનાં જેવો એક જવાન, ઠાવકા જવાબ આપવાને બદલે નબળાઇ બતાવી કેવળ લેલે–પોપો થઇ જાય એ સૌને અચરતી ભરેલુ લાગ્યુ. તે મગરૂબ જવાને દાદી-બાનો હક પેહેલાં નાં પાડયો ખરો, પણ હવે તેને અહીં પુષ્કળ ભારી પડી ગયુ.

પરીન વિષે મી૦ કાર્લસ્ટને જેહાંગીરને ચીપી ચીપીને સવાલો પૂછવાનાં ખાસ કારણો હતાં, જેમાં મુખ્ય કારણ એ હતુ કે આ મુકદમો કોર્ટની દેવા-ડીએ ચઢવાનો મૂળ સબબજ પરીન હતી તે કોર્ટને દેખાડવાનું હતું,

"તમે ખાત્રી પૂર્વક નથી ત્યારે એમ કેમ બોલ્યા કે 'તેણી વાદીને પી-છાનતી નથી ?' કહો, તમે હવે સોગદ ઉપર ખોટી પ્રતિજ્ઞા કરવાના વાંકમાં આવ્યા કે નહિં ?"

જેહાંગીર કશો જવાબ દઇ શકયો નહિં. બાહોશ મી૦ કાર્લસ્ટને તેને સઘળી બાજુથી પેચમાં પકડી લીધેલો હોવાથી તેના બચાવને માટે તેને એકે બારી સાંપડી નહિં.

"તમારાં લગ્ન થયાને કેટલાં વર્ષ થયાં ?"

"નઝદીક ત્રણ વર્ષ."

"એ ત્રણ વર્ષ આગમચ તમે વાદીને જોયો હતો ?"

"હા"

"શું તમે એને ઓળખતા નથી ?"

" નહિ. "

" ત્રણ વર્ષ આગમચ વાદીને તમે ક્યાં જોયો હતો ? "

" મુબઇમા. "

" તે વેળા વાદી કોણુની નોકરીમા હતો ? "

' તે હુ જાણુતો નથી. "

" તમે તમારા ધર્મ પુસ્તક ' અવસ્તા ' ઉપર હાથ મૂકીને કહેશો કે તે વેળા વાદી કોણુની નોકરીમા હતો તે તમે જાણુતા નથી ?

" હા. "

અહીં જેહાગીરના હાથમાં " ખોરદેહ અવસ્તા " નું પુસ્તક આપવામાં આવ્યુ. જે પકડીને તેણે સોગદ ઉપર પ્રતિજ્ઞા કીધી કે " તે વેળા વાદી કોણુની નોકરીમા હતો તે હું જાણુતો નથી ! " કેવો સાચો જરથોસ્તી ?

અત્રે મી૦ કાર્લસ્ટને નામદાર જડજને જણાવ્યું કે " સાક્ષી તમામ જુઠ્ઠુ બોલે છે અને તે પણ ' મનસ્ની-ગવસ્ની અને કુનસ્ની ' ના જરથોસ્તી ધર્મમાં ગણાતા પવિત્રમા પવિત્ર શબ્દોની પ્રતિજ્ઞા પર જુઠ્ઠુ બોલે છે. હુ અત્રે પુરવાર કરીશ કે દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહ જેહાંગીર બહાદુરશાહના લગ્નની ત્રણ વર્ષ આગમચ પ્રતિવાદીની બાયડીનો સગિત શિક્ષક હતો."

જસટીસ લીએ અત્રે પ્રતિવાદીને જણાવ્યુ કે " તમે વારવાર કોર્ટને ભૂલાવો ખવાડનારા અને ખોટા જવાબો આપો છો એમ વાદી પક્ષના બેરીસ્ટર ફરિયાદ કરે છે. અગર જો સાક્ષીઓથી તમારૂં ખોટાઇ જાહેર પડશે, તો વાદી તરફની એક ન્હાની અરજને ઉચકી લઇ, તમો પર સોગંદ ઉપર ખોટી પ્રતિજ્ઞા કરવાના આરોપસર કામ ચલાવવાનો હું હુકમ કરીશ."

જેહાંગીર આ " જોલાબ " થી ફિક્કો પડી ગયો !

" તમારી બાયડીનુ નામ શુ ? "

" પરીન બાનું. "

" તેણી એક બહુ ખુબસુરત બાનું છેની ? "

" હા. "

" પરણુવા આગમચ તમે તેણી તરફ પુષ્કળ ખેંચાયા હતાની ? "

" નહિ. "

" તમે તેણી જોડે પરણવા તૈયાર થયા, ત્યારે તમારા રસ્તા વચ્ચે કાંઇ મુસ્કેલીઓ હતી કે ? "

" નહિ. "

" તમોને કોઈ જવાન તે વખ્તે કબાબમાં હાડકાં જેવો નહિં લાગતો હતો ? "

" નહિં. "

" તમોને કેટલી બ્હેન છે ? "

" એક. "

" તેણીનું નામ શુ ? "

" આડામાય. "

" વારૂ, એ આડામાયને પરણાવવાની તમે કોઇવાર કોશેષ કરી હતી ? "

" હા, ઘણીવાર. "

" છેલ્લી કોશેષની તમોને યાદ છે ? "

" નહિ. "

" હુ યાદ આપુ તો યાદ કરી શકશો ? "

' અમારી ખાનગી બીના તમે શુ જાણો ? "

" ધારો કે કોઈ સજોગોથી તે હુ જાણતો હોઉ. તમારી બાયડી જોડે પરણવા આગમચ તમે તમારા રસ્તામાંથી એક ગરીબ જવાનને દૂર કરવાની નેમ શુ નહિં રાખી હતી ? "

" નહિ. "

" તમે પોતે વાદી કને તમારી બેહેનનું માગુ લઇને ગયા ન હતા ? "

" નહિ. "

" મારા લોર્ડ ! " અહીં મી૦ કાર્લેસ્ટને જડજને જણાવ્યું, " હું ફરી ફરીથી ભાર મૂકીને જણાઉ છું કે પ્રતિવાદી બોલેબોલ એક જુઠો આસામી છે. તે સોગંદ ઉપર ઇનસાફની નેમ ઉંધી વાળે છે. હુ આબરૂદાર સાક્ષીઓથી પુરવાર કરીશ કે પ્રતિવાદીએ પોતે પરણવા આગમચ વાદીને પોતાની બેહેન સાથ પરણાવવાની એક ખુલ્લે ખુલ્લી કોશેષ હતી, પણ તેમાં તે ફાવ્યો ન હતો. જેમ વાદીને પોતાની બેહેન જોડે પરણાવવાની એણે કીધેલી તજવીજનો એ ઇનકાર કરે છે તેમજ વાદીને ઓળખવા સંબંધી પણ પ્રતિવાદીએ એવોજ ઇનકાર બતાવ્યો છે. એ નામદાર કોર્ટે ધ્યાનમાં રાખવાનું છે. એ બન્ને ઇનકારોથી ઇનસાફની નજરમાં પ્રતિવાદી એવડો ગુનેહગાર ઠરી ચૂકો છે. "

અત્રે જસ્ટીસ લીએ મી૦ કાર્લેસ્ટનનાં મજકુર વાંધાઓની નોંધ લીધા પછી તપાસનું કામ પાછું આગળ ચાલ્યું.

પ્રકરણ ૧૧૫ મું.

—x—

દંડાયલો " ડામીજ. "

" તમારાં લગ્નની આગમચ, તમારી બાયડીની એક ચોક્કસ સાલગીરેહને દહાડે તમોને તથા તમારાં કુટુંબને પરીનબાનુંનાં પિતાએ પોતાંને ત્યાં ખાણાંપર નોતર્યાં હતાંની ? "

" હા "

" એ નોતરનાર ગૃહસ્થનું નામ શુ ? "

" દારાશાહ દાવર. "

" એવણુ તમારા કોણ થાય છે ? "

" સસરા. "

" તમે એ ગ્રહસ્થને " દારાશાહજી ' અથવા ' દાવરશેઠ 'ને નામે ઓળખો છો ની ? "

" હા, પેહેલુ નામ મારા માતાજી અને બીજુ હું વાપરતો હતો. "

" વાપરતો હતો ' એટલે શુ ? "

" હાલ એ ધણી સાથે મને કશો વ્યવહાર નથી. "

" પણ આગળ એકવાર હતો કેની ? "

" હા "

" એક ગ્રહસ્થના નામ પાછળ ' શેઠ " શબ્દ વાપરવો એ તેને ઇઝત આપ્યા બરાબર છેની ? "

" હા. "

" તેમ બોલનારને પોતાને પણ તેને માટે માન હોવું જોઇએ કે ? "

" તે હુ કહી શકુ નહિં. "

" નહિં કેમ કહી શકો ? હુ નામદાર કોર્ટને અરજ કરૂં છું કે સાક્ષીને આ સવાલનો જવાબ આપવાની ફરજ પાડવી. "

" હું સાક્ષીને જવાબ આપવાનો હુકમ કરૂ છું. " જડજે ચુકવ્યુ.

" આ મુકદમા જોડે આ સવાલને કશી નીસબત નથી. " જેહાંગીરે વાંધો લીધો.

" હું આડકત્રી રીતે પુરવાર કરવા માગું છુ કે—"

" તમોને ખુલાસો કરવાની કશી જરૂર નથી, મી૦ કાર્લેસ્ટન ! " જડજ બોલ્યા. " તમારા સવાલની નેમ હું સમજી ગયો છું અને તેથી હુ ફરીથી સાક્ષીને એકદમ જવાબ આપવા ફરમાઉ છું. "

" હોવું જોઇએ " જેહાંગીરને અંતે જવાબ આપવો પડયો.

" તમોને તેવું માન એ ગ્રહસ્થ તરફ છે કે ? "

" હાલ નથી. "

" હાલની વાત નથી. હાલની વાત આપણે પછી ધ્યાનમાં લઇશુ. આગળ જ્યારે તમારી જોડે તેવણુને સારૂ હતુ ત્યારે તમે તેમને માટે માન ધરાવતા હતા કે નહીં ? "

" હા. "

અત્રે મીο કાર્લસ્ટને નામદાર જડજ તરફ ફરીને કહ્યું. " સાક્ષી તરફથી હું એજ મેળવવા માંગતો હતો. જે ગ્રહસ્થ તરફ સાક્ષીને એકવાર માન હતુ તે ગૃહસ્થનેજ મોહડે હું કબૂલ કરાવીશ કે સાક્ષીએ અત્રે આપેલી જુબાની તમામ ખોટી છે. " એમ બોલી પ્રતિવાદી તરફ ફરીને પાછો સવાલ કર્યો. " સાલગીરેહને દિવસે ત્યાં તમે વાદીને જોયો હતો ? "

" નહિ. "

મીο કાર્લસ્ટને પ્રતિવાદીના આ જવાબની નામદાર જડજ પાસે ખાસ નોંધ લેવાડી

" તમે આ જવાબ તમારી પૂર યાદદાસ્ત ઉપરથી આપો છો ? "

" હા. "

" તમે ભૂલતા તો નથી ? "

" નહિ. "

" એ સાલગીરેહને દહાડે પરીનબાનુ, જેણી તે વખ્તે એક કુમારી કન્યા હતી, તેણીના એક પારસી મ્યુઝીક માસ્ટરના જૂદાં જૂદાં વાજીત્રો ઉપરનો અસાધારણ કાબુ જોઇ તમે હેરત થયા હતાની ? "

" મને યાદ નથી. "

" જે વખતનો એક બનાવ તમને ચોક્કસ યાદ રહે તેજ વખતનો બીજો બનાવ તમોને નહિ યાદ રહે, એ કેમ મનાય ? હું ધારૂં છું કે જરા યાદ કરશો તો તમારી સ્મરણશક્તિ તમોને દગો નહિં દેશે. "

" હું યાદ કરી શકતો નથી. "

" ભલે; હુ તે વિષે દબાણુ નથી કરતો. વારૂં, મીο બહાદુરશાહ, 'દાવર લૉડજ' માં તે દિવસે એક ખુબસુરત જવાને સૌનું ધ્યાન ખેચ્યુ હતું તે તમોને યાદ છે ? "

" હા. "

" એક આબરૂદાર પારસી જવાન તે વખતમાં મિસ દાવરનો મ્યુઝીક માસ્તર હતો તે તમે જાણોછ ? "

" નહિં. "

" બહાદુરશાહવાળાંઓ દાવરવાળાંઓ અને દાવરશેઠના મિત્રો સિવાય

દાવરશેઠની નોકરીમાં રહેલા કોઇ પારસી જવાનને તમે ત્યાં જોયો હતો ?"

"નહિં."

"હું ખુદ દાવરશેઠની તથા શેઠાણી રતનબાઇની સાક્ષીથી સિદ્ધ કરીશ કે પ્રતિવાદી તમામ જુઠું બોલે છે. વાદી તે મેળાવડામાં હાજર હતો. અને ત્યાં પ્રતિવાદીએ તેને પેહેલવેહલો જોયો હતો; એટલુંજ નહિં પણ વખાણ્યો હતો. વારૂ મી૦ જેહાંગીર, તમે મી૦ દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહને પેહેલવેહેલ્લો ક્યાં જોયો હતો ?"

"મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમની ઑફીસમાં."

"તમારી સાથે ત્યાં દાવરશેઠજી આવ્યા હતાની ?"

"હા."

"એજ દાવર શેઠે એ મહિનાની વાત ઉપર તમોને પોલીસ કોર્ટમા દડાવ્યા હતાની ?"

મોટી નામોશી વચ્ચે જેહાંગીરને આ સવાલનો જવાબ "હા" મા આપવાની ફરજ પડી, કે જ્યારે તેને તે હઝારો તમાશગીરોથી ચીકાર થયલી કોર્ટમા નીચુ જોયા વિના ચાલ્યુ નહિં.

"તમોને કેટલા રૂપિયાનો દડ થયો હતો ?"

"૫૦!"

"મોટે ખાંચરનો અને બડેખાંઓમાં ફરનારા એક આબરૂદારમાં ખપતો શેઠિયો પોલીસ કોર્ટમાં દંડાઇને ડામીસ થાય ત્યારે તેની ચાલ ચલણ કેવી હલકી અને એક ગ્રહસ્થથી ઉલટી હોવી જોઇએ તે ઉપર હુ નામદાર કોર્ટનું ધ્યાન ખેચુ છુ" દાદીબાના ધારાના હિમાયતીએ ભર કોર્ટમા જેહાંગીરનુ નાક કાપ્યું. "મને હજી ઘણા અગત્યના દસ્તાવેજો તમો નામદાર સન્મુખ રૂજુ કરવાના હોવાથી હુ આ બાબદ પર વધારે ટીકા કરવાની જરૂર જોતો નથી."

પ્રકરણ ૧૧૬ મું.

મરહુમ બહાદુરશાહની તસવીર.

"હવે હુ એક એવી ચીજ રજુ કરીશ કે જેની હસ્તી વિષે પ્રતિવાદીથી કદી નામુકર જવાવાનુ નથી. મી૦ કાર્લસ્ટને એકાદ–બે મિનિટ પછી પાછુ શરૂ કર્યુ. આ પરબીડાં ઉવર નીચલા શબ્દો લખેલા છે:—**દિકરા રૂસતીમ, આએ કવરમાં તારાં જન્મ આપનાર માત–પિતાની તસ્વીર છે.** અગર નામદાર કોર્ટની પરવાનગી હોય તો હું આ તસવીર દાખલ કરવા માંગુ છું."

"મરહુમ અરદેસર બહાદુરશાહનાં પેહલાં લગ્ન કાયદાસર કરવા માટે જે

જે પુરાવાઓ મળે તે કોર્ટને જાણવા જરૂરના છે અને તેથી તસવીર દાખલ કરવાની હુ તમોને 'ખુશીથી પરવાનગી આપું છું. હું સુરતમાં જડજ હતો ત્યારે મે મરનારને સારી રીતે જોયલા હોવાથી આ ફોટો ઉપરથી પેહલાં તો હું કહી શકીશ કે એ મરનારજ છે કે નહિં."

મી૦ કાર્લસ્ટને તે તસવીર નામદાર જડજનાં હાથમાં મૂક્યા બરાબર તેવણે તે મરનાર અરદેસર બહાદુરશાહનીજ છે એમ મત આપ્યું. આ એક "કેબીનેટ" સાઇઝનો સુદર ફોટો હતો જેમાં ધણી–ધણીઆણીનો ભેગો ગ્રુપ હતો. નામદાર જડજે તે તસ્વીર પોતે જોઇને જેહાંગીરને આપી અને પુછ્યુ કે "આ તસવીરમાં કોણ છે?"

થોડોવાર વિચાર કર્યા પછી જેહાંગીરે જવાબ આપ્યો. "માતા પિતા."

"વારૂ, એવણુની પડોશમાં રાંક અને નમ્ર દેખાવની એક ખુબસુરત બાનુ બેડી છે તે વિષે તમે કાંઇ જાણો છો? તેણી કોણ છે?

"મને ખબર નથી."

"આ તસવીર વિષે તમારો મત શો છે?"

"એ એક ગોઠવી કાઢેલુ તરકટ છે."

"તમે હમણાંજ સ્વકાયુ છે કે તસ્વીરમાં બેઠેલા એક બહાદુર સિંહ જેવાં કદાવર કદના ગ્રહસ્થ તમારા પિતા છે અને હવે એ તરકટ કેમ થયુ?"

"મારા મરહુમ પિતાની તસવીર વિષે મને શક નથી. પણ તેવણને જેવા કોમમાં મોટો દરજ્જો ભોગવનાર એક મઝતદા શેઠિયો એવી રીતે એક સાધારણ માણસની દિકરીને પરણે એ વાત હું માનતો નથી."

"તમારા પિતાને હાથનાંજ પેલા લબાણુ દસ્તાવેજ ઉપરથી આપણે જોયું છે કે જે વખતે તેવણે આ છૂપાં લગ્ન તે વખતે તેવણ શેઠિયાને દરજ્જે ચઢેલા નહિં હતા. તે વખતે તો તેવણના પિતા બરજોરજી બહાદુરશાહ હૈયાત હતા અને તેવણનાં થરકાંપને લીધે તો આ લગ્ન તમારા પિતાને છૂપાવવાની ફરજ પડી હતી."

નામદાર જડજે રજુ કરેલી આ ઇનસાફી દલીલને જેહાંગીર તોડી શક્યો નહિ.

"પ્રતિવાદીએ વાદીના દરેક દાવાને ખોટા પાડવાનો ગોયા ઠરાવજ કરી રાખ્યો છે, જેથી હુ એને એ વિષે કશું પૂછવા માંગતો નથી. હું સતાદાર સાક્ષીઓથી શિદ્ધ કરીશ એટલોજ ઈશારો હાલ પુરતો વિચારૂં છું."

એમ બોલી મી૦ કાર્લસ્ટને એક બીજો દસ્તાવેજ હાથમાં લીધો. તે, તે દસ્તાવેજ હતો, જેમાં મરનાર બહાદુરશાહે અગમચેતી વાપરી પોતાના વડા વારેસને તેનો હક રજુ કરવા માટે નાણાંની જોગવાઈ કરી આપી હતી અને છકોત્રીનાં ડાબી તરફના ચોર વકોરામાં રૂ ૧૦૦૦૦) ની દસ નોટ મૂકેલી

હતી. આ નોટ મી૦ કાર્લસ્ટને કોર્ટમાં રજુ કીધી, જે જોઈ મરનારનાં ડહાપણ વિષે તમામ લોકો અચરત થયુ.

અત્યારથીજ લોકમત દાદીબાની તરફેણમાં ખેંચાઈ ગયું. તે હજારો માણસોની ગીરદીમાં એક આસામીબી એવું ન હતું કે જેણે જેહાંગીરની પક્ષ પકડી હોય "વાદી જીતવાનો ને ફર જીતવાનો"–"વાદીના પુરાવા એવા મજબૂત છે કે પ્રતિવાદીનું કાંઈ ચાલવાનું નથી–" "ખરેખર દાદીબાના દસ્તાવેજો દીવાની જોત જેવા છે" એવા એવા તરેહવાર વાકયો તમાશગીરો વચ્ચે છૂટથી બોલાવા લાગ્યા.

"મારા લૉર્ડ!" મી૦ કાર્લસ્ટને કહ્યું. "હુ તમો નામદારને અત્રે અરજ કરવા ચાહુ છુ"

"અને તે શી છે?" જડજે પુછયુ.

"મારી ખાહેશ એવી છે કે તમો નામદારને કાંઇ વાંધો ન હોય તો હુ બીજા દસ્તાવેજો તપાસવા આગમચ સાક્ષીઓ બોલાવવા માગું છું."

"સાંમી પક્ષવાળાઓ તે વિષે કાંઈ તકરારઃ લેછે કે નહિ તે પ્રથમ હું જાણવા ઇચ્છુ." જડજે જવાબ આપ્યો.

"બેશક હું એ વિષે વાંધો લઇશ" જેહાંગીરનાં એક બેરીસ્ટર મી૦ ગ્રીને વાંધો લીધો 'સઘળા દસ્તાવેજો પૂરા કર્યા પછી સાક્ષીઓ બોલાવવા ઠીક થઈ પડશે."

"જે દસ્તાવેજો હુ અત્યાર સૂધી રજુ કરી શકયો છુ. તેજ તકરારી દસ્તાવેજો છે. અને તેની મજબૂતી સાક્ષીઓ વગર થવાની નથી. હવે પછીનાં જે દસ્તાવેજો હુ રજુ કરીશ તે આગળા દસ્તાવેજોને ઢાંકી નાખે એવા છે એટલુજ નહિ પણ તે દસ્તાવેજો જોડે સાક્ષીઓને કશી નીસબત નથી."

"એમ છે?" જડજે પૂછયુ.

"હા."

"તે અપ્રસિદ્ધ દસ્તાવેજો કયાં છે?"

"આએજ ઇરકોત્રીમાં.

"અને તેમ છતાં તેને સાક્ષીઓ સાથે નીસબત નથી?"

"નથી."

"તમે તે પુરવાર કરશો?"

"હા."

"તેવા કેટલા દસ્તાવેજ હજી બાકી છે?"

"ત્રણ."

"ઠીક છે. આજે વખત થઇ ગયલો હોવાથી તપાસનું કામ હવે હું બંધ કરૂં છું અને આવતી કાલથી તમારા સાક્ષીઓની જબાની લેવાનો હુકમ આપું છું."

પ્રકરણ ૧૧૭ મું.

પલટી ગયેલો પારસી !

દાદીબા વિરૂધ જેહાંગીર બહાદુરશાહવાળા મુકદમાએ પ્રજામાં એટલી ચર્ચા ફેલાવી કે દરેક મકાનમાં, મંડળીમાં કે કલબમાં જ્યા જૂઓ ત્યાં એજ વાત અને એજ ચુનોચરા ચાલી રહી. આગલે દિવસે ચાલેલી તપાસવાનો હેવાલ વાંચવા માટે બીજે દિવસે વર્તમાનપત્રોપર પુષ્કળ તટાતૂટ પડી. સર્વ કોઈ જેહાંગીરને વખોડી દાદીબાને વખાણુતા હતા. પેહલા દિવસની તપાસમાંજ પ્રજાએ જોઇ લીધું કે જેહાગીરનો બચાવ કેવળ લૂલો હતો. અને દાદીબા ઉર્ફે રૂસ્તમ બહાદુરશાહનો હકદાર હક તે લુચ્ચાઇથી પચાવી પાડવા ચાહતો હતો

તપાસનો બીજો દિવસ પહેલા દિવસ કરતાં વધૂ ઉલટમંદ નીવડયો. એ મુકદમાએ લોકો પર એટલી અસર કરી હતી કે આજે સાક્ષીઓ કેવી પડે છે, અને તેથી દાદીબાના દસ્તાવેજોને કેટલો ટેકો મળે છે, તે નજરે જોવા તથા કાને સાંભળવા હજારો તમાશગીરો કોર્ટ તરફ તણાયા. બપોરે ૧૧ કલાકથી તપાસ શુરૂ થવાની હતી તે છતાં લોક એટલુ અધીરૂ બની ગયુ હતુ કે સહવારે ૮ વાગ્યાથી કોર્ટની બાહેર ગીરદી થવા માડી, અને દરવાજા ઉઘડતાંજ લોક અંદર ધશી ગયુ. પુષ્કળ તમાશગીરોને અંદર જગ્યા ન થવાથી બાહેર મેદાનમા ઉભુ રહેવુ પડયુ; ત્યા પણ તેઓ ખુશીથી ઉભા રહ્યા.

દાદીબા પોતાના બેરીસ્ટરો જોડે વખતસર હાજર થયો, પણ જેહાંગીરનો આજે "ફેરતો" થઈ ગયો. જે થોડીક અક્કડથી તે ગઇ કાલે આવ્યો હતો, તેમ આજે આવી શકયો નહિ. આગલે દિવસે જેહાંગીરની પક્ષ તમામ કથળી જવાથી તેનાં પેલાં અડધો ડજન બારીસ્ટરોએ તેની તરફથી હાજર થવાને સાફ નાં પાડયુ. તે ધારાના હિમાયતીઓ પ્રજામાં જાણીતા અને લોકપ્રીય હોવાથી પોતાનાં સારાં નામને ખરાબ નહિ લાગે તેટલા માટે એવો લૂલો લચાવ કરવા આવવાને રાજી થયા નહિ. મોટી મુશ્કેલીથી-મોહ માંગ્યું દામ આપીને જેહાંગીરે તે છ બેરીસ્ટરો માહેલા એક મી૦ ગ્રીનને પોતા તરફથી હાજર કીધો. તેણે ધારાના બીજા હિમાયતીઓને પોતાના વકીલો મારફતે કરેલી ફરમાશ કોઇએ બહાલ રાખી નહિં કારણ કે જેહાંગીરની પક્ષ કેવી નબળી છે તે હવે અંજાણી વાત ન હતી. કોઈએ "આટલા ટુંક વખતમાં પોતે તૈયાર નહિ થઇ શકવા" નું તો કોઇએ "નહિ દૂર થઇ શકે એવી રોકાણો" નું બહાનું કાઢી તેની હિમાયક નાં પાડી. વળી કેટલાક રોકડિયા બેરિસ્ટરોએ તો રોકડે રોકડું ચૂકવી દઇ તેની "ફીફ" લેવાને નજો વાસ્યો. એ રીતે, જેહાંગીર તમામ રંજીસ થઇને, એકલા મી૦ ગ્રીન જોડે

કોર્ટમાં આવ્યો. તેની આ મુશ્કેલી આગમચથી લોકોને જાહેર થઇ ગયલી હોવાથી તેને એવડું ખરાબ લાગ્યુ.

વાંચનાર! વિનાષ કાળ આવે છે ત્યારે એક ઇનસાન એમજ ઝાંખું પડે છે!

વાદી પક્ષના પેહેલા સાક્ષી તરીકે "આપણા બુઝર્ગ દોસ્ત" મી૦ દારાશાહ દાવર આવ્યા. દાદીબા જોડેનો તેવણનો હાલનો સબંધ જોકે તમામ વિરૂદ્ધ હતો, તે છતાં, જેહાંગીરની નવી દુશ્મનીને લીધે એ કોરમરડું પારસીએ દાદીબાની પક્ષ લીધી હતી. દાદીબા તેવણની જેહાગીર જોડેની દુશ્મનાનો લાભ પોતાના ફાયદામા લે એવો ન હતો. તેને તો ખરી વાતને ખુલ્લી કરવી હતી. અને તે ખુલ્લી કરવા માટે જુની બાબતોના જાણનાર તરીકે તથા પોતાના એક આગલા શેઠ તરીકે તેવણના સાક્ષીની તેને અગત્ય હતી જાણે ખુદરત પોતેજ દાદીબાના કામમા દાદીબાને મદદ આપવા માગતી હોય તેમ દારાશાહને શેઠને રહી રહીને હમણાજ જેહાગીર જોડે દુશ્મની ઉભી થઇ. અને તે દુશ્મનીનો લાભ—દાદીબાએ તેવો હલકો લાભ લેવા ચાહ્યો નથી, તે છતાં—દાદીબાને મળ્યો!

કુદરતની આ કેવી સુંદર કરામત!

તપાસનુ કામ શુરૂ થતાં તાજના મુનસીએ દાવરશેઠને સોગદ આપ્યા.

સાક્ષીનુ નામ, ધધો, મોભો વગેરે કોર્ટમા રજુ કર્યા પછી મી૦ કાર્નેસ્ટને તેવણને નીચે મુજબ તપાસ્યા.

"તમે વાદીને ઓળખો છો?"

"હા."

"કેટલા વખતથી તમે તેને ઓળખો છો?"

"આસરે ચાર—સાહડા ચાર વર્ષથી."

"તમે વાદીના એક વખત શેઠ હતા?"

"હા."

"તમારે ત્યાં વાદી શી ફરજ બજાવતો હતો?"

"મારી બેટીને મ્યુઝીકનું ટયુશન આપતો હતો."

"તેનાં બદલામાં તમે તેને શું લવાજમ આપતા હતા?"

"દર માસે ૩૦૦ રૂપિયા."

"ત્રણુસે રૂપિયા!" નામદાર જડજે અચરતી બતાવી. "એક ઑફીસરને છાજતો આવડો મોટો દરમાયો તમે તમારી બેટીનાં મ્યુઝીક માસ્તરને આપતા હતા?"

"હા, હું તેને આટલો મોટો દરમાયો આપતો હતો. અને તે દરમાયો તેની કાબેલ્યતને તમામ બંધબેસ્તો હતો. મ્યુઝીક ગાવામાં તથા વજાડવામાં

અને જૂદાં જૂદાં કોઇપણ વાજીંત્ર ઉપર અસાધારણ કાબૂ ધરાવવામાં વાદી એક એવો બાહોશ ઉસ્તાદ છે, કે જેવો આ શેહેરમાં મેં કોઇ જોયો નથી."

"તમો કેટલાં ફરજંદના પિતા છો ?"

"માત્ર એક !"

"અને તે ?—"

"એક છોકરી !."

"તેણીનુ નામ શું ?"

"પરીનબાનું."

"એ પરીનબાનું હાલ પ્રતિવાદીની બાયડી થાય છે, નહિ ?"

"હા."

"જ્યારે તમે વાદીને તમારી દિકરીના મ્યુઝિક માસ્તર તરીકે રોકયો, ત્યારે તેણી એક કુમારિકા હતી નહિં ?"

"હા."

"અને વાદી તેણીનો માનીતો શિક્ષક હતો નહિ ?"

"હા."

"તે તમારે ત્યાં દરરોજ હાજરી આપતો હતો ?"

"હા."

"દિવસના કેટલા કલાક તે તમારે ત્યાં રહેતો ?"

"સહવારે ૯ થી ૧૧ અને બપોરે ૨ થી સાહડાચાર સુધી."

"આખો વખત તે શુ કરતો ?"

"તેણીને મ્યુઝિક ગાવાનુ તથા વજાડવાનુ શિક્ષણ આપતો."

"તમોને તે ચોક્કસ દિવસો યાદ છે કે જ્યારે તમારી કને વાદીએ પોતાની થોડીક વિકત—વાતો રજુ કરી હતી ?"

"તમોને તે ચોક્કસ દિવસો યાદ છે કે જ્યારે તમારી કને વાદીએ પોતાની થોડીક વિતક-વાતો રજુ કરી હતી ?"

"હા."

"અને તે દરમ્યાન તેણે તમોને એમ નહિ કહ્યું હતું કે તે એક ખાનદાંની ઓલાદથી ઉતરેલો છે, પણ તે ખાનદાન કિયું, તે વિષે તે કશું જાણતો નથી ?"

"હા. વળી તેણે મને એક મોહોરબંધ ઇસ્કોત્રીનો પણ ઇશારો કીધો હતો. અને જણાવ્યું કે માઇસોરના કોઈ ચોક્કસ ખાનબહાદુરની જ્યાં સુધી હેયાતી હોય ત્યાં સુધી તે ઇસ્કોત્રી ઉઘાડવાની તેને મનાઈ છે,"

"આ બીના તમોએ માની હતી ?"

"હા."

"તે બીનાં માટે તમોને શક રાખવાનુ કશુ કારણુ નહિ હતું ?"

"નહિ."

"વાદી તમારે ત્યાં હતો, ત્યાં સુધી તેની ચાલ ચલણુ કેવી હતી ?"

"તમામ ભરોશાપૂર્વક."

"તેની આબરૂ માટે તમોને ઉચ્ચું મત હતું ?"

"હા બહુજ ઉચ્ચું."

"વાદી તમારી બેટી જોડે પુષ્કળ હળી ગયો હતો ?"

"હા, પણુ માન ભરેલી રીતે."

"વાદીની તમારે ત્યાંની હંમેશની બેઠક ક્યાં હતી ?"

"મારી બેટીનાં શિખવાના ઓરડામાં."

"આખો વખત તમે અથવા તમારા ધણીઆણી ત્યાં હાજર રહેતા હતા ?"

"નહિ."

"તેના સબબ શો ?"

"સબબ એ કે વાદીપર અમોને સંપુર્ણ ભરોશો હતો."

"એક વાર તમે તમારી બેટીને વાદી જોડે પરણાવવાને લલચાવ્યા હતાની ?"

"હા."

"તે વિષે તમે કોઈ પાસે વાત કાંધી હતી ?"

"નહિ, એ વિચાર મે મનમાજ રાખ્યો હતો."

"તમોને યાદ છે, મી૰ દારાશાહ, કે તમારી બેટીની એક ચોક્કસ શાહગીરેહને દીને તમે બહાદુરશાહવાળાઓને તમારે ત્યા ખાણાં પર નોતર્યાં હતા ?"

"હા,"

"એ શાલગીરેહને દીને તમારી બેટી એક કુમારી કન્યાની હાલતમાજ હતી નહિં ?"

"હા"

"તે વખ્તે તમોને બહાદુરશાહવાળાઓ જોડે તુર્તનીજ નવી પીછાણુ થયલી હતી, નહિ ?"

"હા."

"શાલગીરેહને દહાડે તે પીછાણુ વધૂ ઘાડી થવા પામી હતી, નહિ ?"

"હા"

"તે દિવસે દાવર લોડજમાં બાહેરનાં પહરોણાંઓ કોણુ કોણુ હતા ?"

"મારા થોડાક અતલગનાં મિત્રો અને તેમની બાનુઓ."

"તે શિવાય ?"

"તે શિવાય બીજું કોઈ નહિં."

"જરા ફરીથી યાદ કરો, મી૰ દારાશાહ, હુ ધારૂ છુ કે ત્યા કોઈ ખુ-

અસુરત જવાન હાજર હતો. અને તેણે તમારાં પહરોણાઓને પોતાના હુન્નરથી ખુશ ખુશ કીધાં હતા.

"હા–હા, તમે બરાબર છો. તે હતો."

"તે કોણ ?"

"દાદીબા! વાદી પોતે!"

"તે શિક્ષક તરીકે ફરજ બજાવવા આવ્યો હતો કે તમારા પહરોણા તરીકે?"

"પહરોણાં તરીક."

'તમે તેને છજન કીધુ હતું ?"

"હા."

"શુ તમે તેને એક મિત્ર તરીકે માન આપતા હતા?"

"હા, મે તેને નોકર તરીકે કદી ગણ્યોજ ન હતો."

"બહાદુરશાવાળાંઓમાં પ્રતિવાદી જહાગીરને દિવસે તમારો પહરોણો હતો?"

"હા."

"તે આખો વખત શુ કરતો હતો '

"પરીન અને દાદીબાની પાસે બેશી તેમના હુન્નરની વખાણ કરતો હતો."

"પરીનની શાલગીરેહ આગમચ તમારૂ કુટુબ બહાદુરશાહવાળાઓને મળવા પામ્યું હતું કે ?"

"નહિ !"

"શુ ત્યારે તે મુલાકાત તેમની વચ્ચે પેહેલાંજ હતી ? "

'હા હુ એકલોજ ઘણા દિવસ આગમચથી તેઓનાં સમાગમમાં આવ્યો હતો, જેથી મારાં કુટુબ જોડે તેમનો મેળાપ કરાવવાને મે પરીનની શાલગીરેહનો લાભ લીધો હતો "

"એ લાભ લેવામા તમારી મકશદ બન્ને કુટુંબો વચ્ચે મિત્રાચારી વધારવાની હતી, નહિ ?"

"બેશક."

"અને પાછળથી પરિણામ તેવુંજ આવ્યુ કે ?"

"હા. એ બહાદુરશાહવાળાંઓની મોટી ઇજ્જત અને દોલત કોઇનિબી હેરત કરે એવાં છે."

"એને તેથી તમે તે ઇઝત તથા દોલતપર દોરવાયા, એમ કહેવા માગોછ કે ?"

મી૦ કાર્લસ્ટનને પેચમાં પકડીને પુછેલા આ પ્રશ્નનો ઉત્તર દાવરશેઠને "હા" માં આપ્યા વિના ચાલ્યો નહિં. તેવણને તે ચગરા બેરીસ્ટરની ચતુરાઇથી પોતાની લાગણી વિરૂધના આપવા પડેલા આ ઉત્તરથી આખી કોર્ટમાં રમુજ થઇ રહી !!

પ્રકરણ ૧૧૮ મું.

"કહું તો માં મારી જાય, ન કહું તો બાપ કુત્તા ખાય !"

"જો તમે જેહાંગીર બહાદુરશાહને એમ બોલતાં સાંભળો કે પરીન દાદીબાને બીલકુલ પીછાનતી નથી, તો તે તમે ખરૂં માનો કે ખોટુ ?."

"જુઠું–સદનતર જુઠું."

"પ્રતિવાદીને વાદી જોડે પેહેલી પીછાન કયારે થઇ તે તમે જાણોછો ?"

"તે વિષે હું ચોક્કસ નથી."

"પણ તમારી ધારણા શી છે ?"

"હુ ધારૂં છું ત્યાં સૂધી તેઓ વચ્ચે પેહેલી પીછાન પરીનબાનુની વર્ષગાઠને દહાડેજ થઇ."

"તમારી બેટીને મી૦ દાદીબા સાથ પરણાવવાનો તમારો પ્રથમ વિચાર હતોની ?

"હા."

"એ વિચાર તમે ક્યારે ફેરવ્યો ?"

"પાછળથી."

"પણ પાછળથી કયારે ? બહાદુરશાહવાળાઓ જોડે પીછાન થયા પછી કે ?"

"હા."

"એ વિચાર ફેરવાનો તમોને સબબ શા ઉપરથી મળ્યો ?"

"જેહાંગીર બહાદુરશાહની વલાણ તેણી તરફ ઢળેલી જોયાથી."

"ત્યારે એમજ કંઇ કેની કે બહાદુરશાહવાળાઓની મોટી દોલત અને ખાનદાંની મહાન મર્તબો જોઇ તમે દોરવાયા હતા ?"

"તે હું કહી શકતો નથી."

"હુ તમોને અપમાન આપતો નથી, મી૦ દારાશાહ. તમે મને ખુલ્લાં દિલથી જવાબ આપો. મારી નેમ નામદાર કોર્ટની એવી ખાત્રી કરવાની છે કે વાદીનો હાલનો હક પ્રતિવાદી નાં પાડેછે, તે માત્ર ખાનગી અદેખાઇને લીધે છે. એ શિવાય તેનાં અંતઃકરણમાં તો તે તેને ખરો વારસ સમજે છે. પ્રતિવાદીનો આ ઇનકાર પોતાનાં તળિયાંમાં શો ભેદ ધરાવેછે, તે અત્રે શિદ્ધ કરવાની જરૂર છે. જે સ્ત્રી હાલ તે ધરાવે છે તે સ્ત્રી એકવાર વાદીને વચનથી બંધાઈ ચૂકી હતી. અને તે સ્ત્રી—તમારી બેટી—આ કજીયાનુ મૂળ છે, એમ હું નામદાર જડજને દેખાડવા માગું છું, માટે, મહેરબાની કરી તમારી લાગણી સેહેજ દુખાતી હોય તેનો ખ્યાલ ન કરતાં એક લાયક જવાનને ઇનસાફ આપવા માટે સાચે સાચો એકરાર કરશો. "તમારા એકરારથી વાદીને ઘણો લાભ થાય એમ છે."

દાવરશેઠને એ પર પડ્યા !

તેવણ પેચમાં પકડાઈ ગયા. હવે ખરો ખુલાશો ખુલ્લે ખુલ્લો કરી દીધા વિના તેવણે કશો માર્ગ જોયો નહિ ! જેહાંગીરે તેવણને આપેલાં અપમાનની આગ હજી તાજી હોવાથી અને દાદીબાની પક્ષ મજબૂત થતી જવાથી દાવર શેઠે પોતાના જમાઈનો તરાપો એકદમ દુબાડી દીધો

"મી૦ કાર્લેસ્ટન, હુ જે ખરૂ છે તે ખુશીથી ખુલ્લુ કરવાનેજ આવ્યો છું. બહાદુરશાહવાળાઓની મોટી દોલત અને ભારે ઇઝ્ઝત પર હુ ભોળવાયો એ તમામ સાચી વાત છે એ સુરતવાસી ખાનદાનીઓ જોડે અમોને પાકી પીછાન થયા પછી મે મારી બેટી માટે બાહદુરશાહવાળાંઓને કહેવાડવાનો વિચાર રાખ્યો હતો, પણ તે આગમચ મને ખબર મળી કે પરીનબાનુ તેનાં શિક્ષક (વાદી દાદીબા) જોડે પરણવા તૈયાર થઈ છે. તે વખ્તે મને એમ લાગ્યુ કે દાદીબા ક્યાં અને જેહાંગીર ક્યા ! જેહાંગીર જેવા ખાનદાની જવાન મારો જમાઈ થાય અને હુ બહાદુરશાહવાળાંઓનો વેહવાઇ ગણાઇ બીજાઓમા માન પામું એજ મારાં દિલની ઉમેદ હતી, અને હુ તે ઉમેદ પાર પાડવાની વેત્રણમા હતો. તેટલાં મારી બેટીની દાદીબા તરફની ફીદાગીરી જાણી હું ઉશ્કેરાઈ ગયો."

"એવી રીતે તમોને ઉશ્કેરાવાનું કારણ આપનાર તમારી બેટીની એક બેવફા આયા હતી એ શું ખરી વાત છે?"

"હા"

"એ આયાને પરીનબાનુએ પોતાની વર્ષ ગાંઠપર આપેલુ ઈનામ ઓછ પડયાથી તમારી કને તેણીનો અભાંડો તેણે કાઢી આપ્યો હતો, એ વાત તમે જાણો છો?"

"નહિ."

"તમે ઉશ્કેરાયા તેનુ પરિણામ શુ આવ્યુ?"

"મેં એકદમ મી૦ દાદીબાને મારી નોકરીમાથી રજા આપી."

"જેહાંગીર જેવો એક માતબર જમાઈ મેળવવાની આશામાં તમે તેને તમારી સીહડી પરથી પુષ્કળ અપમાનો આપી ઉતાર્યો હતો, એ સાચી વાત છે?"

"હા."

"અને તે ભૂલ માટે આજે શુ તમે પસ્તાતા નથી?"

"બહુ પસ્તાઉ છુ."

"તે પગલાંને તમે ઉછાછલું પગલુ ગણોછો કે નહિં?"

"બેશક—બહુજ ઉછાછળુ."

"મી૦ દાદીબાંને તમારે ત્યાંથી તમે શા માટે હાંકી કાઢયો?"

"જો હુ તેમ નહિં કરૂં તો જેહાંગીર જેવો એક માતબર અને વગવાળો જમાઇ ખોહી બેશુ એ મારી નેમ હતી, અને તેથી મેં મારી દિકરીથા

તેનો સંબંધ જૂદો પાડવાની જરૂર વિચારી હતી."

"અને તેઓ એક પરસ્પર પ્રેમથી બંધાયલાં જોડાંને જૂદાં પાડવાની તમે જરૂર વિચારી હતી!" મી૦ કાર્લેસ્ટને દાવરશેઠની ટકોર કરી તાણો માર્યો." તમે પૈસા તરફ જોયું પણ તમારી દિકરીનાં સુખ તરફ નહિ જોયુ, ખરૂં કે?"

'હા, મારી એ ભૂલ બહુ ગભીર હતી અને તેને માટે—"

"તમારો તે પસ્તાવો મોડો છે. હવે મને મેહેરબાની કરી જવાબ આપશો કે તમારૂ એ પગલુ પરીનને પસદ પડયુ હતુ?"

"નહિ."

શુ તેણી મી૦ દાદીબાના જવાથી પુષ્કળ દુખી થઇ?

"હા."

"એ વિષે તેણીએ કશો 'પ્રોટેસ્ટ' કીધો નહિ

"ઘણો કીધો, પણ મે તેણીને કશી મચક આપી નહિ."

"દાદીબાના જવા પછી ગમમા ને ગમમા તેણી માંદી પડી હતી તે વાત શાચી છે?"

"હા."

"પછી તમે શુ કર્યુ?"

હૂ તેણીને માથેરાન લઈ ગયો.

ત્યા લઈ જવામાં તમારી નેમ શી હતી?

પેહલી નેમ એકે દાદીબાથી દૂર થવાથી એ એનો ગમ ભૂલે અને જેહાગીર બહાદુરશાહ, જે ત્યા હવાખાવા સારૂ આવનાર હતો તેના વધૂ પરીચયમા આવે.

"અને પાછળથી તેમ બન્યુ?"

"હા."

"વારૂ તમોને યાદ છે, મી૦ દારાશાહ, કે પરીનનાં માર્ગમાંથી દાદીબાને દૂર કરવા માટે એક ચોક્કસ ઠેઠાણે તેને ગોઠવી દેવાની કોઈ તરફથી કોશેષ થઈ હતી?"

"હા."

"તે કોશેષ કોણે કીધી હતી?"

"બહાદુરશાહવાળાંઓએ."

"તે કોશેષમાં મુખ્ય ભાગ કોણનો હતો?"

"જેહાંગીરનો પોતાનો."

'એ કોશેષ કોણને માટે હતી?"

"જેહાંગીરની બેહેન આઇમાયને માટે."

"શું મિસ બહાદુરશાહ મી૦ દાદીબા જોડે પરણવા નીકળી હતી?"

જડજે પૃછ્યું.

"હા."

"કેવુ નવાઈ જેવું ? ' જસટીસ લીએ અચરતી બતાવી. "એક ભાઇને માટે એક બેહેન–"

"મારા લૉર્ડ !" મીં૰ કાર્લેરટને તુર્ત જવાબ આપ્યો. "એ કુદરતનો એક વિલક્ષણ ખેલ છે તેનાં ગુમ ભેદોને કોણ પુગ્યુ છે? એક ભાઇને માટે એક બેહેનની ઉમેદવારી ખુલ્લાં રૂપમાં આપણને અકુદરતી જણાય છે, પણ જે સંજોગો વચ્ચે આ વાત બની છે તે સન્જોગ આ પ્રમાણે ધ્યાનમાં લેવાનો છે કે તે ઉમેદવારી માટે વાદી–પ્રતિવાદીની એ બેહેન તમામ અધારામાં હતી !"

"બેશક તેણી અધારામા હતી. અને તેથી તેણીને તમામ નિર્દોષ ગણી શકાય" જડજે મત આપ્યુ. "વારૂ. હવે સાક્ષીને હુ એક સવાલ કરૂ છુ કે પ્રતિવાદીની બહેનને માટે વાદીને માગણી કરવા કોણ ગયુ હતું ?"

"પ્રતિવાદી પોતે !"

"શુ આ વાત ખરી છે ? ' જસટીસ લીએ અહીં દાદીબા તરફ ફરીને પુછ્યું.

"હા, સાહેબ." દાદીબાએ નમીને જવાબ આપ્યો.

"અત્યાર સુધી શાક્ષીએ જે જે કહ્યુ તે સઘળુ ખરૂ છે ?" ફરીથી જડજે દાદીબાને સવાલ કીધો.

"જે જે બીના સાથે મને સબધ છે તે સઘળી ખરી છે."

"તમારી બેટીની માંગણી તમે મોકળી હતી કે મીં૰ જેહાંગીરે કીધી હતી ?

"હું તેમને કહેવાડનાર હતો તેટલાં જેહાંગીરેજ માગું મોકલ્યુ હતું"

"અને તે માગુ લઇને દાવર લૉડજમા કોણ આવ્યુ હતુ ?

"શેઠાણી રતનબાઈ પોતે."

પરીનબાનુને ગમ ભુલાવવા માટે તમે માથેરાન લઈ ગયા ત્યાં જેહાંગીર કેટલા વખત પછી આવ્યો હતો ?

"માત્ર બે–ચાર દિવસ પછી."

"તેનો ઉતારો ક્યાં હતો ?"

"મારા પોતાના બલલામાં."

"જેહાંગીર એકલોજ હતો કે સાથે તેનું કુટુંબ પણ હતું ?"

"કુટુંબ પણ હતું."

"કુટુબમાં કોણ કોણ હતું ?"

"શેઠાણી રતનબાઇ અને તેવણની બેટી આઇમાય."

"પરીનને તમે માથેરાન લઈ ગયા ત્યારે જેહાંગીર તરફ તેણીની લાગણી હતી કે ?"

"બિલકુલ નહિં."

"અને માથેરાનથી મુબઇ પાછા ફર્યાઃત્યારે ?"

'ત્યારે તેણી જેહાંગીર જોડે અદરાઈ ચુકી હતી !"

દાવરશેઠનો છેલ્લા જવાબ સાંભળી તમામ તમાશગીરો હશી પડયા. નામદાર જડજ તથા ધારાના હિમાયતીઓ પણ પોતાનું હશવુ મુશ્કેલીથી દાબી શકયા !

"હુ હવે સાક્ષીની વધુ તપાસ લેવા ચાહતો નથી. મને જે જોઇતું હતુ તે તમામ હું મેળવી ચુકયો છુ"

મી૦ ગ્રીને શાક્ષીને ઉલટ પાલટ તપાસવાને નાં પાડવાથી દાવરશેઠ પિંજરામાથી બાહેર આવ્યા.

પ્રકરણ ૧૧૯ મું.

આઇમાયનો એકરાર.

દાવરશેઠ પછી બીજી વારી આઇમાયની આવી. જે દાદીબાને તેણી એકવાર અંજાણપણે ચાહવા શીખી હતી તે દાદીબાને એક ભાઇને ઘટતા ભાત્રભાવથી આવકાર દેવા તેણી તૈયાર થઈ જેમ શેઠાણીએ સચ્ચાઇને વળગી રહેવાનો ઠરાવ કીધો હતો, તેમ આઇમાયબી પોતાની માતાનેજ પગલે ચાલવાને હિંમતથી બાહેર પડી હતી.

વાદી પક્ષની એક સાક્ષી તરીકે "આઇમાય અરદેસર બહાદુરશાહ"નુ નામ પોકરાતાં વાર આખી કોર્ટમા ચુપકીદી ફેલાઈ, અને તેણીને જોવાને તથા તેણી શુ સાક્ષી આપે છે. તે સાંભળવાને સર્વ કોઇ ડોકાં બાહેર કાઢી કાઢીને જોવા લાગ્યાં.

શેઠાણી રતનબાઈ, આઇમાય અને **પરીન દાદીબા તરફથી** (!) **સાક્ષી**આપનાર હતાં, જેથી કાયદા મુજબ તેઓ પડોસના ઓરડામાં બેઠાં હતા. આઇમાયનું નામ પોકારવા આગમચ મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમવાળા મી૦ રૂસ્તીમ સોલીસીટર તેણીને બોલાવવા આવ્યા. અને તાજના મુનશીએ નામ પોકાર્યા બરાબર પુષ્કળ ગીરદી વચ્ચેથી તેવણ તેણીને પીંજરા આગળ મૂકી આવ્યા. રાબેતાના સોગંદ લેવાઇ રહ્યા પછી, દાદીબાનાં એક બીજા બેરીસ્ટર મી૦ રીડે આઇમાયની તપાસ ચલાવી.

"તમે પ્રતિવાદીનાં બેહેન છો ?"

"હા. અને વાદીનીબી."

પેહલાજ પ્રશ્નના ઉત્તરમાં આઇમાયે સઘળા સાંભળનારાઓ ઉપર છાપ

માર્યો. "વાદીનીબી" બેહેન ગણાવવાને હવે તે કેવી તત્પર હતી, તે તેના આ એવડા જવાબથી શિદ્ધ થયુ

"તમોને યાદ છે, મિસ બહાદુરશાહ કે એકવાર અંજાણપણામાં, જ્યારે વાદી કોણ છે તે તમે જાણતા નહિ હતાં. ત્યારે તમે તેનાં હાથની ઉમેદવારી કીધી હતી ?"

"હા"

"અને તે માટે તે પોતે, વાદી મી૦ દાદીબા કને માંગણી લઇ ગયો હતો?"

"ખરી વાત છે."

"તે માગણી મી૦ દાદીબાએ સ્વિકારી હતી ?"

'નહિ. કેમ સ્વિકારે ? ઇનસાન ભુલથી ભરેલુ છે, પણ કુદરત પોતાના કાયદાને કેમ છોડશે ? અમારા તમામ અજાણપણા વચ્ચે અમે દોરવાયાં હતાં પણ કુદરતને તે અકુદરતી સંબંધ મંજૂરજ નહિ હતો અને તેથી તેણે વાદીને મારો અસ્વિકાર કરવાની બુદ્ધિ આપી."

"બેશક ખરૂં છે." મી૦ રીડે શાક્ષીને ઉત્તેજન આપ્યુ." આ નિષ્ફળતાથી પ્રતિવાદી નારાજ થયો હતોની ?"

"ઘણોજ."

"અને તેના સબબ શો વાઽ ?"

"તેની લાગણી દાવરશેઠની દિકરી તરફ હતી. એજ પરીનબાનુ તરફ દાદીબા ખેંચાયલો હતો. અને એ રીતે સઘળું ગુન્ચળુ ગુન્ચવાઇ ગયુ હતું !"

"તમારી સાથે વાદી મી૦ દાદીબાને જોડી આપવાને પ્રતિવાદીની નેમ પોતાના રસ્તામાથી તેની કાસળ કાઢવાની હતી એ ખરૂ કે ?"

"હુ એમજ ધારૂ છું."

"તમારી ઉમેદવારીને એણે એકદમ ઉચકી લીધી, તેથી તમે શુ અચરત થયાં નહિ હતાં ?"

"હું અચરત થઈ હતી."

"તે વખ્તે તમે એમ ધાર્યુ હતું કે એમા મી૦ જેહાંગીર પોતાનો કાંઇ દાવ સાધે છે ?"

"પેહલાં હું એ ભેદ બરાબર પામી નહિ, પણ જ્યારે તે પછી એણે પરીનનાં હાથની માંગણી કીધી ત્યારે એ ભેદની કુચી મને મળી ગઇ."

"મી૦ દાદીબાએ તમારી ઉમેદવારીનો અસ્વિકાર કીધા પછી તમો સર્વે માથેરાંન ગયાં હતાં, તે તમોને યાદ છે ?"

"હા."

ત્યાં તમે જેહાંગીર જોડે પરીનની દોસ્તી કરાવી આપવામાં ઉલટમદ ભાગ લીધો હતોની ?

"હા."

"અને તેમ કરવામાં તમારી મકશદ એજ હતીની કે દાદીબાએ તમારી માંગણી નહિ સ્વિકારી તેથી તેની ઉપર વેર લેવુ ?"

આઇમાય શરમાઇ ગઇ. તેણીથી કશો જવાબ આપી શકાયો નહિં.

"આ પ્રશ્ન વિષે હુ તમારી ઉપર કશુ દબાણુ કરતો નથી." મી૦ રીડે નરમાશથી આઇમાયને હિંમત આપી. બાનુંઓનો ધારો છે કે એક ચીજ વિષે હા કહેવુ હોય ત્યારે શરમાઇ જઇ ચુપકીદી પકડવી. તમારી આએ ચુપકીદીનો અર્થ અહિ હુ તેજ કરૂં છુ. મિસ બહાદુરશાહ, મારા ઉપલા સવાલથી તમારૂં દિલ દુખાયું હોય તો હુ તમારી માફી ચાહીશ, પણ મને ઉમેદ છે કે વર્ષોથી ગુમ થયેલા અને હાલ એકાએક મળી આવેલા એક વ્હાલા ભાઇને ઇનસાફ મળવા માટે તમોને એકાદ–બે કડવા સખુનો આ તપાસ દરમ્યાન સાભળવા પડે તો તે ભાઇની એક વ્હાલી બેહેન તરીકે તમે તેની દરકાર કરશો નહિં. તમારૂ નિર્દોષપણુ ઇનસાફના આ અદલ મંદીરમાં તમામ પુરવાર છે અને હુ ઇચ્છીશ કે તેવુજ નિર્દોષપણુ પુરવાર કરવાને તમારો મળી આવેલો વડો ભાઇ પણુ ભાગ્યશાળી થાય. હવે હુ આ નાજુક બાબદ પડતી મૂકી બે પાચ અગત્યના સવાલો પૂછી તમારા તપાસ બંધ કરીશ."

અહીં મી૦ રીડે પોતાના ખીસામાથી એક કાગળ ખેચી કાઢી સાક્ષીના હાથમા આપ્યુ, અને એક બાનુ જોડે એક ગૃહસ્થે રાખવી જોઇતી અદાથી નમીને પૂછયુ કે "આ કાગળ કોણનુ છે, ને મહેરબાની કરી કહેશો ?"

"મારા પિતાનુ."

"એ અક્ષર કોણના છે ?"

"મારા મરહુમ પિતાજીના.

"થોડા વખત ઉપર એક ચોક્કસ દહાડે આ કાગળ તમારા ખીસ્સામા હતુ ને તમોને યાદછે ?"

"હા."

"ક્યારે ?"

"અમે ભાઇ દાદીબાના દસ્તાવેજો જેવા મેસર્સ રીચર્ડસન અને રૂસ્તોમની ઑફીસમાં ગયાં તે દહાડે."

"તમે ત્યાં આ કાગળ શા માટે લાવ્યા હતાં ?"

"મારા મરહુમ પિતાનાં અક્ષરો ભાઇ દાદીબાના દસ્તાવેજો જોડે સરખાવી જેવા."

"એવી સરખામણી તમે ત્યાં કીધી ?"

"હા."

"તેનાં પરિણામમાં તમે શા અનુમાન પર આવ્યા ?"

"મે ખાત્રીપૂર્વક જોઇ લીધુ કે તે દસ્તાવેજો બનાવટી નહિ હતા."

"એ વિષે તમોને સહેજબી શકા નથી ?"

"મુદ્દલ નહિ !"

"તમારા ભાઇનાં દાવા વિષે તમે શુ ધારો છો ? એ દાવો ખોટો છે કે ખરો ?"

"ભાઇ દારીબાને હુ હકદાર વારસ સમજુ છુ"

"હુ હવે તમોને વધારે તસ્દી આપવા માંગતો નથી, થેંક્યુ ?"

મી૦ ગ્રીને આઇમાયની ફિલટ પાલટ તપાસ કરવાને નાં પાડયાથી તેણી પીંજરામાંથી બાહેર આવી. મી૦ રૂસ્તીમ સોલીસીટરે તેણીને એક ખુરસી ઉપર જગ્યા આપી.

પ્રકરણ ૧૨૦ મુ.

પરીનની પરીક્ષા.

"હવે કોણ આવશે ?" એવી આતૂર પરપૂછ તમાશગીરોમાં ચાલી રહી તેટલાં તાજના મુનશીએ (કલાર્ક આફ ધી કાર્ટને) નીચલુ નામ પોકાર્યુ.—

"પરીનબાનુ જેહાંગીર બહાદુરશાહ."

તુરત પરીન સાક્ષીના પિંજરામાં દાખલ થઇ. તેણીને સોગદ આપવામાં આવતા હતા તે વખતે તમાશગીરો તેણીની છક કરી નાખનારી ખુબસુરતી ટીકી ટીકીને જોતા હતા. તેણી પોતાના ભરથારની તરફેણમાં સાક્ષી આપશે કે વિરૂદ્ધ, તે વિષે ત્યા તરેહવાર ચુનોચરા ચાલી રહી.

પરીનની તપાસ કરવાનું કામ દારીબાના ત્રીજા હિમાયતી મી૦ પીયરસને માથે લીધુ. પરીન પિંજરામા દાખલ થતાજ તે ઉભો થયો.

"તમે વાદીને ઓળખો છો ?"

"હા."

"તમે કોઇવાર તેના સંબંધમાં આવ્યા હતા ?"

"હા, તે ત્રણ વર્ષની વાત ઉપર મારો મ્યુઝીક માસ્ટર હતો."

"તે તમારો માનીતો શિક્ષક હતો ?"

"હુ જાણુતી નથી."

મી૦ પીયરસને સાક્ષીના આ જવાબ ઉપર કોર્ટનું ધ્યાન ખેચી અરજ કીધી કે "તેણીને મારા સવાલનો બરાબર જવાબ આપવાની ફરજ પાડવી."

"તમે ફરીથી પૂછો."

"તે તમારો માનીતો શિક્ષક હતો ?"

"આ સવાલ સાથ આ મુકદમાને શી નીસબત છે ?"

"તે સાથ તમોને કામ નથી." જડજે ચૂકવ્યું. "તમે પાધરો જવાબ આપો."

"ઘણુ કરીને હા."

તમારા ભરથાર જોડે પરણુવા આગમચ તમે કોઈ બીજા જવાનને
ન આપ્યો હતો ?"

"એ એક ખાનગી અને સસારી સવાલ છે, જે પૂછવાને તમોને
ો હક નથી."

"તમે નકામી તકરાર કરશો નહિ, બાનું, મને મારા સવાલનો જવાબ આપો.'

"વાદીએ આ ફરિયાદી મારા ખાવિંદ ઉપર પોતાનો બાપીકો હક સા-
ત કરવા માટે માંડી છે, નહિં કે તેની બાયડીની સસાર–સ્થિતિ તપાસવા."

"તે સસાર–સ્થિતિ સાથે તેના બાપીકા હકને સંબંધ છે, બાનુ, અને
ી તમોને પુછવાની જરૂર છે. તમારી સંસાર–સ્થિતિ પાધરી હોત તો આ
ાના દસ્તાવેજો એવા દીવાની જોત જેવા છે કે વાદીને ઇનસાફની દેવડી સૂધી
ાવવું પડતજ નહિ."

મી૦ પીયરસન બારીસ્ટરે પરીનને ભરમમાં મારેલો આ તાણો તેણીને
જેવો લાગ્યો. તેણી એમ જાણુતી હતી કે દાદીબાએ પોતાનો હક સાબેત
વાની ફરિયાદી માંડી છે માટે હક વિષે પૂછશે, તો હું તેની તરફેણુમાં સાક્ષી
ીશ. પણ અહી તો દાદીબાનો દાવો જેહાગીર એક સસારી અદાવતને લીધે
ાડવા નીકળ્યો છે એમ પોઇન્ટ નીકળવાથી તે પોઇન્ટની પુરવારી માટે પરીનની
ગલી પાછલી પર સવાલો થવા લાગ્યા, જે જોઈ તેણીના બાણુ બેશી ગયા.

"હું નામદાર જડજને અરજ કરીશ કે જાહેર રીતે એવા નાજુક સ-
લો પુછવાથી વાદીના બેરીસ્ટરને એકદમ અટકાવવો." પરીને પ્રોટેસ્ટ કીધો.

"જ્યાં સૂધી તમારી લાગણી દુખાય એવા સવાલ વાદી પક્ષ તરફથી
કળશે નહિં ત્યાં સૂધી, હું દિલગીર છું કે ઇનિસાફને પોતાનો માર્ગ મળવા
ટે વાદીના બેરીસ્ટરને હુ અટકાવી શકુ નહિં." જડજે પરીનને જવાબ
પ્યો. "મી૦ પીયરસન તમને કાંઈ અપમાનદર્શક પ્રશ્ન કરશે તો હુ તેને એ-
મ અટકાવીશ. તમોને પૂછાયલા પ્રશ્નનો જવાબ આપો."

"હું તે જવાબ આપી શકતી નથી."

"હુ તમોને ચેતવણી આપુ છુ કે મારા હુકમનો અનાદર કરશો તો
ટને અપમાન આપવાનાં આરોપમાં તમે આવશો.

"તમારા ભરથાર જોડે પરણુવા આગમચ તમે કોઇ બીજા જવાનને
ન આપ્યો હતો કે નહિ ?" ફરીથી મી૦ પીયરસને પુછ્યુ.

"નહિં ?"

આખી કોર્ટ પરીનનાં આ જવાબથી દગ થઇ ગઇ. તેણી ઉશ્કેરાઇ
લી હોવાથી તેનો ચેહેરો લાલ થઈ આવ્યો, અને પરસેવાના મોતી તેનાં
રાં કપાળપર ઝઝરાવીને ફૂટી નીકળ્યાં.

પરીનના આ જવાબે સૌથી કારી જખમ દાદીબાને કીધો. કેવી બેવફા સ્રી ! શુ તેણીએ દાદીબાને વચન આપ્યું ન હતું ?

આખા એ દિવસની તપાસમાં જેહાગીરની તરફેણમાં મળેલો જવાબ જો કાઇ હોય તો તે આ હતો. અને તેથી તેનો ચેહેરો ખુશીથી ખીલી નીકળ્યો ! તેની "વફાદાર" બાયડીએ પરણવા આગમચ કોઈ પારકા પુરૂષને કોલ આપ્યા વિષે જાહેર દરબારમાં કરેલો ઇનકાર તેણીનાં ભરથાર તરીકે તેણે પોતાને મગરૂબ કરનારો માન્યો. અને પરીન ખાનગી વિચારો ગમે એવા ધરાવ્યા છતાં જાહેરમાં તેની વિરૂદ્ધ જઇ દાદીબાનો દાવો ખરો છે, એમ કદી નહિ કબૂલશે એમ—ઉપલા જવાબ પછી—તેણે ખાત્રીથી માન્યુ.

"કદાચ કોલ નહિં આપ્યો હોય, પણ મનમાં ચાહાતાં શિખ્યા હતાં કે નહિ?"

"નહિ."

"એક શિક્ષક તરીકે મી૦ દાદીબા તમારા માનીતા હતા કે નહિ ?"

"હા."

"અને તેજ માને પાછળથી પ્યારનુ રૂપ શુ પકડયુ નહિં હતું ?"

"નહિ !"

"સોગદ ઉપર ખોટી પ્રતિજ્ઞા કરનારને કાયદામાં શુ સજા ફરમાવેલી છે તે તમો જાણોછ ?"

"મને તમારા કાયદા સાથ કામ નથી."

"જે તોછડાઇ તમે મી૦ પીયરસન સાથ વાપરશો તે તોછડાઇ તમે કોર્ટ સાથ વાપરો છો, એમ લેખીને હુ તમોને દંડ કરીશ." જડજે પરીનને "રેચ" આપ્યો. "હું તમોને એકવાર ચેતવણી આપી ચૂકો છું કે, તમને જે સવાલ થાય તેનાં તમે બીનતકરારે જવાબ આપવા."

"હુ આ સવાલો ઘણા નાજુક સમજું છુ." પરીને હુજ્જત લીધા

"બેશક, એ સવાલો નાજુક છે, પણ નિલેજ નથી." જસટીસ લી બોલ્યા. "નિર્લજ સવાલો હુ કદી પૂછવા દઇશ નહિ. ચાલો, મી૦ પીયરસન, આગળ વધો."

"વાદી તમારા પિતાની નોકરીમાંથી કેવી રીતે દુર થયો ?"

"તે હુ જાણુતી નથી"

"મીસીસ બહાદુરશાહ, હું આ અગત્યના સવાલનો જવાબ આપવાની તમને ફરજ પાડું છુ."

"મારૂ શિક્ષણ પૂરૂં થવાથી મારા પિતાએ તેને રજા આપી હતી." તે બેવફા બાયડી સર્યામ જુઠું બોલી.

"વાદીને તમારા પિતા જોડે તે વખતે કાંઇ ખટપટ થઇ હતીની ?"

"નહિ."

"ફરીથી યાદ કરો, બાનું, તેઓ વચ્ચે એક સખ્ત બોલવું શું નહિ થયું હતું !"

"મને યા નથી."

"તમારા પિતાની રજા વગર (!) તમારી જોડે વાદીએ પ્યાર બાંધ્યો; એવો આરોપ વાદીપર મુકવામાં આવ્યો હતો, તે તમોને યાદ છે ?"

"મને યાદ નથી."

"વાદીને તમારા પિતાએ હાંકી કાઢયો હતો તે તમોને યાદ છે ? "

"મને યાદ નથી."

"વાદી દાવર લૉડજ છોડી ગયો તે વેળા તમે તેને જીંદગીના છેડા સુધી વફાદાર રહેવાનુ વચન આપ્યુ હતું તે તમોને યાદ છે ?"

"મને યાદ નથી."

"સાક્ષી મારા સવાલોનો કેવો એક સરખો કપટી જવાબ આપે છે, તે ઉપર નામદાર કોર્ટનુ હુ ધ્યાન ખેચ્યુ છુ" મી० પીયરસને જસટીસ લી તરફ ફરીને ફરિયાદ કીધી "આ એક એવો મુકદમો છે કે જેમાં વાદી તરફનાં સાક્ષીની વાદીનાજ બેરીસ્ટરે ઉલટ પાલટ તપાસવાનો સજોગ આવી બન્યો છે. અને તેથી અમારૂ કામ બેવડુ મુશ્કેલ થઈ પડયુ છે.'

'તમારી ફરિયાદ ખરી છે" જસટીસ લી બોલ્યા "સાક્ષી કેવા તોરથી જવાબ આપે છે તેની હુ બરાબર નોંધ લઉ છુ. તમે બેફિકર રહેવું."

પરીનની બેવફાઇ નજરે જોવા અને કાંનોકાંન સાંભળવાની દાદીબાને મળેલી આ પેહેલી કમનસીબ તક તેનાં જીગરને જાલેમ જખમાવનારી થઈ પડી. દાવર શેઠને માટે તે શકાશીલ હતો, પણ પરીનને માટે તેને પૂર ખાત્રા હતી કે બેવફા થઇ તો થઇ, પણ ન્યાયની દેવડીમા ખરી બીનાં ખુલ્લી કરવાને તેણી અચકાશે નહિ. દાદીબાની આ વકી ખોટી પડી. જેને માટે તે ડર રાખતો હતો તેણે તેની તરફેણમાં અને જેણીને માટે તે ખાત્રીપૂર્વક હતો તેણીએ તેની વિરૂદ્ધમાં જબાંના આપી!

પ્રકરણ ૧૨૧ મું.

"ખુદાને ખબર!"

"તમારી એક ચોક્કસ વય ગાઠને દહાડે તમારા પિતાએ દાવર લૉડજમાં બહાદુરશાહવાળાંઓને ખાણાંપર બોલાવ્યાં હતાં તે તમોને યાદ છે ?"

"હા."

"બહાદુરશાહવાળાંઓ તરફથી કોણ કોણ આવ્યુ હતું ? "

"માતાજી રતનબાઇ, જેહાંગીર અને આઇમાય."

"એ દિવસે જૂદાં જૂદાં વાજીંત્રો ઉપરનાં પોતાના અસાધારણ કાબૂને

માટે એક ચોક્કસ જવાનિયાએ પહરોણુંઓનું ધ્યાન ખેચ્યું હતુંની !

"હા."

"તે એક ખુબસુરત જવાનિયો હતોની ?"

"હા."

"તે તમારો શિક્ષક મી૦ દાદીબા હતોની ?"

"હા."

"તમારા ખાવિંદ મી૦ બહાદુરશાહે મી૦ દાદીબાની વખાણ કરી હતી નહિ ?"

"હા."

"તે વખ્તે તમે એક કુમારી કન્યા હતા નહિ ?"

"હા."

'તમારી પસંદગી તે પ્રસંગે કોઇ ચોક્કસ જવાન ઉપર ઉતરેલી હતી નહિ ?"

"નહિ."

"તમે ચોક્કસ છો ?"

"હા."

મી૦ જેહાંગીર સાથ તમોને પેહેલી પીછાન કયાં થઇ ?"

"માથેરાનમા."

"કઇ જગ્યા પર ?"

"પેનોરામા પોઇન્ટ ઉપર."

"તેની આગમચ તમે તેને ચાહતા હતાં ?"

"નહિં."

"તમારી અને મી૦ જેહાગીરની વચ્ચે દોસ્તી ગોઠવવામાં તમોને કોઇ ત્રીજા જીવતી મદદ હતી ?"

"હા."

"તે કોણ ?"

"મારાં નણુદ ઃ આઇમાય."

"આઇમાયે એક ચોક્કસ ખુબસુરત અને હુન્નરમંદ જવાનનાં હાથની ઉમેદવારી કીધી હતી તે તમે જાણોછો ?"

"હા."

"તે ઉમેદવારીમાં તેણી સફળ થઇ હતી કે ?"

"નહિં."

"તે ઉમેદવારી નિષ્ફળ ગઇ તેમાં તમારી કાંઇ આડકતરી શાંમેલગીરી હતી વારૂ ?"

"એટલે તે શું ?"

"તે એમ કે મિસ બહાદુરશાહનો અનાદર કરનાર જવાનને તમારામાં કાંઇ લાભ હતો ?"

"હુ જાણતી નથી."

"ધારો કે તમારા નણદની ઉમેદવારી સફળ થઇ હોત તો તમે ખુશી થાત?"

"તે હુ કહી શકતી નથી."

"તમોને યાદ રાખવાનુ છે, બાનુ, કે તમે અહીં ઇનસાફની કેવડીમાં સાક્ષીનાં પિંજરામાં ઉભેલાં છો, અને નહિ કે તમારા સ્વતત્ર મેહેલમાં. ચાલો, હવે મને કહેશો કે તમારા પિતા તમોને પરણાવવા આગમચ એક પૈસાદાર જમાઇ શોધતા હતા એ સાચી વાત છે?"

"કદાચ હોય"

"ચ કયુ, મિસિસ બહાદુરસાહ, આ જવાબ માટે હુ તમારો ઉપકારી છુ. મહેરબાની કરી હવે મને કહેશો કે મી० જેહાંગીર બહાદુરશાહ જોડે તમારા લગ્ન ગોઠવવા માટે તમારા પિતાએ અનેક ઉધા—ચતા કરવાને બાકી રાખ્યું નથી, એમ જે બોલાય છે તે શુ ખરૂ છે?"

"ખદાને ખબર!"

"ખુદાને તો દરેક ચીજની ખબર હોય છે, મિસિસ બહાદુરશાહ, તે સાહેબ તો સોના ભેદ જાણે છે; પણ મને હવે કહેશો કે તમારા લગ્ન ગોઠવવા માટે તમારા પિતાએ એક ગરીબ પણ લાયક જવાનનો નહિ માફ થઇ શકે એવો ગેરઇનસાફ કીધો છે એ શુ સાચી વાત નથી?"

"નથી."

"મહાલક્ષ્મીનો દરિયો કિનારો તમે જોયો છે?"

"હા."

"તમે કુમારા હતાં ત્યારે ત્યા કોઇ ખુબસુરત જવાનિયા જોડે ફરવા જતાં હતાં વારૂ?"

"હા."

"તે જવાનિયો કોણ હતો?"

"તે મને યાદ નથી."

"તે મી० દાદીબા તો નહિ હોય?"

"કદાચ હોય."

"એ કાંઇ મારા સવાલનો જવાબ નથી. તે ફરવા આવનાર જવાનિયો મી० દાદીબાજ હતો કે નહિ તે હું જાણવા માગુ છું."

"મારી યાદદાસ્ત કામ કરી શકતી નથી"

"બાનુ, તમે પાધરો જવાબ આપો—ઉડાવનારા ઉત્તરો આપશો નહિ. તે મી० દાદીબાજ હતો કે નહિ તે 'હા' અથવા 'ના'માં કહો."

"હા."

"આ તમારી વચ્ચે શી વાતો થતી હતી ? "

"એ વાત સાથ આ મુકદમાને કશુ લાગતું વળગતું નથી. "

"તમે જવાબ આપો !" જડજે સાક્ષીને કહ્યું.

"તે હુ જાણતા નથી. "

"કેવું અજબ જેવુ ! વાત કરનાર તમે અને તમે તે જાણતા નથી ! વારૂ ત્યા તમારા લગ્નસબધી કાઇ વાતો કોઇ દહાડે થઇ હતી ? "

"નહિ "

"તમે તે જવાનિયાને કાઇ ચોક્સ કબુલાત આપી હતી ? "

"નહિ "

" તે કબુલાત આપી તમે પાછળથી ફરી નહિ ગયા હતા ? "

"મે કબુલાત આપીજ નથી તો હુ ફરૂ કેમ ! "

"સાંજ ઉપરાત રાતે જર્મીને દરિયા તરફ ચદ્રનો પ્રકાશ જોવા નીકળવાનુ તમોને ઘણું ગમતુ હતુ નહિ ? "

"હા."

"તે વખતે તમારા સાથે પેલોજ જવાનિયો આવતો હતોની ?"

'તે મને યાદ નથી, પણ મારા જોડે મારી આયાઓ આવતી તે હુ જાણું છુ."

"પણ તે આયાઓને તમે દૂર ઉભી રાખતા હતાની ?"

"યાદ નથી."

"તમારી એક આયા 'લુસી' નામે હતીની ?"

"હા."

"એ લુસીએ તમારી પેલી શાલગીરેહ, જે ધામધૂમથી ઉગાડવામાં આવી હતી, તેનું ઇનામ ઓછુ પડવાથી તમારી અને તમારા શિક્ષક વચ્ચે બંધાયલી પ્યારની લાગણીઓ વિષે તમારા પિતા કને ફુકી માર્યું હતું તે તમોને યાદ છે ? "

પરીન ફિક્કી પડી ગઇ ! કેટલી બધી બારીક વિગતોથી દાદીબાએ પોતાના હિમાયતીઓને સાવચેત કરી પાઠ દઇ રાખ્યા હતા તે વિષે તેની અચરતીનો પાર રહ્યો નહિં.

"જલદી જવાબ આપો ! તમે અચકી કેમ ગયાં છો ?" પરીનને ફિક્કી પડેલી જોઇ મી૦ પીયરસને વધારે ઘબરાવી.

"મને એવી કશી યાદ નથી."

"તમે કેવા ઉડાવનારા જવાબો આપ્યા છે તેની નામદાર જડજે નોંધ

લીધી છે. હવે હુ તમોને વાદીના મૂળ દાવા સંબધો સાવાલો પૂછીશ. વાદી પોતાને મરનાર અરદેસર બહાદુરચાહની આગલી બાયડીને પેટનો હકદાર વારસ જણાવે છે તે વિષે તમો શુ ધારો છો?"

"હુ ધારૂં છુ કે વાદીનો તે હક ખરો છે."

પરીન પોતાનો આગલો પ્યાર નામુકર ગઈ, પણ દાદીબાના હકનો સવાલ આવ્યો. ત્યારે તેની તરફેણમાં નીકળી એટલો સધિયારોબી મી૦ રૂસ્તીમ બહાદુરશાહની બાબમાં સંતોષકારક હતો. દાદીબા પરીનના આ જવાબથી લગાર ખુશી થયો, પણ જેહાંગીર, જે આટલો વખત પરીન દાદીબાની વિરૂદ્ધ બોલતી હતી તેથી હરખાઇ ગયો હતો તે આ ઉત્તરથી ચીરડાઇ ગયો. તેને પરીનના આ જવાબથી ગુસ્સો તો ઘણો આવ્યો, પણ ઇનસાફની અદાલતમાં તે વધૂ કશુ કરી શકયો નહિ.

આટલોવાર દાદીબા દિલગીર અને જેહાગીર ખુશી હતો—હવે જેહાંગીરને દિલગીર અને દાદીબાને ખુશી થવાનો પ્રસગ આવ્યો! અર્થાત, પરીને બન્ને બાજુ થોડી થોડી સભાળી લીધી!

અફસોસ દાદીબાના આગલા પ્યાર વિષે તેણે ઇનસાફની દેવડીમાં દેખાડેલા અંજાણપણાંએ તેનાં સઘળા સસારનું પાછળથી કેવુ નખ્ખોદ વાળ્યું, તે જોવાનુ હવે ઝાઝુ દૂર નથી. દાદીબા ઉમેદ રાખતો હતો કે પરીન પોતાને મલેલી આ જાહેર તકમાં તેને ઇનસાફ આપ્યા વિના રહેશે નહિં, પણ તેણી તે બાબદમાં ખોટી નીવડી. દાદીબા કરતા જેહાંગીરનો લાભ તેણીએ વધૂ જોયો અને એક બેવફાઇપિર બીજુ જુદું વધારી આપી દાદીબાના કલેજામા પડેલા કાપને વધુ ઉડો ઉતારી વધૂ જખમી કીધો.

"તમે તમારા મરનાર સસરાને તેવણની હૈયાતીમા દીઠા હતા?"

"નહિં."

"તમે તેવણના અક્ષર ઓળખો છો?"

"નહિ, હું તે ઓળખતી નથી, પણ બે દસ્તાવેજોની સરખામણી કરવી હોય તો કરી શકુ છુ."

"તુરતજ મી૦ પીયરસને મી૦ રીડ પાંસે આઇમાય બહાદુરશાહ વાળુ પેલું કાગજ માગી પરીનના હાથમા આપ્યુ અને પૂછયુ. "આ કાગળની નીચે સહી કોણની છે?"

પરીન ઉપલા પ્રશ્નનો ઉત્તર આપે તે આગમચ જેહાંગીરના બેરીસ્ટર મી૦ ગ્રીને વાંધો લીધો કે "સાક્ષી મરનાર બહાદુરશાહના અક્ષર ઓળખતી નથી માટે આ સવાલ પૂછાય નહિં."

"હું આ દસ્તાવેજ ઉપર કોણે સહી કીધી છે એમ પૂછતો નથી, પણ કોણની સહી છે એમ પૂછુછું. આ અસલ કાગળ, જે મરનાર બહાદુરશાહના

પોતાના હસ્તાક્ષરનુ અમે મિસ બહાદુરશાહની સાક્ષીથી પુરવાર કરી ચૂકા છીએ, તે કાગળ જોડે દાદીબાના દસ્તાવેજો માંહેલા કોઇપણ એકની માત્ર સરખામણી કરવાની મારી નેમ છે. હુ ધારૂ છુ કે એક ત્રાહીત નજરે શાક્ષીને આ અક્ષરો કેવા લાગે છે તે જાણવાની કોશેષ કરવામા નામદાર જડજ કંઈ વાંધો જોશે નહી."

"હું તમારા મતને મળતો છુ." જડજે ચુકવ્યુ અને તે સાંભળી મી૦ પીયરસને તુરત પરીનના હાથમાં મરનાર અરદેસર બહાદુરશાહવાળો પેલો લંબાણુ દસ્તાવેજ મૂકયો.

પરીને તે બન્ને દસ્તાવેજોનાં અક્ષર નઝદીક બે ત્રણ મીનીટ સુધી એક સરખા તપાસ્યા અને પછી બોલી. "જે ગૃહસ્થે આઇમાયવાળું કાગળ લખ્યુ હશે તેજ ગૃહસ્થે આ લંબાણુ દસ્તાવેજ લખેલો હુ માનુ છુ."

"ખાત્રીપૂર્વક માનો છો?"

"હા."

"મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમ વકીલોની ઑફીસમાં મી૦ દાદીબાના દસ્તાવેજની ખાનગી તપાસ થઈ ત્યા તમે હાજર હતાંની?"

"હા"

"એ તપાસે તમારી ઉપર કેવી અસર કીધી હતી?"

"સારી."

"તેમાં ખોટારા જેવું તમને કાંઇ લાગ્યું'તુ?"

"બિલકૂલ નહિં."

"ત્યાં એક પારસી ઉશ્કેરાઈ ગયો હતો તે તમોને યાદ છે?"

"હા."

"તે કોણુ?"

"મારો ભરથાર."

"તેમ કરવાનો તેને કાંઇ સબબ મળ્યો હતો?"

"હુ તેમ ધારતી નથી"

"તે કોણને જોઇને ઉશ્કેરાયો હતો?"

"વાદીને જોઇને."

"વાદી તે વખત ત્યાં હાજર હતો?"

"નહિ. અમે ઘણા ખરા દસ્તાવેજો તપાસી રહ્યાં ત્યાં સુધી વાદી પાસેની એક ન્હાની ઓરડીમાં બેઠેલો હતો."

"તે ત્યાં બેઠેલો છે એમ તમે જાણતાં હતાં?"

"નહિ."

"કોઇ જાણતું હતું?"

"નહિં; શિવાય દાદીબાના વકીલો."

"વાદી પાસેની ઓરડીમા હતો તેટલો વખત તમારા ભરથારની તબિયત કેવી હતી ?

"શાન્ત."

"અને તેને જોયા પછી ?"

"ઉશ્કેરાયલી."

"એમ થવાનો સબબ શો ?"

"હુ ધારૂ છુ કે વાદીએ તેવણનાં બેહેન સાથ પરણવા ના પાડી હતી તેની તેવણને રીસ હતી." પરીને તમામ જુઠું અડાવ્યુ ! સ્ત્રી–ચરિત્રને કયા પુરૂષો પુગ્યા છે !

અહીં મી૦ પીયરસને દારીબાના વકીલોની ઑફીસમા જે દસ્તાવેજ ઉપર જેહાંગીરે પોતાની સહી આપી હતી તે દસ્તાવેજ પરીનના હાથમા મૂકયો.

"આ દસ્તાવેજ ઉપર સહી કોણની છે ?"

"મારા ભરથારની"

એ સહી કરવામા આવી ત્યારે તમે હાજર હતા ?

પરીનને આ સવાલનો જવાબ આપવો ભારી પડી ગયો, પણ મી૦ પીયરસને ફરીથી દબાણ કરવાથી જવાબ આપ્યો કે "હા."

"આ દસ્તાવેજ ઉપર તમારા ખાવિંદે સહી કીધી તે આગમચ વાદીએ પાસેની ઓરડીમાંથી દેખાવ દીધા હતો કે પછી ?"

"પછી"

"સહી કરતી વેળા તે ઉશ્કેરાયલા હતા ?"

"નહિ."

"સહી કરવા માટે તેની ઉપર કાઇ ફરજ્યાત દબાણ મુકવામા આવ્યુ હતુ ?"

"નહિ"

"તેણે આ દસ્તાવે ઉપર ખુશીથી પોતાની સહી મુકી હતી ?"

"હા"

"સહી કરતી વેળા તમો સબળા ખાત્રીપૂર્વક હતા.

"હા"

પાછળથી ઓરડામાથી વાદીને નીકળેલા જોઇ તમારો ભરથાર ફરી ગયો હતો ?

"હા."

"તેણે તેને પુષ્કળ અપમાન આપ્યુ હતુ એ ખરી વાત છે ?"

"પરસ્પર બન્ને પક્ષ તરફથી બોલાયું હતુ."

"પણ હલકા શબ્દો વધારે કોણે ઓચર્યા હતા ?"

" તે હું જાણુતી નથી. "

" તેનો સબબ શો ? "

" ગરબડમાં મને બરાબર સંભળાયું નહિ. "

' મી૦ દાદીબાને ઓરડામાંથી નીકળેલો સપર પેહેલો કોણે જોયો હતો ?',

પરીનને આ સવાલ ભારી પડ્યો.

" તે હું શું જાણું ? મે કાંઈ બધાઓ તરફ નજર ચોડી રાખી હતી?"

" વારુ, મી૦ દાદીબા ઓરડીમાંથી બહાર નીકળતાજ તમે એક ચીશ પાડી હતી એ ખરી વાત કે ? "

પરીન ચમકી !

" મારા સવાલનો જવાબ આપો ! "

" હા. "

" એ ચીશ ધભરાટની હતી, નહિ વારુ ? "

" નહિં. "

" ત્યારે શાની ? "

" અચરતીની. "

" અચરતી કેવી ? "

" અચરતી એ કે જે ધણી મારો એકવારનો શિક્ષક હતો તેજ મારો જેહદ નીકળ્યો !" પરીન સદનતર જુઠું બોલી

" તમારો શિક્ષક તે તમારો જેહદ એમાં નવાઇની વાત શી હતી ? "

" તે વખતે હું તેમ સમજી. "

" વારુ, ચીશ પાડયા બરાબર તમે બેશુદ્ધ થયા હતાની ? "

અહીં પરીન પાછી અચકી, પણ જવાબ આપ્યા વિના ચાલ્યું નહિ

" હા. "

" તમે બેશુદ્ધ થયા એટલી બધી ગંભીર અસર ઉપજવાનો સબબ શું? "

" તે હું જાણુતી નથી "

" તમારીજ માફક મિસ બહાદુરશાહ ઉપરબી અસર થઇ હતીની ? "

" હા. "

" હવે હું તમારી તપાસ બંધ કરૂં છું "

મી૦ ઓને પરીનની ઉલટપાલટ તપાસ ના પાડવાથી તેણી પીંજરાંમાંથી બાહેર આવી.

પ્રકરણ ૧૨૨ મું.

શેઠાણીની શાક્ષી

પરીનની તપાસ પૂરી થયા પછી વાદી પક્ષના ચોથા સાક્ષી તરીકે શેઠાણી રતનબાઇ રજુ થયાં. શેઠાણીની સાક્ષી કેવી તથા કોણની તરફેણમાં પડે છે તે જાણવાને તમાશગીરોમા પુષ્કળ ઉલટ ઉશ્કેરાયલી હોવાથી શેઠાણીને જોતાંવાર આખી કોર્ટમા એવી ચૂપકીદી ફેલાઇ કે એક ટાચણી પડે તો તેનો અવાજબી આવ્યા વિના રહે નહિ.

' કલાક આવ ધી કાઉન ' શેઠાણીને સોગન્દ આપનો હતો તેટલાં મી૦ રીચર્ડસને નામદાર જડજને અરજ કીધી કે સાક્ષી આપનાર બાઇ પોતાની કોમમા મોટી આબરૂ ધરાવનાર એક મોભાવાળા ખાનદાનની બાનુ છે, માટે તમો નામદારે તેવણને ખુરસી આપવાનો હુકમ કરવો. ''

જસટીસ લીઅ આ અરજ ખુશીથી મજૂર રાખ્યાથી શેઠાણીને ખુરસી આપવામા આવી, જે ઉપર તેવણે જગ્યા લેતાજ મી૦ કાર્લસ્ટન ઉભો થયો.

'' બહાદુરશાહ ખાનદાનના છેલ્લા મરહુમ વડાના તમો વિધવા છો ?''

'' હા. ''

'' મરહુમ અરદેસર બહાદુરશાહ સુરતના વડા અકાબર હતા ? ''

'' હા. '

'' તેવણ એક લક્ષાપતિ હતા ? ''

'' હા '

'' આખી કોમમા તેવણની આબરૂ મોટી હતી ? ''

'' હા. ''

'' તેવણ ઘણા લોકપ્રીય અને સુખી હતી ? ''

'' હા. ''

'' તમો, મરહુમ બહાદુરશાહનાં બીજા ધણીઆણી છો ?

'' હા. ''

'' પહેલાં ધણીઆણી વિષે તમે શુ જાણો છો ? '

'' પેહેલાં ધણીઆણી વિષે હુ પરણીને વિધવા થઇ તે દિવસ સુધી કશુ જાણુતી ન હતી, પણ મારા મરહુમ ભરથાર જે દિવસે ગુજર પામ્યા તે દિવસે પોતાની છેલ્લી ઘડીએ મને અને મારા દિકરા જેહાંગીરને એક ચોક્કસ વશિયત કરી ગયા ત્યારે તેવણ આગળ એકવાર પરણ્યા હતા, તે વિષે લબાણુ ખુલાશો કીધો હતો.

'' તે આગમચ તમે કશું જાણતાં ન હતા ?

' નહિજી. ''

" તમારા ભરથારે પોતાની છેલ્લી ઘડીએ શી વશિયત કરી હતી ? "

" તેવણે જણાવ્યુ હતુ કે મારી આગલી બાયડી ધનબાઇનો પેટનો રૂસ્તીમ નામે મારો એક દિકરો છે, તે મારો વડો વારસ છે. એ વારસને ચોક્કસ સંજોગોને લીધે પ્રથમ છપો રાખવો પડયો હતો, પણ પાછળથી તે વારસ ગૂમ થઇ ગયો હતો. એ ગૂમ થયલા વારસની પોતાની હૈયાતી દરમ્યાન અમોથી છપી રીતે તેવણે પુષ્કળ શોધ ચલાવી હતી પણ તેનો પત્તા આખરે તેવણને મળી શક્યા નહિં હતો. અંતે મરતી વેળા તેવણે તે વારસની શોધ કરીને તેને પોતાની દોલતનો બરાબર અરધો હિસ્સો આપવાની મને તથા જેહાગીરને વશિયત કરી ફરજ નાખી હતી "

" તે વશિયત તમે બજાવી ? "

" હા, તે વશિયત બજાવવા જતા આ મુકદમો ઉભો થયો છે. "

" વાદીના દાવા વિષે તમારો મત શો છે ? "

" હુ એનો હક સ્વિકારૂ છુ.

" તમે મી૰ દાદીબાને ઓળખો છો ? "

" હા,

" પેહેલવેહેલો તમે એને ક્યાં જોયો ? "

" હુ ભુલતી ન હોઉ તો દાવર લાડજમા. "

" પરીનબાનુની શાલગીરેહને દિવસે કે ? "

" હા "

" વાદી પ્રથમ પરીનબાનુના મ્યુઝીક માસ્ટર હતો તે તમે જાણો છો ? "

" હા "

" તે તેણીનો ઘણો માનીતો હતો તે તમોને ખબર છે ? "

" તેનો મને ઝાઝો અનુભવ નથી "

" પણ એટલુ તો તમે જાણોછોની કે તે તેણી સાથે બહુ પળોટાયલો હતો ? "

" હા. "

પરીનબાનુંના પિતા દારાશાહ દાવરે પોતાની બેટીની એક ચોક્કસ વર્ષગાંઠ પર તમોને ખાણાં પર નોતર્યા હતાં નહિ ? "

" હા. "

" ત્યાં મી૰ દાદીબા હતો કે ? "

" હા. "

" નોકર તરીકે કે પહરોણા તરીકે ? "

" હુ ધારૂછું કે પહરોણાં તરીકે "

" તે સઘળાંઓમાં છુટથી ભેળાયો હતોની ? "

" હા. "

" વાજીંત્રો ઉપરના તેના અસાધારણ કાબુએ સર્વને ખુશખુશ કીધાં હતાં નહિ ? '

"હા."

"મી૦ જેહાગીરે તેનુ સગિત વખાણ્યું હતું નહિ ? "

"હા."

જો મી૦ જાંહાંગીર આજે એમ કહે કે ફાવર લોડજના તે પહેરોણાઓમા કદી હતોજ નહિ તો તમે શુ ધારો, માનવત બાનુ !

"હુ તેને એક હરડતો જુઠ્ઠો સમજુ,"

"ફાવર લૅાડજના તે મેળાવડા પછી તમારો દિકરો ફાવરશેઠની દિકરાની ખુબસુરતી ઉપર ખેચાયો હતો એ વાત શુ ખોટી છે ?"

"નહિ, ખરી."

'પરીનનું માગુ તમે લઇ ગયા હતાની ? "

"હા"

'તે વખતે તમે એમ જાણતા હતા કે મિસ ફાવર કોઇ બીજા જવાનને બંધાઇ ચુકેલી છે ?"

"નહિ. મને એ ભેદ પાછળથી ખબર પડ્યો ?"

"પાછળથી તમોને એ ભેદ કોણે કહ્યો ?"

'મારી દિકરી આઇમાયે '

'તમારી દિકરી આઇમાય એક ચોક્કસ જવાનનો હાથ મેળવવા ખુશી હતી તે તમે જાણો છો, માનવત બાનુ ?"

"હાજી"

"તે કોણ ?"

"દાદીબા."

"તે ખાહેશ પૂરી પાડવામા તમારા દિકરાએ ઉલટથી ભાગ લીધો હતો નહિ ?

"હા"

"મી૦ દાદીબા કને તે માંગણી લઇ જનાર કોણ હતું ?"

"જેહાંગીર."

"મી૦ જેહાંગીરને તે વખતે તે માંગણી લઇ જવામાં અગિત લાભ શો હતો તે તમે જાણતાં હતા ?"

"નહિં, તે વિષે મેં પાછળથી જાણ્યુ."

"પાછળથી જાણ્યા પછી તમે ખુશી થયા કે દિલગીર ?"

"દિલગીર."

"દિલગીર થવાનો સબબ શું હતો ?"

'જેહાંગીરની બાયડી અને દાદીબા વચ્ચે પરણવાનું પરસ્પર વચન અપાયું હતું."

વચન અપાયું હતું એમ તમે ખાત્રીથી માનો છો ?"

'હા'

મિસિસ બહાદુરશાહ એ વિષે જો હાલ નામુકર જાય તો તમે શું સમજો ?

'હું તેઓને જુઠ્ઠી તેમજ બેવફા સમજું.'

'વાદીનો દાવો પ્રતિવાદી માન્ય કરતો નથી તેનો મૂળ ભેદ એજ છે એમ તમે માનો છો કે નહિ ?"

"હા હું એમજ માનું છું"

"વાદીના દાવા વિષે તમે શું ધારો છો ?"

"વાદીને મનસાફની દેવડીએ ચડી આવવું પડયું તેમાં તમે કોણની કસુર સમજો છો ?"

"પ્રતિવાદી જેહાંગીરની'

"વાદી તરફ પ્રતિવાદી અદેખાઈ તેમજ વેરભાવ રાખે છે એ વાત શું સાચી નથી ?"

"સાચી છે"

"મી૦ દાદીબાના વકીલોની આફીસમાં ખાનગી રીતે દસ્તાવેજની તપાસણી થઈ ત્યાં તમે જાતે હાજર હતા, માનવંત બાનુ ?'

"હાજી"

"તે દસ્તાવેજો જોયા પછી તમે શું અનુમાન ઉપર આવ્યાં ?"

"હું એવા અનુમાન ઉપર આવી કે દાદીબાનો દાવો અચૂક છે અને એજ મારા બેહેસ્તી અરદેસરજીનો ગુમ થયલો વડો વારસ રુસ્તમ બહાદુરશાહ છે"

"મરહુમ અરદેસર બહાદુરશાહના અક્ષરો તમે ઓળખો છો ?"

"હાજી."

"હાલ તમે તે ઓળખી શકશો ?"

"હા."

અહીં મી૦ કાર્લસ્ટને શેઠાણીના હાથમાં મરહુમ બહાદુરશાહનો હસ્તાક્ષરનો એક સાધારણ કાગળ મૂક્યો.

"આ કોણનાં અક્ષર છે ?"

"મારા મરહુમ ભરથારનાં પોતાના."

"આ કિયું કાગળ છે તે તમે જાણો છો ?"

હાજી આ કાગળ દાદીબાના વકીલોની ઑફીસમાં મારી દિકરી આઈમાયે મરહુમના દસ્તાવેજો જોડે અક્ષર મેળવવા માટે રજુ કીધું હતું તે છે."

"એ અક્ષર મેળવણી ફત્તેહમંદ ઉતરી હતી ?"

"બેશક."

"મી૦ દાદીબાના તમામ દસ્તાવેજો તમોએ ખાત્રી પૂર્વક જોયા છે ?"

"હા, મને તે વિષે કશી શંકા રહી નથી."

"તમારા આ મત માટે તમો નામવર બાનુનો હુ આભારી છુ." મી૦ કાર્લસ્ટન બોલ્યા અને શેઠાણીના હાથમા એક રૂપાનુ સીલ આપી પૂછ્યુ કે "આ શુ છે ?"

"આ એક સીલ છે."

"તમે એને ઓળખો છો ?"

"હા."

"એ કોણનુ છે ?"

"મારા મરહુમ ભરથારનુ."

"તમે શા ઉપરથી ધારો કે આ સીલ તમારા ભરથારનુજ છે ?"

"તેવણના હૈયાતીમા મે એ ઘણીવાર જોયુ હતુ વળી એની ઉપર મરહુમના નામના પેહેલા ત્રણ અક્ષર ઇંગ્રેજીમા A B B, પાડેલા છે. આ સીલ બેહેસ્તી અરદેસરજીએ ખાસ ચીન વેરથી કોતરાવી મગાવ્યુ હતુ. એની બીજી બાજુએ મારા નામનુ સીલ છે."

'એટલે તે શુ ' સીલ તો એકજ બાજુએ છે અને બીજી બોરદ બનાવનારે કોરી રાખી છે." મી૦ કાર્લસ્ટન શેઠાણીનો ખુલાશો પૂછવા પડયા.

"નહિ, બીજી બોરદ કોરા નથી" શેઠાણી બોલ્યા "આ સીલમા તેના ચીનાઇ કારીગરે બીજી બોરદએ મારા નામનુ સીલ બી કોતરેલુ છે પણ તે છપુછે."

એમ કહી શેઠાણીએ સીલના બીજી બાજુનો પેચ ફેરવ્યો, જેમ કરતા તેવણના R. A. B નામનુ સીલ આબાદ મળી આવ્યુ !

"એ સીલ વાદીને કોણે આપ્યુ ?" જડજે પુછ્યુ

"મે પોતે" શેઠાણીએ જવાબ દીધો

"ક્યારે આપ્યુ ?"

"મેસર્સ રોચર્ડસન અને રૂસ્તીમની આફીસમા વાદીના દસ્તાવજ ખાનગી રીતે તપાસવાને અમે ભેગા મળ્યા તેની બહારવણ."

"તમારો આ એકરાર ખોટો હોવો જોઇએ." નામદાર જડજને વેહેમ પડયો. "ઇસ્કોત્રી ઉપર મરહુમે સીલ કીધા ત્યારે તમારી જોડે તેવણ પરણેલા નહિ હતા. તો આ સીલની બીજી બાજુએ તમારા નામનુ સીલ કેમ આવવા પામ્યુ ?"

"તેનો ખુલાશો હુ કરૂ છું" શેઠાણીએ હિમતથી જવાબ આપ્યો. "આ સીલ ઉપર પ્રથમ મારા ખાવિદનું એકલાનુજ સીલ હતું. જેનો તેવણે

દાદીબાની ઇસ્કોત્રી ઉપર ઉપયોગ કીધા હશે. પાછળથી જ્યારે મારી જોડે મ-રહુમ પણ્યા ત્યારે ફરીથી તે સીલ ચીન મોકલી પેલાજ ચીનાઇ કારીગરી કને મારાં નામનો લેખ બીજી તરફ કોરાવ્યો હતો, જે અમારી અજાયબી વચ્ચે—અમારા લખ્યા વગર–તેણે એવી ગુપ્ત રીતે કોતરી મોકલ્યો હતો."

શેઠાણીનો રૂપલો ખાત્રીપુર્વક જવાબ નામદાર જડજે બહાલ રાખ્યો.

"આ એક વિલક્ષણ શોધ છે અને તે શોધે અમારા મુદ્દાને એવડી મજબૂતી આપી છે." મી૦ કાર્લસ્ટને કોર્ટને જણાવ્યુ. "એક બાજુનુ સીલ ખુલ્લુ અને બીજી બાજુનું ગુપ્ત રાખવામાં સીલ બનાવનારનો નેમ એ હોવી જોઇએ કે અગર આ સીલ કોઇ ચોરી જાય તો ગુપ્ત સીલના ભેદની મદદથી તે પાછુ મેળવી શકાય."

મરહુમ બહાદુરશાહના તે વિલક્ષણ સીલની રચના વિષે તમામ તમા-શગીરો દંગ થયા નામદાર જડજે તેને ચીપી ચીપીને તપાસ્યુ. તે પણ ઓછો અચરત થયો નહિ.

"હવે આ લાખના સીલ જુઓ. મી૦ દાદીબાના દસ્તાવેજવાળી પેટી ઉપર મરહુમ બહાદુરશાહે જે સીલો કીધા હતા તે તેવણુનાં મળી આવેલા વારેસે સંભાળથી જાળવી રાખેલાં છે. એ મોહોર આ સીલથીજ થયલાં છે કે નહિ તે મહેરબાની કરી મને જણાવવાનો તશદી લેશો.'

"આબાદ એજ !" શેઠાણીએ જવાબ આપ્યો અને મી૦ કાર્લસ્ટન ખુશી થયો.

"હવે આ મોતીની માળા તમારા હાથમાં લો. આ માળાને તમે ઓળખી શકશો ?"

"હા, આબાદ જાણે મારીજ માળા !' શેઠાણી તે માળાને જોતા-વાર ઓળખીને બોલ્યા. "મોતી, મોતીનુ કદ, મોતીના સંખ્યા, મોતીનુ પાણી, સઘળુ એક સરખુ ?"

"શુ આ માળાને જેવીજ એક બીજી માળા તમારી કને છે ?'

"હાજી'

"તે કયા છે ?"

"આ રહી." એમ કહી શેઠાણીએ પોતાના ખીસામાંથી સુખડના લાકડાંની એક અસલી ઢબની ન્હાની પણ નકસીદાર દાબડી કાઢી મી૦ કાર્લ-સ્ટનનાં હાથમાં મૂકી. મી૦ કાર્લસ્ટને તે દાબડી ઉઘાડી તેમાંથી શેઠાણીની માળા બાહેર કાઢી નામદાર જડજનાં હાથમાં આપી.

આખી કોર્ટ દંગ થઈ રહી !

પ્રકરણ ૧૨૩ મું.

મોતીની માળા.

" આ માળાની કાઇ તવારીખ તમે જાણો છો ? " જસટીસ લીએ શેઠાણીને સવાલ કીધો.

" હાજી, એ માળા મારા મરહુમ ભરથારે અમારાં લગ્નપર બીજા દાગીનાઓ જોડે મને ભેટ કીધી હતી. "

" આ માળા જોડે વાદીની માળા સરખાવી જુઓ. " નામદાર જડ્જે મી૦ કાર્લેસ્ટન મારફતે શેઠાણીને માળા આપતાં હુકમ કર્યો.

" સરખાવી જોવાની કશી જરૂર નથી મરહુમ અરદેસરજી પાસે એક સરખા મોતીની અને એક સરખા દેખાવની એ માળાઓની એક જોડી હતી. આ સોનેરી તાર, આ રેશમી દોરી, એ પણ એક મળતાં છે. જે જાતનુ સેરવણું મારી માળાને છે તેજ જાતનુ એને છે. બન્ને માલાને છેડેનાં કસબી ફુમટાંબી એક સરખા છે. "

"તમે કેમ જાણ્યુ કે મરહુમ અરદેશર બહાદુરશાહ પાસે તમારી માળા જેવીજ એક બીજી માળા પણ હતી ? " જસટીસ લીએ પૂછ્યુ.

"તમો નામદારના આ સવાલ ઉપરથી મને ઘણાં વર્ષની એક જુની વાત યાદ આવે છે. એકવાર બેહેસ્તી અરદેસરજી સાથ મને એ માળા વિશે વાત થતાં તેવણે કહેલુ મને યાદ છે કે એ માળાની તેવણ પાસે 'જોડી' હતી, જેમાની એક મને અને એક કોઇને આપી હતી. 'કોઇને તે કોણને ?' એવા મે સવાલ કરતાં તેનો જવાબ બેહેસ્તીએ ઉડાવી દીધો હતો, તેથી તે વખતના ધારા મુજબ મે મારા ખાવિંદ ઉપર કશુ દબાણ કીધુ નહિ હતું. હુ તેવણનું ઘણું માન રાખતી હતી અને તેવણ ઉપર વિશ્વાસ હતો કે તે માળા કોઇ લાયક ઠેકાણેજ તેવણે સપુરદ કીધી હશે. આજે મારો તે વિશ્વાસ, વર્ષો પછી, હુ ખરો પડેલો જોઉછું. સુરતના એક કાબેલ કીસબીને હાથે એ માળાઓ બધાવેલી હોવાથી આજસુધી જેવી ને તેવી રહેલા પામી છે."

અહીં મી૦ કાર્લેસ્ટને દાદીબાના દસ્તાવેજોમાથી મળી આવેલી મરહુમ અરદેસર બહાદુરશાહની તસવીર શેઠાણીનાં હાથમા મૂકી પૂછ્યુ, "આ છબીમા એક અમીરી દેખાવના ખાનદાની ગૃહસ્થ બેઠા છે, એ ગૃહસ્થ કોણુ છે તે તમે ઓળખી શકશો ?"

"હા, આ તસવીર મારા ભરથારની છે."

"તેવણની પાસે કોણુ બેઠુ છે ? "

"હું આ બાનુને ઓળખી શકતી નથી."

"ખરી વાત છે કે તમે તેણીને ઓળખી શકતાં નથી, પણ મી૦ દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહના સઘળા દસ્તાવેજોની તપાસ લઈ વળ્યા પછી આ બાનુને તમે કોણ ધારોછો?"

"મારા ભરથારની પેહેલી બાયડી."

"એ વિષે તમોને કશી શકા નથી?"

"બિલકુલ નહિ."

"તેણી એક ખુબસુરત બાનુ જણાય છે?"

'ખરેખર."

"તેણીનો ચેહેરો અને વાદી મી૦ દાદીબાનો ચેહેરો શુ મળતો આવતો નથી?"

"તમામ મળતો છે."

"ચેહેરા ઉપરથી તમોને શુ એમ લાગે છે કે મી૦ દાદીબા આ બાનુને પેટે પેદા થયો છો?'

"વાદીને હુ એનુજ ફરજદ સમજું છુ."

"તમારા દિકરા મી૦ જેહાગીરે દાદીબાના વકીલોની આરીસમા તેઓએ રજુ કરેલા દસ્તાવેજોથી પોતાની ખાત્રી થાઈ છે એવી મકસદના એક લેખ પર સહી આપી તે તમે જાણો છો'"

"હા, હુ જાણું છુ."

"એ સહી તેણે ખુશીથી આપી હતીની?"

"હા"

"એ સહી તેણે કશાપણ ફરજ્યાત દબાણ વગર મૂકી હતીની?"

"હા."

"તેના વિચારો ક્યારે બદલાઈ ગયા?"

'વાદીને જોયા પછી"

"સહી થઈ ત્યારે તેણે વાદીને જોયો હતો?"

"નહિ."

"શુ સહી થયા પછી જોયો હતો?"

"હા"

"તેના વિચારો શાથી ફેરવાયલા ધારો છો?'

"પરીનને લગતી ખાનગી અદાવતને લીધે,"

"તમે એ વિષે તેને બોધ દીધો હતો?"

"મે પુષ્કળ બોધ દીધો, તેનાં મરહુમ પિતાની મરતી વખતની વશિયતની યાદ આપી તથા તે નહિ બજા લાવ્યાથી કુટુબપર કુદરતનો કેવો કેહેર ઉત્પન્ન થશે તે સમજાવ્યુ પણ—" અને અહીં શેઠાણી અચકી ગયાં.

"પણ શું?"

અત્રે મી૦ કાર્લેસ્ટને જાહેર કર્યું કે શેઠાણીની તપાસ પૂરી થઈ છે. મી૦ ગ્રીને તેવણની ઉલટ પાલટ તપાસ કરવાને નાં પાડી.

* * * * * *

શેઠાણીની સાક્ષી પુરી થવા પછી મી૦ કાર્લેસ્ટને જેહાગીર બહાદુરશાહના માજી ધારાના હિમાયતીઓની એક પછી એક સાક્ષી લીધી. અને તે બન્ને ગૃહસ્થો—મેસર્સ બેહરામશાહ અને બ્રાન્સન—કને કબુલ કરાવ્યું કે દાદીબાના દસ્તાવેજો ખાત્રીપૂર્વક છે, એવો એક લેખ જે તેના વકીલો મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમની ઑફીસમાં તૈયાર કરવામા આવ્યો હતો, તે ઉપર જેહાંગીર બહાદુરશાહે પોતાની રાજીખુશીથી 'સહી' મુકી હતી.

વકીલોની સાક્ષી લેવાયા પછી નામદાર જસટીસ લીએ પ્રતિવાદીને પુછ્યુ કે વાદીનો દાવો સ્વિકારવાને તે રાજી છે કે હજી વધુ સાક્ષી—પુરાવાની ખાહેશ ધરાવે છે?

પ્રતિવાદી જેહાંગીર બહાદુરશાહે જવાબ આપ્યો કે "વાદીએ રજુ કરેલા દસ્તાવેજો શિવાય તેના સાક્ષીઓ તમામ નબળા છે માત્ર એક દસ્તાવેજ ઉપરથી તે હકદાર વારસ ઠરી શકતો નથી. મારા મરહુમ પિતાના પેહેલાં લગ્ન કાયદાસર રીતે થયલા જ્યા સુધી સત્તાવાર શિદ્ધ થાય નહિ તેમજ તેવણે પોતાની છેલ્લી વ શયન દરમ્યાન જાહેર કરેલી પોતાના વારસનાં આગ ઉપરની બધી નિશાનીઓ આબાદ મળે નહિ ત્યા સુધી હુ તેનો દાવો સ્વિકારવાની ચોખી ના—પાડુ છુ."

જ્યારે જેહાગીરનુ કાંઈ વળ્યુ નહિ, ત્યારે તેણે આ નવા વાધા કાઢયા. તે એમ સમજતો હતો કે દાદીબા કને મરહુમ બહાદુરશાહવાળા પેલા લંબાણુ દસ્તાવેજમાં લગ્નનો ઇશારો છે, તે શિવાય બીજો સત્તાદાર પુરાવો કશો નથી. અહીં વાંચનારને યાદ આપવાની જરૂર નથી કે દાદીબાના વકીલોની આફીસમાં બહાદુરશાહવાળાંઓને દસ્તાવેજ દેખાડતી વેળા ચોક્કસ દસ્તાવેજો તુરત વેળા ગુપ્ત રાખવાની મી૦ રીચર્ડસને સમય સુચકતા વાપરી હતી. જે તે દસ્તાવેજોમાં મરહુમ બહાદુરશાહનાં લગ્નની સત્તાદાર સરટીફીકેટ મોજુદ હતી. જ્યારે માઇસોરમાં દાદીબાએ પોતાના દસ્તાવેજો પેહેલવેહેલા તપાસ્યા ત્યારે તેણે ખાનબહાદુરની બેટીઓ આગળ ખુલાસો કીધો હતો કે, શુકર ખુદાના કે આ એક કીમતી દસ્તાવેજ છે, અને ઘણો અગત્યનો છે. જો જેહાંગીર બહાદુરશાહ મને અરદેસર બહાદુરશાહનાં વડા વારસ તરીકે માનવાને નાં પાડશે—આટલા બધા હસ્તલેખો છતાં નાં પાડશે—તો લગ્નનો આ સત્તાદાર દસ્તાવેજ તેને એકદમ ચુપ કરી નાખશે. આ દસ્તાવેજ આ ઇસ્કોત્રીમાં મુકવામાં મારા પિતાજીએ મોટી દુરઅંદેશી વાપરી છે. વાચનાર! દાદીબાની અટકળ આજે આપણે ઉપર ખરી પડેલી જોઇએ છીએ.

પ્રકરણ ૧૨૪ મું.

——x——

બરજોરદાર બગલી.

'પ્રતિવાદી ભલે નાં પાડે, પણ વાદીનાં દસ્તાવેજ દીવાની જોત જેવા છે." મી૦ કાર્લસ્ટને, જેહાંગીરે નામદાર જડજને કરેલા ખુલાશાનો જવાબ આપ્યો. "પ્રતિવાદી એમ સમજતો જણાય છે કે લગ્નને લગતો બીજો સત્તાદાર દસ્તાવેજ વાદી ધરાવતો નથી, પણ એમ ધારવામાં તે ભુલ કરે છે. જેણે જે એ મળ–વાંધાઓ બનાવ્યા છે તે બન્નેનુ ખંડણ કરવાને અમે પુરતા સામર્થવાન છીએ પ્રથમ હુ મરહુમ બહાદુરશાહના લગ્ન કાયદાસર થયાં હતા તે વિષે એ અગત્યના સાક્ષીઓ બોલાવવા ચાહું છુ. મી૦ દાદીબાના દસ્તાવેજોમા જે પેહેલો અને બહુ કીમતી ખુલાશો કરનારો લબાણ દસ્તાવેજ છે તેમાં મરહુમ અરદેસર શેઠે નીચલા બોલો ખુલ્લે ખુલ્લા લખેલા છે કે:—

"મે આ કૃતેહથી ખુશી થઇને મારા બે વિશ્વાસુ મિત્રોને મારા વિશ્વાષમાં લીધા અને આ પાક કામમા તેમની મદદ ચાહી તે બન્ને દિલોજાન દોસ્તો મારી મદદે એક સખુને તૈયાર થયા. અમો સઘળી તૈયારી કરી સુરતથી છુપા છુપ મોજ મારવાને બહાને નવસારી ગયા. અને આગમચથી રાખેલી ગોઠવણ મુજબ ત્યાં બે મોબેદો હાજર હતા તેઓએ તેજ ઘરમાં બીજે દીને 'આશિર્વાદ' નાખી અમારૂ જોડું જોડી આપ્યુ. મારા બન્ને મિત્રો અમારા 'સાક્ષી' દાખલ કામે લાગ્યા અને હુ મારી ધારેલી મુરાદે પોંહોચ્યાથી ખુશ ખુશ થઈ જઇ તે બારે હકતાલનાં હજારોહજાર હેશાન માનવા લાગ્યો. આ સઘળું મને એક અતિ આકળા સ્વભાવનાં બાપના સખ્ત તાપ તથા ત્રાસને ખાતર કરવું પડયુ.'

"મેં વાંચેલા આ ફકરામા બે સાક્ષી અને બે મોબેદો મળી ચાર જણની સત્તાદાર નોંધ છે, પણ કમનસીબે, આ બનાવને ઘણો લાંબો વખત પસાર થઇ ગયલો હોવાથી એક સાક્ષી અને એક મોબેદ મરણ પામ્યા છે. અને ઇનસાફની અદાલતમાં મી૦ દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહનો દાવો હકદાર ઠરાવવા અમોને બેજ સાક્ષી મળી શકયા છે. એ બે સાક્ષીઓને હવે હું રજુ કરૂં છું."

એમ બોલી મી૦ કાર્લસ્ટને પ્રથમ મરહુમ બહાદુરશાહનાં એક મિત્ર મી૦ એદલજી સુરતી, જેવણે તેવણનાં લગ્નનાં સાક્ષી તરીકે "થાળી પકડી" હતી, તેવણને તથા મરહુમને લગ્નનાં આશિર્વાદ છાંટનાર મોબેદ બરજોરદાર બગલીને રજુ કરી અનુક્રમે તપાસ્યા. તેઓએ સાક્ષી આપી કે મરનાર બહાદુરશાહનાં લગ્ન નવસારીમાં કાયદાસર થયાં હતાં, એટલુંજ નહિ; પણ લગ્નને લ-

ગતી જે સરટીફીકેટ (લગ્ન–પત્રક) દાદીબાના દસ્તાવેજોમાંથી ત્યાં રજુ કરવામાં આવ્યું તે ઉપર સહી કરનારાઓમાં તેઓ પણ બે હતા. બન્ને સાક્ષીઓએ લગ્ન–પત્રક ઉપરની સહી પોતાના તરીકે સ્વિકારી.

સાક્ષીઓથી શિદ્ધ થયલી સરટીફીકેટ મી૦ કાર્લસ્ટને નામદાર જડજનાં હાથમાં આપી. તે પત્રક જોડે ટુંક ખુલાશો કરનારો એક જાડો કાર્ડ રંગીન દોરીથી બાંધેલો હતો. તે ઉપર મરહુમ બહાદુરશાહે એક ન્હાનો લેખ લખેલો હતો તે જસટીસ લી નીચે મુજબ વાંચી ગયા.—

"અમારાં લગ્ન છુપાં થયલા હોવાથી પાચે દહાડે લગ્નની સચાઈ બાબે અથવા અમારાં ફરજંદોના હકબાબે શક ઉભા થાય તો તે વખ્તે અમારા વારસાને કામ લાગે એવા હેતુથી જે નોંધ નવસારીના રેજીસ્ત્રારના દફતરમા નોંધાઈ છે. તેની એક બીજી અસલ કરાવી લઈ અમે આ સાથે જોડી છે. એ દસ્તાવેજ ઉપર થયલી સહીઓ ખુદ અસલ ધણીઓના પોતાના જાતની હસ્તાક્ષરની જાણવી.—લી૦ **અરદેસર બરજોરજી બહાદુરશાહ,** દસ્તક ખુદ "

જસટીસ લીએ ઉપલા લેખ વાચ્યા પછી મી૦ કાર્લસ્ટને તેવાણુનાં હાથમા એક બીજો કીમતી દસ્તાવેજ મુકયો, જે નામદાર જડજે નીચે મુજબ વાંચ્યો—

મારા વ્હાલા દિકરા રૂસ્તમ,

આ ઇસ્કોત્રીનાં તળિયામા એક ઘણુંજ ન્હાનુ ચોરખાનુ છે. તેમાં એક વાટી મૂકેલી છે, જે વીંટી બીજી વીટીઓ ભેગી તારી મરનાર માતાને લગ્નને દહાડે મેં પેહેરાવી હતી. આ વીટી દેખાવમા સાદી છે, પણ એમાં એક છુપી ચાંપ છે, જે ચાંપ સિફતથી શોધી કાઢીને, તેમા મે એક કાપલી મુકેલી છે, તે વાંચજે એમા તારા જન્મ–દિવસની નોંધ છે.

હુ છુ, તારો વ્હાલો પિતા,
અ૦ બ૦ બહાદુરશાહ.

ઉપલો કાગળ વચાઇ રહેવા પછી નામદાર જડજના હુકમથી મી૦ દાદીબાએ ઇસ્કોત્રીનાં તળિયાંમાંનુ તે ચોક્કસ ચોરખાનું શોધી કાઢી તેની ચાંપ દાબવાથી તે વિલક્ષણ વીંટી મળી આવી, નામદાર જડજે પોતાના હાથમાં લઈ તેને ખોલવાના ઘણાં ફાંફાં માર્યાં, પણ જ્યારે તેમાં તેમને નિષ્કળતા મળી ત્યારે દાદીબાના હાથમાં પાછી આપી ખોલવા ફરમાવ્યુ, દાદીબાએ તે વીંટી એકથી વધૂ વાર ઉઘાડેલી હોવાથી તેને હાથે તે ઝડપથી ઉઘડી ગઇ અને અંદરથી એક ઝીણી કાપલી મળી આવી, જે ઉપર દાદીબાનો નવસારીમાં કિયે દહાડે જન્મ થયો હતો તેની નોંધ હતી ?

એક પછી એક મળતા જતા પાકા પુરાવાઓથી ત્યાં હાજર થયલાં

સર્વે કોઇ અચરતીથી દંગ થઇ ગયા. હવે એકજ મુદો બાકી રહ્યો, જે મરહુમ બહાદુરશાહે ગૂમ થયલા વારસના આંગ ઉપર ચોક્કસ નિશાનીઓ જણાવી હતી તે શિદ્ધ કરવાને લગતો હતો

તે છેલ્લો દસ્તાવેજ મી૦ કાર્લસ્ટને નામદાર કોર્ટને નીચે મુજબ વાંચી સાંભળ્યો.—

મારા વ્હાલા દિકરા રૂસ્તમ,

એક ઘણી અગત્યની બીના ઉપર આ કાગળથી હું તારૂં ધ્યાંન ખેંચવા માગું છું. પાંચે દહાડે આ વાત તારા લાભની થઇ પડશે કે તારાં શરીરનાં ચોક્કસ ભાગોપર નીચે લખ્યા મુજબ નિશાનીઓ છે. એ. નિશાનીઓ હુ વીલ કરીશ તેમાં નોંધવાનો છું. કદાચ તને તારો હક ભવિષ્યમાં સાબેત કરવો પડે તો આ નિશાનીઓ તારા હકમાં અતિ કીમતી અને ફાયદેમદ થઇ પડશે, તારી જમણી છાતીપર સાત એકસરખા તલ છે. તારા જમણા હાથ પર બરાબર પોંહચા આગળ ગોલાબી રંગની એક લાછન છે, અને કંમરપર એક લાલ મસો છે. મે આ મસા, લાછન અને તલ વિષે એક કાબેલ તબીબનું મત લીધુ હતું, જેણે કહ્યું હતું કે કુદરતની આ નિશાની જીંદગી સુધી જેમની તેમ રહેશે.

હું છું તારો વ્હાલો પિતા,
અ૦ બ૦ બહાદુરશાહ

" હું હવે વાદીના આંગ ઉપરની મે વાંચેલા દસ્તાવેજમા દર્શાવેલી નિશાનીઓ નજરેનજર દેખાડી પુરવાર કરૂ છું કે મરહુમ બહાદુરશાહનો ગૂમ થયેલો વારસ એજ છે. મી૦ કાર્લસ્ટન બોલ્યા" અને મી૦ દાદીબાને પોતાની પાસે બોલાવ્યો.

" તમારી કંમર ઉપર એક લાલ મસો છે ? "


" હાજી. "

" તમારૂં શર્ટ ઉંચકી કોર્ટને તે બતાવો. "

" તુરત દાદીબાએ ડગલાના બટન કાઢી ખમીસ 'ઉંચકી મોટા ચણા જેવો એક લાલ મસો કમરની બરાબર અધવચમાં બતાવ્યો. નામદાર જડજને દૂરથી તે બરાબર ન જણાવાથી પોતાના ન્યાયાસનપર દાદીબાને બોલાવીને પોતાની ખાત્રી કીધી.

" હવે તમે ત્યાંજ ઉભા રહો, હું કહીશ ત્યારે નીચે ઉતરજો." મી૦ કાર્લસ્ટને દાદીબાને કહ્યું. અને કોર્ટ તરફ ફરીને વધાર્યું. " અગર પ્રતિવાદી આ નિશાનીઓ પાસેથી જોવા ઇચ્છતો હોય તો તેણે પોતાની મરજી મુજબ ખાત્રી કરી લેવી. "

ચિત્ર ૨૫ મું.



[બ્લૉક—૭૦ ન૦ ખરેખાટ

દાદીબાએ સાત તલનો તે સુંદર ઝુમખો જસ્ટીસ લીને હડખાયલે હૈડે બતાવ્યો તે જોઈ તે અપક્ષપાત ન્યાયાધીશને અચરતી બતાવ્યા વિના ચાલ્યું નહીં !

[સફે ૪૭૯.]

જેહાંગીર પોતાની જગ્યા ઉપરથી ઉઠયો નહિ. ખરૂં પૂછો તો તેને ઉઠવાની કશી અગત્ય ન હતી. કારણ કે દાદીબાની ગોરી ચામડી ઉપરનો તે લાલ મસો ખુલ્લે ખુલ્લો દિસતો હતો. નામદાર જડજે તેને પાસે બોલાવ્યો તે પોતાની પાકી ખાત્રી કરવા માટે હતુ.

" તમારા જમણા હાથપર એક લાછન છે ? "

" હાજી. "

" તે કેવા રંગની છે ? "

" ગુલાબી. "

" કેઇ જગ્યા પર ? "

" બરાબર પોહચા આગળ. "

" નામદાર જડજને બતાવો. "

દાદીબાએ તે લાછન જસટીસ લીને બતાવી.

આખી કોર્ટ અચરત બની રહી !

" તમારી જમણી છાતી ઉપર એક સરખા સાત તલ છેની ? "

" હાજી. "

" બતાવો. "

" દાદીબાએ સાત તલનો તે સુંદર ઝુમખો જસટીસ લીને હરખાયલે દિલે બતાવ્યો. તે જોઇ તે અપક્ષપાત ન્યાયાધિશને અચરતી બતાવ્યા વિના ચાલ્યુ નહિ !

" મી૦ રૂસ્તીમ બહાદુરશાહ, તમે નીચે આવો ! " જાણે આગલો દાદીબા હવે રૂસ્તીમ બહાદુરશાહ ઠરી ચૂકયો હોય તેમ મી૦ કાર્લસ્ટન જે હમણાં સુધી દાદીબા દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહ એવુ નામ વાપરતો હતો, તેણે દાદીબાને હવે તેના અસલ નામે બોલાવ્યો.

અત્રે મી૦ કાર્લસ્ટને જાહેર કીધુ કે વાદી પક્ષનો તમામ મુકદમો પૂરો થયો છે, અને હવે પ્રતિવાદીએ પોતાના સાક્ષીઓ રજુ કરવા.

મી૦ ગ્રીને જાહેર કર્યુ કે એક કાબેલ સરજ્યન શિવાય બીજા કોઇ શાક્ષીઓ પ્રતિવાદી ધરાવતો નથી. જસટીસ લીના હુકમથી તે સરજ્યનને બોલાવવામાં આવ્યો. તેણે દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહનાં આંગપરની નિશાનીઓ તપાસી મત આપ્યું કે " તે તમામ બનાવટી છે, અને લાછન એક રંગેલું લાછન છે ! "

આ વિચિત્ર અભિપ્રાય સાંભળી જસટીસ લીએ તપાસનું કામ થોડો વાર ખોટી કરી કલાર્ક આવ ધી કાઉન કને શહેરનાં ત્રણ નામીચા સરજ્યનોને ચીઠ્ઠી લખાવી તાબડતોબ બોલાવી મંગાવી દાદીબાનાં આંગની પરીક્ષા કરાવી.

આ પરીક્ષા પ્રતિવાદીના સરજ્યનથી ઉલટીજ નીવડી. તે ત્રણે કાબેલ તબીબો લંડનના M. D. હતા, જેઓએ એકમતે પ્રતિવાદીના તબીબ સાક્ષીની સાક્ષી ખોટી પાડી લેખીત મત આપ્યુ કે એ નિશાનીઓ બનાવટી નહિં પણ કુદરતી છે. "

અહીં મુકદમો પૂરો થયો. જસટીસ લીએ પોતાનું જડજમેંટ બીજા દિવસ ઉપર મુલત્વી રાખી કોર્ટ બરખાસ્ત કરી.

પ્રકરણ ૧૨૫ મું.

—x—

હક ઈનસાફ.

બીજે દીને હાઇકોર્ટમા તમાશગીરોની એવી ગજાવર ધીડ મચી, કે જેવી આગલા બે દિવસો ઉપર હતી નહિં. સહવારે ૭ વાગ્યાથી લોક તે તરફ જવા લાગ્યુ અને ૧૧ વાગે નામદાર જડજે ન્યાયસન ઉપર બેઠક લીધી તે વેળા તમાશગીરોનો ત્યાં એવો ધસારો થયો કે પોલીસનો બંદોબસ્ત પુરતો હોવા છતાં ઉલટમા આવેલા લોકોને કાબૂમા રાખવાને તે તમામ અશક્ત થઇ પડી!

શેઠાણી રતનબાઇને પણ પુષ્કળ માન મળ્યુ. જેહાગીર આજે તમામ ફિક્રો મારી ગયો હતો. તેના અંતઃકરણમાં કેવા ધભરાટ ચાલતા હતા તે તેના ચેહેરા ઉપરથી આબાદ વચાતુ હતુ.

બરાબર ૧૧ કલાકે નામદાર જડજ ન્યાયાસન ઉપર બિરાજ્યા. આ વખ્તે કોર્ટમાં ફેલાઇ રહેલી ગંભીર ચુપકીદી નોંધવા જોગ હતી. જસટીસલીએ બેઠક લેતાંજ પોતાનું અપક્ષપાત જડજમેટ નીચે મુજબ વાચી સભળાવ્યુ—

વારસા હિસ્સાને લગતા સંકડો મુકદમા આ ન્યાયસન ઉપરથી મે ચૂકવ્યા છે, પણ આ એક એવો વિલક્ષણ મુકદમો છે, કે જેવો મારી આખી કારકીર્દી દરમ્યાન મે કદી સાંભળ્યો નથી. આ મુકદમાના વાદીએ એવો દાવો કીધો છે કે તે સુરતવાળા મરહુમ અકાબર શેઠ અરદેસર બરજોરજી બહાદુરશાહની આગલી બાયડીને પેટનો હકદાર વારસ છે. અને તેની માના ધનબાઇ, જે નવસારીનાં એક ગરીબ પણ આબરૂદાર ગ્રહસ્થની દિકરી હતી, તેણી જોડે મરહુમ બહાદુરશાહે કરેલા લગ્ન ખરા અને કાયદાસર છે, માટે મરહુમની દોલત તથા મીલકત ઉપર તેનો બરાબર અરધો હિસ્સો પોંહોચે છે. વાદીના મજકૂર દાવા સામે પ્રતિવાદી જેહાંગીર બહાદુરશાહે એવો વાંધો લીધો છે કે તેણે રજુ કરેલા દસ્તાવેજો ઉભા કરેલા, બનાવટી અને ખોટા છે, તથા લગ્ન કાયદાસર થયલાં નથી વગેરે. આ એક મોટા ખાંચરેનો મુકદમો હોવાથી તેણે પુષ્કળ

ચર્ચા ફેલાવી છે. મેં આ મુકદમો પુરાં ધ્યાન અને ધીરજથી સાંભળ્યો છે. આ મુકદમામાં પ્રતિવાદીએ જે નબળો દેખાવ શરૂઆતથીજ આપ્યો છે તે ઉપર હું દોરવાયો નથી પણ આખો મુકદમો સાંભળી રહ્યા પછી વાદીની તરફેણમાં મારૂં મત ઇંચેઇંચ બાંધવામાં હું એક અપક્ષપાત ન્યાય આપુ છું એમ માનુ છું વાદીની વર્તણુંક વાદીના હક, અને વાદીની વલાણુ આ ન્યાય મેળવવા માટે તમામ નિર્દોષ છે એમ નોધતા મને ખાસ ખુશાલી ઉપજે છે. જ્યારે પ્રતિવાદીના આચાર, વિચાર, હેતુ અને વલાણુ વાદી તરફ તમામ દ્વેષિ, કપટ ભર્યા અને તેનો વાજબી હક ખુરાડનારા હતા એમ જણાવતા હુ પ્રતિ-વાદી માટે મારો ખુલ્લો તિરસ્કાર જાહેર કરૂ છુ. મરહુમ અરદેસર બહાદુર-શાહની આગલી બાયડીને પેટના એક પુરા હકદાર વડા વારસ તરીકે વાદીએ જે દાવો કર્યો છે, તે દાવો હુ જરાબી શક વગર માન્ય રાખું છુ. વાદીએ પોતાના હકને માટે રજુ કરેલા દસ્તાવેજ ખરેખર તેના ધારાના હિમાયતીના કહેવા મુજબ ' દીવાની જોત જેવા ' છે એ દસ્તાવેજોમા સૌથી કીમતી દસ્તા-વેજ ત્રણ છે. પેલો લબાણુ દસ્તાવેજ, જે તા ૨૨ મી ડીસેમબર ૧૮—રોજે સુરત મુકામે મરહુમ અરદેસર બહાદુરશાહે લખ્યો હતો, તેને હુ સર્વોત્તમ લેખ ગણુ છુ. આ લેખે આ મુકદમામા વાદીના ખરા હક ઉપર બહુ કીમતી અજવાળું પાડયુ છે. સ્વતત્ર સાક્ષીઓથી વાદી સિદ્ધ કરી શકયો છે કે એ લેખોના લખનાર તેના મરહુમ પિતા અરદેસર બહાદુરશાહ હતા. બીજો કીમતી દસ્તા-વેજ લગ્નની સરટીફીકેટ છે, જે કાયદાસર લગ્ન થવાનો અસલ દસ્તાવેજ છે, અને જેની ઉપર આશિરવાદ સારનારાઓની તથા થાળી પકડનારાઓની પોતાના હસ્તાક્ષરની ખુદ સહીઓ છે. વળી તે ચાર સ્વતત્ર સાક્ષીઓ પૈકી બે જીવત સાક્ષીઓની મુખ જુબાનીથી તે દસ્તાવેજને બેવડો પાકો કરવામા આવ્યો છે. વાદીનો ત્રીજો દસ્તાવેજ આ કોર્ટમા તેનાં હિમાયતીએ સૌથી છેલ્લો જે કીમતી લેખ રજુ કીધો હતો તે છે. હું તે દસ્તાવેજ માટે અહો બોલુ છુ કે જેમાં વાદીના આંગ ઉપરની અમૂક નિશાનીઓની નોંધ કરેલી છે. કમર ઉપ-રનો લાલ મસો, છાતી ઉપરના એકસરખા સાત તલનો ઝુમખો અને જમણા હાથનાં પોહચા ઉપરની ગુલાબી લાછન. એ સઘળુ વાદીનાં આગ પર સલા-મત છે. તેણે તે વિષે કોર્ટની તમામ ખાત્રી કીધી છે. આંગ પરની આ નિ-શાનીઓ વિષે પ્રતિવાદી તરફનો માત્ર એક પુરો સાક્ષી જે મત આપી ગયો છે, તે તમામ જુઠુ, કોર્ટને ભુલાવો ખવાડનારૂ અને બનાવટી છે. તેણે સોગદ ઉપર ખોટી પ્રતિજ્ઞા કરી છે, જેથી આ મુકદમો પુરો થતાજ તેની હુ સખ્ત રીતે ખબર લઇશ. વાદીના આંગપરની નિશાનીઓ વિષે કોર્ટે પોતાની ખાત્રી કરવા માટે વાદી કે પ્રતિવાદી જોડે કશો પણ સબંધ નહિ ધરાવતા તમામ સ્વતંત્ર એવા સરજ્યનોની સાક્ષીઓ લીધી છે, જે સાક્ષીઓએ કોર્ટને પોતાનુ

લેખીત મત આપ્યું છે કે વાદીના અંગ પરની નિશાનીઓ બનાવટી છેજ નહિ, પણ તમામ કુદરતી છે. આ છેલ્લો અભિપ્રાય હું માન સહિત સ્વિકારૂં છું. આ મુકદમાનાં વાદીનો મોટો આધાર તેનાં દસ્તાવેજો ઉપર હતો, જે દસ્તાવેજો બેશક બહુજ કીમતી છે અને મરહુમ અરદેશર બહાદુરશાહ કેવા બાહોશ અને દુરઅંદેશ ગ્રહસ્થ થઇ ગયા હશે, તેનો ખુલ્લો ખ્યાલ આપે છે. દસ્તાવેજો ઉપરાત વાદીએ આ મુકદમામાં ૮) સાક્ષીઓ રજુ કીધા છે. તે તમામને હુ વિશ્વાસુ અને ખરા સાક્ષીઓ સમજુ છું. આ મુકદમામાં વાદીનો સૌથી અગત્યનો સાક્ષી શેઠાણી રતનબાઇ છે, જેવણ પેલાજ બાહોશ અને દુરઅંદેશ મરહુમ ગૃહસ્થનાં વિધવા થાય છે, અને એક ખાનદાની, અનુભવી તથા કુળવાન બાનું છે. શેઠાણી રતનબાઇએ વાદીની તરફેણમા જુબાની આપી છે, જેના તેવણ હવેથી સાવકાં માતા ગણાશે, પણ અહીં જાણવું બહુ અગત્યનુ અને ઓચબો ઉપજાવનારૂ છે, કે એજ બાનુ પ્રતિવાદીના સગાં માય થાય છે' એક સગી માતા સગા દિકરાને પડતો મેળી સાવકા દિકરો તરફ દોરવાય, એ આ જમાનામા કદી નહિ બને એવુ છે, પણ સચ્ચાઇની બલિહારી ઓર છે. સચ્ચાઇ અને પોતાના ભરથાર તરફની અખંડ વફાદારી એક એવી ચીજ છે કે જે ખાકી માયાને કદી ગણકારતી નથી. પ્રતિવાદી જેહાંગીર બહાદુરશાહ પોતાનો સગો દિકરો છે, તે છતા શેઠાણી રતનબાઇએ તેની પક્ષ પકડી નથી એ શુ દેખાડે છે? એજ કે એક ખોટી દયાનતના દિકરા કરતાં પોતાના મરનાર ભરથારની ખરી દયાનતની છેલ્લી વશિયત તેવણને વધુ વ્હાલી હતી. એ વશિયત બજા લાવવાને તેવણ એટલા ખતી હતા કે વાદીના દાવાને ટેકો આપવાને અને પોતાના દિકરાના વિચારથી વિરૂદ્ધ જવાને તેવણ જરાબી અચકાયાં નહિ. એવી જાહેર હિંમત દેખાડનારી હિંમતવાન અબળાઓ જાહેર પ્રજાના જાહેર માનને બેશક પાત્ર છે એમ આ બુલંદ ન્યાયાસન ઉપરથી હુ બાપોકાર જાહેર કરૂ છુ. કોઈબી પારસી માતાએ આજસુધી નહિ લીધેલુ એવુ પગલુ—કોમમાં પ્રતિવાદી જેવા બેવચની અને બેવફા બેટાઓમા એક દાખલો બેસાડવા માટે—આ માનવત બાનુએ ભર્યુ છે. પ્રતિવાદીને તેનાં મરનાર પિતાએ મરતીવેળા પોતાના ગુમ થયલા વડા વારસની શોધ કરવાની તથા તે મળ્યા પછી પોતાની તમામ દોલતમાંથી બરાબર અરધો હિસ્સો આપવાની જે વશિયત કીધી હતી–જે ફરજ મુકી હતી–તેને તમામ નિમકહરામ અને ખોટો નીવડયો છે. તેણે વાદીનો દાવો શા માટે નહિ સ્વિકાર્યો—એકવાર મજુર કર્યા પછી શા માટે નહિ સ્વીકાર્યો–તે કોર્ટને અંજાણ્યું રહ્યું નથી. વાદીને જોવા આગમચ વાદીના દસ્તાવેજો પ્રતિવાદીને ગમ્યા હતા, એમ આ કોર્ટમાં સઘળા સાક્ષીઓએ ભાર મેલ્યો છે–ખુદ વાદીના

આગલા વકીલોની તે વિષે જુબાંની પડી છે, એટલું જ નહિં, પણ ખુદ પ્ર-તિવાદીની પોતાની સહીનો એક દસ્તાવેજ મારી સન્મુખ પુરવાર કરવામાં આવ્યો છે, કે જે દસ્તાવેજ આપ્યા પછી વાદીને જોતાંજ પ્રતિવાદીની મતિ એકદમ ફરી ગઇ. વાદીનાં વકીલો મેસર્સ રીચર્ડસન અને રૂસ્તીમની આ-ફીસમા ખાનગી રીતે વાદીના દસ્તાવેજોની તપાસણી કરતી વેળા પ્રતિવાદીએ કરેલા ઉપલી રીતનાં બે જુદા જુદા દેખાવ ઉપરથી આ અનુમાન બાંધવાને હુ બીલકુલ અચકાતો નથી કે પ્રતિવાદી વાદીનો દાવો સ્વિકારતો નથી. તેનું કારણ પ્રતિવાદીની બાયડી વિષે તેઓ વચ્ચે ફુંમા થયલો આગલો કડવાસ છે, જેને પાછળથી પ્રતિવાદીએ વાદીની કશી પણ તકસીર વગર એક કાતેલ અ-દેખાપામા ફેરવી નાખ્યો છે એક દિકરા તરીકે પ્રતિવાદી પોતાના મરનાર બા-પને કેવા નિમકહરામ નીવડયો છે તે અહીં જોવાનુ છે પોતાની એક આ-ગલી અંટાવમને લીધે મરનાર બાપની જીંદગીની એક મોટાંમાં મોટી ઉમેદ ધ-રાવનારી વશિયતને વટીક ઉંધી વાળાવા નીકળ્યો છે ! એક હકદારનો હક બુ-રાડવો એ એકજ પાપ એવુ મહાપાપ છે કે જેમા મરનાર પિતાની વશિયતને ઉંધીવાળી દેવાનુ બીજુ મોટુ પાપ ઉમેરાતા તે પાપનો કરનાર એક ઇન-સાન કરતા દેવેનામ દેવની ઉપમા લઇ શકે. તેવી ઉપમાં પ્રતિવાદીને પૂરેપૂરી છાજે છે. વાદીને આ મુકદમો પુરવાર કરતાં કશી મુશ્કેલી નડી નથી. એજ પેહલી દલીલ તેના લાભમા જાય છે. આ મુકદમાનુ તમામ મુળ પ્રતિવાદીની બાયડી છે, એમ હુ ખુલ્લુ જાહેર કરૂ છુ. વાદી પ્રથમ તેણીના પ્યારમાં પડયો હતો, અને વાદીને વરવાનુ તેણીએ વચન આપ્યુ હતું. આ બીનાં એવી સરસ રીતે પુરવાર થઇ છે કે જે ઉપર હુ સ્હેજબી સખુંન નાખી શકતો નથી. વાદી તરફથી આ પુરવારી મળ્યા પછી પ્રતિવાદી તે માટે ગમે એવો નાકબુલ જાય અને તે કામમાં તેની બાયડી તેને ચાહે એવો ટેકો આપે, પણ ઇનસા-ફની નજરમા ખરી વાત ખુલ્લી થયા વિના રહી નથી. વાદીનાં સઘળા સાક્ષી-ઓને મે ઉપર વિશ્વાસુ કહ્યા છે, પણ અહીં મારે એક બાબદનો શેરો મારવો છે કે પ્રતિવાદીની બાયડી, જેણી ખરેખર એક ખુબસુરત અને બહુ રૂપાળી સ્ત્રી છે, તેણીની અરધી જુબાનીનેજ હું સાચી ગણું છું. એ સાચી જુબાની વાદીનાં હાલના દાવા સંબધી છે. એ શિવાય વાદીના ધારાના હિમાયતીએ તેની આગલી–પાછલી તવારીખ વિષે તેણીને પેચમાં પકડતાં વાદી જોડેની પો-તાની આગલી પ્રીતિ વિષે, વચન વિષે, તથા આપેલી કબુલાત વિષે તેણી જે સાફ નામુકર ગઇ છે, તેને હું બોલેબોલ જુટું સમજુછું. તણી જે આગેવાન દરજ્જો ધરાવે છે, તે દરજ્જાને છેલા તબકકાની તેણીની વર્તણુંકથી પુષ્કળ ઝાંખ લા-ગેલી હું સમજું છું. વાદી તેણીનો મ્યુઝીક માસ્ટર હતો. તે તેણી નાંકબુલ ફ-

રતી નથી, પણ વાદી તેણીનો એક આશક હતો તે તેણી નાકબુલ જાય છે, જે એક શરમ ભરેલું ખોટારૂ છે. વાદી તરફની આ બેવફાઇ ખુલ્લું દેખાડી આપે છે કે તેણીના પિતાનું ગમે એવું તેણી ઉપર દબાણ હતું, તે છતાં, પ્રતિવાદીની મોટી દોલત અને જાહોજલાલ જીંદગી પર તેણી પોતેજ લોભાઈ હતી, અને તેમ થવાથી તેણે એક આગલા દોસ્તને બેવફા નીવડવાનો કલંક પોતાને માથે કાયમનો ખેંચી લીધો હતો. વાદીના બીજા સાક્ષીઓમાં દારાશાહ દાવર એક એવો સાક્ષી છે કે જેને ઠોકરાઇને ઠેકાણે આવેલા એક ઠોઠ નિશાળિયાની ઉપમા હું આપું છું. તપાસ દરમ્યાન એ સાક્ષીની આગલી વર્તણુક કોર્ટને બહુ વાંધા ભરેલી અને એક ગ્રહસ્થને ન છાજતી જણાઈ છે વાદીનાં બાહોશ બેરીસ્ટર મી૦ કાર્લસ્ટને પોતાની તારીફ લાયક કુનેહથી તેને એવા પેચદાર સવાલો પુછ્યા છે કે જે સવાલોના જવાબ આપતાં સાક્ષીએ પોતેજ પોતાને ઉઘાડો પાડ્યો છે! જો દૂર નજર ફેંકીએ તો આ મુકદમાનુ ખરૂ બીયુ રોપનાર એ ઘરડો ગ્રહસ્થ છે. વાદીના ચંચળ હિમાયતીએ કુનેહબાજ સવાલોથી તેની કને કબુલ કરાવ્યું છે કે પ્રથમ તેની બેટીને તે વાદી જોડે પરણાવવા ઇચ્છતો હતો, પણ પ્રતિવાદી જોડે પાછળથી પિછાણ થયા પછી, તેના તે વિચારો (પ્રતિવાદીની મોટી દોલત અને જાહોજલાલી જોઇને) ફેરવાઈ ગયા હતા. દારાશાહ દાવરની આ સાક્ષી ખુલ્લું પુરવાર કરે છે કે જહાંગીર બહાદુરશાહને વાદી તરફ કેહેર રાખવાનું કારણ શું હતું પણ એ કેહેર ખરી રીતે તો વાદીએ રાખવો જોઇતો હતો. પ્રતિવાદીની નહિ પણ વાદીની આશા ભંગ થયલી હોવાથી પ્રતિવાદીએ વાદી ઉપર નહિ પણ વાદીએ પ્રતિવાદી તરફ કપટ અને શત્રુભાવ બતાવવાનો હતો. વાદીના હાથમાંથી એક સુંદર વસ્તુ પ્રતિવાદી ખુચવી ગયલો હોવાથી વાદી તેની તરફ દ્વેષભાવ રાખત તો તે દ્વેષ કુદરતી કહેવાત. પણ આ સઘળા ઉપરથી હું આ સાર કાઢું છું કે વાદીના હાથમાંથી એક મોહક પખેરૂ છુટી જવા છતાં પ્રતિવાદી તેને પોતાની અને પોતાની બાયડીની નજર આગળથી સદાનો દૂર થયલો જોવા ઇચ્છતો હતો, કે જેમ ઇચ્છવાનો તેને કશો હક ન હતો પ્રતિવાદી જેહાંગીર બહાદુરશાહે આ કોર્ટમાં જે ટુક જબાની આપી છે તે હું બોલે બોલ જુઠ્ઠી, જોડી કાઢેલી તથા બનાવટી માનું છું. તેની જબાની ઉપરથી તે ગમે એવો માતબર અને મોભાવાળો છતાં એક જુઠ્ઠો, કપટખોરો અને અદેખો પુરવાર થયો છે. અદેખાઇની આગમાં તેણે પોતાના પવિત્ર ધર્મ પુસ્તક 'અવસ્તા' ને હાથમાં લઇને ખોટા કસમ ખાધા છે. પ્રતિવાદીની ચાલને હું સખ્તમાં સખ્ત શબ્દોથી વખોડી કાઢું તોપણ તેટલું તેને માટે પુરતું ગણાય નહિ. જેમ મિસિસ બહાદુરશાહે (પરીને) પોતાની આગલી ઢીલચાલો પર ખોટું બોલીને પડદો ઢાંકવાની નબળી કોશેષ

કીધી તેમ, તેવીજ નબળી અને નિર્જીવ કોશેષ કરવાનાં પ્રતિવાદીએથી ફાંફાં માર્યાં છે, પણ એ ફાંફાં અંતે 'ફાંફાં'માંજ ઠર્યાં છે. સૂર્યની સામે ધૂળ ફેકનાર સૂર્યને નહિ પણ પોતાનેજ છાંટી ભરે છે, તે હાલત પ્રતિવાદીની થઇ છે. જ્યારે તેની બાયડી એક કુમારિકા હતી ત્યારે વાદી તેણીની એક ચોક્કસ શાલગીરેહને દીને પ્રતિવાદીના જોવામાં પેહેલવેહેલો આવ્યો હતો. હવે આ બીનાં શેઠાણી રતનબાઇની, દારાશાહ દાવરની, આઇમાયની અને છેવટે પ્રતિવાદીની બાયડીની મુખ જબાનીઓથી શિદ્ધ થવા છતા પ્રતિવાદી પોતાની સાક્ષી દરમ્યાન તે બીના નામુકર ગયો છે એ શુ દેખાડે છે ? એજ કે પ્રતિવાદી વાદીને પોતાની બાયડીના સબધની કોઇબી બાબદમાં સમાયલો સાખી શકતો નથી તે તેણા માટે પુષ્કળ અધારો પડે છે અને પોતે કાયદાસર લગ્નથી તેણીને પોતાની પરણેતર બનાવવામા કતહમંદ ઉતરેલો છે, તે છતા, જાણે તેની બાયડીને વાદી ઝટવી લઈ જનાર હોય તેવો દેખાવ તેણે આપ્યો છે! શેઠાણી રતનબાઈ પછી સાફ અંતકરણથી સાક્ષી આપવાની બાબદમાં બીજે નબરે કોઈ સાક્ષી આપી શકે, તો તે મિસ બહાદુરશાહ (આઇમાય) છે. મિસ આઇમાય બહાદુરશાહની જબાની કેટલી નિષ્કલક છે તે આટલાં ઉપરથી જોવાનું છે કે તેણીએ પોતે પોતાના મોહાડે પોતાની એક ગભીર ભૂલનો ખુલ્લા દિલથી એકરાર કર્યો છે. મુકદમાના ગાભામા ઉતરતા આજે આપણી નજરે કુદરતનાં કાયદાઓને અનુસરીને તેણીનુ તે પગલુ "ગભીર ભૂલ" વાળું દેખાય છે, પણ આપણને જે તપાસવાનુ છે તે એ છે કે વાદી તરફની તેણીની તે પ્રસન્નતા કેવા સમયને આભારી હતી. મિસ આઇમાયની તે ઉમેદવારી વેળા તેણીને સ્વપણેબી ખ્યાલ ન હતો કે તેણી જેને ચાહવા શીખી છે તે જવાન તેનો સાવકો ભાઈ–બીજા બોલોમાં તેના મરનાર પિતાની આગળી બાયડીને પેટનો ગુમ થયલો હકદાર વારસ છે. તેણીનો આ એકરાર સાભળ્યા પછી એક મૂર્ખ માણુસ પણ તેની નિર્દોષી કબૂલ રાખે એમ છે. "માણુસ જાત તો ભૂલથી ભરેલુ છે, પણ કુદરત પોતામાં અકુદરતીપણાનો અશ ભેળાવા કેમ દેશે ?" આ અસરકારક શબ્દો બોલીને તેણીએ તેની વિરૂદ્ધ બોલનારાઓને બેશક એકદમ મૂગા કરી દીધા છે. પણ મિસ બહાદુરશાહની વાદી તરફની અજાણપણે થયલી ઉમેદવારીએ જેટલી તેની કીર્તિને કલંકિત કરી નથી, તેટલી ખુદ પ્રતિવાદીની કીર્તિને ઝાંખ લગાડી છે. શેઠાણી રતનબાઈ તથા બીજા સાક્ષીઓની જબાનીથી પુરવાર થયુ છે કે પોતાની બેહેનને વાદી જોડે પરણાવી આપવાની અસાધારણ ઉલટ પ્રતિવાદીએ દેખાડી હતી. અને વાદી કને, તેટલા માટે, માંગણી કરવા જનાર પણ પ્રાતવાદી પોતે હતો ! આ પુરવાર થયલી બીનાં ઉપરથી ખુલ્લું સમજાય છે કે વાદીનુ પોતાની બેહેન જોડે ચોકઠુ બેશાડી આ-

પવામાં પ્રતિવાદીની નેમ પરીનબાનું તરફનો પોતાનો માર્ગ તમામ મોકળો કરવાની હતી. જો વાદી મિસ બહાદુરશાહને નહિ પરણે તો પ્રતિવાદીના માર્ગમાં 'કવાબમાં હાડકાં' જેવો થઇ પડે અને તેથી તેણે ઉપલી બાજી રચી હતી— અલબતાં, વાદી કોણ હતો અને તેની બેહેન જોડે તેને શી સગાઇનુ નાતું હતું તે બાબે તે વખ્તે તે બીજાંઓ હતાં તેમ, તમામ અંજાણો હતો. સાક્ષીઓ વિશેની મારી નુકતેચીની પૂરી કરી હવે વાદીના દસ્તાવેજો ઉપર હું આવું છુ. પોતાનો દાવો સાબેત કરવા માટે વાદીને દસ્તાવેજો ઉપરાંત જે કીમતી દાગીનાઓએ મદદ કરી છે તેમાં સૌથી કીમતી દાગીનો મરહુમ બહાદુરશાહનુ રૂપાનુ સીલ છે આ સીલ વિષે શેઠાણી રતનબાઇએ પોતાની સાક્ષી દરમ્યાન જે અજવાળું પાડયુ છે તે મે અચરતી સાથ સાભળ્યુ છે સીલ જોકે વાદીએ રજુ કર્યુંછે, પણ તેમાં એક સીલ ગુપ્ત સીલ હતુ, તેની શોધ પ્રતિવાદીની માતાએ કરી છે ! આ બનાવ વાર્તામાં આવતા એક સુદર વળા જેવો છે. વાદીને પણ ખબર ન હતું કે એ સીલમાં એક બીજુ સીલ છે. દાગીના ઉપરથી મળેલો એક બીજો પુરાવો મોતાની એક બહુ કીમતી માળાએ આપ્યો છે, જેની જોડીની માળા શેઠાણી રતનબાઇએ પોતાની સાક્ષી દરમ્યાન રજુ કરી તેની સચ્ચાઇ ને એવડી શિદ્ધ કીધી છે. માળાના મોતી, માળાની દોરી, માળાનુ સેરવણુ, માળાના ફૂમટા, તે ફૂમટામા વપરાયલા કસબી તાર, તથા તાર ઉપર થયલુ વણતકામ વગેરે વગેરે બારીકમા બારીક ચીજોએ પુરવાર કીધુ છે કે જે માળા વાદી ધરાવે છે તેજ માળા શેઠાણીની માળા જોડેના જોડા હતો. રૂપાંનુ સીલ શેઠાણીએ આપેલો દાગીનો છે, પણ મોતીના માળા તો એક સ્વતત્ર દાગીનો છે, જે દસ્તાવેજવાળી ઇસ્કોત્રીના એક ચોર વકોગમાથી મળી આવેલા સીધેસીધો પુરાવો છે. એવોજ ત્રીજો પુરાવો વાદીને પોતાનો દાવો લડવો પડે તો તે વેળા ખર્ચને માટે મરહુમ બહાદુરશાહે એક બીજા ચોરખાનામાં મૂકેલી દર હજાર હજારની દકરસી નોટો છે. આ દશ નોટો મેં બહુ બારીકીથી તપાસી છે. તે નોટ મુબઈની ટકશાળમાં છપાયલી છે અને તેની ઉપર છપાવાની જે તારીખ નોંધેલી છે, તે સાલ બરાબર મરહુમ બહાદુરશાહની જીદગીનાં વચલા ગાળામાં આવે છે. વળી મજકુર દશ નોટો બાહેલી એક નોટની પાછળ મરહુમ અરદેસર બહાદુરશાહના આકળા સ્વભાવના પિતા શેઠ "બરજોરજી બહમનજી બાહાદુરશાહ"ની ખુલ્લે ખુલ્લી સહી છે, જે દેખાડી આપે છે કે મરહુમ અરદેસરને તે નોટ તેમનાં પિતા તરફથી મળેલી હોવી જોઇએ. એ રીતે, સાક્ષીઓથીજ નહિં, દસ્તાવેજોથીજ નહિ, પણ સત્તાદાર દાગીનાઓથીબી વાદી પોતાની લડત પુરવાર કરવામાં ઇચેઇંચ ફતેહ પામ્યો છે. વારસા હિસ્સાને લગતા મેં પુષ્કળ મુકદમાઓ સાંભળ્યા છે, પણ એવો એકબી તેમાં મેં જોયો

નથી કે જેમાં વાદી–પક્ષ એટલી બધી હદસુધી નિર્મળ અને સ્પષ્ટ હોય. પ્રતિવાદીએ વાદીનો દાવો એકવાર સ્વિકાર્યા છતાં પાછળથી જે કોર મરડી છે, તેના તળિયામાં અદેખાઇની આગ સિવાય બીજુ કાંઈ નથી. વાદીનો અસ્વિકાર કરવામાં પ્રતિવાદીએ વાદીને ઓરબી લાભ કીધો છે, કે જેથી જાહેર રીતે પોતાનો બાપીકો હકદાર હક પુરવાર કરવાની તેને એક સુદર તક મળી છે હુ અત્રેથી જાહેર કરૂંછું કે વાદી મી૦ દાદીબા તેજ સુરતવાળા મરહુમ અકાબર અરદેસર બહાદુરશાહનો ગૂમ થયલો વડો વારસ રૂસ્તીમ બહાદુરશાહ છે, અને તેથી પ્રતિવાદી જેહાંગીર અરદેસર બહાદુરશાહ, જે એક બોલેબોલ જુઠ્ઠો અને પોતાના મરહુમ મુરબ્બીને નીમકહરામ નીવડેલો બેવફા બેટો છે, તે હુ હુકમ કરૂં છુ કે મરનાર બહાદુરશાહના તમામ મીલકત તથા દોલતમાંથી બરાબર અરધો હિસ્સો તેણે વાદી દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાને આપવો. આ કામને માટે હું તેને પદર દિવસની મેહેતલ આપુ છુ અને આ મુકદમાનો તમામ ખર્ચ એકલા પ્રતિવાદીને માથે નાખું છુ.”

અહીં જમટોસ લીએ પોતાનું જડજમેટ પુરૂ કીધુ, જેમ થતાંજ હાજર રહેલા તમાશગીરોએ દાદીબા ઉર્ફે રૂસ્તીમ બહાદુરશાહને તાલીઓના ગગનવર અવાજોથી વધાવી લીધો.

જેહાંગીરને કોર્ટમાથી બાહેર નીકળતા પુષ્કળ અપમાન ખમવુ પડયુ. તમાશગીરો તરેહવાર વાક્યો બોલી તેને તાણા મારતા હતા, જે સાંભળી તેનુ મોહોત થઈ ગયુ પોલીસની મદદ લઇ તે મુશ્કેલીથી પોતાનો રસ્તો કાઢી શકયો. એથી ઉલટુજ, દાદીબા ઉર્ફે રૂસ્તામ બહાદુરશાહ તરફ લોકો એટલા ફીદા થઇ ગયા કે એક મોટા સરઘસના આકારમાં સઘળાઓ તેની પૂઠે જઇ, તેના હોટલ સૂધી, પુષ્કળ માન સહિત પહોંચાડી આવ્યા.

પ્રકરણ ૧૨૬ મું.

—x—x—

શું દારૂ દુઃખની દવા છે?

બીજે દીને વર્તમાન પત્રોએ આ બાબદના લબાણ હેવાલ છાપ્યા, અને મોટે ખાંચરેનો આ મુકદમો હોવાથી એકેક આર્ટીકલ એવી રસદાર લખી કે તે દિવસનાં તમામ પત્રો બહાદુરશાહવાળાઓને લગતી બાબદોથીજ ભરપુર પ્રકટ થયાં. સઘળા છાપાવાળાઓ એકમતે જેહાંગીર ઉપર ઉતરી પડયા અને મરહુમ અરદેસર બહાદુરશાહના ગુમ થયલા વડા વારસનો હક ખોટી હસદથી

દાબી નાખવાની તેણે કોશેષ કીધી તે વિષે તેનાં પુષ્કળ છાલ–છોડાં કાઢી નાખ્યાં. જાહેર રીતે જેહાંગીરની થયલી આ હસાથી તેને ઘણું દુખ ઉપજ્યુ, એજ નહિ; પણુ જેને તે પોતાનો હાડવેરી ગણુતો હતો તેને હવે બરાબર અરધો હિસ્સો આપવો પડશે તે ખ્યાલે તેના આખા આંગમાં અંગાર ફેલાવેલી હોવાથી કોર્ટનાં ચુકાદા પછી, તેની હાલત એક ખરેખરા દિવાના માણુસને જેવીજ થઇ પડી તે કમબખ્ત જવાનની અદેખાઇના અંકુરો હજી નાશ પાંમ્યા નહિં હતા. "એ નાપાક મારી પાસથી હિસ્સો લઇ મારી નજરબાર સાહેબે શોખ ફરસે–હરસે તથા મંડળીઓમા ભેળાશે તે હું કેમ જોઇ શકીશ?" આ ખ્યાલ તે હૈયાંના બળેલાને વધૂ ને વધૂ બાળતો હતો. ઇંનસાફની દરબારથી તે જે જાહેર નામોશી લઇને ઘરે આવ્યો તે નામોશી તેને એવી કાતેલ થઈ પડી કે કાસ્ટલમાથી બાહેર નીકળી કોઇને નાક દેખાડવાની તેને હિંમત રહી નહિ. જ્યારે તેને દિલાશાનો કસો માર્ગ રહ્યો નહિ. ત્યારે પોતાંના ગમ ભૂલાવવા માટે તેણે પુષ્કળ દારૂ પીવા માંડયો.

પ્રકરણુ ૧૨૭ મું.

"પડતી પર પચાસ."

શેઠાણીની આગાહી અંતે ખરી પડી. તેવણે જેહાંગીરને ચેતવણી આપી હતી કે "હવે તારો વિનાશ કાળ બેશી ચુકો છે, માટે એક પછી એક તારી પડતીજ આવશે." આ શબ્દો આખરે ખરા ઠર્યા વિના રહ્યા નહિ કજીયો હાર્યાની આગ હજી તો તેનાં દિલમા પજરતી હતા, તેટલાં એક બીજો બનાવ બન્યો, જેણે તેને પુરો શોકાકુલ બનાવ્યો. પેરીસથી આવેલી પેલી જે ખુબસુરત ફ્રેન્ચ ફ્લકઅુરની મોહિનીમા તે ફશી પડયો હતો, તેણીએ દાદીબા સાથની તેની ખટપટનો લાભ લઈ પોતાને વતન અગિયારા ગણ્યા! તેણી ગઈ તો ગઇ પણ કંઇ હજારો રૂપિયાનુ ઝવેરાત તથા રોકડ સાથે લેતી ગઇ આ સમાચાર જેહાગીરે તેણી સ્ટીમર ઉપડી જવા પછી જાણ્યા, તેથી તે તમામ લાચાર થઇ પડયો. "ગળે ગાંઠ ને મહોડે ડુચો" મારો ગુપચુપ બેસી રહેવા વિના બીજો રસ્તો તેણે કશો જોયો નહિં હજી તો દાદીબાનો હક ડુબાડવાનો જાહેર નામોશીને એક અઠવાડિયુ થયુ નહિ, તેટલાં આ નવી પડતી અચાનક નીકળી આવવાથી તે તમામ હરણુફાળ થઇ ગયો!

પ્રકરણ ૧૨૮ મું.

જાંહાંગીરનો આપઘાત.

તે ફ્રેન્ચ ફલકસુરે વજ્ને માપવાની વાત શેઠાણીને ખબર પડી ત્યારે તેવણ ઘણાં ખુશી થયાં. હજારો રૂપિયાનુ ઝવેરાત તેણી ઉચાપટ કરી ગઈ તેને માટે તેવણ બોલ્યાં કે "એ તો એ કમબખત દુકતાને એના પાપની કુદરતી સજા થઈછિ."

પણ કમનસીબ જેહાંગીરને માટે હજીઃબીજી 'કુદરતી સજા' તો આગળ આવની હતી. રૂસ્તીમ બહાદુરશાહને તેનાં ધારાના હિમાયતીઓએ સલાહ આપી કે જેહાંગીર પાસથી બાપીકો અરધો હિસ્સો મેળવવાની તમે ખાનગી રીતે આશા રાખશો તો તેમાં તમોને તે છક્કડ ખવાડશે, માટે, મરહુમ અરદેસર બહાદુરશાહના તમામ ચોપડાઓ તથા દસ્તાવેજો કોર્ટે પોતાના તાબામા લઈ હિશાબ માંગત્રો એવી હાઈકોર્ટને અરજ કરવી રૂસ્તીમ બહાદુરશાહ ને આ સલાહ પસદ આવ્યાથી કજીયો જીત્યાની બહારવણે તેણે આ અરજ નોધાવી હાઇકોર્ટે તે અરજ મન્જુર કીધી અને તે વિષે જેહાંગીરને "નોટીસ" આપી. આ નોટીસ મળતાજ તે હરડતો જુગારી હિંમત હારી ગયો.

જેહાંગીર એમ સમજતો હતો કે બહાદુરશાહની જેટલી દોલત દાદીબાને તે દેખાડશે તેટલી તે મન્જુર રાખશે. પણ તે વક્તથી ઉલટો જ્યને દાદાબાએ પાકો ઉપાય કામે લગાડી હાઇકોર્ટ મારફતે સઘળો હિસાબ રજુ કરવાની માગણી કીધાથી તેના બાણ બેસી ગયા. વાચનારને યાદ હશે કે દાદીબાએ હાઈકોર્ટમા દાવો માડયો તેની આગમચ એક હરડતા જુગારી તરીકે જેહાગીર લાખ ઉપર રૂપિયા હારી ગયો હતો, જે ચોરી શેઠાણી તથા પરીને પકડી કાઢી હતી. તેણે શેઠાણી રતનબાઇને કબુલાત આપી હતી કે "હવે પછી હુ જુગારનું નામ કદી લઇશ નહિ," પણ એ કબુલાત તે બોલ્યો તેટલીજ ઘડીની હતી. ફરીથી તે ખાનાખરાબીના ધામમાં જેહાગીર ફસ્યો હતો અને દાદીબાએ દાવો માંડયા પછી દોઢ મહીને તેનો મુકદમો નીકલ્યો તેટલા અરસામાં જેહાંગીર બીજા ચાલીસ હજાર રૂપિયા જુગારમા હારી ગયો હતો! એ રીતે તેણે જુગારમાં એકદર દોઢથી બે લાખ રૂપિયાની પાદશાહી દોલત ઉડાવી દીધી હતી! આ ઉડાઉપણુ તે એકલો હતો ત્યાં સુધી તો ચાલી ગયુ, પણ દાદીબાને અરધો અરધ હિસ્સો આપવાનો વખત આવ્યો ત્યારે નહિ ચાલ્યું. તેના વડા ભાઈ રૂસ્તીમ બહાદુરશાહે હાઇકોર્ટ મારફતે હિશાબ લેવાની જ્યારે તેને નોટીસ પુગાડી, ત્યારે તે ઘભરાઇ ગયો. ફરી એકવાર અધુરી નામોશીમાં

પુરો વધારો થવાનો વખત આવેલો જોઇ તેણે તમામ હિંમત છોડી દીધી. મરનાર બહાદુરશાની ૨ ક્રોડની દોલતમાંથી દોઢ–બે લાખ રૂપિયા જુગારમાં ગુમાવ્યાથી તથા હજારો રૂપિયા પેલી ફ્રેંચ ફલકસુર પેહેરાવી ગયાથી નઝદીક ત્રણ–ચાર લાખ રૂપિયાનો ખજાનામાં જે ખાડો પડયો તે ક્યાંથી પુરી આપવા એ તેને માટે એક મુશ્કેલ સવાલ થઇ પડયો. હવેજ તેનાં ડોળાનાં પદર ઉઘડયાં—હવેજ તેને શેઠાણીએ આપેલી શિખામણની ખરી સચ્ચાઇ જણાવા લાગી–પણ હવે આ પસ્તાવા બહુ મોડો હતો. તેણે ચોમેરથી પોતાને સકડાસમાં જોયો. તેણે હવે પોતાની હૈયાતીને એક ખ્યાનત ભરેલી જીંદગીમાં જોઇ. ઉપરા સાપરી આવી પડેલી આ આફતોએ તેના મગજની સ્થિતિને ફેરવી નાખી અને આખરે પરિણામ એ આવ્યુ કે એક સહવારે "જેહાંગીર કાસ્ટલ" ના એક ખુણામાંથી તેની મુવેલી લાસ મળી આવી. તેણે અફીમનો અર્ક પી આપઘાત કીધો હતો!

જેહાંગીર કાસ્ટલમા એક મોટી માહેતમ વરસી રહી.

આ દુખદાયક બનાવથી સૌ કરતા પરીનની સ્થિતિ ઘણી દયાજનક થઈ પડી!

* * * * *

જેહાંગીરની લાસને ઠેકાણે પાડયા પછી આઇમાયે શેઠાણીના હાથમા નીચલુ કાગળ મુક્યુ, જે જેહાંગીરનાં બિછાના ઉપરથી મળી આવ્યુ હતુ—

મારાં વ્હાલાં માતાજી રતનબાઈ,

આખરે તમો મુરબીજીની આગાહી ખરી પડી છે હુ મારી કીધા કરણીનાં ફળ જીવતી જીંદગીએ જોઇ બાકીની સજા ભોગવવાને તે બારે હકતાલાની હજુરમા જાઉ છું માયજી મને માફ કરજો. મારી પરીનને સંભાળજો. મારાં મરણનુ કારણ તમોને કોઇબી પુછેતો ખુલ્લે ખુલ્લુ કહેજો કે એક મુવા બાપની મરતી વખતની છેલ્લી વશિયત જે બેટો સાચી વફાદારીથી નહિ બજાવે તેનો અંત એવોજ હોય–એક હરડતી જુગારી જીંદગી એવાજ ફેજે પુગે–એક પાપી ખસલત આખરે એવોજ લતીજો પામે. અફસોસ! માયજી, મારાં પાપે મને ફરતી મેરથી સીકડયો છે. દાદીબાને કોઇ દોષ દેતું ના. હુ તેની માફી ચાહુ છું. અફીણનો અર્ક પી હુ મારી દુઃખી જીંદગીનો છેડો લાઉં છું. છેલ્લી સલામ!

વ્હાલા માતાજી,

હું તમારો કમનસીબ બેટો, **જેહાંગીર.**

પ્રકરણ ૧૨૯ મું.

—×—×—

શેઠાણીનો સોક.

જેહાંગીરનાં આ દુઃખદાયક અંતથી દાદીબાને પુષ્કળ દુઃખ ઉપજ્યું. તેને જેહાંગીર તરફ ક્રોધ હતો ખરો, પણ તે ક્રોધ તેની જીંદગીની આવેલી એવી કમનસીબ આખેરીથી પીઘળી નહિ જાય એવો ન હતો. જેહાંગીરના મરણથી શેઠાણી રતનબાઇને પણ ઓછો ફટકો લાગ્યો નહિં. એજ સ્થિતિ પરીનની થઇ. કમનસીબ પરીન! દાદીબાને તરછોડી જેહાંગીરની ઉમેદ પર તેણે પોતાની જીંદગીને લટકતી કીધી હતી, તે જેહાંગીર હવે તેને સદાનો છોડી ગયો એ તેને માટે ન્હાનું સુનું દુઃખ ન હતું. આઇમાય પણ પોતાના ભાઇની જીંદગીનો એવો અકાળ અંત આવેલો જોઇ એક બેહેન તરીકે થોડી દુઃખી થઈ નહીં શેઠાણી રતનબાઇને તો વતવતો રહી ગયો કે "અરે! હું શું જાણું કે એ પહાડ જેવો દિકરો પોતાની માના જીવપર કરશે? મે તો હમણાંજ એની વિરૂધ જવાની આપી! હું સચ્ચાઇપર દોરવાઈ તો ખરી, પણ હું માય હતી કે ખાટકણ!"

પ્રકરણ ૧૩૦ મું.

——◆——

પરીન પસ્તાય છે.

વ્હાલા વાચનાર! જેહાંગીરનાં મરણ પછી આપણે એક લાંબો ગાળો પસાર કરીશું. તે જવાન બહાદુરશાહના મરણને બે વર્ષ થઇ ગયાં છે. આ બે વર્ષના અરસામાં દાદીબા ઉરફે રૂસ્તીમ બાહાદુરશાહ ખાનદાનની તમામ દોલતનો એકલો માલેક થયો છે. જેહાંગીર હૈયાત હતો ત્યા સુધી દાદીબાને, મરહુમ અરદેસર બહાદુરશાહની મીલકતમાંથી અરધો ફાળો મળનાર હતો, પણ જેહાંગીરના આપઘાતે તેને આખા ફાળાનો ધણી બનાવ્યો. પરીનને પેટે જેહાંગીરને એક પણ સંતાન થયલુ નહિ હોવાથી જેહાંગીરના હિસ્સા પર પરીનનો કશો હક પહોંચતો ન હતો વળી જેહાંગીર વગર વશિયતે મરણ પામેલો હોવાથી પરીનનુ ભવિષ્ય તમામ દાદીબાની દયાપર લટકેલુ હતું. દાદીબા ચાહત તો તેણીને સદાની રવડાવત, પણ હજી તે ભલા જવાને પોતાની ભલાઇને તજી નહિં. જેહાંગીરની ધણીઆણી તરીકે તેણે તેણીને ૫૦ લાખ રૂપિયાનો ફાળો ખુશીથી આપ્યો અને એકદમ "જેહાંગીર કાસ્સલ" છોડી જવા ફરમાવ્યું.

પરીન પોતાના મરનાર ધણીનો મેહેલ કાંઇક આણાકાણી સાથે છોડી ગઇ, પણ જતા જતાં દાદીબાની એક મુલાકાત માંગી, જે તેણે સદનતર નાં પાડી. દાદીબા તેને એવો પાદશાહી ફાળો ઉદાર દિલથી આપશે એમ તેણીને વકી ન હતી, જે વકી, ખોટી પડેલી જોઇ, તે એવફા બાયડીને પોતાની આગલી ચાલ માટે હદબહાર પસ્તાવો થયો. "જો હું જેહાંગીરપર લોભાઇ નહિં હતે અને દાદીબાને વફાદાર રહી હતે તો ઉમરાવી અંતકરણના એવા હાતમ દિલ ધણીના રાજમાં આજે હું સુખી થતે!" આમ તેણી પસ્તાઇ, પણ આ પસ્તાવો અતિ અસૂરો હતો.

પ્રકરણ ૧૩૧ મું.

—x—x—

કુમારી રહેવાના કસમ

જ્યા સુધી પરીન "જેહાંગીર કાસ્ટલ" હતી ત્યા સુધી દાદીબાએ ત્યા પગ મેલ્યો નહિ. જ્યારે તેણી તેનાં પિતા દારાશાહ દાવરના આસરામા ગઈ, ત્યારેજ દાદીબા પોતાના બાપીકા મેહેલમાં આવ્યો, કે જેનો હવે તે એકલો માલેક થયો હતો. શેઠાણી રતનબાઇ ૧ વર્ષ સુધી જેહાગીરનો શોક રાખ્યા પછી, સરજતનાં લેખને શરણ થયા અને દાદીબાનેજ હવે તેઓ જેહાગીરની જગ્યાપર સમજવા લાગ્યાં. જેહાંગીરની વરસી વિત્યા પછી દાદીબાએ શેઠાણીની રજાથી પોતાના મકાનનુ નામ 'જેહાગીર કાસ્ટલ" ફેરવીને પોતાના ખાનદાનનાં નામ ઉપરથી "બહાદૂર કાસ્ટલ" રાખ્યું. એ પછી તેણે આઇમાયને પરણાવાની ખાહેશ રજુ કીધી, પણ તેણીએ ખુલ્લે ખુલ્લું જાહેર કીધુ કે "મે જન્મ સુધી કુમારી રહેવાનો કસમ ખાઇને ઠરાવ કીધો છે, માટે, આ બાબદ વિષે મને કોઇએ કાંઇ કહેવું નહિ." શેઠાણી રતનબાઇ આ ઠરાવની સામે થયાં, પણ આઇએ પોતાના વિચારો મક્કમપણે બાંધેલા હોવાથી તેમાં કશો ફેરફાર થયો નહિ. અંતે શેઠાણી તથા દાદીબાએ તે બીનાં પડતી નાખી.

પ્રકરણ ૧૩૨ મું.

—x—

વાર્તાની સમાપ્તિ—પરીન દાદીબા સાથ પરણવા માંગે છે!

પરીનનુ જવાન વયમાં વિધવા થવું દારાશાહ દાવર તથા તેવણનાં ધણીઆણી મેહેરબાઇને માટે એક આફત જેવું હતું. દાવરશેઠ પોતાની દિકરીને મોટે ખાંચરે પરણાવીને "સુખી કીધેલી" સમજતા હતા, પણ આખરે પરિ-

ણામે તેઓએ તેને સુખી નહિ પણ "દુખી કીધેલી" જોઇ જો દાદીબા જોડે પરીન પરણી હતે તો આજે જેહાંગીર કરતાં વધૂ જાહોજલાલી ભોગવતે. એજ ખુબસુરત જમાઇ તેણીના સંસારને સુખી કરત એમ તેવણને લાગ્યું, પણ આ અક્કલ કમનસીબે આગળથી સુજવાને બદલે પાછળથી સુજી. પરીનનું હેરાન જોઇ તે દુઃખી માબાપને દરદહાડે વધૂને વધૂ બળાપો થવા લાગ્યો. દાવરશેઠને પોતાને પૈસાની કમી નહિ હતી, તેમજ પરીનને દાદીબાએ આપેલો ૫૦ લાખનો ફાળો ન્હાનો નહિં હતો, પણ પૈસાનુ તકલીદી સુખ સંસારનાં ખરાં સુખ વગર મિઠાસ વિનાના મધ જેવુ હતુ અને દાવરશેઠ પોતાના ધણીઆણી જોડે આ ઠરાવ પર આવ્યા કે આગલુ પાછલુ ભુલી જઇ દાદીબાની માંફી ચાહવી અને પરીનને એજ દાદીબા જોડે પરણાવી આપી ફરી એકવાર "બહાદુર કાસ્ટલ" ની શેઠાણી બનાવવી. તેવણે કેટલાક વગવાળા ગૃહસ્થોને વચ્ચે નાખી આ માગણી લઇ શેઠાણી પાસે મોકલ્યા શેઠાણી આ કોશેષથી રાજી થયા—આઇબી ખુશી થઇ. પણ દાદીબા અહીંથી કદીને ત્યાં પડયો! તેણે શેઠાણીને કહ્યુ કે "માયજી, મારી જીદગી સુધી એક સિવાય હુ તમારો કોઇબી સખુન માથે ચઢાવીશ. મારી જીદગીમા મે એકનેજ ચાહીછ પણ તે એકબી મને બેવફા નીવડવાથી જેમ બેહેન આઇમાયે જન્મ સુધી કુમારી રહેવાનો ઠરાવ કીધોછ, તેમજ મે કીધોછ. મારી જીંદગીનાં છેડા સુધી આ ગમ હુ ભૂલવાનો નથી. ખુદાએ મને પુષ્કળ પૈસો, પુરતું સુખ અને તમામ જાહોજલાલી બક્ષી છે, પણ હું મારી છાતીમાં લાગેલા એક ઝેરી જખમથી તમામ સુખને વિષારિ (ઝેરી) સમજુછું. હું હવે કદી પરણવાનો નથી. મારી પાસે આ વાત કોઇએ કરવીજ નહિ. મને મારો હક પુરવાર કરવાનો હતો તે હુ કરી ચૂકો છુ. આજ પછીથી હુ મારી જીંદગી તમામ એકાન્તપણે પસાર કરીશ. કોઇપણ જાહેર મેળાવડા, મંડળી કે કલબોમાં હુ જવાનો નથી—કોઇ પણ જાહેર મોજશોખમાં હુ ભાગ લેનાર નથી કે કોઇપણ એશ—આરામનો હુ શેકાર થનાર નથી. તે ખુબસુરત નાગણે એકવાર ઝેરી ડખ માર્યા પછી હવે મને તે જીવાડવા ચાહે છે, પણ જેમ મારો ખુદા એક છે, બાપ એક છે તેમ બોલબી એકજ છે કે એક બેવચની પ્રિયાના પ્યારની ફરીથી તલબ કરવા કરતાં ઝેરનો પ્યાલો પીવાનુ હું વધારે પસદ કરીશ. બસ' ખુદા ખાતર આ બાબદ મારી પાસે કોઇ ઉખ્લેશો નાં અને ખુદા ખાતર તેનું ન્હેસ્ત નામ મારી કને કોઇ લેતું નાં! મારો પ્યાર હવસી પ્યાર નહિં હતો—મારો પ્યાર તકલીદી પ્યાર નહિં હતો. જેમ ગુલાબનાં ફુલમા ભરાયલો એક કીડો તેનો ગાભો અંદરખાંનેથી તમામ કોતરી ખાય છે, તેમ મારા પ્યારે મારૂ અંતઃકરણ કોતરી ખાધું છે. હવે તે કોતરાયલાં અંતકરણ પર ફરી ફરીથી કાપ મુકી તેને

વધુ ને વધુ કારી જખમો કરવા હું ચાહતો નથી. તે બેવફા ઔરતને કહેવાડો કે તેની ગોરી ચામડી પર લોભાનારા ઘણા મળશે. તેને કહેવાડો કે **એક મ્યાનમાં બે તલવાર કદી રહેતી નથી**—એક શેહેરમાં બે રાજા કદી હોતા નથી—એક માથા પર બે તાજ કદી શોભતા નથી. તેનાં પાપની સજા કુદરતનાં ગેબી સાહેબે તેને પુરતી કીધી છે અને હજી મારે માટે તેને સજા કરવાનુ જો કાંઇ બાકી હોય તો તે એજ છે કે તે ખુબસુરત નાગણને નજરે તો જોવીજ નહિ, પણ તેનુ ન્હેસ્ત નામ વઠીક મોહડા ઉપર લેવું નહિ !"

અને હવે વાંચનાર! ૧૩૨ પ્રકરણની આપણી આ લંબાણ સફર અહીં પુરી થાય છે. દાદીબાને બેવફા નીવડીને પરીન સુખી થઇ નહિ! જેહાંગીર અને દારાશાહ દાવર સિવાય, આ વાર્તાના સઘળા પાત્રો આજે હયાત છે. પરીન પોતાની ચાલથી એટલી પસ્તાય છે કે બીજા અનેક ઉમેદવારોએ તેના હાથથી માંગણી કરવા છતાં તેણી (દાદીબા સિવાય) બીજા કોઇનો હાથ ઇચ્છતી નથી.

વાંચનાર! દાદીબા હજી કુમારો છે અને બહાદુરશાહ ખાનદાનની બે શુમાર દોલતનો ભવિષ્યનો વારસ કોઇ નથી!

સમાપ્ત.

ખુશ ખબર!

☞ છાપવાની તૈયારી થાય છે.

શીરીનની કહાંણી

—અથવા—

અંજીર બાગની કતલ.

આગમચથી ૧૦૦૦ ગ્રાંહકોનાંનામ નોંધાશે,
તો છાપવાનું કામ ઝડપથી શરૂ
કરવામાં આવશે.

મી૦ દાદી તારાપોરવાળાની કસાયલી કલમથી લખાયલી તમામ વાર્તાઓમાં "શીરીનની કહાંણી" સૌથી મોટી પારસી સંસારી ગંજાવર વાર્તા છે.

'માસિક મજાહ" ચોપાનિયાંમાં આ વાર્તા ભારી લોક-પ્રસંશ પામી હતી તે આખાં ૪ વર્ષ ચાલી હતી.

☞ "શીરીનની કહાંણી" "દુ:ખી દાદીઆની વાર્તા કરતા લગભગ એવડી મોટી છે "દાદીબા"ની વાર્તા માત્ર ૧૩૨ પ્રકરણ ધરાવે છે, જ્યારે "**શીરીન**"ની વાર્તામા **૨૨૩ પ્રકરણો** છે'

☞ **મહેરબાની કરી તમારૂં નામ જલ્દી નોંધાવો.**

કીંમત:—આગમચથી નાણાં ભરીને નામ નોંધાવનાર પાસે રૂ. ૪) અને પોસ્ટેજ રૂા. ૦ાા વધુ. નાણાં ભર્યા વગર માત્ર નામ નોધાવનાર પાસે રૂ. ૫ (V. P ખર્ચ જુદો.)

☞ (નાણા ભર્યા વિના પણ નામો નોંધવામાં આવશે.)

☞ **જો જાહેર પ્રજા તરફથી પુરતો આશરો મળશે તો "દુ:ખી દાદીબા"ની વાર્તા માફક "શીરીનની કહાંણી"માં પણ અતિ દિલપસંદ અને મનોરંજક પારસી-શંસારી સુંદર ચિત્રો આપવામાં આવશે.**

પણ તે વિષે અમો આગમચથી બન્ધાતા નથી ચિત્રો નહીં અપાય તો પણ કીંમતમાં કશો ફેરફાર થઇ શકશે નહીં.

☞ શીરીનની કહાણી વિષે લોક-મત કેવુ છે તે જાણવું હોય તો અમારી ફાઇલમાં સચવાયલાં વગર માગલે લખાઇ આવેલા સેકડો કાગળોમાંથી થોડાક નમુના નીચે આપ્યા છે તે વાચો —

બાઈ પુતળીબાઈ જમશેદજી ચીનાઇ—(મુબઇથી) લખે છે—

' ગુજરાતીમા 'શીરીનની કાંહાંણી' ખરેખર એક સુદર વાર્તા છે."

બાઇ રતનબાઇ રૂસ્તમજી મેથોરા—(મુબઇથી) લખે છે—

" મે ઘણીબા વાર્તાઓ વાંચી છે, પણ બધી વાર્તાઓ 'શીરીનની કાંહાણી'ની નીચે છે. "

બાઇ સુનાબાઇ ઓટાભાઇ ચોકસી—(પુણાથી) લખે છે.—

" એક નેક માણુસ પોતાની નેકીનો પમરાટ આસપાસ કેટલો પમરાવી શકે છે તેનો અસરકારક નીતીમાન ચીતાર તમારો 'શીરીનના કાહાણી' મા મળે છે. "

મિસ મેહેરબાનું નવરોજી કુરલેવાળા—(કરજતથી) લખે છે —

" માસિક મજાહમા તમારી કાબેલ કલમથી લખાતી 'શીરીનની કાહાણી' નામની પારસી સંસારી વાર્તા જેઓ ચાલુ વાચતા હશે. તેઓ એક અવાજે કબુલ કરશે કે એવી ફત્તેહમદ વારતા ગુજરાતીમા એકે લખાઇ નથી "

મિસ આલાં એફ દાદીબરજોર—(સુરતથી) લખેછે —

" શીરીનની કાહાણીના લખનારને ધન છે ! તમારાં માસિકમાં આ વાર્તા શિવાય બીજું હું કાઈ વાંચતી નથી. એવા સુદર લખાણોને જાહેર પ્રજાનો આશરો ઘટે છે. '

મિસિસ બાઇમાય રતનશાહ બાઇસ—(માથેરાનથી) લખે છે —

" તમારી કલમથી રચાતી 'શીરીનની કાહાણી' મને ઘણી ગમે છે. કોઇબી વાર્તા મને એટલી મનપસદ ઉતરી નથી. તમારા લખાણમા વાચવાંચનારનું મન ખેચી લેવાની અજબ કુનેહ જણાય છે. પારસી કુટુબોમાં 'શીરીનની કાંહાંણી'નાં ઘણી વખાણ થતી મે સાભળી છે. માસિક મજાહનાં કોઇબી વાંચનારાઓ તેની બબજા તારીફ કરે છે. "

બાઈ મેહેરબાઇ સોહરાબજી ઇજનેર—(વિરમગામથી) લખે છે:-

" એક પારસી કલમથી લખાતી વાર્તાની વખાણ ગુજરાતનાં હિદુઓને મોહડે જો મે સાંભળી હોય, તો તે તમારી 'શીરીનની કાંહાંણી' માટે છે. અહીં તથા અમદાવાદ અને નડિયાદમાં મેં ઘણાં જણને તમારી ઉપલી કલ્પીત વાર્તા માટે ઉચ્ચુ મત દેખાડતા સાંભળ્યા છે. "

બાઇ શીરીનબાઇ જાંહાંગીર ડાકટર—(મુબઇથી) લખે છે:—

" શીરીનની કાહાંણી એવી સરસ છે કે ઉલટ સાથ વાંચવા ગમેછ. વરસોથી તમારાં લખાણો હુ વાચતી આવીછ, જેમા 'શીરીનની કાંહાણી'

ને હુ પેહેલા નબર આપુછ. એ વાર્તા ચોપડી રૂપે છપાય તો એની પાંચ નકલ હુ ખુશીથી ખરીદશ. તમારા જેવા સારા લખનારાઓને શોકીન વાંચનારાઓનો બેશક આશરો ઘટેછ."

બાઇ હુમાબાઈ પીરોજશાહ લેલીનવાળા—(મુબઇથી) લખે છેઃ—

"મને વાર્તાઓ વાચવાનો અત્યત શોખ હોવાથી મેં ઘણી વાર્તાઓ વાંચી છે, પણ જે રસ મીઠાશ અને લેહેઝત તમારી 'શીરીન' માં મને લાગ્યાં છે તેવા કોઇ વાર્તામા લાગ્યાં નથી."

બાઈ નવાજબાઈ એદલજી દેશાઈ—(નવસારીથી) લખે છેઃ—

"દરેક ગુજરાતી માસિકની ચાલુ વાર્તાઓ હુ વાંચુ છુ, જેમા સૌથી સરસ વાર્તા તમારી "શીરીનની કાહાણી છે.'

બાઈ આયમાય ખરશેદજી કાવશજી હુકીમ—(કલમનૂરીથી) લખે છે ---

"શીરીનની કાહાણીથી તમારૂં 'માસિક' ઘેરેઘેર જાણીતું થયુ છે દૂર-દરાજ પડેલા અમો જેવાં જગલવાસીઓને મનરજન કરવા સારૂ 'શીરીન' જેવું સુદર વાચન દરરોજ વાંચવાનુ હોય તો અમે પોતાને ખરાં ભાગ્યેગ-શાલી સમજીએ "માસિક મજાહ"માં શીરીનની કાહાણી દર મહિને હુ બબે વખત વાચુ છુ તોબી મારો જીવ ધરાતો નથી. બચારા દાદીબાનાં મને દયા આવે છે' હુ ઇચ્છુ છુ કે એ વાર્તાનુ સેવટ ખુશાલી ભર્યું આવે!'

બાઈ જીલુબાઈ કેખુશરો કામા—(લાહોરથી) લખે છે.—

"ઇગ્રેજી ઉપરથી તરજુમાં કરીને યા થોડો ઘણો ફેરફાર દેખાડીને "પારકા ટાટિયા" પર ઉભા રેહેનારા આપણા પારસી લેખકોને તમારી **કલ્પીત વાર્તા** શીરીનની કાહાણી એક તમતમતો તમાચો છે પારકે આધારે પાન ચાવનારાઓ તમારા દાખલા પરથી કલ્પીત કાહાણીઓ લખતા શીખે તો ગુજરાતી સાહીત્યમા સંગીન ને અસલ લખાણોની જે ખરેખરી ખોટ છે તે ઘણે દરજ્જે પુરાતી જાય"

બાઈ ધનકોર પ્રાણશકર વ્યાસ—(મહુવાથી) લખે છેઃ—

"આપની કલમને ખચીત જશ ઘટે છે. મારા વિદ્યાભ્યાસમા પારસી લેખકોથી લખાતા લખાણો બણી હુ કાંઇક અભાવની નજરથી જોતી હતી. એ અભાવ આપની 'શીરીનની કાહાણી' વાચ્યા પછી મને તજવા પડયો છે. પારસીઓમાં પણ આપ સમાન ગુણવાન લેખકો છે એમ જોઇ હુ ઘણી આનદ પામી છુ"

મિસ એમ. આર. મુલ્લાં ફિરોજ—(મુબઇથી) લખે છેઃ—

"શીરીનની કાહાંણીની મુખ્ય ખુબી એ છે કે તે એક કલ્પીત વાર્તા છતા ખરેખરી બનેલી વાર્તા જેવી લાગે છે."

મિસ પીરોજા પાહલણજી કોટવાલ—(કરાંચીથી) લખે છે કે —

"શીરીનની કાંહાંણી વાંચ્યા પછી બીજી કોઇબી વાર્તા વાંચવાનું દીલ

થતું નથી. જેમ જેમ એ વાર્તામાં તમો આગળ વધતા જાઓછો, તેમ તેમ તમારાં ઝમકદાર લખાણથી વાંચનાર ખેચાતું જાય છે. એવી દીલપસંદ વાર્તા લખવા માટે તમોને વાર્તાના શોકીનોની મુબારકબાદી ઘટે છે, જેમાં હુ મારો હિસ્સો ઉમેરવાની રજા ચાહુ છુ."

"દીનામાય—' (લેનોલીથી) લખે છે —

"જેણે 'શીરીનના કાંહાણી' નહીં વાચી તેણે કાંઈ વાચ્યુ નહો મારી એક સહીને ત્યા પણ તમારૂ માસિક આવે છે, જેવણ બીજી બીજી બાબદો ઉપર ટપકેથી વાચી 'શીરીનની કાહાણી' તરફ બેદરકાર રેહેતા હતાં. તેવણ આ-ગલ મે એક દહાડ તમારી વાર્તા વિષે વાત કરવાથી પેહેલાથી અંકો મેળ-વીને તેવણે તે વાચી જોઈ અને પોતાને ઘણીજ પમદ પડયાથી એટલા પસતાવા લાગ્યા કે "માસિક મજાહને મેં ખરેખર ગેરઈનસાફ કીધોછ" એમ બોલ્યા વગર તેવણથી રેહેવાયુ નહી."

એક જરથોસ્તી બાનું—(અદનેરાથા) લખે છે —

"શીરીનની કાંહાણી ગુજરાતીમાં એક એવો ખજાનો છે, કે જેને 'માસિક મજાહ'ની ફાંઈલોમાજ પડી રેહવા દેવો જોઇનો નથી"

મિસ પારખ—(રાજકોટથી) લખે છે:—

"કોઇબી કુટુબમા વિશ્વાસથી વાચવા અપાય એવી નીતિમાન વા-ર્તાનાં વર્ગમા તમારી રચેલી શીરીનની કાહાણી' તમારા કોઈ શત્રુને હાથે પણ ઇનસાફ પામશે. તમારી ચઢતી જોઇને કોઇ અંદખાઓ જેન બળી મ-રતા હશે, તો તે બળતામા, 'શીરીનની વાર્તામા તમે મેળવેલી અસાધારણ ફત્તેહ બચીત્ત અસાધારણ વધારો કરશે"

મિસ શીરીન મંચેરજી દલાલ—(ભરૂચથી) લખે છે —

"શીરીનની વાર્તાએ સાબેત કીધુ છે કે તમો એક નહો થાકો એવા ઉમગી અને ઉદ્યોગી લખનાર છો. અમારે ત્યાં તમારી કલમના વખાણુ-નારાઓ અનેક જણ છે"

મીo પેસતનજી બરજોરજી પારખ—(ભાવનગરથી) લખે છે:—

"શીરીનની કાહાણીમાં અજીરબાગની કતલે હદ કીધી છે! એક કલ્પીત વાર્તામાં, સસારમાં ખરેખર બનતાં હોય તેવા આબેહુબ વળાઓ ગુથવાનુ કામ ખાવાનું નથી. એ વાર્તાના પ્લોટમા તમોએ અસાધારણ ફત્તેહ મેળવી છે. એવી સુદર વાર્તા ગુજરાતીમા મેં કોઇ વાંચી નથી."

મીo રૂસ્તમ આર. કોહલા—(નીમચથી) લખે છે;—

"શીરીનની કહાંણી ઘણીજ રસીલી અને નીતિમાન છે. એ વાર્તાએ આખા ચાર વર્ષ માસિક મજાહમા લેવા છતાં તેની ઝમક જરાબી ઝાંખી પડી નથી. ઓરબી દર અંકે વાંચનારાંઓ વધુ ને વધુ ખેંચાતાં રહ્યાં છે. ખુશી થવા જોગ તો એછે કે તેમાં ગુજરાતીનુ "ખૂન" નથી થયું. કવિ-તાની ખરી સમજ ધરાવનારા અને કાયદાસરની જોડણીથી રચી જાણનારા

પારસીઓમાં જે ગણત્રીના ગ્રહસ્થો છે, તેઓમાં આપને હું એક લેખું છું, પણ 'શીરીનની કાંહાંણી'એ સાબેત કરી આપ્યુ છે કે પદ્યજ નહિ પણ ગદ્ય લખાણુમાં પણ તમો કાબેલ અને કુશળ છો. પરવરદેગાર તમોને તંદરેસ્તી ભરેલી લાંબી જીંદગી બક્ષે અને હજી ઘણા લોક પ્રીય લખાણોથી પ્રજાની બિનસ્વાર્થિ સેવા તમો બજાવતા રહો એ તમારા સેવકનુ અંતઃકરણથી ચાહવુ છે.'

મી૦ ડોસાભાઇ હોરમશજી બેજનજી કાકા—(સોલાપોરથી) લખે છે–

"શીરીનની કાંહાંણી લખીને ગુજરાતી ભાષાની તમો મી૦ તારાપોરવાળાએ એક એવી કીમતી સેવા બજાવી છે, કે જે, વાર્તાનાં શોકીન સજ્જનોમા લાંબા વખત સુધી યાદગાર રહી જશે."

મી૦ દારાશાહ રૂસ્તમજી માસ્તર–(ખંડાલાથી) લખે છે:—

"મારી જીંદગીમા અનેક લખાણો વાંચ્યા, પણ જે મીઠાસ તમારી 'શીરીનની કાંહાંણી'માંથી મે મેળવ્યો, તેવો બીજા કોઇ લખાંણમાંથી મને મળ્યો નહીં'

મી૦ દીનશાહ કાવસજી મેહેતા—(રાજમંદરી, મધરાસ પ્રેસીડેન્સીથી) લખે છે—

"શીરીનની કાંહાંણી પુસ્તકના આકારમા બાહાર પાડવા માગો છો તે જાણી ઘણોજ ખુશી છુ. મારૂ નામ ખુશીથી રેજીસ્ટર કરજો. તમારી મહેનત તારીફ લાયક છે.'

મી૦ બેહેરામજી મેહેરવાનજી વાડીયા—(નાગ્ગોલથી) લખે છે:—

"તમારી ઉમદા નોવેલ 'શીરીનની કાંહાંણી' મને ઘણી ગમે છે. ચોપડી રૂપે છપાવવાનો તમારો વિચાર જાણી મારી પેઠે ઘણા જણા ખુશી થયા હશે. તમારા લીસ્ટમાં મારૂં નામ જરૂર નોંધજો."

ઠાકોર ધનસિંગ સરદારસિંગ—(સુરત–સલાબતપુરાથી) લખે છે—

"તમારી કલમથી રચાયલી શીરીનની કાંહાંણી અથવા અંજીરબાગની કતલ, જે લાંબી મુદતથી માસિક મજાહમાં છપાય છે તેને પુસ્તકનાં આકારમાં બાહેર પડનાર જાણી ઘણો મગન થયો છુ. એવાં ઉમદા લખાંણો પુસ્તક રૂપે જળવાવાંજ જોઇએ. તેની ૧ નકલનાં ખરીદદાર તરીકે મારૂં નામ નોંધી બાહાર પડેથી વેલ્યુપેએબલ મારફતે નીચે લખેલાં સરનામે મોકલી આપવાની તસદી લેશોજી"

મી૦ બાપુજી ફરામજી સાગર—(તરકાંણી, પોષ્ટ ચીખલીથી) લખેછે:–

"શીરીનની કાંહાંણીને પુસ્તકના આકારમા તમો બાહાર પાડનાર છો, તો તે તૈયાર થવેથી તેની એક નકલ જરૂર મારી ઉપર મોકલજો એ વાર્તાની જેટલી વખાણ કરૂં એટલી થોડી છે.'

મી૦ જમશેદજી નશરવાનજી વાશણીયા—(ડાંગ વધઇથી) લખે છે—

"તમારી નેક કલમથી લખાતી શીરીનની કાહાંણીના લીસ્ટમાં મારૂં

નામ નોંધવાની તશદી લેજો. એ વાર્તા ખરેખર વાંચવા અને વીચારવા લાયક છે."

મી० એરચશાહ બેજનજી ડ્રાઇવર—(જાહાનસીથી) લખેછે—

"તમારી 'શીરીન'ની વાર્તા ઘણું સરસ લખાઇ છે."

મી० રૂસ્તમજી નવરોજજી વાડીયા—(ભયેંસા-વાયા નાદેરથી) લખેછે—

"શીરીનની કાહાંણીએ મને ખરેખર હેરત કીધો છે. તે મને ઘણીજ પસંદ આવી છે, માસિક આવ્યુ કે પેહેલા 'શીરીનની કાહાંણી' વાંચવી અને તેના છેવટની ઇનતેજારીમા રેહેવુ—બાદ બીજુ વાંચવુ એ મારો નીયમ હતો અને છે. શીરીનની કાહાણી શુ ખરેખર કલ્પીત રચાયલી છે? જો કે મને એમ પુછવાની જરાબી સત્તા નથી તોપણ અમો લોકો વચ્ચે અત્રે મતફેર થયો છે. એક કાઇ કહે અને બીજા કાઇ કહે, માટે મનની સમાધાની તથા ખાતરી કરવા પુછાવ્યુ છે. જો તમારી વાર્તા કલ્પીતજ હોય તો તે તમોને બહુ શોભા આપે એવી છે"

એજ ગૃહસ્થ પોતાના બીજા કાગળમા લખે છે કે—

તમારો ખાનગી બોલાશો વાચી ઘણો ખુશી છુ કે 'શીરીનની કાહાણી' કોઇપણ પારકા મિરાશને આભારી નથી. પરવરદેગાર તમારી કલમમા એથી જ્યાદા જોર બક્ષે અને તમો હજી વધુ કીર્તિ પામો એ જાણવાને હુ ઇનતેજાર છુ."

રા. રા. હરગોવિંદદાસ મનોરદાસ શરાફ—(લીંબડીથી) લખેછેઃ—

મેહેરબાન સ્વદેશભક્ત—આક્ષર ની મી० તારાપોરવાળા—આપની રચેલ 'શીરીનની કાહાંણી' હુ ઘણાં ભાવથી વાન્ચુછુ. આપ જેવા ઉત્સાહી લેખકોથી ગુર્જર પ્રજાને ભુષણ છે. એક પારસી છતા આપે જે અલંકારિક લખાણ આપની મજકુર વાર્તામાં સમાવ્યુ છે, તે કાજે આપને ધન્યવાદ આપુછુ. આપ સારી કવિતા કરી જાણોછો અને આપની કને જૂના દોહરાઓ, કવેતો, કેહેવતો ઇત્યાદિનો અસાધારણ મોટો સંગ્રહ છે" એમ મારા એક સ્નેહિથી જાણવાનો મને સંતોષ છે. સાહિત્યનાં એવા શોખથી આપ થોડાજ વખતમા ખીલી નીકળ્યા છો પ્રભુ આપને દીર્ઘાયુષ આપે અને દેશોન્નતિ વિષેની આપની કાળજીમા સર્વદા સ્હાયકારી થાય એ મારૂ યાચવુ છે. 'શીરીનની કાંહાણી' પુસ્તક રૂપે છપાઇ રહેવા પછી પુઠાં બધાવા આગમચ વિદ્વાન પુરૂષોને વંચાવી તેમના અભિપ્રાય ભેગા કરી પુસ્તકને છેડે આપવાની હું આપને ભલામણ કરૂ છું. એક કલપિત્ત કહાંણી રચવા માટે મોટી ધીરજ અને લાંબી નજર જોઇએ છે, જે આપનાં લખાણમાં મે પ્રત્યક્ષ જોઇછે."

મી० ખરશેદજી એદલજી દાદાચાનજી—(નવસારીથી) લખેછેઃ—

"જેમ અધારી રાતને ચંદ્રમાં પોતાનાં રૂપેરી તેજથી દીપાયમાન કરે

છે, તેમ અજ્ઞાન બિન અનુંભવી ભેજાંઓને સારા ટેસ્ટથી લખાયલી એક સંસારી વાર્તા તેજસ્વી બનાવે છે. 'શીરીનની કાંહાંણી' માં હું તે ખુબીઓ પુર બ્હારમાં પ્રકાશિત થયલી જોઉછું એ વાર્તાનો દરેક પેરેગ્રાફ હું ચીપી ચીપીને વાંચુછું અને તેનાં સુંદર પ્લાટ માટે તમોને મુબારકબાદી આપું છું."

રા. રા. વલ્લભદાસ દયાળદાસ ઓઝા—(ભાવનગરથી) લખે છેઃ—

"આપની અનુભવી કશાયલી કલમ 'શીરીનની કાંહાંણી'માં અજબ ઝમક બતાવે છે પુસ્તકરૂપે આ વાર્તા બાહેર પાડવાની આપને થતી સૂચનાં જરૂર અમલમા મૂકશો એવી આશા છે એ વાર્તાની મુખ્ય ખુબી તેમા દર્શાવેલી ચટની પક્તિની નીતિમા છે એવાં નીતિમાન પુસ્તકને કેળવણી ખાતાં તરફથી આશરો મળ્યા વગર રહેતો નથી આપણા નેટીવ રિપોર્ટર સાહેબની જાણમા આ વાર્તા આવે તો તેઓ નામદાર સરકાર તરફ બહુ ઉંચો મત લખી મોકલવા ચૂકશે નહિ એવી મારી ખાત્રી છે, 'શીરીનની કાંહાણી' ઉપરતા બાળકોને એક આશિર્વાદ સમાન છે. કેળવણી ખાતા તરફથી અપાતા ઇનામોમા આપનુ વાર્તા-પુસ્તક મેળાતુ ઘટે છે."

મીο દાઉદભાઇ નુંરભાઇ વોહરા—(સિંગાપોરથી) લખેછે—

" આપની 'શીરીનની કાહાણી' હાથમાથી છોડવા ગમતી નથી."

મીο એમ એમ. સરવેઅર—(લંડનથી) લખેછે—

હુ તમારા માસિક શિવાય કોઇબી ગુજરાતી ચોપાન્યુ વાચનો નથી ગુજરાતીપર મને ઝાઝી રૂચીજ નથી, પણ હુ ઇંડયામા હતો ત્યારે એક દહાડે મારા એક મિત્રને ત્યા તમારૂ ચોપાન્યુ હાથ લાગી જતા તેમાં તમારી કલમથી લખાતી શીરીનની વાર્તામા મને રસ લાગ્યાથી હું તે અત્યારસુધી દરમહિને ફિકરથી વાચુછુ એવા સંગીન લખાણ જો ગુજરાતીમા થતાં હોય તો પારસીઓપર પોતાની સ્વભાષા છોડી દઇ ઇંગ્રેજી સાહિત્ય પર મરી ફીટવાનો મુકાતો ખોટો દોષ ઘણે દરજ્જે ઓછો થાય. જાણીને ખુશીછુ કે એ આપની કાએલ મનશક્તિનુજ પરિણામ છે અને બીજા પારકા આધારપર તમે રહ્યા નથી. ગુજરાતી સાહિત્યનાં શોકીનો તમારી એવી સુંદર કલ્પના શક્તિની થોડીબી કદર બૂજે એટલુ હુ ઇચ્છુછુ."

એક પારસી—(બારસીથી) લખેછેઃ—

" હુ જ્યાં જ્યાં ગયોછુ ત્યાં ત્યા તમારી 'શીરીનની કાહાણી' ની મેજાબજા તારીફ થતી સાંભળી છે. ખસુસ કરીને પારસી ગ્રહસ્થો કરતાં પારસી બાનુંઓમાં તમોને તમારી 'શીરીને' વિશેષ માનીતા કીધા છે."

મીο હાસમભાઇ ધરમસી—(મહાબલેશ્વરથી) લખેછેઃ—

"માસીક મજાહમાં ચાલતી 'શીરીનની કાંહાંણી' દર અંકે હુ ઘણા ધ્યાનથી વાંચુ છું. આપની કલમમાં કલ્પના શક્તિનું જબરૂં જોર જણાયછે."

મીο જયસિંગ ફત્તેહસિંગ—(જોધપુરથી) લખેછેઃ—

"હમ ગુજરાતી સબ સમજતા, લેકીન અમકુ લીખને નહીં આતા.

આપકે માસીકમે 'શીરીનકી કાંહાંણી' આપકે દસ્તે મુબારકસે લીખી જાતી હય મે હમારે દોસ્ત શિવશંકર ભાઇકી મેહેરબાંનીસે હમ કોઇકે પાસ પઢાલેતે હય. આપકી રજકો જશ મિલો, યહી હમ ભગવાનકી પાસ મગ લેતે હય." (આ કાગળ ઉર્દૂ જબાનમાં લખેલુછે.)

રા૦ રા૦ હરિલાલ ઉત્તમલાલ—(પેટલાદથી) લખેછે:—

"આપની કલમનો હુ એક વખાણનારછુ આપની વાકય-રચના તથા શુદ્ધ જોડણી એક પારસી તરીકે તો આપને ખચીત્ત શોભા આપેછે. આજકાલ નૉવેલો ઢગલા બંધ લખાયછે, પણ કલ્પનાંથી ઉપજાવી કાઢેલી કલ્પીત્ત કાહાંણીઓ ઘણાજ થોડા લખી શકેછે તરજુમો કરેલાં નુખ્ખા લખાણોના કુચા ચાવી ચાવીને હુ કટાળી ગયો હતો, તેટલા એક મિત્રે આપના માસિક મજાહમા લખાતી 'શીરીનની કાહાણી'નો હવાલો આપવાથી, ને વાચીને મારૂં મન ઘણું રીઝયુંછે. આપ આ વાર્તા પુસ્તક રૂપે બહાર પાડો તો જેઓએ માસિકમાં એકવાર તે વાંચી હશે, તેઓ પણ ફરીથી ખરીદવાને લલચાશે એવી એ રસિકછે. 'શીરીનની કાહાણી,' પુસ્તકાકારે પ્રગટ થાયતો મારે માટે તેની ૩ પ્રત આપના લીસ્ટમા નોધશો

મી૦ દારાશાહ પી૦ ભાજીવાળા—(બહરાણપુરાથી) લખેછે.—

"રાસ્ત ગોફતારના અધીપતી શેઠ કેખુશરો નવરોજજી કાબરાજીએ રચેલી 'દુ:ખિયારી બચુ' તથા 'ગુલી ગરાબ' જેવી અસરકારક વાર્તાઓછે, તેવી તમારી ' શીરીનની કાહાણી' છે. એમા કેટલેક જગે તમોએ એવુ છટાદાર લખાંણ કીધુ છે કે જાણે મી૦ કાબરાજીનીજ કોઈ વાર્તા વાચતા હોઇએ તેવું લાગેછે. ખાસ કરીને અજીરબાગ અથવા કેસ્ટન કાસ્ટલનુ વર્ણન 'શીરીનની કાંહાણી' માં એક અગત્યનો સફો રોકેછે. લાંબો અભ્યાસ, સાબુત મન શક્તિ, ચચળ મગજ અને અસાધારણ ધીરજ વગર 'શીરીનની કાંહાંણી' જેવી એક કલ્પીત વાર્તા કદી લખાય નહિ."

મી૦ મગનલાલ રાજારામ કોઠારી—(પોરબંદરથી) લખેછે:—

"શીરીનની કાંહાંણી અત્યુતમ નૉવેલછે. આપનો શ્રમ સ્તુતીપાત્રછે."

મી૦ એદલજી આદરજી તેહસીલદાર—(ઔરંગાબાદથી) લખેછે:—

"રાત-દહાડો લખી લખીને લખાંણની હથોટી તમારે હાથે આવી રહી છે. તમારાં માસિકમાં આવતી 'શીરીનની કાંહાંણી' અમારે ત્યાંના છોકરાંઓને એટલી મનપસંદ થઈ પડી છે કે દર મહિને "માસિક મજાહ' મારામારી કરાવે છે ! જો એ વાર્તા કેતાબનાં રૂપમાં છાપી બાહાર પાડો, તો, તમારા સેવકને સારૂ તેની ૪) નકલ જરૂર મોકલજોજી."

"શીરીનની કાંહાંણી"નો આશક—(અમદાવાદથી) લખે છે કે:—

"મુબઇમાં પ્રગટ થતાં એકેએક માસિકનો હું વાંચનાર છું. વરસોથી તેમાંની ચાલુ વાર્તાઓ હું વાંચતો આવ્યો છું, જેમાં તમારી 'શીરીનની કાં-

હાંણી'એ મને જેવો મોહી લીધો છે, તેવા કોઈએ મોહ્યો નથી. પરવરદેગાર તમારી કલમમાં હજી એવડુ કૌવત બક્ષે! આમીન!"

મિસ દીનાબાય જમશેદજી દલાલ—(દેવલાલીથી) લખે છેઃ—

"વાર્તા વાંચવી તો 'શીરીનની કાંહાણી' વાંચવી. એમાં તમોએ ઈંગ્રેજ સસારી ચિત્ર ચિતારવામા બહુ બાહોશી વાપરેલી જણાયછે. 'સુંદર આડા'ની લાયકીવાળા દાદીબા ઉપરની એક ખરી બેહેનને છાજતી લાગણી આજની ઘણીક 'સુધરેલી' પારસી બેહેનોને બોધ લેવા લાયક છે. ખાનદાની અને ભલા ઇંગ્રેજ કુટુંબોના અમીરી ખવાશનો ખાલેશ છાપ 'શીરીનની કાંહાંણી'માં 'પેનટન ફેમીલી' પુરી પાડે છે."

Mr. Hirjibhai Pestonji Parukh—(ભરતપોરથી) લખે છે:—

"શીરીનની કાહાણી નમનતાઇમાં, નેકીમાં અને નીતિમાં પેહલ્લે દરજ્જેની છે. એવા બોધકારક વાચણોને બોહોળી પ્રસિદ્ધતા મળવી જોઇએ."

મી૦ જમશેદ. એચ. મોટાફરામ—(મુબઇથી) લખે છે—

"તમારી વારતા લખવાની રૂટી બીજા લેખકોથી જૂદીજ ઢપની છે અને તેમ હોવાથીજ તે ખીલો નીકળે છે. માસિકમાં ચાલતી 'શીરીન'ની વારતા વિષે તમારા શત્રુઓ વટીક તમોને શાબાશી આપશે એમ કહેવાની છુટ મને દરગુજર કરશો."

Mr Bhoopatrai Mahashunkur Bhutt—(મોરબીથી) લખે છે:—

"આપના રચેલ 'શીરીનની કાહાણી' બહુ રસિક છે."

મી૦ મહમદભાઇ હબીબભાઇ—(નાકદરાબાદથી) લખેછે:—

"કાતો 'સ્ત્રીબોધ'ની વાર્તા વાચવી કે કાતો 'માસિક'ની 'શીરીની કાહાંણી વાચવી એવો મે નીયમ રાખ્યોછે. બીજી લંબાણ ટાહેલાઓ મને મુદ્દલ પસદ નથી. આપની 'શીરીન'ની વાર્તાની તારીફ માટે મને પુરતા બોલો જડતા નથી"

મી૦ ગુલામહુશેન રવજીભાઇ—(વાદરાથી) લખેછે—

"શીરીનની કાંહાણી મને એટલી ગમેછે કે મારી ફુરસદના વખતે તમારા માસિકનાં અંકો ફરી ફરીથી વાચુ છુ તોબી મારો જીવ ધરાતો નથી. ખરેખર એ વાર્તા પુસ્તક રૂપે પ્રગટ થવા લાયક છે"

"એક બુઝર્ગ જરથોસ્તી"—(ઉમરાવતીથી) લખેછે—

"આજકાલ ઘણાખરાં ગુજરાતી ચોપાન્યાં ઓછા કે વધતાં પ્યારનાં પીંજનોથી ભરપુર હોવાથી કુટુબ કબીલાના ઘેરમા દાખલ કરવામા સાહુચેતી વાપરવાની જરૂર છે. તમારાં માસિક મજાહ તરફ હુ પ્રથમ એવીજ નજરથી જોતો હતો, પણ એક દહાડે તમારૂં ચોપાન્યુ અચાનક મારા હાથમાં આવવાથી મે મારી ભુલ જોઈ છે. એમાં લખાતી શીરીનની કાંહાંણી આજની ચીબાવલી છોકરીઓને ઘણી નશીયત આપનારી છે. વાર્તા તારીફ

લાયકછે અને જો કલ્પીત કલ્પના હોય તો મુંબારકબાદી આપવાજોગ છે. મારાથી બનતી તકે હું મારાં ઓળખીતાં—પીછાનતાંઓમાં 'શીરીનની કાંહાં-ણી'ને જાહેરાતી આપવાને બનતું કરીશ."

"તમારી કલમનો વખાણનાર"—(હાગકાગથી) લખેછે —

" શીરીનની કાંહાણી વાચ્યા પછી બીજી કોઈ વાર્તા વાંચવાનુ દિલ થતુ નથી."

વોહરા રજબઅલી રેહેમતભાઈ—(લામુ—આફ્રિકાથી) લખેછેઃ—

"તમારી કાબેલ કલમથી લખાતી શીરીનની વાર્તા અમે ઘણાં ઉલટથી વાંચ એછીએ. એની ચોપડી છપાવે તો મારી ઉપર એક નકલ જરૂર મોકલજો"

" Lalkaka "—(અમદાવાદથી) લખેછે —

" એક ખરો હીરો જેમ પ્રકાસ્યા વગર રેહેતો નથી, તેમ એક લા-યક લખનાર કદી છુપો રેહેતો નથી. તમો મી૦ તારાપોરવાળાએ અનેક વાર્તાઓ લખીછે અને લખશો પણ મારા નાકશ મત મુંજબ 'શીરીનની કાંહાણી'ને કોઈ પુગવાનુ નથી."

"નરગેશ"—(નાગપોરથી) લખેછેઃ—

" શીરીનની કાહાણી જે આપ મી૦ તારાપોરવાળાની વર્ષોથી જા-ણીતી થયલી કશાયલી કલમનુ એક કલ્પીત પરીણામ છે, તે વાર્તાએ તો હદજ કીધી છે 'માસિક મજાહ'માં શુ કે કોઇબી ગુજરાતી માહવારીમાં એવી રસીલીને દિલપસદ વાર્તા મેં કદી વાચી નથી" (જુઓ "માસિક મજાહ," જુલાઈ ૧૮૯૫ સંક ૪૪૩)

"બહેબોદ્દા"—(વલસાડથી) લખેછે —

" તમારો 'શીરીનની કાહાણી' એ માસિક મઝ્નહને ઘેરઘેર માનીતું કીધુ છે. તમો જેવા ખતીલા અને ઉદ્યોગી લખનારને એવા જાહેર ઇનસાફ મળતો જોઇ મને એક મીશકીન હમદીન તરીકે મોટો હરખ ઉપજે છે,'

કવિ નારણજી અમરસી બોટાડવાળા - (પલસાણાથી) " શીરીનની કાહાણી"ના કર્તાને કવિતામાં મુબારકબાદી આપે છે કે —

(મનહર છંદ.)

" મોતી ન્હાનુ હોય તોય મુલ્યમા અંકાય મોટુ,
મોતી થકી મોટી કહો કોના સરસાઈ છે ?
" શીરીનના કહાણી "મા શીરીની સમાઇ ત્યારે,
જન જન મુખ એજ આજ વખણાઈ છે,
એલચી છે ઝીણી તોય સરસ સુગંધ થકી,
રાજા રાણા અમીરનાં મુખમા ચવાઇ છે;
દાદી હતો નાદી જ્યારે સાહિત્યનો ત્યાર એમ,
કહે કવિ " નારણજી " કીરતી ગવાઇ છે. "